રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૨, ૧૯૬૨, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

અંબર ચરખો અને ખાદી ખરીદનારને આપવામાં આવતી 'સબસીડી'

[રાજકોટ ખાતે તા. ૧૭-૯-'૬૦ના રોજ ૯૨મી રેંટીયાબારસ (ગાંધી જયન્તી)નો સમારંભ ત્યાંની રાષ્ટ્રીય શાળામાં ઉજવાયેલો તે પ્રસંગે, સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકર્તાઓના મુરબ્બી અને માર્ગદર્શકસમા શ્રી નારણદાસ ખુશાલદાસ ગાંધીએ એક પ્રાસંગિત પ્રવચન કરેલું. આ પ્રવચનમાં ખાદી કમિશનની, ખાદી ઉત્પાદન અને વેચાણ અંગેની નીતિ અને પરંપરાગત રેંટિયાના સ્થાને અંબર ચરખાને પ્રતિષ્ઠિત કરવાની પ્રવૃત્તિ સંબંધમાં કેટલીક ટીકા કરવામાં આવેલી હોઇને, તે પ્રવચને ખાદીપ્રવૃત્તિમાં રસ લેતા સમુદાયનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું અને તત્કાલિન સામયિકોમાં તે અંગે અનુકૂળ તેમ જ પ્રતિકૂળ ટીકાઓ કરવામાં આવી હતી. આ ચર્ચાસ્પદ પ્રવચનની એક નકલ મોકલવા મેં મુ. નારણદાસભાઇને લખેલું તે નકલ સાથેના પત્રમાં મુ. નારણદાસભાઇએ પોતાના પ્રવચન અંગેના મારા પ્રત્યાઘાતો લખી મોકલવા સૂચવેલું. એ પ્રસ્તુત પ્રવચનનો ઉપયોગી ભાગ તથા મારો જવાબ નીચે આપવામાં આવે છે.]

શ્રી નારણદાસ ગાંધીનું પ્રવચન

જેમ કોઇ મહાન નદી પોતાનો પ્રવાહ બદલે અને વિકટ પરિસ્થિતિ ઊભી કરે તેવી પરિસ્થિતિ ખાદીકામ માટે આવી છે. સરકારે ખાદીકામ માટે ધુરંધર ખાદી કાર્યકર્તાઓનું બોર્ડ રચ્યું છે, જેના હાથમાં અઢળક ધન મુકાયું છે અને ખાદી જે આપણી વચ્ચે મહાન સંદેશ લઇને આવેલ છે તે સંદેશો કરોડોની ઝૂંપડીમાં રેંટિયા મારફત પહોંચાડવામાં જે શક્તિ વપરાઇ રહી હતી, તે હવ ખાદીના વિકેન્દ્રિત ઉત્પાદનના મોહમાં પડી, મિલના ઉત્પાદન સાથે હરીફાઇમાં મૂકવાની યોજનાઓમાં વપરાઇ રહી છે. પરિણામ એ આવ્યું કે આજે મિલની હરીફાઇની દૃષ્ટિએ બે ટકા જેટલું ઉત્પાદન પણ નથી કરી શકયા ત્યાં જ ખાદીનો સ્ટોક એકઠો થઇ ગયાની બૂમ પડવા લાગી. અને તેનો નિકાલ કરવા કરોડ રૂપિયાની સબસીડી મેળવી રહ્યા છે તેમાં વધારો કરવા વિનંતિ કરવી પડી.

સરકારે તો આ વિનંતિ તરત સ્વીકારી. અબજો રૂપિયા મોટા ઉદ્યોગો પાછળ ખર્ચનાર સરકાર આમ થોડા કરોડ રૂપિયા મંજૂર કરવામાં શા માટે અચકાય? પરંતુ ખાદીને આ દશામાં મૂકવી તે ખાદીકામને શોભા આપનારું નથી.

આ પ્રસંગે પૂજ્ય બાપુજીએ ૧૯૪૫માં ખાદીનું નવસંસ્કરણ ચરખાસંઘ દ્વારા કર્યું તે યાદ આવે છે. ત્યારે એક જ મંત્ર આપ્યો કે, "સૂતરને બદલે ખાદી અને કાંતે તે પહેરે" ત્યારે ખાદીનું મૂલ્યાંકન કેટલું ચડી ગયું હતું? ન કાંતનારને ખાદી ન મળવાથી તે કેટલું અકળાતા હતા? અને કેવી મુશ્કેલીથી ખાદી મેળવતા હતા? ત્યારે આજે ખાદીનું મૂલ્ય સબસીડી ઉપર સબસીડીથી અંકાય છે.

પૂ. રાજેન્દ્રબાબુએ ગત વર્ષની રેંટિયા બારસે આ સ્થળે જ ઉદ્‌ગાર કાઢયા હતા કે ખાદીકામ ખૂબ વધ્યું છે; સરકારની ખૂબ મદદ મળી રહી છે; હજુ પણ વધારે મળે તેમ છે. તે મદદથી કામનો વિસ્તાર થયો છે; પણ પૂ. બાપુની દૃષ્ટિનું કામ રહ્યું નથી. આવી રીતે બીજા નેતાઓ પણ પોતાનું દુઃખ વ્યક્ત કરે છે. થોડા સમય અગાઉ ગુજરાત રાજ્યના માન. રાજ્યપાલ અહીં શાળામાં આવેલ ત્યારે તેમણે પણ તેવા જ ઉદ્‌ગાર કાઢેલા. આવા ઉદ્‌ગાર કાઢી દુઃખ વ્યક્ત કરવા ઉપરાંત આવા મહાન નેતાઓ પણ રેંટિયાને તેના ખરા સ્થાને મૂકવામાં અસહાય હોય તેમ લાગે છે.

અંગ્રેજ સરકાર જ્યારે ખાદીકામને કચડી નાખતી હતી ત્યારે તેને તેમાંથી ઉગારી લેવા પૂ. બાપુએ નવસંસ્કરણ કર્યું. અત્યારે આપણે જ હાથે જો ખાદીની આ હીણી દશા થાય છે, તો આ મહાન નેતાઓએ આખી યોજનાનો ફરી વિચાર કરી તેને તેજસ્વી બનાવવી જોઇએ. આ યોજના ફરવી જ જોઇએ. અને ફેરવવા માટે આકરું પગલું ભરવું જોઇએ. રેંટિયાને અને ખાદીને સરકારી સબસીડીમાંથી મુક્ત રાખવી જોઇએ, અને તેની પોતાની શક્તિ ઉપર ચાલવા દઇ તેનું તેજ વધારવા તરફ સર્વ ખાદી કાર્યકર્તાની શક્તિ રેડાવી જોઇએ. શરૂઆતમાં થોડો સમય કામ મંદ લાગશે, પણ તેમાંથી જ તેજસ્વીતા આવશે.

કમિશન પાસે જેટલી શક્તિ, આવડત અને ધન છે તે રેંટિયાને તેના ખરા સ્થાનમાં લાવવામાં વાપરવી જોઇએ. રેંટિયાના સંદેશને કરોડોની ઝૂંપડીમાં લઇ જવાનો છે તે આટલા આટલા પ્રયત્નથી લાખોની જ ઝૂંપડીમાં પહોંચ્યો છે અને હવે તો તેનું ભવિષ્ય પણ જોખમમાં છે.

આ જોખમનું નિમિત્ત વિચારતાં અંબર રેંટિયાનો વિચાર સહેજે આવે. ક્યાં કરોડોની ઝૂંપડીમાં રેંટિયો પહોંચાડવાના મનોરથો અને ક્યાં અમુક જ સંખ્યામાં અંબર પહોંચાડવાના અથાગ પ્રયત્નો અને અઢળક ખર્ચ? આ પરિસ્થિતિ વિચારતાં અંબરની આજ દિવસ સુધીની નિષ્ફળતા, તેના માટે મહાન સેવકોની ખર્ચાતી શક્તિ અને અઢળક ધનના વ્યયની વિગત વિચારવી રહે છે. આવી શક્તિ રેડાઇ રહી છે, તેથી કદાચ થોડા લાખ માણસોમાં અંબર સ્થાન મેળવશે, પણ તે રેંટિયાના ખરા તેજસ્વી સ્વરૂપે તો નહિ જ.

એક જ પ્રાંતનો દાખલો લઇએ. આ ત્રણ વર્ષમાં મુંબઇ રાજ્યમાં ફક્ત અઢાર હજાર અંબર રેંટિયા જ દાખલ થયા છે અને તે ૩૬૦ દિવસની સરાસરીએ દરરોજની રૂ આંટી (એટલે કે દોઢ આનાથી પણ ઓછું) પણ ઉત્પાદન નથી કરતા, જ્યારે તેની પાછળ ૪૩ લાખ રૂપિયા ખર્ચાઇ ગયા છે અને ૫૦ લાખની લોન અપાયેલ છે.

કમિશનના-બોર્ડના સતત પ્રયત્ન છે, ખૂબ કર્યું અને કરી રહ્યા છે, પણ મારો નિશ્ચિત મત છે કે રાષ્ટ્રના તેજસ્વી સંદેશનો વાહક પરંપરાગત રેંટિયો જે શક્તિ ધરાવે છે તેને ભોગે તેઓ આ કરી રહ્યા છે. આજ તો અગ્રગણ્ય ખાદી કાર્યકર્તાઓ,

વિચારકો અંબર રેંટિયાને અપનાવી રહ્યા છે ત્યારે મારું મંતવ્ય અને અનુભવ એમનાથી જુદાં પડે છે. આજે કદાચ આમાં હું એકલો પડતો હોઉં તો પણ મને જે સ્પષ્ટ દર્શન લાગે છે તે આ પ્રસંગે હૃદય ઠાલવતાં કહી રહ્યો છું.

મુ. નારણદાસભાઇને જવાબ

આનો જવાબ મેં તા. ૧૧–૧૧–'૬૦ ના રોજ મુ. નારણદાસભાઇ ઉપર લખેલો, જેમાંનો ઉપયોગી ભાગ નીચે મુજબ હતો :–

" ખાદી વિષે લખવાને હું અધિકૃત છું કે નહિ તે વિષે મારા મનમાં શંકા છે, કારણ કે તે બાબતમાં આપ, ઢેબરભાઇ, શંકરલાલભાઇ, વજુભાઇ વગેરે વર્ષોથી વિચાર કરતા રહ્યા છો. ખાદી અંગે મારી એવી કોઇ ઉપાસના નથી એ મારે કબૂલ કરવું જોઇએ. એમ છતાં આપે જ્યારે માગણી કરી છે ત્યારે આ વિષયમાં મને જે સૂઝે છે તે ટૂંકાણમાં નમ્ર ભાવે આપની સમક્ષ રજૂ કરું છું.

"પરંપરાગત રેંટિયો–યરવડા ચક્ર–ચોતરફ વહેતો થવા છતાં ગાંધીજીને તેથી સંતોષ નહોતો. તેમને લાગતું હતું કે ચાલુ રેંટિયામાં જરૂરી સુધારાવધારા કરીને તેની ઉત્પાદનશક્તિ તત્કાલ જે હતી તેથી ચારપાંચ ગણી વધારવામાં ન આવે ત્યાં સુધી રેંટિયો અને તેના સૂતરમાંથી પેદા થતી ખાદી પ્રજાજીવનમાં ટકી શકે નહિ અને તેથી અમુક સરતો પુરી પડે અને ઉત્પાદન સારા પ્રમાણમાં વધે તેવો રેંટિયો પેદા કરવા માટે એક લાખ રૂપિયાનું ઇનામ તેમના તરફથી જાહેર કરવામાં આવેલું. આ હરીફાઇએ અંબરચરખાનું નિર્માણ કર્યું, જે દરેક ગાંધીવાદીએ આવકારવું જોઇએ એમ મને લાગે છે.

અંબર ચરખો શરૂ થયો ત્યારે આઠ કલાકમાં તે ઉપર સરેરાશ છ આંટી ઊતરતી હતી. આજે તેની રચનામાં સુધારો વધારો કરીને ૨૦ આંટી તેટલા જ સમયમાં ઊતરી શકે તેટલો તેમાં વિકાસ થઇ શક્યો છે.

"મારી સમજણ મુજબ ખાદી પાછળ બે ત્રણ ખ્યાલો રહેલા હતાં; (૧) ગામડાંના લોકો વસ્ત્રની બાબતમાં સ્વાવલંબી બને, (૨) મિલનો ઉદ્યોગ કેન્દ્રીકૃત વ્યવસાય છે તેનું શક્ય તેટલું વિકેન્દ્રીકરણ થાય, (૩) આજની વ્યાપક અને ચિન્તાજનક બેકારી હળવી કરવામાં ખાદી ઉત્પાદન શક્ય તેટલું મદદરૂપ થાય.

"આજે મિલનું કાપડ અત્યંત વ્યાપક પ્રમાણમાં વપરાય છે તે ધ્યાનમાં લેતાં તેના અનુસંધાન સિવાય ખાદીનો વિચાર કરવો તે વ્યવહારુ નથી. મિલનું કાપડ વાપરતા લોકોની કાપડ અંગે જે અપેક્ષાઓ છે તે ખાદી દ્વારા જેટલા વધારે પ્રમાણમાં આપણે પૂરી પાડી શકીએ તેટલા પ્રમાણમાં લોકોને આપણે ખાદી તરફ વાળી શકીએ. અંબર ચરખાના આગમનથી તેમ જ ખાદીને મળતી સબસીડીને લીધે ઉપરના બ્યાલોને તેમ જ તેને લગતી લોકોની અપેક્ષાઓને પહોંચી વળવાનું વધારે ને વધારે શક્ય બનતું રહ્યું છે એમ મને લાગે છે. આ રીતે અંબરચરખાને પ્રોત્સાહન આપવાની અને સબસીડી આપીને ખાદીને લોકગમ્ય કરવાની ખાદી કમિશનની નીતિ મને જરા પણ વાંધાપડતી લાગતી નથી.

" ગાંધી–ઉપાસનાની દૃષ્ટિએ અથવા તો કાંતવામાંથી શું આવક થાય છે તેનું જેમના જીવનમાં ખાસ મહત્વ નથી, પણ આપણા રોજ–બરોજના જીવનમાં કંઇક શ્રમપૂર્વકની ઉત્પાદનની પ્રક્રિયાને સ્થાન હોવું જોઇએ–આવી વિચારણા ધરાવતા લોકો માટે પરપરાંગત રેંટિયો બરોબર છે, પણ જેને રેંટિયા દ્વારા રોજી મેળવવી છે તેણે અંબરચરખા તરફ વળ્યે જ છૂટકો છે. અંબર ચરખાની રચના જરૂર જટિલ છે, પણ જટિલ રચના સિવાય ઉત્પાદન વધારવાનું શક્ય નથી, અને કારીગર માટે તે કઠણ નથી અને સરકારનો પૂરો ટેકો હોય તો સમયાન્તરે ગામડાં સુધી અંબરચરખાને જરૂર પહોંચાડી શકાશે એમ મને લાગે છે. આ રીતે વિચારતાં પરંપરાગત રેંટિયાના સ્થાને અંબરચરખો ગોઠવાતો જાય એ ઇષ્ટ છે અને બાપુએ જ્યારે આવા રેંટિયાની, એક લાખ રૂપિયાની જાહેરાત કરીને, હિમાયત કરી ત્યારે તેમના મનમાં પણ આવી જ કલ્પના હોવી જોઇએ.

" સબસીડીના ટેકા ઉપર કોઇ ઉદ્યોગ લાંબો વખત ચલાવી કે નભાવી ન શકાય એ વિચાર બરોબર છે, પણ આજે લગભગ પંદર કરોડ સુધી પહોંચેલું ખાદીનું ઉત્પાદન અને બારથી પંદર લાખ માણસોને તે દ્વારા અપાતું રોજીનું સાધન એ સબસીડીમાંથી પેદા થયેલો લાભ જેવો તેવો નથી. અંબરચરખાએ સૂતર–ઉત્પાદનમાં આજે જે વિક્રમ સાધ્યો છે તે વિક્રમ જો અંબર ચરખાના સરેરાશ ઉત્પાદનમાં પરિણમશે તો સબસીડીનું પ્રમાણ મારા પ્રમાણમાં ઘટાડી શકાશે અને પછી તો મિલ ઉપર પણ અમુક અંકુશો મૂકી શકાશે અને ખાદીને વધારે વ્યાપક બનાવી શકાશે.

" આપના પ્રવચનમાં 'સૂતરને બદલે ખાદી અને કાંતે તે પહેરે' એવી જે વ્યવસ્થા એક કાળે ખાદીભંડારોએ સ્વીકારી હતી તેની આપ પ્રશંસા કરો છો. પણ મારી યાદ મુજબ એ વ્યવસ્થા અને નિયંત્રણ યુદ્ધના સમયનું અને ખાદીની તંગી હળવી કરવાના વિચારમાંથી જન્મ્યું હતું. આજે યુદ્ધ નથી; ખાદીની તંગી નથી. આવા સમયે જે આપ સૂચવો છો તેમ 'સૂતરને બદલે ખાદી અને કાંતે તે પહેરે' એ નીતિ સ્વીકારવામાં આવે તો તેનું પરિણામ ખાદીને જ નાબુદ કરવામાં આવવાનું. ઉપર જણાવેલા દિવસોમાં આપે સૂચવેલી નીતિએ ચાલુ ખાદી પહેરતા અનેક લોકોને ખાદી છોડવાની ફરજ પાડી હતી. ભૂતકાળની કોઇ પણ અર્થવ્યવસ્થામાં કે ગ્રામવ્યવસ્થામાં આવી નીતિનો અમલ નજરે પડતો નથી અને ભવિષ્યમાં આવી નીતિ વ્યવહારુ બનવાની કદિ પણ શક્યતા દેખાતી નથી. પહેલાના કોઇ પણ વખતમાં કાંતનારા કાંતતા હતા, વણનારા વણતા હતા, અને એ રીતે તૈયાર થતું કાપડ સામાન્ય જનતા વાપરતી હતી. એ કાળે શ્રમવિભાજન ઉપર જ આખું જીવન ગોઠવાયેલું હતું અને આજે પણ એથી બીજી રીતે ગોઠવાય એ શક્ય લાગતું નથી.

"અંબર ચરખો અને ખાદી ખરીદનારને અપાતી સબસીડી અંગે અને ખાદી કમિશનની નીતિ અંગે આ મારા વિચારો છે. આપ આ બાબતમાં જે નવો પ્રકાશ પાડશો તે હું જરૂર અંતરથી આવકારીશ."

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
અંબર ચરખો અને ખાદી ખરીદનારને આપવામાં આવતી 'સબસીડી'	પરમાનંદ	૧૬૫
રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ	ચીમનલાલ ચકુભાઇ શાહ	૧૬૭
સૌરાષ્ટ્રનું સંસ્કારકેન્દ્રઃ ભાવનગર	પરમાનંદ	૧૬૮
શબનું અગ્નિવિસર્જન શા માટે ?	પરમાનંદ	૧૭૧
સાર્વજનિક સમર્પણ શા માટે નહિ ?	પરમાનંદ	૧૭૧
ગુજરાતના ઔદ્યોગિક વિકાસની યોજના	ડૉ. જીવરાજ મહેતા	૧૭૨
વૃદ્ધાવસ્થાનું એક વિશ્લેષણ	આન્દ્રે મોરોઆ	૧૭૬

'રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ'

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું વ્યાખ્યાન

તા. ૧૭–૧૨–'૬૦ શનીવારના રોજ સાંજના સમયે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું 'રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ' ઉપર એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. પાંચ–છ મહિનાના ગાળે સંઘ તરફથી શ્રી ચીમનભાઇનું આ વિષય ઉપર અવારનવાર વ્યાખ્યાન રાખવામાં આવે છે અને તે વ્યાખ્યાનમાં છેલ્લા વ્યાખ્યાનથી આજ સુધીના ગાળા દરમિયાન રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બનેલી મહત્ત્વની ઘટનાઓની શ્રી ચીમનભાઇ તરફથી આલોચના કરવામાં આવે છે. આ વિષય ઉપર શ્રી ચીમનભાઇનું છેલ્લું વ્યાખ્યાન ગયા જુલાઇ માસની પાંચમી તારીખે રાખવામાં આવ્યું હતું. ત્યાર બાદ સૌથી પહેલી મહત્ત્વ-ભરી ઘટના સંયુક્તરાષ્ટ્રસંસ્થા–યુનો–ની બેઠક ગયા ઓકટોબર માસમાં મળી, અને તેમાં દુનિયાના ભિન્નભિન્ન રાષ્ટ્રોના સૂત્રધારો એક–બે અપવાદ સિવાય હાજર રહ્યા. આ બેઠકની શ્રી ચીમનભાઇએ વિગતવાર આલોચના કરી, અને પાંચ તટસ્થ રાજ્યોનો સંયુક્ત ઠરાવ કેવા ભાવથી મૂકાયો અને કયા સંયોગોમાં પાછો ખેંચી લેવો પડયો તેની સમજ આપી, અને જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય તંગદિલી હળવી થશે એવી આશા આ બેઠકમાં તદ્દન નિષ્ફળ નીવડી હતી, અને પાંચ તટસ્થ રાજ્યોના સાદા સીધા ઠરાવ સામે રમાયેલી મેલી રમતે અને કુશ્ચેવની તોછડી રીતભાતે તંગદિલી હળવી કરવાને બદલે વધારે ઉગ્ર બનાવી હતી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બીજો મહત્ત્વનો બનાવ મોસ્કોમાં સામ્યવાદી નેતાઓની તાજેતરમાં મળેલી પરિષદને લગતો હતો. આ પરિષદમાં ૮૧ દેશના પ્રતિનિધિ-ઓએ ભાગ લીધો હતો. આમાંથી ૨૦ થી ૨૧ દેશોમાં આજે સામ્યવાદી શાસન પ્રવર્તે છે. આ પરિષદમાં શું થયું તેની બહારના કોઇને ખબર નથી. પણ આજે ચીન અને રશિયા વચ્ચે જે વિચારો અને વલણોનું ઘર્ષણ ચાલે છે તેનો આ પરિષદમાં ખૂબ વિવાદ થયો હોવો જોઇએ એમ અનુમાન થાય છે. રશિયા સામ્યવાદી તેમ જ અન્યથાવાદી દેશો વચ્ચે સુલેહ-શાન્તિપૂર્વકના સહઅસ્તિત્વમાં માને છે અને ત્રીજું વિશ્વયુદ્ધ અનિવાર્ય છે એમ સ્વીકારતું નથી. ચીન આવા સહઅસ્તિત્વમાં માનતું જ નથી, મુડીવાદી દેશોને ખતમ કરવા જ જોઇએ અને તે માટે ત્રીજું વિશ્વયુદ્ધ અનિવાર્ય છે એમ તે માને છે અને તેવી વિચારણા ઉપર તેની નીતિ ઘડાયેલી છે. આના પરિણામે ચીનનો એવો આગ્રહ રહ્યો છે કે રશિયા જેટલી મદદ કરી શકે તેટલી મદદ તેણે માત્ર સામ્યવાદી દેશોને કરવી જોઇએ, જ્યારે રશિયા આર્થિક તથા ઔદ્યોગિક દૃષ્ટિએ પછાત એવા બીજા દેશોને પણ મદદ કરીને તે દેશો સાથેના સંબંધો, પોતાની લાગવગ વધારવા માટે, મૈત્રીભર્યા બનાવવા માગે છે. આવો બે રાષ્ટ્રો વચ્ચે મતસંઘર્ષ અને નીતિભેદ હોવા છતાં તે બન્ને વચ્ચેની એકતા તુટી જાય અને સામસામા ગોઠવાઇ જાય એવો કોઇ સંભવ નથી. અંદરના મતભેદોને અંદર સમાવીને બહારની એકતા પૂર્ણ અંશમાં તેઓ હંમેશાને માટે જાળવી રાખશે એમ લાગે છે.

ત્રીજી ઘટના અમેરિકાના નવા પ્રમુખની ચૂંટણીને લગતી છે. આઇઝનહોવરના પક્ષના નિકસન ન ચૂંટાતાં કેનેડી ચૂંટાયા એના પરિણામે અમેરિકાની પરદેશનીતિમાં કોઇ ખાસ ફરક પડશે એમ માનવાને કોઇ કારણ નથી. પણ આથી રશિયા સાથેના અમેરિકાના સંબંધો કાંઇક સુધરે અને કુશ્ચેવ સાથે મિલનભૂમિકા ઊભી થાય એવો સંભવ રહે છે. આઇઝનહોવર રાજદ્વારી નેતા તરીકે નિષ્ક્રિય હતા અને અમેરિકાને Dynamic young leadership–પ્રાણવાન યુવાન નેતાગીરીની જરૂર હતી જે તેને આ ચૂંટણી દ્વારા મળી ગઇ છે. વળી આ ચૂંટણીના પરિણામે અમેરિકા એશિયા અને આફ્રિકાના દેશોના પ્રશ્નો ઉપર વધારે ધ્યાન આપશે એમ જણાય છે.

વચગાળાનો ચોથો બનાવ: જાપાનમાં અમેરિકા સાથે થયેલ કરાર અને આઇઝનહોવરના આગમન સામે ઊભું થયેલું તુમુલ આન્દોલન–જેના પરિણામે આઇઝનહોવરને જાપાન જવાનું માંડી વાળવું પડયું અને એમ છતાં જાપાનમાં શાસક પક્ષ નવી ચૂંટણીમાં ફરીથી વિજયી નીવડયો અને જાપાન તટસ્થ નીતિ ન સ્વીકારતાં અમેરિકાના પક્ષે રહેશે એ સ્પષ્ટ થયું.

પાંચમી ઘટના કોંગોના આન્તરવિગ્રહની અને ત્યાં યુનોએ કરેલી દરમિયાનગીરીને લગતી છે. સમગ્ર રીતે વિચારતાં આખા આફ્રિકાએ પ્રસ્થાપિત સંસ્થાનવાદ સામે માથું ઊંચકયું છે અને નાના મોટા બધા દેશોનાં સળ-વળાટ શરૂ થયો છે, અરાજકતા વ્યાપી રહી છે, પશ્ચિમી સત્તા આજે નહિ તો આવતી કાલે ઉખડવી જોઇએ–એવી પરિસ્થિતિ વિકસતી જાય છે. આફ્રિકા જાગ્યો એટલે વિરાટ જાગ્યો એમ સમજવાનું છે. નાના દેશને નકુમા જેવો મોટો નેતા મળે છે તો ત્યાં નવી રાજ્યરચના જલદીથી નિર્માણ થાય છે. હિન્દુ-સ્તાનથી પણ વધારે મોટા ક્ષેત્રફળવાળા કોંગોને સ્વતંત્રતા મળી, પણ સમર્થ નેતાગીરી ન મળી અને તે અરાજકતા–આન્તરવિગ્રહમાં સપડાઇ ગયું: યુનોએ ત્યાં સુલેહશાંતિ અને વ્યવસ્થા ઊભી કરવા સૈન્ય મોકલ્યું, પણ કોંગોની પરિસ્થિતિ વધારે ને વધારે જટિલ બનતી ગઇ. આજે યુનો માટે કોંગોમાં ભારે ગુંચવાડાભરી સ્થિતિ ઊભી થઇ છે, અને યુનોની પ્રતિષ્ઠા અને અસ્તિત્વ ભારે જોખમમાં મૂકાયાં છે. કોરિયામાં અને લાઓસમાં–એ બે દેશોમાં–યુનોએ કેટલેક અંશે સફળ કામગીરી બજાવીને દુનિયાને વિશ્વયુદ્ધના દાવાનળમાં હોમાતું બચાવ્યું હતું. અહીં જો યુનો કોંગોમાં વ્યવસ્થા સ્થાપી નહિ શકે તો ત્યાંની સ્થિતિ કથળતી જવાની અને પશ્ચિમી જૂથ અને સામ્યવાદી-જૂથ ત્યાં પગપેસારો કરવાના અને દુનિયાની જાદવાસ્થળીનું કોંગો એક નવું કેન્દ્ર બનવાનું.

ઉપરની ઘટનાઓનું વિવેચન કર્યા બાદ શ્રી ચીમનભાઇએ ખિટનમાં મળી રહેલી દક્ષિણ આફ્રિકાવાસીઓની કોન્ફરન્સ, અલ્જીરિયા તથા યુરોપિયનો તેમ જ નેપાલમાં તાજેતરમાં બનેલી રાજકારણી ઉપલપાથલનો ઉલ્લેખ કર્યો, અને નેપાલની ઘટનાથી ભારત માટે કોઇ નવી ચિંતાનું કારણ નથી એમ તેમણે જણાવ્યું.

રાષ્ટ્રીય ક્ષેત્રે બનેલા બનાવોનું વિશ્લેષણ કરતાં તેમણે જણાવ્યું કે આસામની પરિસ્થિતિ, બેરૂબારીનો પ્રશ્ન, રાષ્ટ્ર-પતિનું તાજેતરનું ભાષણ જેમાં તેમના અધિકારો બંધારણની દૃષ્ટિએ વધારે સ્પષ્ટ કરવાની જરૂર તરફ તેમણે કાનૂન કાયદાના નિષ્ણાતોનું ધ્યાન ખેંચ્યું હતું, ઉત્તર પ્રદેશની કોંગ્રેસી મડાગાંઠ, પંજાબી સુબાનું આંદોલન–આ બાબતોનો તેમણે ઉલ્લેખ કર્યો

હતો અને આ બધા પાછળ કેટલેક દરજ્જે નહેરુવિરોધી તત્ત્વો ચોતરફ ઉદ્‌ભવી રહ્યા હોય–એકઠા થઇ રહ્યા હોય–ગંઠાઇ રહ્યા હોય એમ લાગે છે એમ સૂચવીને, આજને તબક્કે, નહેરુની ગમે તે નબળાઇ હોય, ત્રુટિ હોય તો પણ નહેરુનું દેશની અંદર તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એટલા મોટા મહત્ત્વનું સ્થાન છે કે તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારા લોકો દેશને ઘણું મોટું નુકસાન પહોંચાડે છે, અને નહેરુ ન હોય અથવા નિર્બળ હોય તો દેશનું શું થાય તેનો આ નહેરુવિરોધી બળોને કોઇ ખ્યાલ નથી, કલ્પના નથી–આ મુદ્દો તેમણે બહુ ભારપૂર્વક રજૂ કર્યો. બેરૂબારી જેવી એક નાની બાબત ઉપર ત્યાંના મુખ્ય પ્રધાન ડૉ. સી. રૉયે આખા બંગાળાને સળગાવીને બંગાળની તેમ જ આખા દેશની ભારે કુસેવા કરી છે અને પાછલે બારણેથી પીછેહઠ કરીને નહેરુની માનહાનિ કરતાં તેમણે પોતાની જ માનહાનિ કરી છે એમ તેમણે જણાવ્યું.

તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે આજે આપણો દેશ ભારે કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે, નહેરુવિરોધી બળો જોર કરતા જાય છે, દેશની એકતા, સંગઠિતતા ચોતરફથી ઘવાઇ રહી છે, પ્રાદેશિક આગ્રહો, અભિનિવેશો, ઝનુનો લોકમાનસને ઘેરી વળતા જાય છે અને અખિલ ભારતીય દૃષ્ટિની દેશવાસીઓના દિલ ઉપર જોઇએ તેવી કોઇ પકડ જામતી નથી. કૉંગ્રેસમાં નૈતિક તત્ત્વનો અને આધ્યાત્મિક સત્વનો હ્રાસ થઇ રહ્યો છે, અને કોમના નામે, ભાષાના નામે, પ્રદેશના નામે, ધર્મ યા સંપ્રદાયના નામે પ્રત્યાઘાતી બળોની ચોતરફ જમાવટ થઇ રહી છે.

બીજી બાજુએ, તેમણે જણાવ્યું કે, એમાં કોઇ શક નથી કે આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે દેશે અદ્‌ભુત પ્રગતિ સાધી છે. લોકશાહી તંત્ર નીચે દેશે સાધેલો યોજનાબદ્ધ વિકાસ આપણા માટે ભારે ગૌરવપ્રદ હકીકત છે, પણ આ બધી પ્રગતિ તો જ ટકે જો આપણામાં નૈતિકતાનું પુનરુત્થાન થાય, આપણામાં વ્યાપક એકતા અને સંગઠ્ઠનની તમન્ના પેદા થાય. આ માટે જરૂર છે કે પ્રાણવાન, ક્રિયાવાન, સુદૃઢ, ધ્યેયનિષ્ઠ નેતાગીરીનું પ્રજાને માર્ગદર્શન મળે. સાચી નેતાગીરી પ્રજા માગે છે. આજે તેવી નેતાગીરી પૂરી પાડવાની જવાબદારી કૉંગ્રેસની છે. કારણ કે કૉંગ્રેસ વિષે લોકોમાં ગમે તેટલો અસંતોષ હોય તો પણ હજુ આપણા દેશમાં એવો એક પણ પક્ષનો ઉદય થયો નથી કે જે કૉંગ્રેસનું સ્થાન લઇ શકે. પ્રજાસમાજવાદી પક્ષે તો નેતાગીરીનું દેવાળું જ કાઢ્યું છે. તેને કોઇ સિદ્ધાંત જ નથી. રાજ્યે રાજ્યે તે જુદા જુદા સિદ્ધાંતો આગળ ધરે છે અને કેવળ તકવાદીપણું એ જ એમના પક્ષનો પ્રધાન સૂર રહ્યો છે. સ્વતંત્ર પક્ષ હજુ સુધી કોઇ ઠેકાણે જામ્યો નથી અને આજની આબોહવામાં એ મૂડીવાદસમર્થક પક્ષ જામી શકે તેમ છે જ નહિ. આજે કોઇ બીજો સુગ્રથિત અને પદ્ધતિસર વ્યવસ્થિત રીતે કામ કરતો પક્ષ હોય તો તે છે સામ્યવાદી પક્ષ, અને તેનું જે કાંઇ કામ હોય છે તે નક્કર હોય છે પણ તેની નિષ્ઠા વિષે દેશમાં કદિ વિશ્વાસ પેદા થાય તેમ નથી. રશિયા અને ચીન સામે નજર રાખીને ચાલનાર પક્ષમાં શ્રદ્ધા કેવી રીતે જામે? અને તેથી નજીકના ભવિષ્યમાં તે કૉંગ્રેસનું સ્થાન લે એવો કોઇ સંભવ નથી. આ બધું જોતાં ફરી ફરીને સૌ કોઇની નજર કૉંગ્રેસ ઉપર જાય છે. કૉંગ્રેસ માટે આજે પણ દેશ ઉપર પોતાનો કાબુ જમાવવા માટે પૂરી તક છે, પણ આ તકનો લાભ તેને તો જ મળે કે જો તે પોતાની કાયાશુદ્ધિ કરે, નૈતિક પુનરુત્થાન સાધે, ઊંડા આત્મનિરીક્ષણપૂર્વક ભોગને બદલે ત્યાગને આગળ કરીને, સત્તાને બદલે સેવાને પ્રાધાન્ય આપીને, નવી ચેતના, નવા પ્રાણ દાખવે. જો એમ નહિ બને તો કૉંગ્રેસ પણ કાળક્રમે હતપ્રાણ બનશે અને દેશ અરાજકતા તરફ ધસડાતો રહેશે, અને આજ સુધીમાં કરેલી કમાણી ધૂળમાં મળી જશે.

આ પ્રમાણે અનેક માહિતી અને માર્ગદર્શનથી ભરેલું શ્રી ચીમનભાઇનું દૃષ્ટિસંપન્ન વ્યાખ્યાન પૂરું થયું અને ઉપસ્થિત થયેલા શ્રોતાઓના દિલમાં રમી રહેલી કૃતકૃત્યતાની લાગણીને સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ ભૂજપુરીઆએ ઉચિત શબ્દોમાં વ્યક્ત કરી અને સભા વિસર્જન થઇ.

સૌરાષ્ટ્રનું સંસ્કારકેન્દ્ર: ભાવનગર

રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન સૌરાષ્ટ્રમાં ભાવનગર ખાતે પહેલી વાર ભરાય છે તે પ્રસંગે ભાવનગરનું સૌરાષ્ટ્રમાં શું સ્થાન છે અને સૌરાષ્ટ્રના અન્ય શહેરોની અપેક્ષાએ ભાવનગરની શી વિશેષતા છે તેનો ખ્યાલ આપવો 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો માટે ઉપયોગી થઇ પડશે.

ભાવનગર કોઇ જૂનું પુરાણું શહેર નથી. તેને અસ્તિત્વમાં આવ્યાને લગભગ ૧૫૦ વર્ષ થયાં છે. તેની સ્થાપના શિહોરના ગોહેલવંશી રાજવી ભાવસિંહજીના હાથે થયેલી. સમયના વહેવા સાથે ભાવનગર રાજ્ય સદા વિકસતું રહ્યું છે. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોનું એકમ રચાયું તે પહેલાં ભાવનગર રાજ્યની ગાદી ઉપર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી બીરાજતા હતા અને રાજ્યના દીવાનપદે સ્વ. અનંતરાય પટ્ટણી હતા. આ મહારાજાના પિતામહ સર તખ્તસિંહજી ભારે લોકપ્રિય મહારાજા હતા. તેમના સમયમાં દિવાનપદ શોભાવતા સ્વ. સર ગૌરીશંકર વિજયશંકર ઓઝાએ રાજ્યસીમાને વિસ્તૃત બનાવી હતી અને રાજ્યવહીવટને સંગઠિત કર્યો હતો. સર તખ્તસિંહજીના સમયમાં ભાવનગર સુધી રેલવે લાઇન આવી હતી અને આલ્ફ્રેડ હાઇસ્કૂલ, સર તખ્તસિંહજી હોસ્પિટલ, સામળદાસ કૉલેજ, ગૌરીશંકર સરોવર વગેરેનાં બાંધકામ નિર્માણ થયાં હતાં. એક કાપડની મિલ પણ એ સમય દરમિયાન ઊભી થઇ હતી અને રાજ્યમાં નવી કેળવણીના પાયા એ દિવસોમાં નખાયા હતા.

ત્યાર બાદ સર ભાવસિંહજી ગાદીએ આવ્યા અને સર પ્રભાશંકર પટ્ટણી દીવાનપદે આવ્યા. સર પ્રભાશંકર પટ્ટણીના વહીવટ દરમિયાન ભાવનગર રાજ્યે ઘણી પ્રગતિ સાધી અને રાજકીય સુધારાનાં બીજ નંખાયા. સર પ્રભાશંકર ભારે ઓજસ્વી, વ્યવહારદક્ષ મુત્સદી તેમજ એક સંસ્કારમૂર્તિ મહાનુભાવ હતા. તેમની અસાધારણ પ્રતિભાએ ભારતના એક અગ્રગણ્ય વ્યક્તિવિશેષની પ્રતિષ્ઠા તેમને અપાવી હતી. એમના સમય દરમિયાન ભાવનગર શહેરનું જાહેર જીવન પણ સારી રીતે બીજવણી પામ્યું હતું. શિક્ષણના ક્ષેત્રમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવને નવા પ્રસ્થાનનો આરંભ કર્યો હતો. મોન્ટેસરી શિક્ષણપદ્ધતિને એ સંસ્થા દ્વારા જ આપણા દેશમાં પ્રથમ મૂર્ત આકાર મળ્યો હતો. ઉદ્યોગના ક્ષેત્રે પણ ઠીક પ્રગતિ થતી રહી હતી.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગાદી ઉપર આવ્યા ત્યાર બાદ ભાવનગર રાજ્યમાં પ્રજાપ્રતિનિધિ સભાની સ્થાપના થઇ અને આ રીતે રાજકારણી ક્ષેત્રમાંની પ્રજાને તાલીમ મળવી શરૂ થઇ. આ વિષયમાં ભાવનગર રાજ્યની નીતિ પ્રારંભથી ખૂબ ઉદાર હતી. જ્યારે અન્ય દેશી રાજ્યોમાં દમનનીતિ દ્વારા રાજકીય પ્રવૃત્તિને દાબી દેવામાં આવતી હતી ત્યારે ભાવનગર રાજ્યમાં રાજ્યસત્તાની અનુકૂળતાને લીધે રાજકીય પ્રવૃત્તિને સારો વેગ મળતો રહ્યો હતો. ભાવનગર રાજ્યની પ્રજાપરિષદો ભરાતી

હતી અને પ્રજાપ્રતિનિધિ સભામાં બજેટ ઉપર તેમ જ રાજ્ય-વહીવટને લગતી અનેક બાબતો ઉપર પ્રજાના પ્રતિનિધિઓ મુક્ત અને નીડરપણે ચર્ચા કરી શકતા હતા.

૧૯૪૭માં દેશ આઝાદ થયો. અંગ્રેજી હકુમત વિસર્જિત થઇ. હવે દેશી રાજ્યોનું શું કરવું એ પ્રશ્ન રાષ્ટ્રના સૂત્રધારોના મનમાં ઘોળાતો હતો ત્યારે ભાવનગરના મહારાજાએ ભાવનગરમાં સંપૂર્ણ અર્થમાં જવાબદાર રાજ્યતંત્ર સ્થાપવાની પહેલ કરી અને જ્યારે સૌરાષ્ટ્રનું એકમ રચાયું ત્યારે તે એકમમાં ભાવનગર રાજ્યને સરળપણે જોડી દીધું. ગઇ કાલ સુધી એકહથ્થુ રાજ્યસત્તા અને આજે સૌરાષ્ટ્રના નવા એકમમાં ચાલુ રાજ્યસત્તાનું વિસર્જન–આવો એકાએક રાજ્યપલટો જે બીજા રાજ્યોએ અને પ્રજાઓએ ભારે આંચકાપૂર્વક અનુભવ્યો હતો તેવો આઘાત કે આંચકો ભાવનગરના રાજવી કે પ્રજાજનોને અનુભવવાપણું હતું જ નહિ, કારણ કે ભાવનગરમાં આવા રાજ્યપલટા માટે જોઇતી આબોહવા તૈયાર હતી. આ રીતે ભાવનગરનો રાજકીય ઇતિહાસ અન્ય દેશી રાજ્યો કરતાં અનોખો અને સતત પ્રગતિશીલ રહ્યો છે. આવા શહેરની કોંગ્રેસ-અધિવેશન માટે પસંદગી કરવામાં આવે તે તદ્દન ઉચિત છે.

સૌરાષ્ટ્રના અન્ય શહેરોની સરખામણીમાં ભાવનગર શહેરની ભાત જુદા પ્રકારની છે. ભાવનગર શહેરનો પ્રજાસમુદાય એક સુગ્રથિત સમાજ છે. ત્યાં ગરીબથી તવંગર સુધીના ઉત્તરોત્તર થરો અથવા તો અશિક્ષિતથી અતિશિક્ષિત સુધીના ચડઉતર થરો એકમેકમાં ગાઢપણે સંકળાઇને સુખપૂર્વક વસી રહ્યા છે. ઘણા શહેરોમાં એક વિભાગમાં અતિ શ્રીમાન અને સત્તાનિષ્ઠ લોકો વસતા હોય છે; બીજા વિભાગમાં નીચેના થરના અને પરાવલંબી લોકો વસતા હોય છે. આ બે વચ્ચે જાણે કે એક મોટી દીવાલ હોય એવી એ શહેરની રચના લાગે છે. ભાવનગરમાં આવા અન્તિમ કોટિના કોઇ સામાજિક ભાગલા જોવામાં આવતા જ નથી. આખા ભાવનગરમાં આજે જેને આપણે અતિ શ્રીમાન તરીકે ઓળખીએ છીએ તેવી બે ચાર ગણીગાંઠી વ્યક્તિઓ હશે અને તે પણ છેલ્લા દસ પંદર વર્ષના ઔદ્યોગિક પરિપાકના પરિણામે. બાકી તો ભાવનગરમાં જે લોકો શ્રીમાન લેખાતા તેમની શ્રીમન્તાઇ સાધારણ કોટિની હતી અને તે પણ એવી કે જેને નીચેના થરોથી સહેલાઇથી તારવી ન જ શકાય. સૌરાષ્ટ્રમાં એવા પણ શહેરો છે કે જ્યાં મોટી મોટી હવેલીઓ–રહેઠાણનાં મકાનો–સારા પ્રમાણમાં જોવામાં આવે છે, પણ તે હવેલીઓના પ્રવેશદ્વાર ઉપર તાળાં હોય છે, કારણ કે આ હવેલીઓ એવા લોકોની હોય છે કે જે વ્યાપારવ્યવસાય અર્થે મોટા ભાગે પરદેશ–હિંદ બહાર–વસતા હોય છે. બહાર ખૂબ ધન કમાય, બે ચાર વર્ષે પોતાને, વતન આવે અને રહેવા માટે આલીશાન મકાન બંધાવે પણ મોટા ભાગે તે બંધ જ રહે. ભાવનગરમાં રહેતા લોકો ઘણા ભાગે ભાવનગરમાંજ જન્મ્યા છે, મોટા થયા, છે અને આગળ વધ્યા છે. વ્યાપારાર્થે પરદેશ ખેડવાની પરંપરા જેવી જાફરાબાદ, વેરાવળ, ઉના, દેલવાડા, પ્રભાસપાટણ, જેતપુર, પોરબંદર વગેરે શહેરોમાં ઉભી થયેલી તેવી પરંપરા ભાવનગરમાં કદી ઊભી થઇ જ નહોતી. કારણ કે ભાવનગરના વતનીને ભાવનગરમાં કમાવાનું સાધન મળી જ રહેતું હતું. પરિણામે ભાવનગરનો વતની તે નક્કરપણે ભાવનગરનો જ વતની રહ્યો છે. આ રીતે ભાવનગરના પ્રજાજીવનમાં જે એક પ્રકારની એકરૂપતા–સુગ્રથિતતા–પરસ્પરાવલંબિતા–એકલોહિયાપણું–જોવામાં આવે છે તેવી સૌરાષ્ટ્રના અન્ય શહેરોમાં ભાગ્યે જ જોવામાં આવે છે.

છેલ્લાં વીશ વર્ષમાં ભાવનગર શહેર ખૂબ વધી ગયું છે; શહેરનો આ નવો વિસ્તાર 'કૃષ્ણનગર'ના નામે ઓળખાય છે. વસ્તી પણ મૂળ ૫૦થી ૬૦ હજારમાંથી બે લાખના આંક સુધી પહોંચવા આવી છે; ઉદ્યોગો પણ નવા નવા ઊભા થતા જ જાય છે અને તે કારણે સંખ્યાબંધ મજૂરોની આયાત થતી રહી છે. આમ છતાં વિકસિત વિસ્તારમાં પણ પૈસાદાર વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ પડખે પડખે વસતો હોય છે. કોઇને કોઇની લેશ-માત્ર આભડછેટ નથી.

શિક્ષણના ક્ષેત્રમાં ભાવનગર સૌરાષ્ટ્રમાં સૌથી મોખરે રહ્યું છે. પરંપરાગત શિક્ષણની સગવડો વધતી જ જાય છે. ભાવનગરમાં જેટલાં છાત્રાલયો છે તેટલાં સૌરાષ્ટ્રનાં અન્ય શહેરોમાં ભાગ્યે જ હશે. પાંચ કે છ કે તેથી વધારે હાઇસ્કૂલો છે. જૂનીપુરાણી સામળદાસ કોલેજ તો છે જ, જેમાં આર્ટ્સ ઉપરાંત વિજ્ઞાનનું અંતિમ કક્ષા સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. પણ એ ઉપરાંત કોમર્સ તથા 'લૉ'નું શિક્ષણ, (વ્યાપાર તથા કાયદાનું શિક્ષણ) આપતી કોલેજો છે. વળી કેટલાંક વર્ષોથી પોલીટેકનીક સ્કૂલ બહુ મોટા પાયા ઉપર ઊભી કરવામાં આવી છે. મેડિકલ કોલેજ ઊભી થવાની પૂરી શક્યતા છે. સૌરાષ્ટ્રમાં અલગ યુનિવર્સિટી ઊભી કરવાનો લગભગ નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે ભાવનગરની જ પસંદગી થવાનો ખૂબ સંભવ છે અને યુનિવર્સિટી માટે સૌરાષ્ટ્રમાં આથી વધારે યોગ્ય બીજું કોઇ સ્થળ છે જ નહિ.

વળી ભાવનગરમાં ૧૯૧૦ની સાલમાં શ્રી. નાનાભાઇ ભટ્ટે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના કરેલી ત્યારે તેનો આકાર એક નાનાસરખા છાત્રાલયનો હતો, પણ તેનો વિકાસ થતાં થતાં અનેક અંગઉપાંગ ધરાવતી એક ભવ્ય શિક્ષણસંસ્થાનું રૂપ તેણે ધારણ કર્યું હતું, અને શિક્ષણના ક્ષેત્રમાં સરકારી શિક્ષણથી સ્વતંત્ર એવા શિક્ષણપ્રયોગ કરવાનું સાહસ તે સંસ્થાએ આદર્યું હતું, અને એ રીતે સૌરાષ્ટ્ર ગુજરાતમાં શૈક્ષણિક પ્રયોગો કરવાનું વાતાવરણ સરજ્યું હતું. આ સંસ્થા સમયાન્તરે ૧૯૩૭માં વિસર્જિત થઇ, પણ એ સંસ્થાએ શિક્ષણના ક્ષેત્રમાં જે કાર્ય કર્યું અને ભાવનગરને જે પ્રતિષ્ઠા આપી તે હજુ કાયમ છે. એ સંસ્થાના બીજમાંથી ૧૯૩૭માં નાનાભાઇના હાથે ભાવનગરની નજીકમાં આવેલા આંબલા ખાતે 'ગ્રામદક્ષિણામૂર્તિ' નામની શિક્ષણસંસ્થાનો જન્મ થયો અને સમયાન્તરે તેમાંથી સણોસરા ખાતે 'લોકભારતી'નો જન્મ થયો છે, જે શિક્ષણના ક્ષેત્રમાં સરકારી તંત્ર કે શિક્ષણપદ્ધતિથી સ્વતંત્ર રીતે ગ્રામજીવનના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને યુનિવર્સિટી કક્ષાની તાલીમ ગ્રામદક્ષિણામૂર્તિમાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને આપે છે. આ 'લોકભારતી' શિક્ષણના ક્ષેત્રે ભાવનગરમાં ઊભી થયેલી નવી પરંપરાનું જ મૂર્તરૂપ છે.

સાહિત્ય તેમ જ લલિતકળાના ક્ષેત્રે ભાવનગરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ભાવનગર જેટલું સાહિત્યરસીયું છે તેટલું જ સંગીતરસીયું પણ છે. અવારનવાર એક યા બીજા સાક્ષર, કવિ, સાહિત્યવિવેચકનાં વ્યાખ્યાનો ભાવનગરમાં ગોઠવાતાં જ હોય છે. અને એવી રીતે સંગીતના જલસાઓ, નાટકો, અને અન્ય મનોરંજક કાર્યક્રમો ચાલતા જ હોય છે. રાજકારણી આગેવાનો પણ ભાવનગરને કદિ ભૂલતા નથી. આજે આ પ્રધાન આવવાના છે, તો આવતી કાલે આ લોકસેવક આવવાના છે–ભાવનગર જાગે ત્યારે આવા સમાચાર કાન ઉપર અથડાતા જ રહે છે. આ રીતે ત્યાંના પ્રજાજીવનમાં વર્ષોથી સર્વાંગી સંસ્કારપુરવણી થતી રહી છે. પરિણામે ત્યાંના પ્રજાજીવનમાં એક પ્રકારની ચેતના, ઉલ્લાસ,

પ્રાણુભયતાનો અનુભવ થાય છે. મુંબઇમાં રહેતા આપણા જેવાને મુંબઇ બહાર કોઇ ગામ કે શહેરમાં જવાનું બને તો બહુ મોટા શહેરોને બાદ કરતાં જ્યાં જઇએ ત્યાં એક પ્રકારની dullness, જડતા, સ્થગિતતા, શૂન્યતાનો આપણને અનુભવ થાય છે. આવો અનુભવ ભાવનગર ખાતે જવાનું બનતાં થતો જ નથી. જાણે કે ભાવનગર મુંબઇના વિવિધરંગી જીવનની એક નાનીસરખી આવૃત્તિ ન હોય!

એક કાળે ભાવનગર સૌરાષ્ટ્રમાં વ્યાપારઉદ્યોગનું સૌથી મોટું મથક હતું. આજે રાજકોટ તથા જામનગર, ભાવનગરની આ બાબતમાં સારી હરીફાઇ કરી રહ્યા છે. એમ છતાં ભાવનગર હજુ મોખરે રહ્યું છે અને બંદરની સગવડ અને પ્રજાની સાહસિકતાના કારણે આગામી દશ વીશ વર્ષમાં ઔદ્યોગિક ક્ષેત્રે ભાવનગર અસાધારણ પ્રગતિ સાધવાનું છે એવી આશા તથા પ્રતીતિ ત્યાંના આજના ધમધમતા વાતાવરણ ઉપરથી સહેજે બંધાય છે.

એક કાળે ભાવનગર ચાર દરવાજાની અંદરના ક્ષેત્રફળમાં સીમિત હતું. આજે આ ક્ષેત્રફળની ચોતરફ ભાવનગર સારા પ્રમાણમાં વિસ્તરી રહ્યું છે. સૌરાષ્ટ્રના ઘણાં શહેરો એવાં છે કે દિવસના કોઇ પણ સમયે ત્યાં જાઓ તો જાણે કે અડધું શહેર ઉંઘતું હોય એવી નિશ્ચેતનતાનો તમને અનુભવ થાય. ભાવનગરમાં દિવસના કોઇ પણ સમયે જાઓ તો ઉભરાતી વસ્તીનો અને વ્યાપારઉદ્યોગની ધમાલનો જ તમને અનુભવ થવાનો. જીવનના સર્વક્ષેત્રે ભાવનગર એક જીવતું જાગતું શહેર છે. ત્યાં સંખ્યાબંધ વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓ વસે છે; અધ્યાપકો અને વણીકારો વસે છે; સાક્ષરોનું, સમાજસેવકોનું પણ ભાવનગર એક મથક છે. વિદ્યાર્થીઓનાં ઝુંડ તો જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય જ છે.

ભાવનગરમાંનાં જોવાલાયક સ્થળોનો થોડો ઉલ્લેખ અહીં અસ્થાને નહિ ગણાય. ભાવનગર શહેરને પાણી પૂરું પાડતું ગૌરીશંકર સરોવર એક દર્શનીય સ્થળ છે. શહેરની એક બાજુએ આવેલી નાની સરખી ટેકરી ઉપર તખ્તેશ્વર મહાદેવનું સંપૂર્ણ આરસનું મંદિર નાજુકતાનો નમૂનો છે. દાદાસાહેબનું જૈન મંદિર અને જસોનાથનું મહાદેવ મંદિર પણ રમણીય સ્થાપત્યના નમૂના છે. 'ગાંધી સ્મૃતિ' બહારથી આવતા લોકો માટે અત્યન્ત મહત્વનું આકર્ષણ બની રહ્યું છે. અહિં ગાંધીજીની જીવનચરિત્રની જન્મથી માંડીને અવસાન સુધીની અનેક, છબીઓનો અદભુત સંગ્રહ ક્રમસર ગોઠવવામાં આવ્યો છે અને તે જોતાં ગાંધીજીના જીવનનો આપણને પ્રત્યક્ષ બોધ મળે છે. અને ગાંધીજીની સ્મૃતિ આપણા દિલમાં જીવતી થાય છે. રક્તપીત્તના ઉપચારને લગતું એક આશ્રયસ્થાન તાજેતરમાં ભાવનગર ખાતે શરૂ કરવામાં આવ્યું છે, જે તે વિષયમાં રસ ધરાવતા ભાઇ બહેનોએ ખાસ જોવા જેવું છે. ભાવનગરથી વીસ માઇલ દૂર આવેલ જૈનોનું શત્રુંજય ભારતનાં તીર્થસ્થાનોમાં અગ્રેડ એવું તીર્થસ્થળ છે. સમુદ્રસપાટીથી ૨,૦૦૦ ફીટ ઊંચે આવેલા પર્વત ઉપર એક ભવ્ય અને અનુપમ એવી મંદિર નગરી વસાવવામાં આવી છે. એજ પ્રદેશમાં આવેલા સોનગઢ નજીકમાં ક્ષયનિવારણાર્થે એક મોટા પાયા ઉપર ચાલતી હૉસ્પિટલ છે. 'લોકભારતી' પણ ભાવનગરથી વીસ-પચ્ચીસ માઇલ દૂર છે. ત્રીશેક માઇલ દૂર આવેલું તળાજા પણ જૈનોનું એક તીર્થ છે. શહેરની અંદર તેમ નજીક-દૂર બીજાં પણ અનેક દર્શનીય સ્થળો અને સંસ્થાઓ છે.

જ્યારે આપણે એક વિશાળ ફલક ઉપર ભાવનગરનું ચિત્ર આલેખી રહ્યા છીએ ત્યારે ભાવનગરના વિવિધરંગી ઘડતરમાં ફાળો આપનાર તેમજ ભાવનગરને દેશવિદેશમાં સુખ્યાત બનાવનાર એવા ભાવનગરના ભૂતપૂર્વ તથા વર્તમાન કેટલાક મહાજનોનો ઉલ્લેખ કર્યા સિવાય ચાલે તેમ નથી. ભાવનગર રાજ્યના પ્રમુખ ઘડવૈયા સર ગૌરીશંકર વિજયશંકર ઓઝા તથા પ્રભાશંકર પટ્ટણીનો તો ઉપર યથોચિત ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના અનુસંધાનમાં ત્રીજું નામ યાદ આવે છે સર લલ્લુભાઇ સામળદાસનું, જેમણે મુંબઇમાં વસીને એક બાહોશ અર્થનિષ્ણાત ઉદ્યોગપતિ તરીકે સારી નામના પ્રાપ્ત કરી હતી. સ્વ. અનંતરાય પટ્ટણીએ પણ રાજ્યના દિવાન તરીકે ભાવનગરને આજનું ભાવનગર બનાવવામાં ઘણો મહત્વનો ફાળો આપ્યો હતો. સ્વ. ગુલાબરાય ગોવિંદરામ દેસાઇ એ સમયના બાહોશ વકીલ હતા, પ્રખર વક્તા હતા અને ભાવનગરના જાહેર જીવનના વર્ષો સુધી સૂત્રધાર અને ઘડવૈયા રહ્યા હતા. જૈન સમાજના તેમ જ ભાવનગર મહાજનના એક અગ્રણી તરીકે શેઠ કુંવરજી આણંદજીની વિશિષ્ટ કોટિ દાખવતી ધર્મપરાયણ જીવનપ્રતિભા હતી. સાહિત્યક્ષેત્રે સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)નાં કાવ્યોનું કોઇ જુદું જ લાલિત્ય હતું. સુપ્રસિદ્ધ સાહિત્યવિવેચક સ્વ. રણજીતરામ વાવાભાઇ જો કે હતા સૂરત કે ભરૂચના, પણ વર્ષો સુધી સર પ્રભાશંકર પટ્ટણીના અંગત મંત્રી તરીકે ભાવનગરમાં જ વસેલા હોઇને તેમને ભાવનગરના જ ગણવા ઘટે છે. ભાવનગરના સ્ટેશન માસ્તર તરીકે જીવનનો મોટો ભાગ વ્યતીત કરનાર સ્વ. હરગોવિંદ અજરામર પંડ્યા ભાવનગરની એક યોગનિષ્ટ વિરલ વિભૂતિ હતા. બાલશિક્ષણના પ્રચલિત ખ્યાલોમાં પાયાની ક્રાન્તિ કરનાર મોન્ટેસરી પદ્ધતિને સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વહેતી કરનાર સ્વ. ગિજુભાઇ બધેકા મૂળ વળાના, પણ તેમનું કાર્યક્ષેત્ર ભાવનગરજ હતું.

વર્તમાનકાળ ઉપર આવતાં ભાવનગરના રાજવી નામદાર કૃષ્ણકુમારસિંહજીના ઐચ્છિક સત્તાત્યાગનો અને જીવનના અન્તિમ આરે બેઠેલા આચાર્ય નાનાભાઇ ભટ્ટના શિક્ષણ-પુરુષાર્થનો ઉલ્લેખ થઇ ચૂક્યો છે. શિક્ષણપ્રવૃત્તિમાં શ્રી નાનાભાઇના એક વારના સાથી શ્રી હરભાઇ ત્રિવેદી આજે 'ઘરશાળા'નું સંચાલન કરી રહ્યા છે. ગુજરાતના કળાગુરૂ અને 'કુમાર'ના નિર્માતા શ્રી રવિશંકર મહારાજ રાવળ ભાવનગરનું પાણી પીને મોટા થયા છે. ભાવનગર નજીક ઝીંથરી પાસે આવેલા ક્ષયનિવારણ હોસ્પિટલના મુખ્ય સંચાલક અને સ્થાપત્યનિષ્ણાત શ્રી મસ્તરામ હ. પંડ્યા ભાવનગરની એક અસામાન્ય સંસ્કારમૂર્તિ છે. મુંબઇ પ્રદેશની સહકારી પ્રવૃત્તિ સાથે ગાઢપણે જોડાયેલા અને અખિલ હિંદ ખાદી કમિશનના 'ચેરમેન' શ્રી વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતા ભાવનગરના જ છે. અને તેમના લઘુબંધુ શ્રી ગગનવિહારી મહેતાએ યુનાઇટેડ સ્ટેટ્સમાં ભારતના એલચી તરીકે સફળ કામગીરી બજાવીને ભારતની પ્રતિષ્ઠા વધારી છે અને ભાવનગરના નામને શોભાવ્યું છે. અને શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા એ રાષ્ટ્રીય મહાસભાને ભાવનગરની જ બક્ષીસ છે. તેમણે ભાવનગરની સેવા કરતાં કરતાં આગળ વધીને ભારતના અગ્રગણ્ય રાજપુરુષોમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ભાવનગરમાં કોંગ્રેસ અધિવેશન ભરાય છે તે તેમની હિંમત અને ઉત્સાહને આભારી છે. આમ ભાવનગરના ભૂતકાળનો અને વર્તમાનકાળનો વિચાર કરતાં અનેક વિશિષ્ટ વ્યક્તિઓ સ્મરણપટ ઉપર ઉપસી આવે છે અને ભાવનગરની ભવ્યતાનું અનેરું દર્શન કરાવે છે.

ભાવનગર કોંગ્રેસનું એક મોટું મથક છે. કોંગ્રેસ ભાવનગરના પ્રજાજનો ઉપર સારું વર્ચસ્ ધરાવે છે. કોંગ્રેસે સેવાનિષ્ઠ કાર્યકરોનું એક પ્રાણવાન જૂથ પેદા કર્યું છે અને આ જૂથના અગ્રણી શ્રી દેવેન્દ્ર દેસાઇની એકધારી કોંગ્રેસનિષ્ઠા સૌ કોઇનું ધ્યાન ખેંચી રહેલ છે.

આવી અનેક વિશિષ્ટતાઓ ધરાવતા ભાવનગર શહેરનો એવું જ મહત્વ ધરાવતા રાજકોટ શહેર સાથે મુકાબલો

કરવાનું મન થાય છે. સાધારણ રીતે રાજકોટ સૌરાષ્ટ્રનું અગ્રતમ શહેર ગણાય છે. અંગ્રેજોની હકુમતના કાળ દરમિયાન સરકારી એજન્સીનું તે મથક હોઇને એ દિવસોમાં તેને અસાધારણ મહત્ત્વ પ્રાપ્ત થયેલું. આજે પણ તે સતત વિકસતું અને ફાલતુંફુલતું શહેર છે. પણ તે હંમેશા રાજદ્વારી ખટપટોનું કેન્દ્ર રહ્યું છે અને આજે પણ તે પ્રકારના વાતાવરણથી મુક્ત નથી, જ્યારે ભાવનગર સ્વાભાવિકપણે વિકસતું રહેલું, નવી નવી કળા અને શક્તિથી સભર બનતું રહેતું રમણીય શહેર છે, શિક્ષિણ, વ્યાપાર, ઉદ્યોગ–બધા ક્ષેત્રમાં ભાવનગર શહેર આગેવાની ધરાવે છે અને સૌરાષ્ટ્રના સંસ્કારષડતરમાં ભાવનગરે સૌથી વધારે ફાળો આપ્યો છે.

આવા ભાવનગર શહેરમાં રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન ભરાય એ બંને પક્ષે ધન્યતાસૂચક છે. આ અધિવેશનના પરિણામે ભાવનગરની પ્રજાને નવી ચેતના મળશે, તેનામાં નવો ઉત્સાહ પ્રગટશે, તેના ભાવિ વિકાસને નવી ચાલના મળશે એવી આશા અને શ્રદ્ધા ભાવનગરના પ્રજાજનો સેવી રહ્યા છે.

પરમાનંદ

શબનું અગ્નિવિસર્જન શા માટે? સાર્વજનિક સમર્પણ શા માટે નહિ?

તા. ૧૬–૧૧–૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં 'શબની અંતિમ સંસ્કારવિધિ અને આજનું શહેરી જીવન' એ મથાળાની મારી નોંધ વાંચીને એક વર્ષોજૂના સમાજસેવક મિત્રે તે નોંધમાં દર્શાવેલા વિચારોને આવકારતાં, વર્ષો પહેલાં રાજકોટમાં એક જાણીતા ચિત્રકાર સ્વ. સી. તેજપાલે પૈડાવાળી શબવાહિની અંગે એક જોરદાર આન્દોલન ચલાવ્યું હતું તેની મને યાદ આપી છે અને એવો એક પ્રયત્ન અમદાવાદ ખાતે થયાની માહિતી આપી છે. સાથે સાથે શબવિસર્જન અંગે એક જુદો જ વિચાર તેમણે પોતાના પત્રમાં રજૂ કર્યો છે.

ગાંધીજીના ભાણેજ અને સહકાર્યકર્તા સ્વ. મથુરાદાસ ત્રિકમજી પાછળના જીવનમાં ઘણા સમય સુધી ક્ષયરોગથી પીડાયેલા. તેઓ એક ભાવનાશાળી અને ગાંધીજીની વિચારસરણીથી આરપાર રંગાયેલા સજ્જન હતા. તેમણે પોતાનું અવસાન થાય ત્યારે, પોતાનો દેહ મુંબઇની મેડિકલ એસોસીએશનને વૈજ્ઞાનિક સંશોધનઅર્થે સોંપી દેવાની લેખિત ઇચ્છા દર્શાવેલી. આ તેમની ઇચ્છાનો કેટલા અંશે અમલ થયો હતો અને આખરે અવશિષ્ટ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલો કે નહિ તેની આજે મારી પાસે ચોક્કસ માહિતી નથી. પણ આ દૃષ્ટાંતથી પ્રેરણા પામીને ઉપર જણાવેલ મિત્ર એમ પૂછે છે કે આપણા મૃતદેહને ચાલુ પરંપરા મુજબ અગ્નિ વડે ભસ્મીભૂત થવા દેવાને બદલે તેનો સ્વ. મથુરાદાસભાઇએ સૂચવ્યો તેવો ઉપયોગ થાય એવો આપણે પ્રબંધ શા માટે ન કરવો? અને એવા વિચારઆંદોલનને કેમ ન ફેલાવવું? આ પ્રશ્નને હું 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાહેર રીતે ચર્ચું એમ તેઓ ઇચ્છે છે.

જેનું જીવન સામાજિક સેવાને વરેલું છે, અને જેનાં તન, મન અને ધન સામાજિક શ્રેયાર્થે ખર્ચાઇ રહ્યાં છે તેવી વ્યક્તિના મનમાં પોતાના મૃતદેહ અંગે આવો વિચાર આવે તે સમજી શકાય–કલ્પી શકાય–તેવું છે, પણ આવા વિચારને વ્યવહારુ રૂપ આપવામાં અનેક મુશ્કેલીઓ છે, એટલું જ નહિ પણ, આવા વિચારને સાર્વત્રિક રૂપ આપવામાં આવે તે જરૂરી પણ લાગતું નથી.

પહેલાં તો આવા મૃતદેહોની ખાસ કરીને મોટાં શહેરો કે જ્યાં મેડિકલ કોલેજ હોય ત્યાં જ વિશેષ કરીને જરૂર પડે છે અને આવાં મોટાં શહેરોમાં નધણિયાતાં શબો ઘણું ખરું મળી રહે છે.

મૃતદેહને લગતી અંતિમ વિસર્જનવિધિમાં ફેરફાર કરવો તે એક બાબત છે. તેને વૈજ્ઞાનિક અને વૈદકીય સંશોધન અને શિક્ષણમાં ઉપયોગી થાય તે માટે સરકારને હવાલે કરવો તે બીજી બાબત છે. એકની પાછળ સુરુચિ, સભ્યતા અને સ્વજનના મૃતદેહ પ્રત્યે પણ આપણા દિલમાં રહેલી સમાદરની લાગણીનો પ્રશ્ન છે; બીજા વિચાર પાછળ નરી ઉપયોગીતાનો ખ્યાલ રહેલો છે. શહેરી જીવનની ભીંસ અને સુરુચિ તથા સભ્યતાને લગતા ખ્યાલોને મળી રહેલ નવો સંસ્કાર મૃતદેહનું વિસર્જન કરવાની આજની પ્રચલિત રૂઢિમાં ફેરફાર કરવાની, આજે નહિ તો આવતી કાલે, જનસમુદાયને ફરજ પાડ્યા વિના નહિ જ રહે એવી આશા છે અને તેથી બે દિશાનું આન્દોલન સફળ નીવડવાનો પૂરો સંભવ છે. શબને અન્ય કોઇ સંસ્થાને પ્રયોગ અર્થે સોંપી દેવાનો વિચાર, મરનારે એ સબંધમાં લેખિત ઇચ્છા દર્શાવી હોય તો પણ, અમલી બનવાની બહુ જ ઓછી શકયતા છે. આપણા સંસ્કારષડતરમાં મૃતદેહની યોગ્ય સંસ્કારવિધિના ખ્યાલની જડ બહુ જ ઊંડી છે. સ્વજનનું ગમે ત્યાં ગમે તેવી રીતે મૃત્યુ થયું હોય તો પણ તેના દેહાવશેષને યથાવિધિ વિસર્જિત કરવાનો આગ્રહ હંમેશા સેવવામાં આવે છે અને એવા સંસ્કારવિધિની કોઇ શકયતા જ રહી ન હોય. દા. ત. પાણીમાં કોઇ ડુબી ગયેલ હોઇ અને તેના દેહનો પત્તો લાગ્યો ન હોય અથવા તો અજાણ્યા અગોચર સ્થળે કોઇનું મૃત્યુ થયું હોય અને તેના દેહનો પશુપક્ષીઓ મળીને નાશ કર્યો હોય તો; પાછળ રહેલા સગાંવહાલાંઓના દિલમાં આવા દુર્દૈવની હકીકત ખૂબ ખટકે છે. આ બધું વિચારતાં આ બાબતની કોઇ ખાસ પ્રચારની આવશ્યકતા લાગતી નથી. જેના દિલમાં પોતાના મૃત્યુ બાદ પોતાના મૃતદેહનો કોઇ સાર્વજનિક ઉપયોગ થાય એવી ઇચ્છા ઉદ્‌ભવે તે જરૂર પોતાના સ્વજનોને પોતાના મૃતદેહની તે મુજબ વ્યવસ્થા કરવાનું સૂચવી શકે છે, પણ તે મુજબ જ થવું જોઇએ એવો આગ્રહ રાખવાની જરૂર નથી, કારણ કે એવા આગ્રહનો અમલ પાછળ રહેનારા સ્વજનો માટે બંધનકારક બની શકે તેમ છે જ નહિ. પ્રસ્તુત મિત્રે પોતાના પત્રમાં આ વિષય અંગે બીજી કેટલીક ચર્ચા કરી છે તે ધ્યાનમાં લેતાં બીજો એક જરાક રમૂજી પ્રશ્ન પણ સામે આવીને ઊભો રહે છે. એ સર્વત્ર સુવિદિત છે કે માણસને માત્ર સ્વોપાર્જિત મિલકત અંગે જ વીલ–વસિયતનામું કરવાનો અધિકાર છે. તો અહીં પ્રશ્ન એ છે કે માનવીને પોતાના મૃતદેહનો કેવી રીતે નીકાલ કરવો તે વિષે વીલ કરવાનો અધિકાર છે કે નહિ? આના ગર્ભમાં એ પ્રશ્ન રહેલો છે કે માનવીનો દેહ સ્વોપાર્જિત છે કે વડિલોપાર્જિત? આ પ્રશ્નની ગમે તેટલી ચર્ચા કરવામાં આવે પણ તેનો છેવટનો નિકાલ કદિ આવે એમ હું માનતો નથી. આ પ્રશ્ન સરકારી અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે તો એક અદાલતનો ન્યાયાધીશ માનવીના મૃતદેહને તે માનવીની સ્વોપાર્જિત મિલકત તરીકે જાહેર કરશે અને અન્ય અદાલતનો ન્યાયાધીશ તેને વડિલોપાર્જિત તરીકે જાહેર કરશે. આવી અટપટી કાયદાની આંટીઘૂંટી જે પાછળ રહેલી છે તેવા પોતાના મૃતદેહ અંગે કરવામાં આવેલ વસિયતનામાનો મૃત માનવીની તે મુજબની ઇચ્છા રજૂ કરવાથી વિશેષ કોઇ અર્થ નથી અને તેવું વસિયતનામું પાછળ રહેલાં સ્વજનો માટે બંધનરૂપ બની શકતું નથી.

પરમાનંદ

ગુજરાતના ઔદ્યોગિક વિકાસની યોજના

ડૉ. જીવરાજ મહેતાનું અધિકૃત નિવેદન

(અમદાવાદ ખાતે તા. ૧૯-૧૨-૬૦ના રોજ ગુજરાત રાજ્ય ઉદ્યોગ સલાહકારી સમિતિની બેઠક ગુજરાતના મુખ્ય સચિવ ડૉ. જીવરાજ મહેતાના પ્રમુખપણા નીચે મળી હતી. આ બેઠકમાં ગુજરાતની વિદ્યુતશક્તિની ખીલવણી, ટ્રાન્સપોર્ટની સગવડો, કાચી સાધનસામગ્રીની સર્વતોમુખી તપાસ, બંદરી સગવડો, ઉદ્યોગોના સ્થાનનિર્માણનો પ્રશ્ન, ઔદ્યોગિક વસાહતોનો પ્રશ્ન, ગુજરાતમાં રીફાઇનરી ઊભી કરવાનો પ્રશ્ન, રાસાયણિક ખાતરનું કારખાનું અને પેટ્રો-કેમિકલ ઉદ્યોગો સ્થાપવાનો પ્રશ્ન, દરિયાકાંઠાના વિસ્તારોની જળ-સાધનો અંગેની મોજણી, ઉદ્યોગોમાં વપરાયા વગરની પડી રહેલી શક્તિઓની મોજણી, નાના ઉદ્યોગોની સમસ્યા-આવા અનેક વિષયોની ચર્ચા થઇ હતી. આ પ્રમાણેની લાંબી ચર્ચાવિચારણાનો ઉપસંહાર કરતાં ડૉ. જીવરાજ મહેતાએ આ બધી બાબતોને આવરી લેતું અને ગુજરાત સરકાર આ બધી બાબતો અંગે શું શું વિચારી રહી છે તેનું સુરેખ અને માર્ગદર્શક નિવેદન કર્યું હતું, જે જન્મભૂમિમાંથી ઉદ્ધૃત કરીને નીચે આપવામાં આવે છે.

મુંબઇમાં વસતા આપણા સર્વ ગુજરાતીઓની નજર ગુજરાતમાં શું થઇ રહ્યું છે તે તરફ સતત જડાયલી રહે છે અને કોઇ પણ મહત્ત્વની ઘટના બનતાં તે તરફ આપણું એકાએક ધ્યાન ખેંચાય છે. ગુજરાતના ઉદ્યોગો અંગે પાણી અને વીજળીની તંગી એ સૌથી વધારે મુંઝવતી બાબતો છે. આ તંગીને પહોંચી વળવા ગુજરાત સરકાર કયા કયા ઉપાયો વિચારી રહી છે તેનો પ્રસ્તુત નિવેદનમાં આશાસ્પદ ઉલ્લેખ છે. એક પ્રકારના કાંઇક નિરાશાભર્યા વાતાવરણમાં આ નિવેદન નવી આશા અને શ્રદ્ધા જન્માવે છે અને આપણા દિલમાં ઉત્સાહની ચીનગારી પ્રગટાવે છે. આ નિવેદન ગુજરાતી સામયિકોમાં પ્રગટ થઇ ગયું હોવા છતાં, શાન્તિથી અને અવકાશપૂર્વક આ મહત્ત્વભર્યા નિવેદનનો અભ્યાસ થઇ શકે એ હેતુથી, 'પ્રબુદ્ધ જીવન'માં પુનઃ પ્રગટ કરવું ઉચિત ધાર્યું છે.

આ નિવેદનની શરૂઆતમાં વીજળીના પુરવઠાનું પ્રમાણ સૂચવવા માટે ચોકસ સંખ્યાંક સાથે મે.વે. શબ્દ જોડવામાં આવ્યો છે. મે.વો. એટલે મેગા વૉટ એટલે ૧,૦૦૦ કિલો વૉટ એમ સમજવું. **પરમાનંદ**)

બેઠકના અધ્યક્ષપદેથી બોલતાં રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ કહ્યું હતું કે "આપણા રાજ્યમાં તેલ અને ગેસનો વિપુલ જથ્થો મળી આવ્યો છે. ભારત સરકારે આ રાજ્યમાં તે માટે એક રિફાઇનરી નાખવાનું નક્કી કર્યું છે. હું આપને ખાતરી આપવા ચાહું છું કે, આ વિસ્તારના તેલ-ભંડારોમાં તેલનો ઉપયોગ કરવાને જરૂરી જણાય તેવા મોટા કદની એક રિફાઇનરી અથવા જોઇએ તો વધુ રિફાઇનરીઓ આ રાજ્યમાં સ્થાપવા માટે રાજ્ય સરકાર ઘણી આતુર છે."

ખાતરનું કારખાનું

તેમણે ઉમેર્યું કે "આ રાજ્યની સ્થાપના થઇ કે તરત જ રાજ્ય સરકારે રાજ્યમાં રાસાયણિક ખાતરનું કારખાનું નાખવાના પ્રશ્નનો અભ્યાસ કરવા માટે એક ખાસ સમિતિની રચના કરી હતી. આ સમિતિના અહેવાલ મુજબ, રાજ્ય સરકારે સૂચિત રિફાઇનરી નજીક આવેલા કોઇ અનુકૂળ સ્થળે રાસાયણિક ખાતરનું કારખાનું નાખવાનું નક્કી કર્યું છે, જેથી રાસાયણિક ખાતર બનાવવા માટે જોઇતો કાચો માલ મેળવવામાં વધુ મુશ્કેલી પડશે નહિ. આમ રિફાઇનરી તેમ જ રાસાયણિક ખાતર એમ બે મોટી યોજનાઓ આકાર લેતાં, તેલભંડારો નજીક અગર એ માટે અનુકૂળ હોય તેવાં અન્ય સ્થળોએ પેટ્રો-કેમિકલ તેમ જ અન્ય આનુષંગિક ઉદ્યોગો વિકસાવવાનું પણ સુગમ બનશે."

વીજળીની અછત નહિ રહે

"ગુજરાત રાજ્યમાં ઠીક ઠીક પ્રમાણમાં વીજળીની અછત રહેશે અને એથી વિશાળ ધોરણે મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગો ગુજરાતમાં સ્થાપવાનું સાહસવીરો માટે મુશ્કેલ બનશે" એવા કેટલાંક વર્તુળોમાં પ્રવર્તતા ભયનો ઉલ્લેખ કરતાં મુખ્ય પ્રધાને એવી ખાતરી આપી હતી કે "હાલ જો કે આપણે ત્યાં વીજળી-શક્તિની પ્રમાણમાં અછત છે, છતાં ત્રીજી પંચવર્ષીય યોજનાના સમય દરમિયાન આ અછત દૂર કરી શકાશે. રાજ્યમાં આજે કુલ વીજળી ઉત્પાદકશક્તિ ૩૦૦ મે. વૉ. ની છે. આથી વીજળી-શક્તિની આ ખોટ પૂરી પાડવાને ખાતર રાજ્યે ધુવારણ પાવર સ્ટેશનની યોજના તૈયાર કરવાનું એક અગત્યનું પગલું ભર્યું છે. આ સ્ટેશનની ઉત્પાદનશક્તિ શરૂઆતમાં ૧૫૦/૧૮૬ મે. વૉ. ની નક્કી કરવામાં આવી હતી. હવે તે ૨૦૦/૨૫૦ મે. વૉ. ની રહેશે અને તેની કર્મશક્તિ ૧૮૭.૫ મે. વૉ. ની રહેશે. અમદાવાદ ઇલેકટ્રિક સપ્લાય કંપનીના વીજળીઘરને વિસ્તૃત કરવાની યોજના પણ મંજૂર કરવામાં આવી છે અને એક વર્ષ અગાઉ તેની શક્તિ ૩૦,૦૦૦ કિ. વૉ. જેટલી વધારવા માટે જોઇતી મશીનરીની વરદી પણ આપવામાં આવેલી છે, અને તેની શક્તિ વિશેષ વધારવા બીજા ૩૦,૦૦૦ કિ. વૉ. સેટની જોગવાઇ કરવાનાં પગલાં લેવાઇ રહ્યાં છે."

તેમણે ઉમેર્યું કે "નાના પાયાના ઉદ્યોગોને તાત્કાલિક સહાય આપવા માટે સરકારે દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર એમ જુદા જુદા વિસ્તારને માટે ૧,૦૦૦ કિ. વૉ.ના થોડા ડીઝલ સેટોની વરદી પણ મૂકી છે. ધુવારણ પાવર સ્ટેશન ૧૯૬૨ના અંતમાં કે ૧૯૬૩ની શરૂઆતમાં પૂરું થવાની ધારણા છે. આ ઉપરાંત તારાપુર ખાતેના અણુશક્તિ મથકની સ્થાપનાની તૈયારીઓ પણ થઇ રહી છે. આને લીધે ત્રીજી પંચવર્ષીય યોજનાના અંતના ભાગમાં ૭૫ મે. વૉ. વીજળીશક્તિ આપણને મળવાની દરેક સંભાવના છે; અને ચોથી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં આ ઉપરાંત બીજી ૭૫ મે. વૉ.ની વીજળી-શક્તિ મળી શકશે. આ રીતે ઉપર કહેલી યોજનાઓ પૂરી થતાં પૂરતા પ્રમાણમાં વીજળીશક્તિ આપણને મળી શકશે. આથી ઉદ્યોગપતિઓએ વીજળીની અછતનો ભય રાખવાની જરૂર નથી.

"આ ઉપરાંત ઉદ્યોગપતિઓ પણ તેમના પોતાનાજ ડીઝલ વીજળી ઉત્પાદક સેટો ખરીદવાની ગોઠવણ કરી શકે છે અને કેટલાંક કારખાનાંઓએ આવી વ્યવસ્થા કરી પણ છે. આ માટે લાયસન્સની જોઇતી સરળતા સરકાર કરી આપે છે. તે ઉપરાંત એ અંગે નાણાકીય કોર્પોરેશન તરફથી ૫૦ ટકા સુધીની લોન પણ આપવામાં આવશે. આવી યંત્રસામગ્રી પર જે ડેવલપમેન્ટ રીબેટ મળી શકે છે તે તથા કારખાનું શરૂ કરવામાં આવે ત્યાર પછીના પાંચ વર્ષ સુધી નવાં થતાં કારખાનાંને વીજળીવેરામાંથી સરકાર રાહત આપવા ધારે છે તે ધ્યાનમાં લેતાં, આ વ્યવસ્થા તેમના માટે ખરેખર બહુ ખર્ચાળ ગણી ન શકાય. તેમ કરવાથી ઉદ્યોગપતિઓ પોતાનો ઉદ્યોગ થોડાક માસ વહેલો શરૂ કરી શકશે, જેથી તેમને યોગ્ય વળતર મળી રહેશે.

મુશ્કેલી નહિ પડે

"આમ હવે, ગુજરાતમાં કોઇ પણ અગત્યનો ઉદ્યોગ શરૂ કરવા માગનાર ઉદ્યોગપતિને આ માટે જરૂરી બનતી વીજળી-શક્તિ મેળવવામાં મુશ્કેલી નહિ પડે. કારણ કે તેનું કારખાનું

ઊભું થઈ રહે તેટલા સમયમાં એટલે કે બે વર્ષના ગાળામાં તો વધારાની વીજળીશક્તિ ઉપલબ્ધ બની જશે. એ તો સર્વ-વિદિત વાત છે કે, મોટા પાયા પરનું કારખાનું નાંખવાનો મનમાં વિચાર આવે, ત્યાર પછી પસંદ કરેલા સ્થાન પર તે નાખવા માટેની યોગ્ય પરમિટ તથા તે અંગેની જરૂરી યંત્રસામગ્રી માટેના લાયસન્સ મેળવવા પડે છે. સ્થાનિક રીતે તૈયાર કરવામાં આવેલી હોય કે પરદેશમાંથી મંગાવવી પડતી હોય તેવી યંત્રસામગ્રી મેળવવી પડે છે. કારખાના માટે જમીન પ્રાપ્ત કરવી પડે છે અને કારખાનું તથા તેની સાથે સંબંધ ધરાવતાં મકાનો બાંધી તેમાં યંત્રસામગ્રી ગોઠવવી પડે છે. આ બધું આટોપાય ત્યાં સુધી વધારે નહિ તો ય ઓછામાં ઓછાં બે વર્ષ તેમાં પસાર થઈ જાય છે. આથી બીજે જેટલી સરળતાથી વીજળીશક્તિ મળી શકે છે તેટલી સરળતાથી અહીં તે નહિ મળે તેવા ખોટા ખ્યાલ હેઠળ, ગુજરાતમાં મોટા, મધ્યમકદનો અથવા તો નાના પાયા પરનો ઉદ્યોગ શરૂ કરવા સંબંધી કોઈ પણ ઉદ્યોગપતિ હવે અંચકાશે નહિ એવી હું આશા રાખું છું.''

પાણીની સગવડ

ઉદ્યોગો માટે પાણીના પ્રશ્નનો ઉલ્લેખ કરતાં ડૉ. મહેતાએ કહ્યું હતું કે ''પાણીની સગવડ સંબંધમાં, રાજ્ય સરકારે ઉદ્યોગોને ૧૦,૦૦૦ ઘનફૂટના રૂા. ૨ પ્રમાણે, એટલે કે ૧,૦૦૦ ગેલનના ત્રણ નયા પૈસાના તદ્દન નજીવા દરેક નદીમાંથી પાણી લેવા દેવાનો નિર્ણય કર્યો છે. સદ્‌ભાગ્યે રાજ્યમાં કાયમ વહેતી અનેક નદીઓ હોઈને પૂરતું પાણી મળી રહે તેમ છે. દાખલા તરીકે દક્ષિણ ગુજરાતમાં તાપી અને દમણગંગાની વચ્ચે કેટલાક પ્રવાહો પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. આમાંના કેટલાક આખા ય વર્ષ દરમિયાન વહેતા હોય છે. નિયમિત રીતે વહેતા આ પ્રવાહોના વહેણનું અમુક સ્થળોએ માપ કાઢવાનું, વિશેષ કરીને બે મહિનામાં, અને તેમાંથી તાજું પાણી મળવાની શક્યતા નક્કી કરવાનું પણ વિચારાયું છે. આ વિસ્તારમાં કેટલું પાણી મળી શકશે એની આપણને ખબર પડે એટલે હાલમાં સમુદ્રમાં મળી જઈ વેડફાઈ જતાં પાણીનો પરવડે તેવો ઉપયોગ કેમ કરી શકાય તે નક્કી કરવાનું તેથી શક્ય બનશે.

ગીરના ડુંગરાઓ

''આવી જ રીતે સૌરાષ્ટ્રમાં ગીરના ડુંગરોની દક્ષિણે ઘણા પ્રવાહો વહે છે, જેમનું પાણી ટેકરીઓ અને તળેટીનાં સ્થાનો પરથી વહી અરબી સમુદ્રમાં પડે છે. ગીરના ડુંગરોમાં સૌરાષ્ટ્રના આજુબાજુના વિસ્તાર કરતાં વધુ વરસાદ પડે છે અને તેથી જુલાઈથી ડિસેમ્બર મહિનાઓના ગાળામાં આ પ્રવાહમાંથી પાણી ઠીક પ્રમાણમાં વહી જાય છે. આમાંના કેટલાક પ્રવાહમાં વત્તેઓછે અંશે કાયમ પાણી રહે છે. ઉનાળા દરમિયાન આમાંના કેટલાક પ્રવાહોમાં પાણીનું વહેણ બહુ મંદ હોય છે, પરંતુ અરબી સમુદ્રમાં વેડફાઈ જતાં પાણીમાંથી સારા પ્રમાણમાં પાણીને આર્થિક રીતે લાભ-દાયી નીવડે એવી રીતે કેટલે અંશે ઉપયોગમાં લઈ શકાય તેનો આપણે વિચાર કરવાનો છે. આ પુરવઠામાં વધારો કરવા માટે સરકાર તે વિસ્તારમાંના ઉદ્યોગોના હિતમાં પ્રમાણમાં આ નાની નદીઓ ઉપર બંધ કે બંધારા બાંધવા માટેની સગવડ આપ-વાની પણ વિચારણા કરશે.''

માર્ગવ્યવહારનો વિકાસ

તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે ''રાજ્યમાં માર્ગવિકાસ પ્રત્યે પણ વધુ પ્રમાણમાં ધ્યાન અપાઈ રહ્યું છે. અત્યારે રાજ્યમાં લગભગ ૬૫૫ માઇલના રાષ્ટ્રીય ધોરીમાર્ગો, ૧,૬૫૦ માઇલના રાજ્ય ધોરીમાર્ગો અને ૧૧,૪૦૦ માઇલના અન્ય માર્ગો છે. આમ બીજી પંચવર્ષીય યોજનાને અંતે કુલ ૧૫,૦૦૦ માઇલના માર્ગો ઉપયોગમાં લેવાશે એટલે કે દર ૧૦૦ માઇલે ૨૨ માઇલના માર્ગો આપણા રાજ્યમાં હશે. ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે આ આંકડો વધીને ૧૮,૦૦૦ માઇલનો થશે.''

બંદરો વિકસાવાશે

રાજ્યના બંદરો અંગે તેમણે જણાવ્યું કે ''ગુજરાત રાજ્યનો સાગરકાંઠો ૧,૦૦૦ થી વધુ માઇલનો છે અને તે પર વિવિધ સ્થાનો પર લગભગ ૫૦ બંદરો છે. આમાંથી ૮ બંદરને મધ્યમ પ્રકારનાં ઇન્ટરમીજીએટ–ગણવામાં આવ્યાં છે, જેના પર એક લાખ ટનથી વધુ માલની હેરફેર થાય છે અથવા તો ત્યાં સારા એવા પ્રમાણમાં પ્રવાસીઓની અવરજવર રહે છે એ તેમનું મહત્ત્વ છે. બંદરો વ્યાપારના દ્વાર સમાન છે અને એ રીતે વિકાસપ્રવૃત્તિઓમાં તેમને યોગ્ય સ્થાન આપવું ઘટે છે. ગુજરાતના અર્થકારણને વિકસાવવા માટે આપણાં બંદરોનો શક્ય તેટલો પૂરેપૂરો ઉપયોગ કરવા માટે તેમને વિકસાવવાના પ્રયત્નો અત્યાર અગાઉ થયા છે અને ભવિષ્યમાં પણ થશે. તેમના વિકાસની જુદી જુદી યોજનાઓ હાથમાં લેવામાં આવી છે. અત્યાર સુધીમાં બંદર ઉપર ન હતી એવી અનેક સગવડો હવે આપવામાં આવી રહી છે. વધેલી ઔદ્યોગિક પ્રવૃત્તિ અને અપાઈ રહેલી વધુ સગવડોને પરિણામે આ બંદરો પર માલ-વહેવાર વધતો જાય છે. ૧૯૫૯–'૬૦માં ગુજરાતનાં બંદરો પરની માલની હેરફેર ૨૧ લાખ ટનથી થોડી વધુ હતી. આમાં ૮ ૧/૨ લાખ ટનની હેરફેર પરદેશો સાથેની હતી.

''માંડવી, નવલખી, મેડી, ઓખા, પોરબંદર, વેરાવળ, ભાવનગર અને ભરૂચ એ આઠ મધ્યમ પ્રકારનાં ઇન્ટરમીજિયેટ-બંદરો ઉપર ૧૬ લાખ ટનથી વધુ માલની હેરફેર થઈ હતી અને બાકીના ૫ લાખ ટનની હેરફેર નાનાં બંદરો ઉપર થઈ હતી. ઓખા અને ભાવનગરનાં બંદરો પર સ્ટીમરો છેક કાંઠા સુધી આવીને પુરજા પર માલ ઊતારી શકે છે. ભાવનગરમાં લોકગેટની યોજના ટૂંક સમયમાં પૂરી થઈ જશે અને એ દ્વારા સ્ટીમરોને કાંઠા પર લાવવાની સગવડો સુધરશે.''

તેમણે વધુમાં કહ્યું કે ''ભારત સરકારે નીમેલી મધ્યમ બંદર વિકાસ-ઇન્ટરમીજિયેટ પોર્ટ ડેવલપમેન્ટ સમિતિએ ગુજરાતનાં બંદરોના વિકાસ માટે રૂા. ૧.૭૩ કરોડની રકમ ખર્ચવાની ભલામણ કરી છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન રૂા. ૨ કરોડની રકમ ખર્ચવાનો નિર્ણય કયારનો લઈ લીધો છે. બંદરોની માલની હેરફેર કરવાની શક્તિ વધાર-વાની યોજનાઓ ઉપરાંત ઓખામાં એક સૂકી કાર્ગો ધક્કો બાંધવાનું (ડ્રાય ડોક), અને પોરબંદરને બારમાસી બંદર બનાવ-વાનું નક્કી થઈ ગયું છે.''

કંડલાનો મુક્તવેપાર ઝોન

કંડલાના સૂચિત મુક્તવેપાર ઝોનની યોજનાનો ઉલ્લેખ કરતાં મુખ્ય પ્રધાને કહ્યું કે ''ઉપરોક્ત નાનાં અને મધ્યમ પ્રકારના બંદરો ઉપરાંત પણ વીસ લાખ ટન માલની દર વર્ષે હેરફેર કરી શકે તેવું કંડલાનું એક બંદર પણ સદ્‌ભાગ્યે આપણે ત્યાં છે. ટૂંક સમયમાં લગભગ એક ચોરસ માઇલના વિસ્તારમાં ત્યાં હાલમાં મુક્તવેપાર વિસ્તાર–ફ્રી ટ્રેડ ઝોન–સ્થપાશે. આ યોજના સફળ બનશે તો વધારે વિસ્તૃત વિસ્તારો માટેની જોગવાઈ કરવામાં આવશે. આ મુક્તવેપાર વિસ્તારના વિભા-ગમાં જે નવા ઉદ્યોગો શરૂ થવાની ધારણા રાખવામાં આવે છે, તેમના માટે વધારાનાં પાણીનો જથ્થો પૂરો

પાડવા માટે રાજ્ય સરકાર તાત્કાલિક કામો હાથ પર લેનાર છે. કંડલાને વધારે વીજળીક શક્તિ આપવા માટે ત્રીજી પંચ-વર્ષીય યોજનામાં ઇલેક્ટ્રિસીટી બોર્ડે વ્યવસ્થા કરી છે. મને આશા છે કે આ રાજ્યના તેમ જ બહારના ઉદ્યોગપતિઓ આ સગવડનો પૂરો લાભ લેશે અને રાજ્યના ઔદ્યોગીકરણમાં અને નવા બંદરની ખિલવણીમાં સહાય કરશે. આથી નિકાસની ટ્રેડેશનને પણ વેગ મળશે અને કંઈક અંશે પરદેશી હૂંડિયામણ અંગેની આપણી સ્થિતિમાં સુધારો થશે."

જમીનનો પ્રશ્ન

કારખાનાં તથા તેને અંગેનાં અન્ય મકાનો બાંધવા માટે અનુકૂળ જમીન પ્રાપ્ત કરવાના પ્રશ્ન અંગે તેમણે કહ્યું હતું કે "આ સંબંધી ઉદ્યોગોને પડતી મુશ્કેલી પ્રત્યે સરકાર સારી પેઠે સજાગ છે. આ પ્રશ્ન રાજ્ય સરકારની ગંભીર વિચારણા હેઠળ છે અને જમીનપ્રાપ્તિ અંગેની ચોક્કસ નીતિ રાજ્ય સરકારે ઘડી છે. આ અંગે વધુમાં મારે જણાવવાનું કે, રાજ્ય સરકાર જમીન પ્રાપ્ત કરીને અને તેમાં માર્ગો, વીજળીક શક્તિ, પાણી, ગટર અને શક્ય હોય ત્યાં રેલવે સાઇડિંગની જરૂરી સગવડો આપીને તેને વિકસાવશે તેમ જ આયોજન પંચે આવા વિસ્તારોના વિકાસ માટે જાહેર કરેલી નીતિ અનુસાર, જે સાહસવીરો અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ જેવા મોટાં શહેરો નજીક અથવા તો જામનગર, ખંભાત, અંકલેશ્વર, ઉંબરગાંવ જેવાં ઔદ્યોગિક શક્યતાવાળા વિસ્તારો નજીક ઉદ્યોગો સ્થાપવા માગતા હોય તેમને આવા વિકસિત પ્લાંટો રાજ્ય સરકાર વેચશે. ઉદ્યોગપતિઓને ઇચ્છા હોય તેવા પ્લાંટો પોતે મેળવીને વિકસાવી શકશે.

"અમુક ખાસ ઉદ્યોગો માટે તદ્‌વિષયક નિષ્ણાતોની મદદથી કેટલીક પ્રોજેક્ટ અંગેના હેવાલો તૈયાર કરાવવાના રૂપમાં મધ્યમ અને મોટા ઉદ્યોગોને સીધી મદદ આપવાની અને તે દ્વારા તેમને સંપૂર્ણ સામગ્રી ઉપલબ્ધ કરવાની પણ અમારી નેમ છે. આ ઉપરાંત, અન્ય પ્રકારની સહાયમાં ઔદ્યોગિક ઉપયોગ માટે રાજ્યમાંની અમુક ખનિજની પ્રાયોગિક કસોટી કરી આપવાનો સમાવેશ થાય છે."

ઉદ્યોગોને આર્થિક મદદ

ઉદ્યોગોની નાણાંની જરૂરિયાતોના પ્રશ્ન સંબંધમાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે "ઉદ્યોગોની નાણાંની જરૂરિયાતો પૂરી કરવાના હેતુથી ગુજરાત રાજ્યની સ્થાપના થઇ તે જ વેળા ગુજરાત રાજ્ય નાણાં કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે; અને પ્રાથમિક ગોઠવણો કર્યા પછી તે કામ ઑગસ્ટ મહિનાના બીજા અઠવાડિયાથી શરૂ કરવામાં આવ્યું છે. હવે તેને લોન માટેની અરજીઓ મળવા લાગી છે. ઉપરાંત આ કોર્પોરેશન ઉદ્યોગોને રાજ્ય તરફથી મદદ આપવાના નિયમો હેઠળ રૂા. ૧ લાખ સુધીની લોન આપવા સંબંધમાં રાજ્ય સરકારના એજન્ટ તરીકે કામ કરે છે. આ વ્યવસ્થા હેઠળ નવેમ્બર તા. ૩૦, ૧૯૬૦ સુધીમાં રૂા. ૪૩.૫ લાખ માટે એકંદરે ૧૧૭ અરજીઓ આવી હતી, તેમાં કાપડ, ઇજનેરી, રસાયણો, ચીનાઇ માટીના ઉદ્યોગો, તેલ વગેરે વિવિધ ઉદ્યોગો માટેની અરજીઓનો સમાવેશ થાય છે. અગાઉની મુંબઇ રાજ્ય નાણાં કોર્પોરેશન પાસે નિકાલ વિના પડી રહેલી અરજીઓનો પણ આવી અરજીઓમાં સમાવેશ થયો છે. આવી ૧૧૭ અરજીઓમાંથી કુલ રૂા. ૧૦ લાખની રકમ માટેની ૨૮ અરજીઓ મંજૂર પણ કરી દેવામાં આવી છે. ૧૯ અરજીઓ નકારવામાં આવી છે. અને બાકીની અરજીઓ તપાસ હેઠળ છે. વિશેષમાં કોર્પોરેશન પાસે મોટા અને મધ્યમ ઉદ્યોગો પાસેથી દરેકને રૂા. ૧ લાખથી વિશેષ રકમની લોન જોઇએ એવી રૂા. ૮૭,૫ લાખની રકમ માટેની ૨૩ અરજીઓ આવી હતી. આમાંથી રૂા. ૨૩.૫ લાખની ૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૨ અરજીઓને નકારી કાઢવામાં આવી છે. બાકીની અરજીઓ તપાસ હેઠળ છે. આ ઉપરથી જોઇ શકાશે કે ટૂંકા ગાળામાં પણ કોર્પોરેશન સારી કામગીરી બજાવી શકયું છે."

ડૉ. મહેતાએ તેમના પ્રવચનના પ્રારંભમાં જણાવ્યું હતું કે "ભારત સ્વતંત્ર થયું ત્યારથી, દેશના ઝડપી ઔદ્યોગીકરણ ઉપર વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. બે પંચવર્ષીય યોજનાઓના સમય દરમિયાન ખેતીવાડી, સિંચાઇ, વીજળિક યોજનાઓ, ઉદ્યોગો અને શિક્ષણ તથા આરોગ્યના ક્ષેત્રે પણ સર્વદેશીય વિકાસ સાધવામાં આવ્યો છે. ઔદ્યોગિકરણ માટે નવાં સાધનો વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ થતાં જાય છે અને રાજ્યના વિવિધ ભાગોમાં તેના ઉપયોગ અને વધુ વિકાસ માટે સગવડો ઊભી કરાતી જાય છે. આ સંબંધે, રાજ્યમાં મળી શકતાં સાધનો અંગે હું થોડી વિગતો આપની સમક્ષ રજૂ કરવા ઇચ્છું છું. ખેતીવાડીના ક્ષેત્રમાં, રોકડીઆ પાક અંગે આ રાજ્ય, તેલીબિયાં, કપાસ અને તમાકુનું સારી રીતે ઉત્પાદન કરતાં રાજ્યોમાંનું એક છે. ચાલુ વર્ષના અંત સુધીમાં આ રાજ્ય લગભગ ૮ લાખ ટન તેલીબિયાં, ૧૧.૬૧ લાખ ગાંસડી કપાસ અને ૫૪,૦૦૦ ટન તમાકુ ઉત્પન્ન કરશે તેવી ધારણા રાખવામાં આવે છે. લાંબા તારના કપાસના વાવેતર માટે ભૂતકાળથી જે પ્રયત્ન હાથ ધરાતા આવ્યા હતા તેનું ફળ હવે મળવા લાગ્યું છે અને આ પ્રકારનો કપાસ પણ વધુ વિસ્તારમાં વાવવામાં આવે છે. સદ્‌ભાગ્યે આ રાજ્યમાં કેટલાક મહત્ત્વનાં ખનિજો છે. આમાં ઊંચા પ્રકારનો ચૂનો, બોકસાઇટ, ચિરોડી, મેંગેનિઝ કવાર્ટઝ અને વિવિધ પ્રકારની માટીના મોટા જથ્થાનો સમાવેશ થાય છે. વિશાળ અને અનુકૂળ સાગરકાંઠો તથા બીજા આનુષંગિક લાભો ધરાવવાને કારણે મીઠાના ઉત્પાદન સંબંધી રાજ્યની પરિસ્થિતિ પણ સાનુકૂળ છે. કોલસો અને લિગ્નાઇટ પણ અહીં મળી આવ્યાં છે. આર્થિક રીતે પરવડે તેટલા પ્રમાણમાં તેનો જથ્થો મળી શકે તેમ છે કે નહિ તે નક્કી કરવા માટે વધુ પ્રયાસ કરવાની જરૂર છે. તેલ અને ગેસ મળવાની શક્યતા અંગે તેલ અને કુદરતી ગેસ પંચે હાથ ધરેલી મોજણી સફળ નીવડી છે તે આનંદની વાત છે. ભારત સરકાર વ્યવસ્થા કરે તેવા માધ્યમ દ્વારા ટૂંકે સમયમાં જ આ સાધનોનો ઔદ્યોગિક હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવશે એવી હું અપેક્ષા રાખું છું. આ સાધનોનો ઔદ્યોગિક હેતુઓ માટે સંપૂર્ણપણે ઉપયોગ કરવામાં આવશે તેની મને ખાતરી છે."

તેમણે વધુમાં કહ્યું હતું કે "અગાઉના મુંબઇ રાજ્યમાં ઔદ્યોગીકરણ માટેની શક્યતાઓની યોગ્ય આંકણી કરવાનો અને તેની આખરી યોજના તૈયાર કરવાનો એક પ્રયત્ન કરવામાં આવ્યો હતો, અને ૧૯૬૦ના જાન્યુઆરીમાં આ હેતુ માટે એક "માસ્ટર પ્લાન" પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ગુજરાત માટે આથી વધુ પણ વિશાળ પાયા ઉપર વિગતવાર આંકણી રાજ્યના ઉદ્યોગખાતાએ શક્ય તેટલી ઝડપથી કરવાની રહેશે અને આ આંકણી કરતી વખતે આયોજનપંચે ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે વિવિધ બાબતો માટે નિયત કરેલા લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખવા પડશે."

ડૉ. જીવરાજ મહેતાએ એમ પણ જણાવ્યું હતું કે "બીજી એક બાબતમાં પણ સરકાર ઉદ્યોગોને મદદરૂપ થવા પ્રયાસ કરી

રહી છે. ૨૫,૦૦૦ થી વધુ વસતિવાળાં ગામોની સુધરાઇઓને તેમની હકુમતના વિસ્તારોમાં ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી નવાં ઉદ્યોગોનાં યંત્રસાધનો અને કાચા માલ પર ઓક્ટ્રોય નહિ લેવા સંબંધમાં તેમના અભિપ્રાયો મોકલી આપવાનું સરકારે જણાવ્યું છે. અને મને જણાવતાં આનંદ થાય છે કે તેમાંથી કેટલીક સુધરાઇઓએ આ સૂચનને આવકાર્યું છે, તથા બીજી સુધરાઇઓ તરફથી પણ એવો અનુકૂળ જવાબ મળવાની મને અપેક્ષા છે.”

તાલીમ અંગે

ઉદ્યોગોને જોઇતા તાલીમ પામેલા માણસોના અગત્યના તથા તાકીદના પ્રશ્ન પરત્વે રાજ્ય સજાગ છે એમ જણાવીને મુખ્ય પ્રધાને કહ્યું હતું કે “અગાઉના મુંબઇ રાજ્યે નીમેલી માનવશક્તિ–‘મેનપાવર સમિતિ’–ના અહેવાલ અનુસાર, ઇજનેરી ઉદ્યોગો, વ્યવસાયો, વગેરેની વિવિધ શાખાઓમાં જોઇતા તાલીમ પામેલા, ટેકનિકલ કર્મચારીઓ અને કુશળ તથા અર્ધ-કુશળ કારીગરો મળી શકે તે ઉદ્દેશથી જુદાં જુદાં સ્થળોએ તાલીમની જોગવાઇવાળી નવી ટેકનિકલ સંસ્થાઓ કે શાળાઓ શરૂ કરવાનો એક કાર્યક્રમ પણ સરકારે ઘડી કાઢયો છે.”

ગુજરાતની અનાજખાધના પ્રશ્નનો ઉલ્લેખ કરતાં ડૉ. મહેતાએ કહ્યું હતું કે “આ રાજ્ય અનાજની બાબતમાં બહુ અનુકૂળ પરિસ્થિતિ ધરાવતું નથી અને આવતાં વર્ષો દરમિયાન આ ખાધ બની શકે તેટલી ઘટાડવા માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર પડશે. આથી ત્રીજી પંચવર્ષીય યોજનાની દરખાસ્તો ઘડતી વખતે ખેતીવાડીનાં સાધનો વધારવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલું છે જ. તેમ છતાં આ રાજ્યમાં ઉદ્યોગોની સ્થાપના કરવા માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવાની જરૂરિયાતને ભૂલી જવામાં આવી નથી.”

મત્સ્યોદ્યોગ અંગે

ગુજરાત રાજ્યમાં પ્રજાના કેટલાક વર્ગોમાં મત્સ્યોદ્યોગની ખિલવણી કરવાની રાજ્યની યોજના સંબંધમાં બોલતાં તેમણે એવું સ્પષ્ટીકરણ કર્યું કે “સરકાર તો માત્ર સાગરકાંઠા પરના વિસ્તારોમાં જ આ ઉદ્યોગના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે.”

તેમણે જણાવ્યું હતું કે “જાહેર જનતાના કેટલાક વિભાગમાં હમણાં મત્સ્યોદ્યોગનો પ્રશ્ન ચિંતાનો વિષય બનેલ છે. આ ઉદ્યોગના વિકાસ સંબંધી પણ હું થોડા શબ્દો કહું તો તે અસ્થાને નહિ ગણાય. આ સંબંધમાં કેટલાક લોકોના મનમાં ઠીક ઠીક પ્રમાણમાં આશંકાઓ પ્રવર્તતી હોય એમ લાગે છે. સરકાર તો માત્ર સાગરકાંઠાવાળા વિસ્તારોમાં જ આ ઉદ્યોગના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. આ સંબંધી ખાસ કરીને રાજ્યના અંદરના ભાગના જળવિસ્તારોમાં તેનો વિકાસ કરાય તે સંબંધી લોકોની લાગણી હું સમજી શકું છું.” તેમણે ઉમેર્યું કે “આવી લાગણીને માન આપવાની નીતિ સરકાર અનુસરી રહી છે. આથી જ્યાં આ ઉદ્યોગ ચાલી રહ્યો છે ત્યાં જ મત્સ્યઉદ્યોગ ખાતું તેને વિકસાવી રહ્યું છે.”

નાના પાયાના અને કુટિર ઉદ્યોગોને આયાત કરેલી કાચી સામગ્રી મેળવવામાં સરકારે મદદ કર્યાનું જણાવીને મુખ્ય પ્રધાને કહ્યું હતું કે “રાજ્યમાં નવાં કારખાનાં સ્થાપવા ઇચ્છનારને ‘એસેન્શીયેલીટી સર્ટિફિકેટો’ પણ આપવામાં આવ્યા છે.”

તેમણે જણાવ્યું હતું કે “૧૩૫ અરજદારોની બાબતમાં કારખાનાની યંત્રસામગ્રી આયાત કરવાની ભલામણો કરાઇ હતી અને ૨૬૩ અરજદારોને કાચો માલ આયાત કરવા માટેનાં સર્ટિફિકેટો અપાયાં હતાં.”

ગ્રામ અને નાના ઉદ્યોગોના વિકાસ સંબંધી કાર્યક્રમને પહેલી અને બીજી યોજનાઓમાં અગત્યનું સ્થાન અપાયું હતું અને હવે ત્રીજી યોજનામાં પણ તેના પર એટલું જ ધ્યાન આપવામાં આવશે એમ જાહેર કરીને મુખ્ય પ્રધાને કહ્યું હતું કે “તે દ્વારા રોજગારી ઊભી કરી શકાય છે અને રાષ્ટ્રીય અર્થકારણનો પાયો વિશાળ અને વિકેન્દ્રિત કરી શકાય છે.”

ડૉ. જીવરાજ મહેતાએ વધુમાં કહ્યું હતું કે “નાના પાયાના ઉદ્યોગના વેચાણ માટે સરકારે હાથ ધરેલી એક અગત્યની યોજના ગુણવત્તાની છાપ મારવા અંગેની છે. વડોદરા ખાતેની ઔદ્યોગિક રસાયણ પ્રયોગશાળામાં આ યોજના ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.”

યંત્રસામગ્રી માટે

વધુમાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે “રાજ્ય સરકાર હપ્તાથી ખરીદી કરવાની હાયર પરચેઝ–યોજના હેઠળ યંત્રસામગ્રી મેળવવા માટે નાનાં કારખાનાંઓને મદદ કરી રહી છે અને આ યોજનાનો અમલ હાલ રાષ્ટ્રીય નાના ઉદ્યોગ–નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ–કોર્પોરેશન દ્વારા કરાઇ રહ્યો છે. આ યોજનાનો ઉદ્દેશ નાનાં ઔદ્યોગિક ઘટકોને સરળ હપ્તા ભરવાને ધોરણે યંત્રો અને સાધનસરંજામ મેળવવાની સગવડ પૂરી પાડવાનો છે. આ યોજના હેઠળ યંત્રો મેળવવા માટેની ૬૭ જેટલી અરજીઓ નવેમ્બરની આખર સુધીના છેલ્લા સાત માસમાં મળી છે, જેમાંથી ૪૯ અરજીઓ ઇજનેરી ઉદ્યોગ તરફથી, ચાર કાગળ, કાપડ અને રસાયણ ઉદ્યોગ તરફથી, બે પ્લાસ્ટિક ઉદ્યોગ તરફથી અને એકેક ચામડું કમાવવાના, વિદ્યુત, ઇજનેરી, ફાર્માસ્યુટિકલ અને પ્રકીર્ણ ઉદ્યોગો તરફથી મળી હતી.” આ બધી દરખાસ્તોમાં એકંદર મૂડીરોકાણ આશરે રૂા. ૮૮ લાખનું થતું હોવાનું તેમણે જણાવ્યું હતું. આશરે ૨૯ લાખની યંત્રસામગ્રી ખરીદ કરવી પડે એવી ૨૭ અરજીઓની દિલ્હી ખાતેની રાષ્ટ્રીય નાના ઉદ્યોગ કોર્પોરેશનને ભલામણ કરાઇ હોવાનું અને ૧૧ કેસો કાં તો અરજદારની વિનંતિથી અથવા તો માંગેલી યંત્રસામગ્રી નિયમો હેઠળ કોર્પોરેશનથી પૂરી પાડી શકાય તેમ ન હોવાથી પડતા મુકાયા હોવાનું તેમણે જાહેર કર્યું હતું.

ટેકનિકલ સહાય માટે

મધ્યસ્થ નાના ઉદ્યોગસંસ્થાની–સેન્ટ્રલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ઓર્ગેનીઝેશનની તંત્રવ્યવસ્થા મુજબ નાના ઉદ્યોગો ને વિસ્તરણ કેન્દ્રો શરૂ કરીને ઉત્પાદનની વિવિધ પ્રક્રિયાના અભ્યાસ વર્ગો ઇત્યાદિ દ્વારા ટેકનિકલ માર્ગદર્શનના વિષયોમાં મદદ આપવાના હેતુથી ૧૯૫૮ માં એક નાના ઉદ્યોગ સેવા સંસ્થા–સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ સર્વિસ ઇન્સ્ટીટ્યુટ–ની દરેક રાજ્યમાં સ્થાપના કરાઇ છે એમ જણાવીને મુખ્ય પ્રધાને કહ્યું હતું કે “આ સંસ્થાનું મથક ભૂતપૂર્વ મુંબઇ રાજ્ય માટે મુંબઇ ખાતે રાખવામાં આવ્યું હતું અને ગુજરાત રાજ્યની રચના થતાં ભારત સરકારે અમદાવાદ ખાતે આ અંગે એક જુદી સંસ્થા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ સંસ્થા માટે સગવડવાળી જગ્યા મળી ગઇ છે અને બધા ટેકનિકલ વિભાગોવાળી સંપૂર્ણ–સજ્જ સંસ્થા ટૂંક સમયમાં જ અહીં કામ કરતી થઇ જશે.” નાના ઉદ્યોગોને આ સંસ્થા પાસેથી જરૂરી ટેકનિકલ સહાય અને માર્ગદર્શન મળી રહેશે એવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

તેઓએ વધુમાં કહ્યું હતું કે “દેશમાં આવેલી ચાર નાના ઉદ્યોગ સેવાસંસ્થામાંથી એક સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની જરૂરિયાતોને પૂરી કરવા માટે ૧૯૫૬ ની સાલથી રાજકોટ ખાતે શરૂ કરવામાં આવી છે. રાજકોટની સંસ્થાના (૧) ચીનાઇ માટી અને કાચ વિભાગ; (૨) રસાયણ વિભાગ; (૩) ચર્મ અને રમતગમતનાં સાધનોનો વિભાગ; (૪) મિકેનિકલ અને ફાઉન્ડ્રી

વિભાગ; અને (૫) બિઝનેસ મેનેજમેન્ટ કાઉન્સિલ અને તાલીમ વિભાગ એમ પાંચ વિભાગો છે.

નાનાં એકમોને સેવાઓની સવલતો આપવા માટે તેમ જ આધુનિક યંત્રો ચલાવવા અંગે કામદારોને તાલીમ આપવા માટે નાના ઉદ્યોગ સેવાસંસ્થાઓ તરફથી રાજ્યમાં નીચે જણાવેલા વિસ્તરણ-કેન્દ્રોની રચના કરવામાં આવી હોવાનું શ્રી જીવરાજભાઈએ જણાવ્યું હતું :

૧. નડિયાદમાં મશીનશોપ, સુતારીકામ, ઘડવાનું કામ અને ભઠ્ઠીકામનું વિસ્તરણ કેન્દ્ર.

૨. સુરતમાં મશીનશોપ, મિકેનિકલ ટેસ્ટીંગ ફાઉન્ડ્રી અને રેતીની કસોટીનું વિસ્તરણ કેન્દ્ર.

૩. ભાવનગરમાં મશીનશોપ, ભઠ્ઠીકામ, ફાઉન્ડ્રી અને રેતીની કસોટીનું વિસ્તરણ કેન્દ્ર.

૪. સાવરકુંડલામાં ઘડવાનું-ફોર્જિંગ અને ભઠ્ઠીકામનું વિસ્તરણ કેન્દ્ર.

૫. જામનગરમાં વિદ્યુતથી ઢોળ ચઢાવવા (ઇલેકટ્રોપ્લેટિંગ)નું વિસ્તરણ કેન્દ્ર.

તેમણે કહ્યું હતું કે "જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ વ્યવસાયોનાં નાના એકમોને સગવડ આપવા માટે નાના ઉદ્યોગ સેવાસંસ્થા તરફથી યોગ્ય સમયે આવાં વધારાનાં કેન્દ્રો સ્થાપવામાં આવશે અને તેને માટે ઉદ્યોગ ખાતા તરફથી આ સંસ્થા પર જોઇતી દરખાસ્તો મોકલવામાં આવી છે."

ઔદ્યોગિક માહિતી-કેન્દ્ર

અંતમાં ડૉ. મહેતાએ કહ્યું હતું કે "ગુજરાતમાં નવા ઉદ્યોગો શરૂ કરવા માટે કેવો અવકાશ છે અને તે માટે શા શી સગવડો મળી શકે તેમ છે તે જાણવા નાના મોટા ઉદ્યોગપતિઓ તરફથી સરકારને ઘણી પૂછપરછ કરવામાં આવે છે. ઉદ્યોગોને સરકાર કેવી સહાય આપવા માગે છે અને એનો કેટલે અંશે અમલ કરવામાં આવ્યો છે તેની વિગતો મેં અહીં રજૂ કરી છે. આ ઉપરાંત, ઉદ્યોગપતિઓને અને ખાસ કરીને નાના ઉદ્યોગપતિઓને, તેમનો કાચો માલ, બળતણ, ઇત્યાદિની જરૂરિયાતો મેળવી આપવામાં મદદ કરવાની આવશ્યકતા છે. આથી અમદાવાદના વેપારી મહામંડળ સાથે ચર્ચા-વિચારણા કરીને તેમની કચેરીમાં એક ઉદ્યોગ માહિતી ઇન્ડસ્ટ્રીઅલ ઇન્ફર્મેશન સેન્ટર શરૂ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આથી ઉદ્યોગપતિઓ અને બીજાઓ આ કેન્દ્ર પાસેથી જરૂરી માહિતી કે મદદ મેળવી શકશે. આ અંગેનો સારો સરખો ખર્ચ રાજ્ય ઉપાડશે. મને આશા છે કે જોગવાઇ કરવામાં આવનાર આ સગવડનો ઉદ્યોગપતિઓ પૂરો લાભ લેશે."

ડૉ. જીવરાજે એમ પણ જણાવ્યું હતું કે "આ ઉપરાંત મધ્યસ્થ સરકારે જાહેર અને ખાનગી એમ બંને વિભાગોમાં વ્યવસ્થાકાર્યના ઉચ્ચ કક્ષાના કર્મચારીઓને તાલીમ આપવા માટે બે મધ્યસ્થ વ્યવસ્થાકાર્ય 'સેન્ટ્રલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ'ની સ્થાપના કરવાની યોજના કરી છે. આમાંનું એક ઇન્સ્ટીટ્યુટ કલકત્તામાં અને બીજું અમદાવાદમાં સ્થપાશે એમ જણાય છે."

ડૉ. જીવરાજ મહેતા

વૃદ્ધાવસ્થાનું એક વિશ્લેષણ

"વૃદ્ધ પુરુષોની સલાહ શિયાળાના સૂર્ય જેવી હોય છે; તે પ્રકાશ આપે છે પણ ગરમી આપતી નથી" આ વાક્યમાં ઘણું સત્ય રહેલું છે. ઘડપણ સારી સલાહ આપી શકે છે; કારણકે તેની પાસે અનુભવ અને શાણપણ હોય છે. પણ એ શાણપણ એ લોકોનું હોય છે જેમનામાં ઊર્મિઓની ઉષ્ણતા પહેલાં જેવી આજે હવે રહી નથી.

જ્યારે કોઇ પણ બાબત અંગે ઉત્કટ બનવાનું ઔચિત્ય અનુભવવાનું બળ ખલાસ થઇ ગયું હોય છે ત્યારે પોતાની જાત ઉપર સંયમ મૂકવાનું કોઇ પણ વ્યક્તિ માટે બહુ સહેલું બને છે. વૃદ્ધ પુરુષોની ફિલસુફી જુવાનીયાઓ સ્વીકારે એવી આશા કોઇએ કદી રાખવી નહિ. તેમનું લોહી ગરમ હોય છે; તેમની આશાઓ તરવરાટથી ભરેલી હોય છે. જે જેમ હોય તે તે પ્રકારે સ્વીકારી લેવાની વૃત્તિ તેમનામાં શી રીતે સંભવે?

અને વળી, એક જાણીતા નીતિશાસ્ત્રકારે કહ્યું હતું તેમ આ યુવાનો એમ પણ જવાબ આપી શકે છે કે "ઘરડાઓ સારી સલાહ આપી શકે છે, કારણ કે તેઓ ખોટો દાખલો બેસાડવાનું સાહસ કરી શકતા નથી." એ તો ખૂબ જ સાચું છે કે ઘણા ઘરડા માણસો પોતાના ભૂતકાળના એ સમયને ઝંખતા જ હોય છે કે જ્યારે તેઓ પ્રેમ કરવાની, મહત્વાકાંક્ષાઓ ચિંતવવાની અને મોટી આશાઓ સેવવાની તાકાત ધરાવતા હતા. તો પછી જે આજે પોતામાં નહિ હોવાના કારણે ખિન્નતા અનુભવે છે તે અન્યમાં હોય તે કારણે તેમને આ વૃદ્ધોએ દોષિત શા માટે લેખવા જોઇએ? ઘરડા માણસોએ નમ્ર ભાવે સમજી લેવું ઘટે કે તેમની ઘણીખરી સલાહ અસરકારક હોતી નથી, કામચાઉ નીવડતી નથી, અને દરેક માનવી પોતાની રીતે રહેવા જીવવાનો પૂરો હક ધરાવે છે. દરેક પેઢીએ પોતાનો આગવો અનુભવ પ્રાપ્ત કરવો જ રહ્યો. કુદરતનો આ કાનૂન છે. આમ છતાં પણ જો માનવજાતે ધીમે ધીમે સંગ્રહેલા સૈકાઓભરના ડહાપણની-શાણપણની તદ્દન ઉપેક્ષા કરવામાં આવશે તો એ ભારે દયાજનક લેખાશે. ખરી રીતે તો ઘણીખરી સભ્યતાઓએ આની આવશ્યકતાનો સ્વીકાર કર્યો જ છે. વયોવૃદ્ધ રાજકારણી પુરુષોએ, પુરાણ કાળમાં બન્યું છે તેમ, વર્તમાન કાળના રાજકીય જીવનમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. નેસ્ટરને ગ્રીક સૈનિકો બહુ આદરથી સાંભળતા હતા. દેશના વૃદ્ધોને કોઇ મોટા અધિકારો પ્રાપ્ત કરવાની જરા પણ સત્તા-લાલસા નથી અને માત્ર કર્તવ્યબુદ્ધિને વશ થઇને જ આવી જવાબદારીઓ તેઓ સ્વીકારે તેમ છે એમ જ્યારે માલુમ પડે છે ત્યારે તેમને મોટી મોટી જવાબદારીઓ સ્વીકારવાનું બહુ રાજીખુશીથી કહેવામાં આવે છે. શાણા વૃદ્ધ પુરુષો પછીની પેઢીને વિઘ્નરૂપ બનવા માટે નહિ પણ મદદરૂપ બનવા માટે પોતાની જાતને જનતાની સેવામાં ધરતા હોય છે. તેઓ ત્યારે જ રાજ્યનો ભાર ઉપાડવા તૈયાર થાય છે કે જ્યારે આ ભાર અન્ય કોઇ ઉપાડી શકે તેમ નથી એમ તેમને માલુમ પડે છે.

કમનસીબે બધા વૃદ્ધ પુરુષો આપણે ધારીએ છીએ તેવા શાણા હોતા નથી. આપણે એવા કંજુસ માતપિતા જાણ્યા છે જેઓ પોતે બીલકુલ માણી ન શકે એવા ભોગવિલાસને વળગી રહ્યા હોય છે. આપણે એવા વૃદ્ધ રાજપુરુષોને જોયા છે કે જેમણે ઇર્ષ્યા અને મત્સર વડે પોતાના અન્તિમ દિવસોને વિષમય બનાવેલા હોય છે. ખરો શાણો માણસ એ છે કે જે જીવનના ઉત્તમ વર્ષો પોતાના અંગત કે રાજ્યના વ્યવસાયને અર્પણ કર્યા બાદ અવશેષ જીવન નૈસર્ગિક અને સાંસ્કૃતિક આનંદો માણવા પાછળ વ્યતીત કરવા ઇચ્છે છે.

વૃદ્ધાવસ્થામાં આધ્યાત્મિક જીવનનો વિકાસ થવો ઘટે છે. માનવીજીવનમાં પ્રેમના ઝુલે ઝુલવા માટે સમય હોય છે; મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા માટે સમય હોય છે; અને એકાન્ત અને શાન્તિ માણવા માટે સમય હોય છે. પચ્ચાસ વર્ષની ઉમ્મરે માનવી એક શ્યામલ રેખાને ઓળંગે છે. તેને લાગે છે કે તેનામાં હજુ પણ એની એ જ તાકાત છે, એમ છતાં પણ, જે તે પહેલાં હતો તે હવે નથી. વૃદ્ધાવસ્થાનો પ્રથમ સ્પર્શ જરા દુઃખદ હોય છે. વીસ વર્ષ બાદ, જો તે ઇચ્છે તો, ઉલટું તે એક પ્રકાશરેખાને ઓળંગે છે. એ વીસ વર્ષ દરમિયાન તેનું જે સ્થાન હતું તે સ્થાન ઉપર નવી પેઢીને આરૂઢ થતી તે કાંઇક અસહાયભાવે જોતો રહ્યો હોય છે. જે દિવસો હવે પોતાના નથી રહ્યા તે તરફ, એક તટસ્થ દૃષ્ટા માફક, મીઠી નજર કરતા રહેવાનું સુખ-આનંદ તે માણી શકે છે. તેની શાન્ત અને સ્વસ્થ મુદ્રા, તેની આંખોમાં ચમકતું સ્મિત તેનામાં સ્થિર થયેલા સમભાવને પ્રગટ કરે છે. જેમણે યોગ્ય વિકાસ સાધ્યો છે તેમના માટે સરસ વૃદ્ધાવસ્થા કોઇ એક નક્કર સુખદ વસ્તુ છે.

મૂળ અંગ્રેજી : આન્દ્રે મોરોઆ

અનુવાદક : પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા.

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨: અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧૬, ૧૯૬૧, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી નાનાભાઈ ભટ્ટ સન્માન-સમારંભ

૨,૦૮,૦૦૦ની થેલીનું સમર્પણ

તા૦ ૬-૧-૬૧ શુક્રવારના રોજ સવારે દશ વાગ્યે સણોસરામાં આવેલી લોકભારતી સંસ્થામાં પૂજ્ય રવિશંકર મહારાજશ્રીના પ્રમુખસ્થાને શ્રી નાનાભાઈ ભટ્ટ સન્માન-સમારંભ યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે ગુજરાતના અગ્રણી નેતા શ્રી મોરારજી દેસાઇ, ડૉ. જીવરાજ મહેતા, શ્રી મનુભાઇ શાહ, શ્રી જયસુખલાલ હાથી, શ્રી રસિકલાલ પરીખ, શ્રી રતુભાઇ અદાણી, શ્રી અકબરઅલી જસદણવાળા, શ્રી ઢેબરભાઇ, શ્રી બળવંત રાય મહેતા, રાજસ્થાનના મુખ્ય પ્રધાન શ્રી. મોહનલાલ સુખડિયા ઉપરાંત જાણીતા કાર્યકરો શ્રી મણિબહેન પટેલ, શ્રી ઇન્દુમતી બહેન શેઠ, શ્રી ખંડુભાઇ દેસાઇ, ડૉ. ચંદુલાલ દેસાઇ, સર્વોદય કાર્યકરો શ્રી જુગતરામભાઇ, શ્રી બબલભાઇ મહેતા, વલ્લભવિદ્યાનગરના ઉપકુલપતિ શ્રી બાબુભાઇ પટેલ, જાણીતા લેખકો શ્રી ઉમાશંકર જોષી, શ્રી સ્નેહરશ્મિ, શ્રી પીતાંબર પટેલ અને બીજાં ઘણા કેળવણીકારો અને શ્રી નાનાભાઇ ભટ્ટના જૂના નવા વિદ્યાર્થીઓ ઉપરાંત તેમના અનેક પ્રશંસકો લગભગ ૧૦૦૦-૧૨૦૦ની સંખ્યામાં હાજર રહ્યા હતા.

સંદેશા-વાંચન અને નિવેદન

સમારંભનો પ્રારંભ શાન્તિપાઠ અને પરમેશ્વરસ્તુતિથી થયો હતો. પછી **શ્રી હિંમતલાલ ઝીરાએ** સંદેશાવાંચન કર્યું હતું. ત્યારબાદ **શ્રીમતી જયાબેન શાહે** નિવેદન કરતાં જણાવ્યું હતું કે "મુ. નાનાભાઇને એંસી વર્ષ થાય છે એ નમિત્તે તેમના વિદ્યાર્થીઓને એમ લાગ્યા કરતું હતું કે નાનાભાઇની સેવાઓની અર્ધશતાબ્દિની કદર કરવી જોઇએ. નાનાભાઇએ ગુજરાતમાં કેળવણીના ક્ષેત્રે જે પ્રદાન કર્યું છે અને જે નવી કેડી પાડી છે અને ગુજરાતને નયી તાલીમની ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતી જેવી સંસ્થા આપી છે તેનું તર્પણ કરવાનું કેટલાકે વિચાર્યું અને એમાંથી તેમને થેલી આપવાનું નક્કી થયું. આ થેલીમાં ચાર આનાથી માંડી દશ હજાર જેટલી મોટી રકમો મળી છે."

પ્રાસંગિક વિવેચનો

આ પછી સંસ્થાના એક ટ્રસ્ટી ભારતના નાણાપ્રધાન **શ્રી. મોરારજી દેસાઇએ** નાનાભાઇની લોકસેવાને બીરદાવી હતી અને જ્ઞાન-ઉપાસનાનું ગૌરવ કર્યું હતું. જૂનાં સ્મરણો તાજાં કરીને શ્રી મોરારજીભાઇએ જણાવ્યું હતું કે " શ્રી નાનાભાઇ બ્રાહ્મણ ધર્મ પાળતા આવ્યા છે. તેમણે ગુજરાતને શિક્ષણની નવી દૃષ્ટિ આપી છે. તેમણે કેળવણીના કાર્યદ્વારા ગુજરાતને સમૃધ્ધ કર્યું છે. તેનું ઋણ અદા કરવાનો આ પ્રસંગ છે."

આ પછી **શ્રી ઢેબરભાઇએ** નાનાભાઇની જીવનસાધનાને હૃદયની ભાવાંજલિ આપતાં જણાવ્યું હતું કે "નાનાભાઇએ ખુલાશ ગયેલું કેળવણીનું સાચું ચિત્ર રજુ કર્યું છે. નાનાભાઇને આધ્યાત્મિક નિષ્ઠામાંથી કેળવણીની નવી દૃષ્ટિ સાંપડી છે, તેમના પર શ્રીમન્નથુરામ શર્માનો પ્રભાવ હતો, આ જીવનધર્મની દૃષ્ટિને તેમણે શિક્ષણમાં કાર્યપરિણત કરી છે. નાનાભાઇ એકલા કેળવણીકાર બની રહ્યા નથી, પણ તેમણે મહાભારત અને રામાયણનાં પાત્રોનું સર્જન કરીને અને ગામડામાં લોકભાગવતનું પારાયણ કરીને લોકશિક્ષણનું વ્યાપક કાર્ય કર્યું છે, આવી તેમની અનેકવિધ સેવાઓની કદર કરવાના હેતુથી આ સમારંભ યોજવામાં આવ્યો છે."

ત્યાર બાદ **શ્રી બળવંતરાય મહેતાએ**, રાજસ્થાનના મુખ્ય પ્રધાન **શ્રી મોહનલાલ સુખડિયાએ** તથા **ડા. જીવરાજ મહેતાએ** પોતપોતાની રીતે શ્રી નાનાભાઇને ભાવભરી અંજલિ આપી હતી.

જાણીતા કવિ શ્રી ઉમાશંકર જોષીએ જણાવ્યું હતું કે "નાનાભાઇની અર્ધશતાબ્દિ શિક્ષણસાધનાની એક ભવ્ય ગાથા છે. તેઓ આજીવન શિક્ષક છે. જેલમાં, ગામમાં અને શહેરમાં-જ્યાં તેઓ ગયા અને રહ્યા ત્યાં-તેઓ એક શિક્ષકનું જ કામ કરતા રહ્યા છે. શિક્ષકનું કાર્ય બાળકને વિશ્વકુટુંબના એક સુગ્રથિત માનવી બનાવવાનું કાર્ય છે. પંખી જેમ ઇંડાં સેવે છે તેમ શિક્ષકે હુંફ આપીને વિદ્યાર્થીને તૈયાર કરવાનો છે. આ ક્રીમીઓ નાનાભાઇએ સફળ રીતે અજમાવી દેખાડયો છે. એવા સાચા શિક્ષકો માટે એનું સ્મરણ કરવાનો આ સમારંભ છે. દક્ષિણામૂર્તિએ ગુજરાતને કવિઓ, ચિત્રકારો, કલાકારો આપ્યા છે અને તે સાથે કિશોરોના પ્રશ્નો પણ ઉકેલ્યા છે. આગળ ચાલતાં નાનાભાઇએ 'લોકભારતી'નું સર્જન કર્યું છે. આ મહાન કાર્યમાં તેમને સાચા સાથીઓ મળ્યા છે અને તેમનું કામ શોભી ઉઠયું છે. આ રીતે ગામડામાં બેસીને તેમણે કેળવણીનો એક ભવ્ય પ્રયોગ શરૂ કર્યો છે. તેમના સમગ્ર કાર્યમાં ધર્મસાધનાનું આપણને અદ્‌ભુત દર્શન થાય છે."

જાણીતા લોકસેવક **શ્રી જુગતરામભાઇએ** જણાવ્યું કે "નાનાભાઇ પ્રાચીન સંસ્કારોને જીવતા કરવાનું કાર્ય કરી રહ્યા છે. તેઓ પોતાની જાતને એક મહેતાજી તરીકે ઓળખાવે છે. તેમના જીવનમાં 'લોક' શબ્દ વણાઇ ગયો છે. એ 'લોક'ના ઢાંચામાં કેળવણીને છાપવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યા છે."

આ પછી **શ્રી ગોકુળભાઇ દોલતરામ ભટ્ટે**, અને જૂના વિદ્યાર્થીઓમાંથી **શ્રી વજુભાઇ દવેએ** તથા **ભાંગરોળવાળા શ્રી વીરમુતભાઇએ** નાનાભાઇને ભાવભરી અંજલિ આપતાં પ્રસંગોચિત બે શબ્દો કહ્યા હતા.

અન્તમાં આ નિમિત્તે એકઠા કરવામાં આવેલ રૂા. ૨,૦૮,૦૦૦નો ચેક એક થેલીમાં મૂકીને શ્રી નાનાભાઇ ભટ્ટને અર્પણ કરતાં સમારંભના પ્રમુખ **પૂજ્ય રવિશંકર મહારાજે** બહુજ ટૂંકા પ્રવચન દ્વારા જણાવ્યું કે "શ્રી નાનાભાઇએ જીવનપર્યંત અધ્યયન અને અધ્યાપનકાર્ય કરીને વિદ્યાનો યજ્ઞ કર્યો

છે, અને લોકસેવા અર્થે જીવન જીવે એવા વિદ્યાર્થીઓ તૈયાર કર્યા છે. એ રીતે તેઓ એક સાચા ગુરુ છે, આવા સાચા સેવક અને વિદ્યાગુરુને તેમના કાર્ય માટે તેમના વિદ્યાર્થીઓ અને પ્રશંસકો તરફથી એકઠી કરવામાં આવેલી રકમની થેલી હું તેમને મારા હસ્તે ભકિતભાવથી અર્પણ કરું છું.

આ બહુમાનનો જવાબ આપતાં શ્રી નાનાભાઈ ગળગળા થઈ ગયા હતા અને તેમનો અવાજ ભરાઈ આવ્યો હતો. તેમના છાપેલા પ્રવચનનો ટૂંક ભાગ શ્રી. નાનાભાઈએ મંદ અને ભારે સ્વરે વાંચ્યો હતો. બાકીનું પ્રવચન શ્રી મનુભાઈ પંચોળીએ વાંચી સંભળાવ્યું હતું. પ્રસ્તુત પ્રવચન નીચે મુજબ છે:–

શ્રી નાનાભાઈ ભટ્ટનું આભાર–નિવેદન

વહાલાં વિદ્યાર્થી–ભાઈ–બહેનો, સ્નેહીજનો અને નિમંત્રિત સજ્જનો અને સન્નારીઓ,

આજે આ સમારંભ પ્રસંગે તમને સૌને મારા આંગણે આવકાર આપું છું. આટલાં બધાં વિદ્યાર્થી ભાઈ–બહેનોને અને શુભેચ્છક મિત્રોને ભેગાં થયેલાં જોઈને બે શબ્દો કહેવાની ઊર્મિ મારાં મનમાં થઈ આવે છે. પણ શું કરું? મને આ પ્રસંગે ભાગવતનો એક શ્લોક યાદ આવે છે.

योऽन्त प्रविश्य मम वाचमिमां प्रसुप्ताम्
संजीवयत्यखिलशक्तिधर स्वधाम्ना।
अन्याश्च हस्त चरणश्रवणत्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम्।

(અંતઃકરણમાં પ્રવેશ કરીને મારી સુતેલી વાણીને જે પોતાના તેજ વડે જાગ્રત કરે છે, તેમ જ હાથ–પગ વગેરે બીજી ઇન્દ્રિઓને જાગ્રત કરે છે, તે અંતર્યામીરૂપ પુરુષમૂર્તિ ભગવાનને હું નમસ્કાર કરું છું.)

ધ્રુવજીનું આ કથન આજે મને ખૂબ યાદ આવે છે. જે પુરુષો-તમે આજ સુધી–આટલાં વર્ષો સુધી દેશદેશાવર રખડવાની તાકાત આપી ને, મોટી મોટી સભાઓ સમક્ષ વ્યાખ્યાન આપવાની શકિત આપી એ પરમાત્માએ મારા પગને હુકમ કર્યો છે, "રુક જાવ" અને વાણીને પણ ખેંચી લીધી છે, એમ સમજીને હું તમારી સાથે સીધું બહુ નથી બોલી શકતો તે બદલ મને માફ કરશો.

તે છતાં મારા સાથીદાર મારફત થોડી વાતો તમારી પાસે સ્પષ્ટતાથી મારે મૂકી દેવી જોઈએ.

જે દિવસથી આ સમારંભનો વિચાર શરૂ થયો છે તે દિવસથી આજ સુધી મારા મનમાં એક પ્રકારની મૂંઝવણ રહ્યા કરી છે. "નાનાભાઈની સન્માન થેલી" એ વાતની ધડ જ મારા મનમાં બેસતી નથી. હું તો એક ગરીબ ભિક્ષુક બ્રાહ્મણનો દીકરો. એનાં વળી સન્માન શાં? મેં એવું તે શું કરી નાખ્યું છે કે તમે સૌ આ સન્માન કરવા માટે મહેનત ઉઠાવી રહ્યાં છો?

વહાલાં ભાઈબહેનો, તમે સૌ જાણો છો કે ભાવનગરમાં દક્ષિણામૂર્તિ ભવનની સ્થાપના વખતે મારું પ્રેરક બળ મહાત્મા શ્રીમન્નથુરામ શર્મા હતા. તે દિવસથી આજ સુધી મેં મારી જાતને દક્ષિણામૂર્તિ દેવની ઉપાસનામાં જ ગોઠવી છે. મારી ઉપાસનાનો ખરો મંત્ર તો નીચે પ્રમાણેનો છે જે તમે જાણો છો :–

चित्रं वटवरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवाः।
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः॥

એ શ્લોકનું હાર્દ તો એ છે કે જે ગુરુ ચિત્તથી હંમેશા જુવાન રહી શકે છે તે જ સાચો દક્ષિણામૂર્તિ દેવનો ઉપાસક છે. ખરી રીતે તો તમારું સન્માન મારે કરવું જોઈએ, કારણ કે તમારી પાસેથી જુવાન રહેવાના પાઠો હું શીખ્યો છું.

પૈસા કે બાહ્ય પ્રતિષ્ઠા શિક્ષકનું લક્ષ્ય નથી પણ વિદ્યાર્થીઓનાં દિલમાં વાસ એ શિક્ષકનું સૌથી મોટું સન્માન છે. થોડા વખત પહેલાં શિક્ષકના સન્માન માટે હિલચાલ ઉપડેલી ત્યારે મેં વાતવાતમાં કહેલું કે શિક્ષકની પ્રતિષ્ઠા શોધવા માટે ક્યાંય જવાની જરૂર નથી; તેની સાચી પ્રતિષ્ઠા તો તેના વિદ્યાર્થીઓનાં દિલમાં છે. સરકાર તેને ગમે તેટલો ગ્રેડ કે પગલાંબ આપે તેનાથી પ્રતિષ્ઠા વધતી નથી તેમ તેનાથી ઓછી પણ થતી નથી. તેથી આજના દિવસે હું ધન્યતા અનુભવું છું કે તમારા સૌનાં દિલમાં મારા માટે ભાવ છે. એ જ મારી મોટી કમાણી છે. એ જ કમાણીના જોરે હું આજ સુધી કામ કરી રહ્યો છું.

આ સન્માનમાં મને થેલી આપવાનો વિચાર વસ્તુતઃ મને ગમતો નહોતો એ વાત સાચી છે. પણ એ વિચારનો મેં પ્રત્યક્ષ વિરોધ કર્યો હોત તો મારા મનથી હું તેને Pride of virtue–સદ્‌ગુણનું અભિમાન માનત. સદ્‌ગુણનું પણ એક અભિમાન હોય છે. હું પોતે શ્રી મોરારજીભાઈ, શ્રી ઢેબરભાઈ, શ્રી જયાબહેન વગેરે મારા નિકટના મિત્રો કરતાં મારી જાતને વધારે સિદ્ધાંતવાદી માનું છું એમ સમજશો નહિ. એટલે શ્રી ઢેબરભાઈ વગેરે સૌએ ભેગાં મળીને **મને પ્રિય એવી શિક્ષણપ્રવૃત્તિના મૂર્તરૂપ સમી મારી એ સંસ્થાઓને વેગ આપવાના હેતુથી** સદ્‌બુધ્ધિપૂર્વક જે કાંઈ કર્યું તેને મેં વિનાસંકોચે સ્વીકાર્યું છે.

આ સન્માન થેલીમાં મારા વિદ્યાર્થીઓની સાથોસાથ મારા શુભેચ્છક મિત્રોમાં રાજકીય પક્ષના કાર્યકર્તાઓએ પણ રસ લીધો છે એ જાણીને ઘણાંને નવાઈ લાગશે, પણ ઘણાને એ જાણીને પણ નવાઈ થશે કે 'લોકભારતી સંસ્થાની સ્થાપનામાં જેટલો મારો હિસ્સો હતો તેટલો જ શ્રી ઢેબરભાઈનો, શ્રી મોરારજીભાઈનો અને તે વખતના સૌરાષ્ટ્ર રાજ્યના પ્રધાનમંડળનો હતો. જેમ ભાવનગર રાજ્યના સર પ્રભાશંકર પટ્ટણીનો સક્રિય ટેકો દક્ષિણામૂર્તિને ઉપયોગી નીવડ્યો તેથી પણ વિશેષ કહી શકાય કે આ બધા મિત્રોના સક્રિય ટેકા વિના લોકભારતી પણ ઊભી થઈ શકત નહીં. એટલે આ ભાઈઓએ લોકભારતીની સ્થાપનામાં કાંઈ નાનોસૂનો ભાગ નથી લીધો એ માટે સૌને સ્પષ્ટ કરવું જોઈએ. એ વાતનો પણ મારે જાહેર ઉલ્લેખ આ સ્થળે કરવો જોઈએ કે રાજકારણમાં ગળાબૂડ પડેલા આ બધા સ્નેહીઓએ પોતાના રાજકીય વિચારો કે માન્યતાઓનું વાહન આ સંસ્થા બને તેવું આડકતરું સૂચન પણ કદી કર્યું નથી. આજના રાજકારણીય યુગમાં આવી ઊંડી સમજ–અને સંયમ હોવાં તે કેવી દુર્લભ વસ્તુ છે તે તો તેના જાણકારો જ સમજી શકે. બીજા જે જે મિત્રોએ આજ સુધીમાં દક્ષિણામૂર્તિ તેમજ લોકભારતીની મારી પ્રવૃત્તિઓમાં મને સક્રિય સાથ આપ્યો છે ને જેમણે ખભેખભો અડાડીને મારી સાથે કામ કર્યું છે તેમનો હું આ પ્રસંગે આભાર માનું છું. બીજી રીતે પણ જે જે ભાઈબહેનો મને મદદરૂપ થયાં છે તેમનો પણ હું જાહેર આભાર માનું છું. આ સ્થળે મારે એક વિશિષ્ટ ઉલ્લેખ પણ કરવો જોઈએ અને તે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનો. લોકભારતીનો આરંભ કરવામાં એ સમિતિએ અને ખાસ કરીને શ્રી નારણદાસભાઈએ મને જે સાથ આપ્યો હતો તે હું કેમ ભૂલી શકું?

આ પ્રસંગે એક બે વધારે વાતો કહેવાનું મને મન થઈ આવે છે. આ થેલી તમે મને આપતાં નથી પણ લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિને કરવાના નઈ તાલીમના કામ માટે આપો છો. આપણા દેશમાં આજે અંધ પરંપરાથી જે કેળવણી ચાલી રહી છે તેને સ્થાને નઈ તાલીમને સ્થાપવી જોઈએ તેમાં મને બિલકુલ શંકા નથી. આ હું માત્ર નઈ તાલીમના જડ ભકત તરીકે નથી બોલતો પણ વિચારપૂર્વક

બોલું છું. જીવનનાં સાચાં મૂલ્યાંકનો જો આપણે વિદ્યાર્થીઓને ન આપીએ તો તેમને કેળવણી આપી ન કહેવાય એવી મારી દૃઢ માન્યતા છે. આપણી ચાલુ કેળવણીમાં જીવનનાં ખોટાં મૂલ્યોને જ આપણે આપીએ છીએ, અને વિદ્યાર્થીઓનાં જીવનમાં તે બધાં ઠસાવવાનો પૂરો પ્રયત્ન કરીએ છીએ. આપણી જૂની કેળવણી. ખરી રીતે બોલીએ તો, આજે બહારથી ગમે તેવી ભપકાદાર લાગે તો પણ તેનો પાયો સડેલો છે તેમ સમજુ લોકો જાણે છે. જેઓ સ્વતંત્ર વિચાર કરનારા છે એવા યુરોપ-અમેરિકાના વિચારકો પણ આ જ વાત જોરશોરથી જણાવે છે, પણ આપણા બહેરા કાન ઉપર તે પડતી નથી તે જ આપણું દુર્ભાગ્ય છે! ખરી રીતે કહું તો જે કેળવણીમાં આત્માની શોધને બિલકુલ સ્થાન નથી તે કેળવણી ગમે તેટલી ભપકાદાર લાગે તો પણ ખોટી છે. મકાનો અને મોટા પગારવાળા શિક્ષકો ખોટી કેળવણીને સાચી કરી શકતા નથી. પણ આજે તો આપણે કેળવણીને બનાવટ કરી મૂકી છે; તે એક જાતનો જાણે કે ધંધો ચાલે છે. આ વાત જો સમજીએ તો ઘણી ભયાનક જણાવી જોઈએ. આ વાત આપણા સમાજના સમજુ વર્ગને તેમ જ સરકારના સમજુ વર્ગને વહેલી સમજાય તો આપણાં સદ્‌ભાગ્ય. પૂ. બાપુએ આપણને જે અનેક ભેટો આપી છે તેમાં તેમણે પોતે નઈ તાલીમને સૌથી શ્રેષ્ઠ ભેટ ગણાવી છે. પણ એ મૂલ્યાંકન આપણને માન્ય નથી એમ દેખાય છે. નઈ તાલીમની આ ભેટનું સાચું મૂલ્યાંકન આપણો દેશ વહેલામાં વહેલો કરે અને નઈ તાલીમ તેના સાચા સ્વરૂપમાં દેશવ્યાપી બને એમ હું ઇચ્છું છું. એ વાત સાફ કહેવી જોઈએ કે માત્ર નઈ તાલીમનું પાટિયું લગાડવાથી જૂની તાલીમ નઈ તાલીમ બની શકતી નથી. જો શિક્ષકોના માનસમાં તેમજ લોકો અને સરકારના માનસમાં પરિવર્તન થાય તો જ જૂની તાલીમને સ્થાને નઈ તાલીમ આવે ને પાંગરે. આજે આપણાં નઈ તાલીમ માટેનાં ફાંફાં નકામાં જતાં લાગે છે, કારણ કે આપણી શ્રદ્ધા જ આપણે ગુમાવી બેઠા છીએ. આજના જગતનો સૌથી મોટો રોગ એ જ લાગે છે કે માનવીમાત્ર પોતાના આત્માને ગુમાવી બેઠો છે. આપણા ભારતવર્ષમાં આ જાતની આત્માનુલક્ષી કેળવણી આપણે વર્ષો સુધી જાળવી રાખી, પણ આજે આપણે તેને વેગળી મૂકી લાગે છે અને તે પુરાણી ગણાવા લાગી છે. હું ઇચ્છું છું કે યુગને અનુકૂળરૂપે પણ એ જ આત્માનુલક્ષી કેળવણીની પુનઃસ્થાપના થાય.

આપે આપેલી આ થેલી કોઇના પણ ઉપયોગ માટે નહીં પણ લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિના ઉદ્દેશ અને કાર્યને સિદ્ધ કરવા માટે અને વેગ આપવા માટે વપરાવાની છે તે કહેવાની જરૂર ન હોય. હું ઇચ્છું છું કે આ થેલી મળ્યા પછી અમે વધારે સંયમી બનીએ ને અમારામાં વધારે કરકસર આવે તો જ થેલી શોભશે. પણ જો તેને જોરે અમે ઉડાઉ થઇ જઇશું તો અમે નઈ તાલીમને ઐબ્ લગાડશું. ઇશ્વર પાસે આ થેલીનો સદુપયોગ કરવાનું બળ સંસ્થા માટે માગું છું.

વહાલાં ભાઇ બહેનો, આ પ્રસંગે આટલું કહેવાની તમે મને રજા આપી તે માટે તમારો સૌનો આભાર માનું છું. હવે પછી મારા મનમાં નથી લોકભારતી કે નથી ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા પણ એક દક્ષિણામૂર્તિદેવને જોવા હું તલસી રહ્યો છું. આ પ્રસંગે નીચેનો શ્લોક તમને સંભળાવું છું:

अजातपक्षा इव मातरं खगाः
स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः।
प्रियं प्रियेव व्युषितं विषण्णा
मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम्॥

(પાંખ ફૂટ્યા વિનાનાં પક્ષીનાં બચ્ચાંઓ જેમ પોતાની માની વાટ જુએ છે, જેમ ભૂખ્યાં વાછરુ માતાના દૂધ માટે આતુર બને છે, અને જેમ પોતાના બહાર ગયેલા પતિની પત્ની ઉત્કંઠાથી રાહ જોઇ રહે છે, તેમ હે કમલનયન, મારું મન આપના દર્શન માટે અતિ ઉત્સુક બન્યું છે.)

દક્ષિણામૂર્તિદેવને સાક્ષાત્ અનુભવવા માટે હું તલસી રહ્યો છું. આજે પથારીમાં પડયાં પડયાં પણ એ જ એક જ વાત મારા મનમાં આવ્યા કરે છે. તમારા સૌના આશીર્વાદથી દક્ષિણામૂર્તિદેવને હું સાક્ષાત અનુભવી શકું એટલું જ માગું છું! દક્ષિણામૂર્તિદેવ સહુનું કલ્યાણ કરો!

લોકભારતી, સણોસરા — નાનાભાઇ
તા૦ ૬-૧-૧૯૬૧

ત્યાર બાદ શ્રી. વજુભાઇ શાહે ઉપસ્થિત મહાનુભાવોનો આભારવિધિ કર્યો હતો, અને એ રીતે સન્માનસમારંભનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

દાતા થાય, ન યે થાય, એક લાખો મનુષ્યમાં

૨ પૂર્વરંગ (ક)

મારા પરમમિત્ર શ્રી વીરચંદ પાનાચંદ શાહનું ચરિત્ર એના સુપુત્રો વિનોદભાઇ તથા પ્રમોદભાઇએ શ્રી જગન્નાથ દેસાઇ પાસે લખાવીને બહાર પાડયું છે તે યોગ્ય છે, કેમ કે કોકે કહ્યું છે ને, કે

'જનની જણ તો ભક્ત જણ, કાં દાતા, કાં શૂર.'

આમ વીરચંદભાઇ દેશભક્ત હતા, દાતા હતા ને શૂરવીર પણ હતા.

વીરચંદભાઇ, પિતા પાનાચંદભાઇ તથા માતા કેસરબાઇને ઘેર સૌરાષ્ટ્રમાં ચીતળ પાસે આવેલા સમઢિયાળા ગામમાં સંવત ૧૯૪૪ના વૈશાખ સુદિ પડવા (મે ૧૧, ૧૮૮૮)ને દિને જન્મ્યા હતા.

માતાપિતા બેય સ્વભાવે ઉદાર હતાં, એટલે છપ્પનિયામાં ગામમાં ફરીને ભૂખ્યાંતરસ્યાંની સંભાળ લેતાં. કેસરબાઇને આંગણેથી કોઇ ભૂખ્યું પાછું ન જાય. હરિજનવાસમાં પણ કોઇની આંખ આવી હોય તો કેસરબાઇ ભરણ ભરી દેતાં અને ટચકિયું થયું હોય તો રગ કરી દેતાં.

વીરચંદભાઇ નાના હતા ત્યારે ગામમાં બન્નાણિયો આવ્યો હતો. ખેલ પૂરો કર્યા પછી એ કહે, 'જાઓ, છોકરાંઓ ઘરે, ને મારા સારુ અનાજ લઇ આવો. જે નહિ લઇ આવે તેની મા મરશે.' વીરચંદભાઇ ઘેર આવ્યા અને બાને તેડી જઇને બન્નાણિયાને દાણા અપાવ્યા.

એક વાર એવું બન્યું કે વીરચંદભાઇના એક ભાઇબંધે ઘરમાંથી ત્રણ રૂપિયા ચોરીને એને સાચવવા આપ્યા. તે વીરચંદભાઇએ પટારા નીચે સંતાડ્યા. ભાઇબંધનો બાપ કેસરબાઇ આગળ આવ્યો, અને બાએ વીરચંદભાઇને પૂછ્યું, એટલે એણે રૂપિયા કાઢી આપ્યા. પછી બાએ એને કહ્યું, 'આમ ચોરીને આણેલી વસ્તુ આપણે રાખીએ તે ચોરી જ કહેવાય, એટલે હવે પછી એવું ન કરવું, અને આજ તું બોલી ગયો એમ સાચું જ બોલજે.'

વીરચંદભાઇએ સાત ગુજરાતી ચોપડી સમઢિયાળામાં પૂરી કરી, ને પછી ત્રણ વર્ષ પિતાને હાટે બેઠા. પણ આટકોટમાં દયારામ નામે બ્રાહ્મણે અંગ્રેજી નિશાળ કાઢી છે એમ સાંભળ્યું એટલે આટકોટ જઇને અંગ્રેજી શીખવા મંડ્યા. પછી પોતે રાજકોટ ભણવા આવ્યા ને ત્યાં હાઇસ્કૂલમાં છઠ્ઠી અંગ્રેજીમાં શ્રી હરગોવિન્દ મોતીચંદ દોશીના વર્ગમાં ૧૯૦૭માં દાખલ થયા.

હું પણ તે વર્ષે તે જ વર્ગમાં દાખલ થયો. પણ તત્કાલીન રાજકોટનો ઇતિહાસ આપું તે પહેલાં મારા નાનપણનો વૃત્તાન્ત આપવા આવશ્યક છે.

૨. પૂર્વરંગ (૫) ૧૯૦૫

જેમ હસ્તિનાપુર-ઇન્દ્રપ્રસ્થ(દિલ્લી)ને લગતું ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર છે તેમ મોક્ષદાયિકા પુરી દ્વારાવતી (દ્વારકા)ને લગતું ધર્મક્ષેત્ર પ્રભાસક્ષેત્ર છે. એની ચતુઃસીમાનો શ્લોક નીચે પ્રમાણે છે:

પૂર્વે તપ્તોદકસ્વામી પશ્ચિમે માધવઃ સ્મૃતઃ ।
ઉત્તરે સૂર્યપુત્રી ચ દક્ષિણે સરિતાંપતિઃ ॥

[પૂર્વે તુલસીશ્યામ, પશ્ચિમે માધવરાય, ઉત્તરે સૂર્યપુત્રી એટલે ભદ્રા-ભાદર નદી ને દક્ષિણે સમુદ્ર.]

આ પ્રભાસક્ષેત્રને ઉત્તરસીમાડે ભાદરનદીને કાંઠે આવેલા 'સૌરાષ્ટ્રની રસધાર'-પ્રસિદ્ધ જેતપુર ગામમાં સં. ૧૯૪૬ના માર્ગશીર્ષ શુદ્ધ ૧૫ ને રવિવાર (ડિસેમ્બર ૪, ૧૮૯૨) ને દિવસે મારો જન્મ.

સંસ્કૃતમાં એક સુભાષિત છે, કે

તે ધન્યાઃ તે મહાત્માનઃ તેષાં લોકે સ્થિતં યશઃ ।
યૈઃ નિબદ્ધાનિ કાવ્યાનિ યે વા કાવ્યેષુ કીર્તિતાઃ ॥

'ધન્ય તે, મહાત્મા તે, અને તેનો જશ પૃથ્વી ઉપર ચિરસ્થાયી થાય, જેણે કાં તો કાવ્ય રચ્યાં હોય અથવા જેનું કવિઓએ કાવ્યમાં કીર્તન કર્યું હોય.'

આમ મારા દાદા હેમચંદભાઇના પ્રપિતામહ નાનજી દેસાઇને વિષે એક દુહો કહે છે, કે

કરમી નાન કંડારણે, ખોખરીએ હંસરાજ।
ધ્રાફે દીઠો ધરમસી, માયાધર મેધરાજ॥

એકવાર દુકાળ પડ્યો હશે તેમાં ચાર જણે અન્નદાન કર્યું હશે એનાં નામઠામ આ દુહામાં નોંધ્યાં છે. તે ઉપરાંત નાનજી દેસાઇ વિષે રચાયેલી કવિતાની એક પંક્તિ આમ છે:

રોટરા(રોટલાના) કોટ કરી લડે નાનો.

અને હેમચંદભાઇ પોતે દુકાળમાં ખભે ભંભલી રાખીને પાણી પાતા એમ મારા પિતા કહેતા.

હું સાતમે વર્ષે ભણવા બેઠો તે દિવસ મને સાંભરે છે, કેમ કે તે દિવસે મારે ઓઢવાની સોનેરી ભરત ને ઝુમકાવાળી ટોપી મારા બાપુ [પિતાના મોટા ભાઇ] જીવરાજભાઇને ઘેરથી લઈ આવ્યા હતા.

પાંચમી અંગ્રેજી લગી હું જેતપુરમાં ભણ્યો. તેમાં બીજી ચોપડીમાં મારા પરમઉપકારી મિત્ર હિમ્મતલાલ રામચંદ્ર દ્વિવેદી (પછીથી સ્વામી આનન્દ) મારા ભેગા ભણતા. ચોથી અંગ્રેજીમાં અમારે મેકોલેકૃત હોરેશિઅસ આ કાવ્ય શીખવાનું હતું. તેની આ બે કડી એક પારિતોષિકવિતરણના સમારંભમાં મારે બોલવાની આવી હતી:

'To every man upon this earth
Death cometh soon or late:
And how can man die better
Than facing fearful odds
For the ashes of his father
And the temples of his Gods;
And for the tender mother
Who dandled him to rest,
And for the wife who nurses
His baby at her breast,
And for the holy maidens
Who feed the eternal flame,
To save them from false Sextus
That wrought the deed of shame?'

૧૯૦૪માં એવું બન્યું કે કલકત્તાના એક કવિરાજ (વૈદ્ય) જે મગાવે તેને ડાયરી મફત મોકલતા. એટલે ૧૯૦૫ની ડાયરી મેં મગાવી ને લખી. તેમાં મેં ને બીજા બેપાંચ જણે કેટલામો નંબર પૂરાવ્યો, ને અમે રમત કઈ રમ્યા તે હું રોજ લખતો. આ ઉપરાંત લખેલી બીજી વાતોમાં કાંઇ વિશિષ્ટતા છે એવું કાંઇ નથી, પણ આજથી ૫૫ વર્ષ પહેલાંનું વાતાવરણ સૌરાષ્ટ્રમાં કેવું હતું તે બતાવવા સારુ તેમાંથી કેટલીક નીચે ઉતારી છે:

૧૬-૨-૧૯૦૫. અમારી ગાય (ગોરિયાં)ને વાછડો અવતર્યો; એનું નામ લીલડો પાડ્યું. [આ ગાય આપધાવ હતી. પહેલાં એને વાછડી આવી હતી, એનું નામ પોપટી હતું.]

૭-૩-૧૯૦૫. 'હોરેશિઅસ' વેચાતી લીધી. [ચોપડી વેચાતી લેવી તે નવાઇની વાત હતી. મોટે ભાગે મોટા ભાઇઓ ને ઓળખીતાપાળખીતા જે ચોપડી ભણ્યા હોય તે જ અમે પણ ભણતા.]

૧૮-૪-૧૯૦૫. અમારા પાડોશી તાજભાઇ વોરા ગુજરી ગયા. એ ભલા માણસ હતા. [અમારું ઘર વોરાવાડમાં હતું.]

૧૦-૫-૧૯૦૫. ખડિયો પડીને તૂટી ગયો.

૧૩-૫-૧૯૦૫. વેકેશન. જૈનશાળાએ ગયો. ૫૦ દાખલા ગણ્યા; અંગ્રેજી શબ્દોના અર્થ [અંબાલાલ સાકરલાલ દેસાઇના કોશમાંથી] કાઢ્યા.

૧૬-૫-૧૯૦૫. સામાયિકનો ચોથો પાઠ કર્યો.

૨-૬-૧૯૦૫. મોરેતું સરકસ જોયું.

૩-૬-૧૯૦૫. જૈનશાળાના છોકરાઓને પેંડાગાંઠિયાનું જમણ.

૧૦-૬-૧૯૦૫. વાજસુરવાળા દરબારના કુંવર નાનભાઇ ગુજરી ગયા.

૧૮-૬-૧૯૦૫. "દયા" પાળી (એટલે એક ઠેકાણે બેસીને સામાયિક કરી].

૨૬-૬-૧૯૦૫. જીવરાજભાઇનો દેહાન્ત.

૩૦-૬-૧૯૦૫. સુંવાળું.

૩-૭-૧૯૦૫. તાવડા બેસાડ્યા.

૬-૭-૧૯૦૫. નવનાત [જીવરાજભાઇની ઉત્તરક્રિયાને અંગે].

૧૬-૭-૧૯૦૫. છોકરીઓનું જાગરણ.

૨૩-૮-૧૯૦૫ કર્જને રાજીનામું આપ્યું; એને ઠેકાણે મિટો આવ્યો.

૨૪-૮-૧૯૦૫. શરીફશેઠના ગુલામહઠના વિવાહની મહેફિલ.

૨૬-૮-૧૯૦૫. પારિતોષિકવિતરણ. મને ૪નામમાં બે ચોપડી મળી.

૨૭-૮-૧૯૦૫. અઠાધર. વખાણ તથા ઢાળમાં ગયો.

૩-૯-૧૯૦૫. પડકમણું કર્યું. એક ઉપવાસ કર્યો.

૪-૯-૧૯૦૫. સંઘનું જમણ.

૧૩-૧૦-૧૯૦૫. લીલાવતી નાટક જોયું.

૨૫-૧૦-૧૯૦૫. ભાણુ ઝમકુબાઇનો દેહાન્ત.

૨૭-૧૦-૧૯૦૫. શારદાપૂજન કરવા પીઠડિયા દરબારશ્રી મૂળુવાળાના જાનદારખાનામાં.

૯-૧૧-૧૯૦૫. પ્રિન્સ ઑફ વેલ્સ મુંબઇ આવ્યો.

૧૨-૧૧-૧૯૦૫. ભાણુની દશા [દશાહ].

૧૩-૧૧-૧૯૦૫. ભાણુના દહાડા નિમિત્તે નવનાત.

૧૪-૧૧-૧૯૦૫. ભાણુનો પવાડો.

૧૭-૧૧-૧૯૦૫. બાપુની વરસી. બ્રાહ્મણ જમાડ્યા.

૨૦-૧૧-૧૯૦૫. ભાણુનો માસીસો [માસિક શ્રાદ્ધ].

૨૦-૧૨-૧૯૦૫. ગાય વસૂકી ગઇ; પીઠડિયા મોકલી.

૨૫-૧૨-૧૯૦૫. સ્વદેશી હિલચાલને લગતી સભા; મયારામ વૈદ્યનું ભાષણ.

આ ડાયરીને છેડે કોરા પાનામાં કરેલી નોંધ:

'કર્જને બંગભંગ ઑક્ટોબરમાં કર્યો; બંગાળી ને બીજા પણ ધખી ગયા. બ્રિટિશ માલનો બહિષ્કાર; દેશી માલનો ઉપયોગ. અમદાવાદમાં નવી મિલો થઈ. હિન્દુસ્તાનને થોડાં વર્ષમાં સ્વરાજ મળશે એમ કહે છે.'

આ પછી 'ભારતના મહાપુરુષો' દાદાભાઇ, ગોખલે, ફિરોજશાહ મહેતાને લગતી વિગત છે. તે પછી લખ્યું છે કે 'સુરેન્દ્રનાથ બેનરજીએ સરકાર વિરુદ્ધ ભાષણ કર્યું એટલે એને રૂા. ૪૦૦ નો દંડ થયો, તે કલકત્તા હાઇકોર્ટે રદ કર્યો.'

છેવટે એક સરનામું છે:

કાસીભાઇ ઝવેરભાઇ
મેનેજર, સ્વદેશભક્ત મંડળ, ગિરગામ, મુંબઇ.
પ્રાઇસ લિસ્ટ મફત.

(ક્રમશઃ)

દેસાઇ વાલજી ગોવિંદજી

પ્રકીર્ણ નોંધ

શ્રી જૈન કેળવણી મંડળ (મુંબઇ)ને અભિનંદન

આઝાદી મળ્યા બાદ દેશની આબાદી અર્થે ચોતરફ ઔદ્યોગિક આયોજનો થઇ રહ્યાં છે અને જરૂરિયાતની બધી ચીજોમાં આપણો દેશ સ્વાવલંબી બને તે હેતુથી નાનાં મોટા અનેક ઉદ્યોગોના પાયા નંખાઇ રહ્યા છે. આ માટે યાંત્રિક અને તાંત્રિક વિદ્યામાં નિષ્ણાત એવા અનેક યુવાનોની દેશને ખપ છે. કોઇ પણ સમાજને અર્થનિર્ભર બનાવવા માટે વિજ્ઞાન અને એન્જિનિયરીંગને લગતાં વિષયોમાં કુશળતા પ્રાપ્ત કરાવવાના હેતુથી પોતાના યુવક વિદ્યાર્થીઓને સેંકડોની સંખ્યામાં પરદેશ મોકલવા એ આજે જરૂરી બન્યું છે. જમાનાની માંગને ધ્યાનમાં લઇને મુંબઇના જૈન સ્થાનકવાસી સમુદાયના આજથી ૧૭ વર્ષ પહેલાં સ્થાપવામાં આવેલા શ્રી જૈન કેળવણી મંડળે એક યોજના પોતાના સમાજ સમક્ષ રજુ કરી છે. પરદેશ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને લોન દ્વારા દશથી વીસ હજાર રૂપિયા સુધીની મદદ કરી શકાય એ હેતુપૂર્વક રૂપિયા પાંચ લાખનું એક ફંડ ઊભું કરવું અને આવી રીતે અપાયલી લોનો વસુલ થતાં એની એ રકમનો અન્ય વિદ્યાર્થીઓને એ જ પ્રમાણે મદદ કરવા માટે ઉપયોગ કરવો–આવુ તે યોજનાનું સ્વરૂપ છે. તદુપરાંત આ ફંડમાં જે કોઇ વ્યકિત રૂા. ૫,૦૦૦ આપે તે વ્યકિત તરફથી એક વિદ્યાર્થીને તે રકમની લોન શિષ્યવૃત્તિ તરીકે આપવામાં આવે અને તે શિષ્યવૃત્તિને તે વ્યકિતના નામ સાથે જોડવામાં આવે અને તે રકમની લોન પાછી ફરતાં બીજા વિદ્યાર્થીને એ જ રકમની લોન આપવામાં આવે અને તે વિદ્યાર્થી પણ આ વ્યકિતનો સ્કોલર ગણાય અને આ શૃંખલા સતત ચાલ્યા કરે એવો પણ આ યોજનામાં પ્રબંધ કરવામાં આવ્યો છે. આ યોજના મુજબનું ફંડ એકઠું કરવા માટે જૈન કેળવણી મંડળના કાર્યકર્તાઓએ કમર કસી અને ડીસેંબર માસ દરમિયાન વાર્ષિક ઉત્સવ ગોઠવ્યો અને આ ઉત્સવ નિમિત્તે જૈન કેળવણી મંડળના મંત્રી શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ રચેલી 'પુનર્મિલન' એ નામની નૃત્યનાટિકા ડીસેંબર માસની ૧૮ તથા ૨૧મી તારીખે એમ બે વાર ખીરલા માતુશ્રી સભાગૃહમાં ભજવવામાં આવી.

આ પ્રસંગે ઉપર જણાવેલ રૂા. ૫,૦૦૦ ની શિષ્યવૃત્તિનાં લગભગ ૩૦ વર્ષનો સ્થાનકવાસી સમાજની ભિન્ન ભિન્ન વ્યકિતઓ તરફથી મળ્યા અને આ નિમિત્તે તૈયાર કરવામાં આવેલ 'સોવેનીર'–પરિચયપુસ્તિકા માટેની જાહેરખબરો દ્વારા અને નૃત્યનાટિકાના ટિકિટવેચાણ દ્વારા મુંબઇ જૈન કેળવણી મંડળને આ "વિદેશ ઉચ્ચ કેળવણી ફંડ" માટે આશરે લાખેક રૂપિયાની આવક થઇ. આ પ્રમાણે સ્થાનકવાસી કોમના ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ જવા ઇચ્છતા વિદ્યાર્થીઓને સહાય કરવાના હેતુથી શરૂ કરવામાં આવેલા આ ફંડમાં આશરે અઢી લાખની રકમ નોંધાઇ છે. અને બાકીની અઢી લાખ રૂપિયાની રકમ થોડા સમયમાં એકઠી કરવાની સંસ્થાના કાર્યકર્તાઓ શ્રદ્ધા ધરાવે છે. આવા સમયોચિત પુરુષાર્થ માટે શ્રી જૈન કેળવણી મંડળના સૂત્રધારોને ધન્યવાદ ઘટે છે અને બીજા સમાજો પણ આ કાર્યનું અનુકરણ કરીને પોતાના વિદ્યાર્થીઓને માટે આવી સગવડો ઊભી કરવાને કટિબદ્ધ થશે એવી આશા રાખવામાં આવે છે.

'પુનર્મિલન'

છેલ્લાં દશ વર્ષથી જૈન કથાઓને નાટકમાં ઊતારવાનો જે શુભ પ્રયત્ન શરૂ થયો છે તેના પરિણામે સારાં સારાં નાટકો અને નૃત્યનાટિકાઓ સરજાતાં રહ્યાં છે અને એ રીતે જૈન સાહિત્યમાં નાટક માટેની જે પુષ્કળ સામગ્રી પડેલી છે તે ધીમે ધીમે પ્રકાશમાં આવી રહી છે. શ્રી ખીમચંદ મગનલાલ વોરા સ્થાનકવાસી જૈન સમાજના એક અગ્રગણ્ય કાર્યકર્તા છે, 'જૈન પ્રકાશ'ના વર્ષોથી સંપાદક છે, સારા લેખક છે, એટલું જ નહિ પણ, તેઓ એક નાટ્યકાર પણ છે. નાટકો લખવા ઉપર તેમની હથરોટી દિવસે દિવસે વધતી જાય છે. તેમણે આજ સુધીમાં અનેક નાટકો અથવા નૃત્યનાટિકાઓ રચેલ છે અને આ માટેની કથાવસ્તુઓ તેમણે જૈન સાહિત્યમાંથી જ લીધી છે. 'પુનર્મિલન' તેમની તાજેતરની છેલ્લી રચના છે. આ નૃત્યનાટિકા જૈન કેળવણી મંડળના વાર્ષિક ઉત્સવ પ્રસંગે ગયા ડીસેંબર માસની ૧૮ મી તથા ૨૧ મી તારીખે શ્રી રત્નચિન્તામણી સ્થાનકવાસી જૈન હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓ તરફથી રજુ કરવામાં આવી હતી. આ નૃત્ય-નાટિકામાં 'તરંગવતી'ની જૂની અને જાણીતી કથાને ઘટાવવામાં આવી છે. જૈન કથાઓમાં 'તરંગવતી'ની કથાની ભાત બીજી કથાઓથી એકદમ જુદી પડે છે. 'તરંગવતી'માં જે શૃંગાર અને કરુણ રસની ગૂંથણી રહેલી છે તે જોતાં તે જાણે કે બાણભટ્ટની કાદંબરીની એક નાની રોચક આવૃત્તિ હોય એમ લાગે છે. શ્રી ખીમચંદભાઇએ આ કથાને ભારે સફળતાપૂર્વક નૃત્યનાટિકામાં ઊતારી છે. પશુપક્ષીઓની સૃષ્ટિના રમ્ય દ્રશ્ય સાથે આ નૃત્યનાટિકાનો આરંભ થાય છે. આ પશુપક્ષીઓના સમુદાયમાં એક ચક્રવાક યુગલ આનંદક્રીડામાં નિમગ્ન નજરે પડે છે. ત્યાં કોઇ એક પારધી આવી ચઢે છે અને ચક્રવાકને બાણથી વીંધી નાંખે છે. ચક્રવાકના વિરહમાં ટળવળતી ચક્રવાકી પણ ત્યાં મરણ પામે છે. પછીના ભવમાં કૌશાંબી નગરીના ધનાઢય નગરશેઠ ઋષભસેનને ત્યાં આઠ પુત્રો ઉપર રૂપરૂપના અંબાર સમી એક કન્યાનો જન્મ થાય છે. આ કન્યા તે પૂર્વભવની ચક્રવાકી. 'તરંગવતી' તેનું નામ પાડવામાં આવે છે. આ તરંગવતી કાળક્રમે મોટી થાય છે. કૌશાંબીની ભાગોળે આવેલા સરોવરતીરે શરદુત્સવ યોજાય છે. આમાં ભાગ લેવા માટે સખીઓ સાથે તરંગવતી આવી ચઢે છે. અહીં અનેક પશુપક્ષીઓને નિહાળતાં એક સુભગ ચક્રવાક યુગલ ઉપર તરંગવતીની નજર પડે છે, અને એને જોતાં પોતાના પૂર્વભવનું તેને સ્મરણ થાય છે અને એ પૂર્વભવનો પતિ આ ભવમાં મળે તો જ પરણવું એવી તે પ્રતિજ્ઞા લે છે. પોતાની સખી સારસિકાના સૂચનથી પોતાનાં પૂર્વભવના પ્રસંગો તરંગવતી જુદા જુદા ચિત્રોમાં આલેખે છે અને એ ચિત્રો પોતાના મહેલના આંગણામાં મૂકે છે. એ આશાએ; આ બાજુ જ્યારે પણ પોતાના પૂર્વભવનો પતિ આવી ચડશે અને આ ચિત્રો જોશે કે તરત જ તેને પોતાના પૂર્વભવનું સ્મરણ થશે અને એ રીતે પોતાના પૂર્વભવનો પતિ પ્રાપ્ત થશે અને બન્યું પણ એમ જ. પેલા ચક્રવાકે પછીના ભવમાં કૌશાંબીના ધનદત્ત શ્રેષ્ટિને ત્યાં જન્મ લીધો છે. તેનું નામ પદ્મદેવ પાડવામાં આવેલ છે. તે પણ યુવાવસ્થાને પ્રાપ્ત થયે સોળકળાએ શોભતા ચંદ્ર જેવો દીપી રહ્યો છે. આ પદ્મદેવ મિત્રો સાથે ફરતો ફરતો તરંગવતીના મહેલ સમીપ આવી ચઢે છે અને પેલાં ચિત્રો જોતાં તેને પણ પોતાનો પૂર્વ-ભવ યાદ આવે છે અને પોતાના એ જન્મની સાથી સાથે જોડાવાની તીવ્ર ઝંખના તે અનુભવે છે. સારસિકાની નજરે આ ઘટના પડતાં તરંગવતીને તે ખબર આપે છે અને બંનેનું મિલન યોજાય છે. પદ્મદેવનો પિતા નગરશેઠ ઋષભસેન

પાસે તરંગવતીનું માગું કરે છે. નગરશેઠ આ માગણીને નકારે છે. પરિણામે પદ્મદેવ અને તરંગવતી ઘર છોડીને ચાલી નીકળે છે. આમ કથા આગળ ચાલે છે અને નાની મોટી અનેક આફતોમાંથી પસાર થયા બાદ તે બન્ને કૌશાંબી પાછાં ફરે છે અને બન્નેના માતાપિતા રાજીખુશીથી તરંગવતી અને પદ્મદેવનાં લગ્ન કરે છે. આમ વર્ષો સુધી સંસાર ભોગવતા આ બન્નેનો કોઇ જૈન મુનિ સાથે ભેટો થાય છે અને એ મુનિના ઉપદેશથી પ્રભાવિત બનેલા તે બન્ને સંસાર વિષે વૈરાગ્ય અનુભવે છે અને તે મુનિ પાસે પ્રવજ્યા ગ્રહણ કરીને આત્મકલ્યાણના પંથે વિચરે છે. તરંગવતીની કથાનો આ સાર છે.

આવી સુન્દર કથાવસ્તુને શ્રી ખીમચંદભાઇએ 'પૂનમિલન' નૃત્યનાટિકામાં બહુ કુશળતાપૂર્વક ગૂંથી છે, અને નૃત્યનાટિકાના ભિન્ન ભિન્ન પ્રસંગો એવા પ્રમાણબદ્ધ રીતે યોજવામાં આવ્યા છે કે આરંભથી અન્ત સુધી પ્રેક્ષકો એકસરખો અતૂટ રસાનુભવ કરે છે. વળી આ નૃત્યનાટિકાની પદ્યરચના પણ સાદી, સરળ અને સુગેય છે. દા. ત.

કોણે વજાડ્યું ઢોલ, મધરાતમાં કોણે વજાડ્યું ઢોલ
તાળીઓ વીંઝાણી, દાંડિયા દેવાણા
ગાજી રે શેરીની પોળ...કોણે વજાડ્યું ઢોલ.
એક જ પાંખનાં પંખી અમે જનમોજનમનાં સાથી
આવો રે પંખી જનમોજનમના સાથી
ખીલી કૌમુદીની રાત, આજની હોજી, ખીલી કૌમુદીની રાત.
આભલાના ચંદરવામાં તારલાની ભાત હોજી...ખીલી.
હાલને સાથી હાલ્યા જઇએ
એવે અજાણ્યે દેશ કે કોઇ જાણે ના લવલેશ.

આમાં પણ જે તળપદા શબ્દોનો જ્યાં ત્યાં ઉપયોગ કરવામાં આવ્યો છે તેથી પદ્યો તેમ જ વાર્તાલાપ ભારે રોચક અને સંગીતમય લાગે છે. આવી સુંદર નૃત્યનાટિકા સર્જવા માટે શ્રી ખીમચંદભાઇને ધન્યવાદ ઘટે છે અને તેમના હાથે વધારે ને વધારે ઉત્કૃષ્ટ કોટિની નાટ્યકૃતિઓ સરજાતી રહે એવી તેમના વિષે આપણા દિલમાં આશા ઊભી થાય છે.

સામુદાયિક તીર્થયાત્રાનું સાંસ્કૃતિક મૂલ્ય :
આવી તીર્થયાત્રાના એક પ્રયોજકને અભિનન્દન

બિહાર અને ઉત્તર પ્રદેશમાં અનેક જૈન તીર્થંકરોનાં કલ્યાણક સ્થાનો છે. તીર્થંકરના ચારિત્રમાં પાંચ મહત્ત્વના પ્રસંગો ગણાય છે. ચ્યવન (એટલે કે પૂર્વભવની ગતિમાંથી ભાવી તીર્થંકરના જીવનું માનવયોનિમાં સંક્રમણ), જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, અને નિર્વાણ. આ પાંચ પ્રસંગને પાંચ કલ્યાણક તરીકે ઓળખવામાં આવે છે અને દરેક તીર્થંકરના જીવનનો, માંનો દરેક પ્રસંગ જે જે સ્થળે નિર્માણ થયો હોય તે તે સ્થળને તે તે તીર્થંકરનાં કલ્યાણકસ્થાન તરીકે ઓળખવામાં આવે છે. દા. ત. બિહારમાં આવેલ સમેતશિખર નામના પર્વત ઉપર ભગવાન ઋષભનાથ અને મહાવીર સિવાય પાર્શ્વનાથ અને બીજા ૨૧ તીર્થંકરનાં નિર્વાણ થયા હોવાનું માનવામાં આવે છે. આ કારણે સમેતશિખર ૨૨ તીર્થંકરની નિર્વાણભૂમિ હોઇને જૈન સંપ્રદાયમાં એક તીર્થ તરીકે તેનું સૌથી વધારે મહત્ત્વ લેખાય છે.

વૈશાલીમાં ભગવાન મહાવીરનો જન્મ થયો; પાવાપુરીમાં તેમનું નિર્વાણ થયું. આ રીતે કાશી ભગવાન શાન્તિનાથની જન્મભૂમિ છે. રાજગૃહી, ચંપાપુરી અને બિહારમાં આવેલા બીજા અનેક સ્થળો તેમ જ ઉત્તરપ્રદેશમાં આવેલાં કાશી, અયોધ્યા વગેરે સ્થળો જુદા જુદા તીર્થંકરોના કલ્યાણક પ્રસંગો સાથે જોડાયેલાં છે. આ કારણે, જેવી રીતે જૈનેતર હિંદુ જનતામાં હીમાલયનાં ચાર ધામો (જમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ) અથવા તો ભારતની ચાર દિશાએ આવેલાં ચાર ધામો–જગન્નાથપુરી, કાશી, દ્વારિકા અને રામેશ્વર–ની યાત્રાનું કંઇ કાળથી બહુ મોટું પુણ્ય મનાયલું છે અને 'આ તીર્થોની હું ક્યારે યાત્રા કરીશ' એવી ઝંખના દરેક શ્રદ્ધાળુ હિન્દુ સેવતો હોય છે તેવી ઝંખના આ બિહાર–ઉત્તરપ્રદેશનાં તીર્થોની યાત્રા અંગે દરેક મૂર્તિપૂજક શ્રદ્ધાન્વિત જૈન અનુભવતો હોય છે. આવી બહુલક્ષી તીર્થયાત્રાનો અવાન્તર લાભ એ છે કે આવી યાત્રાએ નીકળનાર જૈન, વૈષ્ણવ, કે બ્રાહ્મણ યાત્રીને આપણા વિશાળ દેશ ભારતનું દર્શન થાય છે, અને ભારતીય સંસ્કૃતિનો સારો એવો પરિચય થાય છે. આવી યાત્રાનો ધાર્મિક દૃષ્ટિએ જેટલો લાભ છે તેટલો જ લાભ સાંસ્કૃતિક તેમ જ શૈક્ષણિક દૃષ્ટિએ આવી વિશાળ પ્રદેશને આવરી લેતી યાત્રામાં રહેલો છે. દેશભરમાં બારે માસ ચાલી રહેલી આવી યાત્રાઓ વડે જ ભારતીય એકતાની ભાવના કેળવાતી રહી છે.

આવી યાત્રાઓ કરવાનું સામાન્ય સ્થિતિના માણસો માટે સહજ શક્ય હોતું નથી. વળી આવી યાત્રા માટે સ્થળે સ્થળે જે સગવડો જોઇએ તે સાધારણ માણસને સુપ્રાપ્ય હોતી નથી. તદુપરાન્ત એકલદોકલ નીકળનાર કુટુંબને આવી યાત્રા પાછળ ખર્ચ પણ સારા પ્રમાણમાં થાય છે જે તેનાં ગજા બહાર હોય છે. આ કારણે આપણા સમાજમાં યાત્રાસંઘો કાઢવાની પ્રથા કંઇ કાળથી ચાલતી આવી છે. કોઇ પણ ધર્મપરાયણ શ્રીમાન પોતાની કોમ યા વર્તુળના સંખ્યાબંધ કુટુંબોને પોતાના ખર્ચે સુપ્રસિદ્ધ યાત્રાધામોનાં દર્શન કરાવતો અને તે કુટુંબોની સર્વ પ્રકારની જવાબદારી પોતાના માથે લેતો. આવા યાત્રાસંઘો એક સ્થળેથી બીજા સ્થળે મોટા ભાગે પગપાળા પ્રવાસ કરતા કરતા તીર્થસ્થાને પહોંચતા. રેલવેટ્રેનની સગવડ થયા બાદ લાંબા અંતરે આવેલાં તીર્થોની યાત્રાઓ હવેના રેલવેમાર્ગે જ થાય છે. આજકાલ આવી સમૂહયાત્રા માટે સ્પેશિયલ ટ્રેનોની ગોઠવણ કરવામાં આવે છે, અને જ્યાં પહેલાંની રીત પ્રમાણે બધો ખર્ચ ઉપાડવાની જવાબદારી લેવાને કોઇ એક ધર્મપરાયણ શ્રીમાન તૈયાર ન હોય ત્યાં આવો પ્રબંધ કોઇ એક સંસ્થા તરફથી કરવામાં આવે છે અને આવી સ્પેશિયલ ટ્રેનમાં જોડાનાર પાસેથી પ્રવાસના ખર્ચને પહોંચીવળવા માટે જરૂરી એવી રકમ લેવામાં આવે છે. આવી સ્પેશિયલ ટ્રેનોનો સામાન્ય સ્થિતિના ઘણાં કુટુંબો લાભ લે છે અને તિર્થયાત્રા કરવાની દિલની ભાવનાને એ રીતે સંતોષે છે. આવી સ્પેશિયલ ટ્રેનો યોજવાનો હવે તો એક ધંધાદારી વ્યવસાય પણ શરૂ થયો છે અને તે દ્વારા આયોજક સારૂં દ્રવ્યોપાર્જન કરતો હોય છે. આવો યાત્રાપ્રબંધ જ્યારે કોઇ સેવાભાવિ ગૃહસ્થ કરે છે અને એ રીતે સેંકડો ભાઇબહેનોને તેમ જ બાળકોને સુખરૂપ યાત્રા કરાવે છે–કારણ કે આ કાંઇ નાનુંસુનું કામ કે જવાબદારી નથી–ત્યારે તેવા ગૃહસ્થ માટે આપણા દિલમાં ઊંડો આદર ઉપજે છે.

તાજેતરમાં મુંબઇના શ્રી ઘોઘારી જૈન મંડળ અને શ્રી ચંદ્રપ્રભુ જૈન ભક્તિ મંડળના સંયુકત ઉપક્રમે સમેતશિખર, પાવાપુરી વગેરે તીર્થોની યાત્રા કરાવવા માટે એક સ્પેશિયલ ટ્રેનની યોજના કરવામાં આવી હતી. આ આખી યોજનાને મૂર્તરૂપ આપવાની જવાબદારી જૈન શ્વે. મૂ. સમાજના એક જાણીતા કાર્યકર્તા શ્રી હીરાલાલ જૂઠાભાઇ શાહે માથે લીધી હતી. પ્રસ્તુત પ્રવાસક્રમ તા. ૧૫–૧૦–'૬૦ થી તા. ૨૯–૧૧–'૬૦ સુધી એમ ૪૫ દિવસનો ગોઠવવામાં આવ્યો હતો. આ યાત્રામાં ૫૦૦ ભાઇ–બહેનો અને તે ઉપરાંત ૨૨ ત્રણ

વર્ષ નીચેનાં બાળકો જોડાયાં હતાં. આવડા મોટા સમુદાય માટે ખાવા–પીવા, રહેવા, સુવા વગેરેની ગોઠવણ કરવી એ અસાધારણ કાર્યકુશળતા અને પારવિનાની જહેમતની અપેક્ષા રાખે છે એ સહજ સમજી શકાય તેમ છે. શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહના દિલમાં આવો સામુદાયિક યાત્રાપ્રબંધ ગોઠવવાનો વર્ષોનો એક સંકલ્પ હતો. એ સંકલ્પે તેમને આ જવાબદારી લેવાની પ્રેરણા આપી અને તે સંકલ્પને તેમણે પ્રશસ્ય પુરુષાર્થ દાખવીને સફળતા-પૂર્વક પાર પાડયો. આ માટે ૫૫ સ્વયંસેવકોને સાથે લેવામાં આવ્યા હતા. ત્રણ ભાઈઓને વેતનપૂર્વક રોકવામાં આવ્યા હતા. ૧૨ રસોઈઆ, ૬ ગુરખા અને ૧૫ ઘાટીનું જૂથ ઊભું કરવામાં આવ્યું હતું. એક ડૉકટર પણ પહેલેથી છેડે સુધી સાથે હતા. આ સ્પેશિયલ ટ્રેનમાં પહેલા વર્ગના ત્રણ ડબા અને ત્રીજા વર્ગના છ ડબા અને એક વેગનનો ડબો (T. L. R.) જોડવામાં આવ્યા હતા. પહેલા વર્ગમાં પ્રવાસ કરનાર પાસેથી રૂા. ૫૦૧ લેવામાં આવ્યા હતા અને ત્રીજા વર્ગના પ્રવાસી પાસેથી સરેરાશ રૂા. ૨૮૫ લેવામાં આવ્યા હતા. જ્યાં જ્યાં યાત્રિક મંડળી જાય ત્યાં ત્યાં ઉતારસ્થળમાં સંગીત, નૃત્ય, ભજન વગેરેની ધૂન મચાવવા માટે શ્રી ગણેશ પરમાર અને તેમની મંડળીને સાથે લેવામાં આવી હતી. આ સ્પેશિયલ ટ્રેન તા. ૧૫–૧૦–'૬૦ના રોજ મુંબઈથી ઉપડી હતી અને નાસિક, ખંડવા, જબલપુર, બખ્તીયારપુર, (પાવાપુરી), ગીરડી (સમેતશીખર), આટલાં સ્થળોએ રોકાઈ અને તેની આસપાસનાં જૈન તીર્થોની યાત્રા કરીને કલકત્તા પહોંચી હતી અને ત્યાંથી અજીમ-ગંજ, ભાગલપુર, બનારસ, અયોધ્યા, લખનૌ, કાનપુર, મેરઠ, ભાખરાનાંગલ થઈને દિલ્હી આવી હતી અને ત્યાંથી આગ્રા, ભોપાળ, આકોલા, વર્ધા, હીંગનઘાટ, ભાંડુકજી, કુલપાકજી, સીકન્દ્રાબાદ, સોલાપુર તથા પૂના થઈને નિયત દિવસે–તા. ૨૯–૧૧–'૬૦ના રોજ મુંબઈ પાછી આવી પહોંચી હતી.

આ આખી યાત્રા દરમિયાન કોઈને કશી પણ અગવડ પડી જ ન હોય, કોઈને કશું મનદુઃખ થયું જ ન હોય, તેમ જ કોઈનું આંખ માથું કદિ દુઃખ્યું જ ન હોય એમ બને જ નહિ. વળી યોજક અને યાત્રિકો વચ્ચે કોઈ પણ ઠેકાણે કોઈ નાની કે મોટી બાબત ઉપર કશી અથડામણ જ થઈ ન હોય એમ પણ બને જ નહિ. કારણ કે પ્રકૃતિને વશ સૌ કોઈ આદમી છે જ. આમ છતાં પણ સમગ્રપણે આખા સમુદાયનો યાત્રાપ્રવાસ સુખરૂપ અને પુરી સગવડભર્યો નીવડયો હતો અને પ્રવાસ દરમિયાન કોઈ મોટી અગવડ કે વિઘ્ન ઊભું થયું નહોતું–એમ યાત્રિકોના પ્રસન્નતાભર્યા ઉદ્‌ગારો ઉપરથી માલુમ પડે છે. અને આ માટે આ સામુદાયિક યાત્રાના મુખ્ય પ્રયોજક શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહને ધન્યવાદ ઘટે છે. અહીં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે આ યાત્રાનો બધો હિસાબ કાઢતાં જે કાંઈ વધે તે રકમ ધોધારી જૈન મિત્રમંડળમાં સમાજકેળવણીના કાર્યમાં વાપરવા માટે જમે થવાની છે અને શ્રી હીરાલાલ જૂઠા-ભાઈની આ બાબતને લગતી કામગીરી કેવળ નિઃસ્વાર્થ અને સમાજનાં કાર્યો કરવાના ઉમળકાના સ્વભાવિક પરિણામરૂપ હતી.

પરમાનંદ

સ્વ. ડૉ. રમણલાલ ક. યાજ્ઞિક

ડૉ. શ્રી રમણલાલ ક. યાજ્ઞિકનું અવસાન ૬૫ વર્ષની વયે મુંબઈમાં ગયા ડિસેમ્બરની ૧૧ મી તારીખે એકાએક થયું એ સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે ઓછી આઘાતક ઘટના નથી. ડૉ. શ્રી રમણલાલ યાજ્ઞિકનો જન્મ નડિયાદમાં થયો હતો, પણ એમની કર્મભૂમિ તો વિશેષ અંશે સૌરાષ્ટ્ર જ રહ્યું છે. ઈ. ૧૯૨૦ માં ડૉ. રમણલાલ યાજ્ઞિક અંગ્રેજીના અધ્યાપક તરીકે ભાવનગર આવ્યા ત્યારે સામળદાસ કૉલેજ પ્રૌઢ અને પકવ અધ્યાપકોથી સભર હતી. પણ એવા અધ્યાપકવૃંદમાં યે ડૉ. યાજ્ઞિકે પોતાનું આગવું સ્થાન સહેજે સિદ્ધ કરી લીધું. અંગ્રેજી સાહિત્યના આદર્શ અધ્યાપક તરીકે, ગુજરાતી ભાષાસાહિત્યના વિદ્વાન લેખક તરીકે, નાટયકલા ને તેમાંયે શેકસ્પીઅરનાં નાટકોના તથા રંગભૂમિના પ્રખર અભ્યાસી તરીકે, ડૉ. યાજ્ઞિક સૌને જાણીતા ને સૌના માનીતા થઈ પડયા. ભાવાનુકૂળ નાટયાત્મક પઠન કરવાની સહજસિદ્ધિ, અંગ્રેજી–ગુજરાતી–સંસ્કૃતમાંથી ચૂંટેલાં ઉત્તમ અવતરણોની ઝડી વરસાવતું ઉચ્ચ કોટિનું છટાદાર રસભરિત વકતૃત્વ, અધ્યાપન વખતે વિનય સાથે તદ્રૂપ થઈ જવાની ને સૌને તલ્લિન કરી દેવાની વૃત્તિશકિત, ડૉ. રમણલાલ યાજ્ઞિકના અધ્યાપનનાં ખાસ લક્ષણ ગણાય. એમણે શેકસ્પીઅરનાં નાટકોનો જે રંગ લગાડયો છે તે વીસપચ્ચીસ વરસ પછી યે એમના ભાવનગર–રાજકોટના વિદ્યાર્થીઓ ભૂલી શકયા નથી, એ જ અધ્યાપકની પ્રેરણાશકિતનું જવલંત ઉદાહરણ છે. પંડિતયુગની સઘન વિદ્વતાની ઝાંખી ડૉ. યાજ્ઞિકનાં કેટલાંક ઉત્તમ પ્રેરણાપૂર્ણ વ્યાખ્યાનોમાં જેમણે જોઈ છે, તેમને કદાચ તે હિનો દિવસા गताः એમ પણ કહેવાનું મન થઈ જાય. આજે એવા અધ્યાપકો યે વિરલ બનતા જાય છે!

પણ ડૉ. યાજ્ઞિકે આ ઉપરાંત જે વિશેષ કરી દેખાડયું તે તો છે ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યેની એમની હંમેશની હૈયાની હમદર્દી. સદ્‌ગત ધણીવાર પદ્મણીસાહેબની કવિતા યાદ કરીને કહેતા–"ગરીબો માટે તો ભાઈ! હંમેશાં 'ઉઘાડી રાખનેબારી.'" ભાવનગરમાં ને રાજકોટમાં ડૉ. યાજ્ઞિકે આવી વૃત્તિથી એક અખંડ વિદ્યાયજ્ઞ જ માંડયો હતો તે જીવનના અંત સુધી એમાં જ પોતાની ઉત્તમ આહુતિઓ અર્પ્યા કરી એમ કહેવું ભાગ્યે જ વધારે પડતું હોય. અસંખ્ય ગરીબ વિદ્યાર્થીઓને અનેક શ્રીમંતો પાસેથી પુસ્તકોની, રહેવાની, ખાવાપીવાની, ફીની જે સગવડો એમણે અપાવી છે, ને એમના Friend Philos-opher ને Guide બનીને રહ્યા છે તે મદદ પામેલા વિદ્યાર્થીઓ ભાગ્યે જ ભૂલી શકે. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજ્યના વિદ્યાધિકારી-પદેથી સદ્‌ગતે માધ્યમિક ને પ્રાથમિક શાળાના શિક્ષકોના પ્રશ્ન ઉકેલવામાં જે અસાધારણ તત્પરતા દાખવી હતી તે કદાચ અવિસ્મરણીય છે. આ જ ભાવનાથી, જે કંઈ કરવું તે ખરા હૃદયથી, બધી જ શકિતથી કરવું, એવી ઉચ્ચ મનોવૃત્તિને લીધે, ડૉ. યાજ્ઞિકે એમના આચાર્યપદ પછી રાજકોટની ધર્મેન્દ્ર-સિંહજી કૉલેજને થોડાં જ વર્ષમાં સંગીન પાયા પર મૂકી દીધી. ને તેમાં નવું જ જીવનબળ રેડયું. નિવૃત્તિ પછીયે પૂર્વ આફ્રિકામાં મહાત્મા ગાંધી મેમોરિયલ કૉલેજ માટે ઘેર ઘેર ફરીને જે ભગીરથ પ્રયત્ન એમણે આદર્યો ને જે કાર્યસિદ્ધિ કરી તે વિદ્યાક્ષેત્રે આદરેલા એમના પુરુષાર્થની પરમ ટોચ હતી. ...નર્મદ, નાનાલાલ, ખ. ક. ઠાકોર, ગોવર્ધનરામ ત્રિપાઠી આદિના સ્મારકમાં પણ ડૉ. યાજ્ઞિકે બજાવેલી સેવા ઘણી કીંમતી હતી. રાજકોટમાં યોજાયલા સોળમા સાહિત્યપરિષદ સંમેલનના યોજક પણ એ હતા એટલું જ નહિ, સદ્‌ગત મેઘાણીને પ્રેમથી ખેંચી લાવવા એમનો હિસ્સો ઓછો ન હતો.

સૌરાષ્ટ્રની યુનિવર્સિટી સ્થાપવાની હવે જ્યારે ઘડીઓ ગણાઈ રહી છે, ત્યારે ખરે ટાંકણે વિદ્યાક્ષેત્રમાંથી આવી સંસ્કાર-મૂર્તિની ચિરવિદાય સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રને માટે ઘણી મોટી ખોટ નીવડશે.

સદ્‌ગતનાં લખાણો હજી અ–ગ્રંથસ્થ છે. તેમાંથી ઉત્તમ લેખોનું ગ્રંથાકારે સંચયન થાય એમ સૌ ઇચ્છશે.

"He who serves his brother best, gets nearer God than all the rest." એમ હંમેશ માનનાર ને તે પ્રમાણે આચરનાર ડૉ. યાજ્ઞિકનું જીવન અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની નવી પેઢીને પ્રેરણારૂપ બની રહો!

ઉપેન્દ્ર પંડયા

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ શ્રી એન. સંજીવ રેડ્ડીનું પ્રવચન

[ભાવનગર ખાતે તા. ૬-૧-૬૧ના રોજ મળેલી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના ૬૬મા અધિવેશનના પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવેલ શ્રી એન. સંજીવ રેડ્ડીનું પ્રવચન રાષ્ટ્રને સ્પર્શતા અનેક મુદ્દાઓની વિશદ અને પરિમિત આલોચના કરતું હોઇને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના સ્વાધ્યાય માટે નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**]

મિત્રો અને સાથીઓ

એક વરસના ગાળા બાદ તમને સૌને ફરી મળવાનું થતાં મને ઘણો આનંદ થાય છે. આપણા દેશના જીવનમાં આપણે માટે ખાસ નજરે ચઢે તેવા નહીં તોયે મહત્ત્વના બનાવોથી ભરેલી આ એક સાલ ગઇ છે. આપણે આપણા કેટલાક સવાલોનો ઉકેલ કાઢયો છે. બીજી પંચવર્ષીય યોજના સરળપણે પાર પાડી છે અને તેથીયે મોટી તેમ જ વધારે મહત્ત્વાકાંક્ષી ત્રીજી પંચવર્ષીય યોજનાની રચનાનું કામ આપણે ઉપાડયું છે. આ એક વરસનો ગાળો મારે માટે અંગત રીતે સારી એવી કેળવણીનો ગયો છે.

૧. હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ થયા પછી તરત જ મારે જ્યાં લોકશાહીના સફળ કાર્યને પડકાર ફેંકવામાં આવ્યો હતો એવા નાળિયેરીનાં વૃક્ષો અને કેળનાં ખેતરોની રળિયામણી ભૂમિવાળા કેરળ પ્રદેશમાં દોડી જવું પડયું હતું. સવાલ બહુ નાજુક હતો અને મૂળે આપણી પ્રજાની લોકશાહી વૃત્તિને શોભાવે એવું લક્ષણ ત્યાં જોવા મળ્યું કે આપણા દેશના તે વિભાગમાં લોકો પોતાની ઇચ્છા પ્રમાણેની વ્યવસ્થા સ્થાપી શકયા એટલું જ નહીં પણ ત્યાં રાજકીય સ્થિરતા પણ ઊભી થઇ શકી.

૨. હંમેશ હરિયાળાં રહેનારાં કેરળનાં ખેતરોથી આપણા દેશના સૌથી પવિત્ર અને સુંદર એવા હિમાચ્છાદિત હિમાલય પર્વતોનું અંતર ઘણું લાંબું છે. આસામ, બંગાલ, ઓરિસા, મધ્યપ્રદેશ, મદ્રાસ, હિમાલયપ્રદેશ અને દેશના બીજા પ્રદેશોમાં મેં સારો એવો પ્રવાસ ખેડયો છે. દેશના જુદા જુદા પ્રદેશોમાં કરેલા પ્રવાસથી મારી સમજ સારી પેઠે કેળવાઇ અને આપણા દેશના સવાલો વિષે વધારે સારી અને વ્યાપક દૃષ્ટિ મને મળી. ગઇ સાલ સુધી મારા સંબંધો મોટે ભાગે મારા પોતાના વતન એવા આંધ્રપ્રદેશના રાજ્યના લોકો સાથે રહ્યા હતા અને વચ્ચે વચ્ચે હિન્દુસ્તાનના બાકીના ભાગોમાં મારે જવાનું થયેલું તે બાદ કરતાં બાકીના હિન્દુસ્તાનની સાથે મારો જીવંત સંબંધ કેળવાયો નહોતો. આ સાલની મારી પ્રવૃત્તિથી મારી સમજમાં રહેલી ખામી દૂર થઇ છે અને તેને સમતોલ કરવામાં મોટી મદદ થઇ છે. વળી, એ પ્રવાસને કારણે જે તે વિભાગના સ્થાનિક તેમ જ પ્રાદેશિક સવાલોને જોવાની રાષ્ટ્રીય દૃષ્ટિ મને મળી હોઇ તેમનું મહત્ત્વ હું વધારે વ્યાપક રીતે સમજતો થયો છું.

૩. આપણા મુલકના જુદા જુદા વિભાગોની સાથે થયેલા મારા ઘાડા પરિચયને પરિણામે મારા દિલ ઉપર એક મહત્ત્વની હકીકતની ઊંડી છાપ એ પડી કે આપણા અનંત વિવિધતાથી ભરપૂર રાષ્ટ્રીય જીવનના પાયામાં એકતાનું એક સળંગ સૂક્ષ્મ પરંતુ દૃઢ સૂત્ર પરોવાયેલું છે. પાછલાં વર્ષના મારા બહોળા પ્રવાસો દરમ્યાન માત્ર આ કે તે છૂટક બાબત પૂરતી નહીં પણ રાજ્યની, પ્રજાની, આબોહવાની, બોલીની, સંપ્રદાયની, ખાવાપીવાની આદતોની, પહેરવેશની અને એવી કલ્પી શકાય તેવા બધા પ્રકારની અનેક વિવિધતાની વચ્ચે રહેલી સળંગ એકતાની છાપ મારી નજર સમક્ષ તાદૃશ થઇ. આપણે કાશ્મીર જઇએ કે તિબેટનો ઉચ્ચ પ્રદેશ વિસ્તરીને આગળ વધ્યો હોય તેવા હિમાલયમાં જઇએ તો ત્યાં આપણને હિન્દુસ્તાનનું એક પ્રકારનું ચિત્ર જોવા મળે છે. આપણી ઇશાન સરહદ પર એનાથી તદ્દન જુદું ચિત્ર જોવા મળે છે. ઉત્તરની મધ્યમાં આવેલાં વિશાળ સપાટ મેદાનોથી અથવા દક્ષિણના ઉચ્ચ પ્રદેશથી એ ચિત્રો વળી જુદી જાતનાં દેખાય છે. આ પ્રકારની મોટી વિવિધતા છતાં હજારો વર્ષોથી આપણે એક દેશ અને એક પ્રજા રહ્યા છીએ. ભૂતકાળમાં જુદા જુદા સમુદાયોએ રાજકીય સત્તાને માટે કરેલી ખેંચાખેંચના દબાણ કે તાણના પરિણામરૂપે નહીં પણ આપણા પૂર્વજોના વ્યાપક દર્શનથી, આપણા ફિલસૂફોના તત્ત્વચિંતનથી અને આપણા કવિઓની ઉચ્ચ કલ્પનાસમૃદ્ધિથી આપણી આ એકતા બંધાઇ હતી. દેખીતી રીતે તેથી વર્તમાનકાળમાં પણ આપણી આ રાષ્ટ્રીય એકતાને વધારે વ્યાપક, વધારે દૃઢ અને વધારે કાયમની કરવાનાં એ જ સાધનો છે.

૪. આ રીતે જોતાં આપણા પ્રાંતિયતાના, ભાષાની જુદાઇનાં, કોમપરસ્તીના અને એવા બીજા ભાવોની મૂળ ગ્રંથિઓમાંથી પેદા થતી પરસ્પરની અસહિષ્ણુતાને આપણે રાષ્ટ્રવિરોધી બળ તરીકે ઓળખી લેવું જોઇએ. આપણા રાષ્ટ્રીય જીવનને સમતોલપણે નિહાળતાં આપણે સ્વીકારવું જોઇશે કે આપણી હરેકની કોઇ ને કોઇ ખામી છે. એ ખામીઓ છુપાવવા કે તેમના તરફ આડા કાન કરવાનો કશો અર્થ નથી, કેમ કે તેમ કરવાથી આપણે કોઇ પણ સવાલનો ઉકેલ કરી શકતા નથી. આપણા સળંગ ઇતિહાસ દરમિયાન આપણી એક મુખ્ય ખામી એ હતી અને છે કે આપણે હિંદુસ્તાનની પાયાની એકતાની મુખ્ય વાતને વિસારે પાડીને ગૌણ બાબતો ઉપર ઉશ્કેરાઇ જઇએ છીએ. આપણા લાંબા ઇતિહાસકાળ દરમ્યાન બધી જાતના પરદેશીઓ આપણે ત્યાં આવીને વસ્યા છે. પહેલાં સીથિયનો, પછી હૂણો, પછી ગ્રીક, ને પછી તુર્કો અહીં આવ્યા અને તેમની પાછળ અફઘાનો અને મોગલો આવ્યા. છેલ્લા બ્રિટિશરો પણ અહીં આવ્યા અને આમ જે બધા અહીં આવ્યા તેમણે આપણને જીતી લીધા એમ કહેવું સાચું નહીં થાય. વધારે સાચી વાત એ છે કે તે સૌ આપણા અંદરઅંદરના ભાગલા અને જુદાઇઓનો લાભ લઇ પોતાની જડ અહીં નાંખી શકયા. હિન્દુસ્તાનના ઇતિહાસનો આ એક બહુ મહત્ત્વનો મોટો મુદ્દો હોઇ આપણે તેના ઉપરથી બોધ લઇને હવે એક થવું જોઇશે. આપણામાંથી કોઇને પણ પોતાના પ્રાંતના પ્રદેશ અથવા પોતાની ભાષાને વિષે મમતા કે ગૌરવની લાગણી હોય તેમાં કશું ખોટું નથી. એટલું જ નહીં, પોતાના નજદિકના વારસાની બાબતમાં કોઇ પણ સંસ્કારી માણસને મમતાની અને ગૌરવની લાગણી હોય એ કુદરતી છે. આ લાગણીની યોગ્ય મર્યાદા સચવાય તો તે બરાબર છે, પણ પોતાના પ્રાંત કે ભાષાની મમતાની લાગણીની મર્યાદા ચૂકી જવાય અને તે લાગણી બહેકી જાય તો તેમાંથી હિંદુસ્તાનને અને તેની એકતાને માટે સમગ્રપણે મોટું જોખમ ઊભું થાય છે.

૫. આપણા દેશમાં પદ્ધતિસર કામ કરવાની વૃત્તિ અને શિસ્તનો અભાવ વરતાતો હોય તો તેમાં કેવળ આપણી પોતાની માનસિક સ્થિતિ જોવાની મળે છે. કહેવાય છે કે બે માણસો ભેગા થયા એટલે માણસને માટે આફત શરૂ થઇ. પાછલી પેઢીઓએ આપણા કરતાં વધારે અંધકાર અને જોખમોથી ભરેલા જમાનાનો અનુભવ કર્યો હશે, પણ આપણા જમાનામાં બનાવો બહુ ઝડપે બનતા જાય છે અને માણસ આરામ ને નિરાંતથી ચાલીને આગળ વધતો હતો તેને બદલે પરિવર્તનનો વેગ અત્યન્ત તીવ્ર બન્યો છે. પ્રત્યક્ષ પરિણામની દૃષ્ટિએ જોતાં, આપણી પંચવર્ષીય યોજનાઓનાં, ઇજનેરી વિદ્યાનાં, ઉદ્યોગનાં, ખેતીનાં અને એવાં બીજાં ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિઓ સહેજે

નજરે ચઢે તેવી છે. પણ આપણે કુસંપ અને અનિશ્ચયતાની દશામાં રહીશું તો સુખસમૃદ્ધિ મેળવવામાં આગળ વધી શકવાના નથી.

૬. પરસ્પર અથડાતાં હિતો વચ્ચે નિરાકરણના માર્ગ બે છેઃ એક, ગમે તે નિર્ણય લઇ જબરદસ્તીથી તેને સૌ કોઇ પર લાદવાનો અને બીજો, પરસ્પર ચર્ચા અને વિચારણા કરી લોકશાહી રીતે નિર્ણય લેવાનો. આપણે આ દેશમાં સ્વેચ્છાથી લોકશાહી પદ્ધતિનો સ્વીકાર કર્યો છે અને એ પદ્ધતિનો સાચો અર્થ એ છે કે હરેકે સામા પક્ષનો અભિપ્રાય સમજવાની કોશિશ કરવી જોઇએ, છૂટછાટ મૂકવી જોઇએ, અને છેવટે જે કોઇ નિર્ણય થાય તેને અનુકૂળ થવાની વૃત્તિ કેળવવી જોઇએ. લોકશાહીમાં કાર્યપદ્ધતિમાં વિચાર અને તેને વ્યકત કરવાની સ્વતંત્રતા આંચધરી હોય છે ખરી, પણ તેની સાથે સૌએ સાથે મળીને કામ કરવાની અને બધાએ મળીને લીધેલા નિર્ણયોનો કોઇ પણ પ્રકારના સંકોચ વગર સ્વીકાર કરવાની ફરજ ઊભી થાય છે, આટલું આપણે ન કરી શકીએ તો આપણે ખેદાનમેદાન થઇ જઇશું. હિંદુસ્તાનના ઇતિહાસમાં આવું બન્યાના અનેક દાખલાઓ મોજૂદ છે.

તત્ત્વચિંતન, કાર્ય, કળા, સાહિત્ય, સંગીત અને યુદ્ધ જેવાં માનવપુરુષાર્થનાં દરેક ક્ષેત્રોમાં હિંદમાં મહાન વિભૂતિઓ પ્રગટ થઇ છે. પણ એકબીજાથી છૂટા પડી જઇ જેને જે ફાવે તે પોતાને રસ્તે ચાલવાના આપણા વલણથી આપણે આ વિભૂતિઓ અને તેમની મહત્તાનો લાભ લઇ શકયા નથી. આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યની આ ખામી હજી આપણામાં સારી પેઠે વરતાય છે. ભૂતકાળના અનુભવમાંથી બોધ લઇ આપણું વર્તમાન આચરણ હવે આપણે ઘડવું હશે તો પ્રાંતિયતા, ભાષાભિમાન અને કોમ-પરસ્તીની વાડાબંધીની ભાવનાથી પર થઇ, એ લાગણીઓને વશ થઇ તેમના માર્યા બહેકી જવાને બદલે તેમને યોગ્ય અને વધારે વ્યાપક દૃષ્ટિએ નિહાળતાં શીખવું જોઇશે.

૭. પંજાબી બોલનારા લોકોની પોતાના અલગ રાજ્યની માગણી, તાજેતરમાં આસામમાં ભાષાને નિમિત્તે જાગેલો બખેડો, રાજ્યો રાજ્યો વચ્ચે જાગેલી નદીના પાણીની વહેંચણી અંગેની તકરારો અને રાજ્યોની સરહદો અંગેના ઝઘડા એ બધું આ દિશામાં આપણા દેશના લોકોની લાગણીઓ કેવી છે તે બતાવે છે. આ બધા સવાલો મહત્ત્વના છે અને જેમના જીવન ઉપર એમની સીધી અસર થાય છે તેમને સારુ, એ સવાલોનું પાયાનું મહત્ત્વ છે એટલા માટે આ બધા લોકોની લાગણીઓ સમજવી અને તેમને થતી ચિંતાને ઓળખવી જરૂરી છે. પણ તેની સાથે આપણે સૌએ ભૂલવાનું નથી કે તત્ત્વતઃ એ સૌ લોકોનો દેશ એક જ છે અને દેશના કોઇ પણ ખૂણામાં કોઇ પણ સવાલનો ખોટી રીતે ઉકેલ થશે તો તેની સારીમાઠી અસરો બાકીના દેશમાં વરતાયા વિના રહેશે નહીં. રાષ્ટ્ર માણસના શરીર જેવું છે. અને શરીરના કોઇ પણ એકાદ અંગને થતી ઉપાધિ આખા શરીરને અસર કર્યા વિના રહેતી નથી; શરીરના કોઇ પણ અંગમાં થયેલી ઉપાધિનો ઇલાજ તેવી જ રીતે આખા યે શરીર પર અસર કર્યા વિના રહેતો નથી. આખા શરીરને બચાવી લેવા માટે તેના એકાદ અંગને છેદી નાખવાનું અને તેવી જ રીતે આખા શરીરની બધી શકિતને તેના એકાદ અંગની સેવાને અર્થે વાળવાનું પણ જરૂરી બને. આખા શરીરથી તેના એકાદ અંગને છૂટું પાડીને વિચાર થઇ શકતો નથી. આવું કરવાનો કોઇ પણ પ્રયત્ન ખોટો ઠરવાનો સંભવ છે અને એ પાયા પરનું કોઇ પણ નિરાકરણ કાયમ ટકવાનો સંભવ નથી. આ બીના ઉપર હું એટલા માટે ભાર મૂકું છું કે આપણી રાષ્ટ્રીય એકતા સંભાળવાની દૃષ્ટિથી ભવિષ્યનાં થોડાંક વર્ષો આપણા દેશના જીવનમાં નિર્ણાયક બનવાનાં છે અને કોમવાદના તેમ જ ભાષા-વાદના સવાલોનો ઉકેલ આપણે કઇ દૃષ્ટિથી કરીએ છીએ તેના ઉપર આપણા દેશના ભાવિનો આધાર રહેલો છે એવું મને લાગે છે.

૮. આપણી પાછલી ત્રણચાર પેઢી દરમિયાન હિંદની આ પાયાની એકતા બાંધવામાં હિંદી રાષ્ટ્રીય મહાસભાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ મહાન સંસ્થાના ઇતિહાસ તરફ જોતાં પોતપોતાના ક્ષેત્રમાં કાર્ય કરનારી દેશાભિમાની વિભૂતિઓના વિચારથી મારા દિલ પર ઊંડી અસર થાય છે, કેમ કે તેમણે આ સંસ્થા દ્વારા માતૃભૂમિની સેવા કરવામાં પોતાનું જીવન સમર્પણ કર્યું હતું. આપણે સારે નસીબે હિંદના લોકોની સંકલ્પશકિતને એકત્રિત રાખનારી હિંદી રાષ્ટ્રીય મહાસભા હજીયે સૌથી મોટી અને મોટામાં મોટો પ્રભાવ ધરાવનારી સંસ્થા છે. તેની પોતાની કેટલીક નબળાઇઓ અને કેટલીક મુશ્કેલીઓ છે ખરી, પણ બધી મહાન સંસ્થાઓનું એવું હોય છે. આ સંસ્થાનું સત્ત્વ જે કે હજી નરવું તેમ જ દૃઢ છે અને જ્યાં સુધી એ સંસ્થાના કાર્યનો પાયો લોકોની સેવા કરવાનો રહેશે ત્યાં સુધી તેનું ભાવી હજીયે વધારે ઉજ્જ્વળ છે એ વિષે મને શંકા નથી.

૯. આપણી પાસે જે પાંચ ઝોનલ કાઉન્સિલો છે તેમનું કાર્ય વધારે ચેતનાવાળું બનાવવાથી આ અલગ પડી જવાના વલણનો ઇલાજ થઇ શકે એવો સંભવ છે. આ ઝોનલ કાઉન્સિલો અત્યારે માત્ર સલાહ આપનારાં મંડળો હોઇ જે તે ઝોનલના જુદા જુદા ભાગના લોકો સમાન હિતના સવાલોની એકઠા મળીને ચર્ચા-વિચારણા કરી શકે, તેટલા પૂરતું તેમને એકત્ર રાખવામાં અલબત્ત સારું કામ બજાવે છે. પરંતુ આ ઝોનલ કાઉન્સિલો કેવળ સલાહ આપનારાં મંડળો હોઇ પોતાના નિર્ણયોને જરૂરી આધાર આપી તેનો અમલ કરાવવાની તેમની પાસે પૂરતી સત્તા નથી એથી તે મંડળો અસરકારક થયાં નથી, એ તેનું મુખ્ય કારણ હોય એમ મને લાગે છે. દિલ્હીમાં લેવાતા નિર્ણયો કરતી વખતે જે તે ભાગની તમામ સ્થાનિક જરૂરિયાતોનો પૂરેપૂરો વિચાર ન થતો હોય એવો સંભવ છે, તેવી જ રીતે રાજ્યની કક્ષાએ થતા નિર્ણયોમાં જે તે સવાલનું રાષ્ટ્રીય દૃષ્ટિએ પૂરેપૂરું મહત્ત્વ વિચારાતું નહીં હોય એવો પણ સંભવ છે. તેથી વચગાળાની કોઇ કક્ષાએ સવાલોનો નિર્ણય કરનારી સંસ્થાની જરૂર રહે છે એ દેખીતું છે. જો કે આ ઝોનલ કાઉન્સિલોનું કાર્ય કેવળ સલાહ આપવાનું છે એ વાત સાચી, પરંતુ સારે નસીબે અત્યારે આપણી પાસે એ તંત્રો મોજૂદ છે. રાજ્યરાજ્ય વચ્ચે ઊભા થતા મહત્ત્વના સવાલો અને વાહનવ્યવહાર અથવા નદીઓના પ્રદેશોની. ખિલવણીની યોજનાઓ જેવા સવાલો કે જેને પરિણામે ઘર્ષણ પેદા થાય છે અને જે એક કરતાં વધારે રાજ્યની સાથે સંબંધ ધરાવે છે તેના નિરાકરણનો વધારે વ્યાપક દૃષ્ટિ રાખીને ઝોનલ કાઉન્સિલો નિર્ણય કરે એ જરૂરનું છે. આ ઝોનલ કાઉન્સિલોની રચના બધાં હિતોને સંપૂર્ણ પ્રતિનિધિત્વ આપીને હજી વધારે ભલે વ્યાપક થાય, પણ મળી શકે તેટલી બધી બાબતોની પૂરી ચર્ચાવિચારણા બાદ થયેલા તેમના નિર્ણયો તેમાં ભાગ લેનારા સૌ કોઇએ અવશ્ય સ્વીકારવા જોઇએ. કોઇ પણ સવાલના નિરાકરણને માટે નિર્ણય લેવાનો લોકશાહી કાર્યપદ્ધતિનો આ મૂળ સિદ્ધાંત છે. એટલે આ ઝોનલ કાઉન્સિલોને કાયદાથી જરૂરી સત્તા આપી વધારે જીવંત બનાવી તેમની પાસે આવતી બાબતોનો ચર્ચા-વિચારણાને અંતે નિર્ણય લઇ તેમનો અમલ કરવાની સત્તા આપવામાં આવે અને આ કામને માટે યોગ્ય, તેમજ જરૂરી વહીવટનું અને કાયદાઓ કરનારું તંત્ર રચવામાં આવે તો આપણા દેશમાં જણાતા અલગ અલગ પડી જવાના આજના વલણનો નિકાલ કરનારું સાધન આપણને મળી રહેશે.

૧૦. આમાંથી આપણી સામે સત્તાને વિકેન્દ્રિત કરવાનો વધારે મોટો સવાલ આવીને ઊભો રહે છે. લોકશાહી રચનાની અસલ શરત એ છે કે રાજ્યનો વહીવટ લોકોને માટે હોય, લોકોનો પોતાનો હોય એટલું જ નહીં, લોકો જાતે કરતા હોય; મતલબ કે જેમની ખરેખર સર્વોપરી સત્તા છે તેમનામાં એટલે

કે લોકોમાં પોતાનો વહીવટ પોતે ચલાવવાનું સામર્થ્ય હોય એવી સ્થિતિ અવશ્યપણે હોવી જોઇએ. બ્રિટિશ જમાનામાં સનદી નોકરો મારફતે રાજ્યનો વહીવટ ચલાવવાની પદ્ધતિ ઊભી થઇ. પોતાના કામ પૂરતી તે અલબત્ત કાર્યક્ષમ પદ્ધતિ હતી. અને તે જમાના પાસેથી વારસામાં જે સનદી નોકરો આપણને મળ્યા છે તે આજના જમાનાની પલટાતી જતી જરૂરિયાતોને અનુકૂળ થતા જાય છે અને દુનિયાના કોઇ પણ ભાગમાં અસ્તિત્વ ધરાવતી સનદી નોકરીઓના સારામાં સારા તંત્રની સાથે સરખાવી શકાય એવું તેમનું કાર્યક્ષમ તંત્ર આપણી પાસે છે. આમ છતાં ગામડામાં રહેતા સામાન્ય લોકોને તેમણે જાતે ચલાવેલો વહીવટ જેટલા પ્રમાણમાં પોતાનાં કામો પાર પાડવાની પ્રેરણા આપે તેટલા પ્રમાણમાં સનદી નોકરો મારફતે ચાલતો અથવા ખુદ પ્રજાના પોતાના પ્રતિનિધિઓ મારફતે થતો વહીવટ આપી શકે નહીં. હું હંમેશ માનતો આવ્યો છું કે આપણા લોકોમાં એકંદરે પૂરતું ડહાપણ કેળવાયેલું છે અને તેમને વહીવટની વધારેમાં વધારે સત્તા સુપરત કરવામાં કદી સંકોચ રહ્યો નથી. અલબત્ત, આપણાં ગામડાંઓમાં ઝઘડાઓ અને ધર્ષણો હોય છે એ વાત સાચી, પણ ધર્ષણો અને ઝઘડાઓ આપણાં જ ગામડાંઓમાં છે એવું નથી. જુદી જુદી જાતના ઝઘડાઓ અને ધર્ષણો દુનિયાભરમાં, એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય પરિષદોમાં પણ જોવા મળે છે. આમ છતાં લોકોને એક વખત પૂરેપૂરી જવાબદારી સોંપવામાં આવે અને તેના ઉપર કોઇ પણ જાતની મર્યાદા મૂકવામાં ન આવે તો લોકો તેને પૂરેપૂરા અનુકૂળ થઇ પોતાની જવાબદારી બરાબર અદા કર્યા વિના રહેશે નહીં. આ જ રીતે આપણે સંપૂર્ણ સ્વતંત્રતાની સ્થિતિ આપણા દેશમાં ઊભી કરી હશે. આંધ્ર અને રાજસ્થાને લોકશાહી વિકેન્દ્રીકરણનો આ પ્રયોગ શરૂ કર્યો છે અને આજે એક વર્ષ થયાં ચાલતા આ પ્રયોગને નોંધવા લાયક સફળતા મળી છે તેથી મને આનંદ થયો છે. મને પૂરી આશા છે કે પ્રદેશનાં બીજાં રાજ્યો પણ આ બંને રાજ્યોની મારફત આ મહાન અખતરો ચાલુ કરશે.

૧૧. આ સંબંધમાં એવા કેટલાક અભિપ્રાયો વ્યક્ત થયા છે કે વિકેન્દ્રીકરણનો અર્થ માત્ર રાજ્યની કક્ષાથી જિલ્લાની અને ગામની કક્ષાએ એટલો જ ન કરતાં તે જ ધોરણે દિલ્હી એટલે કેન્દ્રથી રાજ્યની કક્ષાએ પણ સત્તાનું વિકેન્દ્રીકરણ થાય એવો કરવો જોઇએ.

૧૨. હવે મારે કૉંગ્રેસની અંદર લાંચરુશ્વતની અને શિસ્તના અભાવની બદી ફેલાયેલી છે એવા જે આક્ષેપો વારંવાર થાય છે તેનો ઉલ્લેખ કરવો જોઇએ. મને લાગે છે કે આ વિષયમાં વધારે પડતી મોઘમ અસ્પષ્ટ વાતો થઇ છે. આપણે નવી વ્યવસ્થા ઊભી કરવી હોય તો લાંચરુશ્વતની બદીને આપણા સમાજ અને રાજ્યવ્યવસ્થામાંથી જડમૂળથી અવશ્ય ઉખેડવી જોઇએ. આમ છતાં આને વિષેની વાતો કરતી વખતે આપણે અમુક પ્રકારનું સમતોલપણું અને જવાબદારીનું ભાન રાખ્યા વિના ચાલશે નહીં. આ વિષે આપણે થોડા વખત પર એક ઠરાવ કર્યો છે અને પોતાના પ્રામાણિકપણા માટે તેમ જ સ્વતંત્ર ખવાસને માટે જાણીતી થયેલી ઊંચા મોભાવાળી વ્યક્તિઓને જ્યારે જ્યારે લાંચરુશ્વતના આક્ષેપો કરવામાં આવે ત્યારે તેમાં નિષ્પક્ષપણે ઊંડા ઊતરી તપાસ કરવાને વિનંતી કરી છે. બહોળી સત્તા ધરાવનારું આવું તપાસપંચ આજે કેટલોક વખત થયાં અસ્તિત્વમાં હોવા છતાં અને કરવામાં આવતા બધા આક્ષેપોની તપાસ કરવાનો કોલ આપ્યા છતાં આમાંથી હજુ કશું નીપજ્યું નથી. શું કૉંગ્રેસમાંથી કે શું બીજેથી લાંચરુશ્વતની બદીને નિષ્ઠુર થઇને જડમૂળથી ઉખેડી નાખવી જોઇએ તે વાત સાચી, પણ તેને વિષે મોઘમ વાતો અને અસ્પષ્ટ આક્ષેપો ચાલુ રહેવાથી દેશની નીતિનું ધોરણ ઊતરી જાય છે, સાર્વજનિક જીવનનું સત્ત્વ હણાય છે અને વધારામાં રાષ્ટ્રના વિકાસનું હિત જોખમાયા વિના રહેતું નથી.

૧૩. આની સાથે સંકળાયેલો કૉંગ્રેસની અંદરની ગેરશિસ્તનો સવાલ છે. આ પ્રશ્ન ઘણો વધારે ગંભીર હોઇ તેનો ઘણાજ દૃઢતાથી અને હિંમતથી કરવાની જરૂર છે. કૉંગ્રેસના મંડળોમાં મોટી બહુમતીથી ઠરાવો મંજૂર થાય છે, પણ ખુદ તે ઠરાવોની તરફેણમાં મત આપનારા લોકોને વિષે સાચી શ્રદ્ધા હોતી નથી. સ્ત્રીઓ અને પુરુષો જે ઠરાવને વિષે પોતાને સાચી શ્રદ્ધા ન હોય તેની તરફેણમાં ગમે તેમ મત આપે તેના કરતાં બહેતર છે કે તેઓ પોતાની સાચી માન્યતાઓ પ્રામાણિકપણે વ્યક્ત કરે અને પોતાનું અંતઃકરણ કહે તે પ્રમાણે પોતાનો મત નોંધાવે. પોતાની સમક્ષ રજૂ થતા ઠરાવોમાં શ્રદ્ધા ન હોવા છતાં તેની તરફેણમાં મત આપવા કરતાં ખુલ્લી રીતે પોતાનો વિરોધ જાહેર કરવાનું અથવા તે ઠરાવ પ્રત્યે પોતાની અશ્રદ્ધા વ્યક્ત કરવાનું કામ વધારે સાચું અને હિંમતનું ઠરશે. આવા લોકોને મારી અંતરની અપીલ છે કે તેઓ નિખાલસપણે પોતાના વિચારનો પ્રચાર કરી સક્રિયપણે છેવટના નિર્ણયો ઘડવામાં પોતાનો ફાળો આપે, કેમ કે તે રીતે ઠરાવ મંજૂર કરનારા લોકોનો સાચો સંકલ્પ તેમાં પ્રગટ થશે. અને એ રીતે કામ કરતાં એ ઠરાવો વધારે વાસ્તવિક અને વધારે પવિત્ર થયા વિના રહેશે નહીં.

૧૪. ઐતિહાસિક કારણોને પરિણામે કૉંગ્રેસ સંસ્થા પ્રજાની સેવાનું એક મોટું સાધન બનેલું હોઇ તેમાં કુદરતી રીતે સત્તાની આકાંક્ષાવાળા લોકો ખેંચાય છે. હકીકતમાં એવું બન્યું છે કે સરકારોની સચિવાલયોમાં સત્તાનાં પદો પર કૉંગ્રેસીઓ સામાન્યપણે વધારે કાર્ય કરતા જણાયા છે અને ગામડાંઓમાં તેમ જ બીજા ક્ષેત્રોમાં તેમનું કાર્ય ઉત્તરોત્તર ઓછું થતું જાય છે. આવા લોકોને વખોડવાનો કશો અર્થ નથી, કેમ કે સામાન્ય માણસોને માટે આવું વલણ સ્વાભાવિક છે.

૧૫. સંપત્તિ, સત્તા અને કીર્તિને બદલે સ્વેચ્છાએ ગરીબી, હાડમારી અને સેવાનો સ્વીકાર કરવાની પ્રવૃત્તિની રાષ્ટ્રને પ્રેરણા આપનારા ગાંધીજી જેવા મહાન અને આખી દુનિયાને સન્માન્ય એવા આગેવાન જવલ્લેજ પ્રગટ થાય છે. ગાંધીજીએ આપણને બતાવ્યો તે કાંઇક વિચિત્ર લાગે તેવો અને નવો રસ્તો હતો. પણ તેઓ જે કહેતા હતા તે અસલમાં કાંઇ નવું નથી. મહાપુરુષોએ પહેલાં પણ એવો જ ઉપદેશ આપ્યો હતો, પરંતુ તે ઉપદેશ અને ગાંધીજીના ઉપદેશ વચ્ચે એક મોટો ફેર હતો. પહેલી જ વાર ગાંધીજીએ પોતાના ઉપદેશનો પ્રયોગ સામુદાયિક રાજકીય કાર્યને માટે કર્યો. વ્યક્તિએ પોતાના અંગત જીવનમાં જે કરવાનો ધર્મ મનાતો હતો તેનો ઉપયોગ સામુદાયિક કાર્યમાં કરવાનો તે ઉપદેશ હતો. જાદુ થયો હોય તેમ ગાંધીજીનો અને તેમના ઉપદેશનો પ્રભાવ ફેલાતો ગયો અને આપણા મુલકના ગભરાઇ ગયેલા અને ડધાઇ ગયેલા લોકોને ટટ્ટાર થઇ, મોભાભેર હિંમતથી વીરોની માફક કાર્ય કરતા આપણે જોયા. માનવી સંબંધોના ઇતિહાસમાં આવા આગેવાનો જવલ્લે પ્રગટ થયેલા જોવા મળે છે. આજે આપણે સામાન્ય કાળના લોકો અને સામાન્ય કાળના આગેવાનો સાથે કામ લેવાનું થયું છે, કેમ કે અસામાન્ય સંજોગોમાં જ અસાધારણ શક્તિશાળી આગેવાનો પેદા થાય છે. સામાન્યપણે તેથી લોકો સત્તાની પાછળ દોડે છે એ વાત સમજી શકાય તેવી છે. રાજકીય દૃષ્ટિએ થતા બધા કાર્યનો અર્થ આખરે સરકારની સત્તાથી થતું કાર્ય એવો થાય. આમ સત્તાની આકાંક્ષા રાખવી એમાં કશું ખોટું નથી. સ્વાર્થી આકાંક્ષાઓ પાર પાડવા સત્તાનો ગમે તે રીતે કબજો લેવા કાવાદાવા અને હલકા પ્રકારની ખટપટો કરવી એ ખોટું છે. અપૂર્ણ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૧, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

મુનિશ્રી જિનવિજયજીને અભિનંદન

પ્રજાસત્તાક દિને ભારત સરકાર તરફથી જે માનચાંદની લહાણી કરવામાં આવે છે તેમાં આ વખતે મુનિશ્રી જિનવિજયજીને 'પદ્મશ્રી'નો ચંદ્રક આપવામાં આવ્યો છે. આ રીતે મુનિશ્રીની આજીવન સાહિત્યસેવાની કદર થયેલી જોઇને ઘણો આનંદ થાય છે અને તેમને આ નિમિત્તે વિદ્વદ્ સમાજના અનેક અભિનંદન ઘટે છે. લગભગ નિરક્ષર એવી સ્થિતિમાં બહુ નાની ઉમ્મરે તેમણે જૈન દીક્ષા અંગિકાર કરેલી અને ત્યારથી તેઓ વાંચન, લેખન, અધ્યયન તરફ વળેલા. આમાંથી તેઓ પુરાતત્વ સંશોધનના કાર્ય તરફ આકર્ષાયા. ૧૯૨૦–૩૦ ના ગાળામાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી પુરાતત્ત્વ સંશોધન મંદિરની સ્થાપના કરવામાં આવેલી ત્યારે તેના આચાર્ય તરીકે તેમણે વર્ષો સુધી કામ કરેલું અને તેમના માર્ગદર્શન નીચે અનેક ઉપયોગી પ્રકાશનો નિર્માણ થયેલાં. સમયાન્તરે મુંબઇના ભારતીય વિદ્યાભવનમાં પણ એવી જ પ્રવૃત્તિનું સંચાલન સૂત્ર તેમને સોંપવામાં આવેલ અને તે દ્વારા પ્રકાશિત થઇ રહેલ સિંઘી જૈન ગ્રંથમાળા તેમના જ અખંડ સંશોધન તથા શ્રમનું ફળ છે. ભારતનું નવનિર્માણ થયા બાદ રાજસ્થાનનું રાજકીય ઘટક અસ્તિત્વમાં આવ્યું અને થોડા સમયમાં તે રાજ્ય તરફથી ખોલવામાં આવેલ પુરાતત્વ સંશોધન ખાતાના સંચાલનની જવાબદારી તેમને સોંપવામાં આવી. આ જવાબદારીનું તેઓ આજ સુધી વહન કરી રહ્યા છે. આજે તેઓ ૭૫ વર્ષની સીમા વટાવીને આગળ ચાલ્યા છે; આંખે જોવાની અડચણ વધતી જાય છે; શરીર ઉપર જર્જરિતતાનો પ્રભાવ વધતો જાય છે. આમ છતાં સિંઘી જૈન ગ્રંથમાળાની હજુ ચાલુ રહેલી જવાબદારી અવાર નવાર તેમને મુંબઇ ખેંચી લાવે છે. એમ જ રાજસ્થાનનું સાહિત્ય સંશોધન કાર્ય તેમને જોધપુર ખેંચી જાય છે, અને જરૂર આવતાં અમદાવાદ રોકાવાનું તો હોય જ છે. આમ ઉમ્મર અને વૃદ્ધાવસ્થાની ઉપેક્ષાપૂર્વક તેમનું પરિભ્રમણ અને સંશોધન કાર્ય ચાલુ રહેલ છે. આવો અખંડ આજીવન વિદ્યાવ્યાસંગ દાખવતી વિરલ વિભૂતિનું ભારત સરકાર બહુમાન કરે તે યોગ્ય અને સર્વ પ્રકારે ઉચિત છે.

ભારત ખાતે પધારેલાં બ્રિટનનાં રાણી

બ્રિટનના રાણી એલીઝાબેથ ભારત સરકારના નિમંત્રણથી ભારતના પ્રવાસે નીકળ્યા છે અને ગયા જાન્યુઆરી માસની ૨૩મી તારીખે ન્યુ દિલ્હી ખાતે પધાર્યાં છે. આપણા દેશમાં જે બ્રિટીશ હકુમત વર્ષોથી મર્મઘાતક જડ ઘાલી બેઠી હતી અને દેશના રસકસને જે હકુમત સતત ચુસી રહી હતી તેની સામે દેશવ્યાપી તુમુલ આંદોલન ચલાવીને આજથી ૧૩ વર્ષ પહેલાં તેને આપણે ખતમ કરી. તે જ હકુમતની પ્રતિનિધિસમી રાણી એલીઝાબેથને ભૂતકાળનાં વૈરવૈમનસ્ય ભૂલી જઇને આપણે એક પ્રકારની હાર્દિકતાથી નોતરીએ, તે પણ ભૂતકાળને એ જ પ્રકારે ભૂલી જઇને હોંશભેર અહીં આવે અને આપણી મહેમાન બને અને અહીં આવતાંવેંત બ્રિટિશ હકુમતની આ દેશમાંથી જડ ઉખેડનાર મહાત્મા ગાંધીજીના સમાધિસ્થળ ઉપર જાય અને તે ઉપર પુષ્પમાળ પધરાવે–જગતના ઇતિહાસમાં બની રહેલી આ એક અદ્‌ભૂત ઘટના છે અને તે ભારત તેમજ બ્રિટનને–બન્ને રાષ્ટ્રોને–ગૌરવ આપે તેવી છે. આ ઘટના પાછળ મહાત્મા ગાંધીએ આપેલી ઉદાત્ત જીવનદૃષ્ટિ કામ કરી રહી છે. એક વખત પરસ્પર–વિરોધી બનેલા રાષ્ટ્રોનાં દિલમાં કોઇ ડંખ ન રહે–એ ગાંધીજીની વિશિષ્ટ ટેકનિકનો પ્રભાવ છે; તે દ્વારા બન્નેના દિલમાં પ્રેરાયેલી ઉદાત્તતાનું પરિણામ છે. અહિં દેશ દેશના પ્રમુખ સૂત્રધારો આવ્યા અને ગયા; તેમનું આપણે સન્માન અને સરભરા કરી; પણ એ પ્રમુખ સૂત્રધારો અને રાણી એલિઝાબેથના ભારત ખાતે થયેલા આગમનમાં ઉપર જણાવ્યો તે પ્રકારનો મહત્ત્વનો તફાવત છે. આ રાણીનું અહિં આ રીતે આવવું અને તેના આગમનને આપણા તરફથી આ રીતે વધાવવું–આ દ્વારા જાણે કે બન્ને દેશના ચિત્તનું ઉર્ધ્વીકરણ સધાતું હોય, ઊંડાણમાં રહેલા રાગદ્વેષ નિર્મૂળ બનીને બન્ને વચ્ચે સદ્‌ભાવની–પ્રેમની–ભૂમિકા સ્થપાતી હોય એવું સંવેદન બન્ને પક્ષે અનુભવાઇ રહ્યું છે. રાણી એલીઝાબેથ જાણે કે આ પ્રકારની મૈત્રીની પ્રતિક હોય એમ તેના વિષે આપણું દિલ આદરભાવ અનુભવે છે અને તેના આગમનને સ્વજનની માફક આવકારે છે. આજ પ્રકારનો ભાવ દર્શાવતા બ્રિટનના શિક્ષણપ્રધાન સર ડેવીડ હકલીસે ભારતના પ્રજાસત્તાક દિન નિમિત્તે ભારતના બ્રિટનવાસી વિદ્યાર્થીઓ તરફથી યોજાયેલા એક ભોજન સમારંભ પ્રસંગે બોલતાં જણાવ્યું છે કે "બ્રિટન અને ભારત વચ્ચેના સંબંધો અંગે ભૂતકાળમાં અવશ્ય ભૂલો થઇ છે. એમ છતાં, આજે જ્યારે બ્રિટીશ રાણી ભારતના પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભારતના પાટનગર ખાતે ગૌરવભેર ભાગ લઇ રહેલ છે ત્યારે ખચિત એમ કહી શકાય કે, આપણા બન્ને દેશો વચ્ચેના લાંબા તવારીખી સંબંધના હિસાબો સરભર થઇ જવા ઉપરાંત ચોક્કસપણે જમા પાસું દર્શાવે છે."

રાણી એલીઝાબેથ અને વાઘના શિકારનું આયોજન

શિકાર એ ભૂતકાળના રાજા મહારાજાનો પ્રિય વ્યવસાય હતો અને તે પાછળ હજારો રૂપિયાનું પાણી કરવામાં આવતુ હતું, અને સંખ્યાબંધ નિર્દોષ પશુઓનો અને પંખીઓનો સંહાર કરવામાં આવતો હતો, અને તેમ કરવામાં આ રાજા મહારાજાઓ એક પ્રકારનો રાક્ષસી આનંદ અનુભવતા હતા.

આપણે આશા સેવતા હતા કે આ રાજા મહારાજાઓના ખતમ થવા સાથે તેમની સાથે જોડાયલી આ શિકારની પરંપરા પણ ખતમ થઈ હશે. વળી જે સ્વરાજ્ય સાથે ગાંધીજીનું નામ જોડાયેલું છે તે સ્વરાજ્યમાં વાઘ વરૂના શિકારને કોઈ સ્થાન નહિ હોય એવી પણ આપણે કલ્પના કરી રહ્યા હતા. પણ ભારત ખાતે પધારેલાં રાણી એલીઝાબેથના સ્વાગત અર્થે રાજસ્થાનમાં આવેલા સવાઇ-માધોપોર પાસેના જંગલમાં કેટલાય દિવસથી આ શિકારની તૈયારી ચાલતી હતી. છેલ્લા પચ્ચાસ દિવસથી અમુક સ્થળે વાઘ આવવાને ટેવાય એ હેતુથી હંમેશાં એક પાડો યા બકરો બાંધવામાં આવતો હતો. આ સમાચાર જાણવામાં આવતાં આપણું દિલ સ્વાભાવિકપણે તીવ્ર આઘાત અનુભવે છે. આવો પશુનો શિકાર તે પુરાતન કાળના જંગલી જીવનનો અવશેષ છે અને દયા, કરૂણા, અહિંસા ઉપર આધારિત ભારતીય સભ્યતામાં આવા નિષ્ઠુર આનંદને કોઇ અવકાશ હોઇ ન જ શકે. એમ છતાં ભારત સરકાર જ જ્યારે પોતાના માનવન્તા મહેમાનને ખુશ કરવા આવું આયોજન કરે ત્યારે, કાં તો ભારતીય સભ્યતાનો આપણો ખ્યાલ ખોટો છે એમ માનવું રહ્યું અથવા તો ભારત સરકાર હજુ આ બાબતમાં ભૂતકાળના રાજા મહારાજાઓ અને અંગ્રેજ સુબાઓની પરંપરા અને રૂઢ ખ્યાલોથી ઊંચે આવી નથી એમ આપણે કલ્પવું રહ્યું. ભારત સરકાર તરફથી કરવામાં આવેલ આવા શિકાર–આયોજનથી અહિંસાપ્રેમી અનેક પ્રજાજનોનાં દિલ ખૂબ દુભાયાં છે, એટલું જ નહિ પણ, બ્રિટનમાં પણ આવા શિકાર–પ્રબંધ સામે ખૂબ પ્રતિકુળ પ્રત્યાઘાત પડયા છે. લંડનથી ૨૫મી તારીખે અહિં આવેલા સમાચારો જણાવે છે કે 'ડેઇલી મીરર'ના અગ્રલેખમાં ડયુક ઓફ એડીનબર્ગે કરેલા વાઘના શિકારની સખત ઝાટકણી કાઢવામાં આવી છે અને શાહી યુગલના આ અતિ મહત્વભર્યા પ્રવાસની શરૂઆતમાં આ એક વિસવાદી પ્રકરણ બન્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. એક સ્વતંત્ર સામયિકે જણાવ્યું છે કે લાખો અંગ્રેજો આવી પશુઓ અને પંખીઓની હત્યાના પ્રત્યે ધૃણા ધરાવે છે એ બ્રિટિશ શાહી કુટુંબે ધ્યાનમાં લેવું જોઇતું હતું. ન્યૂ સ્ટેટ્સમેનના અધિપતિ તરીકે જેમણે ૩૦ વર્ષ સુધી સેવા બજાવી છે તેવા શ્રી કિંગ્ઝલી માર્ટીને મજુર પક્ષનું સ્વતંત્ર છાપું 'ડેઇલી હેરલ્ડ'માં આજે જણાવ્યું છે કે વાઘનો શિકાર એક એવી પ્રવૃત્તિ છે કે જેનો ઇંગ્લાંડની રાણીએ ભારત ખાતે મક્કમપણે અસ્વીકાર કરવો જોઇતો હતો, કારણ કે તે ભૂતકાળના સંસ્થાનવાદનું પ્રતીક છે, મહારાજાઓ અને અંગ્રેજ સાહેબોએ વિકસાવેલી ક્રીડા છે અને આ કારણે ખાસ કરીને અદ્યતન ભારત આવા શિકાર વિષે ઊંડો અણગમો અને તિરસ્કાર ધરાવે છે."

બ્રિટનનાં રાણીના સ્વાગત અને આતિથ્ય અર્થે સ્થળે સ્થળે જે બાદશાહી અને સારા પ્રમાણમાં ખરચાળ ગોઠવણો થયાનું સાંભળવામાં આવે છે તે ઉપરથી આ બાબતમાં કાંઇક અતિરેક અને વેવલાપણું થયું છે એમ લાગ્યા વિના રહેતું નથી. એમ છતાં આ બધું આપણે દરગુજર કરીએ પણ ઉપર જણાવેલ શિકારનો પ્રબંધ તો અક્ષમ્ય છે, કારણ કે આથી ગાંધીના ભારતની દુનિયાભરમાં અવહેલના થઇ છે અને આવી બાબતમાં આપણે કેવળ પરંપરાના ગુલામ છીએ એમ જાહેર રીતે પુરવાર થયું છે.

છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાની શાનદાર અનાવરણ વિધિ : એક વિચારણા

જાન્યુઆરી તા. ૨૬મી ગુરૂવાર–પ્રજાસત્તાક દીનના રોજ સવારના ભાગમાં મુંબઇ ખાતે એપોલો બંદરના ચોગાનના મધ્ય ભાગમાં–ગેટવેય ઓફ ઇન્ડિયાની સામે–છત્રપતિ શિવાજી મહારાજની અશ્વારૂઢ ધાતુપ્રતિમાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી યશવન્તરાવ ચવ્હાણના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. આજ સ્થાન ઉપર પહેલાં શહેનશાહ પંચમ જ્યોર્જનું પુતળું ઉભું હતું. ભારતને આઝાદી પ્રાપ્ત થયા બાદ દુનિયાના આ પ્રવેશદ્વાર ઉપર ગાંધીજીની પ્રતિમા મૂકવાની વાતો ચાલતી હતી. તેના બદલે હવે તે સ્થળે શિવાજી મહારાજની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રતિમા ૩૬ ફીટ ઊંચી છે અને ભારતીય શિલ્પનો સુંદર નમુનો છે. આ પ્રતિમા જોતાં શિવાજી મહારાજની ભવ્ય પ્રતિભાનું આપણને દર્શન થાય છે. આ અનાવરણ-સમારંભમાં હજારો લોકોએ ભાગ લીધો હતો અને હાજર રહેલી વિરાટ માનવમેદનીના દિલમાં ઉત્સાહની અજબ ભરતી દેખાતી હતી—જાણે કે વર્ષોથી સેવાયલા કોઇ સ્વપ્નને મૂર્ત રૂપ મળ્યું ન હોય! જ્યારે પ્રતિમાને આચ્છાદિત કરતું વસ્ત્રાવરણ દૂર કરવામાં આવ્યું ત્યારે તે પ્રતિમા-અનાવરણને ભૂંગળોથી વધાવી લેવામાં આવ્યું હતું અને ૩૩૩ બહેનોએ ખુલ્લી મૂકાયલી શિવાજી મહારાજની પ્રતિમાની આરતિ ઉતારી હતી અને ૧૫૦૦ બાળકોએ એકઠાં મળીને સમૂહગાન ગાયાં હતાં.

આ અનાવરણવિધિ કરતાં શ્રી ચવ્હાણે જણાવ્યું હતું કે "અહીં આપણી સમક્ષ આપણા નેતા, મહારાષ્ટ્રના નેતા, ભારતના નેતા ઉભા છે. આ મૂર્તિ ભારતના સ્વમાનનું, અભિમાનનું, ગૌરવનું પ્રતિક છે. શિવાજી મહારાજ ન્યાયી શાસન માટે સામાન્ય જનતાની મદદથી લડયા હતા, અને એ કારણે તેમણે આમજનતાનું સંગઠન સાધ્યું હતું. તેઓ આમજનતાના નેતા હતા અને તેનું કલ્યાણ એ જ તેમની ચિંતાનો મુખ્ય વિષય હતો. અનેક પ્રતિકુળ સંયોગો સામે તેમણે દાખવેલી હિંમત તથા શુરવીરતા અને એકતા તથા આદર્શોની પરિપૂર્તિ અર્થે તેમણે રજુ કરેલાં ભવ્ય પરાક્રમો સૌ કોઇએ અનુકરણ કરવા લાયક હતાં. આપણે મહારાષ્ટ્રમાં એવા રાજ્યની સ્થાપના કરવાની પ્રતિજ્ઞા લીધી છે કે જેમાં સમાનતા અને જીવનની પવિત્રતાને પૂરું સ્થાન હોય. આપણા પ્રજાસત્તાક રાજ્યની સ્થાપનાની ૧૧મી સંવત્સરિના રોજ એ આદર્શને સિદ્ધ કરવા માટે આપણે પુનઃ પ્રતિજ્ઞાબદ્ધ થઇએ છીએ.

"આપણે મહારાષ્ટ્રવાસીઓ પ્રાન્તીયતા કે સંકીર્ણતાને વરેલા છીએ એમ કહેવું તદ્દન ખોટું છે એમ હું મક્કમપણે જાહેર કરું છું. ઉલટું આપણી દેશભક્તિ અત્યંત ઊંડી છે. આજનો દિવસ આખા ભારતનો દિવસ છે. આજના પ્રજાસત્તાક દિને આ પ્રતિમાને અહીં પ્રસ્થાપિત કરવામાં આવે છે અને એ રીતે આખો દેશ આપણી આંખો સામે ખડો થાય છે."

'અમે પ્રાન્તીયતા કે સંકીર્ણતાને વરેલા છીએ એમ અમારા વિષે અન્ય કોઇ ધારતા હોય તો તે ખોટું છે.' આવો ખુલાસો આવા પ્રસંગે પંત પ્રધાન શ્રી ચવ્હાણને કરવો પડે તે બતાવે છે કે તેમના મનમાં કાંઇક વસવસો છે કે આજે તેઓ જે કાર્ય કરી રહ્યા છે તે ભારતની આજની આબોહવા સાથે અથવા તો વિશાળ ભારતની કલ્પના સાથે પૂરું સંગત નથી અને તે પાછળ પ્રાંતીયતાની કે સંકીર્ણતાની કોઇને ગંધ આવવા સંભવ છે, અથવા તો તેમને મનમાં ઊંડાણથી એમ લાગતું હોવા સંભવ છે કે પ્રસ્તુત કાર્યને તેઓ જે રીતનું સમજે છે અથવા તો વર્ણવે છે તે આકારમાં તે કાર્યને અન્ય લોકો ગ્રહણ કરવાના નથી. આમ ન હોત તો ઉપરની સ્પષ્ટતા કરવાની તેમના માટે કશી જરૂર નહોતી. આવી વિચારણા પ્રસ્તુત કાર્યના આચિત્ય-અનૌચિત્યના ઊંડાણમાં ઉતરવા આપણને પ્રેરે છે.

આમ જ્યારથી મુંબઇ રાજ્ય વિભાજિત થયું અને નવા મહારાષ્ટ્ર રાજ્યનો ઉદય થયો ત્યારથી શિવાજી મહારાજને પ્રજા સમક્ષ વધારે ને વધારે આગળ લાવવાની પ્રવૃત્તિ મહારાષ્ટ્ર રાજ્ય તરફથી ગતિમાન થઇ રહેલી માલુમ પડે છે. મહારાષ્ટ્ર રાજ્યની સ્થાપનાની, પ્રતાપગઢના કીલ્લા ઉપર શિવાજી મહારાજની ની અશ્વારૂઢ પ્રતિમા પ્રસ્થાપિત કરીને, ઉજવણી કરવામાં આવી હતી. ત્યાર પછી તાજેતરમાં પ્રજાસત્તાક દિનને ઉપર જણાવ્યું તે રીતે ઉજવવામાં આવેલ છે. નવા રાજ્યની સ્થાપના બાદ હવે સરકારી ઓફિસોમાં લગભગ સર્વત્ર શિવાજી મહારાજની છબી મધ્યસ્થાને ગોઠવાયલી જોવામાં આવે છે. જે રાજ્યની સરકારના અગ્રગણ્ય પુરૂષોના દિલમાં જે મહાપુરૂષ વિષે ઉંડી આદરભક્તિ હોય તે મહાપુરૂષને તે રાજ્યપુરૂષો શાસિત પ્રજા સમક્ષ આગળ ધરવા ઇચ્છે એ તદ્દન સ્વાભાવિક છે, પણ આવી ઇચ્છા જ્યારે એક રાજ્યવ્યાપી સઘન આન્દોલનનું સ્વરૂપ ધારણ કરતી દેખાય છે ત્યારે આ સંબંધમાં આજના અવસરે કાંઇક કહેવાનું પ્રાપ્ત થાય છે.

આપણા વિશાળ રાષ્ટ્રમાં સ્થળે સ્થળે અને પ્રદેશે પ્રદેશે અનેક મહાપુરૂષો પેદા થયા છે અને આવા દરેક મહાપુરૂષે પોતપોતાના સમયમાં દેશની કોઇને કોઇ સેવા બજાવી છે અને દેશને આગળ વધવામાં અથવા તો કોઇ અનર્થથી બચવામાં મદદ કરી છે. આમ છતાં આજે દેશની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં ત્રણ બાબતના વિશિષ્ટ સમર્થનની અપેક્ષા રહે છે: (૧) સમગ્ર દેશ વિષે એકતા અને સંગઠ્ઠનની ભાવના વધે અને દિનપ્રતિદિન વધતી જતી અન્તર્ગત ભંગાણની સ્થિતિ અટકે, (૨) કોમી એકતાની ભાવના વધે–ખાસ કરીને હિન્દુ મુસલમાન વચ્ચેની–અને કોમી ભેદભાવ બને તેટલા નાબૂદ થાય, (૩) અહિંસા તરફ લોકમાનસ વધારે ને વધારે ઢળે અને હિંસાથી લોકમાનસ વધારે ને વધારે પાછું ફરે. આ ત્રણ અપેક્ષાઓને પોષે એવા વ્યક્તિવિશેષને આપણે પ્રજા સમક્ષ વધારે ને વધારે આગળ ધરીએ અને એ અપેક્ષાઓ જેમાં આપણને પૂરતા પ્રમાણમાં સમર્થિત થતી નથી એમ લાગે તેવા વ્યક્તિવિશેષને આપણે ગૌણસ્થાન આપીએ. આ રીતે આપણા દેશના મહાપુરૂષોનો આપણે વિચાર કરવો ઘટે છે; આ જ રીતે આપણે રાણા પ્રતાપ, ગુરૂ નાનક, છત્રપતિ શિવાજી મહારાજ કે એવા કોઇ વ્યક્તિવિશેષનો વિવેક કરવો ઘટે છે. રાણા પ્રતાપ ગમે તેટલા મોટા દેશભક્ત લેખાતા હોય તો પણ આજે આપણે તેમને ભારતના સર્વોચ્ચ ઇષ્ટદેવતાનું સ્થાન આપી નહિ શકીએ. કારણ કે એ વ્યક્તિના ચરિત્ર સાથે હિંદુ મુસલમાનનું ધર્ષણ જોડાયેલું હતું, અને અહિંસાની અદ્યતન વિચારસરણીને તેમના જીવનમાં કોઇ સ્થાન ન હતું. ગુરૂ નાનક વિષે પણ આમ જ વિચારવું રહ્યું. અને છત્રપતિ શિવાજી મહારાજ વિષે વિચાર કરતાં તેમના જીવનની બે વિશેષતાઓ જ મુખ્યપણે આપણા મન ઉપર આગળ આવે છે. (૧) હિંદુન્નતિને અને હિંદુ ધર્મને તેમણે ઇસ્લામની પકડમાંથી બચાવ્યા, (૨) ભારત આખામાં જામેલી મોગલ સત્તાને તેમણે પડકારી અને સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. શિવાજી મહારાજ વિષે કલ્પનાઓ કરીને તેમનામાં અનેક ગુણો અને વિભૂતિઓનો આરોપ કરી શકાય છે અને ભારતમાં કોઈ કાળે હતી નહિ અને હશે નહિ એવી એક અનન્ય વ્યક્તિ તરીકે તેમને વર્ણવી શકાય છે અને તે રીતે મહારાષ્ટ્રના પ્રમુખ મહાપુરુષ તરીકે તેમની પૂજા કરી યા કરાવી શકાય છે, પણ તેમના સમગ્ર જીવનમાંથી જે સાર નીકળે છે તે ઉપરના બે મુદ્દાઓ આસપાસ વીંટળાયેલો છે અને આ બે મુદ્દાઓને ભારતની અદ્યતન વાસ્તવિક પરિસ્થિતિ સાથે કોઇ પ્રત્યક્ષ સંબંધ નથી. આ દોરણે વિચારતાં, છત્રપતિ શિવાજી મહારાજની મહારાષ્ટ્ર રાજ્ય તરફથી જે મોટા પાયા ઉપર પુજા ચાલી રહી છે તેમાં અતિરેક તેમ અનૌચિત્યનો ભાસ થાય છે. વસ્તુતઃ પૂર્વકાળમાં થઇ ગયેલ કોઇ પણ મહાન વ્યક્તિ આજનું ભારત કે જેમાં રાજકારણ વધારે ગાઢપણે સંકળાયેલું છે તેની વિશિષ્ટ પરિસ્થિતિના ચોગઠામાં પૂજા સ્થાને બેસાડવા માટે સંપૂર્ણ યોગ્યતા ધરાવતી માલુમ નહિ પડે. આ માટે તો આધુનિક કાળના મહાપુરૂષો તરફ જ દ્રષ્ટિ દોડાવવાની રહે અને એ રીતે જોતાં આપણી નજર લોકમાન્ય તિલક કે મહાત્મા ગાંધી ઉપર જ ઠરવી ઘટે.

લોકમાન્ય તિલક અદ્યતન મહારાષ્ટ્રના ખરા પિતા છે, સર્વમાન્ય સર્વવન્દ્ય રાષ્ટ્રપુરૂષ છે, અને અદ્યતન ભારતના ઘડતરમાં તેમનો અતિ મહત્વનો ફાળો છે. આવી વિભૂતિને બાજુએ રાખીને શિવાજી મહારાજને જ્યારે આટલું બધું પ્રાધાન્ય આપવામાં આવે છે ત્યારે તે પાછળ, આજના મહારાષ્ટ્રને જે જાણે છે તેના મન ઉપર, બ્રાહ્મણ વિરૂદ્ધ મરાઠા કોમના પ્રભુત્વને વધારે વેગ આપવાનો આશય હોય એવી કાંઇક છાયા ઉભી થાય છે. મહારાષ્ટ્રની સાંસ્કૃતિક એકતા અને ઘડતરની દૃષ્ટિએ આવી છાયા ઇચ્છવા-યોગ્ય નથી, કલ્યાણકર નથી.

આ ઉપરાંત શિવાજી મહારાજને આ રીતે સર્વોત્કૃષ્ટ સ્થાન આપવામાં અને તેમની પૂજાભક્તિને આટલો બધો વેગ આપવામાં એક પ્રકારનો ભય અને જોખમ પણ રહેલાં જ છે. આ તરફ શાસક તેમ જ શાસિત વર્ગનું ધ્યાન ખેંચવું આજના સંદર્ભમાં અતિ જરૂરી લાગે છે.

આજે સદ્‌ભાગ્યે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે તરતમાં ચિંતા કરાવે એવો કોઇ સંઘર્ષ નથી. પણ એ ભારેલા અગ્નિ માફક પ્રસુપ્ત પડેલો છે. આ હકીકતની કોઇથી ઉપેક્ષા થઇ ન જ શકે. વળી આજે કેન્દ્ર સાથે તદ્દન્ન રાજ્યોનું જોડાણ છે, પણ દરેક રાજ્યમાં જે પ્રકારનું વાતાવરણ જામતું દેખાય છે તે જોતાં કોઇ પણ રાજ્યમાં કેન્દ્રથી અલગ થવાની વૃત્તિ પેદા થવાની પૂરી શકયતા છે. આપણા દેશની આ ચોકસ પરિસ્થિતિની કોઇથી ઉપેક્ષા થઇ શકે તેમ નથી. મહારાષ્ટ્રમાં આજે કોંગ્રેસી રાજ્યતંત્ર છે અને આ કોંગ્રેસી રાજ્યપુરુષો કેન્દ્ર વિષે નિષ્ઠાવાળા છે અને કેન્દ્ર સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પણ મહારાષ્ટ્રમાં આવી પરિસ્થિતિ કાયમ રહેશે એમ એકાન્તપણે કહી ન જ શકાય. આવી અસ્થિર પરિસ્થિતિમાં એ ધ્યાનમાં લેવું ઘટે છે કે હિન્દુ–મુસલમાનના અથવા અન્ય એવા કોમી પ્રશ્ન ઉપર અથવા તો રાજ્યોની સ્વાયત્તતા અને સ્વાધીનતાના પ્રશ્ન ઉપર દેશની એકતાને જર્જરિત કરવા–નાબુદ કરવા–ઇચ્છતા પ્રત્યાઘાતી બળોને શિવાજી મહારાજની આ પૂજાપ્રભાવના–આ શિવાજી ફેક્ટ–ખૂબ સહાયક નીવડવાનો છે, અને આવાં બળોના હાથે શિવાજી મહારાજની આજે ચોતરફ વધારવામાં આવતી પૂજા–પ્રતિષ્ઠાનો પૂરો દુરૂપયોગ થવાનો સંભવ છે. જેના દિલમાં દેશની એકતા અને અખંડિતતાની કોઇ ખેવના નથી, જેના દિલમાં પોતાનું રાજ્ય અને પોતાનો માનેલો ધર્મસંપ્રદાય એથી આગળ જોવાની કોઇ ઇચ્છા નથી, તેના માટે આ બાબત અંગે વિચારવાનો કોઇ સવાલ જ નથી. પણ જેનું દિલ ભારતની એકતાને વરેલું છે, અને અખંડિતતાને ઝંખે છે અને જેના દિલને કોઇ સંપ્રદાયભેદ સ્પર્શતો નથી તેણે આ બાબત ઊંડાણથી વિચારવાની રહે છે. આજની પ્રાન્તવાદી તમન્નામાં આપણે ભલે દોડયા જઇએ અથવા તો આપણને અન્ય સાથે દોડવાની ફરજ પડે, પણ શાંત અને સ્વસ્થ ભાવે વિચારતાં લાગે છે કે પ્રસ્તુત બાબતમાં મહારાષ્ટ્રના આગેવાનો કાંઇક દીર્ઘદૃષ્ટિનો અભાવ દાખવી રહ્યા છે અને કોઇ નવા જોખમને કદાચ નોતરી રહ્યા છે. ભગવાન તેમને સન્મતિ આપો અને ભૂલ જેવું લાગે ત્યાંથી પાછા ફરવાની તાકાત આપો!

અંધ શ્રદ્ધા સામે જેહાદ

ગઇ કાળી ચૌદશની રાત્રે (તા૦ ૧૯–૧૦–૬૦) ખાખરેચી મુકામે શ્રી ભવાનભાઇ નામના એક ગૃહસ્થે મેલી વિદ્યા સાથે સંબંધ ધરાવતા ભુવાઓને પડકાર કર્યો હતો અને એ પડકારને ઝીલીને અનેક ભુવાઓએ મળીને શ્રી ભવાનભાઇ ઉપર મેલી વિદ્યા અજમાવી હતી અને તેનું કશું જ પરિણામ આવ્યું નહોતું અને એ રીતે ત્યાં વસતા લોકોને મેલી વિદ્યાની ભડકથી શ્રી. ભવાનભાઇએ મુક્ત કર્યા હતા–આ મતલબના સમાચાર તા૦ ૧૬–૧૧–૬૦ના 'પ્રબુધ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવ્યા હતા. આ ભવાનભાઇ અને તેમના આ વહેમમુક્તિના ધર્મ-કાર્યના સાથી ભાણજીભાઇનો તા૦ ૨૬–૧૧–૬૦ના 'જનસંદેશ'માં નીચે મુજબ પરિચય આપવામાં આવ્યો છે:–

શ્રી ભવાનભાઇ ઓધવજીની વર્ષ ઉમ્મર ૫૮ છે અને ભાણજીભાઇ કુંવરજીની ઉમ્મર વર્ષ ૫૫ છે અને બન્ને જ્ઞાતે કણબી છે. કાઠિયાવાડ રાજકીય પરિષદ મારફતે ૧૯૩૦ના જાન્યુઆરી મહિનામાં સ્વ. મણિલાલ કોઠારી, સ્વ. કૂલચંદભાઇ અને સ્વ. શિવાનંદની દોરવણી હેઠળ થયેલા સર્વ પ્રથમ સત્યાગ્રહમાં આ બન્ને ભાઇઓએ ભાગ લીધો હતો. અને બન્ને જણા જેલમાં ગયા હતા. તે વખતના મોરબી રાજ્યે તેમની જમીન જપ્ત કરી હતી અને જેલમાંથી છૂટ્યા બાદ તેમને હદપાર કર્યા હતા. તે પછી તેઓ દાંડીકૂચ વખતે ધોલેરાના નીમક–સત્યાગ્રહમાં જોડાયા હતા અને પાંચ વર્ષ સુધી હદપાર રહ્યા હતા અને પછી ૧૯૩૫ની સાલમાં તેઓ પોતાને વતન ખાખરેચીમાં પાછા ફર્યા હતા. સ્વરાજ્ય આવ્યા બાદ સૌરાષ્ટ્રનું એકમ થતાં, તે વખતની સૌરાષ્ટ્ર સરકારે આ બન્ને ભાઇઓને, લગભગ અઢાર વર્ષ પછી, તેમની જમીન પાછી અપાવી હતી. આ જુગલજોડી છેલ્લા વીશ વર્ષ દરમિયાન ગ્રામ્યજનતાને મેલી વિદ્યાના ઠોંગધતુરાની પકડમાંથી છોડાવવાની જબરી ઝુંબેશ ચલાવી રહેલ છે. તેમની આ લડતમાં એક ત્રીજા સાથીદાર સાંપડયા છે, જેમનું નામ છે વસરામ અમરશી. ભવાનભાઇ નિવૃત્ત પંચાયતમંત્રી છે. ભાણજીભાઇ સરપંચનો હોદ્દો સંભાળે છે અને વસરામભાઇ પંચાયતના સભ્ય છે.

ઉપર જણાવેલ મેલી વિદ્યાનો કરેલો પડકાર કાંઇ પહેલ વહેલો નથી. છેલ્લાં વીશ વર્ષમાં આવા લગભગ વીશ પ્રસંગો બની ગયા છે અને દરેક વખતે તેમણે ભુવાઓના ઠોંગ–ધતુરાને ખોટા ઠરાવ્યા છે. તેમના થોડાક પ્રસંગો 'જનસંદેશ'માંથી તારવીને નીચે આપવામાં આવે છે:–

૧

ઝાલાવાડ જિલ્લાના ધાંધરેટિયા ગામેથી કોઇ ચમરાક માણસે કૂતરો ભગત અને શીતળાનો નાનો રથ ચાલતો કર્યો. તેમાં એક ચોપડી રાખી, જેમાં લખ્યું હતું કે આ કૂતરો ભગત છે અને તે શીતળાનો રથ ચલાવે છે. તે રથ ગામેગામ ચાલુ રાખશો અને જો કોઇ આ કડી તોડશે તો તેનું નખ્ખોદ નીકળી જશે. આ ચોપડીમાં વિશેષ સૂચના લખી હતી કે જ્યારે આ કૂતરો ભગત શીતળાનો રથ જે ગામે લઇ જાય તે ગામે તે દિવસે 'અગતો' પાળવો–એટલે કે કામ બંધ કરવું, નિવેદ કરવાં, શ્રદ્ધા પ્રમાણે ભેટ ધરવી અને ચોપડીમાં લખવી.

આમ આ રથ તથા કૂતરો, ફરતો ફરતો ખાખરેચી ગામે આવ્યો. રિવાજ મુજબ સીમાડે ભુવાઓ તેને લેવા ગયા. સાથે ડાકલાં લઇ ગયા. વેજલપર ગામેથી આ કૂતરો ભગત અને રથ સીમાડે આવ્યા હતા. ભુવાઓ સાથે લોકો પ્રસાદીની અધમણ ખાંડ, એક મણ જુવાર વગેરે લઇને ગયા હતા. તેમણે તેનો કબજો લીધો અને તે લઇને ગામને ચોરે આવ્યા. ત્યાં ગ્રામપંચાયતના સરપંચ ભાણજી કુંવરજી અને ભવાનભાઇ ઊભા હતા, તેમની સામે ઊઘાડી તરવાર રાખીને ભુવા આવ્યા અને કહેવા લાગ્યા કે હવે ક્યાં રથ પધરાવવો છે?

ભાણજીભાઇ તથા ભવાનભાઇએ રથ અને કૂતરાનો કબજો લીધો. નાનો રથ હતો તે પથ્થર પર પછાડી તોડી નાંખ્યો. કૂતરા ભગતની ડોકમાં ગામે ગામથી જે એંશી માળાઓ હતી તે છરી વતી કાપી નાંખી અને કૂતરાને છૂટો કર્યો. રથમાં પૈસાની છ થેલીઓ હતી તેની પરચુરણ ચોરામાં ઢાલવી. તે ગણી તો ૧,૧૭૩ રૂપિયા થયા. તે રૂપિયા પંચાયતે કબજે કર્યા, અને તે કન્યાશાળામાં તથા ગામની ધર્મશાળાના મકાનના રકમ સમારકામ માટે ખર્ચી.

આ ઉપરાંત માતાની ધજાને નામે ગામેગામથી મળેલી ચુંદડીઓ રથમાં હતી, તે લુગડાના પોટલામાંથી છ મહિના સુધી ગરીબ લોકોને કપડું આપ્યા કર્યું.... ઘણા લોકોએ બીવરાવ્યા કે શીતળાનો રથ તોડી નાંખ્યો છે અને કૂતરા ભગતને છૂટો મૂકયો છે, એટલે હવે તમે મરી જવાના, પણ કંઇ જ થયું નહિ. આમ અંધશ્રધ્ધા અને વહેમ સામે સફળ લડત કરી.

૨

ખાખરેચીની સીમમાં ફાટસર તળાવે ચુડેલનો પાળીઓ છે. આ સ્થળે જતાં લોકો ડરતાં હતાં. આ બીકના માર્યા જ સાતેક જણાં મરી ગયેલાં. આ બિહામણાં સ્થળે બૈરાં ચાલે નહીં. એવી લોકવાયકા હતી કે જો આ સ્થળેથી ભાતું–રોટલા શાક લઇને જાય તો એ રોટલા લોહી બની જાય. અનેક પરચાની બિહામણી વાતો પેઢી દર પેઢી ચાલ્યા કરે. ભુવાઓ આનો લાભ લઇને તમને ચુડેલ વળગી છે તેવા ઢોંગ કરે, લોકોને લૂંટે, ઉતાર કાઢે.

લોકોમાંથી આ વહેમ કાઢી નાખવા ભવાનભાઇ, સરપંચ ભાણજીભાઇ અને વશરામભાઇની ત્રિપુટિએ કમર કસી. ત્રણેય જણા કોદાળી, પાવડા, ત્રિકમ, સાંગડા લઇને ગામથી એક માઇલ છેટે, આ વહેમી પાળિયા પાસે ગયા. ચુડેલને કહ્યું કે 'તું જો હાજરાહજુર હોય તો આવી જા!' પણ કોણ આવે? પછી પાળિયો ખોદી, ઉથલાવીને ફેંકી દીધો. એના પથ્થરની ઝીણી કાંકરી કરી નાંખી. ગામના ભુવા તો છક જ થઇ ગયા. માણસો કહે તમને કેમ ચુડેલ ન વળગી? તમે જીવતા આવ્યા એ જ અચરત છે. આમ તેમણે આ જગ્યા અંગેનો વહેમ હંમેશ માટે કાઢી નાંખ્યો.

૩

ખાખરેચી ગામના હરિભાઇ પ્રાગજી નામના એક ભાઇ બીમાર પડયા. તેની માતાએ ભુવાને તેડાવ્યો. ભુવો કહે કે ઘર અને ઓસરી વચ્ચે માતાનો થડો બેસાડો તો હરિભાઇ સાજા થાય. ઘર અને ઓસરી વચ્ચે માતાનો થડો બેસાડયો. હરિભાઇ સાજા તો થયા, પણ તેમને ઘર છોડવું પડયું. જે ઘરમાં માતા બેઠા હોય તે ઘર વપરાય નહીં. નવું ઘર ચણાવવું પડયું.

ભુવાએ ભારે કરી. ભવાનભાઇની મંડળીએ હરિભાઇને ખૂબ સમજાવ્યા. છેવટે હરિભાઇએ તેમને કહ્યું કે "જો તમારામાં ત્રેવડ હોય તો તમે જઇને તે કાઢી નાખો."

ભુવાએ તો કહ્યું હતું કે ઘરમાં મહિષાસુર છે. પણ તેને આ ભાઇઓએ ગણકાર્યો નહીં. તેઓ તો ત્રીકમ–પાવડા લઇને પહોંચી ગયા અને નાનું સરખું માટીનું માતાનું દેરૂ હતું તે તોડી નાખ્યું. તેની ધજા, શ્રીફળ, છતર વગેરે પંચાયતમાં લઇ આવ્યા, ઘર સાફ થઇ ગયું. ભુવાએ ઘર બંધ કરાવીને નકામું બનાવ્યું હતું તે ફરી ચાલુ કરાવ્યું. આથી એક ભુવો ખૂબ ખીજ્યો. તેણે મંત્રીને તેમના પર ઘણા છાંટયા. તેમના કુટુંબ

બીજાને ડરાવ્યા. પણ એમને ઉની આંચ ન આવી. ગામના જૂનવાણી વિચારના લોકો છક થઇ ગયા.

૪

બાબરેચીથી ચીખલીની સડક બંધાતી હતી. વચમાં ચારણની માતાનો થડો આવે. આ થડો સડકની વચ્ચોવચ. આ થડા પાસે મજૂરો માટી નાંખે નહીં. જો ત્યાંથી સડક ફેરવે તો અનેક ખેતરો બગડે.

આ ત્રણેય ભાઇઓને ખબર પડી એટલે એ ત્રણેય ત્યાં ઉપડયા. માતાનો થડો ફાડી નાંખ્યો. સડક પર માટી નાંખી શ્રમ કર્યો. સડક જે રીતે નીકળતી હતી તે રીતે જ નીકળી. પછી મજૂર કામ કરતા થયા. આમ ખેતર બચી જવા પામ્યું અને વહેમની જડ હતી તે નીકળી.

૫

સરપંચ ભાણજીભાઇના ભાણેજ ખીમજીનું મગજ અસ્થિર થતાં તેના ઘરના લોકોએ ભુવા ભેળા કર્યા; ભુવાઓ ખીમજીને ધૂણાવે. માતાના ડાકલા વાગે. ખીમજી સાજો થાય નહીં. ભુવાઓ ખૂબ ખરચ કરાવે. આ ભાઇઓથી આ જોયું જાય નહીં. એક વખત ત્રણેય જણા, બરાબર ભુવાનો રંગ જામ્યો હતો ત્યારે, ત્યાં પહોંચ્યા. ભાણજીભાઇએ કહ્યું કે "ખીમજી બહાર આવ. આ ભુવાઓ ખોટા છે." ત્યાં એક ભુવો બોલ્યો કે "માતાના થડાને હાથ લગાડો–તો ત્યાં જ ચોંટયા રહેશો." ભાણજીભાઇએ માતાના થડાને હાથ લગાડયો પણ કંઇ થયું નહિ. એટલે પછી માતાનો પડો, નાળીએર, ધજા, જમણી, છતર, બધું ઉપાડી લીધું. ખીમજીને ઘેર લાવ્યા. દાકતર પાસે દવા કરાવી તેથી તે સાજો થયો. ભુવાઓ જોતા જ રહ્યા એમની માતાથી કંઇ થયું નહીં.

પરમાનંદ

નિરૂપણ શુદ્ધિ

તા. ૧૬–૧–૬૧ની પ્રબુદ્ધ જીવનમાં પાનું ૧૮૨ પહેલા કોલમમાં સમેતશિખરને ૨૨ તીર્થંકરોની નિર્વાણભૂમિ તરીકે વર્ણવેલ છે તેમાં ૨૨ને બદલે ૨૦ તીર્થંકર જોઇએ. અન્ય ચાર તીર્થંકરોનાં નિર્વાણ અન્યત્ર થયાં છે.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

પદ્યાનુવાદ સ્પર્ધા

"A hundred times every day I remind myself that my inner and outer life are based on the labours of other men, living and dead, and that I must exert myself in order to give in the same measure as I have received and am still receiving."

પ્રખ્યાત વિજ્ઞાની સ્વ. આલ્બર્ટ આઇન્સ્ટાઇનના ઉપરના ફકરાનું, સરસ તેમ જ સુંદર ભાવમાં, તેમ જ નાનાં બાળકો પણ સમજી શકે અને ગાઇ શકે તેવા સરળ પદ્યમાં ભાષાન્તર કરનારને અથવા મૂળ ભાવદ્યોતક કાવ્ય લખનારને માટે 'કુમાર' માસિક તરફથી એક સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રેષ્ટ ભાષાન્તરને રૂા. ૫૧ નું ઇનામ આપવાની એક ગૃહસ્થે ઇચ્છા દર્શાવી હતી. આ સ્પર્ધા અંગે ૫૮ કૃતિઓ 'કુમાર'ના તંત્રીને મળી હતી. પણ કુમારના તંત્રીને પ્રસ્તુત ઇનામ આપવાયોગ્ય એક પણ કૃતિ લાગી નહોતી. તેમને મળેલી ૫૮ કૃતિઓમાંથી પાંચ કૃતિઓ પસંદ કરીને તેમણે 'કુમાર'ના ડીસેંબર માસના અંકમાં પ્રગટ કરી છે. આ ફકરો પ્રબુદ્ધ જીવનના આગળના અંકમાં પ્રગટ થયેલો હોઇને પ્રબુદ્ધ જીવનના વાચકોને તેના ભિન્ન ભિન્ન કાવ્યાનુવાદો વાંચવા રોચક થઇ પડશે એમ સમજીને અહીં એ પાંચ કૃતિઓ સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે:– –તંત્રી

(૧) ઘૂંટયા કરૂં છું મનમાં

–મિશ્ર–

—સાંજ અને સવાર
આ વાત હું રોજ હજાર વાર
ઘૂંટયા કરૂં છું મનમાં વળીવળી:
કે મારી આ જીવનની લઘુ કળી
બાહ્યાંતરે જે ફૂલરૂપ ઉઘડી
તે તો નહીં મારૂં જ કર્મ કેવલ.
જે આજગે હોય ન હોય આ ઘડી
એવા ઘણાના શ્રમનું જ એ ફલ.
મારે ય તો એમ જ, એ પ્રમાણે
જે મેળવ્યું ને હજી યે છું મેળવું
તે વ્યાજ સાથે અહીં ચૂકવી જવું;
દેવા બધું દેવું દૃઢે જ ઘોઇ એ
અવશ્ય મારે મથવું જ જોઇએ.

'ઉશનસ્'

(૨) ઋણ

–મિશ્ર–

કેં લોકકેરા શ્રમથી સીંચાય
ત્યારે ખીલે જીવનબાગ મારો.
પ્રત્યેક એની ફૂલપાંખડીમાં
સુગંધ મ્હેકે સહુની સહાયની.
એ સત્ય ભૂલી જઉં ના કદાપિ
ને પ્રાર્થું કે વિશ્વ થકી હું મારી
આંતર અને બાહિર જીંદગાની
કાજે લઉં તેટલું ચૂકવું સદા.

ગીતા પરીખ

(૩) કૃતજ્ઞતા

–દોહરા–

રોજ રહું સંભારતો
મનમાં સો સો વાર,
આખી મારી જીંદગી
અંદર સાથ બહાર,
ટકતી જન બીજાં તણી
મ્હેનતને આધાર,
જે આજે જીવી રહ્યાં,
વળી ગયાં જગપાર.
મેળવિયું જે જીવનમાં,
રહું મેળવતો આજ,
સામું તેટલું આપવા
કરવો યત્ન જ સાચ.

ન. શા. ત્રિવેદી

(૪)

–શિખરિણી–

સદા આધારે છે
મમ જીવન આંતર્બહિર સૌ
થયેલા ને થાતા
અવિરત બધા લોકશ્રમને,
સ્મરી એવું નિત્યે
શતશ: અને નિશ્ચય ધરૂં
'કરૂં કામો એવા
વળતી રીતિએ હું ફળરૂપે.

ગુણવંતરાય વિષ્ણુપ્રસાદ ભટ્ટ

(૫) લેવું એ તો દેવું

લેવું એ તો દેવું,
રે ભઇ, લેવું એ તો દેવું.
આ કાયાના ચણતર કાજે,
ભીતર કેરા ઘડતર કાજે,
અન્ન વસ્ત્રને આશ્રય રૂપે,
શિક્ષણ અને સંસ્કાર સ્વરૂપે
લઇ લઇ પાછું દેવું.—લેવું૦
વર્તમાનને વિગત પેઢીના
કેંક અનામી અન્ય જનોના
શ્રમ–અનુભવનો મળ્યો વારસો,
નિત્ય નિરંતર જાત ઘસી એ
રહ્યું ફેડ્યું દેવું.—લેવું૦

લક્ષ્મીનારાયણ મો. પંડ્યા.

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષ શ્રી સંજીવ રેડ્ડીનું પ્રવચન

(ગતાંકથી ચાલુ)

૧૬. આવી જાતનુ વલણ બતાવવાને માટે આવા કૉંગ્રેસીઓનો એકલાનો વાંક કાઢવાનો આગ્રહ અર્થ નથી. થોડોક વાંક અત્યારે જે લોકો સત્તાનાં પદો ઉપર છે તેમને ફાળે પણ જાય છે. આપણામાં ઘણા એવા છે જે એક વાર સત્તાને સ્થાને પહોંચ્યા પછી તેને વળગી રહે છે. આપણી પાસે અત્યંત ઊંચા દરજ્જાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિવાળા પંડિત નેહરુ જેવા આગેવાન છે. તેમના ડહાપણ અને અનુભવનો લાભ આપણને મળતો રહ્યો છે અને મળતો રહેવો જોઇએ. કટોકટીના આ દસકાઓ દરમિયાન હંમેશ આપણને તેમની આગેવાનીનો લાભ મળ્યો છે તે આપણા દેશનું મોટું સદ્‌ભાગ્ય છે. પણ સત્તાના સ્થાન પરના બીજા બધા લોકોને વિષે આવું કહેવું શકય નથી.

૧૭. તેથી તમને સૌને વિચારવા માટે મારું એવું સૂચન છે કે જે લોકો કહો કે દસ વરસને માટે સત્તાના સ્થાન ઉપર રહ્યા હોય તેમણે સ્વેચ્છાથી સત્તાના પદનો ત્યાગ કરી સંસ્થાના કામની જવાબદારી ઉપાડવી જોઇએ. એક દસકા સુધી મળેલા વહીવટના અનુભવને પરિણામે તેમની જે સમજ કેળવાઇ હશે તેનો લાભ આ રીતે કૉંગ્રેસ સંસ્થાને મળશે અને તે બધા સંસ્થાને વધારે સારે રસ્તે દોરી શકશે. આમ સંસ્થામાં અને સરકારમાં આપણા સેવકોની ભિન્નભિન્ન પ્રકારની શકિતની ન્યાયી ફાળવણી થશે. આવી સ્થિતિ પેદા કરવાને માટે અને કૉંગ્રેસની સંગઠનની તેમ જ સરકારી વહીવટની એમ બંને પાંખોમાં અનુભવી તેમ જ શકિતશાળી વ્યકિતઓની જોગવાઇ કરવાને માટે આવી જાતની કોઇક વ્યવસ્થાનો વિચાર થાય તે જરૂરી છે.

૧૮. આની સાથે સંકળાયેલો બીજો સવાલ કૉંગ્રેસ સંસ્થામાં અસરકારક શિસ્ત ફરી ઊભી કરવાનો છે. આપણા દેશમાં સરકારના અને સંસ્થાના વડાનું પદ એક જ વ્યકિતને સોંપવાનો સમય, હજી સંભવ છે કે, પાકયો નથી. કૉંગ્રેસને હજી સરકારી રાહે થતાં કામોની જવાબદારીઓ ઉપરાંત બીજી જવાબદારીઓ અદા કરવાની રહે છે. કૉંગ્રેસની વિચારસરણીનો લોકોમાં ફેલાવો કરવાના કામ ઉપરાંત કૉંગ્રેસીઓને બીજા ઘણાં રચનાનાં અને રાષ્ટ્રધડતરનાં કામો કરવાનાં રહે છે. કૉંગ્રેસની વિચારસરણી આપણા તાજેતરના ઇતિહાસના અનેક અવનવા બનાવોથી ભરપૂર એવા પાછલા થોડાક દસકાઓ દરમ્યાન ઘડાઇ છે અને તે વિચારસરણીમાં લોકશાહી કાર્યપદ્ધતિ સામેના બધી જાતના પડકારોનો પૂરતો જવાબ સમાયેલો છે. આ વિચારસરણીનો પૂરતો અસરકારક પ્રચાર નહીં થાય તો ખોટા વિચારો અને ખોટી દૃષ્ટિ તેનું સ્થાન લેતાં દેશની સામે અને આપણા નવા લોકશાહી રાજ્યની સામે નવાં જોખમો ઊભાં થયા વગર રહેશે નહીં. કૉંગ્રેસમાં શિસ્તની ભાવના અસરકારક પ્રમાણમાં ઊભી કરવા માટે જે પગલાં આપણે લેવાં જોઇએ તેમાંનું એક કૉંગ્રેસીઓમાં ફરીથી પોતે એક મિશનને વરેલા છે એવી ભાવના જગાડવાનું છે. કેમ કે તેવી ભાવનાથી થતા કાર્યને પરિણામે આપણે આપણી સામે જે પ્રત્યક્ષ કામો પડેલાં છે તે ઉત્સાહથી કરવાને સમર્થ થઇશું. આવતી ચૂંટણીઓને માટે પણ આપણે આપણામાં શિસ્ત અને સંપ કેળવી એક થઇએ તે જરૂરનું છે. કેમ કે તેને પરિણામે આપણાં નજીવા આંતરિક મતભેદો તરફ લોકોનું ધ્યાન ખેંચાવાને બદલે તેમને આપણે શાને માટે ખડા છીએ અને આપણો ઉદ્દેશ શો છે તેની વાત પર એકાગ્ર કરી શકીશું.

૧૯. આપણી પરદેશનીતિનું અને આપણા આંતરિક સવાલોના ઉકેલનું કાર્ય પંડિત નેહરુ પૂરા ઉત્સાહથી કરી રહ્યા છે. આપણી પરદેશનીતિ સર્વ સ્થળે સાચી રીતે સમજાતી જાય છે અને આંતરરાષ્ટ્રીય સવાલોની બાબતોમાં પંડિત નહેરુની પુખ્ત સલાહ બીજાં રાષ્ટ્રો પણ લેતાં થયાં છે. આપણી પરદેશનીતિની કદર ખુદ રાજાજી અને સામ્યવાદીઓ પણ કરે છે. આપણી પરદેશનીતિની બાબતમાં આટલી મોટી સર્વસંમતિ આપણી પરદેશનીતિ ઘડવામાં દોરવણી આપનારા પંડિતજીની દીર્ઘદૃષ્ટિ ભરેલી સલાહને અંજલિ સમાન છે. આપણે જ્યારે સર્વને માટે શાંતિનો સંદેશ ફેલાવી રહ્યા છીએ ત્યારે આપણી પોતાની સરહદ ઉપર આપણા પાડોશીનું આક્રમણ એ કમનસીબ બીના છે. આપણા આંતરિક તેમ જ બહારના સંબંધોના મોટા સવાલો તરફની આપણી દૃષ્ટિમાં ચીનના આક્રમણને પરિણામે પલટો આવ્યો છે. ભારત અને આપણા મહાન પાડોશી સાથેના સંબંધોને શાંતિમય સહઅસ્તિત્વના પાંચ સિદ્ધાંતોના પાયા પર લઇ જવાની આપણી દૃઢ ઇચ્છા તેમ જ નીતિ હતી. પણ ભારતની ઉત્તરના થોડા વિસ્તારો ઉપર ચીને કરેલા આક્રમણોને પરિણામે આપણે માટે નવી પરિસ્થિતિ પેદા થઇ છે. એથી આપણી સામે નવાં જોખમો અને નવી જવાબદારીઓ ઊભી થઇ છે. આ જોખમોનો આપણી સરકારને પૂરો ખ્યાલ છે અને તે તેને પહોંચી વળવા માટે પૂરતાં જરૂરી પગલાં લેતી જાય છે. આપણા લોકોને પણ પોતાના માથે આવતી નવી જવાબદારીઓનું ભાન થતું જાય છે. તેમના પર થયેલી અસરો પરથી બધી જાતનાં જોખમોની સામે દેશની અખંડિતતા સાચવવાની તેમની તત્પરતાની સાબિતી મળે છે.

૨૦. આપણી પરદેશનીતિના ઘડતરમાં દોરવણીને માટે પંચશીલના પાયાના જે સિદ્ધાંતો આપણે સ્વીકાર્યા છે તે આક્રમણના નાના અગર મોટા કોઇ પણ કૃત્યની સામે આપણા દેશનો બચાવ કરવામાં આડે આવતા નથી. ઊલટું, હકીકતમાં એ સિદ્ધાંતો જેમ કોઇના ઉપર આપણા આક્રમણને અયોગ્ય ઠરાવે છે તેવી જ રીતે એ સિદ્ધાંતોને અનુસરવાનો દાવો કરનારાં બીજાં રાષ્ટ્રોના આક્રમણને પણ અયોગ્ય ઠરાવે છે. બીજાં રાષ્ટ્રો આ સિદ્ધાંતોનો ભંગ કરે તો તેવા ભંગની સામે આપણે જરૂરી પગલાં લેવાં જોઇશે. એક બાજુથી આવી બધી બાબતોની આપણી પાયાની દૃષ્ટિથી આપણે સુલેહભરી વાટાઘાટોનો પૂરો આગ્રહ રાખીશું. છતાં બીજી બાજુથી બધી જાતની અણધારેલી પરિસ્થિતિને પહોંચી વળવાને માટે આપણે તૈયાર રહેવું જોઇશે.

૨૧. તાજેતરનાં અઠવાડિયાંઓ અને મહિનાઓ દરમિયાન કોંગોએ જાણે કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના ચિત્રને સંપૂર્ણપણે ઢાંકી દીધું છે. તેની બાબતમાં ભારતે સ્વીકારેલી નીતિ વડા પ્રધાને ખુદ સંયુકત રાષ્ટ્રસંઘની સભામાં, આપણી પાર્લામેન્ટમાં અને બીજાં સ્થળોએ સ્પષ્ટતાથી સમજાવી છે. કોંગોમાં જે ગૂંચ ઊભી થઇ છે તેનું સંતોષકારક નિરાકરણ શોધવા માટે આપણો પ્રામાણિક પ્રયત્ન છે. વિરોધો અને ગુંચવાડાઓની જે ભુલભુલામણીમાં કોંગો ફસાયું છે તેની પરિસ્થિતિ અંગે આપણે કેટલીક મહત્વની અને પાયાની હકીકતોનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. આ પાયાની હકીકતો વિષે આપણી પાકી સમજ કેળવાય નહીં ત્યાં સુધી તે પરિસ્થિતિની ગૂંચવાડાભરી વિગતો પૂરેપૂરી પામી શકાય તેવું નથી. સંયુકત રાષ્ટ્રસંઘની

આબરૂ અને દુનિયાની ભલાઈ માટેની તેની શકિત પર જ નહીં, નવજીવનના ચેતનથી તરવરી રહેલા આખા યે આફ્રિકા ખંડના ભાવિ ઉપર પણ કોંગોમાં જે રીતે કામ લેવામાં આવશે તેની ઊંડી અસર થયા વિના રહેવાની નથી. આપણું સમગ્ર લક્ષ્ય કોંગોને ઠંડા યુદ્ધમાંથી ઉગારી તેને પોતાનો કારભાર બહારની પરદેશી નાની અગર મોટી કોઇ સત્તાની દખલગીરી વગર કરવા દેવાનું છે.

૨૨. સંયુકત રાષ્ટ્રસંઘ પાસે સાધનો અને ડહાપણની જે કાંઇ મૂડી છે તેનાથી કોંગોમાં ઊભી થયેલી નાજુક અને ભયભરેલી પરિસ્થિતિનો મુકાબલો તે કરે છે. તે દરમિયાન લાઓસમાં ફરી નવો બખેડો જાગ્યો છે. લાઓસને ઠંડા યુદ્ધમાં સંડોવવામાં નહીં આવે અને તેને પોતાના આંતરિક વિકાસ પર એકાગ્ર થઇ અગ્નિ એશિયાના વિસ્તારમાં સુલેહ અને સ્થિરતાનું કાર્ય આગળ કરવામાં ઉપયોગી થવા દેવાશે એવી અપેક્ષા આપણે રાખી હતી. આજકાલમાં બનેલી દુઃખદાયક ઘટનાઓને પરિણામે આપણી એ આશા ખોટી નીવડી છે. લાઓસમાં થતી બહારની દખલગીરીથી તેની સ્થિરતા અને સુલેહભર્યા વિકાસની તમામ આશાઓનો આધાર જતો રહ્યો છે. ઠંડા યુદ્ધના અને લશ્કરી કરારોના માનસને સ્થાને સહિષ્ણુતાની અને સુલેહભર્યા સહઅસ્તિત્વની દૃષ્ટિ કેળવવી જોઇએ એ વાત આપણને સ્પષ્ટ થયેલી છે. શાંતિનો એ જ એક માત્ર રસ્તો છે. બીજે કોઇ પણ રસ્તે ઠંડા યુદ્ધની તાણ ચાલુ રહેશે, એટલું જ નહીં, વધારે તીવ્ર બનશે અને તેથી જે દેશ આ તાણમાં સંડોવાયો છે તે તેમ જ દુનિયાનું શાંતિનું વધારે વ્યાપક કાર્ય જરાય આગળ વધવાનાં નથી.

૨૩. અહીં આપણે આજના સૌથી મહત્વના તેમ જ તાકીદના એવા નિઃશસ્ત્રીકરણના સવાલ ઉપર આવીએ છીએ. આપણને પ્રતીતિ થઇ છે અને આપણે તે વારંવાર તેમ જ અનેક સંદર્ભોમાં વ્યક્ત કરી છે કે દુનિયામાં ઉતરોત્તર વધારે ને વધારે ખડકાતી જતી શસ્ત્રસામગ્રીના સવાલનું અમર-કારક નિરાકરણ નહીં થાય તો આજની દુનિયામાં શાંતિની વાતો કરવાનો બિલકુલ અર્થ રહેતો નથી. આજની દુનિયાએ વિજ્ઞાન અને યંત્રવિદ્યાનાં સાધનોનો માનવીની સુખ-સમૃદ્ધિને ઉપકારક તેમ જ શાંતિના ઘણા હેતુઓ માટે ઉપયોગ કર્યો છે. પણ તે બંનેનો દુનિયાનાં કેટલાંક રાષ્ટ્રોની શસ્ત્ર-સામગ્રીનો અવિવેકી તેમ જ પ્રમાણ બહારનો વધારો કરવામાં ઉપયોગ થયાની દુઃખદાયક હકીકત પણ આપણી સામે છે. જે ઝડપથી આ શસ્ત્રશકિત વધતી જાય છે તેને પરિણામે દુનિયાના બધા ભાગોમાં ગભરાટ ફેલાયેલો હોઇ અણુશસ્ત્રો અને તે જ પ્રકારના બીજાં શસ્ત્રોનું ઉત્પાદન, તેમની સાચવણી અને તેમના ઉપયોગ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માગણી બધી બાજુથી ઊભી થઇ છે. આંતરરાષ્ટ્રીય સવાલોના નિરાકરણને માટે ખુદ યુદ્ધની પદ્ધતિનો ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી આ અને આવાં બીજાં પગલાં લેવાનું શકય નથી. યુદ્ધ વગરની અને યુદ્ધ માટેની રાક્ષસી તેમ જ અત્યંત ખર્ચાળ તૈયારીઓ વગરની દુનિયા એક તદ્દન નવી દુનિયા હશે અને તેમાં માણસ માણસ વચ્ચેના તથા રાજ્ય રાજ્ય વચ્ચેના સંબંધોના સ્વરૂપોમાં મોટું પરિવર્તન થયેલું હશે. આ મોટા પરિવર્તનને માટે આપણે કાર્ય કરીએ છીએ. આ પરિવર્તનને માટે આપણે જે આગ્રહથી કાર્ય કરીએ છીએ તેથી કેટલીક વાર તેને વિષે ગેરસમજ ઊભી થવાનો ડર રહે છે. પણ આપણને સ્પષ્ટ દેખાય છે કે આજના જમાનાનો આ મુખ્ય સવાલ હોઇ દુનિયાની મોટી સત્તાઓની તેના નિરાકરણ માટેની સમાન દૃષ્ટિ કેળવવામાં થવાય તેટલા મદદગાર થવાનો પ્રામાણિક પ્રયત્ન આપણે કરવો જોઇએ. આપણે સ્વીકારેલું અસલ વિધાન એ છે કે સંપૂર્ણ પણ ક્રમેક્રમે નિઃશસ્ત્રીકરણ કરવાથી દુનિયાને અકળાવી રહેલી ગભરાટની લાગણી ઓછી થતી જશે અને તેને પરિણામે ક્રમે ક્રમે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે વધારે સહકારભર્યું જીવન ખીલતું જશે. આવી પરસ્પર સહિષ્ણુતા અને સહકારની ભાવના એ શાંતિમય સહઅસ્તિત્વના પાંચ સિદ્ધાંતોનો સાર છે.

૨૪. સંયુકત રાષ્ટ્રસંઘે તાજેતરમાં મંજૂર કરેલા સંસ્થાન-વાદ વિષેના ઠરાવને આપણે સૌ આવકારીએ છીએ એમ કહે-વાની મારે જરૂર ન હોવી જોઇએ. સંસ્થાનવાદનાં અનિષ્ટો અને જોખમોને અહીં હિંદમાં આપણે બરાબર ઓળખીએ છીએ. હજી સંસ્થાનવાદી હકૂમત નીચે રહી ગયેલા દુનિયાના બધા અને ખાસ કરીને આફ્રિકાના પ્રદેશોને પક્ષે સ્વતંત્ર ભારતે પોતાનું પૂરેપૂરું વજન નાખવું જોઇશે. એશિયા અને આફ્રિકાના ઘણા વિસ્તારોમાંથી સંસ્થાનવાદનો અંત લાવવાની વાતમાં બેશક ઘણી પ્રગતિ થઇ છે. આમ છતાં દુનિયાના અને ખાસ કરીને આફ્રિકાના થોડા વિસ્તારોમાં સંસ્થાન-વાદનો પ્રભાવ ભૂંડામાં ભૂંડા સ્વરૂપે હજી ચાલુ છે એ વાત પણ સાચી છે. પોર્ટુગલના તાબાનાં સંસ્થાનોમાં સંસ્થાનવાદ તેના ખરાબમાં ખરાબ સ્વરૂપમાં જોવાનો મળે છે.

૨૫. દક્ષિણ આફ્રિકામાં આપણે ગોરી જાતિઓના ચડિ-યાતાપણાના વાદના અનિષ્ટનો મુકાબલો કરવાનો છે. કેમ કે તે વાદ ત્યાંના રાજ્યનો સ્વીકૃત સિદ્ધાંત હોઇ રાજ્યની બધી સત્તા અને સામર્થ્યથી તેનો ત્યાં અમલ કરવામાં આવે છે. આ વાદની સામે ખુદ દક્ષિણ આફ્રિકામાં પોતાના સાર્વજનિક જીવનના છેક પ્રારંભનાં વર્ષોમાં ગાંધીજીએ જે બહાદુરીભરી લડત ઉપાડેલી, તેને પરિણામે આપણને શાંતિમય પ્રતિકાર અને અસહકારનું અજોડ શસ્ત્ર મળ્યું. જે અનિષ્ટની સામે આપણે લડત ચલાવેલી એ હજી તે મુલકમાં ચાલુ છે અને અસંખ્ય લોકો તેનો ભોગ બનેલા છે. આ વાદમાં સંયુકત રાષ્ટ્રસંઘના જાહેરનામાનો જ નહીં, આધુ-નિક સંસ્કૃતિનાં મૂળતત્વનો પણ ઇન્કાર છે. વધારામાં એ વાદની હસ્તી માનવજાતને પડકારરૂપ હોઇ દક્ષિણ આફ્રિકામાં તેમ જ બીજા સ્થળોએ ચાલુ રહેલી મુશ્કેલીઓનું મૂળ છે.

૨૬. જેમાં કદાચ વધારેમાં વધારે બલિદાન અપાયાં હશે–અને જેનાથી દુનિયા ભરના લોકશાહીના ચાહકોને ઊંડામાં ઊંડું દુઃખ થયું છે તેવી અલ્જીરિયાના બહાદુર લોકોની પોતાની મુકિત માટેની લડત હજી ચાલુ છે. આજ પહેલાં કેટલાયે વખત આગળથી તેમને સ્વતંત્રતા મળી જવી જોઇતી હતી. અલ્જીરિયાના માત્ર થોડા લોકોમાં નહીં પરંતુ તેની આખી પ્રજામાં સ્વતંત્ર થવાનો જુસ્સો જાગ્રત થયો છે અને આખા યે અલ્જીરિયામાં તે જુસ્સાનો સંચાર થયો છે. આ મુકિત મેળવવા માટે અલ્જીરિયાની પ્રજાએ ભારે કિંમત ચૂકવી છે અને હજી તે ચૂકવતી જાય છે.

૨૭. જેણે એક વખત પોતાના ઉજ્જવળ ઇતિહાસ દરમિયાન મુકિતની મશાલ પ્રગટાવી અને તેનો પ્રકાશ દુનિયાને ખૂણે ખૂણે ફેલાવ્યો તે ફ્રાન્સે હિંમતભર્યું પગલું લઇને અલ્જી-રિયાની પ્રજાની યાતનાઓનો અંત લાવવો જોઇએ. જે કરવા યોગ્ય છે તે કરવામાં ફ્રાન્સ આનાકાની કરશે અથવા તે હજી વધારે દમન ચલાવશે તેથી, અલ્જીરિયાની મુકિત કદાચ થોડી ઢીલમાં પડશે, પણ તેને કદી રોકી શકાશે નહીં. અલ્જીરિયાને મુકિત મળ્યા વિના રહેવાની નથી, કેમકે અલ્જીરિયાની પ્રજાએ સ્વતંત્ર થવાનો જે દૃઢ સંકલ્પ પ્રગટ કર્યો છે તેને કોઇ પણ પ્રકારનું દમન પહોંચી વળી શકે તેમ નથી. મને આશા અને વિશ્વાસ છે કે આજની કડવાશ તેમ જ દુશ્મનાવટની સ્થિતિનો ઝટ અંત આવશે અને અલ્જીરિયા દુનિયાનાં મુકત તેમ જ સ્વતંત્ર રાષ્ટ્રોના સમુદાયમાં પોતાનું હકકનું સ્થાન મેળવશે.

૨૮. મારે ગોવાના સવાલનો ઉલ્લેખ પણ કરવો જોઇએ. આપણે આપણા વિશાળ મુલકને તેમ જ ચારસોથીયે વધારે

સંખ્યાનાં હિંદનાં દેશી રજવાડાંઓને મુક્ત કરવાને સમર્થ થયા છતાં, ગોવા હજી પારકા લોકોના બંધનમાં રહી ગયું છે એ વાત કંઈક વિચિત્ર લાગે છે. આ વિચિત્ર પરસ્પરવિરુદ્ધ પરિસ્થિતિ માટે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિની અટપટી ગૂંચો મોટે ભાગે જવાબદાર છે. આવી જ પરિસ્થિતિ દુનિયાના બીજા ભાગોમાં પણ જોવાની મળે છે. પરંતુ ગોવાની સમસ્યાનું નિરાકરણ કર્યા વિના રહેવાનું નથી. એ બાબતમાં મારા મનમાં કોઈ જાતની શંકા નથી. આ બાબતમાં હિંદુસ્તાનની સરકારને તેમ જ તેની પ્રજાને પોતાની ફરજ શી છે તેનું બરોબર ભાન છે. દરમિયાન ગોવાની જેલોમાં કષ્ટ વેઠી રહેલા ગોવાની મુક્તિની લડતના લડવૈયાઓને હું સાદર અભિનંદન મોકલું છું.

૨૯. થોડા જ વખતમાં આપણે આપણી ત્રીજી પંચવર્ષીય યોજનાનો અમલ શરૂ કરીશું. આ ત્રીજી યોજના આગલી બે પંચવર્ષીય યોજનાઓમાંથી વિકસી હોઈ વિકાસનું આગળનું પગલું છે. બીજી પંચવર્ષીય યોજનાનો પાયો લાંબે ગાળે પરિણામ આપે એવા આર્થિક વિકાસના લક્ષ્યો ઉપર રચાયેલો હતો. પોતાને આધારે ચાલતી અને પોતાના વિકાસની શક્તિ પોતાની અંદરથી જ મેળવી લેતી અર્થવ્યવસ્થા મારફતે સાચી અને ઝડપી પ્રગતિ સિદ્ધ થઈ શકે. આપણે એક પછાત રાષ્ટ્રના આર્થિક વિકાસના ગંજાવર કાર્યક્રમના અમલનો લોકશાહી રીતે આપણી પંચવર્ષીય યોજના દ્વારા પ્રારંભ કર્યો છે. પંડિત નેહરુ જેઓ આ દેશમાં આયોજિત વિકાસના ખ્યાલની જડ નાખવાને માટે બીજા કોઈના પણ કરતાં વધારેમાં વધારે જવાબદાર છે તેમની નીતિની સફળતાનું પ્રમાણ આપણને પહેલી બે પંચવર્ષીય યોજનાઓની સફળતામાંથી જોવાનું મળે છે. તે બનેની માફક ત્રીજી પંચવર્ષીય યોજના પણ પૂરેપૂરી સફળ થશે એવો મને વિશ્વાસ છે. અહીં આ બાબતમાં આપણે યાદ રાખવું જોઈએ કે આપણા જેવા મોટે ભાગે ખેતી કરનારા મુલકમાં કોઈ પણ યોજનાની સફળતાનો આધાર મુખ્યત્વે માલના ભાવોની સપાટી બરોબર જાળવવામાં અને ખોરાકના સવાલના હલકેલમાં રહેલો છે. આપણા ખોરાકના સવાલનો ઉકેલ લાવવામાં આપણે ઘણે ભાગે સફળ થયા છીએ અને આપણે સૌ આશા રાખીએ કે આ ફરી ફરીને ઊભી થતી મુશ્કેલી ત્રીજી પંચવર્ષીય યોજનાના અમલ દરમિયાન આપણે વેઠવી નહીં પડે.

૩૦. આ સંબંધમાં બીજો એક યાદ રાખવા જેવો મહત્વનો મુદ્દો આપણા ખેતીના વ્યવસાયના વિકાસમાં પાયારૂપ જમીનને લગતી બાબતોની સુધારણાનો છે. આપણાં ઘણાંખરાં રાજ્યોમાં જમીનસુધારણાને લગતા કાયદાઓ થઈ ગયા છે તે સંતોષની વાત છે. બધી આર્થિક પ્રવૃત્તિનો ઉદ્દેશ ખાનગી મિલકતના અથવા થોડી વ્યક્તિઓના અંગત હિતને પોષવાનો નહિ પણ આખાયે સમાજના હિતને પોષવાનો હોવો જોઈએ. ખુદ આપણા બંધારણનું લક્ષ્ય સંપત્તિની માલિકી મારફતે જે આર્થિક સત્તા પેદા થાય છે તેને અને આર્થિક વહેવારોમાં ધનરાશાહીનાં વલણોને ટાળવાનું છે. માત્ર ખુલ્લા બજારમાં કાર્ય કરતાં બળોથી અંકુશિત વિકસતી જતી અર્થવ્યવસ્થામાં આર્થિક અસમાનતાઓ વધતી જવાની વાતને અવકાશ રહે છે. તેથી બંધારણમાં રાખવામાં આવેલાં લક્ષ્યો સિદ્ધ કરવાને માટે સારામાં સારા સાધન તરીકે આપણે સમાજવાદી સમાજનો આદર્શ સ્વીકાર્યો છે. ઐતિહાસિક અકસ્માતના પરિણામરૂપ આપણા દેશમાં જમીનની સંપત્તિ થોડાક લોકોના હાથમાં એકત્રિત થઈ ગઈ હતી. આનો લોકશાહી ઇલાજ આપણને જડ્યો છે. એટલે સમાજવાદી ઢબની જીવનપદ્ધતિનો આદર્શ પૂરેપૂરો અમલમાં આવે તે માટે હવે આપણા શહેરી વિસ્તારોમાં સંપત્તિ થોડાક લોકોના હાથમાં એકઠી થઈ જાય છે તે સવાલનો ઇલાજ વિચારવાનો સમય આવી પહોંચ્યો છે. હવે આપણે આ સવાલ ઉપર અને તેના ઉકેલ ઉપર આપણું ધ્યાન એકાગ્ર કરવું જોઈએ.

૩૧. હવે પછીની સામાન્ય ચૂંટણીઓની મુદત ઝપાટાબંધ નજદીક આવતી જાય છે. ચૂંટણીઓ ખૂબ મહત્વની હોય છે, આપણા દેશના ભાવિ સાથે તેમનો ઘણો સંબંધ છે. પણ રાષ્ટ્રના જીવનમાં એ ઝડપથી પસાર થઈ જતા બનાવો ગણાય. આપણા બંધારણમાં આપણે પુખ્તવયના સામુદાયિક મતાધિકારનો સ્વીકાર કર્યો છે. એને કારણે સામુદાયિક કેળવણીની જરૂર પેદા થાય છે. કેમ કે તેવી કેળવણીથી મતદારો રાષ્ટ્રની બધી પ્રવૃત્તિઓનું પ્રયોજન અને પોતાની ફરજ સમજવાને સમર્થ થાય અને પોતાને મળેલા મતાધિકારનો ઉપયોગ સ્વાર્થી હિતો સાધવાને નહિ પણ સાર્વજનિક કલ્યાણને માટે કરે. આપણા દેશના લોકોનો મોટો ભાગ સામાન્ય રીતે ભણેલો કહી શકાય તેવો નથી. તો પણ તેમની પાસે સમજ અને ડહાપણની મોટી મૂડી છે તેમ જ તેમનામાં સત્ય અને ન્યાયને માટે સ્વાભાવિક પ્રેમ છે. પોતાને મળેલો મતાધિકાર યોગ્ય રીતે વાપરવાની તેમની શક્તિ વિષે મને પૂરો વિશ્વાસ છે. નવાં તરેહવાર આદર્શો, વર્ગોનાં હિતો અથવા પોતાના મર્યાદિત સમુદાયની વફાદારી ધરાવનારાં હિતોના પ્રચારકો તેમ જ તેમના વિચારોનું વેચાણ કરનારાઓ લોકોને ભોળવી સત્ય અને ન્યાયને માર્ગેથી આડે માર્ગે ચઢાવે છે. આ કંઈ એકલા આપણા દેશની ખાસિયત નથી. બીજા દેશોમાં પણ એવું સામાન્યપણે બને છે. બહુ બુદ્ધિમાન ગણાતાં રાષ્ટ્રો પણ સરમુખત્યારશાહી સરકારોને ચૂંટી કાઢ્યા વિના તાબે થયાં હોય તો તે બિના એટલું જ બતાવે છે કે માણસ પોતાની અંગત જવાબદારી ઘણી સહેલાઈથી છોડી દે છે. આપણા દેશમાં ચૂંટણીઓ વધારે ને વધારે ખર્ચાળ થતી જાય છે એ વાત જાણીતી છે. મોટા કદના મતદાર મંડળમાંથી પાર્લામેન્ટની બેઠકને માટે ચૂંટણી લડવામાં હજારો રૂપિયાનું ખર્ચ થાય છે. આથી પક્ષ તરફથી કે બીજી રીતે પૈસાની મદદ મળે તે વિના પ્રામાણિક અથવા નિઃસ્વાર્થ માણસ ચૂંટણીમાં હરીફાઈ કરી શકતો નથી. તેથી જો કે નજદીકના ભવિષ્યમાં નહીં તોયે આખરે આપણે સીધી ચૂંટણીને બદલીને કોઈક પ્રકારની આડકતરી ચૂંટણીની પદ્ધતિ દાખલ કરી શકીએ કે કેમ તેનો વિચાર કરવો જરૂરી છે. એક ગ્રામવિસ્તારને એકમ તરીકે સ્વીકારી તેને ચૂંટણી કરનારા મંડળમાં પોતાનો એક પ્રતિનિધિ મોકલવાનો અધિકાર આપવામાં આવે અને તે મંડળ પાર્લામેન્ટ અગર રાજ્યની ધારાસભા માટેના પ્રતિનિધિની ચૂંટણી કરે. આ સવાલનો નવેસરથી વિચાર કરવો જરૂરી છે.

૩૨. આપણા દેશની ભૌતિક પ્રગતિની વાત પર આપણે ઘણો ભાર ભલે મૂકીએ પણ આપણા ભૂતકાળનો વારસો આપણે વીસારવો જોઈએ નહિ. હિન્દુસ્તાને હંમેશાં પોતાની સામે કાળબળને સંપૂર્ણપણે તાબે થઈ જનારા અને પોતાની ભૌતિક પરિસ્થિતિ અને પોતાની માલિકીનાં ભૌતિક સાધનો ઉપર આધાર રાખી તેમાં ને તેમાં રચ્યાપચ્યા રહેનારા માણસનો આદર્શ રાખ્યો નથી. આપણે હંમેશ જાહેર કરતા આવ્યા છીએ કે આ જગત નૈતિક કાનૂનની પ્રેરણાથી ચાલે છે અને આ દુનિયાનું જીવન કેવળ અકસ્માત નથી પણ માણસે નીતિથી પસંદ કરેલી પ્રવૃત્તિનું ક્ષેત્ર છે. જેઓ પોતાને વિજ્ઞાન અને બુદ્ધિના સંતાનો ગણાવે છે તેમણે પણ અસલ ભાવાત્મક ધાર્મિક અનુભવોની હકીકતને તાબે થવું જોઈએ. સંપ્રદાયોની ઈશ્વર વિષેની માન્યતાઓ વિષે આપણે ભલે તકરાર ઉઠાવીએ, પણ હકીકતોનો આપણે ઇન્કાર કરી શકતા નથી. આધુનિક સંસ્કૃતિનું વલણ સત્યની કોઈ એક મર્યાદિત વ્યવસ્થાની વિચારણાનું હોય એમ લાગે છે. એ સંસ્કૃતિ જેનું સત્ય વિજ્ઞાનથી પારખી શકાય

તેટલી જ વાતનો પ્રવૃત્તિના પાયા તરીકે સ્વીકાર કરે છે અને સ્ત્રીઓ તેમજ પુરુષોની કેવળ ભૌતિક વૃત્તિઓ ઉપર જ ભાર મૂકે છે. માણસમાં વસતા વધારે ઉચ્ચ પવિત્ર તત્ત્વને એ લોકો ઓળખી શકયા નથી. જીવનના સત્યની સાથે આપણને બાંધી રાખનારાં પ્રાચીન તત્ત્વો ગુમાવી દીધેલાં હોઇ આધ્યાત્મિક દૃષ્ટિથી આપણે રઝળતા થઇ ગયા છીએ અને સંસ્કૃતિની દૃષ્ટિથી આપણાં મૂળ ઉખડી ગયાં છે

૩૩. સત્તાધારણ કરનારા અને બુદ્ધિવાળા માણસને બદલે અંતઃપ્રેરણાથી વિચારનાર સંતને આદર આપવાનો આગ્રહ રાખીને ભારતે દુનિયાના તત્ત્વચિંતનમાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. મહાત્મા ગાંધીએ એક વાર કહ્યું હતું કે બધાં ધર્મશાસ્ત્રોનો નાશ થાય તો પણ પોતે ઇશોપનિષદના

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
त्येन त्यक्तेन भूंजीथाः मा गृधः कस्यचिद् धनम् ।।

એ એક મંત્રમાંથી સંપૂર્ણ આધ્યાત્મિક પોષણ મેળવી શકશે. આપણી પરંપરાને આપણે યાદ રાખીએ અને જેને આધારે આપણે આજ સુધી ટકી રહ્યા છીએ તે જીવનની પ્રાચીન નિષ્ઠાઓ આપણે ફરી કેળવીએ એ જરૂરનું છે.

૩૪. આપણી સંસ્કૃતિનાં મૂળ આધ્યાત્મિક શ્રદ્ધાનાં હોવા છતાં, આપણી સરકાર બિનસાંપ્રદાયિક છે તે બિના કાંઇક વિચિત્ર ભાસે છે. બિનસાંપ્રદાયિકતાનો સિદ્ધાંત અહીં અધર્મ અથવા નાસ્તિકતાનો સિદ્ધાંત છે એમ સમજવાનું નથી અથવા તે ભૌતિક એશઆરામ ઉપર પણ ભાર મૂકતો નથી. તે આધ્યાત્મિક શ્રદ્ધાઓ સમગ્ર વિશ્વની છે. તે શ્રદ્ધા અનેક માર્ગે કેળવી શકાય છે અને ઇતિહાસની દૃષ્ટિથી આપણે આ કે તે સાંપ્રદાયિક સમાજના ગણાતા હોઇએ તો પણ આપણે સૌ અમૂર્ત ઇશ્વરના સંઘના સભ્યો છીએ. રાજ્યની બિનસાંપ્રદાયયિકતાના વિચારનો આ સાચો અર્થ છે. આ વિચાર ભારતની પ્રાચીન પરંપરાની સાથે પૂરેપૂરો સુસંગત છે. આપણા પ્રાચીન વૈદિક ઋષિઓએ કહ્યું છે કે સત્ય એક જ છે પણ વિદ્વાનો તેને જુદી જુદી રીતે ઓળખાવે છે. મિત્રો, આ આપણો વારસો છે અને આ આદર્શોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીશું તો આપણી ભવિષ્યની આબાદી નિશ્ચિત છે.

૩૫. પાછલી એક સાલ મારા જીવનમાં યાદગાર બનશે. આ વરસ દરમિયાન સંતોષની લાગણીથી માંડીને વિષાદ અને કેટલીક વાર નિરાશાની લાગણીઓ સુધી તરેહ તરેહની લાગણીઓ મારા મનમાં જાગી. આપણી એકતાને ચૂંથી નાખનારી વૃત્તિઓ અને આપણા સાર્વજનિક જીવનનું કંતરવું જતું ધોરણ એ બેને કારણે મારા દિલમાં વિષાદ અને નિરાશા છવાયાં; પણ તેની સાથે આપણાં ગરીબીથી લદાયેલાં ગામડાંઓનો આર્થિક દૃષ્ટિથી ઉદ્ધાર કરવાના પ્રયાસમાં આપણને મળેલી સફળતા જોઇને મને ઉંડું સમાધાન પણ થયું છે. આ ગાળામાં હું સારી પેઠે ફેલવાયો છું અને એ દરમિયાન પંડિતજી અને પંતજીની નિકટમાં રહીને કાર્ય કરવાનો લહાવો મને મળ્યો છે. પંડિતજીના મનનો જુસ્સો અને તેમના દર્શનની વિશદતા અદ્‌ભૂત હોઇ આપણે સૌએ તેમની પાસેથી દેશને ચરણે જીવન સમર્પણ કરીને તેની સેવા કરવાનો પાઠ શીખવા જેવો છે. આપણા રાષ્ટ્રની સેવામાં આપણે નિરંતર અખંડ ઉદ્યમ કરવાનો છે. મનની કાયમની શાંતિ અને પ્રસન્નતાને માટે આ એક જ માર્ગ છે. સૌ કોઇ એટલે ઊંચે સુધી પહોંચી શકતા ન હોય તો પણ આપણે આરામનો વિચાર કર્યા વિના આગળ વધતા રહેવાનું છે. આપણા દેશ પ્રત્યેની આપણી નિર્મિત ફરજ આપણે હિંમતથી અને શ્રદ્ધાથી અદા કરવાની છે. ઇતિહાસમાંથી આપણને મળેલા આ મિશનમાં આપણે સૌ સાથીઓ છીએ અને તેથી હિંદના સેવકો તેમજ સૈનિકો તરીકે આપણે આગળ કૂચ કરતા રહીને આપણે માથે લીધેલું કાર્ય પૂરું કરીએ.

સમાપ્ત

દાતા થાય, નયે થાય, એકલાખો મનુષ્યમાં

(ગતાંકથી ચાલુ)

૩. પૂર્વરંગ (ખ) ૧૯૦૬

હવે મારી ૧૯૦૬ની ડૈનંદિનીમાંથી થોડું કંઇક:

તારીખ

૨૯–૩–૦૬ પૂન [પુણ્ય] મૂક્યું, ભાભુના દેહાન્ત નિમિત્તે.

૨૩–૪–૦૬ બાપુની જજરમાન ગાય બંપાળો મરી ગઇ.

૨૭–૪–૦૬ ભાભુની વરસી; બ્રહ્મભોજન.

૨૮–૪–૦૬ મણિભાભીને અધરણી છે, તેના ફૂલેકાનું જમણ ધરમચંદભાઇને ત્યાં.

૬–૫–૦૬ ભાભીનો ખોળો ભર્યો; બુસટિયા લેખે મને ૧૧ રૂા. આવ્યા.

૩૦–૫–૦૬ ભાભુની ગેરણી જમાડવા અચ્છીમહેન જૂનાગઢ ગયાં.

૧૫–૬–૦૬ બાપુની સંવત્સરી (જેઠ વદિ ૯), બાવા જમાડ્યા.

૧–૮–૦૬ ૬–૭ જણ આગળથી આનો બેઆના ઉધરાવી ત્રણ દરવાજા, અમદાવાદવાળા કે. એમ. અત્તરવાળા આગળથી દેશી શાહીની બે ડબ્બી મંગાવી.

૩–૮–૦૬ ભાઇએ ૨ દેશી હોલ્ડર મને મોકલ્યાં.

૧૨–૮–૦૬ પૂર્વ બંગના ગવર્નર બેમ્ફીલ્ડ ફૂલરે રાજીનામું આપ્યું, એને ઠેકાણે હેર આવ્યો.

૧૭ થી ૧૯–૮–૦૬ આરાવ.રા.

૨૪–૮–૦૬ સંવત્સરી પાંચમ. બાપુને નામે પ્રભાવના. અપાસરે પડકમણું.

૧–૯–૦૬ ગોંડળના પરજિયા સોની અંબ શિવદાસભાઇનાં અવધાનઃ સરવાળા વગેરેના ૪–૪ રકમના ૪ દાખલા; ૪ કવિતાની રચના (હરિગીતમાં છત વિષે. સવૈયા એકત્રીસામાં બકરી વિષે, ઝૂલણામાં લાકડી વિષે અને તોટકમાં લીંબડા વિષે), કવિતાની એક એક લીટી પછી સાતથી ઓછા ઘંટના ટકોરા થાય તે ગણવાના; સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, એસ્પરેંટોનાં ૯–૯ શબ્દનાં ૪ વાક્ય માહલાં એકેએક વાક્યના બબ્બે શબ્દના ક્રમમાં નહિ એવા ચાર ભાગ પાડવા, ને તે અવધાનીને સંભળાવવા, એટલે અવધાની યથાસ્થિત વાક્ય કરી આપે; વળી એક જણ સાથે વાતચીત કરે; પ્રાણીહત્યા બંધ કરવા વિષે સરકારને કરવાની અરજી ઘડી આપે; અને ગોરક્ષા વિષે મહીદીપ છંદમાં કવિતા રચે. ૧૬ અવધાનના એને ૧૬ રૂા. આપ્યા.

૩–૧૦–૦૬ પાણિયારા ઉપર મરેલો ઊંદર પડ્યો હતો, એટલે અંબાવીદાસભાઇ, અભેચંદભાઇ ને હું ભીમજીભાઇને ઘેર સૂવા ગયા. મેં દેશી ધોતિયાં વેચાતાં લીધાં, ૧૫ આનામાં ૪ વાર.

૧૫–૧૦–૦૬ ભાભુની સંવત્સરી (ધનતેરશ).

૩૧–૧૨–૦૬ સુંદરજીભાઇનો ગુજરાત કૉલેજમાં સંસ્કૃતમાં પહેલો નંબર આવ્યો, અને ભવારામ શંભુનાથ પારિતોષિક મળ્યું.

૪. રાજકોટ ૧૯૦૭

૧૯૦૭માં વીરચંદભાઇ ને હું હાઇસ્કૂલમાં છઠ્ઠી ચોપડી ભણતા હતા. એ વર્ષે અમારા વર્ગમાં બનેલો એક બનાવ નોંધપાત્ર છે. સ્વદેશીનો આચાર ને પ્રચાર તો હું જેતપુરથી જ કરવા મંડ્યો હતો. એ પ્રમાણે હું જે નોટ વાપરતો તે દેશી કાગળની હતી ને તેના પૂઠા ઉપર ભારતમાતા તથા સિંહનું ચિત્ર

હતું ને વંદે માતરમ્ લખેલું હતું. અમારા અંગ્રેજી નિબંધની નોટ લક્ષ્મીશંકર જગજીવન હાથી (હાથીભાઇ) નામે વૃદ્ધ તથા ભલા શિક્ષક જોતા. એણે મારી નોટ ઉપર ચિત્ર વગેરે જોઈને શેરો માર્યો કે હવે પછી એવી નોટ વાપરવી નહિ. પણ એમ કેમ બને? એટલે મેં મારા વર્ગના સર્વ વિદ્યાર્થીઓને વિનંતિ કરી કે તે પછી નિબંધ જે લખવાનો આવે તે બધાએ મારા જેવી દેશી નોટ વેચાતી લઈને એમાં જ લખવો. આમ તે પછીને અઠવાડિયે હાથીભાઇ આગળ આપ્યા વર્ગની નોટ એકેએક મારી નોટ જેવી જ ગઈ. હાથીભાઇ ભારે સજ્જન માણસ, એટલે પછી કહે, 'ઠીક થયું, કે મારે લીધે આટલો સ્વદેશી માલ ખપ્યો ને સ્વદેશીને ઉત્તેજન મળ્યું.'

બાકી તો મારા પ્રિય ગ્રન્થકાર ગોવર્ધનરામભાઇનો જન્યુઆરીની ચોથીએ દેહાન્ત થયો, તેના ખરખરાની સભા તેરમીએ શ્રી કુંવરજી કોયાજીને પ્રમુખપદે થઈ. વળી રવિવારે રવિવારે કવિ નાનાલાલ દલપતરામ પ્રેમાનંદનું સુદામાચરિત્ર વાંચતા તે સાંભળવાનો લાભ અમને મળતો.

સાંબડી ગાયને કાબરચિતરો વાછડો આવ્યો.

રાગડના રજપૂત શ્રી જેઠીજી જીભાવાએ મત્સ્યવેધ ને એવા એવા પ્રયોગ કરી બતાવ્યા.

ચાર આને વાર સ્વદેશી ટ્વિલનાં મેં પહેરણ કરાવ્યાં. એક પહેરણનું સીવડામણ દોઢ આનો બેઠું. એક એક પહેરણના એ રીતે આઠ આના થયા. અંગરખાનું સીવડામણ પાંચ આના.

પારસીએ હિંદુ તથા યુરોપિયનને ક્રિકેટમાં હરાવ્યા.

ગારીબાલ્દીની જન્મશતાબ્દી.

નવેમ્બરની સાતમીએ દાદાભાઇ દેશમાં કાયમ રહેવા આવ્યા.

૫. રાજકોટ ૧૯૦૮

૧૯૦૮માં વીરચંદભાઇ અને હું મેટ્રિકના વર્ગમાં હતા. આ વર્ગમાં ગોંડળથી શ્રી છોટાલાલ બાલાભાઇ કોરા થોડોક વખત ભણવા આવ્યા હતા. પછી તો ૧૯૧૦માં ગુજરાત કૉલેજના પ્રીવ્યસના વર્ગમાં એ મારી પડખે જ બેસતા.

૧૯૦૭માં મારા મોટા ભાઇ હાઇસ્કૂલની સામે શ્રી ગોરધનદાસ લાધાભાઇના ઘરના આગલા ભાગમાં ભાડે રહેતા, એને ઘેર હું રહેતો. પણ ૧૯૦૮થી એ વાંકાનેર રાજના સેશન્યાયાધીશ થઈને વાંકાનેર ગયા. એટલે હું રૈયાને નાકે બાટા દોશીના ડેલામાં જીવીબાઇની વીસી ઉપરની મેડીમાં વીરચંદભાઇ રહેતા એના ભેગો રહેવા ગયો.

આ વર્ષે જાનુઆરીની ડાયરી મેં ત્રણ પૈસાની લીધી હતી તેઉપરાંત એકલા રહેવાનું થયું એટલે મારો હિસાબ પણ મારે લખવાનું બન્યું.

આ નામામાં નોંધ્યા પ્રમાણે ઘી દૂધ વિના બીજા જમણના અમારે જીવીબાઇને મહિને સવાચાર રૂપિયા આપવાના રહેતા; એણે એકવાર પૂરણપોળી કરી હતી એમાં વાપરેલા ગોળની પાંચ પાઇ અમે વધારે આપી હતી. દૂધ અમે રૂપિયાના પાકા ૧૪ શેર લેખે લેતા. કસરતશાળામાં કસરત કરીને તરત તાજું દૂધ પીતા. કાચો સવાશેર ઘી લેતા તેના સાડાદસ આના બેસતા. બે પૈસાનું ધાસલેટ લેતા. દેશી ખાંડ પણ બે પૈસાની કે એક આનાની લેતા. દેશી પેન્સિલ પણ બે પૈસાની આવતી. બૂટ (એટલે શૂ) પોણા બે રૂપિયામાં પરમાણુ આપીને કરાવતા. હજામતનો પૈસો બે પૈસા દેતા. કોટ ધોવરામણ પણ એક પૈસો જ. સ્ટેશને મજૂરને બે પૈસા બે પૈસા; કોકવાર ત્રણ પૈસા. ટપાવાળાને છ પૈસા. અમારી સ્વદેશહિતવર્ધક સભા હતી તેની માસિક ફી એક આનો હતી. લાલ-બાલ-પાલની ને લજપતરાયની છબી પૈસા બે પૈસામાં લીધી હતી અને તે બે પાંચ આનામાં મઢાવી હતી. 'પોષી પોષી પૂનમડી'એ

અગાશીએ રાંધ્યાં અન્ન,
જમે ભાઇની બહેનડી

એ નિમિત્તે દીવાળીબહેનને પાંચ પૈસા આપ્યા હતા. 'મિલ્ટનની કાવ્યકૃતિઓ' આ ત્રીજા અક્ષરની નાની પણ જાડી ચોપડી સાત આનાની લીધી હતી.

ડૈનંદિનીમાં ત્રીસમી જૂને ગાંધીજીએ દસે આંગળાની છાપ આપી ને મારે ખાધો તેની નોંધ છે. છવ્વીસમી જુલાઇએ સનાતન ધર્મની પરીક્ષાઓ મુંબઇ સહિત અનેક ઠેકાણે થઈ તેમાં મને ૧૦૦માંથી ૯૦ માર્ક મળ્યા અને પહેલો નંબર આવ્યો. ૩૧મી જુલાઇથી મેં ફેંટો પહેરવા માંડ્યો.

ઑગસ્ટની અગિયારમીએ મુઝફ્ફરપુરમાં બૉમ્બ ફેંકનારા ખુદીરામ બસુ(બોસ)ને ફાંસી દીધી તે દિવસે હાઇસ્કૂલમાં હડતાળ પડી. તેમાં આગળ પડતો ભાગ લીધો એમ કરીને આ આઠ જણને નિશાળમાંથી કાઢી મૂક્યા: ૧. શ્રી કાનજી ગોરધનદાસ બુધદેવ; ૨. શ્રી જગન્નાથ લક્ષ્મીચંદ ગાંધી; ૩. શ્રી ભાઇશંકર મોરારજી; ૪. શ્રી રણછોડ ગૌરીશંકર; ૫. શ્રી સામળદાસ ચૂનીલાલ વોરા; ૬. શ્રી મૂળજી રામજી દોશી; ૭. શ્રી વ્રજલાલ મોનજી; તથા ૮. શ્રી વાલજી ગોવિંદજી દેસાઇ.

૬

આમ મારા ઉપર વીજળી પડી અને વીરચંદભાઇ તથા હું છુટ્ટા પડી ગયા.

વીરચંદભાઇ મુંબઇની પનાલાલ હાઇસ્કૂલમાંથી મેટ્રિક થયા ને ભાવનગર સામળદાસ કૉલેજમાં દાખલ થયા. ૧૯૧૬માં પોતે નગરશેઠને સમજાવીને ગાંધીજીને ભાવનગર આવવાનું નિમંત્રણ અપાવ્યું; એ પ્રમાણે ગાંધીજી ગોખલેસ્મારક ફાળો ઉઘરાવવા ભાવનગર આવી ગયા. ભણતાં ભણતાં પોતે રાત્રિશાળા, હરિજનશાળા વગેરે પ્રવૃત્તિઓમાં સહાયતા કરતા. એક વિદ્યાર્થી મૂંઝાઈને આત્મહત્યા કરવાનો હતો તેને મદદ કરીને બચાવી લીધો હતો. એ જ વર્ષે પોતે બી. એ.માં પાસ થઈ ગયા.

પછી પોતે મુંબઇમાં એલએલ. બી.ની ટર્મ ભરતા હતા ત્યાં એક દિવસ કોણ જાણે કેમ વિચાર આવ્યો કે સમઢિયાળા જઇને માને મળી આવું. આમ પોતે પોતાને ગામે આવ્યા, ત્યાં મા કહે, 'ઠીક થયું કે તું આવી ગયો. હવે હું ચાર દીવસની મહેમાન છું અને ત્રિજ્યાદશમીને દિવસે મારો દેહ પડશે.'

માની છબી પડાવવાનો વીરચંદભાઇને વિચાર આવ્યો પણ ગામડાગામમાં ફોટોગ્રાફર કેવા? એટલે માએ પાંચ પુત્રોને માટે કપડાના પાંચ કટકા મગાવી પોતાને પગે કંકુ લગાડી એ કટકા ઉપર પગલાં પાડી આપ્યાં. 'તમારી પાછળ રોવા કૂટવાનું બંધ રાખીએ તો કેમ?' એમ વીરચંદભાઇએ પૂછ્યું તો તેમાં સંમતિ દર્શાવી. અને વીરચંદભાઇનાં પત્ની હરિલક્ષ્મીબહેનને પોતાના સસરાનું ધ્યાન રાખવાની ભલામણ કરીને શાંતિથી દેહ છોડ્યો.

(ક્રમશ:) દેસાઇ વાલજી ગોવિંદજી

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૧, ગુરુવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ગાંધીજી અને ભારતની સ્ત્રીશક્તિનું ઉત્થાન

(રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ તા. ૧૭-૧૨-૬૦ શનીવારના કસ્તૂરબા ગ્રામસેવિકા વિદ્યાલય (ફોબા)ની ગૌશાળાની શિલારોપણ વિધિ કરવા માટે પધાર્યા હતા તે પ્રસંગે શ્રીમતી સરલાદેવી સારાભાઇએ કરેલા સ્વાગતપ્રવચનમાંથી ઉપયોગી ભાગ નીચે આપવામાં આવે છે. તંત્રી)

૧૯૪૪માં કારાવાસ દરમ્યાન શિવરાત્રિના પવિત્ર દિવસે પૂજ્ય કસ્તૂરબાનું અવસાન થતાં સમસ્ત ભારતવર્ષે વેદના અનુભવી. સદ્‌ગત પ્રત્યે ભક્તિ વ્યક્ત કરવા તેમની પુણ્યસ્મૃતિ નિમિત્તે એક સ્મારક રચવા પ્રજા પ્રેરાઇ અને સ્વયંપ્રેરીત લાગણીથી જ સારી જેવી રકમ ટૂંક સમયમાં ભેગી કરી પોતાને ફાવે તેવો તેનો ઉપયોગ કરવા પૂજ્ય ગાંધીજીનાં ચરણે તે ધરી. આ થયો કસ્તૂરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક નિધિ.

હિંદનાં ગામડાંની સ્ત્રીઓ તથા બાળકોની દુર્દશા, તેમની કંગાળ હાલત, નિરક્ષરતા અને લાચારીથી ગાંધીજીનું દિલ દ્રવી ઊઠતું હતું. કસ્તૂરબાનાં નિમિત્તે એકઠા થયેલા આ નિધિનો ૨,૦૦૦થી ઓછી વસ્તીવાળા ગામડાંમાં સ્ત્રીઓ તથા બાળકોનાં સર્વાંગી વિકાસ માટે ઉપયોગ કરવો એવો આ નિધિનો ઉદ્દેશ ગાંધીજીએ નક્કી કર્યો. તેનું એક અખિલ હિંદ ટ્રસ્ટ બનાવ્યું અને ધારાધોરણ સાથેનું સુવ્યવસ્થિત એવું તંત્ર ઊભું કર્યું. કોઇ પણ પક્ષ, જ્ઞાતિ, જાતિ કે ધર્મથી નિરપેક્ષ રહી સર્વને માટે સમાનભાવે તેનો વહીવટ ચાલે છે. આ સાથે ગાંધીજીએ એવો પણ આદેશ આપ્યો કે આ નિધિની બધી પ્રવૃત્તિઓ સ્ત્રીઓ પોતે જ ચલાવે, જેથી પોતાનો વિકાસ જાતે સાધવાની તેમને તકો મળી રહે, તેમનામાં સુષુપ્ત રહેલી શક્તિઓ જાગે.

આપણી સ્ત્રીશક્તિની જાગૃતિમાં પૂજ્ય બાપુજીનો કેવો અસાધારણ ફાળો છે તે દર્શાવવા જો થોડો ઇતિહાસ આપું તો અસ્થાને નહિ લેખાય.

દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા બાદ પૂજ્ય ગાંધીજીએ હિંદનું સુકાન હાથમાં લીધું ત્યારે આપણા રાજકારણમાં તો શું, પણ સમગ્ર પ્રજાજીવનમાં, સામુદાયિક તેમ જ વ્યક્તિગત એક અસાધારણ પરિવર્તન થઇ રહ્યું. રાજકારણ કે અર્થકારણને તેઓ એક અલગ, સ્વયંપર્યાપ્ત ક્ષેત્ર તરીકે જોતા નહોતા. તેમની વેધક આર્ષદૃષ્ટિને રાજકારણ કે અર્થકારણ સળંગ વ્યાપક જીવનના એક માત્ર અંગ તરીકે-કે જે અંગને તેનાં જેવાં બીજાં અંગો સાથે અનિવાર્ય સંબંધ છે એવા એક અંગ તરીકે જ-સ્પષ્ટ દેખાયું. તેમને આંતરજીવનમાં પ્રવેશ કરીને રાજકારણ તરફ વળવું હતું, નહિ કે રાજકારણમાંથી જીવન તરફ. એકીકરણ પામેલું જીવન તેમને મન મુખ્ય હતું, એટલે જીવનને શુદ્ધ અને સાચું બનાવી, ત્યાગ, તેજસ્વીતા, સેવા, અભય જેવા ગુણોનો ઉત્કર્ષ કરી સત્ય અને અહિંસાને માર્ગે પ્રજા પોતાનો પુરુષાર્થ સાધે એવી પ્રેરણા તેમણે આપી. લાચારી અને ડર અનુભવતી આપણી પ્રજાને આત્મવિશ્વાસવાળી, સ્વાવલંબી અને નિર્ભય બનાવી. પ્રજાજીવનનું ધડતર, આંતર-

સર્વોદય હોસ્પિટલનો સંક્ષિપ્ત પરિચય

ઘાટકોપર ખાતે ક્ષય રોગના નિવારણ અર્થે ૧૯૫૪ ની સાલમાં માત્ર ૧૫૬ બીછાનાથી શરૂ કરવામાં આવેલ સર્વોદય હોસ્પિટલનો આજ સુધીમાં ઉત્તરોત્તર કેટલો વિકાસ થઇ રહ્યો છે તેનો સંક્ષિપ્ત ખ્યાલ આવે એ હેતુથી સાલવાર આંકડાઓ રજુ કરતો એક પરિપત્ર સર્વોદય હોસ્પિટલ તરફથી તૈયાર કરવામાં આવ્યો છે, તેની વિગતો સૂચક અને વેધક હોવાથી નીચે આપવામાં આવે છે:

વિગત		૧૯૫૪	૧૯૫૫	૧૯૫૬	૧૯૫૭	૧૯૫૮	૧૯૫૯	૧૯૬૦
૧ ક્ષેત્રફળ: ચોરસવાર	...	૧૪,૦૦૦	૧૪,૦૦૦	૨૧,૦૦૦	૫૦,૦૦૦	૫૦,૦૦૦	૫૦,૦૦૦	૫૦,૦૦૦
૨ બીછાનાં	...	૧૫૬	૩૦૬	૫૦૦	૭૫૦	૭૫૦	૮૫૦	૧૦૫૦
૩ હૉસ્પિટલમાં રહીને સારવાર પામેલા દર્દીઓ		૩૪૦	૬૨૭	૧૬૩૬	૨૫૬૬	૩૨૨૦	૪૨૫૫	૪૫૬૪
૪. હૉસ્પિટલની બહાર રહીને સારવાર પામેલા દર્દીઓ		૨૬૩૩૫	૨૦૧૬૩	૨૪૦૪૬	૨૬૨૩૦	૨૫૪૦૧	૨૫૮૧૨	૨૬૫૨૫
૫ એક્ષરે ખાતું	...	૭૪૬	૧૬૦૭	૩૩૭૨	૪૪૧૨	૫૬૨૬	૭૬૧૫	૭૬૬૫
૬ સ્ક્રીનિંગ	...	૧૪૬૩	૧૬૩૪	૨૬૨૭	૨૬૬૧	૩૦૫૮	૩૦૬૦	૨૧૪૦
૭ મળ, મૂત્ર, લોહી વિગેરેની ચિકિત્સા	...	૨૫૫૨	૮૪૬૬	૧૩૨૨૬	૧૭૪૨૨	૨૨૮૦૭	૨૭૩૪૨	૩૦૨૩૭
૮ ઓ. પી. પી. પી. ખાતું	...	૫૪૦૦	૬૦૬૨	૧૦૨૭૧	૧૩૮૮૩	૧૧૫૩૬	૧૬૪૪	૬૦૬૦
૯ સર્જિકલ ઑપરેશન (શસ્ત્રક્રિયા)	...	કાંઇ નહિ	૪૭	૬૩	૧૦૪	૨૩૨	૩૫૬	૨૫૭
૧૦ આંખના દર્દીઓ	...	કાંઇ નહિ	કાંઇ નહિ	૨૦૮	કાંઇ નહિ	૨૬૮૧	૩૧૫૮	૩૦૬૦
૧૧ કુટુંબ-આયોજન	...	૧૨૦૨	૧૧૦૩	૬૬૦	૬૬૧	૫૪૦	૬૮૩	૮૫૬
૧૨ બોટ	...	રૂા. ૫૧,૦૨૫	૫૮૨૩૪	૮૦૫૬૪	૮૮,૭૬૫	૧,૩૨,૮૫૭	૧,૧૩,૮૭૨	

શુદ્ધિ, ચારિત્ર્ય–આ તેમને મન મુખ્ય વાત હતી. આથી રાજકારણી આંદોલન સાથે તેઓએ રચનાત્મક કાર્યક્રમો દેશ સમક્ષ મૂક્યા. ખાદી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતા–નિવારણ, કોમી એકતા, પાયાની કેળવણી, રાષ્ટ્રભાષા, ગોસેવા ઇત્યાદિને રાજકારણ સાથે તેમણે એવી કુશળતાથી વણી લીધાં કે જેને લીધે પ્રજાજીવનનાં બધાં અંગોમાં નવો પ્રાણ અને તાજગી આવ્યાં. ત્યાગ, બલિદાન અને સેવાનો એક એવો યુગ પ્રવર્ત્યો કે જેને પરિણામે પ્રજાએ સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું. આ બધું બન્યું તે પૂજ્ય ગાંધીજીએ આંતરશુદ્ધિ પર આગ્રહ રાખીને રચેલા સર્વગ્રાહી પ્રજાજીવનના ઘડતરને આભારી હતું.

પણ આ દેશવ્યાપી જાગૃતિમાં સ્ત્રીશક્તિનું જે ઉત્થાન થયું તે તો અપૂર્વ હતું અને છે. આટલા થોડા સમયમાં, સદ્‌ભાવ, અને શાંતિનાં વાતાવરણમાં, સ્ત્રીશક્તિનું આવું સમર્થ ઉત્થાન બીજા કોઇ લોકશાહી દેશમાં થયેલું હોય તે જાણ્યામાં નથી.

ઐતિહાસિક કાળમાં ભગવાન બુદ્ધ તથા મહાવીરે સ્ત્રીને પુરુષ સમાન ગણી તેને સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વીકારી, તેમની આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ મોકળો કરી આપ્યો. તો યે ત્યાર બાદ અનેક સામાજિક વહેમો અને પૂર્વગ્રહોની ભોગ બનેલી ભારતીય નારીની સેંકડો વર્ષ પછી સાચી પ્રતિષ્ઠા કરનાર આવ્યા તે તો પૂજ્ય ગાંધીજી. બેશક, વચમાં ઘણા સુધારકો આવ્યા, જેવા કે, રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ, કેશવચંદ્ર સેન, વિવેકાનંદ, અને ગણનાપાત્ર પ્રયાસો પણ થયા. તેમ છતાં, ગાંધીજી તો અનન્ય છે. સ્ત્રી પ્રત્યેની દૃષ્ટિમાં કોઇ જાતનો પૂર્વગ્રહ કે આશંકા રાખ્યા વિના સમાનતાના ભાવનો આગ્રહ રાખનાર અને એવા ભાવને વ્યવહારના સર્વ ક્ષેત્રોમાં આચરી બતાવનાર તેઓ હતા. સ્ત્રીનાં હૃદયમાં રહેલી સુષુપ્ત શક્તિનું તેમને તીવ્ર સંવેદન હતું અને તેને પરિણામે તેમણે સમગ્ર પ્રજાજીવનનાં નિઃસંદેહ ભાવે તેની પ્રાણપ્રતિષ્ઠા કરી. સ્ત્રીને તેની શક્તિનું ભાન કરાવ્યું, તેનામાં આત્મવિશ્વાસ પ્રગટાવ્યો અને નિર્ભયતાના કવચથી સુરક્ષિત કરી. અને તે સાથે તે પોતે જ પોતાનો સર્વતોમુખી અભ્યુદય સાધે તેવી પુષ્કળ તકો મળી રહે એવાં સેવાનાં અનેક કાર્યક્ષેત્રોમાં જવાબદારી ઊઠાવવા પ્રેરી.

ગાંધીજીએ સિંચેલી આ સંજીવનીથી ભારતની નારીનો પ્રાણ જાગી ઊઠ્યો. આત્મવિશ્વાસભરી એવી નિષ્ઠા પ્રગટી કે સ્વરાજ્યની લડતમાં પુરુષોની સાથે સાથે રહી સ્ત્રીઓએ પણ ત્યાગ, બલિદાન અને સેવાથી પોતાનો હિસ્સો આપ્યો. ભારતની આ સ્ત્રીજાગૃતિને ભવિષ્યના ઇતિહાસકારો નોંધપાત્ર ગણશે.

ગાંધીજીની વિચારસરણીમાં સ્ત્રી એક સ્વતંત્ર વ્યક્તિ છે અને તેને પોતાની ઉન્નતિ સાધવા સમાન તકો મળવી જોઇએ. તેથી ઘરમાં અને બહાર બધાં સામાજિક અને સેવાનાં ક્ષેત્રોમાં પુરુષો સાથે ભાગ લે છે. આમ છતાં તે પુરુષની પ્રતિસ્પર્ધી નથી, પણ તે, તે સાથે પુરુષની અવલંબી બનીને પણ નથી રહેતી. બેઉ એકબીજાનાં પૂરક છે, પરસ્પર–અવલંબી છે. બન્નેનું સહઅસ્તિત્વ છે. સ્ત્રીજાતિને માત્ર અધિકારો સંભાળવાના નથી, પણ સાથે સાથે જુમ્મેદારીઓ પણ ખબરદારીથી ઊઠાવવાની છે. પૂજ્ય ગાંધીજીના શબ્દોમાં "સેવાનાં ધર્મકાર્યમાં સ્ત્રી જ પુરુષની સાચી મદદગાર અને સાથી છે."

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું. તેના બંધારણે સ્ત્રી પુરુષને સમાન ગણ્યાં. તે સ્ત્રી છે એજ માત્ર કારણે પુરુષને પ્રાપ્ત થતા અધિકારો કે મળતી તકોમાંથી તેને વંચિત રાખી નથી. સામાજિક ક્ષેત્રે હિંદુ કાયદામાં લગ્ન, વારસો વગેરે અંગે સ્ત્રી પક્ષે જે અસમાનતાઓ હતી તેને પણ આપણી સરકારે નાબૂદ કરી. અમે સ્ત્રીઓ સરકારનાં આ પગલાંની ઊંડી કદર કરીએ છીએ.

આજે અમારી બહેનો લોકસભાસદ, પ્રધાન, ગવર્નર કે એલચીપદે છે. આ માટે અમે ગૌરવ લઇએ છીએ. સરકારમાં કોઇ પણ હોદ્દે આવવાની તેને સમાન તક છે. યોગ્યતા પ્રમાણે કોઇ પણ પદ આજે તે પ્રાપ્ત કરી શકે છે. સ્ત્રીજાગૃતિની દિશામાં અત્યાર સુધીમાં જે જે કામ થયું છે તે બદલ કોઇ પણ લોકશાહી દેશ ઉન્નત મસ્તકે ગૌરવ લઇ શકે તેમ છે.

છતાં ઘણું ઘણું કરવાનું બાકી રહે છે તે હકીકત છે. જે સમાનતા કાયદાએ સ્ત્રીને બક્ષી છે તે સામાજિક ક્ષેત્રોમાં અને કુટુંબોમાં પરસ્પર વ્યવહારમાં ઘણે ઠેકાણે હજી સાર્થક કરવાની રહે છે. આ બીના એવી છે કે જ્યાં કાયદા માત્ર ઉપર આધાર રાખી શકાતો નથી, તેમાં આપણા બધાંની ન્યાયબુદ્ધિ અને ઉદાર વલણની અપેક્ષા રહે છે.

બીજું એ કે અત્યાર અગાઉ મોટે ભાગે શહેરી વિસ્તારમાં સ્ત્રીજાગૃતિ આવી છે. ગ્રામવિસ્તારોમાં જોઇએ તેટલું કામ થયું નથી. આપણા વિશાળ દેશનાં લાખો ગામડાંને ખૂણે ખૂણે સ્ત્રીજાગૃતિ લાવવાનું કામ આપણને આહ્‌વાહન કરી રહ્યું છે. આ ઉણપ વહેલી પૂરાવી જોઇએ છે.

આ ઉણપથી પૂજ્ય ગાંધીજી વાકેફગાર હતા. તેથી કસ્તૂરબા સ્મારક નિધિના ઉદ્દેશનો પ્રશ્ન તેમની સમક્ષ આવ્યો ત્યારે તેમને ગામડાંની સ્ત્રીઓ યાદ આવી. આથી નાનાં નાનાં ગામડાંની સ્ત્રીઓ અને બાળકોનાં સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે આ નિધિનો ઉપયોગ કરવાનું તેઓએ યથાર્થ ગણ્યું. આ રીતે કસ્તૂરબા ટ્રસ્ટના કાર્યક્ષેત્ર તરીકે ગામડાં નિર્મિત થયાં.

ટ્રસ્ટના પ્રથમ અધ્યક્ષ પૂજ્ય ગાંધીજી હતા. તેઓની આર્ષદૃષ્ટિ નીચે ટ્રસ્ટનું શરૂઆતનું ઘડતર થયું તે અમારું સુભાગ્ય હતું. ટ્રસ્ટના ઉદ્દેશોનો અમલ કરવા ભારતના પ્રાદેશિક વિભાગોમાં એકેક સ્ત્રી પ્રતિનિધિની નિમણૂક કરી પૂજ્ય ગાંધીજીએ તે કાર્ય સ્ત્રીઓને સોંપ્યું. ભારતમાં આવા પ્રાદેશિક વિભાગો ૨૪ છે. ટ્રસ્ટનું પ્રધાન કાર્યાલય ઇન્દોર પાસે કસ્તૂરબાગ્રામમાં છે

ટ્રસ્ટના ઉદ્દેશોને પાર પાડવા ટ્રસ્ટે ગ્રામસેવાકેન્દ્રો શરૂ કરવા વિચાર્યું. કેન્દ્રોની પ્રવૃત્તિઓ ગ્રામસેવિકાની તાલીમ પામેલી બહેનો દ્વારા કરવાની હોઇ ૧૮ થી ૩૦ વર્ષની ઉંમરની બહેનોને તાલીમ આપવા ભારતભરમાં પ્રાદેશિક કસ્તૂરબા ગ્રામસેવિકા વિદ્યાલયો ખોલવામાં આવ્યાં. અત્યારે આવાં ૧૫ વિદ્યાલયો ચાલે છે. આવી તાલીમ પામેલી બહેનોએ ગ્રામવાસી બની ગ્રામ-સેવા કેન્દ્રોની પ્રવૃત્તિઓ સમગ્ર ગ્રામસેવાની દૃષ્ટિએ કરવાની હોય છે.

ગુજરાતનું આ વિદ્યાલય સાબરમતીને તીરે શાંત, સુંદર, પ્રેરણાદાયી વાતાવરણમાં આવેલું છે. અહીં બુનિયાદી શિક્ષણની દૃષ્ટિએ સંસ્કારતાલીમ અને ખાદી તથા ગૃહઉદ્યોગની તાલીમ અપાય છે. પ્રસૂતિ, બાલઉછેર, માંદાની માવજત અને સ્વાસ્થ્યને આવરી લેતી આરોગ્યસેવાની તાલીમ બેડા જિલ્લામાં રાસ ગામે આવેલાં કસ્તૂરબા પ્રસૂતિગૃહ અને દવાખાનામાં અપાય છે. ગુજરાત પ્રદેશે અત્યાર સુધીમાં ૫૫૯ સંસ્કાર સેવિકાઓ, ૪૫ પ્રસૂતિ સેવિકાઓ અને ૧૮ ઉદ્યોગ સેવિકાઓને તાલીમ

આપી તૈયાર કર્યા છે. આમાંથી ૩૩૨ સંસ્કારસેવિકાઓ અને ૧૮ ઉદ્યોગસેવિકાઓ સમાજકલ્યાણ બોર્ડ માટે તૈયાર કરાયાં છે.

ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં ટ્રસ્ટનાં ૩૪ સંસ્કાર-કેન્દ્રો અને ૧૫ આરોગ્યકેન્દ્રો ચાલે છે. સમાજ કલ્યાણ બોર્ડ ૧૯૫૫થી વિસ્તૃત રીતે ગ્રામસેવા ક્ષેત્રમાં આવતાં, કસ્તૂરબા ટ્રસ્ટે નાનાં ક્ષેત્રોમાં સઘન રીતે કાર્ય કરવાની નીતિ અપનાવી, જેથી હાલ ટ્રસ્ટનાં ૬ સંસ્કારકેન્દ્રો અને ૨ આરોગ્યકેન્દ્રો ચાલે છે.

સેવિકાઓ ગામડાંમાં બહેનો અને બાળકોના સંપર્કમાં આવી તેમને સ્વાવલંબનને રસ્તે દોરી, તેમનાં જીવન તંદુરસ્ત, સ્ફુર્તિવાળાં, તેજસ્વી, સ્વાશ્રયી બને તેવી પ્રવૃત્તિઓ આદરે છે. વ્યક્તિ તેમ જ એક નાગરિક તરીકે દરેક જણ સ્વાવલંબી બની જવાબદારીભર્યું સહકારી જીવન ગાળતાં શીખે, એવી રીતે કામ કરવાનો આ સેવિકાઓનો પ્રયાસ રહે છે. આ કેન્દ્રોમાં જે કાંઇ કામ થયું છે તે અમારી ગ્રામસેવિકાઓ અને અન્ય કાર્યકરોની નિષ્ઠા અને સેવાને આભારી છે. પ્રમાણમાં કઠિન ગણાતી ગામડાંની પરિસ્થિતિમાં વસી આ કામ કરવા બદલ તેઓને સાચે જ ધન્યવાદ ઘટે છે.

આપણાં ગામડાંમાં એટલું બધું કામ કરવાનું પડયું છે કે મોટી સંખ્યામાં તાલીમ પામેલી ગ્રામસેવિકાઓની અપેક્ષા રહે છે. પંચવર્ષીય યોજનાને પ્રતાપે ગ્રામજનતામાં એટલાં બધાં સામાજિક કાર્યો થઇ રહ્યાં છે કે ત્યાં અનેક બહેનોની જરૂર છે. સત્તાનું અને જવાબદારીનું વિકેન્દ્રીકરણ કરવા ગ્રામપંચાયતો સ્થપાઇ રહી છે, ત્યારે સ્ત્રીઓ સમક્ષ અસાધારણ પ્રમાણમાં ગામડાંમાં કામ કરવાની તકો ખડી થઇ છે. આપણાં બંધારણમાં સ્ત્રીઓને જે સમાનતા મળી છે તે જો તેના વિશાળ અર્થમાં વાસ્તવિક કરવી હોય તો બહેનોએ આ નવરચનામાં પોતાનું સ્થાન લઇ, જવાબદારીઓ ઉપાડી, ગાંધીજીની ગ્રામ-સ્વરાજ્યની જે કલ્પના હતી તે સાકાર બનાવવા પોતાનો ફાળો આપવો જોઇએ.

સરલાદેવી સારાભાઇ

વસ્ત્રસ્વાવલંબન અને અંબર

(તા. ૧–૧–'૬૧ના 'પ્રબુદ્ધ જીવન'માં અંબર ચરખો અને ખાદી ખરીદનારને આપવામાં આવતી 'સભસીડી' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખમાં શ્રી નારણદાસ ગાંધીનું પ્રવચન અન્તર્ગત કરવામાં આવ્યું છે. તે પ્રવચનને લક્ષમાં રાખીને નીચેની નોંધ 'નયા માનવી'માં પ્રગટ કરવામાં આવી છે, જે નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવી છે. **તંત્રી**)

જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ ખાદી વિષે વધારે ચર્ચાઓ થતી જાય છે. અંબર ચરખાના આગમન પછી જેમને માટે આપણા સૌના દિલમાં આદર છે એવા પૂ. નારણ-દાસ કાકાએ ગાંધી જયંતી દરમિયાન સંકલ્પકતાઇના પ્રારંભ નિમિત્તે એક ચેતવણીનો સૂર વ્યક્ત કર્યો તે નીચે પ્રમાણે છે:

'રેંટિયાનાં સંદેશને કરોડોની ઝૂંપડીમાં લઇ જવાનો છે. તે આટઆટલા પ્રયત્નથી લાખોની જ ઝૂંપડીઓમાં પહોંચ્યો છે અને હવે તો તેનું ભવિષ્ય પણ જોખમમાં છે. આ જોખમનું નિમિત્ત વિચારતાં અંબર રેંટિયાનો વિચાર સહેજે આવે. ક્યાં કરોડોની ઝૂંપડીમાં રેંટિયો પહોંચાડવાના મનોરથો અને ક્યાં અમુક જ સંખ્યામાં અંબર પહોંચાડવાના અથાક પ્રયત્નો ને અઢળક ખર્ચ?'

પૂ. નારણદાસકાકાએ જે પૃથક્કરણ કર્યું છે તે અંગે ખાદી કરનાર અથવા તો ખાદીને જીવનના એક દર્શન તરીકે સ્વીકા-રનાર સૌએ વિચાર કરવો જોઇએ.

હું ધંધાદારી કામનો માણસ નથી. એ કામ મેં કદિ કર્યું નથી અને જો મને કોઇ વસ્તુમાં રસ હોય તો માત્ર એટલો જ કે ઘરેઘરમાં જે ફાજલ સમય પડયો છે તેવા જીવનની પાયાની જરૂરિયાતો માણસ સહજ રીતે ઉત્પન્ન કરતો થાય. ઉપયોગમાં એને સ્વાવલંબનની ખાદી કહેવી હોય તો કહી શકાય. છેલ્લાં વીસ વર્ષથી એ રીતે હું કાંતું છું. છેલ્લા બે વર્ષથી મેં અંબર પણ વસાવ્યો છે. એટલે એ અનુભવો અંબર ને સાદા ચરખાના સ્થાન વિષે વિચારવા માટે ઉપયોગી થશે. એ બંને ચરખાઓના ઉપયોગમાં મને જે ફેર દેખાયો તે આ છે:–

ખેતરમાંથી કપાસ વીણવાથી માંડીને કાંતણ સુધીની બધી ક્રિયાઓ અમારા ઘરમાં જ ચાલે છે. એમાં પણ છેલ્લામાં છેલ્લા જે સુધારાઓ પીંજવા, કાંતવા વગેરેના સાધનોમાં થયા છે તે હું અપનાવતો જ રહું છું.

સૌથી પહેલો ફાયદો મને એ દેખાયો કે જો પદ્ધતિસર કાંતવામાં આવે તો સાદા રેંટિયા કરતાં અંબરનું સૂતર સારું, વધારે કસદાર ને સમાન હોય છે અને ઉત્પન્ન થયેલી ખાદી પ્રમાણમાં વધારે પહોંચે છે. ટૂંકમાં ખાદી જો સારી કરવી હોય તો અંબર મારફતે તે થઇ શકે છે. ઝીણું સૂતર એટલે કે ૩૦ થી ૪૦ આંકનું કાંતવા માટે પણ અંબરનો ઉપયોગ વધારે અનુકૂળ લાગ્યો છે. સાદા રેંટિયામાં એ પ્રગતિને મર્યાદા છે, કારણ કે અંબરની કાંતણપદ્ધતિ વૈજ્ઞાનિક છે અને એ દૃષ્ટિએ હું અંબરને પસંદ કરું છું. જો ખાદીને આપણે ટકાવવી હશે તો એ સારી, ટકાવ કરવી જ પડશે. મિલના કાપડ સામે ચો. વા. ની કિંમતથી એ કદી હરીફાઇ નહિ કરી શકે. એ રીતે ખાદીને સસ્તી કરવાના પ્રયત્નમાં આપણે થાકવાના છીએ એમાં મને શંકા નથી. મિલના કાપડની હરીફાઇ આપણે ખાદીની ગુણવત્તા એટલે કે ટકાઉપણું વધા-રીને જ કરી શકીએ અને એ જ કરવું જોઇએ. બિલકુલ તટસ્થ ને વૈજ્ઞાનિક રીતે જોતાં મને લાગે છે કે, અંબરથી કાંતણ-પધ્ધતિમાં એ શકયતા વધારે છે ને તેથી હું અંબરને સાદા રેંટિયા કરતાં વધુ પસંદ કરું છું.

હવે બીજો પ્રશ્ન છે સમયનો. સ્વાવલંબન માટે પણ માણસ વર્ષ દરમ્યાન કેટલો સમય આપી શકે? વર્ષોથી જાતે કાંતીને ખાદી પહેરું છું. મારી પત્ની પણ કાંતે છે. રેંટિયો કાંતવાના આગ્રહી હોવા છતાં વર્ષ દરમ્યાન લગભગ દોઢસોથી વધારે આંટી અમારા કુટુંબમાં તૈયાર થતી ન હતી. અંબર વસાવ્યા પછી અમારું એ ઉત્પાદન વધીને લગભગ ૩૦૦ આંટી પર પહોંચ્યું છે. આ ગાંધી જયંતીના દિવસોમાં જ અમે અંબર ચરખા ઉપર ૨૦૦ આંટી કાંતી. હું માત્ર જે પરિણામ આવ્યું છે તે જ મૂકું છું. આની સાથે એક નોંધવા જેવી વાત છે તે એ છે કે સાદા રેંટિયાની પૂણી અમે બનાવ-ડાવી લેતાં ને તે કાંતતા. જ્યારે આ ત્રણસોય આંટી માટે કપાસથી માંડીને સૂતર સુધીની બધી ક્રિયાઓ હવે ઘરમાં જ થાય છે અને એટલે જ અંબરનું સૂતર વધારે સારું બને છે. બિલકુલ ફ્રીટી વગરનો સારો કપાસ સધરી અને લોઢી, મોઢિયાપિંજણ પર પીંજી કચ્ચી પક્કી પદ્ધતિથી અમે કતાઇ કરીએ છીએ. એટલે અમારી ખાદી પહેલાં કરતાં વધારે સસ્તી ને સારી બની છે.

આ બે જો સ્વાભાવિક પરિણામ હોય તો મને લાગે છે કે કુટુંબના સ્વાવલંબન માટે પણ અંબર ચરખો વધારે સારો છે.

મહિનામાં ઓછામાં ઓછા ૨૦ દિવસ મારે બહાર ફરવાનું રહે છે. મારાં પત્ની પણ ભણાવવાનું કામ કરે છે. એટલે સતત ચરખા ઉપર કાંતવાના દિવસો થોડા જ હોય છે. ઘણા ભાઈઓનો અનુભવ છે કે અંબર ચરખો લાંબા સમય માટે કાંતવો હોય તો જ ચાલી શકે એવો છે. જ્યારે ચલાવીએ ત્યારે એને શરૂ કરતાં પા અડધો કલાક તો ચાલ્યો જ જાય. મારો અનુભવ એવો નથી. જેના ઘરમાં રોજ અડધો કલાકથી કલાક પણ ચરખો ચાલતો હોય તેને તે તરત જ કામ આપે છે. મેં પ્રયોગરૂપે રસોડામાં દાખલ થવાના ઓરડાના ટેબલ ઉપર એને મૂકી રાખ્યો. રસોડામાં જઉં ત્યારે પાંચ-સાત મિનિટ ને કોઈવાર તો પચાસ સો આંટા ફેરવી લઉં, છતાં સાંજ સુધીમાં ચરખા ઉપર અડધાથી પોણી આંટી કંતાઈ જાય. એટલે એકવાર પદ્ધતિસર કામ ગોઠવાઈ ગયા પછી ચાલુ કરવામાં કોઈ ખાસ મુશ્કેલી પડતી નથી. ઘણીવાર તો દિવસમાં હું આઠથી દસ વાર પાંચ પાંચ દસ દસ મિનિટ ચરખો ફેરવતો હોઈશ. મેં અંબર ચરખાનો વધારે વિચાર કુટુંબનાં વસ્ત્રસ્વાવલંબનની રીતે જ કર્યો છે. એ દૃષ્ટિએ ત્રણ ત્રાકનો ગીઅરવાળો ચરખો સૌથી વધારે અનુકૂળ આવ્યો છે. એનાથી ઘરમાં સાધન પણ ઓછાં થાય છે. અને વધારે ત્રાકો સંભાળવામાં જે કડાકૂટ જેવું લાગે તે પણ લાગતું નથી. કાંતવાની ગતિ પણ કલાકે એક આંટી સુધી આવે છે, એ માટે અટવાડિયામાં એક દિવસ પટ્ટા બનાવી લઈએ છીએ અને પછી કેસેટ કે પદ્ધતિથી ચાર પટ્ટાના પટા બનાવી એને કાંતીએ છીએ. ઘણીવાર એ પટ્ટી પણ એ ત્રણ દિવસ મારા ચરખા ઉપર ચાલે છે.

ટૂંકમાં કહું તો વસ્ત્રસ્વાવલંબન માટે પણ અંબરચરખો સાદા રેંટિયા કરતાં વધારે અનુકૂળ આવી શકે એમ છે. ફક્ત એ માટે થોડી જાગૃતિ ને સાવચેતી રાખવાં જોઈએ.

એક પ્રશ્ન છે અને તે એ કે સાદો ચરખો ગમે ત્યારે ને ગમે ત્યાં કાંતી શકાય છે. વાતો કરતાં કરતાં પણ ચાલે. કોઈપણ જાતની માનસિક તાણ પડતી નથી. પ્રવાસમાં પણ સાથે લઈ જઈ શકાય. આ બધા અનુભવો સાદા ચરખાની તરફેણમાં છે અને એ રીતે સાદા ચરખાની કતાઈનું પણ સ્થાન રહેવાનું જ. અંબર ચરખો બધે ફેરવી શકાવાનો નથી. એનો ઉપયોગ થોડી વધારે આવડત ને એકાગ્રતાની અપેક્ષા રાખવાનો, છતાં કોઈપણ માણસને પ્રયોગ કરવો હોય તો કરી જુએ. એક મહિનો તે રોજ અડધા કલાક કે કલાક સાદા ચરખા ઉપર કાંતે ને એજ રીતે એક મહિનો તે અંબર ચલાવે. કોઈપણ જાતની શંકા વગર કહી શકું કે અંબરથી ઉત્પન્ન વધવાનું છે ને તે સારૂ પણ થવાનું છે એટલે જેના દિલમાં વસ્ત્ર-સ્વાલંબનની ઝંખના હશે તેને તો જરૂર ફાયદો થશે જ. પણ ભાવના જ નહિ હોય તેને તો પેલો ચરખો પણ કાંતી નહિ આપે. એટલે વસ્ત્રસ્વાવલંબન એ વિચાર છે, એ જીવવાની પદ્ધતિ છે અને સાદો ચરખો કે અંબર ચરખો એ સાધન છે. સાધનની બાબતમાં મને લાગે છે કે આપણે વધારે સારા, વધારે વૈજ્ઞાનિક અને કાર્યક્ષમ સાધનને આવકારવું જોઈએ ને એ રીતે હું અંબરને વિજ્ઞાનયુગના એક આશીર્વાદ તરીકે આવકારું છું.

અને છતાં પ્રવાસમાં, કોઈની સાથે વાતો કરતાં કે આરામના સમયમાં પણ કાંઈક ઉત્પાદન કરવા માટે સાદો ચરખો વાપરું છું. એક વખત પૂ. દાદાએ અંબર ચરખો શીખવાની વાત કરી ત્યારે મને યાદ છે કે મેં કહ્યું હતું કે આમ શીખો તે તો સારૂ છે; પણ બધી રીતે વિચારતા આપના માટે તો આ સાદો ચરખો જ સારો છે ને વરસે દહાડે ૧૧૦ ચો. વા. જેટલું કપડું આપે છે. એથી વધારે કાંતીને આપને શું કામ છે?

એટલે કયું સાધન વાપરવું તેનો આધાર આપણી પ્રવૃત્તિ, ઉંમર, જીવનની જરૂરિયાત વગેરે પર રાખે છે અને એ વિવેક કરવો જ જોઈએ. એ દૃષ્ટિએ આપણા દેશમાં અંબર પણ ચાલશે ને સાદો ચરખો પણ ચાલશે.

નવલભાઈ શાહ

દાતા થાય, ન યે થાય, એક લાખો મનુષ્યમાં

૭

હવે વીરચંદભાઈએ વેપારના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો ને પૂર્વ આફ્રિકા માલ ચડાવવા માંડ્યો, તેમાં એ એક અદ્‌ભુત દાનપતિના પ્રસંગમાં આવ્યા. આ દાનપતિ તે શેઠ અબ્દુલહુસેન અલ્લાહદીના.

અબ્દુલહુસેનભાઈનો અન્તકાળ હતો એવે ટાણે એક હિન્દુ એની આગળ આવી ચડ્યો ને કહે, 'મારે દેશ જવું છે, પણ આગબોટના ભાડાના પૈસા નથી, તે મને અપાવો.'

શેઠ આ વેળાએ ભારે ભીડમાં આવી ગયા હતા; લેણિ-આતને દેવાના પૈસા પણ એની પાસે ન મળે. એવી દુર્દશામાં પણ માગવા આવેલો માણસ ઢાલે હાથે કેમ પાછો જાય? એટલે શેઠે પત્નીને પૂછ્યું. પત્ની કહેઃ 'રોકડા પૈસા તો નથી જ, પણ ઘરની ઘરવખરી, ફર્નિચર, ઘરેણું-ગાંઠું,—એવું એવું પણ વેચાઈ ગયું છે. તો હવે કેમ કરવું?'

એટલે શેઠે પત્નીના નાકમાં હીરાની ચૂંક હતી, તેના સામી આંગળી કરી ને કહે, 'આ ચૂંક તમે હવે બહુ દિવસ વાપરી શકો એમ મને સૂઝતું નથી; એટલે એ વેચી નાખો ને આ માણસને ભાડાના પૈસા આપો.'

૮

વીરચંદભાઈને પહેલેથી જાહેર જીવનમાં રસ હતો, એટલે કોંગ્રેસની વાર્ષિક બેઠક થાય તેમાં હાજરી ભરે. વળી મુંબઈની નગરસભા (કોર્પોરેશન)ના પણ પોતે સભ્ય બન્યા; રૂા. ૫૦૧ આપીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પણ આજીવન સભ્ય થયા; એક જૈન કોન્ફરન્સના મંત્રીપદે પણ એની વરણી થઈ હતી,

સ્થાનિક કોંગ્રેસના કામમાં પણ વીરચંદભાઈ પડ્યા, એટલે માંડવી કોંગ્રેસ સમિતિને પ્રમુખપદે આવ્યા. પછી ૧૯૩૦માં મુંબઈનગરીની સંગ્રામસમિતિના નવમા પ્રમુખ લેખે એને ચાર માસની સખત કેદની શિક્ષા થઈ. જેલમાં એ સરદાર વલ્લભભાઈ અને ડૉ. ચન્દુલાલ દેસાઈ તથા બીજા અનેક લોકોના પ્રસંગમાં આવ્યા.

જેલમાં ગયા તે પહેલાં પોતે દિવસના ૧૫-૧૬ કલાક કોંગ્રેસનું કામ કરતા, ને જેલમાં પોતાને થોડુંઘણું દૂધ ને ખાંડ મળતી તેમાંથી બીજા કેદીઓને ભાગ આપતા.

છૂટીને આવ્યા પછી માંડવી વિભાગમાંથી કોંગ્રેસ સારુ ફાળો ઉઘરાવવામાં પોતે શ્રી નરીમાનને મદદ કરી હતી. અને જવાહરલાલજીએ તમને મળવા બોલાવ્યા છે એવી શ્રીમતી સરોજિની નાયડુની ચિઠ્ઠી પણ એકવાર વીરચંદભાઈ ઉપર આવી હતી.

રાજકોટ રાજ્યમાં પ્રખ્યાત લડત ચાલી ત્યારે પણ શ્રી વીરચંદભાઈ રાજકોટ આવીને જેલજાત્રાળુ બન્યા હતા. ૧૯૩૯માં જામનગર રાજ્ય પ્રજાપરિષદની સભા ભરાણી, તેમાં પોતે સ્વાગતપ્રમુખ બન્યા હતા. આ સભાને ગાંધીજીએ સંદેશો મોકલ્યો હતો, કે

'બીજું કાંઈ ન કરી શકો તો કાઠિયાવાડની શુદ્ધ ખાદી ધારણ કરી ગરીબો સાથે તમારું ઐક્ય સિદ્ધ કરજો.'

ક્રમશ: દેસાઈ વાલજી ગોવિંદજી

રંગેલું રૂપ

કાલે અચાનક મને લીલાનો ભેટો થઇ ગયો. લગભગ વીસ વર્ષે અમે મળ્યાં, પણ એને જોઇ હું આશ્ચર્યથી મૂઢ બની ગઇ. છેલ્લી લીલાને મેં જોઇ હતી ત્યારે તે પંદર સોળ વર્ષની એક મુગ્ધ કિશોરી હતી. આજે વીસ વર્ષ પછી એજ કિશોરીને પ્રૌઢાવસ્થામાં પ્રવેશી ચૂકેલી મેં જોઇ. પણ લીલાને જોઇ હું આશ્ચર્યથી મૂઢ બની ગઇ એનું કારણ એ અવસ્થાનું પરિવર્તન ન હતું. એ પરિવર્તન તો અમારા સહુમાં આવ્યું હતું. એટલે એ માટે તો મન તૈયાર હતું. અલબત્ત એક હાથમાં રમાડી કુદાવેલી બાલિકાને અચાનક મુગ્ધાના રૂપમાં જોતાં આશ્ચર્ય થયા વિના રહેતું નથી, પણ એ આશ્ચર્ય સુખદ હોય છે, પણ આ તો મનને વ્યથિત કરતું હતું.

અને એ વ્યથાને કારણે જ હું લીલાને જોઇ રહી, પણ થોડીવાર સુધી બોલાવી શકી નહિ. એને જોતાં મનમાં ન સમજાય એવી બેચેની થઇ આવી. આ બધાનું કારણ હતું લીલાનું રંગેલું મોઢું, તેના ઘેરા લીપસ્ટીકવાળા હોઠ, લાલીથી રંગેલા ગાલ ને કાજળની સળી વડે ખેંચેલી ભ્રમરો ને એ બધાની પાર્શ્વભૂમિમાં રહેલો પીળા પાવડરનો થર, કાનમાં લાંબાં લટકતાં ઝુમ્મર...ટૂંકમાં આ બધાંએ મળી લીલાના ચહેરાને, જોનારને બેચેન કરી મૂકે એવું વિકૃત રૂપ આપી દીધું હતું. હું એ જોતાં અસ્વસ્થ થઇ ગઇ. આ લીલા! પેલી સુંદર રમણીય મુદ્રિના તેજે ચમકતી આંખોવાળી લીલા તે જ આ લીલા! મનમાં પ્રશ્ન ઉઠ્યા કર્યો ને 'ના, આ એ હોય નહિ!' એવો ખોટો છતાં માનવાનું મન થાય એવો ઉત્તર મળતો રહ્યો, ને એ પ્રશ્નોત્તરીમાં અટવાયેલી હું લીલાને બોલાવવાનું જ ભૂલી ગઇ.

લીપસ્ટીક, લાલી ને પ્રસાધનની વિવિધ, અતિ આધુનિક લાગતી સામગ્રી મેં આ પહેલાં ઘણીવાર જોઇ છે. એનો ઉપયોગ અત્યારે અતિ સામાન્ય થઇ ગયો છે એ પણ હું જાણું છું. અલબત્ત એ માટે મને કદી મમતા થઇ નથી. પણ આજ જેવી તીવ્ર ઘૃણા પણ મેં એ વિષે કદી સેવી નથી. એ વિષે મેં ઝાઝો વિચાર પણ કર્યો નથી. પણ આજે પહેલાં સ્મૃતિમાં સચવાયેલા લીલાના સુંદર ચહેરા ઉપર આ સામગ્રીએ આધુનિકતાને નામે જે વિરૂપતા ફેલાવી દીધી હતી તે જોતાં મારા મનમાં એ બધાં પ્રત્યે ઘૃણા પ્રગટ થયા વિના ન રહી. ને સાચું કહું તો માત્ર એ સામગ્રી વાપરનાર પ્રત્યે પણ મને આ પ્રકારની ઘૃણા થઇ આવી.

આજે જ મને ખબર પડી કે સૌંદર્યની સજાવટ માટે ઉપજાવેલાં સાધનો સૌંદર્યના આવાં વેરી પણ બની શકે છે. માણસના ચહેરાને એ કુરૂપ જ માત્ર નહીં ભયંકર પણ બનાવી શકે છે. હા, નાટકમાં ક્વચિત્ તખ્તાની તદ્દન નજીક બેસતાં નટોના ચહેરા ઉપર પથરાયેલી આ ભયંકરતા જોયેલી ખરી. પણ નટ નટીઓની વાત જુદી છે. એ તો એમની ધંધા માટેની અનિવાર્ય આવશ્યકતા છે અને પ્રેક્ષકો તથા નટો બંનેએ મનોમન એ આવશ્યકતા સમજીને સ્વીકારેલી હોય છે. ને વળી, એ તો માત્ર સ્ટેજની જ દુનિયા પૂરતી મર્યાદિત છે. પણ સામાન્ય જીવનમાં આવી ભયંકરતા વહોરી લેવાની શી જરૂર? શું લીલાને ખબર નહિ હોય કે પોતે કેવી ઘૃણાજનક લાગે છે! અરીસામાં પડતું એનું પ્રતિબિંબ શું એને માટે ઠપકો નહિ આપતું હોય? સૌંદર્ય અને વિરૂપતા વચ્ચેનો ભેદ ન પારખે એવી જડ તો લીલા નહોતી જ એ મને બરાબર ખબર છે. ત્યારે?

કોને ખબર છે? હવે તો કદાચ વર્ષોની ટેવને લીધે એના વગર જ એને અડવું અડવું લાગતું હશે, અને જેમ નશાખોર માણસ નશાની વિનાશકતા સમજવા છતાં નશાને છોડી શકતો નથી એમ જ પડેલી આ માનસિક ટેવને કારણે પોતાના રૂપની અવદશા જોવા છતાં તે એના વગર રહી નહી શકતી હોય. એક અંગ્રેજ યુવતી કહેતી હતી કે "લીપસ્ટીક લગાડી ન હોય તો મને એમ જ લાગ્યા કરે કે મેં વસ્ત્રો જ પહેર્યાં નથી!" એના જેવું જ કંઇક હશે.

પણ એણે એવી ટેવ પાડી જ શું કામ હશે! જે ટેવ એને આવી જડ બનાવી દે તેનાથી એ દૂર કેમ નહીં રહી હોય?

મારી સાથે દેવી હતી. તેણે લીલાને જોઇને કહ્યું 'આ બધાં એના જુવાન દેખાવાના ફાંફા છે.' હા, એમ જ હશે. મને દેવીની વાત સાચી લાગી. ને એમ જ હોય તો ખરેખર એ ફાંફા જ હતાં. કદાચ આ રંગરોગાન વગર એ વધારે જુવાન દેખાત. અનેક મારી પરિચિત પ્રૌઢ સ્ત્રીઓ અત્યારે પણ પચ્ચીસ સત્તાવીસની યુવતી જેવી દેખાતી હતી તે મને યાદ આવી. ઉલટું લીલાનો આ રંગીન ચહેરો તો એની ઉમ્મરની વાત ધાંટો પાડીને સહુને કહી દેતો હતો. એ રંગેલા ગાલની ઉપર લાચાર અને વિહ્વળ આંખો જુવાન દેખાવા માટે લીધેલા પરિશ્રમ અને એની અર્થહીન વાતમાં જુવાનીના વેડફી નાંખેલાં અનેક અમૂલ્ય વર્ષોની થકાવટ જાહેર કરતી હતી. એ આંખોમાં નિરાશા હતી. જગતને છેતરવાં તેણે આ પરિશ્રમ લીધો હતો, પણ જગતને છેતરી શકી ન હતી. ઉલટું એ છે એથી પાંચ વર્ષ વધારે વ્યક્ત કરીને એ જગતને છેતરી રહી હતી ખરી!

કેટલું કરુણ લાગતું હતું એ બધું? એ રંગેલો ચહેરો જ માત્ર નહીં એ આખીયે આકૃતિનાં તમામ તત્વો જે વાત તેમને ગુપ્ત રાખવાનું ફરમાન હતું તે જ વાત પ્રગટ કરી દેતાં હતાં. જેમ દરેક છૂપી વાત વધારે વેગથી પ્રસરી જાય છે તેમ જ લીલાના આ કૃત્રિમ શણગાર પાછળથી રખેને કોઇ એની સાચી અવસ્થા પામી જાય એનો ભય પ્રગટ થતો હતો. એ દૂરથી ચળકાટ મારતા ગુલાબી ગાલ પાસે આવતાં રંગોના રેણ દીધેલા એ ચહેરાની માયાજાળ ભેદીને આઘાત આપતા હતા અને એ બધાની વચમાં રહેલી કાળી નિસ્તેજ થાકેલી આંખો દ્વારા અવસ્થાનું માપ આપતું મૃત્યુ એક વિજયભર્યું સ્મિત વેરી રહ્યું હતું અને લીલા એ કશું સમજતી ન હતી. જો સમજતી હોત તો ઉમરથી આટલી ડરત શું કામ?

મને સમજાતું નથી કે માણસો ઉંમર ઢાંકવાની શા માટે આટલી કોશિશ કરે છે? માટી ઉંમર એ કંઇ શરમાવાની વસ્તુ નથી. ઉલટી એ તો જીવનની એક પ્રાપ્તિ છે. અને એ પ્રાપ્તિ એના સમયે અભિવ્યકિત પામે એજ યોગ્ય છે. બધું પોતાના સમયે શોભે છે. બાલ્યાવસ્થામાં જુવાનીના ભાવ શોભતા નથી તેમ પ્રૌઢાવસ્થામાં જુવાનોની તરંગલીલા પણ શોભતી નથી. યુવાન ચહેરા પર સાહસનો ઉત્સાહ ચમકે છે તો કરચલીવાળા ચહેરા ઉપર અનુભવનું તેજ ચમકે છે. સૂર્યોદયને પોતાનું કોમળ સૌંદર્ય છે તો સૂર્યાસ્તને તેનું પ્રગાઢ શાંત સ્વસ્થ સૌંદર્ય છે. અંગ્રેજ લેખક ગાર્ડીનરે કહ્યું છે કે 'વૃદ્ધ ચહેરા પરની કરચલી

એના જીવનના મહાકાવ્યને પ્રગટ કરે છે. એ કરચલી કાઢવાનો પ્રયત્ન એ મહાકાવ્યને વ્યંગ્ય કાવ્યમાં ફેરવી નાંખવા જેવો પ્રયત્ન છે.'

અને લીલાનો આ પ્રયત્ન મહાકાવ્યને વ્યંગકાવ્યમાં ફેરવવા જેવો હાસ્યાસ્પદ અને અર્થહીન હતો. સ્ત્રીઓએ શણગાર ન કરવો કે આવાં સાધનો નજ વાપરવા એવું મારું કહેવું નથી. અનાદિ કાળથી સ્ત્રી શણગાર સજતી આવી છે. પણ એ બધું સૌંદર્યને ઓપ આપે ત્યારે જ સારૂં લાગે. એ સાધનો કે એ સજાવટ આકૃતિના સ્વાભાવિક સૌંદર્યમાં એકરૂપ થઇ જાય તો જ તે યોગ્ય શણગાર ગણાય. જે સજાવટ આકૃતિથી ઉપરવટ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ઉભું રાખે એ સજાવટ નિરર્થક માત્ર નહીં, સૌંદર્યને હાનિકર્તા બની રહે. આવો શણગાર મનુષ્યના સાચા સૌંદર્યને છૂપાવે છે અને માણસની માનસિક રિક્તતા, આત્માની પોકળતાને ઉઘાડી પાડે છે. ખરેખર પ્રૌઢ ઉંમરે પહોંચ્યા પછી આવી કૃત્રિમ સજાવટ ભયંકર બની જાય છે. નાટકના તખ્તા ઉપર જ એ ચાલી શકે. અરે કાર્યક્રમમાં ભાગ લેનારી નાની નાની છોકરીઓએ મેક-અપ કર્યું હોય છે તે કાર્યક્રમ પૂરો થતાં આપણી પાસે આવીને ઊભી રહે છે ત્યારે કેવી લાગતી હોય છે? મનમાં એક પ્રકારની બેચેની ઉપજાવતી હોય છે. એટલે પ્રૌઢ વયે જેમ આ અસહ્ય બને છે તેમ ઘસમસતી જુવાનીમાં પણ જ્યારે યૌવનનું સ્વાભાવિક, મુગ્ધ, ચારૂ સૌંદર્ય અંગેઅંગમાંથી છલકાઇ રહ્યું હોય ત્યારે પણ ઉપરથી લાદેલો ચળકાટ માત્ર ચળકાટ જ બની રહે છે. એકવાર એક સત્તર અઢાર વર્ષની સુંદર યુવતી જે હંમેશા સાદાઇ વ્યક્ત કરતી હતી તેને અમે અચાનક લાલી, લીપસ્ટીક અને બીજી સામગ્રીના પૂરેપૂરા ઉપયોગથી ચહેરાને સુસજ્જિત કરેલી જોઇ. અમે બધાં તેને જોઇ જ રહ્યાં. અમારામાંથી કેટલાક એ સામગ્રીનો પોતે નહીં તો પોતાના બાળકો વાપરે એવું ઇચ્છનારાં પણ હતાં, તો યે તે સહુ ચકિત નજરે તેની સામે જોઇ રહ્યાં. એ દૃષ્ટિમાં આશ્ચર્ય હતું, પણ સાથે સૌંદર્ય જોવાનો આનંદ ન હતો. એક પ્રકારની ભયંકરી હતી. કંઇક વિષાદ પણ હતો. તેમને બધાંને સમજાયું હોય કે નહીં, પણ મને લાગે છે કે બધાની દૃષ્ટિ એ સૂચવતી હતી કે તે યુવતીએ તે દિવસે તેના ચહેરાનું કોઇ રમણીય પવિત્ર તત્ત્વ ગુમાવી દીધું હતું. એ તત્ત્વની જગ્યા તેણે આ રંગોના ચળકાટથી ભરી દીધી હતી. એ ચાંદનીની શીતળતાને મધ્યાહ્નના તડકામાં ફેરવવા જેવો પ્રયત્ન હતો.

આમ ગમે તે અવસ્થામાં સૌંદર્ય વધારવાના ખ્યાલથી કરેલો મેકઅપ માત્ર વ્યક્તિની માંદલી મનોદશા જ વ્યક્ત કરે છે, એ માત્ર આત્મપ્રતારણા જ બની રહે છે. જેણે કુદરતમાંથી, સત્યમાંથી વિશ્વાસ ગુમાવી દીધો હોય તે જ આવા અસત્યનો આશરો લે છે. અને આટલું જ હોત તો યે બસ. પણ ઘણીવાર આ રંગ માત્ર હોઠ કે ગાલને રંગીને અટકી જતો નથી. એ આત્માને પણ રંગી દે છે–અસત્યથી, દંભથી, વિકૃતિથી. અને ત્યારે એ રંગેલા ગાલ સૌંદર્ય પ્રગટ નથી કરતા. એ વ્યક્તિના આદર્શોની, તેની મહત્વાકાંક્ષાની, તેના ખાલી આત્માની મશ્કરી કરતા હોય છે. જે આત્માએ જીવનનાં ઊંચા મૂલ્યોને ઓળખવાની તક ગુમાવી છે ને જે છીછરા પ્રવાહમાં આથડી રહ્યો છે એ આત્માની વાત એ રંગ પ્રગટ કરે છે.

લીલાના આ મિલને મને ખરેખર સતર્ક બનાવી દીધી છે. જોનારને એ ચહેરો ઘણી ઘણી વાત કહી ગયો.

'વિકાસ'માંથી સાભાર ઉધ્ધૃત

કલાવતી વોરા

અંધશ્રદ્ધાનો ઘટસ્ફોટ

(તા. ૧-૨-૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં 'અંધશ્રદ્ધા સામે જેહાદ'એ મથાળા નીચે એક લેખ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેના અનુસંધાનમાં તા. ૫-૧-૬૦ ના રોજ 'આર્યસંદેશ'માં પ્રગટ થયેલો લેખ નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આ લેખ મૂળ 'હિન્દુ' પત્રમાં પ્રગટ થયેલા અંગ્રેજી લેખનો અનુવાદ છે. આજે ગુજરાત મહારાષ્ટ્ર બાજુ સાંઇબાબા વિષે અંધશ્રદ્ધાનું એક મોટું પૂર આવ્યું છે અને હજારો લોકો સાંઇબાબાની માનતા માનીને શિરડી જાય છે અને પુષ્કળ પૈસાનું પાણી કરે છે. લોકોની આ અંધશ્રદ્ધાનો દસ વર્ષ સુધી એક બનાવટી સાંઇબાબાએ કેવો લાભ લીધો તેની વિગત નીચેની વિગતોમાં આપવામાં આવેલ છે. દેશમાં આવા તરકટો ચોતરફ ચાલી રહ્યા છે અને ભોળી જનતા તેના ભોગ બને છે, અને તે પાછળ કેટલાય લોકો બાયમાલ થાય છે. ગયા વર્ષ દરમિયાન સૌરાષ્ટ્રમાં જિંજુડા ખાતે આવા જ એક વહેમ પાછળ હજારો માણસો ખેંચાયા હતા અને માતાજીના દર્શનની પડાપડીમાં ભારે મોટી જનમજવારી થઇ હતી. આજના યુવક વર્ગે આવા અંધશ્રદ્ધાનાં નાટકો સામે સતત જેહાદ ચલાવવી જોઇએ અને આવા દંભો, પાખંડો, તરકટોને ખુલ્લાં પાડવાં જોઇએ અને આમજનતાને ચમત્કારોની ઘેલછાથી અને પાયા વિનાની આશા આકાંક્ષાના વળગાડથી મુક્ત કરવી જોઇએ. પરમાનંદ)

શિરડીના સંત અને અદ્‌ભુત ચમત્કારિક ઓલિયાને નામે છેતરપિંડી થઇ શકે છે, એ જાણીને વાંચકોને કદાચ આશ્ચર્ય થશે. પણ વાત સાચી છે અને આ છેતરપિંડીનો ભોગ, એકલા મહારાષ્ટ્રિયનો જ નહિ, પણ ભારતના બીજા પ્રાન્તોના બુદ્ધિશાળી મનાતા વર્ગના વકીલો, ડોકટરો, મેજિસ્ટ્રેટો, ઉદ્યોગપતિઓ, સરકારી અધિકારીઓ અને શ્રીમંત વેપારીઓ પણ બનેલા હોવાનું બહાર આવ્યું છે.

છેતરપિંડીના પ્રકાર

આ છેતરપિંડી નીચે મુજબના પ્રકારથી કરવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. મહારાષ્ટ્રના નગર જિલ્લામાં આવેલ શિરડી નામક સ્થળે દર વરસે લાખો સાંઇભકતો આવે છે. શિરડીના સંત સાંઇબાબા એના ભકતોની મનોકામના પૂર્ણ કરે છે એવી શ્રદ્ધાથી પ્રેરાઇને આ ભકતો આવે છે અને એમની શ્રદ્ધા પણ ફળે છે. છતાં શ્રદ્ધાનું પરિવર્તન અંધશ્રદ્ધામાં થાય છે ત્યારે એનો લાભ લેનાર પણ નીકળી આવે છે. આવોજ લાભ લેનારી એક ટોળકી, શિરડીથી ત્રણેક માઇલ પર આવેલા મીરજગાંવ નામના ગામડામાં પોતાનું કામ કરતી હોવાનું જાણવા મળ્યું છે.

મીરજગાંવ એક નાનું ગામ છે. એની આસપાસ શેરડીનો પાક સારા પ્રમાણમાં થાય છે. ગામને પાદર એક નાનકડી નદી વહે છે. દેખાવ રમણીય છે. નદીને કાંઠે કોઇની એક જુની કબર-દરગાહ છે. આ દરગાહને ટોળકી તરફથી છેતરપિંડીનું એક સાધન બનાવવામાં આવી છે. દર વર્ષે દત્ત જયંતીના બીજા દિવસે શ્રી સાંઇબાબા રાત્રે દરગાહમાં પ્રકટ થાય છે અને ભકતોને રાત્રિના સમયે પ્રત્યક્ષ દર્શન આપીને આશીર્વાદ આપે છે તથા વાતચીત પણ કરે છે–એવી જાતની વાતો ટોળી તરફથી ફેલાવવામાં આવે છે અને દત્તજયંતી પ્રસંગે સાંઇબાબાનાં દર્શને આવેલા ભકતોમાંથી પ્રત્યક્ષ દર્શન કરવા તૈયાર થાય

તેમને બીજે દિવસે મીરજગાંવ લઇ જવામાં આવે છે. દર્શનોત્સુક ભક્તોને મીરજગાંવ જતાં પહેલાં એવી ચેતવણી પણ આપવામાં આવે છે કે 'તેમને કોઇ એમ પૂછે કે, તમે ક્યાં અને શા માટે જાવ છો? તો એનો જવાબ આપવો નહિ.' આ સાંઇબાબાની આજ્ઞા છે. તેનો ભંગ કરવામાં આવશે તો બાબા ગુસ્સે થશે અને તેમનાં દર્શન નહિ થાય.

દર્શનાતુર ભક્તો સાંઇબાબાની આજ્ઞાનો ભંગ કેમ કરે? અંધશ્રદ્ધાળુ ભક્તો આવી આજ્ઞા પર વિચાર પણ કેમ કરી શકે? આવનાર ભક્તોમાં કયા ભક્તની કઇ માગણી છે એ પણ ટોળીના સભ્યો અગાઉથી વાતવાતમાં ભક્તોને પૂછી લે છે.

મીરજગાંવ પહોંચ્યા પછી સાંઇબાબાના પ્રત્યક્ષ દર્શન માટે આવેલા ભક્તોને માટે જમવાની વ્યવસ્થા અગાઉથી થયેલી હોય છે, પણ એનો ખર્ચ પાછળથી વસુલ કરી લેવાય છે.

ચા-પાણી પતાવ્યા પછી દત્ત જયંતી પ્રવચન થાય છે અને ભક્તોને નદી કાંઠે લઇ જવામાં આવે છે. આ ગામમાં કોઇની સાથે બોલવાની તથા કોઇને મળવાની સખ્ત મનાઇ ટોળીના સભ્યો તરફથી કરવામાં આવેલી હોય છે.

રાત્રે દશ વાગે ભક્તોને ગામથી અર્ધા માઇલ છેટે નદી કિનારે આવેલી પેલી જુની કબર પાસે લઇ જવામાં આવે છે. ત્યાર બાદ નદીમાં સ્નાન કરીને સ્વચ્છ કપડાં પહેરીને આવવાની આજ્ઞા થાય છે. પછી ત્રણ-ચાર માણસોની ટુકડીમાંથી દર્શનાતુર ભક્તોને કબર પાસે લઇ જવામાં આવે છે. દરગાહ પાસે ગ્યાસતેલનો એક નાનકડો દીવો ટમટમતો હોય છે અને અંધારી રાત હોવાથી સ્પષ્ટ જોઇ શકાતું પણ નથી. આવા વાતાવરણમાં થોડીક વારે સાંઇબાબા કબર પાછળથી ધીરે ધીરે પ્રકટ થાય છે. માથા પર લીલા રંગનો ટુકડો બાંધ્યો હોય છે. લીલા રંગની કફની પહેરી હોય છે અને ચહેરો પણ સાંઇબાબા જેવો હોય છે. એટલે પ્રત્યક્ષ દર્શનાતુર ભક્તોને ઝાંખા પ્રકાશમાં સાંઇબાબા પ્રગટ થયા હોય એવું જ લાગે છે. બધા ભક્તો વિનમ્ર ભાવે બાબાને વંદન કરે છે. ત્યાર બાદ દુર લાઇનબધ્ધ ઊભેલા ભક્તોને એક પછી એક બાબાની મુલાકાતે મોકલવામાં આવે છે. ભક્ત પાસે આવતાં બનાવટી સાંઇબાબા એના મનના પ્રશ્નનો જવાબ ટૂંકામાં આપી દે છે, 'અચ્છા તેરી મનોકામના પૂર્ણ હોગી' 'તારું કામ પાર પડી જશે' એવા પ્રકારના જવાબો આપીને ભક્તને હાથ લાંબા કરીને આશીર્વાદ આપે છે. આ પ્રશ્નોના જવાબો કેવી રીતે આપવામાં આવે છે તે હવે જોઇએ. ટોળીના સભ્યોએ ભક્તોના પ્રશ્નો પહેલેથી જાણી લીધા હોય છે અને તેના જવાબ પહેલેથી બનાવટી સાંઇબાબાને એક કાગળમાં લખીને આપી દે છે. જે એણે કબરની દિવાલ પાછળ રાખેલા હોય છે. ભક્તને પણ આ અનુક્રમ પ્રમાણે જ મોકલવામાં આવે છે, એટલે પોતે પૂછેલા પ્રશ્નનો જવાબ સાંઇબાબાએ પોતાના મનની વાત જાણીને આપી દીધો-એવી અસર થવાથી અંધ શ્રદ્ધામાં વધારો થાય છે અને ભેટ તરીકે પોતાની શક્તિ મુજબ રૂપિયા કબર પાસે મુકી દે છે. આ રકમ પાંચ-દસથી માંડીને એકસો સુધીની પણ હોય છે. આ રીતે સારી એવી રકમ દર્શનાતુર ભક્તો તરફથી ટોળીને મળી રહે છે. આ જાતની છેતર પિંડીનો કાર્યક્રમ છેલ્લાં દશ વર્ષથી ચાલુ હતો, પરંતુ ગઇ દત્ત જયંતીએ આ ટોળકીની પોલ ખુલ્લી પડી ગઇ.

પોકળ કેમ ફુટ્યું?

આ પોલ કેવી રીતે ખુલ્લી થઇ તે પણ જાણવા જેવું છે. સીક્કીમ સંસ્થાન ડીસ્ટીલડી-અધિકારી શ્રી કોન્ટ્રાક્ટર પોતાના કુટુંબ સાથે પોતાની મોટરગાડી લઇને સાંઇબાબાના પ્રત્યક્ષ દર્શન કરવા અને આશીર્વાદ મેળવવા માટે ખાસ શીરડી આવ્યા હતા. આજ વખતે મીરજગાંવના કેટલાક જુવાનિયાને પોતાના ગામમાં આ શું ચાલી રહ્યું છે તે જાણવાની જિજ્ઞાસા જાગી. રાતે દશ વાગ્યે ટોળીવાળા સભ્યો, દર્શનાતુર સભ્યોને લઇ નદી કિનારે આવેલી જુની દરગાહ પાસે ગયા. એ પહેલાં ગામનાં કેટલાક યુવકો દરગાહ પાસે આવેલાં ઝાડ પર ચડીને લપાઇ બેઠા હતા. દર્શન દેવાનો કાર્યક્રમ શરૂ થતાં બનાવટી સાંઇબાબાનો આશીર્વાદ આપતો અવાજ યુવાનોએ સાંભળ્યો અને એ માણસને ઓળખી લીધો. તે મીરજગાંવનો જ માણસ હતો. ઝાડ પર છૂપાઇને બેઠેલા જુવાનો તરત નીચે ઊતર્યા અને બનાવટી સાંઇબાબાને પકડી લીધો. એના માથા પરનો લીલો કટકો અને કફની કાઢીને એને અજવાળામાં ઊભો રાખ્યો. ગામના લોકોને બોલાવવામાં આવ્યાં.. બધાએ તેને પોતાના ગામના માણસ તરીકે ઓળખ્યો. ટોળકીના સભ્યોનાં મોઢાં પર જાણે મેશ ઢોળાઇ ગઇ અને દશ વર્ષથી ચાલતી આ છેતરપિંડીનું પોકળ ઉઘાડું પડી ગયું.

આ પ્રકારની ચાલબાજી ખુલ્લી પડયા પછી શ્રી કોન્ટ્રાક્ટર અને તેમનું કુટુંબ પાછા ફર્યા અને મુંબઇના માનનીય મુખ્ય પ્રધાનને આ છેતરપિંડીની વાત કરી અને આ બાબતમાં તપાસ કરવાની માગણી કરતાં, છુપી પોલીસ ખાતાને આ બાબત તપાસનું કામ સોંપવામાં આવ્યું છે. આ છેતરપિંડીના જે લોક ભોગ બન્યા હોય તેમણે પોતાની ફરિયાદ પૂનાના સી. આઇ. ડી. ખાતાને જાહેર કરવી એવી વિનતિ કરવામાં આવી છે. આ પ્રકારની જાહેરાત પોલીસ ખાતા તરફથી કરવામાં આવી છે. આ પ્રકરણ હવે તો પોલીસ હેઠળ હોવાથી આ માટે યોગ્ય થશે જ. પણ અંધશ્રદ્ધા બુદ્ધિશાળી વર્ગને પણ કેવો અંધ બનાવી દે છે એ આ પ્રસંગ પરથી જાણવા મળે છે.

વિષય સૂચિ

			પૃષ્ઠ
ગાંધીજી અને ભારતની સ્ત્રીશક્તિનું ઉત્થાન	...	સરલાદેવી સારાભાઇ	૧૯૭
સર્વોદય હોસ્પિટલનો સંક્ષિપ્ત પરિચય			
વસ્ત્રસ્વાવલંબન અને અંબર	...	નવલભાઇ શાહ	૧૯૯
દાતા થાય, નવે થાય એક લાખો મનુષ્યમાં	...	દેસાઇ વાલજી ગોવિંદજી	૨૦૦
રંગેલુ રૂપ	...	કલાવતી વોરા	૨૦૧
અંધશ્રદ્ધાનો ઘટસ્ફોટ	...		૨૦૩
પ્રકીર્ણ નોંધ: સર્વોદય હોસ્પિટલની વિકસતી જતી પ્રવૃત્તિઓ, જીવનધોરણ ઊંચે લેવું એટલે શું? જબલપુરની દારુણ દુર્ઘટના, કોમવાદીઓને બીનકોમી બનવાનો શ્રી નહેરુનો અનુરોધ, રેલવે મંત્રી શ્રી જગજીવનરામ આ શું બોલી રહ્યા છે?	...	પરમાનંદ	૨૦૪

પ્રકીર્ણ નોંધ

સર્વોદય હૉસ્પિટલની વિકસતી જતી પ્રવૃત્તિઓ

ઘાટકોપર ખાતે ક્ષયરોગના નિવારણ અર્થે ૧૯૫૪ની સાલથી 'સર્વોદય હૉસ્પિટલ' એ નામથી એક હૉસ્પિટલની શરૂઆત કરવામાં આવેલી. તે ઉત્તરોત્તર વિકસિત થતી રહી છે અને ત્યાં એક પછી એક નવી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવે છે. ક્ષયના દર્દીઓ માટેનાં બીછાનાઓની સંખ્યા તો વધતી જ જાય છે, પણ થોડા સમય પહેલાં ક્ષય સિવાયના દર્દીઓ કે જેમને ઑપરેશન–શસ્ત્રક્રિયાની જરૂર હોય તેમના માટે પણ ૨૦૦ બીછાનાની નવી સગવડ ઊભી કરવામાં આવી છે. વળી તાજેતરમાં દાંત તથા આંખો અંગે શસ્ત્રક્રિયા કરવાનું ખાતું ખોલવામાં આવ્યું છે. કુટુંબ–આયોજન અંગે પણ એક કેન્દ્ર ખોલવામાં આવ્યું છે. વળી ક્ષયની પ્રાથમિક મફત તપાસ અર્થે મહારાષ્ટ્ર સરકાર તરફથી સર્વોદય હૉસ્પિટલમાં અન્તર્ગત એવું એક 'ક્લિનિક' શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સર્વોદય હૉસ્પિટલ તરફથી એક ડ્રગ–બેંકની પણ સ્થાપના કરવામાં આવી છે. એ આપણા ચાલુ અનુભવનો વિષય છે કે ઘરમાં કોઈ મોટી માંદગી આવે અને ડાક્ટરી સારવાર શરૂ થાય, એટલે ડાક્ટર તરેહતરેહનાં પેટન્ટ ઔષધો અને ઇન્જેક્શનો લખી આપતા હોય છે અને આમાંથી થોડાંક ઔષધો અને ઇન્જેક્શનો વપરાય છે અને બાકીનું ઘણું નકામું–વણવપરાયું પડી રહે છે. કારણ કે દરેક વખતે ઘરનો ડાક્ટર અને કોઈ મોટા કન્સલ્ટન્ટ ડૉક્ટરને બોલાવવામાં આવે તો તે નવાં નવાં ઔષધો અને ઇન્જેક્શનો સૂચવતા જ હોય છે. હૉસ્પિટલમાં રહેતા દર્દીઓ પાસે પણ આવો ઉપયોગી દવાઓ અને ઇન્જેક્શનોનો જથ્થો ભેગો થતો રહે છે. કોઈ પણ શ્રીમાનના ઘરમાં દવાનો કબાટ જોઈએ તો ઢગલાબંધ કિંમતી દવાઓ અને ઇન્જેક્શનો વણવપરાયા પડેલાં જોવામાં આવે છે. તદુપરાંત હૉસ્પિટલો અને ચાલુ પ્રેક્ટીસ કરતા ડૉક્ટરો પાસે પણ નમૂનાની દવાઓ, ગોળીઓ અને ઇન્જેક્શનોનો જથ્થો ચાલુ ઉભરાતો રહે છે. આવી નકામી પડી રહેલી છતાં કામમાં આવે તેવી દવાઓ, અને ઇન્જેક્શનો એકઠાં કરવાં અને જેને તેની જરૂર હોય તેને મફત પૂરાં પાડવાં એવો આ ડ્રગ–બેંકનો હેતુ છે. જ્યાં જ્યાં ક્લિનિકો અને દવાખાનાંઓ યા તો હૉસ્પિટલો ચાલતાં હોય ત્યાં આવી ડ્રગ–બેંક ખોલવામાં આવે તો ગરીબ લોકોને માંદગીના સમયે ઘણી રાહત આપી શકાય. આવી ડ્રગ–બેંકની શરૂઆત કરવા માટે સર્વોદય હૉસ્પિટલના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. જેની જેની પાસે ઉપયોગી ઔષધો અને ઇન્જેક્શનોનો જથ્થો ભેગો થયો હોય તે તે ગૃહસ્થોને આ જથ્થો ડ્રગ બેંકને પણ પહોંચતો કરવા વિનંતિ છે. સામાજિક સંસ્થાઓ પણ ઘેર ઘેર નિરર્થક પડેલાં ઔષધો અને ઇંજેક્શનો એકઠાં કરવાની અને સર્વોદય હૉસ્પિટલની ડ્રગ–બેન્કને પહોંચતા કરવાની જવાબદારી લઈ શકે છે. સર્વોદય હૉસ્પિટલના સંચાલકો આ પ્રકારના સહકારની જાહેર જનતા પાસેથી અપેક્ષા રાખે છે. આ રીતે સમૃદ્ધ થતી ડ્રગ–બેન્ક દીન, દુખી, દરિદ્ર લોકોને એક મહાન આશીર્વાદરૂપ નીવડવા સંભવ છે.

જીવનધોરણ ઊંચે લેવું એટલે શું ?

જ્યારે આપણા અગ્રગણ્ય રાજપુરુષો અને આર્થિક આયોજન સાથે જોડાયલી રાષ્ટ્રની વિશિષ્ટ વ્યક્તિઓ પ્રજાનું જીવનધોરણ ઊંચે લાવવાની વાતો કરે છે ત્યારે સમજુ લેખાતા મહાનુભાવો ઘણી વખત ચમકે છે અને પૂછે છે કે આજે જ્યારે સામાન્ય લોકો ભોગવિલાસ તરફ ઢળી રહ્યા છે ત્યારે આ મહાશયો પ્રજાનું જીવન–ધોરણ ઊંચે લાવવાની આવી વાતો શું કરે છે? જરૂરિયાતો ઓછી કરો, જીવન સાદું અને સંયમી કરો, આમ કહેવાને બદલે જરૂરિયાતો વધારવાનું કેમ કહેવામાં આવે છે?

આ પ્રશ્ન તદ્દન પ્રસ્તુત છે અને તેની આલોચના કરવાનો અહીં આશય છે. બને છે એમ કે જીવનધોરણ ઊંચું કરવાનો વિચાર કયા સ્તરના લોકોને અનુલક્ષીને રજુ કરવામાં આવે છે તે વિષે ઉપરનો પ્રશ્ન ઉપસ્થિત કરનારને કશી સ્પષ્ટતા હોતી નથી. સમાજનો જે નિકૃષ્ટ કોટિનો થર છે તેનું દારિદ્ર અને અજ્ઞાન કઇ હદ સુધીનું છે તેનો અનેક પ્રકારની સુખસગવડવાળું જીવન જીવતા શહેરમાં વસતા લોકોને–ખાસ કરીને ઉપરના સ્તરના લેખાતા લોકોને–ખ્યાલ હોતો નથી. આદિવાસી લોકો, પછાત જાતિઓ, પહાડમાં વસતા ગિરિજનો, હરિજનોમાંનો પણ નીચેના સ્તરનો સમુદાય–આ બધા લોકો કેવળ પશુ જેવું જીવન જીવતા હોય છે. તેમની પાસે શરીર ઢાંકવાને ભાગ્યે જ વસ્ત્રો હોય છે; માંડ માંડ પ્રાણ ટકી શકે એવી એક બે ખાદ્ય વસ્તુઓ ઉપર તેમનો જીવનનિર્વાહ ચાલે છે; ભણતર શું તે તેઓ જાણતા હોતા નથી; સ્વચ્છતા કે સુઘડતાનું તેમને ભાન હોતું નથી; ન્હાવાની સભ્યતાથી પણ તેઓ તદ્દન અજાણ હોય છે; અજ્ઞાનના કારણે અનેક વ્યાધિઓથી તેઓ પીડાતા હોય છે; સ્વચ્છ, સુઘડ, સંસ્કારી જીવનનું તેમને કોઈ દર્શન હોતું નથી; ઉદ્યોગ તરફ તેમને કોઈ અભિરુચિ હોતી નથી; આળસ પ્રમાદમાં તેમનું આખું જીવન વ્યતીત થાય છે; ચાલુ જીવનથી નથી તેમને હોતો કોઈ સંતોષ કે અસંતોષ; મૂઢતા, બધિરતા, જડતા વડે તેમની સમગ્ર જીવનશક્તિ આવૃત બનેલી માલુમ પડે છે. આવા લોકોને ધ્યાનમાં રાખીને જીવનધોરણ ઊંચે લાવવાનું વિચારાય છે. આ લોકોને કેમ ઊંચે લાવવા, પ્રવૃત્તિપરાયણ કેમ કરવા, તેમનું અજ્ઞાન કેમ ટાળવું, તેમને ભણતર તરફ કેમ વાળવા, સુઘડ સંસ્કારી જીવનના ખ્યાલો તેમનામાં કેમ રોપવા, અને એ રીતે ચાલુ જીવન વિષે અસંતોષ પેદા કરીને વધારે સારું, ઉત્પાદક, અને સ્વચ્છતાભર્યું જીવન અખત્યાર કરવાના પુરુષાર્થ તરફ તેમને કેમ વાળવા–તેઓ વધારે સુખ સગવડ પ્રાપ્ત કરે, ભણતરમાં આગળ વધે, કામે ચઢે, ઘરમાં કાંઇક રાચરચીલું વસાવે, ઉજળા કપડાં પહેરતા થાય, પોષણક્ષમ ખોરાક પામે, રહેવાને માટે કાંઇક ઘાટઘૂટવાળું ઘર પામે–આવો અર્થ પ્રજાનું જીવનધોરણ ઊંચે લાવવાનો થાય છે. આનો અર્થ જેઓ માનવી હોવા છતાં માનવી જેવું જીવન જીવતા નથી તેમના માટે માનવીયોગ્ય જીવન જીવવાની શક્યતા ઊભી કરવી એ છે. આ રીતે એકદમ નીચેના સ્તરના લોકોને ઊંચે આવવા માટે વધારે સારા જીવનની તેમને કલ્પના આપવી અને તે કલ્પના મુજબનું જીવન અખત્યાર કરવા માટે તેમને જરૂરી પુરુષાર્થ તરફ વાળવા અને તેમને જરૂરી સગવડો મેળવવામાં રાજ્યે બનતી મદદ કરવી–કલ્યાણ રાજ્યના આવા ધ્યેય સામે કોઇને વાંધો હોઇ ન જ શકે.

સાથે સાથે આજે ભોગવિલાસનાં અઢળક સાધનો ખડકાતાં જાય છે અને જરૂરિયાતના ભ્રમ નીચે લોકોની રહેણીકરણીનું ધોરણ ઊંચે ચડતું જાય છે અને જીવન વધારે ને વધારે ખરચાળ બનતું જાય છે અને ગમે તેટલું મળવા છતાં નથી કોઇને શાન્તિ–તૃપ્તિ. આ પ્રકારની ચોતરફ નજરે પડતી ભોગ-

પરાયણ જીવનવૃત્તિ અને નીચેના થરના લોકોનું જીવનધોરણ ઊંચું કરવાની પ્રવૃત્તિ–એ બે તદ્દન જુદી જ બાબતો છે. એકને નિયંત્રણની, સંયમની, પરિમિતતાની ખૂબ જરૂર છે, અન્યને ઉત્તેજવાની એટલી જ જરૂર છે. એકમાં જીવનધોરણ નીચે લાવવાની વાત છે. બીજામાં જીવનધોરણ ઊંચે લાવવાની વાત છે. આ ભેદ અને વિવેકને યથાર્થ રીતે ગ્રહણ કરવો એ વિચાર–સ્પષ્ટતાની દૃષ્ટિએ જરૂરી છે.

જબલપુરની દારુણ દુર્ઘટના

ફેબ્રુઆરી માસની ત્રીજી તારીખે જબલપુર ખાતે કુમારી ઉષા ભાર્ગવ નામની એક કૉલેજ કન્યા ઉપર રાત્રીના ભાગમાં અન્ય કોમના બે યુવાનોએ અત્યાચાર કર્યો. આ અત્યાચારથી આઘાત પામેલી કન્યાએ શરમની મારી પોતાનાં કપડાં ઉપર કેરોસીન છાંટી, સળગાવી આપઘાત કર્યો, બીજે દિવસે આ બાબતની ચોતરફ જાણ થતાં આખા શહેરમાં હડતાળ પડી. તેમાંથી લોકોનાં રમખાણ ફાટી નીકળ્યા. એક કોમના લોકોએ અન્ય કોમના લોકો ઉપર, તેમની દુકાનો અને ઘરો ઉપર આક્રમણ શરૂ કર્યાં. લૂંટફાટ અને ગુંડાગીરી આખા શહેરમાં ફેલાઈ ગઈ. પોલીસે અટકાયતી પગલાં ભરવાં શરૂ કર્યાં, ગોળીબાર કર્યો, રાત્રીના કરફ્યુનો હુકમ ફરમાવ્યો, સભાબંધી જાહેર કરી, સરઘસો કાઢવાની મનાઈ કરી. વીશેક માણસોના જાન ગયા, અનેક લોકો ઘાયલ થયા. પોલીસ અને લશ્કરની મદદથી જબલપુરમાં શાંતિ સ્થપાણી તો આસપાસના જિલ્લાઓમાં તોફાનનાં છમકલાં શરૂ થયાં. આમ ગયા પખવાડિયા દરમિયાન જબલપુર ખાતે એક અત્યંત શોચનીય દારૂણ ઘટના બની ગઈ.

એમાં તો કોઈ શક નથી કે જે બે યુવાન છોકરાઓએ એક કૉલેજકન્યા ઉપર કરપીણ કૃત્ય કર્યું તે તો અક્ષમ્ય અને આકરામાં આકરી સજાને પાત્ર છે, પણ તેમાંથી લોકોએ જે રીતે કાયદો હાથમાં લીધો અને તોફાનોએ જે કોમી સ્વરૂપ ધારણ કર્યું–આ બન્ને ઘટના અત્યંત દુઃખદ, શોચનીય અને શરમાવનારી છે. જ્યારે પણ કોઈ અનિષ્ટ ઘટના બને છે ત્યારે ગુનેહગારને પકડવામાં આવે અને રાજ્યની અદાલતો તેને ઘટતી સજા કરે–આ ચાલુ પરંપરાગત પદ્ધતિ છે અને રાજ્યમાં શાસનને ટકાવવું હોય અને સુલેહ શાન્તિ જાળવવી હોય તો આ સિવાય બીજો કોઈ ઉચિત માર્ગ નથી. આને બદલે લોકો જ કાયદો હાથમાં લે અને માની લીધેલા ગુનેગારોને જાતે જ ટીપી નાખવા તૈયાર થાય તો તેનું પરિણામ અંધાધૂંધી અને અરાજકતામાં આવે, સદોષને બદલે નિર્દોષો ટીપાઈ જવાનો વધારે સંભવ રહે અને બેકાબુ લોકલાગણીમાંથી પાર વિનાના અનર્થો પેદા થાય. કાંઈ પણ અણઘટતું અથવા તો લોકોને ન ગમતું બને છે કે તરત જ, લોકમાનસ વિકળ બની જાય છે અને સામુદાયિક તોફાનના માર્ગે ચઢી જાય છે. આવી આજની પરિસ્થિતિ એક મોટું ભયસ્થાન છે.

બીજું આવી અનિષ્ટ ઘટનાને જે કોમીરૂપ આપવામાં આવે છે અને તેને લીધે ઉશ્કેરાયેલા લોકોનો આવેશ જે કોમી વળાંક ધારણ કરે છે તેના જેટલું શોચનીય અને ખતરનાક બીજું કશું નથી. આપણા લોકો શું એટલું પણ સમજતા નથી કે દુષ્ટ કૃત્ય કરનાર વ્યક્તિ અને તેની કોમને કશો જ સંબંધ નથી? જે દુષ્ટ કૃત્ય અન્ય કોમના યુવાન છોકરાએ કર્યું તેવું જ દુષ્ટતાભર્યું કૃત્ય આ કોમના છોકરા માટે એટલું જ શક્ય હતું. એમ છતાં પોતાની કોમમાં આવી કોઈ ઘટના બને છે તો લોકો તેનો હળવા દિલે વિચાર કરતા હોય છે. આને મળતો એક કિસ્સો મુંબઈ બાજુના એક પરામાં બનેલો મારી જાણમાં છે. એક શાળાના આચાર્યે તેની નીચે ભણતી એક વિદ્યાર્થિનીને સાંજના શાળાનો સમય પૂરો થયા બાદ રોકાવા કહ્યું અને પછી કહેવાય છે કે તેણે તે છોકરી ઉપર અત્યાચાર કર્યો અને બેહોશ બનેલી છોકરી ઘેર ગઈ. ચારે તરફ ઠીક ઠીક ઉહાપોહ થયો, પણ આખરે તેમાંથી ન થયાં તોફાન કે ન થયું કોઈ ઉપર આક્રમણ. આચાર્ય સંબંધે કરવા યોગ્ય કરવામાં આવ્યું અને બધું શાન્ત થઈ ગયું. પ્રસ્તુત કિસ્સામાં અત્યાચારી યુવાનો અન્ય કોમના છે એ હકીકતનો લાભ લઈને કોમવાદી કેટલીક વ્યક્તિઓએ પોતાની કોમના લોકોને ઉશ્કેરી મૂક્યા અને પાર વિનાની જનમાલની હાનિ થઈ. એ આચાર્ય અને આ બે યુવાનોના અપકૃત્યની માત્રામાં કશો જ ફરક નથી. આમ છતાં અહીં આવી દુર્ઘટના કેમ બની?

આપણે એમ માનતા હતા કે આઝાદી આવી, હિંદના ભાગલા થયા અને ભારત અને પાકિસ્તાનમાં વહેંચાઈ ગયું એટલે કોમ કોમ વચ્ચેનાં ઝેરવેર શમી ગયાં અને હવે એ બાબતની કશી ચિન્તા કરવાનું કારણ ન રહ્યું. પણ જબલપુરની દુર્ઘટનાએ પુરવાર કર્યું છે કે આ આપણી ભ્રમણા હતી, કોમી મનમેળ વિષે આપણો વધારે પડતો આશાવાદ હતો. જનતાના દિલમાં પહેલાના પૂર્વગ્રહો પડેલા જ છે અને તેને ઉત્તેજનાનું કોઈ પણ કારણ મળે તો તે જાગૃત થવાના જ છે અને તેમાંથી નાનાં મોટાં દાવાનળો સરજાવાના જ છે. જબલપુરની દુર્ઘટના આપણી સામે ત્રણ ચાર બાબતો નગ્ન આકારમાં રજુ કરે છે:–

(૧) કૉલેજકન્યા ઉપર ગુજારવામાં આવેલો અત્યાચાર એ એકલ ડોકલ કીસ્સો નથી, પણ આજની નૈતિક અધોગતિ તરફ આંગળી ચીંધતો સૂચક બનાવ છે.

(૨) નૈતિક દૃષ્ટિએ કોઈ પણ દુર્ઘટના બનતાં લોકો માની લીધેલા ગુનેગારને ટીપી નાખવા માટે કાયદો હાથમાં લઈને બેકાબુ ટોળાના આકારમાં આજકાલ જ્યાં ત્યાં નીકળી પડે છે. આ સુલેહ, શાન્તિ અને ન્યાયો શાસનની દૃષ્ટિએ અત્યન્ત ખતરનાક પરિસ્થિતિ છે.

(૩) દેશની કોમી પરિસ્થિતિ આગે આપણે ખૂબ સજાગ બનવાની જરૂર છે. નિમિત્ત મળતાં એ અથડામણ ગમે ત્યારે અને ગમે ત્યાં ઊભી થવાની સંભાવના છે. તેથી તેના પ્રેરક અને પોષક બળોને સતત દાબતા રહેવાની ખાસ જરૂર છે.

(૪) કોઈ પણ દુષ્ટ કૃત્ય આચરનારની દુષ્ટતાને તે વ્યક્તિ સાથે જ સંબંધ છે; તેની કોમ, સંપ્રદાય, પ્રદેશ કે ભાષા સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ છે જ નહિ. આ બાબત મનમાં પાકે પાયે સ્થિર કરીને સમાજ સ્વાસ્થ્યના રક્ષકોએ અને સૂત્રધારોએ કોઈ પણ દુર્ઘટનાને કોમી રૂપ આપવામાં ન આવે એ જોતા રહેવાની અને એમ બનતું દેખાય ત્યાં તેને વખતસર ખાળવાની જરૂર છે. આ માટે સતત જાગૃતિ આવશ્યક છે.

કોમવાદીઓને બિનકોમી બનવાનો નહેરુનો અનુરોધ

શિડ્યુલ્ડ કાસ્ટ્સ અને ટ્રાઇબ્ઝ (પછાતવર્ગની જ્ઞાતિઓ અને જાતિઓ)ના અખિલ હિંદના ધારાસભ્યોનું રેલવેના પ્રધાન શ્રી જગજીવનરામના અધ્યક્ષપણા નીચે હૈદરાબાદ ખાતે તા. ૫–૨–'૬૧ ના રોજ એક સંમેલન મળ્યું હતું. આ સંમેલનનું ભારતના મહાઅમાત્ય પંડિત નહેરૂએ ઉદ્‌ઘાટન કરતાં આ પ્રકારનાં સંમેલનો વિષે નાપસંદગી દર્શાવી હતી, અને જણાવ્યું હતું કે "જ્ઞાતિઓ, જાતિઓ અને એ પ્રકારના સાંકડા વર્તુલોની પરિષદો મને પસંદ નથી. આ પણ એક

પ્રકારની જ્ઞાતિ પરિષદ જ છે જેને હું પસંદ કરતો નથી; કારણ કે જે નાતજાતના આજના વાડાઓ આપણે નાબૂદ કરવા માંગીએ છીએ તે વાડાઓને આથી વધારે જોર મળે છે. અમુક પ્રદેશમાં વસતા શીડ્યુલ્ડ કાસ્ટ્સ અને ટ્રાઇબ્સના લોકો એકઠા મળે અને પોતાના પ્રશ્નોની ચર્ચા કરે એ હું સમજી શકું છું, પણ શીડ્યુલ્ડ કાસ્ટસ અને ટ્રાઇબ્સના આખા દેશના ધારાસભ્યો આમ એકઠા થાય એ મને વિચિત્ર લાગે છે. આ જાતિઓ અને જ્ઞાતિઓને ઊંચી સપાટી ઉપર લાવવી એમાં સૌ કોઇને પૂરો રસ છે, પણ તે કેમ કરવું એ સવાલ છે. આપણે શું સિદ્ધ કરવા માગીએ છીએ તે વિષે આપણા મનમાં સ્પષ્ટતા હોવી જોઇએ. આપણી નજર સામે જો આ બાબતનું સ્પષ્ટ ચિત્ર ન હોય તો ખોટા માર્ગે જવાનો આપણા માટે પૂરો સંભવ રહે છે. આપણે કહીએ છીએ કે આપણે સમાજવાદી સમાજ ઊભો કરવા માંગીએ છીએ. સમાજવાદને અનેક રીતે વર્ણવી શકાય છે, પણ એક બાબત સ્પષ્ટ છે કે આવા સંજોગોમાં કોઇ પણ જ્ઞાતિઓ કે વર્ગોનું અસ્તિત્વ રહેવું ન જોઇએ અને દરેક વ્યક્તિને પોતાના વિકાસ માટે સરખી તક હોવી જોઇએ. બધા લોકો શારીરિક તાકાત કે માનસિક ચપળતામાં સરખા ન હોય પણ કેળવણી, વિકાસ અને તાલીમ માટે સૌને સરખી તક હોવી જોઇએ. આ ઉપરથી આપને મારી એ ભલામણ છે કે આપે જ્ઞાતિસંસ્થાને અમરપટો આપવાનું નહિ પણ તેને નાબૂદ કરવાનું લક્ષ્ય રાખવું જોઇએ. હું આશા રાખું છું કે દસ વર્ષ બાદ શીડ્યુલ્ડ કાસ્ટ્સ અને ટ્રાઇબ્સ જેવા ભેદો આપણા દેશમાં અસ્તિત્વ ધરાવતા નહિ હોય."

તેમણે આગળ બોલતાં જણાવ્યું હતું કે "હું જાણું છું કે જાતિઓના આગેવાનો તરફથી અમુક જગ્યાઓ Jobs અનામત રાખવાની માગણીઓ કરવામાં આવે છે. આ માગણીઓ બરોબર હશે, પણ જવાબદાર સ્થાનોનો–અધિકારોનો–વિચાર કરવાનો હોય છે ત્યારે આ પ્રશ્ન વિકટ બને છે, કારણ કે આવા જવાબદાર અધિકારો ઉપરની નિમણૂકો અંગે ગુણવત્તા અને શક્તિમત્તા એ જ માત્ર એક માપદંડ હોઇ શકે. જો આ માપદંડને ઢીલો કરવામાં આવે તો વહીવટનું ધોરણ નીચે ઊતરે અને દેશની પ્રગતિની ગતિ ધીમી પડે. આમ હોવાથી આવી નિમણૂકો જ્ઞાતિના ધોરણે થવી જોઇએ અને ગુણવત્તા કે શક્તિમત્તાના ધોરણે ન થવી જોઇએ–આવી વાત સ્વીકારવાને હું તૈયાર નથી. આ ઉપરાંત રીઝર્વેશન્સ–બેઠકો કે અધિકારો અનામત રાખવાનો શિરસ્તો–અનામત હક્ક ભોગવતી કોમની પ્રગતિને પણ બાધક નીવડવા સંભવ છે. આ ઉપરથી સૌને સરખી તક મળે એ જ આપનું લક્ષ્ય હોવું જોઇએ."

મહાઅમાત્યે વિશેષમાં જણાવ્યું કે "રીઝર્વેશન્સ–અનામત હકક–અત્યન્ત પછાત એવી કોમો માટે અમુક સમય સુધી જરૂરના હશે, એમ છતાં પણ તેમાંથી જ Vested interests સ્થાપિત હિતો–ઊભા થવાનો સંભવ રહે જ છે. આખરે સામાન્ય સમાજથી અલગતાનો ભાવ કેળવતી એવી આ શીડ્યુલ્ડ કાસ્ટ્સ કે ટ્રાઇબ્ઝ જેવું કશું હોવું ન જ જોઇએ. તેથી તે જ્ઞાતિઓને અને જાતિઓને તો આખરે નુકસાન થાય જ છે, પણ આખા દેશની સુગ્રથિતતા માટે પણ આવી જ્ઞાતિઓ અને જાતિઓનું ચાલુ અસ્તિત્વ ભારે અંતરાય રૂપ નિવડે છે."

નહેરુના આ વિચારો સૌકોઇ માટે મનનીય અને આદરણીય છે, પણ કમનસીબી તો એ છે કે ઉપર જણાવેલ સંમેલનમાં જે ભાષણો અને ઠરાવો થયા તે જોતાં મહાઅમાત્યની આ સોનેરી સલાહ કેવળ બહેરા કાન ઉપર પડી હોય એમ માલુમ પડે છે. પ્રશ્ન તો એ છે કે જો નહેરુને આવું કોમી સંમેલન ગમતું નહોતું તો તેનું ઉદ્ઘાટન કરવા તેઓ ગયા જ શા માટે? આવા કોમી સંમેલનનું ઉદ્ઘાટન નહેરુ જેવી વ્યક્તિના હાથે થાય એ જ તેને મોટી પ્રતિષ્ઠા અને ગૌરવ આપવા બરોબર છે.

રેલવેમંત્રી જગજીવનરામ આ શું બોલી રહ્યા છે?

આ પછાત જાતિઓના ધારાસભ્યોના સંમેલનમાં થયેલાં ભાષણો અને ઠરાવોની આલોચનામાં આપણે ન ઊતરીએ, પણ આ સંમેલનના પ્રમુખ રેલવેપ્રધાન શ્રી જગજીવનરામે કરેલા ભાષણમાંના અમુક ઉદ્ગારોનો ઉલ્લેખ કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. તેઓ પ્રસ્તુત ભાષણમાં જણાવે છે કે "જેઓ સમાજમાં ઊતરતું સ્થાન ભોગવે છે તેઓ જ્યારે પણ કાંઇ માગણી કરે છે ત્યારે તેમને કોમવાદી અને જાતિવાદી કહીને ઊતારી પાડવામાં આવે છે. પણ લાગવગ અને સત્તા ધરાવતા બહુમતી વર્ગ અંગે પરિસ્થિતિ તદ્દન જુદાજ જ પ્રકારની છે. તેમને કશું માગવાપણું હોતું જ નથી. તેમને જોઇએ તે એમ ને એમ મળી જાય છે. તેઓ જ્યારે કોઇ બાબતની માગણી કરે છે ત્યારે તેમની માગણીને Nationalism રાષ્ટ્રવાદ શબ્દથી નવાજવામાં આવે છે." એજ વિચારને લંબાવતા કેન્દ્રીય રેલવે મંત્રી જણાવે છે કે "ભારતના મુસલમાનો પણ આજ પ્રમાણે frustrated–હતાશ બનેલા છે. આ બાબતનો વિચાર કરવો અને તેમની હતાશા દૂર કરવી અને તેમનામાં વિશ્વાસ પેદા કરવો એ બહુમતી ધરાવતી કોમની ફરજ છે." આ બહુમતી ધરાવતી કોમ એટલે હિંદુ કોમ એમ સૂચવવાનો શ્રી જગજીવનરામનો સ્પષ્ટ આશય છે. તેમના આ ઉદ્ગારો વાંચતાં ડૉ૦ આંબેડકરનું સ્મરણ થાય છે અને ભારતમાં હિન્દુઓ, શીડ્યુલ્ડ કાસ્ટ્સ અને ટ્રાઇબ્ઝ, અને મુસલમાનો એમ ત્રણ અલગ કોમો છે અને હિન્દુ કોમ અને તેનાથી પ્રભાવિત એવી ભારત સરકાર બીજી બન્ને કોમોને અન્યાય જ કરતી રહી હોય અથવા તો તેમની વ્યાજબી માગણીઓ ઉપર ધ્યાન આપતી ન હોય એવું તેમના ઉદ્ગારોમાંથી સૂચન નીકળે છે. પોતાની કોમની માગણીઓને જોર આપવા માટે તેઓ આ રીતે મુસલમાનોને આગળ ધરે એ ભારે શોચનીય છે. આઝાદી મળ્યા બાદ મુસલમાનોને સર્વોચ્ચ અધિકારો ઉપર નિયુકત કરવામાં આવ્યા છે અને રાજ્યવહીટમાં હિન્દુ મુસલમાન વચ્ચે કશો પણ ભેદ કદિ કરવામાં આવ્યો નથી. આ હકીકત સર્વવિદિત અને સર્વસ્વીકૃત છે. આમ છતાં શ્રી જગજીવનરામ મુસલમાનોને પણ એક અન્યાય–પીડિત અને તે કારણે હતાશ બનેલા વર્ગ તરીકે વર્ણવે તે જેના પોતે એક અંગ છે અને જેના પ્રધાન મંડળના પોતે સૌથી જૂના senior–most સભ્ય છે તે ભારત સરકારને અવળી રીતે રજૂ કરવા બરોબર છે. આ રીતે મુસલમાનોને આડકતરી ઉત્તેજના આપતા અને તેમની સાથે Common cause કરતા શ્રી જગજીવનરામની દૃષ્ટિ કેવળ કોમી રાષ્ટ્રવિરોધી છે એમ નહિ તો બીજું શું કહેવાય? આ સંબંધમાં ગેરસમજૂતી વધવા ન પામે તે માટે તેમણે તથા ભારત સરકારે તત્કાળ ખુલાસો કરવાની ખાસ જરૂર છે.

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૬૧, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

बुभुक्षितः किं न करोति पापं।

માંસ મચ્છીના આહાર તેમ જ વ્યાપાર–ઉદ્યોગને ખૂબ ઉત્તેજન આપી રહેલ ભારત સરકારની આ જ નીતિથી ખૂબ આઘાત પામીને એક મિત્રે પત્ર લખ્યો છે અને આ બાબતને લગતી કેટલીક પત્રિકાઓ મોકલી છે. તે સર્વનો સંકલિત સાર નીચે મુજબ છે :–

મુંબઇ, મદ્રાસ, કલકત્તા અને દિલ્હીમાં મોટા પાયા ઉપરનાં કતલખાના ઊભાં કરીને ભારત સરકાર પશુઓની કતલને અસાધારણ પ્રોત્સાહન આપવા માગે છે, એટલું જ નહિ પણ, તે દ્વારા ઉત્પન્ન થતા માંસની નિકાસ કરીને પરદેશી હુંડિયામણ પ્રાપ્ત કરવાની આતુરતા સેવે છે. વળી વરસ દહાડે આપણા દેશમાંથી દોઢથી બે લાખ વાંદરાઓની નિકાસ થાય છે તેમ જ મચ્છી, દેડકાં, કરચલાં વગેરે જીવંતાં પ્રાણીઓનાં પાર્સલો પરદેશ મોકલવામાં આવે છે. આ દેશમાંથી ગોમાંસની નિકાસના આંકડા નીચે મુજબ છે:

૧૯૪૨–૪૩ રૂા. ૧૫,૦૦,૦૦૦ની માંસનિકાસ.
૧૯૫૨–૫૩ રૂા. ૫૬,૩૮,૦૦૦ની માંસનિકાસ.
૧૯૫૬–૫૭ રૂા. ૬૦,૩૬,૪૫૩ની માંસનિકાસ.

વચગાળે મહાઅમાત્ય નહેરુની સૂચનાથી ગોમાંસનિકાસની બંધી કરવામાં આવી હતી. પણ તાજેતરમાં વેપાર ઉદ્યોગખાતાના મંત્રીએ ગોમાંસ નિકાસની છૂટ આપી છે. આના પરિણામે ગોમાંસ-નિકાસમાં એકદમ વધારો થવા સંભવ છે. વળી ગુજરાત સરકાર મત્સ્યોદ્યોગને ખૂબ વિકસાવવા માગે છે. આગામી પંચવર્ષીય યોજનામાં માંસનું ઉત્પાદન ૪૬ લાખ ટનથી વધારીને ૯૨ લાખ ટન સુધી અને એક કરોડે પહોંચેલી ઢોરોની કતલને બે કરોડે પહોંચાડવાનું વિચારાયું છે. આ બધા પાછળ આ દેશમાં માંસાહારને બને તેટલો ઉત્તેજવાનો અને તેની નિકાસ કરીને બને તેટલું પરદેશી હૂંડિયામણ મેળવવાનો ભારત સરકારનો આશય છે. આ પ્રકારની ભલામણો ભારત સરકારે નીમેલી માંસ–ઉત્પાદન સમિતિ તરફથી પણ કરવામાં આવી છે. આ બધું જોતાં ભગવાન બુદ્ધ, મહાવીર અને ગાંધીનું ભારત કઇ દિશાએ ગતિ કરી રહ્યું છે તેનો વિચાર આવે છે. આમ પશુહિંસા તરફ જોસભેર ગતિ કરી રહેલા દેશને તે દિશાએથી અટકાવવા માટે આપણે કશું ન કરી શકીએ? શેઠ કસ્તુરભાઇ લાલભાઇ જેવા જૈન સમાજના આગેવાનો આ બાબતમાં કેમ મૌન સેવીને બેઠા છે? કોંગ્રેસ સરકાર સામે કશું જ કહી ન શકાય એવી મનોવૃત્તિ કેટલાકની જોવામાં આવે છે.

આ પ્રમાણે પત્રલેખક મિત્ર આખી સમસ્યા રજૂ કરીને તે સંબંધે મારા વિચારો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરું એવી તેઓ અપેક્ષા દર્શાવે છે.

આના જવાબરૂપે શું લખવું કે સૂચવવું તે જરા મુંઝવે એવો વિષય છે. એમ છતાં તત્કાળ જે સૂઝે છે તે શબ્દોમાં મૂકવા હું પ્રયત્ન કરું છું. મને લાગે છે કે જે દેશમાં સંખ્યાબંધ લોકો–બહુ કે ઘણા મોટા ભાગના લોકો–માંસાહારી છે ત્યાં પશુઓની કતલ કે માંસ મચ્છીનો ઉપયોગ કાયદાકાનૂનથી બંધ કરવાનું શક્ય નથી. જ્યાં સુધી માંસપરાયણ લોકોનું હૃદય પરિવર્તન કરવામાં ન આવે અને તેમનામાં કરુણાવૃત્તિ જાગૃત કરીને માંસાહાર પ્રત્યે અરુચિ પેદા કરવામાં ન આવે ત્યાં સુધી તેમના માટે આ સગવડ પૂરી પાડવી અને જરૂર પ્રમાણે અદ્યતન સગવડોમાં વધારો કરવો એ રાજ્યસંસ્થાની અનિવાર્ય ફરજ બને છે. આટલી વાસ્તવિકતા આપણે ઇચ્છાએ અનિચ્છાએ સ્વીકાર્યે જ છૂટકો છે. પણ આજે આ બાબત માત્ર માંસાહારી લોકોની જરૂરિયાતનો જ ખ્યાલ કરીને વિચારાય છે એમ નથી. ઉલટું માંસાહારને બને તેટલું ઉત્તેજન, આપવું અને પરદેશોને પણ મોટા પ્રમાણમાં માંસ પૂરું પાડવું– આવી વૃત્તિ ભારત સરકારના માનસને આવરી રહી છે. આનું કારણ આજે ચોતરફ વ્યાપી રહેલી હિંસાવિષયક ઉદાસીનતા છે. લોકમાનસમાંથી કરુણા લુપ્તવત્ થઇ ગઇ છે. મનુષ્ય સિવાય જડ ચેતન સૃષ્ટિ વચ્ચે જાણે કે કશો ભેદ જ ન રહ્યો હોય એ રીતે દરેક વસ્તુ–પછી તે પશુ હોય કે પથ્થર–માનવીના ઉપયોગ માટે જ નિર્માયેલ છે, કહેવાતી પશુસૃષ્ટિને સ્વતંત્ર અસ્તિત્વનો કે સહઅસ્તિત્વનો કોઇ અધિકાર જ નથી– આવી માન્યતા અને માનસિક વલણ સર્વત્ર પસરી રહ્યું હોય એમ લાગે છે અને તેથી વિજ્ઞાનના નામે, વ્યાપારઉદ્યોગના નામે, ખોરાકના નામે કે મનોરંજનના નામે ગમે તેટલી હિંસા કરવામાં આવે તો સામાન્ય જનતાના દિલમાં તે વિષે કોઇ અરેરાટી જોવામાં આવતી નથી. વળી કમનસીબે દેશની આજની પરિસ્થિતિ પણ લોકોને પશુહિંસા તરફ અભિમુખ કરે તેવી બનતી રહી છે. વસ્તી વધતી જાય છે, અનાજનું ઉત્પાદન લોકોની જરૂરિયાતના પ્રમાણમાં પાછળનું પાછળ જ રહેતું જાય છે, એક યા બીજા આકારમાં પ્રાણીજન્ય પદાર્થોનો ઉપયોગ ખૂબ ફેલાતો જાય છે, ખાનપાનની લોલુપતા સીમા મૂકતી જાય છે, પશુદયાની વાત હાંસીપાત્ર બને છે. દેશના ઔદ્યોગિક વિકાસ માટે પારવિનાના પરદેશી હૂંડિયામણની જરૂરિયાત ઊભી થઇ છે. પરિણામે જેમ પ્રજાજનોની તેમ ભારત સરકારની મનોદશા ભુખ્યા માનવી માફક વિવેકબધિર બની ગઇ છે. સંસ્કૃત ભાષામાં સુપ્રસિદ્ધ ઉક્તિ છે કે बुभुक्षितः किं न करोति पापं। ભુખ્યો માણસ કયું પાપ નથી કરતો? આ ઉક્તિ આજની ભારત સરકારને બરોબર લાગુ પડે છે. પૃથ્વી ઉપરની ગમે તે ચીજવસ્તુનું રાષ્ટ્રની દોલતમાં–national wealth–માં રૂપાન્તર કેમ કરવું એ જ ભારત સરકારની ચિંતાનો મુખ્ય વિષય બની રહ્યો છે.

સમજદાર માનવી ગમે તેવા પ્રલોભનો વચ્ચે પણ, મારાથી

આ વસ્તુનો વ્યાપાર થશે અને આનો વ્યાપાર નહિ થાય, આ બાબતનો ઉદ્યોગ થઇ શકશે અને આ ઉત્પાદનપ્રવૃત્તિનો મારાથી વિચાર નહિ થાય–એવો વિવેક કરતો ચાલે છે અને પોતાના ધર્મ, સંસ્કાર અને સભ્યતાના ખ્યાલો મુજબ પોતાની પ્રવૃત્તિના સ્વરૂપનો નિર્ણય કરે છે. ભારત સરકાર, ભૂતદયા જેનું એક મહત્વનું અંગ છે તેવી ભારતીય સભ્યતાને જાણે કે વિસરી ગઇ છે અને મદ્ય સિવાય આવી કોઇ પણ બાબતનો આગ્રહ તેણે છોડી દીધો છે અને મદ્યનિષેધ પણ અમુક જ રાજ્યો પૂરતો મર્યાદિત રહ્યો છે. ધન, ધન અને પરદેશી હુંડિયામણ એ જ આજની સરકારનું રટણ છે અને આ રટણનાં પ્રજાજીવન ઉપર કેવા સીધાં તેમ જ આડકતરાં માઠાં પરિણામ આવે તેનું, આજની ભીંસમાં, ભારત સરકારને કશું ભાન રહ્યું નથી. આવી આજની વિચિત્ર પરિસ્થિતિમાં કોને શું કહેવું અને તે કહ્યાનો શું અર્થ–આ પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે.

કોંગ્રેસ સામે કે ભારત સરકાર સામે આપણે કશું જ કહી ન શકીએ એવું કાંઇ છે જ નહિ. તે સામે જ્યારે પણ કાંઇ કહેવા જેવું લાગે ત્યારે તે સ્પષ્ટપણે કહેવાની આપણી ફરજ છે અને સદ્‌ભાગ્યે જે કાંઇ કહેવું હોય તે કહેવાની આપણે ત્યાં પૂરી છૂટ છે. પણ આ બાબતમાં તીવ્ર લાગણી ધરાવવા છતાં જવાદ્વાર વ્યક્તિઓ જે મોટા ભાગે મૌન સેવતી માલુમ પડે છે તેનું કારણ એ છે કે આજે પવન વિપરીત દિશાએ વહી રહ્યો છે. આપણે કોંગ્રેસને અને ભારત સરકારને ગાંધીજી અને અહિંસા સાથે વધારે પડતી જોડીએ છીએ. ગાંધીજી શિરોમાન્ય છે, અહિંસા આદરણીય છે, પણ દેશનો ભૌતિક ઉત્કર્ષ સાધવા જતાં ગમે તેટલી સ્થૂળ અને મોટા પાયાની હિંસાનું અવલંબન લેવામાં આજની સરકારને કોઇ શરમ કે સંકોચ નથી. આવી પરિસ્થિતિમાં કાંઇ પણ બોલવું યા કહેવું તે વ્યર્થ અપલાપ જેવું–અરણ્યરૂદન જેવું–લાગે છે, અને સાધારણ માણસ માટે મૌન ધારણ સિવાય બીજો કોઇ વિકલ્પ દેખાતો નથી. આમ છતાં પણ, જેના દિલમાં આજની કતલ અને હિંસા સામે ઊંડી વ્યથા છે તેણે આજની હિંસાપ્રચૂર વૃત્તિ અને પ્રવૃત્તિ સામે ચાલુ પોકાર ઊઠાવતા રહેવું એ જરૂરી છે–એવી શ્રદ્ધા પૂર્વક કે આજે નહિ તો આવતી કાલે મૂક પ્રાણીઓ વતીનો પોકાર જનતાના કાન ઉપર જરૂર અથડાશે અને પોતાના જીવવા સાથે એ આખી પશુસૃષ્ટિને પણ શક્ય તેટલું અભયદાન આપવું એ પોતાની ફરજ છે, ધર્મ છે–આવું કર્તવ્યભાન અને કરુણાવૃત્તિ સામાન્ય લોકોના અન્તરમાં જાગૃત થશે.

પરમાનંદ

"મારો કોઇ વાદ કે 'ઇઝમ' નથી"

ગાંધીજીનું એક ચિરસ્મરણીય વક્તવ્ય

[ધી ઇલસ્ટ્રેટેડ વીકલી ઓફ ઇન્ડિયા'માં પ્રગટ થતી શ્રી મીરાં બહેનની આત્મકથામાં નોંધાયેલો એક ભવ્ય પ્રસંગ નીચે અનુવાદિત કરવામાં આવે છે. આ પ્રસંગ ઘણુંખરૂં ૧૯૩૫–૩૬ આસપાસનો છે. —તંત્રી]

માર્ચ માસની શરૂઆતમાં બાપુની તબિયત એટલી સુધરી હતી કે તેઓ આગળ માફક થોડો થોડો પ્રવાસ કરી શકતા હતા. સૌથી પહેલાં તેઓ એ સમયે સંયુક્ત પ્રાન્તના નામે ઓળખાતા પ્રાન્તના ચાંદા જિલ્લામાં આવેલા સાવલી ગામે ભરાયલા–તાજેતરમાં જેની રચના કરવામાં આવી હતી તે સર્વ સેવા સંઘના–પ્રથમ સંમેલનમાં ભાગ લેવા માટે ગયા હતા. આ સંમેલન દરમિયાન બાપુ અને તેમના સહકાર્યકર્તાઓ વચ્ચે એક તીવ્ર ચર્ચાનો વિષય ઊભો થયો હતો. તેમના સાથીઓની ઇચ્છા બાપુની સમગ્ર વિચારશ્રેણીને વ્યવસ્થિત રૂપ આપવાની અને તે રીતે તેનો પ્રચાર કરવાની હતી, અને બાપુ તેનો વિરોધ કરતાં કહી રહ્યા હતા કે કોઈ વાદને–ઇઝમને–ઊભો કરવાનો ફેલાવવાનો મારા મનમાં ખ્યાલ સરખો નથી. આ જ વિચારના સમર્થનમાં તેમણે તે જ ઘડીએ એક અતિ મહત્વનું નિવેદન કર્યું હતું. સર્વ સેવા સંઘના સભ્યોને સંબોધતાં તેમણે જણાવેલું કે:–

"ગાંધીવાદ જેવી કોઇ ચીજ નથી, અને મારી પાછળ કોઇ સંપ્રદાય ઊભો થાય એવી મને લેશમાત્ર ઇચ્છા નથી. મેં કોઇ નવો સિદ્ધાંત કે નવો મત ઊભો કર્યો હોય એમ હું માનતો નથી. મેં તો માત્ર મારી પોતાની રીતે, સનાતન સત્યોને આપણા દૈનિક જીવન ઉપર લાગુ પાડવાનો પ્રયત્ન કર્યો છે. આમ હોવાથી, મનુસ્મૃતિ માફક મારી પાછળ કોઇ સ્મૃતિ મૂકી જવાનો કોઇ પ્રશ્ન જ ઊભો થતો નથી. સ્મૃતિકાર અને મારી વચ્ચે સરખામણીને કોઇ અવકાશ જ નથી. જે અભિપ્રાયો મેં બાંધ્યા છે અને જે નિર્ણયો ઉપર હું આવ્યો છું તે કોઇ પણ અંશમાં છેવટના છે જ નહિ. એથી વધારે સારા અભિપ્રાયો અને નિર્ણયો ઉપર જો આવવાનું બને તો આગળના અભિપ્રાયો અને નિર્ણયો હું આવતી કાલે બદલી નાખું તેમ છું. મારી પાસે દુનિયાને શિખવવા જેવું કશું નવું છે જ નહિ. સત્ય અને અહિંસા હિમાલય પર્વત જેટલાં જૂનાં છે. મેં જે કર્યું છે તે, બને તેટલા મોટા પાયા ઉપર અને શક્ય તેટલી સારી રીતે, સત્ય અને અહિંસાને લગતા પ્રયોગો કરવાનો પ્રયત્ન માત્ર છે. એમ કરવા જતાં મેં કેટલીક વાર ભૂલો કરી છે અને એ ભૂલો દ્વારા પણ મને શિખવાનું મળ્યું છે. જીવન અને તેના પ્રશ્નો આ રીતે મારા માટે સત્ય અને અહિંસાને લગતા આચરણમાં પ્રયોગોની એક હારમાળારૂપ બની રહ્યાં છે. સ્વભાવથી જ હું સત્યપરાયણ રહ્યો છું, પણ એવો જ અનિવાર્યપણે હું અહિંસક બની શક્યો નથી. એક વખત એક જૈન સાધુએ મને જણાવ્યું હતું તે મુજબ હું જેટલો સત્યનો ઉપાસક છું તેટલો અહિંસાનો ઉપાસક નથી. અને મેં સત્યને મુખ્ય સ્થાન અને અહિંસાને ગૌણ સ્થાન આપ્યું છે. કારણ કે, તેમણે જે શબ્દો વાપરેલા તે મુજબ જણાવું તો સત્ય ખાતર અહિંસાનો ભોગ આપવાની મારામાં વધારે શક્યતા રહેલી હતી. ખરી રીતે સત્યના અનુસરણમાંથી જ મેં અહિંસાને શોધી કાઢી હતી. આપણા ધર્મશાસ્ત્રોએ જાહેર કર્યું છે કે **सत्यान्नास्ति परो धर्मः**। પણ સાથે સાથે ધર્મશાસ્ત્રોમાં એમ પણ જણાવ્યું છે કે अहिंसा परमो धर्मः આ બે સૂત્રોમાં 'ધર્મ' શબ્દ વપરાયો છે, એમ છતાં મારા ધારવા મુજબ પ્રત્યેક સૂત્રમાં ધર્મ શબ્દનો અર્થ પૃથક્ પૃથક્ છે.

વાદ, મારી સમગ્ર ફિલ્સુફી–તત્ત્વવિદ્યા, જો તેને આવું આડંબરી નામ આપવામાં આવે તો, મેં હમણાં જે કહ્યું તેમાં સમાઇ જાય છે. તેને તમે ગાંધીવાદ–ગાંધીઝમ–કહી નહિ શકો. કારણ કે તેમાં વાદ જેવું–ઇઝમ જેવું–કશું છે જ નહિ. અને તે સમજાવવા મારે કોઇ વ્યવસ્થિત સાહિત્ય અથવા પ્રચારની જરૂર નથી. ઉપર જણાવેલ મારી માન્યતા વિરૂદ્ધ ધર્મશાસ્ત્રના ઉલ્લેખો ટાંકવામાં આવ્યા છે, પણ સત્યનો કોઇ પણ કારણસર ભોગ અપાવો ન જોઇએ એવી મારી મક્કમ પ્રતીતિને હું સુદૃઢપણે એકસરખો વળગી રહ્યો છું. ઉપર નિરૂપાયલા પાયાના તથ્યોમાં જેઓ માનતા હોય તેમણે એ મુજબ વર્તીને જ તેનો પ્રચાર કરવો ઘટે છે. માત્ર પુસ્તકો દ્વારા દુનિયા પાસે હું આ બાબત કેમ સ્વીકારાવી શકું કે મારો આખો રચનાત્મક કાર્યક્રમ, અહિંસાના આચરણ ઉપર આધારિત છે અને તેનું મૂળ પણ તેમાં જ રહેલું છે?

મૂળ અંગ્રેજી: **મીરાંબહેન** અનુવાદક: **પરમાનંદ**

સાચા મનુષ્યત્વની પ્રાપ્તિનો કીમિયો

(વિશ્વવિખ્યાત કેળવણીકાર અને માનસશાસ્ત્રી વિલિયમ જેમ્સના જગતમાં સફળતાથી જીવી જવાના માર્ગો દર્શાવતા મહત્ત્વના સિદ્ધાન્તો રજૂ કરતાં બુસ બ્લેવીનના અંગ્રેજી લેખનો ભાષાઅનુવાદ.)

૪. સ. ૧૯૦૬ની એ સાલ હતી. એપ્રિલ માસની તારીખ અઢારમીનો એ યાદગાર દિવસ હતો. સાનફ્રાન્સિકો શહેરમાં રોજની માફક લોકો સવાર થઈ જતાં પોતપોતાને કામે વળગ્યાં હતાં. એવામાં એકાએક ભયંકર ગડગડાટ સહિત ધરતી ધ્રૂજી ઊઠી. મકાનો હાલી ઊઠ્યા ને ધીમે ધીમે કેટલાંક પડવા માંડ્યાં. જ્યાં ને ત્યાં આગ લાગવા માંડી અને અગ્નિશિખાઓ નાચતી કૂદતી મકાનોમાં ઘૂમવા લાગી.

આ ઓચિંતા ધરતીકંપ ને અગ્નિપ્રકોપની સામે થવાની અશક્તિને કારણે લોકો પોતાનાં રહેઠાણ છોડી નાસભાગ કરવા લાગ્યા. ભડકે બળતા શહેરમાંથી અનેક માનવીઓ પોતાનો જીવ બચાવવા રસ્તા ઉપર પડતા આખડતા શહેરની બહાર ધસવા લાગ્યાં.

આવે કટોકટીને સમયે વિખરાયેલા વાળ, પાણીદાર આંખો અને અણિયાળાં નાકવાળો એક વૃધ્ધ પુરુષ સ્ટેશન ઉપર આગગાડીમાંથી ઊતર્યો. એટલી એક જ ગાડી તે દિવસે આ કમનશીબ શહેરમાં પહોંચી શકી હતી.

આગંતુક વ્યક્તિનું નામ વિલિયમ જેમ્સ. નજીકના એક વિશ્વવિદ્યાલયમાં એઓ પ્રાધ્યાપક હતા. એમને ૬૪ મું વર્ષ ચાલતું હતું. હૃદય પણ એમનું નબળું હતું. છતાં જેમ્સે શહેરમાં પહોંચ્યા બાદ સતત બાર કલાક સુધી, હાથમાં નોટ પેન્સિલ સાથે રાખી, પડતાં મકાનો ને ભડકે બળતા શહેરના ભાગોમાં ઘૂમી ઘૂમીને તથા આફતગ્રસ્ત શહેરીઓને આતુરતાપૂર્વક પ્રશ્નો પૂછી પૂછીને માહિતી એકઠી કરવા માંડી. "ધરતી ધ્રુજવા લાગી તે વખતે તમને શી લાગણીઓ થઈ? તમારા મનમાં શા વિચારો આવ્યા? તમારું હૈયું જોરથી ધડકતું હતું શું?" વગેરે પ્રશ્નો પૂછી જનતાના આ વિરલ પ્રસંગના અનુભવોને સમજવાનો એણે સફળ પ્રયાસ કર્યો.

માનવ-અનુભવના ઊંડાણને તપાસવાની આ ધગશને લીધે વિલિયમ જેમ્સ એમના જમાનાના પ્રેરણાદાયી પુરુષોમાંના એક ગણાયા અને સારી ખ્યાતી પામ્યા. અર્વાચીન પ્રાયોગિક મનોવિજ્ઞાનનો આરંભ એમનાથી થયો છે. એઓ સાચા સર્જક, ફિલસૂફ અને મહાન શિક્ષક હતા, અને માનવ તરીકે તો તેથી પણ વધારે મહાન હતા.

પ્રયોગ કરી જુઓ! શોધખોળ કરતા રહો! નવા જ્ઞાનને અનુરૂપ ફેરફારો અપનાવી લો અને તમારો વિકાસ કરતા રહો!– એમના ઉપદેશોનો આ પ્રધાન સૂર છે. એમનાં પોતાના વ્યક્તિત્વમાં તો આ બધી વાતો વણાઈ ગયેલી જ હતી. માનવજીવનના પ્રત્યેક પાસાનો અભ્યાસ કરવાની અદમ્ય ઉત્કંઠા વિલિયમ જેમ્સને જીવનભર રહી. આત્મશ્રધ્ધા અને વિકાસશીલ ચારિત્ર્યના ધડતર ઉપર એમણે હંમેશ ભાર મૂક્યો છે. "પુસ્તક લખો! સાગર ખેડો! નવો ધંધો અજમાવો, પ્રવૃતિ વધારો ને ઉદ્યમશીલ રહો! હંમેશ કશુંક નવું નવું કરતાંજ રહો?" એમ એઓ પોતાના મિત્રોને હંમેશ કહ્યા કરતા.

આજે હજારો માનવીઓ એમના પુસ્તકો રસપૂર્વ વાંચે છે. The Varieties Of Religious Experiences નામનું એમનું પુસ્તક અત્યન્ત લોકપ્રિય બન્યું છે, અને એના અનેક વાક્યખંડો લોકજીભે રમતા થયા છે. લખાણમાં સ્પષ્ટતા–વિશદતા–ને કારણે એમના અતિશય બુદ્ધિશાળી કુટુંબીઓમાં પણ તેમની અનોખી વિશેષતા હતી. એમના પિતા હેન્રી વૈસાપાત્ર હતા ને લખવાનો શોખ ધરાવતા. ચિંતનપ્રધાન દર્શનગ્રંથો એમણે રચેલા. જેમ્સના ભાઈનું નામ પણ હેન્રી. એઓ સુપ્રસિધ્ધ નવલકથાલેખક હતા. અને એક ફિલસૂફની અદ્દાથી નવલકથાઓ લખતા, પણ વિલિયમે તો નવલકથાકારની અદ્દાથી દર્શનગ્રંથો રચ્યા છે. એમનો મહાગ્રંથ The Principles Of Psychology જ્યારે પહેલી વાર છપાવા ગયો ત્યારે જે ભાઈને એમના ગ્રંથના ટાઈપ ગોઠવવાનું કામ સોંપાયેલું તેઓ ખાણા માટેની છુટ્ટીને સમયે પણ એમના ગ્રંથનાં પાનાં સાથે રાખી આગળનો ભાગ પણ આનંદથી વાંચતા જણાયા હતાં.

વિલિયમ જેમ્સનું વ્યક્તિત્વ, એનાં પુસ્તકો, એના વિચારો અને એની શૈલી–બધું જ પ્રભાવશાળી. હાર્વર્ડ યુનિવર્સિટીમાં એમણે ૩૫ વર્ષ સુધી અધ્યાપનકાર્ય કર્યું, અને તે ગાળામાં એમનાં વ્યાખ્યાનો પતી જાય ને એઓ ઘેર જવા નીકળે ત્યારે રસ્તામાં પણ વિદ્યાર્થીઓની કતાર ધૂમકેતૂની પૂંછડીની માફક એમની પાછળ પાછળ જતી અને વર્ગમાં રજૂ થયેલ મુદ્દાઓ ઉપર એઓ ભોજન માટે ઘેર પહોંચી જાય ત્યાં સુધી ચર્ચા ચાલુ રહેતી.

પોતાનાં વ્યાખ્યાનોમાં એઓ જે રમૂજ અને બાનીની છટા આણતા તેને પરિણામે એમનાં વ્યાખ્યાનોનું અનેરું આકર્ષણ રહેતું. એમનાં ઉદાહરણો કયારેક તો એટલી રમૂજ પેદા કરતાં કે એક યાદગાર પ્રસંગે એઓ એક મહત્વના મુદ્દાની પોતાની હળવી ઢબે છણાવટ કરતા હતા ત્યારે એક વિદ્યાર્થી અધવચ્ચ બોલી ઊઠ્યો: "સાહેબ! સાહેબ! ક્ષણભર તો ગંભીરતાપૂર્વક ચર્ચા કરો?" જેમ્સને પોતાની વિરુદ્ધની આ વાત કહી સંભળાવવી ગમતી.

પ્રવચનો કરતી વખતે જેમ્સ વર્ગમાં વેગભર આંટા મારતા કરતા અને પોતાના મુદ્દાની સ્પષ્ટતા માટે પાટિયા ઉપર વારંવાર આકૃતિઓ દોરતા. એક પ્રસંગે એમની પાસે નકશાની માફક વાળી લેવાય એવું એક જ લખવા માટેનું સાધન હતું. એક હાથે તેને ઝાલી રાખી, બીજે હાથે તેના પર આકૃતિ દોરવાનો એમણે પ્રયત્ન કરી જોયો, પણ ફાવટ ન આવી. ચર્ચાના મુદ્દાઓ સ્પષ્ટ કરવા માટે એઓ આતુર હતા, એટલે એમણે વ્યાખ્યાન ચાલુ રાખીને પહેલાં ઘૂંટણીએ પડી આકૃતિ દોરવાનો પ્રયાસ કર્યો, પણ તે ન ફાવતાં જમીન પર લાંબા પડીને તેમણે આકૃતિ પાડવા માંડી ને વ્યાખ્યાન પણ ચાલુ રાખ્યું. વિદ્યાર્થીઓ ઉપર એમના વ્યાખ્યાન ને વિચારોનો પ્રભાવ એવો ઘેરો હતો કે કોઈને આ પ્રસંગે હસવું ન આવ્યું.

પોતાનું અનોખું વ્યક્તિત્વ જેમ્સે પોતાની જાતે જ ઘડેલું ગણી શકાય. તેમની તબિયત મૂળથી જ નાજુક. દોડધામ કરવાના સ્વભાવવાળા એમના પિતાએ એમને યુરોપ ને અમેરિકાની મુસાફરી વારંવાર કરાવી હોઈ, કોઈપણ એક નિશાળમાં એઓ થોડાક સમયથી વધુ સમય માટે અભ્યાસ કરી શકયા ન હતા. કૌમારદશામાં એઓ ઘણી વાર એટલા નાસીપાસ થતા કે એમને આપઘાત કરવાનું મન થઈ આવતું. ઉત્તર વયે પણ એમણે એટલી બધી મહેનત કરવી ચાલુ રાખી કે એમનું હૃદય નબળું પડી જઈ એઓ લગભગ અપંગ જેવા બની ગયા. સમયના એવા પણ કેટલાક લાંબા ગાળા આવ્યા કે જ્યારે એક કાગળ લખવાથી લાગેલા થાકને પરિણામે એમને આખો દિવસ આરામ લેવો પડતો.

જાતજાતની મુશ્કેલીઓ પર જીત મેળવવાની એમની સતત ઇચ્છા એમના માનસશાસ્ત્ર ઉપરનાં વ્યાખ્યાનોમાં દેખાય છે. એ ઇચ્છાને પરિણામે જીવન વધુ સારી રીતે કેમ જીવવું, આપણી શક્તિઓને વધુ કાર્યક્ષમ બને એમ શી રીતે યોજવી, સતત કાર્યરત રહી નવસર્જન ને ફલોત્પાદન કેમ સાધવાં–એ મુદ્દાઓ ઉપર એમના જેટલી વ્યવહારુ સલાહ બીજા કોઇ મહાન વૈજ્ઞાનિકે કદાપિ આપી નથી. એમણે રજૂ કરેલ કેટલાક વિચારો ને સિદ્ધાંતો જે હું નીચે સંક્ષેપમાં જણાવવા માગું છું, તે વાંચતાં વિચારતાં ખાસ કરીને આજના જમાનામાં તે કેટલા બધા ઉપયોગી છે અને એને અનુસરતાં આપણે આપણી ઉન્નતિ કેટલા મોટા પ્રમાણમાં સાધી શકીએ તેમ છીએ તે વાતનો ખ્યાલ આવશે.

તમારાં કાર્યો દ્વારા તમારી લાગણીઓને વશ કરો

માનસશાસ્ત્રને આધારે જેમ્સે કરેલી આ એક મહામૂલી શોધ છે. તમે જાતે પણ એનું સત્ય પ્રયોગદ્વારા સમજી શકો તેમ છો. એક આરસી સામે ઊભા રહો, મુઠ્ઠીઓ જોરથી વાળો, ચહેરા ઉપર ખૂબ ગુસ્સો લાવો અને તમે જેને ખૂબ ધિક્કારતા હો તે માણસનું ધ્યાન ધરો. એક કે બે મિનિટમાં સાચો ગુસ્સો તમારામાં પેદા થતો તમને લાગશે.

જેમ્સે શોધી કાઢેલો સિદ્ધાંત એ છે કે કોઇ પણ લાગણીનો બાહ્ય શારીરિક આવિર્ભાવ તે લાગણીને અત્યંત તીવ્ર બનાવે છે. આનું કારણ અમુક અંશે આપણું શારીરિક બંધારણ છે. આપણે મુઠ્ઠીઓ વાળીએ કે તરત જ આપણા હાથ પાસેથી મગજને સીધો સંદેશો પહોંચી જાય છે કે "પરિસ્થિતિ જોખમભરી છે, મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર રહો." આપણે હસીએ કે રડીએ ત્યારે આપણા ચહેરાના સ્નાયુઓ મારફતે શુભ કે અશુભ સંકેતો મગજને મળી જાય છે. તેથી આપણે જે કાંઇ કરીએ તે આપણી લાગણીનો પ્રકાર નક્કી કરવામાં મદદરૂપ બને છે. આપણે અમુક અંશે ગુસ્સે થયા છીએ, કારણ કે આપણે પ્રહાર કરીએ છીએ; આપણને શોક થયો છે કારણ કે આપણે રડીએ છીએ; આપણને બીક લાગી છે, કારણ કે આપણે દોડવા માંડયું છે.

આ વૈજ્ઞાનિક શોધનાં વ્યવહારુ પરિણામો ઘણાં મોટાં છે. આપણે અમુક મનોદશા સાથે સંકળાયેલ હાવભાવ કે કાર્યોનો સતત અભ્યાસ રાખીએ તો કેટલેક અંશે તે મનોદશા આપણામાં પેદા કરી શકીએ. જેમ્સ કહે છે કે "આનંદનો અનુભવ કરવા માટે આનંદથી બેસો, આનંદથી આસપાસ જુઓ અને તમને ખૂબ જ આનંદ થયો હોય એવું વર્તન રાખો. બહાદુરીનો અનુભવ કરવો હોય તો તમે બહાદુર હો એ રીતે જ વર્તો અને ઘણે ભાગે બીક જતી રહેશે અને તમારામાં હિંમત આપોઆપ પેદા થશે."

થાકના સીમાબિંદુને પાછળ હઠાવો

આપણામાંના ઘણા દરરોજ 'થાકી જાય છે,' તેનું કારણ પ્રત્યક્ષ શ્રમ પુષ્કળ કરવો પડયો છે એવું નથી હોતું, પણ અમુક સમય થાય એટલે અથવા તો અમુક કામ અમુક પ્રમાણમાં થાય એટલે થાક અનુભવવાની આપણે આપણી જાતને ટેવ પાડી દીધી હોય છે. આ વાત જેમ્સે પ્રતીતિજનક બને એ રીતે સાબિત કરી છે. આવી જાતે ઊભી કરેલ મર્યાદાને જેમ્સ 'થાકનું સીમાબિંદુ' કહે છે અને એણે બતાવી આપ્યું છે કે આપણે ખરેખરા થાકી જઇએ એ સ્થિતિ તો એનાથી ઘણી દૂર છે. જેમ્સ કહે છે: "આપણામાંના ઘણા થોડા માણસો ખરેખર થાકી જતા હશે. વાતવાતમાં 'થાક લાગ્યો છે' એમ બોલવાની કે થાકેલા દેખાવાની લોકોને પડેલી કુટેવ જો દૂર થાય તો મોટા ભાગના માણસોને થાક લાગવાનો સંભવ નથી."

ઑફિસ બંધ થવાનો સમય થવા આવે ત્યારે થાકી જવાની ટેવ પાડવામાં આવી હોય છે. ઑફિસ પાંચ વાગે બંધ થતી હોય તો પાંચ થવા આવતાં આપણે થાક્યા હોઇએ એ રીતે કામ કરીએ કે હરીએ ફરીએ મોઢા ઉપર થાકનાં ચિહ્નો ધારણ કરીએ ને તે ઉપરાંત વળી આજુબાજુના માણસોને આપણે કેટલા બધા થાકી ગયા છીએ તે કહી પણ બતાવીએ. આ બધાના કારણે આપણને ખરેખરો થાક લાગ્યાનો અનુભવ થાય છે, પણ એ એક જાતની કુટેવ છે. જેમ્સે બતાવ્યું છે કે સતત ઉદ્યમશીલ રહેતા માનવીને સાવ એદી માણસને જોઇએ તે કરતાં વધારે આરામના સમયની જરૂર લાગતી નથી. હકીકત એ છે કે માણસમાં જે અનેક સાચી શક્તિઓ છે તેમાંથી બહુ જ ઓછા ભાગની શક્તિઓનો ઉપયોગ કરવાને માણસ ટેવાયો છે.

જેમ્સના કહેવા પ્રમાણે તો મોટા ભાગના લોકો જો તેઓ ધારે તો 'થાકના સીમાબિંદુ'ને પાછળ હઠાવી શકે. એવા માણસોએ દરરોજ પોતે થાકી જતા લાગતા હોય તે સમય નોંધી રાખીને તે પછી દરરોજ એક એક કલાક વધુ નિશ્ચયપૂર્વક કામ ચાલુ રાખવું અને એ રીતે થાક લાગવાની બાબતમાં નવી સ્થિતિ પેદા કરવી. આ નવી પદ્ધતિ અપનાવવાનું પરિણામ એ થશે કે તેમને 'થાક લાગ્યો છે' એમ લાગતા પહેલાં થોડું થોડું વધારે કામ દરરોજ કરી લેવાનું મન થશે અને તેથી 'વધારે ખેંચવું પડે છે' એવી લાગણી અનુભવ્યા વગર વધારે કામ કરી લેવાની ટેવ પડી જશે.

થાકના સીમાબિંદુને પાછળ હઠાવવાથી વધારે ને વધારે સારું કામ થઇ શકે

માણસ કામ કરતો હોય ને એને એમ લાગે કે થાક લાગવા માંડયો છે, છતાં પણ જો કામ ચાલુ જ રાખે તો કેટલીક વાર એને નવું જ ચેતન મળી જતું લાગે છે. આ બાબતનો ઊંડો અભ્યાસ કરી જેમ્સે પોતાનાં સિદ્ધાંતો ઘડયાં છે. થાકની મનોદશા દૂર ને દૂર હઠાવતાં જતાં નવું ચેતન અને નવી શક્તિ એકથી વધુ વાર (ત્રણ કે ચાર વાર પણ) પ્રાપ્ત થવાનો સંભવ એમણે જણાવ્યો છે.

માણસ કામ આ રીતે ચાલુ જ રાખે તો તેથી આવતાં પરિણામ કેટલીક વખતે ટૂંકા ટૂંકા ગાળામાં કટકે કટકે કરેલાં કામનાં પરિણામ કરતાં વધારે સારાં હોય છે. કારણ એ છે કે લાંબો સમય સતત કામ પાછળ મંડી રહેવામાં આવે તો આપણે વિષય સાથે તન્મય થઇ જઇએ છીએ અને એકાગ્રતાને કારણે વિષયનો સમગ્ર વિસ્તાર ધ્યાનમાં રાખી શકીએ છીએ.

જ્યાં સુધી ઓછામાં ઓછો એક, અથવા તો મળી શકે તો બે કે ત્રણ દિવસ, લાગલાગટ પોતાનું કામ વગર દખલે કરવાનું ન મળે ત્યાં સુધી જેમ્સ કોઇ પણ લેખનકાર્ય માથે લેતા નહિ. એવે પ્રસંગે તેઓ પોતાના ઓરડામાં જઇ, બારણું બંધ કરી, શાંતિથી ને સ્વસ્થતાથી સતત લખ્યે જ જતા અને થાકના સીમાબિંદુને ક્રમશઃ વટાવતા વટાવતા પોતાના લખાણના કાગળો ઓરડામાં જમીન ઉપર નાખ્યે જતા. આ રીતે એકધારું કામ કરવાથી કટકે કટકે થતા કામ કરતાં ઘણું વધારે કામ એઓ કરી શકતા, કારણ કે દરેક જુદે પ્રસંગે કામ હાથમાં લેતી વખતે લેખનવિષય સંબંધી કરવી પડતી પુનર્વિચારણા પાછળનો વખત બચી જતો.

કાર્યરત રહેવાથી કાર્યશક્તિ વધે છે

કોઇ પણ વસ્તુ કરવા પાછળ સતત મંડયા રહીએ તો શક્તિ નવાં નવાં સ્થાનોમાંથી પ્રકટ થાય છે, ને તેમ થતાં જીવનનાં બીજાં ક્ષેત્રોમાં પણ એ નવી શક્તિ મદદરૂપ બને છે ને કેટલાક અસંગત કોયડાઓ ઉકેલી આપે

છે. આમ હોવાથી, કોઇ પણ એક ક્ષેત્રે–પછી ભલે તે રમતગમતનું ક્ષેત્ર હોય કે અન્ય મનવિનોદનું કાર્ય હોય–માણસ ઉત્કટ ઉદ્યમશીલતા દાખવી કાર્યરત રહે તો વધારાની શક્તિ પ્રાપ્ત કરાવવામાં તે મદદરૂપ બને છે. એથી ઊલટું, પુરસદના સમયમાં આપણે કાંઇ પણ કરીએ જ નહીં તો પછી જ્યારે ફરી કામ શરૂ કરવાનું હોય ત્યારે તે માટે આપણી શક્તિઓને કેન્દ્રિત કરવાનું મુશ્કેલ બને છે. જેમ્સે સ્વાનુભવથી આ વાત સમજી લીધી હતી. એમને એટલાં બધા ને એટલા ભિન્ન ભિન્ન વિષયોનો શોખ હતો કે આનંદ અથવા આરામ માટે એક વિષય છોડીને બીજો વિષય હાથમાં લેવાનું જ રહેતું. (પોતાની નોંધપોથીમાં જેમ્સે નોંધ્યું છે કે ભૂસ્તરશાસ્ત્ર, વિદ્યુતશાસ્ત્ર, નાદશાસ્ત્ર, ફ્રેન્ચ વિપ્લવ, સંસ્કૃત અને ચાર્લ્સ પિયર્સની ફિલસૂફીનો એમનો અભ્યાસ સાથે સાથે ચાલતો હતો.)

મારો એક મિત્ર ગામડામાં રહે છે તે પણ આ વિચારને આચારમાં મૂકે છે. કોઇ હસ્તપ્રત ઉકેલતાં કયાંક અટકી જ પડવાનું થાય તો એ થોડા વખત સુધી લાકડાં ફાડવાનું સખત મજૂરીનું કામ કરી લે છે. જ્યારે એ મૂળ કામ માટે પાછો ફરે છે ત્યારે એને ઘણી વખત જણાયું છે કે પેલી મુશ્કેલી દૂર થઇ ગઈ છે. મૂળ અંગ્રેજી: **લુસ બ્લેવીન**

અપૂર્ણ અનુવાદક: **ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી**

સર્વોદયનું સાંખ્ય

('ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત)

સાંખ્ય અને યોગ એ બે મળીને પરિપૂર્ણ જીવનશાસ્ત્ર બને છે. સર્વોદયના પણ સાંખ્ય અને યોગ એમ બે વિભાગ છે. બંને મળીને પરિપૂર્ણ સર્વોદય-વિચાર બને છે. સર્વોદયનું સાંખ્ય આજે તમારી સમક્ષ રજૂ કરીશ.

પરસ્પરનાં હિતો વચ્ચે કોઇ વિરોધ નથી એ સર્વોદયનો મૂળભૂત વિચાર છે. મારા હિતમાં તમારું હિત છે. તમારા હિતમાં મારું હિત છે. બંનેના હિતમાં દેશનું હિત છે. દેશના હિતમાં મારું અને તમારું હિત છે. દેશના હિતમાં વિશ્વ-હિતનો વિરોધ નથી ને વિશ્વ-હિતમાં દેશના હિતનો વિરોધ નથી. સર્વોદય અવિરોધી છે. આ પાયાની વાત છે.

સર્વોદય–વિચારમાં ગ્રામોદ્યોગ પણ પરસ્પર અવિરોધથી એક સાથે રહી શકે છે. માત્ર એમનાં ક્ષેત્ર નક્કી કરી આપવાં પડશે. આ ક્ષેત્રમાં ગ્રામોદ્યોગ ચાલે ને આ ક્ષેત્રમાં યંત્રોદ્યોગ. એમ વિભાજન થઇ જાય તો એક જ દેશમાં ગ્રામોદ્યોગ અને યંત્રોદ્યોગ રહી શકે ને એમનો સમન્વય થઇ શકે છે.

યંત્ર ત્રણ પ્રકારના છે : સંહારક, સમયસાધક અને ઉત્પાદક. સંહારક યંત્ર એટલે મશિનગન, તોપો, વગેરે, જેમનો ઉપયોગ માનવ–સંહારમાં જ થાય છે. સર્વોદયમાં એવાં સંહારક યંત્રો સારું અવકાશ નથી. સર્વોદય–વિચાર એનો વિરોધ કરે છે.

સમયસાધક યંત્ર ન તો સંહાર કરે છે, ન ઉત્પાદન. તે માત્ર સમય બચાવે છે, જેમ કે મોટર, રેલ્વે, વિમાન. એ યંત્રો દ્વારા કશુંયે ઊપજતું નથી. તેમ જ કશાનો ય નાશ થતો નથી; પણ સમય બચે છે. પહેલાં જ્યારે મુંબઇથી લંડન જતાં બેએક વર્ષ નીકળી જતાં ત્યારે હવે માત્ર ૧૨ કલાક થાય છે. એવાં સમયસાધક યંત્રો સર્વોદયને માન્ય છે, પસંદ છે. કાલે અહીંથી ચંદ્ર પર પણ પહોંચાશે. એ સારુ રોકેટ બને તે પણ સર્વોદયને માન્ય છે. સંહારક યંત્ર સર્વથા અમાન્ય છે; સમયસાધક યંત્ર સર્વથા માન્ય છે.

હવે રહ્યાં ઉત્પાદક યંત્રો. એ બે પ્રકારનાં હોય છે: એક પ્રકારનાં યંત્રો માણસના શ્રમની પૂર્તિ કરે છે. નકરા આપણા હાથના શ્રમથી જે કામ નથી કરી શકાતાં તે કરવામાં તેવાં યંત્રો મદદ કરે છે. એને 'પૂરક' ઉત્પાદક યંત્રો એવું નામ દઇશું. હાથ-થી જ સૂતર કાંતીશું તો કામ નહિ થાય. તકલીથી એમાં થોડી મદદ મળશે, ચરખાથી વધુ મદદ મળશે અને અંબર ચરખાથી એનાથીયે વધુ. એવાં માનવશ્રમની પૂર્તિ કરનારાં યંત્રો પૂરક ઉત્પાદક યંત્રો છે.

બીજા 'મારક' યંત્રો છે. તેઓ ઉત્પાદન તો થોકબંધ કરે છે, પણ મજૂરો ઓછા કરે છે. આમ ઉત્પાદક યંત્રોમાં પૂરક ને મારક એવા બે પ્રકાર હોય છે. કયું યંત્ર પૂરક ને કયું મારક છે એનો નિર્ણય દેશકાળની પરિસ્થિતિ અનુસાર બદલાતો રહેશે. અમેરિકામાં જે યંત્ર પૂરક હોય તે કદાચ ભારતમાં મારક પુરવાર થાય. વળી આજે જે યંત્ર મારક હોય તે આવતી કાલે કદાચ પૂરક પણ બની રહે.

ટ્રેક્ટર અમેરિકામાં ચાલી શકે. ત્યાં વ્યક્તિદીઠ ૧૨ એકર જમીન છે, જ્યારે આપણે ત્યાં વ્યક્તિ દીઠ ૧ એકર જમીન છે, અર્થાત્ ભારત કરતાં બારગણી જમીન અમેરિકામાં પડી છે. તેથી ત્યાં ટ્રેક્ટર ચાલી શકે. ત્યાં જમીન મબલખ છે અને માણસોની સંખ્યા ઓછી છે એટલે માણસની મદદમાં ટ્રેક્ટર આવે છે. ભારતમાં એનાથી ઊલટું છે. અહીં માણસો વધુ છે અને જમીન ઓછી છે. એ પરિસ્થિતિમાં ટ્રેક્ટરનો ઉપયોગ કરીશું તો માણસોને મજૂરી નહિ મળે, માણસો બેકાર બનશે. એમ અમેરિકામાંનું પૂરક ટ્રેક્ટર ભારતમાં મારક પુરવાર થશે. વળી ટ્રેક્ટર અમેરિકામાં બને છે, ભારતમાં નથી બનતા –એ દૃષ્ટિએ પણ ભારત સારુ એ મારક બને છે. ઉપરાંત અમેરિકામાં દૂધ ગાયનું પીએ છે, બળદોને ખાય છે અને ખેતી ટ્રેક્ટરથી કરે છે. આપણે ત્યાં ગાયનું દૂધ પીએ છે, પણ બળદને ખાતા નથી. તેથી અહીં બળદનેય ખવડાવવું પડશે અને ટ્રેક્ટરને પણ ખવડાવવું પડશે. આમ ટ્રેક્ટર આપણને ન પોષાય. બળદને જીવતો રાખવાની જવાબદારી જેમના પર નથી આવતી એમને ટ્રેક્ટર પોષાય છે. આપણે ત્યાં પણ પડતર જમીનને તોડવા સારૂ ટ્રેક્ટરનો ઉપયોગ કરવામાં કંઇ વાંધો નથી, પરંતુ ખેતીના કામમાં ટ્રેક્ટર વાપરીશું તો બળદને મારવો પડશે. પણ આપણે એને મારવા માગતા નથી. વળી બળદ ખાતર પણ પૂરું પાડે છે તે ટ્રેક્ટર નથી આપતું. તે માટે પછી સીંદરીનું ખાતર ખરીદવું પડે, ટ્રેક્ટરને તેલ આપવું પડશે. આમ અહીં તે મારક પુરવાર થશે.

આ દૃષ્ટાંત વિગતે ફોડ પાડવા આપ્યું છે કે એકનું એક યંત્ર એક સ્થાનમાં પૂરક હોય છતાં બીજામાં મારક હોઇ શકે છે. એનો કોઇ અફર નિયમ નથી. દેશ–કાળ–પરિસ્થિતિ અનુસાર કયું યંત્ર મારક અને કયું પૂરક એનો નિર્ણય કરવો પડશે. યંત્રો અને ગ્રામોદ્યોગ અંગે સર્વોદયની આ દૃષ્ટિ છે.

સર્વોદયનું એટલું ખચિત માનવું છે કે આપણે વિજ્ઞાનનો પૂર્ણ ઉપયોગ કરવા માગીએ છીએ. આપણને વીજળીશક્તિ યે જોઇએ છે અને અણુશક્તિ પણ જોઇએ છે, પરંતુ વિજ્ઞાનનો ઉપયોગ કયાં કરવામાં આવે એ બાબતમાં સર્વોદયના પોતાના આગવા વિચાર છે. વિજ્ઞાનનું માર્ગદર્શન અધ્યાત્મ કરશે.

અગ્નિની શોધ થઇ. પુરાતન કાળમાં અગ્નિ નહોતો. આજે તે સર્વત્ર છે. એક વાર શોધાયા બાદ અગ્નિનો ઉપયોગ ઘરને આગ લગાડવામાંયે થઇ શકે છે અને રસોઇ પકાવવામાં પણ કરી શકાય છે. એનો ઉપયોગ આગ લગાડવામાં કરવો કે રસોઇ પકા-વવામાં એ અધ્યાત્મશાસ્ત્ર નક્કી કરશે. આવતી કાલે અણુશક્તિ ઘેર ઘેર આવશે. એનો ઉપયોગ શું કરવો એનો નિર્ણય આપણે કરીશું. અર્થાત્ સર્વોદયમાં વિજ્ઞાનનો વિરોધ નથી, આદર છે, સ્વીકાર છે. એનું નિયમન–નિયંત્રણ કરવાનું રહેશે. એ નિયમન-નિયંત્રણ પણ પરિસ્થિતિ અનુસાર બદલાતાં રહેશે.

આ સર્વોદય સાંખ્યનું ટૂંકમાં વિવરણ છે. એમાં પરસ્પર અવિરોધ છે, હિતવિરોધના નિરસન દ્વારા એમાં સર્વનો ઉદય રહેલો છે.

[કુદ્રા (બિહાર), ૨૮–૧૨–૬૦] **વિનોબા**

પ્રકીર્ણ નોંધ

ડૉ. રમણલાલ શાહને અભિનંદન

શ્રી રમણલાલ ચીમનલાલ શાહ મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક છે. તેમણે પી એચ. ડી.ની ડીગ્રી માટે 'નળદમયંતીની કથાનો વિકાસ' એ વિષય ઉપર મહાનિબંધ લખીને મુંબઇ યુનિવર્સિટી સમક્ષ થોડા સમય પહેલાં રજૂ કર્યો હતો અને મુંબઇ યુનિવર્સિટીએ તે મહાનિબંધને અનુમત કરીને ગત ફેબ્રુઆરી માસની ૨૭ મી તારીખે તેમને પી. એચ. ડી.ની ડીગ્રી એનાયત કરી છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના તેઓ વર્ષોથી સભ્ય હોઇને અમારા માટે આ સવિશેષ આનંદનો પ્રસંગ છે. તેમને મુંબઇ જૈન યુવક સંઘના હાર્દિક અભિનન્દન અને શુભેચ્છા છે.



તેઓ એક અત્યન્ત આશાસ્પદ યુવાન હોઇને અહીં તેમનો ટૂંકો પરિચય આપવાનું અસ્થાને નહિ ગણાય. તેમનો પાદરા (જિ. વડોદરા) ખાતે તા. ૩-૧૨-૧૯૨૬ ના રોજ જન્મ થયો હતો. માધ્યમિક શિક્ષણ મુંબઇની પન્નાલાલ પૂનમચંદ હાઇ સ્કૂલમાં અને કૉલેજનું શિક્ષણ તેમણે મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રાપ્ત કર્યું હતું. કૉલેજના અભ્યાસ દરમિયાન તેઓ મહાવીર જૈન વિદ્યાલયમાં રહ્યા હતા. ગુજરાતી અને સંસ્કૃત લઇને તેઓ ૧૯૪૮ માં બી. એ. અને ૧૯૫૦ માં એમ. એ. થયા હતા. બી. એ. પાસ થયા બાદ બે વર્ષ પોતાની કૉલેજમાં તેમણે 'ફેલો' તરીકે કામ કર્યું હતું. એમ. એ.માં ગુજરાતી વિષયમાં સાથી વધારે માર્કસ મેળવવા માટે શ્રી બળવંતરાય ઠાકોર સુવર્ણચન્દ્રક તેમને મળ્યો હતો. ૧૯૫૧ થી તે આજ સુધી તેઓ સેન્ટ ઝેવિયર્સમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરી રહ્યા છે. કૉલેજમાં દાખલ થવા સાથે નેશનલ કેડેટ કોર-N. C. C.માં જોડાયા હતા. આજે તેઓ એન.સી.સી.માં કેપ્ટન અને કંપની કમાન્ડરનો હોદ્દો ભોગવે છે. તેમની ઉમ્મર ૩૪ વર્ષની છે.

છેલ્લાં દશ વર્ષ દરમિયાન તેમના તરફથી અનેક સાહિત્યકૃતિઓ નિર્માણ થતી રહી છે. 'મનીષા' 'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન,' 'એવરેસ્ટનું આરોહણ,' 'ગુલામોનો મુક્તિદાતા' 'નલદવદંતી રાસ' અને 'જીવનદર્પણ'-આ મુજબ તેમની આજ સુધીમાં પ્રગટ થયેલી સાહિત્યકૃતિઓની યાદી છે. આ ઉપરાંત 'કુમાર' માસિકમાં તેમની લખેલી અનેક નાટિકાઓ અને સાહસિકોનાં ચરિત્રો પ્રગટ થયેલ છે અને થઇ રહેલ છે.

તેમનાં પત્ની સૌ. તારાબહેન શાહ એમ. એ. થયેલાં છે અને કેટલાંક વર્ષોથી સોફિયા કૉલેજમાં ગુજરાતીનાં અધ્યાપિકા તરીકે કામ કરે છે. શ્રી તારાબહેન પણ મુંબઇ જૈન યુવકસંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય છે.

જેમની આ પ્રકારની ઉજ્જવલ કારકિર્દી છે તેમના તરફથી ભવિષ્યમાં અનેક પ્રકારની સાહિત્યસેવાની આશા રાખવામાં આવે તે તદ્દન સ્વભાવિક છે. તેમને દીર્ઘાયુષ્ય અને નક્કર આરોગ્ય પ્રાપ્ત થાઓ એવી આપણા સર્વની પ્રાર્થના હો!

લીલીબહેન પંડ્યા : એક પરિચય

બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચાલુ માર્ચ માસ દરમિયાન થનાર ચૂંટણીમાં વાલકેશ્વર વિભાગ તરફથી મુંબઇની પ્રાદેશિક કોન્ગ્રેસ સમિતિએ શ્રી લીલીબહેન પંડયાને એક ઉમેદવાર તરીકે નિયુક્ત કર્યા છે. મુંબઇની કોર્પોરેશનમાં નવી નવી શક્તિશાળી વ્યક્તિઓ ચૂંટાઇને આવે એ ઇચ્છવાયોગ્ય છે. આ વખતની ચૂંટણીમાં પહેલી જ વાર ઊભી રહેતી વ્યક્તિઓમાં શ્રી લીલીબહેન પંડયા એક જુદી જ ભાત પાડતાં હોઇને મુંબઇની જનતાને અને ખાસ કરીને વાલકેશ્વર વિભાગના મતદારોને તેમનો પરિચય હોવો જરૂરી છે.



શ્રીમતી લીલીબહેન મુંબઇના સુપ્રસિદ્ધ કાપડના વ્યાપારી અને ઉદ્યોગપતિ સ્વ. હીરાલાલ અમૃતલાલ શાહનાં પુત્રી થાય અને અસાધારણ કુશળતા ધરાવનાર એન્જિનિયર તરીકે ભારતભરમાં ખ્યાતિ મેળવનાર સ્વ. ડૉ. અનન્ત પંડયાના પત્ની થાય. જૈન કુટુંબમાં જન્મેલ હોઇને વારસામાં તેમને ગાઢ જૈન સંસ્કાર મળ્યા છે. મુંબઇની કૉલેજમાં તેમણે કેળવણી લીધી છે અને ત્યાર બાદ ઇંગ્લાંડમાં રહીને અને વિજ્ઞાનનો વિષય લઇને લંડન યુનિવર્સિટીની ડીગ્રી પ્રાપ્ત કરી છે. યુરોપ અમેરિકાનો તેમણે ખૂબ પ્રવાસ કર્યો છે અને ભારતીય સન્નારી પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે તેમણે રશિયા જઇને અનેક શૈક્ષણિક તેમ જ વૈજ્ઞાનિક સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું છે. વર્ષોથી તેઓ જાહેર જનસેવાના ક્ષેત્રમાં કામ કરી રહ્યાં છે. છેલ્લાં ત્રણ વર્ષથી મુંબઇની મ્યુનિસિપલ કોર્પોરેશનની શિક્ષણ સમિતિના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. બાળકો માટેની ઑર્થોપીડીક હોસ્પિટલની તેમ જ સોસાયટી ઑફ ધી ક્રિપલ્ડ ચિલ્ડ્રનની (અપંગ બાળકોની સારવાર અને સેવા માટેની મંડળીની) વ્યવસ્થાપક સમિતિનાં તેઓ એક સભ્ય તથા માનદ કોષાધ્યક્ષ છે. મુંબઇની જાણીતી શિક્ષણસંસ્થા ચંદા રામજી ગર્લ્સ હાઇસ્કૂલના નિયામક મંડળના તેઓ ઘણા સમયથી સભ્ય અને માનદ મંત્રી છે. વૉલ્સીંગહેમ હાઉસ હાઇસ્કૂલના વિજ્ઞાન વિભાગના તેઓ મુખ્ય નિયામક છે. ઇન્ડો-સોવિયટ કલ્ચરલ સોસાયટીના તેઓ ઉપપ્રમુખ છે અને ઇન્ડો-અમેરિકન સોસાયટીનાં તેઓ એક સભ્ય છે. તદુપરાંત ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ ઍફેર્સના પણ તેઓ એક સભ્ય છે.

લીલીબહેન એક પ્રતિભાસંપન્ન, શક્તિશાળી, નિડર, સામાજિક કાર્યકર્તા છે અને જે કાર્ય તેઓ હાથમાં લે તેને સાંગોપાંગ પાર પાડવાની તેમનામાં કુનેહ, વ્યવસ્થાશક્તિ અને કાર્યનિષ્ઠા છે. વળી ગુજરાતી તેમ જ અંગ્રેજી ભાષા ઉપર તેઓ સારૂ પ્રભુત્વ ધરાવે છે અને વક્તૃત્વશક્તિ પણ તેમને વરેલી છે. આવી શક્તિને બહાર લાવવી અને જનસેવાના વિશાળ ક્ષેત્રમાં જોતરવી એ કાર્યદક્ષ સમાજ અગ્રણીઓની ફરજ છે. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન જેવી મહાન સંસ્થામાં આવી બહેન ચૂંટાય તો

તેમને પોતાની શક્તિ વ્યક્ત કરવાની તેમ જ વિશાળ સમાજની સેવા કરવાની તક મળે અને મ્યુનિસિપલ કોર્પોરેશનને એક નિડર શક્તિશાળી કાર્યકર્તા મળે. તો પછી શ્રીમતી લીલીબહેનને તેમની ઉમેદવારીમાં નક્કર સફળતા મળે અને કોર્પોરેશનમાં ચૂંટાઈ આવે એવી આપણી તેમના વિષે શુભેચ્છા અને પ્રાર્થના હો!

"शब्दो की शवपूजा न हो": એક આલોચના

થોડા દિવસ પહેલાં તા૦ ૨૨-૧-૬૧ના 'જૈન ભારતી'માં "શબ્દો કી શવ-પૂજા ન હો' એ મથાળા નીચે મુનિશ્રી નથમલજીનો લખેલો એક વિચારપ્રેરક લેખ વાંચવામાં આવ્યો. આચાર્ય તુલસીના શિષ્યગણમાં મુનીશ્રી નથમલજી એક પ્રખર વિદ્વાન અને વિશદ વિચારક મુનિ છે. તેમનું જ્ઞાન જેટલું તલસ્પર્શી છે તેટલું જ તેમનું નિરૂપણ તાર્કિક ઝીણવટના કારણે અર્થસભર હોય છે. ઉપર જણાવેલ લેખમાં તેમણે, કેટલાંક શાસ્ત્રીય વિધાનોના શબ્દ માત્રને વળગી રહીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવની અપેક્ષાઓનો ઊંડો વિચાર કર્યા સિવાય તેમાંથી જે એકાન્ત વિધિનિષેધો તારવવામાં આવે છે તે તરફ, વાચકોનું ધ્યાન ખેંચ્યું છે અને આવાં વિધાનોનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ખ્યાલમાં રાખીને વિચાર કરવા ઉપર તેમણે ખૂબ ભાર મૂક્યો છે. પોતાના પ્રતિપાદ્ય વિષયની ભૂમિકા રજૂ કરતાં મુનિશ્રી જણાવે છે કે "અભેદ અને ભેદનો અવિરોધ એ જ સમન્વય છે. સમન્વય કોઈ કૃત્રિમ તત્વ નથી. તે પદાર્થનો સહજ ધર્મ છે. સ્યાદ્વાદની મર્યાદામાં સર્વથા ભેદનો અને સર્વથા અભેદનો સિદ્ધાન્ત સત્ય લેખાતો નથી. જે ભિન્ન છે તે કોઈ દૃષ્ટિથી અભિન્ન હોઈને ભિન્ન છે અને જે અભિન્ન છે તે કોઈ દૃષ્ટિથી ભિન્ન હોઈને અભિન્ન છે. આ પ્રકારે જે ભેદાભેદનું સહ-અસ્તિત્વ છે તે જ સમન્વય છે. જૈન જગતને સ્યાદ્વાદના સિદ્ધાંત વડે સહ-અસ્તિત્ત્વનો વિચાર મળ્યો છે. પદાર્થવાદના ક્ષેત્રમાં તેનો પૂર્ણપણે પ્રયોગ પણ થયો છે, કિન્તુ આચાર યા વ્યહારના વર્તુલમાં આનો ઉપયોગ બહુ જ ઓછો થયો છે. ત્યાં આજે પણ પોતપોતાના સંસ્કાર, રુચિ અથવા બુદ્ધિનું પ્રભુત્વ વર્તે છે."

પોતાની વિચારસરણીને આગળ લંબાવતાં મુનિશ્રી જણાવે છે કે "શબ્દ ન કદી વિરોધ કરે છે અને ન સંગતિ બેસાડવાનો પ્રયત્ન કરે છે. એ બન્ને કાર્યો માનવીય બુદ્ધિનાં હોય છે. બુદ્ધિ જ્યાં શ્રદ્ધા પાસે નમી પડે છે ત્યાં વિરોધમાં પણ સંગતિ શોધવાનો યત્ન કરે છે, અને જ્યાં બુદ્ધિ શ્રદ્ધાથી વિમુખ બનીને ચાલે છે ત્યાં સંગતિમાં પણ વિરોધ શોધવાનો યત્ન કરે છે. અધિકાંશ વિવાદ બુદ્ધિનો ખેલ હોય છે અને એ વિવાદ મહાપુરુષની વાણીના ક્રીડાંગણમાં ખેલવામાં આવે છે. જૈન આચાર્યોએ પોતપોતાના સંપ્રદાય માટે જે રેખા નિશ્ચિત કરી છે તે સર્વ શું આગમ-કથિત છે? શું એમાં કોઈ પરિવર્તન થયું નથી? કોઈ પણ વિચારશીલ વ્યક્તિ તેનો ઉત્તર 'હા'માં નહિ આપે. એ વધારેમાં વધારે એટલું કહીને છુટી જશે કે સર્વ કાંઈ આગમ-કથિત ભલે ન હોય, પરંતુ આગમ-સંમત છે. સંમતનો નિર્ણય બુદ્ધિના હાથમાં છે, આગમોના હાથમાં નથી. અને ખરી વાત તો એ છે કે અધિકાંશ વિવાદ એવી બાબતો ઉપર ચાલતો હોય છે કે જેની ચર્ચા પણ આગામોમાં હોતી નથી."

આમ જણાવીને આગમના કેવળ શબ્દોને પકડી રાખનારા લોકો અર્થનો કેવો અનર્થ કરે છે તે બાબત સ્પષ્ટ કરતાં મુનિશ્રી જણાવે છે કે "આગમોમાંની વાતો અથવા નિયમો દેશ-કાળ સાપેક્ષ નથી એમ આપણે માની ન જ શકીએ. અઢી હજાર વર્ષ પહેલાંની રાજધાનીઓ, રાજાઓ, અને મહાનદીઓના સંબંધમાં જે નિયમ આપવામાં આવ્યો છે એ નિયમ શું શાશ્વત છે? શાશ્વત અને સામયિક નિયમોનો જેઓ વિવેક કરતા નથી, કોરા શબ્દોનો જેઓ આગ્રહ કરે છે તેઓ મોટા ભાગે નિયમોના આત્માની હત્યા કરી નાંખે છે અને તેના શબ્દની પૂજા કરે છે. આમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે, જેમ કે બૃહત્ કલ્પ ૪/૩૨માં કહ્યું છે કે "ગંગા, યમુના, સરયુ, કોશી અને મહી-આ પાંચ મહાનદીઓ મુનિ મહિનામાં એકથી વધારે વાર પાર ન કરે." કિન્તુ "આગમમાં આમ કહ્યું છે." એટલા જ માત્રનો જેઓ આગ્રહ કરવાવાળા છે તેઓ ઉપર જણાવી તેથી વધારે મોટી નદીઓ હોય તો પણ તેને મહીનામાં બે વાર પાર કરી શકે છે અને ઉપરની પાંચ નદીઓમાંથી કોઈ સમયાન્તરે નાની બની ગઈ હોય તો પણ તે નદીને તેઓ મહીનામાં બે વાર પાર કરતા નથી. આમ એ કારણે બને છે કે બુદ્ધિમાં શબ્દોની મજબૂત પકડ હોય છે અને તે સાથે દેશકાળની પરિસ્થિતિના વિવેકનો યોગ હોતો નથી.

"જૈન આગમો પ્રમાણે ચાતુર્માસ અષાઢથી કાર્તક સુધી હોય છે. આ સમય દરમિયાન જલવનસ્પતિનો ચોતરફ વિશેષ પ્રસંગ હોય છે, તેથી આ ચોમાસા દરમિયાન મુનિઓ વિહાર કરતા નથી. ઉત્તર ભારતને માટે આ ઠીક છે. દક્ષિણ ભારતમાં કોઈ જગ્યાએ અધિક વરસાદ કાર્તિક, માગશર યા પોષ મહીનામાં પડતો હોય છે. આ પ્રદેશ અંગે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે "ચાતુર્માસ કયાંથી કયાં સુધી ગણવા? આષાઢથી કાર્તિક સુધી કે કાર્તિકથી માઘ મહીના સુધી?" આવા અનેક પ્રશ્નો છે કે જે દેશકાલની મર્યાદાની સાથે જડાયલા છે. કોરા શબ્દોની પકડથી આનું સમાધાન થઈ શકતું નથી."

આ જ વિચારણા ખાનપાનને લગતા જૈન સંપ્રદાયમાં સૂચવાયલા વિધિનિષેધોને લાગુ પાડવામાં આવે તો તેમાં કેટલાયે વિધિનિષેધો આજે તર્કસંગતિ વિનાના માલુમ પડવા સંભવ છે. દા. ત. આર્દ્રા નક્ષત્ર બેઠા પછી કેરી ન ખવાય-આવો નિયમ જૈનોમાં મોટા ભાગે પળાતો જોવામાં આવે છે. આ નિયમ મુંબઈ, ગુજરાત, મહારાષ્ટ્ર માટે બરોબર હશે, કારણ કે આ બાજુએ કેરી ઉનાળાના પ્રારંભથી બજારમાં આવવી શરૂ થાય છે અને આર્દ્રા નક્ષત્રના બેસવા સાથે વર્ષા ઋતુનો પ્રારંભ મોટા ભાગે સંકળાયલો હોઈને કેરીમાં બગાડ શરૂ થાય છે, પણ ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળમાં તો આર્દ્રા નક્ષત્ર પછી જ કેરી આવવી શરૂ થાય છે તેને આ નિયમ શી રીતે લાગુ પડે? બટાટાને કંદનો જ એક પ્રકાર ગણીને અને તે રીતે તેને અનંતકાય ગણીને તેનો નિષેધ કરવામાં આવ્યો છે, પણ બટેટા કંદ નથી, પણ જમીનની અંદર ઉગતા વેલાનુ એક પ્રકારનું ફળ છે એમ માલુમ પડતાં તેનો નિષેધ અર્થ વિનાનો બની જાય છે. રેશમ પ્રાચીન કાળમાં ચીનથી આવતું હોઈને અને તે કેમ બને છે તે વિષે આપણી બાજુ અજ્ઞાન પ્રવર્તતું હોઈને એક કાળે તેને ઉચ્ચ કોટિના વસ્ત્ર તરીકે પવિત્ર અને પૂજા ઉપાસના વખતે ખાસ પહેરવા યોગ્ય લેખવામાં આવ્યું, પણ આજે તેની બનાવટમાં ભારોભાર હિંસા ભરેલી છે એમ માલુમ પડતાં તે ત્યાજ્ય લેખાવું જોઈએ. મર્યાદિત અવલોકનના પરિણામે પૃથ્વીને સ્થિર અને સપાટ માનવામાં આવી અને ચંદ્ર-સૂર્યને પૃથ્વી આસપાસ ફરતા ગ્રહો માનવામાં આવ્યા. આજે વૈજ્ઞાનિક સાધનોની અનુકૂળતા વધવા સાથે માનવીની નિરીક્ષણ શક્તિ વધી અને પૃથ્વીની ચારે બાજુએ વિમાનો ફરતાં થયાં તેના પરિણામે આપણી પૃથ્વી-સૂર્ય વિષેની પ્રાચીન માન્યતા આપણે બદલવી જ રહી. આ જ રીતે અવિભાજ્ય લેખાતું પરમાણુ આજે વિભાજ્ય બન્યું છે. આમ હવે કેવળ શાસ્ત્રવાકયોના શબ્દોને વળગી રહ્યું આજે ચાલે તેમ છે જ નહિ. આવું તથ્ય મુનિશ્રી નથમલજીના લેખમાંથી આપણને સહજપણે પ્રાપ્ત થાય છે.

તેઓ સંપ્રદાયમોહ અને સત્યોપાસના વચ્ચે ચાલી રહેલા વિરોધ તરફ ધ્યાન ખેંચતા પ્રસ્તુત લેખમાં જણાવે છે કે "આજે સંપ્રદાયનો જેટલો મોહ છે તેટલું સચ્ચાઇનું આકર્ષણ દેખાતું નથી. સંપ્રદાયોના હિતને માટે સચ્ચાઇને છુપાવવામાં આજે જેટલો રસ છે તેટલો રસ સચ્ચાઇ માટે સંપ્રદાયને સીમિત રાખવામાં નથી." આ અત્યંત મહત્ત્વનું વિધાન છે. આટલી વિશાળ દૃષ્ટિ સંપ્રદાયના અગ્રણી આચાર્યોને પ્રાપ્ત થાય અને તેઓ પોતાના તેમ જ અન્યના સંપ્રદાયના ગુણદોષને તટસ્થ ભાવે જોતા થાય અને પોતપોતાના સાંપ્રદાયિક આગ્રહોને સીમિત બનાવીને સચ્ચાઇનો–સત્યનિષ્ઠાનો–સવિશેષ આદર કરતા થાય તો આજના સાંપ્રદાયિક ધર્ષણો જોતજોતામાં નામશેષ થાય અને 'અમારું એટલું જ, સાચું, અને સારું' એ ભાવના ઠેકાણે 'સાચું અને સારું એ બધું અમારું'–આવી ઉદારતા જન-માનસમાં પ્રતિષ્ઠિત થાય.

મુનિ નથમલજી તેરાપંથી સંપ્રદાયના સાધુ છે અને તેરાપંથી સંપ્રદાયની અહિંસાવિષયક વિચારણામાં દાનદયાના વિચારને અહિષ્કૃત કરવામાં આવ્યો છે, આ હકીકત અત્યંત સુવિદિત છે. તેમને મારો પ્રશ્ન છે કે "આ પણ 'અહિંસા' શબ્દની શું શબ્દ-પૂજા નથી? અહિંસા એટલે હિંસા ન કરવી, કોઇ જીવનો પ્રાણાતિપાત ન કરવો, આ ઉપરથી કોઇની હિંસા થતી અટકાવવી, કોઇને બચાવવું, કોઇ ઉપર દયા કરવી, કોઇને તેની જરૂરી ચીજનું દાન કરવું, ભુખ્યાને અન્ન આપવું, તરસ્યાને પાણી પાવું, નવસ્ત્રાને વસ્ત્રોથી ઢાંકવો-આવો કોઇ કર્તવ્યધર્મ તેરાપંથીના મતે અહિંસાવ્રતીને પ્રાપ્ત થતો નથી. જેને આપણે સમાજસેવા કહીએ છીએ તેવી સમાજ-સેવાના સર્વ પ્રકારોનો ધનકાર ઉપર જણાવી તેવી અહિંસા-વિષયક વિચારણામાંથી ફલિત થાય છે. અહિંસા એટલે તેનો કેવળ શબ્દાર્થ જ ગ્રહણ કરવાનો, ભાવાર્થ નહિ. પરિણામે પ્રેમ, કરુણા, અનુકંપા, દયા, દાન–જે એક સીક્કાની બીજી બાજુ માફક 'અહિંસા' શબ્દના ભાવાર્થમાં અન્તર્ગત થયેલી છે, જે અહિંસાની Contents છે–આવી વૃત્તિઓથી યુકત એવી સક્રિય, વિધાયક અહિંસા તેરાપંથમાં રહેલી તાત્ત્વિક વિચારણાને માન્ય બનતી નથી. આ શું 'અહિંસા' શબ્દની શબ્દપૂજા નથી? મુનિઓને આ બાબત ઊંડાણથી વિચારવા મારી વિનંતિ છે અને જો તેમને એમ લાગે કે તેમનો સંપ્રદાય એક વાત કહે છે અને સચ્ચાઇ બીજી વાત સૂચવે છે તો તેમણે ઉપર સૂચવ્યું છે તેમ સંપ્રદાયનો મોહ છોડીને સચ્ચાઇનું અવલંબન લેવા તત્પર થવું ઘટે–આવો તેમને મારો નમ્ર અનુરોધ છે.–પરમાનંદ

આંતર્ સૃષ્ટિ

(ગઝલ)

બ્હારનું વિશ્વ તો સાવ ઝાંખું થતું,
આજ ખૂલી રહ્યું વિશ્વ માંહ્ય!

સૂર્યનાં રશ્મિના તેજની ધારમાં
ચંદ્રનું બિમ્બ ઝંખાઇ જાય.

'મારૂં' 'મારૂં' કહી એકઠું જે કર્યું,
તે બધું વિશ્વમાં આ લૂંટાય,

બે હથેળી ભળે ને ઘણું યે ઢળે,
જે રહ્યું તે ય ખોવાઇ જાય;

તો ય છું વિશ્વ-સામ્રાજ્ઞી શી હું અહીં,
સર્વ કૈં 'મારૂં-મારૂં' લહાય,

તુષ્ટિ-આનંદના શૃંગથી પ્રાપ્તિઓ
સૌ તળેટીતણી તુચ્છ થાય.

માંહ્યના વિશ્વના દર્શને અંતરે
પુષ્પ પ્રાસન્યનાં શાં સુહાય!

બાગમાં માહરા શિશિર-વાસંતીની
પારની કો ઋતુ છે સદાય.

ગીતા પરીખ

દાતા થાય, ન યે થાય, એક લાખો મનુષ્યમાં

પૂર્ણાહુતિ

વીરચંદભાઇ ભણતા હતા ત્યાં જ વિચાર કરી રાખ્યો હતો કે ઉત્તરાવસ્થામાં ધંધામાંથી નિવૃત્ત થઇને દેશસેવા કરવી; એ પ્રમાણે સં. ૧૯૮૯ની જન્માષ્ટમીને દિવસે (તા. ૯–૯–૧૯૩૩) પોતે સમઢિયાળામાં ગ્રામસેવાનો આરંભ કર્યો.

આ કામ એવું સરસ ચાલતું હતું કે ઠક્કરબાપા જે આખા ભારતમાં સતત ભ્રમણ કરતા તે ત્યાં આવીને લખી ગયા કે 'એક ગામડામાં સ્ત્રીઓની રાત્રિશાળા, મોટી ઉંમરના ખેડુ-તોની રાત્રિશાળા, ખાદીકામ, હરિજનપ્રવૃત્તિ, વૈદ્યકીય મદદ, ગ્રામસુધારણા વગેરે કાર્ય ચાલતું હોય એવું અહીં જ પહેલી વાર જોયું.'

દરબારશ્રી ગોપાળદાસભાઇ તથા શ્રી ભક્તિલક્ષ્મીબહેન પણ સમઢિયાળા જોઇ ગયાં ને લખી ગયાં, કે 'ઉદ્યોગશાળામાં કપાસ પીલવાથી માંડીને કાપડ તૈયાર કરવા સુધીની બધી ક્રિયાઓ અહીં શીખવાય છે ને કરાવાય છે, અને સુતરાઉ જ નહિ પણ ગરમ કાપડ પણ થાય છે.'

'વીરચંદભાઇની સાર્વજનિક હૉસ્પિટલ'માં આજુબાજુનાં ૭૦–૮૦ ગામડાંની પ્રજાને ઔષધોપચારનો લાભ મળે છે.

'વળી જનતાની માનસિક ઉન્નતિ માટે પુસ્તકાલય, વાચનાલય તથા શાળાઓ પણ વીરચંદભાઇએ રાખી છે.'

'સો સો ગામ વચ્ચે એક જ વીરચંદભાઇ પાકે તો પાંચ વર્ષમાં જ ગામડાંનો કાયાપલટો થઇ જાય.'

પણ વીરચંદભાઇના જીવનની 'રળિયામણી ઘડી' તો ગાંધીજી વીર ગતિ પામ્યા તેના અનુસંધાનમાં આવી, અને વીરચંદભાઇએ બાપુનું કારજ કર્યું એવું બીજા કોઇએ કર્યું જાણ્યું નથી. એ પ્રસંગે પોતે કુટુંબ પાસેથી દસ લાખ અને મિત્રમંડળ આગળથી પાંચ લાખ લઇને સરવાળે પંદર લાખ રૂપિયાનું દાન કર્યું.

આવો દાનેશ્વર વીરચંદભાઇ થયા ત્યાં લગી સૌરાષ્ટ્રમાં આપણા સાંભરણમાં કોઇ થયો જાણ્યો નથી.

સમાપ્ત

દેસાઇ વાલજી ગોવિન્દજી

'રજિસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬'ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.
૪. પ્રકાશકનું નામ : } ઉપર મુજબ.
કયા દેશના : }
ઠેકાણું : }
૫. તંત્રીનું નામ : }
કયા દેશના : } ઉપર મુજબ.
ઠેકાણું : }
૬. સામયિકના માલિકનું નામ : } શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧–૩–'૬૧. પરમાનંદ કુંવરજી કાપડિયા–તંત્રી.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૬૨, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સાચા મનુષ્યત્વની પ્રાપ્તિનો કીમિયો

(ગતાંકથી ચાલુ)

તમારા ચારિત્ર્યનું ઘડતર તમારી જાતે જ કરો

માનસશાસ્ત્રનો એક સર્વસ્વીકૃત સિદ્ધાંત છે કે પ્રત્યેક શારીરિક વેદના કે લાગણી, બાહ્ય જગત સાથેનો દરેક સંબંધ મગજના એક અબજ જેટલા સૂક્ષ્મ પિંડો (Cells) ઉપર સ્થાયી અસર કરી જાય છે. (આ સિદ્ધાંત રજૂ કરનાર માનસશાસ્ત્રીઓમાં જેમ્સ પણ હતા.) મગજની અંદર થતી આ અસરો હંમેશ માટેની હોઇ અને સતત વધતી જતી હોઇ તથા તેમનો સરવાળો જ આપણું વ્યક્તિત્વ તથા ચારિત્ર્ય હોઇ, જેમ્સની સલાહ મુજબ, આપણે આ અદ્‌ભુત યોજનામાં સમાયેલી શક્યતાઓનો પૂરો લાભ ઊઠાવવા સદાય તત્પર રહેવું જોઇએ.

આપણે જે કંઇ પણ આજે કરીએ તેને પરિણામે જ્યારે ભવિષ્યમાં તે ફરીવાર કરવાનું આવે ત્યારે વધુ સહેલાઇથી તે થઇ શકે છે. આનું કારણ એ છે કે જેને આપણે હજુ સમજી શક્યા નથી એવા કોઇ વિદ્યુતપ્રવાહો આપણે જે કંઇ અનુભવ્યું તે બધું જ નોંધી લે છે. આમ કરતાં તે મગજના સૂક્ષ્મ પિંડોમાં જાણે ચીલા પાડે છે અને તેથી કોઇ પણ કાર્ય જેટલી વધુ વખત કરવામાં આવે તેટલા પ્રમાણમાં તે ચીલા જાણે વધારે ઊંડા ને વધારે પહોળા બને છે. જેમ્સ કહે છે કે આપણા મગજ ઉપર આપણે જે કેવળ શુભ અસરો જ પડવા દઇએ તો તે એક જાતના અત્યંત લાભદાયી વીમારૂપ છે. "પોતાની આજુબાજુ જ્યારે વાવંટોળ અને તોફાન જાગ્યું હોય ત્યારે ઓછા મનોબળવાળા માનવીઓ એ ઝપાટામાં દૂર ફેંકાઈ જાય છે, પણ જે માણસે રોજબરોજ એકાગ્રપણે ધ્યાનથી કામ કરવાની ટેવ પાડી હોય, શક્તિસંરક્ષક અને શક્તિવર્ધક મનોબળ કેળવ્યું હોય અને આત્મસંયમ કેળવી મન મારવાનું શીખી લીધું હોય તે તો એવે ટાણે એક મજબૂત ઊંચા કિલ્લાની માફક અડગ રહી શકે છે, તમે કાર્ય વાવો ને ટેવ લણશો; ટેવ વાવો ને ચારિત્ર્ય લણશો; ચારિત્ર્ય વાવો ને ઉમદા ભવિષ્ય લણશો."

જેમ્સે લખ્યું છે કે આપણે જ આપણા સારા કે માઠા ભાવિની ગૂંથણી કરી રહ્યા છીએ અને એ ભાવિમાંથી છૂટાય એવું છે જ નહિ. નાનામાં નાનો પ્રત્યેક સદ્‌ગુણ કે દુર્ગુણ પોતાનો ચીલો પાડ્યા વગર રહેતો નથી. દાદરિયો દરેક વખતે પોતાની જાતને આશ્વાસન આપતો રહે છે: "આ છેલ્લું; હવેથી નહિ પીઉં, આ એક વખત માટે માફી". એ ભલે એવી માફી ઇચ્છતો હોય, પણ તે એને મળતી નથી. એની નસોના બારીક તાંતણા અને એના શરીરના સૂક્ષ્મ પિંડો એવા પ્રત્યેક પ્રસંગની ગણતરી ને નોંધ રાખે જ છે. જ્યારે ફરીવાર પ્રલોભનનો પ્રસંગ આવે ત્યારે એ જ વ્યક્તિની વિરુદ્ધ એ નોંધનો ઉપયોગ થાય છે. શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઇએ તો આપણે જે કાંઇ કરીએ તેમાંનું કશું પણ ધોવાઇ જતું નથી.

આની સારી બાજુ છે તેમ નબળી બાજુ પણ છે. અનેક પ્રસંગે માનવી નશો કરતો રહે તો તે છેવટે દાદરિયો બની જાય છે. એ જ પ્રમાણે ભિન્ન ભિન્ન કાર્યો અને તે કરવામાં ગાળેલ સમયને કારણે આપણે કયાં તો સન્ત, કયાં તો પ્રમાણભૂત વિદ્વાન કે પછી કાર્યવિશારદ કસબી બનીએ છીએ.

પડી ગયેલી ટેવને શી રીતે ટાળવી?

જેમ્સે ટેવો દૂર કરવા અંગે આપેલી સલાહ અમલી બનાવતાં હજારો માનવીઓને ફાયદો થયો છે. એ સલાહ એવી છે કે માણસે શક્ય તેટલી મક્કમતાથી ટેવને એકાએક દૂર કરી દેવી, સૌને એની જાણ કરવી અને પછી અપવાદનો અવકાશ જ ન રહેવા દેવો. આ સલાહ કેટલી કિંમતી નીવડે છે તે સ્પષ્ટ કરવા મારો જ દાખલો આપું. થોડાં વર્ષ પહેલાં મને હૃદયરોગ થયો ત્યારે ડૉક્ટરે મને ધૂમ્રપાન છોડી દેવાની આજ્ઞા કરી. કેટલાંક વર્ષોથી હું તો રોજનાં બબ્બે સિગારેટનાં પાકીટો બલાસ કરતો આવેલો. એટલે ડૉક્ટરની આ આજ્ઞા પાળવાની મારી શક્તિની બાબતમાં મને શંકા જાગી. પણ જેમ્સની સલાહની યાદ મારી મદદે આવી. મેં અગાઉથી મારી ટેવ છોડવા માટે દિવસ નક્કી કર્યો અને મારા બધા મિત્રોને તે બાબત જણાવી દીધી. હવે હું જો નિષ્ફળ નીવડું તો તો એ વાત મારે માટે સ્પષ્ટ જાહેર કલંક ને શરમજનક હાર બની જાય. પહેલાં એકાદ બે અઠવાડિયાં બહુ વસમાં ગયાં, પણ મેં મન મક્કમ રાખી સમય સાચવી લીધો ને ત્યાર પછી મેં કદાપિ ધુમ્રપાન કર્યું નથી.

જેઓ ધીમે ધીમે છોડવાની વાતો કરતા તેમને જેમ્સ હસી કાઢતા, "સૌ નિષ્ણાતોનો અભિપ્રાય એક જ છે કે એકાએક જૂની ટેવ દૂર કરી નવી ટેવ પાડવી એજ ઉત્તમ માર્ગ છે–જો એ નવી ટેવ ચાલુ રાખવાની પૂરી શક્યતા હોય તો. કોઇપણ ઇચ્છાને પોષણ જ ન આપીએ તો તે ઇચ્છા પોષણને અભાવે બહુ જલ્દી નાશ પામે છે."

તમારી ટેવોને ફરી ફરી તપાસતા રહો

એક વખત એક રાહ (Pattern) નક્કી થયો કે પછી બધાં જીવંત પ્રાણીઓની પ્રકૃતિ એ છે કે એ જ રાહે ચાલ્યા જવું. આ વાતની જેમ્સને ખબર હતી. આપણે અમુક વસ્તુઓ જૂની ઢબે કરવી ચાલુ રાખીએ તેમાં જે શક્તિ ખરચાય

છે તેના કરતાં વધારે શક્તિની જરૂર નથી ઢબે એ વસ્તુઓ કરવામાં પડે છે. ટેવો આ રીતે આપણને યંત્રતુલ્ય બનાવી દે છે. જેટલાં વધુ કાર્યો આપણે ટેવ પાડી દઇને સ્વયંસંચાલિત કે અંતઃસ્ફૂર્ત બનાવી દઇએ તેટલા વધુ પ્રમાણમાં આપણે અન્ય સર્જનાત્મક કાર્યો કરવા માટે તથા ચૂંચોના ઉકેલ માટે શક્તિનો બચાવ કરી શકીએ અને આપણી ટેવો જેમ જેમ વધુ સરળતા આપણા કામમાં લાવતી જાય તેમ તેમ આપણે વધારે સારી રીતે આપણું કામ કરી શકીએ છીએ. આ કારણને લીધે જેમ્સને લાગ્યું છે કે આપણે અવારનવાર આપણી ચાલુ ટેવોને તપાસતા રહેવું જોઇએ કે જેથી તેમાં ક્યાં ને કેવો ફેરફાર થઇ શકે તેમ છે તે જાણી લઇ આપણે વધુ કાર્યસાધક બનવાનો પ્રયાસ કરી શકીએ.

દરરોજ થોડું કઠિનાઇભર્યું કામ કરો

જો આપણે પ્રયત્ન કરવામાંથી વારંવાર પાછા હઠી જઇએ તો પછી આપણને ખબર પડે તે પહેલાં આપણી પ્રયત્ન કરવાની શક્તિ ચાલી જાય છે. જો આપણે વારંવાર આપણા મનની એકાગ્રતા ખંડિત થવા દઇ, મનને ફાવે ત્યાં ભટકવા દઇએ તો પછી તેને થોડા જ વખતમાં સતત ભટકતા રહેવાની જ ટેવ પડી જાય છે.

આ કારણે આપણે કશુંક ખાસ પ્રયોજન વિનાનું કાર્ય દરરોજ થોડો સમય કરી આપણી પ્રયત્ન કરવાની પ્રવૃત્તિને જીવંત રાખવી જરૂરી છે. ક્ષુદ્ર વિસાત વગરની બાબતોમાં પણ વ્યવસ્થિત રીતે સંયમપૂર્વક કામ કરવાની કડકાઇ અથવા તો બહાદુરી કેળવો. જે વસ્તુ કરવાનો કંટાળો આવતો હોય તે વસ્તુ કશાય પ્રયોજન વગર એક એક બબ્બે દિવસને આંતરે કરવાનું રાખો. આમ કરવાથી જ્યારે અકસ્માત એકાએક એની ખૂબ જ જરૂર ઊભી થાય ત્યારે ઊચાટ કે ગભરાટ થશે નહિ અને આવી પડેલી કટોકટીમાંથી સહેલાઇથી પાર ઉતરી શકાશે.

મનની શુભ કામનાઓ ને આવેગો ગમે તેટલાં અલ્પજીવી હોય છતાં તેમને કાર્યમાં પલટાવવાં જ જોઇએ એવો આગ્રહ જેમ્સે રાખ્યો હતો. "પ્રત્યેક શુભ નિશ્ચય કે સુંદર લાગણીની કોઇ ધન્ય ક્ષણને વ્યવહારમાં કાર્યદ્વારા અવતાર્યા વગર પસાર થઇ જવા દેવામાં આવે તો તેથી થતો ગેરલાભ કોઇ એક ઉત્તમ તક ગુમાવવાના ગેરલાભ કરતાં ઘણો મોટો છે, કેમકે આમ બનતાં એવી મનોદશા કેળવાય છે કે જે ભવિષ્યમાં બીજા શુભ આશયો ને લાગણીઓને કાર્યદ્વારા અભિવ્યક્ત થવા દેવામાં બાધારૂપ બને છે."

થોડીક ચિંતા આપણને ફાયદાકારક છે

થોડાં વર્ષો ઉપર અમેરિકાના પ્રવાસે ગયેલી એક અંગ્રેજ અભિનેત્રી ફ્લેર બ્લૂમને એક મુલાકાતને પ્રસંગે એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જેનો જવાબ હકારમાં આવવાનો જ સંભવ હતો. "આ ન્યૂયૉર્કની દોડધામ અને અહીંનો ધોંધાટ અનુભવતા તમને તમારા લંડનના વધુ શાંતિભર્યા જીવનવ્યવહારની ઝંખના થઇ આવે છે ખરી?" અભિનેત્રીએ જવાબ આપ્યો: "ના, મને તો આ બધું ગમે છે. એથી મને લાભ થયો છે. મને લાગે છે–કે મને એની જરૂર પણ હતી. હું તો માનું છું કે સૌ કોઇને જીવનમાં એની થોડી જરૂર છે જ."

કુમારી બ્લૂમે જે સત્યનું ઉચ્ચારણ કર્યું તે સત્ય હમણાં હમણાં વધુ ને વધુ પ્રમાણમાં સ્વીકારાતું જણાય છે, જો કે જેમ્સે તો ઘણાં વર્ષો પહેલાં એ બાબત સ્પષ્ટ કરી જ હતી. થોડીક ચિંતા માણસને લાભદાયી છે. સામાન્ય સંજોગોમાં નિષ્ક્રિયને નિરૂપયોગી બની રહેતા મગજના કેટલાક સૂક્ષ્મ પિંડોને તે ઉપયોગમાં આણે છે. એવી ચિંતાને લીધે કાર્ય કરવામાં એકાગ્રતા આવે છે ને કાર્ય વધુ સારી રીતે થાય છે. વળી મગજને જ્ઞાનતંતુઓ દ્વારા પહોંચાડાતા સંદેશાઓ મોટા વિસ્તારમાં પહોંચવાને પરિણામે નવી વસ્તુ શીખી લેવાનું કામ સરળ બને છે.

જો કે મનની થોડી તંગ સ્થિતિના વિચારે જેમ્સ ભડકયા નથી, છતાં આવી તંગ સ્થિતિ માણસને હરાવી નાખે એવી ચિન્તામાં પરિણમે એ સ્થિતિને તેમણે ઇષ્ટ ગણી નથી.

મારા એક મિત્ર સાંજે પ્રગટ થતાં એક વર્તમાનપત્રના અધિપતિ હતા. રોજ ને રોજ એમણે પોતાના પત્રની નવી નવી આવૃત્તિઓ પ્રગટ કર્યે જ જવાની. એટલે એમને ઘણીવાર મનની અતિ તંગ દશા અનુભવવી પડતી ને બહુ ચિંતાતુર રહેતા. એ કારણે એમનું મન નબળું પડી ગયું ને રાત્રે ઊંઘ આવતી બંધ થઇ. એઓ ગયા એક માનસશાસ્ત્રીય તપાસ આદરનાર નિષ્ણાત ડૉકટર પાસે. એ ડૉકટરે એમને આપેલી સલાહ જેમ્સની સલાહ જેવી જ છે.

ડૉકટરે અધિપતિને પૂછ્યું, "તમે કદી બાજીગરને ખેલ કરતો ધ્યાનથી જોયો છે? એ એકી વખતે અડધો ડઝન જેટલી ચીજો હવામાં ઉછાળે છે ને તે ક્ષણે ક્ષણે ઝીલવા માટે એણે મગજને તૈયાર રાખવું પડે છે. તમારા કામ કરતાં એનું કામ ઘણું કપરું છે. કેમકે એને તો એક સેકંડના પણ વિભાગોને હિસાબે પોતાના કાર્યને કરી બતાવવાનું હોય છે. એથી એ પોતાના કાર્ય અંગે પૂરતો સજાગ રહે છે. લેશમાત્ર ઉશ્કેરાટ કે ડર અનુભવ્યા વગર એ મગજને શાંત ને સ્વસ્થ રાખી કામ કર્યે જાય છે. આ બાજીગર તમને કહી શકશે કે જો ચિંતાથી એનું મગજ સહેજ પણ તંગ બને તો એનો આખો ખેલ બગડી જાય. એ જ રીતે તમારે પણ તમારા વર્તમાનપત્રની એક પછી એક આવૃત્તિઓના પ્રાકટયનો ખેલ શાંતિથી, સ્વસ્થતાથી, નિર્ભીકપણે ચાલુ રાખવાનું શીખી લેવાનું છે."

બાળકો માટે શિસ્ત જરૂરી છે

જેમ્સે જે જે વિચારો પ્રદર્શિત કર્યા તેમાં આજે સૌથી વધારે મૂલ્યવાન ગણી શકાય એવો વિચાર તો બાળકેળવણી અંગે તેમણે જે કહ્યું છે તે છે. સીગમંડ ફ્રોઇડનું નામ સાચી કે ખોટી રીતે જેની સાથે સંકળાયેલું છે તે વિચાર એ છે કે બાળક પાસે જો બહુ કડકાઇથી શિસ્તપાલન કરાવવામાં આવે તો એના બાળમાનસને ધક્કો પહોંચે છે. ઘણી માતાઓ આ હકીકત ધ્યાનમાં લઇ બાળકોને શિસ્તમાંથી મુક્તિ આપી તેમને ઠીક લાગે તેમ વર્તવા દે છે. જેમ્સ આ પદ્ધતિ સાથે સંમત થતા નથી.

આપણા બધાં કાર્યોની આપણા મન ઉપર કાયમી અસર પડે છે અને આપણી ટેવો આપણા વ્યકિતત્વનો જ એક ભાગ બની બેસે છે એવી એની માન્યતાને કારણે, જેમ્સને લાગ્યું કે શિસ્તપ્રધાન કેળવણી જ બાળકોને માટે આવશ્યક છે. એ કહે છે કે ધર્મગ્રંથોમાં જેના વર્ણનો આવે છે તે નરકનો પરલોકમાં અનુભવ કરવો પડે, તેના કરતાં વધુ દુઃખદ અનુભવ તો ખોટી રીતે આપણને આપણું ચારિત્ર્યઘડતર કરવાની પડી ગયેલી ટેવને કારણે જે નરક આપણે આ જગતમાં જ આપણે માટે ઊભું કરીએ છીએ તેમાં થાય છે. હજી વાળ્યાં વળી શકે તેમ હોય તે સ્થિતિમાં જો બાળકોને આપણે સમજાવીએ કે તેઓને પડેલી ટેવ જ થોડા સમયમાં તેમના ભાવિ જીવનનું નિર્માણ કરશે, તો તેઓ પોતાના આચરણની બાબતમાં આપણે આપેલી સલાહને અવગણવાને બદલે જરૂર તેના ઉપર પૂરતું ધ્યાન આપશે.

જ્ઞાનપ્રાપ્તિનું કાર્ય હંમેશ આનંદપ્રદ જ હોય એવું બનતું નથી.

કેટલાક આધુનિક શિક્ષણશાસ્ત્રીઓનો મત એવો છે કે વિદ્યાર્થી પોતાની જાતે જ જ્યારે ભણવામાં રસ લેતો થાય ત્યારે જ એની કેળવણી સૌથી વધારે સફળ બને છે, કેમકે પોતાનું કુતૂહલ સંતોષવાની સાથે જ તે અભ્યાસનો વિષય શીખી લે છે. આ વિચાર સાથે જેમ્સ પૂરા સહમત નથી.

જેમ્સે કહ્યું છે કે કેળવણીની બાબતમાં પ્રત્યેક ડગલે બાળકને રસ જ પડવો જોઇએ એમ માનવું એ બેવકૂફી છે. માણસની લડાયક વૃત્તિની પણ ઘણીવાર મદદ લેવી પડે છે. વિદ્યાર્થીને આંક ને પલ્લાખાં ન આવડે તો તે માટે તેને શરમ લાગે એવું કરવું જોઇએ; ઉપરથી નીચે પડતી ચીજની ગતિનો નિયમ ન આવડે એને નીચું જોઇ જવું પડે એવું કરવું જોઇએ. વિદ્યાર્થીની લડાયક વૃત્તિને તથા એના સ્વાભિમાનને ઉત્તેજિત કરવાની જરૂર આવે પ્રસંગે રહે છે. એ વૃત્તિ ઉત્તેજિત થતાં અને પોતાની ક્ષતિઓ માટે વિદ્યાર્થીને પોતાની જાત પ્રત્યે એક જાતનો આંતરિક ગુસ્સો પેદા થતાં, તે મુશ્કેલીઓનો સામનો કરવા તે સજ્જ થઇ જશે. નૈતિક દૃષ્ટિએ આમ થાય એ ઉત્તમ વાત છે. આવી રીતે વિદ્યાર્થીએ સામનો કરીને અભ્યાસમાં મેળવેલી સફળતા એના ચારિત્ર્યની બાબતમાં પણ સુંદર પલટો આણી શકે છે.

વ્યવહારબુદ્ધિ અંગેની વિચારણા

ફિલસૂફ તરીકે જેમ્સ આપણને એમના વ્યવહારબુદ્ધિના સિદ્ધાન્ત (Pragmatism) માટે યાદ રહેશે. સંક્ષેપમાં આ સિધ્ધાન્ત નીચે મુજબ રજૂ કરી શકાય:

સંપૂર્ણ સત્ય એકી વખતે એક સાથે લાધતું નથી. જો કોઇ અંતિમ સત્ય અસ્તિત્વમાં હોય તો તે આપણી ગ્રહણશક્તિથી પર હોઇ, આપણે એને માટે ઉહાપોહ કરી સચિન્ત બનવાની જરૂર નથી. સત્યની કસોટી એ જ છે કે એ કાર્યસાધક બને છે અને વિકાસને માર્ગે માનવીને આગળ વધારે છે. કાર્યરત અને ઉદ્યમશીલ વ્યક્તિનો આ સિદ્ધાંત છે. એ સિદ્ધાંત અનુસાર બધા જ સંજોગો સાનુકૂળ થાય ત્યાં સુધી હાથ જોડી બેસી રહેવાની જરૂર નથી. કાર્યસિદ્ધિ માટે બધા જ સંજોગો સાનુકૂળ જ થવાનો સંભવ ઘણો જ ઓછો હોય છે. અત્યારે વખત ગુમાવ્યા વગર તત્કાળ કાર્ય પાછળ મંડી પડો અને કસોટીના પ્રસંગો આવે તે પાર કરતાં તથા ભૂલો કરી તે સુધારતાં સુધારતાં તમે સાચો માર્ગ લીધો છે કે કેમ તે જાતે જ શોધી કાઢો.

કોઇ પણ ધંધાને માટે લાંબા સમયની અને વિપુલ કેળવણી આવશ્યક છે જ એવો સિદ્ધાંત જેમ્સે કદી સ્વીકાર્યો નથી. અમુક પ્રમાણમાં માણસ તૈયાર થાય કે પછી સીધે સીધું ઝંપલાવવામાં અને આગળ વધતાં વધતાં શીખવાનું કામ ચાલુ રાખવામાં જેમ્સ માને છે. જેમ્સ જાતે વિશ્વવિખ્યાત માનસશાસ્ત્રી તથા ફિલસૂફ હતા, છતાં એમણે જાતે આ બેમાંથી એક પણ વિષયનું રીતસરનું શિક્ષણ લીધું નહોતું. એમણે જ એક વખતે કહેલું: "હું ફિલસૂફી કોઇ પાસે કદી શીખ્યો નથી અને માનસશાસ્ત્રના વિષય ઉપર જે પહેલવહેલું પ્રવચન મેં સાંભળ્યું તે એ વિષય ઉપર મેં જાતે જ આપેલું વ્યાખ્યાન હતું."

તમારા વ્યક્તિતત્વના સંદેશોને વ્યકત કરે એવું જ જીવન જીવો

જેમ્સ પોતે જેમ કરતા તેમ બીજા સૌ કોઇ પોતાના વ્યક્તિતત્વના પ્રશસ્ય અંશોને પ્રગટ કરનારું જીવન જીવવાનો જ પ્રયાસ કરે એવી આશા સેવતા: એ જાતની એમણે ટેવ જ પાડી દીધી હતી. એઓ કહેતા કે જો આપણે આપણી આસપાસના માણસોના સદ્‌ગુણ જોઇને તેમાં જ શ્રદ્ધા રાખીએ તો જે સદ્‌ગુણોમાં આપણે શ્રધ્ધા સેવી છે તે જ સદ્‌ગુણો આપણે પેદા કરી શકીશું.

આ સિદ્ધાંતની ઘણી વખત ચમત્કારી અસર થતી. જેમ્સ પોતાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓમાં અમુક અમુક સદ્‌ગુણો જોઇ તેમનાં જીવનનાં સારા પાસાંને જ ધ્યાનમાં લેતા અને જેમ્સનો પોતાને માટેનો સારો અભિપ્રાય કાયમ જ રહે એ રીતે જીવન જીવવાની તેઓ બધા કોશીષ કરતા.

આગળના જમાના કરતાં આજના જમાનાને જેમ્સના આવા વિચારોની જરૂર ઘણી વધારે છે.

જેમ્સના ઉપદેશોનો મુખ્ય સાર એ છે કે માનવી સંજોગોનો સ્વામી બની શકે છે; એ વંશપરંપરા કે વાતાવરણે પેદા કરેલો ગુલામ બનવા સર્જાયો નથી. હિંમત અને દૃઢતાપૂર્વક પોતાની જાતને યોગ્ય રીતે કેળવી માણસ માત્ર પોતાની કાર્યશક્તિમાં જ વધારો કરે છે, એટલું જ નથી, પણ તેવી કેળવણી દ્વારા પોતાના સમગ્ર વ્યક્તિતત્વમાં ને ચારિત્ર્યમાં આશ્ચર્યજનક પલટો પણ લાવી શકે છે.

સમાપ્ત

મૂળ અંગ્રેજી: પ્રુસ બ્લેવિન
અનુવાદક: ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સંઘના કાર્યાલયમાં (૪૫,–૪૭, ધનજી સ્ટ્રીટ) ચાલુ માર્ચ માસની ૨૪મી તારીખ શુક્રવાર સાંજના ૫–૩૦ વાગ્યે મળશે, જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે:–

(ક) ગત વર્ષનો વૃત્તાંત તથા ઓડિટ થયેલા હિસાબ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

(ખ) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

(ગ) સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવશે:–

(૧) પ્રમુખ, (૨) ઉપપ્રમુખ, (૩) બે મંત્રીઓ, (૪) કોષાધ્યક્ષ, (૫) કાર્યવાહક સમિતિ માટે પંદર સભ્યો.

(ઘ) હિસાબનિરીક્ષકની નિમણુક કરવામાં આવશે. આ પ્રસંગે સંઘના સભ્યોને વખતસર ઉપસ્થિત થવા વિનંતી છે.

મંત્રીઓ, મુંબઇ જૈનયુવક સંઘ

તા. ક. સંઘના તેમ જ સંઘહસ્તક ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના હિસાબના ચોપડા તા. ૧૭–૩–૬૧ થી ૨૪–૩–૬૧ સુધી (રવિવાર સિવાય) સંઘના કાર્યાલયમાં સભ્યોના નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવશે.

વિશેષ વિનંતી કે ચાલુ સાલનું આપનું સંઘના સભ્ય તરીકેનું લવાજમ આપે હજુ સુધીમાં ભર્યું ન હોય તો મોકલી આપશો અથવા વાર્ષિક સભાના સમયે સાથે લેતા આવશો.

કવિશ્રી રાજેન્દ્ર શાહની ચિન્તનમાધુરી

(શ્રી રાજેન્દ્ર શાહ ગુજરાતી ભાષાના પ્રથમ પંક્તિના એક કવિ છે. તેમના કવન–ચિન્તન પાછળ ધાર્મિકતાની–આધ્યાત્મિકતાની–એક નક્કર ભૂમિકા રહેલી છે. પ્રસન્ન, શીલસંપન્ન તેમનું વ્યક્તિત્વ છે. આવી વિશિષ્ટ પ્રતિભા ધરાવતા કવિના ચિન્તનપ્રદેશનો બહેન ગીતા પરીખે નીચે આપેલ લેખમાં પરિચય કરાવ્યો છે. કવિત્વ બન્ને વચ્ચેનો સમાન ગુણ છે. વળી ભાઇ રાજેન્દ્ર શાહ સાથે બહેન ગીતાને કેટલાંક વર્ષથી નિકટ પરિચય રહ્યો છે. કાવ્યના પ્રદેશમાં બહેન ગીતાને ભાઇ રાજેન્દ્ર તરફથી સારા પ્રમાણમાં પ્રેરણા તેમ જ માર્ગદર્શન મળેલ છે. આ રીતે બહેન ગીતા ભાઇ રાજેન્દ્ર શાહના આધ્યાત્મિક ચિન્તનવિહારનો પરિચય કરાવવા માટે જરૂરી યોગ્યતા ધરાવે છે. આ લેખ અમદાવાદ ખાતે નીકળતા વાર્ષિક 'અંગના'ના ગત વર્ષના અંકમાંથી સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવ્યો છે.—**તંત્રી**)

'કવિતા લખવી એ મારે માટે સ્વાભાવિક ક્રિયા છે. હું એ શા માટે લખું છું, એવા પ્રશ્નનો કોઇ અર્થ નથી. જેમ ખાવું એ શરીરની પ્રાકૃતિક ક્રિયા છે, તેમ જ.....હું કવિતા લખું છું મારા આનંદ માટે'.

કવિ શ્રી રાજેન્દ્ર શાહને આકાશવાણીની મુલાકાતમાં કોઇએ પૂછ્યું કે 'તમે શા માટે કવિતા લખો છો?'–એના જવાબમાં ઉપરની વાતચીત ચાલતી હતી. કાવ્યરચના સમયની પોતાની મનઃસ્થિતિ સમજાવતાં એમણે વધુ સ્પષ્ટતા કરી.

"પ્રત્યેક વ્યક્તિમાં 'હું વ્યકત થાઉં', 'હું વ્યકત થાઉં' એવી સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ વાસના હોય છે. દરેકમાં એ જુદી જુદી રીતે આવિર્ભાવ પામે છે, વ્યકત થાય છે. કવિતા દ્વારા હું મને વ્યકત કરું છું અને તેમ કરીને આનંદને જ અનુભવું છું."

અંતરમાંથી સહજ રીતે ઉદ્‌ભવ પામીને મુકતપણે વહેતી કાવ્યસરવાણીમાં જે અકૃત્રિમ આનંદ અનુભવાય છે તે અદ્‌ભુત હોય છે. યશપ્રાપ્તિ કે ધનપ્રાપ્તિ જેવી ક્ષુદ્ર આકાંક્ષા સાચા કવિને વિકસવા દેતી નથી. એ તો લખે છે, કારણ કે એનાથી લખ્યા વગર રહેવાતું નથી. અભિવ્યકિતનો નિર્ભેળ આનંદ જ એનું આકર્ષણ હોય છે.

શ્રી રાજેન્દ્ર શાહની કવિપ્રતિભામાં આપણને આ અનાસકિતનો સારો અનુભવ થાય છે. એમની 'અનુભૂતિના ચિંતનમાંથી જન્મેલી કવિતા' તેમ જ 'સ્વયં વિદ્યુતના ચમકારાની જેમ જ આંખને આંજી દેતી સન્મુખ આવી જતી કવિતા' (ઉપરના વાર્તાલાપ દરમ્યાન એમના શબ્દો)–એમના ઉદ્‌ભવમાં એક પ્રકારની નિર્મોહિતા લાગે છે. એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ'ના પ્રથમ કાવ્યમાં જ આ ધ્વનિ ગુંજતો સંભળાય છે.

' નિરુદ્દેશે
સંસારે મુજ મુગ્ધ ભ્રમણ
પાંશુ–મલિન વેશે.....'

કવિનો સ્વભાવ આ કાવ્યના ઉપાડ સાથે જ સુંદર અભિવ્યકિત સાધે છે. એમનું સંસારભ્રમણ મુગ્ધ છતાં અનાસકત છે. એમનું મન જગત જોઇને આનંદ પામે છે ને એ ગાય છે–

'નેણ તો ઘેલાં થાય નિહાળી
નિખિલના સહુ રંગ.'

પણ એ જોઇને એમને કોઇ પ્રાપ્તિની વાસના કે વાડાબંધીનો આગ્રહ નથી જાગતો. એમને તો

'મન મારું લઇ જાય ત્યાં જાવું
પ્રેમને સન્નિવેશે.'

—જીવન અને જગત સર્વના સંચાલનમાં પ્રેમતત્ત્વ કેટલું મહત્ત્વનું છે એ કવિ આ એક જ પંકિતમાં કેવું સમજાવે છે? પ્રેમ હોય તો પ્રસન્નતા હોય, ને એ પ્રસન્નતા જ પરમાનંદ આપે ત્યારે કવિ ગાઇ ઉઠે—

'એક આનંદના સાગરને જલ
જાય સરી મુજ ભેડી.'

શ્રી રાજેન્દ્ર શાહના ચિંતનના અર્ક સમું આ કાવ્ય એમનો પરિચય આપવા સમર્થ છે, અને એ પરિચયને અંતે કવિ સૂત્રાત્મક ઉકિત કરે છે :

'હું જ રહું વિલસી સહુ સંગ ને
હું જ રહું અવશેષે.' (નિરુદ્દેશે)

આ મહત્ત્વની પંકિતનું રસદર્શન કરાવતાં શ્રી નિરંજન ભગત લખે છે : 'કાવ્ય એટલે વ્યક્તિત્વના વિલોપન દ્વારા વ્યક્તિત્વનો વિકાસ. કવિ એની જાતને જગતમાં ખોઇ દે છે. એટલે એ સહુ સંગ વિલસી રહે છે...કાવ્ય એટલે આત્મવિલોપન અને આત્મસાક્ષાત્કાર.'

આ સાથે ઇશાવાસ્યોપનિષદનું સૂત્ર "पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते।" યાદ આવ્યા વગર રહેતું નથી. કવિએ એને આત્મસાત્ કરીને કેવી સહજ રીતે વ્યક્ત કર્યું છે?

કવિનું મન ગીતા અને ઉપનિષદનાં દૂધ પીને ઊછર્યું હોય તેવું એમનું ચિંતન પ્રગાઢ છે. ગુરુ તરીકે શ્રી ઉપેન્દ્ર તથા શ્રી ત્રિલોકચંદ્ર સૂરિ જેવા શ્રેયઃસાધકોને સ્વીકારનારના મનમાં અધ્યાત્મના સંસ્કાર ઘોળાયા હોય જ ને? અભ્યાસમાં પણ એ તત્ત્વજ્ઞાન વિષય લઇને સ્નાતક થયા છે. એટલે રાજેન્દ્ર શાહના જીવનના મૂળમાં જ તત્ત્વજ્ઞાનનાં નીર સીંચાયાં છે. એમની જીવનદૃષ્ટિમાં અધ્યાત્મનું સ્વાભાવિક ઊંડાણ છે. આ ઊંડાણ એમના રોજિંદા જીવનમાં પ્રસન્નતાનો પરિમલ છાનું છાનું મહેકાવ્યા કરે છે. મારે એમની સાથે કાવ્યગુરુને નાતે સંબંધ. આ સંબંધ દ્વારા મને એમની નિરહંકારિતા, મંગલમયતા ને વિનમ્રતાનો સદાય અનુભવ થયા કર્યો છે.

એમનું આ જીવનદર્શન એમના કાવ્યમાં વ્યકત ન થાય એ કેમ બને? કોઇ પણ સહૃદય કવિનાં સાચાં કાવ્યો એટલે એની જીવનદૃષ્ટિની આરસી. રાજેન્દ્ર શાહનાં કાવ્યો જરા પણ આડંબર વગર એમના ઉરની ઊર્મિઓ અને ચિત્તના ચિંતનનું પ્રતિબિંબ લઇને આવે છે.

એમનાં ઊર્મિકાવ્યોમાં મુગ્ધ પ્રણયનું રસમય ગાન છે. શ્રી ઉમાશંકર જોશીની આ ઉકિત એને સુંદર ન્યાય આપે છે :

'રાજેન્દ્રનાં પ્રણયકાવ્યોમાં પ્રણયની વિષમતા, વિષમયતા, વૈકલ્ય, વૈફલ્ય, એ કશાના સૂરો નથી. છે પ્રણયની મુગ્ધ ચારુતા, સહજીવનની રસભરતા, આત્મસંતર્પક સાયુજ્યસિદ્ધિનું આલેખન. સર્વત્ર પ્રેમકાવ્યોમાં શુચિતાની મુદ્રા છે. પ્રેમ એ જીવનના પરમ વિકાસમાં ઉપકારક તત્ત્વ છે એવી કવિની કોઇક અસ્પષ્ટ ગૂઢ શ્રદ્ધા એમાં કારણભૂત હોય'.

આમ રાજેન્દ્ર શાહને પ્રણયનું પણ તાત્ત્વિક દર્શન છે. પ્રેમને સ્થૂળ નહિ પણ સૂક્ષ્મ રીતે આલેખતાં કવિ "तेन त्यक्तेन भुञ्जीथाः"નો મંત્ર કેવો ગાઇ લે છે:

"લેવાને જાય ત્યાં જીવન
આખુંય તે હલવાય!
દેવાને જાય, છલોછલ
ભરિયું શું છલકાય!

એવી એ
આપ-લેને અવસરિયે પાગલ
કોણ રે' કહે પાછી?
આપણ એકબીજાના સંગમાં રાજી રાજી"
('સંગમાં રાજી રાજી')

આવા સહજીવનનું માધુર્ય કવિને કેવી તૃષ્ણાહીન પરિતૃપ્તિનું ગાન કરાવે છે!-

"નાની, પ્રિયે! કુટિર આપણી તોય એમાં
આનંદ શો અમિત ગુંજરતો સદાય!
પ્રાપ્તવ્ય કર્મ મહીં આપણ લીન જેનાં
આસ્વાદતાં ફલ કંઈ, રુચિ જેટલાં જ.
ઝાઝેરું તે જગતમાં દઈએ બિછાવી
ને આપણું વહનભારથી મુક્ત ભાવિ."
('આનંદ શો અમિત')

ગીતાનું નિષ્કામ કર્મ અને અપરિગ્રહનું તત્ત્વજ્ઞાન કેવી સરળ ઉક્તિ પામ્યું છે! પ્રિયા સાથેના આનંદમય સહજીવનમાં પણ રુચિથી વધારે કંઈ જ પામવાનો કે સંગ્રહિત કરવાનો લોભ નથી. પોતાની પાસે વધેલું બધું જગતને અર્પી દઈને એ તો પરિગ્રહમુક્ત જીવન જ ગાળવા ઇચ્છે છે. સાચું તત્ત્વજ્ઞાન માનવવૃત્તિને સહજ એવા સંસારીજીવન અને માનવ-અભીપ્સાને પ્રેરક એવા સંતજીવનના સુરીલ સમન્વયમાં છે. શ્રી રાજેન્દ્ર શાહની કવિતામાં એ સુંદર અભિવ્યક્તિ પામે છે.

વ્યક્તિમાંથી સમષ્ટિમાં વ્યાપી રહેતો આ પ્રેમ એના ક્ષેત્રમાં પશુપ્રાણીનો પણ સમાવેશ કરે છે. જુઓ ને, સાંજને ટાણે ઘર ભણી જતું આ ખેડુદંપતી એનાં બળદો પ્રત્યેનું ઋણ પણ ચૂકવ્યા વિના રહે છે?-

'ત્યાં આપણે ઘર ભણી વળિયે ઉભગે
વાજી રહી ઘૂઘરમાં પશુ કેરી મૈત્રી.
જો એમણે ધરી ધુરા, પ્રિય! આપણી તો
તે એમનો શિર પરે તૃણભાર લીધો.'
('આનંદ શો અમિત!')

કવિનું 'સહજીવન' માત્ર બે વ્યક્તિનું સહજીવન નથી, પણ સચરાચરમાં પ્રેમ રેલી દેતું વિશ્વનું 'સહ-જીવન' છે. એવા સહજીવનના સાથીને 'ચલો પ્રિય'નું આવાહન કરીને કવિ કેવી પ્રણયયાત્રા કરાવે છે?-

'ચલો પ્રિય, પદેપદે પથ છે અનંત
આ વિશ્વલીલાનો સહુ વૈભવ આનંદ
ઝાકળ વસન જેમ ધરી નિરુદ્દેશે
સર્વકાળનાં આપણ, ચલો સર્વદેશે.'
('ચલો પ્રિય')

ઝાકળનાં ટીપાં જેમ આ દુનિયાનો બધો ભૌતિક આનંદ ઘડીકમાં ખેરવી દઈને કવિ એના પ્રિય પાત્રના દેશકાળથી પર એવા 'તેજને પ્રાંગણ' લઈ જવા ઇચ્છે છે.

આવા તેજને પ્રાંગણ જનાર દુનિયાનું પણ કેવું એકત્વભર્યું દર્શન કરે છે! બાહ્ય દૃષ્ટિએ વિસંવાદી લાગતાં તત્ત્વો પણ અંદરથી તો સંવાદિતાને એકસૂત્રે જ પરોવાયેલાં છે એ જોઈને કવિ કેમ મૌન રાખે? એ તો કહે જ છે-

'ન્યારાં છે પાત્ર તોયે વિનિમય લહું શો આત્મની ચેતનાનો!
વિશ્વે સર્વત્ર સૌમાં અદીઠ, વહી રહ્યો તંતુ શો એકતાનો!'
('તંતુ શો એકતાનો')

'આમ રે નિરાળાં ને આમ વળી આપણે જ
રહીએ રે એકમેક ભેળાં,
પોતાની જાતની ન ઓછી રે પ્રીત તો ય
બીજાના સંગ મહીં ઘેલાં!'
('થુવેરની વાડ')

આવા કવિને 'વિજન અરણ્યે' પણ પોતે એકાકી છે એવું તો કેમ જ લાગે? એ તો કેવી આંતર પ્રતીતિ સાથે એમાં કહે છે-

'એકાકી હું અહીં? નહિ.
એકાકી તો :પણે, સૌની
મધ્યમાં વસવાં તો યે હૈયાનો મેળ ના જ્યહીં.
મને તો કિંતુ લાધ્યો છે રૂડો સાથ અતીતનો
જ્ઞાનયોગી અતીતનો.'
('વિજન અરણ્યે')

કવિ લાકડાના વ્યવસાયને લીધે જંગલોમાં સારું ઘૂમ્યા છે. આ શુષ્ક વ્યવસાયમાં સિંહની ત્રાડ ને સરકતા સર્પ વગેરે જંગલનું ભયાનક સ્વરૂપ દેખાડ્યા વગર કેમ રહે? પણ કવિને તો એ પણ પંખીનાં ગાન ને કોમળ હરણાં જેવા જ પ્રિય લાગે છે.

'આવનારાને કાજે ધારી ભયાવહ
કાળનું રૂપ જે ડારે, તેવું ય ઘોર કાનન
મને તો દાખવે સદા અન્યો સાકાર સુંદર'

આ રૌદ્રરમ્ય પ્રકૃતિમાં પણ સૌન્દર્યદર્શન કરનાર એને કેવી કાવ્યમય પ્રાસાદિકતાથી વર્ણવે છે!—

'ડાળીએ ડાળીએ ઊડે પંખીના છંદનો રવ,
રેખાળી ગતિમાં કેવું સરે સૌન્દર્ય સર્પનું!'

-પાંચેય ઇન્દ્રિયોને સ્પર્શે એવા સૌન્દર્યદર્શનથી કવિ મુગ્ધભાવે ગાઈ ઊઠે છે—

'અહો કેવું અનાયાસ
પંચ તત્ત્વો તણું મીઠું પામ્યો છું સાહચર્ય આ!
એકાકી હું? નહિ નહિ,
સર્વના સંગનો આંહીં નિધિ છે રમણે ચડ્યો,
ને તેમાં ખૂટતું કૈં તો,
હૈયાના પ્રેમની ગાજી રે' છે આનંદ-ઘોષણા.'
('વિજન અરણ્યે')

'એકાન્તિક દિન'માં પણ કવિ 'પિંજરમાંથી વિમોચન પામીને સકલ વિશ્વમાં વહેતી અબાધિત પ્રીતિ' ગાય છે.

આવું સૌન્દર્યદર્શન કરનાર કવિ શિવતત્ત્વને કેમ ભૂલે? ગુજરાતી સાહિત્યના વિરલ વર્ણનકાવ્ય સમા 'શ્રાવણી મધ્યાહ્ન'માં કવિ ગામડાગામના

'મધ્યાહ્નની અલસવેળ હતી પ્રશાન્ત,
ધીરે ધીરે લસતી ગોકળગાય જેમ'

(કેવી અદ્‌ભુત ઉપમા!)—આવા પ્રમાદભર્યા મધ્યાહ્નને પણ શિવમંદિરમાં શું પામે છે?

'કૈલાસના પુનિત દર્શન---ધન્ય પર્વ:
ના સ્વપ્ન, જાગ્રતિ, તુરીય ન, તોય સર્વ'
('શ્રાવણી મધ્યાહ્ને')

શ્રી રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં બીજી એક વિશેષતા છે : એમનો અંધકાર પ્રત્યેનો અનુરાગ. એ કહે છે કે 'અંધકારમાંથી હું કંઈક પામતો હોઉં એવું મને ઘણી વાર લાગે છે.'

'હે અંધકાર'માં અંધારની 'શાંત આનંદની સૌમ્ય મૂર્તિ'ને કહે છે-

'તેં પક્ષ્મની ભીતરના પ્રદેશમાં
સુગોપ્ય મારું મૂલ રૂપ જે રહ્યું
તેનું ય તેં દર્શન છે મને દીધું.'
('પક્ષ્મ-પોપચાં')

અને 'રહસ્યધન અંધકાર'માં અજવાળાંના સૌન્દર્ય કરતાં-અંધારાના રહસ્યને-આંજી દેતાં સુખો કરતાં મનનના ઊંડાણમાં લઈ જતાં દુઃખોને-વધુ બિરદાવતાં કહે છે:

'દીવાતેજે નયન બનિયાં અંધ તે અંધકારે
ન્યાળે છે કો નિરાળું અમિત કરુણાથી ભરેલું રહસ્ય.'

માનવીની અનેક શક્તિઓ અને પ્રાપ્તિઓ પણ આ રહસ્યજ્ઞાન વગર શા કામની?-આ પ્રશ્ન કવિ કેવી હૃદયસ્પર્શી રીતે મૂકે છે?

'કને સકલ માહરી, નિવસતો જઈ સૌ કને;
રહસ્ય વિણ એકલો કવચિત ઝૂરતો તો ય રે!'
('કને નવ શું માહરી?')

રહસ્યપ્રાપ્તિની આ અભિપ્સા અનેક સાધકોને યુગના યુગોથી આકર્ષતી આવી છે. આપણા આ કવિ પણ એનાથી કેમ દૂર રહે? એમને પણ થાય છે કે:

'ભાંગેલ ઘટમાં આજ લગી રહ્યો
કેમ :કરી :જનમારો?
જૂઠા કસબનો ઝળકતો છોડી
સાથ અને સથવારો
દૂરને મુલક અદીઠને બલ
ઉર ખેંચાય રે છાનું:
-દૂરથી આવે કોઈનું ગાણું.'
('દૂરથી આવે કોઈનું ગાણું.')

આ અદીઠને ઓળખવાની તીવ્રતા કવિએ કૃષ્ણરાધાનાં વિરહગીતો તેમ જ પરમાત્મ-પ્રાપ્તિનાં ઝંખનાગીતોમાં સિદ્ધહસ્તે આલેખી છે. એ તલસાટ 'ઓલે તીરે તું ગાય રાગણી'માં કેવું સંવેદન જગાવે છે?

'આ રે મેલી છે મારી કાયાને બ્હેણમાં
બૂડશે કે બનશે ભવ-તારિણી?
ઓલે તીરે તું ગાય રાગિણી.'

'પ્રભુ મૈં પ્રેમ કિયો નવ જાનું' અને 'અજહૂં ન આયો સંજોગ'માં પણ આ જ ભાવ જુદી રીતે ગવાયો છે.

આ પરમાત્મા એ આત્માથી કોઈ ભિન્ન તત્વ નથી. આત્માને જાણ્યા વગર પરમાત્માને કેમ જણાય? આસપાસના જગતમાં તણાયા કરતું મન પોતાને જ ન ઓળખે ત્યારે કવિને કેવી મુંઝવણ થાય છે, એ જુઓ 'હું મુજથી અજાણ'માં:

'ઊંચે ઝરૂખેથી ગામ લહ્યું, ઘર ભૂલી;
આંખમાં આંજી લોકમેળા તણી ધૂલિ.
આજ મારાં કલગીતને કારણ
આકુલ રે મુજ કાન
-હું મુજથી અણજાણ.'

એટલે જ તો એમનો આર્ત આત્મા પોકારી ઊઠે છે—કેવું હૃદયસ્પર્શી છે એ સંવેદન!-

'દિયો મને એકલતા ક્ષણભર,
ઘડી ચહું નિજ થકી નિજ સંગ,
દિયો મુજને ડરવા મુજ ઘર.
ધરું એક વેળ હૈયા મહીં ધ્યાન
શીરે મારા અંતરની છે ખબર!'
('દિયો મને એકલતા ક્ષણભર')

અપૂર્ણ

ગીતા પરીખ

ડૉ. રમણલાલ શાહનું સંઘે કરેલું બહુમાન

તા. ૬-૩-૬૧ના રોજ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી કાર્યવાહક સમિતિના એક સભ્ય અધ્યાપક શ્રી રમણલાલ ચીમનલાલ શાહને મુંબઇ યુનિવર્સિટી તરફથી પી. એચ. ડી.ની ડીગ્રી અર્પણ કરવામાં આવી તે બદલ તેમનું હાર્દિક અભિનંદન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાને શ્રી ચંદુલાલ વકીલ બીરાજ્યા હતા. સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઇએ શ્રી રમણભાઇની આજ સુધીની ઉજ્જવળ કારકીર્દીની વિગતો રજૂ કરી હતી અને કેટલા કહ્યણ સંયોગો વચ્ચે પીએચ. ડી.નો નિબંધ તેમણે તૈયાર કર્યો હતો તેનો તેમ જ તેમની આજ સુધીની વિવિધ સાહિત્ય-સેવાઓનો ખ્યાલ આપ્યો હતો. બહેન કંચને શ્રી રમણભાઇનું સવિશેષ અભિનંદન કર્યું હતું, અને પ્રમુખસ્થાનેથી શ્રી ચંદુલાલ વકીલે શ્રી રમણભાઇને યોગ્ય શબ્દોમાં અંજલિ આપતાં શ્રી રમણભાઇના વિશિષ્ટ ગુણોનો પરિચય કરાવ્યો હતો. શ્રી રમણભાઇએ સંઘની કાર્યવાહક સમિતિનો તેમનું આ પ્રમાણે સન્માન કરવા બદલ આભાર માનતાં જણાવ્યું હતું કે:-

"આ પ્રસંગે તમારા તરફથી અભિનંદન અને શુભેચ્છાની જે લાગણીઓ વ્યકત થઇ તે માટે હું તમારો સૌનો આભારી છું, જો કે આજે હવે, Ph. D. ની ડિગ્રી મેળવી છે, તેમાં મેં કોઇ મોટી ધાડ મારી છે એમ હું માનતો નથી. જ્યાં સુધી અમુક કાર્ય આપણાથી સિદ્ધ થયું નથી હોતું ત્યાં સુધી એ આપણને ઘણું મોટું અને અઘરું લાગે છે. પરંતુ એક વખત તે સિદ્ધ કર્યા પછી તે એટલું મોટું અને અઘરું લાગતું નથી. એટલે એક સામાન્ય માણસની નજરે ઘણું જ અઘરું ગણાતું અને એક વખત મને પોતાને પણ ઘણું અઘરું લાગતું કાર્ય આજે હવે મને એટલું અઘરું ન લાગે એ સ્વાભાવિક છે.

"મુરબ્બી શ્રી પરમાનંદભાઇએ કહ્યું તેમ આ કાર્ય મેં ઘણા જ પ્રતિકૂળ સંજોગોમાં કર્યું છે. એથી એકંદરે તો મને લાભ જ થયો છે. પ્રતિકૂળ કે વિપરીત સંજોગો ઘણીવાર માણસના ઉત્સાહ અને શક્તિને ભાંગી નાખે છે, તો ઘણી વાર ઉત્સાહ અને શક્તિને વધારી પણ દે છે. પ્રતિકૂળ સંજોગોથી મારી શક્તિ હંમેશાં તવાઇ છે, ઘડાઇ છે અને વધારે તીવ્ર બની છે. એથી આવા સંજોગોથી હું કયારેય હતોત્સાહ કે આશાભંગ થયો નથી. કદાચ બહુ સગવડો અને અનુકૂળ સંજોગોએ આ અને આવું બીજું કામ મારી પાસે આટલી ઝડપથી કરાવ્યું ન હોત.

"ડોકટરેટની ડિગ્રી મળ્યાનો મને આનંદ છે. પરંતુ મારી એવી માન્યતા છે કે જ્યાં સુધી મેળવેલી સિદ્ધિ આપણે ભૂલી જતા નથી ત્યાં સુધી નવી વધુ સિદ્ધિઓ મેળવવા તરફ મન સક્રિય રીતે વળતું નથી. ઘણી વાર માણસો ભૂતકાળમાં ઘણાં વર્ષો પહેલાં મેળવેલી એકાદ સિદ્ધિને જ વાગોળ્યા કે ગાયા કરતા હોય છે, પરંતુ ત્યાર પછી એમણે કશું જ નવું સિદ્ધ કર્યું નથી હોતું. એટલા માટે હું તો ઇચ્છું છું કે મેં મેળવેલી આ સિદ્ધિનું મને જલદી વિસ્મરણ થાય કે જેથી નવી કંઇક સિદ્ધિ મેળવવા માટે કમર કસું."

ત્યાર બાદ શ્રી રમણભાઇનું પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું હતું અને અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

જિંદગી

જિંદગી! નહોતી ખબર કે માત્ર તું તો ગણિત!,
એક પગલું ઓછું ને ઓટો જ આખો દાખલો;
ના, ગણિત શાની?
ગણિતમાં આંકડા ભૂંસી પાછા ખરા માંડી શકાયે,
જિંદગીમાં એ કહીં?

મનસુખલાલ ઝવેરી

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

Compassion versus Utility

તા. ૧–૩–'૬૧ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ **बुभुक्षितः किं न करोति पापं।** એ મથાળાનો લેખ વાંચીને શ્રી વત્સલાબહેન મહેતાએ એક ચર્ચાપત્ર લખી મોકલ્યું છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે :–

"માંસ મચ્છીના આહારને ભારત સરકાર ઉત્તેજન આપી રહી છે એમ માનીને આપના એક મિત્રને આઘાત લાગ્યો છે અને તેમણે આપને પત્ર લખ્યો છે તેમ જ તેના ઉપર આપે આલોચના કરી છે તે વાંચી. આ વાંચીને ઘણા વખતથી મનમાં અમુક વિચારો ઘોળાયા કરે છે તે વિચારો આપ સમક્ષ મૂકું છું. તેનો ઉત્તર આપ તથા આપના મિત્ર આપવા કૃપા કરશો?

"માંસ મચ્છી આજે નહિ પણ હજારો વર્ષોથી ભારતના મોટા ભાગના લોકો ખાતા આવ્યા છે. બંગાળ, સીંધ, પંજાબ વગેરે આખા પ્રાન્તો માંસાહારી જ છે–સિવાય કે બ્રાહ્મણો, અને બંગાળમાં તો બ્રાહ્મણો પણ માંસાહારી છે. આપના મિત્રને જાણીને આશ્ચર્ય થશે કે વેદોમાં દરેક યજ્ઞ પહેલાં ગાયના વાછરડાને કાપીને તેનું માંસ આરોગવાનું લખ્યું છે. દરેક સ્મૃતિમાં કઇ જાતનું માંસ કયા વખતે ખાવું અને ન ખાવું તે વિષે ખૂબ જ વિગતવાર બધું આપ્યું છે. વિશેષ કરીને મનુસ્મૃતિમાં તો કયે સમયે કયું માંસ ખાવું તે પર આખું એક પ્રકરણ છે. વેદો અને સ્મૃતિઓનો મારો ઊંડો અભ્યાસ છે, તેથી મને આ વિષે બરાબર માહિતી છે. માત્ર ગુજરાતમાં જૈનોની અસર વધારે હોવાથી ગુજરાત વધુ શાકાહારી પ્રાન્ત છે. પણ માનો કે આ બધું ખોટું છે ને ખરાબ છે. તો પણ માંસાહારી લોકો તો શરીર ટકાવવા એક જરૂરિયાત માનીને માંસ ખાય છે, પરંતુ જૈનોનો આજે વર્ષોથી મુખ્ય ધંધો રેશમ અને મોતીનો છે તેમાં શું હિંસા નથી થતી? રેશમના જીવતા કીડાને (રેશમનો તાર આખો તૂટ્યા વગર નીકળે માટે) ઉકાળવામાં આવે છે. આ મેં જાતે જોયું છે અને જાણીતી વાત છે કે, મોતી કાઢવા માટે ઢગલા ને ઢગલા કાળુ માછલીઓને જીવતી મારી નાખવામાં આવે છે. આ બન્નેમાં શું મુંગા જીવોની હત્યા નથી? અને રેશમ અને મોતી બંને શોખની–વૈભવની–વસ્તુઓ છે. એના વિના શ્રીમન્ત સ્ત્રીઓ ખુશીથી ચલાવી શકે છે. ગરીબોની તો આ બે વૈભવની વસ્તુઓ લેવાની શક્તિ જ નથી હોતી. આપણે આપણું રેશમ પરદેશ નીકાસ નથી કરતાં? આ ગૌમાંસ નીકાસ કરતાં કઇ રીતે વધુ અહિંસક છે? આ બન્ને વેપારો તો મુખ્ય જૈનોના જ હાથમાં છે.

"અને વાંદરા નિકાસ કરે તેમાં શું ખોટું? ઘણાં વર્ષો પહેલાં શ્રી કનૈયાલાલ મુનશીએ કહ્યું હતું કે "ભારતમાં કાં તો કૂતરાં, બીલાડાં, વાંદરાં વગેરે પ્રાણીઓને જીવાડો, કે કાં તો મનુષ્યોને જીવાડો. પ્રાણીઓ ને મનુષ્યો બન્ને માટે ભારતમાં અનાજ નથી.' તો આ લાખ્ખો રૂપિયાના પાકને નુકસાન કરતાં, અનાજ ખાઇ જતાં વાંદરાની નિકાસ થાય તો જ ભારતની વધતી જતી વસ્તીને અનાજ પૂરું પડશે. નહિ તો પછી આપણે જ મારી નાંખવા પડશે. વળી નિકાસ થાય છે તે વાંદરા પર પરદેશમાં વૈજ્ઞાનિકો રોજ રોજ મનુષ્યના હિત અર્થે જ પ્રયોગો કરે છે. આ પ્રયોગો સફળ થાય છે તેનો આપણે શું પૂરેપૂરો લાભ નથી ઉઠાવતા? આપણો પરમ પ્રિય પુત્ર કે યુવાન પતિ કે પત્ની માંદી હોય અને ડૉકટર નવું કોઇ ઇંજેકશન આપીને સફળતાથી ઓપરેશન કરે તે જ વખતે હૃદય બંધ પડી જતું હોય તો તે કાઢીને મસાજ કરીને પાછું મુકી દર્દીને જીવનદાન આપે કે હૃદયમાં કાણું પડેલું હોય એવા જન્મથી જ હૃદયવાળા બાળકોને પ્લાસ્ટીકની નળી હૃદયમાં ઓપરેશન કરી મૂકીને જીવાડે કે સડી ગયેલી કીડનીની જગાએ સફળતાથી બીજી કીડની મૂકે તો આપણને પરમ આનંદ નથી થતો? આ બધા જ પ્રયોગો વાંદરાં પર થાય છે અને જો વાંદરાં પર ન થાય તો શસ્ત્રક્રિયા આટલી આગળ વધે જ નહિ અને આપણે પોતે જીવનમાં આટલી નચિન્ત સહીસલામતી ન જ અનુભવીએ. આપણું પ્રિયજન સફળ શસ્ત્રક્રિયાથી બચે એમ હોય તો તે વધારે મહત્ત્વનું કે એક વાનરનું જીવન? બન્ને તો ન જ બની શકે, કેમકે મનુષ્ય પર આવા પ્રયોગો થાય જ નહિ. હમેશ કોઇ વસ્તુને જોતાં પહેલાં મહત્ત્વની કઇ બાબત છે એ જોવું જોઇએ.

તા. ૭–૩–૬૧ **વત્સલા મહેતા**

શ્રી વત્સલા મહેતા ઉચ્ચ કોટિના લેખિકા અને સામાજિક સમસ્યાઓના એક સ્વતંત્ર સમીક્ષક બહેન છે. પ્રબુધ્ધ જીવનના વાચકોને યાદ હશે કે તા. ૧–૮–૬૦ ના પ્રબુધ્ધ જીવનમાં "પાગલ પ્રેમી" એ મથાળાની એક સત્ય ઘટના–ગીતા પરીખે લખેલી–પ્રગટ થઇ હતી. તે ઘટનામાં રહેલા નૈતિક મુદ્દાનું વિશ્લેષણ કરતો વત્સલાબહેનનો એક લેખ અને બહેન ગીતાનો પ્રત્યુત્તર પછીના તા. ૧૬–૯–૬૦ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયા હતા અને આ મુદ્દા ઉપર 'જન્મભુમિ–પ્રવાસી'ના કેટલાક અંકોમાં ઠીક સમય સુધી ચર્ચા ચાલી હતી.

શ્રી વત્સલાબહેનનું ઉપર આપેલું ચર્ચાપત્ર 'કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ' અથવા તો 'Compassion versus Utility'–એ સનાતન સમસ્યાનું સૂચન કરે છે અને તેમનું નિરૂપણ ઉપયુક્તતાવાદ તરફ ઢળે છે. અહિંસાવાદીઓને–પશુદયાવાદીઓને–પડકારરૂપ આ ચર્ચાપત્ર અનેક વિવાદાસ્પદ મુદ્દાઓ ઊભાં કરે છે, જેની ઝીણવટભરી ચર્ચાવિચારણા થાય એ બહુ જરૂરી છે. આ માટે આ સમસ્યા અંગે સ્વતંત્ર રીતે વિચાર કરતા અને ભિન્ન ભિન્ન મંતવ્યો ધરાવતા વિચારકોને પોતાના વિચારો બને તેટલા સંક્ષેપમાં અને સુવ્યવસ્થિત આકારમાં લખી મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે. આ રીતે પ્રાપ્ત થયેલાં લખાણો અથવા તો તેમાંના ઉપયોગી ભાગો, એકની એક બાબતનું પુનરાવર્તન ન થાય એ રીતે, પસંદ કરીને પ્રબુદ્ધ જીવનના આગામી અંકોમાં અવકાશ મુજબ પ્રગટ કરવામાં આવશે અને છેવટે તંત્રીના નિવેદન સાથે આ ચર્ચા સંકેલી લેવામાં આવશે. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

વિષયસૂચિ

		પૃષ્ઠ
સાચા મનુષ્યત્વની પ્રાપ્તિનો ક્રીમિયો	બ્રુસ બ્લેવિન	૨૧૫
કવિ શ્રી રાજેન્દ્ર શાહની ચિન્તનમાધુરી	ગીતા પરીખ	૨૧૮
ડૉ. રમણલાલ શાહનું સંઘે કરેલું બહુમાન		૨૨૦
જિંદગી	મનસુખલાલ ઝવેરી	૨૨૦
કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ	વત્સલા મહેતા	૨૨૧
પ્રકીર્ણ નોંધ : પરિવર્તનકા દિશાસંકેતઃ એક આલોચના, ધી ઇન્ડિયન ગ્રેન ડીલર્સ ફેડરેશનની કાર્યવાહીની અગ્નિપરીક્ષા, એક ભવ્ય રાજપુરુષનો દુઃખદ દેહવિલય.	પરમાનંદ	૨૨૨
આઇન્સ્ટીનના મહાકાવ્યનો એક વિશેષ અનુવાદ	વિઠ્ઠલદાસ પુરુષોત્તમ દેસાઇ	૨૨૪
નવપરિણીત યુગલને આશીર્વાદ	ગીતા પરીખ	૨૨૪

પ્રકીર્ણ નોંધ

परिवर्तनका दिशासंकेत: એક આલોચના

તા. ૨૬-૨-૬૧ ના 'જૈન ભારતી'માં 'પરિવર્તનકા દિશાસંકેત' એ મથાળાનો મુનિશ્રી નથમલજીનો લખેલો એક લેખ પ્રગટ થયો છે. તેમાં મૂળ ધર્મતત્ત્વ અને મૂળ આચાર નિયમોને પોષક એવાં વિધાનો અને વિધિનિષેધની મર્યાદાઓ કાળ-સાપેક્ષ છે એ વિચારને આગળ ધરવામાં આવ્યો છે. આજે જે મર્યાદા પાલનયોગ્ય યા આદરયોગ્ય લેખાય છે તે દેશકાળની પરિસ્થિતિ બદલાતાં પાલનયોગ્ય યા આદરયોગ્ય ન પણ રહે અને આજે જે મર્યાદાઓનું અસ્તિત્વ અથવા મહત્ત્વ ન હોય તેવી મર્યાદાઓ આવતી કાલે અસ્તિત્વમાં આવે યા નવું મહત્ત્વ ધારણ કરે, એટલે કે, આવી પરિવર્તનશીલ મર્યાદાઓને મૂળ ધર્મ કે આચાર-નિયમના સ્થાને મૂકી ન શકાય-આ તે લેખનો પ્રતિપાદ્ય વિષય છે. આ વિચારણાને વિશદ કરતાં મુનિશ્રી પોતાના લેખમાં જણાવે છે કે "પ્રસ્તુત મર્યાદાઓ જો મૌલિક ધર્મરૂપ હોત તો તેના સ્વરૂપમાં-તેની ઉપયોગીતામાં-પરિવર્તન થાત જ નહિ. પણ દેશકાળના પરિવર્તન સાથે તેની ઉપયોગીતા પણ પરિવર્તિત બનતી રહી છે. એટલા માટે સમય સમય ઉપર ધર્માચાર્યો તેમાં ફેરફાર કરતા રહ્યા છે." આમ જણાવીને તેરાપંથ સંપ્રદાયના નિર્માતા ભિક્ષુસ્વામીએ ફરમાવેલી અમુક મર્યાદામાં સમયાન્તરે થયેલા જયાચાર્યે કરેલા ફેરફારનો મુનિશ્રી ઉલ્લેખ કરે છે અને ચર્ચાને આગળ ચલાવતાં જણાવે છે કે "અહીં સહજપણે પ્રશ્ન ઊભો થાય છે કે આપણા પૂર્વજોએ પ્રરૂપેલી મર્યાદાઓને બદલી નાંખવી એ શું તેમની તરફ અસન્માનની ભાવના વ્યકત કરવા બરોબર નથી? તેમણે જે કાંઇ કર્યું હશે તે બધું પૂરું સમજી વિચારીને નહિ કર્યું હોય? શું તેઓ આપણાથી વધારે બુદ્ધિમાન નહોતા?

"પ્રથમ તો પૂર્વાચાર્યો આપણાથી વધારે કે ઓછા બુદ્ધિમાન હતા એ પરિભાષામાં હું આ બાબતનો વિચાર કરતો નથી, અને એ પણ કાંઇ આવશ્યક નથી કે પૂર્વજ આચાર્ય તેમની પાછળના આચાર્યો કરતાં અધિક બુદ્ધિમાન હોય.

"બીજી વાત: એમણે જે કર્યું તે પૂરું સમજી વિચારીને કર્યું હતું એ બરોબર છે, પણ એમ વિચારવાનો દૃષ્ટિકોણ ફરતી જતી પરિસ્થિતિના ખ્યાલોથી સર્વથા અસ્પૃષ્ટ રહી શકતો નથી. એમણે પોતાની પરિસ્થિતિના આલોકમાં જે કાંઇ જોયું તેનું ઉપયોગીપણું તે વખત માટે આપણે અવશ્ય સ્વીકારીએ, કિન્તુ એનાથી ભિન્ન પરિસ્થિતિ માટે પણ તે એટલું ઉપયોગી રહે છે એમ માનવું બરોબર નથી.

"ત્રીજી વાત: પૂર્વજોએ બનાવેલી મર્યાદાઓને બદલવી એ એમનું અસન્માન છે અને ન બદલવી એ એમનું સન્માન છે-આ વિચાર પણ એકાંતપણે સત્ય નથી. વળી એમણે જે સામયિક મર્યાદા દર્શાવી હોય તેને શાશ્વતનું રૂપ આપીને આપણે તેમનું સન્માન વધારી શકતા નથી કે તેમના વિચારોને વધારે પ્રકાશદાયી બનાવી શકતા નથી."

આમ જણાવીને ભગવાન મહાવીરે ફરમાવેલી અમુક મર્યાદામાં પરિવર્તિત દેશકાળનો ખ્યાલ રાખીને આચાર્ય ભિક્ષુએ કરેલા ફેરફારનો મુનિશ્રી ઉલ્લેખ કરે છે અને પ્રશ્ન કરે છે કે "આ ઉપરથી આપણે શું માનવું? ભગવાન મહાવીરની વાણીનું આચાર્ય ભિક્ષુએ આમ કરીને સન્માન કર્યું કહેવાય કે અસન્માન? આચાર્યશ્રીએ તો જણાવ્યું જ છે કે જિનવાણીનો એક પણ શબ્દ નયનિરપેક્ષ નથી, અપેક્ષાશૂન્ય નથી. શાશ્વતનું નિરૂપણ પણ જો સાપેક્ષ હોય તો અશાશ્વત અંગે તો કહેવું જ શું? પૂર્વકાળમાં એવી વ્યવસ્થા સૂચવવામાં આવી હતી કે અમુક દશ રાજધાનીઓમાં જૈન મુનિએ વારંવાર ન જવું. આજે એ રાજધાનીઓ બધી નહિ તો કેટલીક રાજધાની જ રહી નથી. તેથી આ મર્યાદા આજના વખત માટે ઇતિહાસસૂચક જ હોઇ શકે છે, વિધાનસૂચક નહિ. આને શાશ્વતિક રૂપ આપીને આપણે આગમવાણીને જટિલ જ બનાવવાના, સરળ નહિ. સર્વ જૈન પરંપરામાં જિનવાણીને અપેક્ષાની દૃષ્ટિથી માન્ય કરવામાં આવેલ છે. પરિવર્તનનું મૂળ જ એ છે. દા. ત. એ સમયમાં મુનિ અધિકાંશત; સ્મશાન, શૂન્ય ઘર અથવા તો વૃક્ષમૂલ વગેરે સ્થાનોમાં રહેતા હતા. એ ઉપરથી વિધાન કરવામાં આવ્યું કે મુનિ એવા ઘરમાં વાસ ન કરે કે જેને ક્રમાડ હોય. આજની સ્થિતિ ભિન્ન છે. વર્તમાનની અપેક્ષાએ ક્રમાડવાળું ઘર વર્જિત લેખાતું નથી." આજે જૈન શ્વે. મૂ. સંપ્રદાયમાં તથા સ્થાનકવાસી સંપ્રદાયમાં સંવત્સરીપર્વ ઘણુંખરું જુદી જુદી તિથિએ ઊજવવામાં આવે છે. આ બાબત અંગે મુનિશ્રી કહે છે કે "આગળના વખતમાં સંવત્સરી વગેરે પર્વો જૈન જ્યોતિષ પદ્ધતિ અનુસાર નક્કી કરવામાં આવતા હતા. પણ આજે એ પદ્ધતિ લુપ્ત થઇ ગઇ છે અને તેથી ચોથની હોય કે પાંચમની હોય-આ પ્રશ્ન ઉપર આજે અનેક સ્થળોએ જે વિગ્રહ પેદા થાય છે તે સર્વથા અર્થશૂન્ય છે. આ તો મૂળને છોડીને શાખાને વળગવા જેવું ગણાય, અથવા તો ભેંસ હજુ ખરીદાઇને ઘેર આવી ન હોય અને તેનાં દૂધ-મલાઇ કોણ કેટલાં વાપરશે તે બાબત પતિ-પત્ની ઝઘડી પડે એના જેવું કાંઇક કહેવાય...આવાં સેંકડો ઉદાહરણો છે કે જે દ્વારા દેશ-કાળના પરિવર્તન સાથે બીજું કેટલુંયે ફેરફાર પામ્યાનું આપણા ધ્યાન ઉપર આવે છે. આગમમાં અનેક સ્થાને આપણને પરસ્પરવિરોધ જેવું લાગે છે. વાસ્તવમાં આવા કોઇ પરસ્પરવિરોધ જેવું છે જ નહિ. આપણે તેને ઇતિહાસની દૃષ્ટિથી જોતા નથી. આને લીધે કેટલીક બાબતો આપણને પરસ્પર-વિરોધી લાગે છે. આગમિક વિધાનોની જે સ્થિતિ છે તે જ સ્થિતિ પારંપરિક વિધાનોની છે. તેમાં પણ એવું પરિવર્તન થતું રહ્યું છે. આગમિક વિધાનોમાં આપણે ફેરફાર કરતા નથી, પણ તેમાં રહેલી અપેક્ષાદૃષ્ટિને સ્પષ્ટ કરીને કાર્યપ્રણાલીમાં આપણે પરિવર્તન કરીએ છીએ અને પારંપરિક વિધાનોમાં તો ફેરફાર કરવાનો અધિકાર આચાર્યોને હોય જ છે, તેથી તેઓ તેમાં સીધો ફેરફાર કરે જ છે. 'आचारजकी बांधी मरजादा आचारज रै हाथ छै.' (આચાર્યની બાંધેલી મર્યાદા આચાર્યના હાથમાં છે.) આચાર્ય ભિક્ષુએ આ વાક્યમાં અનન્ત સત્યને વણી નાખ્યું છે. રૂઢિવાદિતા અને આગ્રહ માટે એમણે કોઇ માર્ગ ખુલ્લો રાખ્યો નથી અને સત્ય શોધ માટે કોઇ દ્વાર તેમણે બંધ કર્યું નથી."

ત્યાર બાદ મુનિશ્રી બીજો એક પ્રશ્ન રજૂ કરે છે, કે "મર્યાદાઓમાં જો વારંવાર પરિવર્તન થયા કરે તો સાધારણ વ્યક્તિઓની શ્રદ્ધા કેવી રીતે જામે?" અને તેનો પોતે જ જવાબ આપે છે કે "પણ આ સામે એ પણ આવશ્યક નથી કે શ્રદ્ધા જામેલી રાખવા માટે કોઇ પણ મર્યાદાને રૂઢ બનાવી દેવી. અથવા તો ઉપયોગીતા નષ્ટ થતાં તે મર્યાદાને ચાલુ રાખવી."

આ કોઇ મનસ્વી વિચારકની વિચારણા નથી પણ ઊંડા શાસ્ત્રાધ્યયનની ભૂમિકા ઉપર રજૂ કરવામાં આવેલી એક ચિંતનશીલ જૈન મુનિની વિચારણા છે, અને એ માટે સવિશેષ અધિકાર-યોગ્ય છે. આ રીતે સંપ્રદાય-સ્વામીઓ વિચાર કરવા માંડે અને

પોતાના રૂઢ આચારવિચારને પરિવર્તિત દેશકાળ અનુસાર નવો વળાંક આપતા થાય તો આજનો સાધુ જમાનાના ચોગઠામાં ગોઠવાતો નથી અને ચોરસમાં વર્તુલને સમાવવા જેવો એ સાધુ અને અદ્યતન પરિસ્થિતિ વચ્ચે વિસંવાદ લાગે છે–તે દુઃસ્થિતિનો જરૂર અન્ત આવે;

પણ વિચારણા એક વસ્તુ છે; ચાલુ જીવનપ્રક્રિયા જુદી જ વસ્તુ છે. એમ ન હોત તો કેટલોક જૈન સાધુસમુદાય મોઢે કેવળ અર્થશૂન્ય એવી મુહપત્તિ બાંધે છે, કેટલોક સાધુસમુદાય જુગુપ્સાજનક એવા નગ્નત્વમાં જ શ્રમણધર્મની આત્યન્તિક પરિપૂર્તિ માને છે, સમગ્ર સાધુસમુદાય આજના સામાજિક સ્વચ્છતા અને સુઘડતા સાથે બીલકુલ નહિ બંધબેસતા એવા મળમૂત્રવિસર્જનને લગતા આચારો પાળે છે તથા શારીરિક સ્વચ્છતા વિષે ઉદાસીનતા સેવે છે–આવી કેટલીક વિચિત્રતાઓનું અને કઢંગાપણાનું અસ્તિત્વ જ ન હોત. વળી આજના સાધુસમુદાયમાં ધર્મના નામે સ્વીકારાયેલી શ્રમવિમુખતા પણ કયારનીય નાબુદ થઇ ગઇ હોત.

પ્રસ્તુત લેખમાં મુનિ નથમલજીએ જૈન સાધુસંસ્થા અને સંપ્રદાયને અનુલક્ષીને બધી ચર્ચા કરી છે, તેથી ઉપરનાં દૃષ્ટાન્તો પણ જૈન સાધુસમુદાયની અદ્યતન આચારપ્રક્રિયાઓને ખ્યાલમાં રાખીને આપવામાં આવ્યા છે. પણ આ બાબત જેટલી જૈન સાધુસંસ્થાને લાગુ પડે છે તેટલી જ અન્ય સંપ્રદાયની સાધુસંસ્થાને લાગુ પડે છે અને તેમાં પણ વિચારણા અને જીવનપ્રક્રિયા વચ્ચે મોટું અન્તર હોવાનું માલુમ પડે છે.

આમ છતાં ઉપરની વિચારણાનું ઘણું મૂલ્ય છે, કારણ કે વિચારપરિવર્તન એ જ આખરે આચારપરિવર્તનનું મૂળ છે. એક વખત ચિત્ત ઉપરથી રૂઢિની, આગમિક યા પારંપરિક વિધાનોની પકડ ઓછી થાય અને દેશકાળ અનુસાર પોતાના આચાર–વિચારમાં પરિવર્તન કરવાની વૃત્તિ પેદા થાય તો તેનું પ્રતિબિંબ સમયાન્તરે પણ પોતાના આચારવ્યવહાર ઉપર પડયા વિના રહેતું નથી. આજે જરૂર છે ભૂતકાળની પકડમાંથી માનવી મનને મુક્ત થવાની, જૂનું એટલું સારું અને સાચું, અમુક ધર્મગ્રંથમાં અમુક વિધાન છે તો તેમાં કશો ફેરફાર થઇ શકે જ નહિ, અમુક મહાપુરુષે અમુક કહ્યું છે તો તે અન્યથા વિચારી શકાય જ નહિ–આવાં જે આપણી આંખો ઉપર માનસિક દૃષ્ટિ ઉપર–જે પડળો બંધાયાં છે તેના સત્વર અનાવરણની. આ પરિવર્તન તત્વ તરફ ઉપર જણાવેલ લેખ દ્વારા ધ્યાન ખેંચવા માટે મુનીશ્રી નથમલજીને ધન્યવાદ ઘટે છે.

ધી ઇન્ડિયન ગ્રેન ડીલર્સ ફેડરેશનની કાર્યવાહીની અગ્નિપરીક્ષા

મુંબઇના છૂટક દાણાના વ્યાપારીઓનાં હિતોનું રક્ષણ કરવા માટે અને સરકાર અને દાણાના દુકાનદારો વચ્ચે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે મધ્યસ્થી કરવાના હેતુથી 'ધી ઇન્ડિયન ગ્રેઇન ડીલર્સ ફેડરેશન' નામની સંસ્થા ઇ. સ. ૧૯૪૩ની સાલમાં ઉભી કરવામાં આવી હતી. તે સંસ્થા આજ સુધી અનેક પ્રકારની કામગીરી બજાવતી રહી છે અને તેના અધ્યક્ષસ્થાને રહીને શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ પ્રારંભથી આજ સુધી આ ફેડરેશનને એકસરખી સેવા આપી રહ્યા છે. આ સંસ્થાએ સરકારી અનાજની વહેંચણી હેઠળ ઘણા દુકાનદારોને ઘઉં–ચોખા મેળવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે સને ૧૯૫૬ના જૂન માસથી ઘઉં–ચોખાની વહેંચણીનું કામ હાથમાં લીધું હતું અને દુકાનો ઉપર માલ ડીલીવર કરવાની જવાબદારી સ્વીકારી હતી. આ યોજનાનો લગભગ ૪૦૦૦ દુકાનદારોને લાભ મળ્યો હતો. ૧૯૫૮ની સાલમાં મુંબઇ સરકારે ફેર પ્રાઇસીઝ શોપોની સંખ્યા ઘટાડવાનો નિર્ણય કર્યો અને આ ફેર પ્રાઇસીઝ શોપો નક્કી કરવાની જવાબદારી ધી ઇન્ડિયન ગ્રેઇન ડીલર્સ ફેડરેશનને સોંપવામાં આવી. આ દુકાનોની વહેંચણીના કામ અંગે કેટલાક ભાઇઓને ખૂબ અસંતોષ થયો અને ફેડરેશનના અધિકારીઓએ આ બાબતમાં કેટલીક ગેરરીતિઓ ચલાવી છે એવા જાહેરમાં આક્ષેપો થવા લાગ્યા, અને પ્રસ્તુત અસંતોષે એક જાહેર આન્દોલનનું સ્વરૂપ ધારણ કર્યું. એ દરમિયાન ફેડરેશનના અમુક સભ્યોએ એક પગલા સમિતિ ઊભી કરી અને તેણે આ ફેડરેશનવિરોધી આન્દોલનને જોરશોરથી આગળ ચલાવ્યું અને ફેડરેશનની કાર્યવાહી અને કાર્યવાહકો સામે તરેહ તરેહના આક્ષેપો વહેતા કર્યા. આ બાબતમાં જરૂરી તપાસ હાથ ધરવા માટે ફેડરેશન તરફથી હાઇકોર્ટ જજની કક્ષાના એક નિવૃત્ત જજ શ્રી સેવકલાલ તુલસીદાસ કરાણીની તપાસપંચ તરીકે ૨૫–૪–'૫૮ ના રોજ નિમણૂંક કરવામાં આવી. આ તપાસપંચને (૧) ઘઉં–ચોખાની વહેંચણી શરૂ થઇ ત્યારથી ફેડરેશનની કાર્યવાહીમાં જો કાંઇ ગેરરીતિઓ થઇ હોય તો તેની તપાસ કરવાનું અને (૨) ફેડરેશનના જે સભ્યોએ બંધારણીય રીતનો માર્ગ છોડી પગલાં સમિતિમાં જોડાઇ ફેડરેશન વિરુદ્ધ પ્રચાર કરવામાં ભાગ લીધો હતો તેમના વર્તનની તપાસ કરવાનું સોંપવામાં આવ્યું. આ તપાસપંચ સમક્ષ ૬૧ નિવેદનો કરવામાં આવ્યાં હતાં, જેમાં ૨૯ ફેડરેશન વિરુદ્ધનાં હતાં. આ તપાસપંચની ૪૫ બેઠકો મળી અને તપાસપંચે જરૂરી દસ્તાવેજો તપાસ્યા અને તેની સમક્ષ રજૂ કરવામાં આવેલી અનેક હકીકતોની પૂરતી ચકાસણી કરી. આ બધી તપાસને અન્તે તપાસપંચ શ્રી સેવકલાલ તુલસીદાસ કરાણીએ પહેલા તપાસમુદ્દા સંબંધે તા. ૨૬–૬–૬૦ ના રોજ જે ચુકાદો આપ્યો તે નીચે મુજબ છે :—

"મારી તપાસને અંતે ફેડરેશનની કાર્યવાહી અંગે કોઇ પણ લક્ષમાં લેવા લાયક ગેરરીતિ મને દેખાઇ નથી. ફેડરેશને લાખો ગુણી માલ ડીલીવર કર્યો છે અને તેને અંગે હજારો બીલો બનાવ્યા છે અને માલના પૈસા જ્યારે રોકડા લેવામાં આવતા હતા ત્યારે લાખો રૂપિયાની હેરફેર કરી છે. આ ઉપરાંત કુલ્લે હજારો અરજીઓ હાથ ધરી છે અને બહુ જ મોટા પ્રમાણમાં પત્રવ્યવહાર કર્યો છે. ફેડરેશને હાથમાં ધરેલ કામ ધ્યાનમાં લેતાં તેમાં કોઇ જગ્યાએ કયાંય કોઇક ત્રુટી થવા પામે એ બનવાજોગ છે. કોઇ પણ બાબતમાં ફેડરેશને ભૂલ કરી હોય તો તે ભૂલ ફેડરેશને કબૂલ કરી છે, પરંતુ એ ભૂલ ઇરાદાપૂર્વક કરવામાં આવી હોય એવું મને દેખાયું નથી. ફેડરેશનની કાર્યવાહીએ કોઇ તરફ પક્ષપાત કર્યો હોય કે કોઇની પ્રત્યે દ્વેષભાવ રાખ્યો હોય એવો એક પણ દાખલો મારી તપાસ દરમિયાન મને મળ્યો નથી. ફેડરેશનના કોઇપણ ઓહ્દેદાર, કાર્યકર કે સ્ટાફના માણસે કોઇની પાસેથી કોઇ કાર્ય કરવા બદલ લાંચ કે આડકતરી રીતે નાણાં લીધા હોય એવો કોઇપણ કિસ્સો મને દેખાયો નથી. ફેડરેશનના કાર્યો પદ્ધતિસર થયેલા છે. એમાં કોઇ જગ્યાએ કયાંય પણ ત્રુટી થવા ન પામે તેને માટે સાવચેતી રાખવામાં આવી છે. ફેડરેશને રાખેલ રેકોર્ડો જોઇને મને તેના કાર્ય માટે માન ઉપજ્યું છે. પદ્ધતિસર રાખેલ રેકોર્ડોને લઇને જ જ્યારે જ્યારે કોઇ પણ બાબતમાં કંઇ પણ દસ્તાવેજની જરૂર પડી છે ત્યારે ત્યારે ફેડરેશન તે થોડા જ ટાઇમમાં રજુ કરી શકી છે. મારી પાસેની તપાસ દરમ્યાન કોઇ પણ બાબતમાં ફેડરેશને ખુલાસો કરવાની અથવા તો જે કંઇ પણ કાગળ જોઇએ તે રજૂ કરવા આનાકાની કરી નથી અને કોઇ પણ બાબત છૂપાવવાનો પ્રયાસ કર્યો નથી. ટૂંકમાં આ રિપો-

ર્ટના પહેલાં પાના ઉપર તપાસ માટે મને સોંપાયેલ એ બાબતો લખવામાં આવી છે તેમાંથી પહેલી બાબતના સંબંધમાં મારો નિર્ણય એ છે કે "ધર્ણ-ચોખાની વહેંચણી શરૂ થઇ ત્યારથી ફેડરેશનની કાર્યવાહીમાં કોઇ પણ જાતની ગેરરીતિ થઇ નથી."

તપાસના બીજા મુદ્દા સંબંધમાં તપાસપંચ શ્રી કરાણી જણાવે છે કે "ફેડરેશનની કાર્યવાહીની વિરૂદ્ધનાં નિવેદનોની તપાસ પૂરી કર્યા પછી હું મારી સમક્ષની તપાસની બીજી બાબત એટલે કે પગલા સમિતિમાં જોડાયેલા સભ્યોના વર્તન સંબંધીના નિવેદનોની તપાસ હાથ ધરવાનો હતો, પરંતુ તે બધા નિવેદનકારો તરફથી મને જણાવવામાં આવ્યું કે, તેઓ તેમનાં નિવેદનોની તપાસમાં જવા માંગતા નહોતા અને એ તપાસ પડતી મૂકવા મને વિનંતિ કરવામાં આવી. એટલે તે નિવેદનો સંબંધે મેં કંઇ તપાસ કરી નથી. અને તેથી તે બાબતના સંબંધમાં હું કંઇ પણ નિર્ણય આપતો નથી."

આ રીતે ધી બન્ડિયન ગ્રેઇન ડીલર્સ ફેડરેશનની કાર્યવાહી અંગે જે ચુકાદો આપવામાં આવ્યો છે તેને આવકારવામાં આવે છે અને એ ફેડરેશનના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ જે અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પણ વર્ષોથી પ્રમુખ છે તેમનું તથા તેમના સાથીઓનું-ઉપરના ચુકાદામાં તેમને સર્વ પ્રકારે નિર્દોષ અને ગેરરીતિઓથી તદ્દન મુકત જાહેર કરવામાં આવ્યા છે તે બદલ-હાર્દિક અભિનંદન કરવામાં આવે છે.

એક ભવ્ય રાજપુરુષનો દુઃખદ દેહવિલય

ભારતના ગૃહસચિવ શ્રી ગોવિન્દ વલ્લભ પંતનું ૭૩ વર્ષની ઉમરે માર્ચ માસની સાતમી તારીખ અને મંગળવારે સવારે નવ વાગ્યે અવસાન થતાં ભારતે એક ઉત્તમ કોટિનો રાજપુરુષ ગુમાવ્યો છે. જ્યારથી કોંગ્રેસે વિનવણી, અરજી અને વાટાઘાટ કરવાનો બંધારણીય માર્ગ છોડીને ગાંધીજીના નેતૃત્વ નીચે ઇ. સ. ૧૯૧૮ની સાલથી અસહકાર જેવા સીધા પગલાંના માર્ગે દેશને આઝાદ બનાવવા માટેનું મહાપ્રસ્થાન શરૂ કર્યું ત્યારથી સ્વ. ગોવિંદ વલ્લભ પંતે સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને કોંગ્રેસ સાથે તેઓ જોડાયા હતા. ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોની આગેવાની તે સમયમાં એક એક વિશેષ વ્યક્તિએ ધારણ કરી હતી. જેમ કે સરદાર વલ્લભભાઇ પટેલ ગુજરાતના, રાજેન્દ્રબાબુ બિહારના, સી. રાજગોપાલાચાર્ય દક્ષિણના તેમ ગોવિંદ વલ્લભ પંતના ભાગે ઉત્તર પ્રદેશની આગેવાની આવી હતી. અન્ત સુધી તેમણે આ આગેવાન પદને અપૂર્વ નિષ્ઠા, એકરૂપતા અને કુશળતાથી શોભાવ્યું હતું. જવાહરલાલજીના જૂની હરોળના સાથીઓમાં તેમના જતા હવે રાજેન્દ્રબાબુ રહ્યાં. રાજકારણની દૃષ્ટિએ તેમને 'સ્થિતપ્રજ્ઞ'ના વિશેષણથી ઓળખી શકાય એવી ગૌરવભરી, પ્રતિભાસંપન્ન અને સમન્વયસાધક તેમની કારકીર્દિ હતી. જવાહરલાલજીને એક બાજુએ તેમની મોટી હુંફ હતી; બીજી બાજુએ તેઓ એક અંકુશ સમાન હતા. આ રીતે આજે એમનું તે સ્થાન લેનાર કોઇ ન રહ્યું એમ કહી શકાય. પ્રાપ્ત કરેલી આઝાદીના પરિણામે દેશમાં જે ભવ્ય રાજદ્વારી ઇમારત ઊભી કરવામાં આવી છે તેના તેઓ એક પ્રમુખ ઘડવૈયા હતા. ભારતના ઘડતરમાં તેમણે જે મહત્વનો ફાળો આપ્યો છે તે ભારતના ઇતિહાસમાં સદાને માટે નોંધાઇ રહેશે. જીવનની લગભગ છેલ્લી ઘડી સુધી સતત કાર્યપ્રવૃત્ત રહેલા પન્તજી જીવન અને મૃત્યુ ઉભયને ધન્ય કરી ગયા છે. આપણા તેમના અર્થસભર ભવ્ય વ્યક્તિત્વને અનેક વન્દન હો, તેમનું સ્મરણ આપણને જાગૃત રહેવામાં, નિષ્ઠાવાન બનવામાં, કર્તવ્યપરાયણ બનવામાં સદા પ્રેરક બનો!

પરમાનંદ

આઇન્સ્ટીનના મહાવાક્યનો એક વિશેષ અનુવાદ

તા. ૧-૨-૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પદ્યાનુવાદ-સ્પર્ધા શિર્ષક નીચે પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી સ્વ. આલબર્ટ આઇન્સ્ટીનના અંગ્રેજી મહાવાક્યના પાંચ અનુવાદો પ્રગટ કરવામાં આવ્યા છે. એ જ મહાવાક્યનો વિશેષ અનુવાદ મારા મિત્ર શ્રી વિઠ્ઠલદાસ પુરુષોત્તમ દેસાઇ તરફથી મળ્યો છે એ નીચે આપવામાં આવે છે:

(શિખરિણી)

સદા સો સો ફેરા સ્મરું જીવન બાહ્યાન્તર મુજ,
રચાયું બીજા જે ગત જીવિત એના શ્રમ પરે;
અને પામ્યો છું જે, ભવિષ્ય મહીં પામીશ વળી જે,
પ્રમાણે એ દેવા મથન કરવું લાજમ મને.

વિઠ્ઠલદાસ પુરુષોત્તમ દેસાઇ

નવપરિણીત યુગલને આશીર્વાદ

લગ્નની ગાંઠથી થાઓ,
સંલગ્ન વિશ્વની સહ;
ચાર આંખની ધારાએ,
ઠારો દુઃખ તણા દવ!.

ગીતા પરીખ

હકીકત-શુદ્ધિ

'મારે કોઇ વાદ કે ધર્મ નથી' એ મથાળા નીચે તા. ૧-૩-૬૧ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ લેખમાં રજુ કરવામાં આવેલા ગાંધીજીને લગતા પ્રસંગ અંગે જે સ્થળનો 'સંયુક્ત પ્રાન્તમાં આવેલું ચાંદા જિલ્લામાં સાવલી ગામ' એમ નિર્દેશ કરવામાં આવ્યો છે તેને બદલે 'સંયુક્ત પ્રાન્તમાં આવેલું સાવલી ગામ' એમ વાંચવું અને 'સર્વ સેવા સંઘનું પ્રથમ સંમેલન' એમ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના બદલે 'ગાંધી સેવા સંઘનું પ્રથમ સંમેલન' એમ વાંચવું. આ હકીકતદોષ તરફ ધ્યાન ખેંચવા માટે શ્રી શંકરરાવ દેવનો હું આભાર માનું છું.

મુદ્રણ-શુદ્ધિ

તા. ૧-૩-'૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પાનુ ૨૧૪ પહેલું કોલમ બીજો પેરેગ્રાફ બીજી લીટીમાં 'અહિંસાવિષયક વિચારણા' છપાયું છે તેના બદલે 'અહિંસાવિષયક વિચારણા' એમ વાંચવું.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

સ્વર્ગસ્થ શ્રી મણિલાલ મોકમચંદ શાહની આરસ-પ્રતિમાનો અનાવરણ સમારંભ

શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંસ્થાપક સ્વર્ગસ્થ શ્રી મણિલાલ મોકમચંદ શાહની પ્રતિમાનો અનાવરણવિધિ શાહુ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનના શુભ હસ્તે તા. ૨-૪-૬૧ રવિવારે સવારે ૯-૫૦ વાગ્યે સંસ્થાના (કીંગસર્કલથી શીવ તરફ ડાબી બાજુએ સાયન જનરલ હોસ્પિટલ વટાવીને આગળ જતાં મુખ્ય રસ્તાની લગોલગ પાછળના રસ્તા ઉપર-૬૪, સાયન રોડ) મકાનમાં થશે. આ પ્રસંગે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહમાં રસ લેતાં ભાઇ-બહેનોને પધારવા નિમંત્રણ છે.

ચીમનલાલ ચકુભાઇ શાહ
પ્રમુખ, શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ, ૧, ૧૯૬૧, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વિ. સ. ૨૦૧૬ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત ઇ. સ. ૧૯૬૦

શ્રી મુંબઇ જૈન યુવકસંઘ વિ. સં. ૨૦૧૭ ના પ્રારંભ સાથે ૩૨ વર્ષ પૂરાં કરીને ૩૩મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ વૃત્તાન્ત વહીવટની દૃષ્ટિએ વિ. સં. ૨૦૧૬ ના પ્રારંભથી અન્ત સુધીનો છે. કાર્યવાહીની દૃષ્ટિએ સંઘની વાર્ષિક સામાન્ય સભા ગત વર્ષ દરમિયાન માર્ચ માસની ૨૧ મી તારીખે મળી હતી ત્યારથી આજ સુધી એટલે કે ૨૬મી માર્ચ સુધીનો છે. સંઘનું કામકાજ પૂર્વવત્ એકસરખું ચાલી રહ્યું છે અને તે હસ્તકની ભિન્નભિન્ન પ્રવૃત્તિઓ એકસરખી ગતિમાન રહી છે.

પ્રબુદ્ધ જીવન

સંઘનું પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' સંઘની એક વિશિષ્ટ પ્રવૃત્તિ છે. આ મુખપત્ર આગામી એપ્રિલ માસની ૧૬મી તારીખે ૨૨ વર્ષ પૂરાં કરશે. આ પત્ર પ્રારંભથી નિશ્ચિત કરેલા ધોરણ ઉપર એકસરખું ચાલી રહેલ છે અને સતત વિકાસ પામી રહેલ આ સામયિક પત્રની અખંડ ઉજ્જવળ કારકિર્દિ સંઘ માટે એક ગૌરવપ્રદ હકીકત છે. પ્રારંભમાં આ સામયિકનું નામ "પ્રબુદ્ધ જૈન" હતું. છેલ્લાં આઠ વર્ષથી તેનું નામ બદલીને " પ્રબુદ્ધ જીવન " કરવામાં આવ્યું છે. નામપરિવર્તન દ્વારા જે ગુણવત્તાનું સંચન થાય છે તે ગુણવત્તાનું ત્યારથી આજ સુધીનાં સંપાદનમાં અને લેખસામગ્રીમાં અધિકાધિક પ્રતિબિંબ પડતું રહ્યું છે અને એ રીતે "પ્રબુદ્ધ જૈન"નું "પ્રબુદ્ધ જીવન"નાં રૂપે કરવામાં આવેલું નવસંસ્કરણ સર્વ પ્રકારે સાર્થક થયું છે. આ પત્રે જૈન-જૈનેતર સમાજમાં એક તટસ્થ, નીડર, સત્વશીલ અને સંયમપ્રધાન સામયિક તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને અનેક ચિંતકો, વિચારકો, સમીક્ષકોનું આ પત્ર પ્રીતિપાત્ર બન્યું છે. મોંઘવારી દિનપ્રતિદિન વધતી જતી હોવા છતાં અને પત્રનું કદ મૂળમાં આઠ પાનાનું કલ્પાયેલું હોવા છતાં વર્ષોથી દશ પાનાની અને કદિ કદિ બાર પાનાની વાચનસામગ્રી 'પ્રબુદ્ધ જીવન' પૂરી પાડતું રહ્યું છે. તેના પ્રકાશન પાછળ સંગીન ખોટ આવવા છતાં, જ્યારે આ કોટિના બીજાં પત્રો બંધ થયાં છે ત્યારે, આ પાક્ષિક પત્ર એકસરખું ટકી રહ્યું છે અને પ્રારંભથી જાહેરખબર નહિ લેવાની ટેકને આજ સુધી વળગી રહી શકયું છે. આમ છતાં તેની ગ્રાહકસંખ્યા પ્રોત્સાહક નથી. વિચારગંભીર સામયિકોની લગભગ સર્વત્ર આ જ સ્થિતિ છે. સદ્‌ભાગ્યે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને મળતી દ્રવ્યસહાયે 'પ્રબુદ્ધ જીવન'ને આજ સુધી કટાવી રાખવામાં એક મોટા પીઠબળનું કામ કર્યું છે. 'પ્રબુદ્ધ જીવન' ચલાવવા પાછળ વહીવટી વર્ષ દરમિયાન રૂા. ૧,૮૨૧-૮૪ની આવક થઇ છે, અને રૂા. ૪,૪૭૪-૧૪નો ખર્ચ થયો છે. પરિણામે રૂા. ૨,૬૫૨-૩૦ની ખોટ આવી છે. આ ખોટને ઘટાડી કરવી યા નાબુદ કરવી તેનો આધાર સંઘના સભ્યોના સક્રિય સહકાર ઉપર રહેલો છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગત વર્ષના ઑગસ્ટ માસની ૧૯મી તારીખ શુક્રવારથી ૨૭મી તારીખ શનીવાર સુધી-એમ નવ દિવસની રાખવામાં આવી હતી. તેનો કાર્યક્રમ નીચે મુજબ ગોઠવવામાં આવ્યો હતો :

તા.	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૧૯	શ્રીમતી માલતી ઐરેડકર	આપણા સામાજિક જીવનમાં સંક્રમણ
,,	પ્રધ્યાપક સુરેશ જોષી	કવિવર ટાગોર
૨૦	શ્રી એમ. વી. દેંડે	સન્ત જ્ઞાનેશ્વર
,,	,, નવલભાઇ શાહ	જીવનની સાધના
૨૧	પ્રિ. હાતીમભાઇ ગંજીફરાકવાળા	સુફીવાદ
,,	,, સુધાબ્હેન દેસાઇ	લોકસંસ્કૃતિ
,,	શ્રી ખદ્રીનાથ વ્યાસ	સુગમ સંગીત
૨૨	ડૉ૦ મીસ એસ્તેર સોલોમન	તત્વજ્ઞાન શા માટે ?
,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	માનવપ્રક્રિયાનાં સંચાલક બળો
૨૩	શ્રી એસ. એમ. જોશી	રાજનીતિ અને જીવનમૂલ્યો
,,	,, ભંવરમલ સીંધી	જાતિવાદની સમસ્યા
૨૪	શ્રી સુશીલાબ્હેન સિંધી	જીવનનાં બદલાઇ રહેલાં મૂલ્યો
,,	,, ધૈર્યબાળા વોરા	મહાકાવ્યોનાં થોડાંક ઉજ્જવલ સ્ત્રીપાત્રો
૨૫	શ્રી કુલસુમ સયાણી	ઇસ્લામની કેટલીક પ્રેરક કથાઓ
,,	,, ફાતમાબ્હેન ઇસ્માઇલ	સમ્યક્ દર્શન : સમ્યક્ કર્મ
૨૬	ફાધર જે. એસ. વિલિયમ્સ	ઇશુ અને ગાંધી
,,	સ્વામી અખંડાનંદ	સર્વધર્મસમન્વય
૨૭	મુનિ સન્તબાલજી	ભ.મહાવીર અને સત્યાગ્રહનો વિકાસ
,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	ઉપસંહાર અને આભારનિવેદન
,,	શાન્તિલાલ શાહ	ભજન-કીર્તન

આમ નિયત કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડ્યો હતો અને વ્યાખ્યાનસભાઓ શ્રોતાઓથી ચીકાર ભરેલી રહી હતી. કુલ ૧૭ વ્યાખ્યાતાઓમાં ૭ સ્ત્રી વ્યાખ્યાતાઓ હતી. મુંબઇ

બહારથી આવેલા વ્યાખ્યાતાઓમાં શ્રી ભંવરમલ સિંધી અને શ્રી સુશીલાબહેન સિંધી કલકત્તાથી, પ્રાધ્યાપક સુરેશ જોષી તથા પ્રીન્સીપાલ સુધાબહેન દેસાઇ વડોદરાથી, શ્રીમતી માલતી બેડેકર પૂનાથી, ડૉ. મીસ એસ્તેર સોલોમન અમદાવાદથી અને શ્રી નવલભાઇ શાહ ગુંદીથી આવ્યાં હતા. સત્તર વ્યાખ્યાનોમાં બે મરાઠીમાં, આઠ હિંદીમાં અને સાત ગુજરાતી ભાષામાં થયા હતા. આ રીતે આ વખતની વ્યાખ્યાનમાળા વ્યાખ્યાતાઓ તેમ જ વ્યાખ્યાન વિષયની બાબતમાં વૈવિધ્ય-સભર બની હતી. સંગીતની પણ આ વ્યાખ્યાનમાળામાં સુયોગ્ય પુરવણી કરવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળા પાછળ સંઘને રૂા. ૧,૧૮૭નો ખર્ચ થયો હતો. તે સામે સંઘના ફાળામાં રૂા. ૪,૮૦૭-૧૬ની અને સંઘ હસ્તક ચાલતા વાચનાલય-પુસ્તકાલયના ફાળામાં રૂા. ૨,૮૫૩ની આવક થઇ હતી.

ગત વર્ષ દરમિયાન યોજાયેલાં અન્ય વ્યાખ્યાનો તથા સંમેલનો

૧. તા૦ ૨૦-૫-૬૦ના રોજ મુંબઇના નવા નગરપતિ **શ્રી વિષ્ણુપ્રસાદ દેસાઇનું** સંઘના કાર્યાલયમાં સંઘ તરફથી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

૨. તા૦ ૨૦-૬-૬૦ના રોજ નવા રચાયલા મહારાષ્ટ્ર રાજ્યના નવા પ્રધાનમંડળમાં નિયુક્ત થયેલા **શ્રી શાન્તિલાલ હરજીવન શાહ** સાથે સંઘના સભ્યોનું શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીના નિવાસસ્થાને સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું.

૩. તા. ૫-૭-૬૦ના રોજ સંઘના કાર્યાલયમાં **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું** 'ભારત અને વિશ્વનું અદ્યતન રાજકારણ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

૪. તા. ૨૧-૮-૬૦ના રોજ, સંઘના નિમંત્રણને માન આપીને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે કલકત્તાથી ખાસ આવેલા **શ્રી ભંવરમલ સિંધી અને તેમનાં પત્ની શ્રીમતી સુશીલાબહેનનું** સંઘના કાર્યાલયમાં જાહેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

૫. તા. ૧૭-૧૦-૬૦ના રોજ, યુનિવર્સિટી ઓફ લંડનની સ્કૂલ ઓફ ઓરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં અધ્યાપક તરીકે કામ કરતા અને એ જ યુનિવર્સિટી તરફથી પૂર્વના દેશોમાં બૌદ્ધધર્મના પ્રાચીન સાહિત્ય અને અવશેષોનો અભ્યાસ કરવા માટે મોકલવામાં આવેલ **બૌદ્ધદર્શન-વિશારદ ડૉ. પદ્મનાભ જૈનીનું** મુંબઇ ખાતે સાડાચાર વર્ષના ગાળે આગમન થતાં તેમનું સંઘના કાર્યાલયમાં સ્વાગત કરવામાં આવ્યું હતું અને એ રીતે સંઘના સભ્યોનો તેમની સાથે પરિચયસંપર્ક સાધવામાં આવ્યો હતો.

૬. તા. ૧૭-૧૨-'૬૦ના રોજ **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું** 'રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ' વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

૭. સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય **અધ્યાપક રમણલાલ ચીમનલાલ શાહને** મુંબઇ યુનિવર્સિટિ તરફથી 'નળદમયંતીની કથાનો વિકાસ' એ વિષય ઉપર તેમણે લખેલા મહાનિબંધને અનુમત કરીને પી. એચ. ડી. ની ડીગ્રી અર્પણ કરવામાં આવી તે અંગે તેમનું અભિનન્દન અને સન્માન કરવા માટે સંઘની કાર્યવાહક સમિતિની તા. ૬-૩-૬૧ના રોજ ખાસ સભા બોલાવવામાં આવી હતી.

માથેરાન પર્યટન

ગત વર્ષના મે માસ દરમિયાન સંઘના સભ્યો માટે તા. ૧-૫-૬૦ થી તા. ૯-૫-૬૦ સુધી, એમ નવ દિવસનું માથેરાનનું પર્યટન યોજવામાં આવ્યું હતું. આ પર્યટનમાં નાનાં મોટાં ભાઇ બહેનો તેમ જ બાળકો મળીને કુલ ૬૫ જણાં જોડાયાં હતાં અને એ પર્યટન અનેક રીતે આનંદપ્રદ બન્યું હતું.

નૌકાવિહાર

તા૦ ૪-૧૧-૬૦ ના રોજ રાત્રીના એપોલો બંદરથી ૮ થી ૧૧ સુધી સંઘના સભ્યો માટે બેબે સ્ટીમ નેવીગેશનની **'શોભના'** સ્ટીમર રોકવામાં આવી હતી. આ નૌકાવિહારમાં ૩૦૦ ઉપરાંત ભાઇ-બહેનો તથા બાળકોએ ભાગ લીધો હતો.

શ્રી મણિલાલ મોકચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘની આ પ્રવૃતિ સંતોષકારક રીતે ચાલે છે. વાચનાલયનો હંમેશાં ૧૨૫થી ૧૫૦ ભાઇઓ લાભ લે છે. વાચનાલયમાં આવતાં સામયિકોની યાદી નીચે મુજબ છે:-

૬ દૈનિકો, ૧૮ સાપ્તાહિકો, ૧૩ પાક્ષિકો, ૩૫ માસિકો, ૪ ત્રિમાસિકો અથવા વાર્ષિકો આવે છે. ભાષાની દૃષ્ટિએ ૮ અંગ્રેજી સામયિકો, ૬૦ ગુજરાતી સામયિકો અને ૮ હિંદી સામયિકો એમ કુલ ૭૬ સામયિકો આવે છે. પુસ્તકાલય વિભાગમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૫૩૮નાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં હતાં. પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૨૫૦ આસપાસ રહી છે. ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિના સંચાલન પાછળ રૂ. ૪૮૦૯-૨૬નો ખર્ચ કરવામાં આવ્યો છે, આવક રૂ. ૩૭૦૧-૬૬ની થઇ છે, એમ વર્ષની આખરે રૂ. ૧,૧૦૭-૬૦ની ખોટ આવી છે, તેમાંથી ગયા વર્ષનો વધારો રૂ. ૩૬૫-૫૨ બાદ કરતાં રૂ. ૭૪૨-૦૮ની ખોટ ઊભી રહે છે.

વૈદ્યકીય રાહત તથા માવજતનાં સાધનો

સંઘ તરફથી વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા ભાઇ-બહેનોને ઔષધો તથા ઇન્જેકશનો ખરીદી આપવામાં આવે છે. આ રાહત સાધારણ રીતે જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખવાનું વિચારાયું છે. એમ છતાં આ મદદ જૈન જૈનેતરના કશા ભેદભાવ સિવાય આપવામાં આવે છે.

સંઘમાં માંદાની માવજતનાં સાધનો સારા પ્રમાણમાં વસાવવામાં આવ્યાં છે અને તેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય આસપાસ વસતા કુટુંબોને આપવામાં આવે છે અને તેનો લાભ સારા પ્રમાણમાં લેવાય છે.

સંઘની કાર્યવાહી તથા આર્થિક પરિસ્થિતિ

સંઘ હસ્તક ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ઉપર સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૯ સભાઓ બોલવવામાં આવી હતી. સંઘની આર્થિક પરિસ્થિતિને લગતી વિગતો આ સાથે સાંકળેલા આવકજાવકના હિસાબ અને સરવૈયાં ઉપરથી માલુમ પડે તેમ છે. સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૩૬૯૫-૬૭નો થયો છે, આવક રૂા. ૮૬૪૯-૮૪ની થઇ છે, અને સરવાળે રૂા. ૪૯૫૪-૧૭નો વધારો રહ્યો છે. આમાંથી પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૨૬૫૨-૩૦ બાદ કરતાં રૂા. ૨૩૦૧-૮૭નો વધારો થયો છે, જે જનરલ ફંડ ખાતે લઇ જવામાં આવેલ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘની વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૪-૩-૬૧ શુક્રવારના રોજ સાંજના ૫.૩૦ વાગ્યે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સંઘના કાર્યાલયમાં શ્રી ખીમજી માડણ ભુજપુરિયાના પ્રમુખસ્થાને મળી હતી. શરૂઆતમાં ગત વર્ષનો વૃત્તાન્ત સંઘની કાર્યવાહક સમિતિ વતી સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે રજુ કર્યો હતો. તે મંજુર થયા બાદ સંઘના તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયનો ઓડિટ

થયેલો આવક જાવકનો હિસાબ અને વાર્ષિક સરવૈયાંઓ રજુ કરવામાં આવ્યા હતા. તેને મંજૂરી મળ્યા બાદ આગામી વર્ષના બન્ને સંસ્થાઓને લગતાં અંદાજપત્રો રજુ કરવામાં આવ્યા હતા અને સભાએ તે મંજુર કર્યા હતા.

ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિનાં અધિકારીઓ અને ૧૫ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

૧	શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ	પ્રમુખ
૨	,, લીલાવતીબહેન દેવીદાસ	ઉપપ્રમુખ
૩	,, પરમાનંદ કુંવરજી કાપડિયા	મંત્રીઓ
૪	,, ચીમનલાલ જેઠાલાલ શાહ	
૫	,, રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
૬	ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ	સભ્યો
૭	શ્રી પ્રવિણચંદ્ર મંગળદાસ શાહ	,,
૮	,, ચંદુલાલ સાંકળચંદ વકીલ	,,
૯	,, દામજી વેલજી શાહ	,,
૧૦	પ્રો. તારાબહેન આર. શાહ	,,
૧૧	શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ	,,
૧૨	,, જસુમતિબહેન મનુભાઇ કાપડિયા	,,
૧૩	,, રમણિકલાલ મણિલાલ શાહ	,,
૧૪	,, ચીમનલાલ ચકુભાઇ શાહ	,,
૧૫	,, મફતલાલ ભીખાચંદ શાહ	,,
૧૬	,, જયંતિલાલ ફતેચંદ શાહ	,,
૧૭	,, રતિલાલ નરસીદાસ મહેતા	,,
૧૮	,, રમણલાલ લાલભાઇ લાકડાવાળા	,,
૧૯	,, ચંપાબહેન વ્રજલાલ શાહ	,,
૨૦	,, ભગવાનદાસ પોપટલાલ શાહ	,,

સંઘના તેમ જ સંઘહસ્તક ચાલતા વાચનાલય પુસ્તકાલયના હિસાબ નિરીક્ષક તરીકે મેસર્સ શાહ મહેતા એન્ડ કું. નીમણૂંક કરવામાં આવી હતી. નિયત કાર્યક્રમ મુજબનું કામકાજ પુરૂં થયા બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

નવી કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી : મ. મો. શાહ વાચનાલય–પુસ્તકાલય સમિતિની નિમણૂંક

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની નવી ચુંટાયેલી કાર્યવાહક સમિતિની પહેલી સભા તા. ૨૯–૩–૬૧ બુધવારના રોજ મળી હતી જે પ્રસંગે નવી સમિતિમાં નીચેના સભ્યોની પુરવણી કરવામાં આવી હતી.

(૧) શ્રી કાન્તીલાલ ઉમેદચંદ ઘરેાડિયા
(૨) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૩) ,, કાન્તીલાલ ડાહ્યાભાઇ કોરા
(૪) ,, રજનીકાન્ત હલીચંદ શાહ
(૫) ,, ચંચળબહેન ટી. જી. શાહ

આ ઉપરાંત સંઘ હસ્તક ચાલતા વાંચનાલય પુસ્તકાલય અંગેની સમિતિ બંધારણ મુજબ કુલ ૯ સભ્યોની કલ્પવામાં આવી છે. અધિકારની રૂએ પાંચ ટ્રસ્ટીઓ અને સંઘની નવી કાર્યવાહક સમિતિ તરફથી નીમાતા ચાર સભ્યો. આ પાંચ ટ્રસ્ટીઓનાં નામ નીચે મુજબ છે :

૧ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
૨ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૩ ,, રમણીકલાલ મણિલાલ શાહ
૪ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫ ,, પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ્ર

નવા નિમાયલા ચાર સભ્યોનાં નામ નીચે મુજબ છે:–

૧ શ્રી ચીમનલાલ જે. શાહ
૨ ,, પ્રવીણભાઇ મંગળદાસ
૩ ,, રમણલાલ ચી. શાહ
૪ ,, ચંદુલાલ સાકળચંદ શાહ

આ સમિતિના મંત્રી તરીકે શ્રી ચીમનલાલ જે. શાહની નિમણુક કરવામાં આવી છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

સચ્ચાઇની શેખી

ગત માર્ચ માસ દરમિયાન અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીની સેનેટની સભામાં કોઇ પ્રશ્ન ઉપર બોલી રહેલા તે યુનિવર્સિટીના પૂર્વગામી ઉપકુલપતિ શ્રી મગનભાઇ દેસાઇ ઉશ્કેરાયલા દેખાયા, એટલે પ્રમુખસ્થાન શોભાવતા અદ્યતન ઉપકુલપતિએ તે ઉશ્કેરાટ તરફ શ્રી મગનભાઇનું ધ્યાન ખેંચ્યું અને આ ચર્ચામાં આમ ઉશ્કેરાવાની જરૂર નથી એ મતલબનું તેમને સુચવવામાં આવ્યું. આ સાંભળીને શ્રી મગનભાઇ દેસાઇ વધારે ઉશ્કેરાઇને કહેવા લાગ્યા કે "આ રીતે ઉશ્કેરાવાનો મને પૂરો હકક છે, મને ગાંડા થવાનો–પાગલ બનવાનો પણ–પૂરો હકક છે." છાપાઓમાં પ્રગટ થયેલો આ અહેવાલ સાચો હોય તો તે સંબંધે થોડુંક કહેવાનું પ્રાપ્ત થાય છે.

શ્રી મગનભાઇ દેસાઇએ ઉપરના વિધાનમાં હકકની વાતો કરવાને બદલે એમ જણાવ્યું હોત કે "આ રીતે ઉશ્કેરાવું એ મારો સ્વભાવ છે અને આમ વર્તતાં કોઇ દિવસ હું ગાંડો થઇ જાઉં તો પણ તે મારા સ્વભાવનું જ પરિણામ સમજવું" તો તે સામે કોઇને કશું કહેવાનું કે વિચારવાનું ન રહેત. પણ જાહેર સભામાં બેઠેલી અને સભ્યનો અધિકાર ધરાવતી કોઇ જવાબદાર વ્યકિત 'મને ફાવે ત્યારે ઉશ્કેરાવાનો અને ફાવે ત્યારે ગાંડા થવાનો એટલે કે બેફામ રીતે વર્તવાનો અધિકાર છે' એમ કહે ત્યારે જાહેર જીવનમાં સર્વસ્વીકૃત સભ્યતાનો તે વ્યકિત ધનકાર કરે છે એમ જ કહેવું રહ્યું. અવું વલણ જાહેર જીવનમાં કેવળ વાંધાપડતું લેખાવું જોઇએ. શ્રી મગનભાઇના ઉપર જણાવેલ ઉદ્‌ગારો વાંચીને આપણને આશ્ચર્ય સાથે પ્રશ્ન થાય છે કે શ્રી મગનભાઇ જેવી શિષ્ટ, સુશિક્ષિત, ગાંધીવિચારપૂત વ્યકિત આમ કેમ બોલતી હશે? આમ કેમ વર્તતી હશે?

આવા માનસિક વલણનું પૃથક્કરણ કરતાં લાગે છે કે કેવળ સત્ય ઉપર પોતાની જાતને નિર્ભર માનતી વ્યકિત ઘણી વખત એમ માનતી હોય છે કે પોતાને સહજપણે ભાસતું સત્ય સામેનો સમુદાય ન સ્વીકારે તો તે સામે ઉશ્કેરાવાનો, અને કઠોર વાણી વાપરવાનો પોતાને જન્મસિદ્ધ હક્ક છે. આમ વિચારવું અને આવો દાવો કરવો એક પ્રકારે સત્યવાદીપણાની શેખી છે.

આમાં પણ જે મહાપુરૂષનો સાંપ્રતકાળમાં આખા દેશ ઉપર અસાધારણ પ્રભાવ પડેલો હોય તેની વિચારધારાના ગણ્યાગાંઠ્યા પ્રતિનિધિઓમાંના એક તરીકે પોતાની જાતને જે વ્યકિત લેખતી હોય તે વ્યકિતને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે એ વિચારધારાનો લોપ થતો દેખાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે વિચારધારાના રક્ષક તરીકે તે મહાપુરૂષની વહારે ધાવાનો પોતાને એક વિશિષ્ટ ધર્મ પ્રાપ્ત થાય છે એમ પણ એ વ્યકિત માનતી હોય છે. આમાંથી પણ એક પ્રકારની શેખી જ જન્મ પામે છે.

શ્રી મગનભાઇના ઉપર જણાવેલ ઉદ્‌ગારોમાં આ બન્ને પ્રકારની શેખીનું આપણને દર્શન થાય છે. જેમ તપની પ્રક્રિયા સંયમ અને સમભાવથી શોભે છે, અથવા તો, તપની ચરિતાર્થતા સંયમ અને સમભાવમાં જ રહેલી છે, તેવી જ રીતે, સત્ય પણ નમ્રતાથી જ શોભે છે, એટલે કે, સત્યની ચરિતાર્થતા નમ્રતામાં, અન્ય પ્રતિ પૂરા આદરમાં, વર્તનવ્યવહારની પૂરી સૌમ્યતામાં રહેલી છે. પણ ચાલુ અનુભવ આપણને જુદી જ વસ્તુસ્થિતિનું દર્શન કરાવે છે. તપ સાથે ક્રોધ મોટા ભાગે સંકળાયેલો માલુમ પડે છે. એવી જ

રીતે સચ્ચાઇ સાથે શેખી એટલે કે હું જ સાચો છું, સાચું કહેવાની મારામાં જ હીંમત છે, હું જ નીડર અને નિર્ભય છું, અન્ય સૌ તકવાદી, વ્યવહારવાદી અથવા તો બાંડછોડવાદી છે. અથવા તો ગાંધીજીને અતુલક્ષીને કહીએ તો હું જ ગાંધીને સમજું છું, અન્ય સૌ કોઇ ગાંધીને બીલકુલ સમજતા નથી. હું જ ગાંધી વિચારનો ખરો પુરસ્કર્તા છું, અન્ય સૌ ગાંધીને ડુબાડવા બેઠા છે—આવો મનોભાવ મોટા ભાગે જોડાયલો જોવામાં આવે છે. શ્રી મગનભાઇમાં ગાંધીજીની સચ્ચાઇ છે, હશે. પણ ગાંધીજીની નમ્રતા, વ્યવહારદક્ષતા, સૌમ્યતા નથી. એ કારણે જ શ્રી મગનભાઇના મોઢામાંથી ઉપર જણાવ્યા તેવા પ્રમત્ત ઉદ્‌ગારો અવારનવાર નીકળે છે અને એ કારણે શ્રી મગનભાઇ અનેકને અવારનવાર ખૂબ ખટકે છે.

મહાવીર જયન્તી અને 'અતિથિવિશેષ'ની નિયુક્તિ

જ્યારે પણ કોઇ સભા, સંમેલન કે સમારંભ યોજવામાં આવે ત્યારે તે સભા, સંમેલન કે સમારંભનું સંચાલન કરે અને પ્રસંગને યોગ્ય માર્ગદર્શન આપે એ હેતુથી કોઇ એક વિશિષ્ટ વ્યક્તિની પ્રમુખ તરીકે નિયુક્તિ કરવામાં આવે—આ પ્રકારની પરંપરા કંઇ કાળથી આપણા જાહેરજીવનમાં ચાલતી આવી છે. ઉપર જણાવ્યા મુજબ કોઇ વિશિષ્ટ વ્યક્તિની પ્રમુખ તરીકે નિયુક્તિ કરવા પાછળ તે વ્યક્તિનું એ રીતે બહુમાન કરવું એવો આશય પણ યોજકોના દિલમાં રહેતો જ હોય છે. સમય જતાં એક જ સભા સંમેલન કે સમારંભમાં બે વિશિષ્ટ વ્યક્તિનું એક સાથે બહુમાન કરવાનો વિચાર થતો ત્યારે પ્રમુખસ્થાન સંભાળવા માટે એક વિશિષ્ટ વ્યક્તિ અને સભા, સંમેલન કે સમારંભનું ઉદ્‌ઘાટન કરવા માટે બીજી એક વિશિષ્ટ વ્યક્તિ—એમ બે વિશિષ્ટ વ્યક્તિઓની પસંદગી કરવાનું શરૂ થયું. આમાં ઉદ્‌ઘાટન કરવા માટે મોટા ભાગે બહારની અને પ્રમુખસ્થાન માટે પસંદ કરાયલી વ્યક્તિ કરતાં વધારે ઊંચું સ્થાન ધરાવતી વ્યક્તિની પસંદગી કરવામાં આવતી.

સમયાન્તરે 'અતિથિવિશેષ' તરીકે કોઇ એક વિશિષ્ટ વ્યક્તિની પસંદગી કરવાની પ્રથા આપણા જાહેર જીવનમાં પ્રવેશ પામી. શરૂઆતમાં સામુદાયિક ભોજનસમારંભના પ્રસંગે પ્રસ્તુત સમુદાયની બહારની કોઇ વિશિષ્ટ વ્યક્તિને 'અતિથિવિશેષ' તરીકે નોતરવામાં આવતી. આગળ જતાં કોઇ પણ સભા, સંમેલન કે સમારંભમાં પણ કોઇ ધનવાન વ્યક્તિને, જે સંસ્થા તરફથી પ્રસ્તુત સભા, સંમેલન કે સમારંભ યોજવામાં આવેલ હોય તે સંસ્થાને આર્થિક લાભ થાય એ આશયથી, 'અતિથિવિશેષ' તરીકે લાવવાની બોલાવવાની પ્રથાનું અનુસરણ ચાલુ થયું. આમ 'અતિથિવિશેષ' તરીકે કોઇને બોલાવવાની પ્રથાનો આપણા જાહેર જીવનમાં વિશેષ અને વિશેષ ઉપયોગ થવા લાગ્યો. કદિ કદિ ત્રણ વિશિષ્ટ વ્યક્તિઓનો એક સાથે લાભ લેવાના હેતુથી એક વ્યક્તિ પ્રમુખ થવા માટે, એક વ્યક્તિ ઉદ્‌ઘાટન કરવા માટે અને એક વ્યક્તિ અતિથિવિશેષ તરીકે એમ એક જ સભા, સંમેલન કે સમારંભમાં જુદા જુદા હેતુથી ત્રણ વિશિષ્ટ વ્યક્તિઓની નિયુક્તિ કરવામાં આવતી હોવાનું માલુમ પડે છે.

આ છે પ્રમુખ, ઉદ્‌ઘાટક, અને અતિથિવિશેષને લગતી પ્રથાનું સ્વરૂપ. પણ તાજેતરમાં ભગવાન મહાવીરનો જન્મદિવસ ઉજવવા અંગે મુંબઇ ખાતે બીરલાભાતુશ્રીસભાગારમાં બોલાવેલી સભાનું કોઇ વિચિત્ર રીતે જ આયોજન કરવામાં આવ્યું હોવાનું માલુમ પડે છે. આવી સભામાં સભાના ગારવ તેમ જ સંચાલન અર્થે કોઇ વ્યક્તિ પ્રમુખસ્થાને હોવી જ જોઇએ. તેના બદલે આ સભામાં કોઇ પ્રમુખ જ નહિ. વળી આવી સભામાં 'અતિથિવિશેષ'નું કોઇ સ્થાન જ હોઇ ન શકે, કારણ કે, ભગવાન મહાવીરનો જન્મદિવસ ઉજવવામાં કોઇ એક વ્યકિતનું આતિથ્ય કરવાપણું હોય જ નહિ. એમ છતાં સાહુ શ્રેયાંસપ્રસાદને અતિથિવિશેષ તરીકે બોલાવવામાં આવ્યા અને તેઓ એ રીતે પધાર્યા. અહિં 'અતિથિવિશેષ' તરીકે કોઇને લાવવાની પ્રથાનો સમજણ વિનાનો અતિરેક અથવા તો તે અંગે ભારે મોટો ઔચિત્યભંગ થયો છે એમ કહ્યા વિના રહી શકાતું નથી.

આમ કેમ બનવા પામ્યું તેની તપાસ કરતાં જે કારણ જાણવા મળે છે તે કારણ પણ ભારે કઢંગુ માલુમ પડે છે. આને લગતી સમિતિની થોડા દિવસો પહેલાં મળેલી સભામાં પ્રમુખ તરીકે કોને બોલાવવા તે માટે બે ત્રણ વિશિષ્ટ વ્યક્તિઓનો ક્રમ નકકી કરવામાં આવ્યો હતો અને તે નકકી કરવાની જવાબદારી અમુક વ્યક્તિને સોંપવામાં આવી હતી. બીજી બાજુએ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીને પ્રસ્તુત સભામાં વ્યાખ્યાન આપવાનું કહેવા માટે અન્ય અમુક વ્યક્તિને સુચવવામાં આવ્યું હતું. મુનિશ્રીએ ગૃહસ્થ પ્રમુખસ્થાને હોય તો વ્યાખ્યાન આપવાની આનાકાની દાખવી, અને કોઇ ખાસ વ્યક્તિને બોલાવવી હોય તો પ્રમુખને બદલે 'અતિથિવિશેષ' તરીકે બોલાવો એમ તેમના તરફથી સુચવવામાં આવ્યું. તેમાંથી જયંતીઉત્સવને લગતી સભાની ઉપર જણાવી તેવી કઢંગી યોજના પરિણમી. પ્રસ્તુત મુનિશ્રી અર્વાચીન વિચારણાના પ્રરૂપક હોવા છતાં ઉપર જણાવી તે ગુંચ ઉભી કરે, અને તેનો આવો કઢંગો નિકાલ લાવવામાં આવે—એ બંને બાબત આજના જાહેર જીવનની પ્રથા અને રીતરસમ સાથે જરા પણ બંધબેસતી નથી. ભવિષ્યમાં આવી ભૂલ આપણા હાથે થવા ન પામે એવો આવા ઉત્સવસંમેલનોના પ્રયોજકોને અનુરોધ કરવામાં આવે છે.

અભિનન્દન, અભિનન્દન, અભિનન્દન !

તા. ૨૬-૩-૬૧ના રોજ મુંબઇ ક્ષહેરની મ્યુનીસિપલ કોરપોરેશનના સભ્યોની ચૂંટણી થઇ તેની અંદર ચૂંટાયલા સભ્યોમાં કેટલીક એવી વ્યકિતઓ છે કે જેમની સાથે તે દરેક જૈન હોઇને મુંબઇ જૈન યુવક સંઘનો સીધો કે આડકતરો સંપર્ક રહેલો છે. શ્રી જીવરાજ ભાણજી શાહ કોંગ્રેસી ઉમેદવાર માંડવી વિભાગમાંથી આ વખતે ત્રીજીવાર ચૂંટાયા છે, શ્રી. જીવરાજભાઇ જૈન સમાજના જાણીતા આગેવાન છે. શ્રી લીલીબહેન પંડ્યા કોંગ્રેસી ઉમેદવાર વાલકેશ્વરમાંથી પહેલીવાર ઉભા રહેવા છતાં સૌથી વધારે મતપ્રદાનપૂર્વક ચૂંટાયા છે. તેમનો પરિચય તા૦ ૧-૩-૬૧ના પ્રબુદ્ધ જીવનમાં આપવામા આવ્યો છે. શ્રી. મુકિતલાલ વીરવાડીઆ કોંગ્રેસી ઉમેદવાર માર્કેટ વિભાગમાંથી પહેલીવાર ચૂંટાયા છે. તેઓ રાંધણપુરના વતની અને મુંબઇના જાણીતા સામાજિક કાર્યકર્તા છે. ડો૦ જે. એમ. લાખાણી કોંગ્રેસી ઉમેદવાર ખેતવાડી વિભાગ તરફથી પહેલીવાર ચૂંટાયા છે. શ્રી કાન્તિલાલ પારેખ કોંગ્રેસી ઉમેદવાર દાદર વિભાગ તરફથી પહેલીવાર ચૂંટાયા છે. શ્રી જયુભાઇ વાડીલાલ શાહ સ્વતંત્ર ઉમેદવાર અંધેરી દક્ષિણ વિભાગ તરફથી પહેલીવાર ચૂંટાયા છે. શ્રી જયુભાઇ વીલેપારલેના જાણીતા સામાજિક કાર્યકર્તા છે. શ્રી છોટુભાઇ એમ. શાહ કોંગ્રેસી ઉમેદવાર કુંભારવાડા વિભાગ તરફથી ચૂંટાયા છે. આ બધા સફળ ઉમેદવારોને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ હાર્દિક અભિનંદન આપે છે અને તેઓ આ રીતે મુંબઇ શહેરની ખૂબ સેવા કરે અને તેના સ્વાસ્થ્ય અને શિક્ષણને ખૂબ વેગ આપે એવી તેમના વિશે આશા પ્રગટ કરવામાં આવે છે. સાથે સાથે શ્રી જયાબહેન શાહ જેઓ દાદર વિભાગમાં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઉભેલાં અને જેઓ એ વિભાગના એક જાણીતા સામાજિક કાર્યકર્તા છે તેઓ પોતાની ઉમેદવારીમાં નિષ્ફળ નીવડ્યા તે બદલ તેમના વિષે સહાનુભૂતિ પ્રગટ કરવામાં આવે છે અને આવી બાબતમાં સફળતા-નિષ્ફળતાનો બહુ વિચાર ન કરતાં જે સેવાપ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાએલા છે તેને સતત વળગી રહે અને વિકસાવતા રહે એવો તેમને અનુરોધ કરવામાં આવે છે,

પરમાનંદ

દર્શન અને જીવન

(પંડિત દલસુખભાઇ માલવણિયા પ્રબુદ્ધ જીવનના વાચકોને સુપરિચિત છે. તેમનું અધ્યયન, તેમ જ મૌલિક ચિંતન તેમના દરેક લેખમાં પ્રગટ થતું રહ્યું છે, એમ છતાં નીચે આપેલો લેખ તેમના આજ સુધીના અધ્યયન અને ચિન્તનના નિષ્કર્ષરૂપ છે. વેદકાળથી અને તે પહેલાના સમયથી માંડીને આજ સુધી દર્શન અને જીવનનો ભારતીય જીવનમાં પરસ્પર કેવો સંબંધ રહ્યો છે અને દર્શનના વિકાસ પાછળ જીવનનો વિકાસ થતો રહેલો હોવા છતાં બન્ને વચ્ચે અમુક પ્રકારનો વિસંવાદ આજ સુધી ચાલુ રહ્યો છે તેનું ઐતિહાસિક દૃષ્ટિએ સુરેખ, સુસંગત અને તર્કપ્રધાન નિરૂપણ પ્રસ્તુત લેખમાં વાંચવા વિચારવા મળે છે. આ ગંભીર અર્થપૂર્ણ આલોચનાનું પુનઃ પુનઃ પરિશીલન કરવા આવા વિષયની ચર્ચામાં રસ ધરાવતા જિજ્ઞાસુ બંધુઓને તેમ જ બહેનોને ખાસ અનુરોધ કરવામાં આવે છે. **તંત્રી**)

દર્શન એ શું છે?

દર્શન એટલે સાક્ષાત્કાર. એ કરવાને અનેક પ્રાચીન ઋષિઓએ પ્રયત્ન કર્યો અને તેમને જે વસ્તુતત્ત્વ દેખાયું તેનું વર્ણન તેઓ કરી ગયા છે અને તે વર્ણનમાં એકરૂપતા નથી એટલે આપણે ત્યાં દર્શનોનું વૈવિધ્ય છે. વળી જેને સાક્ષાત્કાર કહેવામાં કે સમજવામાં આવ્યો છે તે પણ સાક્ષાત્કર્તાની ભૂમિકાને અનુસરીને જ હશે એટલે પણ મૂળે સાક્ષાત્કારમાં પણ ભેદ હતો જ તેમ માનવું રહ્યું. એ સાક્ષાત્કારમાં જ ભેદ હોય તો તેના વર્ણનમાં ભેદ આવે જ એ સ્વાભાવિક છે અને એ વર્ણનોને આધારે વિભિન્ન પરંપરા કે સંપ્રદાયો બને છે જેઓ તે તે વર્ણનોને સમર્થિત કરવામાં પોતાની સમગ્ર શક્તિનો ઉપયોગ કરે છે. આમ આપણે ત્યાં દર્શનોની અનેક ધારા બની છે અને દર્શન એ માત્ર દર્શન નથી રહ્યું પણ તત્ત્વજ્ઞાન બની ગયું છે. એટલે કે દર્શનને નામે જે આપણી સામે આવે છે તે સાક્ષાત્કાર નહિ પણ એના સમર્થનમાં જે તર્ક-વિતર્કો બુદ્ધિ કરે છે એને આપણે દર્શન સ્વીકારતા થઇ ગયા છીએ. સંક્ષેપમાં કહેવું હોય તો કોઇ એક કલ્પનાને આધારભૂત માનીને એ કલ્પનાથી જે કાંઇ વિરુદ્ધ જતું હોય તે સમગ્રનો વિચાર કરી તર્ક-વિતર્ક દ્વારા એ બધાનો મૂળકલ્પના સાથે મેળ બેસાડવા જે પ્રયત્ન થાય છે તે જ તત્ત્વજ્ઞાનની-દર્શનની એક ધારા બની જાય છે. એટલે કે દર્શન શબ્દ તેના મૂળ અર્થને છોડીને તર્ક-વિતર્કના અર્થમાં વપરાતો થઇ ગયો છે.

ભારતીય દર્શનો કે તત્ત્વજ્ઞાનની શાખાઓનું વર્ગીકરણ અભેદવાદી દર્શનો અને ભેદવાદી દર્શનો એમ કરવામાં આવે છે. તે પાછળ એ દૃષ્ટિ છે કે આ વિશ્વમાં મૌલિક તત્ત્વ એક જ છે અદ્વૈત છે એમ માનનાર એક વર્ગ અને મૌલિક તત્ત્વ એક માત્ર નહિ, પણ એકથી વધારે છે એમ માનનાર બીજો વર્ગ. પણ તત્ત્વનો અભેદ કે ભેદ એ ઐકાંતિક નથી એવું માનનાર પણ એક સમન્વયવાદી વર્ગ છે એટલે તેનો દર્શનોમાં એક ત્રીજો વર્ગ ગણવો જોઇએ. આ રીતે આપણા દર્શનોના ત્રણ વર્ગ પડે છે. આ ત્રણ વર્ગોમાં ભારતીય તો શું પણ વિશ્વના સમગ્ર દર્શનોનો સમાવેશ કરી શકાય એમ છે.

દર્શનોનું એક બીજી રીતે પણ વર્ગીકરણ કરવામાં આવે છે. બાહ્ય જગતને વાસ્તવિક માનનાર એક વર્ગ છે, જ્યારે બીજો વર્ગ તેની વાસ્તવિકતાનો ઇન્કાર કરે છે. જે વર્ગ બાહ્ય જગતની વાસ્તવિકતાનો ઇન્કાર કરે છે તેને આપણે વિજ્ઞાનવાદીને નામે ઓળખી શકીએ અને જે વાસ્તવિકતાને સ્વીકારે છે તેને વાસ્તવવાદી કહીશું. વળી જડચેતનને આધારે પણ દર્શનોનું વર્ગીકરણ કરવું હોય તો એક વર્ગ એવો છે જે સંસારમાં મૌલિક પદાર્થરૂપે માત્ર જડને જ સ્વીકારનાર છે, જ્યારે બીજો વર્ગ માત્ર ચેતનને મૌલિક તત્વ રૂપે સ્વીકારે છે અને ત્રીજો વર્ગ એવો છે જે જડ-ચેતન બન્નેને મૌલિક તત્ત્વરૂપે સ્વીકારે છે. વળી આપણે ત્યાં તો ધર્મ અને દર્શન કાંઇ જુદા નથી એ દૃષ્ટિએ વિચારીએ તો જે દર્શનો મોક્ષને પરમપુરુષાર્થ માને છે તેનો એક વર્ગ અને જેને મતે પરલોક જેવું જ કશું નથી તો મોક્ષની તો વાત જ શી-એનો બીજો વર્ગ. આમ દર્શનધારાઓનું વિવિધ રીતે વર્ગીકરણ કરી શકાય છે

આટલી વિચારણા ઉપરથી એક વસ્તુ તો ધ્યાનમાં સહજ આવી જાય છે કે દર્શનનું મુખ્ય કાર્ય વિવિધતામાં રહેલ એકતાને શોધવાનું છે અથવા તો કહો કે સપાટી ઉપર જે કાંઇ દેખાય છે તેને જ પરમતત્ત્વ ન માની લેતાં તેના મૂળમાં જવાનો પ્રયત્ન એ દર્શન છે. આથી જ એમ કહી શકાય કે સર્વવિદ્યાઓની વિદ્યા એ દર્શનવિદ્યા છે. શાસ્ત્ર કે વિદ્યા કોઇ પણ હોય પણ તેમાં મૌલિક તત્ત્વ શું છે, એ વિદ્યાની આધારશિલા શી છે એનો વિચાર કરવો એ જ દર્શનનું કામ છે. કાયદા આપણે ઘણા ઘડી કાઢીએ. પણ અત્યાર સુધી જે કાયદા ઘડાયા અને એના અનુભવે હવે જે કાયદા ઘડવાના જરૂરી હોય તે બધાની પાછળ કઇ દૃષ્ટિ કાર્ય કરી રહી છે તે શોધવાનું કાર્ય દર્શનનું છે. રાજનીતિના અનેક સિદ્ધાન્તો નવા નવા શોધાય અને અમલમાં આવે, પણ એ બધાની પાછળ એક સુરાજ્યનું સળંગ તંતુ કયું છે એ શોધવાનું કાર્ય દર્શન કરે. ભૌતિક વિજ્ઞાનમાં શોધો ઘણી થાય, પણ એ બધી શોધોને એક સળંગ સૂત્રમાં બાંધી આપવાનું કાર્ય તો એક દાર્શનિક જ કરી શકે. અનેક કવિઓ કાવ્યરચના કરે છે તે પોત-પોતાના ચિત્તંત્રને અનુસરીને, પણ એમાંથી કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતોની તારવણી એ જ કાવ્યદર્શન કે કાવ્યશાસ્ત્ર છે. વળી આ બધી વિદ્યાઓના ક્ષેત્રે જે કાંઇ સિધ્ધિઓ થઇ હોય એ બધામાં પણ કાંઇ સામાન્ય તત્ત્વ કામ કરી રહ્યું છે કે નહિ એ દેખાડવાનું કાર્ય તો સર્વશાસ્ત્ર-વિશારદ કોઇ દાર્શનિક જ કરી શકે. આમ દર્શન એ સર્વ વિદ્યાઓની વિદ્યા કહેવાય તો અજુગતું નથી.

કાળની દૃષ્ટિએ દર્શનવિકાસ

ભારતીય દર્શનોની વિચારધારાનો કાળની દ્રષ્ટિએ જો વિચાર કરીએ તો વેદ એ ઉપલબ્ધ સામગ્રી છે. તેને આધારે એમ કહી શકાય કે ભારતીય દર્શનમાં સર્વપ્રથમ સૃષ્ટિવિચારને સ્થાન મળ્યું છે એટલે કે દર્શન સામે સર્વપ્રથમ એ પ્રશ્ન આવ્યો છે કે આ વિશ્વની ઉત્પત્તિ શાથી થઇ? તેનાં મૂળમાં શું હતું? આ વિચારમાંથી આ વિશ્વની ઉત્પત્તિના કારણરૂપે અસતથી માંડીને, આકાશાદિ ભૂતો, વરુણાદિ અનેક દેવો અને છેવટે બ્રહ્મ કે આત્મા એ જ જગતની ઉત્પત્તિના મૂળમાં છે એ કલ્પના ઉપનિષદ્કાળમાં સ્થિર થઇ.

વિચારપક્ષે સૃષ્ટિની ઉત્પતિની સમસ્યા હતી તો જે તત્વને સૃષ્ટિના મૂળમાં માનવામાં આવ્યું તે તત્વની ઉપાસના પણ આચારપક્ષે થતી ચાલી. આથી વેદકાળમાં યજ્ઞસંસ્થા દૃઢ થઇ અને તે સંસ્થાએ તે વખતના આચારમાં પ્રાધાન્ય પ્રાપ્ત કર્યું.

ઉપનિષદ્કાળમાં સંસાર-વિશ્વનો મૂળમાં એક આત્મા કે બ્રહ્મ જ છે એવી માન્યતા જ્યારે સ્થિર થઇ ત્યારે એ આત્મા-વિષે જ હવે વધારે શ્રવણ-મનન-નિદિધ્યાસન આવશ્યક છે એમ મનાયું. એટલે ઋષિઓ આત્માની શોધમાં જ લાગી ગયા. તેથી આ કાળમાં યજ્ઞરૂપ કર્મકાંડનું મહત્વ ઘટી જ્ઞાનમાર્ગનું મહત્વ વધ્યું. આથી ત્યારપછીના દર્શનોમાં તત્વજ્ઞાનને મહત્વ મળ્યું

અને જે જે વિવિધદર્શનો રૂપે વિચારધારાઓ આવી એમાં સર્વત્ર આત્મા એ જ છે કે તે સિવાય પણ કાંઇ છે કે નહિ? હોય તો આત્મ-અનાત્મનો વિવેક કેમ કરવો-આજ મુખ્યપણે ચર્ચાનો વિષય રહ્યો છે.

દર્શનોમાં આ જ્ઞાનમાર્ગ એટલે કે આત્મ-અનાત્મના વિવેકનો જ્ઞાનમાર્ગ છેક મધ્યકાળ સુધી ચાલ્યો છે. આ જ કાળમાં વેદાન્તના વિવિધ ભેદો, વિજ્ઞાનવાદ, શૂન્યવાદ જેવા વાદો સ્થિર થયા છે અને સાથે જ આત્મેતર વસ્તુઓના અસ્તિત્વને માનનારા વાદો પણ સ્થિર થયા છે. આ આખો કાળ જ્ઞાનમાર્ગી છે. એટલે કે વિચાર અને આચારમાં પણ જ્ઞાનને જ મહત્ત્વ આપે છે.

આ કાળમાં ઇશ્વરની કલ્પના પણ આવી છે, જે સમગ્ર જગતના સંચાલન માટે જવાબદાર છે એવા ઇશ્વર-પરમાત્માની કલ્પના તાર્કિક દૃષ્ટિએ આ કાળમાં જ સ્થિર થઇ છે. અને એ સ્થિર થઇ તેથી જ એ ઇશ્વરના વિવિધ અવતારોરૂપે શંકર, રામ, કૃષ્ણ જેવા મહાપુરુષોની ઉપાસનાને અવકાશ મળ્યો અને તેમાંથી ભારતીય દર્શનોમાં ઇશ્વર અને તેના વિવિધરૂપો અને તેની ઉપાસના એ જ મુખ્ય પ્રતિપાદ્ય બની ગયું. આ કાળ ભારતીય દર્શનોમાં અંતિમ છે અને તેમાં જ ભારતીય દર્શનોની ઇતિશ્રી થઇ ગઇ છે. આનો પ્રારંભ છેક વિક્રમસંવતના પ્રારંભ સુધી જાય છે. પણ તેણે પોતાનું પાર્થક્ય સ્થિર કર્યું. વિક્રમની ચોથી પાંચમી શતાબ્દીમાં અને પછી તો ભારતીય દર્શનોમાં એ ભક્તિદર્શન અને ભક્તિમાર્ગ છેક આજ સુધી ચાલ્યો આવ્યો છે અને તેનું જ પ્રાધાન્ય આજના આચારમાં છે. આમ કાળની દૃષ્ટિએ સૃષ્ટિવાદ, જ્ઞાનવાદ અને ભક્તિવાદ એ ત્રણેય ભારતીય દર્શનોનાં સોપાન છે.

દર્શનોનું ધ્યેય-મોક્ષ

ભારતીય ધર્મોમાં જ્યારથી મોક્ષપુરુષાર્થને પરમ પુરુષાર્થ તરીકે સ્વીકારવામાં આવ્યો છે ત્યારથી ચાર્વાક સિવાયના સમગ્ર દર્શનોનું પ્રયોજન મોક્ષ જ મનાયો છે. અર્થ અને કામ વિષેના ભારતીય શાસ્ત્રો પણ મોક્ષને પ્રયોજન સ્વીકારતા હોય તો તત્ત્વવિદ્યામાં તો મોક્ષને અવશ્ય સ્થાન મળે એ સ્વાભાવિક છે. સામાન્ય રીતે તે તે દર્શનોનું એવું મન્તવ્ય છે કે મોક્ષપ્રાપ્તિમાં આવશ્યક અંગરૂપે તે તે દર્શનોમાં પ્રતિપાદિત થયેલ તત્ત્વવિદ્યાનું જ્ઞાન છે. અર્થાત્ તે તે દર્શનોમાં પ્રતિપાદિત થયેલ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થયા વિના મોક્ષપ્રાપ્તિ સંભવે નહિ. આ પ્રકારનું મન્તવ્ય સ્થાપિત થયેલ છે, પણ તે તે દર્શનોનાં મન્તવ્યોનો પરસ્પર વિરોધ છે. આથી એક દર્શનનું તત્ત્વજ્ઞાન તે બીજાને મતે મિથ્યાજ્ઞાન સિદ્ધ થાય છે. તો મોક્ષરૂપ એક પ્રયોજનને સિદ્ધ કરવા પરસ્પર વિરોધી એવાં મન્તવ્યો કેવી રીતે કારણ બની શકે આવો એક વિચાર તટસ્થને આવે એ સ્વાભાવિક છે. વળી દાર્શનિકોમાં મોક્ષના કારણરૂપે એકમાત્ર તત્ત્વજ્ઞાન, એકમાત્ર આચાર-ક્રિયા, એકમાત્ર ભક્તિ, અથવા જ્ઞાન-ક્રિયા બન્ને એમ મન્તવ્યભેદો પણ પ્રવર્તે છે. આ સ્થિતિમાં વિચારવું એ પ્રાપ્ત થાય છે કે આપણા કોઇ પણ એક દર્શનનો આશ્રય લઇ તેમાં સાધક નિષ્ઠા રાખે તો મોક્ષ સંભવે કે નહિ? કે પછી એમ જ માનવું કે આ બધા કદાગ્રહો જ છે. સ્વસ્વની પ્રશંસામાત્રમાં પ્રવૃત્ત છે, અને મોક્ષમાર્ગ તો કોઇ જુદો જ છે?

આ પ્રશ્નનો વિચાર કરતાં પહેલા મોક્ષનું સ્વરૂપ જો સમજી લઇએ તો તેના કારણની ચર્ચા સરળ થઇ પડશે.

મોક્ષ શબ્દનો સીધો અર્થ છે છૂટકારો. એટલે કે બંધનોથી છૂટકારો એ જ મોક્ષ છે. એ તો સર્વસંમત છે કે આત્મા પોતે વિજાતીય તત્ત્વના બંધનમાં સપડાયેલ છે. એ વિજાતીય તત્ત્વને દાર્શનિકો સંસ્કાર, અવિદ્યા, અજ્ઞાન, વાસના, કર્મ, જડ, સંસાર-એવાં વિવિધ નામો આપે છે. એ જે હોય તે. પણ સારાંશ એટલો જ છે કે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામે, તેને કોઇ પણ પ્રકારનું બંધન ન રહે એ આત્માનો મોક્ષ છે. સ્થુલ ભાષામાં કહેવું હોય તો આ મારું અને આ મારું નહિ-મારામાં રાગ અને જે મારું નથી તેમાં દ્વેષ—આમ આત્મા પોતાના આ જ્ઞાનને કારણે રાગદ્વેષ કરે છે એ જ બંધન છે. એ બંધનથી છૂટે તે જ મોક્ષ છે. રાગદ્વેષ એ અજ્ઞાનને કારણે થાય છે અને તે જ બંધન છે-આટલી વાત તો સર્વદર્શનસંમત છે. એટલે એ પણ સર્વસંમત છે કે એ બંધનનો નાશ થવાથી મોક્ષ થાય.

કોઇ પણ દર્શનથી મોક્ષ

આટલું નક્કી થયા પછી હવે આપણે મૂળ બે પ્રશ્નોમાંથી પ્રથમનો વિચાર કરીએ કે તત્ત્વજ્ઞાનમાં વિરોધ છતાં કોઇ પણ એક દર્શનને આશ્રયે મોક્ષની સંભાવના છે કે નહિ?

ભારતીય દર્શનના તત્ત્વજ્ઞાનમાં આપણને પરસ્પર વિરોધ જણાય છે, પણ એ વિરોધ તાત્ત્વિક રીતે નથી, પણ માત્ર સાધકની ભૂમિકાભેદોને કારણે તત્ત્વનિરૂપણની પ્રક્રિયાનો ભેદ છે-આવો એક ખુલાસો ભારતીય દાર્શનિકો કરે છે, ખાસ કરી અદ્વૈતવાદને માનનારા દાર્શનિકો. આ ભૂમિકાભેદને આશ્રયે તત્ત્વનિરૂપણની પ્રક્રિયામાં ભેદ પડયો છે તેથી તે દર્શનોમાં પરસ્પર વિરોધ ન માનવો જોઇએ-એમ તેઓ પ્રતિપાદન કરે છે. આ એક ખુલાસો થયો. પણ બીજા દાર્શનિકો વેદાન્તીઓના આ સમન્વયને સ્વીકારતા નથી એટલે મૂળ આપણો પ્રશ્ન કાયમ જ રહે છે. એટલે તેનું કોઇ બીજું જ સમાધાન પ્રસ્તુતમાં શોધવું જોઇએ અને તે એ કે બધા જ દાર્શનિકોને આત્મ-અનાત્મવિવેક પોતપોતાના તત્ત્વજ્ઞાનની પ્રક્રિયાનો આશ્રય લઇને કરાવવો ઇષ્ટ છે. તત્ત્વજ્ઞાનમાં તમે માત્ર એક જ આત્મા કે બ્રહ્મ માનો કે અનેક આત્મા અને તેથી ભિન્ન એક કે અનેક પદાર્થો માનો, પણ એક વસ્તુ તો સર્વદાર્શનિકોને સંમત છે કે એ બધા તત્ત્વોનું જ્ઞાન કરાવી આત્મ-અનાત્મનો વિવેક સાધકને કરાવવો. ભારતીય કોઇ પણ દાર્શનિક આ વિવેકને અમાન્ય નથી કરતો અને સૌ કોઇ સ્વીકારે છે કે આત્મ-અનાત્મના અવિવેકને કારણે જ મારા-તારાની ભાવના થાય છે અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે. આથી ભારતના પ્રત્યેક દર્શનમાં આ અવિવેકનું જ નિરાકરણ ઇષ્ટ છે તો કોઇ પણ દર્શનનો આશ્રય લઇ સાધક એ અવિવેકને ટાળી આત્મદર્શન કરી શકે છે અને તેથી મોક્ષને પણ પામી શકે છે એમ માનવામાં કશો જ વાંધો નથી. એટલે કે તત્ત્વજ્ઞાનમાં ભલે પરસ્પર વિરોધ દેખીતી રીતે કે વાસ્તવિક રીતે હોય, પણ તેથી કરીને તે બધાં દર્શનો આત્મ-અનાત્મનો વિવેક કરાવવા અસમર્થ છે એમ ન કહી શકાય. કારણ કે તેમના એ વિરોધી દેખાતા તત્ત્વજ્ઞાનનો એકમાત્ર ઉદ્દેશ એ વિવેક કરાવવો એ જ છે. આત્માથી અતિરિક્ત પદાર્થો ન માનો તો પણ એમ કહી શકાય, કે જે કાંઇ છે તે આત્મા જ છે, માટે સ્વપરનો ભેદ કરી રાગદ્વેષ શા માટે કરવા? અને આત્માથી અતિરિક્ત એક કે અનેક પદાર્થો હોય તો પણ એમ કહી શકાય છે કે તારાથી ભિન્ન જે વસ્તુઓ છે તે તારી નથી, કોઇની નથી, સૌ સ્વતંત્ર છે. તો તેમાંથી કોઇ એકને પસંદ કરી તેમાં રાગ અને બીજીને નાપસંદ કરી તેમાં દ્વેષ શા માટે? તું તારા સ્વરૂપનો જ વિચાર કરે તો જણાશે કે તુ

પોતે ચૈતન્યરૂપ અને એ બધી જડ. એ જડ-ચેતનનો મેળ શી રીતે? માટે ચેતન થઇને એ જડના બંધનમાં શા માટે પડે છે? આમ જડ-ચેતનરૂપ અનેક વસ્તુઓનું અસ્તિત્વ માનનાર દાર્શનિકો પણ આત્મ-અનાત્મ વિવેક કરાવી જ શકે છે. આથી નિઃસંશયપણે એમ કહી શકાય કે ભારતીય પ્રત્યેક દર્શનનો દાવો કે આ તત્ત્વજ્ઞાનથી મોક્ષ થાય છે-એ સાચો જ છે.

મોક્ષનાં કારણો.

હવે આપણે બીજો પ્રશ્ન લઇએ. કે જ્ઞાન, ક્રિયા, ભક્તિ કે જ્ઞાન-ક્રિયા એ મોક્ષનું કારણ છે? આમાં પણ ઉપર ઉપરથી વિચારતાં વિરોધ જણાય છે, પણ સૂક્ષ્મ રીતે વિચારીએ તો વિરોધ જેવું કશું જ નથી રહેતું. અહીં એક વાત આપણે સર્વ પ્રથમ જાણી લઇએ કે યોગદર્શનની વૃત્તિઓના નાશની વાતને તો બધા દર્શનોએ કે પક્ષોએ સ્વીકારી જ છે અને પછી જ્ઞાન આદિને કારણ તરીકે સ્વીકાર્યું છે. એટલે કે જ્ઞાનવાદીઓને મતે જ્ઞાન એ કારણ ખરું, પણ એ જ્ઞાનના મૂળમાં રાગદ્વેષની વૃત્તિઓથી રહિત થયેલો આત્મા હોય તો જ તેનું જ્ઞાન મોક્ષનું કારણ બને છે. એ જ પ્રકારે ક્રિયા એટલે આચરણને મોક્ષનું કારણ માનનારને મતે પણ આચરણ જ્યાં સુધી અજ્ઞાન-મૂલક હોય ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ થતી નથી. આથી એમ કહી શકાય કે આમાં પણ વિશુદ્ધજ્ઞાન-પૂર્વક ક્રિયા હોય ત્યારે જ મોક્ષ થાય છે. ભક્તિને કારણ માનનારને મતે પણ છેવટે તો આરાધ્ય સાથેના તાદાત્મ્યનો અનુભવ એ જ પરાભક્તિ છે તો તેમાં પણ જ્ઞાન અને ભક્તિ એવાં નામ જુદાં છે, પણ વસ્તુસ્થિતિમાં ભેદ નથી. અને જ્ઞાનક્રિયા બન્નેને કારણ માનનાર ઉપર્યુક્ત જ્ઞાનવાદી કે ક્રિયાવાદીની જ અન્તર્હિત વાતને જ સ્પષ્ટ કરીને કહે છે. આ ઉપરથી જણાશે કે શબ્દભેદો છતાં આ બધાં મોક્ષનાં કારણોમાં તાત્ત્વિક વાત તો એક જ છે અને તે એ કે આત્માની વિશુદ્ધિ-ક્લેશરહિતતા એ જે ભૂમિકામાં હોય તો તેને જ્ઞાન કહો કે આચરણ કહો કે બન્ને કહો-એમાં કાંઇ ભેદ નથી રહેતો.

આ પ્રમાણે આપણે જોયું કે ભારતીય દર્શનોના અંતિમ ધ્યેય મોક્ષ વિષે અને તેના અંતિમ સાધન વિષે તો દાર્શનિકોમાં તાત્ત્વિક મંતવ્યભેદ નથી, શબ્દતઃ ભેદ છે. પણ તેના તાત્પર્યનો વિચાર કરીએ છીએ ત્યારે એ ભેદ ગણી જઇ સર્વનું ઐકમત્ય તરી આવે છે. આમ અંતમાં એકતા છતાં આપણા સાધનાકાળમાં જીવન વ્યવહારમાં જે ભેદો દેખાય છે એટલે કે આપણું ચાલુ જીવન જે છે તેમાં જે ભેદ દેખાય છે તે વિષે દર્શનોને શું કહેવાનું છે તેનો વિચાર કરીએ અને એ વિચાર એટલે જ દર્શન અને જીવનના સંબંધનો ખુલાસો છે.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

કવન જીવતાં

(મંદાક્રાન્તા)

કાવ્યો સ્ફૂરે કંઇક ઉરમાં જે મહું શબ્દમાં ત્યાં
આવી છાનું કલમ ઝૂંટવે બાળ મસ્તીથી મારૂં;
ને બીજું કાગળ અધલખ્યા કાવ્યનો ઝૂંટવી લે
ચૂરેચૂરા ઘડીમહિં કરે વિધ્ય હૈયા સરીખાં.
પાછી લેતી કલમ કરમાં ત્યાં લીલા એ જ ચાલે,
કોઇ રીતે નહિ દઇ શકું કાવ્યને શબ્દદેહ.
હું તો કાવ્યો લખી ન શકતી દુઃખ તેનું, પરંતુ
ભૂલું એ સૌ જ્યહિ કવન આ જીવતાં માણું ત્યાં તો.

૨-૮-'૫૦ ગીતા પરીખ

કવિશ્રી રાજેન્દ્ર શાહની ચિન્તનમાધુરી

(ગતાંકથી ચાલુ)

જે જ્ઞાન પામવું છે તેમાં કોઇ પણ સૌથી વધુ વિઘ્નરૂપ થતું હોય તો તે છે માનવી પોતે જ—એનો 'અહમ્'. એટલે જ કવિ કહે છે—

'એકાન્ત માંહીં મુજ હું પદને અભાવ
સાયુજ્ય શાન્ત લહું વિશ્વ તણું પ્રગાઢ.'

('સાગરતીરે')

'કોઇ રે નાનું ને મોટું કોઇ ના
સરખા સહુ જીવજંત,
કણની તે અપરૂપ કાયમાં
પૂરણ વિલસે અનંત.
એકલો બોલે તે સ્વર હુંકારનો
એનાં દવલાં છે પાન,
સાત રે સ્વરનો જ્યાં મેળ સાંપડે
પ્રગટે અલૌકિક ગાન.'

('જુહાર')

આ અહમનો અંચલ દૂર થતાં આત્મા-પરમાત્માનું અંતર કેમ સહાય? હવે તો એ પરમશક્તિ-શિવ-ને આવાહન આપવું જ રહ્યું—

'આ ઝંખતા હાર્દ મહીં વિમુક્ત
જ્વાલામુખીના દવ ઊભરાય,
જ્વલ્યું 'હું'નું અંચલ, ભસ્મભૂત
કને હવે હે શિવ! આવ, આવ,
હલાહલોનો લઇ ઘૂંટ, પાત્રમાં
ભરી સુધા દે ફરી મીઠ માત્રમાં.'

('ભરી સુધા દે')

આ 'હું' છોડનારને બીજા પરિગ્રહનો તે કેવો લોભ હોય? એ તો ધરની માયા માટે પણ નિર્લેપ છે. આમ તો જુઓ, કેવી સરળતાથી આ સત્ય કવિ આલેખે છે?

ધરને ત્યજીને જનારને
મળતી વિશ્વ તણી વિશાળતા;
પછવાડે અડવા થનારને
ભરખે ધર કેરી શૂન્યતા.'

('એકલ')

અને અપરિગ્રહનો કેવો મંત્ર!—

'સર્વને પામવા સર્વ છોડવું: અવળી રીત!'

('મારૂં છે અન્ન')

—જાણે કે ઇશાવાસ્ય ઉપનિષદ આખુ એક લીટીમાં નીચોવી દીધું!

માઘ માસના વાયુને પોતાનું એકકેએક પર્ણ અર્પી દેતા શીમળાના પ્રતીકમાં પણ કવિ આ જ ભાવ આરોપે છે. એ શીમળાનું સર્વસમર્પણ જ એમને 'કાંટે કાંટે ફૂલ રતૂમડાં ફોરતાં શાં અસંખ્ય!'-કહેવા પ્રેરે છે. (એક જ લીટીમાં કવિ શીમળાનુ ઉલ્લાસમય ચિત્ર કેવી સિદ્ધતથી દોરી દે છે! શ્રી સુરેશ દલાલે સાચું કહ્યું છે કે રાજેન્દ્ર શાહની કલમ સહેલાઇથી પીંછી બની જાય છે.)

અપરિગ્રહનું તત્ત્વજ્ઞાન તો એમણે વારંવાર વિધવિધ

પ્રતીકોમાં વહેતું કર્યું છે. આ જુઓ કુંભનું પ્રતીક પણ કેવું ઉચિત લાગે છે!–

'શિરને ભર્યા કુંભનો લાગે ભાર,
વણભરેલો મેલતો પેલી પાર.'

('તેડે દૂર')

અને આ–'ભારનો ના કોઈ ભય,
ત્યાં કેવળ મોજનો રેલાય લય.'

('ઓરો આવતો જતો કાલ')

આમ શ્રી રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં વિચારની પ્રૌઢિ ને ચિંતનની ગહનતા ભારોભાર ભરી છે. કાવ્યતત્વની દૃષ્ટિએ જોતાં એમનાં કાવ્યમાં વાણીની તાજગી, રસમયતા, લયની મંજુલતા, પ્રતીકોની હૃદયગમ્ય સચોટતા, શબ્દેશબ્દની સાર્થકતા–એવા અનેક ગુણો સમાયા છે. પરંતુ આ લેખ એમના તત્વકાવ્ય-ચિંતન પૂરતો મર્યાદિત હોવાથી બીજી ચર્ચા અસ્થાને ગણાશે. એમનું આ ચિંતન માત્ર વિચારક્ષેત્રે જ નહિ પરંતુ આચારક્ષેત્રે રોજના જીવનમાં પણ તાત્વિક પ્રેરણા આપી જાય છે. એમનાં કાવ્યોનું એક આગવું નીતિશાસ્ત્ર (Ethics) છે. એ પોતાના અનુભવનો સૌને આસ્વાદ કરાવતાં પોતાના હૃદયને કેવું કહે છે!–

'હૃદય હે!
તવ હર્ષ કેરાં
તું બંધ ના અવર કાજ કરીશ દ્વાર.
તું આગળો દઈશ ત્યાં, પ્રિય એહી વાર
એ બંધને
તું જ થશે નિજમાં નિબદ્ધ.
.....
તું રિક્ત થૈ સભર થા,
ત્યજીને તું પામ.
ને શૂન્ય થૈ
હૃદય હે!
તું પૂર્ણ માંહી રમ પૂર્ણથી હે પ્રપૂર્ણ!' (હૃદય હો!')

અને 'ભાઈ રે આપણા દુઃખનું કેટલું જોર?' પૂછીને કવિ દુઃખને હસતે મુખે જીરવવાનું શીખવતાં કહે છે:

'પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલરૂપ.'

('ઓલીએ ના કંઈ')

કારણ કે દુઃખની પાછળ પણ સુખની આશા છે—

'નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણોભોર.
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.'
—ભાઈ એ આપણા દુઃખનું કેટલું જોર?'

—આમ દુઃખને આવકારનારને 'અંતરાય' તે શો નડે? નિર્ઝરીનાં નીરને પાષાણના અવરોધ તો કલનાદ જ દે ને? એ તો ગાશે—

'ભલી રે'જો દુઃખની યે મુજ વેળ.'

અને 'ભાઈ, ન તારે ભય
ન કે છે કાંઈ દુર્જય.'

—કેટલો આશાવાદ ને કેવી આત્મશ્રદ્ધા! હાર પામતાં પણ એમને તો લાગે છે કે—

'હાર માની'તી એ જ શું મારો જય રે!
નેણ થાકેલાં મીંચિયા ત્યારે
તેજપુંજારે
ઢૂંઢતો તેનો પામિયો પરિચય રે—
અય નહિ સંશય, નહિ ભય,
અય હુ આનંદમય રે —હાર...'

('હાર માની'તી એ જ...')

—ક્યાંય હતાશા, ઉદાસીનતા કે શ્રદ્ધાહીનતા નહિ: સર્વત્ર આશા, હિંમત અને પરમ આનંદ—એ જ છે આપણા આ કવિની વિલક્ષણતા, કારણ કે એમને પીછાણ છે પુરુષાર્થનું. એ તો વિધિને પણ પડકાર દે છે–

'મુજ હે વિધાતા!
તેં આલેખી જિંદગી આ, હું તારું
આંકું ભવિષ્ય પુરુષાર્થ વડે યશસ્વી!
ને આપણા ઉભયની લલકારું ગાથા.'

('હે વિધાતા!')

જ્યાં આટલો ઉદ્યત પુરુષાર્થ હોય ત્યાં તો પ્રારબ્ધ પણ સાથ ન દે? નસીબ તો 'એકેલાનું એકું રે વિમાસણે,
વેળા જુએ નહીં વાટ જી.'

પ્રભુકૃપા તો છે જ, 'ઝાઝેરો ઝૂકયો છે આંબો સાખથી' પરંતુ– 'વેડે તેને આવે હાથ જી.'

चराति चरतो भगःનો મંત્ર અહીં નવા સ્વરૂપે પ્રગટે છે.

આવું છે કવિનું વાસ્તવદર્શી હૃદયસ્પર્શી જીવનદર્શન! જીવનને પિછાનવાની ત્રણ દૃષ્ટિની તુલના કવિએ 'ત્રણ અવગાહકો'માં સરસ કરી છે. જીવનસાગરના ત્રણ અવગાહકો ડૂબકી મારીને બહાર નીકળે છે. ત્યારે એકના હાથમાં માત્ર પંક ભર્યો છે, ને પરિણામે એને મન છે:

'સુખ નહીં, જિંદગી માંહી બસ ક્લેશ.'

બીજાના હાથમાં શું છે? પોશભર છીપ!
અને એની ઉક્તિ છે–'સંસાર નિઃસાર.'

જ્યારે ત્રીજાની મુઠ્ઠીમાં–

'એક પણ અમલ નિજ તેજથી ઝળકતું મંદ મલકત'—

એવું એક મોતી છે, અને એણે જીવનમાંથી શું તારવ્યું? અરે, એના ભાવો તો શતાબ્દાતીત છે, અવર્ણનીય છે, એ તો—

'નહિ બોલ, પણ
નેત્ર મહીં તુષ્ટિનું અંજન...
હૃદય આનંદ આનંદથી સભર એનું જ રે ગુંજન.'

('ત્રણ અવગાહકો')

—અને આ કાવ્યમાંથી આપણે શું તારવવું એ પણ કવિને કહેવાની જરૂર નથી લાગતી. એ તો મૌનથી જ સમજાય ને?

જીવનને આમ જોનાર મૃત્યુ માટે શું કહે છે?

ટાગોરની યાદ આપે એવા અદ્‌ભુત વર્ણન દ્વારા કવિ સુંદર મંગલ મૃત્યુનું 'શેષ અભિસાર'માં ભવ્ય રહસ્યમય ચિત્ર દોરે છે:

'લહેરાતો અંચળો એણે ઓઢયો. ભ્રૂરેખ ઢાંકતો
લોચનો પ્રેમીનાં જાણે ઝગે છે શુક્રની જયમ.'

—આવા મૃત્યુનું મિલન એ શેષ અભિસાર કરનારી સ્ત્રી માટે તો રોમાંચક 'ધન્ય સમર્પણ' છે કે જેમાં 'પ્રાણની કામના કેરું શૂન્યમાંહી વિસર્જન' થાય છે.

એ સ્ત્રીને મૃત્યુ શું કહે છે–

'આપણે ત્યાં જવું જ્યાં છે વાયુ કેરી ગતિ નહિ.
બોજ લ્યાં સર્વ દ્યો મૂકી–
અંગથી સ્પર્શતું તારું રેશમી વસ્ત્ર હો પરું.'

(શી કવિની કલ્પના છે?)

આગળ વધતાં કહે છે–

'વાણી ના, શ્રુતિ ના, દૃષ્ટિ કેરાં યે દર્શનો નહિ,
સ્મૃતિ ના, તુજને વ્હાલો, પ્રાણ તે યે નહીં નહિ..
તું ને હું.....'

અને અંતે કેવી સ્વસ્થ સૌમ્ય ઉક્તિ:

'શાન્તિ હો ગતને

પૂઠે રિક્તને શાન્તિ શાન્તિ હો.' (શેષ અભિસાર')

આ શાન્તિનો ત્રણ વારનો ઉચ્ચાર કેવો ગહન ગંભીર નાદ જગાવે છે અને પાછળ રહેનારાં સ્વજનોને કેવી મૂક શાંત્વના દે છે? રાજેન્દ્ર શાહનું આ કાવ્ય ગુજરાતી સાહિત્યને યશ-કલગી પહેરાવે એવું નથી?

આ મૃત્યુ એ આત્માનો અંત નથી, એ તો અનાદિ-અનંત છે. વિશ્વમાત્રમાં એક ચિરંતન તત્ત્વ નિજાનંદ રૂપે ક્ષણે ક્ષણે પરિવર્તિત થઈને રમી રહ્યું છે. એ જ તત્ત્વ જીવનને પણ શૈશવ, યૌવન ને વાર્ધક્યમાં ખંડિત થવાને બદલે સાતત્યના એક સૂત્રમાં પરોવી રાખે છે. 'આયુષ્યના અવશેષે'માં કવિ જીવનનાં પાછલાં વર્ષોમાં ઘેર પાછાં વળતાં જાગેલાં અનેક સંવેદનોમાંથી તારવેલા આ સત્યને સુંદર રીતે રજુકાવે છે. એમના 'આ સૉનેટગુચ્છને અનેક મહાન વિવેચકોએ અસાધારણ સન્માનથી બિરદાવ્યું છે.

'આયુષ્યના અવશેષે'માં જીવન જોવા જવાનુ સાધન પણ કેવું છે? 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની.' સાદી રીતે શરૂ થએલું કાવ્ય એના વિચારને ખૂબ જ અનુરૂપ એવું વાતાવરણ સર્જતું સંવેદનની પરંપરાને અંતે કેવા મહાન સત્ય દર્શનમાં પરિણમે છે-

'ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.'
('આયુષ્યના અવશેષે')

કાવ્યની પરાકાષ્ટા માટે કવિએ કેવાં ઉચિત પ્રતીકો શોધી કાઢ્યાં છે! આ કાવ્યનાં રસમય પ્રતીકો કવિની કાવ્યશક્તિનાં દ્યોતક છે. (લંબાણની બીકે અહીં હું એની વિગતમાં નહીં ઊતરું.) આમાં કવિએ જે 'ગહન દર્શન કાવ્યના સારતત્ત્વ રૂપે નહિ પણ દર્શનના કાવ્યતત્ત્વ રૂપે પ્રગટ કર્યું છે તે એમની કવિ લેખે સર્વશ્રેષ્ઠ સિદ્ધિ છે.' (નિરંજન ભગત)

રાજેન્દ્ર શાહનું આ કાવ્ય વિશ્વસાહિત્યમાં પણ ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધારી જાય એવું છે.

મૃત્યુ તથા આયુષ્યને આ રીતે જોનાર કવિ 'પોષ વદ ૬'માં પોતાના જન્મને કેવી વિલક્ષણ રીતે જુએ છે! પ્રભાતનું ધુમ્મસમય વાતાવરણ સર્જીને કવિ એમાં શ્વેત મરાલ સમી નાવ તરતી મૂકે છે!-આ જ છે એમનો આત્મા! એનો જગતમાં કેવો પ્રવેશ!

'અગમ્યનું શું ઊઘડે રહસ્ય
અનંતના નીલમ અંતરે આ
મરાલનું દર્શન રમ્ય, રમ્ય!'

આગળ વધતા કહે છે:

'અહો જન્મ મુજ
સફલને સદ્ય!
ને
વ્યકત મુજ અંતરે
નિખિલ નિવસંત લહું છદ્મ!' (છદ્મ=આવરેલું)

જન્મ સાથે જ કવિ વિશ્વ સમસ્ત સાથે કેવી તદ્રૂપતા સાધે છે!

'સહુને મુજ અંતરે ધરું,
સહુને અંતર હું ય વિસ્તરું.'
(પોષ વદ ૬')

આમ સહુને પોતાના અંતરમાં ધારનાર કવિ આ વિશ્વનાં દીનદરિદ્રોનાં દુઃખોથી અલિપ્ત કેમ રહી શકે? વિનોબા ભાવેના ભૂદાનયજ્ઞના તત્ત્વજ્ઞાનનો આત્મસાત્ કરતાં કવિ પણ ગરીબો માટે યાચે છે-

'ઓ રે બંધુ! બે ફૂલ દિયો...
દીન દરિદ્ર લોક વિષે નિજ
નાથને નીરખી લિયો...'

શા માટે એમને દાન આપવું? કારણ કે-

'આપણા કોષને-આપણા બે નહિ
પોષતા હાથ હજાર,
બહુ મિષે બહુ વિધથી વ્યાપક
આપણો ધારણહાર
જે એને ઓળખી લિયો...'
('બે ફૂલ દિયો')

કવિ આ માંગમાં 'આગમના એંધાણ' જુએ છે. કવિનું ભજન 'આગમનાં એંધાણ' એમની ભજન રચવાની શક્તિનો સારો પરિચય આપે છે. તળપદી ભાષામાં લખેલાં એમનાં ભજનો પણ ચિંતન-સભર છે.

'કાયાને કોટડે', 'ખાટી તે આંબલીથી કાયા મંજણી', 'હરિ મારા નયણે બંદીવાન' વગેરે એમનાં ઉત્તમ ભજનો છે. એનો ઉપાડ એકદમ સ્વયંભૂ લાગે છે. સાંભળોને આ સૂર!-

'હરિ તારા ઘટના મંદિરિયામાં બેસણાં હો જી-
હરિ હું ય એ જ ઘરનું બાળ,
તારા ઓરડાની ભાળ;
આદુના વિજોગી તો ય આપણે,
આપણ બેની અંતરિયાળ
પડદા પડયા છે કિનખાબના હો જી.'

'કવિનાં ચિંતનકાવ્યો સામાન્ય વાચક માટે દુર્બોધ થવાનો ભય રહે છે (આ ફરિયાદ અવગણવા જેવી તો નથી જ), પરંતુ એમના ભજનનું ચિંતન એક આમજન પણ સમજી શકે એવું છે. અહીં હરિ ને માનવી-આત્મા ને પરમાત્મા વચ્ચે માયાનું આવરણ આડું આવે છે. આ 'કિનખાબનો પડદો' દૂર થાય ત્યારે જે દર્શન-આત્મસાક્ષાત્કાર થાય-છે તેનો આનંદ કેવો અદ્ભુત છે!-

'આનંદો રે આજ આનંદ.
ઝીણી રે જ્યોતથી ઘોર તિમિરના
તૂટિયા વજ્જરબંધ.
સાંભળેલી નવ માનીએ કો' દિ
એવી લહાય રે વાત,
આવડા શા એક ઘટમાં ઉછળે
સાતે ય સાગર સાથ;
આજ તો લાધી છે પાંખ, પંગુ પણ
પામતો ઉન્નતશૃંગ...
-આનંદો રે...'
('આનંદો રે')

કવિના આવા સુંદર કાવ્યદર્શનથી આપણે પણ 'આનંદો રે આજ આનંદ આનંદ' ગાયા વગર કેમ રહેવાય? આ જ છે એમનાં તત્ત્વકાવ્યોનું કાવ્યતત્ત્વ.

સાહિત્ય-રસિકોએ કવિને 'રણજિતરામ સુવર્ણચંદ્રક'થી નવાજ્યા, વિદ્યાપીઠોએ એમના 'ધ્વનિ'ને પ્રગટ થતાંવેંત પાઠય-પુસ્તક તરીકે આવકાર્યો, રાજ્યસરકારે એમને પારિતોષિકોથી બિરદાવ્યા ને આકાશવાણીએ એમનાં મધુગાન દ્વારા એમને ઘેરઘેર પહોંચાડયા છે. આ મહાવાદ્યોમાં હું મારી નાનકડી વાંસળીનો આછો સૂર પુરાવું કે?-

-હૈયું અનુગ્રહથી હર્ષિત આપને નમે-!

સમાપ્ત ગીતા પરીખ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,—મુંબઈ

"શ્રી પ્રબુદ્ધ જીવન"નો સંવત ૨૦૧૬ના આસો વદ ૦)) ના દિવસે પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા.	ન.પૈ.
લવાજમના વસુલ આવ્યા	૧,૧૦૫.૮૪	
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા	૭૧૬.૦૦	
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો ...	૨,૬૫૨.૩૦	
કુલ રૂા....	૪,૪૭૪.૧૪	

ખર્ચ

	રૂા.	ન.પૈ.
માણસોને પગારના	૧,૨૩૭.૬૦	
પેપર ખર્ચ	૩૮૧.૦૦	
છપામણી ખર્ચ	૨,૩૧૧.૩૦	
પોસ્ટેજ ખર્ચ	૪૧૨.૮૮	
પરચુરણ ખર્ચ	૧૩૧.૩૬	
કુલ રૂા....	૪,૪૭૪.૧૪	

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘ"નો સં. ૨૦૧૬ના આસો વદ ૦)) ના દિવસે પૂરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

આવક

	રૂા.	ન.પૈ.	રૂા.	ન.પૈ.
ભેટના				
ચાલુ તથા વ્યાખ્યાનમાળા દરમ્યાન ભેટ			૬,૬૫૫.૧૬	
લવાજમના:				
સંવત ૨૦૧૬ ના ...	૧,૮૦૩.૦૦			
સંવત ૨૦૧૫ ના ...	૩૦.૦૦			
	૧,૮૩૩.૦૦			
બાદ: સભ્યોને પ્રબુદ્ધ જીવનની કોપી મફત મોકલવાના લવાજમના એડજસ્ટ કર્યા ...	૭૧૬.૦૦		૧,૧૧૭.૦૦	
દર્શન અને ચિંતનના પુસ્તક વેચાણ પર કમીશનની ચોખ્ખી આવક...			૮૦.૨૮	
વ્યાજના:				
ડીબેન્ચરોના ...	૪૮૨.૫૦			
બેંકના ખાતાંઓના ...	૨૪૮.૯૦		૭૩૧.૪૦	
ઇન્કમટેક્ષ રીફંડના વસુલ આવ્યા			૬૬.૦૦	
			૮,૬૪૯.૮૪	

ખર્ચ

	રૂા.	ન.પૈ.	રૂા.	ન.પૈ.
વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ:				
પગારના ...	૧,૨૩૭.૬૦			
મકાનભાડું તથા વિજળીબત્તી ખર્ચ	૨૦૪.૦૧			
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ...	૨૦૦.૬૨			
પોસ્ટેજ ખર્ચ	૧૬૯.૦૦			
ટેલીફોન ખર્ચ	૮૦.૦૦			
પરચુરણ ખર્ચ	૩૬૩.૬૧		૨,૨૮૫.૪૪	
હિસાબ તપાસવાના ઓડીટરોને ઓનરેરીઅમના			૫૦.૦૦	
ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એડમીનીસ્ટ્રેશન ફંડને ફાળાના			૧૪૩.૬૯	
ફરનીચર પર ઘસારાના ...			૨૫.૦૦	
ટ્રસ્ટના હેતુઓ અંગે ખર્ચના વ્યાખ્યાનમાળા ખર્ચ ...			૧,૧૮૭.૦૪	
સરવાયા ફેરના માંડી વાળ્યા ...			૪.૫૦	
વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો			૪,૬૫૪.૧૭	
કુલ રૂા....			૮,૬૪૯.૮૪	

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.
મુંબઈ તા. ૨-૩-૧૯૬૧

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

સંવત ૨૦૧૬ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

	રૂા.	ન.પૈ.	રૂા.	ન.પૈ.
શ્રી રીઝર્વ ફંડ:				
ગયા સરવૈયા મુજબ બાકી ...			૧,૧૦૦.૦૦	
સંઘ હસ્તકનાં ફંડો અને ખાતાંઓ:				
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું: ગયા સરવૈયા મુજબ બાકી ...	૩,૦૩૩.૬૬			
શ્રી વૈદ્યકીય રાહત ખાતું: સામી બાજુ પ્રમાણે				
શ્રી પ્રજ્ઞાચક્ષુ ફંડ:				
ગયા સરવૈયા મુજબ બાકી	૫૦.૦૦			
બાદ: વર્ષ દરમ્યાન શ્રી વૈદ્યકીય રાહત ખાતે લઇ ગયા ...	૫૦.૦૦		કાંઇ નહિ	
શ્રી ભાવજત ખાતું:				
ગયા સરવૈયા મુજબ બાકી	૩૭૦.૫૫			
ઉમેરો: વર્ષ દરમ્યાન ઘસારાના આપ્યા	૮૦૧૩	૭૮.૫૬	૩,૪૧૨.૨૨	
સરવાળો આગળ લઇ ગયા...			૪,૫૧૨.૨૨	

મિલકત અને લેણું

	રૂા.	ન.પૈ.	રૂા.	ન.પૈ.
ઇન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)				
૫½ ટકાના ધી ઇન્ડિયન ઇમ્પ પાઇપ કું. લી.ના રૂા. ૪,૦૦૦)ની ફેઇસ વેલ્યુના ડીબેન્ચરો ...	૪,૨૩૬.૩૯			
૫½ ટકાના કાલટેક્ષ ઓઇલ (ઇન્ડિયા) લી.ના રૂા. ૫,૦૦૦)ની ફેઇસ વેલ્યુના ડિબેન્ચરો ...	૫,૩૦૬.૦૦		૯,૫૪૨.૩૯	
ફરનીચર: (ચોપડા પ્રમાણે) ગયા સરવૈયા મુજબ બાકી...	૪૨૦.૦૦			
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા	૧૫૦.૦૦		૨૭૦.૦૦	
ઇન્વેસ્ટમેન્ટ પર લેણું થયેલ વ્યાજ			૬૬.૭૬	
ઇન્કમટેક્ષ રીફંડના લેણા ...			૧૭૭.૭૫	
સરવાળો આગળ લઇ ગયા...			૧૦,૦૬૬.૬૩	

ફંડો અને દેવું	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
સરવાળો પાછળથી લાવ્યા....		૪,૫૧૨.૨૨
દેવું :		
અગાઉથી આવેલ લવાજમો	૫૨૫.૦૦	
માવજતના સાધનો અંગે ડીપોઝીટ	૪૫.૦૦	
પરચુરણ દેવું	૭૧૨.૦૬	૧,૨૮૨.૦૬
શ્રી જનરલ ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૧૭,૯૨૮.૭૧	
ઉમેરો : શ્રી જૈન યુવક સંઘના આવકખર્ચ ખાતેથી લાવ્યા	૪,૯૫૪.૧૭	
	૨૨,૮૮૨.૮૮	
બાદ : શ્રી પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા ...	૨,૬૫૨.૩૦	૨૦,૨૩૦.૫૮
કુલ રૂા.		૨૬,૦૨૪.૮૬

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

મુંબઇ : તા. ૨-૩-૧૯૬૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

મિલકત અને લેણું	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
સરવાળો પાછળથી લાવ્યા ...		૧૦,૦૮૬.૯૩
લેણું : (સદ્ધર)		
શેઠ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક પુસ્તકાલય અને વાચનાલય-મુંબઇ ...	૨,૬૨૨.૬૯	
સભ્ય લવાજમ	૩૫૦.૦૦	
પરચુરણ લેણું	૩૮૩.૭૧	૩,૩૫૬.૪૦
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ ઇન્ડિયા લી.ના ચાલુ ખાતે	૩,૯૬૬.૬૦	
ધી બેંક ઓફ ઇન્ડિયાના ફીક્સ ડીપોઝીટ ખાતે	૭,૨૪૮.૬૦	
રોકડ શીલક	૭૪.૬૫	૧૧,૩૨૦.૪૫
પરચુરણ ખાતાંઓ :		
શ્રી સત્યમ્ શિવમ્ સુંદરમ્ પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૧,૬૭૦.૬૧	
બાદ : પુસ્તક વેચાણના કુલ આવ્યા ...	૫૬૯.૦૦	૧,૧૦૧.૬૧
શ્રી બોધિસત્વ પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૮૮.૬૨	
બાદ : પુસ્તક વેચાણના આવ્યા ...	૧૪૨.૮૭	૧૪૫.૭૫
શ્રી વૈદ્યકીય રાહત ખાતું		
વર્ષ દરમ્યાન વૈદ્યકીય રાહત ખર્ચ ...	૮૭.૦૫	
બાદ : વર્ષ દરમિયાન પ્રજ્ઞા-ચક્ષુ ફંડ ખાતેથી લાવ્યા ૫૦.૦૦		
ગયા સરવૈયા મુજબ જમા બાકી ... ૨૩.૩૩ ૭૩.૩૩	૧૩.૭૨	૧,૨૬૧.૦૮
કુલ રૂા.		૨૬,૦૨૪.૮૬

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય-મુંબઇ

સંવત ૨૦૧૬ ના આસો વદ ૦)) ના દિવસે પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

વ્યાજ	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
સીક્યુરીટીના	૧૬૦.૦૦	
પબ્લીક લિમિટેડ કંપનીના ડીબેંચર પર	૭૬૨.૫૦	
બેંકની ફીક્ષડીપોઝીટ પર ...	૮૯.૪૯	૧,૦૧૧.૯૯
ભેટના : ...		૧,૭૫૪.૦૦
પુસ્તક લવાજમના ...		૭૮૩.૦૦
પરચુરણ આવક :		
પસ્તી વેચાણના	૯૦.૪૯	
પાસબુક વેચાણના	૪૪.૧૬	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઇ જવાથી દંડના ...	૧૮.૦૨	૧૫૨.૬૭
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૧,૧૦૭.૬૦
કુલ...		૪,૮૦૯.૨૬

ખર્ચ

ટ્રસ્ટના ઉદ્દેશ અંગે ખર્ચ :	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
પેપર લવાજમના	૩૩૪.૮૨	
ગ્રંથપાળને પગારના	૧,૭૫૫.૦૦	
ઘાટીને પગારના	૧,૧૨૦.૬૬	
મકાનભાડું તથા વીજળી ખર્ચ ...	૫૧૩.૮૭	
પુસ્તક રીપેર્સ તથા બુકબાઇન્ડીંગ ખર્ચ	૧૦૪.૪૨	૩,૮૨૯.૦૭
વ્યવસ્થા ખર્ચ :		
વિમાના પ્રિમિયમના	૪૦.૦૦	
પરચુરણ ખર્ચ	૭૩.૨૦	
ઓડીટરોને ઓનરેરીયમ... ...	૫૦.૦૦	૧૬૩.૨૦
ઘસારાના :		
ફરનીચર પર	૧૦૬.૭૦	
પુસ્તકોના	૭૦૭.૨૬	૮૧૬.૬૬
સરવૈયા ફેરના માંડી વાળ્યા ...		૦.૦૩
કુલ રૂા....		૪,૮૦૯.૨૬

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઇ, ૨૪-૨-૧૯૬૨.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય તથા પુસ્તકાલય-મુંબઇ

સંવત ૨૦૧૬ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
શ્રી સ્થાયી ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૫૬૧.૦૦
શ્રી પુસ્તક ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી		૫,૫૦૦.૦૦
શ્રી ફર્નીચર ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી		૨,૪૦૦.૦૦
દેવું		
પુસ્તકો અંગે ડીપોઝીટ	૩,૭૪૦.૦૦	
પુસ્તકો અંગે માસિક ડીપોઝીટ	૨૫.૦૦	
શ્રી મુંબઇ જૈન યુવક સંઘના	૨,૬૨૨.૬૯	૬૩૮૭.૬૯
	કુલ રૂા.	૩૮,૮૪૮.૬૯

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય મુંબઇનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરોબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ.

મુંબઇ, તા. ૨૪-૨-૬૧.

મિલકત અને લેણું

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
ઇન્વેસ્ટમેંટસ (ચોપડા પ્રમાણે)		
સીક્યુરીટીઓ :		
૪ ટકાની સને ૧૯૬૭ની સૌરાષ્ટ્ર ડેવલપમેન્ટ લોન રૂા. ૪૦૦૦)ની ફેઇસ વેલ્યુના	૩,૯૯૩.૭૫	
પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેન્ચરો		
ફેઇ. વેલ્યુ		
૪%ના રાવલગાંવ સુગર ફાર્મ લી. ના ૧૦,૦૦૦/-	૧૦,૦૦૦.૦૦	
૫½%ના ધી સ્ટાન્ડર્ડ વેકયુમ લી. ના ૫૦,૦૦/-	૫૨૭૩.૦૦	
૫%ના ધી તાતા લોકો એન્જી. કું., લી. ૬૦૦૦/-	૬૧,૬૩૫.૫૦૨	૫,૪૩૦.૦૨૫
ફરનીચર (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૪,૯૮૮.૫૨	
બાદ : કુલ ઘસારાના	૭૭૬.૫૨	૧૭,૨૨.૦૦
પુસ્તકો (ખરીદ કિંમતે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૭૮,૧૦.૩૧	
ઉમેરો : વર્ષ દરમ્યાન ખરીદીના	૫૩૮.૭૫	
	૮૪૪૯.૦૬	
બાદ : કુલ ઘસારાના	૪,૪૪૦.૫૬	૪૦૦૮.૫૦
લેણું : (સંધ્યર)		
ઇન્કમટેક્ષ રીફંડના	૩૬૦.૬૦	
સ્ટાફ પાસે	૨૮૭.૬૫	૬૪૮.૨૫
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ ઇન્ડીયા લી. ના ચાલુ ખાતે	૬૨૬૬.૪૬	
રોકડ શીલક	૩૧.૧૫	૬૨૯૭.૬૧
શ્રી આવક ખર્ચ ખાતું :		
વર્ષ દરમીયાન આવકનાં કરતાં ખર્ચનો વધારો	૧,૧૦૭.૬૦	
બાદ : ગયા સરવૈયા મુજબ જમા બાકી	૩૬૫.૫૨	૭૪૨.૦૮
	કુલ રૂા.	૩૮,૮૪૮.૬૯

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

सत्यं शिवं सुन्दरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક

અનુવાદકો :

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા

કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

सत्यं शिवं सुन्दरम् કિંમત રૂા. ૨, **બોધિસત્ત્વ** કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું :

મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધી રસ્તો, અમદાવાદ.

વિષય સૂચિ

		પૃષ્ઠ
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા વાર્ષિક સામાન્ય સભા.		૨૨૫
પ્રકીર્ણ નોંધ : સચ્ચાઇની શેખી.	પરમાનંદ	૨૨૭
મહાવીર જયન્તી અને અતિથિ-વિશેષની નિયુક્તિ, અભિનન્દન, અભિનન્દન અભિનન્દન.		
દર્શન અને જીવન	દલસુખ માલવણિયા.	૨૨૯
કવિશ્રી રાજેન્દ્ર શાહની ચિન્તન માધુરી.	ગીતા પરીખ.	૨૩૧

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૨ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન


મુંબઇ, એપ્રિલ, ૧૬, ૧૯૬૧, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સ્વ. મણિલાલ મોકમચંદ શાહની પ્રતિમાનો અનાવરણ-સમારંભ

શ્રી. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના શીવ ખાતેના મકાનની વ્યાખ્યાનશાળામાં તા. ૨-૪-૬૧ રવિવારના રોજ સવારના ૯-૩૦ વાગ્યે સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનના શુભહસ્તે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંસ્થાપક સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહની આરસપ્રતિમાની અનાવરણ વિધિ કરવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા બિરાજ્યા હતા. આમંત્રિત મહેમાનોની હાજરીથી સભાગૃહ ચિક્કાર ભરાઇ ગયો હતો. જૈન તેમ જ જૈનેતર અનેક આગેવાન વ્યક્તિઓએ હાજરી આપી હતી.



સ્વ.મણિભાઇની આરસ-પ્રતિમા

શરૂઆતમાં સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મંત્રી **શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે** સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદજી તથા પધારેલા અન્ય મહેમાનોને આવકારતાં જણાવ્યું કે "અહીં ઉપસ્થિત થયેલામાંના ઘણાખરા સ્વ. મણિભાઇથી સુપરિચિત હતા. તેમાંના કેટલાકએક મણિભાઇ સાથે ઘણાં લાંબા વર્ષોનો પરિચય ધરાવતા હતા. શ્રી મણિભાઇમાં એ વિશેષતા હતી કે પોતાના પરિચયમાં આવતી દરેક વ્યક્તિની શક્તિનો ખ્યાલ રાખી તેની પાસેથી કામ લેતા હતા. લોકશાયર સ્વ. મેઘાણીએ કહ્યું છે કે 'ફૂલ ગયું, ફોરમ રહી' એ મુજબ સ્વ. મણિભાઇને આપણી વચ્ચેથી વિદાય થયાને આઠ વર્ષ લગભગ થયાં છે. એમ છતાં તેમનું સ્મરણ આપણા દિલમાં આજે પણ એટલું જ તાજું છે. તેમની અનેકવિધ સેવાઓની સ્મૃતિ રૂપે અને તેમને યોગ્ય અંજલિ અર્પવા અર્થે તેમની પ્રતિમાનું વિદ્યાર્થીગૃહના પ્રવેશદ્વાર ઉપર સ્થાપન કરવામાં આવે-આવી તેમના સહકાર્યકર્તાઓના દિલમાં ઘણા સમયથી ઇચ્છા રમી રહી હતી. આ ઇચ્છાને આજે મૂર્ત રૂપ મળી રહેતું જોતાં અમો સર્વ ખૂબ આનંદ અને સંતોષ અનુભવીએ છીએ. આ પ્રતિમાના અનાવરણ માટે સાહુ શ્રેયાંસપ્રસાદજી જેવી સુયોગ્ય વ્યક્તિ આપણને પ્રાપ્ત થયેલ છે તે પણ એટલા જ આનંદ અને ગૌરવનો વિષય છે. તેમનું હું અમારી સંસ્થા તરફથી હાર્દિક સ્વાગત કરું છું અને આજના આ શુભ પ્રસંગ દ્વારા સ્વ. મણિભાઇની અનેક સેવાપ્રવૃત્તિઓને આપણે ફરીથી યાદ કરીએ અને તેમના પગલે ચાલીને તેમનાં અધૂરાં મુકેલા કાર્યોને પૂરાં કરીએ, આગળ વધારીએ એવી આશા વ્યક્ત કરું છું."

ત્યાર બાદ પ્રસંગોચિત વિવેચન કરતાં મુનિશ્રી જિનવિજયજીએ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના બે આદ્યસ્થાપકોમાંના એક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહને યાદ કરતાં જણાવ્યું કે "આ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ એ શ્રી વાડીલાલ મોતીલાલ શાહ અને સ્વ. મણિભાઇની સંયુક્ત કલ્પનાનું, સંયુક્ત વિચારધારાનું, સંયુક્ત શક્તિનું ફળ છે. મણિભાઇ સાથેના મારા પરિચયમાં મેં તેમનામાં રહેલી સાલસતા, ઉદારતા, સરળતા અને અપાર કાર્યશક્તિના દર્શન કર્યા છે. તેઓ વાડીલાલ મોતીલાલ શાહની વિચારસરણીથી એટલા બધા મુગ્ધ હતા કે તેમણે તેમને દ્રવ્યોપાર્જનની ઉપાધિથી મુક્ત કર્યા હતા અને તેમના વિચારો ફેલાવવા માટે એ રીતે પૂરી સગવડ કરી આપી હતી."

વિશેષમાં મુનિશ્રીએ જણાવ્યું કે "સંપત્તિ પામવી તેને કેટલાક લોકો પુણ્યનું ફળ લેખે છે, પણ મને તો ઘણી વાર એમ લાગે છે કે સંપત્તિની અનર્થજનકતા જોતાં સંપત્તિ પામવી તે પાપકર્મના ઉદયનું ફળ છે, પણ સંપત્તિનો સદુપયોગ કરવો, સામાજિક શ્રેય પાછળ વાપરવી એ જ પુણ્યકર્મના ઉદયનું ફળ છે. મણિભાઇએ આ રીતે પોતાના ધનનો ઉપયોગ સમાજસેવા અર્થે કર્યો હતો, એટલું જ નહિ પણ, પોતાનાં તન, મન પણ સમાજને ચરણે તેમણે સમર્પિત કર્યાં હતાં. એવા પુણ્ય પુરુષની સ્મૃતિને આપણે આ રીતે મૂર્ત રૂપ આપીએ એ સર્વથા યોગ્ય જ છે."

મહારાષ્ટ્ર રાજ્યના કાયદા તથા મજૂરપ્રધાન **શ્રી શાન્તિલાલ હ. શાહે** સ્વ. મણિભાઇને અંજલિ આપતાં જણાવ્યું કે "સ્વ. મણિભાઇના અનેક પ્રશંસકો છે તેનું કારણ એ નથી કે તેમની પાછળ કોઇ રાજકીય સંસ્થાનું બળ કે તેજ હતું. વળી મણિભાઇ એવા કોઇ ધનવાન નહોતા. તેઓ આપણી જેવા એક સામાન્ય માનવી હતા. એમ છતાં તેમનામાં એક અસામાન્યતા હતી અને તે એ કે તેમણે સમાજમાં સૂતેલાને બેઠા કર્યા હતા, બેઠેલાને ઊભા કર્યા હતા અને ઊભેલાને ચાલતા કર્યા હતા. વળી કોઇ પણ પ્રકારની પ્રસિદ્ધિના મોહ વિના, મનમાં કશું પણ અભિમાન ચિન્તવ્યા સિવાય તેઓ હંમેશાં બીજાને આગળ રાખીને કામ કરતા હતા. એમના મનમાં અમુક એક કામ એક વખત વસ્યું, પછી તે કામ ગમે તેવી અગવડ, ઉપાધિ, કે માંદગી આવે તો પણ તે છોડતા નહિ. જ્યારે તેમણે વિદ્યાર્થીગૃહ માટે બે લાખ રૂપિયા એકઠા કરવાનો મનથી નિશ્ચય કર્યો ત્યારે આટલી મોટી રકમ ભેગી ન જ થઇ શકે એમ અમારામાંના કેટલાકે તેમને કહેવા છતાં, તે પાછળ તેઓ લાગ્યા અને ધારી રકમ મેળવી ત્યારે જંપીને બેઠા. આવી તેમની અડગ કાર્યનિષ્ઠા હતી."


તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે "આજે જૈન સમાજની એકતાની વાત કોઇને સમજાવવી પડતી નથી, પણ આજથી ૪૦-૪૫ વર્ષ પહેલાં આવી એકતાની વાતને સૌ કોઇ હસી કાઢતા હતા. કારણ કે આવી એકતા સૌ કોઇને અશક્ય લાગતી હતી. એવા સમયમાં એટલે કે ૧૯૧૭ની સાલમાં જૈન સમાજની એકતાને ખ્યાલમાં રાખીને આપણા મણિભાઇ તેમ જ વા. મો. શાહ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરે એ આપણા સર્વને ચકિત કરે તેવી ઘટના ગણાય. આ રીતે આ વિદ્યાર્થીગૃહ મણિભાઇની એક જીવન્ત સ્મૃતિ છે અને રહેશે એમ હું માનું છું."

શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારીએ જણાવ્યું કે "સ્વ. મણિભાઇ જૈન સમાજની ઉન્નતિ અને પ્રગતિ માટે શક્તિ વહેતી કરનાર-generator-હતા. આ વિદ્યાર્થીગૃહ તેમના અદમ્ય ઉત્સાહ અને કાર્યશક્તિનું પરિણામ છે. વળી જેમ મુંબઇ જૈન યુવક સંઘના કોઇ પણ કાર્ય માટે દ્રવ્યની જ્યારે પણ જરૂર પડે ત્યારે તેની જવાબદારી મણિભાઇ પોતાના માથે લેતા અને સહકાર્યકર્તાઓને પોતાનું કાર્ય આગળ ને આગળ ધપાવ્યે જવાનું તેઓ જોર આપતા, તેવી જ રીતે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને પણ તેમણે પૂરી ચાલના આપી હતી. કોઇ પણ સેવાકાર્યમાં એક કદમ ભરાયું કે તરતજ તેઓ બીજા કદમનો વિચાર કરતા. આગળ ને આગળ સતત ચાલતા રહેવું અને બીજાને ચાલતા કરવા આવી તેમની કાર્યપદ્ધતી હતી અને પોતાના કાર્ય વિષે આવો તેમને અજંપો રહેતો. એમના કાર્યની ચિનગારી આપણ સર્વને સચેત બનાવે અને સમાજને માટે કંઇ ને કાંઇ આપણે કરતા રહીએ એવી મારી પ્રાર્થના છે."

શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ જણાવ્યું કે, "સ્વ. મણિભાઇ સાથે મારો ૨૫ વર્ષનો સંબંધ હતો. તેઓ મારા વડીલ હતા, મુરબ્બી હતા. અમે સંઘના કાર્યકર્તાઓ ઠંડા પડીએ, મુંઝવણ અનુભવીએ ત્યારે અમને તે જાગૃત કરતા, નવી પ્રેરણા આપતા. વૃધ્ધવિવાહ, બાલદીક્ષા, કોઇ સાધુનું પાખંડ પ્રકરણ, આબુની જડાવબાઇ જેવી ઘટના કે એવી બીજી કોઇ બાબત હોય-મુંબઇ જૈન યુવક સંઘને જાગૃત રાખવામાં-સક્રિય રાખવામાં મણિભાઇ એક જ હતા. આ રીતે આજે તેમની ખોટ અમને ઘણી રીતે સાલે છે. સ્વ૦ મણિભાઇની પાછળ તેમના પુત્ર શ્રી રમણિકભાઇ પણ તેમના પિતાના કાર્યને આગળ ધપાવવા પાછળ પોતાની શક્તિ ખર્ચી રહ્યા છે તેની પણ અહીં નોંધ લેવી ઘટે છે."

શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે જણાવ્યું કે "સ્વ. મણિભાઇ સાથે મને કામ કરવાનો સુયોગ સાંપડ્યો હતો અને મને તેઓ એક લઘુબંધુ તરીકે ગણાતા અને તેમની પાસેથી મને કામ કરવાની પ્રેરણા મળતી. કોઇ પણ વિચાર પાછળ તત્કાળ અમલ એ મણિભાઇની વિશેષતા હતી. વળી મણિભાઇ એક ખરા હીરાપારખુ હતા, અને માનવમાં રહેલી સુષુપ્ત શક્તિને તેઓ જગાડતા."

શ્રી વિનોદચંદ્ર જેસિંગભાઇ શાહે સ્વ. મણિભાઇ અંગેનાં સ્મરણો રજૂ કરતાં જણાવ્યું કે "તેઓ અમારી જેવા કેટલાક કાર્યકરોના પિતાતુલ્ય હતા. આજથી ૨૫ વર્ષ પહેલાં અમદાવાદમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના પ્રમુખસ્થાને જૈન યુવક પરિષદ મળી હતી, શ્રી પરમાનંદભાઇએ તે વખતે કરેલા ભાષણથી ઉશ્કેરાઇને તેમને સંઘબહાર કરવાનો ત્યાંના રૂઢિચુસ્ત જૈન સંઘે નિર્ણય કર્યો, અને ત્યારથી પરમાનંદભાઇના સાથી સ્વ. મણિભાઇ સાથેનો મારો સંપર્ક શરૂ થયો. મેં મુંબઇના 'સાંજ વર્તમાન'ના પ્રતિનિધિ તરીકે અને શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે ભાવનગરના 'જૈન' પત્રના પ્રતિનિધિ તરીકે ઉપર જણાવેલ પરિષદમાં અને પછી શ્રી પરમાનંદભાઇને સંઘબહાર કરવા માટે નગરશેઠના વંડામાં મળેલી અમદાવાદ જૈન સંઘની સભામાં હાજરી આપેલી. સંઘની સભામાં ખૂબ તોફાન થયુ અને યુવક પક્ષના અનુયાયીઓ ઉપર જોડાના પ્રહાર થયા અને દુઃખની વાત તો એ છે કે તે વખતના યુવકપક્ષના કાર્યકરો આ બન્યું ત્યારે કયાંય અદૃશ્ય થઇ ગયા. આવા સમયે મારે અને ધીરૂભાઇએ યુવકપક્ષની નેતાગીરી લેવી પડી. આવા ઉગ્ર



શ્રી ગર્યાસપ્રસાદજી પ્રતિમાનું અનાવરણ કરી રહ્યા છે.

વાતાવરણમાં શ્રી મણિભાઇ મુંબઇથી અમદાવાદ આવ્યા અને તેમણે અમને પ્રેરણા આપી. ફળસ્વરૂપે આશરે બે હજાર જૈન યુવકોએ અમદાવાદ ખાતે શ્રી પરમાનંદભાઇ સાથે સમૂહભોજન કર્યું અને એ રીતે તેમણે રૂઢિચુસ્તોના સંઘબહિષ્કારના ઠરાવને નિષ્ફળ બનાવ્યો. ત્યાર પછી સ્વ. મણિભાઇ સાથે મારો સંબંધ વધતો ચાલ્યો જે તેમના અવસાન સુધી એકસરખો ટકી રહ્યો."

શ્રી લીલાવતીબહેન દેવીદાસે સ્વ. મણિભાઇને અંજલિ આપતાં જણાવ્યુ કે "મણિભાઇ એક એવી વ્યકિત હતા કે તેમને કદિ થાક સ્પર્શતો નહિ, ધડપણ સ્પર્શતું નહિ, માંદગી પણ તેમને પકડી રાખી શકતી નહોતી. મુંબઇ જૈન યુવક સંઘના તેઓ પ્રાણ હતા. અમે આજે મુંબઇ જૈન યુવક સંઘ ચલાવીએ છીએ પણ ડગલે ને પગલે તેમની ખામી અનુભવીએ છીએ."


ત્યાર બાદ સભાના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી મણિભાઇની આરસપ્રતિમાનું અનાવરણ કરવાની **સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદજીને** વિનંતિ કરતાં પોતે જે સ્થળે બેઠા હતા એ જ સ્થળ ઉપરથી દોરી ખેંચીને આરસપ્રતિમાને તેમણે ખુલ્લી મૂકી અને ત્યાર બાદ જણાવ્યું કે "આ અનાવરણવિધિ કરવામાં હું કોઇ ઉપકાર કરતો નથી. ઉલટું આવી આપણામાંની જ એક વિશિષ્ટ વ્યકિતનું આ રીતે બહુમાન કરતાં હું એક પ્રકારની કૃતાર્થતા અનુભવું છું. સ્વ. મણિભાઇને એક યા બીજા પ્રસંગે મળવાનું બન્યું હશે, પણ તેમના કોઇ નિકટ પરિચયમાં હું આવ્યો નહોતો. આજે તેમના સમાગમમાં સારી પેઠે આવેલા એવા મિત્રો પાસેથી જ્યારે તેમની ગુણકથા સાંભળું છું ત્યારે મારું દિલ સ્વ૦ મણિભાઇ વિષે સવિશેષ આદરપ્રણત બને છે. વળી સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ જેવી વિચારપ્રખર વ્યકિતનો સમાજને ખૂબ લાભ મળે એ હેતુથી તેમને ભાગીદાર બનાવ્યા એ પણ મણિભાઇ અંગે નાનીસુની વાત નથી. વળી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યમાં તેમણે પરમાનંદભાઇને જે બળ આપ્યું છે તે પણ ખરેખર નોંધપાત્ર છે. તેમણે જૈનોની એકતાના મુદ્દાને લક્ષમાં રાખીને આ વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી તે એકતાના વિચારને આજના વખતમાં બને તેટલો વેગ આપવાની ખાસ જરૂર છે, અને તે માટે આપણાં છાત્રાલયો જે એક યા અન્ય ફિરકાના વિદ્યાર્થીઓને વસાવે છે તેનાં દ્વાર જૈન સમાજના સર્વ ફિરકાઓ માટે ખુલ્લાં મુકાવા જોઇએ અને બીજી પણ અનેક પ્રવૃત્તિઓ હવે આપણે બધાંએ સાથે મળીને કરવી જોઇએ." આમ જણાવીને આવી તક આપવા બદલ તેમણે સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના સંચાલકોનો આભાર માન્યો હતો.

ત્યાર બાદ પુષ્પહાર અર્પણથી સાહુ શ્રેયાંસપ્રસાદનું તેમ જ પ્રસ્તુત પ્રતિમાના શિલ્પી શ્રી વાધનું બહુમાન કરવામાં આવ્યું અને **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ** પ્રમુખસ્થાનેથી બોલતાં જણાવ્યું કે:-

"આજના પ્રસંગે આપણા સર્વના મિત્ર, સાથી અને માર્ગદર્શક શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે જ પ્રમુખસ્થાન શોભાવવું જોઇતું હતું, પણ તેમના પિતાશ્રીની ગંભીર માંદગીના કારણે તેઓ અહીં ઉપસ્થિત થઇ શકયા નથી અને તેમની જવાબદારી મારે સ્વીકારવી પડી છે. આ રીતે તેમની ગેરહાજરી મને ખરેખર ખૂબ સાલે છે.

"અહીં હાજર રહેલાં ભાઇબહેનો સામે નજર ફેરવું છું તો મને માલુમ પડે છે કે આમાંનાં ઘણાં ખરાં મણિભાઇને જાતે પ્રત્યક્ષ ઓળખતાં હતાં. અહીં જે વકતાઓ બોલ્યા તેમાંથી દરેક મણિભાઇના નિકટ પરિચયમાં આવ્યા હતા અને તેથી દરેકના ઉદ્‌ગારમાં અંગત સંવેદનનો રણકો હતો. આઠ આઠ વર્ષના ગાળે પણ મણિભાઇ નથી એ હકીકત આપણા બધામાંથી કોઇ વિસર્યું નથી એવો આજે આ નિમિત્તે ઐકઠા થતાં આપણ સર્વને અનુભવ થાય છે. આ રીતે આજનું સંમેલન-આવાં સંમેલનો સાધારણ રીતે હોય છે એ પ્રમાણે-લેશમાત્ર ઔપચારિક બન્યું નથી. ઉલટું સૌના દિલમાં રહેલી મણિભાઇ અંગેની જીવન્ત લાગણી વ્યકત કરવા માટે આ સમારંભ નિમિત્તરૂપ બન્યો છે. આ જાણે કે એક કુટુંબનો મેળો મળ્યો હોય અને વિગત સ્વજનને આપણે આ રીતે અન્તરની અંજલિ આપી રહ્યા હોઇએ એવી અનુભૂતિમાંથી આપણે અત્યારે પસાર થઇ રહ્યા છીએ.

"આ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની ઇ. સ. ૧૯૧૭માં સ્થાપના કરવામાં આવેલી તેને લગતા મેળાવડામાં હાજર રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એ પ્રસંગે મેં મણિભાઇને સૌથી પહેલા જોયા હશે એમ હું ધારૂં છું. ત્યાર પછી અમે એકમેકને અવારનવાર મળતા રહ્યા હોઇશું, પણ ૧૯૨૮ની સાલમાં મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના થઇ ત્યારથી અમે સહકાર્યકર્તાના સંબંધે જોડાયા. ત્યારથી તે તેમના જીવનના અન્ત સુધી અમારો સંબંધ એકસરખો ગાઢ રહ્યો. અમારા મુંબઇ જૈન યુવક સંઘનો વિચાર કરૂં છું તો મને એમ લાગે છે કે અમે એકમેકના પૂરક હતા. સંઘને નવો ઘાટ આપવામાં વિચારના ક્ષેત્રે મેં કંઇક ભાગ ભજવ્યો તો કાર્યના ક્ષેત્રે તેમણે બળવાન ભાગ ભજવ્યો. તેઓ પોતે તો શકિતશાળી કાર્યકર્તા હતા જ, પણ સાથે સાથે મારા જેવા અનેકને ધકકો મારવાનું કામ પણ તેઓ કરતા જ રહેતા. કોઇ પણ કામનો વિચાર કર્યો એટલે એ વિચારનો અમલ ન થાય ત્યાં સુધી મણિભાઇ પોતે નિરાંતે સુવે નહિ કે અમને નિરાંતે સુવા ન દે. મણિભાઇના પરલોકગમન બાદ સંઘની પ્રવૃત્તિઓ પૂર્વવત્ ચાલી રહી છે, પણ તેમની હયાતી



મુનિશ્રી જિનવિજયજી પ્રવચન કરી રહ્યા છે.

દરમિયાન સંઘમાં જે કાર્યશક્તિ હતી તેમાં તેમના જવાથી અમુક મન્દતા આવી છે એમ મારે કબુલ કરવું જ રહ્યું. જાહેર સંસ્થાઓને તેના પ્રાણસમી વ્યક્તિઓની જ્યારે ખોટ પડે છે ત્યારે તે ખોટનાં પરિણામો તેને લાંબા સમય સુધી ભોગવવાં જ પડે છે.

"આજે શ્રીમન્તાઇનો આપણા મનમાં જે ખ્યાલ છે તે ખ્યાલના માપે માપતાં મણિભાઇને શ્રીમાન કે ધનવાન આપણે કહી ન શકીએ, એમ છતાં મણિભાઇનું દિલ દિલાવર હતું અને સંચિત થતા જતા ધનનું સામાજિક કાર્યો અર્થે વિતરણ કરતા રહેવું એ તેમને મન રમત જેવું હતું. કોઇ પણ પ્રવૃત્તિ અર્થે જ્યારે પણ ફંડફાળાની તેઓ શરૂઆત કરતા ત્યારે પહેલો ઘા–અને તે નાનોસુનો નહિ–પોતાની જાત ઉપર મારતા અને પછી બીજે માગવા નીકળતા, અને તેમાં પણ સામેની વ્યક્તિ જ્યારે એમ કહે કે તમે મારી પાસેથી જે રકમની અપેક્ષા રાખો છો તેટલી રકમ મારી આ સંસ્થામાં તમે આપો ત્યારે મણિભાઇ કદિ પાછા પડતા નહિ. 'તમે માગો છો તે રકમ તમે મારા નામે લખો અને હું માગું છું તે રકમ તમે મને આપો'–આ તેમનો હંમેશા જવાબ રહેતો. સામાન્ય સ્થિતિ હોવા છતાં આવો પડકાર ઝીલનાર વ્યક્તિ આપણને ભાગ્યે જ જોવા મળશે.

"મણિભાઇ એક રીતે વિચારીએ તો એક અતિ સામાન્ય વ્યક્તિ હતા. તેમનામાં નહોતી કોઇ વિદ્વતા કે નહોતી અસાધારણ ધનિકતા. ચડતી પડતીના ભોગ બનેલા એક સામાન્ય વ્યાપારી જેવી તેમની જીવનકારકિર્દિ હતી. એમ છતાં તેમનું દિલ સોનાનું હતું, તેમાં પારવિનાનું વાત્સલ્ય ભર્યું હતું, સમાજ સેવાની ઊંડી ધગશ હતી, તે માટે અવિરત શ્રમ લેવાની તાકાત હતી. પ્રકૃતિથી તેઓ વિશાળ દિલના હતા. તેમની શક્તિનો ઉપયોગ નાના ક્ષેત્રને વરેલો હતો, પણ નાના ક્ષેત્રની ઉપાસના સાથે જોડાયેલી સંકુચિતતા તેમનામાં નહોતી. કોઇ નવા પ્રસ્થાન માટે તેઓ સદા તૈયાર રહેતા અને કદિ કદિ તો મોરચાથી બે ડગ આગળ જવાની તત્પરતા દાખવતા. આપણા સદા વહેતા વિશાળ સમાજમાં આવી વ્યક્તિ કદિ થઇ નથી કે થશે નહિ એમ તો આપણાથી કેમ કહેવાય? પણ જ્યાં સુધી આપણને–આપણી આયુષ્યમર્યાદાને–લાગે વળગે છે ત્યાં સુધી કશી પણ અત્યુક્તિના આક્ષેપ સિવાય આપણે કહી શકીએ કે આપણા માટે બીજા મણિભાઇ કદિ દેખાવાના નથી.

"કોઇ પણ વિશિષ્ટ વ્યક્તિની સ્મૃતિને કાયમ રાખવાના હેતુથી તેની પ્રતિમાનું નિર્માણ કરીને તે પ્રતિમાને યોગ્ય સ્થાને પ્રતિષ્ઠિત કરવાની આપણે ત્યાં પરંપરા પ્રવર્તમાન છે. એ પરંપરાને અનુસરીને આપણા સર્વના સ્નેહના તેમ જ આદરના પાત્ર સ્વ. મણિભાઇની પ્રતિમાની અહીં પ્રતિષ્ઠા કરવામાં આવે છે. તે પ્રતિમાનું દર્શન આપણા ચિત્તમાં મણિભાઇની સ્મૃતિને સદા જીવતી રાખે અને તેમના સેવાયોગને અપનાવવાનું આપણને બળ અને પ્રેરણા આપતું રહે એવી મારી પ્રાર્થના છે.

"સ્વ. મણિભાઇને આ રીતે અંજલિ આપતાં તેમના પુત્ર રમણિકભાઇનો અહીં મારે ઉલ્લેખ કરવો જ જોઇએ. તેમનામાં મણિભાઇ જેટલો વેગ કે સેવાની ધુન કદાચ નહિ હોય, પણ મણિભાઇની ઉદારતા તો તેમનામાં છે જ. તદુપરાંત પિતાએ વારસામાં આપેલ બે–સંસ્થા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ અને મુંબઇ જૈન યુવક સંઘ–સાથેનો ગાઢ સંબંધ તેમણે જાળવી રાખ્યો છે. પિતાના અવસાન બાદ આજ સુધી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના મંત્રીની જવાબદારી પૂરી નિષ્ઠાથી તેઓ સંભાળી રહ્યા છે અને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહી ઉપર તેઓ આજ સુધી ચાલુ રહ્યા છે.

"આ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના પાયામાં જૈનોની એકતાની ભાવના રહેલી છે. આજે એ એકતાની ભાવના વધારે ને વધારે ખીલતી ચાલી છે. પહેલાં જુદા જુદા ફિરકાના ભાઇઓ કદિ કદિ એકઠા મળતા હતા, પણ અંદરથી જુદાઇનો ભાવ અનુભવતા હતા. આજે લગભગ આવા કશા ભેદભાવ સિવાય આપણે બધા મળતા હળતા અને મહાવીર જયન્તી જેવા પ્રસંગો સાથે મળીને ઊજવતા થયા છીએ. કાળબળ આપણને વધારે નજીક અને નજીક લાવી રહેલ છે. આમ છતાં આ દિશાએ હજુ પ્રયત્નો થવાની અને એકમેકની વધારે નજીક આવવાની જરૂર છે. કોઇ દિગંબર હોય કે કોઇ શ્વેતાંબર હોય, કોઇ સ્થાનકવાસી હોય કે કોઇ તેરાપંથી હોય–આપણે બધા ભગવાન મહાવીરપ્રરૂપિત વાણી અને વિચારસરણીના વારસ છીએ, એક પિતાના સંતાન છીએ–આવો અભેદભાવ આપણે સ્વાભાવિક રીતે અનુભવતા થવું જોઇએ. આ રીતે વિચારતાં આજે જે ભિન્નભિન્ન ફિરકાનાં છાત્રાલયો છે તેનાં દ્વાર સર્વ જૈન ફિરકાઓના વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મુકાવાની–તત્કાળ એ અશક્ય હોય તો આ માટે અમુક પ્રમાણ નક્કી કરવાની–ખાસ જરૂર છે. આમ કરવાથી એકતાની ભાવનાને વધારે બળ મળશે એમાં સંદેહ નથી.

"આજના આપણાં છાત્રાલયો મુંબઇમાં રહેવા ખાવાની અગવડ ભોગવતા વિદ્યાર્થીઓને તેવી સગવડો આપે છે અને આ પણ એક ઘણી મોટી સેવા છે, પણ આથી વિશેષ તેમને કશું આપવામાં આવતું નથી યા મળતું નથી. કેટલેક ઠેકાણે ધાર્મિક શિક્ષણની સગવડ હોય છે, પણ તે ઉપરછલ્લી હોય છે અને વિદ્યાર્થીઓને માથે લદાયેલી હોય છે. આપણા વિદ્યાર્થીનું નવઘડતર થાય અને નવા સંસ્કારોનું તેમના ઉપર સીંચન થતું રહે એવો કોઇ પ્રબંધ કોઇ ઠેકાણે નજરે પડતો નથી. આ રીતે આપણાં છાત્રાલયો અને કોલેજની હોસ્ટેલોમાં બહુ ફરક દેખાતો નથી.

"આ પ્રસંગે એક વક્તાએ એમ જણાવ્યું કે જૈન વિદ્યાર્થીઓ માટે રહેવા ખાવા અંગેની હવે આપણે પૂરતી સગવડ કરી શકયા છીએ એ આનંદ અને સંતોષનો વિષય છે; અન્ય વક્તાએ એમ પણ જણાવ્યું કે આપણા વિદ્યાર્થીઓ માટે આપણે પૂરતી સગવડ કરી શકયા છીએ એ વિચાર બરોબર નથી. હજુ તેમના માટે ઘણી સગવડો ઊભી થવાની જરૂર છે. આ બન્ને વક્તાઓના કથનમાં સત્યાંશ રહેલો છે. આપ જાણો છો કે મુંબઇ પ્રદેશનું વિભાજન થયા પહેલાં સૌરાષ્ટ્ર ગુજરાત બાજુના જે ઢગલાબંધ વિદ્યાર્થીઓ મુંબઇ ભણવા આવતા હતા તે પ્રવાહ વિભાજન બાદ હવે લગભગ બંધ થયો છે. મુંબઇનાં છાત્રાલયોમાં મોટા ભાગે સ્થાનિક વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા નથી. પરિણામે જૈન વિદ્યાર્થીઓ માટે પૂરતી વ્યવસ્થા હોવાનો ભ્રમ પેદા થયો છે. બીજી બાજુએ મુંબઇ તળમાં રહેતા વિદ્યાર્થીઓ રહેવા વગેરેની મકાનોની તંગીને અંગે એટલી બધી ભીંસ અનુભવે છે કે તેમના માટે પ્રબંધ કરવાની અને તે અંગે છાત્રાલયો ઉભેરવાની જરૂર ઊભી થઇ છે. મુંબઇમાં વસતા જૈન વિદ્યાર્થીઓની આ અગવડનો આપણે હવે ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે.

"બીજું કોલેજમાં ભણતી જૈન વિદ્યાર્થિનીઓ માટે કચ્છી જૈન સમાજે અમુક થોડી સગવડ કરી છે. એ સિવાય મુંબઇમાં બીજી કોઇ સગવડ છે જ નહિ. મહાવીર જૈન વિદ્યાલયે કેટલાંક વર્ષો પહેલાં 'કન્યા છાત્રાલય' ઊભું કરવા માટે એક ફંડ શરૂ કરેલું અને તેમાં લાખ સવા લાખ એકઠા થયેલા, પણ હજુ

તે વિચારને મહાવીર જૈન વિદ્યાલય તરફથી કોઇ મૂર્ત આકાર આપવામાં આવ્યો નથી. એ ફંડ હજુ એમને એમ પડયું છે, સિવાય કે તેના વ્યાજમાંથી જૈન વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. મરીનડ્રાઇવ ઉપર સરકારે બાંધેલું એક મોટું કન્યા છાત્રાલય છે, પણ તે કોસ્મોપોલિટન છે, સર્વ કોમ અને સર્વ વર્ગોની વિદ્યાર્થિનીઓ માટે છે, અને આવી હોસ્ટેલોમાં ખોરાક માટે મિશ્ર વ્યવસ્થા હોય છે અને તેનું પરિણામ ત્યાં વસતી બહેનો માટે નિરામિષ આહાર તરફ ખેંચાવામાં આવે છે. વળી ત્યાં પણ માંગના પ્રમાણમાં જગ્યા તો ઓછી જ છે. આ બધું ધ્યાનમાં રાખીને આપણી વિદ્યાર્થિનીઓ માટે એક એવા અલગ કન્યા છાત્રાલયની ખૂબ જ જરૂર છે કે જ્યાં તેમને મળેલાં ખાનપાન તથા રહેણીકરણીના જન્મજાત સંસ્કારો સુરક્ષિત રહે. આજે આપ જૈન સમાજના આગેવાનો અહીં આ નિમિત્તે એકઠા થયા છો તો આ અગત્યની બાબત વિષે ગંભીરપણે વિચાર કરવાનો હું આપ સૌને અનુરોધ કરું છું.

"આ પ્રતિમાનું અનાવરણ કરવા માટે આપણે શ્રેયાંસપ્રસાદજી જેવી વિશિષ્ટ વ્યક્તિને મેળવી શકયા છીએ તે મારે મન એક ભારે સમુચિત ઘટના છે. શ્રેયાંસપ્રસાદજી સાથે મને વર્ષોથી પરિચય છે. તેઓ શ્રીમાન છે, એમ છતાં તેમનામાં મેં જે સૌજન્ય જોયું છે, સરળતા, નિરાભિમાનપણું, જે સમાજના પોતે છે તેના ઉત્કર્ષ અર્થે કંઇ ને કંઇ કરી છૂટવાની આતુરતા અને તત્પરતા, વિનય અને વિવેક જોયેલ છે તે મેં ભાગ્યે જ અન્ય શ્રીમાનોમાં જોયાં કે અનુભવ્યા છે અને તેથી તેમના વિષે મારા દિલમાં હંમેશાં ઊંડો આદર રહ્યો છે. આ પ્રસંગે તેઓ અમારી સંસ્થાના નિમંત્રણને માન આપીને આવ્યા અને મણિભાઇની પ્રતિમાનું તેમણે અનાવરણ કર્યું તે માટે તેમનો હું અમારી સંસ્થા તરફથી હાર્દિક આભાર માનું છું.

"આ મારું વકતવ્ય પૂરું કરું તે પહેલાં એક બાબત હમણાંજ મારા મન ઉપર આવે છે તે આપની સમક્ષ રજૂ કરવાના પ્રલોભનને હું રોકી શકતો નથી અને તે એ છે કે આપ જાણો છો કે આ સંસ્થાના બે આદ્યસંસ્થાપકો છે. એક મણિભાઇ જેમની પ્રતિમા આજે આપણે ખુલ્લી મૂકીએ છીએ, અને બીજા સ્વ૦ વાડીલાલ મોતીલાલ શાહ જેમની જોડીનો પ્રખર લેખક-વિચારક આપણા જૈન સમાજમાં હજુ બીજો કોઇ પાકયો જોયો કે જાણ્યો નથી. નાયગરાના ધોધ જેવો તેમની વાણીનો પ્રવાહ હતો. નીડરતા તેમને વરેલી હતી. સમાજના પ્રશ્નો અંગે તેમના દિલમાં નિરન્તર આગ સળગતી હતી. જૈન સમાજની એકતાના તેઓ આદ્ય પુરસ્કર્તા હતા. તેમના અને મણિભાઇના સંયુકત દાનમાંથી આ સંસ્થાનો જન્મ થયો હતો. આ બધું ધ્યાનમાં લેતાં તેમની પણ આરસ પ્રતિમા તૈયાર કરાવીને આ જ સ્થાનમાં પ્રતિષ્ઠિત કરવી ઘટે છે. આ ન કરીએ ત્યાં સુધી આપણું સ્મૃતિરક્ષાનું કાર્ય અધુરું જ લેખાય. આજનો સમારંભ શરૂ થવા પહેલાં જ મારા મિત્ર ભાઇ દુર્લભજી ખેતાણી સાથે મારે આ વિષે વાત થઇ હતી. તેમણે આ વાત મારી આગળ મૂકી અને મને ગમી એટલે આ વાત આપની આગળ મૂકું છું. આ જે કંઇ હું કહી રહ્યો છું તે માત્ર વ્યકિતગત કક્ષાએ જ કહી રહ્યો છું, પણ મને આશા છે કે આ મારો વિચાર અન્ય ભાઇબહેનોને પણ જરૂર સ્પર્શશે અને તેમાંથી કાંઇક એવું સંચલન પેદા થશે કે જેના પરિણામે બહુ થોડા સમયમાં સ્વ. વા. મો. શાહની પ્રતિમાની અનાવરણ વિધિ કરવાનો આપણને સુયોગ પ્રાપ્ત થાય."

ત્યાર બાદ શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીએ આભારનિવેદન કરતાં સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદજીનો, પ્રતિમાના શિલ્પી વાઘનો, સંસ્થાના મકાનના એન્જિનિયર શ્રી ચુનીભાઇ સંઘાણીનો તેમ જ પધારેલા મહેમાનોનો આભાર માન્યો હતો અને અનેક વ્યકિતઓના પરિચયમાં આવનાર તેમ જ અનેક વ્યકિતઓના સાથી બનનાર શ્રી મણિભાઇનું વિવિધતાભર્યું જીવન તૈયાર કરાવીને પ્રગટ કરવાની આવશ્યકતા તરફ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ તથા મુંબઇ જૈન યુવક સંઘના સંચાલકોનું ધ્યાન ખેંચ્યું હતું.

શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ આભારનિવેદનની પરિપૂર્તિ કરતાં સ્વ. મણિભાઇને અંજલિ આપી હતી અને જૈન સમાજની એકતા અંગે અનુરોધ કર્યો હતો. ત્યારબાદ અલ્પાહારપૂર્વક સમારંભ વિસર્જન થયો હતો.

પ્રકીર્ણ નોંધ

મુંબઇમાં જૈન વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયની આશા

આ અંકમાં ઉપર જેની વિગતો આપવામાં આવી છે તે સ્વ. મણિલાલ મોકમચંદ શાહની પ્રતિમાના અનાવરણ સમારંભમાં અનિવાર્ય કારણને લીધે ભાગ નહિ લઇ શકવા બદલ દિલગીરી દાખવતા પોતાના પત્રમાં શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ જણાવે છે કે-"આજના પ્રસંગે સ્વર્ગસ્થના આત્માને યાદ કરીને તેમ જ એમને અંજલિ આપીને જે એક વાત હું વિનમ્રભાવે સમારંભમાં કહેવા ધારતો હતો તે આ પત્ર દ્વારા જણાવવા રજા લઉં છું અને તે એ છે કે આજે જૈન સમાજની આગેવાન વ્યકિતઓ ત્યાં હાજર હશે ત્યારે, કોલેજમાં અભ્યાસ કરતી જૈન બહેનો માટે આ વિદ્યાર્થીગૃહ જેવું બીજું વિદ્યાર્થીગૃહ ઊભું કરવાની વિચારણા થાય તો આજના પ્રસંગની ઉજવણી વધારે દીપી ઉઠશે."

અને જણાવતાં આનંદ થાય છે કે ઉપર જણાવેલ પ્રસંગે પ્રમુખસ્થાનેથી મારું વકતવ્ય પૂરું થયું કે તરત જ મંચ ઉપર બેઠેલા શ્રેયાંસપ્રસાદજી, શ્રી શાન્તિલાલ શાહ, શ્રી રિષભદાસ રાંકા, શ્રી દુર્લભજી ખેતાણી વગેરે આગેવાન વ્યકિતઓ મારા વ્યાખ્યાનમાં રજુ કરવામાં આવેલ જૈન વિદ્યાર્થિનીઓ માટેના છાત્રાલય અંગેના વિચારોથી પ્રભાવિત બન્યા, તે વિચારને મૂર્તિમન્ત આકાર કેમ આપવો તે વિષે અંદર અંદર ચર્ચા કરવા લાગ્યા અને સાહુ શ્રેયાંસપ્રસાદજી આ બાબતમાં આગેવાની લે તો મુંબઇ ખાતે કન્યાછાત્રાલયને ઊભું કરવામાં મુશ્કેલી ન આવે એવો અભિપ્રાય બધી બાજુઓથી વ્યકત કરવામાં આવ્યો અને શ્રેયાંસપ્રસાદજીએ પણ આ બાબતમાં ખૂબ રસ દાખવ્યો અને થોડા સમયમાં આ વિષે વધારે વિગતથી અને ગંભીરપણે વિચાર કરવા માટે મળવાનું ઠરાવવામાં આવ્યું. ત્યાર બાદ આ સંબંધમાં તા૦ ૯-૪-૬૧ ના રોજ શ્રી શ્રેયાંસપ્રસાદજીના નિવાસસ્થાને કેટલાક કાર્યકર્તાઓ મળ્યા હતા અને કેટલીક ચર્ચા કરી હતી. હવે પછી વળી ભારત જૈન મહામંડળની તા૦ ૨૪-૪-૬૧ ના રોજ મળનાર કાર્યકારીણીની સભા મળનાર છે ત્યારે આ બાબત અંગે વિશેષ ચર્ચા થવાની છે.

આમ શ્રી ખીમજીભાઇને ઉપર જણાવેલ પત્ર લખતાં જે વિચાર સૂઝયો તે જ વિચાર પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં મારા મન ઉપર આવ્યો અને તે જ કન્યા છાત્રાલયની બાબત ઉપર પ્રસ્તુત પ્રસંગે ઉપસ્થિત થયેલા જૈન આગેવાનોનું ધ્યાન કેન્દ્રિત થયું. આ ઉપરથી જૈન કન્યા છાત્રાલયનો વિચાર નજીકના ભવિષ્યમાં કંઇક નકકર આકાર ધારણ કરશે એવી આશા બંધાય છે અને એમ બને તો સ્વ. મણિભાઇની પ્રતિમાના અનાવરણને લગતો સમારંભ સવિશેષ સાર્થક થયો લેખાશે.

ઑઇલ ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટની ખંભાત ખાતે કરવામાં આવેલી સ્થાપના

તા. ૭–૪–૬૧ ને શનિવારના રોજ ખંભાત ખાતે શ્રી પ્રાણજીવન એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી તૈયાર કરવામાં આવેલ 'પ્રાણજીવન જ્ઞાનમંદિર'ના મકાનનું ખાણ અને તેલ ખાતાના પ્રધાન શ્રી કે. ડી. માલવિયાના હાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને તે જ્ઞાનમંદિરમાં 'ઑઇલ ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટ'ની ભારત સરકાર તરફથી સ્થાપના કરવામાં આવી. આ સમારંભમાં ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

આ જ્ઞાનમંદિર અને આ ઑઇલ ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટ કેમ અસ્તિત્વમાં આવ્યાં તેનો નાનોસરખો ઇતિહાસ છે. આ માટે શ્રી પ્રાણજીવન એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ચીમનલાલ પી. શાહનો થોડોક પરિચય આપવો જરૂરી છે. શ્રી ચીમનલાલ પી. શાહ મુંબઇના કાગળના અગ્રગણ્ય વ્યાપારી છે. તેઓ બે વર્ષ પહેલાં મુંબઈની પેપર મરચન્ટ્સ એસોસીએશનના પ્રમુખ હતા. હાલ ઑલ ઇન્ડીઆ પેપર મરચન્ટ્સ ફેડરેશનના તેઓ ઉપ–પ્રમુખ છે. આ ઉપરાંત જૈન સમાજની અનેક જાહેર સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે. સંયુકત જૈન વિદ્યાર્થી-ગૃહના તેઓ કોષાધ્યક્ષ છે. મુંબઇ જૈન યુવક સંઘના તેઓ એક અગ્રગણ્ય બહુ જૂના કાર્યકર્તા છે. સામાન્ય સ્થિતિમાંથી આપબળે તેઓ આગળ વધ્યા છે અને તેમની ઉદારતા અનેક સામાજિક પ્રવૃત્તિઓને સ્પર્શતી રહી છે.

ઉપર જણાવેલ ઉદ્ઘાટન સમારંભ પ્રસંગે તેમણે રજૂ કરેલા નિવેદનમાં તેઓ જણાવે છે તે મુજબ, પોતાના વતન ખંભાતમાં એક શિક્ષણસંસ્થા ઊભી કરવા તેઓ કેટલાય સમયથી વિચાર કરી રહ્યા હતા, પણ તેને આકાર આપવામાં અને તેમની કલ્પનાની સંસ્થાના મકાન માટે જમીન મેળવવામાં તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. સમયાન્તરે તેમને જોઇતી હતી એવી અને એટલી જમીન ખંભાત શહેરની બહારના ભાગમાં મળી, રૂ. ૫૦,૦૦૦નું તેમણે એક ફેમિલી ટ્રસ્ટ કર્યું અને તે ટ્રસ્ટમાં એક બાજુએ રકમો ઉમેરાતી ગઇ અને બીજી બાજુએ મળેલી જમીન ઉપર મકાનનું બાંધકામ શરૂ થયું. સાધારણ રીતે શિક્ષણસંસ્થાની યોજના પહેલી અને તે યોજના મુજબ મકાન પાછળ આવે છે. આ કિસ્સામાં શિક્ષણસંસ્થાનો ખ્યાલ રાખીને મકાનનું બાંધકામ પહેલું શરૂ થયું અને ત્યાં શેના અને કયા પ્રકારના શિક્ષણનો પ્રબંધ કરવો એ બાબત પાછળથી નકકી થઇ.

ખંભાતના સદ્‌ભાગ્યે ખંભાતની નજીકના પ્રદેશોમાં તેલ નીકળ્યું અને સ્થળે સ્થળે ડ્રીલીંગ કરતાં બહુ મોટા પ્રમાણમાં તેલ મળવાની સંભાવના ઊભી થઇ, વધારે ને વધારે પાકી થતી ગઇ. આ તેલ ઉત્પાદનના સંશોધન અને સંચાલન માટે આ વિષયને લગતા જ ટેકનિશિયનો–તજ્ઞો–જોઇએ. આવા ટેક્નિશિયનો તૈયાર કરવા માટે ભારત સરકાર આ પ્રદેશમાં 'ઑઇલ ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટ' ઊભું કરવાનો વિચાર કરવા લાગી. આ બાબતની શ્રી ચીમનભાઇને ખબર પડતાં જે મકાન પોતે તૈયાર કરી રહ્યા હતા તે મકાન આવા ઇન્સ્ટીટ્યૂટના ઉપયોગ માટે આપવાનો વિચાર શ્રી ચીમનભાઇએ ભારત સરકારને નિવેદિત કર્યો. આ સંબંધમાં તે ખાતાના પ્રધાન શ્રી કે. ડી. માલવિયા સાથે પત્રવ્યવહાર અને વાટાઘાટો શરૂ થઇ અને પરિણામે 'પ્રાણજીવન જ્ઞાન મંદિર' નામ ધરાવતું આલીશાન મકાન પ્રાણજીવન એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આઠ વર્ષ સુધી કશું પણ વળતર લીધા સિવાય ભારત સરકાર તરફથી થોડા સમયમાં શરૂ કરવામાં આવનાર ઑઇલ ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટના ઉપયોગ માટે અમુક શરતોએ આપવાનું ઠરાવવામાં આવ્યું. આઠ વર્ષની મુદત પાછળ એ આશય રહેલો છે કે આઠ વર્ષમાં પ્રસ્તુત ઇન્સ્ટીટ્યૂટની કેવી જમાવટ થાય છે તે જોઇને બન્ને પક્ષને યોગ્ય લાગે તો આ લીઝને લંબાવવામાં આવે અને બન્ને પક્ષને સ્વીકાર્ય એવી કોઇ સમજૂતી ન થાય તો આ મકાનનો અન્ય કોઇ શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવામાં આવે. દોઢથી બે લાખની કીંમતના આ મકાનનો આવો ઉપયોગ ઊભો કરવા માટે પ્રસ્તુત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને ખાસ કરીને શ્રી ચીમનલાલ પી. શાહને અનેક ધન્યવાદ ઘટે છે.

પ્રસ્તુત ઉદ્ઘાટન સમારંભ પ્રસંગે શ્રી ચીમનભાઇએ મુંબઇ, અમદાવાદ વગેરે સ્થળોએથી અનેક મિત્રોને બોલાવ્યા હતા. આખો સમારંભ બહુ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો હતો, ઑઇલ ટેકનોલોજીને લગતું એક પ્રદર્શન પણ આ જ મકાનમાં યોજવામાં આવ્યું હતું જે જોનારાઓ માટે અત્યંત બોધપ્રદ હતું. આ નિમિતે ખંભાત જવાનું નિમિત્ત ઊભું થતાં ખંભાત આસપાસનાં તેલપ્રદેશો કે જ્યાં અનેક ઠેકાણે ડ્રીલીંગ ચાલી રહ્યું છે તે જોવા સમજવાની મને તક મળી. આ ડ્રીલીંગ દ્વારા તેલનો પ્રકાર તેમ જ પુરવઠા વિષે માહિતી એકઠી કરવામાં આવે છે. અત્યારે માત્ર લુણેજ સ્થળ એવું છે કે જ્યાં ડ્રીલીંગનું કામ પૂરું થઇ ચુકયું છે અને નીચેના તેલના જથ્થા સાથે પંપ સાથેના પાઇપ જોડી દેવામાં આવ્યા છે અને તેમાંથી જ્યારે પણ નક્કી થાય ત્યારે તેલનો જથ્થો વહેતો કરી શકાય તેમ છે. આમ તેલના આકારમાં ૧,૦૦૦ આંચળવાળી કામધેનું ખંભાત આસપાસના પ્રદેશમાં પ્રગટ થઇ છે. તેને કુશળતાપૂર્વક દોવાવાળા ટેકનિશિયનો તૈયાર કરવા માટે જે ઑઇલ ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટ થોડા સમયમાં શરૂ કરવામાં આવનાર છે તે ઇન્સ્ટીટ્યૂટ સતત વિકસતું રહે અને તે દ્વારા સેંકડો ટેકનિશિયનો બહાર પડે અને ભારતને તેલશકિત વડે ખૂબ સમૃદ્ધ કરે અને એ રીતે શ્રી ચીમનલાલ પી. શાહ અને અન્ય સહટ્રસ્ટીઓએ નક્કી કરેલ આઠ વર્ષની મુદત કાયમી કલ્પજો આપવામાં પરિણમે–એવી આપણી શુભેચ્છા અને પ્રાર્થના હો!

એક બુઝર્ગ નેકદિલ પત્રકારનો દુઃખદ દેહવિલય

મુંબઇ સમાચારના પીઢ તંત્રી શ્રી સોરાબજી કાપડિયાનું ૮૧ વર્ષની ઉમ્મરે ઉદવાડા ખાતે તા૦ ૭–૪–૬૧ શુક્રવારના રોજ નિપજેલ અવસાનથી માત્ર મુંબઇને જ નહિ પણ ગુજરાતી પત્રકારિત્વની દુનિયાને જલ્દી ન પુરાય એવી ખોટ પડી છે. તેમનો ૧૮૮૦માં જન્મ થયો હતો. તેમના પિતાનું અવસાન સ્વર્ગસ્થની બહુ નાની ઉમ્મરે થયેલું હોવાથી પોતાના ગરીબ કુટુંબને નીભાવવાનો બોજો આવી પડેલો અને પરિણામે ૧૭–૧૮ વર્ષની ઉમ્મરે તેમને નોકરી શોધવાની ફરજ પડી હતી. શરૂઆતમાં તેમને વાડીબંદરના એક ગુજરાતી ડીપોમાં નોકરી મળેલી, પણ તે ખાતામાં તેમણે લાંચરૂશ્વતનું વાતાવરણ જોયું અને તેમાં પ્રમાણિક રહેવાનો આગ્રહ રાખતાં તેમને નોકરી છોડવી પડી. એ દરમિયાન તેમને 'રાસ્ત ગોફતાર'માં નોકરી મળી અને થોડા સમયમાં તે પત્રના તંત્રીપદે તેઓ આવ્યા. આ પદ ઉપર થોડાં વર્ષ નોકરી કર્યા બાદ 'અખબારે સોદાગર' માં જોડાયા. આ રીતે તેમને જીવનના પ્રારંભકાળમાં પત્રકારત્વની સારી તાલીમ મળી. ૧૯૦૭માં તેઓ 'સાંજ વર્તમાન'ના ઉપતંત્રી બન્યા અને સમયાન્તરે તે જ પત્રના તેઓ તંત્રી બન્યા અને આ સ્થાન ઉપર ૧૫ વર્ષ કામગીરી બજાવીને 'સાંજ વર્તમાન' ને તેઓ ખૂબ આગળ લઇ આવ્યા.

આ અરસામાં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ ખાતે પાછા ફર્યા, કૉંગ્રેસનું સુકાન પોતાના હાથમાં લીધું, દેશમાં રાષ્ટ્રીયતાની ભરતી આવી, અંગ્રેજ સરકાર સામે અસહકારના આંદોલનનાં મંડાણ મંડાયાં, મુંબઇમાં સારા રાષ્ટ્રવાદી દૈનિક પત્રની ખામી જણાવા લાગી, શ્રી બેલગામવાળાએ એ દિવસોમાં સારી પ્રતિષ્ઠા ધરાવતું ગુજરાતી દૈનિક પત્ર 'મુંબઇ સમાચાર' ૧૯૨૧ની સાલમાં ખરીદ્યું અને ત્યારથી શ્રી સોરાબજી કાપડિયા સાંજવર્તમાન છોડી 'મુંબઇ સમાચાર'ના તંત્રીસ્થાન ઉપર પણ આરૂઢ થયા અને મૃત્યુની છેલ્લી ઘડિ સુધી તે પત્ર સાથે તેઓ સંકળાયલા રહ્યા. એમના સંચાલન દરમિયાન મુંબઇ સમાચાર ઘણું ફાલ્યું ફૂલ્યું, લોકપ્રિય બન્યું અને બહોળો ફેલાવો ધરાવનાર પત્ર તરીકે મુંબઇ સમાચારે ભારે નામના કાઢી.

શ્રી સોરાબજી કાપડિયાની એક પત્રકાર તરીકેની કારકિર્દીનો આ ટૂંકો ઇતિહાસ છે. તેમણે મુંબઇ સમાચારને ચોક્કસ ઘાટ આપ્યો હતો અને સામાન્ય જનતાની અનેક અપેક્ષાઓને તે પહોંચી વળતું હતું. તેની નીતિ નહિ ઉગ્ર, નહિ મંદ, એવી મધ્યમ કક્ષાની હતી. વ્યાપારીઓ માટે તેની જોડનું બીજું કોઇ ગુજરાતી દૈનિક પત્ર હજુ સુધી અસ્તિત્વમાં આવ્યું નથી.

શ્રી સોરાબજી કાપડિયા ધીર, ગંભીર પ્રકૃતિના અનુભવી પત્રકાર હતા. અન્ય સાથેના વ્યવહારમાં તેઓ પૂરા સજ્જન હતા, તેમનું જીવન સાદું, સરળ અને પવિત્ર હતું. તેમના દિલમાં સ્વાભાવિક ઉદારતા અને કોમળતા હતા. શાસ્ત્રીય સંગીતના તેઓ રસિયા હતા. તેમની પ્રજ્ઞા બહુલક્ષી હતી. તેઓ સામાન્ય સ્થિતિમાંથી આપબળે અને અપૂર્વ કાર્યનિષ્ઠા વડે ઊંચે આવ્યા હતા અને અનુભવવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, સમજણવૃદ્ધ એવા તેમના વ્યક્તિત્વમાં વિરલ માનવવિભૂતિનું દર્શન થતું હતું.

જીવનના અંત ભાગમાં પારસીઓના પવિત્ર સ્થળ ઉદવાડા જવાની તેમના દિલમાં ઇચ્છા ઉદ્‌ભવી અને આગળના સોમવારે એટલે કે અવસાનના પાંચ દિવસ અગાઉ તેઓ ઉદવાડા ગયેલા અને ત્યાં જ તેમનું મૃત્યુ થયું. જેમના જીવનનો આવો લાંબો કર્મયોગ છે એવા તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણા અન્તરની પ્રાર્થના હો!

કેવળ જંગલીપણું

નવા નગરપતિની તેમ જ ખાસ સમિતિઓના અધ્યક્ષની વરણી માટે તા. ૧૦-૪-૬૧ના રોજ મળેલી મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનની પહેલી સભામાં જે ધાંધલ થયું અને સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિના સામ્યવાદી સભ્ય શ્રી આર. બી. મોરેએ જે વર્તન દાખવ્યું તે શહેરી સભ્યતાને ભારે કલંકરૂપ છે. આ ઘટના એમ બતાવે છે કે કહેવાતી સભ્યતા એ આપણું ઉપરનું ઢાંકણ છે અને જ્યારે પોતાનું કે પોતાના પક્ષનું ધાર્યું થાય એમ નથી એમ લાગે ત્યારે મનમાં આવે તેવું ધાંધલ કરીને ચોક્કસ હેતુ માટે મળેલી સભાને ભાંગી તોડી નાખતાં આપણને કોઇ સંકોચ કે શરમ નથી. આવા પ્રસંગે ગમે તેવું જંગલીપણું ધારણ કરતાં આપણે અચકાતા નથી.

આમ ન હોય તો કોર્પોરેશનની ઉપર જણાવેલી સભા અંગે એવો એક પણ મુદ્દો નહોતો કે જે તકરારનું નિમિત્ત બની શકે. આ સભાભંગાણની જે વિગતો જાણવા મળે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે મેયરપદના ઉમેદવાર, સમાજવાદી પક્ષના સભ્ય અને જાણીતા ટ્રેડ યુનીયનીસ્ટ શ્રી જ્યોર્જ ફરનાન્ડીઝ અને તેના કેટલાક સાથીઓ અથવા અનુયાયીઓ અંગ્રેજી ભાષાના વિરોધના નામે ધાંધલ ઊભું કરવાના-તોફાન મચાવવાના-પાકા ઇરાદાથી આવેલા. આ અંગ્રેજીનો મુદ્દો પણ અહીં બીલકુલ પ્રસ્તુત નહોતો, કારણ કે આજ સુધી જે ધોરણે કોર્પોરેશનનું કામ ચાલી રહ્યું છે તેને લગતો નિયમ એ મુજબનો છે કે "કોર્પોરેશનનું બધું કામ અંગ્રેજીમાં થશે, પણ જે સભ્ય અંગ્રેજીમાં ભાષણ આપી શકે તેમ ન હોય તે સભ્યને મરાઠી, હિંદી, ગુજરાતી કે ઉર્દુમાં બોલવાની છૂટ રહેશે." આમ છતાં પ્રમુખસ્થાને નિમાયલા આગળના મેયર શ્રી વિષ્ણુપ્રસાદ દેસાઇએ જેવું અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું કે શ્રી ફરનાન્ડીઝે તેમના અંગ્રેજી બોલવા સામે વાંધો ઉઠાવ્યો અને પ્રમુખના વારંવાર અટકાવવા છતાં ફાવે તેમ બોલવાનું ચાલુ રાખ્યું. તેમને કોર્પોરેશનનો હૉલ છોડી જવાનું પ્રમુખ તરફથી ફરમાવવામાં આવ્યું પણ શ્રી ફરનાન્ડીઝે જરા પણ મચક ન આપી. તેમને બળજબરીથી ખસેડવા માટે ફાયર બ્રીગેડના માણસોને બોલાવવામાં આવ્યા, પણ આ સામે વાંધો ઉઠાવીને તેમને પણ અધીન થવાની શ્રી ફરનાન્ડીઝે ના પાડી. અને ધાંધલ વધતું જ ચાલ્યું. સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિના સભ્યો જેઓ અત્યાર સુધી મુંગા મુંગા બધું જોયા કરતા હતા તેઓ હવે શ્રી ફરનાન્ડીઝના પક્ષે ધાયા અને સામસામી ગરમાગરમ ઘૂરકાઘૂરકી શરૂ થઇ. આ યદ્દા તદ્દા બોલાચાલીમાં સમિતિના સામ્યવાદી સભ્ય ડૉ. આર. બી. મોરેએ માઝા મૂકી અને પ્રમુખશ્રીને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે "તમે મહારાષ્ટ્રમાં રહો છો, મહારાષ્ટ્રનું લૂણ ખાઓ છો, તમે મહારાષ્ટ્રના અનેક રીતે ઋણી છો. તમને મરાઠીમાં બોલતાં શા માટે શરમ આવે છે?" આમ મામલો વિફરતો ચાલ્યો અને ફાયર બ્રીગેડના માણસો શ્રી ફરનાન્ડીઝને પકડીને બહાર કાઢવાનો પ્રયત્ન કરે તે પહેલાં ડૉ. મોરે ફરનાન્ડીઝ પાસે દોડી ગયા અને તે અને બીજા સભ્યોએ મળીને ફાયર બ્રીગેડના માણસોને ધકકેલી કાઢયા. આમ ચોતરફ અવ્યવસ્થા ફેલાતાં અને બહારના કેટલાય માણસો હૉલમાં દાખલ થઇ ગયા છે એમ માલુમ પડતાં પ્રમુખે સભાને એકાએક મુલતવી રાખી.

આ અત્યન્ત શોચનીય અને શરમાવનારી ઘટનામાં ડૉ૦ મોરેના ઉપરના ઉદ્‌ગારો જે સંદર્ભમાં અને જે વ્યકિત સામે ઉચ્ચારાયા છે તે ધ્યાનમાં લેતાં આપણું દિલ એકદમ ચોંકી ઉઠે છે. તેમાં મહારાષ્ટ્રી માનસનું કેવળ ઝનૂન તરી આવે છે અને આ માનસ ઉપર અંકુશ મૂકવામાં નહિ આવે અને આ ઝેર અને ઝનૂનને વધવા દેવામાં આવશે તો મુંબઇનું જાહેર જીવન સ્થગિત થઇ જશે, એટલું જ નહિ પણ, મુંબઇ શહેરનું પચરંગી સ્વરૂપ-કોસ્મોપોલીટન જીવન-જોત જોતામાં લુપ્ત થઇ જશે અને ભાષાકીય જાદવાસ્થલીનું મુંબઇ એક કેન્દ્ર બની જશે-આવો ભય આપણા ચિત્તને સ્પર્શી જાય છે. મુંબઇ શહેરની સંવાદી સમાજરચનાની અને પરસ્પર સમન્વયપૂર્વકના જાહેર જીવનની રક્ષાનો આગ્રહ ધરાવતા સૌ કોઇને વિચાર કરતા કરી મૂકે એવી આ દુઃખદ ઘટના છે. આથી વિશેષ આ પ્રસંગે લખવું ઉચિત નથી લાગતું.

પરમાનંદ

દુઃખનો સૂર

શો મધુર દુઃખનો સૂર!
આર્દ્ર નયનથી સિંચિત એમાં
છલકે છાનું ઉર — શો...

તાર સિતારે ખેંચાયા વિણ
સૂરાવલિ તે રણકે?
અભ્રવિહોણા આભ મહિં શું
ઇંદ્રધનુષ કો ભલકે?

વ્યથાથકી મંજાયા વિણ ના
ઝળકે આતમ-નૂર — શો...

શો મધુર દુઃખનો સૂર
જલધારા વરસે તો નર્તન
કરતો મત્ત મયૂર — શો...

તા૦ ૧-૮-૬૦ ગીતા પરીખ

કૃષ્ણમૂર્તિનું જીવન-દર્શન

આજે સત્તાનિષ્ઠાનો જમાનો છે. મનુષ્યને તેમ જ સમાજને પોતાને અભીષ્ટ એવો આકાર આપવા માટે સત્તાને અમોઘ સાધન તરીકે લેખવામાં આવે છે. સત્તા જે તુર્ત પરિણામકારી ઉપાયોનું અવલંબન કરે છે તેમાં અન્યનું મનોનિયંત્રણ અને મસ્તિષ્ક–પ્રક્ષાલન બહુ જ સફળ અને વ્યવહારિક ઉપાય ગણવામાં આવે છે. આ સર્વતોમુખી સત્તાવાદના યુગમાં શ્રી જે. કૃષ્ણમૂર્તિના અપૂર્વ મુક્ત જીવનનું દર્શન માનવ માટે સંજીવનમંત્ર સમાન છે. જેને આપણે આધ્યાત્મિક ક્ષેત્ર કહીએ છીએ તેમાં મનુષ્યોનું મનોનિયંત્રણ તથા બુદ્ધિનિગ્રહ અન્ય ક્ષેત્રોની અપેક્ષાએ બહુ મોટા પ્રમાણમાં થયું છે. ધર્મે મનુષ્યોનાં મન અને બુદ્ધિ ઉપર જેટલો સર્વંકશ (સર્વતોમુખી) સત્તાનો પ્રયોગ કર્યો છે તેટલો અન્ય કોઇ ક્ષેત્રમાં અન્ય કોઇ તત્ત્વે કર્યો નથી. જે. કૃષ્ણમૂર્તિ અધ્યાત્મ તથા ધર્મના ક્ષેત્રમાં વાસ્તવિક આમૂલાગ્ર ક્રાન્તિના પ્રવર્તક છે. આને લીધે આ યુગ માટે તેમનું વ્યક્તિત્વ વિશેષતઃ અધિક ઉપયોગી છે. ટોલ્સ્ટોય, થોરો વગેરેના વિષયમાં તેમજ કેટલાક અંશોમાં ગાંધીજીના વિષયમાં પણ એમ કહેવામાં આવે છે કે તેઓ દાર્શનિક અરાજ્યવાદી હતા. અધ્યાત્મના ક્ષેત્રમાં એ જ પ્રમાણે કૃષ્ણમૂર્તિ સત્તાવાદ તથા પ્રામાણ્યવાદના વિરોધી છે.

તેમના મુક્ત જીવનદર્શન–તેને 'દર્શન' તરીકે ઓળખાવવાનું જો તેઓ સહન કરે તો–ના કેટલાક મુખ્ય સિદ્ધાન્ત નીચે પ્રમાણે છે:

(૧) મનુષ્ય માટે કોઇ ગ્રન્થ, ગુરુ અથવા મંદિર પ્રમાણભૂત હોવાં ન જોઇએ. તેણે આ ત્રણની સત્તાથી મુક્ત રહેવું જોઇએ.

(૨) તેણે પોતાના સંસ્કારોથી પણ મુક્ત રહેવું જોઇએ. સંસ્કાર બે પ્રકારના હોય છે. એક પરમ્પરાપ્રાપ્ત જેવા કે આનુવંશિક અથવા સામાજિક, બીજું કોઇ વ્યક્તિ યા પરિસ્થિતિના પ્રભાવથી ઉત્પન્ન (ઉત્પન્ન.) આપણું ચિત્ત પરંપરાજન્ય તેમજ પ્રભાવજન્ય સંસ્કારોથી મુક્ત નિરુપાધિક હોવું જોઇએ.

(૩) મનુષ્ય કાંઇક છે અને તેણે કાંઇક થવાનું છે આ માન્યતા અનર્થમૂલક છે. હોવું અને બનવું–being and becoming–એ બેમાં મોટું અંતર પડી જાય છે, અને એક અવાસ્તવિક વિરોધ પેદા થાય છે. આ વિરોધમાં વ્યર્થની સમસ્યા પેદા થાય છે. હું જે છું તે સમગ્ર રૂપથી સમજી લઉં એટલું જ બસ છે.

(૪) હું કાંઇક છું અને કાંઇક બનવા ચાહું છું. આ આકાંક્ષામાંથી તુલના પેદા થાય છે અને તુલનામાંથી ઇર્ષ્યા તથા મત્સર પેદા થાય છે. આ માટે આપણે વસ્તુ–વસ્તુમાં અથવા તો મનુષ્ય–મનુષ્યમાં તુલના કરવી ન જોઇએ. જ્યારે જે વસ્તુ યા વ્યક્તિ સન્મુખ હોય ત્યારે તેનું વાસ્તવિક સ્વરૂપ સમજવામાં તુલના બહુ બાધક બને છે. કાશીમાં ગંગાજીના પુલ ઉપરથી ગંગાજીનો પ્રસન્ન પ્રવાહ જોવામાં તન્મય બનવાને બદલે ત્યાં આવેલો વિશાળ પુલ અને ગંગાજીનું વિશાળ પાત્ર એ બેની તુલના કરવામાં આપણને કાશીની ગંગાનું સૌન્દર્ય જોવા મળતું નથી. જે ક્ષણે જે વ્યક્તિની સાથે આપણો સંપર્ક યા સંભાષણ થઇ રહ્યું હોય, તેની તુલના જો આપણે અન્ય વ્યક્તિઓ સાથે કરવા માંડીએ તો પ્રત્યક્ષ તથા સજીવ સ્પર્શથી આપણે વંચિત રહીએ છીએ. આ માટે આનંદની અનુભૂતિનું રહસ્ય એ છે કે તુલના ન કરો. તુલના નહિ થાય તો પ્રતિયોગિતા તથા ચઢા–ઉપરી પણ નહિ થાય.

(૫) ભૂતકાળની સ્મૃતિઓમાં તથા ભવિષ્યની યોજના–આકાંક્ષાઓમાં જીવનને લુપ્ત થવા ન દો. સ્મૃતિ માણસને ભૂતકાળની સાથે બાંધે છે અને આશા આકાંક્ષા ભવિષ્યત્ પાછળ ઘસડી જાય છે. ભૂતકાલીન સુખ કે દુઃખની સ્મૃતિઓ તેને વર્તમાન જીવનથી વિમુખ કરી દે છે, અને ભવિષ્યકાળની રમ્ય આકાંક્ષાઓ પ્રસ્તુત જીવનથી તેને પરાઙમુખ કરી દે છે. ભૂતની સ્મૃતિ, તથા ભવિષ્યની આશામાં તેનું વાસ્તવિક જીવન ખોવાઇ જાય છે, જેવી રીતે સરસ્વતીનો પ્રવાહ મરુસ્થલીમાં લુપ્ત થઇ ગયો છે.

(૬) કાલતત્ત્વ બે પ્રકારનું છે: એક તો ભાવનાત્મક જેમ કે ભૂત, વર્તમાન અને ભવિષ્યત્ અને બીજું વ્યવહારિક અથવા તો પંચાંગને લગતું. સમય પોતામાં ભાવનાત્મક જ છે, તે કોઇ વસ્તુ નથી. એમ છતાં પણ પંચાંગ યા કેલેન્ડરનો સમય નિત્યવ્યવહાર માટેની એક સગવડ છે અને આ માટે પંચાંગના સમયનો ઉપયોગ તથા પાલન કરતાં છતાં પણ ભાવનાત્મક તથા આધ્યાત્મિક સમયથી માણસે ઉપર ઉઠવું જોઇએ. દરેક ક્ષણ અર્થાત્ વર્તમાન ક્ષણ પણ અનન્ત છે. પ્રાપ્ત ક્ષણ જ વાસ્તવિક છે. પ્રતિક્ષણનું જીવન જ અનંત તથા નિરુપાધિક જીવન છે, કાળાતીત અમર જીવન છે.

(૭) જ્યારે આપણે કહીએ છીએ કે પરંપરાજન્ય તથા પ્રભાવજન્ય સંસ્કારોથી મુક્ત રહેવું જોઇએ તો તેનો એ અર્થ પણ છે કે આપણે કોઇને પ્રભાવિત કરવો ન જોઇએ. શિક્ષણમાં શિક્ષકે પ્રભાવવાદ (impressionism)થી બચવું જોઇએ, અન્યથા ગુરુસન્તાનો અંત નહિ આવે.

(૮) કોઇ સમસ્યાનો ઉકેલ શોધવાપણું હોતું નથી. પ્રશ્ન અને ઉત્તર, સમસ્યા અને સમાધાન એવી બે ભિન્ન કોટિઓ છે જ નહિ. જો સવાલ–જવાબ બે અલગ–અલગ વસ્તુઓ હોય તો બન્નેનો મુકાબલો થશે અને દરેક જવાબ એક સવાલ બની જવાનો. પોતે પોતાની જાતને તથા વિશ્વને સમજવા માટે નિરન્તર સાક્ષીભાવ અને સાવધનતા કેળવવી જોઇએ. નિરન્તર સાક્ષીભાવ અને અસંદિગ્ધ બોધ (awareness and understanding) મુક્ત જીવનનું પ્રત્યક્ષ સાધન છે. આ રીતે પ્રત્યક્ષ તથા આદર્શની–વ્યવહાર તથા ધ્યેયની–જો બે કોટિઓ બનશે તો સંઘર્ષ તથા વિરોધ સિવાય બીજું કશું પ્રાપ્ત નહિ થાય.

(૯) મનુષ્યને કાંઇકમાંથી કાંઇક થવાનું છે જ નહિ, તે માટે સાધનાની કોઇ આવશ્યકતા નથી. સાધના, હોવું અને બનવું એ બે વચ્ચે, સંઘર્ષ પેદા કર્યા જ કરે છે. આ વિરોધ તથા સંઘર્ષમાં નથી જીવનનો આનંદ કે નથી જીવનની શાન્તિ. આ માટે દરેક વ્યક્તિ પોતપોતાનું સ્વરૂપ જાણે તથા સમજે, કાંઇક બનવાની ચેષ્ટા ન કરે. આમાં કોઇ કોઇનો માર્ગદર્શક, ગુરુ યા પ્રમાણભૂત વ્યક્તિ બની શકતું નથી. ગુરુ યા ગ્રન્થ અપ્રસ્તુત છે.

(૧૦) દરેક વ્યક્તિ પોતામાં સ્વતંત્ર મહત્ત્વ ધરાવે છે. વ્યક્તિ જ વાસ્તવિક છે. પરન્તુ નિર્વ્યાજ તથા નિરુપાધિક પ્રેમવડે બે અથવા અધિક વ્યક્તિઓનું સહજીવન મધુર તથા મુક્ત બની શકે છે. આ માટે વિકાર તથા વાસનાસહિત પ્રેમ જ સહજીવનનું અમૃત છે. તેનું બીજું નામ છે વિનય.

('ભૂદાન'માંથી સાભાર ઉદ્ધૃત) હિન્દી : દાદા ધર્માધિકારી

અનુવાદક : પરમાનંદ

સંઘે કરેલું મુનિ જિનવિજયજીનું બહુમાન

મુનિશ્રી જિનવિજયજીને તેમણે આજ સુધી કરેલી અખંડ સાહિત્ય-ઉપાસનાની કદર તરીકે ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી'નો ચંદ્રક ગયા પ્રજાસત્તાક દિને આપવામાં આવ્યો છે તે બદલ તેમનું જાહેર રીતે બહુમાન કરવાના હેતુથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં તા. ૩૦-૩-૬૧નાં રોજ એક સંમેલન યોજવામાં આવ્યું હતું. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘ તરફથી મુની શ્રી જીનવિજયજીને આવકાર અને અભિનંદન આપ્યાં ને મુનિશ્રી સાથેના લાંબા કાળના અંગત પરિચયનો સભાજનોને ખ્યાલ આપ્યો અને જણાવ્યું કે "ઉચ્ચ ભાવનાથી પ્રેરાઇને તેમણે જૈન સાધુની દીક્ષા સ્વીકારી, તેમાંથી સાહિત્યસંશોધન તરફ તેઓ આકર્ષાયા, સાધુજીવનના આચાર સાથે તેમનામાં રહેલી સંશોધનની ભૂખનો કોઇ મેળ બેસે એમ નથી એમ લાગતાં તેમણે જૈન દિક્ષા છોડી અને સાહિત્યસંશોધન પાછળ આંખુ જીવન ઘસી નાખ્યું. સાથે સાથે જ્યારે જ્યારે દેશમાં રાજકીય આન્દોલન ઊભું થયું ત્યારે ત્યારે તેથી પણ અસ્પૃષ્ટ રહી ન શકયા અને જેલવાસ પણ સ્વીકાર્યો. સમયાન્તરે ચિત્તોડ પાસે ચંદેરીમાં એક આશ્રમ પણ તેમણે સ્થાપ્યો. આજે એ જ સ્થળે આચાર્ય હરિભદ્રસૂરિ યોગ્ય સ્મારક ઊભું કરવા પાછળ ચિત્તનો યોગ તેઓ લગાડી રહેલ છે. આમ અનેક પ્રેરક બળોના કારણે એક યા બીજી બાજુ ધકેલાતું અને સદા જીવનશ્રેયને ઝંખતું તેમ સાધતું એવું તેમનું જીવન છે જ અને એમ છતાં સાહિત્યનું ઇતિહાસનું સંશોધન એ કોઇ માળાના ધાગા માફક તેમની અખંડ ઉપાસનાનો વિષય બન્યો છે. આવી જીવનતપસ્યાથી પ્રભાવિત બનીને ભારત સરકારે તેમની જે કદર કરી છે તેથી આપણું દિલ ખૂબ સંતોષ અને; આપણામાંના જ તે એક હોઇને, ગૌરવ અનુભવે છે. આ પ્રસંગે તેમનું બહુમાન કરતાં તેમને એક વિનંતિ કરવાની છે કે અમો આપને વ્યક્તિગત રીતે જાણીએ છીએ, પણ અનેક રંગો અને વૈવિધ્યથી ભરેલી આપની આજ સુધીની જીવનકથાથી અમારામાંના ઘણાખરા અજ્ઞાત છીએ તો આખી જીવનકથા નહિ તો આપ-જીવનના મહત્વના પ્રસંગોનો કાંઇક ખ્યાલ આપશો તો આજનું આપણું મિલન વધારે સાર્થક થયું લેખાશે."

ત્યાર બાદ મુનિશ્રીએ આવું સંમેલન યોજવા બદલ સંઘનો આભાર માન્યો અને પછી લગભગ દોઢથી પોણાબે કલાક સુધી પોતાના સાહસપૂર્ણ જીવનપ્રસંગોના અવનવાં ચિત્રો રજૂ કરતું એક ભવ્ય પ્રવચન કર્યું અને એ સાંભળીને ઉપસ્થિત ભાઇબહેનો અત્યંત પ્રભાવિત બન્યા, મુગ્ધ બન્યા અને મુનિશ્રી વિષે ઊંડા આદરની લાગણી અનુભવવા લાગ્યા. તેમના પ્રવચનના અન્તમાં હાલ જે કાર્ય ઉપર તેમનું ચિત્ત કેન્દ્રિત છે તે 'આચાર્ય હરિભદ્રસૂરિ સંસ્કૃતિ પીઠ'ને લગતી તેમની કલ્પનાનો તેમણે ખ્યાલ આપ્યો અને એ કલ્પનાને મૂર્તિમન્ત કરવામાં સંઘનો અને સભાજનોનો સહકાર માંગ્યો. આ બાબત સંઘ વિચાર કરશે અને તેને લગતા પ્રચારકાર્યને પ્રબુદ્ધ જીવનમાં અવકાશ આપવામાં આવશે એવી મંત્રીઓ તરફથી મુનિશ્રીને ખાત્રી આપવામાં આવી અને તેમનો આભાર માની સંમેલન વિસર્જન કરવામાં આવ્યું.

મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

ઇશુના શ્રાવકની પ્રવૃત્તિઓ

અમેરિકામાં સાતમા-દિને-આગમનવાદી (સેવન્થ ડે એડ્વેંટિસ્ટ) નામે એક ખ્રિસ્તી પન્થ છે. એ લોકો રવિવાર (પહેલો દિવસ) નહિ પણ શનિવાર (સાતમો) પાળે છે, ને માને છે, કે ઇશુ પાછો આવશે (એડ્વેંટ) ને પૃથ્વી ઉપર એના ભક્તોને માટે સ્વર્ગની સ્થાપના કરશે. આમ માનવાનું તો જાણે ઠીક, પણ એ લોકોની કરણી અનુકરણીય લાગે છે, એટલે તે વિષે 'લુક' નામે અમેરિકન પત્રમાં લેખ આવ્યો હતો એને આધારે આ લખાણ કર્યું છે.

'આગમનવાદી અમેરિકામાં આખા ત્રણ લાખ છે ને પૃથ્વી સમસ્ત ઉપર આશરે અગિયાર લાખ છે. તેમાં અધલાખથી ઓછા કાર્યકર્તા છે, પણ તે ભારે કામઢા છે, એટલે તે ૭૪૮ ભાષામાં વખાણ વાંચે છે; વર્ષે વર્ષે ૨૧૩ ભાષામાં ૧૦ કરોડ રૂપિયાની કિમ્મતની ચોપડીઓ તથા બીજું સાહિત્ય ફેલાવે છે, તથા રેડિયો ઉપર અને દૂરદર્શન(ટેલિવિઝન)માં સ્વતંત્ર કાર્યક્રમ ગોઠવે છે. વળી તે પત્રવ્યવહાર દ્વારા બાઇબલને લગતો અભ્યાસ-ક્રમ ચલાવે છે; તેનો દેશે દેશના લાખો લોકોએ લાભ લીધો છે.

આગમનવાદી પત્તે રમતા નથી, ને નાચતા પણ નથી. વળી તે તમાકુ તથા દારૂનો ત્યાગ કરે છે, અને ચા કોફી પણ પીતા નથી. તે સાદાં વસ્ત્ર પહેરે છે ને કાર્યસાધક ઘરેણાં જ (જેમ કે કંઠનાં બટન) પહેરે છે.

આગમનવાદી માને છે કે આ આપણું શરીર આત્મારામજીનું મંદિર છે ને તેથી એ મંદિરને હાનિ પહોંચે એવું કાંઇ કરતા નથી. આગમનવાદી માહ્યલા અનેક શાકાહારી છે.

આગમનવાદી શારીરિક રોગોની શાંતિથી કામનો આરંભ કરે છે. ઇશુએ ઉપદેશ કરવા કરતાં રોગ મટાડવામાં વધારે વખત આપ્યો હતો, તેમાં આગમનવાદી એનું અનુકરણ કરે છે. એ લોકોની વૈદ્યકીય પ્રચારકોની મોટી કોલેજ છે, ત્યાં વૈદ્યક, દંતવૈદ્યક ને પરિચારિકાકર્મ શીખવાય છે. યુનાઇટેડ સ્ટેટ્સ તથા કેનેડામાં આગમનિયાની ૨૩ ઇસ્પિતાલ તથા સેનેટોરિયમ છે; તે ઉપરાંત એ ક્લિનિક પણ છે. જગતના અન્ય દેશોમાં આગ-મનિયાની ૯૦ ઇસ્પિતાલ તથા સેનેટોરિયમ અને ૮૨ ડિસ્પેન્સરી તથા ક્લિનિક છે. ત્યાં વર્ષે ૨૩ લાખ દર્દીના ઉપચાર થાય છે.

આગમનિયામાં સરેરાશથી ત્રણગણા ગ્રેજ્યુએટ છે. તે મોટે ભાગે પરણેલા હોય છે, અને તેનામાં વિધવાવિધુર તથા છુટ્ટાછેડા લેનારા પ્રમાણમાં ઓછા છે. સાહુકાર પણ ઓછા જ છે.

વીસ વીસ આગમનિયા માહ્યલો એક એક જણ પંથની સેવા જ કરે છે. તે મિશનરી હોય, ડાક્તર કે નર્સ હોય, માસ્તર હોય કે વહિવટદાર, પણ સૌને લગભગ એકસરખો પગાર મળે છે. કુદરતી સંકટ આવી પડે તો તે ત્યાં સેવા કરવા પહોંચી જાય છે.

ચાલીસ બીજા પંથવાળાએ એક વર્ષે માથા દીઠ ચર્ચમાં ૫૭ ડોલર આપ્યા, તો આગમનિયાએ માથા દીઠ ૨૧૩ ડોલર આપ્યા. આગમનિયા માત્ર પોતાની આવકનો એક દશાંશ અચૂક ધર્માદામાં કાઢે છે.

આગમનિયાનાં છોકરાં મોટે ભાગે આગમનિયાએ કાઢેલી નિશાળ-કોલેજમાં જ ભણે છે.

દેસાઇ વાલજી ગોવિન્દજી

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ

(આ વિષયને લગતાં મળેલાં ચર્ચાપત્રો યા લેખો આગામી અંકથી પ્રગટ કરવામાં આવશે.)

તંત્રી, પ્રબુદ્ધ જીવન

દર્શન અને જીવન

(ગતાંકથી ચાલુ)

યજ્ઞપ્રધાન જીવન

ભારતીય ઇતિહાસની નજર જેટલે દૂર જઈ શકે છે એને આધારે કહી શકાય કે વેદ પહેલાના ભારતનો ધર્મ :શો હતો એ હજી અસ્પષ્ટ છે. જે કેટલીક મૂર્તિઓ મોહેન-જો-દેરો અને હરપ્પાથી મળી છે તેના આધારે માતૃપૂજા કે લિંગપૂજા અને કાંઇક યોગમાર્ગની આરાધના થતી હશે એવો વિદ્વાનોનો મત બંધાય છે. પણ એ વિષે કશું જ નિશ્ચયપૂર્વક કહી શકાય એમ નથી. છતાં પણ એટલું ચોક્કસ છે કે એ વૈદિક માન્યતાથી જૂદો પ્રકાર હતો અને ક્રમે કરી વૈદિકોએ એને પોતાની રીતે પોતામાં સમાવી લીધો છે. એનો વિચાર રહેવા દઇએ, પણ વૈદિક કાળના તો દર્શન અને ધર્મની કલ્પના સ્પષ્ટ થઇ શકે તેમ છે. અનેક દેવોની માન્યતામાંથી ક્રમે કરી એક દેવની કલ્પના અને તે જ સૃષ્ટિનો સર્જક હોય તેવું દાર્શનિક મન્તવ્ય સ્થિર થયું હતું, અને દેવારાધનનો પ્રકાર એટલે યજ્ઞ એ પણ વૈદિકોના જીવનમાં વણાઇ ગયું હતું. આ યજ્ઞની સાદી પ્રક્રિયા એટલી જ છે કે પોતાને પ્રિય એવી વસ્તુઓ દેવોને અર્પણ કરવી અને તે દ્વારા દેવોને પ્રસન્ન કરી મનોવાંચ્છિત પ્રાપ્ત કરવું. ક્રમે કરી આ યજ્ઞનાં વિધિવિધાનો એટલાં જટિલ બની ગયાં કે તેમાં દેવો અને ભક્તો વચ્ચે એક પુરોહિત વર્ગ ઊભો થઇ ગયો. આને આજની ભાષામાં દેવોના દલાલો કહી શકાય. પરિણામ એ આવ્યું કે દેવારાધન આજના વ્યાપારની જેમ દલાલો વિના અસંભવ બની ગયું. આનો વિરોધ થવો સ્વાભાવિક છે, કારણ કે ધાર્મિક કોઇ પણ પ્રક્રિયા હોય પણ છેવટે તે વૈયક્તિક હોય છે અને તેને આ પ્રકારે સામાજિક રૂપ મળે તે સાધકથી સહ્ય બને નહિ. સાધક પોતાની સાધનામાં આ પ્રકારની પરતંત્રતા સહી શકે નહિ. આથી યજ્ઞનું રૂપ બદલવાની આવશ્યકતા ઉપર ભાર આપવામાં આવ્યો. અને પરિણામ સ્વરૂપે ક્રિયાયજ્ઞને સ્થાને જ્ઞાનયજ્ઞનો પ્રચાર કરવામાં આવ્યો. વૈદિક સંહિતા-કાળમાં આરાધકો બાહ્ય વસ્તુઓનું અર્પણ કરી દેવોને ખુશ કરવા માગતા હતા, પણ તેમાં પણ જરા ઊંડા ઊતરી જોઇશું તો તેઓ ત્યાગ દ્વારા દેવોની નજીક, દેવોના સાન્નિધ્યમાં આવવા મથતા હતા. એટલે કે બાહ્ય વસ્તુનો ત્યાગ દેવસાન્નિધ્ય માટે અનિવાર્ય હતો અને જ્યાં સુધી મમત્વ હોય ત્યાં સુધી એ ત્યાગ સંભવે નહિ. એથી 'આ મારૂં નથી, હું તે દેવને અર્પણ કરૂં છું.'-આ ભાવના જ્યાં સુધી થાય નહિ, ત્યાં સુધી દેવારાધન શક્ય નથી અને જ્યારે કોઇ પણ વસ્તુમાંથી આ પ્રકારે મમત્વ દૂર થાય છે ત્યારે એ વસ્તુ વૈયક્તિક ન રહેતાં સામાજિક બની જાય છે, એટલે કે, જે વસ્તુને આપણે પોતાની જ માત્ર, માનતા હતા તેને હવે દેવોદ્વારા સમાજને અર્પણ કરીએ છીએ. આમ ધાર્મિક જીવનમાં યજ્ઞ દ્વારા સામાજિક ભાવના પણ ક્રમે કરી વિકાસ પામે એ એનું આનુષંગિક ફળ હતું અને આ રીતે યજ્ઞપ્રક્રિયામાંથી એક સુભગ પરિણામ નીપજ્યું, પણ સાથે સાથે તેની જટિલતાને કારણે તે યજ્ઞ એવો આત્યંતિક સામાજિક બની ગયો કે તેમાં વ્યક્તિસ્વાતંત્ર્યનો પણ લોપ થઇ ગયો. વ્યક્તિ પોતાની ધાર્મિક સાધનામાં પુરોહિતોને પરાધીન બની ગઇ. યજ્ઞની પ્રક્રિયામાંથી નીપજતા આ પરિણામે તેને સાવધાન કર્યો અને છેવટે સમગ્ર યજ્ઞના સ્વરૂપને જ બદલવા તે તૈયાર થઇ ગયો. આમાંથી તે કર્મકાંડરૂપ યજ્ઞને સ્થાને અથવા તો ક્રિયા-યજ્ઞને સ્થાને જ્ઞાનયજ્ઞ તરફ વળ્યો. આમ જ્ઞાન અને ક્રિયાના વિરોધની શરૂઆત થઇ. તેમાં છેવટે ક્રિયાએ નમતું આપવું પડ્યું અને ધાર્મિક જીવનમાં જ્ઞાનયજ્ઞનું મહત્ત્વ સ્થપાયું. હવે આપણે તેનો વિશેષ વિચાર કરીએ.

જ્ઞાનયજ્ઞ

ઉપનિષદ્કાળમાં વૈદિકો ક્રિયાયજ્ઞને છોડી જ્ઞાનયજ્ઞ તરફ વળ્યા છે તેમાં તેમનું એ વલણ બદલવામાં તે સમયના અવૈદિકોની વિચારણાનો ફાળો નજીવો નથી એમ વિદ્વાનો સ્વીકારતા થઇ ગયા છે. એ અવૈદિકો એટલે આજે જેને આપણે જૈન અને બૌદ્ધપરંપરા કહીએ છીએ તેના પૂર્વજો છે અને તે પૂર્વજોનો સંબંધ વિચારધારાની અપેક્ષાએ ઠેઠ મોહન-જો-દેરો અને હરપ્પાની સંસ્કૃતિ સુધી લંબાવી શકાય એમ છે એવી સંભાવના પણ વિદ્વાનોએ કરી છે. જૈનો અને બૌદ્ધોનું વલણ, જીવનમાં અને ખાસ કરી ધાર્મિક જીવનમાં, પોતાના આરાધ્ય-પછી તે પોતાનો આત્મા હોય, ચિત્ત હોય કે તીર્થંકર કે બુદ્ધ હોય-એ આરાધ્ય અને પોતાની વચ્ચે કોઇને દલાલ કે પુરોહિતને સ્વીકારવાનું નથી. ક્રિયાયજ્ઞની ભાવનામાં ત્યાગનું મહત્ત્વ છે અને તેના વિરોધ કરનારા પણ ત્યાગને મહત્ત્વ આપે છે. પણ બન્નેમાં જે ભેદ છે તે એ કે જો ત્યાગ જ કરવો છે તો પછી તેનું દાન આરાધ્યને નહિ પણ જેને ત્યક્ત વસ્તુની આવશ્યકતા છે તેને કરવું, વળી ત્યાગ એટલા માટે ન કરવો કે એથી વધારે સારી અને વિપુલ વસ્તુ બદલામાં મળે. યાજ્ઞિકો યજ્ઞ એટલા માટે કરતા કે એ યજ્ઞ કરવાથી તેમને વિપુલ માત્રામાં બાહ્ય સંપત્તિ-સંતાન-ગાયો-જમીન વગેરે મળે, પણ યજ્ઞના વિરોધીઓનું મન્તવ્ય હતું કે ત્યાગનું ફળ આત્મામાં મમત્વભાવની નિવૃત્તિ થાય અને તે એટલે સુધી કે પોતાનું મન કોઇ પણ વસ્તુને પોતાની માનવા તૈયાર જ ન થાય. તો તે યજ્ઞનું ફળ બાહ્યસંપત્તિ શા માટે માનવું ? યજ્ઞોદ્વારા પુનઃ સંપત્તિ પ્રાપ્ત કરીને સંસાર જ વધારવો છે ને ? આથી યજ્ઞ એ તો તરવા માટેની ડુબેલી નૌકા છે. આ પ્રકારના વિરોધી વલણનું પરિણામ એ આવ્યું કે ઉપનિષદ્ કાળમાં વૈદિકોએ ક્રિયાયજ્ઞને સ્થાને જ્ઞાનયજ્ઞનું મહત્ત્વ સ્વીકાર્યું.

આ રીતે આપણે જોઇએ છીએ કે ઉપનિષદ્ કાળથી સમગ્ર ભારતીય જીવનમાં ક્રિયાયજ્ઞ ઉત્તરોત્તર ગૌણ બનીને તેનું સ્થાન જ્ઞાનયજ્ઞે લીધું છે અને વૈદિકોમાં પણ સંન્યાસમાર્ગનું મહત્ત્વ ઉત્તરોત્તર સ્થપાયું છે. સંન્યાસમાર્ગ એ શ્રમણોનો મુખ્ય માર્ગ હતો તે હવે બ્રાહ્મણોએ પણ આત્મસાત્ કરવા માંડ્યો. પણ મૂળ સામાજિક માન્યતાઓ અને ધાર્મિક અનુષ્ઠાનમાં જે બે પરંપરાનો ભેદ હતો તે આ કાળમાં પણ રહ્યો જ. વેદ અને તેની પરંપરામાં ઉત્તરોત્તર થનાર શાસ્ત્રો એ સમાજના ઉચ્ચવર્ણોના જ અધિકારની વસ્તુ હતી અને શુદ્રો તથા અનાર્યોનો તેમાં અધિકાર નથી એ માન્યતા હજુ પણ ચાલુ જ હતી. અને પરિણામે સંન્યાસમાર્ગ પણ વૈદિકોમાં ઉચ્ચ ગણાતા વર્ગને માટે જ હતો. નીચ ગણાતા વર્ણનો અધિકાર સંન્યાસી માર્ગમાં હતો નહિ. જ્યારે આથી વિરૂદ્ધ સમાજમાં ગમે તે પ્રકારે ભેદો હોય-પછી તે આર્ય-અનાર્યના હોય કે વર્ણ-વર્ણેતરોના હોય, પણ ધાર્મિક અનુષ્ઠાન એ તો આત્માની વસ્તુ હોય ત્યાં એ ભેદોને કશું જ સ્થાન રહેતું નથી-આવી માન્યતા શ્રમણોમાં એટલે કે જૈન બૌદ્ધો આદિમાં તે કાળે હતી.

દર્શનની દૃષ્ટિએ વિચારીએ તો ઉપનિષદ્કાળમાં અદ્વૈત દર્શન સ્થિર થયું, બ્રહ્મ એક જ છે, સંસારમાં દેખાતી બધી

વસ્તુ–જડ ચેતન એ બધી વસ્તુ–એક બ્રહ્મ કે આત્માના જ વિવિધ રૂપો છે–આમ દાર્શનિક દ્રષ્ટિ અભેદ તરફ ઢળી, પણ જીવનમાં–સામાજિક જીવનમાં–એ દ્રષ્ટિનું–એ દર્શનનું કશું જ પરિણામ ન આવ્યું. ત્યાં તો એવા ને એવા જ ભેદો પ્રચલિત રહ્યા અને તેને આધારે મનુષ્યોમાં ઉંચનીચ ભાવના ચાલુ રહી. દર્શન અને જીવનના આ વિરોધને ઉપનિષદ્‌કાળના વૈદિકોમાં નવો પ્રવિષ્ટ થયેલ જ્ઞાનયજ્ઞ કે સંન્યાસમાર્ગ નિવારી શક્યો નહી એ તે કાળના સાહિત્યને આધારે કહી શકાય છે. વિભિન્ન આત્માઓ બ્રહ્મભૂત–એક જ છે એમ માનવા છતાં સામાજિક જીવનમાં વર્ણભેદ કાયમ જ રહ્યો. હા, માત્ર મુક્તાવસ્થામાં એ ભેદને સ્થાન ન રહ્યું એટલો સંતોષ માની શકાય. આથી આપણે જોઇએ છીએ કે ઉપનિષદ્‌ અને તેને આધારે રચાયેલ બ્રહ્મસૂત્ર અને તેના સમર્થ વ્યાખ્યાતા શંકરાચાર્ય જેવા અદ્વૈતના પરમ ઉપાસકો પણ શુદ્રને વેદાધ્યયનના અધિકારી માની શક્યા નથી. આમ વર્ણભેદ એ તત્કાલીન વૈદિકોના જીવનમાં એટલો દૃઢ હતો કે ઉપનિષદનો અદ્વૈતવાદ પણ તેને નિવારી શક્યો નથી, અને દર્શન અને જીવનમાં સંગતિ લાવી શક્યો નથી એ સ્વીકાર્યા વિના છૂટકો નથી.

આથી વિરુદ્ધ એ કાળના જૈનો અને બૌદ્ધોમાં ધાર્મિક અધિકારની બાબતમાં તે ધર્મોની દાર્શનિક માન્યતા કે સર્વજીવો સમાન છે અર્થાત્‌ સર્વસમાનતાની દાર્શનિક માન્યતા પ્રમાણે વર્ણભેદને કોઇ સ્થાન નથી મળ્યું. આર્ય કે અનાર્ય, બ્રાહ્મણ કે શુદ્ર સૌનો સંન્યાસનો અધિકાર સમાનભાવે માનવામાં આવ્યો હતો. અને એમને મતે ક્રિયાયજ્ઞ નહિ, પણ જ્ઞાનયજ્ઞનું મહત્વ હતું. ઉપાસના એ માત્ર આત્માની કે પોતાની જ છે અને તે પણ કોઇની પણ મધ્યસ્થી વિના સ્વયં કરવાની છે એવી માન્યતા દૃઢ હતી, અને આન્તર–બાહ્ય ત્યાગરૂપ તપસ્યા એ જ ક્રિયા હતી અને તે દ્વારા ક્લેશો દૂર થઇ આત્મા કે ચિત્તને વિશુદ્ધ સ્વરૂપે અર્થાત્‌ નિર્મલ પ્રજ્ઞારૂપે પ્રકટ કરવું એ જ ધ્યેય હતું. આમ તેમની આરાધના એ જ્ઞાનયજ્ઞ કહી શકાય. પણ ભારતીય સમાજની વિશાળતા અને આ શ્રમણોનો પ્રભાવ સમાજમાં અલ્પકાલીન અને અલ્પ; તેથી અંતે સમાજ-જીવનમાં આ બન્ને ધર્મો ધરમૂળનો ફેરફાર કરાવી શક્યા નહિ. બૌદ્ધધર્મને તો ભારત બહાર જઇ આશ્રય શોધવો પડ્યો, જ્યારે જૈનોએ જાતિભેદને સમાજજીવનમાં આશ્રય આપી પોતાનું જીવન અહિં ટકાવી રાખ્યું. આમ ભારતીય જીવનમાં ક્રિયાયજ્ઞને સ્થાને જ્ઞાનયજ્ઞ આવ્યા છતાં દર્શન અને જીવનની વિસંગતતા ચાલુ જ રહી, અને વિચારકો એ વિસંગતતનું નિવારણ કરવા મથતા જ રહ્યા છે. અને એને જ પરિણામે ભારતીય જીવનમાં ભક્તિયોગ કે ભક્તિયજ્ઞનું માહાત્મ્ય વધવા પામ્યું છે. તે વિષે હવે આપણે વિચારીએ.

ભક્તિયજ્ઞ

ભક્તિનાં મૂળ તો વેદકાળ જેટલા જૂનાં કહી શકાય. કારણ, તેમાં પણ દેવોની ઉપાસનાને સ્થાન છે જ; છતાં પણ તેને ભક્તિયોગ કે ભક્તિયજ્ઞ ન કહી શકાય. કારણ જેને આપણે ભક્તિયજ્ઞને નામે ઓળખીએ છીએ તે તેના પરિનિષ્ઠિત સ્વરુપમાં અને નહિ કે તેના પ્રારંભિક સ્વરૂપમાં, અને એ જ કારણે એકને કર્મકાંડ અને બીજાને ભક્તિ એવાં જુદાં જુદાં નામો અપાયાં છે. કર્મકાંડમાં જે દેવોની ઉપાસના હતી તેના બદલામાં કાંઇક મળે એવી વાંચ્છા સાથે હતી એટલે કે તે એક લેવડ–દેવડના રૂપમાં હતી. આથી જ એ કર્મકાંડ કે યજ્ઞને નામે પ્રસિદ્ધ થઇ. પણ જેને આપણે ભક્ત કહીએ છીએ તેમાં ઉપાસકને કોઇ ભૌતિક લાભની આકાંક્ષા નથી. માત્ર પોતાના ઉપાસ્યના સાંનિધ્યમાં રહેવાની તાલાવેલી છે અને એ સાનિધ્ય માત્ર સાન્નિધ્ય રહે અથવા એકતામાં પરિણમે–આ પ્રકારની ભક્તિ–એ વૈદિક યજ્ઞ કરતાં જુદા જ પ્રકારની છે એમ માનવું જ રહ્યું.

ભારતીય જીવનમાં અને દર્શનમાં જે વિસંગતિને કર્મયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ નિવારી નહિ શક્યા તેને નિવારવાનો પ્રબળ પ્રયત્ન આ ભક્તિયજ્ઞે કર્યો. અને ભક્તિમાર્ગની ધારા પાતળી પણ વેદકાળથી ચાલી આવતી હતી અને તેમાં વિભિન્ન કાળ અને દેશની વૈવિધ વિચારધારાઓને લઇને જે અનેક મીશ્રણો થઇ રહ્યાં હતાં એનાં પરિણામો સ્પષ્ટ રૂપે આપણે ગીતામાં જોઇએ છીએ. શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં કર્મયોગ, જ્ઞાનયોગ કે ભક્તિયોગનો સંદેશ છે, એ વિષે પ્રાચીન આચાર્યો પોતપોતાની દાર્શનિક દૃષ્ટિ અનુસાર તેની વિવિધ વ્યાખ્યાઓ કરે છે. પણ ખરી રીતે સમગ્રભાવે એ ભક્તિયોગનો જ ગ્રન્થ છે. કારણ તેમાં કર્મયોગ કે જ્ઞાનયોગ હોય તો પણ તે ભક્તિપ્રધાન છે અને કૃષ્ણની ઉપાસનાનું પ્રાધાન્ય તેમાં સ્થાપવામાં આવ્યું છે, આ બાબતનો ઇન્કાર થઇ શકે તેમ નથી.

આ ભક્તિયોગમાં જ્ઞાન અને કર્મ બન્નેને સ્થાન આપવામાં આવ્યું જ છે. કર્મ કરવાનો નિષેધ નથી પણ કર્મફળની આકાંક્ષાનો નિષેધ છે. આમ જ્ઞાનમાર્ગે જે આકાંક્ષાનો ત્યાગ આવશ્યક માન્યો હતો અને સંન્યાસમાર્ગનું મહત્વ માન્યું હતું તેને કર્મસંન્યાસ નહિ પણ ફળસંન્યાસનુ રૂપ ગીતામાં આપવામાં આવ્યુ. આથી જ્ઞાનમાર્ગની પૂર્તિ ભક્તિમાર્ગમાંજ થઇ જાય છે અને કર્મ કરવાનો નિષેધ ન હોઇ કર્મમાર્ગ પણ ટકી શકે છે. આમ જીવનમાં ભારતીય દર્શને જે સુફળ કર્મ અને જ્ઞાનનાં આપ્યાં હતાં તેનો સુમેળ અને લાભ ભક્તિદ્વારા એક ભક્તને મળે છે. જ્ઞાનમાર્ગે આત્મૈક્ય કે આત્મસમાનતા આગળ કરી બ્રહ્મકે સ્વની ઉપાસના આગળ ધરી હતી તેને સ્થાને ગીતામાં કૃષ્ણ સ્વયં પરમબ્રહ્મ છે અને તેની જ ઉપાસના કરવાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમ કરી જે માર્ગ–નિરાકાર બ્રહ્મની ઉપાસનાનો માર્ગ–માત્ર કેટલાક યોગીઓને માટે જ શક્ય હતો તેને સર્વજનસુલભ બનાવ્યો. આ પણ આ ભક્તિમાર્ગની વિશેષતા થઇ. આમ આ ભક્તિમાર્ગ સર્વજનસુલભ થવાની યોગ્યતાવાળો હોઇ સર્વને પ્રિય થઇ પડે એવી સંભાવના તેમાં સહજ છે. આથી આપણે જોઇએ છીએ કે ગીતા પછી ભારતીય જીવનમાં ભક્તિને જે સુદૃઢ સ્થાન મળ્યું તે તેની સર્વગ્રાહ્યતાની યોગ્યતાને કારણે જ છે.

ભક્તિમાર્ગની આવી દાર્શનિક ભૂમિકા હતી. તેથી જીવનમાં પણ તે માર્ગે એ જ પ્રકારનું વલણ અપનાવ્યું. ગીતામાં એ સ્પષ્ટ છે કે એ ભક્તિમાર્ગને કોઇ પણ વ્યક્તિ કોઇ પણ જાત–જાતના ભેદભાવ વિના, કે સ્ત્રી–પુરુષના ભેદભાવ વિના સમાનભાવે અપનાવી શકે છે. આમ વૈદિકોના સાર્વત્રિક વર્ણવાદ વિરુદ્ધ અને શ્રમણોના પણ ગૃહસ્થ સમાજગત વર્ણવાદ વિરુદ્ધ ભક્તિમાર્ગે સર્વ કોઇ માટે દ્વારો ઉઘાડાં મૂકી દીધાં અને દાર્શનિક મન્તવ્ય અનુસાર જીવનમાં પણ સંગતિ લાવવાનો ભગીરથ પ્રયત્ન એ ભક્તિમાર્ગે આદર્યો. આ પ્રકારનો ભક્તિ-માર્ગ એ ગીતાનો ભક્તિમાર્ગ છે, જેમાં સર્વ કોઇ માટે ધર્મમાં દ્વારો–આચારમાર્ગનાં દ્વારો–ખુલ્લાં કરી દેવામાં આવ્યાં છે. પણ પાછું એ દ્વારો બંધ કરી દેવાનું પાપ એજ ભક્તિયોગનાં મહાન ગ્રન્થના મહાન ટીકાકારોએ કર્યું છે તે આપણા ભારતીય જીવનમાં દર્શન ગમે તેવું હોય પણ જીવન તો વર્ણવાદને અનુસરીને જ ચાલવા ટેવાયેલું છે એ વાતને પુનઃ સિદ્ધ કરી જાય છે.

મહાત્મા ગાંધીજીએ એ જ ગીતાને પોતાનો જીવનગ્રન્થ બનાવી ભારતીય જીવનમાંથી ઈશ્વરોપાસનના દ્વારા એ વર્ણભેદને દૂર કરવા જે જહેમત ઉઠાવી છે તે તો આપણી સામેની જ ઘટના છે, પણ તેમના જ અનુયાયીઓએ વર્ણવાદમાં અમે નથી માનતા એમ કહેવા છતાં નિર્વાચનક્ષેત્રે વિજય પ્રાપ્ત કરવા અને સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં ટકાવી રાખવા એ જ રાક્ષસનો આશ્રય કેવી રીતે લીધો છે એ તો વળી તાજી જ ઘટના છે. અને હજી આવતી ચૂંટણીમાં આ જ વસ્તુને વધારે સિદ્ધ તેઓ કરવાના છે.

એટલે આપણો મૂળ રોગ દર્શન અનુસાર જીવન નથી એ છે-જીવન અને દર્શનમાં વિસંગતિ છે એ જ છે-અને એ જ્યાં સુધી છે ત્યાં સુધી એ દર્શનમાં આપણે ગમે એટલી ઊંચી વાતો કરીએ પણ જીવન તો તેને અનુસરીને નહિ પણ તેથી વિરુદ્ધ જ ચાલે છે અને ચાલવાનું છે.

સમાપ્ત **દલસુખ માલવણિયા**

દ્વિતીય ધાર્મિક ક્રાન્તિ સંમેલનઃ અધિકૃત નિવેદન

રાજસ્થાનમાં આવેલા લાડનૂં ખાતે શ્રી શંકરરાવ દેવના અધ્યક્ષપણા નીચે ગત જાન્યુઆરી માસની છેલ્લી તેમ જ ફેબ્રુઆરી માસની પહેલી તારીખે બીજું ધાર્મિક ક્રાન્તિ સંમેલન ભરાયું હતું. શ્રી સોહનલાલ દૂગડ આ સંમેલનના સ્વાગતાધ્યક્ષ હતા, શ્રી પૂર્ણચંદ્ર જૈન સંયોજક હતા અને શ્રી મહાલચંદ ઓથરા સ્વાગતમંત્રી હતા. આ સંમેલનમાં જે ચર્ચા વિચારણા થઇ તેની નિષ્પત્તિ રૂપ-ઉપસ્થિત મંડળીને સંમત એવું-એક નિવેદન આ સંમેલનના આયોજકો તરફથી બહાર પાડવામાં આવ્યું હતું જે નીચે મુજબ છે:-

ગયા વર્ષે કલકત્તામાં જે ધાર્મિક ક્રાન્તિ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો તેમાં આપણે એ નિષ્કર્ષ ઉપર આવ્યા હતા કે ધર્મ શાસ્ત્રોમાં તેમ જ સંપ્રદાયમાં આબદ્ધ નથી, તેમ જ ઈશ્વર અથવા બીજી કોઇ અદૃશ્ય શક્તિના આધાર ઉપર ચાલવાવાળી પરલોક સાધના, મોક્ષપ્રાપ્તિ. પુનર્જન્મ અથવા તો સ્વર્ગ-નરકની કલ્પનાઓમાં સન્નિહિત નથી, ધર્મ જીવન સંબંધી એ જ્ઞાન તેમ જ દૃષ્ટિનું નામ છે કે જે વ્યક્તિ તથા સમાજ સાથે સીધો સંબંધ રાખે છે અને, સમાજ નિરંતર પરિવર્તનશીલ છે તેથી, સ્વાભાવિક રીતે એ દૃષ્ટિ પણ સતત વિકાસોન્મુખ તથા પરિવર્તનશીલ રહેવી જોઇએ.

× × ×

આ સંદર્ભમાં ૧૯૬૧ના જાન્યુઆરી માસની છેલ્લી અને ફેબ્રુઆરી માસની પહેલી તારીખે લાડનૂં (રાજસ્થાન)માં ધાર્મિક ક્રાન્તિ પરિસંવાદ તથા સંમેલન યોજવામાં આવેલ હતાં, જેનો વિચારણીય વિષય 'ધાર્મિક સંપ્રદાયોનું વિઘટન અને સાધુસંસ્થાનું સમાજીકરણ' હતો. આ વિષયમાં અન્તર્ગત એવા ભિન્ન ભિન્ન પાસાઓ ઉપર જે ચર્ચા થઇ તેમાં એ અનુભવ કરવામાં આવ્યો કે જીવનદૃષ્ટિના વિકાસનો આધાર સત્ય જ હોઇ શકે છે, જેની શોધ નિરન્તર ચાલી રહી છે અને ચાલતી રહેવી જોઇએ. જ્યારે કદિ પણ સત્યની ઉપલબ્ધિને અન્તિમ માનીને આ શોધના માર્ગને અવરુદ્ધ કરવામાં આવ્યો છે ત્યારે સંપ્રદાયોને જન્મ મળ્યો છે, ધર્મ કુંઠિત થયો છે, અને જ્ઞાનાર્જનની ગતિ બંધ થઇ ગઇ છે. આ સંપ્રદાયોએ પોતાને પ્રાપ્ત થયેલ સત્યને ઈશ્વરત્વના અથવા તો સર્વજ્ઞત્વના નામ ઉપર સનાતન તત્વ તરીકે ઓળખાવવાનો દાવો કર્યો છે જે સર્વથા નિરાધાર, કપોલકલ્પિત અને વિકાસનો બાધક સિદ્ધ થયો છે. પરિણામ એ આવ્યું છે કે સત્ય કાંઇક પાછળ રહી ગયું છે અને અમુક ભાષા, વેશ અથવા બાહ્યાચાર જ ધર્મના રૂપમાં પ્રતિષ્ઠિત બનેલ છે. આવા તથાકથિત ધર્મના દાવેદાર (દાવો કરનાર) બનીને સાધુ-સંન્યાસી તરીકે ઓળખાતો વર્ગ સમાજમાં પૂજ્ય-પ્રતિષ્ઠા પામવા લાગ્યો છે.

× × ×

આ સંમેલન આ પરિસ્થિતિને સમાજમાં રૂઢિ અને અન્ધ-વિશ્વાસની પ્રસારક, સત્યની શોધ માટે બાધક અને વ્યક્તિ તથા સમાજ બંને માટે અકલ્યાણકારી માને છે. સત્યના નિરંતર અનુસંધાનની આવશ્યકતા છે અને આજનો ધર્મસંપ્રદાય અને સાધુવર્ગ આ બાબતમાં બાધક પુરવાર થયેલ છે, તેથી આજના યુગની એ અનિવાર્ય આવશ્યકતા છે કે, આ પ્રકારના ધર્મસંપ્રદાયનો પરિહાર કરવામાં આવે. સાથે સાથે અમે એમ પણ માનીએ છીએ કે નિવૃત્તિના નામ ઉપર સમાજના પ્રશ્નોથી એટલે કે સામાજિકતાના સ્વસ્થ નિર્માણથી અલગ અલગ રહીને ધર્મ-સાધના કરવાવાળા સાધુવર્ગની પણ આવશ્યકતા રહી નથી.

× × ×

અમે સત્યશોધની સાધનામાં સંલગ્ન ગુણી તેમ સાધુચરિત પુરુષોની સમાજમાં આવશ્યકતા સ્વીકારીએ છીએ. એ સ્પષ્ટ છે કે આવા સાધુપુરુષોની તેમનામાં રહેલા ગુણોને લીધે જ પ્રતિષ્ઠા રહેવાની, જ્ઞાન-કર્મ-વિહીન ત્યાગ-તપસ્યાના કારણે નહિ. કિન્તુ તેઓ સમાજમાં કોઇ એક અલગ વર્ગના રૂપમાં રહેશે નહિ. ઉલટું સ્વસ્થ સમાજમાં શ્રમિક અને સાધુ વિષે સમાન આદર રહેવાનો. આથી આગળ વધીને અમે એ પણ ઇચ્છીએ છીએ કે સાધુતાના ગુણનો વિકાસ ઉત્તરોત્તર સમગ્ર સમાજમાં વ્યાપ્ત બને તથા આપણી નિરન્તર એવી ચેષ્ટા હોય કે સમગ્ર સમાજ સત્ય-શોધન તેમ જ વિચાર તથા આચારના સ્વસ્થ વિકાસની દિશામાં પ્રગતિ કરતો રહે.

આ વિચારણાના સંદર્ભમાં અમે સમાજનાં વર્તમાન જડ મૂલ્યોનું ઉન્મૂલન અને નવાં જીવનમૂલ્યોની સ્થાપના ચાહીએ છીએ તથા તે માટે જ્ઞાન-વિજ્ઞાનના આલોકમાં નિરન્તર વિકાસની દૃષ્ટિની અપેક્ષા રાખીએ છીએ. જે સંપ્રદાય તથા સાધુ દૃષ્ટિ તેમ જ આ જીવનમૂલ્યોના માર્ગમાં બાધક બની બેઠા છે અને બની બેસે છે તેનું નિરાકરણ તેમ જ વિઘટન થાય એ માટે, સમાજપ્રતિ અમે આગ્રહપૂર્વક નિવેદન કરીએ છીએ કે, તે નિરંતર વિવેકશીલ, જાગૃત અને તદનુકૂલ આચારશીલ બનવાનો પ્રયત્ન કરે. સાથે સાથે અમે સમસ્ત વિચારશીલ તત્ત્વોને અનુરોધ કરીએ છીએ કે ધર્મ, સંપ્રદાય તથા સાધુ-સંસ્થાના સંબંધમાં તેઓ આ નિષ્પત્તિ ઉપર વિચાર કરે અને જનસાધારણમાં વ્યાપ્ત અજ્ઞાનને તેમ જ અંધવિશ્વાસને દૂર કરવા માટે આના-વિવેચન-વિશ્લેષણમાં સહયોગ આપે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
સ્વ. મણિલાલ મોકમચંદ શાહની પ્રતિમાનો અનાવરણ સમારંભ		૨૩૭
પ્રકીર્ણ નોંધ: પૂરક નોંધ, ઓઇલ ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટની ઇમારત ખાતે કરવામાં આવેલી સ્થાપના, એક બુઝર્ગ નેકદિલ પત્રકારનો દુઃખદ દેહવિલય, કેવળ જંગલીપણું.	પરમાનંદ	૨૪૧
દુઃખનો સૂર: કાવ્ય	ગીતા પરીખ	૨૪૩
કૃષ્ણમૂર્તિનું જીવન-દર્શન	દાદા ધર્માધિકારી	૨૪૪
સદ્યે કરેલું મુનિ જિન વિજયજીનું બહુમાન		૨૪૫
બર્માના શ્રાવકની પ્રવૃત્તિઓ	વાલજી ગોવિંદજી દેસાઇ	૨૪૫
દર્શન અને જીવન	દલસુખ માલવણિયા	૨૪૬
દ્વિતિય ધાર્મિક ક્રાન્તિ સંમેલન: અધિકૃત નિવેદન		૨૪૮

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

34

રજીસ્ટર નં. B ૪૨૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧, ૧૯૬૧, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ

(તા. ૧–૩–'૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં બુમુક્ષિતઃ કિં ન કરોતિ પાપં । એ મથાળા નીચે મારો એક લેખ પ્રગટ થયો હતો અને 'કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ' એ મથાળા નીચે ઉપરના લેખને અનુલક્ષીને લખાયલું શ્રી વત્સલાબહેન મહેતાનું એક ચર્ચાપત્ર ત્યાર પછીના અંકમાં પ્રગટ થયું હતું અને એ પ્રસંગે એ બન્ને લેખોમાં રજૂ કરાયલા હિંસા–અહિંસાને લગતા મુદ્દાઓ ઉપર જાહેર ચર્ચા નિમંત્રવામાં આવી હતી. આ નિમંત્રણને માનમાં લઇને કેટલાક લેખો યા ચર્ચાપત્રો મળ્યા છે, તેમાંથી પહેલો લેખ કાકાસાહેબ કાલેલકરનો નીચે પ્રગટ કરવામાં આવે છે. આ બાબતને લગતા બીજા ઉપયોગી લેખો યા ચર્ચાપત્રો મૂળ રૂપે યા સંક્ષિપ્ત કરીને હવે પછી પ્રગટ કરવામાં આવશે. **તંત્રી**)

સૌથી પહેલાં ભારત સરકારની નીતિ શી હોય, આપણે સરકાર પાસેથી કેટલી અપેક્ષા રાખી શકીએ એ વિષે થોડી સ્પષ્ટતા કરું. કેમ કે આપણા કેટલાક જૈન ભાઇઓ અને ગૌરક્ષાના અભિમાની સનાતનીઓ અવારનવાર કોંગ્રેસ સામે અને કોંગ્રેસ સરકાર સામે ઠીક ઠીક રાવ ખાતા જણાય છે.

ભારત સરકારે શું કરવું જોઇએ એની સૂચના કરતાં ગાંધીજીમાં માનનાર કોંગ્રેસ સરકાર શું નથી કરતી એની જ તકરાર મોટે ભાગે વાંચવામાં આવે છે. એ બાબતમાં આપણે આપણા મન સાથે એટલું નકકી કરવું જોઇએ કે ભારત સરકાર નથી હિન્દુ સરકાર, અને નથી જૈન સરકાર. હિન્દુ, મુસ્લિમ, ઇસાઇ, પારસી, યહૂદી; આસ્તિક, નાસ્તિક બધાના પરસ્પર વિશ્વાસ અને સંતોષ ઉપર રચાયેલી એ સરકાર છે. એમાંથી એકે ધર્મ, વંશ સંપ્રદાય કે જાતિને આપણે કાઢી મૂકી શકવાના નથી, અને તરછોડી શકવાના પણ નથી. એક વખતે આ દેશમાં હિન્દુઓનું જ રાજ હતું. તે આપણે ટકાવી ન શકયા એ વસ્તુ આજે ગૌણ ગણીએ. પણ આપણા જ લોકો મુસલમાન થયા, ઇસાઇ થયા, એંગ્લો ઇંડિયનો પણ આ દેશના જ લોકો છે એ આપણે ભૂલી શકવાના નથી. આજના મુસલમાનો અને ઇસાઇઓ પોતપોતાના ધર્મ વિષે એટલા જ મક્કમ છે જેટલા હિન્દુઓ પોતાના ધર્મ વિષે છે.

કેવળ બહુમતીને જોરે આપણે હિન્દુ વિચારો બિનહિન્દુઓ પર લાદી શકીએ નહિ. તેમ કરવા આપણે ઇચ્છીએ પણ નહિ. સતીની પ્રથા અને અસ્પૃશ્યતા–નિવારણ એ બે દોષો દૂર કરવા માટે આપણે સરકારની મદદ લીધી એટલે કે બધી કોમોને આપણે પોતાનો અભિપ્રાય આપવાની છૂટ આપી. બધી કોમોની આપણે મદદ લીધી એ ખરું છે. આપણે એ બન્ને સવાલો માનવતાના સવાલો ગણ્યા અને એ વાત બરાબર હતી.

હિંદુ સમાજમાં બહુપત્નીની પ્રથા હતી છતાં આપણે શ્રી રામચંદ્રના એકપત્નીવ્રતને જ આદર્શ માન્યો. તેથી અને પશ્ચિમની અસર તળે આવીને આપણે તમામ હિંદુ જાતિ માટે એકપત્નીવ્રતનો નિયમ કર્યો. (અત્યારે મને યાદ નથી કે કેટલીક આદિવાસી હિંદુ જમાતોનો આમાં આપણે અપવાદ કર્યો છે કે નહિ. હું માનું છું કે અપવાદ કરવામાં જ ડહાપણ છે.)

અને હિમાલયમાં કેટલીક જાતિઓ છે જે માન્યતા અને રિવાજ પ્રમાણે હિંદુ છે અને છતાં એમનામાં આજે પણ દ્રૌપદીધર્મ પ્રવર્તે છે. એટલે કે બેચાર ભાઇઓ વચ્ચે એક જ પત્ની હોય છે. એ લોકો ધીમે ધીમે એ રિવાજ પ્રત્યે અણગમો કેળવવા લાગ્યા છે અને કાયદાની આર ભોંકયા વગર તેઓ બહુપતિની પ્રથા થોડા જ દિસસોમાં છોડી દેશે.

મુસલમાનોમાં એક સાથે ચાર સુધી પત્નીઓ રાખવાની છૂટ છે. આપણે એમને આપણી તેમ જ પશ્ચિમની એકપત્ની પ્રથા નીચે આણવા માગતા નથી. એકપત્નીપ્રથા આખા દેશનો સાર્વભૌમ કાનૂન છે માટે તમારે એ માનવો જોઇએ એમ અમુક સંજોગોમાં આપણે કહી શકત. પણ તેમ કરતાં નથી એમાં જ ડહાપણ છે. એમાં જ ભારતીય સંસ્કૃતિની સર્વસમન્વયકારી ઉદારતા છે. જેનું અનુકરણ કોક દિવસ આખી દુનિયા કરશે જ.

હવે પશુહત્યા અને માંસાહાર વિષે વિચારીએ.

હિન્દુ સમાજમાં બહુ જ થોડા લોકો છે જેમને માંસાહાર સામે વાંધો હોય. બંગાળી, પંજાબ આદિ ઉત્તર ભારતના પ્રદેશોમાં બ્રાહ્મણો પણ માંસ ખાય છે. ક્ષત્રીયોને અને શુદ્રોને છૂટ છે જ. વૈશ્યોમાં પણ શાકાહારનો સાર્વત્રિક નિયમ નથી. પશ્ચિમ અને દક્ષિણ તરફના બ્રાહ્મણો મોટે ભાગે અનાહારી છે. (નિરામિષાહારી એવો લાંબો શબ્દ ટાળીને એ જ ભાવ વ્યક્ત કરવા માટે ગાંધીજીએ અનાહારી શબ્દ ચલાવ્યો છે, એ ચાલશે કે નહિ એ જોવાનું છે.).

એટલે, માંસાહારના ત્યાગ વિષે હિન્દુઓની પણ બહુમતી મળવાની નથી. અને હિન્દુસ્તાનમાં તો આપણી પ્રજા બહુધર્મી છે. આહાર માટે પશુઓને પાળવાનો અને મારવાનો રિવાજ આપણે ગમે તેટલો ઘાતકી ગણીએ, દુનિયામાં બધે ફેલાયેલો છે. પશુહત્યા કાનૂનદ્વારા ટાળવાનો પ્રયત્ન કરીએ તો માનવ-સમાજનો નૈતિક ટેકો આપણને મળવાનો નથી. હિન્દુસ્તાનની પ્રજાની બહુમતી પણ આપણને મળવાની નથી. અને મળે તોયે એ વાપરવામાં ડહાપણ નથી, સલામતી નથી.

કારુણ્યનો પ્રસાર કરવામાં આપણને કોઇ રોકતું નથી. પણ જેમની વચ્ચે કારુણ્યની ભાવના આપણે ફેલાવવા માગીએ છીએ તેમના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર, તુચ્છતા અથવા હીનભાવ આપણે કેળવીએ અથવા રાખીએ તો તે આપણા પ્રચારને બાધક થશે અને કારુણ્યનો દ્રોહ થશે એ વળી વધારાનો.

જે દિવસે પરદેશી ખાંડનો બહિષ્કાર કરી સ્વદેશી ખાંડનું

વ્રત મેં લીધું તે દિવસે જ રાજદ્વારી દુરંદેશી તરીકે મેં નિશ્ચય કર્યો કે પરદેશી ખાંડ આનારાઓને હું વગોવીશ નહિ.

કારુણ્યનો પ્રચાર કાયદા મારફતે કરવો એ તો કારુણ્યનું સ્વરૂપ અને કાયદાની મર્યાદા ન સમજવા બરાબર છે. એ વાટે આપણને નિષ્ફળતા જ મળવાની છે અને કારુણ્યનું વાતાવરણ વણસી જવાનું છે.

'બુદ્ધ, મહાવીર અને ગાંધીના દેશમાં આવું કેમ ચાલે' એમ કહી આપણે આપણો ઉદ્વેગ, આપણી અકળામણ અથવા આપણો પુણ્યપ્રકોપ જાહેર કરીએ છીએ. એમાં આપણે જાણીએ છીએ કે ગાંધીજી ગૌરક્ષા પણ કાનૂનદ્વારા કરાવવાના વિરુદ્ધ હતા. બુદ્ધ ભગવાન પાસે રાજ્યાધિકાર હતો તેનો તેમણે ત્યાગ કર્યો. રાજાઓ એમના શિષ્યો હતા. એમના તરફથી થતી હિંસા પણ એમણે વખોડી નહિ પોતાના બધા જ શિષ્યો માંસાહારનો ત્યાગ કરે એ જાતનો ઉપદેશ પણ એમણે કર્યો નહિ. માંસાહાર ઉપર સરકાર મારફતે અંકુશ મૂકવાની વાત ભગવાન મહાવીરે કયાંય કરી હોય તો તે હું જાણતો નથી. આપણા દેશમાં વેદકાળથી માંડીને આજ સુધી પશુહત્યા ધમધોકાર ચાલતી આવી છે. કોક વખતે વધારે, કોક વખતે ઓછી, એ વસ્તુનો ઇન્કાર ન કરી શકીએ. જવાહરલાલજી કહે છે તેમ માંસાહારનો ત્યાગ એ ઉચ્ચ સંસ્કૃતિ છે એમ કોઇ દાવો કરે તો આપણે એ વસ્તુ મંજુર રાખીએ. વાંધો જરાય ન ઊઠાવીએ. પણ માંસાહાર અને એને માટેની પશુહત્યા–એનો વિરોધ તો ન જ કરાય. વિવેકપૂર્વક પ્રચાર કરવાની છૂટ બધાને છે.

હવે આપણે આહારની સમસ્યા ઉપર આવીએ.

હમણાં જ તમે છાપામાં એક પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રીનો અભિપ્રાય વાંચ્યો હશે. એ કહે છે કે એટમ બોમ્બના જોખમ કરતાં પણ માનવસંખ્યામાં થતી વૃદ્ધિ એ વધારે જોખમ અને સંકટ છે. માણસજાત વિજ્ઞાનમાં અને કૌશલ્યમાં સુધરતી જાય છે. પરિણામે ભૂખમરો ઓછો થયો છે, અન્નની ઉત્પત્તિ વધી છે. અસાધ્ય રોગો સુસાધ્ય થવા લાગ્યા છે. આરોગ્ય વિઘાતક રહેણીમાં સુધારો થયો છે. પરિણામે મરણપ્રમાણ કાબુમાં આવ્યું છે, માણસની આવરદા વધી છે અને લોકસંખ્યા પણ વધવા લાગી છે.

પાકિસ્તાનમાં તેમ જ ભારતમાં તાજી વસ્તીગણત્રી પ્રમાણે આપણી લોકસંખ્યા અત્યાર સુધીનું આપણું વૃદ્ધિનું પ્રમાણ વટાવી ગઇ છે. શ્રી વિનોબાની દલીલ સાચી છે, કે જ્યાં અન્ન ખાનાર એક મોઢું વધે છે ત્યાં કુદરતી રીતે પરિશ્રમ કરી અન્ન ઉત્પાદન કરનાર બે હાથ પેદા થાય છે. પણ દુર્ભાગ્યે વસ્તી વધે તે પ્રમાણમાં દેશની જમીન વધતી નથી. જ્યાં ખેતી થતી નથી ત્યાં ખેતી કરવા માંડીએ તો આજનું સંકટ કાલ સુધી ટાળી શકાય પણ આવતી કાલનો પણ વિચાર કર્યે જ છૂટકો.

યુરોપનો પુરુષાર્થ વધ્યો અને લોકસંખ્યા વધી ત્યારે એ લોકોએ ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, આફ્રિકાના અમુક ભાગો, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેંડ અને પ્રશાંત મહાસાગરના અસંખ્ય દ્વિપો કબજે કરી પોતાની લોકસંખ્યાનો અમુક ભાગ ત્યાં મોકલ્યો. એ પુરુષાર્થ આપણે ન કરી શકયા. હવે પછી એ થાય નહિ.

સંતતિ–નિયમનનો ઇલાજ કોઇ વખોડે, કોઇ સ્વીકારે. એ ચર્ચામાં અહીં આપણે ન ઊતરીએ. પણ સંતતિ–નિયમન એ ઘોર હિંસાનો માર્ગ છે એટલું તો જૈન દૃષ્ટિ સહેજે સમજી જાય. 'મારે જીવવું છે અને કાશી જવું છે માટે મારા પડોશીઓને અને સમકાલીનોને આ દુનિયામાંથી રજા આપું' એ સંકલ્પની પ્રવૃત્તિને આપણે યુદ્ધ કહીએ છીએ. એ હડહડતી હિંસા છે. 'મારે જીવવું છે, મોજમઝા કરવી છે, જીવનધોરણ નીચે આણવું નથી માટે આવતી પેઢીને આ દુનિયામાં આવતી અટકાવું' આ પણ યુદ્ધ જ છે. ફરક એટલો જ કે પ્રથમ યુદ્ધમાં સામો પક્ષ લડી શકે છે જ્યારે સંતતિનિયમનમાં સામો પક્ષ અસહાય હોય છે. ભ્રૂણ-હત્યા અને સંતતિનિયમન વચ્ચે નૈતિક તફાવત કોઇ બતાવે તો એની સામે દલીલ કરવા હું ન બેસું. એની વાત સ્વીકારું પણ ખરો. અને છતાં સંતતિનિયમન પાછળ અમુક જાતની હિંસાવૃત્તિ છે એની ના ન પડાય. પણ અત્યારે એ વિષય આપણે અહીં છોડી દઇએ.

દેશની જમીન મર્યાદિત છે. માંસાહારી લોકોએ જાણવું જોઇએ કે જે પશુ પક્ષી આદિનું માંસ તેઓ ખાય છે તે પ્રાણીઓને પણ જીવવા માટે અને નભવા માટે જમીન જરૂરી છે જ. તેથી વસ્તુસ્થિતિ એ રહી કે મનુષ્ય અને પશુપક્ષી જેને આધારે નભે છે તે જમીન મર્યાદિત હોવાથી અને અનાજનું ઉત્પાદન વધારવાની આપણી શકિત મર્યાદિત હોવાથી કેવળ અન્નાહાર પર આજની પ્રજા નભી ન શકે. પછેડી જોઇ સોડ તાણવાનો નિયમ સ્વીકારીએ તો દર વરસે સરકારે જાહેર કરવું રહ્યું કે આ વરસે અથવા આવતે વરસે કંદમૂળ ફળ અનાજ અને તેલના બિયાં બધું મળીને આટલો ખોરાક આપણને ઉપલબ્ધ છે. આમાં દૂધ અને ઇંડાનો પણ હિસાબ ઉમેરી શકાય અને પછી કહી શકાય કે આ હિસાબ પ્રમાણે આટલી મનુષ્ય વસતિને જ નભાવી શકાય. એથી વધારે પ્રજા ઉત્પન્ન ન થવી જોઇએ.

વસતિની વૃદ્ધિ અને અન્નની ઉત્પત્તિનો મેળ બેસાડવાની દૃષ્ટિએ ઊંડો વિચાર કરનાર કેટલાક ઋષિઓએ કહ્યું કે જમીન ઉપર આધાર ન રાખનાર ખોરાક પણ માણસ પાસે છે અને તે છે મત્સ્ય આદિ જળચરોનો. એ ખેતી બેડવાની પણ મર્યાદા છે એમ પશ્ચિમના માંસાહાર–તદ્‌વિદો કહે છે. પણ આપણે ત્યાં સમુદ્રમાંથી માછલા વીણવાની કલા પૂર્ણત્વ સુધી પહોંચી નથી. એટલા માટે જ્યાં અનાજ ઓછું મળે છે ત્યારે એની મદદમાં મત્સ્યાહારની સગવડ વધારવી જોઇએ એમ બીજી સરકારોની પેઠે ભારત-સરકાર પણ વિચારે તો એનો વાંક કેમ કઢાય? મનુષ્યવસ્તી વધારનાર આપણે સંતતિનિયમન વિષેનો પ્રચાર સરકાર કરે તો આપણને એ ગમતું નથી. આ બાબતમાં સરકાર અત્યાર સુધી આપણા લોકમતથી કાંઇક બીતી હતી. હવે એ બીક ઓછી થઇ છે, કેમકે રાષ્ટ્રીય સવાલોનો ઉકેલ લાવવા માટે જરૂરી રચનાત્મક ચિંતન આપણે કરતા નથી. અને દલીલો પુરવાર કરવા માટે પ્રયોગ પણ કરતા નથી. શાકાહારનો પ્રચાર કરનાર કોઇ રડ્યાખડ્યા પશ્ચિમના વિદ્વાનનાં વચનો ટાંકવા ઉપરાંત આપણે બીજો કશો પુરુષાર્થ કર્યો નથી.

દાખલા તરીકે સમાન કસ અને સંજોગોવાળા એક એકરમાં વધારે ને વધારે અનાજ કેટલું પકવી શકાય, એવા જ એક એકરમાં ફળ અને બીજ કેટલાં મેળવી શકાય, તે જ પ્રમાણે એવા જ એક અનુકૂળ એકર ઉપર પશુ આદિ પ્રાણીઓ માટે ઘાસ આદિ ઉગાડી પશુપાલન દ્વારા કેટલું માંસ મેળવી શકાય એનો હિસાબ પ્રાંતપ્રાંતમાં વર્ષો સુધી કર્યા કરીએ અને પછી માંસાહાર કરતાં ધાન્યાહાર વધુ વસતિને જીવાડી શકે છે અને ધાન્યાહાર કરતાં સુકા અથવા લીલા મેવા અને બીજ ઉપર વધુ માણસો જીવી શકે છે એમ જો આપણે સિદ્ધ કરી શકીએ તો એને હું રચનાત્મક અહિંસા ગણું. જૈનીઓ જો આ દિશામાં પહેલ કરે તો એમનો અહિંસા ધર્મ સજીવ થયો ગણાશે.

નહિ તોયે આ જાતની તપાસ અને શોધખોળ બધી જ

કોમોએ કરવાની છે. કેમકે એ માનવમાત્ર આગળનો મહત્ત્વનો સવાલ છે.

ઉપયુક્તતાવાદનો આશ્રય લઈ વાંદરાઓ ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો કરીને અનેક રોગો ઉપર દવા શોધી કાઢવી એ વિચારનો અને પ્રવૃત્તિનો બચાવ હું ન જ કરું. કોઈ પણ પ્રાણીને મારવાનો આપણને અધિકાર નથી. પ્રાણીહત્યા ધર્મની દૃષ્ટિએ પાપ છે, કુદરતની દૃષ્ટિએ ગુન્હો છે એ વિષે મારા મનમાં લગીરે શંકા નથી. પણ મારો વિશ્વાસ બીજા ઉપર હું ન લાદી શકું અને જ્યાં આહારને અર્થે પ્રાચીન કાળથી આજ સુધી બધે લક્ષાવધિ જનવરોની અને પક્ષીઓની હત્યા આપણે દરગુજર કરીએ છીએ ત્યાં વિજ્ઞાનના વિકાસ માટે અને રોગોનો ઇલાજ શોધી કાઢવા માટે વાંદરાઓને મારવાની પ્રથા સામે આપણે નિશ્ચિત મત શી રીતે આપી શકીએ ? આત્મરક્ષા માટે આક્રમણકારી પ્રાણીઓને મારવા સામેનો આપણો પ્રચાર દુનિયા આજે માને કે ન માને સાંભળવા માટે તૈયાર છે.

એટલે સરકારને વગોવ્યા વગર અને કાનૂનનો આશ્રય લીધા વગર પ્રચારદ્વારા અને શુદ્ધ આચરણદ્વારા અહિંસાનો જેટલો વિસ્તાર કરી શકાય એટલો આપણે જરૂર કરીએ. તેને માટેજ સંસ્થાઓ સ્થાપી આપણે અહિંસક આહારનું અર્થશાસ્ત્ર, કૃષિવિજ્ઞાન, શુદ્ધ આહારશાસ્ત્ર વિગેરે દિશામાં પ્રગતિ કરવી જોઇએ. જેમની વચ્ચે માંસાહારત્યાગનો, પશુહત્યા નિષેધનો અને જીવદયાનો પ્રચાર કરવા માગીએ છીએ તે લોકોનો તિરસ્કાર ન કરતા એમના હૃદયો આપણે જીતવાના રહ્યા.

એની સાથે આદર્શ ગૌશાળા કેમ ચલાવાય, અન્નોત્પત્તિ કેમ વધારાય અને ગાય આદિ પશુઓનો માણસ પરનો બોજો કેમ ઓછો કરાય એના પ્રયોગો મોટા પાયા પર-રાષ્ટ્રીય પાયા પર-ચલાવવા જોઇએ.

અને જો યુદ્ધરૂપી હિંસા અને શોષણરૂપી હિંસા અને વિલાસરુપી સૂક્ષ્મ પણ ભયાનક હિંસામાંથી બચી જવું હોય તો આપણે સંયમ, સહયોગ અને કૌશલ્યવૃદ્ધિને જોરે નવા સમાજની સ્થાપના કરવી જોઇએ. આમાં સરકારની સીધી મદદ ન જ હોય. કામ વધ્યા પછી સરકાર પાસેથી અનુદાનો મેળવી શકાય, પણ એ આખો પુરુષાર્થ ધર્મસુધારકોએ અને સમાજ-સુધારકોએ પોતાની જવાબદારી પર ચલાવવો જોઇએ.

આજની દુનિયામાં કારુણ્યનો પ્રચાર, માણસ માણસના સંબંધો પુરતો જ કરી શકીએ તો ઘણું થયું. જીવસૃષ્ટિનું અદ્વૈત જ્યારે માણસજાતિને ગળે ઊતરશે ત્યારે આગળ વધી શકાય. પોતાની ભાવના ઉત્તેજિત કરી જાણે પુણ્યપ્રકોપનું ભૂત પોતાના પર સવાર થયું હોય એવો ડોળ કરી અથવા મનને મનાવી મોઢેથી આકરાં વેણો કાઢવાં અને કોઇ ને કોઇની નિન્દા કરવી એ સાચો ઉપાય નથી. ધાર્મિક વિખવાદ તો ઊભા ન જ કરાય. અને ગાંધીજીનું નામ પણ આગળ ન કરાય.

કાકા કાલેલકર

'પ્રબુદ્ધ જીવન'નો ૨૩મા વર્ષમાં પ્રવેશ
એક અંગત નિવેદન

પ્રસ્તુત અંકના પ્રકાશન સાથે પ્રબુદ્ધ જીવન ૨૨ વર્ષ પૂરાં કરી ૨૩મા વર્ષમાં પ્રવેશ કરે છે. અહીં એ હકીકતની યાદ આપવી અસ્થાને નહિ ગણાય કે આજથી ૨૩ વર્ષ પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું બંધારણીય નવસંસ્કરણ થયું અને ત્યારબાદ ઇ. સ. ૧૯૩૯ના મે માસની પહેલી તારીખથી 'પ્રબુદ્ધ જૈન' એ નામથી સંઘના પાક્ષિક સામયિકની શરૂઆત કરવામાં આવી. આ સામયિકની કોઇ પણ સાંપ્રદાયિક અભિનિવેશથી તદ્દન મુક્ત અને માત્ર રાષ્ટ્રીય જ નહિ પણ વિશાળ વિશ્વના અનુબંધથી યુક્ત એવી સંપાદકીય નીતિને ધ્યાનમાં લઇને આજથી આઠ વર્ષ પહેલાં સંઘના પ્રસ્તુત મુખપત્રના ચાલુ નામનું 'પ્રબુદ્ધ જીવન' એ રૂપે નવસંસ્કરણ કરવામાં આવ્યું. આ રીતે વર્ષોથી નિયમિત રીતે પ્રગટ થઇ રહેલું આ સામયિક ૨૫ વર્ષના સીમાચિહ્નને પહોંચી જશે એવી આશા હવે બંધાય છે.

આ સામયિક અનેક વ્યક્તિઓના સહકારથી એકસરખું ચાલી રહ્યું છે અને તેણે ગુજરાતી-ભાષાભાષી સમાજમાં સારું એવું પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમ છતાં તેની ગ્રાહક સંખ્યામાં કોઇ ખાસ સુધારો થતો નથી. લેખકોનો, વિચારકોનો સહકાર અપેક્ષા મુજબ પ્રાપ્ત થતો નથી અને તેથી પ્રબુદ્ધ જીવનમાં વૈવિધ્યની પુરવણી જોઇએ તેટલી દૃષ્ટિગોચર થતી નથી. જેવું છે તેવું ટકાવી રાખવામાં જ્યાં અનેક મુશ્કેલીઓ સામે દેખાય છે ત્યાં પ્રબુદ્ધ જીવનના ભાવી વિષે કોઇ મનોરમ સ્વપ્નો, આશાઓ, આકાંક્ષાઓ રજૂ કરવાનો બહુ અર્થ નથી અને તેથી તે વિષે મૌન સેવવું વધારે ઉચિત લાગે છે.

ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનના સંપાદનકાર્યમાં લેખો, અનુવાદો તથા નોંધ પૂરી પાડીને જે જે મિત્રોએ સાથ આપ્યો છે તેવો સાથ હવે પછી પણ ચાલુ રહેશે એવી આશા વ્યક્ત કરવા સાથે તે તે મિત્રોનો હું અંતઃકરણથી આભાર માનું છું.

'પ્રબુદ્ધ જીવન'નું સંપાદનકાર્ય મારા માટે સત્યની ઉપાસનારૂપ બન્યું છે. પણ એ ઉપરથી હું એવો દાવો કરી ન જ શકું કે પ્રસ્તુત સંપાદન મારી વ્યક્તિગત ક્ષતિઓથી તદ્દન મુક્ત છે. અંગત અભિનિવેશો, રાગદ્વેષ, ગમો-અણગમો, પૂર્વગ્રહો, કોઇ પણ વિષયને લગતું અજ્ઞાન કે અધુરું જ્ઞાન-આ બધી અંગત ત્રુટિઓ સંપાદનકાર્યમાં પ્રતિબિંબિત થયા વિના ન જ રહે, આમ છતાં પણ 'પ્રબુદ્ધ જીવન'ના જ સંપાદનને જ્યારે હું સત્યની એક ઉપાસના તરીકે વર્ણવું છું ત્યારે તેનો એટલો જ અર્થ સમજવાનો છે કે, પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં લખાણો અને નોંધો કોઇ પણ પ્રકારની અત્યુક્તિ કે અતિશયોક્તિના દોષથી બને તેટલી અસ્પૃષ્ટ રહે, કોઇ પણ હકીકત સમજણપૂર્વક ખોટા આકારમાં કદી પણ રજૂ ન થાય, કોઇ પણ બાબત કે વિષયની સમજણપૂર્વકની અવળી રજુઆત કરવામાં ન આવે, પ્રત્યેક પ્રક્રિયામાં નીડરતા સાથે સૌમ્યતાનો ચાલુ સમન્વય થતો રહે, ફરતા જતા કાળપ્રવાહ અને સ્થિતિસંયોગ અનુસાર પ્રબુદ્ધ જીવનના વાંચકોને સ્વકીય તેમ જ સમષ્ટિગત જીવનના પ્રશ્નો અંગે સ્પષ્ટ માર્ગદર્શન મળતું રહે-આવો એક નમ્ર પ્રયત્ન એટલું જ મારું પ્રબુદ્ધ જીવનના સંપાદન-કાર્ય અંગે લક્ષ્ય રહ્યું છે. આજ સુધી આ ધોરણને વળગી રહીને હું પ્રબુદ્ધ જીવનનું સંપાદન કરતો આવ્યો છું. હવે પછી સંપાદન-કાર્ય હું કયાં સુધી કરી શકીશ તેની મને ખબર નથી. કાળનો પ્રવાહ ઝડપભેર વહી રહ્યો છે. અંગત શક્તિની સ્ફુર્તિ અને વેગ ઉપર વાર્ધક્ય આક્રમણ કરી રહ્યું છે. આમ ક્રમે ક્રમે પ્રતિકૂળ બનતી જતી પરિસ્થિતિ સામે, જ્યાં સુધી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીને અનુમત હોય ત્યાં સુધી, અને પ્રસ્તુત કાર્ય અંગે આત્મવિશ્વાસ ટકી રહે ત્યાં સુધી, આ કાર્યની જવાબદારી ઉપર જણાવેલા ધોરણ અનુસાર હું વહન કરવા ઇચ્છું છું. આ માટે જોઇતી અન્તઃસ્ફુર્તિ, માનસિક તેમ જ શારીરિક તાકાત તેમ જ વિચારપૂત વિશદ દૃષ્ટિ મને વિશ્વવ્યાપી ચેતનામાંથી મળતી રહે આવી મારી પ્રાર્થના છે. આ માટે મિત્રો અને સાથીઓની શુભેચ્છા અને સહકાર યાચું છું.

તંત્રીસ્થાનેથી : પરમાનંદ

પુનર્જન્મની સમસ્યા

(પુનર્જન્મ વિષેની માન્યતા આપણાં ધર્મશાસ્ત્રો અને ધર્મગુરુઓના ઉપદેશ દ્વારા આપણને વારસામાં મળી છે. આ માન્યતાના સંસ્કાર આપણા ચિત્ત ઉપર એટલા બધા ઊંડા છે કે આજથી પચાસ વર્ષ પહેલાં આ માન્યતાના તથ્ય અંગે આપણામાંના કોઇને પણ ભાગ્યે જ શંકા કે તર્કવિતર્ક પેદા થયેલ હોય. પચાસ વર્ષની અંદર આપણે ત્યાં પશ્ચિમી શિક્ષણ આવ્યું, પુનર્જન્મ અંગે અન્યથા વિચાર–વલણ ધરાવતા જનસમુદાયના ગાઢ સંપર્કમાં આપણે આવ્યા, વિજ્ઞાને આપણી અનેક માન્યતાઓને મૂળમાંથી હલાવી નાખી, દરેક પ્રશ્નને બૌદ્ધિક રીતે તપાસવા તોળવાનું વલણ જન્મ પામ્યું, જે પ્રત્યક્ષ સિદ્ધ ન હોય તેના અસ્તિત્વ અથવા તો સાચા હોવાપણા અંગે અનેકનાં ચિત્ત શંકિત બન્યાં, ભૌતિકવાદનું આપણાં ચિન્તન ઉપર પ્રબળ આક્રમણ થયું. આ સર્વ પરિવર્તનના પરિણામે પુનર્જન્મની માન્યતા અંગે વિચારકો આજે બે વર્ગમાં વહેંચાયલા માલુમ પડે છે: એક વર્ગ વિજ્ઞાન અને પાશ્ચાત્ય સંસ્કૃતિના ગમે તેવા ઝોક સામે પુનર્જન્મ અંગે મળેલી વંશપરંપરાગત માન્યતાને ચુસ્તપણે વળગી રહ્યો છે, જ્યારે બીજો વર્ગ પુનર્જન્મની માન્યતાનો પાયામાંથી ઇન્કાર કરતો થયો છે.

આ વિષય ઉપર સ્વતંત્ર, તર્કપૂર્ણ ચિન્તન અને લખાણ ભાગ્યે જ જોવામાં આવે છે. આ પરિસ્થિતિમાં શ્રી અરવિન્દનું લખેલું 'Problem of Rebirth' 'પુનર્જન્મની સમસ્યા' એ નામનું પુસ્તક મારા જોવામાં આવ્યું. આ પુસ્તકમાં પ્રસ્તુત સમસ્યા સાથે જોડાયલા અનેક પ્રશ્નોની તત્ત્વગ્રાહી અને વિચારપ્રેરક એવી સમાલોચના વાંચતા મને થયું કે, આ પુસ્તકમાં રજૂ કરાયલી ગહન છતાં તર્કબદ્ધ એવી વિચારણાનો સાર કોઇ યોગ્ય વ્યક્તિ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે તૈયાર કરી આપે તો આ વિષયમાં જિજ્ઞાસા ધરાવતા વાચકોને અંગત ચિન્તન માટે વિપુલ સામગ્રી મળે તેમજ નવું માર્ગદર્શન પ્રાપ્ત થાય. મારા પોતા માટે એ ગન્ત બહારનું કામ લાગ્યું.

આવી સુયોગ્ય વ્યક્તિનો થોડા સમય પહેલાં મને સુયોગ થયો. નીચેના લેખથી જે લેખમાળા આ અંકથી શરૂ થાય છે તે લેખમાળાના લેખક શ્રી રજનીકાન્ત મોદી મુંબઇ યુનિવર્સિટીના એમ. એ. છે; તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે; શ્રી અરવિન્દના તાત્ત્વિક સાહિત્યના તેઓ ઉપાસક છે. જેવું તેમનું ઊંડું ચિન્તન છે, તેવું જ વિપુલ તેમનું ગુજરાતી ભાષા ઉપરનું પ્રભુત્વ છે. તેમણે થોડાંક વર્ષ પહેલાં મુંબઇ જૈન યુવક સંઘ મારફત યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી અરવિન્દના જીવનદર્શન ઉપર એક વ્યાખ્યાન આપેલું. તેઓ શ્રી અરવિન્દના 'Life Divine' ઉપર તેમજ મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર કેટલાક સમયથી વર્ગો ચલાવે છે. હમણાં હમણાં તેમને વિશેષ મળવાનું બનતાં અને 'પ્રબુદ્ધ જીવન' માટે ચાલુ વખાણ આપતા થવાની તેમની સમક્ષ માગણી મૂકતાં કેટલીક ચર્ચાના પરિણામે શ્રી અરવિન્દના ઉપર જણાવેલ પુસ્તકનાં પ્રકરણો આ વિષયમાં રસ ધરાવતા–છતાં અલ્પજ્ઞ એવા–વાંચકો સમજી શકે તે રીતે અને જરૂર મુજબ સંક્ષિપ્ત કરીને અનુવાદિત કરી આપવાનું તેમણે કબુલ કર્યું. આ રીતે તેમણે મોકલેલો પહેલાં પ્રકરણનો સંક્ષેપિત અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

૧. પુનર્જન્મવાદની પ્રાચીનતા

પુનર્જન્મની ઉપપત્તિ (theory) માનવના ચિંતન જેટલી જ પ્રાચીન છે. હિંદુસ્તાનમાં હિંદુ, બૌદ્ધ અને જૈન એ ત્રણે પ્રાચીન ધર્મોએ તેને સ્વીકારી લીધી હતી, તેમ જ પશ્ચિમમાં પણ પ્રાચીન ગ્રીસમાં એનો સ્વીકાર થયો હતો અને ગ્રીક સાહિત્યમાં Metempsychosis શબ્દ વડે પુનર્જન્મનો ઉલ્લેખ કરવામાં આવતો હતો. આપણે પુનર્જન્મને કાં તો પ્રાચીન કાળથી ચાલી આવેલા કોઇ મનોવૈજ્ઞાનિક અનુભવના પરિણામ તરીકે સ્વીકારી શકીએ અથવા તો કોઇ તત્ત્વચિન્તનાત્મક દુરાગ્રહ અને કલ્પકુપ ભેજાનો તુક્કો ગણી એને તિલાંજલિ આપી શકીએ.

પુનર્જન્મ વિષે વર્તમાન સાયન્સ અને વિવેચનશાસ્ત્ર

આધુનિક માનસને માટે પુનર્જન્મ તો એક કલ્પના અને ઉપપત્તિ જ છે અને આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિએ અથવા સાયન્સ વડે ઘડાયેલા નવા વિવેચનશીલ મનને સંતોષ થાય એ રીતે એ કદી પણ પુરવાર થયો નથી. પણ એ નથી એમ પણ પુરવાર થયું નથી, કેમકે આધુનિક સાયન્સ અંતરાત્માના પૂર્વજીવન અથવા ઉત્તર–જીવન વિષે કશું જ જાણતું નથી. ખરું જોતાં તો એ અંતરાત્મા વિષે જ કશું જાણતું નથી. એનું ક્ષેત્ર તો માત્ર બાહ્ય શરીર, મગજ અને જ્ઞાનતંતુ, ગર્ભ અને તેનું ઘડતર અને વિકાસ એટલું જ છે. તેમ જ આધુનિક વિવેચક પાસે પણ પુનર્જન્મના સત્યાસત્યનો નિર્ણય કરવા માટે કશું જ સાધન નથી. એ તો હકીકતો શોધી કાઢી શકે છે અને તેમના આધાર પર ખુલ્લેખુલું જ જે કંઇ અનુમાન દેખાઇ આવતું હોય તે બાંધી શકે છે અને સામાન્ય-કરણો (generaiisations) ઊભાં કરી શકે છે. જો કે તેમને માટે પણ એને ખાતરી તો હોતી જ નથી અને એક પેઢીમાં નિશ્ચિત લેખાતી વાતો બીજી પેઢીમાં ફગાવી દેવામાં આવે છે. જિસસ ક્રાઇસ્ટની ઐતિહાસિકતા જેવી તદ્દન બાહ્ય બાબતમાં પણ સેંકડો વર્ષોની ડાચાકૂટ પછી પણ એ થઇ ગયા કે નહીં એનો નિર્ણય કરવા એ નિષ્ફળ નીવડ્યું છે તો પછી પુનર્જન્મ જેવી મનોવૈજ્ઞાનિક બાબતમાં એ આપણને કશું પણ શી રીતે કહી શકે?

પુનર્જન્મ વિષે સ્મૃતિના આધાર પર દલીલ

પુનર્જન્મના વિરોધમાં કે તરફેણમાં સામાન્ય રીતે જે દલીલો કરવામાં આવે છે તેમનાથી તો કશું પણ પુરવાર થઇ શકે એવું છે જ નહીં. દાખલા તરીકે, એક દલીલ એમ કરવામાં આવે છે કે આપણને આપણાં ગત જીવનોની કશી સ્મૃતિ નથી અને તેથી ગત જીવનો હોય જ નહીં. આ એક ખૂબ જ બાલિશ દલીલ છે અને આપણા મનોવૈજ્ઞાનિક સ્વરૂપને લક્ષમાં લીધા વિના જ રજૂ કરવામાં આવેલી છે. આપણી ભૌતિક સ્મૃતિ કેટલું યાદ રાખી શકે છે? ખુદ આપણા આ જ જીવનની શરુઆતમાં આપણે ધાવણાં શિશુ હતાં તે આપણને યાદ છે ખરું કે? વળી તે પછી પણ વર્તમાન જીવનમાં બનેલી ઘટનાઓ જેમ જેમ સમય વધારે ને વધારે વીતતો જાય તેમ તેમ સ્મૃતિમાંથી સરકતી જાય છે. જો આપણને આ જીવનનું પણ આમ યાદ નથી આવતું. તો પછી જ્યારે આપણું હાલનું સ્થૂલ મગજ ઘડાયું પણ ન હતું ત્યારનું, અર્થાત્ જન્મ પૂર્વેનું તો, એ સ્થૂલ સ્મૃતિ કેવી રીતે યાદ કરી શકે? અને આવા સ્મૃતિના અભાવના આધાર પર આપણે એમ કહીએ કે "તમારી પૂર્વજન્મની ઉપપત્તિ ખોટી ઠરી." તો એના જેવું બાલિશ અણઘડપણું બીજું શું હોઇ શકે? એ તો દેખીતું જ છે કે જો ગત જન્મોનું કંઇ પણ આપણને યાદ રહેતું હોય તો એ આપણી બહારની મગજની સ્મૃતિ દ્વારા નહીં પણ કોઇ અંદરની, ચૈત્ય (Psychic) કે અંતરાત્માની સ્મૃતિ દ્વારા જ રહી શકે.

પરંતુ મને તો શંકા છે કે ભૌતિક સ્મૃતિ કે ચૈત્ય સ્મૃતિ દ્વારા પણ જુબાની મળે તો યે પુનર્જન્મની ઉપપત્તિ વધારે સારી રીતે પુરવાર થઇ શકે. હમણાં હમણાં એવા ઘણા દાખલાઓ સંભળાય છે કે જેની અંદર ચૈત્ય સંશોધન (Psychical Research) વડે પૂરતી ચોકસ અને બારીક તપાસ કરાયા બાદ એમ જણાવવામાં આવે છે કે જે વાતો કહેવામાં આવી છે તે સાચી છે. પણ તે છતાં સંશયાત્મા તો જરૂર એમ કહી શકે કે એ કંઇ પુનર્જન્મની સાબિતી નથી. કાંતો જે વિગતો આ રીતે દર્શાવવામાં આવી હોય તે કોઇ સામાન્ય ભૌતિક સાધનો વડે મેળવાઇ હોય અથવા બીજા લોકો વડે સૂચવાઇ હોય, અને એને જાણી જોઇને કરાયેલી બીજાઓની છેતરપીંડી વડે અથવા આત્મ–વંચના કે આત્મ–ભ્રમણા વડે પૂર્વજન્મની સ્મૃતિનાં રૂપમાં ફેરવી નંખાઇ હોય.

જેમ સ્વયંલેખન (automatic writing) અથવા પ્રેતો દ્વારા મળનારા સંદેશાઓની બાબતમાં સંશય ઊભો કરવામાં આવે છે કે એ કંઈ ભૂતપ્રેતનું કામ નથી. પણ માધ્યમ (Medium) ની અથવા તો એવી બેઠકમાં હાજર રહેલાઓમાંના કોઈકની પ્રચ્છન્ન (Subliminal) ચેતનામાંથી જ એ કામ થાય છે, અથવા તો કોઈ દૂર રહેલી પણ જીવન્ત વ્યક્તિની જ દૂર-વિચારપ્રેષણ (Telepathy) ની પ્રક્રિયા દ્વારા જ એ થાય છે, તેમ જેને પૂર્વ જન્મની સ્મૃતિ તરીકે દર્શાવવામાં આવે છે તેમાં પણ બનતું હોવું જોઈએ. જે બનાવો બનેલા હોવાનું કહેવામાં આવે છે તે બનાવો કંઈ બોટા નથી હોતા, પણ એ વ્યક્તિના પૂર્વ જીવનમાં એ બન્યા હોવાનો દાવો કરવામાં આવે છે તે માત્ર એક કલ્પના અથવા ભ્રાંતિ છે. કેમકે એ એના પોતાના પૂર્વ જીવનના નહીં પણ બીજી જ કોઈ વ્યક્તિના જીવનના બનાવો હોય છે અને તેમનું પોતાની ઉપર બોટું આરોપણ કરી લેવામાં આવ્યું હોય છે. આમ, આવી આવી હકીકતો એકઠી કરવાથી ઘણું ઘણું પુરવાર થઈ શકે, પણ પુનર્જન્મ તો નહીં જ. અલબત્ત. જો એ હકીકતો વિપુલ ચોક્કસ અને અનુભવસિદ્ધ હોય તો બહુ બહુ તો એમ કહી શકાય કે પુનર્જન્મવાદને એક નૈતિક નિશ્ચિતતા (moral certitude) તરીકે લેખી શકાય, પણ તેથી કંઈ એ સાબિત થયેલો ન ગણાય.

પણ ખરું જોતાં તો આપણે જે વસ્તુઓને સાચી તરીકે સ્વીકારતા હોઈએ છીએ તેમાંની મોટા ભાગની તો આવી નૈતિક નિશ્ચિતતા જ હોય છે અને ખાતરીપૂર્વકનું સત્ય નથી હોતું. દાખલા તરીકે આપણને પૂરેપૂરી શ્રદ્ધા છે, કે પૃથ્વી પોતાની ધરીની આસપાસ ગોળ ફરે છે, પણ જેમ એક મહાન ફ્રેંચ ગણિતશાસ્ત્રીએ ધ્યાન બેંચ્યું છે તેમ એ વાત કદી પણ પુરવાર થઈ નથી. એ તો માત્ર એક ઉપપત્તિ (theory)જ છે, જેના આધારે અમુક દૃશ્ય હકીકતોને સારી રીતે સમજાવવામાં આવે છે. પણ ભવિષ્યમાં એનાથી વધારે સારી ઉપપત્તિ નહીં જ ઊભી થાય એમ કોણ કહી શકે? ન્યૂટનની ગુરુત્વાકર્ષણની ઉપપત્તિ અમુક હકીકતોને સારી રીતે સમજાવતી હતી, પણ હવે સાયન્સનો વિકાસ થતાં એ ઉપપત્તિને સત્ય તરીકે લેખવામાં આવતી નથી. માનવની તર્કબુદ્ધિનો આ હંમેશ પજવતો અને ઘરમૂળનો રોગ છે કે, એ કશું જ ન જાણવાની સ્થિતિથી શરૂઆત કરે છે અને એને અન્તહીન શકયતાઓ સાથે કામ લેવાનું છે અને અમુક હકીકત-જૂથની શકય સમજણો પણ પાર વિનાની છે, અને તેથી આપણું નિશ્ચિત જ્ઞાન તો માત્ર આપણે જેટલું નજરે જોતાં હોઈએ તેટલું જ રહે છે અને તેની ઉપર પણ સંશયની છાયા તો ઝઝૂમતી રહે જ છે. જેમ કે લીલું તે લીલું જ છે અને સફેદ તે સફેદ જ છે, જો કે કદાચ રંગ એ રંગ હોય જ નહીં પણ માત્ર રંગનો આભાસ ઉત્પન્ન કરવાવાળું બીજું જ કંઈ હોય એમ પણ બને. દૃશ્ય હકીકતોની બહાર તો આપણે સયુક્તિક બૌદ્ધિક સંતોષ, પ્રબળ સંભવિતતા અને નૈતિક નિશ્ચિતતાથી જ સંતોષ માનવો પડે છે.

પુનર્જન્મવાદની તરફેણમાં નાસ્તિક સમક્ષ આપણે એવી કોઈ પ્રબળ સંભવિતતા કે નૈતિક નિશ્ચિતતાનું પ્રતિપાદન કરી શકતા નથી. પાયથાગોરસ જેવો એક મહાનમાં મહાન સંત આપણને કહે કે પોતે પૂર્વ જન્મમાં ઍન્ટેનોરીડ હતો અને ટ્રોયના યુદ્ધમાં ઍટ્રિયુસના નાના પુત્રને હાથે હણાયો હતો તો પણ આપણે કંઈ એને માની શકીએ નહીં અને એણે જે ટ્રોયની ઢાલને પારખી કાઢી હતી તે તો, જેને પહેલેથી જ ખાતરી ન થઈ હોય તેવા કોઈને પણ ખાતરી કરાવી શકે નહીં. આપણી ભૌતિક અને ઇન્દ્રિયાત્મક બુદ્ધિ માત્ર બાહ્ય સાબિતીને જ નિર્ણાયક ગણે છે અને એવી સાબિતીને અભાવે પુનર્જન્મવાદીઓ એમ દલીલ કરે છે કે બધી ચૈત્ય હકીકતોને પુનર્જન્મસમ્યક ઉપપત્તિ બીજી કોઈ પણ ઉપપત્તિ કરતાં વધારે સારી રીતે સમજાવી શકે છે. તેમનો આ દાવો ન્યાયી છે, પણ તેથી કંઈ પુનર્જન્મ વિષે કોઈ પણ પ્રકારની નિશ્ચિતતા ઊભી થતી નથી. વળી જો એમ દલીલ કરવામાં આવે કે પુનર્જન્મવાદ આપણને બધી વસ્તુઓની સરળ, સુસ્પિષ્ટ અને સુંદર સમજણ આપે છે, તો એના જવાબમાં એમ કહી શકાય કે કોઈ પણ ઉપપત્તિની સરળતા, સુસ્પિષ્ટતા કે સુંદરતા કંઈ હંમેશ એના સત્યનો પુરાવો નથી. એનાથી ઉલટું, ઘણી વખત કોઈ બૂબ જ વધારે અટપટી ઉપપત્તિ વિશ્વની જટિલ સમસ્યાઓને સમજાવવા વધારે સમર્થ બને છે. આથી પુનર્જન્મવાદની સરળતા, સુસ્પિષ્ટતા, સુંદરતા અને સંતોષકારકતા કંઈ એની નિશ્ચિતતાની ખાતરી આપતી નથી.

પુનર્જન્મ પ્રતિભા, સહજશકિત અને એવી બીજી માનસશાસ્ત્રીય અનેક ગૂઢ વાતોને સમજાવે છે, પરંતુ સાયન્સ પોતાની બધું ય સમજાવતી આનુવંશિકતાની (heredity) ઉપપત્તિ સાથે આગળ આવે છે, જો કે એ બધું સમજાવનારી તો પુનર્જન્મની જેમ એને માનનારાઓ માટે જ છે. બાકી આનુવંશિકતાના દાવાઓમાં રહેલી અતિશયોક્તિ ઉપહાસપાત્ર છે. આપણા સ્થૂલ શરીર, આપણા સ્વભાવ અને આપણા જીવનની ઘણી વિચિત્રતાઓને સમજાવવામાં એ સફળ થઈ છે એ ખરું છે, પણ પ્રતિભા અને સહજશકિત જેવી માનસશાસ્ત્રીય વાતોને સમજાવવાનો એનો પ્રયાસ છેક જ નિષ્ફળ થયો છે અને એમ પણ નથી માની શકાતું કે સાયન્સ જ્યારે વધારે જ્ઞાનસંપન્ન થશે ત્યારે પણ આનુવંશિકતા વડે આ વાતો સમજાવી શકશે. આથી આ બાબતમાં તો પુનર્જન્મવાદીની દલીલ નિર્ણાયક ન હોવા છતાં ઘણી સારી અને માનાર્હ છે.

પુનર્જન્મ વિષે નીતિશાસ્ત્રીય દલીલ

પણ બીજી એક દલીલ મોટા જોરશોરથી આગળ કરવામાં આવે છે અને અપક્ષ માનસને આકર્ષવા માટે જે સ્વરૂપમાં એ રજૂ કરાય છે તે સ્વરૂપમાં તો એ સ્મૃતિના અભાવ પરથી ઊભી કરાયેલી વિરોધી દલીલની સમાન કક્ષાએ આવે છે. એ છે નીતિશાસ્ત્રીય દલીલ. ઈશ્વરનો જગત સાથેનો વ્યવહાર અથવા જગતનો પોતાની સાથેનો વ્યવહાર યોગ્ય ઠરાવવામાં એ દલીલનો ઉપયોગ થાય છે. એમ માનવામાં આવે છે કે દુનિયામાં કોઈ નૈતિક શાસન હોવું જોઈએ અથવા તો ઓછામાં ઓછું, સૃષ્ટિમાં પુણ્યને માટે સારા બદલાનું અને પાપને માટે સજાનું પીઠબળ હોવું જોઈએ. પણ આપણી આ વિચિત્ર પૃથ્વી પર એવું કોઈ પીઠબળ રહેલું દેખાતું નથી. આપણે જોઈએ છીએ કે સજ્જન દુઃખની ચક્કીમાં પીલાય છે અને દુર્જન લહેર કરે છે અને છેવટે પણ એના બૂરા હાલ થતા નથી. આ તો એક અસહ્ય અને ક્રુરપણે અસંગત ઘટના છે અને ઈશ્વરના ડહાપણ અને ન્યાયીપણાની ઉપર એક કલંકરૂપ છે; કદાચ ઈશ્વર ન હોવાની જ લગભગ સાબિતી છે. આનો કંઈ ઉપાય તો કરવો જ પડશે અથવા જો ઈશ્વર ન હોય તો આપણે સદાચરણને માટે બીજું કોઈ પીઠબળ શોધી કાઢવું પડશે.

જો સજ્જનની સજ્જનતાનું માપ એના સુખવૈભવ અને સદ્‌ભાગ્ય પરથી નક્કી કરી શકાતું હોત તો કેવું સારું થાત! ભગવાન તો એક સખત અને પ્રામાણિક હિસાબ રાખનારો હોવો જોઈએ અને દુર્જનને આપણે કહી શકતા હોત કે "હે દુષ્ટ! જો તું પાપી ન હોત તો ઈશ્વર વડે કે ધર્મ વડે શાસિત થયેલા આ જગતમાં શું તું આવો ચીંથરેહાલ, ભૂખ્યો, કમનસીબ, દુઃખથી ઘેરાયેલો અને હડધૂત થયેલો હોત કે? ચોક્કસ તું દુષ્ટ જ છે એમ તારું ચીંથરેહાલપણું જ પુરવાર કરી આપે છે. ઈશ્વરનો ન્યાય તો બરાબર જ છે." દુર્જનને એમ કહી શકતા હોત તો કેટલું સારું થાત? પણ માણસની બાલિશતા કરતાં પ્રભુની પ્રજ્ઞા વધારે શાણી અને વધારે ઉન્નત છે અને તેથી આમ થવું અશકય છે. પણ કદાચ એમ પણ બને કે જો સજ્જન દુઃખી હોય તો એનું કારણ તો એ કે એ હરામખોર છે—આ જન્મનો નહીં પણ

પૂર્વજન્મનો, કેમ કે હમણાં તો એણે ઓચિંતું જ એની માના ઉદરમાં પોતાના જીવનનું નવું પાનું ફેરવ્યું છે અને જો દુર્જન લહેર કરે છે અને દુનિયાને પગ તળે કચડે છે તો તે તો એની સજ્જનતાને લીધે જ,—જો કે એ સજ્જનતા પણ ગયા જીવનની જ, કેમ કે એ વખતનો સંત હમણાં તો છેક જ પાપના સંપ્રદાયમાં ફેરવાઈ ગયો છે. બસ, બધો ખુલાસો મળી ગયો અને બધું બરાબર છે એમ નક્કી થઈ ગયું. બીજા શરીરમાં કરેલાં પાપોને માટે આપણે દુઃખ ભોગવીએ છીએ, આ દેહમાં કરેલા પુણ્યોને માટે બીજા દેહમાં આપણને શિરપાવ મળશે અને એમ અનન્તતા સુધી ચાલ્યા કરશે. નવાઈ જેવું નથી કે તત્વચિંતકોને આ તદ્દન નકામી માથાકૂટ લાગી છે અને તેથી પુણ્ય તેમ જ પાપ બંનેને છોડી દઈ આવી ફેરતભરી રીતે શાસિત થયેલી દુનિયામાંથી નાશી છૂટવાને જ તેમણે પરમ પુરુષાર્થ ગણ્યો છે.

એ સ્પષ્ટ છે કે સજ્જનતાને માટે સ્વર્ગના ઉપભોગોની લાલચ અને દુષ્ટતાને માટે નરકની યાતનાઓની ધમકીના રૂપનો અર્ધ આધ્યાત્મિક—અર્ધ ભૌતિક એવો જે જૂનો ખ્યાલ હતો તેનો જ આ નવો ફેલાશ છે. પ્રભુ કોઈ ન્યાયાધીશ, પિતા અને નિશાળના શિક્ષક રૂપે સારાં બાળકોને ઇનામો આપે છે અને મસ્તીખોર છોકરાંને નેતરથી ફટકારે છે એવો ખ્યાલ અને વિશ્વનો નિયમ મુખ્યત્વે બક્ષિસ આપનારો અને સજ્જનો અમલ કરનારો છે એવો ખ્યાલ એક બીજાના સંબંધી જેવા છે, તેમ જ હજી પણ માનવસમાજ જે વ્યવસ્થા ઉપર અવલંબેલો છે તે સામાજિક ગુનાઓને માટેની જંગલી અને અમાનુષી દંડની ક્રૂર અને અન્યાયી વ્યવસ્થાનો ખ્યાલ પણ એ ખ્યાલોનો જ સંબંધી છે. માનવ પોતે વધુ ને વધુ ઈશ્વર સમાન બનવાનું મૂકીને ઊલટો હંમેશ ઈશ્વરને પોતાની સમાન બનાવવા ઇચ્છે છે અને આ બધા ખ્યાલો આપણામાં રહેલાં બાલિશતા, જંગલીપણું અને પશુતાનાં જ પ્રતિબિંબો છે. જો આપણે જાણતાં ન હોત કે કંઈ કાળથી ચાલી આવતી પોતાની તુચ્છ વિચારણાને મહાન સંતોના ગંભીર ચિંતનોમાં ભેળવી દેવામાં માણસને મઝા પડે છે, તો જરૂર આપણને આશ્ચર્ય થાત કે બૌદ્ધ અને હિંદુ ધર્મોની જેવા ઊંડા તત્વજ્ઞાનમાં આવી બાળકશાઈ કલ્પના કયાંથી ઘૂસી જવા પામી.

આ વિચારો એટલા તો પ્રબળ છે, કે માનવજાતિની કેળવણીમાં તેમનો જરૂર ઉપયોગ હશે એમાં શંકા નથી અને કદાચ એ પણ ખરું હોય કે ઈશ્વર બાળક આત્મા સાથે તેની બાલિશતા અનુસાર વર્તતો પણ હોય અને મરણ પછી તેની સ્વર્ગ-નરકની ભભકભરી કલ્પનાઓને એ ચાલુ રહેવા દેતો હોય. પણ અમુક તબક્કા પછી સજા અને ઇનામનો ખ્યાલ બિલકુલ અસરકારક રહેતો નથી. માણસો સ્વર્ગ અને નરકમાં માને છે અને છતાં લહેરથી પાપ કર્યે જાય છે અને છેવટે કોઈ પાદરી પાસે કરેલા પ્રાયશ્ચિત્ત વડે અથવા મૃત્યુશય્યા પર કરેલા પશ્ચાત્તાપ વડે અથવા ગંગા-સ્નાન વડે અથવા કાશીમાં જઈ મરણ પામવા વડે એમાંથી છૂટે છે. આપણી બાલિશતામાંથી છૂટવાના આવા બાલિશ ઉપાયો છે! અને માનસ પ્રૌઢ બને છે ત્યારે આ બધા બાળબચ્ચાંના ખેલને એ તિરસ્કાર પૂર્વક દૂર હડસેલી દે છે. બક્ષિસ અને સજાના રૂપની પુનર્જન્મની ઉપપત્તિ પણ, જો આથી જરા વધારે ઊંચી હોય તો પણ એટલી જ નકામી છે અને સારૂ છે કે એ નકામી છે, કેમકે ઈશ્વર તરફ ઊંચે જવાના સામર્થ્યવાળો માનવ બક્ષિસ કે ઇનામને માટે સદ્‌ગુણી થાય અને સજાના ભયને લઈને પાપ ન કરે એ અસહ્ય છે. કોઈ સ્વાર્થી બાયલા કરતાં અથવા ઈશ્વર સાથે ક્ષુદ્ર વેપાર કરનારા કરતાં તો બળવાન પાપી સારો. આ વિરાટ અને મહાન જગતની વ્યવસ્થા આવા ક્ષુલ્લક હેતુઓ ઉપર થાય એ જ અકલ્પનીય છે. ખરેખર ગીતાએ બરાબર જ કહ્યું છે કે कृपणाः फलहेतवः।

પુનર્જન્મવાદનો પુરો આધાર: અંતરાત્માની ઉત્ક્રાંતિ

પુનર્જન્મવાદનો ખરો આધાર તો અંતરાત્માની ઉત્ક્રાંતિ છે અથવા જડ તત્વમાંથી એનું બહાર આવવું એ એની ક્રમિક સ્વત્વપ્રાપ્તિ છે. કર્મ અને તેમાંથી બહાર નીકળી જવાનો જે બૌદ્ધ સિદ્ધાંત હતો તેમાં આ જ સત્ય છુપાયેલું હતું, પણ બૌદ્ધવાદ એને પ્રકાશમાં ન લાવી શકયો. હિંદુ ધર્મ એને પૂર્વે જાણતો હતો, પણ પછીથી એને વ્યક્ત કરવામાં એ સાચી સમતુલા ખોઈ બેઠો. હવે આપણે એ પ્રાચીન સત્યને નવી ભાષામાં કહેવાનું છે. જો અંતરાત્માનું આવું ક્રમિક વિકસન ખરૂં હોય તો પછી પુનર્જન્મવાદ એક બુદ્ધિવિષયક આવશ્યકતા અને તાર્કિક રીતે અનિવાર્ય આનુષંગિક સિદ્ધાંત બની જાય છે, પણ એ ઉત્ક્રાંતિનો હેતુ શો? પ્રમાણસર ભૌતિક બદલો મેળવવાની આશાએ આચરેલું રૂઢિસ્વીકૃત અથવા સકામ પુણ્ય નહીં, પણ કોઈ દિવ્ય જ્ઞાન, શક્તિ, પ્રેમ અને શુદ્ધતાની સતત વૃદ્ધિ જ એનો હેતુ હોઈ શકે. આ વસ્તુઓ જ ખરૂં સત્કર્મ છે અને એ સત્કર્મ પોતે જ પોતાની બક્ષિસ છે. પ્રેમના કાર્યની એક માત્ર ખરી બક્ષિસ એ જ છે કે સદાકાળ પ્રેમના આનંદની ગ્રહણક્ષમતામાં વધ્યે જવું અને આખરે આત્માના સર્વગ્રાહી આશ્લેષ અને વિરાટ પ્રણયના હર્ષોન્માદમાં લીન થવું. ખરા જ્ઞાનનાં કાર્યની એક માત્ર બક્ષિસ એ જ છે કે નિઃસીમ પ્રકાશમાં સદાય વધ્યે જવું. ખરી શક્તિનાં કાર્યની એક માત્ર બક્ષિસ એ જ છે કે દિવ્ય શક્તિને વધુ ને વધુ આપણામાં વસાવવી અને શુદ્ધતાનાં કાર્યની બક્ષિસ એ જ છે કે અહંકારમાંથી વધુ ને વધુ છૂટા થઈ બધી વસ્તુઓનું દિવ્ય સમત્વમાં રૂપાંતર અને અને સમરસતા કરનારી પરમ પવિત્ર વિશાળતામાં પ્રવેશ કરવો. આ સિવાય બીજા કશા પણ બદલાની ઇચ્છા કરવી એ મૂર્ખાઈ અને અજ્ઞાન છે અને આ બધી વસ્તુઓને બદલા તરીકે ગણવી એ પણ એક અપરિપક્વતા અને અપૂર્ણતા છે.

ત્યારે દુઃખ અને સુખ, દુર્ભાગ્ય અને સમૃદ્ધિનું શું? આ બધાં તો પોતાની કેળવણીમાં અંતરાત્માને મળતા અનુભવો, સહાયતાઓ, આલંબનો, સાધનો, સાધનાઓ, પરીક્ષાઓ અને કસોટીઓ છે અને સમૃદ્ધિ તો ઘણીવાર દુઃખ કરતાં યે મોટી કસોટી છે. ખરેખર, વિપત્તિ અને દુઃખને તો ઘણીવાર પાપની સજા ગણવાં કરતાં પુણ્યની બક્ષિસ ગણવી જોઈએ, કેમકે એ તો અંતરાત્માને સૌથી વધુ મદદગાર થાય છે. તેમને કોઈ ન્યાયાધીશના સખત ન્યાય તરીકે અથવા ક્રોધે ભરાયેલા શાસનકર્તાના કોપ તરીકે અથવા અનિષ્ટનાં પરિણામ તરીકે ગણવાં એ તો ઈશ્વરના અંતરાત્મા સાથેના વ્યવહારને અને અંતરાત્માની ઉત્ક્રાંતિના નિયમને તદ્દન ઉપલકિયા દૃષ્ટિથી જોવા બરાબર છે અને દુન્યવી સમૃદ્ધિ, સંપત્તિ, સંતતિ તેમ જ કલા, સૌંદર્ય અને શક્તિના બાહ્ય ઉપભોગનું શું? જો અંતરાત્માને કશી પણ હાનિ કર્યા વિના એ સર્વ મેળવાય અને ભગવાનના આનંદ અને અનુગ્રહના આવિર્ભાવ તરીકે જ માત્ર એ સર્વ ભોગવાય તો એ સારૂં જ છે, પરંતુ એ બધું પ્રથમ તો આપણે બીજાઓને માટે અથવા તો સર્વને માટે મેળવવું જોઈએ અને આપણે પોતાને માટે તો વિશ્વ-વ્યવસ્થાના એક અંગ તરીકે જ અથવા તો પૂર્ણતાને વધારે નિકટ લાવવાનાં એક સાધન તરીકે જ મેળવવું જોઈએ.

અંતરાત્માને પોતાને તો પોતાના અમૃતત્વની સાબિતી યે જોઈતી નથી અને પોતાના પુનર્જન્મની સાબિતી યે જોઈતી નથી કેમકે એક એવો વખત આવે છે, કે જ્યારે એ સભાનપણે (Consciously) અમર થાય છે અને પોતાના અનંત અને નિર્વિકાર સ્વરૂપ પ્રત્યે સભાન બને છે. એક વાર એ સાક્ષાત્કાર થાય કે પછી અંતરાત્માના અમરપણાની બાબતના બધા બૌદ્ધિક

સંશયો દૂર થઇ જાય છે. અમૃતત્વની ખરી સક્રિય માન્યતા તો એજ છે કે જે બુદ્ધિનું હઠભર્યું મન્તવ્ય નહીં પણ આપણા શ્વાસોચ્છ્વાસ જેટલી તદ્દન નિશ્ચિત હકીકત બની ગઇ હોય અને જેને માટે બીજી કશી જ સાબિતી કે દલીલની જરૂર જ ન હોય વળી, એક એવો વખત પણ આવે છે, કે જ્યારે અંતરાત્મા પોતાની અનંત અને વિકારમય ક્રિયામાં પણ પોતાને રહેલો જોઇ શકે છે. આમ થાય છે ત્યારે એને ગત યુગોનું ભાન થાય છે અને અવિચ્છિન્ન ભૂતકાળમાં વર્તમાન કેમ ઘડાયું તે એ જૂએ છે. હાલનાં અંગોને ઘડનારી ગત જીવ–દશાઓ, વાતાવરણો અને પ્રવૃત્તિઓના વિવિધ પ્રકારો એને સાંભરે છે અને અવિચ્છિન્ન ભાવિમાં વિકાસ વડે પોતે ક્યાં જઇ રહ્યો છે તે પણ એ જાણતો થાય છે. પુનર્જન્મની આ જ સક્રિય માન્યતા છે અને અહીં જ સંશયાત્મક બુધ્ધિનો ખેલ પૂરો થાય છે; અંતરાત્માની દૃષ્ટિ અને અંતરાત્માની સ્મૃતિ જ સર્વેસર્વ છે. અલબત્ત, પુનર્જન્મના નિયમોનો અને વિકાસની પદ્ધતિનો પ્રશ્ન તો બાકી રહે છે અને તેમાં બુદ્ધિ તેમ જ એની તપાસ અને તારવણીને કંઇક સ્થાન છે, અને અહીં આપણે જેમ વધારે વિચારીએ અને અનુભવીએ છીએ તેમ પુનર્જન્મની સામાન્ય, સરળ અને સીધી સાદી સમજણ વધારે ને વધારે શંકાસ્પદ ભાસે છે. અહીં જરૂર કોઇ ખૂબ અટપટી સવાદ્વિતા વડે વિકસિત કરાયેલો નિયમ તો છે જ, પણ એ સવાલ તો લાંબી અને વિપુલ વિચારણા માગે છે, કારણ કે એનો નિયમ બહુ સૂક્ષ્મ છે, अणुर्ह्येषः धर्म : ।

ક્રમશ: —રજનિકાન્ત મોદી

નવા મ્યુનિસિપલ કોર્પોરેટરોનું મુંબઇ જૈન યુવક સંઘે કરેલું બહુમાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇની મ્યુનિસિપલ કોર્પોરેશનની તાજેતરમાં કરવામાં આવેલી ચૂંટણીમાં સફળ નીવડેલા નીચે જણાવેલ સભ્યો:–

શ્રી જીવરાજ ભાણજી શાહ, શ્રી લીલીબહેન પંડ્યા, ડૉ. જે. એમ. લાખાણી, શ્રી મુકિતલાલ વીરવાડીઆ, શ્રી ટકચંદ સિંઘી, શ્રી કાન્તિલાલ એમ. પારેખ, શ્રી નાનાલાલ ડી. મહેતા, શ્રી ધીરજલાલ પારેખ; શ્રી જગુભાઇ વી. શાહ, શ્રી છોટુભાઇ એન. શાહ.

આ સભ્યોનું અભિનંદન તેમ જ બહુમાન કરવાના હેતુથી તા. ૧૫–૪–૬૧ શનિવારના રોજ સાંજના ૬–૩૦ વાગ્યે ન્યૂ મરીનલાઇન્સ રોડ ઉપર આવેલા 'મનોહર'માં એક સ્નેહસમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સંઘના લગભગ સો સભ્યોએ હાજરી આપી હતી. નિમંત્રિત સર્વ કોર્પોરેટરો પણ વખતસર ઉપસ્થિત થયા હતા. શ્રી ખીમજીભાઇ માડણ ભૂજપુરીઆ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ નિમંત્રિત કોર્પોરેટરોનો વ્યક્તિગત પરિચય કરાવ્યો હતો અને ત્યાર પછી મુંબઇ જૈન યુવક સંઘની ભિન્નભિન્ન પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં ખ્યાલ આપીને ઉપસ્થિત થયેલા કોર્પોરેટરોને આવકાર આપ્યો હતો અને અન્ય પક્ષો સાથે બને તેટલો મેળ મેળવીને કામ કરવાનો અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ શ્રી લીલીબહેન પંડ્યાએ પોતાના તરફથી તેમ જ અન્ય સાથીઓ તરફથી તેમના માનમાં આવું સ્નેહસંમેલન યોજવા બદલ સંઘના કાર્યવાહકોનો આભાર માનીને મ્યુનિસિપાલિટી દ્વારા મુંબઇની પ્રજાની સેવા કરવાની પોતાની ભાવના યોગ્ય શબ્દોમાં રજૂ કરી હતી તેમજ પોતે જૈન હોવા બદલ ઊંડું ગૌરવ અનુભવે છે એમ જણાવ્યું હતું. શ્રી જીવરાજ ભાણજી શાહે પ્રસંગોચિત વિવેચન કર્યું હતું અને આવી કોર્પોરેશનના વહીવટ ચોક્કસ એક પક્ષની બહુમતી દ્વારા જેટલો સંગીન અને કાર્યક્ષમ બનાવી શકાય છે તેવી કાર્યશકયતા જુદા જુદા પક્ષોના જોડાણમાં સંભવિત નથી એવો વિચારનું પોતાના અનુભવની કેટલીક વાતો કહીને સમર્થન કર્યું હતું. શ્રી ખીમજીભાઇ જેમણે ૧૯૩૯ થી ૧૯૫૨ એમ સતત તેર વર્ષ સુધી મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યપદેથી મુંબઇની પ્રજાની એકધારી સેવા બજાવી હતી તેમણે નવા મિત્રોને પોતાના અનુભવમાંથી કેટલીક સલાહ આપી હતી અને માર્ગદર્શન કરાવ્યું હતું. ત્યાર બાદ પ્રત્યેક કોર્પોરેટરનું પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું હતું. સંઘના અન્ય મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે કોર્પોરેટરોનો આભાર માન્યો હતો. ત્યાર બાદ અલ્પ ઉપાહારપૂર્વક પ્રસ્તુત સ્નેહસંમેલન વિસર્જિત થયું હતું. આ રીતે આશરે દોઢ કલાક પરસ્પરના મિલનમાં અને મધુર વાર્તાવિનોદમાં પસાર થયો હતો.

હકીકત–શુદ્ધિ

શ્રી ત્રિભુવન વીરજીભાઇ હેમાણી એક લાંબો પત્ર લખીને પ્રબુદ્ધ જીવનના આગળના અંકોમાં પ્રગટ થયેલાં લખાણોમાં તેમની નજરે ચઢેલા બે હકીકતદોષ તરફ મારું ધ્યાન ખેંચે છે. (૧) તા. ૧૬–૨–૬૦ના પ્રબુદ્ધ જીવનમાં ભારત જૈન મહામંડળના હીરક મહોત્સવ અંગે એક નોંધ લખતાં એમ જણાવવામાં આવ્યું છે કે " મુંબઇ ખાતે ભારત જૈન મહામંડળનું આ અધિવેશન સૌથી પહેલું છે." શ્રી હેમાણી જણાવે છે કે આ વિધાન બરાબર નથી. આ પહેલાં પણ મુંબઇ ખાતે ભારત જૈન મહામંડળનું એક અધિવેશન ઇ. સ. ૧૯૧૫માં સ્વ. ખુશાલ તલકશી શાહના પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યું હતું. આ તેમનું કહેવું સાચું છે કારણ કે એ ૧૯૧૫ના અધિવેશનમાં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું હતું. આ ભૂલ તરફ ધ્યાન ખેંચવા માટે હું તેમનો આભાર માનું છું. (૨) તા. ૧૬–૩–૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં સ્વ. મણિલાલ મોકમચંદ શાહનો સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંસ્થાપક તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં શ્રી હેમાણી એમ સૂચવે છે કે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના શ્રી વાડીલાલ મોતીલાલ શાહ અને શ્રી મણિલાલ મોકમચંદ એમ બે 'સંસ્થાપકો હોઇને ઉપર જણાવેલ સ્થળે 'સંસ્થાપક' નહિ પણ 'સંસ્થાપકોમાંના એક' એમ ઉલ્લેખ કરવો જોઇતો હતો. આ સુધારો મને સ્વીકાર્ય નથી. સ્વ. મણિભાઇનો જ્યારે જ્યારે સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંસ્થાપક તરીકે ઉલ્લેખ કરવામાં આવે ત્યારે ત્યારે દરેક વખતે સંસ્થાપકોમાંના એક તરીકે ઉલ્લેખ કરવાની મને જરૂર લાગતી નથી, કારણ કે આ બાબત સર્વત્ર સુવિદિત છે. આમાં સ્વ. વા. મો. શાહની ઉપેક્ષા કરવાનો કોઇ આશય છે નહિ કે હતો નહિ એ બાબતની ગયા અંકમાં પ્રગટ કરવામાં આવેલ સ્વ. મણિભાઇની પ્રતિમાના અનાવરણ સમારંભની વિગતો વાંચતાં શ્રી હેમાણીને પ્રતીતિ થશે.

એક બીજી હકીકતશુદ્ધિનો પણ અહીં જ ઉલ્લેખ કરવો અસ્થાને નહિ ગણાય. તા. ૧–૩–'૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં " મારો કોઇ વાદ કે 'ઇઝમ' નથી " એ મથાળા નીચે ૧૯૩૫–'૩૬ આસપાસનું ગાંધીજીનું એક વકતવ્ય પ્રગટ કરવામાં આવ્યું હતું. આ વકતવ્ય સર્વ સેવાસંઘના પ્રથમ સંમેલનમાં કરવામાં આવ્યું હતું એમ જણાવવામાં આવ્યું હતું તેમાં સર્વ સેવાસંઘના બદલે ગાંધી સેવાસંઘ જોઇએ એ મુજબનો સુધારો તા. ૧૬–૩–૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો છે, પણ બીજી એક ભૂલ સુધારવી રહી ગઇ હતી અને તે સ્થળને લગતી. સાવલી ગામ મૂળ લેખમાં સંયુક્ત પ્રાંતમાં હોવાનું જણાવ્યું છે તેના બદલે મધ્ય પ્રદેશ–એ વખતના Central Provinces–જોઇએ. આ ભૂલ તરફ ધ્યાન ખેંચવા બદલ સર્વ સેવાસંઘના પ્રમુખ કાર્યકર્તા શ્રી વલ્લભસ્વામીનો હું આભાર માનું છું.

તંત્રી : પ્રબુદ્ધ જીવન

બાંધી આવકવાળાનો મરો !

(આજની દિનપ્રતિદિન વધતી જતી લાંસમાં રૂંધાતી ભારતની આમજનતાનો આર્તનાદ નીચેના લેખના શબ્દેશબ્દમાં પ્રતિબિંબિત થાય છે. જેમના હાથમાં સત્તાનાં સૂત્રો છે તેઓ આ આર્તનાદને ધ્યાનમાં લે અને આ લાંસને એ દૃષ્ટિએ બને તેટલી હળવી કરવા માટે કેવળ સહાનુભૂતિ દાખવીને સંતોષ ન માનતાં, જે કાંઈ પગલાં ભરવાની અને રાહત આપવાની જરૂર લાગે તે દિશાએ તેઓ સત્વર સક્રિય બને એવી આશા અસ્થાને નહિ ગણાય—તંત્રી)

મધ્યસ્થ સરકારનું બજેટ રજૂ થયું, એમાં લાંબી લાંબી ચર્ચાઓ થઈ, એમાં સામાન્ય જનતા ઉપર પડનારા આઘાત-પ્રત્યાઘાતો પણ કોઈકે રજૂ કર્યા, સરકાર પક્ષે એના સચોટ (!) જવાબો પણ અપાયા અને બજેટમાં રજૂ થયેલી નવા કરવેરાની દરખાસ્તોમાં કેટલીક છૂટછાટો આપવામાં આવી અને આખરે બજેટ પસાર થયું, અને એપ્રિલ મહિનો બેસતાં એના અમલની શરુઆત પણ થઈ ચૂકી.

બજેટના દિવસો દરમ્યાન સરકાર પક્ષ તરફથી જોરશોરથી એવી જાહેરાત પણ કરવામાં આવી હતી કે બજેટની નવી દરખાસ્તોને લીધે જીવનની જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારો ન થાય એ માટે સરકાર પોતાથી બનતું બધું જ કરશે; સરકાર એ માટે પૂરેપૂરી જાગ્રત છે.

બીજી બાજુ બજેટ રજૂ થયું તે દિવસથી જ બજારોએ પોતાની તેજી તરફની ગતિ, જે પહેલાં પણ સામાન્ય જનતાથી જીરવી ન શકાય એવી હતી, એમાં ઝડપી વધારો કરવા માંડ્યો, જે અત્યાર સુધી ચાલુ છે, અને એમાં ઘટાડો થવાની વાત તો દૂર રહી, એમાં સ્થિરતા પણ હજી લગી આવી શકી નથી. અને છતાં સરકારી તંત્રના કોઈ ને કોઈ મોવડી તરફથી ભાવવધારાને ડામવાની વાતો તો ચાલુ જ છે. તાજેતરમાં જ ગુજરાત રાજ્યના એક પ્રધાનશ્રીએ આ બાબતનું એક વધુ વાર પુનરુચ્ચારણ કર્યું હતું, પણ તે કોઈ પણ જાતની ફળનિષ્પત્તિ વગરનું જ !

જાણે એમ લાગે છે, કે બજારની તાકાતની અને સરકારની તાકાતની હોડ મંડાઈ છે ! અને એ બે તાકાતનાં નેતરાંથી ફરી રહેલાં ઘમ્મરવલોણામાં સામાન્ય જનતાના અતિ સામાન્ય બજેટનો અને એણે પોતાના કુટુંબના નિર્વાહ માટે કરેલ ભાંગીતૂટી વ્યવસ્થાનો ભાંગીને ભૂક્કો થઈ ગયો ! અને એ ભંગાર ઉપરથી મોટા મોટા પગારો, જંગી જંગી ભાડાંભથ્થાં, માલેતુજાર દેશને ય ભાગ્યે જ પોસાય એવા અતિ ખર્ચાળ સભારંભો વગેરેનો ન કલ્પી શકાય એવો આર્થિક બોજ લઈને સરકારી તંત્રનો રથ આગળ વધી રહ્યો છે ! પ્રજાતંત્રવાદી રાજ્યવ્યવસ્થા જાણે પ્રજાને જાકારો આપીને પોતાનો ઠકાવ કરવા મથી રહી છે.

પણ, સામાન્ય જનતાના જીવનનિર્વાહની દૃષ્ટિએ સાવ બિનકુદરતી કહી શકાય એવી સર્જાઈ ગયેલી અને હજી પણ વધુ સર્જાઈ રહેલી પરિસ્થિતિ માટે કોનો દોષ કાઢીએ અને કોને શું કહેવા જઈએ ? પહેલી દૃષ્ટિએ તો આવી વિષમ અને અસહ્ય સ્થિતિ સર્જવા માટે મધ્યસ્થ સરકારના માનનીય નાણાંપ્રધાનનો દોષ કાઢવાનું જ મન થઈ આવે છે; અને એ સાવ સ્વાભાવિક પણ છે. એમણે જે યોજનાઓની ઝડપી પ્રગતિના વિચારની સાથે સામાન્ય જનતાની ધીમી થઈ ગયેલી અને હજી પણ વધુ ધીમી થઈ રહેલી આર્થિક ગતિ-શક્તિનો મેળ બેસાડવાનો વિચાર કર્યો હોત તો તેઓ આવું કજોડું કરવાને બદલે કંઈક તો સરખાપણું કે સમધારણપણું જરૂર દાખવી શક્યા હોત; પણ એ ન થઈ શક્યું, અને બાંધી આવકવાળાનો જાણે મરો થવા બેઠો !

અને વધારે નવાઈ અને ખેદ ઊપજવે એવી વાત તો એ બની કે ચીજવસ્તુના ભાવનો આંક સતત વધતો જતો હોવા છતાં, એને રોકવાનાં તાત્કાલિક અને સક્રિય પગલાં ભરવાને બદલે આપણા માનનીય નાણાંપ્રધાનશ્રીએ રશિયામાં ટામેટાં કેટલાં મોંઘાં મળે છે એવો એકાંગી દાખલો રજૂ કરીને લોકસભાના સભ્યોને, પોતાની જાતને અને મોંઘવારીની ચક્કીમાં વધુ ને વધુ પિસાતી જતી ભારતની ઓછી, અધૂરી અને બાંધી આવકવાળી જનતાને સાંત્વન આપવાનો પ્રયત્ન કર્યો છે ! આ માટે શું કહીએ ? 'સમરથકો નહીં દોષ ગુસાંઇ' તે આનું જ નામ ! દોષ દેવાનો રહ્યો માત્ર પ્રજાની કમનસીબીને !

આમ છતાં આવું આકરું બજેટ આવ્યું, અને એની એથીય વધારે આકરી અસર રોજની વપરાશની ચીજ-વસ્તુઓના ભાવરૂપે આખા દેશમાં વ્યાપી ગઈ, છતાં આવી અસહ્ય પરિસ્થિતિ સર્જાવાના દોષનો ટોપલો કેવળ નાણાંપ્રધાનને ઢારે ઠાલવવામાં આવે, એ બરાબર નથી. આ માટે તો જેટલા નાણાંપ્રધાનને તેટલા જ વડા પ્રધાનને તેમ જ મધ્યસ્થ સરકારના સમસ્ત પ્રધાનમંડળને જવાબદાર લેખી શકાય; કારણ કે આખું પ્રધાનમંડળ વ્યક્તિગત જવાબદારીના ધોરણે નહીં પણ સંયુક્ત જવાબદારીના ધોરણે જ કામ કરે છે. વળી આ માટે આ પ્રધાનમંડળથી પણ વધારે જવાબદારી લોકસભાના કૉંગ્રેસપક્ષના સભ્યોની અને એથીય વધારે જવાબદારી કૉંગ્રેસ મોવડીમંડળની અને સમગ્ર કૉંગ્રેસની છે; કારણ કે છેવટે તો તે તે ખાતાના પ્રધાનો કે સમસ્ત પ્રધાનમંડળે એને વિશ્વાસમાં લીધા વગર ચાલતું નથી.

આ દૃષ્ટિએ વિચારીએ તો કૉંગ્રેસના પ્રમુખનું સ્થાન વડા પ્રધાન કરતાં, કૉંગ્રેસની કારોબારીનું સ્થાન મધ્યસ્થ કે પ્રાદેશિક પ્રધાનમંડળો કરતાં અને કૉંગ્રેસની મહાસમિતિનું સ્થાન લોકસભા કે ધારાસભા કરતાં જરાય ઊતરતું ન હોવું જોઈએ; ન લેખાવું જોઈએ; અને એમ થાય તો જ આપણી લોકશાહી, સત્તાશાહી, અમલદારશાહી કે તુમારશાહી બનવાને બદલે તંદુરસ્ત અને સાચી લોકશાહી બની શકે. પણ એક બાજુ સત્તાની વધારે પડતી આસક્તિ અને બીજી બાજુ સત્તા પ્રત્યેની (ભલે ભય કે લાલચથી પ્રેરાયેલી) વધારે પડતી ભક્તિને લીધે આ નથી બની શકયું; પરિણામે કોઈ પણ કાર્યની અસર, જેના નામની દુહાઈ દઈને રાજતંત્ર ચલાવવામાં આવે છે તે પ્રજા ઉપર કેવી થશે, એનો વિચાર કર્યા વગર જ પ્રધાનો વર્તે છે.

સવાલ એ થાય છે કે પૂ. મહાત્મા ગાંધીજીએ સર્વોદય દ્વારા લોકકલ્યાણ સાધવાનો એકડો વર્ષો સુધી ઘુંટાવ્યો હોવા છતાં આમ કેમ થયું ? આનો ખુલાસો કંઈક એ હોય એમ લાગે છે કે આપણો રાજકર્તા પક્ષ-કૉંગ્રેસ-વિચારે છે અને આદર્શો ઘડે છે એક દિશાના; અને વર્તન કરે છે અને રાજ્યસ્થાને બેસે છે એથી સાવ જુદી દિશામાં. પરિણામે એના વિચાર અને વર્તન વચ્ચે કે આદર્શ અને અમલ વચ્ચે સુમેળ સધાવાને બદલે વિસંવાદ અને ઘર્ષણ પેદા થાય છે. કૉંગ્રેસે આદર્શ તો સ્વીકાર્યો છે સમાજવાદી સમાજરચનાનો; અને સમાજવાદી સમાજરચના તો ત્યારે જ શક્ય બને કે સત્તા અને સંપત્તિના કેન્દ્રીકરણના બદલે એનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે; અને આ આદર્શનું એ વારંવાર ઉચ્ચારણ કરવાનું પણ ચૂકતી નથી; છતાં છેલ્લાં થોડાંક વર્ષો દરમ્યાન કૉંગ્રેસ જે રીતે વર્તન કરી

રહી છે એ જોતાં (ગ્રામપંચાયતોને સોંપવામાં આવતી અલ્પ-સ્વલ્પ સત્તાને બાદ કરતાં) સત્તાનું કેન્દ્રીકરણ તો થઇ જ રહ્યું છે. પણ સંપત્તિનું કેન્દ્રીકરણ તો ભયંકર પ્રમાણમાં થઇ રહ્યું છે; પરિણામે દેશમાં સંપત્તિના બદલે શ્રમની પ્રતિષ્ઠાની હવા જામવાને બદલે મૂડીવાદ જ પોષાઇ રહ્યો છે, અને ઉપર ઉપરથી ભલે આપણને લોકશાહી ઢબે ચૂંટાયેલા-નિમાયેલા પ્રધાનો રાજ્ય કરતા લાગે, પણ સાચી રીતે તો મૂડીવાદ જ વધારે ને વધારે પરિપુષ્ટ થતો જાય છે, અને એ જ રાજ્યસંચાલનની સત્તાનાં સૂત્રોનું નિયંત્રણ અને સંચાલન કરી રહેલ છે.

તાજેતરમાં જ કાપડની મિલોના સરવૈયાંમાં મિલોએ કરેલા અસાધારણ નફાના આંકડા, આ જ વાતનું સમર્થન કરે છે. કાપડના ભાવો બાંધી કે ઓછી આવક ધરાવતી સામાન્ય જનતાને પોસાય એવા નથી, એ માટેની કાગારોળ તો કેટલાય વખતથી મચેલી છે; સામે મિલો પણ, એક યા બીજા કારણે, માલના ઉત્પાદનનું અમુક ભાવે વેચાણ કરવું પોતાને પોસાય એમ નથી, એવી કંઇક ફરિયાદો કરી કરીને, સરકારની પાસેથી નવી નવી સવલતો કે છૂટછાટો માગ્યા કરે છે; અને મેળવ્યા કરે છે, એક રીતે એ સરકારને હંફાવે છે, એમ કહીએ તો પણ ખોટું નથી. જો એ બધું પોસાણ થતું ન હોત તો આટલો ધૂમ નફો થાત જ શી રીતે? બાંધી કે ઓછી આવકવાળી કે આવક વગરની ગરીબ પ્રજાની આટઆટલી ફરિયાદો છતાં એને સસ્તું કાપડ ન મળી શક્યું અને સરકારના દેખતાં દેખતાં કારખાનાઓએ આટલો જંગી નફો કર્યો, એ જ બતાવે છે કે, સત્તાના સાચાં સૂત્રો કોના હાથમાં છે, અને રાજ્યકર્તાપક્ષ-કોંગ્રેસનું મૂડી, મૂડીવાદ કે મૂડીદારોને નાથવાનું બળ કેટલું પોકળ બની ગયું છે.

જો આ જ નીતિ અને આવી જ રીતરસમ ચાલુ રહી તો દેશની મોટી મોટી યોજનાઓ પાર પડવા છતાં તેમ જ દેશમાં નવા નવા અને મોટા મોટા ઉદ્યોગો સ્થપાવા છતાં, કલ્યાણ-રાજ્યની રચના કે દેશના છેલ્લામાં છેલ્લા-નબળામાં નબળા-માનવીને પણ જીવનની સર્વ પ્રથમ જરૂરિયાતરૂપ અન્ન, વસ્ત્ર અને આવાસ સહજ રીતે સુલભ બને એવા સર્વોદયની સ્થાપના થવી લગભગ અશક્ય જેવી જ સમજવી.

સામાન્ય જનતાને સુખી કરવા માટે યોજના થાય; પણ એ યોજનાને પાર પાડવા માટેનાં નાણાં મેળવવાની યોજના એવી કમ્મરતોડ થાય કે એની સામે પ્રજા ટકી જ ન શકે, તો માનવું રહ્યું કે આપણે "જીવ જાય તો રંગ રાખવાનું" કે ગમે તે ભોગે દેવાદાર પાસેથી પોતાના એક રતલ માંસની માંગણી કરનાર "શાયલોક ધી જ્યુ" નું નાટક ભજવવા માગીએ છીએ!

જીવનની જરૂરિયાતોની સામાન્ય ચીજોના ઊંચા ગયેલા ભાવોની 'હુતાશ'નીમાં છેલ્લા બજેટે તો કેવળ ઘી હોમવાનું જ કામ કર્યું છે, એ દીવા જેવું સ્પષ્ટ દેખાઇ રહ્યું છે; અને છતાં આપણા પ્રધાનો સામાન્ય કે ગરીબ જનતાને ઉપદેશ આપતા રહે છે, કે દેશસેવાને માટે ભોગ આપવો જોઇએ, અને વેપારી કે કારખાનેદાર તમારી પાસેથી ધારે પડતો ભાવ લેશે તો એ માટે સરકાર કશું કરવાનું બાકી નહિ રાખે! પણ આ સરકારને કે એના માનનીય પ્રધાનોને કોણ સમજાવે કે તમારી આ બધી વાતો કેવળ 'પરોપદેશે પાંડિત્ય' જેવી કે 'પોથીમાંનાં રીંગણાં' જેવી અર્થ વગરની છે?

ઘઉં, જુવાર કે બાજરાનો બચાવ કરવા કેરીની ગોટલીનો લોટ બનાવીને એની રોટલીથી પેટ ભરવાની ક્રૂર મશ્કરીરૂપ વાતનો જખમ પ્રજાના દિલ ઉપરથી જ્યારે ભૂંસાય ત્યારે ખરો! થોડા વખત પહેલાં જ તેલના વધેલા ભાવોથી અકળાઇને આપણા માનનીય નાણાંપ્રધાનશ્રીએ પ્રજાને શાણી સલાહ આપી હતી કે તેલનો વધારે ભાવ લેનારની સાન ઠેકાણે લાવવા માટે અમુક વખત તેલ ખાવું જ બંધ કરો! કેવી મજાની સલાહ! સારું છે કે એમણે હવા ખાઇને અને પાણી પીને જીવવાની અદ્‌ભુત સલાહ આપવી હજી બાકી રાખી છે! પણ પ્રધાનોને કયાં ગાંધીજીની માફક પહેલાં સ્વયં અમલ કરીને પછી લોકોને સલાહ આપવાનું બંધન છે કે ગમે તે બોલવામાં વિચાર કરવો પડે કે સંકોચ રાખવો પડે? અને એમને સમારંભોમાં, સમિતિ-કમિટીઓમાં કે સભા-ધારાસભાઓમાં રોજેરોજ કેટલું બધું બોલવું પડે છે; તે બોલી બોલીને છેવટે બોલે પણ શું? તોળીને, વિચારીને બોલવા જાય તો ભલા કેટલું બોલી શકાય?

પણ ઝાઝી વાતે ગાડાં ભરાય! ટૂંકમાં કહેવાનું એટલું જ છે કે ઓછી કે બાંધી આવકવાળાની હાલાકી અત્યારે વર્ણવી જાય એવી નથી. બજારમાં જઇને શાક-પાંદડાંના, તેલ-તેજાનાના કે અન્ન-વસ્ત્રના ભાવની કોઇક કરુણાળુ પ્રધાન જાતતપાસ કરે તો ખબર પડે કે આથી ગરીબ અને સામાન્ય જનતાનું જીવન કેટલું અશક્ય જેવું બની ગયું છે! પણ આમાં કઇ ચીજનો ભાવવધારો કોણ રોકી શકે? પાસે પાસે દસ પ્યાલાં ઊભા રાખ્યા હોય અને એકને ધક્કો લાગે તો બીજાને પણ એની અસર થયા વગર ન રહે એવી આ વાત છે. શાકવાળો કહેશે કે અન્નના ભાવ વધ્યા, એથી મારે ભાવ વધારવો પડ્યો; અન્નવાળો કાપડવાળાનો, કાપડવાળો કરિયાવાળાનો અને એ વળી બીજાનો, એમ ભાવવધારા માટે એકબીજાનો દોષ કાઢવાનું વિષચક્ર એવું તો અભેદ્ય બની ગયું છે કે એને ભેદનાર સ્વર્ગસ્થ સ્વનામધન્ય શ્રી કીડવાઇ જેવો બીજો કોઇ વીરલો પાકશે એમ જ સમજાતું નથી.

વળી, આ કંઇ અહીં કે તહીં થીંગડું મારવાથી સુધરી જાય એવી સામાન્ય વાત હવે નથી રહી; આ તો ફાટ્યા આભને થીંગડું મારવા જેવી અતિ મુશ્કેલ-લગભગ અશક્ય જેવી-વાત છે. અને પરિસ્થિતિ આટલી હદે વણસવાનું કારણ છે કોંગ્રેસ પક્ષની ભૂલ ભરેલી નીતિ-રીતિ! એ નીતિ-રીતિમાં સુધારો થાય તો જ પરિસ્થિતિ વધારે વણસતી અટકે અને ગરીબ અને સામાન્ય પ્રજાને રાહતનો શ્વાસ લેવાનો અવસર મળે.

...પણ એ તો કયારે થશે અને કોણ કરશે, એ કોણ જાણે? દરમ્યાનમાં અમે દેશના અત્યારના રાજ્યકર્તા પક્ષને એટલું કહેવું જરૂરી લેખીએ છીએ કે મધ્યમ વર્ગની સામાન્ય અને ગરીબ જનતાને હવે વધારે પરેશાન કરવાથી પરમેશ્વર રાજી નહીં રહે, માટે એને તત્કાળ રાહત મળે એવું કંઇક સત્વર કરો. આથી વધારે શું કહેવું?

('જૈન'માંથી સાભાર ઉદ્‌ધૃત) **રતિલાલ દીપચંદ દેસાઇ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ	કાકા કાલેલકર	૧
પ્રબુદ્ધ જીવનનો ૨૩મા વર્ષમાં પ્રવેશ	પરમાનંદ	૩
પુનર્જન્મની સમસ્યા	રજનિકાન્ત મોદી	૪
નવા મ્યુ. કોર્પોરેટરોનું મુંબઇ જૈન યુવક સંઘે કરેલું બહુમાન		૭
બાંધી આવકવાળાનો મરો	રતિલાલ દીપચંદ દેસાઇ	૮
પ્રકીર્ણ નોંધ : બે ધન્યમૃત્યુ	પરમાનંદ	૧૦
ગુજરાત રાજ્યમાં થયેલો ગૌવધ-પ્રતિબંધનો કાયદો, શુભ સંકલ્પ પૂર્વકના નાના દાનનું મોટું પરિણામ		
ભૂદાન આયોજનની ફલનિષ્પત્તિ		૧૨

પ્રકીર્ણ નોંધ

બે ધન્ય મૃત્યુ

ગત એપ્રિલ માસ દરમિયાન જૈન સમાજની બે વયોવૃદ્ધ વ્યકિતનું પરલોકગમન થયું :-

(૧) એક શ્રી ચકુભાઇ ગુલાબચંદ શાહ તે આપણા સર્વના સુપરિચિત શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પિતા થાય. તેમણે ૮૭ વર્ષની ઉમ્મરે લીંબડી ખાતે એપ્રિલ માસની સાતમી તારીખે દેહ છોડયો. તેઓ કેટલાંય વર્ષોથી નિવૃત્ત જીવન ગાળતા હતા. વૃદ્ધાવસ્થાના આક્રમણથી કોણ મુકત રહી શકે છે? એમ છતાં સ્વ. મુરબ્બી ચકુભાઇ શાહનું શરીર ખડતલ, સ્નાયુબદ્ધ અને કદાવર હતું અને જીવન સંયમી હતું, એટલે તેઓ આટલું લાંબુ આયુષ્ય અને લગભગ જિંદગીના અન્ત સુધી તદ્દન નિરોગી જીવન ભોગવી શકયા હતા. ગત જાન્યુઆરી માસના પ્રારંભથી તેમની તબિયત લથડવા માંડી હતી અને તેમના ઉપર જરાવસ્થાનું આક્રમણ વધવા માંડયું હતું. આમ છતાં તેમના શરીરમાં વાર્ધકયપરિણામી નબળાઇ સિવાય બીજો કોઇ રોગ નહોતો. અંદરના પ્રાણની તાકાત ઘટતી જાય અને શરીર ઉત્તરોત્તર કૃશ થતું ચાલે તેવી કૃશતા તેમના શરીરને ગાળી રહી હતી. જીવન મરણ વચ્ચેના સંઘર્ષમાં તેમણે જાન્યુઆરી તથા ફેબ્રુઆરી પસાર કર્યા હતા. આ માંદગી દરમિયાન તેમણે જીવનની સર્વ મૂર્છા છોડી દીધી હતી. માર્ચ માસથી તો તેમણે અન્નનો પણ સ્વેચ્છાએ ત્યાગ કર્યો હતો. કેવળ પાણી ઉપર તેમનો દેહ ટકી રહ્યો હતો.

જૈન સાધુસંસ્થામાં સંથારો લેવાની એક પરંપરા છે. જ્યારે વૃદ્ધાવસ્થાનાં કારણે દેહધારણ વધારે ને વધારે પરાવલંબી બનતું જાય અને જીવવામાં કોઇ રસ કે પ્રયોજન ન રહે ત્યારે કદિ કદિ જૈન સાધુ માત્ર અન્નનો અથવા તો અન્નજળ ઉભયનો ત્યાગ કરે છે અને એ રીતે પોતાનો સંથારો એટલે કે જે આસન ઉપર તે બેસતા સુતા હોય તે ઉપર લગભગ સુતા રહીને બાકી રહેલું આયુષ્ય શાન્તિપૂર્વક સમાધિપૂર્વક પૂરૂં કરે છે. આવી અન્તિમ સાધનાને સંથારો કર્યો અથવા આદર્યો એમ કહેવાય છે. આ પ્રથા આજે હજુ તેરાપંથ સંપ્રદાયમાં જીવન્ત છે અને અન્ય સંપ્રદાયમાં પણ આવી ઘટના બનતી હોવાનું કદી કદી સાંભળવામાં આવે છે. આવી રીતે મૃત્યુને પ્રસન્નતાપૂર્વક-સમભાવપૂર્વક-ભેટવું અને અમુક વિષમ પરિસ્થિતિના દબાણના કારણે પેદા થતા આવેગને વશ થઇને ઝેર વડે કે અન્ય ઉપાય વડે જીવનનો અન્ત આણવો (જેને આપણે 'આપઘાત' શબ્દથી ઓળખીએ છીએ) તે બેમાં ઘણો ફરક છે એ કહેવાની જરૂર છે જ નહિ.

શ્રી ચકુભાઇ શાહે તેમના અવસાન પહેલાના લગભગ સવા મહિના દરમિયાન આ પ્રકારની સંથારાવૃત્તિ પૂરી સમજણપૂર્વક સ્વીકારી લીધી હતી. આમ જળપાનપૂર્વક તેમણે અવશેષ જીવન પૂરૂં કર્યું હતું. સ્વજનો અનુરાગને વશ થઇને તેમને કદી પાણી દ્વારા થોંડું ગ્લુકોઝ કે ફળનો રસ આપવાનો પ્રયત્ન કરતા તો તેનો તેઓ સખ્ત વિરોધ કરતા હતા. વળી, તેમને જૈન ધર્મ ઉપર અપૂર્વ શ્રદ્ધા હતી. તેથી આ દિવસો દરમિયાન અનેક સાધુ સાધ્વીઓ તેમને ત્યાં આવતા જતા રહ્યા હતા અને ધર્મબોધ સંભળાવતા રહ્યા હતા. શ્રી ચીમનભાઇનાં માતુશ્રી પણ આ મહિનાઓ દરમિયાન ઊભા પગે તેમની સેવા કરવા સાથે આ દુનિયાની સર્વ ચિન્તા, વિચારો, ઉપાધિથી મુકત બનીને આત્મશ્રેય તરફ તેમનું લક્ષ્ય કેન્દ્રિત કરવા સતત પ્રયત્ન કરી રહ્યા હતા. આ માંદગી દરમિયાન તેમનાં દૂર નજીકના લગભગ બધાં સગાવહાલાં અને સ્વજનો લીંબડી આવી ગયાં અને આવા સમભાવ-સમાધિ ભાવ-પ્રેરિત આત્માના છેલ્લાં છેલ્લાં દર્શન કરીને પ્રભાવિત બનતાં રહ્યાં. અનેક વ્યવસાયથી વ્યાકુલ હોઇને છેલ્લા ત્રણ ચાર મહિનાથી લીંબડી અને મુંબઇ વચ્ચે જેમનું જવા આવવાનું ચાલ્યા જ કરતું હતું તેવા શ્રી ચીમનભાઇ પણ છેલ્લો મહિનો સવા મહિનો પિતાની અવસાન ઘડી સુધી તેમના સાન્નિધ્યમાં અખંડપણે રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરી શકયા અને તેમના પિતાને પણ તેથી ખૂબ સમાધાન રહ્યું, આમ છેવટની ઘડી સુધી જાગૃતિ, સ્વસ્થતા, પ્રસન્નતા, કૃતાર્થતા અનુભવતાં, તેલ ખૂટે અને દીવો ઓલવાય, વૃક્ષ સાથેનો અનુબંધ ઢીલો પડે અને પાકું ફળ જમીન ઉપર ખરી પડે, તેવી રીતે તેમની પ્રાણશકિત ખલાસ થઇ, શ્વાસોચ્છ્વાસ પૂરો થયો, નિર્મિત આયુષ્ય સમાપ્ત થયું અને શ્રી ચકુભાઇ શાહે આંખ ફેરવી નાંખી અને આ દુનિયાની અંતિમ વિદાય લીધી. આથી વધારે રૂડું મૃત્યુ બીજું શું હોઇ શકે એમ વિચારી પાછળ રહેલા સ્વજનોએ શોકવ્યાકુળ ન બનતાં આ ઘટનાને એક સ્વાભાવિક ઘટના તરીકે સ્વીકારી લીધી. દુનિયાએ 'તેઓ ભાગ્યશાળી થઇ ગયા' એમ કહીને તેમના મૃત્યુને અભિનન્દ્યું, આવકાર્યું.

(૨) અમદાવાદ ખાતે તા. ૧૪-૪-'૬૧ ના રોજ અમદાવાદના એક જાણીતા નાગરિક શ્રી મણિલાલ મગનલાલ દલાલ ૮૪ વર્ષની ઉમ્મરે બહોળું કુટુંબ મૂકીને આ દુનિયામાંથી વિદાય થયા. આ મણિભાઇ પોતાના યૌવનકાળ દરમિયાન શેરનો ધંધો કરતા હતા. સમયાન્તરે આજથી ૪૦ વર્ષ પહેલાં તેમણે આ ધંધામાંથી નિવૃત્તિ લીધી હતી. પછીનું જીવન મોટા ભાગે જનસેવામાં તેમણે પસાર કર્યું હતું. વર્ષોથી તેઓ શુદ્ધ ખાદી પહેરતા હતા. હમેશાં સવારના નિત્યકર્મથી પરવારીને તેઓ ઘર બહાર નીકળે, હાથમાં પોતાને પ્રિય એવાં કેટલાંક પુસ્તકોની ઝોળી હોય, જ્યાં જાય ત્યાં, જેવું પાત્ર તે પ્રમાણે, પોતાની પાસેનાં પુસ્તકોની તેઓ લ્હાણી કરતા ફરે-આ તેમના જીવનના અન્ત સુધીનો ચાલુ વ્યવસાય હતો. વળી, ગરીબોને કપડાં, દવાઓ તેમ જ ઓઢવાનાં ધાબળાઓ :પણ તેઓ ચાલુ વહેંચતા રહેતા હતા. આ રીતે તેમનું કેવળ પરગજુ સાધુસદૃશ જીવન હતું. શરીરની તન્દુરસ્તી એટલી સારી હતી કે છેલ્લા ચાર પાંચ મહિના બાદ કરતાં આજની ઘડી સુધી તેઓ પરોપકારના કામે કે ચોપડીઓ આપવાના નિમિત્તે અહીંથી તહીં ફરી શકતા હતા. વૃદ્ધ હોવા છતાં તેઓ વિચારમાં અદ્યતન હતા અને નવું નવું જાણવા સમજવાની ઊંડી જિજ્ઞાસા ધરાવતા હતા. ગરીબ લોકો માટે તેમ જ વાચનપ્રિય ભાઇબહેનો માટે તેઓ એક જંગમ પરબ સમાન હતા. સાદાઇ અને નમ્રતા તેમના પ્રાકૃતિક ગુણો હતા.

ગયા જાન્યુઆરી માસની શરૂઆતમાં તેઓ પક્ષઘાતના હળવા હુમલાના ભોગ બન્યા. એ દરમિયાન જાન્યુઆરીના અધવચ્ચમાં તેમનાં પત્ની ડાહીબહેનને એકાએક આવેલા હૃદયરોગના હુમલાના પરિણામે થોડા કલાકમાં દેહ છોડયો. આમ આ દુનિયામાંથી બેમાંથી કોણ પહેલું જાય એ પ્રકારની પતિપત્ની વચ્ચે જાણે કે શરૂ થયેલી હરીફાઇમાં પત્ની આગળ ચાલી નીકળ્યાં. આ કારણે ભગ્નહૃદય બનેલા પતિએ પણ લગભગ ત્રણ મહિનાના ગાળામાં તેમનું અનુસરણ કર્યું. આવી કરૂણતાપૂર્વક જેમના ધન્ય જીવનનો પરિપકવ વયે અન્ત આવ્યો છે તેવી એક સ્વસ્થ, સુખી અને

સમાજનિષ્ઠ વ્યકિતને, તેઓ જે ચિરસ્મરણીય સુવાસ પોતાની પાછળ મૂકી ગયા છે તે બદલ, અનેક ધન્યવાદ ઘટે છે.

ગુજરાત રાજ્યમાં થયેલો ગોવધપ્રતિબંધ કાયદો

તાજેતરમાં ગુજરાત રાજ્યે ગોવધ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો કર્યો છે. આ માટે ગુજરાત રાજ્યની સરકાર અને ધારાસભ્યોને અનેક ધન્યવાદ ઘટે છે. આ કાયદાના કાર્યક્ષેત્રને યથાર્થપણે સમજવા માટે ગોવધ સંબંધમાં ગુજરાત સૌરાષ્ટ્રમાં આજ સુધી કાનૂની પ્રબંધ કયા પ્રકારનો હતો તે બરોબર સમજી લેવાની જરૂર છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગોવધબંધીનો કાયદો સૌરાષ્ટ્રનું એકમ સ્થપાયું અને તેને લગતી સરકારનું નિર્માણ થયું ત્યારથી લાગુ પાડવામાં આવ્યો હતો. બાકીનો વિસ્તાર વિશાળ મુંબઇ રાજ્યનો એક ભાગ હતો અને એ રાજ્યમાં આવો કાયદો કરવામાં આવ્યો નહોતો.

બીજું, આજ સુધી ગોવધબંધી નહોતી તેનો અર્થ એવો કોઇ રખે સમજે કે ગાયોનો વધ કરવાની છૂટ હતી. દુધાળાં જનવરની કતલ ઉપર તો પ્રતિબંધ હતો જ. દૂઝણી ગાયો ખેતીને લાયક બળદ, વાછડાં, વાછરડીનો વધ કરવો એ કાયદેસર ગુનો જ ગણાતો. માત્ર વસુકી ગયેલાં કે નકામાં થઇ ગયેલાં ઢોરનો વધ કરવા ઉપર પ્રતિબંધ નહોતો. આટલી છટકબારીની ઓથે કયાંક કયાંક ઉપયોગી જનવરોની પણ કતલ થતી હશે. હવે આ કાયદાથી આ છટકબારી બંધ થાય છે અને ઉપયોગી–બિનઉપયોગી તમામ પ્રકારના ગોવધના વધ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ આવે છે. ઘરડા કે નકામાં થયેલાં ગાય–બળદનો વધ કરવો એ પણ હવે કાયદેસર ગુનો બને છે.

આમ, ગુજરાત સરકાર ગોવધબંધીનો કાયદો કરે છે તેથી જૈનોને તેમ જ ગૌરક્ષા ઉપર જેઓ વિશેષ ભાર મૂકે છે, તેવા ઇતર હિંદુ સમુદાયને ખૂબ આનંદ થાય તે સ્વાભાવિક છે. જૈનોને એટલા માટે કે એથી અમુક હિંસા તો અટકે જ છે. અન્ય હિન્દુઓને એટલા માટે કે તેઓ ગોરક્ષાને ધર્મદૃષ્ટિએ સવિશેષ પ્રાધાન્ય આપે છે. પણ ગોરક્ષાના પ્રશ્નનો માત્ર આ કાયદાથી ઉકેલ આવવાનો નથી એ આપણે બરોબર સમજી લેવું જોઇએ. આજ સુધીની પરિસ્થિતિ એવી હતી કે નકામાં પડેલાં ગાય બળદને પાળવાની જવાબદારી સરકાર કે પ્રજા બેમાંથી કોઇ સ્વીકારતું નહોતું. પરિણામે કાં તો તેનો કતલખાનામાં છેવટે નીકાલ થતો હતો અથવા તો ભૂખમરાથી રીબાઇ રીબાઇને તે મરી જતાં. બીજું, આવો કાયદો સમગ્ર ભારતમાં ન થાય ત્યાં સુધી જે રાજ્યમાં ગોવધબંધી હોય ત્યાંનાં ઢોર બીજા રાજ્યમાં ખેંચાઇ જતાં યા ધકેલવામાં આવતાં અને પછી ત્યાં તેમની કતલ કરવામાં આવતી. ગુજરાત રાજ્યના ગોવધબંધીના કાયદાનો ખરો અમલ ત્યારે થયો લેખાશે કે જ્યારે નકામાં ગાય બળદને ગુજરાત બહાર મોકલવાની બંધી કરવામાં આવશે અને આ ગાય બળદ અવશેષ જીવન સુખપૂર્વક પૂરૂં કરે તે માટે રાજ્ય તરફથી બને તેટલી સગવડ કરવામાં આવે. પણ રાજ્ય માટે આ સવાલ તેની આર્થિક તાકાત બહારનો બની જાય છે. તેથી રાજ્ય આ દિશાએ પોતાથી થાય તેટલું જરૂર કરે અને સાથે સાથે પ્રજાજનો પણ આવા નકામાં ઢોરને પાળવા માટે તૈયારી દાખવે. આવા પાલનકાર્ય માટે મોટાં શહેરો કે જ્યાં ઘેર ઘેર ગોપાલન થવું અશકય હોય ત્યાં મોટી પાંજરાપોળો–ગોરક્ષાલયો–ઉભા કરવામાં આવે અને ગામડાંઓમાં લોકો ઘેર ઘેર આવાં ઢોરને પાળતા થાય. વળી,આ બાબતમાં લોકોને 'Subsidy' આપીને એટલે કે પૂરક આર્થિક મદદ આપીને આ ગોપાલનના કાર્યને સરળ બનાવે. આમ, જ્યારે નકામાં પડેલાં ઢોરની જરૂરી સંભાળ લેવા માટે રાજ્ય તરફથી તેમ જ પ્રજાજનો તરફથી જરૂરી પ્રબંધ કરવામાં આવશે ત્યારે જ ગોવધબંધીનો કાયદો ખરા અર્થમાં સફળ અને અમલી થયો ગણાશે. એમ નહિ બને ત્યાં સુધી કાયદો કાયદાપોથીમાં રહેવાનો અને નકામાં પડેલાં ઢોર સીધી કે આડકતરી રીતે કતલખાના તરફ જ ધસડાતાં રહેવાનાં. જે લોકો માત્ર આવા કાયદાથી સંતોષ માને છે તેઓ વાસ્તવિકતાને યથાસ્વરૂપે સમજતા નથી. ગોવધ પ્રતિબંધ અંગે ભારત સરકાર મક્કમ થઇ શકતી નથી તેનું પણ એક જ કારણ છે, કે નકામાં પડેલાં ઢોરને સંભાળવાની જવાબદારી લેવાને તે તૈયાર નથી. કારણ કે તે પાછળ પ્રશ્ન છે ભારત સરકારની આર્થિક તાકાતનો અને તે તાકાત જે કાંઇ હોય તે ઉપર બીજી એટલી જ અથવા એથી પણ વધારે મહત્વની બાબતોની માંગનો જે સંયુકત પ્રદેશનુ તેમ જ ગુજરાતનું રાજ્ય અને ગોવધબંધી ફરમાવતા અન્ય રાજ્યો પ્રજાનો સહકાર મેળવીને આવા કાયદાને સફળ કરી બતાવે તો સમયાન્તરે ભારત સરકાર ઉપર દબાણ લાવી શકાય અને તે દ્વારા ગોવધપ્રતિબંધને દેશભરમાં અમલી બનાવી શકાય. ગૌરક્ષાના પ્રશ્નનો કેવળ લાગણીવશતાથી કદી ઉકેલ આવે તેમ નથી. તેને લગતી વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ કરવામાં આવે અને સામાન્ય લોકો નકામાં ઢોરને પાળવા માટે અસમર્થ છે તેનો ઉપાય વિચારવામાં આવે તો જ ગૌરક્ષાની સાચી સિધ્ધિ શકય બને.

શુભ સંકલ્પપૂર્વકના નાના દાનનું મોટું પરિણામ

શેઠશ્રી મંગળદાસ લક્ષ્મીચંદ (વડુવાળા) વડોદરાના જૈન સમાજના એક આગેવાન શ્રીમાન છે અને તેમની ઉદારતા માત્ર જૈન સંસ્થાઓને જ નહિ પણ અનેક સાર્વજનિક કલ્યાણની પ્રવૃત્તિઓને સારા પ્રમાણમાં સ્પર્શતી રહી છે. વડોદરા આસપાસનાં ગામડાંઓમાં તેમણે અવારનવાર નેત્રયજ્ઞો યોજ્યા છે. આ જ પ્રવૃત્તિમાંથી તેમને વડોદરામાં નેત્રયજ્ઞની પ્રવૃત્તિને કાંઇક સ્થાયી રૂપ આપવાનો વિચાર આવ્યો અને પૂજ્ય રવિશંકર મહારાજને તેમણે જણાવ્યું કે "જો વડોદરામાં આંખના દર્દીઓ માટે થોડાં બીછાનાની ગોઠવણ થાય તેવું મકાન મળે અને આંખના ડોકટરો મફત સેવા આપવાને તૈયાર થાય તો આવા પરોપકારના કાર્ય માટે હું રૂા. ૨૫,૦૦૦ની રકમ આપવા ઇચ્છું છું." આ તેમનો વિચાર જાણીને પૂજ્ય રવિશંકર મહારાજે વડોદરા જીલ્લા નેત્ર રાહત અને આરોગ્ય મંડળના કાર્યવાહકો અને સ્થાનિક આંખના ડોકટરો સાથે વાટાઘાટ ચલાવી. પરિણામે જેમાં ચાર કે છ બિછાનાની તેમ જ આંખનાં ઓપરેશનો કરવાની સગવડ થઇ શકે તેમ છે, એવું વિશાળ મકાન વિના ભાડે મળી ગયું, આંખના ડોકટરોએ પણ મફત સેવા આપવાનું કબૂલ કર્યું અને શેઠ મંગળદાસ વડુવાળાની ઉપર જણાવેલી આર્થિક મદદના પાયા ઉપર ઉપરોકત મંડળ સંચાલિત મફત ઉપચારની યોજનાં પૂર્વકના-આંખના સાર્વજનિક દવાખાનાનું તા.૯–૪–'૬૧ રવિવારના રોજ પૂ. રવિશંકર મહારાજના પવિત્ર હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શુભ સંકલ્પને પાર પાડવામાં આમ અણધારી મદદ અને સાથ મળી ગયાં અને એક નાના દાનમાંથી આંખના સંખ્યાબંધ દર્દીઓને ચાલુ રાહત મળે એવી એક સ્થાયી વ્યવસ્થા ઉભી થઇ. આ માટે જેમના દિલમાં આ બાબતનો પહેલાં વિચાર આવ્યો અને વિચારને મૂર્ત આકાર આપવા માટે જેમણે રૂા. ૨૫,૦૦૦ની રકમનું દાન આપવાનો સંકલ્પ કર્યો એવા ઉદારચરિત, વયોવૃદ્ધ શ્રી મંગળદાસ શેઠને અનેક ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

ભૂદાન આયોજનની ફલનિષ્પત્તિ

(આન્ધ્રમાં આવેલા વિજયવાડા સમીપમાં સર્વોદયપુરમ્ ખાતે એપ્રિલ માસની તા. ૧૮, ૧૯ તથા ૨૦ ના રોજ શ્રી જયપ્રકાશ નારાયણના અધ્યક્ષપણા નીચે ભરાયેલા સર્વોદય સંમેલન અંગે રચનાત્મક દૃષ્ટિએ લખાયેલો અને તા. ૨૨-૪-'૬૧નાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં પ્રગટ થયેલ અંગ્રેજી અહેવાલનો નીચે અનુવાદ આપવામાં આવે છે. **તંત્રી**)

સર્વોદય સંમેલને એ તો પ્રમાણિકપણે કબૂલ કર્યું છે કે ભૂદાનપ્રવૃત્તિ જે પરિણામ સિદ્ધ કરવાના આશયથી શરૂ કરવામાં આવી હતી તે પરિણામ સર્વાંશે પેદા કરી શકી નથી. પણ સાથે સાથે આ નિષ્ફળતાનું પ્રમાણ કે કારણો આકારવામાં તેણે મનનું મોકળાપણું દાખવ્યું નથી. ભૂદાનપ્રવૃત્તિનાં મંડાણ મંડાયાં ત્યારથી દશ વર્ષ સુધીના ગાળામાં આ પ્રવૃત્તિ મારફત જરૂર ચાર કરોડ ચાલીસ લાખ એકર જમીન એકઠી કરવામાં આવેલ છે અને જમીન મથાળાના કાયદાઓ દ્વારા મેળવી શકાય તે કરતાં જમીનનું આ ક્ષેત્રફળ જરૂર વધારે મોટું છે. જો આ પ્રવૃત્તિ નિષ્ફળ ગઇ હોય તો, તેને લોકોએ પૂરતો ટેકો ન આપ્યો એ કારણે નિષ્ફળ ગઇ નથી, પણ વ્યવસ્થાતંત્રના અભાવને આ નિષ્ફળતા આભારી છે. ઉપર જણાવેલ ૪,૪૦,૦૦,૦૦૦ એકરમાંથી માત્ર ૧,૨૦,૦૦,૦૦૦ એકર જમીનની વહેંચણી થઇ શકી છે, અને તેમાં પણ વધારે દુઃખદ તો એ છે કે, આ ૧,૨૦,૦૦,૦૦૦ એકર જમીનના નવા ખેડનારા તેમને મળેલી જમીનને વિકસાવી શકે તેને લગતી મદદ અંગે બહુ જ થોડું કાર્ય કરવામાં આવ્યું છે. ઘણાખરા કિસ્સાઓમાં આ નવા ખેડનારાઓને મળેલી જમીનનું શું થયું એ વિષે પ્રસ્તુત ભૂદાન આન્દોલનના અગ્રેસરોએ જાણવા કે વિચારવાની દરકાર સરખી પણ કરી નથી. ગ્રામદાની ગામડાંઓ કે જ્યાં સહકારી જીવનની દિશામાં નવા પ્રયોગો કરવાની અણકલ્પી ભારે મોટી તક સાપડી હતી ત્યાં પણ બહુ જ ધીમી અને અસંતોષકારી પ્રગતિ સધાઇ છે. અલબત્ત, બિહારના મોંઘીર તાલુકામાં આવેલા બેરેઇન જેવા થોડાંક ગ્રામદાની ગામો છે કે જ્યાં સર્વસામાન્ય કલ્યાણની ચોકકસ પદ્ધતિ નિર્માણ કરવામાં આવી છે અને તેના પરિણામે દરેક ગ્રામવાસીને પોષણક્ષમ વ્યવસાયની ખાત્રી આપી શકાઇ છે. પણ આ તો કેવળ અપવાદો છે અને તે ઉપરથી એટલું જ પુરવાર થઇ શકે તેમ છે કે જો સ્થાનિક શકિતશાળી માણસો ધારે અને પૂરેપૂરા સક્રિય બને અને લોકોને સંગીન દોરવણી આપે તો દરેક ગ્રામદાની ગામડું એક સંકલિત સહકારી સાહસમાં પરિવર્તિત થઇ શકે તેમ છે.

આ જે કાંઇ કહેવામાં આવે છે તેનો આશય ભૂદાન કે ગ્રામદાનને લગતી હીલચાલને ઉતારી પાડવાનો નથી. સંમેલનને લગતા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ જેમાં કશા પણ દુષ્પાણને અવકાશ નથી એવા ધોરણ ઉપર મોટા પાયાની આર્થિક ક્રાન્તિની શકયતા સ્પષ્ટપણે સુન્દર દૃષ્ટાન્ત આ નવરચના પામેલા ગ્રામદાની ગામોએ પુરું પાડયું છે. તેમણે એક એવી વૈચારિક આબોહવા પેદા કરી છે કે જેના પરિણામે સામુદાયિક જવાબદારી અને સહકારી જીવનનું મહત્ત્વ પહેલાં કરતાં વધારે પ્રમાણમાં અને વધારે વ્યાપક રીતે આજે સ્વીકારવામાં આવ્યું છે. પણ આ વિશિષ્ટ લાક્ષણોની કલ્પના ભૂદાન અને ગ્રામદાન-એ બન્ને પ્રવૃત્તિમાં ભળેલી નિષ્ફળતાને વધારે નિરાશાજનક બનાવે છે. કારણ કે ગામડાના લોકોની જીવનરચના ઉપર તેની જે નક્કર અસર પડે તે ઉપરથી જ આ બન્ને આન્દોલનની છેવટની મૂલવણી કરી શકાય. આ કારણે પહેલા કરતાં પણ આજે એ વધારે જરૂરી છે કે ભૂદાની અને ગ્રામદાની કાર્યકરોએ, તેમને મળેલી તકનો પૂરો ઉપયોગ થઇ શકે તે માટે, આજ સુધી તેમને શા કારણે નિષ્ફળતા મળી તે અન્તર્મુખ બનીને શોધી કાઢવું ઘટે છે. તેમણે બે બાબત મુખ્યપણે સંભાળવાની જરૂર છે: (૧) તેમના તંત્રને એવું સંગીન અને સુવ્યવસ્થિત બનાવવું ઘટે કે જેથી જે જમીન તેમને બીજી પાસેથી મળે તે જમીન જમીનવિહોણા લોકોને તેઓ તરત જ વિનાવિલંબે વહેંચી આપી શકે, (૨) નકકર કાર્યકરોનું જૂથ ઊભું કરવું ઘટે અને કામની વૈજ્ઞાનિક ઢબે વહેંચણી કરવી ઘટે. બીજી બાબતમાં, આવતા બે કે ત્રણ વર્ષ દરમિયાન તેમનો પ્રયત્ન વધારે ભૂદાનો મેળવવાનો નહિ પણ નવા ખેડનારા વૈજ્ઞાનિક ઢબે પોતાને મળેલી જમીન ઉપરની ખેતી વિકસાવી શકે તે રીતે તેમને મદદ કરીને જે કાંઇ મળ્યું છે તેને પાકા પાયા ઉપર ગોઠવવાનો હોવો જોઇએ. આમાં કોઇ આકાશી વિચારકોને કે તરંગી વિચારણાને સ્થાન હોવું ન જોઇએ. કાર્યકર્તાઓ દરેક ક્ષેત્રની નક્કર સમસ્યાઓનો ઉકેલ શોધી શકે અને ગામડાંના લોકોને જેની જરૂર છે એવી દોરવણી આપતા રહે એવી તેમને તાલીમ આપવી જોઇએ. શ્રી સહસ્રબુધ્ધે જેમને કોરાપુટના ગામડાંઓમાં કરવામાં આવેલાં કામને લગતો વર્ષોનો અનુભવ છે તેમણે એક વર્ષ પહેલાં ધ્યાન ખેંચ્યું હતું તે મુજબ "દરેક ગામડામાં ઓછામાં ઓછા પાંચ ટકા એવા માણસો હોય જ છે કે જેમની પાસેથી આપણી ખેતીવાડીના ગ્રેજ્યુએટો પણ ઘણું શીખી શકે તેમ છે." મેળવેલાં ભૂદાનોને વ્યવસ્થિત પાયા ઉપર અને વિકાસના માર્ગે ગોઠવવા માટે આવા નિષ્ણાતોનો સાથ મેળવવો એ ભૂદાન કાર્યકર્તાઓનું ખાસ કર્તવ્ય છે.

ગામડાના લોકો પોતાના પરિવર્તન માટે તૈયાર છે એ તો ગ્રામદાનની હીલચાલને તેમના તરફથી જે આશાપ્રેરક જવાબ મળ્યો છે તે ઉપરથી પૂરેપૂરું સ્પષ્ટ થઇ ચૂકયું છે. પણ અહીં પણ સૈદ્ધાન્તિક વિચારણાને અમલી રૂપ બહુ જ અલ્પ પ્રમાણમાં મળી શકયું છે. આન્દોલનના એક આગેવાન સક્રિય કાર્યકર્તાએ બહુ દુઃખ સાથે જણાવેલું તે મુજબ "આપણને કેટલાં ગ્રામદાન મળ્યાં તેની આપણે મોટી મોટી જાહેરાતો કરીએ છીએ, પણ આ ગ્રામદાનોમાંથી બહુ થોડાં ગ્રામદાનો વિષે આપણે એમ કહેવાની સ્થિતિમાં છીએ કે આ ગ્રામદાન એટલે શું તે આ લોકો તેના પૂરા અર્થમાં સમજ્યા છે અને સહકારી જીવન અને સંવિભાજન કે જેના પરિણામે ભૂખ અને ગુલામીની સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે એવા આ બે તત્ત્વોને પોતાના જીવનમાં મૂર્ત રૂપ આપવાની સમજણ અને તાકાત ખરેખર ધરાવે છે." એ વસ્તુ પાકી ચૂકયો છે કે જ્યારે આ આન્દોલનના આગેવાનો આ વ્યવહારુ પ્રશ્નો ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે અને ઉત્કર્ષસાધક સહકારી ગ્રામરચના અંગેના તેમનાં સ્વપ્નો અને કલ્પનાઓને મૂર્તરૂપ-નક્કર ઘાટ-આપે.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૬૨, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

'કલ્પના'

[શ્રી. લીનાબહેન મંગળદાસ તરફથી પ્રગટ કરવામાં આવેલ 'કલ્પના' નામની પુસ્તિકા તેમની અનુમતિપૂર્વક અહીં નીચે પ્રગટ કરવામાં આવે છે. લીનાબહેન અમદાવાદનાં એક અગ્રગણ્ય બહુશ્રુત, સંસ્કારસંપન્ન સન્નારી છે. બાળમંદિરથી માંડીને કૉલેજનાં પ્રથમ બે વર્ષ સુધીની 'શ્રેયસ્' નામની શિક્ષણ સંસ્થાનું તેઓ સંચાલન કરે છે. તે ઉપરાંત તેઓ ઉત્કૃષ્ટ કોટિના લેખિકા છે. તેમના લેખનમાં મર્મસ્પર્શી ચિન્તન અને મૌલિક વિચારણા હોય છે. તેમની બાળકી 'કલ્પના' વર્ષ કે સવા વર્ષની ઉમ્મરે લગભગ સોળ વર્ષ પહેલાં થોડા કલાકની માંદગીમાં એકાએક અવસાન પામી. તે ઘટનાએ તેમના કોમળ દિલ ઉપર જે આઘાત-પ્રત્યાઘાત નિપજાવ્યા અને તે કારણે જે તીવ્ર સંવેદનોમાંથી તેઓ પસાર થયા તેનું પ્રસ્તુત પુસ્તિકામાં અત્યન્ત હૃદયસ્પર્શી કાવ્યાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. જે કોઇ માતાને બાળક સાંપડયું હશે અને તેમાં પણ જે કોઇ માતાએ એકાદ બાળક આમ ગુમાવ્યું હશે તે માતા આ પુસ્તિકામાં પોતાનાં સંવેદનોનું આબેહુબ પ્રતિબિંબ પડેલું જોશે. તે વાંચતાં મારું ચિત્ત ખૂબ પ્રસન્ન થયું અને તે પ્રસન્નતાના પ્રબુદ્ધ જીવનના વાચકોને સહભાગી બનાવવા હું પ્રેરાયો અને તેથી આ પુસ્તિકા છે તેવી અખંડ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા લીનાબહેન પાસે મેં માગણી કરી. તેમણે રત્ન અપી. તેમની આ ઉદારતા માટે હું તેમનો ઋણી છું.

'પ્રબુદ્ધ જીવન' ૨૩મા વર્ષમાં પ્રવેશ કરે છે તે અરસામાં આ ચિન્તનપ્રેરક સંવેદનપ્રધાન પુસ્તિકા પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજૂ કરતાં હું સવિશેષ આનંદ અનુભવું છું. અહીં જણાવવું જરૂરી છે કે સારા કાગળ ઉપર સુન્દર રીતે છપાયેલી આ સચિત્ર પુસ્તિકા શ્રેયસ્ (શાહીબાગ, અમદાવાદ ૪) માંથી મળી શકે છે. પરમાનંદ].

આમુખ

આહ કાશ્મીર! બાર વર્ષ પહેલાં એ આવવાની છે એવા મનોરથ સેવી તેને માટે અહીં છાબડીઓ, શાલો અને રેશમી વસ્ત્ર મેં લીધાં હતાં. તે પછી બરોબર બે વર્ષ પછી પાછી હું અહીં આવી ત્યારે તે મરી ગઇ હતી. ત્યારે ફૂલગૂંથેલી હરિયાળી, ચીલનાં વન, બરફના પહાડ અને તેમાંથી ઝરતાં ઝરણુ-એ મારાં સહભાગી બન્યાં. આજે દસ વર્ષ પછી તેનાં સંભારણાં તાજાં કરું છું.

આજે આ લખ્યું કેમ? દસદસ વર્ષથી ઇચ્છા કરું છું પણ લખાયું નહોતું. મારી બાળકી મરી ગઇ. અસાધારણ શું? હા, અસાધારણ કાંઇ નહીં. આ અનુભવ સર્વસામાન્ય તેથી જ તેને લખી, એ અનુભવને વહેંચી લેવા મન થયું.

કલ્પનાની કોઇ છબિ નહોતી. તેના અવસાન પછી બાર દહાડામાં મેં ચિત્ર બનાવ્યાં. તે ચિત્ર આ પુસ્તકમાં છે.

ગુલમર્ગ, તા. ૨૨-૫-૫૬. **લીના મંગળદાસ**

'કલ્પના'

મારા બાળ! મીણ જેવી કાયા. રંગેરંગ શ્યામલ છાયા. ક્યાં જમ્બુ બાઇને હોઠ કાળા કર્યા! આ તારી બન્ધ આંખો-લાંબી પાંપણો-નીચે ચળકતા આંખના ડોળા-હા, કાચના જેવા-કોઇ કાચના મણકા જેવા! જીવતી હતી ત્યારે તો એવા નહોતા ચળકતા.

સમી સાંજથી હું જોયા કરું છું તને. સૂર્ય આથમતાં મારા ખોળામાં નિશ્ચલ બની હતી. ડાકતરે કહ્યું, હવે જીવ ગયો. પછી તને આ આંગળિયું પહેરાવ્યું-આ કેસરી રંગનું રેશમી. તારા વાળ ઓળ્યા. કેવા હમેશાં ઓળતી! આ વાળ તો સુંવાળા-પહેલાંના જેવા; પણ તારું શિર, આ તારા હાથ! શું થયું છે એને? નથી વળતા આજે સવારે? સજ્જડ બન્યા છે કોઇ કાઠની પૂતળી જેવા.

રાતે સ્મશાને ન જવાય. તને પારણામાં સુવાડી. પહેલાં એ તારા ભાઇનું પારણું હતું. તેનાં પરનાં ચિત્રો મેં બનાવ્યાં હતાં. એક તકતી બાકી છે-ગોપીચંદ અને મેનાવતીની. તે કોઇ દિવસ પૂરી જ નહોતી થઇ. તારા પર કોઇએ આપેલી ગુલાબી શાલ ઓઢાડી છે. કેમ? હવે ઠંડી અને ગરમી તો નહીં લાગે તને. તેની નીચેનો દેહ ઢાંકવા-હા, મૃત્યુને-તારા દેહઅંકુરને-એ તારા પગને. એ રાતી પાનીઓ આગળ પીળી અને વાદળી શિરાઓ ફૂટી છે તેને-નથી જોવાતી અમારાથી હવે. એથી ઢાંકી છે-ગુલાબી શાલથી.

રાતની તું સૂતી છે. માથા આગળની મોટી ગોળ બારીમાંથી હજી તારાનાં ઝૂમખાં દેખાય છે. સવાર પડી છે, પણ નથી પડી. ગઇ સવારે તો આ સમયે તું ઊઠી હતી!

ના, તું મરી નથી ગઇ! તું તો સવારની મીઠી તંદ્રામાં ઊંઘે છે. તારા શ્વાસોચ્છ્વાસને હું જોઉં છું-હા, જોઉં છું. તું જીવે છે! તું જીવે છે! પ્રભાતિયું ગાઇ તને જગાડું: પરોઢ થઇ છે, જાગ મારા લાલ, જસોદારાણી તને બોલાવે છે... પણ જાગતી નથી. તારે નાકે આંગળી ધરું છું. ચમેલીના આમોદ શો શ્વાસ નથી! તારી છાતી પર હાથ મૂકું છું-ઠંડી-પથ્થરથી પણ કઠણ. મને કોણે ભરમાવી? તું જીવતી નથી? મરી ગઇ છે. તારા માથા પરનો પેલો ઘીનો દીવો-રાતે સળગાવેલો-તેણે મને ભરમાવી. તેની ડોલતી જ્યોતમાં-તે હાલતા નારંગી પ્રકાશમાં-તું શ્વાસ લેતી હો એમ દેખાય છે—

એ દીવાએ મને ભરમાવી-એ ઘીના દીવાએ. એ દીવાથી ભરમાઇને એક ફૂદું-કોયલા જેવું સાવ-બળેલી પાંખોને લઇને કાળી કોકડી જેવું-ઘીમાં તરે છે. દિવેટની નીચેનું કૂમતા જેવું રૂ પણ બળીને મેશ થવા લાગ્યું છે.

તે ફૂદું, તેની પાંખો સાથે ઉડતું હતું—તું પણ.

તારા ઓશીકે તાનીબાઇ અને સીતાબાઇ બેઠી છે. તેમની રાતી આંખો મીંચાઇ ગઇ છે. તેમનો આંસુભીંજ્યોસેલો છેડો માથની સવારની ઠંડીને વારવા તેમનાં મોઢે ઢાંકયો છે. આખી રાત તે જાગી હતી-તે ઉજાગરા પહેલાંના જેવા, તું રડતી ત્યારે

અમે જાગતાં તેવાં, નહીં. આજે દૂધની વાત નથી. આજે તો મીંદડાં અને વણિયેરને નિવારવા તે જાગતી હતી.

વારા ફરતી તેઓ જાગતી રહી, પણ તારી પાસેનાં બિછાનાંમાં અમે બે મોડી રાતે આડાં પડ્યાં. મૃદુલાબેને આવી દૂધનો પ્યાલો પિવડાવ્યો. પાછાં આડાં પડ્યાં. મદનના હાથ પર મારું માથું ટેકવી સૂતી. તેની આંખોનાં ઊનાં આંસુ મારા વાળ અને ગાલ પર સરતાં હતાં. મારી આંખની ધારાઓ વહીને તેના બાહુ પર પડતી હતી. પાછલી રાતની કલ્પના આંખ આગળ તરવરતી હતી :

મારા સ્વાધ્યાયખંડમાં અમે બેઠાં છીએ ત્યાં, મારું લાલ લહેરિયું સાડી જેવી રીતે વીંટાળી કલ્પના અન્દર આવી. માથા પર વળી ખાખી ટોપો અને આંખે મદનના કાળા મોટા ચશ્મા. તેનો એ વિચિત્ર વેશ જોઇ અમે કેવાં હસ્યાં હતાં !

પાસાં ફેરવતાં રાત વિતાવી.

ઘરમાં જાગતાં બીજાં–તારા મરણને લીધે આવેલાં–તે પણ ઊંઘી ગયાં લાગે છે. કોઇનો ધીમો અવાજ પણ નથી...પણ હવે જાગતાં હોય એમ જણાય છે. ધીરા સાદ સંભળાય છે. સ્મશાને જવાની તૈયારી કરવાની છે.

પાસેના ઓરડામાં તારો ભાઇ તો સૂતો છે. સાત વર્ષનો. ગઇ કાલે સાંજે તારો પ્રાણ ગયો ત્યારે ઘરમાં કોઇ નહોતું–તે પણ રમવા ગયો હતો.

થોડાક મહિના પહેલાં વરસાદ પડતો હતો. ઓસરીમાં મરેલી જીવાતના ઢગ હતા. ભીંજાએલી જમીનમાં અળસિયાં સળવળતાં હતાં–ઘણાંએક કચડાઇને મરી ગયાં હતાં. તે વખતે ભાઇ મને પૂછે, "આને શું થયું છે ?" મેં કહ્યું, "ચેતન હતાં ત્યારે હાલતાં–ચાલતાં. હવે અચેતન બન્યાં." "અચેતન શું ?" "પહેલાં હાલતાં–ચાલતાં–વધતાં. હવે તેમ નહીં થાય–ફેરફાર થયો." અળસિયાં અચેતન બન્યાં ? ફેરફાર ? હા, ફેરફાર. તે બાળક સમજ્યો જાણે. મોસમે મોસમે ફૂલોમાં પણ ફેરફાર થાય છે. આજે તે ફેરફાર–તારામાં જોવાનો–સમજવાનો.

તારો ભાઇ જાગશે અને અમે સ્મશાને ચાલી ગયાં હશું. તને નહીં જૂવે માટે તેને કહેવા જાઉં.

ઊંઘતા તેને, હળવે સોડમાં લઇ જગાડ્યો, "બેનને સ્મશાને લઇ જઇએ છીએ. તારા દોસ્તને ત્યાં રમજે. અમે થોડી વારમાં પાછાં આવશું."

ગઇ કાલે તેણે ગુલાબી શાલમાં વીંટાળેલું બેનનું શબ જોયું હતું. બેન અચેતન છે–ફેરફાર થયો. આવા ફેરફાર પાછળ સહુ શોક કરે છે, રડે છે. મારે આ બાળકને તે બતાવવું નથી. એક આંસુ પણ નહીં. એ બાળકને જીવવાનું છે. આ મૃત્યુની વાત–કારમી–અકળ–શોકની–આંસુની–નિસાસાની તે અમારા લાંછિત મનની હતી. એને માટે નહીં. જીવન કરતાં જીવનનો કોઇ બનાવ અધિક નથી. જીવનપ્રવાહ કોઇ બનાવથી થોભે ના !

લૂખી આંખે, ધીર અવાજે તેને સમજાવ્યો–તે સમજ્યો. તેને સૂતો મૂકી, પારણા પાસે પાછી ફરી. એક ઘડીક તેને જોઇ દિલમાં વીજળી ઝડપે ફરિયાદ થઇ ગઇ–"મને દગો કેમ દીધો? તું ચાલી કેમ ગઇ ?" મરીને જાણે તે ગુન્હેગાર બની હતી.

જવાની તૈયારી થઇ ગઇ હતી. ગુલાબી શાલમાં વિંટાળેલી બાળાને બાથમાં ઉપાડી ચાલી. પારણામાંથી લઇને નિસરણી ઊતર્યાં–બારણાંને વટાવ્યું. મારા નણન્દ બોલ્યાં, "પાછળ ના જોશો."

"પાછળ ના જોશો." "પાછળ ના જોશો !" કેટલું સાચું ! "પાછળ ના જોશો."

પાછળ જોનારાં મરેલાંને છોડી ના શકે. શબને જીવતાંની સાથે નિસ્બત શું ? મૃત્યુને ઝાલી રાખીએ તો જીવન સોડાય–જીવનશક્તિ મોડાઇ જાય, પાછું જોવાને કારણે.

લોટની સ્ત્રી મીઠાનો થાંભલો બની ગઇ હતી. એ મીઠું તે અશ્રુનું–અશ્રુની અતિશયતાનું.

તેથી જ કેટલી ઉતાવળ ? તે વહાલી વસ્તુને દૂર કરવા–જલદી લઇ જવા–જળાવવા. કેવો ફેરફાર–એનામાં ? કે અમારામાં ? શેમાં ? શાને ?

એને લઇ અમે વાહનમાં બેઠાં.

વાહન હાલે છે. તેના નસકોરા પરથી–એના મોં પરથી પીળા પરપોટા લૂછું છું–મારા રૂમાલથી. હા, પાણી નથી–તારું લોહી–લોહીનું એ પીળું પાણી ! પરુ જેવા પીળા પાણીના ફોલ્લા !

રસ્તો જાય છે, ઉત્તર દિશા તરફ ! ચન્દ્રભાગાના સંગમ આગળના, ડામરથી રંગેલા લાકડાના પુલ પર મોટર થોભે છે, ઊતરીને અમે સાબરમતીને તટ–દૂધેશ્વરને આરે-જઇએ છીએ. રેતીમાં પગ ખૂંચાય છે. કિનારે બેસીએ છીએ. બાળક મારા ખોળામાં છે. ચન્દનનાં લાકડાં ખડકાય છે.

પિતા પાણીમાં ઊતરી–ભીને વાને બહાર આવે છે. મારા બાળકને મારા ખોળામાંથી લે છે–હજી ગુલાબી શાલ વિંટાળેલી છે. ચિતા પર તેનો દેહ ધરે છે, તેના મુખમાં અગ્નિ મૂકી ચિતાને ચેતાવે છે.

આ મારો દેહ તેમણે ચેતાવ્યો હતો. આ દેહમાં અગ્નિ-રૂપ બીજ સિંચાયું હતું. તે બીજ તે આ બાળક–આજે તેમણે જ તેને મારા ખોળામાંથી લીધું અને કાષ્ટની ચિતા પર મેલી દીધું. તે તેમણે આપેલું બીજ તેમનાથી જ અગ્નિમાં પાછું અર્પાયું.

ઘીની ધારાઓ હોમાઇ અને ચિતા ભડભડી રહી, સાબરમતીનાં વારિ દક્ષિણ તરફ વહેતાં હતાં. પૂર્વ તરફ સામેના તટ પર સૂરજ ઊગતો હતો. પથિકપંખી નીરમાં ચાંચ ડુબાડી ડુબાડી ઊડી જતાં હતાં. ખેડૂત રાશ ઝાલી બળદને પાણી પાતો હતો. ભડભડતી ચિતા અને તેની ચોગમ દુનિયાનો સદા ચાલી આવતો મહિમા જોતી હું બેઠી હતી. આ સરિતા, આ સવિતા, આ પશુ અને પંખી–મારા દિલના દાહને શમાવતાં હતાં. ઘરની દીવાલો અહીં લોપાતી હતી–જ્વાળામાં લોપાતા દેહ જેવી.

એ નાનો દેહ ભસ્મીભૂત થયો–એ દેહની ભસ્મ નદીનાં જળમાં ઢાલવી દીધી. સાથે દર્ભ અને પુષ્પ પણ ઢલવાયાં. ભસ્મ, દર્ભ, પુષ્પ–ક્ષીણ–સાબરમતીનાં નીર મહાસાગર તરફ વહી જતાં હતાં.

અમે ઊઠ્યાં. સ્મશાનનો રખેવાળ એ ગુલાબી શાલની લાલચે બેસી રહ્યો હતો. શાલને બળી ગયેલી જોઇ તે નાખુશ–ભૂખી નજરે–અમારી પાછળ જોઇ રહ્યો હતો. શૂન્યવત્ અમે ઘેર પાછાં ફર્યાં. માથાબોળ સ્નાન કર્યું. દૂરદૂરથી આવેલાં આપ્તજન પિતા–પલપલનાં મારાં સંગી, મા, મારાં સાસુ ભીની આંખે, ડૂમાને લીધે અબોલ–સામે મળ્યાં–ભેટીને મોં ફેરવી દીધું.

મરેલાંની પાછળ રડનારાં અમે–અમે પણ મરવાનાં. કોણ રડી શકે ? કોને કાજે ?

આખો દિવસ લોકો આવતાં હતાં. હું રડી શકતી હતી તે કરતાં તેઓ વધારે રડતાં હતાં. કાસાગોતમીની મૂઠી રાઇ કોઇ પાસે ન હતી. દિલાસો આપવા આવનાર શોકથી ભાંગી પડતાં હતાં. દિલાસો કયાં હતો ?

શું થયું અચાનક–અકાળે–કેવી રીતે ચાલી ગઇ ? કલ્પના!

મને ઠીક નહોતું–લગભગ બિછાનાવશ હતી. મારા બંડની બારીમાંથી સૂતાં સૂતાં વસન્તે બહેકતો, પાછલી રાતના અણ-ધાર્યા વરસાદની ઝડીથી નાહેલો બાગ. વાવાઝોડા પછીની ચોખ્ખી હવા. વર્તુળાકાર ધરુની રાંગે આવેલી લીલીની કિનાર-વાળી પગથી પર તે સવા વર્ષની નાનીશી કલ્પના–ધસમસતી ભેટવા જતી હોય તેવી–તેના નાનકડા પગ દોડતા હતા. રાતા

રાતા ગોળ તેના ગાલ. તેના પિતા જેવાં વાંકડિયાં કાળાં ઝુલ્ફાં અને કાળી સુન્દર મોટી આંખો. કાંઇ કાંઇ ગાંડુંઘેલું ગણ-ગણતી-હસતી કલ્પના.

પછી હું મારા બિછાનામાં બેઠી બેઠી ઘરના હિસાબ ગણતી હતી. તે મને બોલાવતી હતી–મારા ખાટલાની ગાદી સુધી માંડ પહોંચતી–ઊંચી થઇ થઇ, તેની નાની દાઢી ગાદી પર ટેકવી મને બોલાવતી હતી. તેનું નાનું નાકનું ટેરવું પોચી ગાદીમાં દબાઇ ગયું હતું.

પેલા લાલ લાલ ગાલ અને કાળી કાળી આંખો સફેદ ચાદર પરથી તેનું આતુર મુખ જોઇ રહ્યું હતું. 'મા–મમી'–તેના ગાદીમાં દબાઇ ગયેલા હોઠ અને જવના દાણા જેવા દૂધિયા દાંત અસ્પષ્ટ ઉચ્ચારતા હતા. બિલોમાં જડાયેલી મારી આંખો ઊંચી કર્યા વગર, એક હાથથી ક્લમથી સહી કરતાં અને બીજા હાથથી તેનું માથું પંપાળતાં મેં કહ્યું. "બિબ્લુશ !" તેનાં આતુર કાજળ-ભરેલાં નયન મારા પર જડાયેલાં રહ્યાં. ફરી બોલી, "મા–મમી." હિસાબ પૂરો કરવાની અધીરાઇમાં મેં કહ્યું, "જા દીદી–જા–હમણાં રમ–બહાર."

થોડીવારે ઊઠીને તેના ખંડમાં ગઇ ત્યારે મારી તરફ તેની પીઠ હતી. બાઇ તેના ઘોયેલા, સહેજ ભીના વાળ ઓળતી હતી. મારા કામમાં જોને મેં પાછી કાઢી હતી તે તો આયનામાં મને જોઇ એકદમ હસી–ફરી–અને મારે ઘૂંટણે વળગી પડી. તેનું મોઢું મારા પાલવમાં દબાઇ ગયું હતું. તેમાંથી રૂંધાતો તેનો અવાજ આવ્યો, "મા–મમી." તેને વહાલી કરી, ખુરશીમાં બેસાડી અને તેના મોંમાં મેં કોળીઓ ધર્યો.

મોડી બપોરે તેને તાવ આવ્યો, ૧૦૨ ડિગ્રી. ક્લબમાં ઉત્સવ હતો–કોઇ ઘરમાં નહોતું. ડાકતરને બોલાવ્યા. છાતી પર સ્ટેથો-સ્કોપ મૂકતાં ઉધરસ આવી, આંખો ફાટી ગઇ, શ્વાસ ઘોળાવા લાગ્યો. તે બેહોશ થઇ ગઇ. તેની આંખો મિંચાવા લાગી. તેની લાંબી પાંપણોમાં મોતી પરોવાએલાં હતાં. એક ક્લાકમાં–હજી બધાં આવે તેટલામાં–મારા ખોળામાં તેનો પ્રાણ ગયો–સૂર્ય આથમતાં.

ધીમે ધીમે શ્વાસ ગયો. ધીમે ધીમે શરીરની કુમાશ ચાલી જવા લાગી, આંખો તો બન્ધ જ હતી. હોઠ કળી શા મિડાએલા. મુઠ્ઠીઓ–પ્રતાન શી–વળેલી.

મૃત્યુને કોણે બિહામણું કહ્યું? કેવું સુંદર!

અકસ્માત? અકાળે? સવા વર્ષની બાળકી એક જ ક્લાકમાં ગઇ–રમતી–બોલતી–ભેટતી–હસતી ગઇ.

અકાળે? શું એક વર્ષ–કે શું દસ કે સો? કાળના યુગયુગાન્તર આગળ? એક ક્ષણ–એક યુગ–એ આપણા મનની કલ્પના–ગણિત. મૃત્યુ એ કાળ છે–અકાળ નહીં.

અકસ્માત! મૃત્યુને કોણ અકસ્માત કહી શકે? અકસ્માત તો જીવન છે.

એ સાંજે મારા ખોળામાં નિર્જીવ શી એને જોઇ મારાથી કહેવાઇ ગયું, "એ જ એક ભરોસો છે." મૃત્યુનો ભરોસો છે–જીવનનો નહીં.

આ જીવ આવ્યો શું અને ગયો શું? એક સવા વર્ષ માટે? નવ નવ માસ ઉદરમાં ધરી, રાતદિનના ઉજાગરા કરી, પાળીપોષી, એ મૃત્યુના દાન માટે! આહ જીવિત! તું કેવું વ્યર્થ, કેવું મિથ્યા!

એવું કોણ પૂછી શકે? વસન્ત આવી છે. માઘ માસમાં પેલું કાંચનાર–ગુલબાસી રંગી ફૂલોથી ભરેલું, કેટલી પાંદડીઓ અને કળીઓથી ધરા પથરાઇ છે! જલની જેમ, પ્રફુલ્લ એ તરુવરનું પ્રતિબિમ્બ માટી ઝીલી ન રહી હોય જાણે! કાચી આ કળીઓ શું અકાળે ઝરી પડી છે? નીચે જેવી તે ઝરી પડી છે તેવી અનેક બીજી વૃક્ષ પર ખીલી છે—ખીલે છે. ઝરી પડવાને લઇને શું એ ઝાડ ઓછું સુન્દર છે? એ સુન્દરતા શોકનું પાત્ર નથી. એની સમગ્રતામાં તે કાંચનાર આનન્દમય દીસે છે.

માનવજન્મદ્વારા કાંઇ કાંઇ કરવાનું હતું, કાંઇ કાંઇ લાધવાનું હતું તેને! પણ નાની બાળાને મૃત્યુએ ઝડપી લીધી. તેના જીવનમાં સર્વ શેષ જ રહ્યું. ઇન્દ્રિયસંપુટ શો આ પ્રાણ-વન્ત દેહ કાંઇ કાંઇ કરવા વાંછે છે; પણ મૃત્યુ દ્વારા એ સંપુટ ઓસરી જતાં શું શેષ રહે છે? બાકી કાંઇ જ નહીં–અધૂરું પણ નહીં. શેષ, બાકી, અધૂરું એ મરેલાંની પાછળ રહેનારાં માટે. એ ઇન્દ્રિયસંપુટની જાળમાં રાચનારાં માટે.

હા, મૃત્યુ? ક્રૂર કોણે કહ્યું? માતા જેવું સોડમાં લેતું—મરેલાંને તો ખરું જ, પણ જીવતાંને મરણનો ભાસ કરાવી આત્મ-ભાન કરાવતું. મૃત્યુ–ઓ દયામયી જનની! તારું દરેક દર્શન–અમને રડાવતું–નવા જન્મતા બાળક જેવું એ રુદન છે પુન-ર્જન્મનું. મરેલાંના પુનર્જન્મથી શું વિશેષ? પણ દરેક મૃત્યુના ભાનથી પુનર્જન્મ થાય છે. એ મૃત્યુ માનવદેહના અવસાનમાં જ નથી પણ હરેક પળ – હરેક સરી જતી પળ – તેના અવસાનમાં તે મૃત્યુ સમાયેલું છે. એ સરી ગયેલી મૃત્યુમય પળોના કારુણ્ય-માંથી એ અસીમ કરુણાનું ભાન થાય છે. શરીરબંડનું કોચલું ફૂટી જાય છે–એ ઘટ ફૂટતાં, અનંતાકાશનો સાક્ષાત્કાર થાય છે.

પણ તેને થયું શું? બધાં પૂછતાં, "શું થયું?" વહી ગયેલા ક્લાકોને–યાદગીરીનાં પડોને–એ માટીના મોટા ટિબાને–વાર વાર ખોદ્યા. કાંઇ કારણ જડે છે? એક એક ક્ષણ–ધૂળમાં વેરાયેલાં કાળાં કીડિયાં જેવી–વીણી વીણીને પાછી પરોવી. ખૂટતાં કીડિયાં ન જડ્યાં, તે ન જ જડ્યાં.

મૃત્યુ પહેલાં–હા, બરોબર ચોવીસ ક્લાક પહેલાં–"નવા ઝાડના ક્યારા ક્યાં ખોદીએ?" માળી પૂછવા આવ્યો. પખ-વાડિયા પછી ઉપલે માળથી ઊતરી. તે રમતી હતી–ચોપાટનાં સોગટાં અને કોડીઓથી. કોડી ભરેલી એક મુઠ્ઠી તેના મોંમાં હતી. મને ફાળ પડી. મેં તેને રોકી. મુઠ્ઠી ખચી. કોડી મોઢામાં રહી ગઇ હશે એમ જાણી નાક ઝાલ્યું. તે રડી. મોં લાલ થઇ ગયું હતું, સોકટાં અને કોડી જમીન પર વેરાઇ ગયાં હતાં. તેના ગાલ પર વેરાતાં આંસુ મેં લૂછ્યાં. છાતી સરસી ચાંપી, છાની રાખી અને બાગમાં ઝાડ રોપવા ગઇ. પવન ફૂંકાતો હતો. ધૂળ આકાશે ચઢતી હતી. અણધાર્યા વંટોળને લઇને પાંદડાં અને ફૂલો આકાશે ખેંચાતાં હતાં.

હા, એ કોડી તે ગળી ગઇ હશે? એ તેની શ્વાસનળીમાં થઇ, ફેફસામાં ગઇ! ચોવીસ ક્લાકમાં એ કોડીને લઇ ફેફસામાં પાણી ભરાયાં. તાવ આવ્યો–પ્રાણ ઊડી ગયો. એ મારે હાથે થયું! મારે હાથે બાળકીનો પ્રાણ લેવાયો? તે ચોપાટની બાજીએ સર્વસ્વ ખોયું!

પણ પખવાડિયા પહેલાં તેને તાવ આવ્યો હતો તેની અસર પણ હોય! પણ તે તો પાછી સારી થઇ ગઇ હતી. સાચે, કોડીએ પ્રાણ લીધો હશે? ફરી નદીને કિનારે જાઉં, ચિતા સળગાવી હતી ત્યાં ભેખડોમાં શોધું? એ કોડી જડશે?

ગઇ સાંજે તેને તાવ આવ્યો હતો ત્યારે કેમ ન સૂઝ્યું? છબિ લીધી હોત તો છાતીની અન્દર કોડી દેખાઇ હોત. એક ક્લાક તેણે આપ્યો હતો. બેહોશ, તે એક કેલાક જીવી હતી. છબિ લીધી હોત તો કોડીને યંત્રથી છાતીની બહાર કાઢી શકાતે. તેનો જીવ બચી ગયો હોત. હાય! ન સૂઝ્યું, ન સૂઝ્યું. કેમ ન સૂઝ્યું?

યાદ આવ્યું પેલું એક બુલબુલ–તેની કારમી ચીસો–ઉઝરડાએલી એની છાતી. નાનપણમાં અમારાં ઝુમ્મરમાં એણે માળો બનાવ્યો હતો. એક દહાડો ચારો લેવા ગયું હતું ત્યારે ચુપચૂપ તેના બચ્ચાને અમે રમવા લીધું. બુલબુલ પાછું

આવ્યું-બચ્ચું ન દીઠું. તેણે પાછું જોયું નહી. કળેળાટ કરતું ગાભરી પાંખે તે ઊડ્યું. ગયું ચોથે માળ અને પડતું મૂકયું. જમીન પર અફળાઈ અફળાઈ છાતીને ફાંકરીમાં ઘસી-પાછું ઊડ્યું-પાછું પડ્યું. બચ્ચું તેની સામે ધર્યું-માળામાં મૂકયું, પણ માએ ન જ જોયું-ને તેની કારમી ચીસો-છોલાયેલી છાતી!

અમારી પાળેલી બકરાની બિલ્લી-તેનાં બચ્ચાને રમાડતાં ધન્ય થએલી-ચાર ચાર બચ્ચાંમાંથી એકે રહ્યું નહોતું-

એ ઘાતક કૃત્ય મારે હાથે! મા-પંખી હો કે પશુ હો તેનું ક્રન્દન!

એક મોટા હરિયાળા મેદાનમાં રમતાં હતાં જાણે. કિલ્લોલતાં હતાં. ત્યાં અચાનક કોઇએ ઝપટ મારી. બધાં છટકી ગયાં, પણ હું ઝડપાઇ ગઇ. મારે રમવું હતું, પણ દાવ નહોતો દેવો! મૃત્યુના આ અનુભવથી મારા દર્પના ચૂરેચૂરા થઇ ગયા. તે દર્પ-એ મદમાતું ખીલતું ગુલાબ-મરડાઇ ગયું-મસળાઇ ગયું ધૂળમાં ચગદાઇ ગયું.

મારું આત્મબળ ભાંગી પડતું હતું. આખું શરીર ધરતી-કમ્પના આંચકે ધ્રુસકાથી હચમચી જતું હતું, મોટે સાદે રડી જવાતું હતું. મારી માતાનો હાથ બરડે ફરતો હતો. તેના હાથમાં પાણીનો પ્યાલો હતો, તેની આંખમાંથી આંસુ દડતાં હતાં. અશ્રુ રૂંધાએલા તેના કંઠમાંથી અવાજ નીકળતો નહોતો, પણ બરડા પર ફરતો તેનો હાથ ધ્રુસકા શમાવતો હતો. મારા તૂટી ગએલા બિલૌના માટે આમ તેના અંકમાં માથું નાખી કેટલીવાર રડી હતી!

નિર્માણ! એ મૃત્યુ એ નિર્માણ હતું? એક જ ક્ષણે એક જ ઘટના બને છે, ઘટિકામાંથી સરતી રેતી જેવી. એક ક્ષણે એક જ ઘટના-પણ તે ઘટના બને છે અનેક કારણોમાંથી. વળી એક જ ઘટનામાંથી અનેક ઘટના પરિણમે છે. એક ક્ષણ ઝાડના થડ જેવી-કારણ જેવાં અનેક મૂળિયાં-પરિણામ જેવી અનેક શાખા. કારણ-પરિણામ કોઇ વાર જાણી શકાય તેવાં, તો કોઇ વાર અજાણ. એ અજાણ તે નિર્માણ!

અમારા ખંડમાં પાછી ફરી-ના, હવે હવે એ મારી કલ્પના નથી-અમારી નહીં હવે. તેનાં રમકડાં-કપડાંની ઢીંગલીઓ-'બા...બા'; પેલો ગાભલાનો કૂતરો-તેનો 'ફૂ ફૂ'; પેલી તેની રંગરંગીન લાકડાના મોટા મણકાની લાંબી લાંબી માળા, અને તેનાં ઝબ્બાં. આ બધું ફાટી જાય તેવું-તૂટી જાય તેવું-ઘસાઇ જાય તેવું-ઝાંખું પડી જાય તેવું. એ બધું એમને એમ રહ્યું. નવાં જેવું-તાજું-આખું-રંગીરંગીન-ચળકતું; અને તેની સાથે રમનારી-તેને પહેરી ફરનારી ગઇ. રહેશે એમ ધારેલું, તેમાંથી રહ્યું કાંઇ બીજું જ!

એ અમારા ખંડમાં-ના, મારા ખંડમાં દીવો બળે છે, એ અન્ધારા ઓરડામાં જતાં પગ ઊપડતો નથી. બીક લાગે છે? શેની બીક? સામે મુખે કોને મળતાં ડરું છું? તે ઓરડામાં હશે? તો મળવા હું આતુર કેમ નથી? ઘસીને સામે જવાને બદલે પગ પાછા કેમ પડે છે? જો મૃત્યુ પછી વરાળ જેવો-મૂક અને સૂક્ષ્મ દેહ હોય તો તેનો ભેટો આવકારપાત્ર કેમ નથી? પહેલાંની કલ્પનાને હું જાણતી હતી, પણ આ નવું રૂપ અજાણ છે. એ અજાણ મને ડરાવે છે? જેને માટે હું સદા ઝંખુ છું, જેના વિરહથી દીવાલે માથું પછાડવા મન થાય છે, તે ઓરડામાં હશે-એ નાના ફૂલ જેવી કાયા-એ વિચારથી પાછા ફરવા મન થાય છે? હું મારી જાતને જ ચાહું છું-તેનાથીય અધિક! નહીં તો ડરું છું શાને? કેવો સ્વાર્થભાવ!

મારા અભ્યાસખંડમાં ચાલી. સચિત્ર માસિકના, પવનમાં ફરફરકતા આ પાના પર એક યુવતીની છબિ! કલ્પના પણ એક વખતે આવડી થઇ હોત એ કલ્પનાએ દિલમાં નિરાશાનો ચિરાડો પાડ્યો.

"સવા વર્ષમાં આવી શું અને ગઇ શું? બહેતર તેનાથી ન હોત તે." દિલાસો દેનાર એક બોલી ગયું. 'Better to have loved and lost than naver to have loved at all': એ વાકય યાદ આવ્યું. ખરે, ચાહ્યું હતું એ સાચું. ન ચાહ્યું હોત તે કરતાં જરૂર બહેતર! પણ ચાહીને ખોયું એ વાત ખોટી. ખોટી, કારણ કે ચાહીને ખોઇ ના શકાય. ચાહેલું તો રહે છે જ-તે ખોવાતું નથી. ચાહના છે સમૃદ્ધિ-અમર, અખૂટ નિધિ.

કોઇ કહે, એક બાળક ગયું, માટે બીજું બાળક થવું જોઇએ. બીજા બાળકથી માના હૈયાની ખોટ પુરાય. ખરે સંખ્યામાં તૃપ્તિ? એ આકાંક્ષા એ જ મૃગજળ પાછળનાં ફાંફાં.

અને ક્યાં છે એ ચેન? ઇન્દ્રિયો બધી લગ્નભણી શી સંકોચાઇ ગઇ છે. કામનાઓ ત્યાગી ગઈ છે એને.

વળી, કોઇ કહે, બહાર જઇએ-સિનેમા જોઇને, લોકોને મળીને દુઃખ વીસરાય.

આ ચિરાએલા ઘરડાએલા ઘા સાથે ક્યાં જાઉં? કોની સામે એ કપાઇ ગએલા અંગ સાથે ઊભી રહું? વિષ ભરેલ, સળગતું અણીઆળું એ બાણ-શૂળ જેવી એની વેદના. ઘવાઇને ઝાડીમાં ભરાઇ બેઠેલા કોઇ મૃગની જેમ હું એકાન્તમાં ભરાઇ બેઠી. મન બહાર-નાસતું-ભાગતું-ફરતું નહોતું. વૃત્તિઓ અન્તર્મુખ બની હતી.

બહુ લોકો દુનિયામાં દુઃખી હતાં. બહુ રડતાં હતાં. રોતી દુનિયા શોકભારે ડૂબી હતી. મારો શોક-મારાં દુઃખ, મારા રુદનથી તેમાં મારો ભાર ન વધારું!

રખે મરેલાંના શોકમાં-તેની યાદમાં જીવતાંની ઉપેક્ષા થઇ જાય! જીવતાં કરતાં મરેલાંની છબિઓ ઘરોમાં વધારે જોવામાં આવે છે! શોક એ જ એક વ્યવસાય ન બને! આ બે ભય-સ્થાનોનું ભાન રાખવા હું મથતી હતી.

સૂર્ય આથમતાં તેનો પ્રાણ ગયો હતો-આજ સૂર્ય ફરી આથમ્યો. એક દિવસ ગયો! શુક્રવાર આવ્યો-ગયા શુક્રવારે તે ગઇ હતી-સપ્તાહ થયો. માર્ચની ૨૧મી તારીખ થઇ-મહિનો ગયો. ૧૯૪૬ના ફેબ્રુઆરીની ૨૧મી આવી, વર્ષ થયું. કલાકો અને દિવસો! મહિના અને વર્ષ! ગયાં-ગયાં, આવીને ગયાં. છિદ્રમાંથી અન્ધકારને ભેદતા સૂર્યબિમ્બમાં દેખાતાં હવાનાં રજકણ જેવાં-હીરાકણ જેવાં, એકએક, વળી અનેક-સદા ગતિમાન-ચંચલ! ગયાં-ગયાં, આવી ને ગયાં. દરિયાકાંઠે અફળાતાં મોજાં-ખારાં પાણી પર તરતાં ફીણ, ન હતાં-થયાં-ગયાં, ન હતાં-થયાં-ગયાં, ન હતાં-થયાં-ગયાં.

પહેલાં તો તેય ન હતી. ત્યારે જીવનમાં કાંઇ ખામી નહોતી જણાતી. પછી તે આવી-સવા વર્ષ માટે-આવી ને ગઇ-પછી જીવન નિઃશેષ બની ગયું-સૂનું અને ખાલી ખાલી.

કંઇક વર્ષો પહેલાં ગર્ભાધાનનાં ચિહ્નો જ્યારે જણાવા લાગ્યાં હતાં ત્યારે બેચેની થતી કોઇ વાર. એ બેચેનીમાં કંટાળો નહોતો, પણ ઊંડી તૃપ્તિનો આસ્વાદ હતો. છતાં છેક પાંચ મહિના સુધી વારંવાર આશંકા ઊઠતી-ગર્ભની હયાતીની પણ. પછી ગર્ભ સ્ફુરવા લાગ્યો-કોઇ કોઇ વાર. ત્યારે મનને ખાતરી થઇ. તે સ્ફુરવાનો અથાગ સંતોષ! પછી દિનપ્રતિદિન તે સ્પન્દન વધતું ચાલ્યું. ગર્ભભાર વધતો ગયો, સ્તન દૂધે ભરાયાં. ઉદરસનાં બિન્દુ ટપકવા લાગ્યાં. એ ઘરાનો-માતૃત્વની તુષ્ટિ-એ આમોદ વધતો ગયો.

એ ગર્ભને ધરી રહેલો બૃહદ્ દેહ એક દહાડો પ્રસૂતિની વેદના અનુભવવા લાગ્યો. ભૂકમ્પની જેમ તરંગો-આંચકા ઉઠતા હતા. આંચકા વચ્ચેનું અન્તર ઘટતું ચાલ્યું-તીવ્રતા વધતી ગઇ. પછી એક સર્વગ્રાસી પ્રચંડ મોજાં જેવી પીડા શરીર પર ફરી વળી ને તત્ક્ષણ પીડા શમી ગઇ. પગ પાસે એક નાનું બાળ સૂતું હતું-ગોટા જેવું-લોહી અને મજ્જામાં નાહેલું, નાડથી

જોડાએલું. તે રડતું હતું–એ રડવાનો અવાજ ! પગને લાગતો તેનો સળવળાટ ! તેને સાફ કરી. રૂના પહેલામાં વીંટાળી મારી માતાએ મારી ગોદમાં ધર્યું.

નખશિખ જોઇ રહી તેને ! કયારની પિછાનું છું ! તું મારું રુધિર અને માંસ છું ! મારા ઉલ્લાસ, પ્રણય અને તલ્લીનતાની પ્રતિમા છું.

લાંબા કાળા વાળ, સૂજેલાં ઝીણાં પોપચાં. થોડી વારે ખૂલતી–પાછી મીંચાતી પટપટતી શૂન્ય બદામ જેવી આંખો. કાળી કીકીઓ અને લાંબીલાંબી પાંપણો. તેની બધે મુઠ્ઠીઓ, ફૂલપાંદડી શા નાન નખ. દૂધ પીતાં યે નહોતું આવડતું તે શિખવાડવું પડયું. સ્તન પર હોઠ દબાવ્યા–ફરી તે દૂધભારથી કઠણ સ્તન છૂટી ગયા ત્યારે ગુસ્સે થતી હોય તેમ જાણે લાલ મુખે રડવા લાગતી. થોડા મહાવરાથી બચબચ ધાવનાં–લાંબા ઘૂંટડા પીતાં શીખી ગઇ. કોઇ વાર ધાવતાં ધાવતાં રમવા લાગતી–કોઇ વાર સૂઇ જતી. ફોસલાવી, મનાવી–ઢંઢોળી તેને દૂધ પાતી. માગ સારો–આ બિન્દુને ગ્રહણ કરી, વૃદ્ધિ પામ, બળવાન, તેજસ્વી અને મેધાવી બન.

શ્વાસ લેવાનો, મા સિવાય અન્યના સ્પર્શનો, પ્રકાશનો, નહાતી વેળા પાણીમાં ડૂબવાનો, કપડાંનાં આવરણનો, પારણામાં અસહાય એકલાં સૂવાનો–આવા હતા તારા પ્રથમ અનુભવો.

શરૂઆતમાં રડતી જ તે હવે સ્મિત કરવા લાગી. ખડખડાટ હસવા લાગી. ઝીણા સાદે હુંકારા કરવા લાગી. પહેલાં પ્રકાશને લઇને આંખો મીંચી દેતી અને ઊંધ્યા જ કરતી, તે હવે મારી સામે ટગમગ જોઇ રહેવા લાગી. પડછાયા, અજવાળું, ચકલીઓ, પાંદડાંથી નિસ્તબ્ધ થવા લાગી. હાથ અને પગના અંગૂઠાને મોંમાં ઘાલી ચૂસવા લાગી. મારી આંગળીઓને પકડી ખેંચવા લાગી. તે હાથપગ હલાવવા લાગી, આળોટવા લાગી, ભાખોડિયાં ભરતી થઇ. ઊભી થઇ, ડગમગ પગલાં ભર્યાં. બોખલા મોંમાં દૂધિયા દાંત ફૂટયા. દોડવા–ચાલવા લાગી. 'મા' કહી બોલાવવા લાગી.

અમે તેને કલ્પના કહી બોલાવવા લાગ્યા. પણ તેનું એક જ નામ નહોતું–ગોવિન્દ જેવાં અનેક નામ બાળકનાં રોજ રોજ તેને માટે નવાં નવાં નામ મુખમાંથી નીકળી પડતાં. બાળકનું એક એક નામ તેનાં ભાવતરના હૈયાનું એક એક કાવ્ય.

કલ્પનાને હું નવડાવતી, ખવડાવતી. તેની સાથે રમતી. સંતાકૂકડી રમતાં ત્યારે પોતાની જ આંખો પોતાની હથેળીમાં ઢાંકી દઇ તે સંતાઇ જતી. 'કૂક' કહી મને પોકારતી. દા...દા...જીની ખાંધે બેસી, તેમના મસ્તકને હથેળીઓથી થાબડતી. માથા પર માથું મેલી વહાલી થઇ જતી. અમે ગોળમાટલું રમતાં ત્યારે કેડેથી ઊનરતી જ નહીં. પાવલાપુશ, ચાંદાપોળી અને આકોઢડકો રમવાની હોંશે ઘૂંટણને વળગી ઊભી રહેતી. તે નાચતી–પ્રુવારાનાં પાણી, વહેતાં ઝરણાં તેને નચાવતાં. સાગરતટે ઊછળતાં મોજાં નીચે તેને ભરાઇ જવું ગમતું. કોઇ વાર રિસાતી, જમીન પર સૂઇ કજિયા કરતી. કોઇ વાર આખી રાત રડતી ત્યારે તેને ઊંચકી ફરતી, તેની પીઠ થાબડતી. પછી ગીત સાંભળતાં સાંભળતાં તેનું નાનું માથું મારા ખભા પર ઊંઘી જતું.

'આવ્યાં ત્યારે અમર થઇને રહો' એ એનું હાલરડું, પણ આજ ઘડીકમાં એ સર્વ અદૃશ્ય–અગોચર થયું. એ એની ફૂલપાંદડી શી આંગળીઓનો સ્પર્શ, એ એનો "મા–મમી"નો શબ્દ, એ તેની કાળી કીકીનો ચમકાટ–તેના રાતા ગાલ–એ રુપ ! એ તેના વાળની સુવાસ ચાલી ગયાં, એ સર્વ અગોચર બન્યાં. એ સ્પર્શ, એ શબ્દ, એ રુપ, એ સુવાસને ઝંખે છે આ મારા હાથ–આ મારા કાન–મારી આંખો–આ નાક. નથી હવે–નથી મળતાં તેનો તલસાટ–ટળવળાટ એ વિરહવેદના–એ દુઃખ–એ શોક–એ મૃત્યુ.

તારા જન્મ વખતની પીડામાં મારો આ દેહ એક પીંજર–કારાવાસ જેવો લાગ્યો હતો–તેને છોડી નાસવા મન થયું હતું. પણ તેમાં પુરાએલી–બન્ધાએલી હું છૂટી નહોતી શકી. તારા જન્મમાં તેમ તારા મૃત્યુમાં–આ દેહબંધનનું ફરી ભાન થાય છે.

પહેલાં કાંઇ નહોતું. આ દેહમાં તારી અદૃષ્ટ ઊર્મિ કંઇક ઉદ્‌ભવી. તું આવીશ એવો આભાસ થયો–આશા બેઠી. પછી હળવું સ્પન્દન થયું. પછી સ્પન્દન વધતાંવધતાં પ્રસૂતિ–પીડા–તારો જન્મ–તું ગોચર બની. મારા દેહમાં હતી નાડથી જોડાએલી, તે અળગી થઇ. પછી તું વધતી ચાલી. અસ્પષ્ટ એ માંસપિંડ દિનપ્રતિદિન સુદૃઢ ને સુંદર બનતો ગયો. ત્યાં અચાનક શેષ પામી. ભસ્મ થઇ.

હવે રહું છું. રહું છું કેમ? કાંઇ નહોતું તેમાંથી સ્પન્દન થયું ત્યારે તો રડી નહોતી હું. પછી સ્પન્દનમાંથી પ્રસૂતિપીડા–હા, રડી હતી ત્યારે; પણ આંસુ શોકનાં જ નથી હોતાં. પછી તારો જન્મ થયો ત્યારે હું રડી નહોતી, દસ આંગળની તું સવા વર્ષમાં તો મારી કમ્મર સુધી લગભગ આવવા લાગી હતી. નિરાહારી તું તે દૂધ પીતી થઇ, પછી અન્ન ખાવા લાગી. મૌની હતી તું તે રડી–પછી હસી–બોલી, "મા" ત્યારે ય હું રડી નહોતી. પછી તારો પ્રાણ ગયો, તને અગ્નિદાહ દીધો–તું ભસ્મ બની. હવે હું રહું છું.

કેટલા ફેરફાર થયા? એ પહેલાં સ્પન્દન અને સવા વર્ષની બાળકીમાં શું સાચ્ય હતું? આહ, કેવો ફેરફાર? તરત જ જન્મેલી તને કોઇ ઉપાડી ગયું હોત અને એક વર્ષ પછી તને મને દેખાડી હોત તો હું તને પિછાની ના શકતે. એક વર્ષમાં આ દેહના તન્તુ માત્ર પરિવર્તન પામે છે. ગયા વર્ષનું આ દેહમાં કાંઇ ન મળે.

છતાં ય બધા ફેરફાર સહર્ષ આવકાર્યા, પણ આ છેલ્લો ફેરફાર નથી ગ્રાહ્ય.

દરેક ફેરફારમાં ઇન્દ્રિયો વધારે સંતોષાયે જતી હતી, ઇન્દ્રિયોની ભોગની માત્રા વધતી જતી હતી. એ ભોગ હતો શબ્દમાં—રસ, રૂપ, ગંધ, સ્પર્શમાં—એ સર્વની વધતી જતી અનુભૂતિમાં. એ અનુભૂતિ માત્ર મારા દેહમાં હતી. એ બાળાના વધતા દેહમાં મારા દેહનો સંતોષ વધતો જતો હતો. સંતોષ સાથે મનની લોલુપતા પણ વધતી હતી. સર્વ ફેરફાર કામ્ય હતો—ગ્રાહ્ય હતો.

હવે તું નથી? કયાં નથી? ગર્ભમાં રહેલી તું જન્મ પછી કંઇ જૂદી જ હતી, દિવસે દિવસે જૂદી થતી જતી હતી. પછી તારો પ્રાણ ઊડી ગયો તે દેહ—એ શબને અગ્નિદાહ દીધો. તે ભસ્મ થયો. નરી આંખેથી પણ ન દેખાય તેવા શુક્રાણુમાંથી બનેલો એ દેહ એક મુઠ્ઠી ભસ્મ બન્યો. એ રૂપાન્તર–પરિવર્તન–એ ફેરફાર–હા, એ રાસાયણિક ફેરફાર. ઘી, જ્યોત, કાજળ જેવો.

એ ભસ્મ નદીના પ્રવાહમાં ગઇ, સાગરમાં સમાઇ. આજે જે વર્ષાબિન્દુ મારા પર પડે છે તેમાં તું નથી? આ તારી કાયાની માટી, તે પરના તૃણમાં ઊગેલું ઝીણું ફૂલ, તે તું નથી? આ પીળકનું ગાન! આ હવા! આ તડકો! આ ચાન્દની, પેલા માર્ગ પર ચાલે છે તે વટેમાર્ગુ તું જ છે, તું જ! તારી નાની બાથ કેવી વિશાળ બની ગઇ છે? પહેલાં તું મારી બાથમાં સમાતી હતી, પણ હવે હું તારી બાથમાં સમાઉં છું. તારી ચૂમી મારા અંગેઅંગને ભરે છે.

દરેક માતૃત્વમાં રહેલું વાત્સલ્ય–માતૃભાવ—એક મહાશક્તિનો અંશ! પ્રથમ વિશેષ પ્રેમપાત્રમાં તે પરિમિત! પણ કોઇ વાર તે પ્રેમપાત્ર ફૂટી જતાં એ માતૃસ્નેહનો અપરિમિત પ્રવાહ–વર્ષાકાલમાં ભાગીરથીના મહાપ્રવાહ જેવો આ મરુભૂમિ પર વિસ્તરે છે–અને સૂકાં અસ્થિને પણ પ્રાણવન્ત કરે છે. એક બાળકના મૃત્યુથી–એ પ્રેમપાત્રના ફૂટી જવાથી–માતૃસ્નેહનો પ્રવાહ સુકાઇ ન ગયો, પણ તેની વિપુલતાનું દર્શન થયું–ઝાંખી થઇ.

આ બૃહદ્‌–આ વિરાટમાં તું છું! જ્યારે તને તારા નાનકડા દેહમાં મર્યાદિત જોઉં છું અને વિલાપ કરું છું ત્યારે આકાશગંગા–મહાકાશના લક્ષ્ય લક્ષ્ય તારાગણ નીચે એક ઝીણા કણ જેવી હું ફરી વિશાલ બનું છું અને તને ભેટું છું, મારા બાળ!

લીના મંગળદાસ

પ્રકીર્ણ નોંધ

કારમી મોંઘવારીના કારણે કપરું બનતું જતું મધ્યમ વર્ગનું ચાલુ જીવન.....

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ 'બાંધી આવકવાળાનો મરો!' એ મથાળાના લેખના સમર્થનમાં તા. ૪-૫-'૬૧ ના મુંબઇ સમાચારમાં તેના અમદાવાદના ખબરપત્રીનું પ્રગટ થયેલું નિવેદન નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ નિવેદનને કશી ટીકા-ટીપ્પણની જરૂર નથી, કારણ કે એ નિવેદનમાં આપણા કાનના પડદા ખુલ્લા જાય એવી હકીકતો સરળ અને સીધી રીતે રજૂ કરવામાં આવી છે. તે નિવેદન નીચે મુજબ છે:-

ગુજરાત રાજ્યમાં જીવનની જરૂરિયાતની ચીજોના ભાવો આસમાને જઇ રહ્યા છે અને તેના પરિણામે મધ્યમ વર્ગની સ્થિતિ ખૂબ જ કરૂણ બની રહી છે. આજની કારમી મોંઘવારી સામે સારાયે ગુજરાતનાં ગામે ગામ, શહેરે શહેરમાંથી આમ જનતા ભારે પોકાર પાડી રહી છે.

ગુજરાતનાં પાટનગર અમદાવાદમાં વસતા જૂદા જૂદા વર્ગનાં કુટુંબોની આર્થીક સરવે કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. ભારતના માન્ચેસ્ટર સમા અમદાવાદ શહેરમાં બે લાખ અને ૨૮ હજાર કુટુમ્બોને માથે રૂપિયા પાંચસોથી બે હજાર સુધીનાં દેવાં છે. મધ્યમ વર્ગનું પાંચ સભ્યોનું કુટુમ્બ રૂપિયા ૭૦ થી રૂપિયા ૧૫૦ સુધીના પગારમાં કુટુમ્બનાં એક જ સભ્યની કમાણી પર નભતું હોય છે, જ્યારે કારકુની કરતો વર્ગ ભિખારી જેવી હાલતમાં જીવી રહ્યો છે. શહેરમાં કારકુનોની સંખ્યા લગભગ એક લાખ ઉપરાંત છે, જ્યારે વેપારી પેઢીઓ અને અન્ય દુકાનોમાં નોકરી કરતો વર્ગ શહેરની વસ્તીનો ચોથો ભાગ છે. રૂપિયા ૭૦ થી ૧૫૦ સુધીની આવક ધરાવતો આ મધ્યમવર્ગ આર્થિક ભીંસને લીધે દાગીના અને બીજી ચીજો વેચીને પણ ગુજરાન ચલાવી રહ્યો છે. આમાંના કેટલાક કુટુમ્બોની કહાણી દુઃખદ અને ચોંકાવનારી છે, પણ પથ્થરને પીગળાવે તેવી તેમની દર્દકથા સાંભળનાર આજે કોઇ નથી.

મધ્યમવર્ગની હાલત અંગે ચિતાર આપતાં શહેરનાં એક અગ્રગણ્ય મહિલા કાર્યકરે જણાવ્યું હતું કે, આર્થિક ભીંસને લીધે સારા કુટુંબની સ્ત્રીઓ અનિતીના માર્ગે વળવા માંડી છે. આજે એ નગ્નસત્ય બની રહ્યું છે કે અમદાવાદ શહેરમાં ખાનગીમાં વેશ્યાવાડા ચલાવવામાં આવે છે. સંજોગોનો ભોગ બનેલી આવી એક મધ્યમવર્ગની મહિલાએ અચકાતાં અચકાતાં પોતાની સ્થિતિ વિષે જણાવ્યું હતું કે, મારા ત્રણ બાળકો અને અમે પતિ-પત્ની કામ મેળવવા પ્રયાસો કરીએ છીએ પરન્તુ કામ મળતું નથી. આ સ્થિતિમાં અમારા માટે બીજો કોઇ માર્ગ નથી. આ ગાલ ઉપર તમાચો મારીને પણ અમે લાલાશ બતાવવા પ્રયાસ કરીએ છીએ.

આજે શહેરમાં ૧૭,૦૦૦ માણસ લોજમાં જમે છે, જ્યારે એક સમય ભોજન લેનારાઓની સંખ્યા બમણી છે અમદાવાદ શહેરમાં સાથે સાથે વસ્તીવધારો પણ અસહ્ય છે. નોકરી માટે અને અભ્યાસ માટે અહીં આવનારાઓનો આંકડો દરરોજનો ૩૫૦ જેટલો થાય છે, જ્યારે ગુજરાતનું પાટનગર અમદાવાદ થતાં લોકોનો ધસારો ઘણો જ વધવા માંડયો છે.

નોકરી ન મળવાથી એક યુવાન છૂપી આવક ઉપર નભી રહ્યો હોવાનું પણ પૂછપરછ ઉપરથી જાણવા મળ્યું છે અને તે આવક તેની પોતાની બહેનનાં શરીરનું ભાડું હતું. અમદાવાદ શહેરની સામાજિક સંસ્થાઓ અને તેના કાર્યકર્તાઓએ વારંવાર આ અંગે પોકાર કર્યો છે પરન્તુ સરકાર કે સત્તાધારી પક્ષ પણ કાંઇ કરી શકયો નથી.

શહેરમાં બેકારોની સંખ્યા પણ ઓછી નથી. અત્રેની એમ્પલોયમેન્ટ કચેરીમાં તપાસ કરતાં જાણવા મળે છે કે દરરોજ બે હજાર જેટલા માણસો નોકરી માટે આવે છે, જ્યારે તેમાંથી દશ ટકાને પણ ભાગ્યે જ મહિનાઓ પછી નોકરી મળી શકે છે.

શહેરમાં ૨૪૭ જેટલા નાના છોકરાઓ બુટ પોલિશ કરી પોતાનું ગુજરાન ચલાવે છે, જ્યારે ફુટપાથ ઉપર સૂતા લોકોની સંખ્યા દશ હજારથી પણ વધારે છે. પગ-રીક્ષા ચલાવનારાઓ શહેરમાં ૨૯૭ છે, જ્યારે ઘોડાગાડી અને ઓટો-રીક્ષા ઉપર જીવનનિર્વાહ ચલાવનારાઓની સંખ્યા દોઢ હજાર થાય છે.

તાજેતરમાં નવા બજેટમાં નાખવામાં આવેલા કરવેરાથી ભાવવધારામાં વધુ વીસ ટકાનો ઊછાળો આવવા પામ્યો છે અને તેલનાં ભાવમાં પચાસ ટકાનો વધારો થયો છે. સાબુમાં એક ટૂકડાનો એક આનો ભાવ વધ્યો છે. પાનમાં હજારે આઠ આના, દીવેલમાં એક શેરે ત્રણ આના, કેરોસીનમાં ગેલને ચાર આના, કોલસામાં એક મણે રૂપિયા ચાર અને શાકભાજીના ભાવમાં પચાસ ટકાનો વધારો થયો છે.

દવાઓમાં કેટલીક મોંઘી દવાઓમાં પચીસ ટકા ભાવવધારો થયો છે, જ્યારે રેડીઓ, પંખા વગેરેના ભાવમાં રૂપિયા ૨૫ થી ૧૦૦ સુધી ભાવવધારો જણાયો છે. કાપડના ભાવમાં દશ ટકાનો વધારો થયો છે પરન્તુ પ્રજાની ખરીદશકિત ન રહેતાં બજારમાં ખાસ ઘરાકી જણાતી નથી.

જૈન મહિલા સમાજ, મુંબઇ

મુંબઇની આગેવાન સ્ત્રીસંસ્થાઓમાંની એક જૈન મહિલા સમાજે એપ્રિલ માસના આખરી સપ્તાહ દરમિયાન પોતાનો સુવર્ણ મહોત્સવ ઉજવ્યો. આ અવસર અંગે તૈયાર કરવામાં આવેલ 'પ્રેમ-સૌરભ' નામની નૃત્યનાટિકા ગયા નવેમ્બર માસ દરમિયાન એક વાર ભજવી બતાવવામાં આવી હતી. અને એના સંદર્ભમાં આશરે સવાલાખ રૂપિયા સમાજ માટે એકઠા કરવામાં આવ્યા હતા. તે વખતે કેટલીક અગવડોને લીધે બાકીનો કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો. ત્યાર બાદ ગયા એપ્રીલ માસની ૨૨મી તારીખે મહિલા સમાજની સુવર્ણ જયન્તિ નિમિત્તે તૈયાર કરવામાં આવેલ અને ભગવાન ભવનમાં યોજવામાં આવેલ હસ્તોદ્યોગ-પ્રદર્શન અ. સૌ. ભાનુબહેન વાડીલાલ ચત્રભૂજના હાથે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. એ જ માસની ૨૮ મી તારીખે સાંજે પ્રાણસુખલાલ મફતલાલ કાફેટેરીયામાં મહિલા સમાજ તરફથી મોટા પાયા ઉપર સમૂહભોજન ગોઠવવામાં આવ્યું હતું. તા. ૨૯ મીના રોજ રાત્રીના 'પ્રેમ-સૌરભ' નૃત્યનાટિકા ભારતીય વિદ્યાભવનમાં પુનઃ ભજવવામાં આવી હતી. અને ૩૦મીના રોજ સવારના ભાગમાં શ્રીમતી સરલાદેવી સારાભાઇના પ્રમુખપણા નીચે ભારતીય વિદ્યાભવનમાં સુવર્ણ જયન્તિ સંમેલન ભરવામાં આવ્યું હતું. આ રીતે જૈન મહિલા સમાજે પોતાનો સુવર્ણ જયન્તિ સમારંભ સફળતાપૂર્વક પાર પાડયો હતો.

કોઇ પણ સામાજિક સંસ્થા પોતાની કારકીર્દીનાં પચાસ વર્ષ પૂરાં કરે એ એ સંસ્થા માટે જરૂર ગૌરવપ્રદ ઘટના ગણાય. વીશમી સદીનો પ્રારંભ એ ખરી રીતે ભારતના ઉત્થાન-યુગનો પ્રારંભકાળ હતો. એ દિવસોમાં અંગ્રેજી રાજ્યની ભારતમાં સ્થિરપણે સ્થાપના થઇ ચૂકી હતી. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો એ સંઘર્ષકાળ હતો. આપણી કાળજૂની સમાજરચના ઉપર પાશ્ચાત્ય સભ્યતાનું આક્રમણ ચાલી રહ્યું હતું અને આપણી રહેણીકરણી, આચારવિચારમાં અવનવા ફેરફારો થઇ રહ્યા હતા. પશ્ચિમી ઘોરણ ઉપર શિક્ષણ આપતી નવી નવી શિક્ષણ-સંસ્થાઓ-પ્રાથમિક શાળાઓ, હાઇસ્કૂલો અને કોલેજો-ઉઘડયે જતી હતી. બહેનોને કેળવણી આપવાના વિચારને અવનવો વેગ મળી રહ્યો હતો અને સ્થળે સ્થળે કન્યાશાળાઓ ઉભી થઇ રહી હતી. સમાજનો ઉત્કર્ષ સાધવા માંગતી અનેક સામાજિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી રહી હતી. સામાજિક સુધારાનો પવન જોસભેર ફૂંકાવા માંડયો હતો. રાષ્ટ્રીય મહાસભાનો એ દિવસોમાં જન્મ થઇ ચૂકયો હતો. આ જ અરસામાં કાળબળની પ્રેરણા નીચે જન્મ પામેલી અનેક સામાજિક સંસ્થાઓમાંથી કેટલીક આજે પણ હયાતી ધરાવે છે. પણ તેમાંની ઘણી ખરી નિઃસત્વ, નિર્જીવ, મરવાના વાંકે જીવતી હોય એવી લાગે છે. આમ છતાં

પણ જેમ કે, મુંબઇનું ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ અથવા તો ભગિનીસમાજ, તેમ જ અમદાવાદની ગુજરાત વિદ્યાસભા–આવી કોઇ કોઇ સંસ્થાઓ આજે પણ વિદ્યમાન છે, એટલું જ નહિ પણ સતત વિકાસ પામતી રહી છે. તેવી જ રીતે જૈન મહિલા સમાજ પણ આ જ કોટિની સંસ્થા છે. કે જેની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વધતી રહી છે અને જેનું કાર્યક્ષેત્ર વિશાળ અને વ્યાપક બનતું રહ્યું છે.

આમ બનવાનાં બે કારણો છે. એક તો જૈન મહિલા સમાજને જૈન સમાજનો આજ સુધી એકસરખો સંગીન ટેકો મળતો રહ્યો છે. બીજું, તેને ઉત્તરોત્તર પ્રાણવાન કાર્યકર્તાઓનાં જૂથ મળતાં રહ્યાં છે. તેના પ્રારંભકાળમાં સ્વ. મંગળાબહેન મોતીલાલ જૈન મહિલા સમાજના પ્રમુખ–સંચાલક અને પ્રેરક સૂત્રધાર હતાં. તેમને શ્રી ચુલાબબહેન મકનજી મહેતા, પુષ્પાબહેન ઝવેરી, તારાબહેન સોભાગચંદ દેસાઇ, ચંદનબહેન મોતીચંદ કાપડિયા જેવા સહકાર્યકર્તાઓ મળ્યા હતા. શ્રી મંગળાબહેન ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળનાં પણ વર્ષો સુધી મંત્રી હતાં. તેમણે મહિલા સમાજને આગળ લાવ જવામાં અસાધારણ ફાળો આપ્યો હતો. ૧૯૪૦માં તેઓ સ્વર્ગે સીધાવ્યાં, એ દરમિયાન એમના જ કુટુંબનાં તારાબહેન માણેકલાલ પ્રેમચંદ જૈન મહિલા સમાજના પ્રમુખસ્થાને આવી ચૂક્યાં હતાં. તેમને લીલાવતીબહેન દેવીદાસ અને મેનાબહેન નરોત્તમદાસ જેવા પ્રાણવાન સહકાર્યકર્તા મળ્યા. પાછળથી લીલાવતીબહેન કામદાર, જસુમતીબહેન કાપડિયા, ભાનુમતીબહેન દલાલ વગેરે તેમની સાથે જોડાયાં. તારાબહેન પ્રમુખસ્થાને આવ્યા બાદ સંસ્થાના બંધારણમાં ફેરફાર કરવામાં આવ્યા અને મહિલા સમાજનાં દ્વાર જૈનેતર બહેનો માટે ખુલ્લાં મૂકાયાં. સમાજની પ્રવૃત્તિઓનો લાભ પણ નાતજાતના કશા પણ ભેદભાવ સિવાય બધી કોમની બહેનોને મળવા લાગ્યો. આ ઉદાર પરંપરા આજે પણ પૂર્વવત્ ચાલુ જ છે. સમય જતાં દાદર ખાતે એક નવું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. ત્યાં શરૂઆતમાં શીવણના વર્ગો અને પાછળથી બાલમંદિર ખોલવામાં આવ્યું. ૧૯૪૨ની સાલમાં સમાજનું કાર્યાલય કોટમાં આવેલ માંગરોળ મેન્શનમાં બસેડવામાં આવ્યું. ત્યારથી તે આજ સુધી આ સ્થળ જ સમાજની બધી પ્રવૃત્તિઓનું પ્રભવસ્થાન રહ્યું છે. સમયાન્તરે અહીં તેમ જ દાદરનાં કેન્દ્રમાં પુસ્તકાલયો ઉભાં કરવામાં આવ્યાં. આ પુસ્તકાલયોનો આજે પણ સારો લાભ લેવામાં આવે છે. આ ઉપરાંત નવા નવા ઉદ્યોગોને લગતા વર્ગો ઉઘડતાં રહ્યાં છે અને તે દ્વારા જરૂરિયાત ધરાવતી બહેનો બે પૈસા કમાઇ શકે છે.

આજથી ૧૧ વર્ષ પહેલાં સમાજના મુખપત્ર તરીકે 'વિકાસ' નામના માસિકની શરૂઆત કરવામાં આવેલી. તે પત્ર આજ સુધી નિયમિત રીતે પ્રગટ થઇ રહેલ છે અને તે દ્વારા સમાજના સભ્યોનું સંસ્કારઘડતર કરવામાં આવે છે. આજના સમાજને પ્રભાવિત કરી રહેલા નવા વિચારપ્રવાહો 'વિકાસ'ની લેખસામગ્રીમાં સારા પ્રમાણમાં પ્રતિબિંબિત થઇ રહેલ છે.

આ ઉપરાંત દર વર્ષે સંસ્થાના વાર્ષિક દિન ઉજવણી નિમિત્તે જૈન કથાસાહિત્યમાંથી કોઇ પણ એક વસ્તુ લઇને તથા તેને નાટકનો આકાર આપીને નૃત્યનાટિકા તૈયાર કરવામાં આવે છે, અને મુંબઇની જાહેર જનતા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ રીતે આજ સુધીમાં સમડીવિહાર, આર્દ્રકુમાર, ચંદનબાળા, તરંગવતી, શ્રદ્ધા દીપ, હૃદયની વીણા વાગી, અને પ્રેમ–સૌરભ–આમ આઠ નૃત્યનાટિકા જૈન મહિલા સમાજ તરફથી નિર્માણ કરવામાં આવી છે. સંગીત, નૃત્ય, અભિનય જેવી લલિતકલાઓને આ રીતે સારૂં ઉત્તેજન મળી રહ્યું છે. આ નૃત્યનાટિકાઓદ્વારા જૈન કથાઓને બહાર લાવવામાં અને લોકપ્રિય બનાવવામાં જૈન મહિલા સમાજે નોંધપાત્ર ફાળો આપ્યો છે.

સંસ્થાની મોટી મુંઝવણ પોતાનું મકાન હજી સુધી ઉભું કરી શકાયું નથી તેને લગતી છે. ૧૯૪૭ની સાલ દરમિયાન આ હેતુથી ખન્દરગેટના રસ્તા ઉપર આવેલું એક મકાન રૂા. ૧,૨૫,૦૦૦ માં ખરીદવામાં આવ્યું હતું. પણ ભાડાનિયમન કાયદાના કારણે એ મકાન ખાલી કરાવી શકાયું નહિ. સુવર્ણમહોત્સવના ઉદ્યાપનદ્વારા ઉપર જણાવ્યું તે મુજબ સમાજને આશરે સવા લાખની રકમ પ્રાપ્ત થઇ છે. સ્વ. નાથાલાલ ડાહ્યાભાઇ પારેખ સ્મારકનિધિ તરફથી પોતાના હસ્તકની–મરીન લાઇન્સ સ્ટેશનની પાછળના ભાગમાં આવેલી વિશાળ જમીન જૈન મહિલા સમાજને ભેટ આપવાનું નક્કી થયું છે. આશા છે કે, આ પ્લોટ ઉપર જૈન મહિલા સમાજ પોતાને જોઇતું મકાન ઉભું કરી શકશે અને એ રીતે પોતાની પ્રવૃત્તિઓને મુક્ત મને વિકસાવવાની તક અને સગવડ સમાજના કાર્યકર્તાઓને પ્રાપ્ત થશે.

જૈન મંદિરમાં ભક્તિ ઉપાસના કરવા માટે આજથી ૭૦ વર્ષ પહેલાં મુંબઇમાં વસતા માંગરોળના કેટલાક જૈન તરુણોએ 'માંગરોળ જૈન સંગીત મંડળી' એ નામની એક મંડળી ઉભી કરેલી. તેમાંથી સમયાન્તરે મુંબઇ માંગરોળ જૈન સભા અસ્તિત્વમાં આવી. આ સભાએ એ દિવસોમાં એક પ્રાથમિક કન્યાશાળા શરૂ કરેલી. તેમાંથી લાંબા સમયના ગાળે શકુન્તલા કાન્તિલાલ ધ્રુવરલાલ ગર્લ્સ હાઇસ્કૂલનું નિર્માણ થયું. બીજી બાજુએ એ જ મુંબઇ માંગરોળ જૈન સભા તરફથી એક ધાર્મિક પાઠશાળા ચલાવવામાં આવતી હતી. તેમાંથી સમયના વહેવા સાથે આજથી પચાસ વર્ષ પહેલાં જૈન મહિલા સમાજનો જન્મ થયો. અને પછી તો જેમ કોઇ એક નાના છોડમાંથી વૃક્ષ થાય અને વૃક્ષનો વિસ્તાર વર્ષો સાથે વધતો જાય તેમ આ સંસ્થા પણ આજ સુધીમાં અનેક રીતે ફાલતી ફુલતી રહી છે અને પ્રગતિનાં નવાં નવાં સીમાચિહ્નો સર કરતી રહી છે. આજે મહિલા સમાજ ૧૫૦૦ જેટલા સભ્યો ધરાવે છે. તાજેતરમાં વળી સમાજ તરફથી આર્થર રોડ બાજુએ એક નવું પ્રવૃત્તિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. સંસ્થાનો વહીવટ પણ ચોખ્ખો અને વ્યવસ્થિત રીતે ચાલે છે. કાર્યકર્તાઓના એક જૂથ પાછળ બીજું જૂથ તૈયાર થઇ રહેલ છે. સમયની જરૂરિયાતો પરખીને સંસ્થા નવી નવી પ્રવૃત્તિઓનું આયોજન કરતી રહી છે.

સમાજની આ વિકાસકથા ધ્યાનમાં લેતાં તેણે હવે કોલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓ માટે એક છાત્રાલય ઉભું કરવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. જૈન સમાજને લક્ષમાં લેતાં જૈન વિદ્યાર્થિનીઓ માટે આવા કન્યા છાત્રાલયની ખાસ આવશ્યકતા છે. જૈન વિદ્યાર્થીઓ માટે હાલ મુંબઇમાં સારા પ્રમાણમાં સગવડ છે, પણ જૈન વિદ્યાર્થિનીઓ માટે તેમના સંસ્કાર અને આચાર વિચાર જળવાય એવી–વ્યવસ્થિત આકારની અને મોટા પાયાની–કોઇ સગવડ નથી. અને આવા કાર્ય માટે જૈન મહિલા સમાજ સૌથી વધારે સુયોગ્ય સંસ્થા છે. તે આવો નિરધાર કરશે તો તે નિરધારને સફળ બનાવવામાં જૈન સમાજનો તેને જરૂર જોઇતો સહકાર મળી રહેશે.

આટલી સમાલોચના બાદ જૈન મહિલા સમાજનું તેના સુવર્ણ મહોત્સવ પ્રસંગે હું અન્તઃકરણપૂર્વક અભિનન્દન કરું છું. આજ સુધીની તેની ઉજ્જવળ કારકીર્દીએ જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે અને ભાવિ માટે અનેક આશાઓ લોકોના દિલમાં જન્માવી છે. જૈન મહિલા સમાજ અધિકાધિક ઐશ્વર્યને કાર્યશક્તિને–પ્રાપ્ત કરતી રહે અને પોતાના વ્યાપક તેમ જ સઘન કાર્ય દ્વારા જનકલ્યાણમાં સતત અભિવૃદ્ધિ કરતી રહે એવી અન્તરની શુભેચ્છા તેમ જ પ્રાર્થના છે. **પરમાનંદ**

કરુણા-વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

(આ પ્રશ્નની ચર્ચાને અનુલક્ષીને મળેલા ચર્ચાપત્રોમાંથી સ્વામી સત્યભક્તજીનું ચર્ચાપત્ર પ્રગટ કરવામાં આવે છે. તેઓ બહુશ્રુત પંડિત છે, જૈન ધર્મના સારા જાણકાર છે, અને મૌલિક નિડર વિચારક છે. આ ચર્ચાપત્ર મૂળ હિંદીમાં હતું. તેનો અનુવાદ મારા મિત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ કરી આપ્યો છે, જે માટે પ્રબુદ્ધ જીવન તેમનું ઋણી બને છે.—તંત્રી)

આપનો તા. ૨૭-૩ નો પત્ર વખતસર મળ્યો હતો, પણ હું બિહાર તરફ ગયો હતો, અને ત્યાંથી માંદો થઇને આવ્યો; હજી પણ પૂરો સ્વસ્થ નથી, તેથી વિલંબથી જવાબ આપું છું અને તે પણ કંઇક ટૂંકાણથી.

૧. 'કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ' ની અપેક્ષાએ 'કરુણાપ્રધાનતા વિરુદ્ધ ઉપયુક્તતા પ્રધાનતા' એમ કહેવું ઠીક રહેશે; કારણ કે કરુણાવિચારમાં ઉપયુક્તતાને ગૌણ તો કરી શકાય, પણ એને સાવ વિસારી તો ન જ શકાય. એ જ રીતે ઉપયુક્તતાવાદમાં પણ કરુણાને વિસારી ન શકાય, ગૌણ જ કરી શકાય.

૨. ધર્માધર્મનો કે કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય ઉપયોગિતા-પ્રધાન બનીને (મુખ્યત્વે ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને)જ કરવો બરાબર છે. ભાવુકતા (લાગણીપ્રધાનપણા)ના આધારે જે નિર્ણયો કરવામાં આવે છે તે સુંદર તો હોય છે, પણ શિવ નથી હોતા; અર્થાત્ સરવાળે એ કલ્યાણકારી નથી હોતા. એટલા માટે જ અંગ્રેજીમાં એક કહેવત પ્રચલિત થઇ ગઇ છે કે "નરકનો માર્ગ પણ શુભ કામનાઓથી છવાયેલો પડ્યો છે!" કારણ કે વિવેક વગરની શુભકામનાઓથી જે કાર્યો કરવામાં આવે છે તે છેવટે સમાજના દુઃખમાં જ વધારો કરે છે. ઉપયોગિતામાં હરકત ન આવે તેટલે અંશે જ કરુણા કે ભાવનાને આશ્રય આપી શકાય. વૈદિક યુગમાં જ્યારે અહીં ખેતીનો વિકાસ નહોતો થયો, જંગલી જાનવરોની બહુલતા હતી, ખેતરોનું સંરક્ષણ કરવાનું પણ મુસ્કેલ હતું, એવી સ્થિતિમાં માણસે જો માંસભક્ષણ ન કર્યું હોત તો એ જીવી ન શકત; અથવા તો સંખ્યાની દૃષ્ટિએ એનો વિકાસ ન થાત (એટલે કે માનવજાતની સંખ્યામાં વધારો થવા ન પામત): આવી સ્થિતિમાં માંસની વિરુદ્ધ કરુણાનાં ગીત ગાવાનો કશો અર્થ ન હતો. પછીથી ભગવાન પાર્શ્વનાથ, બુદ્ધ અને મહાવીરના યુગમાં જંગલો ઓછાં થયાં, ખેતરો વધ્યાં, જંગલી જાનવરો પણ ઓછાં થઇ ગયાં, એવી સ્થિતિમાં મહાવીર અને બુદ્ધના જેવા અહિંસાવાદી પૈગમ્બરો થયા, અને એમની વાત (એમના અહિંસાના ઉપદેશ) તરફ કાન દેવામાં આવ્યા. આ રીતે ઉપયોગિતાને વિસારીને કે માનવીના સંરક્ષણને ગૌણ કરીને નરી ભાવુકતાને આધારે કોઇ ધર્મની વ્યવસ્થા ટકી નથી શકતી.

૩. વૈદિક યુગમાં માંસભક્ષણ થતું હતું માટે આ યુગમાં માંસભક્ષણ કરવું નિર્દોષ છે એમ ન કહી શકાય. વૈદિક યુગમાં અન્ન-ઉત્પાદનની જેવી સ્થિતિ હતી એવી અત્યારે નથી. વળી ત્યાર કરતાં અત્યારે માનવસમાજે કરુણા વગેરે સંસ્કારોમાં સારો એવો વિકાસ કર્યો છે. તેથી વૈદિક યુગની આણ દેવી એ બરાબર નથી. એ યુગમાં માંસભક્ષણ એ ઉત્સર્ગ માર્ગ (નિયમમાર્ગ) હતો અને અત્યારના યુગમાં એ અપવાદ-માર્ગ છે. એ યુગમાં માંસને અભક્ષ્ય કહી શકાય એમ ન હતું; આ યુગમાં એને અભક્ષ્ય કહી શકાય એમ છે. માનવતાના વિકાસની દૃષ્ટિએ આપણે એવી નવી દુનિયા તરફ આગળ વધવું છે કે જેમાં કોઇ માંસ નહીં ખાય; અને અન્નનાં ઉત્પાદન અને માનવસંખ્યા વચ્ચે એવો સમ-ન્વય થશે કે જેથી માંસની જરૂર નહીં રહે. પણ જ્યાં લગી આવી અન્નવિષયક સ્થિતિ ઊભી ન થાય, ત્યાં સુધી બધાયને માટે માંસભક્ષણનો નિષેધ ન કરી શકાય. હા, વધારેમાં વધારે સંખ્યામાં માણસો માંસભક્ષણ બંધ કરતા થાય, એટલું જ કરી શકાય.

૪. વાંદરાઓ દ્વારા દેશની એટલી બધી ખાદ્યસામગ્રીનો નાશ થઇ રહ્યો છે કે એને લીધે કરોડો માણસોના ભોજનનો સવાલ ઊભો થયો છે. એટલા માટે મનુષ્યને બચાવવાને માટે એમને નિર્મૂળ કરવા બહુ જરૂરી છે. એવી સ્થિતિમાં વાંદરાની નિકાસનો વિરોધ ન થવો જોઇએ. આ તો એક પંથ અને દો કાજ છે.

૫. હજી દેશની અન્નવિષયક સ્થિતિ એવી નથી કે જેથી માછલાં વગેરેનો નિષેધ કરી શકાય. બંગાળ જેવા પ્રદેશમાં, ઘઉં વગેરે પૌષ્ટિક ખોરાક નહીં હોવાને લીધે, વિટામિન વગે-રેની દૃષ્ટિએ તેમ જ ખાદ્યસામગ્રીના પરિમાણની દૃષ્ટિએ, માછલાં જરૂરી થઇ પડે છે. આ સ્થિતિમાં આપણે સુધારો કરવો જોઇએ. અને દરેક જગ્યાએ એટલાં પૌષ્ટિક અન્ન સુલભ કરવાં જોઇએ કે જેથી માછલાં વગેરેની જરૂર ન રહે.

૬. મોતીને માટે જે હિંસા કરવામાં આવે છે તે ખરી રીતે બિનજરૂરી છે, પાપ છે. પણ રેશમની બાબતમાં એમ કહી શકાય એમ નથી; કેમકે દેશમાં કપાસની પણ તંગી છે, તેથી રેશમ મારફત એની જેટલી પૂર્તિ થાય એટલીનું સ્વાગત કરવું ઘટે છે.

૭. દુનિયામાંથી હિંસાને પૂરેપૂરી નિર્મૂળ ન કરી શકાય. કુદરતની રચના જ કંઇક એવી છે કે એમાં 'जीवो जीवस्य जीवनम्' (એક જીવ બીજા જીવના આધારે કે ભોગે જ જીવી શકે છે.) એ સિદ્ધાંત કામ કરે છે. આમ છતાં માનવતા કુદરતની ગુલામીને સ્વીકારવામાં નહીં પણ એની ખામીને દૂર કરવામાં છે. તેથી હિંસાને જેટલા પ્રમાણમાં ઓછી કરી શકાય એટલા પ્રમાણમાં ઓછી કરવી જોઇએ. હિંસા-અહિંસાના દ્વંદ્વનો વિચાર કરતી વેળાએ પ્રાણીઓની ચૈતન્યમાત્રાનો વિચાર કરવો જરૂરી છે. વનસ્પતિની (એટલે કે એકેન્દ્રિય જીવની) અપેક્ષાએ ત્રસની (એકથી વધુ ઇન્દ્રિયવાળા જીવોની), અને ત્રસોમાં પંચેન્દ્રિયની અને બધાયથી વધારે મનુષ્યની રક્ષાને પહેલું સ્થાન આપવું જોઇએ.

(આ સંબંધી ખૂબ વિસ્તૃત અને વિગતવાર વિવેચન મેં 'સત્યામૃત'માં કર્યું છે.)

૮. કર્તવ્યાકર્તવ્યના નિર્ણયની વ્યવસ્થા ઉપયોગિતાને મુખ્ય માનીને કરવી જોઇએ. હા, એ વ્યવસ્થાના પાલનમાં ભાવુકતા પણ સહાયક થાય છે, તેથી એનો પણ ઉપયોગ કરવો જોઇએ. પણ એ વાતનું ધ્યાન રાખવું જોઇએ કે ભાવુકતા અવ્યવહારુ ન બની જાય, કે ખોટા દાખલા પેદા કરવા ન લાગે.

સત્યાશ્રમ, વર્ધા, હિતૈષી સત્યભક્ત

તા. ૯-૪-૬૧

સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

હજુ સારી એવી સંખ્યામાં સભ્યોના લવાજમો બાકી છે.

જે જે સભ્યોના લવાજમો બાકી છે તેમને અગાઉ કાર્ડથી અંગત સમાચાર પણ મોકલવામાં આવેલ હતા.

આ વર્ષનો પૂર્વાર્ધ પણ પસાર થઇ ચૂક્યો હોઇ, જે જે સભ્યોનાં લવાજમો બાકી હોય તેમને સત્વર લવાજમના રૂા. ૫ સંઘના કાર્યાલયમાં પહોંચાડવા; અને એમ કરીને સંઘના વહીવટીકાર્યમાં એટલો સહકાર આપવા વિનંતિ કરવામાં આવે છે.

લે. આપના

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

દેવદ્રવ્ય અને બીજી કેટલીક આનુષંગિક બાબતો વિષે–

[સર સી. પી. રામસ્વામી આયરના અધ્યક્ષસ્થાને નિમાયેલ હિન્દુ રિલિજીયસ એન્ડાઉમેન્ટ કમિશન સમક્ષ તા. ૧૮–૪–'૬૧ ના રોજ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જુબાની આપી હતી. તેને જરા વિસ્તારીને તૈયાર કરવામાં આવેલી નોંધ નીચે આપવામાં આવે છે.]

ઉપર જણાવેલ કમિશન સમક્ષ શરૂઆતમાં પોતાનો પરિચય આપતાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "હું જૈન છું. જૈન સમાજના શ્વે. મૂ. સંપ્રદાય સાથે મારો જન્મજાત સંબંધ છે. મુંબઇની અનેક જૈન સંસ્થાઓ સાથે મારો વર્ષોજૂનો સંબંધ છે. ખાસ કરીને આજથી ૩૨ વર્ષ પહેલાં મુંબઇમાં સ્થપાયેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો એક સ્થાપક, સભ્ય અને અગ્રગણ્ય કાર્યકર્તા છું. ૨૨ વર્ષથી પ્રગટ થઇ રહેલું 'પ્રબુદ્ધ જીવન' જે પહેલાં 'પ્રબુદ્ધ જૈન'ના નામે ઓળખાતું હતું તે પાક્ષિક પત્રનો હું તંત્રી છું. મુંબઇ કે અન્ય સ્થળના કોઇ જૈન મંદિરના વહીવટો સાથે મારો કોઇ સંબંધ નથી".

હિન્દુધર્મ અને જૈન ધર્મના પરસ્પર સંબંધ વિષે ખુલાસો કરતાં તેમણે જણાવ્યું કે "મારા અભિપ્રાય મુજબ જૈન ધર્મ, બૌધ્ધ ધર્મ અને વૈદિક ધર્મ માફક હિન્દુધર્મની એક મુખ્ય શાખા છે. ત્રણેની તાત્વિક વિચારણામાં તેમ જ આચાર પ્રક્રિયામાં ઘણું મોટું મળતાપણું છે. હિન્દુધર્મની અથવા તો હિન્દુસંસ્કૃતિની વિશાળ ભૂમિકા ઉપર આ ત્રણે દર્શનો ફાલ્યાંફુલ્યાં છે. હિન્દુ ધર્મના વિશાળ રવરૂપને ગ્રહણ કર્યા સિવાય જૈન ધર્મ યા દર્શનને યથાસ્વરૂપે સમજવાનું શક્ય જ નથી. આમ છતાં પણ હિન્દુ ધર્મના પેટાળમાં રહેલા વૈદિક ધર્મમાં અને જૈન ધર્મમાં મોટો ફરક એ છે કે જૈન ધર્મના ઇષ્ટદેવો વૈદિક ધર્મના ઇષ્ટદેવોથી તદ્દન જ જુદા છે. આ ઉપરાંત બીજા પણ કેટલાક મહત્ત્વના તફાવતો છે. આ બધું ધ્યાનમાં લેતાં વિશાળ હિન્દુ ધર્મના અનુસંધાનમાં જૈન ધર્મનો જો વિચાર કરવો હોય તો એક વિશાળ વટવૃક્ષની અંગરૂપ હોવા છતાં, જેણે સ્વતંત્ર મૂળ નાંખ્યાં છે એવી–વડવાઇ સાથે જૈન ધર્મને સરખાવી શકાય. આવી વડવાઇ જેમ મૂળ થડ સાથે જોડાયલી છે અને એમ છતાં સ્વતંત્ર મૂળને લીધે અલગ છે એવો ભ્રમ પેદા થાય છે. એ મુજબ જૈન ધર્મ હિન્દુ ધર્મ સાથે ગાઢપણે સંકળાયલો છે, એમ છતાં, જૈન ધર્મની અમુક વિશેષતાઓ અને ખાસિયતોના કારણે જૈન ધર્મ હિન્દુ ધર્મથી કોઇ અલગ સ્વતંત્ર ધર્મ છે એમ વિચારવા કેટલાક જૈન વિચારકો પ્રેરાય છે."

જૈન મંદિરો અંગે પ્રશ્ન પુછાતાં તેમણે જણાવ્યું કે "જૈન મૂર્તિપૂજાની કલ્પના અને જૈન મંદિરોની રચના, પ્રક્રિયા તથા વહીવટી પરિસ્થિતિ જૈનેતર મંદિરોથી બહુ અલગ પ્રકારની છે. જૈન મંદિરોમાં કોઇ સત્તાધિકારી મઠાધીશ, મહન્ત કે પૂજારી નથી. તેનો વહીવટ સ્થાનિક સંઘો ચલાવે છે અને જૈન તીર્થોનો વહીવટ શ્વે. મૂ. સમુદાયમાં મોટા ભાગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને દિગંબર સમુદાયમાં તીર્થરક્ષક સમિતિ જેવી બંધારણપુરઃસરની જાહેર સંસ્થાઓ ચલાવે છે. જૈન મંદિરોમાં કોઇ વ્યક્તિને વંશપરંપરાના હકકો હોતા જ નથી; વારસદાર જેવું તે સંસ્થામાં કંઇ છેજ નહિ. અને તેના વહીવટી નિયમન માટે અમારી બાજુએ રીલીજિયસ અને પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એકટ દ્વારા ઉભી કરવામાં આવેલી કાનૂની જોગવાઇઓ પૂરતી છે, ઉલટું અમુક બાબતમાં વધારે પડતી છે. એથી જે વધારે નિયમન યા નિયંત્રણોની આવશ્યકતા હોવાનું અન્ય હિન્દુ મન્દિરો અંગે આપનું કમિશન વિચારે તે જૈન મંદિરોને લાગુ પાડવાની મારા અભિપ્રાય મુજબ કોઇ જરૂર નથી."

જૈન મંદિરોમાં દેવદ્રવ્યના નામે થતી આવકના ઉપયોગ સંબંધમાં પ્રશ્ન પૂછાતાં તેમણે જવાબ આપ્યો કે "પહેલાંના કાળમાં ચૈત્યવાસી સાધુઓ અને યતિઓ જૈન મંદિરોની સંભાળ લેતા હતા. તે મંદિરોમાં એકઠા થતા દ્રવ્યનો આગળ જતાં તેમણે જ્યારે દુરૂપયોગ કરવા માંડયો અને પરિણામે મંદિરોના ટકાવને બાધા આવવા માંડી ત્યારે તે વખતના સંઘના આગેવાનોએ અને આચાર્યોએ દેવદ્રવ્યના ઉપયોગ વિષે મર્યાદા બાંધી કે આ દ્રવ્યનો ઉપયોગ માત્ર જિનમૂર્તિ અને જિન મંદિરના ઉપયોગ માટે જ થવો જોઇએ અને એ મર્યાદાને કડક બનાવતા વિધિનિષેધો શાસ્ત્રગ્રંથોમાં દાખલ કરવામાં આવ્યા. આમ છતાં વિક્રમના આઠમા સૈકામાં એટલે કે ધ્રસ્વીસનના કદાચ સાતમા સૈકામાં થયેલા સમર્થ અને શાસ્ત્રવિશારદ આચાર્ય હરિભદ્રે પોતાના 'સંબોધપ્રકરણ' નામના ગ્રંથમાં ચૈત્યવાસી મુનિઓનું વર્ણન કર્યું છે, પણ સાથે સાથે જણાવ્યું છે કેઃ–

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाण–दंसण गुणाणं।
बुड्ढंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो। (ગા. ૧૭, પૃ. ૪)

અર્થ: "જિન પ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન અને દર્શનના પ્રભાવને વધારનારૂં એવું જે જિનદ્રવ્ય છે તેને વધારનારો જીવ તીર્થંકરપણું પામે છે." આમાં 'પવયણ' શબ્દનો અર્થ બતાવતાં આચાર્ય હરિભદ્રે પોતાના 'પંચાશક' નામના ગ્રંથમાં જણાવેલ છે કે "गुणसमुदाओ संघो, पवयण तित्थं च होइ एगस" (પંચાશક પ્રકરણ ૮, ગા. ૩૯).

અર્થ: "ગુણનો સમુદાય તે સંઘ, પ્રવચન અને તીર્થ એ ત્રણે સમાન અર્થવાચી શબ્દો છે."

"મનુષ્યના સમૂહનું નામ જૈન શાસનમાં સંઘ નથી, પરંતુ ગુણયુક્ત મનુષ્યના સમુદાયનું નામ સંઘ છે. અને તે સંઘને પ્રવચન તેમ જ તીર્થ પણ કહી શકાય છે. વળી આ અર્થનો ઉલ્લેખ વિશેષાવશ્યક ભાષ્યની ગાથા ૧૧૧૧ તથા ૧૧૧૨ માં પણ છે. આ ભાષ્યકારનું નામ જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ છે. આ આચાર્ય આગમાનુસારી છે અને આચાર્ય હરિભદ્ર કરતાં પહેલાના છે.

આ પાઠો વિચારતાં એ કાળમાં પણ જિનમૂર્તિ તેમ જ જિન મંદિરો ઉપરાંત જે દ્વારા જૈન સંઘનો ઉત્કર્ષ થાય અને જ્ઞાન તથા દર્શનની વૃદ્ધિ થાય તેવાં કાર્યો માટે પણ જિનદ્રવ્ય એટલે કે દેવદ્રવ્યનો ઉપયોગ શાસ્ત્રવિહિત છે–એવા અર્થભાવનું ઉપરની ગાથામાંથી આપણને બળવાન સમર્થન મળે છે.

"અને આજે તો સમય, પરિસ્થિતિ અને મંદિરોના વહીવટનું રૂપ પલટાઇ ગયું છે. આજે ચૈત્યવાસી સાધુઓની સંસ્થા અસ્તિત્વમાં રહી નથી. મંદિરોનો વહીવટ સ્થાનિક સંઘોની સમિતિઓ દ્વારા ચાલે છે. આવા સમયમાં જે સંઘે એક વખતે દેવદ્રવ્યના ઉપયોગ ઉપર કડક મર્યાદા મૂકી તે જ સંઘ સમયની જરૂરિયાતો સમજીને દેવદ્રવ્યના ઉપયોગને વધારે વ્યાપક બનાવી શકે છે. કોઇ પણ મંદિરની જેટલી જરૂરિયાત હોય તેટલો વ્યય સંચિત થતા દેવદ્રવ્યમાંથી જરૂર કરવામાં આવે. પણ વધારાના દ્રવ્યને એકઠું કર્યે જવું તેના બદલે જૈન સમાજમાં શૈક્ષણિક, વૈદ્યકીય તેમ જ અન્ય લોકોપયોગી કાર્યોમાં તે વધારાના દ્રવ્યનો ઉપયોગ થવો જ જોઇએ. આજના જમાના માટે આટલો ફેરફાર યા સુધારો આવશ્યક છે.

"વળી જૈન સમાજના ચાર ફિરકાઓમાં બે ફિરકા અમૂર્તિપૂજક છે; બાકીના બેમાં દિગંબર સમાજમાં દેવદ્રવ્ય સંબંધે

આવો કશો regid–કડક ખ્યાલ છે જ નહિ. તેમના મંદિરના દ્રવ્યનો ઉપયોગ અન્ય ધાર્મિક કાર્યોમાં તેમ જ સંઘને લગતા કાર્યોમાં થઇ શકે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં દેવદ્રવ્યના મર્યાદિત ઉપયોગ સંબંધે આગ્રહ પ્રવર્તે છે પણ આ આગ્રહ હવે ઢીલો થતો ચાલ્યો છે. આ બાબતમાં અમારો મુંબઇ જૈન યુવક સંઘ વર્ષોથી ઝુંબેશ ચલાવી રહેલ છે અને પરિણામે જૈન સમાજના વિચારોમાં આજે મોટું પરિવર્તન થઇ રહ્યું છે. કેટલેક ઠેકાણે આ મર્યાદા સીધી કે આડકતરી રીતે ઢીલી મુકાવા લાગી છે. મને મળેલી માહિતી મુજબ, દેવદ્રવ્યના સામાજિક ઉપયોગને ઉત્તર ગુજરાતમાં આવેલા માંડલના જૈન સંઘે કેટલાક સમયથી અનુમત કર્યું છે.

"અને આખરે દેવદ્રવ્યના ઉપયોગ ઉપર માત્ર મૂર્તિઓ અને મંદિરો પૂરતી જે મર્યાદાના ઉલ્લેખો જૈન ધર્મશાસ્ત્રોમાં મળે છે તેનું મહત્ત્વ કેવળ સામયિક છે. આવા કોઇ વિધિનિષેધને શાશ્વત મહત્ત્વ આપી શકાય જ નહિ કારણ કે દેવદ્રવ્યનો ઉપયોગ એક આચારની અથવા તો વ્યવહારની બાબત છે; તે કોઇ જૈન ધર્મના પાયાની બાબત છે જ નહિ. કાળ બદલાય, સમાજની જરૂરિયાતોમાં ફેરફાર થાય, વિચારોમાં ફેરફાર થાય તે મુજબ આવા વિધિનિષેધો વધારે તંગ અથવા તો વંચારે ઢીલા કરવા જ ઘટે.

એમ કહેવામાં આવે છે કે જૈનોનાં મંદિરો પાસે એવું કોઇ Surplus દ્રવ્ય છે જ નહિ કે જે સંઘના સામાજિક ઉપયોગમાં વાપરી શકાય. આ સંબંધમાં તમારૂં શું કહેવું છે? એવો પ્રશ્ન પુછાતાં તેમણે જવાબ આપ્યો કે "આ અભિપ્રાયને સાપેક્ષ ભાવે સમજવાનો છે. દેશભરમાં જૈનોનાં સંખ્યાબંધ મંદિરો છે અને રાજસ્થાન મારવાડમાં તેમ બીજે ઘણે ઠેકાણે તે મંદિરો અત્યન્ત જીર્ણાવસ્થામાં છે. આ બધાં મંદિરોના જીર્ણોદ્ધાર અને રક્ષાની દૃષ્ટિએ ધનાઢય મંદિરોની સંપત્તિ પૂરતી નથી એમ જરૂર કહી શકાય, પણ ધનાઢય લેખાતા મંદિરોના માથે અન્ય પ્રદેશોમાં જર્જરિત થઇ રહેલાં મંદિરોને ઝળવવાની કે સમારવાની કોઇ જવાબદારી છે જ નહિ. પરિણામે મોટાં શહેરોમાં ઉભા કરવામાં આવેલાં ધનાઢય મંદિરોમાં સંચિત થતાં ધનમાં કાં તો નવાં નવાં રોકાણો કરીને વૃદ્ધિ કરવામાં આવે છે અથવા તો મૂર્તિના શણગાર પાછળ, તે માટે પ્રસાવવામાં આવતાં સોના–ચાંદીના તેમ જ ઝવેરાતના આભૂષણો પાછળ, મંદિરોના તરેહતરેહના શોભા શણગાર પાછળ, ચાલુ મંદિરોને વધારે ને વધારે મોટાં બનાવવા પાછળ અથવા તો બીનજરૂરી નવાં મંદિરો ઉભા કરવા પાછળ આ ધનનો મોટા ભાગે ઉપયોગ કરવામાં આવે છે. અલબત્ત દૂર દૂરના પ્રદેશમાં આવેલાં જીર્ણ થઇ રહેલાં મંદિરોના જીર્ણોદ્ધાર પાછળ, પણ આ મંદિરોની મૂડીમાંથી થોડું ઘણું નાણું પૂરું પાડવામાં આવે છે –અને આ પણ જરૂરી છે એ વિષે બે મત હોઇ ન શકે–પણ સાથે સાથે જે સ્થાનમાં યા પ્રદેશમાં આ મંદિરો આવેલાં હોય ત્યાંના જૈન સંઘના ઐહિક તેમ જ આધ્યાત્મિક ઉત્કર્ષ પાછળ પણ આ વધારાનું દ્રવ્ય વપરાવા સામે વાંધો ન જ હોવો જોઇએ. ઉલટું સ્થાનિક સંઘની જરૂરિયાતો ઉપર સવિશેષ ધ્યાન અપાવું જોઇએ. અને આ બાબતમાં કોઇ પણ સ્થાનિક સંઘ પોતાની મરજી પ્રમાણે નિર્ણય લઇ શકે છે અને તે માટે કોઇ સાધુ કે આચાર્યની અનુમતિ કે પરવાનગીની જરૂર છે જ નહિ."

'જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ માત્ર સાધુ–સાધ્વીની જ્ઞાનવૃદ્ધિના ઉપયોગ માટે જ છે'–કમીશન સમક્ષ રજુ કરવામાં આવેલ આ પ્રકારના અભિપ્રાય સંબંધમાં તમારે શું કહેવું છે? તેના જવાબમાં તેમણે જણાવ્યું કે "જ્ઞાનદ્રવ્યનું આ ભારે સંકુચિત Interpretation–અર્થનિરૂપણ છે. 'જ્ઞાનદ્રવ્ય' શબ્દ એમ સૂચવે છે કે કોઇ પણ જ્ઞાનવૃદ્ધિના નિમિત્ત પાછળ આ દ્રવ્યનો ઉપયોગ થઇ શકે. આમાં સાધુ–સાધ્વી શ્રાવક તેમ જ શ્રાવિકાનો તો સમાસ થાય જ છે, પણ, જરા ઉદારતાથી અને વિશાળતાથી વિચારવામાં આવે તો જ્યાં જ્યાં અજ્ઞાનનિવારણની જરૂર હોય, જ્યાં જ્યાં જ્ઞાનવૃદ્ધિની આવશ્યકતા હોય ત્યાં ત્યાં આ જ્ઞાનદ્રવ્યના ઉપયોગ માટે પુરો અવકાશ છે એમ જ્ઞાનદ્રવ્ય શબ્દથી બરોબર સૂચિત છે."

હિન્દુ મન્દિરો તથા મઠોના વહીવટ સંબંધે તમારે કંઇ કહેવાનું છે? એવા પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે જણાવ્યું કે "આ સંબંધે જવાબ આપવાનું મારા અધિકારની તેમ જ અનુભવની મર્યાદાની બહાર છે. અને તેથી તે સંબંધમાં મારે કશું કહેવાનું નથી".

આ રીતે ઉપરની જુબાની પૂરી કરવામાં આવી.

પંખીઓને સંબોધન

(ઇટાલીમાં આવેલા એ સી સી ના સંત ફ્રાન્સીસે સદંતર વૈરાગ્ય ધારણ કર્યો હતો. એમણે ઇશ્વરના ગુણગાન અને તપશ્ચર્યામાં પોતાનું જીવન વ્યતીત કરેલું. મનુષ્ય તેમજ કુદરતમાં આત્મભાવથી એ જોતાં. તેઓ ગરીબ તથા તવંગર, પશુ અને પક્ષીને બોધ આપવા સંબોધતા. એમના 'A Sermon to the Birds' નામના ટૂંકા પ્રવચન પરથી નીચેનું કાવ્ય લખ્યું છે.)

રે પંખીડાં, પ્રભુગુણતણા ગાન ગાતાં રહો રે,
સ્રષ્ટાની આ બહુ જ કરુણા છે તમારી પરે તો;
દીધી શક્તિ ઉડણ કરવા મૌજથી સૌ દિશામાં,
દીધાં દેહે મનહર પટો ઢાંકવા રંગરંગી. ૧

કીધી રક્ષા પ્રલય સમયે સાચવી વ્હાણમાંહી,
જેથી થાયે મૃદુતમસમાં જીવનો ના વિનાશ;
વિશ્વે રાખ્યું અનિલ સમ છે તત્વ કાજે તમારે,
તેથી એવા સદય પ્રભુનો પાડ માનો વિશેષ. ૨

વાવો છો ના, નથી જ લણતા, દેય છે તો ય ખાવું,
પાણી પીવા મધુર ઝરણાં છે ય રાખ્યાં રચીને;
ખાડો ખીણો ભ્રમણ કરવા, મ્હાલવાને બનાવ્યાં,
વૃક્ષો દીધાં ઘર તંમતણા બાંધવા રક્ષણાર્થે. ૩

જાણ્યું છે ના સુતર વણવું કાંતવું તો કહીયે,
તે પીંછાથી તમ શિશુ સહે ઇશ ઢાંકે તમોને;
ચાહે કેવો, તમ હિત વિશે શું કર્યું જોઇને તે
સ્રષ્ટાના ના ગુણ વિસરજો, ચેતજો પાપથી તે;
ને ટેવીને સ્તવન કરજો ઇશનું સર્વ કાળે. ૪

વિઠ્ઠલદાસ પુરુષોત્તમદાસ દેસાઇ

વિષયસૂચિ

		પૃષ્ઠ
કલ્પના	લીના મંગળદાસ	૧૩
પ્રકીર્ણ નોંધ : કારમી મોંઘવારીના કારણે કપરું બનતું જતું મધ્યમ વર્ગનું જીવન, જૈન મહિલા સમાજ, મુંબઇ.	પરમાનંદ	૧૮
કરુણા–વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ	સ્વામી સત્યભક્ત	૨૦
દેવદ્રવ્ય અને બીજી કેટલીક આનુષંગિક બાબતો વિષે–	પરમાનંદ કુંવરજી કાપડિયા	૨૧

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂન ૧, ૧૯૬૧, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

દેહાન્તરધારી અન્તરાત્મા

[શ્રી અરવિન્દના અંગ્રેજી પુસ્તક 'The Problem of Rebirth'-'પુનર્જન્મની સમસ્યા'માંથી બીજા લેખનો અનુવાદ. અનુ: શ્રી રજનીકાન્ત મેઘાણી]

માનવબુદ્ધિની મર્યાદિતતા

માનવચિંતન મોટા ભાગના મનુષ્યોમાં પરીક્ષા કરાયા વિનાના ખ્યાલોના કોઇ અધકચરા અને અણઘડ સ્વીકારથી વિશેષ કશું હોતું નથી; એ એક ઊંધણશી ચોકીદાર જેવું છે અને જે કોઇ સારી રીતનો વેશ ધરીને અથવા સમજાય એવું રૂપ ધારણ કરીને આવે અથવા કોઇ પરિચિત સંજ્ઞાશબ્દ (password)ને મળતું કંઇ બોલી શકતું એને લાગે તેવાં સૌ કોઇને એ દરવાજામાં પેસવા દે છે. જે સૂક્ષ્મ બાબતો આપણા પાર્થિવ જીવન અને વાતાવરણની નક્કર હકીકતોથી દૂર છે તે બાબતમાં તો ખાસ કરીને આમ બને છે. જે માણસો સાધારણ બાબતોમાં સંભાળપૂર્વક અને ઝીણવટથી તર્ક કરતા હોય છે અને તેમાં ભૂલની સામે સાવધાની રાખવાને કોઇ બૌદ્ધિક અથવા વ્યાવહારિક ફરજ સમજતા હોય છે તેવા માણસો પણ જ્યારે વધારે ઊંચી અને વધારે મુશ્કેલ બાબતોને હાથમાં લે છે ત્યારે તદ્દન જ બેકાળજીભર્યા સ્ખલનથી સંતોષ માને છે. જ્યાં ચોક્કસાઇ અને સૂક્ષ્મ ચિંતનની સૌથી વધારે જરૂર હોય છે ત્યાં જ તેઓ અધીરા બની જાય છે અને તેમની પાસેથી જે શ્રમની માગણી કરાય છે તેનાથી તેઓ કંટાળે છે. મનુષ્યો ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુઓને માટે સૂક્ષ્મ વિચાર કરી શકે છે, પણ સૂક્ષ્મ વસ્તુઓને માટે સૂક્ષ્મતાથી વિચારવું એ તેમની બુદ્ધિની સ્થૂલતાને માટે એક અતિશય ભારી શ્રમનું કારણ છે; એટલે જ, જેમ કોઇ ચિતારો પોતાની ધારી અસર ન વ્યક્ત કરી શકે ત્યારે પોતાના જ ચિત્ર ઉપર પીંછી ફેંકે છે તેમ સત્ય તરફ ઝાંસો કરીને આપણે સંતોષ માનીએ છીએ. પરિણામે જે ધૂંધળાપણું ફલિત થાય છે તેને જ આપણે પૂર્ણરૂપનું સત્ય ગણી લઇએ છીએ.

પુનર્જન્મની પ્રચલિત કલ્પના

ત્યારે, પુનર્જન્મ જેવી કોઇ બાબતમાં જો માણસો અણઘડપણે વિચાર કરે તો તેમાં નવાઇ જેવું કશું જ નથી. જેઓ તેને સ્વીકારે છે તેઓ તેને કાં તો કાપી કૂપી સીધી બનાવેલી કોઇ ઉપપત્તિ (theory) તરીકે અથવા તો અણઘડ ધાર્મિક દુરાગ્રહ તરીકે જ ઘણું ખરું ગણી લેતા હોય છે. અંતરાત્મા નવા શરીરમાં ફરી જન્મે છે–આ અસ્પષ્ટ અને લગભગ અર્થહીન વિધાન તેમને માટે પૂરતું છે. પરંતુ અંતરાત્મા એટલે શું અને એના પુનર્જન્મનો વળી શો અર્થ ? એનો અર્થ તો દેહાંતર-ધારણ; અંતરાત્મા,–એ જે કંઇ હોય તે,–એક માંસપિંડમાંથી બહાર નીકળી જાય છે અને બીજા માંસપિંડમાં પેસે છે. આ તો તદ્દન સહેલું લાગે છે; પેલી અરબી વાર્તામાં આવે છે ને કે જીન પોતાની બાટલીમાંથી બહાર નીકળતું અને પાછું એમાં ભરાઇ જતું, તેમ અથવા તો એક ખોળમાંથી તકિયાને ખેંચી કાઢી બીજી ખોળમાં તેને ગડબી દેવામાં આવે છે તેમ. અથવા અંતરાત્મા પોતે જ માના પેટમાં પોતાનું શરીર ઘડે છે અને પછી તેમાં પેસે છે, અથવા તો, આપણે કહી શકીએ કે, હાડમાંસનું એક વસ્ત્ર કાઢી નાખી બીજું પહેરે છે. પણ જે આમ એક શરીરને છોડી દે છે અને બીજામાં પ્રવેશે છે તે શું છે? શું તે સ્થૂલ દેહાકૃતિમાં પ્રવેશનારું બીજું કોઇ લિંગ શરીર અને સૂક્ષ્મરૂપ છે, કે જેને કદાચ પ્રાચીન કલ્પનામાં અંગૂઠાથી યે નાનો પુરુષ કહ્યો છે? કે પછી તે દેહી બનનારું અર્થાત્ હાડમાંસનો ઇંદ્રિયગ્રાહ્ય આકાર ધારણ કરનારું, પણ સ્વયં નિરાકાર અને અગ્રાહ્ય એવું કશુંક છે?

બાહ્ય વ્યક્તિતા (Personality)

સામાન્ય અને પ્રાકૃત કલ્પના અનુસાર તો અંતરાત્મા બિલકુલ જનમતો જ નથી, પણ માત્ર કોઇ નવું શરીર જ જગતમાં જન્મે છે અને એ નવા શરીરમાં જે નિવાસ કરે છે તે તો એની એ જ જૂની, અણપલટાયેલી, પૂર્વનું શરીર છોડી દેનારી વ્યક્તિતા (personality) છે. જૉન રૉબિન્સન જ એક માંસાકૃતિમાં નિવાસ કરતો હતો અને મરણ સમયે એ એમાંથી બહાર નીકળી જાય છે; અને એ જૉન રૉબિન્સન જ આવતી કાલે અથવા કેટલાક સૈકા બાદ બીજી માંસાકૃતિમાં દેહાંતરગ્રહણ કરશે અને બીજા નામ સાથે અને બીજી પરિસ્થિતિમાં પોતાના પાર્થિવ અનુભવોનો ક્રમ ફરી પાછો ચાલુ કરશે. આપણે એમ કહીએ કે, એકિલીઝનો પુનર્જન્મ મેસિડોનના રાજા ફિલિપના પુત્ર એલેકઝાંડર રૂપે થયો, એનું ક્ષેત્ર પહેલાં કરતાં વધારે વિશાળ બન્યું તેમ જ પ્રારબ્ધ વધારે બળવાન બન્યું અને એ હેક્ટરને બદલે દરાયસનો વિજેતા બન્યો. પણ એ હજી એકિલીઝ જ છે, એની એ જ વ્યક્તિતા છે જે ફરી જન્મી છે અને માત્ર એના શારીરિક સંજોગો જ જુદા છે. દેહાંતરવાદની ઉપપત્તિમાં આજના યૂરોપીય તેમ આપણા સામાન્ય માનસને એની એ વ્યક્તિતાનું આ સાતત્ય જ આકર્ષે છે. કેમકે જીવનના મોહવાળા માણસને માટે વ્યક્તિતાનો અર્થાત્ જેને હું 'હું' કહું છું તે આ મનોમય, જ્ઞાનતંતુમય અને શારીરિક સમુદાયનો નાશ અથવા લય દુ:સહ છે, અને એનું સાતત્ય તેમ જ એના શારીરિક પુન: પ્રાકટયની આશા એને માટે મોટું આકર્ષણ છે. એના સ્વીકારમાં માત્ર એક જ વાંધો અંતરાયરૂપ બને છે; અને એ વાંધો છે સ્મૃતિના ખુલ્લેખુલ્લા વિચ્છેદનો.

આધુનિક માનસશાસ્ત્રી કહે છે કે સ્મૃતિ એ જ માનવ છે અને જો મને મારો ભૂતકાળ યાદ ન રહે, જો હું હજી અને હમેશ એની એ જ વ્યકિત છું એમ મને ભાન ન રહે, તો પછી મારી વ્યકિતતાના સાતત્યનું શું કામ, શો ઉપયોગ, શી મજા?

બૌદ્ધમતે પુનર્જન્મ

પ્રાચીન ભારતીય વિચારકોએ, પ્રાચીન બૌદ્ધ અને વેદાંતી વિચારકોએ કોઇ તદ્દન જુદા જ દષ્ટિબિંદુથી આ આખો વિષય તપાસ્યો હતો. (હું લૌકિક માન્યતા વિષે નથી કહેતો કેમકે તે તો આ બાબતમાં છેક જ અણઘડ અને વિચારરહિત હતી.) તેમને વ્યકિતતાના સાતત્યનો મોહ ન હતો; તેમણે એ સાતત્યને અમરપણાનું મોટું નામ આપ્યું ન હતું; તેમણે જોયું હતું કે વ્યકિતતા તો જે છે તે જ હોઇ, એટલે કે કોઇ અવિરત પલટાતો સમુદાય હોઇ, એની એ જ વ્યકિતતાનું ચાલુ રહેવુ અર્થ વિનાનું છે અને વદતોવ્યાઘાત (ઊલટાસૂલટું વચન) જેવું છે. તેમણે કોઇ સાતત્ય તો અલબત જોયું જ હતું અને એ શોધવાનો પ્રયત્ન પણ કર્યો હતો કે આ સાતત્ય શાનાવડે નિયત કરાયું છે અને જે તદ્દેવત્વ (એનું એ હોવાનું ભાન, identity) તેમાં પ્રવેશે છે તે કોઇ ભ્રાંતિ જ છે કે પછી કોઇ હકીકતનું, કોઇ સત્યનું નિદર્શક છે, અને જો સત્યનુ નિદર્શક હોય તો એ સત્ય શું હોઇ શકે? બૌદ્ધવાદીએ કોઇ પણ સાચા તદ્દેવત્વને સ્વીકારવાની ના પાડી. એણે કહ્યું કે આત્મા પણ નથી અને વ્યકિત પણ નથી; કોઇ નદીના અવિરત વહન જેવો અથવા કોઇ જ્વાલાના અવિરત જ્વલન જેવો શકિતનો કોઇ અવિરત પ્રવાહ ક્રિયા કરી રહ્યો છે. આ અવિરતપણું જ મનમાં તદ્દેવત્વનો ખોટો ખ્યાલ ઊભો કરે છે. એક વર્ષ પૂર્વે હું જે હતો તેની તે વ્યકિત હું આજે નથી, એક ક્ષણ પૂર્વે પણ જે વ્યકિત હતો તે પણ નથી. થોડી ક્ષણ પૂર્વે પેલા ઘાટ પાસેથી વહી ગયેલું પાણી અને હમણાં વહેતું પાણી યે કયાં એકનું એક છે? એના એ પટમાં પ્રવાહ અવિરત વહેતો હોવાથી જ તદ્દેવત્વનો ખોટો આભાસ જળવાઇ રહે છે. ત્યારે, એ સ્પષ્ટ છે કે દેહાંતરધારણ કરનાર અંતરાત્મા જેવું કશું નથી, પણ એના એ જ પટમાં સતત વહ્યા કરતું કર્મ જ માત્ર છે. આ કર્મ જ દેહી બને છે; કર્મ જ, જેને હું 'હું'રૂપ ગણું છું તે ખ્યાલોને અને ઇંદ્રિયદર્શનોના આ પલટાયા કરતા માનસને અને પાર્થિવ શરીરોની આકૃતિને સર્જે છે. એનો એ 'હું' તો છે જ નહીં, હતો પણ નહીં અને કદી હશે પણ નહીં. જ્યાં સુધી વ્યકિતતાની ભ્રાન્તિ ચાલુ રહે છે ત્યાં સુધી વ્યવહારમાં આનાથી કશો ફરક પડતો નથી અને અજ્ઞાનની ભાષામાં હું કહી શકું કે હું કોઇ નવા શરીરમાં ફરી જન્મું છું; વ્યવહારમાં તો મારે આ ભ્રાંતિના આધાર પર જ વર્તવું પડે છે. પણ આટલું સમજવારૂપ મને લાભ થયો છે કે આ બધુંય ભ્રમ છે અને એ ભ્રમ નિવારી શકાય તેવો છે; કોઇ નવું ધડતર ન થાય એ રીતે વર્તમાન સમુદાયને કાયમને માટે વિખેરી નાખી શકાય છે, જ્વાલાને હોલવી નાખી શકાય છે, પોતાને નદીરૂપ લેખનારા પટનો નાશ કરી શકાય છે અને પછી બાકી રહે છે અસત્, નિવૃત્તિ અને ભ્રમની પોતામાંથી જ મુકિત.

વેદાંતમતે પુનર્જન્મ

વેદાંતી આનાથી જુદા નિર્ણય પર આવે છે. એ તદ્દેવત્વને, આત્માને, સતત રહેતી અપરિણામી વાસ્તવિકતાને સ્વીકારે છે, પણ એ તો મારી વ્યકિતતા કરતાં ભિન્ન છે, જેને હું 'હું' કહું છું તેવા આ સમુદાય કરતાં ભિન્ન છે. આપણે હાથ ધરેલા વિષયને તદ્દન બંધબેસતી થાય એવી ઘણી સુંદર રીતે કઠ ઉપનિષદમાં એક પ્રશ્ન ઊભો કરવામાં આવ્યો છે. પિતાએ યમલોકમાં મોકલેલો નચિકેતા એ લોકના અધિપતિ યમને પૂછે છે: અમારી પાસેથી દૂર, આગળ ચાલી ગયેલા માણસનેય માટે કેટલાક કહે છે કે એ છે અને બીજા કેટલાક કહે છે કે એ નથી. એ બેમાં શું ખરું છે? એ મહાન ગતિનું સત્ય શું છે? એ પ્રશ્ન આવા સ્વરૂપમાં રજૂ કરાયો છે અને પહેલી નજરે તો એમ જ લાગે છે કે અમરપણાનો કોયડો એ શબ્દના યૂરોપીય અર્થમાં, એટલે કે એની એ જ વ્યકિતતાના મરણોત્તર સાતત્યના અર્થમાં જ ઊભો કરાયો છે. પણ નચિકેતા કંઇ એ પૂછતો નથી. એણે યમ પાસેથી ત્રણ વરદાન માગ્યાં, તેમાંના બીજા વરદાનમાં પવિત્ર અગ્નિનું જ્ઞાન માગ્યું, જેના વડે મનુષ્ય ભૂખ અને તરસની પાર જાય છે, દુઃખ અને ભયને પાછળ મૂકી આગળ જાય છે અને મોદપૂર્વક સ્વર્ગમાં સ્થિરપણે રહે છે. સાતત્યના અર્થનું અમરપણું તો એની જાણમાં જ છે, કેમકે એ પરલોકમાં જ ગયેલો હોઇ એને એની ખબર છે જ, પણ એને જે જાણવું છે તે તો વધારે ઊંડી અને સૂક્ષ્મ બાબત છે અને એને માટે યમ કહે છે કે પૂર્વે દેવોએ પણ એ બાબતની ચર્ચા કરી હતી, અને એ જાણવું સહેલું નથી, કેમકે એનો ધર્મ (કાયદો, કાનૂન) બારીક છે; મરણ પછી એવું કંઇક ચાલુ રહે છે જે એની એ જ વ્યકિત જેવું લાગે છે, જે નરકમાં જાય છે અને સ્વર્ગમાં આરોહણ કરે છે, પણ શું ખરેખર એની એ જ વ્યકિત આમ ચાલુ રહે છે? શું ખરેખર આપણે એ મનુષ્યને માટે કહી શકીએ ખરા કે "એ જ હજી છે," અથવા શું આપણે એમ ન કહેવું જોઇએ કે "હવે એ નથી?" યમ પણ એના જવાબમાં મરણોત્તર સાતત્યની વાત છેડતા જ નથી અને માત્ર એકાદ બે શ્લોકોમાં જ પુનર્જન્મની વાત પતાવી દે છે, કેમકે પુનર્જન્મને તો બધા ગંભીર વિચારકો વિશ્વ-સ્વીકૃત સત્ય તરીકે કબૂલે જ છે. યમ જેની વાત કરે છે તે તો આ પલટાતા આભાસોના અધીશ એવા આત્માની અર્થાત સાચા માનવની છે. એ આત્માના જ્ઞાન વિના વ્યકિતતાનું સાતત્ય અમર જીવન નથી, પણ માત્ર એક મરણ પરથી બીજા મરણ પરની ગતિ જ છે. આ બાહ્ય વ્યકિતના ઉપરથી જે સાચી વ્યકિત પ્રત્યે જન્મ છે તે જ માત્ર અમર બને છે. ત્યાં સુધી તો મનુષ્ય પોતાના જ્ઞાન અને કર્મના બળ વડે ફરી ને ફરી જનમતો લાગે છે, એક નામ પછી બીજું નામ, એક રૂપ પછી બીજું રૂપ પ્રગટ થાય છે, પણ કયાંય અમૃતત્વ નથી.

ત્યારે બૌદ્ધવાદીએ અને વેદાંતીએ ખરો પ્રશ્ન આ પ્રમાણે ખડો કર્યો છે અને તેનો ઉત્તર એકબીજાથી ભિન્ન રીતે આમ આપ્યો છે. વ્યકિતતાનું પુનર્ઘટન નવાં શરીરોમાં સતત થયા કરે છે, પણ આ વ્યકિતતા તો કાળના પ્રવાહમાં આગળ વહેતી અને એક ક્ષણ પણ એની એ ન રહેતી શકિતનું જ ક્ષર અથવા વિનાશી સર્જન છે. અને શારીરિક જીવન સાથે આપણને જકડી રાખનારો તેમ જ એને જ એના એ ખ્યાલ અને ઘાટ તરીકે એટલે કે જૅન રૉબિન્સન જ પાછો સીદી હુસેન રૂપે જન્મ્યો છે એમ ખૂબ આસાનીથી આપણા ઉપર ઠસાવનારો અહંભાવ તો મનનું એક સર્જન છે. એકિલીઝ કંઇ એલેકઝાંડર રૂપે જન્મ્યો ન હતો, પણ કાર્ય કરી રહેલા જે શકિતપ્રવાહે એકિલીઝનાં પ્રત્યેક ક્ષણે પલટાતાં તન-મન ઘડ્યાં હતાં તે જ પ્રવાહે આગળ વહીને એલેકઝાંડરનાં પ્રત્યેક ક્ષણે પલટાતાં તન-મન ઘડ્યાં. છતાં પણ પ્રાચીન વેદાંત કહે છે કે આ કાર્ય કરી રહેલી શકિતની પેલી પાર પણ કશુંક છે, જે એ શકિતનો ઇશ છે અને પોતાને માટે એ શકિત પાસે નવાં

નામરૂપો ઉત્પન્ન કરાવે છે. એ જ આત્મા, પુરુષ, મનુ, સાચી વ્યક્તિ છે. અહંભાવ તો શરીરી બનેલા માનસના વહી જતા પ્રવાહમાં પડતું એનું વિકૃત પ્રતિબિંબ જ છે.

પુનર્જન્મ કોનો ?

ત્યારે શું એ આત્મા જ દેહી અને દેહાંતરધારી બને છે? પણ આત્મા તો અવિનાશી, અવ્યય, અજન્મા અને અમર છે. આત્મા જનમતો નથી અને શરીરમાં અસ્તિત્વ ધારતો નથી; ઊલટું, શરીર જ જન્મે છે અને આત્મામાં અસ્તિત્વ ધારે છે. કેમકે આપણે કહીએ છીએ કે આત્મા તો સર્વત્ર, બધાં જ શરીરોમાં એક છે, પણ જેમ સર્વગત આકાશ જુદા જુદા પદાર્થો રૂપ બનતું લાગે છે અને અમુક અર્થમાં તેમનામાં રહેલું છે, તેવી જ રીતે આત્મા વસ્તુતઃ જુદાં જુદાં શરીરોમાં પુરાઈ જતો નથી તેમ જ તેના ટુકડા પણ થઈ જતા નથી. ઊલટું, આ બધાં શરીરો આત્મામાં રહેલાં છે. જો કે એ પણ એક અવકાશના ખ્યાલનો જ ભ્રમ છે અને આ શરીરો તો એણે પોતે પોતાની ચેતનામાં જન્માવેલાં પોતાનાં જ પ્રતીકો અને ઘડતરો છે. જેને આપણે વ્યક્તિગત અંતરાત્મા કહીએ છીએ તે પણ એણે ગ્રહેલા શરીર કરતાં નાનો નહીં પણ મોટો છે, એના કરતાં વધુ સૂક્ષ્મ છે અને તેથી જ એની સ્થૂલતાવડે એ સીમિત થયેલો નથી. મરણ વખતે એ પોતાનું શરીર છોડી દેતો નથી પણ તેને ફેંકી દે છે, એટલે જ કોઈ દેહ છોડનારો મહાન આત્મા મરણને માટે જૂનેરદાર ભાષામાં કહી દે છે કે "મેં શરીરને થૂંકી નાખ્યું છે."

મૃત્યુની વેદના

ત્યારે જે આપણને દેહાકૃતિમાં નિવાસ કરતું લાગે છે તે શું છે? અંતરાત્માને પોતાને નહીં પણ એનાં અંગોમાંનાં કેટલાંકને આચ્છાદિત કરનાર આ શરીરરૂપ આંશિક વસ્ત્રને જ્યારે અંતરાત્મા ફેંકી દે છે ત્યારે શરીરમાંથી જેને એ બહાર ખેંચી કાઢે છે તે શું છે? જેના બહાર નીકળવાવડે આ આંચકો લાગે છે, છૂટા પડવાની આ તીવ્ર તાણ અને વેદના થાય છે અને આ ભીષણ સંઘર્ષની લાગણી ઉત્પન્ન થાય છે તે શું છે? એ તો હૃદયગ્રંથિઓ વડે અને શરીરના તંતુ એ તંતુમાં વણાયેલી પ્રાણશક્તિ અને જ્ઞાનતંતુશક્તિનાં દોરડાં વડે શરીર સાથે જકડાયેલો સૂક્ષ્મ અથવા લિંગ દેહ છે. આને જ શરીરનો માલિક બહાર ખેંચે છે અને પ્રાણસૂત્રોનું ભીષણ રીતે તૂટવું અથવા ઝડપી કે ધીમી રીતે ઢીલાં થવું અને જોડનારી શક્તિનું પ્રયાણ થયું તે જ મૃત્યુની વેદના તેમ જ તેની મુશ્કેલીને ઊભી કરે છે.

વ્યક્તિ અને વ્યક્તિતા

ત્યારે આપણે પ્રશ્નનું સ્વરૂપ બદલી નાખીએ અને એમ પૂછીએ કે જો આત્મા અક્ષર છે તો પછી ક્ષર વ્યક્તિતાને જે પ્રતિબિંબિત કરે છે અને સ્વીકારે છે તે શું છે? વસ્તુતઃ આપણો આત્મા અક્ષર છે, સાચી વ્યક્તિ છે અને આ નિત્ય પલટાતી વ્યક્તિતાનો અધીશ છે અને વળી નિત્ય પલટાતા દેહોને ગ્રહણ કરે છે; પણ ખરો આત્મા તો હંમેશ પોતાને ફેરફારથી પર રહેલો જાણે છે ફેરફારને જુએ છે અને ભોગવે છે, પણ તેમાં લેપાતો નથી. આ ફેરફારોવડે પોતે લેપાતો ન હોવાનું જાણતો હોવા છતાં એ શાનાવડે એ ફેરફારોને ભોગવે છે અને તેઓ પોતાના હોવાનું અનુભવે છે? મન અને અહંભાવ તો અવર પ્રકારનાં કરણો છે; સાચો માનવ પોતાનું કોઈ એનાથી વધારે તાત્ત્વિક રૂપ પ્રગટ કરતો હોવો જોઈએ. જાણે કે પોતાની આગળ અને ફેરફારોની પાછળ, પોતે તેમનાથી પલટાયા વિના તેમને ટેકવવા અને પ્રતિબિંબિત કરવા ખડું કરતો હોવો જોઈએ. આ વધારે તાત્ત્વિક રૂપ મનોમય સત્તા અથવા મનોમય પુરુષ છે, જેને ઉપનિષદ મનોમયઃ પ્રાણશરીરનેતા–પ્રાણ અને શરીરનો મનોમય નેતા કહે છે. મનના એક કાર્યરૂપે અહંભાવને એ જ ટેકવી રહ્યો છે અને આત્માના કાલાતીત તદ્દેવત્વથી (તાદાત્મ્યથી) જુદા એવા કાલાત્મક તદ્દેવત્વનો (તાદાત્મ્યનો) ખ્યાલ દૃઢ કરવાને આપણને એ જ સમર્થ બનાવી રહ્યો છે.

પલટાતી વ્યક્તિતા કંઈ આ મનોમય વ્યક્તિ અથવા પુરુષ નથી; એ તો પ્રકૃતિના અનેકવિધ દ્રવ્યનો સમુદાય છે, પ્રકૃતિનું એક ઘડતર છે અને પુરુષ તો નથી જ. અને એ અનેક થરવાળો ઘણો જ ગૂંચભર્યો સમુદાય છે; ત્યાં એક થર પાર્થિવ, એક થર જ્ઞાનતંતુમય, એક થર મનોમય અને વળી એક આખરી થર અતિમાનસ વ્યક્તિતાનો પણ છે; અને આ થરોની પોતાની અંદર પણ દરેક થરના બીજા પેટા થરો છે. જેને આપણે વ્યક્તિતા કહીએ છીએ તે અદ્ભુત સર્જનના વિશ્લેષણની તુલનામાં પૃથ્વીનાં પડોની પરંપરાનું વિશ્લેષણ તો એક સાવ સહેલી બાબત છે. શારીરિક જીવન ફરી ધારણ કરતી વખતે મનોમય સત્તા પોતાના નવા પાર્થિવ અસ્તિત્વને માટે એક નવી વ્યક્તિતાને ઘડે છે; પાર્થિવ જગતના સામાન્ય અન્ન-દ્રવ્ય, પ્રાણ-દ્રવ્ય અને મનોદ્રવ્યમાંથી એ પોતાનું ઉપાદાન ગ્રહણ કરે છે અને પાર્થિવ જીવન દરમ્યાન સતત તાજું ઉપાદાન લીધા કરે છે, વપરાયેલું છોડી દે છે અને એ રીતે પોતાના શારીરિક, જ્ઞાનતંતુમય અને માનસિક દ્રવ્યને બદલ્યા કરે છે. પણ આ તો બધું બાહ્ય સપાટી પરનું કાર્ય છે; પાછળ તો છે પૂર્વના અનુભવરૂપી પાયો. સપાટી પરની ચેતનાને પૂર્વનો સભાન બોજો ત્રાસરૂપ કે અંતરાયરૂપ ન થાય પણ એ પોતાના હાથમાં લીધેલું કામ એકાગ્રતાથી કર્યા કરે એટલા માટે એ અનુભવને પાર્થિવ સ્મૃતિથી અળગો રખાયો છે. તે છતાં પણ પૂર્વાનુભવનો એ પાયો વ્યક્તિતાની દૃઢ આધારભૂમિ છે અને એ એટલું જ માત્ર નથી પણ એના ઉપરાંત એ આપણું ખરું ભંડોળ છે અને આપણી આસપાસની પરિસ્થિતિ સાથેના આપણા હાલના બાહ્ય સપાટી પરના વેપાર–વ્યવહાર ઉપરાંત અન્ય આન્તર બાહ્ય કાર્યો માટે પણ આપણે એ ભંડોળમાંથી જોઈતી રકમ હંમેશ ઉપાડી શકીએ છીએ. એ વેપાર આપણા નફામાં ઉમેરો કરે છે અને હવે પછીના જીવનને માટે પાયામાં ફેરફાર કરે છે.

વળી, આ બધું પણ પાછું બાહ્ય સપાટી પરનું જ છે. આપણો એક નાનો અંશ જ આપણા પાર્થિવ અસ્તિત્વની શક્તિઓમાં રહે છે અને કાર્ય કરે છે. જેમ પાર્થિવ વિશ્વની પાછળ બીજા જગતો છે અને આપણું જગત તો એ બધાંનાં આખરી પરિણામ રૂપ છે, તેમ આપણી અંદર પણ આપણા આત્મ–અસ્તિત્વનાં જગતો છે અને તેઓ જ આપણી સત્તાના આ બાહ્ય રૂપને બહાર ફેંકે છે. અવચેતના અને પરચેતના (the subconscient અને the superconscient) બે સમુદ્રો છે, જે આ નદીનાં મૂળ અને મુખ છે. આથી કોઈ દેહાંતર-ધારી અંતરાત્મારૂપે આપણું પોતાનું વર્ણન આપવું એ તો આપણા અસ્તિત્વના આશ્રયને ખૂબ જ સરળ બનાવી દેવા રૂપ થાય; એ તો પરમ જાદુગરના જાદુનો ખૂબ જ સહેલો અને ખૂબ જ સ્થૂલ ઉકેલ આપવા રૂપ થાય. અહીં નવા માંસપિંડમાં દાખલ થનારું કોઈ સુનિશ્ચિત ચૈત્ય સત્ત્વ નથી, અહીં તો બે વસ્તુઓ છે: એક, દેહાંતરગ્રહણ અને બીજું, ચૈત્યાંતરગ્રહણ, અંતરાત્માનો પુનઃ પ્રવેશ, કોઈ નવી ચૈત્ય વ્યક્તિતાનો પુનર્જન્મ. અને એની પાછળ છે વ્યક્તિ અથવા પુરુષ, અણુપલટાતું સત્ત્વ, આ સંકુલ ઉપાદાનને ઘડતો સ્વામી, આ આશ્ચર્યમય યજ્ઞનો પ્રણેતા.

પુનર્જન્મના કોયડા નો વિચાર કરવામાં આ જ આપણું આરંભ–બિંદુ છે. આપણને પોતાને કોઈ નવા માંસપિંડમાં પ્રવેશતી અમુક કે અમુક વ્યક્તિતા ગણવી એ તો અજ્ઞાનમાં અથડાવા જેવું છે અને ભૌતિક મન અને ઇંદ્રિયોની ભૂલને સમર્થન આપવા બરાબર છે. શરીર એક સગવડ છે, વ્યક્તિતા એક સતત થતું ઘડતર છે, જેના વિકાસને માટે કર્મ અને અનુભવ સાધનો છે; પણ જેની ઇચ્છા અને જેના આનંદને માટે આ બધું છે તે આત્મા તો શરીરથી ભિન્ન છે, કર્મ અને અનુભવથી ભિન્ન છે, તેમના વડે ઘડાતી વ્યક્તિતાથી તો ભિન્ન છે. તેની તરફ દુર્લક્ષ કરવું એ તો આપણી સત્તાના સમસ્ત રહસ્ય તરફ દુર્લક્ષ કરવા બરોબર છે.

પ્રકીર્ણ નોંધ

શ્રીમતી સરલાદેવી સારાભાઇ : એક પરિચય

તા. ૩૦-૪-૬૧ ના રોજ ભરાયલા શ્રી જૈન મહિલા સમાજના સુવર્ણ જ્યન્તી સંમેલનનું પ્રમુખસ્થાન શોભાવવા માટે ઉપસ્થિત થયેલાં શ્રીમતી સરલાદેવી સારાભાઇનો પરિચય આપવાની જવાબદારી મને સોંપવામાં આવેલી. તે જવાબદારીને અદા કરતાં શ્રીમતી સરલાદેવીનો નીચે મુજબ પરિચય આપવામાં આવ્યો હતોઃ-

અત્યારની સમયમર્યાદાને ધ્યાનમાં લેતાં સરલાદેવીના વ્યક્તિત્વનાં જે અનેક પાસાંઓ છે તેને પૂરતો ન્યાય આપવાનું અશક્ય છે. અત્યારે તો તેમના જીવનની આજ સુધીની ઉજ્જવળ કારકિર્દીમાંથી મુખ્ય મુખ્ય બાબતોનો ઉલ્લેખ કરીને સંતોષ માનવાનો રહે છે. સરલાદેવી સ્વ. સર હરિલાલ ગોસળિઆનાં પુત્રી થાય. પાંચ બહેનોમાં સરલાદેવી સૌથી મોટાં. સર હરિલાલ ગોસળિયા સૌરાષ્ટ્રના બહુ મોટા નામી માણસ. તેમનું હજી એક કે બે વર્ષ પહેલાં જ અવસાન થયું. સરલાદેવીનું શેઠ અંબાલાલ સારાભાઇ સાથે આજથી લગભગ ૫૧ વર્ષ પહેલાં લગ્ન થયેલું એ દિવસોમાં આ બનાવને એક મહત્વની સામાજિક ઘટના તરીકે વિચારવામાં આવી હતી. અતિ ધનાઢ્ય અને સ્વતંત્ર વિચારના લેખાતા યુવાન શેઠ અંબાલાલે જેમને પોતાની સહધર્મચારિણી તરીકે પસંદ કરેલાં તેમના વિષે અનેકની માફક મેં પણ એ દિવસોમાં ખૂબ કુતુહલ અનુભવેલું.

આ રીતે તેઓ અમદાવાદમાં આવ્યાં ત્યારથી તે આજ સુધી અમદાવાદના જાહેર જીવનમાં તેમનું અગ્રસ્થાન રહ્યું છે. સમયાંતરે તેમને બાળકો થયાં. આ બાળકોને ચીલા-ચાલુ નિશાળોમાં નહિ મોકલતાં તેમના શિક્ષણનો પોતાના જ નિવાસસ્થાને ઉચ્ચ કોટિના શિક્ષકો રોકીને તેમણે સ્વતંત્ર પ્રબંધ કર્યો. આ રીતે તેઓ શિક્ષણના પ્રશ્નોમાં રસ લેતાં થયાં અને શિક્ષણના ક્ષેત્ર પ્રતિ આકર્ષાયાં. ભાવનગરમાં ૧૯૨૦ કે ૨૧ ની સાલમાં બાલશિક્ષણના આદ્ય પુરસ્કર્તા ગિજુભાઇના માર્ગદર્શન નીચે મોન્ટીસોરી શિક્ષણ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનના પ્રમુખસ્થાને શ્રી સરલાદેવી બિરાજ્યાં હતાં. આ અગાઉ અમે કદાચ એકમેકને ઓળખતાં હોઇશું પણ અમારા પરિચયની શરૂઆત તો આ સંમેલનથી જ થઇ હતી. પ્રસ્તુત સંમેલનના પરિણામે સરલાદેવીના અધ્યક્ષસ્થાને મોન્ટીસોરી શિક્ષણ સંઘ ઉભો કરવામાં આવ્યો હતો, જેનું સમયાન્તરે 'નૂતન બાલ-શિક્ષણ સંઘ' એ પ્રકારે નામપરિવર્તન કરવામાં આવ્યું હતું. આ સંઘ દ્વારા ગિજુભાઇએ અને સરલાદેવીએ મીશનરી માફક બાલ-શિક્ષણને લગતી નવી દૃષ્ટિ અને પદ્ધતિનો કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ખૂબ પ્રચાર કર્યો હતો; અને બાલશિક્ષણને લગતા પ્રચલિત ખ્યાલોમાં તે બંનેએ મળીને પાયાની ક્રાન્તિ કરી હતી.

ગાંધીજી ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકાથી હિંદ ખાતે પાછા ફર્યા હતા શરૂઆતમાં તેમણે સરખેજ બાજુએ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી હતી. થોડા સમય બાદ સાબરમતી બાજુએ આશ્રમ ઊભો કરવામાં આવ્યો હતો. આ રીતે ગાંધીજી અમદાવાદ ખાતે સાબરમતીના કિનારે સત્યાગ્રહ આશ્રમમાં સ્થિર થયા ત્યારથી સરલા-દેવી અને એમનું આખું કુટુંબ ગાંધીજીના સંપર્કમાં આવ્યાં હતાં. અને આ સંપર્ક એક પ્રકારના જાણે કે કૌટુંબિક સંબંધમાં પરિણમ્યો હતો. આમાં પણ સરલાદેવી અને તેમનાં જ્યેષ્ઠ પુત્રી મૃદુલા-બેન ગાંધીજીના સતત પરિચયમાં રહ્યાં હતાં. આની અસર તેમના વૈભવશાળી જીવનને નવો આકાર આપવામાં પરિણમી હતી. વળી રાષ્ટ્રીય ભાવનાના રંગે પણ સરલાદેવી વધારે ને વધારે રંગાયે જતાં હતાં. ૧૯૩૦માં સવિનય સત્યાગ્રહની લડ-તનાં મંડાણ મંડાયાં. દાંડી કૂચથી આ લડતનું મંગળ મુહૂર્ત થયું. સરલાદેવી આ લડતમાં જોડાયાં અને અમદાવાદના ડીક્ટેટર બનીને જેલમાં ગયાં હતાં.

ગાંધીજી અમદાવાદ ખાતે આવીને વસ્યા ત્યારથી અમદા-વાદના જાહેર જીવનમાં નવું ઉત્થાન શરૂ થયું હતું. સરદાર વલ્લભભાઇ અમદાવાદના જાહેર જીવનના અગ્રેસર બન્યા હતા. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી. એ વર્ષોમાં સ્ત્રીઓના ઉત્કર્ષને લક્ષ્યમાં રાખીને 'જ્યોતિ સંઘ'ની સ્થાપના કરવામાં આવી હતી. સમયાન્તરે ત્યક્તા અથવા અસહાય નિરા-ધાર બહેનોને આશ્રય આપવા માટે 'વિકાસગૃહ' નામની સંસ્થા પણ ઉભી કરવામાં આવી હતી. આ બંને સ્ત્રીસંસ્થાઓના ઉદ્‌ભવમાં અને વિકાસમાં આજ સુધી સરલાદેવીએ અતિ મહ-ત્વનો ભાગ ભજવ્યો છે. સ્ત્રીવિષયક કે શિક્ષણવિષયક અમદા-વાદની કોઇ પણ એવી પ્રવૃત્તિ નહિ હોય કે જેમાં સરલાદેવીએ કાંઇ ને કાંઇ ભાગ ભજવ્યો ન હોય.

કસ્તુરબાના સ્વર્ગવાસ પછી અને ગાંધીજી જેલમાંથી છૂટ્યા બાદ કસ્તુરબા સ્મારકનિધિ ઉભો કરવામાં આવ્યો. સમસ્ત ભારતનાં ગામડાંઓમાં વસતી સ્ત્રીઓનો ઉદ્ધાર કરવો અને એ કાર્ય માટે સ્ત્રીકાર્યકર્તાઓ તૈયાર કરવા એ આ ટ્રસ્ટનો ઉદ્દેશ રહ્યો છે. આ નિધિના કાર્ય અંગે ગુજરાત, કચ્છ અને કાઠિયા-વાડને લગતી જવાબદારી સરલાદેવી પૂરી નિષ્ઠાથી આજ સુધી વહન કરી રહ્યાં છે. અમદાવાદ નજીક આવેલા કોબા ગામમાં કસ્તુરબાનિધિનું એક મોટું કેન્દ્ર ચાલે છે અને અહીં વિવિધ-લક્ષી તાલીમ આપીને ગામડાંઓ માટે સ્ત્રી-કાર્યકર્તાઓ તૈયાર કરવામાં આવે છે. આ કેન્દ્ર આજે સરલાદેવીનું મુખ્ય પ્રવૃત્તિ-કેન્દ્ર બન્યું છે અને તે પાછળ તેઓ પુષ્કળ સમય અને શક્તિ ખરચી રહ્યાં છે. વસ્તુતઃ કસ્તુરબા સ્મારકનિધિના કામ આડે તેમણે તેમની બીજી અનેક જાહેર પ્રવૃત્તિઓ સંકેલી લીધી છે, અને ગાંધીજી પોતાને આ કામ સોંપી ગયા છે તેને પાર પાડવામાં પોતાની બધી શક્તિઓ એકાગ્રપણે લગાડવી જોઇએ એવી ગાંધીનિષ્ઠા તેમને સતત પ્રેરી રહી છે, ધકેલી રહી છે.

આ તો તેમણે હાથ ધરેલી કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓની મેં વાત કરી. છેલ્લાં પચ્ચાસ વર્ષના અમદાવાદના જાહેર-જીવન ઉપર તેમના સેવાકાર્યની મુદ્રા જ્યાં ત્યાં અંકિત થયેલી માલુમ પડે છે. તેમની રીતભાત, તેમનું શીલ, તેમનું સૌજન્ય અને નમ્રતા તેમના વ્યક્તિત્વને જે સુભગ આકાર આપી રહેલ છે તે જોતાં ગુજરાતની સભ્યતા અને સંસ્કૃતિ તેમનામાં મહદ્ અંશે મૂર્તિમંત થઇ રહેલ છે એમ કોઇને પણ લાગ્યા વિના ન રહે. આજે પણ એક યુવાનને શરમાવે તેવી તેમનામાં કામ કરવાની ધગશ અને પરીશ્રમશીલતા છે. વળી જે કામ તેઓ હાથમાં લે તેને હિસાબ-કિતાબની દૃષ્ટિએ પૂરું વ્યવસ્થિત રાખવાનો તેઓ અસાધારણ આગ્રહ ધરાવે છે. પોતાના કામમાં પૂરી ચોકસાઇ એ એમનો વિશિષ્ટ ગુણ છે. તેમનું પ્રાકૃતિક માધુર્ય ભાગ્યે જ અન્યમાં જોવા અનુભવવા મળે છે. તેમને મળતાં નરી હાર્દિક-તાનો અને જેને Sinerity of Purpose કહે છે તેવી ઉંડી કાર્યનિષ્ઠાનો અનુભવ થાય છે. એક વાર ઓળખાણ થઇ અને પછી તેમની નજીકમાંથી પસાર થવાનું બને અને તેમનું ધ્યાન ખેંચાય તો, ગમે તેવી સાધારણ વ્યક્તિ હોય તો પણ તેને સરલા-

દેવી બોલાવ્યા વિના ન રહે. તેમનું આજનું જીવન એક દીક્ષિત સાધ્વી અથવા મીશીનરી જેવું છે. ગુજરાતનાં તેઓ ખરેખર એક ગૌરવમૂર્તિ છે. તેમનામાં આપણને આદર્શ ગૃહિણી અને વત્સલ માતાનાં પુનિત દર્શન થાય છે.

સર્વોદય આન્દોલન માટે આર્થિક મદદ:
સર્વ સેવા સંઘની અપીલ

અખિલ ભારત ચરખા સંઘના અધ્યક્ષ શ્રી નવકૃષ્ણ ચૌધરી તરફથી મળેલ તા. ૫–૫–૬૧ નો પરિપત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે:–

"ગાંધીજીએ દેશની સામે સ્વરાજ્યની જે કલ્પના રજુ કરી હતી તેમાં મુખ્ય વિચાર એ હતો કે લોકો સ્વયં પોતાના પગ ઉપર ઊભા રહેતા થાય તથા હિંસક સેના અથવા તો કેન્દ્રિય રાજ્યસત્તાનો આશ્રય લીધા સિવાય પરસ્પર પ્રેમ તથા સહકાર વડે બધું કામકાજ ચલાવે લોકસ્વરાજ્યની તેમની આ કલ્પના પૂરી કરવા માટે તેમણે સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ કોંગ્રેસને લોક સેવા સંઘમાં પરિણત થવાની સલાહ આપી હતી.

"અખિલ ભારત સર્વ સેવા સંઘ આજે ઉત્તરોત્તર અધિક પ્રમાણમાં ગાંધીજીની આ કલ્પનાની સમીપ જઈ રહ્યો છે.સર્વ સેવા સંઘે સન્ત વિનોબા દ્વારા ચલાવવામાં આવતા ભૂદાન–મૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાન્તિના આંદોલનને અપનાવી લીધું છે. તે સંઘ હિંસક શક્તિની વિરોધી અને દંડ–શક્તિથી નિરપેક્ષ એવી લોકશક્તિ પેદા કરવાની દિશામાં આગળ પગલું ભરી રહેલ છે. ગાંધીજી દ્વારા શરૂ કરવામાં આવેલ લગભગ બધી રચનાત્મક સંસ્થાઓ સર્વ સેવા સંઘમાં સમાવિષ્ટ થઈ ગયેલી છે.

"સર્વ સેવા સંઘનો મૂળ આધાર એ લોકસેવકો છે કે જેઓ દેશના ખૂણે ખૂણામાં સ્વતંત્ર લોકશક્તિ નિર્માણના વિધાયક ક્રાન્તિકારી કામમાં જોડાઈ ગયેલા છે. પ્રાથમિક સર્વોદય મંડળ. જિલ્લા સર્વોદય મંડળ તથા અખિલ ભારત સર્વ સેવા સંઘનું સંચાલન લોકસેવકો દ્વારા થઈ રહેલ છે. સંઘની પ્રવૃત્તિઓમાં ભૂદાન ગ્રામદાન–પ્રાપ્તિ અને તેની વ્યવસ્થા, શાન્તિસેનાનું સંગઠન, નઈ તાલીમ, ખાદી–ગ્રામોદ્યોગ, ગોસેવા આદિ પ્રવૃત્તિઓને લોક–સ્વરાજ્યની દિશામાં વાળવી, તથા લોકસ્વરાજ્ય માટે વ્યાપક લોકશિક્ષણનો કાર્યક્રમ અમલી બનાવવો–આ બે બાબત મુખ્ય સ્થાન ધરાવે છે.

"આ સર્વ પ્રવૃત્તિઓના સંચાલન માટે નથી સરકાર પાસેથી કોઈ પ્રકારની મદદ લેવામાં આવતી કે ન કોઈ કેન્દ્રિત નિધિ પાસેથી. ભૂદાન આન્દોલનના આરંભમાં ગાંધી સ્મારક નિધિ પાસેથી સહાયતા લેવામાં આવતી હતી. એ પણ જનાધારનો સંકલ્પ કર્યા બાદ બંધ કરવામાં આવી છે.

"આ સમગ્ર કામ માટે દેશભરમાં દર સાલ લગભગ ત્રીશ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. આ ખર્ચમાં સાદું જીવન ગાળતા હજારો કાર્યકર્તાના યોગક્ષેમનો ખર્ચ, પત્ર-પત્રિકા વગેરે પ્રકાશનનો ખર્ચ, તથા સમગ્ર આન્દોલનના સંચાલન માટે થનારો દફતર ખર્ચ સામેલ થાય છે.

"દેશની વિશાળતાને તથા કામની વ્યાપકતાને ધ્યાનમાં લેતાં આ ખર્ચ આવશ્યક છે. કોઈ મોટા લોકોના સહયોગ દ્વારા અથવા કોઈ કેન્દ્રિત નિધિના અવલંબન દ્વારા આ સર્વ ખર્ચને પહોંચી વળવાનો યત્ન થઈ શકે તેમ છે. પણ સર્વ સેવા સંઘનો એવો અનુભવ છે કે આ પ્રકારના આધાર ઉપર પ્રવૃત્તિઓ ચલાવવાથી લોકશક્તિનું નિર્માણ થઈ શકતું નથી. લોકસંમતિની દૃષ્ટિએ સર્વોદય પાત્ર, સ્તાંજલિ વગેરે કાર્ય તો સંઘે ચાલુ કરી જ દીધું છે. આ ઉપરાંત સંઘે એવો પણ નિર્ણય કર્યો છે કે અમારી આવશ્યકતાની અધિકતમ પૂર્તિ સર્વસાધારણ લોકોના દાન દ્વારા કરવી. સંઘનો આ વિચાર તેની આધારભૂત નીતિ અને લક્ષ્યને અનુકૂળ છે. દેશનાં ગામ–ગામ અને નગર–નગરમાં લાખો લોક એવા છે કે જેઓ સર્વોદય–આન્દોલનમાં પોતાનું યોગદાન કરવા ઇચ્છે છે. એવા લોકો માટે પ્રત્યક્ષ યોગદાનનો આ એક સારો અવસર છે.

"ચાલુ જૂન માસની ૧૫મી તારીખથી જુલાઈની ૩૧ મી તારીખ સુધી દેશભરમાં સર્વ સેવા સંઘ માટે આર્થિક સહાયતા માગવાનું કાર્ય હાથ ધરવામાં આવશે. દેશના સર્વ લોકોને અમે અપીલ કરીએ છીએ કે પૂરા દિલથી આ કાર્ય માટે યથાશક્તિ સહાયતા આપે અને આ રીતે સર્વોદય સમાજની કલ્પનાને સાકાર કરવામાં પોતાનો હાથ લંબાવે."

આ અપીલને માટે સર્વથા અનુમોદન છે અને એમ છતાં કહેવાનું પ્રાપ્ત થાય છે કે કોઈ પણ આન્દોલનને ચલાવવા માટે અને સફળ–પરિણામી બનાવવા માટે બંધારણપૂર્વકની સંસ્થાની, સંખ્યાબંધ કાર્યકર્તાઓની અને તેમને નિભાવવા માટે વિપુલ-નિધિની જરૂર છે–આ પ્રકારની વાસ્તવિકતાનું સર્વ સેવા સંઘના પ્રમુખને અને–પ્રસ્તુત અપીલને :વિનોબાજીનું સમર્થન છે એમ માની લઈને જણાવું તો–સર્વોદય આંદોલનના પ્રમુખ સૂત્રધાર વિનોબાજીને બહુ મોટું ભાન થયું છે અને તેથી નિધિવિષયક લક્ષ્યાંકને પહોંચી વળવાનું તેમના માટે અતિ મુશ્કેલ બન્યું છે. જ્યારે ભૂદાન આન્દોલનમાં ઘોડાવેગે પુર આવ્યું ત્યારે જળસંચય કરી લેવાનું વિચારાયું હોત તો આવી મુંઝવણ તેના કાર્યકર્તાઓને અનુભવવાનો વખત ન આવત.

બીજું સરકાર પાસેથી કશી આર્થિક સહાયતા ન લેવાનો સર્વ સેવા સંઘનો આગ્રહ અમુક રીતે સમજાય છે, પણ કોઈ પણ કેન્દ્રિત નિધિ પાસેથી કશું પણ નહિ લેવાના આગ્રહનો મર્મ સમજાતો જ નથી. આ બન્ને આગ્રહ જાળવવા જતાં પ્રત્યેક વર્ષ માટે ૩૦ લાખ રૂપિયા એકઠા કરવાનું અશક્યવત્ લાગે છે. આ બાબત અંગે સર્વ સેવા સંઘના પ્રમુખ કાર્યકર્તાઓને પુનઃ વિચાર કરવા અનુરોધ કરવામાં આવે છે.

સ્વર્ગસ્થ સાહિત્યોપાસક 'સુશીલ'નો જીવનપરિચય

ગુજરાતી સાહિત્યના આજીવન ઉપાસક શ્રી ભીમજીભાઈ સુશીલનું તા. ૧૫–૫–'૬૧ ના રોજ ૭૩ વર્ષની ઉમ્મરે ભાવનગર ખાતે અવસાન થયું. તેમનું આખું નામ ભીમજીભાઈ હરજીવન પારેખ. 'સુશીલ'એ લેખક તરીકેનું તેમનું ઉપનામ હતું. તેમના મિત્રો, સ્વજનો તેમને ભીમજીભાઈ યા સુશીલના નામથી સંબોધતા.

તેમનો જન્મ ઇ.સ. ૧૮૮૮ના જાન્યુઆરી માસની ૬૮ મી તારીખે સૌરાષ્ટ્રમાં આવેલ લીંબડી મુકામે થયો હતો. જન્મે તેઓ જૈન હતા. 'ગ્રંથ અને ગ્રંથકાર'માં તેમની જીવનકારકીર્દી અંગે જે વિગતો આપવામાં આવી છે તે મુજબ તેમણે લીંબડીની હાઇસ્કૂલમાં માત્ર અંગ્રેજી ચાર ધોરણ સુધી જ અભ્યાસ કરેલો. ત્યાર બાદ અમદાવાદની એક જૈન પાઠશાળામાં જૈન તત્વજ્ઞાનના અભ્યાસ માટે તેઓ દાખલ થયેલા અને તે દિશાએ જિજ્ઞાસા વધતાં કાશીની યશોવિજયજી જૈન પાઠશાળામાં દાખલ થઈને તેમણે પોતાનો અભ્યાસ આગળ વધારેલા અને સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ સાથે સાથે સંપાદિત કરેલું. આ દરમિયાન સ્વામી વિવેદાનંદનાં વ્યાખ્યાનોની તેમના ઉપર ભારે બળવાન અસર પડેલી અને સ્વામી રામતીર્થના ચરિત્રથી તેઓ ખૂબ પ્રભાવિત બનેલા, આમાં પણ સ્વ. વિજયધર્મસૂરીએ તેમના જીવનઘડતરમાં સૌથી વધારે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

કાશીના નિવાસ દરમિયાન જેટલું શક્ય હતું તેટલું જ્ઞાન સંપાદન કરીને તેઓ સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા અને લેખનપ્રવૃત્તિને તેમણે પોતાનો મુખ્ય વ્યવસાય બનાવ્યો. જુદા જુદા સામયિકોમાં તેમણે લખવા માંડયું અને એક ઉચ્ચ કોટિના લેખક તરીકે તેમની નામના ચોતરફ વધવા લાગી. લેખનપ્રવૃત્તિના અંગે તેઓ સામાજિક તેમ જ રાજકીય કાર્યકર્તાઓના પરિચયમાં આવતા થયા અને રાજકારણી રંગે રંગાવા લાગ્યા. ૧૯૩૦-૩૨ ની કાનૂનભંગની લડતમાં તેઓ સામેલ થયેલા અને ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં પકડાયેલા, જેના પરિણામે ૭ મહિનાની જેલયાત્રા તેમના ભાગ આવેલી.

આમ છતાં તેમના જીવનની મુખ્ય પ્રવૃત્તિ તો સાહિત્યક અને તેમાં પણ વિશેષે કરીને પત્રકારિત્વ સાથે જ જોડાયલી રહી. સામયિકોમાં, 'કચ્છ કેસરી,' 'જૈન', 'સૌરાષ્ટ્ર', 'કૂલછાબ', 'જય સ્વદેશી' (સાપ્તાહિકો), 'જય સ્વદેશી' (પાક્ષિક). અને 'જૈન પતાકા' 'યુગધર્મ' અને 'આનંદ' (માસિકો) આદિ પત્રોના તેમણે જુદા જુદા સમયે સહાયક તંત્રી તરીકે કામ કર્યું હતું. તેમાં પણ 'જૈન' સાપ્તાહિકના શરૂઆતનાં ત્રણ ચાર પાનાંની તંત્રીનોંધો તેમણે વર્ષો સુધી લખી હતી અને આ નોંધો દ્વારા તેમણે જૈન સમાજની તેમ જ વિશાળ રાષ્ટ્રના અનેક પ્રશ્નોની તથા મહત્ત્વની ઘટનાઓની વિચારપ્રેરક તેમ જ માર્મિક આલોચના કરી હતી.

આ ઉપરાંત તેમણે નાના મોટાં અનેક પુસ્તકો લખ્યાં છે. જેમાં ૭ જીવનચરિત્રોનો, ૨ ઐતિહાસિક પુસ્તકોનો, ૧૦ કથા સંગ્રહોનો, ૧૩ મોટી કથાઓનો અને ૧૨ અન્ય ગ્રંથોનો સમાવેશ થાય છે આમાં ચાર પુસ્તકો બંગાળી ઉપરથી અને એક મરાઠી ઉપરથી અને એક સંસ્કૃત ઉપરથી લખાયેલાં છે. આ વિગતો તેમની સાહિત્ય ઉપાસનાની ભવ્યતા અને વિશાળતાનો સચોટ ખ્યાલ આપવા માટે પૂરતી છે.

આ સાહિત્યવિભૂતિનું દેહાવસાન ગયા મહિનાની પંદરમી તારીખે થયું, પણ સાહિત્ય લેખક તરીકેનું અવસાન તો આજથી ૧૩ યા ૧૪ વર્ષ પહેલાં જ્યારે તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેમણે 'જૈન' પત્રની તંત્રીનોંધ લખવાનું છોડી દીધું ત્યારથી થઇ ચૂકયું હતું. એ બગડેલી તબિયત પછી કદિ સુધરી જ નહિ. સમય જતાં તેમના શરીર ઉપર પક્ષઘાતની અસર થઇ, અને હલનચલન ઉપર એકાએક મર્યાદા મૂકાણી. આ પરિસ્થિતિમાં તેમની સારસંભાળ લેવાનું બહુ મુશ્કેલ બની ગયું. કારણ કે તેમણે લગ્ન નહિ કરવાનો સંકલ્પ લગભગ જીવનના પ્રારંભથી જ કર્યો હતો અને તે મુજબ તેઓ જિંદગી ભર અપરિણીત જ રહ્યા હતા. આજથી દશ વર્ષ પહેલાં તેઓ જ્યારે પક્ષઘાતના અથવા તો કંપવાના ભોગ બન્યા ત્યારે સદ્‌ભાગ્યે સૌરાષ્ટ્ર સરકારે તેમની વર્ષોભરની અખંડ સાહિત્યસેવાની કદર કરીને તેમને અમુક આર્થિક મદદ આપી અને ભાવનગરના સર તખ્તસિંહજી હૉસ્પિટલમાં એક અલાયદા રૂમમાં કશા પણ વળતર સિવાય અનિયત મુદત માટે રહેવા, ખાવા વગેરેની જરૂરી બધી સગવડ કરી આપી અને જીવનનો અવશેષ કાળ તેમણે ત્યાં જ વ્યતીત કર્યો.

આમ લેખનકાર્ય પૂરતા તેમના સાહિત્યિકજીવનનો આજથી લગભગ તેર ચૌદ વર્ષ પહેલાં અંત આવેલો, પણ હાથ ઉપર આવતું ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય વાંચતા રહેવાનું, તેમજ મિત્રોને મળવા હળવાનું અને તેમની સાથે અનેક વિષયો ઉપર ચર્ચાઓ કરવાનું, પાછળનો અમુક શેષકાળ બાદ કરતાં ઠેઠ સુધી ચાલુ હતું. શ્રી ભીમજીભાઇ સાથે મને ઘણાં વર્ષોનો પરિચય હતો. ભાવનગર જાઉં ત્યારે તેમને એક બે વાર મળવાનું બનેજ, અને તેમને મળવું એટલે અનેક બાબતો અંગે તેમની સાથે વિચારવિનિમય કરવો. આ પ્રક્રિયા દરમિયાન તેમની પાસેથી સાહિત્યવિષયક પુષ્કળ માહિતી મળતી અને સામયિક પ્રશ્નો પર પણ તેમની પાસેથી હંમેશાં કાંઇ ને કાંઇ નવો પ્રકાશ લાધતો. તેઓ ચિન્તક અને વિચારક હતા અને તેમનું વાંચન ગુજરાતી તથા બંગાળી સાહિત્યના વિશાળ ક્ષેત્રને ગાઢપણે સ્પર્શેલું હતું. સ્વ. મેઘાણીના તેમ જ સ્વ. અમૃતલાલ દલપતભાઇ શેઠના તેઓ નિકટવર્તી મિત્ર હતા. જૈન સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. વળી તેઓ આજીવન અપરિણીત હોવા છતાં સામાન્ય રીતે જોવામાં આવે છે તે મુજબ તેઓ શુષ્ક, કડક વ્રતધારી, કે સંસાર વિષે વૈરાગી નહોતા. હળવી -અતિ ગંભીર નહિ એવી-ભૂમિકા ઉપર જીવનને જાણવું અને માણવું-આવી તેમની જીવનપદ્ધતિ હતી. ચા, પાન તથા તમાકુનું તેમને ચાલુ વ્યસન હતું. સાહિત્યનિષ્ઠા તેમના જીવનનો પ્રધાનસૂર હતો. સુરુચિ, રસિકતા, પ્રસન્નતા તેમની પ્રકૃતિને સહજપણે વરેલી હતી. તેમની સાથેના વાર્તાલાપમાં વિનોદ માર્મિકતાનાં તત્ત્વો, હંમેશા તાણાવાણા માફક વણાયેલાં રહેતાં. જૂનવાણી સમાજ અને આજની જરીપુરાણી સાધુસંસ્થા સામે તેમના કટાક્ષો ચાલ્યા જ કરતા હતા. તેમનું જીવન સાદું અને સરળ હતું. તેમનો સ્વભાવ ખૂબ પ્રેમાળ હતો. મહત્વાકાંક્ષા તેમની અતિ મર્યાદિત હતી અને 'હું એક ભારે આદર્શ જીવન જીવી રહ્યો છું' એવો કદી પણ તેમનો દાવો નહોતો. મર્યાદિત ક્ષેત્રમાં રહીને અથવા તો એ મર્યાદાને સ્વેચ્છાએ સ્વીકારીને જૈન સમાજની અને ગુજરાતી સાહિત્યની અને તેમાં પણ વિશેષે કરીને જૈન કથાસાહિત્યની તેમણે અનુપમ સેવા બજાવી હતી. તેમના અવસાનથી મને એક અંગત સ્નેહીની અને આપણા વિશાળ સમાજને એક આજીવન સાહિત્યઉપાસકની-એક શાન્ત, સ્વસ્થ, પ્રસન્ન માનવીની-ખોટ પડી છે.

તેમના લાંબા હૉસ્પીટલનિવાસ દરમિયાન પણ જ્યારે જ્યારે ભાવનગર જવાનું બનતું ત્યારે ત્યારે મોટા ભાગે હું તેમની પાસે જતો અને સાહિત્યના એ શતદલ કમળ જેવા ભીમજીભાઇની પાંખડીઓ ઉત્તરોત્તર એક પછી એક ખરતી જતી જોઇને ગ્લાનિ અનુભવતો. જેમની પાસે જઇએ તો વાતોનો છેડો જ ન આવે તેમની સાથે તબિયતના ખબર અન્તર પૂછવાથી ભાગ્યે જ વિશેષ કોઇ વાત ચાલે અને વખત જતાં તે પણ મુશ્કેલ બનતું ગયું, તેઓ શું કહે છે તે સમજવું કઠણ બનતું ગયું. આવી તેમની અસહાય દશા જોઇને મન ગમગીન બની જતું. આવા અર્થશૂન્ય પ્રયોજનશૂન્ય જીવનનો હવે અન્ત આવ્યો છે તે જાણી સાંભળીને મન શોકાતુર બનવા છતાં પણ એક પ્રકારની રાહત અનુભવે છે. આ સુચરિત સાહિત્યપરિણીત વ્યક્તિના સ્થૂળ દેહનો વિલય થયો છે, પણ તેનો સાહિત્યદેહ સાક્ષરદેહ-કંઇ કાળ સુધી જીવન્ત રહેવાનો છે અને આગામી સાહિત્યાભિમુખ પેઢીને પ્રેરણા આપવાનો છે એમાં કોઇ શક નથી.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
દેહાન્તરધારી અન્તરાત્મા	અ. રજનીકાન્ત મોદી	૨૩
પ્રકીર્ણ નોંધ : શ્રીમતી સરલાદેવી સારાભાઇ; એક પરિચય, સર્વોદય આન્દોલન માટે આર્થિક મદદ; સર્વ સેવા સંઘની અપીલ, સ્વર્ગસ્થ સાહિત્યોપાસક 'સુશીલ'નો જીવનપરિચય.	પરમાનંદ	૨૬
કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ	દલસુખ માલવણિયા	૨૯
અહિંસાપ્રેમીઓનું કર્તવ્ય	દેસાઇ વાલજી ગોવિન્દજી	૩૨

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

'પ્રબુદ્ધ જીવન'માં માંસના વિશેષ પ્રચાર અંગે શ્રી પરમાનંદભાઇએ 'बुभूक्षितः किं न करोति पापं' એ લેખ લખ્યો. તેનો સમગ્રભાવે સૂર એ છે કે સરકારને કહેવાનો કશો અર્થ નથી, પણ લોકોમાં કરુણાવૃત્તિને જાગૃત કરવા પ્રયત્ન કરીએ તો કાંઇક થાય ખરું. અને તેમણે એ પણ સ્વીકાર્યું છે કે આવી વિષમ પરિસ્થિતિમાં જ્યાં સુધી કરુણા જાગૃત થાય નહિ ત્યાં સુધી સરકારની પણ ફરજ છે કે તેણે માંસ માટેની પૂરી અદ્યતન સાધનોની સગવડ કરવી આવશ્યક છે. અને વળી માંસનિરોધમાં કાયદો કાંઇ કરી શકે નહિ. વળી તેમણે એ પણ જણાવ્યું છે કે આપણા દેશમાં મોટો ભાગ માંસાહારી છે. હવે આ વિધાનો વિષે વિચાર કરીએ.

આપણી સરકાર લોકસત્તાત્મક છે અને લોકોએ જ બુદ્ધિમાન માણસોને–જેઓ ચૂંટનારની દૃષ્ટિમાં લોકહિત વધારે સમજે છે અને કરશે–રાજ્યસત્તા સોંપી છે. તો આપણો એ અબાધ હક્ક છે જ કે આપણને જે ઉચિત લાગતું હોય તે વિષે તેમને વારંવાર કહીએ અને જો તે વિષે તેઓ બેદરકાર રહે તો ફરી તેવા નકામા માણસોને ચૂંટીએ પણ નહિ. એટલે મને તો લાગે છે કે લોકો કરતાં સરકારને કહેવાથી જે કામ બહુ સરળતાથી પતે તેવું છે તેને લોકોને કહેવા કરતા સરકારને જ કહેવું જોઇએ. જવાહરલાલજીએ ગાયના માંસને પરદેશ મોકલવાનુ બંધ કર્યું હતું તે કાંઇ કરુણાવૃત્તિથી નહિ કે ગાય તરફ તેમની વિશેષ ભક્તિ ઉભરાઇ આવી હતી તેથી નહિ, પણ ભારતના લોકમાનસને ઓળખીને અને તે પણ તે કાળે થતાં ઉગ્ર વિરોધને જોઇને. એ વિરોધ જરા ઢીલો પડયો અને સરકાર સ્થિર થઇ એટલે પ્રજાને જાણ કર્યા વિના પાછું એ ગોમાંસ પરદેશ જવું શરૂ થયુ હોય તેમાં આપણા જોવાની મનોવૃત્તિએ જ બળ આપ્યું છે. સરકાર તો વિષમ પરિસ્થિતિમાં જે ફાવે તે કરી શકે છે. આ મનોવૃત્તિ ખાસ કરીને જેઓ ગાંધીજીની અહિંસામાં અને કરુણાવૃત્તિમાં માને છે તેમણે ત્યાગવી જ જોઇશે, અને સદૈવ સરકારને જાગૃત કરવી જ જોઇશે. અન્યથા આજે તો હજી ગાંધીજીના સીધા વારસો છે ત્યારે તેમને ગાંધીજીના નામની શરમ છે, પણ જો બીજા કોઇ રાજ્યકર્તા થશે તો તેમને કશી જ એવી શરમ નડવાની નથી, એ સ્થિતિમાં પછી કરુણાવૃત્તિ અને અહિંસાને શો અવકાશ રહેશે? એટલે આ બાબતમાં સરકારને કાને સતત વિરોધી સૂરો પ્રબળપણે અથડાવા જ જોઇએ. તો જ તેની જાગૃતિ ટકી રહેશે. અન્યથા સરકારમાં આ બાબતમાં ઢીલું વલણ રહે તે સ્વાભાવિક છે.

અહિંસાનો વિકાસ માનવમનમાં કેવળ કરુણાવૃત્તિથી થાય છે એમ પણ નથી, પણ કાયદાથી પણ થાય છે. ગુજરાતમાં જે અહિંસાનો વિકાસ દેખાય છે તેને કેવળ કરુણાવૃત્તિ જ નહિ કહી શકાય. તેમાં મધ્યકાલીન રાજસત્તાએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. રાજા કુમારપાળ જેવાએ જ્યારે અમારી ઘોષ કર્યો હશે, અગર મુગલ બાદશાહો અકબર જહાંગીર જેવાએ અમુક તિથિમાં હિંસાનિષેધનાં ફરમાનો કાઢયા હશે ત્યારે તેને શું બધી પ્રજાએ રાજી થઇને વધાવી લીધા હશે? એવું કશું જ માનવાને કારણ નથી. પણ તે ઘોષની પાછળની દંડશક્તિને કારણે એક વાર હિંસા બંધ થઇ અને ત્યાર પછી ક્રમે કરી કરુણાવૃત્તિના જાગરણથી ગુજરાતના લોકોમાં અહિંસાવૃત્તિ દૃઢ થઇ તે જ પ્રમાણે પ્રાચીન કાળમાં અશોક વિષે પણ કહી શકાય. તેણે ધર્મશાસનોમાં માંસાહાર લોકો ક્રમે ક્રમે છોડે તે આદેશ આપ્યો છે અને પોતે પણ ઓછો કર્યો છે, એવી સૂચના છે. તેમાં તેના એટલે કે એક રાજાના શાસનની મહત્તાને કારણે જે માંસાહાર ઓછો થયો હશે તે શું માત્ર રાજ્યસત્તા વિનાના પુરુષના ઉપદેશથી થાય એમ છે? આપણો પ્રત્યક્ષ અનુભવ છે કે ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે ધરખમ પ્રયત્ન કર્યો છતાં જ્યારે કાયદો તેની સહાયમાં આવ્યો ત્યારે અસ્પૃશ્યતા નિવારણને જે ગતિ મળી છે તે માત્ર ઉપદેશથી મળી નથી. બીજાં બધાં પરિબળો કાયદાને સહાયક બને પણ કાયદાની શક્તિ એ આમ જનતા માટે સૌથી ચડિયાતી છે અને પ્રજામાં જે વસ્તુને સ્થિર કરવી હોય તેમાં ઉપદેશ કરતા કાયદો જ બળવાન બને છે. સામાજિક સુધારાઓ વિષે પણ કાયદાથી જે થયું છે તે શું સાધારણ જનતાના મતને આધારે થયું છે કે અમુક પ્રભાવશાળી પુરુષોની દૃઢપ્રતીતિને કાયદાનું રૂપ મળ્યે થયું છે? એટલે વસ્તુતઃ આપણને જો એમ લાગતું હોય કે કરુણાવૃત્તિ એ જીવનમાં એક આવશ્યક વૃત્તિ હોવી જોઇએ તો પછી તદ્નુરૂપ કાયદા ઘડાવવા પ્રયત્ન કરવો જ જોઇએ અને સરકાર માંસાહારની પ્રવૃત્તિને ઉત્તેજન ન આપે તે જોવું જ જોઇએ. અને આપતી હોય તો લોકોના હૃદયપરિવર્તનની રાહ જોયા વિના જ સરકાર સમક્ષ વિરોધના સૂરો વહેતા મૂકવા જ જોઇએ.

સરકારની એ ફરજ તો જરૂર છે કે જે માંસાહાર કરતા હોય તેમના આરોગ્યને નુકસાન થાય એવું માંસ તેમને ન મળે અને તે માટે તે નિયમન કરે. પણ જો આપણે એટલે કે ભારત અહિંસાને માર્ગે આગેકૂચ, ભલે પછી તે ધીમી હોય પણ એ જ માર્ગે આગળ વધવાનું હોય અને નહિ કે હિંસાને માર્ગે, તો પછી એવું તો કશું જ સરકારે ન કરવું જોઇએ. જેનું અંતિમ પરિણામ હિંસાના જ વિકાસમાં પરિણમે. આથી માંસાહારીઓના આરોગ્યના રક્ષણ નિમિત્તે જે કરવું હોય તેમાં વાંધો ન હોય, પણ તેમના તે આહારને ઉત્તેજન મળે તેવું તો કશું જ કરવું ન જ જોઇએ. અહિંસાના માર્ગમાં મનુષ્ય માંસાહાર છોડે એ પણ એક સોપાન છે જ. તો પછી માંસનો વ્યાપાર અને તે દ્વારા કમાણી કરી દેશને સમૃદ્ધ કરવાની વાત અહિંસાના માર્ગે જતા દેશે છોડવી જ જોઇએ. દેશ સમૃદ્ધ થાય એ આવશ્યક છે, પણ તેથી પણ વધારે આવશ્યક દેશ સંસ્કારી થાય એ છે. સમૃદ્ધિ લાવવી સહેલી છે પણ સંસ્કાર લાવવા સહેલા નથી. અને આ દેશમાં માંસ ન ખાવાના સંસ્કારનો, અને તે સારો સંસ્કાર છે, તો તેનો નાશ કરી આપણે સમૃદ્ધિ પ્રાપ્ત કરવી એ વસ્તુતઃ દેશને બરબાદ કરવા જેવું જ થશે. સંસ્કારને લોપીને પ્રાપ્ત કરેલ સમૃદ્ધિ સમગ્ર પ્રજાજીવનને જ ભરખી લેશે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

હું જ્યારે કાયદાનું સમર્થન કરું છું ત્યારે મેં એક સિદ્ધાન્તની જ વાત કરી છે, પણ તેનો એવો અર્થ તો નથી જ કે સરકાર અત્યારે એકદમ કાયદો કરીને માંસાહાર બંધ કરે, પણ એ અર્થ તો જરૂર છે કે સરકાર અત્યારે માંસાહારને સમર્થન ન આપે અને માંસાહારની વિશેષ સગવડો ઊભી ન કરે અને એવો કાયદો પણ જરૂર કરી શકે જેથી પરદેશમાં માંસની નિકાસ બંધ થાય. એવો કાયદો પણ જરૂર કરી શકે અને કર્યો પણ છે કે દૂધાળુ જાનવરની કતલ ન થાય, અને ક્રમે કરી માંસભોજન માટે કોઇ પણ જાનવરની કતલ ન થાય એવો કાયદો પણ કરી શકે. પણ આ બધું તો જ થાય જો આપણા દેશની નિષ્ઠા અહિંસામાં છે અને હિંસામાં નથી એનું

પ્રથમ નક્કી થાય. એ નક્કી થયે જ ક્રમે કરી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાંથી હિંસાની શક્ય એવી નાબૂદી કરવા પ્રયત્ન થાય, એ નિષ્ઠા જ જો ન હોય અને હિંસા તરફ જ દેશે પ્રયાણ કરવું હોય તો તો પછી અહિંસાની અને શાંતિની વાતો આ દેશે કરવી છોડી દેવી જોઇએ.

શ્રી પરમાનંદભાઇ અને શ્રીમતી વત્સલાબહેન મહેતા બંને એમ સામાન્યપણે માને છે, કે ભારતમાં માંસાહારી વર્ગ મોટો છે અને વત્સલાબહેન તો વિશેષમાં કેટલાક આખા પ્રાંતના પ્રાંતોને માંસાહારી માને છે. આનો અર્થ જો એમ હોય કે ભારતમાં નિરામિષાહારી કરતા માંસાહારી વધારે છે તો તે એક મોટો ભ્રમ છે યૂ. પી., બિહાર, બંગાળ વિગેરેમાં બ્રાહ્મણો પણ માંસ ખાય છે એ સાચું છે, પણ તેનો અર્થ એવો નથી કે બધા બ્રાહ્મણો ખાય છે. માત્ર શૈવ અને તંત્રમાર્ગી અને તેમાં ગણ્યા-ગાંઠ્યા બ્રાહ્મણો ખાય છે અને વૈષ્ણવ બ્રાહ્મણો તો તેનો સ્પર્શ પણ કરતા નથી, અને બંગાળ વગેરેમાં શૈવ કરતા વૈષ્ણવો વધારે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. વળી આ દેશમાં ગરીબી એવી છે કે વધારે વર્ગને માંસ પોસાતું પણ નથી અને તે કારણે પણ માંસાશી વર્ગ મોટો છે જ નહિ, કારણ ગરીબ વર્ગ જ ભારતમાં મોટો છે. ગરીબીને કારણે પણ જેમણે માંસ છોડ્યું છે તેમનામાં પણ તે પ્રત્યેની ધૃણા સહજ છે. હવે તે ધૃણાને નિવારી તેમને માંસ પ્રત્યે પ્રેરવા તેમાં દેશની શી ભલાઇ છે?

શ્રી. પરમાનંદભાઇના લેખના અનુસંધાનમાં શ્રીમતી વત્સલાબહેને જે લખ્યું છે તેના કેટલાક ચર્ચાસ્પદ મુદ્દા આ છે:- (૧) વેદ-સ્મૃતિમાં માંસનું સમર્થન છે; (૨) માંસાશી લોકો શરીર ટકાવવા જરૂરિયાત માની ખાય છે પણ જૈનો રેશમ-મોતીનો હિંસક ધંધો શા માટે કરે છે? એ કાંઇ જરૂરિયાત નથી. રેશમનો નિકાસ કરનારા જૈનો માંસના નિકાસનો વિરોધ કેમ કરે છે? બન્નેમાં સરખી હિંસા કેમ નહિ?; (૩) વાંદરાની નિકાસમાં બોટું શું છે? તે આપણને જે નુકસાન કરે છે તે ઓછું કરશે અને વળી તેમના ઉપર પ્રયોગ થવાથી માનવના આરોગ્યનું રક્ષણ થાય છે-તો આપણો પ્રિયજન બચે એ આપણને ઇષ્ટ કે વાંદરો? વાંદરા કરતાં મનુષ્યનું જ જીવન કીમતી છે તો તે જ બચવું જોઇએ.

(૧) એ સાચું છે કે વેદ-સ્મૃતિ વગેરેમાં માંસાશનના વિધાનો છે, પરંતુ વત્સલાબહેન એ ભૂલી જાય છે કે આજનું આપણું જીવન એટલે કે કટ્ટર બ્રાહ્મણનું જીવન પણ વેદ-સ્મૃતિને આધારે નથી ચાલતું, પણ ધાર્મિક નિબંધો જે સ્મૃતિ-ઓની વ્યાખ્યા રૂપ બન્યા છે તેને આધારે ચાલે છે અને તેથી જ કાલવર્જ્ય ગણીને યજ્ઞની હિંસા અને માંસાશન ચુસ્ત બ્રાહ્મ-ણોમાં નાબૂદ થયું છે. પાકા સનાતની ગણાતા કરપાત્રી મહા-રાજ યજ્ઞસંસ્થાનો પુનરુદ્ધાર કરવા માગે છે એ જાણીતી વાત છે. તેઓ પણ એકવાર પૂનાના હિંસક પશુયજ્ઞ જોઇને આંચકો અનુભવી પાછા ફર્યા. અને આ રીતે તેઓ પણ યજ્ઞમાં હિંસાના સમર્થક નથી અને અહિંસક યજ્ઞો કરવાનું સમર્થન કરે છે અને માંસાશનનો પણ વિરોધ કરે છે. આ બધું વેદ પછીના જમાનામાં ભારતમાં અહિંસાનો સંસ્કાર જે વિકસ્યો તેનું ફળ છે. એટલે માંસાશનના સમર્થનમાં એ જૂની પુરાણી સ્મૃતિઓ ટાંકવી એ નિરર્થક છે અને આપણે કરેલા વિકાસના કાંટાને પાછો ફેરવવા જેવું છે. સ્વયં વેદ-બ્રાહ્મણકાળમાં, તે જ શાસ્ત્રોમાં હિંસા વિરુદ્ધ અહિંસાનું જે સમર્થન થયું છે અને ઉત્તરોત્તર તે વૈદિક વાઙ્મયમાં અહિંસાવિચારધારાનો કેવો વિકાસ થયો છે એનો ઇતિહાસ વત્સલાબેન તેના અભ્યાસી હોવાનો દાવો કરે છે, તે ન જાણે એમ તો બને નહિ, પણ પ્રસ્તુતમાં હિંસાનું સમર્થન કરતા તે ભૂલી જાય છે એમ જ કહેવું પડે. તેઓ તો નહિ; કારણ તેઓ તો એ શાસ્ત્રના અભ્યાસી છે, પણ બીજાઓ "Morals in Brahmanas" એ નામનો ડા. કર્ણિકનો લેખ જે મુંબઇ યુનિવર્સિટીના જર્નલના સપ્ટેમ્બર ૧૯૫૮ (આર્ટ નં. ૩૩)માં પ્રકાશિત થયો છે તે વાંચશે તો જણાશે કે એ કાળે પણ અહિંસાનો કેટલા પ્રમાણમાં વિકાસ હતો. અને ત્યાર પછી તો અશોક અને કુમારપાળ જેવા રાજાએ તેના પ્રચારમાં જે કર્યું તે જાણીતું જ છે. એ જ રીતે આધુનિક યુગના પ્રબળ વેદસમર્થક અને યજ્ઞસમર્થક બ્રાહ્મણ સંન્યાસી દયાનંદ સ્વામીએ હિંસા વિરોધમાં જે પ્રચાર કર્યો છે તે જાણીતો છે. આવી સ્થિતિમાં અહિંસાને માર્ગે જે સિદ્ધિ આપણે પ્રાપ્ત કરી છે તે જો ત્યાગવા જેવી ન હોય તો, અને નથી જ, તો પછી વેદના-સ્મૃતિના માંસાશનના સમર્થ-નને આ ટાંણે યાદ કરવાનો કશો અર્થ નથી.

(૨) માંસાશી લોકો જરૂરિયાત માની માંસ ખાતા હોય એટલા ઉપરથી તેની જરૂરિયાત તેમના પૂરતી ગણાય. પણ આપણો દેશ સમગ્રભાવે જોતાં નિરામિષાહારના વલણવાળો છે તો તેણે પોતાના એ વલણને પુષ્ટિ મળે એ માર્ગો અપનાવવા જોઇએ અને નહિ કે જે સંસ્કારોનું પોષણ તે પેઢીઓથી કરતો આવ્યો છે તેને તિલાં-જલી આપવાનું વલણ સ્વીકારવું જોઇએ. ધંધાર્થે માંસ વેચે એ પ્રશ્નને અને દેશ માંસનો વેપાર અપનાવે એ પ્રશ્નને એક ત્રાજવે તોળાય નહિ: એમ તો માણસ ભૂખનો માર્યો, બેકા-રીનો માર્યો ચોરી કરે, આપઘાત કરે—આવા આવા અનેક કુકર્મો કરે, પણ તેથી કાંઇ સમગ્ર દેશે ચોરીનું અગર આપઘાતનું વલણ સ્વીકારવું જોઇએ એવું નથી. પણ લોકો ચોરી ન કરે, આપઘાત ન કરે એવું અર્થતંત્ર કે કાય-દાતંત્ર ગોઠવવું એ દેશનું કામ છે. આથી જ મનુસ્મૃતિમાં કહેવાયું છે કે "प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला" તેમ જો દેશે અહિંસાને માર્ગે આગળ વધવાનું સ્વીકાર્યું હોય તો તેણે માંસનો વેપાર તો ન જ કરવો જોઇએ એ દીવા જેવી વાત છે. અર્થતંત્ર કે વિકાસ-યોજનાતંત્ર એવું ગોઠવવું જોઇએ કે જેથી દેશના સાગ સંસ્કારો ટકી રહે અને લોકો સન્માર્ગે ટકી રહે એવી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ, અને નહિ કે ગમે તે માર્ગે દેશમાં આવકનાં સાધનો ઊભા કરવા જોઇએ. જો એમ જ હોય તો પછી આપણા દેશે વૈજ્ઞાનિકો દ્વારા અણુબોંબ જ ઉત્પન્ન કરીને આપણા આસપાસના દેશોમાં વેચવા જોઇએ; શા માટે શાંતિ માટેના અણુસંશોધનને મહત્વ આપવું? આપણે તો પૈસાની જ જરૂર છે ને? શાંતિ કે અહિંસાની શી જરૂર છે? તાત્પર્ય એ જ કે શક્તિ છતાં આપણે શાંતિને માર્ગે જ અણુશક્તિનો ઉપયોગ સ્વીકારીએ છીએ તો પછી માંસનો વ્યાપાર કરી દેશનું શું હિત થવાનું છે એ પણ વિચારવું જોઇએ.

જૈનો રેશમ કે મોતીનો વેપાર કરે છે તો તેમાં કેમ વાંધો નથી ઉઠાવતા અને માંસના વેપારમાં વાંધો શા માટે ઉઠાવો છો એવો પ્રશ્ન પણ વત્સલાબેનનો છે. બધા જૈનો કાંઇ સરખા નથી. માત્ર જન્મે નહિ પણ સંસ્કારે પણ જે ખરા જૈનો છે તેઓ તો એનો વિરોધ કરે જ છે અને એવા દાખલા પણ આપી શકાય તેમ છે. જ્યારે મોતીની ઉત્પત્તિ કઇ રીતે થાય છે તે જાણવામાં આવ્યું ત્યારે લાખો રૂપિયાનો નફો છોડી દઇ એ વેપાર બંધ કરનારાઓ આ જૈન કોમમાં નથી પાક્યા એમ નથી. અજ્ઞાનને કે સ્વાર્થને

કારણે માણસ જે કામ કરે તેનું સમર્થન ન કરી શકાય. પોતાને અહિંસક કહેવરાવવા છતાં જે જૈનો રેશમ કે મોતીનો વેપાર કરતા હોય તે ખરેખર અજ્ઞાની કે સ્વાર્થી છે પણ તેથી તેવાનું દૃષ્ટાંત આપીને આપણે માંસના વેપારનું સમર્થન ન કરી શકીએ એ કહેવાની જરૂર જ નથી. અને જૈનોમાં રેશમ અને તેવી હિંસક ચીજોને વ્યાપાર તો શુ પણ વાપર પણ બંધ કરવાનાં આંદોલનો આધુનિક કાળે થયાં છે તેની વત્સલાબેનને કદાચ ખબર નથી. વત્સલાબેનની પોતાની દલીલ છે કે વાંદરા કરતા મનુષ્યનું મહત્ત્વ વધારે છે, એ જ ન્યાયે કોઇ તેમને એમ પણ કહી શકે કે ગાયનું માંસ અને માછલીના મોતીમાં કે રેશમના ઉત્પાદનમાં થતી હિંસા સરખી નથી. એટલે જૈનો માંસાશનનો વિરોધ કરે છે તેટલા બળથી રેશમ કે મોતીનો વિરોધ નથી કરતા તો તેમાં વત્સલાબેનની દૃષ્ટિએ કાંઇ અનુચિત ન જ ગણાવું જોઇએ. આ તો એક દલીલ ખાતર દલીલ છે. પણ વસ્તુસ્થિતિ તો એ છે કે જૈનોના આચાર્યોએ અને સાંખ્ય તેમ જ શાંતિદેવ જેવા બૌદ્ધ આચાર્યોએ અહિંસાનો વિચાર ઘણો જ સૂક્ષ્મતાથી કર્યો છે અને તેમાં તેમણે ગૃહસ્થને નિરવદ્ય ધંધો સ્વીકારવા ખાસ ભલામણો કરી છે અને હિંસક ધંધાના નિષેધ ઉપર ભાર આપ્યો છે. એટલે એ સાચું જ છે કે જૈનો મોતીનો વ્યાપાર કરે તે અનુચિત જ ગણાવું જોઇએ. પણ તેમના એક દૂષણને કારણે તેઓ બીજું દૂષણ પણ સ્વીકારે એમ વત્સલાબેનની દલીલ ઉપરથી ભાસ થાય છે તે વિષે તો તેમણે પુનર્વિચાર કરવો જ જોઇએ. જૈનો રેશમનો વેપાર કરતા હોય કે વાપરતા હોય છતાં માંસાશનનો વિરોધ શા માટે ન કરે? એક દૂષણ છે એટલે બીજાને પણ લાવવું? કે જે છે તેને નિવારવા પ્રયત્ન કરવો? હું તો એમ જ કહીશ કે જૈનો રેશમનો વેપાર કરતા હોય તો તે છોડી દે તો સારું જ છે, પણ જો છોડી ન જ શકે તો તેમણે માંસાશનનું સમર્થન પણ તે કારણે કરવું જોઇએ—એ આવશ્યક નથી. એમ કરવામાં તો દૂષણોની પરંપરા જ જીવનમાં દાખલ કરવી પડશે અને દૂષણના નિવારણને અવકાશ જ નહિ રહે. એટલે નવા દૂષણને દાખલ થવા ન દેવાનો પ્રયત્ન જૈનો અને બીજા કરતા હોય તો તેમાં તેઓ ખોટું શું કરે છે? દૂષણ તરફ ધૃણાભાવ થયે તેઓ ક્રમે કરી રેશમ કે મોતી પણ છોડશે જ.

(૩) વાંદરા પરદેશ મોકલવાનું અને તેના ઉપર મનુષ્ય હિતાર્થે પ્રયોગ કરવાનું સમર્થન પણ વત્સલાબેને કર્યું છે. આ પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે અને વિસ્તારથી ચર્ચવા જેવો છે પણ અત્યારે તો બે ચાર વાત કહેવી જ યોગ્ય છે. પ્રથમ તો એ કે આપણા દેશની વૈદ્યકપરંપરાનો ઇતિહાસ તપાસતાં એમ જણાય છે કે પ્રાચીન ગ્રન્થોમાં માંસ દ્વારા ચિકિત્સા અત્યંત પ્રચલિત હતી. પણ કાળક્રમે ભારતીય જીવનમાં જેમ જેમ અહિંસાનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર-સૂક્ષ્મતમ વિચાર થતો ગયો અને જીવનમાં એ અહિંસાના વિચારને ઉતારનારા મહાપુરુષો પાકતા ગયા તેમ સમાજ અને વ્યક્તિના જીવનમાંથી વિવિધ ક્ષેત્રે જે હિંસા પ્રવર્તમાન હતી તે ક્રમે કરી ઓછી થતી ગઇ છે અને પરિણામે ભારતમાં માંસચિકિત્સાને બદલે કાષ્ઠૌષધિ જેવી નિરવદ્ય ચિકિત્સાનો પ્રયોગ શરૂ થયો હતો અને બૃહદ્ વિકાસ થયો છે અને આજે તો દેશી વૈદ્યકમાં એ જ પ્રચલિત છે અને માંસનો પ્રયોગ કોઇ જાણતું કે કરતું પણ નથી. તે વૈદ્યકના ગ્રન્થો જોવાથી સ્પષ્ટ થાય છે. પણ મધ્યકાળમાં દેશના દુર્ભાગ્યને કારણે જે જડતાનું મોજું ફરી વળ્યું તેને કારણે સર્વક્ષેત્રે બારમી તેરમી શતાબ્દી સુધી અગ્રગામી એવો ભારત સ્થિતિપાલક અને રૂઢિગ્રસ્ત બની ગયો. નવી શોધ, નવો વિચાર કરવાને બદલે જૂનાનીજ વ્યાખ્યા અને સમર્થન કરવા જેવી સ્થિતિસ્થાપકતાને પામ્યો. અને તેની જડતામાં ઉમેરો કર્યો અંગ્રેજી રાજ્યે, જેણે ભારતીય જનતાને વિદેશી વિચારોથી પરાજિત કરી અને તેના પોતીકા હીરને, નવા નવા ક્ષેત્રે નવું નવું કરવાની તમન્નાને સમાપ્ત કરી દીધી અને માત્ર અંગ્રેજી ભાષામાંથી લાવીને ભણેલાઓએ અમણોને પીરસવા માંડયું. અને આથી સારાં પરિણામો ઘણાં આવ્યાં, છતાં ભારતીય ભણેલા વિચારકોએ પોતાની સંસ્કૃતિના મૂળીયાં ખોઇ નાખ્યાં અને તેથી તેઓ વિખૂટા પડી ગયા. આ દૈત્યમાંથી ટાગોર કે ગાંધી જેવાએ સમગ્ર પ્રજાને જાગૃત કરવાનો માર્ગ ગ્રહણ કર્યો પણ દીર્ઘકાલીન જડતાને ખંખેરી નાખતાં હજી ઘણી વાર લાગશે. આથી જ જે દેશની કથાઓમાં પારેવા માટે પોતાનો જાન આપી દેવા તૈયાર થનારા રાજાઓ વર્ણવાયા હતા, કીડીને પણ કષ્ટ ન પહોંચે તે અર્થે ઝેરી તુમડી ખાઇ સહર્ષ મૃત્યુને ભેટનારા અનેક મહામાનવો જે દેશમાં પાકયા હતા અને જે દેશમાં મહાયાનની ભાવનાનો ઉદય થયો અને જે દેશમાં મોક્ષ કરતા પણ જંતુના કષ્ટોના નિવારણને મહત્ત્વ આપવામાં આવ્યું હતું, તે જ દેશનો પ્રબુદ્ધ ગણાતો આજનો માનવી એટલો બધો સ્વાર્થી થયો છે કે તેને માનવતાના હિતાર્થે વાંદરાં કે બીજા તેવા પ્રાણીઓને મારવામાં કાંઇ અનુચિત જણાતું નથી અને જૈન તથા વૈષ્ણવો પણ લીવરમાંથી દવા બનાવવાના કારખાના ચલાવે છે. આ તો આપણા મહામાનવોનો વારસો ધરાવવાને આપણી નાલાયકી જ સૂચવી જાય છે. આપણા સ્વાર્થને, આપણી કમજોરીને આપણે સ્વીકારીએ અને પછી ધવાતે હૈયે કાંઇક હિંસા કરીએ એ એક વાત છે પણ તેવી હિંસાનું પાછું સમર્થન કરીએ એ તો નરી સ્વાર્થાંધતા જ છે, અને સંસ્કૃતિનો નર્યો દ્રોહ જ છે. તો સીધું બીજાની જેમ એમ જ કેમ નથી કહી દેવાતું કે મનુષ્ય માટે જ સમગ્ર જડ-ચેતન જગતની સૃષ્ટિ છે. તેનો ઉપભોગ મનુષ્ય ફાવે તેમ કરી શકે છે અને કરવો જોઇએ. આ પ્રમાણે કહેવાતું નથી અને છતાં આવી હિંસાનું આપણે સમર્થન કરીએ તો તો આપણે નથી આપણી સંસ્કૃતિને વફાદાર કે નથી વિદેશી વિચારને. કેવળ વિચારનો ગોટાળો જ છે.

ભારત સમગ્ર વિશ્વને અહિંસાનો માર્ગ દેખાડશે એવી આશા આખું વિશ્વ રાખી બેઠું છે તે તેના એ અહિંસાના વારસાના કારણે, જેને જીવંત કર્યો ગાંધીજીએ. પણ તેથી આ પેઢીની જે જવાબદારી છે તે બહુ જ મોટી છે. જૂના લોકોએ જેમ પ્રત્યેક ક્ષેત્રે હિંસા-અહિંસાનો વિચાર કર્યો અને જીવનમાં યથાશકય ઉતારવાનો પણ પ્રયત્ન કર્યો. તો આજે પણ આપણે આપણી સમસ્યાનો ઉકેલ ધ્રુવતારક અહિંસાને સામે રાખીને કેમ ન કરીએ? નાની નાની હિંસા અને વિવિધ ક્ષેત્રે થતી હિંસા જ છેવટે જીવનમાં સમગ્ર ભાવે વ્યાપ્ત થઇ જાય છે અને અહિંસાને સ્થાને હિંસાની પ્રતિષ્ઠા થાય છે. પણ જો આપણે જાગૃત રહીએ અને એ અહિંસાના ધ્રુવતારાને કેન્દ્રમાં રાખીને જ જીવનની સમસ્યાનો ઉકેલ લાવવો છે એમ એક વાર દૃઢ નિશ્ચય કરીએ-જેવી રીતે કે ગાંધીજી આ દૃષ્ટિથી પ્રેરાયા હતા-તો ૪૨ કરોડની-આ વિરાટ જનતા શું ન કરી શકે? પણ તેમ કરવાને બદલે વિદેશમાં જે રીતે ચાલી રહ્યું છે તેને જ અનુસરવું હોય અને તેનું જ સમર્થન કરવું હોય તો પછી વાંદરાં તો શું ઘરડા માબાપોને પણ ગોળીએ મારીને સુખે રહેવાના માર્ગ સુધી સહજભાવે આપણે પહોંચી જઇશું અને જે રોગીને જ સમાપ્ત કરીએ તો વળી આ દવાદારૂની શોધની પણ શી

અહિંસાપ્રેમીઓનું કર્તવ્ય

સ્વરાજની સ્થાપના થયા છતાં હજી ગોવધ થાય છે, ગોમાંસનો વેપાર થાય છે, મચ્છીમારીને સરકાર ઉત્તેજન આપે છે એ વિષે એક ભાઇએ 'પ્રબુદ્ધજીવન'માં અસંતોષ પ્રકટ કર્યો હતો, પણ જેમ ખેડૂત, તે જ પ્રમાણે ખાટકી ને મચ્છીમાર પણ રાજ્યકર્તાની પ્રજા છે, એટલે ખેડૂતને વધારે અનાજ પેદા કરવામાં જેમ રાજ્યકર્તા મદદ કરે તે જ પ્રમાણે ખાટકી-મચ્છીમારનો ધંધો વધારે સારી રીતે ચાલે ને એ સૌની આવક પણ વધે એવા ઉપાય કરવા તે પણ ગમે તે ધર્મ પાળનારા રાજ્યકર્તાનો ધર્મ છે. તેમાં કોઇથી વાંધો ન લેવાય.

તો પછી હિંસાનું નિવારણ કેમ થાય? ગોવધ કેમ બંધ થઇ શકે તે પ્રશ્નનો ઉકેલ ગાંધીજી આપણને સૂચવી ગયા છે. ગાયના દૂધના ધંધામાંથી જે કાંઇ લાભ થાય તે ગાયને નામે હિન્દુ ચોપડે જમે રાખે ને તેમાંથી ઘરડી થયેલી ગાયોને પાળે. બીજું મરેલી ગાયોનાં શરીરનો પૂરેપૂરો ઉપયોગ કરીને તેમાંથી જે આવક થાય તે નકામાં થયેલાં ઢોરને ખાટકી સામા ઊભા રહીને વેચાતાં લઇ લેવામાં વાપરે. માણસ ગોમાંસ ખાય કે કતલ કરેલી ગાયના ચામડામાંથી બનાવેલા જોડા વાપરે,—આ બેયમાં સરખું પાપ છે, કેમ કે ગોમાંસના ઉપયોગથી જેમ ખાટકીને કમાણી થાય છે, બરાબર એ જ પ્રમાણે કતલ કરેલી ગાયના ચામડાના જોડા વાપરવાથી પણ ખાટકીને કમાણી થાય છે.

બીજું, જમીન તથા અનાજની નીપજ વધારવાની આપણી શક્તિ મર્યાદિત હોવાથી એકલા અનાજ ઉપર આજની પ્રજા નભી ન શકે એમ બીજા એક ભાઇએ લખ્યું છે તે પણ બરાબર નથી. કેમ કે આપણા રાજ્યકર્તા કે પ્રજા બેમાંથી એકેમાં પણ જો આવડત હોય તો આજ પાકે છે તેનાથી પાંચદસગણું અનાજ સહેજે પકાવી શકાય. જપાનમાં જણ દીઠ એક પંચમાંશ એકર જમીન છે ને ભારતમાં જણ દીઠ નવદશાંશ એકર જમીન છે; આ પ્રમાણે જપાન કરતાં આપણી આગળ ચારગણીથી યે વધારે જમીન છે. પણ જમીન વાપરતાં આપણને આવડતું નથી, એટલે એક દિવસે એક ખેડેલે એકરે ભારતમાં ૨,૫૦૦ (પચીસ સો) કેલોરી નિપજે છે, ત્યાં જપાનમાં ૧૩,૨૦૦ (તેર હજાર બસો) કેલોરી નિપજે છે; એટલે એક એકર જમીન ઉપર આપણે પકવીએ છીએ તેના કરતાં જપાની પાંચગણાથી વધુ અનાજ પકવે છે. આમ પોતે સરસ ખેતી કરીને અને સરસ ખેતી કરવામાં ખેડૂતને સહાયતા કરીને ખેતીની ઉપજ વધારવી તે અહિંસાપ્રેમીઓનું કર્તવ્ય છે.

અમુક જમીન ઉપર બટેટાંનો પાક લઇએ તો કાર્યશક્તિ (energy)રૂપે વળતર ૩૦ (ત્રીસ) મળે; ને એટલી જ જમીન ઉપર ઘઉં પકવીએ તો વળતર ૧૪ (ચૌદ) મળે. પણ માંસાહાર કરવા એટલી જ જમીન ઉપર ઢોર રાખે તો વળતર ૨ (બે)થીયે ઓછું મળે.

આજ ખેડાતી જમીન કરતાં પૃથ્વીની વસવાટયોગ્ય સપાટી લગભગ ચારગણી છે. વિવિધ હવાપાણીવાળી જગ્યાઓએ રહીને વિવિધ જમીનનો જો માણસજાત ઉપયોગ કરી જાણે તો આજ જેટલા પ્રમાણમાં પાક ઉતરે છે તેમાં લેશમાત્ર વધારો કર્યા વિના પણ આજ પૃથ્વી ઉપર વસેલી છે તેના કરતાં ચારગણી વસ્તી નભી શકે એમ છે. પણ ચીન-જપાનમાં થાય છે એવી સરસ ખેતી જો સર્વ ઠેકાણે થાય અને જો માણસજાત મોટે ભાગે બહુ કેલોરીવાળા શાકાહાર ઉપર રહે તો ચાર ગુણ્યા છગણી એટલે ચોવીસગણી વસતિ નભી શકે એમ એક વિદ્વાન્ અંગ્રેજ લેખકનું કહેવું છે.

છેવટે, પોતાનાં નાનાં ભાઇબહેન સરખાં અવાચક રાંક પશુ ઉપર માણસજાતનો જુલમ ચાલુ રહેશે ત્યાં લગી માણસ માણસ વચ્ચે શાંતિ થાય એવી આશા રાખવી તે ગગનકુસુમથી કેશભૂષા કરવાની આશા રાખવા સમાન જ છે.

પુનશ્ચ: (૧) ઉપલું લખ્યા પછી કેટલાક મહત્ત્વના આંકડા સહેજે હાથમાં આવ્યા તે નીચે આપ્યા છે.

જમીનના એક સામાન્ય એકર ઉપર નીચલી વસ્તુઓ માણ્યલી એક નિપજે:

વિવિધ જાતનાં માંસ	... ...	૧૬૮થી ૩૫૦ રતલ
અનાજ તથા શાક		
ઘઉં, જવ વગેરે	... ...	૨,૦૦૦થી ૨,૫૦૦ ,,
મકાઇ વગેરે	... ...	૩,૦૦૦થી ૪,૦૦૦ ,,
બટેટાં	... ...	૨૦,૦૦૦ ,,
ગાજર વગેરે	... ...	૨૫,૦૦૦ ,,

એટલે માંસ કરતાં અનાજ દસગણું ને શાક સોગણું ઉપજે. શ્રી પીટર ફ્રીમન એમ. પી. એ જોયું તો એક ઠેકાણે એક એકરે ૭૦,૦૦૦ રતલ શાક ઉપજ્યું હતું.

(૨) પૃથ્વી ઉપર પાપનો ભાર કેટલો છે તેની કાંઇક કલ્પના આવે એટલા સારુ થિઓસોફિસ્ટ શ્રી એરડેલે વીસ વર્ષ પહેલાં આપેલા આંકડા ઉતાર્યા છે:

લંડનમાં વર્ષે વર્ષે વેચાતાં ચામડાંની સંખ્યા

અમેરિકન ઓપોસમ (ઉંદરના જેવું પ્રાણી)	૨૪,૩૦,૭૪૬
ઓસ્ટ્રેલિયન ઓપોસમ	૧૬,૭૭,૫૦૭
ધોળું સસલું	૧૦,૮૪,૫૬૦
રકંક	૧૬,૬૦,૧૬૧
બીવર	૫૧,૬૩૧
અર્મિન	૨,૧૩,૭૦૮
રાતી લોંકડી	૯૬,૩૯૫
સીલ	૨૨,૮૬૬

જરૂર? પણ આપણાથી એ બની શકશે નહિ. આપણા સંસ્કારો જ બળવો પોકારે છે. એ બળવાના અવાજને સાંભળવાનો વિવેક હજી ટકયો છે અને એ વિવેકને પણ ધૂળ બનાવીને વાંદરા મારવાનું જ સમર્થન કરવું હોય અને અહિંસાને માર્ગે આમાં બીજું કશું થઇ શકે તેમ છે જ નહિ એમ જ માની લેવું હોય, તો પછી આ દેશને માટે અહિંસાના નેતા બનવાનો આ અપૂર્વ અવસર છે તે એળે જ જશે. એટલે વિચારકોને આમાંથી અહિંસક માર્ગ કાઢવાનું આહ્વાન કરવાને બદલે હિંસાનું સમર્થન થાય છે તે તો આ દેશ માટે અને સરવાળે વિશ્વ માટે એક ભયંકર જ વસ્તુ છે. જીવનના એક ક્ષેત્રમાંથી હિંસા દૂર કર્યે ચાલવાનું નથી. પણ સમગ્ર ક્ષેત્રથી, અરે સમગ્ર માનવમાંથી, હિંસાનું રાજ્ય દૂર કરી અહિંસાનું સામ્રાજ્ય પ્રવર્તાવવાની હામ આપણે ભીડવા તૈયાર રહેવું જોઇએ. ભ. મહાવીરે અને બુદ્ધે તથા મહાભારત-પુરાણ આદિમાં અનેક મહર્ષિઓએ તો માનવ તો શું પણ પશુ પણ અહિંસક ભાવની તાલીમ પામી શકે છે—એ આદર્શ આ ભારતમાં સ્થાપ્યો છે. આવા અમૂલ્ય વારસાને વેડફી નાખવાના પાપમાંથી આપણે ઉગરી જઇએ એ અત્યંત જરૂરી છે.

અમદાવાદ, ૨૦/૪/૬૧. દલસુખ માલવણિયા

દેસાઇ વાલજી ગોવિન્દજી

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂન ૧૬, ૧૯૬૧, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : ૨૦ નયા પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

મતભેદ પ્રગટે ત્યારે—

મતભેદ દેખાય કે જુદા પડવાનું ધોરણ જો સ્વીકારીએ તો આ જગતમાં રહેવું અશકય થઇ પડે. આ સૃષ્ટિમાં કોઇ બે વસ્તુ બાહ્યરૂપે પણ એકસરખી નથી. વૃક્ષોનાં પાંદડાં ને ઘાસનાં તણખલાંઓ વચ્ચે પણ તફાવત છે. કરોડો માનવીઓમાં સરખી આકૃતિ મળવી દુર્લભ છે, તો એકસરખી પ્રકૃતિ તો મળે જ કયાંથી? માણસમાં સ્વતંત્ર રીતે વિચારવાની શકિત આવે કે મતભેદ દેખાય. જીવનમાં હજાર પ્રશ્નો વિચારવાના હોય છે, એ બધામાં એકસરખું દૃષ્ટિબિંદુ નિકટના સાથીઓનું પણ ન હોય. આપણે આ સમજીએ ને બીજાના સ્વતંત્ર મતનો આદર કરીએ તો નિત્ય જીવનના ઘણા વિખવાદો ઓછા થઇ જાય.

સિદ્ધાંતનો પ્રશ્ન હોય ત્યાં ગમે તેવા પ્રિયજનથી જુદા થતાં પણ ન અચકાવું જોઇએ. દુનિયામાં સત્યને ભોગે કોઇ પણ સંબંધ જાળવવાયોગ્ય હોઇ શકે નહિ; પરંતુ એવા પ્રસંગો કેટલા આવે? અને સત્યના એવા આગ્રહી આપણે હોઇએ તો તેની અસર સામી વ્યકિત ઉપર થયા વિના પણ રહે નહિ. સત્યનો આગ્રહી ગુમાન કે ઘમંડ રાખી શકે નહિ. એ તો નમ્રતાથી પોતાનું દૃષ્ટિબિંદુ બીજાને સમજાવે અને બીજાના વિચારો સમજવા ખુલ્લા દિલે પ્રયત્ન કરે. બને બાજુ પૂર્વગ્રહથી મુકત અને નમ્રતાયુકત સત્યનો આગ્રહ હોય તો જુદા પડવા છતાં હૃદયનો સંબંધ તૂટે નહિ. ભિન્ન માર્ગે પ્રયાણ થાય તો યે હૃદયનો સાથ કાયમ રહે અને જ્યારે પણ ભૂલ સમજાય ત્યારે તે સ્વીકારતાં ને માર્ગ બદલતાં તે અચકાય નહિ.

પણ આવા દાખલા બહુ જૂજ બને છે. આપણાં ઘરમાં પતિ–પત્ની, પિતા પુત્ર, ભાઇભાઇ કે કુટુંબના બીજા સભ્યો સાથે જે મતભેદ દરરોજ આપણને જોવા મળે છે તેને ઉચ્ચ સિદ્ધાંતો સાથે કોઇ સંબંધ છે? જાહેર સંસ્થામાં કે સામાજિક સંબંધોમાં જ્યાં મન ખાટાં થઇ ગયાં હોય ત્યાં સિદ્ધાંતનો જ સવાલ કારણભૂત હોય છે ખરો? ઘણી વાર નિરર્થક ચર્ચામાં પણ મતભેદ ઊભો થતાં આપણે રોષે ભરાઇએ છીએ અને એકબીજા માટે હીણું બોલવા લાગીએ છીએ, ત્યાં સિદ્ધાંતનું નામ પણ લઇ શકાય એવું હોય છે? દુનિયામાં જો પ્રેમની મીઠાશ પ્રસરાવવી હોય અને સહકારની ભાવના વિસ્તારવી હોય તો નજીવા મતભેદો અને સિદ્ધાંતના સવાલો વચ્ચેનો ભેદ આપણે સમજવો જ જોઇશે; પહેલામાં આપણે ઉદારતા કેળવવી જોઇએ અને બીજામાં નમ્રતા સાથેની દૃઢતા. આ ભેદ આપણે નહિ સમજીએ ને મતભેદ થતાં દૂર ખસવાની પ્રકૃતિ રાખીશું તો આપણું સામાજિક જીવન છિન્નભિન્ન થઇ જશે અને કોઇ મોટાં કામ માટે સહકાર કરવાની આપણી શકિત જ નહિ રહે.

નજીવા મતભેદમાં પણ જલદ બની જવાના આપણા સ્વભાવની પાછળ ઘણું કરીને અહમ્‌વૃત્તિ કામ કરતી હોય છે. બીજાનો જુદો મત સહન ન કરી શકનારના મનમાં વય, જ્ઞાન, શાણપણ કે મોટાઇનું અભિમાન પડેલું હોય છે અને તે નકાર સાંભળતાં જ ઘવાય છે. આ સ્થિતિ સારી નથી. દરેક સમજદાર વ્યકિતને સ્વતંત્ર રીતે વિચારવાનો અને ચોકકસ અભિપ્રાય ધરાવવાનો હકક છે એમ આપણે સ્વીકારી લેવું જોઇએ. મતભેદ દેખાતાં જો આપણે આગ્રહી ન બનીએ, ઉશ્કેરાઇએ નહિ તો સામા માણસ ઉપર સારી જ અસર થાય છે. આપણામાં પ્રેમ, નમ્રતા ને સહાનુભૂતિ દેખાય તો સામે પણ તેનું પ્રતિબિંબ ઊઠે છે. આવી સ્થિતિમાં પૂર્વગ્રહની ગાંઠ છૂટી જાય છે અથવા ઢીલી બને છે અને સત્યને પ્રવેશવાનો માર્ગ ખુલ્લો થાય છે.

મતભેદ થાય ત્યાં બીજાના મતને માન આપી આપણા અભિપ્રાય વિષે ફરી વિચારવાની જો ટેવ પાડીએ તો તેનીયે સારી અસર થાય છે. આપણને પોતાને તો તેથી લાભ જ થાય છે, પણ સામી વ્યકિત પણ પોતાના દૃઢ માનેલા અભિપ્રાય વિષે ફરી વિચારવા પ્રેરાય છે. આવા પરસ્પરના મનોમંથનમાંથી ઘણી વાર સત્યનું અમૃત પ્રાપ્ત થઇ જાય છે. નજીવી બાબતોમાં ઉદારભાવે નમતું મૂકવામાં આવે અથવા ખુલ્લા દિલની ચર્ચાથી એકબીજાનું મંતવ્ય સમજી લેવામાં આવે તો આપણા જીવન-વ્યવહારમાં પ્રેમ અને સહકારની ભાવના વધે. જ્યાં સિદ્ધાંતનો સવાલ હોય ત્યાં અડગ ઊભા રહીએ, પરંતુ સિદ્ધાંત અને સામાન્ય બાબતનો ભેદ સમજવા જેટલી આપણી વિવેકબુદ્ધિ તીવ્ર હોવી જ જોઇએ. કોઇ પણ સંયોગોમાં નમ્રતા તો રાખવી જ જોઇએ; કારણ કે એ વિના સત્યદર્શન કદી થઇ શકતું નથી.

વધુ નહિ, એક દિવસ કે એક અઠવાડિયા માટે આ વિષે જાગૃત રહી વિચારવાનો સંકલ્પ કરીએ. સવારથી સાંજ સુધી જ્યાં જ્યાં મતભેદનો અનુભવ થયો હોય ત્યાં ત્યાં તેનાં શાં કારણો હતાં તેની તપાસ કરીએ. કારણો વાજબી લાગે તો તે પછી આપણે કેમ વર્ત્યા હતા તે યાદ કરીએ. મતભેદ ઊભો થતાં રોષે તો નહોતા ભરાયા? સામા પક્ષને સાંભળવાનો આપણે ઇન્કાર તો નહોતો કર્યો? આપણું સત્ય સામા પક્ષને ગળે ઉતરે તે માટે આવશ્યક દલીલો ને નમ્રતા આપણી પાસે હતાં? આપણું સત્ય અભિમાનથી દુષિત થયેલું તો નહોતું ને? આવી તપાસ કરીશું તો આપણને ખાતરી થશે, કે મતભેદનો પ્રસંગ ઊભો થતાં સત્યને મધુર બનાવવાથી બીજાના હૃદય ઉપર તેની સારી અને ત્વરિત અસર થાય છે.

('વિશ્વવાત્સલ્ય'માંથી સાભાર ઉદ્‌ધૃત) શ્રી

National Integration—રાષ્ટ્રીય સંગઠ્ઠન : તે સમસ્યાનું સ્વરૂપ

(આજે National Integration રાષ્ટ્રીય સંગઠ્ઠનની સમસ્યા અંગે જે ચર્ચા ચાલી રહી છે તે સબંધમાં હું કાંઇક લખવાનું વિચારી રહ્યો હતો એવામાં તા. ૯-૬-૬૧ના ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં આ પ્રશ્ન ઉપર અનેક લોકોનું ધ્યાન ખેંચતો એવો શ્રી. ડી. ડી. કર્વેનો લેખ વાંચવામાં આવ્યો. એ વાંચીને એમ વિચાર આવ્યો કે પ્રસ્તુત લેખ એક ચોક્કસ વિચારસરણી રજૂ કરતો હોઇને પ્રબુદ્ધ જીવનમાં તેનો અનુવાદ પ્રગટ કરું અને તેની પર્યાલોચના દ્વારા મારા વિચારો રજૂ કરું. આ વિચારના પરિણામે પ્રસ્તુત લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે અને તેની સાથે મારી નોંધ જોડવામાં આવે છે. **પરમાનંદ**)

રાષ્ટ્રીય સંગઠ્ઠનની સમસ્યાનું સ્વરૂપ

છેલ્લા મહિનાઓ અને અઠવાડિયાઓ દરમિયાન રાષ્ટ્રનું રાજકીય સંગઠ્ઠન, ભાવાત્મક સંગઠ્ઠન તથા ભાષાકીય તેમ જ નાતજાતને લગતી નિમ્ન કક્ષાની રાષ્ટ્રવિભાજક વફાદારીઓ—નિષ્ઠાઓ—વિષે ખૂબ બોલાયું છે તેમ લખાઇ રહ્યું છે. પ્રાદેશિક અથવા કોમી અભિમાનના સ્થાને આખા દેશ માટે સંગઠિત લાગણી કેમ કેળવાય, કેમ પુષ્ટ બને તે માટે જરૂરી પગલાંઓ સૂચવતો રીપોર્ટ કરવા શાસક કોંગ્રેસ પક્ષે એક સમિતિ નીમી હતી. એ રીપોર્ટને કોંગ્રેસની કારોબારીએ તેમ જ મહાસભા સમિતિએ ખૂબ વિસ્તારથી ચર્ચ્યો હતો અને ભલામણોને સમગ્રપણે સ્વીકારવામાં આવી હતી. પણ આ બધી શાબ્દિક પ્રવૃત્તિઓ અને તે અંગે ભરાતી સભાઓ અને સંમેલનો છતાં નજીકના ભવિષ્યમાં વર્તમાન પરિસ્થિતિ બદલાવાની નથી એવી આશંકા અનેક દિશાઓથી અનુભવવામાં આવે છે. આવી આશંકા અથવા નિરાશા શેને લીધે છે? મને લાગે છે કે આજની પરિસ્થિતિનું મોકળા મનથી પૃથક્કરણ કરતાં આ ઘટનાને આપણે યથાસ્વરૂપે સમજી શકીશું.

'ભારત' અથવા 'હિન્દ'ના નામે જેને આપણે political entity—રાજકારણી ઘટક—તરીકે ઓળખીએ છીએ તેની કલ્પના અંગ્રેજી હકુમત પહેલાના કાળમાં અસ્તિત્વમાં હતી જ નહિ. જેમાં અનેક ભાષાઓ બોલતા, જુદી જુદી ઢબનાં કપડાં પહેરતા, ભિન્ન ભિન્ન રીતરિવાજોને અનુસરતા અને જુદા જુદા શાસકોના તંત્ર નીચે વસતા લોકો રહેતા હતા એવા વિશાળ વિસ્તાર ઉપર પરદેશી હકુમત લાદવામાં આવી અને તેને લીધે આવા રાજકારણી ઘટકનું આપણને સૌથી પ્રથમ ભાન થયું. આજે ભારતની પાયાની સાંસ્કૃતિક એકતાને ખૂબ બહલાવવામાં આવે છે અને જાહેર જીવનના અગ્રગણ્ય પુરુષો પુરાણી પરંપરાઓને જાળવી રાખવાની જરૂર ઉપર લાંબાં લાંબાં ભાષણો કરતા હોય છે. એમ છતાં મને નથી લાગતું કે ભારતના સર્વ પ્રજાજનોને મળેલો સર્વસાધારણ સાંસ્કૃતિક વારસો હિંદી તરીકેની ભાવનાને ટેકવવા માટે પૂરતો સમર્થ હોય. અને, જે ભારતીય પરંપરાઓ આજે જીવતી છે દા. ત. નાતજાત, લગ્નસંબંધને લગતાં મર્યાદિત વર્તુળો, અસ્પૃશ્યતાની પ્રચલિત રૂઢિ, અમુક ધંધાઓ અંગે આભડછેટના ખ્યાલો—અને આ પરંપરાઓને આજે બહુ ઓછા લોકો જીવતી રાખવા ઇચ્છે છે—તેને જૂનવાણી પરંપરાઓ તરીકે અને આજના અણુયુગ સાથે બીલકુલ નહિ બંધબેસતી લેખીને નાબુદ કરવા માટે તે સામે ચોતરફથી હુમલા થઇ રહ્યા છે.

અલબત્ત, આજે આપણી સામે બહુજનમાન્ય એવા પવિત્ર શાસ્ત્રગ્રન્થો છે—વેદો, ઉપનિષદો અને પુરાણો; ભારત-વ્યાપી તીર્થયાત્રાનાં સ્થળો પણ છે—કાશી, જગન્નાથપુરી, દ્વારિકા, બદ્રીનાથ, કેદારનાથ, રામેશ્વર, નાશિક, પંઢરપુર, તિરૂપતિ; સર્વત્ર સાધારણ એવા કેટલાક ક્રિયાકાંડો પણ છે. (જો કે આ બધાં પ્રત્યે આદિવાસી પ્રજાના હૃદયમાં એટલો આદરભાવ જોવામાં આવતો નથી). પણ આ સર્વનો આખરે કેટલો અર્થ છે? બહુ જ થોડો. જે ભાષામાં આ ધર્મશાસ્ત્રો લખાયાં છે તે આજે મૃત-ભાષા છે અને થોડા ભણેલા લોકો જ તે ભાષા સમજી શકે છે. પોતાના પ્રદેશની બહાર આવેલાં તીર્થસ્થાનોએ જતા યાત્રિકોની સંખ્યા પ્રમાણમાં થોડી છે. બધા હિન્દીઓને માન્ય એવા ક્રિયાકાંડો ભારતીય અસ્મિતાને પોષે એ રીતે સામાન્ય પ્રજાને પ્રભાવિત કરતા નથી—મોટા ભાગે આ ક્રિયાકાંડો તેમની નાત જાત સાથે અથવા તો તેમના પ્રદેશ સાથે જોડાયેલા માલુમ પડે છે.

'અખિલ ભારત'ને લગતી ભાવના અથવા તો લાગણી અંગ્રેજોના કાળ દરમિયાન કેળવાયેલા ગણ્યાગાંઠ્યા હિન્દીઓએ ઊભી કરી હતી. આ તે હિન્દીઓ હતા કે જેમણે પાશ્ચાત્ય કેળવણી પ્રાપ્ત કરીને અને બીજા દેશોનો ઇતિહાસ વાંચીને પોતાના દેશ તરીકે હિન્દનો વિચાર કરવાનો આરંભ કર્યો હતો. આખું હિન્દ માત્ર એક જ વસાહતવાદી—કોલોનિયલ—સત્તા એ કબજે કર્યું એ માત્ર એક ઐતિહાસિક અકસ્માત હતો. ધારો કે હિન્દનો ઉત્તર ભાગ એક યુરોપીય પ્રજાએ જીત્યો હોત અને હિન્દનો દક્ષિણ ભાગ બીજી યુરોપીય પ્રજાએ જીત્યો હોત, તો પછી એ બન્ને વિભાગોએ પોતપોતાની રાષ્ટ્રીય ભાવના અલગ રીતે જ વિકસાવી હોત, કારણ કે સર્વ લોકોને સાધારણ એવો સાંસ્કૃતિક વારસો 'અખિલ હિંદ' લક્ષી ભાવનાની ભૂમિકા પૂરી પાડવા બહુ જ નબળો હતો અને છે, એટલું જ નહિ પણ, પ્રાદેશિક ભાષાના સન્ત કવિઓ તેમજ પ્રાદેશિક તીર્થસ્થાનો માત્ર તે તે પ્રદેશમાં વસતા લોકોને મન ઘણા વધારે મહત્ત્વના હતા અને છે. અખિલ ભારતીયપણાની ભાવના ધરાદાપૂર્વકના પ્રયત્ન વડે આપણે કેળવવાની રહે છે. જ્યારે હું કોઇ એક બંગાળી, તામીલ કે પંજાબીને મળું છું, અને તેનો જુદો પોશાક, ભાષા અને રીતભાત જોઇને હું ઘણી વાર કાંઇક પ્રતિકૂળ પ્રત્યાઘાત અનુભવું છું ત્યારે મારે મારી જાતને કહેવું પડે છે, સમજાવવું પડે છે, કે આ મારો દેશબંધુ છે અને મારે તેની પ્રત્યે મિત્રભાવ રાખવો જોઇએ—દાખવવો જોઇએ. આ પ્રકારનો ધરાદાપૂર્વકનો પ્રયત્ન બહુ થોડા લોકો માટે શક્ય બને છે. વળી આ પુખ્તવય મતાધિકારના દિવસોમાં મોટા ભાગના લોકો કે જેમને ભારતનો એક રાજકારણી ઘટક તરીકે બહુ આછો ખ્યાલ હતો, તેઓ આવો કોઇ પ્રયત્ન કરતા જ નથી. તેમનું ધ્યાન મુખ્યત્વે કરીને પોતાની નાતજાત અને પ્રદેશ ઉપર જ કેન્દ્રિત હોય છે.

લોકોની નિષ્ઠા અને લાગણીઓ 'ભારત' સાથે, 'હિન્દ' સાથે નહિ, પણ પોતાના ગામ સાથે, પોતાના પ્રદેશ સાથે, પોતાની જ્ઞાતિ સાથે જ હંમેશાં જોડાયલી રહી છે. હજુ થોડા સમય પહેલાં જ, મરાઠાઓ ભારતના અન્ય ભાગો સામે ચઢાઇ કરતા હતા અને જમીનના નાના ટુકડાઓ ઉપર રાજ્ય કરતા અનેક રાજાઓ એકમેકની સામે લડતા હતા. ખરી રીતે યૂરોપમાં જે કાંઇ બની રહ્યું હતું અને જેના પરિણામે આખરે માત્ર થોડા અપવાદો બાદ કરતાં યૂરોપે ભિન્ન ભિન્ન ભાષાકીય દેશોમાં વહેંચાઇને સ્થિરતા પ્રાપ્ત કરી છે તેને મળતી ભારતની પરિસ્થિતિ હતી. જો અંગ્રેજોએ ભારતને જીતીને અને પોતાની હકુમત નીચે લાવીને એક કર્યું ન હોત તો આ ઉપખંડમાં

યુરોપને મળતાં સ્વતંત્ર ભાષાકીય રાજ્યોનું જૂથ ઊભું થયું હોત. (જો ભારતની સાંસ્કૃતિક એકતાની આ કલ્પનામાં ખરેખર તથ્ય હોત તો પોન્દીચેરીમાં ફ્રેંચોની ૨૦૦ વર્ષની હકુમતે પોન્દીચેરીને આસપાસના પ્રદેશો સાથે એકરૂપ ન બની શકે એવું બનાવી શકી હોત ખરી?) અને યુરોપના સંયુક્ત રાજ્યો વિષે યુરોપિયનો કયા પ્રકારની લાગણી ધરાવે છે? આપણે જોઇ શકીએ છીએ તે મુજબ તેઓ એટલે કે રશિયાની લોખંડી દિવાલની આ બાજુના બધા લોકો તાત્વિક રીતે આવી યુરોપીય એકતાના પક્ષકાર છે અને આવી એકતાને અસ્તિત્વમાં લાવવાની ઇષ્ટતાના પક્ષમાં ખૂબ બોલે છે અને લખે છે, પણ આમાંનો એક પણ દેશ પોતાની સાર્વભૌમ સત્તાનો, યુરોપનું સંયુક્ત રૂપ ઊભું કરવા માટે, ભોગ આપવાને તૈયાર હોય એમ દેખાતું નથી. અરે નાનું સરખું લક્ઝંબર્ગ કે સ્વીટ્ઝર્લેન્ડ પણ આમાં અપવાદરૂપ નથી.

દેશના નાના સરખા શિક્ષિત વર્ગે રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો, રાજકીય પક્ષોની સ્થાપના કરી, વાર્ષિક પરિષદો ભરી, ફરાવો પસાર કર્યા (અને એ પણ બધું અંગ્રેજીમાં) અને એમ છતાં તેમના દિલમાં રહેલી અખિલ ભારતલક્ષી ભાવના લોકોના મોટા ભાગને સ્પર્શી જ નહોતી. લોકો આ સમય દરમિયાન પોતપોતાની જ્ઞાતિના સભ્યો તરીકે ચાલુ રહ્યા હતા, પોતપોતાના પ્રદેશના વતનીઓ તરીકે પોતાને ઓળખાવતા હતા, પોતપોતાની પ્રાદેશિક ભાષામાં લખતા અને બોલતા એવા સન્ત કવિઓના અનુયાયીઓ હતા, અને પોતપોતાના પ્રદેશમાં આવેલાં ધર્મસ્થાનકોના યાત્રિકો હતા. અલબત્ત, જેમ જેમ શિક્ષણ વધતું ગયું તેમ તેમ દેશની ભાષાઓમાં પ્રગટ થતા સામયિકોના વાંચકોના દિલમાં આ અખિલ ભારતને લગતી લાગણી–ભાવના અંશતઃ પેદા થતી રહી, પણ કુલ વસ્તીનો આ એક બહુ જ નાનો અલ્પસદશ ભાગ રહ્યો હતો. મહાત્મા ગાંધીએ અને તેમના સાથીઓએ શરૂ કરેલા આન્દોલનોને ભારતના સર્વ વિભાગોમાં વસતા લોકો તરફથી ઘણો મોટો ટેકો મળ્યો હતો, પણ, આ આન્દોલનો ખરી રીતે અખિલ ભારતલક્ષી નહિ પણ અંગ્રેજવિરોધી હતાં. મહાત્મા ગાંધીના પ્રભાવશાળી વ્યકિતત્વે–અને નહિ કે ભારત–ઇન્ડિયા–ના નામે ઓળખાતી political entity–રાજકારણી ઘટક–ના ખ્યાલે લોકકલ્પનાને આટલી બધી ઉત્તેજિત કરી હતી.

આમ હોવાથી દેશના આગેવાનો, જાણે કે કોમી અને પ્રાદેશિક વફાદારીઓ હમણાં હમણાં જ ઉપર ઉઠી આવી હોય અને કેટલાકના મત પ્રમાણે ભાષાકીય રાજ્યોની રચનાને જ આ દુઃસ્થિતિ આભારી હોય એવી રીતે જ્યારે બોલે છે, ત્યારે મને લાગે છે કે તેઓ ઇતિહાસને અને તે દ્વારા પ્રગટ થતી દેશની વાસ્તવિક સ્થિતિને બરોબર સમજ્યા નથી અને લોકોને ખરી પરિસ્થિતિ સમજાવી શક્યા નથી. લોકોનો ઘણો મોટો સમુદાય પોતાના વલણમાં કદિ પણ 'અખિલ ભારત' લક્ષી નહોતો અને રાજકારણી હીલચાલ 'અખિલ ભારત' લક્ષી લાગતી હતી તેનું કારણ એ હતું કે જેમણે ધરાદાપૂર્વક 'અખિલ ભારત' લક્ષી વલણ કેળવ્યું હતું તેવા થોડા શિક્ષિત લોકો વડે આ રાજકારણી હીલચાલ પ્રભાવિત અને સંચાલિત હતી. દરેક પુખ્ત વયની વ્યકિતને નવા બંધારણે જેવો મતાધિકાર આપ્યો કે તરત જ 'અખિલ ભારત' લક્ષી લાગણી યા ભાવનાનું ઉપરછલ્લાપણું ખુલ્લું પડી ગયું. આપણી સામે જે કાર્ય છે તે તો આ 'અખિલ ભારત' લક્ષી ભાવનાને અથવા તો સંવેદનને ધીરજપૂર્વકના શિક્ષણ અને પ્રચાર વડે ઉછેરવા અને ખીલવવાને લગતું છે. તાજેતરમાં બનેલી ઘણી ઘટનાઓ દા. ત. આસામના કરુણ બનાવો, ભાષાકીય રાજ્યો વચ્ચે સરહદી ઝઘડાઓ, ચુલ્હાટી કમિશન સામે આંધ્રમાં સર્વ પક્ષોનો વિરોધ–આ બધું આગળ ધરીને હું એવો અભિપ્રાય રજૂ કરવા માગું છું કે નીચેની કક્ષાની વફાદારીઓ–નિષ્ઠાઓ. 'અખિલ ભારત'લક્ષી ભાવનાઓ અને લાગણીઓ ઉપર, માત્ર અભણ લોકોની બાબતમાં નહિ પણ, રાજકારણી પુરુષો અને આગેવાનોની બાબતમાં પણ, અસાધારણ વર્ચસ્ ભોગવતી રહી છે. તેથી, આપણા ધ્યાન ઉપર આ બાબત સચોટપણે આવવાની જરૂર છે કે 'અખિલ ભારત' લક્ષી નિષ્ઠાઓ અને લાગણીઓ હજુ હવે કેળવવાની છે. આજે એ છે જ નહિ. એમ નથી કે ૧૯૪૭ સુધી તે હતી અને ત્યાર બાદ ૧૩ વર્ષના ગાળા દરમિયાન પ્રાદેશિક અને જ્ઞાતિગત નિષ્ઠાઓ જોર કરીને ઉપર આવી છે. એક વખત આ બાબત આપણા ધ્યાન ઉપર સચોટપણે આવે ત્યાર પછી જરૂરી નીતિનો વિચાર થઇ શકે. સૌથી પહેલાં તો યુનિયન ગવર્મેન્ટે–કેન્દ્રસ્થ સરકારે–(એજ પ્રમાણે રાજ્યોની સરકારોએ) આર્થિક મદદ, નવા ઉદ્યોગોની સ્થાપના, સરહદી ઝગડાઓ વગેરેની બાબતમાં સંપૂર્ણ રીતે અને અન્ય સર્વને પ્રતીતિ થાય તે રીતે બધા રાજ્યો પ્રત્યે તટસ્થ થવું ઘટે છે કે જેથી જુદા જુદા પ્રદેશોમાં એકમેક વિષે ઇર્ષ્યા ચિંતવવાને કોઇ કારણ જ ન રહે. આની અંદર એક પ્રદેશની ભાષાને યુનીયનની–કેન્દ્રસ્થ સરકારની–ઓફિશિયલ લેંગ્વેજ–સરકારપ્રમાણિત ભાષા–તરીકે સ્વીકારવા અંગે જરૂરી ધીરજને પણ સમાવિષ્ટ કરવાની રહેશે. જેવી હોય તેવી વસ્તુસ્થિતિ સાથે ગોઠવાઇને રહેતાં આપણે શીખવું જોઇએ અને વધારે ને વધારે વ્યાપક એવી વફાદારીઓ અને ભાવનાઓના વિકાસ માટે ધીરજપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. માત્ર સંકીર્ણ વાદોને ધુતકારી કાઢવાથી અને તે અંગે ઉપદેશો આપવાથી આપણે બહુ આગળ વધી નહિ શકીએ, અને ઘણી વખત જો ઉપરની સપાટીથી જરા નીચે ઊતરીને જોવામાં આવે તો, કોમવાદ અને ભાષાવાદને ધુતકારી નાંખનારા અને રાષ્ટ્રીય સંગઠ્ઠનનો ઉપદેશ આપનારા આગેવાનો પોતેજ જ્ઞાતિવાદ, પ્રાદેશિકવાદ વગેરેથી મુક્ત હોવાનું–પર હોવાનું–માલુમ પડતું નથી.

જો આપણે દુનિયાની આસપાસ નજર નાંખીએ તો ભારતમાં જે દૃશ્ય નજરે પડે છે તેવું જ દૃશ્ય શું સર્વત્ર જોવામાં નથી આવતું? એટલાન્ટિકમહાસાગરને અધીન એવા પહેલાના કોંગોની મૂળ જાતિઓની વફાદારીઓએ કોંગોના પ્રશ્નના ઉકેલને શું અશકય બનાવી દીધો નથી? નાતજાતના કશા વાડાઓ ન હોવા છતાં અને સર્વત્ર લગભગ એક જ ભાષા પ્રચલિત હોવા છતાં, પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકાના લોકો માત્ર રાજકીય રીતે નહિ પણ બીજી ઘણી રીતે શું એકમેકથી વિભાજિત બનેલા નથી? મધ્ય અને દક્ષિણ અમેરિકા સંબંધે પણ એમ જ કહી શકાય તેમ છે. અંગ્રેજોએ ભારતને જીત્યું ન હોત તો ગુજરાત, બંગાળા મહારાષ્ટ્ર અને આન્ધ્ર સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્યોમાં કદાચ ફેરવાઇ ચૂકયા હોત અને દરેક રાજ્યના લોકોને, જેવી રીતે દુનિયામાં બીજા દેશોમાં બને છે તે રીતે, તે તે રાજ્યના આગેવાનો પોતપોતાની અલગ એવી આ 'માતૃભૂમિ'ઓ પ્રત્યે વફાદાર બનવાનો ઉપદેશ આપી રહ્યા હોત. **આમ હોવાથી, પ્રાદેશિક અને અન્ય નીચેની કક્ષાઓની વફાદારીઓ અંગે એકાએક ભડકી ઊઠવાને કશું પણ કારણ નથી.** આ વફાદારીઓ એક રાતમાં કાંઇ વિસર્જિત કરી શકાય તેમ છે જ નહિ. લોકોના દિલમાં 'અખિલ

ભારત 'લક્ષ્મી વલણની જડ બેસાડવા માટે કદાચ બુદ્ધિપૂર્વકનું અને સાચી દોરવણીપૂર્વકનું એક અથવા બે પેઢીનું આયોજન અપેક્ષિત રહેશે.

અનુવાદક: **પરમાનંદ** મૂળ અંગ્રેજી: **ડી. ડી. કર્વે**

તંત્રીનોંધ: રાષ્ટ્રીય સંગઠ્ઠનની સમસ્યાના આ વિચાર-પ્રેરક પૃથક્કરણમાં અમુક તથ્ય રહેલું છે. એમ છતાં રાજકારણની દૃષ્ટિએ આપણા દિલમાં ભારતીય અસ્મિતા કદિ હતી નહિ, છે નહિ, હજુ હવે તે કેળવવાની છે અને તેથી આજે ચોતરફ નજરે પડતી પ્રાદેશિક અને નિમ્ન કોટિની નિષ્ઠાઓ અંગે એકાએક ભડકી ઊઠવાની-ભયભીત બનવાની જરા પણ જરૂર નથી-આ મુજબનાં આપણને ચકિત કરે તેવાં અંતિમ કોટિનાં વિધાનો આજ સુધીના ઇતિહાસને અને અદ્યતન વસ્તુસ્થિતિને અયથાર્થપણે રજૂ કરે છે અને તેથી તેની વિગતવાર વિચારણા જરૂરી છે.

ભારતભરતમાં હિન્દુ ધર્મનો ફેલાવો થયો. ભારતની સમગ્ર પ્રજાને પ્રભાવિત કરે એવા મહાપુરુષો આ દેશમાં પાકયા, એ જ કોટિના ધર્મગ્રંથો રચાયાં અને ભારતની અંદર તેમ જ ચાર દિશાએ અનેક ધર્મતીર્થો નિર્માણ થયાં ત્યારથી અખિલ ભારતીય દૃષ્ટિનો આ દેશમાં ઉદ્‌ભવ થયો જ છે અને એ દૃષ્ટિ સતત પોષાતી અને સંવર્ધિત થતી રહી છે. આમ બનવામાં ભારતની ભૌગોલિક વિશિષ્ટ પરિસ્થિતિએ બહુ મહત્વનો ભાગ ભજવ્યો છે. સમસ્ત ઉત્તર તેમજ વાયવ્ય તથા ઇશાન દિશાએ હિમાલય અને બાકીની બધી દિશાએ મહાસાગર-આ રીતે પરિવૃત્ત અને કંઈ કાળ સુધી સુરક્ષિત એવો ભારત દેશ હંમેશા એક અલગ દેશ તરીકે તરી આવતો રહ્યો છે. આવી લગભગ અભેદ્ય લેખાતી દીવાલોના કારણે કંઈ કાળ સુધી બહારના બહુ જુજ લોકો ભારતની અંદર આવી શકતા અને અહીંના બહુ જુજ લોકો ભારતની બહાર જઈ શકતા. આવા અલગ જેવા બની રહેલા દેશમાં એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ અને સભ્યતા નિર્માણ થઈ અને વેદ ઉપનિષદની ભૂમિકા ઉપર ધર્મરચના અને વર્ણવ્યવસ્થાની ભૂમિકા ઉપર સર્વ-સાધારણ એવી સમાજરચના ઊભી થઈ. આને લીધે કંઈ કાળથી આપણે ત્યાં જેને અખિલ ભારતીય કહેવાય એવી દૃષ્ટિ પ્રજા-માનસને પ્રભાવિત કરતી રહી જ છે. પણ આ દૃષ્ટિમાં રાષ્ટ્રા-ભિમુખતાને-આ મારો દેશ છે અને તેનું-રક્ષણ અને ઉત્કર્ષ એ મારો ધર્મ છે. આવી રાષ્ટ્ર સાથેની તદાકાર વૃત્તિને-અંગ્રે-જોની આ આખા દેશ ઉપર સાર્વભૌમ સ્થપાણી ત્યાં સુધી-કોઈ સ્થાન કે અવકાશ મળ્યો નહોતો. અંગ્રેજ સત્તાની અગાઉ ભારતમાં બે ત્રણ વખત સાર્વભૌમ સત્તાઓ સ્થપાઈ હતી. દા. ત. અશોક અને ગુપ્ત રાજાઓનો સમય; અને પાછળના કાળમાં મોગલોનો સમય. પણ એ સામ્રાજ્યો એટલા વ્યાપક, સ્થિર, સુશ્લિષ્ટ અને વ્યવસ્થિત નહોતાં, અંગ્રેજ સત્તાએ સારા ભારતને આવરી લીધું અને અદ્યતન વૈજ્ઞાનિક સાધનોના કારણે તેનું વહીવટી ચોગઠું નક્કર અને સુવ્યવસ્થિત બન્યું. આખા દેશ ઉપર પથરાયેલી આ પરદેશી રાજ્યસત્તાએ દેશનું મોટા પાયા ઉપર શોષણ કરવા માંડયું અને પરદેશીઓની આ નાગચૂડ-માંથી આપણે કોઈ હિસાબે છૂટવું જોઈએ એવા સંવેદને ભારતનો એક political entity તરીકે-એક રાજકીય ઘટક તરીકે-આપણને વિચાર કરતાં શિખવ્યું. તેમાં પાશ્ચાત્ય શિક્ષણે આપણને અન્ય દેશોના ઇતિહાસથી-તેમના ઉત્થાન પતનથી-માહિતગાર કર્યા અને આપણા દેશને સમગ્ર રીતે જોવાની અને તેના પ્રશ્નોનો વ્યાપક રીતે વિચાર કરવાની તે દ્વારા આપણને તક મળી. આ દૃષ્ટિએ વિચારતાં, હિન્દનો એક રાજકીય ઘટક political entity તરીકેનો ખ્યાલ આધુનિક છે, અંગ્રેજોની હકુમત આ દેશમાં સ્થપાયા પછીનો છે એ મુજબનું શ્રી કર્વેનું વિધાન તદ્દન સાચું લાગે છે. આવી રાષ્ટ્રાભિમુખતા-ભારતને પોતાના રાષ્ટ્ર તરીકે જોવા વિચારવાની વૃત્તિ-રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના બાદ પ્રજામાનસમાં વિકસતી ગઈ અને આઝાદીના આન્દોલનના દરેક તબક્કાના પરિણામે વધારે ને વધારે સુદૃઢ તેમજ ઉગ્ર બનતી ગઈ. આ સમય દરમિયાન નાત, જાત, ધર્મ, ભાષા, પ્રદેશ વગેરે સાથે સંબંધ ધરાવતી પહેલાંની કાળજૂની નિષ્ઠાઓ પ્રજામાનસમાં પડેલી જ હતી, પણ આઝાદીના પ્રચંડ આન્દોલનના કારણે અને ગાંધીજીના અત્યન્ત પ્રભાવશાળી વ્યકિતત્વના પરિણામે આ સંકીર્ણ નિષ્ઠાઓ ઉપશમ ભાવને પામી હતી-પ્રસુપ્ત દશામાં પડી હતી. આમ છતાં હિન્દુ મુસલમાનોનાં અવારનવાર ઊભાં થતાં રમખાણોમાં, આપણે જોઈ શકતા હતા તેમ, આ નિષ્ઠાઓ અવારનવાર ઉછળી આવતી હતી, પણ પાછી આઝાદીના આવેગમાં તે ઢબાઈ જતી હતી અને જાણે કે આપણે હવે એ સાંકડી નિષ્ઠાઓથી ઉપર આવ્યા છીએ એવો ભાસ-ભ્રમ આપણા દિલમાં પેદા થયો હતો.

એ વખતની રાષ્ટ્રીયભાવનાના જુવાળને હું આપણને પ્રાપ્ત થયેલા સ્વરાજ્ય સાથે સરખાવું છું. ૧૯૪૭ ની ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે આપણને સ્વરાજ્ય મળ્યું અને અંગ્રેજ હકુમત આપણા દેશમાંથી સદાને માટે વિસર્જિત થઈ-એ નક્કર હકીકત છે. એમ છતાં વહીવટી સ્થાનો ઉપરથી અંગ્રેજો ગયા અને હિન્દીઓ આવ્યા-તત્કાળ એથી બીજો કોઈ ફેરફાર નહોતો થયો એમ કહેવામાં જરા પણ અતિશયતા નથી. જે સ્વરાજ્ય આપણે ત્યાં આવ્યું એમ કહેતા હતા તે સ્વરાજ્ય લોકોને ઘેર ઘેર ગામડે ગામડે પહોંચ્યું નહોતું. સ્વરાજ્ય આવવા અંગે કોઈ નવી રાહત, નવું જોર, નવી નિર્માણ-શકિત લોકોએ અનુભવી નહોતી અને આજે પણ હજુ અનુભવતા નથી એમ કહીએ તો ખોટું નથી. આઝાદી મળ્યા બાદ આજ સુધી જે પ્રક્રિયા ચાલી રહી છે તે પ્રક્રિયા-સાચી કે ખોટી-પણ લોકોને ઘેર ઘેર સ્વરાજ્ય પહોંચાડવાની જ પ્રક્રિયા ચાલે છે.

ખરેખરી રાષ્ટ્રીય ભાવના-રાષ્ટ્રાભિમુખ વૃત્તિ-પ્રજામાન-સમાં કદી ઉગી જ નહોતી એવું શ્રી કર્વેનું મન્તવ્ય ઉપરની વિગતો વિચારતાં સ્વીકારી શકાય તેમ છેજ નહિ. ઉલટું અંગ્રેજોના આગમન અને સત્તાસ્થિરતા સાથે એક રાજકારણી ઘટક તરીકે ભારતને જોવા-વિચારવા-અપનાવવાની વૃત્તિ ઉત્તરોત્તર વેગ પકડતી ગઈ હતી. એમ છતાં તેના મૂળ એટલાં ઊંડા ગયાં નહોતા, અન્ય નિષ્ઠાઓના મુકાબલે રાષ્ટ્રનિષ્ઠાને સહજપણે સર્વ પ્રથમ સ્થાન મળે-આ પ્રકારની ચિત્તઅનુભૂતિ-જીવન્ત સંવેદન-પ્રજા-માનસમાં સ્થિર થયેલ નહોતું. સ્વરાજ્ય જેમ આપણે ઘેર ઘેર પહોંચાડવાનું છે તેમ આ અનુભૂતિ યા તો સંવેદનની જ્યોત પ્રજાસમુદાયની પ્રત્યેક વ્યકિતના દિલમાં પ્રગટા-વવાની સ્થિર કરવાની હજુ બાકી છે. આ બાબત આપણે ભુલી ગયા, એ સ્થિરપ્રતિષ્ઠિત છે એમ માનીને ચાલ્યા, આ રાષ્ટ્રાભિમુખતાને સુદૃઢ કરે એવા ઉપાયોનો વિચાર કરવાનું વિસરી ગયા, બધી ભાષાઓને ફાવે તેમ વિકસવાની છૂટ આપીને સર્વ સાધારણ હિન્દી ભાષાને મજબૂત કરવાનો આગ્રહ આપણે છોડી દીધો, શિક્ષણક્ષેત્રે સર્વ રાજ્યોને ફાવે તેવી નીતિ ગ્રહણ કરવાની સત્તા આપીને શિક્ષણના ક્ષેત્રમાં આપણે અરાજકતા સરજી, ભાષાવાર રાજ્યરચના ઊભી કરીને કલ્પ્યા નહોતા એવા સંઘર્ષોને નોતર્યા, પ્રાન્ત (Province) શબ્દના સ્થાને રાજ્ય (State) શબ્દ પ્રયોજીને દેશમાં નહોતું એવું રાજ્યાભિમાન ઊભું કર્યું અને અલગ-તાવાદ કેળવવા માટે વણમાગી સગવડ ઊભી કરી આપી. આના

પરિણામે નિમ્ન કક્ષાની નિષ્ઠાઓને નવું જોર મળ્યું છે, કોમવાદ માથું ઊંચકી રહ્યો છે, રાજ્યરાજ્યના ઝઘડાઓનો ઉકેલ આવતો નથી, કોઈ કોઈ ઠેકાણે ભાષાસંઘર્ષ વિકરાળ રૂપ ધારણ કરી રહેલ છે, અને અખિલ ભારતીય દૃષ્ટિ ઉપેક્ષિત બનતી ભુલાતી જતી માલુમ પડે છે. જો આમ ને આમ ચાલે તો દેશની એકતા ખતરામાં પડે, મહામહેનતે ઊભી કરેલી રચના ભાંગી પડે, આખા દેશને ઊંચે લાવવાના ભગીરથ પ્રયત્નો ધૂળમાં મળી જાય, એટલું જ નહિ પણ, આન્તરિક સંઘર્ષો અને બહારનાં આક્રમણો સામે દેશ આખો ભાંગીને ભુક્કો થઈ જાય–આ આજે આપણી મોટી ચિન્તાનો વિષય બન્યો છે અને આના ઉપાય તરીકે કંઈ કંઈ પગલાંઓ સૂચવાય છે, એમ છતાં, આવતી આંધીને કેમ ખાળી શકાશે તેની હજુ કોઈને સ્પષ્ટ સુઝ હોય એમ લાગતું નથી.

આવી ભયાનક સ્થિતિ નજર સામે હોવા છતાં રાષ્ટ્રીય સંગઠનની સમસ્યાનુ પૃથક્કરણ કરતાં છેવટના ભાગમાં શ્રી કર્વે ઠંડે કલેજે જણાવે છે કે "પ્રાદેશિક અને અન્ય નિમ્ન કોટિની આજે ઉપર ઉઠી આવતી નિષ્ઠાઓ–વફાદારીઓ–અંગે એકાએક ભડકી ઉઠવાની–ભયભીત બનવાની–જરૂર નથી." આ તેમનું વિધાન વસ્તુસ્થિતિનું વિરોધી, આધાર વિનાનું, ન સમજાય એવું અને ખોટા માર્ગે દોરે એવું છે. લોકોના મોટા ભાગની નિષ્ઠાઓ ભારતને બદલે અન્ય બાબતો ઉપર આજે કેન્દ્રિત થયેલી માલુમ પડે છે અને તેથી ભાષા, જ્ઞાતિ અને પ્રદેશ અંગેના ભેદભાવના કારણે ઉશ્કેરાયેલી લોકલાગણી ભારતીય પ્રદેશ ઉપર ચીનાઓએ કરેલા આક્રમણ કરતાં પણ વધારે ભયજનક–જોખમરૂપ દિસે છે. આ દુઃસ્થિતિ નિવારવા માટે સત્વર ઉપાયો હાથ ધરવા ઘટે છે.

આ સંબંધમાં આ જ લેખની આલોચના કરતા ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના અગ્રલેખમાં જણાવ્યું છે તે મુજબ "કેન્દ્ર–પરાઙમુખ વફાદારીઓ જરૂર એક રાતમાં ભૂલી કે ભૂંસી શકાય તેમ છે જ નહિ, અને ભારતલક્ષી ભાવનાને લોકો પોતાની સર્વ પ્રથમ એવી વફાદારીનું લક્ષ્ય બનાવે એ માટે વીશ ત્રીશ વર્ષના એકાગ્ર પ્રયત્નની જરૂર હોય એ પણ સમજી તેમ કલ્પી શકાય તેમ છે. આમ છતાં પણ કેટલાક લોકો આ બાબત અંગે કોઈ પણ પ્રકારના અનુસંધાયક તેમજ અસરકારક પગલાં લેવાની વિરૂદ્ધ હોય એમ લાગે છે અને તે એમ સમજીને કે આથી પરિસ્થિતિ છે તેથી વધારે પણ સશે. ધીરજના ગુણને એ જ લોકો વધારે પડતો આગળ ધરે છે કે જેઓ ટૂંકી દૃષ્ટિના લોકોમાં કદાચ અપ્રિય થઈ પડે એવું તકેદારીનું કોઈ પણ મજબુત પગલું ભરવાથી દૂર રહેવા માંગે છે. એમાં કોઈ શક નથી કે જો દેશના આગેવાનોએ આઝાદી મળ્યા બાદ તરતજ બીજી કેટલીક બાબતો સાથે હિન્દીને રાષ્ટ્રીય ભાષા બનાવવા માટે દૃઢતાભર્યા અસરકારક પગલાં ભર્યાં હોત તો એ પ્રક્રિયા દ્વારા રાષ્ટ્રીય સંગઠનને પણ ઘણો વેગ મળ્યો હોત. હવે દેશના ભાષાકીય રાજ્યોમાં ભાગલા કર્યા બાદ આ કાર્ય અત્યંત મુશ્કેલ બન્યું છે. જે કાર્યની આજ સુધી ઉપેક્ષા કરવામાં આવી છે તે ભગીરથ કાર્યને શ્રી નહેરુએ અને અન્ય રાષ્ટ્રીય આગેવાનોએ હજુ પણ હાથ ધરવું ઘટે છે અને કલ્પનાપૂર્વકના શિક્ષણના સાધનનો પૂરો ઉપયોગ કરીને રાષ્ટ્રની એકતાને બળવત્તર બનાવવાના કામમાં તેમણે લાગી જવું જોઇએ. આપણે આશા રાખીએ કે આ કામ તેમની તાકાત બહારનું ન હોય અને આ માટે બહુ મોડું પણ થયું ન હોય."

પરમાનંદ

સંઘ તરફથી યોજનારો કાશ્મીર પ્રવાસ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે આગામી જુલાઇના ઉત્તરાર્ધમાં અથવા ઓગસ્ટ માસની શરૂઆતમાં કાશ્મીરનો પ્રવાસ યોજવાની વિચારણા ચાલે છે અને એ માટે ૩૮ પ્રવાસીઓની સગવડ થઇ શકે તેવી ત્રીજા વર્ગની ટુરીંગ કાર મેળવવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. પ્રવાસનો કાર્યક્રમ હજુ નક્કી થયો નથી અને તેથી પ્રવાસીઓએ આપવાની રકમ હજુ ચોકસ કરવામાં આવી નથી, પણ આ પ્રવાસમાં જોડાનાર મોટી ઉમ્મરની વ્યકિતએ આશરે રૂા. ૪૦૦, ૧૧ વર્ષ અને તેથી નીચેની ઉમ્મરનાએ આશરે રૂા. ૩૨૫, આપવાના રહેશે. ત્રણ વર્ષ નીચેનાં બાળકો માટે કશું આપવાનું નહિ રહે. આ પ્રવાસમાં અમરનાથની યાત્રા પણ જોડવામાં આવનાર છે અને તેમાં જોડાવા ઇચ્છનારે બીજા આશરે રૂા. ૪૦ આપવાના રહેશે. અતિ મર્યાદિત સંખ્યામાં પ્રવાસીઓને લેવાના હોઇને જે સભ્યો આ પ્રવાસમાં જોડાવા ઇચ્છતા હોય તેમને સંઘના કાર્યાલય સાથે સત્વર સંપર્ક સાધવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

આઇન્સ્ટીનના મહાવાકયનો એક વિશેષ અનુવાદ

તા. ૧૦–૨–૬૧ તથા તા. ૧૬–૩–૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં આઇન્સ્ટીનના મહાવાકયના અનુવાદો પ્રગટ કરવામાં આવ્યા છે તેમાં મારા મિત્ર શ્રી ગોકુળભાઇ દો. ભટ્ટ પોતે કરેલો અનુવાદ મોકલીને એકનો વધારો કરે છે. તે અનુવાદ નીચે મુજબ છે:

નિત્ય કહું મનને કંઇ વાર
કે જેવો છું અંદર બહાર
તેનો હયાત ને મરનાર
અન્યોના શ્રમ પર આધાર;
પામ્યો હું પામું છું જેહ
જેટલું તેટલું ફેડવું છે જ;
રહે કસર એમાં ના લેશ
પ્રયત્ન એવો કરૂં હંમેશ.

ગોકુળભાઇ દો. ભટ્ટ

ભય

ગાન

મને મારી ભૂલનો કેવલ ભય!
અવરનો ડર લેશ ન, પામું
મુજથી પરાજય —મને૦

લોકમેળામાં ઓળખી લીયે
લાખને મારી આંખ,
નેણ સહુનાં ચરણે ઝૂકે
એટલી મારી શાખ;
એકલ ખૂણે તો ય ન મારો
પામતી હું પરિચય —મને૦

જાણથી થાયે ભૂલ, છતાં ના
સઘળું મારે હાથ,
જગનો મને સંગ, ન તો યે
હું જ મારી સંગાથ;
મન–કાયા બેય એકનાં તો યે
બેઉનો અલગ લય —મને૦

ગીતા પરીખ

("કુમાર" માર્ચ, ૧૯૬૧
માંથી સાભાર ઉધ્ધૃત.)

પુનર્જન્મ, ઉત્ક્રાંતિ, આનુવંશિકતા

[શ્રી અરવિન્દના પુસ્તક 'The Problem of Rebirth'—'પુનર્જન્મની સમસ્યા'માંનો આ ત્રીજો લેખ છે. આધુનિક સાયન્સની સિદ્ધિઓથી પ્રભાવિત બનેલું માનવનું બુદ્ધિવાદી માનસ અંતરાત્મા, પુનર્જન્મ વગેરે જેવી અતિ ભૌતિક બાબતો સ્વીકારવાની આનાકાની કરે છે અને માને છે કે ભૌતિક સાયન્સે ઊભી કરેલી ઉત્ક્રાંતિ અથવા Evolutionની અને આનુવંશિકતા અથવા Heredity ની ઉપપત્તિઓ વડે જાતિ-જાતિ તેમ જ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની શારીરિક અને માનસિક ભિન્નતાઓ પૂરેપૂરી સમજાવી શકાશે. શ્રી. અરવિન્દ આ લેખમાં એ બે ઉપપત્તિઓનાં આંશિક સત્યને સ્વીકારે છે, પણ તેમાં રહેલી ઉણપો અને ખામીઓ પ્રત્યે ધ્યાન ખેંચે છે અને બતાવે છે કે એવી ભૌતિક ઉપપત્તિઓ વડે, જડતત્વ કરતાં તદ્દન જુદાં અને છતાં પણ એ જડત-ત્વમાંથી જ પ્રગટ થનારા પ્રાણ, મન અને અંતરાત્માને કદી પણ પૂરેપૂરાં સમજાવી શકાતાં નથી. અને આખરમાં તેઓ બતાવે છે કે જગતના તેમ જ વ્યક્તિના અનેકમુખી સત્યને સમજવા માટે ઉત્ક્રાંતિ, આનુવંશિકતા અને પુનર્જન્મ એ ત્રણેનો સ્વીકાર અને સમન્વય અનિવાર્ય છે. અનુવાદક]

(ગતાંકથી ચાલુ)

ભૌતિક ક્ષેત્રમાં સાયન્સની સિદ્ધિઓ

ઉત્ક્રાંતિ અને આનુવંશિકતા (Evolution and Heredity) આજના ચિંતનને મોખરે વિરાજનારાં બે સત્યો છે. તેમની શોધ ખૂબ જ અગત્યની છે અને કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉપર સારો પ્રકાશ પાડે છે, અને હું ધારું છું કે આપણા સ્વરૂપ ઉપર તેજસ્વી અને કદી પણ ન હોલવાનારો પ્રકાશ ફેંકનારાં સત્ય તરીકે આપણે તેમને સ્વીકારી લેવાનાં છે. તેઓ સ્થિર પ્રકાશવાળા દીવા તો છે, પણ હજી સારી રીતે સંકોરાયેલા નથી. માનવની બુદ્ધિ પહોંચે છે ત્યાં સુધી તો એ સત્યોને આખરી સત્યો ગણી શકાય, અને એમ કહી શકાય કે આધુનિક સાયન્સે ઘડેલા આપણા માનસની દૃષ્ટિમાં તેઓ જીવન વિષેના મૂળભૂત ખ્યાલ બની ગયાં છે. એ માનસ સાયન્સની ચોકસાઇ અને વિવિધતાભરી શોધથી અંજાઇ ગયું છે, પણ આખરે તો સાયન્સ હજી પણ મર્યાદિત ક્ષેત્રના અવલોકનમાં અને સંકુચિત તર્કબુદ્ધિમાં જ અટવાયા કરે છે. અલબત્ત, સાયન્સ પોતાની જ રીતે એક મહાન દૃષ્ટા અને જાદુગર તો છે જ, અને એની પાસે સૂક્ષ્મ દર્શન અને વિરાટ દર્શન. નિકટનું દર્શન અને દૂરનું દર્શન પણ છે, તેમ જ તેની પાસે ઘણી વસ્તુઓ સમજાવવાની અને નવું સર્જવાની શક્તિ પણ છે. એણે વિશ્વને સર્જનારી મહાશક્તિની અનેક વચગાળેની છૂપી પ્રક્રિયાઓને શોધી કાઢી છે અને આપણને અપાયેલી નવું શોધવાની શક્તિનો ઉપયોગ કરીને એ સાયન્સ મહાશક્તિએ નિપજાવેલાં આશ્ચર્યો ઉપરાંત નવાં આશ્ચર્યો પણ સિદ્ધ કરી શકયું છે. માનવ જો કે વિરાટમાં રહેલો અણુ છે અને પૃથ્વી પર છૂટથી હરીફરી શકતો હોવા છતાં ગુરુત્વાકર્ષણવડે ધરતી સાથે જકડાયેલો છે, તો પણ એણે જગજજનનીની સામે સાયન્સ દ્વારા સારા પ્રમાણમાં સફળ પાસા ફેંકયા છે. પણ હજી આ બધી સિદ્ધિઓ માત્ર સૌથી નીચેના, ભૌતિક ક્ષેત્રમાં જ થોડી ઘણી પૂર્ણતા સાથે પ્રાપ્ત થઇ છે.

આંતર ક્ષેત્રોમાં સાયન્સની મર્યાદિતતા

મનના ક્ષેત્રની જેમ જ ચૈત્ય (psychic) અને આધ્યાત્મિક રહસ્યોની બાબતમાં સાયન્સની દૃષ્ટિ હજી અણઘડ છે અને હાથ અસ્થિર છે. ભૌતિક ક્ષેત્રમાં આટલું ચોકકસ અને અઠંગ એવું એ આ ક્ષેત્રમાં તો, જેમ જેમ્સ કહે છે તેમ, માત્ર 'જબ્બર જળહળતી ઝબૂમતી અસ્તવ્યસ્તતા' જ જુએ છે. કદાચ આ વિધાન સોએ સો ટકા સાચું નહીં હોય તો પણ સાયન્સની નજર કોઇ નવા જન્મેલા બાળક જેવી તો છે જ. પોતે જેને હજી સમજાવી નથી શકતું એવા ચેતનાના ચમત્કારો અને અદ્‌ભુત આકસ્મિક સંશ્લેષો સામે એ જ્યારે આવીને ઊભું રહે છે ત્યારે સાવચેતીભરી અશ્રદ્ધાની ઢાલ પાછળ ભરાઇને એ કલ્પનાની ભૂલોમાંથી પોતાનું રક્ષણ કરે છે. પણ એ અશ્રદ્ધાને જ કારણે અપૂરતા અનુમાનની અસંખ્ય ભૂલોમાં એ અટવાઇ જાય છે. મન અને શરીરની ક્રિયાઓ વચ્ચે જો એને જૂજ દાખલાઓમાં કોઇ સુપરીક્ષિત અનુરૂપતાઓ (correspondences) દેખાઇ હોય તો, જેમ ડૂબતો તરણાને પકડે તેમ એ તેમને સલામતીના પાટિયા તરીકે વળગે છે. જો શકય હોય તો દરેક અતિભૌતિક ઘટનાને કોઇ ભૌતિક હકીકત વડે સમજાવવાનું એણે પણ લીધું છે; એની દૃષ્ટિએ તો શારીરિક પરિણામના અથવા અનુવાદના રૂપની ન હોય એવી કોઇ પણ માનસિક પ્રક્રિયા હોવી જ ન જોઇએ. દૃઢતાથી ગ્રહી શકાય એવા નિશ્ચયાત્મક સત્યને જ તાર્કિકતાપૂર્વક ગ્રહણ કરવાનો એનો આ નિર્ધાર દેખીતી રીતે તો મક્કમ લાગે છે, પણ ખરું જોતાં તો એ ઊલટો એને ખૂબ જ ડરપોક બનાવી દે છે અને ઝડપી સંશોધનની શકયતાને ખૂબ જ ઢીલી-મર્યાદિત-કરી મૂકે છે. તે ઉપરાંત ભૌતિક સત્યોને મનોવૈજ્ઞાનિક ક્ષેત્રમાં લાગુ પાડવાના એના પ્રયાસની અંદર પણ આ કારણે કોઇ અપૂરતાપણાનો ભાવ પ્રવેશવા પામે છે અને જ્યારે આનુવંશિકતા અને ઉત્ક્રાંતિની ઉપપત્તિઓને ભૌતિક સત્યના સલામત ક્ષેત્રની બહાર પરાણે લઇ જઇને તેમના વડે આપણા ચૈત્ય સ્વરૂપની સૂક્ષ્મ, સંકુલ અને અગ્રાહ્ય ઘટનાઓને પ્રકાશિત કરવાની એ મહેનત કરે છે ત્યારે તો આ અપૂરતાપણું આપણને ખૂબ જ ઉત્કટ બનતું દેખાય છે.

ઉત્ક્રાંતિવાદ: વિશ્વયોજનાની સૌથી સારી સમજણ

હું કહેવાની હિંમત કરી શકું છું કે હજી પણ અહીં તહીં કેટલીક એવી વ્યકિતઓ છે જેમને ભૌતિક ઉત્ક્રાંતિની ઉપપત્તિમાં છૂપો કે ખુલ્લેખુલ્લો અણવિશ્વાસ છે. તેઓ માને છે કે બીજી કેટલીયે ઉપપત્તિઓની જેમ એ પણ એક દિવસ કાળની ખાઇમાં ધકેલાઇ જશે. આ તો કોઇ અપવાદરૂપ અને અતિરેકભરી અશ્રદ્ધા છે, પણ આ વાતનો અહીં ઉલ્લેખ કરવાનો હેતુ એ છે કે એના વડે આપણને સમજાય છે કે ઉત્ક્રાંતિવાદ ગમે એટલો કબૂલી લેવામાં આવ્યો હોય તો પણ એનું વૈજ્ઞાનિક નિરૂપણ, બીજી અનેક વાતોની જેમ જ, હજી આખરી સિદ્ધાંત તરીકે પુરવાર થયું નથી. આમ છતાં પણ એકંદરે એની તરફેણમાં હકીકતો અને સૂચનોનો એક ખૂબ મોટો સંગ્રહ એકઠો થયો છે અને તેથી આપણને એવા નિર્ણય પર આવ્યા વિના છૂટકો થતો નથી કે આ અથવા એના જેવી જ કોઇ બીજી રીતે બધું બન્યું હોવું જોઇએ. સજીવ અસ્તિત્વની કોઇ ઊંડી સમીક્ષાવડે પણ આપણને દેખાય છે કે જીવજાતિઓ અને ઉપજાતિઓ (genus અને species) બેશક કોઇ આરોહક અને શાખા-પ્રશાખાત્મક ક્રમમાં ગોઠવાયેલી છે અને એને માટે ઉત્ક્રાંતિવાદ કરતાં વધારે ખાતરીજનક બીજી કોઇ પણ સમજણ હોઇ શકે એમ માનવું આપણે માટે કઠણ છે. કંઇ નહીં તો યે એક ચીજ તો હવે બુદ્ધિની નજરે નિશ્ચિત લાગે છે કે કોઇ કાલાતીત સ્રષ્ટાએ આ બધા સૂર્યો અને તારામંડળોને નિઃસીમ અવકાશમાં સંપૂર્ણપણે ઘડાયેલાં અને સનાતન ક્રમે ગોઠવાયેલાં ધકેલ્યાં હોય અને આ બધી અસંખ્ય જીવજાતિઓને તૈયાર રૂપે

અને સુંદર રીતે કાપકૂપ કરીને ધરતીમાં રોપી હોય, અને તે પણ બધું માત્ર સાત જ દિવસમાં કે ગમે એટલા દિવસમાં, પોતાની કોઇ ધૂન કે નશાની ઉશ્કેરણી કે ભરચક યાંત્રિક પ્રવૃત્તિના ઓચિંતા આવેશ હેઠળ એણે કરેલા હુકમથી થયું હોય એમ આપણે માની શકીએ નહીં. પ્રાચીન હિન્દુ ચિંતકોએ યુગો સુધી વિસ્તરતો ક્રમિક વિકાસ સંક્ષિપ્ત સ્વરૂપે રજૂ કરીને એમ સૂચવ્યું હતું કે અસ્તિત્વનાં નિમ્ન સ્વરૂપો પહેલાં પ્રગટયા અને ત્યાર પછી જ આત્માએ પૃથ્વી પર જીવન–વિકાસના કળશ રૂપે માનવને પ્રગટાવ્યો અને એનું જ ભૌતિક સાયન્સની ધીરજભરી અને ઝીણવટભરી તપાસે સમર્થન કર્યું છે. જો કે યુગચક્રોના સતત પુનરાવર્તનના બીજા હિંદુ ખ્યાલને ભૌતિક જુબાનીથી પુરવાર કરવાનું તો અશકય જ છે.

મૂળ એક બીજમાંથી નાનાવિધ જીવજાતિઓનો વિકાસ

બીજી એક ચીજ પણ હવે એટલી જ નિશ્ચિત લાગે છે કે સમસ્ત જીવનનું મૂળ બીજ એક છે, એટલું જ નહીં પણ, સમસ્ત વિકાસની પદ્ધતિ એક છે અને રફતે રફતે અમલમાં આવતી ઘડતરની પાયાની યોજના પણ એક જ છે, જો કે ઉત્પન્ન થતાં પરિણામોમાં કોઇ વાર આમ તેમ ફેરફારો થાય છે ખરા. બીજની એકતાનું સત્ય તો સાયન્સે ભૌતિક તપાસ દ્વારા હમણાં હમણાં જ બતાવ્યું છે; પણ હજારો વર્ષો પહેલાં ઉપનિષદોની મહાન સ્ફુરણાએ એ જ સિદ્ધાંત આપણને આ પ્રમાણે આપ્યો છે: एकं बीजं बहुधा शक्तियोगात्–"બીજ એક જ છે પણ શક્તિના યોગથી અથવા પ્રક્રિયાથી વિશ્વનો સ્વયંભૂ આત્મા એને અનેક-રૂપ બનાવે છે." પ્રકૃતિ પરિવર્તનો (variations)ને લગતા મૂળ સામાન્ય ખ્યાલોથી શરૂઆત કરતી લાગે છે અને પછી ખૂબ જ ઝીણાં પરિણામાત્મક પરિવર્તનોની કોઇ અસાધારણ સમૃદ્ધિ ઉપર પહોંચે છે. એને કારણે ઉપજાતિઓ (species)માં સતત સૂક્ષ્મ ભેદોનું નિર્માણ થાય છે અને વ્યકિતમાં અજોડપણારૂપ પરિણામ સિદ્ધ કરવા માટેનો ચકિત બનાવી દેનારો આગ્રહ પ્રગટ થાય છે. લગભગ એમ જ લાગે છે કે જાણે પ્રકૃતિ પોતાના સંવાદિતાયુક્ત ભૌતિક સર્જનોમાં ફરી ફરી એકનું એક જ ઊંડું સત્ય બતાવવા માગે છે કે મૂળમાં બધી વસ્તુઓ એક જ સત્ છે, પણ એ એક સત્ પોતાના નિઃસીમ નાનાત્વનું આગ્રહી છે, અને કોઇ એવું પણ સૂચન જણાય છે કે આ સનાતન એકત્વમાં કોઇ સનાતન અનેકત્વ રહેલું છે, નિઃસીમ સત્ સત્ત્વોના નિઃસીમ બહુત્વમાં પોતાનું જ પુનરાવર્તન કરે છે, તેમજ દરેક સત્ત્વ અજોડ છે અને છતાં દરેક એ એક જ છે. જો આપણું મન અસ્તિત્વની બાહ્ય હકીકતોમાંથી મળતાં અતિભૌતિક સૂચનો ઉપર નજર રાખતું હોય તો આ બધું કંઇ છેક જ કલ્પના જેવું તો નહીં જ લાગે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉત્ક્રાંતિનો ક્રમ: ખૂટતી કડીઓ

એ ગમે તેમ હો, પણ હમણાં તો સજીવ વસ્તુઓની નૈસર્ગિક સંવાદિતાની પ્રચંડ જટિલતામાં આ વ્યવસ્થા દેખાય છે કે મૂળ બીજ એક, વિકસતી જતી પાયાની યોજના એક અને વિવિધતાઓ અનેક; અને કોઇ ચઢતા ક્રમમાં, સૂક્ષ્મ પરંતુ ખૂબ જ સ્પષ્ટ પગથિયાં દ્વારા અણઘડ પરથી ગૂંચવર્યા, ઓછા વ્યવસ્થિત પરથી વધુ વ્યવસ્થિત અને હલકા પ્રકાર ઉપરથી ઊંચા પ્રકાર પર એ વિવિધતાઓનું આગળ વધવું. જ્યારે આપણે આ જીવનવૃક્ષ જોઇએ છીએ ત્યારે આપણા મનમાં તરત જ પહેલો પ્રશ્ન એ થાય છે કે તર્કવડે ઊભો કરાયેલો આ ક્રમ શું વિશ્વના ઇતિહાસમાં આવિર્ભાવ પામેલો ખરેખરો ક્રમ છે? અને પછી એના પરથી નૈસર્ગિક રીતે જ બીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે જો એમ હોય તો, શું દરેક નવું રૂપ એના નૈસર્ગિક પૂર્વ-ગામી રૂપમાંથી પરિવર્તન (variation) વડે વિકાસ પામે છે કે પછી કોઇ અજ્ઞાત પ્રક્રિયા વડે તદ્દન નવા, સ્વતંત્ર અને અચાનક થનારા સર્જન રૂપે પ્રગટ થાય છે. આમાંના પહેલા વિકલ્પમાં આપણી પાસે ભૌતિક ઉત્ક્રાંતિનો વૈજ્ઞાનિક ક્રમ ઉપ-સ્થિત થાય છે. અને બીજા વિકલ્પમાં શું હોઇ શકે તે બરા-બર જાણી શકાતું નથી, પણ કદાચ આ પ્રમાણે હોય કે કોઇ અદૃશ્ય હિરણ્યગર્ભે (અથવા જગતસ્રષ્ટાએ પૃથ્વીના ઉત્ક્રાંતિના શરુ-આતના અરસામાં આ બધું વિકસાવ્યું હોય અને હવે સંપૂર્ણપણે કે લગભગ એ કામ બંધ કરી દીધું હોય અને તેથી હવે અહીં એવી જાતનો કોઇ પણ ભૌતિક વિકાસ નહી થતો હોય, પણ માત્ર અત્યાર અગાઉ જ સર્જાઇ ચૂકેલા પ્રકારોમાં કદાચ નવા સામ-ર્થ્યની (capacityની) જ ઉત્ક્રાંતિ થતી હોય. સાયન્સ તો એમ જ કહે છે કે અહીં કોઇ તદ્દન નૈસાર્ગક અને યાંત્રિક અને અવિચ્છિન્ન ભૌતિક ઉત્ક્રાંતિ છે અને એમાં અલબત વિકાસ-શીલ પરિવર્તન (variation)ની ઘણી ભિન્ન રેખાઓ તો છે, પણ એ રેખામાં કયાં ય પણ ખાડો કે તૂટ નથી. એ સાચું છે કે આમાં એક નહીં પણ અસંખ્ય ખૂટતી કડીઓ (missing links) છે, જેમને ભૂતકાળના સમૃદ્ધમાં સમૃદ્ધ અવશેષો પણ પૂરી શકે તેમ નથી અને તેથી કોઇ ઝડપી કૂદકાવડે થનારા વિકા-સની શકયતાનો આપણે એકાન્તપણે ધ્વન્કાર કરી શકીએ એમ નથી. આવો કૂદકો કોઇ ભરચક ચૈત્ય કે પ્રાણમય–ચૈત્ય (psychical or bio-psychic) તૈયારી વડે સિદ્ધ થયો હોય અને એના પરિણામરૂપે કોઇ નવો પ્રકાર આવિર્ભાવ પામ્યો હોય, પણ એની પોતાની અને એની પહેલાનાં જીવન–સ્વરૂપોની વચમાં અમુક તૂટ–ન સમજાય એવી ખૂટતી કડી રહી ગઇ હોય. માણસની બાબતમાં તો ખાસ કરીને, એ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો તે વિષે અતિશય મોટી અનિશ્ચિતતા છે, કેમકે પ્રકૃતિનાં બીજાં સંતાનો કરતાં એ ખૂબ જ જૂદો છે અને છતાં એમને ખૂબ જ મળતો આવે છે. તો પણ એવી તૂટોનો–ખૂટતી કડીઓનો–ખુલાસો થઇ શકે અને ભૌતિક દૃષ્ટિની આવી અવ્યવસ્થિતતાને દૂર કરી શકે એવી ઘણી નકકર હકીકતો આપણને મળે છે. આથી ભૌતિક જગતમાં તો બધું કાર્ય કોઇ મૂળભૂત ભૌતિક નિયમને આધારે જ થતું હોય એ જ સૌથી વધારે સંભવિત છે.

શું ઉત્ક્રાંતિ કેવળ ભૌતિક અને જીવનવૈજ્ઞાનિક જ છે?

પણ ધારો કે આપણે ક્રમિક નિર્માણની પરંપરામાં કોઇ અચૂક અને પ્રખર અવિચ્છિન્નતાને સ્વીકારી લઇએ તો પણ એ પ્રશ્ન ઊભો થાય છે કે ઉત્ક્રાંતિની પ્રક્રિયા પહેલી નજરે જેમ લાગે છે તેમ કેવળ ભૌતિક અને જીવનવૈજ્ઞાનિક (biological) છે ખરી કે. જો એ માત્ર એવી જ હોય તો આપણે જીવ–વર્ગોની આનુવંશિક-તાના કડક સિદ્ધાંત ઉપરાંત આનુવંશિક પ્રગતિશીલ પરિવર્તનના નિયમને તેમ જ બધી જ માનસિક અને આધ્યાત્મિક ઘટનાઓના કોઇ કેવળ ભૌતિક કારણને સ્વીકારવાં જ પડે. ખુદ આનુવંશિક-તાનો અર્થ તો માત્ર આ જ છે: પહેલાંની પેઢીના જીવનમાંથી પછીની પેઢીમાં શારીરિક આકૃતિનું અને જીવનવૈજ્ઞાનિક લક્ષણોનું સંક્રમણ (transmission). એ તો સ્પષ્ટ છે કે જાતિ કે ઉપજાતિની અંદર તો આનુવંશિક સંક્રમણનું આવી જાતનું સામાન્ય તત્ત્વ છે જ, તેથી તો જેવું વૃક્ષ તેવું બીજ અને જેવું બીજ તેવું વૃક્ષ થાય છે. અને એને લીધે જ સિંહ બિલાડી કે ગેંડાને નહીં પણ સિંહને જ જન્મ આપે છે, માણસ ઉરાંગ–ઉટાંગને નહીં પણ માણસને જ જન્મ આપે છે. જો કે હમણાં જૂની ઉપપત્તિને ગુલાંટ ખવડાવી દેનારી એક વિચિત્ર અને

ચક્તિ બનાવતી કલ્પના વાંચવામાં આવે છે કે અમુક વાનર–યોનિઓ માનવની પૂર્વજ નહીં પણ એની જાતિભ્રષ્ટ (degenerate) સંતતિ હોઇ શકે! પણ આ ઉપરાંત, જો ભૌતિક ઉત્ક્રાંતિ જ માત્ર સમસ્ત હકીકત હોય તો પછી નવી ઉપજાતિઓને સર્જનારાં પરિવર્તનો (varitions)ના આનુવંશિક સંક્રમણને માટે કોઇ સામર્થ્ય હોવું જોઇએ, અને તે પણ માત્ર યોનિઓના મિશ્રણ કે સાંકર્ય (crossing)ની પ્રક્રિયામાં જ નહીં પણ બીજની અંદર સંચિત બનતા અને પેઢી ધર પેઢી ઊતરતા આંતર વિકાસમાં પણ હોવું જોઇએ. આ બાબત પણ ઠીકઠીક ફળૂલી શકાય, જો કે એની સાચી પ્રક્રિયા અને તાર્કિક યોગ્યતા હજી સુધી સમજાયાં નથી, કેમકે કૌટુંબિક અને વ્યક્તિગત લક્ષણોનું સંક્રમણ એક સુ–નિરીક્ષિત બાબત છે. પણ સંક્રમિત વસ્તુઓ કંઇ માત્ર શારીરિક અને જીવનવૈજ્ઞાનિક જ નહીં પણ મનો વૈજ્ઞાનિક અથવા પ્રાણમય–ચૈત્ય (bio–psychic) લક્ષણો પણ છે, સુનિશ્ચિત જ્ઞાનતંત્વાત્મક અનુભવ અને માનસિક વલણો છે, શક્તિઓ છે. આપણે એમ ધારવું પડે છે કે આ બધી વસ્તુઓને ભૌતિક બીજ સંક્રમિત કરે છે. આપણને એમ સ્વીકારવાનું કહેવામાં આવે છે કે, ઉદાહરણ તરીકે, માનવબીજ, પોતામાં કોઇપણ વિકસિત સ્વરૂપની માનવચેતના ન રહેલી હોવા છતાં, એવી ચેતનાની શક્તિને પોતાની સાથે લઇ જાય છે, અને તેથી સંતતિના મનમાં એ શક્તિઓ આપમેળે જ પોતાનું પુનરાવર્તન કરે છે. આ આપણે સ્વીકારી લઇએ તો પણ એ એક અકળ વિરોધના રૂપનું જ રહે છે. સિવાય કે આપણે એમ ધારીએ કે ક્યાં તો એની પાછળ કંઇક વિશેષ રહેલું છે, ભૌતિક પ્રક્રિયાના બુરખા પાછળ કોઇ ચૈત્ય (psychic) શક્તિ રહેલી છે, અથવા તો મન માત્ર પ્રાણની જ કોઇ પ્રક્રિયા છે અને પ્રાણ માત્ર જડતત્ત્વની જ કોઇ પ્રક્રિયા છે, આથી આખરે તો આપણે એમ જ ધારવું પડે કે આ ભૌતિક ઉપપત્તિ કેવળ ભૌતિક કારણોના અને ભૌતિક બંધારણના આધાર પર જ જડતત્ત્વમાંથી પ્રાણના અને પ્રાણમાંથી મનના પ્રાકટયનું રહસ્ય સમજાવવા સમર્થ છે. અહીં જ બધી મુશ્કેલીઓનું ઝુંડ ઊભું થવાની શરૂઆત થાય છે, અને એ ઉપપત્તિની પ્રચંડ અપર્યાપ્તતા તદ્દન ખુલ્લી થઇ જાય છે અને એ અપર્યાપ્તતા જ એની પાછળ રહેલા કશાકને માટે, કોઇક ચૈત્ય તત્વને માટે, કોઇ છૂપી અંતરાત્માની પ્રક્રિયાને માટે અને ઉત્ક્રાંતિના સત્યના કોઇ વધુ સંકુલ અને ઓછા ભૌતિક ખુલાસાને માટે દ્વાર ખુલ્લાં કરી આપે છે.

જડવાદીની દૃષ્ટિએ જડમાંથી પ્રાણની ઉત્ક્રાંતિ

જડવાદી ધારણા એવી છે કે નિષ્પ્રાણ જડતત્ત્વ કોઇ અજ્ઞાત સંજોગો હેઠળ વિકસીને અભાન જીવન રૂપ બને છે અને એ જીવન ભૌતિક શક્તિની જ માત્ર ક્રિયા–પ્રતિક્રિયા છે; તેમ જ એ જીવન પણ પાછું અમુક અજ્ઞાત સંજોગો હેઠળ વિકસીને સભાન મન રૂપ બને છે અને એ મન પણ પાછું ભૌતિક શક્તિની જ માત્ર ક્રિયા–પ્રતિક્રિયા છે. આ વાત પુરવાર થઇ નથી, પણ એમ દલીલ કરવામાં આવે છે કે એનું કારણ તો એ છે કે હજી આપણે પૂરતું જાણતાં નથી; પણ એક દિવસ આપણે જાણતાં થઇશું. એટલે કે, હું માનું છું કે જીવન વિજ્ઞાનના કોઇ ગૅલિલિયોનાં યોગ્ય રીતે ઘડાયેલાં જ્ઞાનતંતુઓ અને મગજમાં સ્ફુરણા અથવા તર્કસરણિના નામે ઓળખાતી જરૂરી દેહવ્યાપારવિજ્ઞાનની (physiological) પ્રતિક્રિયા ઊભી થશે અને એના ઉપર શોધનો કળશ ચઢશે અને પછી બીજી અનેક વસ્તુઓની જેમ જ આ મહાન અને સાદું સત્ય પણ પુરવાર થશે. પણ મુશ્કેલી એ છે કે એ સાબિત કરવું અશક્ય છે. ખુદ જીવનની બાબતમાં, જ્યાં મુશ્કેલી કંઇક ઓછી પ્રખર છે ત્યાં પણ, જીવનના પ્રાકટયને પ્રોત્સાહન આપનારા અમુક રાસાયનિક કે બીજા ભૌતિક અને યાંત્રિક સંજોગોની શોધ થાય તો પણ એનાથી તો માત્ર એટલું જ પુરવાર થાય કે શરીરમાં જીવનના આવિર્ભાવને માટે એ અનુકૂળ કે આવશ્યક સંજોગો છે અને સ્વાભાવિક રીતે જ આવા સંજોગો તો હોવા જ જોઇએ. પણ એનાથી કંઇ એમ ન પુરવાર થાય કે જીવન વિશ્વના અસ્તિત્વની શક્તિનું કોઇ નવું અને વધારે ઊંચું બળ નથી. ભૌતિક સંજોગો અને ઉત્તેજનાઓ (stimnli) સાથેનો જીવનનો પ્રતિવાદાત્મક સંબંધ (response) તદ્દન સ્પષ્ટપણે પુરવાર કરે છે કે જીવન અને જડતત્ત્વ વચ્ચે સંબંધ છે અને શક્તિના એ બે પ્રકારો એક બીજા પર ક્રિયા કરે છે અને જો તેમનું સહઅસ્તિત્વ હોય તો જરૂર એવી ક્રિયા થવી જ જોઇએ. આ બધું તો ખૂબ પ્રાચીન જ્ઞાન છે. પણ આ વાત કંઇ એ હકીકતને બાજુએ નથી મૂકી દઇ શકતી કે શારીરિક પ્રતિવાદિતાની સાથે હંમેશ કોઇ જ્ઞાનતંતુની ઉત્તેજનાનાં સ્વરૂપનું લાગતું તત્ત્વ અને કોઇ આરંભદશાની કે દબાયેલી ચેતના રહેલાં હોય છે અને એ બે વસ્તુઓ તેમજ તેમની સાથી ભૌતિક પ્રક્રિયા કંઇ એક જ વસ્તુ નથી.

જડમાંથી મનની ઉત્ક્રાંતિ

જ્યારે આપણે મન પર આવીએ છીએ ત્યારે જડતત્ત્વ અને મનની વચ્ચે કોઇ અનુબંધ, પારસ્પરિક ક્રિયા, સંબંધ, અનુરૂપતા (correspondence) આપણને દેખાય છે અને દેહી બનેલા મનમાં એનાથી જુદી પરિસ્થિતિ હોઇ જ કેવી રીતે શકે? પણ આવી અનુરૂપતાનું પ્રમાણ ગમે એટલું મોટું હોય તો પણ એ કદી આપણને ન બતાવી શકે કે કોઇ શારીરિક પ્રતિવાદ (response) કેવી રીતે સચેતન પ્રવૃત્તિ, ઇંદ્રિયદર્શન, ઊર્મિ, ચિંતન કે ખ્યાલના રૂપનો બની જાય અથવા સ્વસ્વરૂપે જ એનું ઘટકદ્રવ્ય બની જાય; અથવા એ કદી પણ પુરવાર ન કરી શકે કે પ્રેમ એક રાસાયનિક પેદાશ છે અથવા પ્લેટોની ફિલસૂફી કે હોમરનું ઇલિયડ કે યોગીની વિશ્વચેતના તો માત્ર દેહવ્યાપારવિજ્ઞાનની પ્રતિક્રિયાઓનો જ એક સમુદાય છે અથવા મગજના દ્રવ્યના ફેરફારોની જ એક સંકુલતા (complexity) છે અથવા વૈદ્યુતીય ફૂદકાઓનું જ એક ચકિત કરતું આશ્ચર્ય છે. આ બાબતમાં વાંધો એમ નથી કે સાદી સમજ અને કલ્પનાશક્તિ આવી ઉપપત્તિઓ સ્વીકારતાં અચકાય છે, તેમ જ એમ પણ નથી કે આવા ખેંચીતાણીને કરાતા અનુમાનની તરફેણ કરવા માટે ઇંદ્રિયદર્શન, તર્ક અને સ્ફુરણાને બાજુએ ધકેલી દેવાં પડે છે, પણ વાંધો એ છે કે જે વાત સમજાવવા માગીએ છીએ અને જેના વડે સમજાવવા માગીએ છીએ એ બેની વચ્ચે કોઇ એટલું મોટું અંતર છે, એટલો મોટો ખાંચો છે કે જે પૂરી શકાય એમ જ નથી. વચ્ચે ગમે એટલા જ્ઞાનતંત્વાત્મક સંબંધો અને ચૈત્ય–શારીરિક પુલો ઊભા કરીએ તો પણ એ પૂરી શકાય એમ નથી. અને જો ભૌતિકવૈજ્ઞાનિક અમુક સૂચક હકીકતોનો જથ્થો બતાવતો હોય અને આશા રાખતો હોય કે આ દુર્ધર્ષ મુશ્કેલીઓ પર એ કોઇક દિવસ વિજય મેળવી શકશે, તો બીજી બાજુએ ચૈત્ય (psychical) ઘટનાઓનો પણ એક આરંભ રૂપનો જથ્થો એકઠો થાય છે જે એની ઉપપત્તિને અગાધ પાણીમાં ડૂબાડી દઇ શકે એમ છે. હંમેશ જ દેખીતા એવા આ વાંધાઓને બાજુએ મૂકી દઇ શકાય એમ નથી. એવું તો હવે વધારે ને વધારે સ્વીકારાતું જાય છે, પણ હજી ભૌતિક સાધનોનો દોર સારા પ્રમાણમાં ચાલુ રહેલો હોવાને કારણે તેમના ઉપર ભાર મૂકવો જરૂરી છે,

કેમ કે જો એમ કરીએ તો જ આપણા અસ્તિત્વના કોયડાને કોઇ યાંત્રિક સરળતાના રૂપમાં અણછાજતી રીતે પૂરી દેવાનો પ્રયત્ન ન કરનારી વધારે વિશાળ ઉપપત્તિઓ પ્રત્યે જવાનો આપણો માર્ગ એકદમ મોકળો થઇ શકે.

ઉત્ક્રાંતિ, આનુવંશિકતા, પુનર્જન્મ

આવી ઉપપત્તિઓમાંની એક છે આ મુજબની પ્રાચીન દૃષ્ટિ કે મન અને અંતરાત્મા પર માત્ર શરીર અને પ્રાણનો જ પ્રભાવ નહીં, પણ શરીર અને પ્રાણ પર મન અને અંતરાત્માનો પ્રભાવ પણ ખ્યાલમાં રાખવાનો છે. આમાં પણ ઉત્ક્રાંતિનો ખ્યાલ તો છે જ, પણ શારીરિક અને જીવનની ઉત્ક્રાંતિને તેમ જ મનના વિકાસને પણ અંતરાત્માની ઉત્ક્રાંતિમાં બનનારી ઘટનાઓ તરીકે જ લેખવામાં આવ્યાં છે. એ અંતરાત્માની ઉત્ક્રાંતિમાં કાળ એનો પંથ છે અને પૃથ્વી બીજાં અનેક જગતો ભેગી એની રંગભૂમિ છે. આ ઉપપત્તિના જૂના ભારતીય સ્વરૂપમાં ઉત્ક્રાંતિ, આનુવંશિકતા અને પુનર્જન્મ–એ ત્રણ વિશ્વાત્મક આવિર્ભાવની સાથી પ્રક્રિયાઓ છે,– ઉત્ક્રાંતિ પ્રક્રિયાત્મક લક્ષ્ય છે, પુનર્જન્મ મુખ્ય પદ્ધતિ છે અને આનુવંશિકતા ભૌતિક સંજોગોમાંનો એક સંજોગ છે. આ એક એવી ઉપપત્તિ છે કે જે આપણા કોયડાનાં બધાંય સંકુલ તત્ત્વોની કોઇ સંવાદિતાપૂર્ણ સમજણને માટે કંઇ નહીં તોયે ઘોકહું તો પૂરું પાડે છે. સાયન્સનો ખ્યાલ જ્યાં શારીરિક સ્વરૂપથી શરૂઆત કરે છે અને ચૈત્ય (psychical) તત્ત્વને શરીરનું એક પરિણામ અને ઘટના બનાવે છે, ત્યાં આ બીજો ઉત્ક્રાંત્યાત્મક ખ્યાલ અંતરાત્માથી શરૂઆત કરે છે અને શારીરિક સ્વરૂપને જડ જગતમાં વિલીન બનેલા આત્માના પોતા પ્રત્યે જાગૃત બનવાના એક સાધન તરીકે જુએ છે.

ક્રમશઃ

શ્રી અરવિંદ

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

(ગતાંકથી ચાલુ)

જીવન અનેક સવાલોથી ભરેલું છે. એમાં સૌથી મોટો સવાલ છે ભૂખનો. એ પ્રથમ દૃષ્ટિએ શરીરને લગતો સવાલ છે; મન ઉપર એનો પૂરો પ્રભાવ પડે છે. ભૂખને શાંત કરવા માટે મનુષ્ય આહાર કરે છે. ખાવાની સામગ્રી ઓછી છે, ખાનારા વધારે છે, જનસંખ્યા ઝડપથી વધી રહી છે. વધેલી વસતિના સવાલે સાચેજ, ભોજનના સવાલને મુશ્કેલ બનાવી મૂક્યો છે. આહારની દૃષ્ટિએ માનવસમાજ બે ભાગમાં વહેંચાયેલો છે: શાકાહારી અને માંસાહારી. શાકાહાર એ જીવનની ઓછામાં ઓછી જરૂરિયાત છે. એના અવેજમાં હજી કોઇ બીજો વિકલ્પ છે નહીં (મતલબ કે શાકાહારને છોડીને પણ જીવી શકાય એવો કોઇ બીજો ઇલાજ હજી મળ્યો નથી); જ્યારે માંસાહારની સામે બીજો વિકલ્પ છે શાકાહારનો. એટલા માટે જ માંસાહારની ચર્ચા થાય છે, અને તે અસ્વાભાવિક પણ નથી.

મનુષ્ય પોતાના નાના નાના અધિકારો માટે લડે છે ત્યારે સહેજે એના મનમાં એવો તર્ક જાગે છે કે શું મનુષ્ય સિવાયનાં પ્રાણીઓને જીવવાનો અધિકાર નથી? શું તેઓ અશક્ત છે એટલા માટે આપણે, જ્યારે મન થાય ત્યારે, એમના ઉપર છરી ચલાવી દઇએ અને એમનો ઘાત કરીને આપણું જીવન ચાલુ રાખીએ? શું એમના જીવનનું કોઇ મૂલ્ય નથી? શું પશુહત્યા એ બળવાન દ્વારા નિર્બળ ઉપર થતાં દમનનો પૂરાવો નથી?—જ્યારે માનવીના અંતરમાં કરુણાનું ઝરણું વહેવા લાગે છે ત્યારે આ સવાલો વધારે જ્વલંત બની જાય છે.

આપણે જરા પાછળ દૃષ્ટિપાત કરીએ કે માનવી માંસાહારી કેમ બન્યો? ક્યારે બન્યો? શરૂઆતમાં ખેતીના અભાવમાં મનુષ્યો માંસાહાર કરતા હતા. આજે પણ કયાંક કયાંક મુખ્ય ભોજન માંસનું થાય છે. જેમ જેમ ખેતીનો વિકાસ થયો તેમ તેમ માંસાહારની સામે બીજો વિકલ્પ ઉભો થતો ગયો; લોકો શાકાહાર તરફ વળતા ગયા. માંસાહારની શરૂઆત ક્યારે થઇ એ ઇતિહાસના સીમાડાની બહારની વાત છે; પણ એમ કહેવું મુશ્કેલ છે કે માંસાહાર ખાદ્ય અન્નના અભાવમાં ચાલે છે. એના પ્રચારમાં સ્વાદવૃત્તિ વગેરે અનેક કારણો છે.

માંસાહારનો વિરોધ પણ ઘણા લાંબા ભૂતકાળથી ચાલ્યો આવે છે. શરૂઆતમાં એનો વિરોધ અહિંસાની દૃષ્ટિએ થયો. એટલા માટે જ કહેવામાં આવ્યું કે–માંસાહાર એ નરકગતિનું કારણ છે. મનુષ્ય પોતાની સ્વાદવૃત્તિને પોષવા માટે માંસ ખાય એ અનર્થ હિંસા છે, સકલ્પની હિંસા છે. ખેતી વગેરે મનુષ્ય જીવનની ઓછામાં ઓછી જરૂરિયાત માટે થતી હિંસા આરંભની છે; એ આરંભની હિંસાનો એ ત્યાગ ન કરી શકે, પણ સંકલ્પની હિંસા એણે ન આચરવી જોઇએ. આ વિરોધ અહિંસાની દૃષ્ટિનો છે. જ્યાં સુધી એ દૃષ્ટિનું અસ્તિત્વ રહેવાનું ત્યાં સુધી માંસાહાર પ્રત્યે એનો વિરોધ પણ રહેવાનો.

વળી, માંસાહારનો વિરોધ ખાદ્યાખાદ્યની દૃષ્ટિએ થયો. માંસ માણસનું ખાદ્ય નથી, તેથી એણે એ ન ખાવું જોઇએ. શરૂઆતમાં આ દૃષ્ટિબિંદુમાં સાત્વિક ભાવનાનો અંશ પ્રબળ હતો, હવે શરીર–શાસ્ત્રની દૃષ્ટિએ એને અભક્ષ્ય કહેવામાં આવે છે. માનવ–શરીરની રચના માંસાહારને અનુકૂળ નથી; માંસ મનુષ્યનો ખોરાક નથી.

માંસાહારનું સમર્થન કરનારાઓ જેવી દલીલ કરે છે કે જો માણસ માંસ ન ખાય તો એ ભૂખથી મરી જાય. વળી, ઘણા લોકો માંસને પૌષ્ટિક અને તંદુરસ્તી આપનારું પણ માને છે. વસ્તુસ્થિતિ એવી છે કે માંસાહારનો વિરોધ પણ થાય છે, અને એનું સમર્થન પણ થાય છે. એનો વિરોધ કરનારા ઓછા છે, એનું સમર્થન કરવાવાળા વધારે. સરકારની દૃષ્ટિએ માંસાહાર કોઇ દોષ નથી, તેથી એને એ ઉત્તેજન આપે છે, અને એને એ અન્નના સવાલનો ઉકેલ પણ લેખે છે. માંસાહારને રોકવાની શક્તિ અત્યારે તો સરકારમાં નથી. એ તો જનતાના હૃદય-પરિવર્તનથી જ રોકી શકાય. લોકો ન ખાય તો સરકાર એમને પરાણે નહિ ખવરાવે.

આ સમગ્ર ચર્ચાનો સાર એ છે કે સરકાર, એ સમાજની પ્રતિનિધિ છે. રાજ્યસંસ્થાનું સાધ્ય સમાજની જરૂરિયાતોને પૂરી કરવી, એ છે અને સાધન સાધ્યને અનુરૂપ જ હોવાનું. અહિંસાનો વિચાર તો એ કરે છે કે જેનું સાધ્ય આત્મ–મુક્તિ હોય. સરકાર તો અહિંસાનો એટલો જ વિચાર કરે છે, જેટલો એને માટે એનો ઉપયોગ હોય છે. સામાજિક અહિંસાનો આધારસ્તંભ છે ઉપયોગિતા; અને આધ્યાત્મિક અહિંસા સર્વજીવ પ્રત્યેની સમાન દૃષ્ટિને આધારે ઊભી રહે છે. ઉપયોગિતા–વાદનું સૂત્ર છે–'ન માનુષાચ્છ્રેષ્ઠતરં હિ કિઞ્ચિત્;' એને આધારે જ મનુષ્ય પોતાને માટે બાકીના વિશ્વનો ભોગ લેવાના કાર્યને અકાર્ય નથી માનતો. અને અધ્યાત્મવાદનું સૂત્ર છે "આય તુલે પયાનુ" (પોતાના આત્માની જેમ જ બીજાના આત્માને જુઓ); એને લઇને મનુષ્ય પોતાને માટે કોઇ પણ જીવનો ભોગ લેવો એને સારું કાર્ય નથી માનતો. આ (આધ્યાત્મિક) દૃષ્ટિએ હિંસા એ જીવનની અશક્તિ છે, નબળાઇ છે; ધર્મ તો કયારેય નથી.

એકના અસ્તિત્વને માટે બીજાના અસ્તિત્વનો ભોગ લેવામાં આવે, એ વાત કોઇ રીતે સ્વીકારવાયોગ્ય નથી–આ છે આધ્યાત્મિક દૃષ્ટિ. વ્યવહારની દૃષ્ટિ આનાથી જુદી છે. એ દૃષ્ટિ પ્રમાણે વધારે ઉપયોગી પ્રાણીને માટે ઓછા ઉપયોગી પ્રાણીનો ભોગ લેવો એ ઉપાદેય છે.

આપણા માટે એ બહુ જરૂરી છે કે કોઇ પણ નિષ્કર્ષ ઉપર પહોંચતાં પહેલાં આપણે એના સાધ્ય અને સાધનના સ્વરૂપનો નિર્ણય કરી લેવો જોઇએ. અહિંસા, કરુણા વગેરે શબ્દોને આપણે બધાય માનીએ છીએ; આમ છતાં આપણા નિષ્કર્ષ જુદા જુદા હોય છે; એમ થવાનું કારણ આપણા સાધ્યના સ્વરૂપનો ભેદ, એ જ છે. આપણે 'અહિંસા' શબ્દને લક્ષને ચાલીએ છીએ; પણ એના હાર્દને સ્પર્શતા નથી. આપણા સમીક્ષકોએ તેમજ આપણે તો એમ ન માનવું જોઇએ કે આપણી ટીકા કરનારા અહિંસાને માનતા જ નથી. આપણે તો એ દૃષ્ટિએ વિચારવું જોઇએ કે જ્યારે સાધ્ય એક ન હોય ત્યારે સાધન જરૂર જુદાં જુદાં હોય છે. તેરાપંથની કે આચાર્ય તુલસીની એવી માન્યતા કયારેય નથી કે અહિંસા કેવળ નિષેધાત્મક ધર્મ છે. અમારી દૃષ્ટિએ અહિંસામાં પ્રવૃત્તિનો નિષેધ નથી. નિષેધનો અર્થ નથી નિષેધ થતો જ નથી. એક પ્રવૃત્તિના નિષેધનો અર્થ છે બીજી પ્રવૃત્તિનું વિધાન, અને એક પ્રવૃત્તિના વિધાનનો અર્થ છે બીજી પ્રવૃત્તિનો નિષેધ. અહિંસામાં બાહ્ય-કેન્દ્રિત પ્રવૃત્તિનો નિષેધ છે, અને આત્મકેન્દ્રિત પ્રવૃત્તિનું વિધાન. કોઇ વ્યક્તિ આત્મકેન્દ્રિત દૃષ્ટિએ માંસાહારનું સમર્થન કરે તો એ સર્વથા અનુપાદેય છે. એને આધારે તો એમ જ કહી શકાય કે મનુષ્યને માટે માંસાહાર, એ સર્વથા વર્જ્ય છે.

મુનિ નથમલજી

એક દૃષ્ટિએ તો આ સનાતન દ્વંદ્વ છે:–(૧) આદર્શોને વહેવારમાં ઊતારવા માટે આદર્શોને નીચે ઊતારવા કે (૨) આદર્શોને પહોંચવા માટે વ્યવહારને ઊંચે ચઢાવવો. સંત સંસ્કૃતિએ પહેલા માર્ગની સામે બંડ કરીને બીજા માર્ગને પકડયો છે અને જાળવી રાખ્યો છે. એ સંત સંસ્કૃતિમાં જૈન સંઘોના વિચાર અને આચારનો મોટો ફાળો છે એ વિષે બે મત નથી. આજના યુગને અનુરૂપ અર્વાચીન જૈન સંઘોના વિચારો અને આચારો નથી એ ફરિયાદમાંના તથ્યને હું સ્વીકારું છું, પણ એને લીધે અહિંસાના આચાર વિચારમાં જૈન સંઘોનો ફાળો નહોતો અને નથી એવું ઐકાંતિક વિધાન નહી કરી શકાય.

આ પછીથી વાત રહે છે; (૧) ખોરાકની અને (૨) વેપારની. બધા માંસાહારી લોકો શરીર ટકાવવા માટે એ ખાય છે એમ તો કેમ કહી શકાય? હા! **એટલું જરૂર કહી શકાય કે ટેવને કારણે અને પરિસ્થિતિને કારણે બહુ મોટો વર્ગ એ ખાય છે, પણ ગુજરાતમાં જૈન ઓડાણે જેમ મોટા ભાગની પ્રજામાં નિર્માંસાહારના સંસ્કારો બનાવ્યા છે તેમ દેશ અને દુનિયામાં એ થવું જ જોઇએ. પછી** વાત રહી વપરાશની, દવાની અને વેપારની બાબતમાં **અહિંસાની.** જેઓ 'અહિંસા પરમો ધર્મ' માને છે તેમણે જેમ ખોરાકમાંથી માંસાહારને તિલાંજલિ આપી તેમ વપરાશના પદાર્થો જેમ કે કપડાં, આભૂષણ વગેરેમાંથી પણ તિલાંજલિ આપવી જોઇએ. આ બાબતમાં આજના જૈન સંઘોમાં જે થોડા લોકો આગ્રહી છે, તેમની સંખ્યા વધવી જોઇએ. એ જ રીતે મૃત્યુ ભલે થાય પણ જેમ શ્રી મોરારજી દેસાઇ જેવા જૈનેતર સાધકો હિંસ્ર દવા નથી જ વાપરતા, તેમ મોટા ભાગના જૈનોએ હિંસ્ર દવા છોડવી રહી, અને છેવટે તો (જાનવર) પ્રાણીજન્ય પદાર્થોનો વેપાર પણ છોડવો જોઇએ. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે અહિંસા ધર્મ એ માનવમાત્રનો શ્રેષ્ઠ ધર્મ છે. મન, વચન અને કાયાથી એનું આરાધન થવું જોઇએ. કારણ કે માનવ વિકાસશીલ સર્વોત્તમ પ્રાણી છે, એને વિકસતા વાર ભલે લાગે, પણ **વિકાસને માર્ગે જ એણે પોતાનાં વિચાર, વાણી અને વર્તન વાળવાં જોઇએ.** એની દલીલોનો ઓક આદર્શોની દિશામાં જીવન-વ્યવહાર ગોઠવાય તેવો હોવો જોઇએ, નહીં કે શરીરની ભૌતિક સગવડો પોષવા તરફનો. હવે સવાલ એ રહે છે કે અહિંસાની દિશામાં સરકાર કેટલુ કરી શકે? અને સરકારને કહેવાનો કે રોકવાનો અધિકાર કોનો? એ બાબતમાં મારા વિચારો જાણીતા છે. **હું પ્રથમ તો સંતોને અપીલ કરું, પછી લોકસેવકો અને લોકોને તૈયાર કરું અને પછી જ સરકારને કરું. પણ એનો અર્થ એ પણ નથી કે સરકારને ન જ કહેવું.** આજે પૈસાને કારણે અથવા દરિયાનાં પ્રાણીઓનો જનતાના હિતાર્થે ઉપયોગ કરવાને નામે માંસાહારને અને ક્રૂરતામય વેપારને છડે ચોક જે ઉત્તેજન અપાઇ રહ્યું છે, તે રોકાવું જ જોઇએ. માત્ર એ રોકવાની પદ્ધતિ કઇ? તે વિષે મારો નમ્ર મત અને વલણ ઉપર મુજબનાં છે.

અહિંસા ઉપર મન, વચન અને કાયાથી થતા ચોમેરના આક્રમણનો ઊંડો વિચાર જ્યારે જૈનો કરશે ત્યારે આ પેટા પ્રશ્નો કરતાં **'સત્તા પોતે જ હિંસા છે.' એ વાત સમજીને પાયાના પ્રશ્નો તરફ એ ચાશે અને ઉપલી વાતોમાંનું તથ્ય તેઓ જરૂર સમજી શકશે.** છેલ્લા બે ફકરા આ ચર્ચાના સંદર્ભમાં ઉપયોગી નહિ જણાય છતાં મેં લખ્યા છે, એટલા માટે કે ચર્ચાપત્ર રજૂ કરનારાં બહેનને તથા આ ચર્ચાના રસિકોને એ પરથી અહિંસાનો સંક્ષેપમાં છતાં આખોય ખ્યાલ સ્પષ્ટપણે આવી જશે.

'સંતબાલ'

હકીકત-શુદ્ધિ

તા. ૧૬–૫–'૬૧ના 'પ્રબુદ્ધ જીવન'માં 'દેવદ્રવ્ય અને બીજી કેટલીક આનુષંગિક બાબતો વિષે', એ મથાળા નીચે હિન્દુ રીલીજિયસ એન્ડાઉમેન્ટ કમિશન સમક્ષ જુબાની આપતાં મેં એક પ્રશ્નના ઉત્તરના અંતભાગમાં જણાવ્યું છે કે "દેવદ્રવ્યના સામાજિક ઉપયોગને ઉત્તર ગુજરાતમાં આવેલા માંડલના જૈન સંઘે કેટલાક સમયથી અનુમત કર્યું છે." આ વિધાન હું જેના ઉપર આધાર રાખી શકું એવા એક મિત્રે આપેલી ખબર ઉપરથી કરવામાં આવ્યું હતું. આ સંબંધમાં માંડલ જૈન સંઘના પ્રમુખ શ્રી અમૃતલાલ હરખચંદ શાહ જણાવે છે કે આવી મતલબનો કોઇ પણ ઠરાવ માંડલ જૈન સંઘે કર્યો નથી અને આજ સુધીમાં કોઇ પણ જાતનું દેવદ્રવ્ય સામાજિક કાર્યમાં વાપરવામાં આવેલ નથી. આ ઉપરથી મારું ઉપરનું વિધાન ખોટું ઠરે છે અને તેવી અણધારી ભૂલ માટે દિલગીરી પ્રગટ કરું છું.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
મતભેદ પ્રગટે ત્યારે—	શ્રી	૩૩
National Integration		
રાષ્ટ્રીય સંગઠન: તે સમસ્યાનું સ્વરૂપ	ડી. ડી. કર્વે	૩૪
આઇન્સ્ટીનના મહાવાકયનો એક વિશેષ અનુવાદ	ગોકુળભાઇ દૌ, ભટ્ટ	૩૭
ભય (કાવ્ય)	ગીતા પરીખ	૩૭
પુનર્જન્મ, ઉત્ક્રાંતિ આનુવંશિકતા	શ્રી અરવિંદ	૩૮
કરુણા વિચાર વિશદ	મુનિ નથમલજી	૪૧
ઉપયુકતતાવાદ	મુનિ સંતબાલજી	

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂલાઇ ૧, ૧૯૬૧, શનીવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

'રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય રાજકારણ'

એક સમાલોચના

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે ઉપર જણાવેલ વિષય ઉપર પાંચ–છ મહિનાના ગાળે અવારનવાર શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું વ્યાખ્યાન રાખવામાં આવે છે. એ મુજબ તેમનું છેલ્લું વ્યાખ્યાન ગયા ડિસેમ્બર માસ દરમિયાન રાખવામાં આવ્યું હતું. તે સમયથી આજ સુધીમાં રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અનેક ઘટનાઓ બની ગઇ હતી. આ સર્વ ઘટનાઓ અંગે જરૂરી સમજુતી અને માર્ગદર્શન આપવા માટે તા. ૧૦–૬–૬૧ના રોજ સંઘના કાર્યાલયમાં સાંજના ૭ વાગે તેમનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ મહત્વના વિષય ઉપર તેમણે સવા કલાક સુધી એકધારું પ્રવચન કર્યું હતું. એ પ્રસંગે તેમણે જે કહ્યું હતું તેનો સંક્ષિપ્ત સાર નીચે આપવામાં આવે છે. તંત્રી)

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે છેલ્લા છ માસ દરમિયાન સમગ્ર રીતે વિચારતાં પરિસ્થિતિ હતી તેથી વધારે કથળી છે–આવી છાપ મારા મન ઉપર પડી છે. આમ છતાં તાજેતરમાં વિયેના ખાતે કુશ્ચેવ–કેનેડીની જે મુલાકાત યોજવામાં આવી તે કારણે પરિસ્થિતિ કાંઇક હળવી બની છે એમ કહી શકાય. એ મુલાકાત યોજાઇ ન હોત તો પરિસ્થિતિ વધારે વણસી જ હોત એમાં કોઇ શક નથી.

કેનેડીની યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખસ્થાને વરણી થયા બાદ રશિયા અને અમેરિકાના સંબંધોમાં સુધારો થશે એવી આશા ઊભી થઇ હતી, પણ તે પછી બનેલા બનાવોએ એ આશાને ઉલટી કાંઇક નબળી બનાવી છે. અમેરિકાની આજની નીતિ જોતાં આ સંબંધોમાં નજીકના ભવિષ્યમાં કોઇ નોંધપાત્ર સુધારો થાય એમ લાગતું નથી.

દુનિયાના જુદા જુદા દેશોમાં જે અસાધારણ રાજકીય ઘટનાઓ બની છે તેનો આપણે ક્રમસર વિચાર કરીએ. સૌથી પહેલાં આપણી નજર લેટિન અમેરિકામાં આવેલા ક્યુબા તરફ જાય છે.

(૧) ક્યુબામાં કેસ્ટ્રોનું જે નવું રાજ્ય ઊભું થયું છે તે રાજ્ય અમેરિકા–વિરોધી જરૂર છે, એમ છતાં એ સામ્યવાદી છે એમ માનવાને કશું જ કારણ નથી અને એમ છતાં તેને સામ્યવાદી લેખીને ક્યુબાના છતાં, ક્યુબાની બહાર વસતા બળોને મદદ કરીને કેનેડીએ ક્યુબા ઉપર લશ્કરી આક્રમણ કરાવ્યું અને તેમાં તેને નિષ્ફળતા મળી. આથી અમેરિકાની પ્રતિષ્ઠાને અને ખાસ કરીને કેનેડીની આબરૂને તેના વહીવટના પ્રારંભમાં જ ઘણો ધક્કો લાગ્યો. કોઇ પણ દેશે અન્ય દેશના અન્તર્ગત રાજકારણમાં માથું મારવું નહિ–આવો આન્તરરાષ્ટ્રીય રાજકારણનો નિયમ હોવા છતાં તેની વિરુદ્ધ જઇને કેનેડીએ ક્યુબા સામે જે પગલું ભર્યું તેનું કોઇ પણ રીતે સમર્થન થઇ શકે જ નહિ અને અમેરિકા સાથે ભારતના એકદમ સુધરતા જતા સંબંધોમાં વિક્ષેપ પડવાનું જોખમ ખેડીને પણ ભારતના મહાઅમાત્ય નહેરુને અમેરિકાના આ પગલાંને–આ પ્રયોગને–વખોડી નાંખવો પડ્યો. આ સંબંધમાં અમેરિકાએ સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે ક્યુબામાં પછાડ લાગવા છતાં પણ જ્યારે જ્યારે લેટિન અમેરિકાના કોઇ પણ દેશમાં સામ્યવાદી દેશો સીધી કે આડકતરી રીતે માથું મારશે અને એ રીતે પોતાનો કાબૂ જમાવવાનો પ્રયત્ન કરશે ત્યારે ત્યારે અમેરિકા તેનો પૂરો સામનો કરશે અને બહારનાં બળો દ્વારા સામ્યવાદી અસરને પરાસ્ત કરવા પોતાથી બનતાં બધાં પગલાં ભરશે.

(૨) બીજો બનાવ લાઓસને લગતો છે. લાઓસ સંબંધે સદ્‌ભાગ્યે રશિયા અને અમેરિકા બન્ને સંમત છે કે લાઓસને તટસ્થ રાખવું જરૂરનું છે અને બહારની દરમ્યાનગીરીથી તેને બચાવવું જોઇએ. તે માટે ચૌદ રાજ્યોની પરિષદ જીનીવામાં કેટલાય સમયથી મંત્રણા કરી રહી છે. કેનેડી–કુશ્ચેવ મુલાકાતનું એક નક્કર પરિણામ એ આવ્યું છે કે બન્નેએ ભારપૂર્વક જાહેર કર્યું કે લાઓસને તટસ્થ રાખવું જ જોઇએ. લાઓસમાં જે જુદાં જુદાં બળો કામ કરી રહ્યાં છે તે એક મત થઇ Nationat Government–રાષ્ટ્રીય સરકાર–સ્થાપે એ દિશામાં અમેરિકા તથા રશિયા અને અન્ય રાજ્યોના પ્રયત્નો ચાલી રહ્યા છે. તેમાં ભારત સક્રિય ભાગ લઇ ગણનાપાત્ર ફાળો આપી રહેલ છે.

(૩) કોંગોની પરિસ્થિતિ સુધરતી છે એમ લાગે છે, પણ ત્યાંના નેતાઓ એટલા નબળા અને અવિશ્વસનીય છે કે ખાત્રીપૂર્વક એમ કહી ન શકાય કે આ સુધારો ચાલુ રહેશે. પ્રેસિડન્ટ કાસાવુબુને રાષ્ટ્રસંઘનો પૂરતો ટેકો છે અને શોમ્બેનો પરાજય થયો છે તેમ લુમુમ્બા પક્ષના આગેવાનો પણ ધીમે ધીમે કાસાવુબુના નેતૃત્વને સ્વીકારતા થયા છે. કોંગોના ટુકડા થશે એ ભય ઓછો થયો છે અને તેની એકતા એક અથવા બીજા સ્વરૂપે જળવાઇ રહેશે એવી આશા બંધાઇ છે. કોંગોનું ભાવિ છેવટે તેની પાર્લામેંટ જ નક્કી કરે અને તે માટે તેની પાર્લામેંટની બેઠક બોલાવવાનો પ્રયત્ન સફળ થશે તેમ જણાય છે. શ્રી રાજેશ્વર દયાળને કોંગો છોડવું પડ્યું અને રાષ્ટ્રસંઘના મહામંત્રીએ તેનું રાજીનામું સ્વીકાર્યું તેમાં ભારતની કોઇ માનહાનિ થઇ એવી છાપ પડે, પણ તેમ માનવાને કોઇ કારણ નથી. સંજોગોવશાત્, એવી છાપ પડી હતી કે શ્રી દયાળનું વલણ રશિયા તરફ વિશેષ છે. આ છાપ સર્વથા પાયાવિનાની હતી, અને શ્રી દયાળે જે કામગીરી બજાવી તેની સર્વત્ર મુક્તકંઠે પ્રશંસા થઇ છે. છતાં કોંગોના નેતાઓ અને ખાસ કરીને પ્રેસિડેન્ટ કાસાવુ-

ખુને શ્રી દયાળમાં વિશ્વાસ નહોતો, તેથી કોંગોના હિતની દૃષ્ટિએ શ્રી દયાળે રાજીનામું આપ્યું તે સર્વથા શ્રેયસ્કર હતું અને તેમાં ભારતની પ્રતિષ્ઠાને ખામી આવી હોય તેમ માનવાને કોઇ કારણ નથી.

(૪) ચોથો બનાવ અલ્જીરીઆને લગતો છે. ત્યાંના સેનાપતિઓએ દ'ગોલની સામે બળવો કર્યો અને માત્ર અલ્જીરીઆ માટે નહિ પણ ફ્રાન્સ માટે અત્યન્ત કટોકટીની સ્થિતિ સર્જી. સદ્‌ભાગ્યે આ બળવો સાત દિવસમાં ભાંગી પડ્યો. આમ થવાનું કારણ બળવાના પાયામાં રહેલી વાત જ ખોટી હતી અને દ'ગોલની ફ્રાન્સમાં ભારે પ્રતિષ્ઠા જામેલી હતી. અલ્જીરીઆની પરિસ્થિતિ દક્ષિણ આફ્રિકાને કેટલેક દરજ્જે મળતી છે. ત્યાં દશ લાખ ફ્રેંચો વસેલા છે. તેમને ત્યાંથી ઉખેડી શકાય તેમ નથી અને આફ્રિકન સાથે મળી જવું તેમને માટે સહેલું નથી. આ રીતે અલ્જીરીઆની આઝાદીનો પ્રશ્ન બહુ વિકટ છે.

(૫) પછીનો મહત્વનો બનાવ દક્ષિણ આફ્રિકા 'રીપબ્લિક' થયું તેને લગતો છે. ઇંગ્લાંડ સાથેના તેના બંધારણીય સંબંધોનો આ રીતે અંત આવે છે. આ રીપબ્લિકનો જન્મ બહુ અપશુકનિયાળ સંયોગોમાં થયો છે. તેની સામેના વિરોધના કારણે તેને બ્રિટિશ કોમનવેલ્થમાંથી નીકળી જવું પડ્યું છે. આમ છતાં બ્રિટન સાથેના તેના આર્થિક સંબંધો બહુ ગાઢ છે. આફ્રિકામાં દક્ષિણ આફ્રિકા સામે ઘણો મોટો વિરોધ છે અને ત્યાંના ઘણા દેશો તે સામે આર્થિક બહિષ્કાર જાહેર કરે એવો સંભવ છે. ત્યાંની અસ્વાભાવિક પરિસ્થિતિ લાંબો વખત ટકી શકે તેમ નથી અને પરિણામે યુરોપિયનોને સારા પ્રમાણમાં સહન કરવું પડે એમ લાગે છે.

(૬) એંગોલામાં પોર્ચુગલે ભારે નિષ્ઠુર દમનનીતિ સ્વીકારી છે. આ સામે કેનેડીનો વિરોધ જરૂર આવકારદાયક છે. જ્યારે બ્રિટનનું વલણ ખેદજનક છે. સામાન્ય ધોરણ મુજબ નહેરુએ બહુ જ કડક ભાષામાં પોર્ચુગલને વખોડી નાંખ્યું છે. બીજી દિશાએ પોર્ચુગલ અને સ્પેન સાથે સંબંધો વધારવાના ઇંગ્લાંડના પ્રયત્નો તેની આજ સુધીની પરંપરા સાથે બંધબેસતા તેમ જ શોભતા લાગતા નથી.

આજે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે યુદ્ધશસ્ત્રોને લગતા ત્રણ મોટા પ્રશ્નો જગતનું ધ્યાન રોકી રહ્યા છે. (૧) નિઃશસ્ત્રીકરણ, (૨) અણુબૉંબ પ્રયોગ ઉપર સદન્તર પ્રતિબંધનો સ્વીકાર, (૩) ન્યુક્લીઅર વેપન્સ–અણુશસ્ત્રોના ઉત્પાદન ઉપર મર્યાદા. આ ત્રણે પ્રશ્નો એકમેક સાથે સંકળાયેલા છે અને ત્રણેનું કોઇ સુખદ નિરાકરણ વર્તમાનના ક્ષિતિજમાં દૃષ્ટિગોચર થતું નથી.

સૌથી વધારે સ્ફોટક પરિસ્થિતિ બર્લિનના પ્રશ્ન અંગે છે. બીજા વિશ્વયુદ્ધના પરિણામે જર્મનીના બે વિભાગ થયા છે. પશ્ચિમ જર્મની યુરોપના પશ્ચિમી દેશો અને અમેરિકા સાથે ગાઢ સંબંધ ધરાવે છે અને પૂર્વ જર્મની રશિયાના પ્રભાવ નીચે સામ્યવાદી બની બેઠું છે. કમનસીબે જર્મનીનું પહેલાનું પાટનગર બર્લિન આ પૂર્વ જર્મનીના પ્રદેશની અંદર આવેલ છે અને એમ છતાં બર્લિનનો મોટો ભાગ પશ્ચિમ જર્મની સાથે જોડાયેલો છે. આ બર્લિન સાથેનો વ્યવહાર પૂર્વ જર્મનીની અનુમતિ ઉપર આધારિત છે. બર્લિનની આ અસ્વાભાવિક પરિસ્થિતિનો અને જર્મનીના વિભાજનનો કુશ્ચેવ અંત લાવવા માંગે છે, પણ સામ્યવાદી અને અસામ્યવાદી બે વિભાગો જોડાય કેમ અને જુદા તંત્રો ચાલુ રહે તો બર્લિનનું શું કરવું–આ એક દુર્ભેદ્ય સમસ્યા છે. યુરોપના પશ્ચિમના દેશો અને અમેરિકા હાલ જે છે તે સ્થિતિ ચાલુ રાખવા માંગે છે. કુશ્ચેવ, જો પરસ્પર સમાધાનીપૂર્વક આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં ન આવે તો પૂર્વ જર્મની સાથે સ્વતંત્ર સંધિ કરવા અને બર્લીનને તેમાં સમાવિષ્ટ કરવા માંગે છે. આ સંબંધમાં પશ્ચિમના દેશો પોતાના હક્કો અને પશ્ચિમ જર્મની સાથેનો અનુબંધ જરા પણ ઢીલવા કરવા માંગતા નથી. કુશ્ચેવ આ બાબતમાં ધમકીઓ આપ્યા કરે છે, એમ છતાં તે ધમકીઓને હજુ સુધી તેણે અમલી બનાવી નથી. (તાજેતરમાં આ સમસ્યાનો છેવટનો ઉકેલ લાવવા માટે કુશ્ચેવે આગામી ડીસેંબર માસની છેલ્લી તારીખ છેવટની મુદત તરીકે જાહેર કરી છે.) હવે પછી શું થાય છે તે જોવાનું રહે છે.

આજ સુધી રશિયાને ધાકધમકીથી બધું મળી રહ્યું છે. આજે ચાલી રહેલા ઠંડા યુદ્ધને તીવ્રતર બનાવવાની બધી ચાવી રશિયા પાસે છે એમ છતાં તેને ઔદ્યોગિક રીતે આગળ વધવું છે અને એ માટે તેને વસ્તુતઃ યુદ્ધ ખપતું નથી, આમ હોવા છતાં પણ રશિયા યુરોપ–અમેરિકાના માથે યુદ્ધની તલવાર સતત લટકતી રાખી શકે છે, કારણ કે તેની પાસે શસ્ત્રાસ્ત્ર અંગે અમેરિકા કરતાં પણ વધારે ચડિયાતી તાકાતનું પીઠબળ છે.

છેલ્લાં કેનેડી–કુશ્ચેવ મિલન અંગે અમેરિકાના ટેલિવિઝન ઉપર કેનેડીએ કરેલું નિવેદન સરળ, સ્પષ્ટ અને નવી ભાત પાડે તેવું હતું. 'મેં કંઇ આપ્યું નથી, મેં કંઇ લીધું નથી. અમે એકમેકને સારી રીતે સમજ્યા છીએ.' આ તેના ટૂંકા નિવેદનનો સાર હતો. જ્યાં બે દેશના પ્રમુખ સૂત્રધારો વચ્ચે–જ્યારે આઇઝનહોવર સત્તા ઉપર હતા ત્યારે–મડાગાંઠ પડી ગઇ હતી ત્યાં એ જ બન્ને દેશના પ્રમુખ પુરુષો આ રીતે મળે અને દુનિયાના પ્રશ્નો ઉપર વિસ્તારથી વિચારવિનિમય કરે એ આજના તંગદિલીભર્યા વાતાવરણમાં એક શુભ ચિહ્ન લેખાવું જોઇએ.

આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે નહેરુની પ્રતિષ્ઠા હતી તે કરતાં વધી છે. ભારતે પોતાની નીતિમાં કોઇ પણ પ્રકારે નમતું મૂકયું નથી. એમ છતાં ભારત પ્રત્યે અમેરિકાનો સદ્‌ભાવ વધ્યો છે અને અન્ય દેશો સાથેના સંપર્કોમાં પણ સુધારો થયો છે.

રાષ્ટ્રીય ક્ષેત્રે વર્તમાન પરિસ્થિતિ ચિન્તાજનક દેખાય છે. ચાર પાંચ કે આઠ મહિના પછી આવી રહેલી સામાન્ય ચૂંટણીની ઘેરી છાયા દરેક રાજકીય પક્ષ ઉપર પડી રહી છે, અને આને લગતી વ્યૂહરચના ચોતરફ ગોઠવાઇ રહી છે. નહેરુએ થોડા દિવસ પહેલાં કબુલ કર્યું હતું કે ભાષાવાદના પરિણામ આવાં આવશે તેની તેમને કલ્પના નહોતી. આમ નહેરુ કહી શકે છે, પણ તેઓ દૂર સુધી જોઇ ન શકયા તેનાં પરિણામો દેશે તો ભોગવવાનાં જ છે. આજની વણસતી જતી વસ્તુસ્થિતિ જોતાં આજે છે તે કરતાં પણ વધારે ખતરનાક પરિણામો આવવાનો ભય રહે છે. ઉચ્ચ શિક્ષણમાં વરિષ્ટ અદાલતોમાં ઉચ્ચકક્ષાના વહીવટીતંત્રમાં પ્રાદેશિક ભાષા પ્રવેશ કરશે તેનું પરિણામ અલગતાવાદમાં આવશે અને રાષ્ટ્રની એકતા માટે ખતરનાક નીવડશે.

તાજેતરમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં શ્રી ડી. ડી. કર્વેનો National Integration–રાષ્ટ્રીય સંગઠન–ઉપર એક લેખ હતો. તેમાં આજના એક વર્ગના માનસનું પ્રતિબિંબ હતું. શ્રી. કર્વેના મત પ્રમાણે આપણા દેશમાં રાજકીય એકતા જેવી કોઇ વસ્તુ હતી જ નહિ. આ એકતાની ભાવના હજુ કેળવવાની છે. ભારતની કહેવાતી સાંસ્કૃતિક એકતા પણ ભ્રામક હતી. આવું દેશની એકતામાં અશ્રદ્ધા ધરાવતું માનસ દેશમાં વધતું જાય અને દેશને વિભાજન તરફ ધસડી જાય એવો ભય રહે છે.

આજે નહેરુનું વ્યકિતત્વ જોરદાર છે. કેન્દ્ર પાસે finance નું અર્થકારણને લગતી સત્તાઓનું પણ ખૂબ જોર

છે. અને તે ઉપર કૉંગ્રેસ હાઇકમાન્ડનું ભારે વર્ચસ્ છે. પણ કૉંગ્રેસ હાઇકમાન્ડ નહિ હોય અને નહેરુ નહિ હોય ત્યારે પરિસ્થિતિ કેવું રૂપ ધારણ કરશે તે કલ્પવું ભયંકર લાગે છે. આમ અંદરથી જર્જરિત થતા–છિન્ન ભિન્ન થતા–દેશને એકત્ર સુગ્રથિત–રાખવા માટે નેશનલ ઇન્ટીગ્રેશન કમિટીએ જે ભલામણો કરી છે, જે પગલાં ભરવા સૂચવ્યા છે તે પગલાં આખરે બહારનાં પગલાં છે. જ્યાં સુધી દેશજનોનાં અન્તર ન પલટે ત્યાં સુધી સાચું integration સંગઠન શકય નથી. મહારાષ્ટ્ર, ગુજરાત બધા રાજ્યો એક યા બીજી રીતે પોતપોતાના રાજ્યના સંગઠન અને વિકાસને મધ્યમાં રાખીને ચાલી રહ્યા છે. જાણે કે કોઇના દિલની મધ્યમાં ભારત છે જ નહિ–એવી દુઃખદ સ્થિતિ નજરે પડે છે. ભાષાની બાબતમાં ખરી રીતે સાર્વત્રિક અલગતાવાદ સ્વીકારીને ગુજરાતે બીજા રાજ્યોને દોરવણી આપી છે.

વળી કોમની દૃષ્ટિએ જોઇએ તો દેશના મુસલમાનોએ માથું ઊંચકવું શરૂ કર્યું છે. '૧૯૫૨ તેમ જ ૧૯૫૭ની સાલમાં અમે કૉંગ્રેસને ટેકો આપ્યો, હજુ પણ અમારા હકોને જો પૂરું રક્ષણ આપવામાં નહિ આવે તો આગામી ચૂંટણીમાં અમે કૉંગ્રેસને ટેકો નહિ આપી શકીએ.'–આવો સુર તેમના સમુદાયમાંથી ઉઠતો સંભળાય છે. કેરળમાં મોસ્લેમ લીગ સાથે સંધિ કરી તેનું આ પરિણામ! હમણાં પણ ત્યાં શું થયું? કોમવાદને કૉંગ્રેસ હરગીજ ટેકો નહિ આપે એવો દેખાવ જળવાઇ રહે તે ખાતર ત્યાંની એસેંબલીના 'સ્પીકર' (પ્રમુખ)ના સ્થાન માટેની મોસ્લેમ લીગના ઉમેદવાર શ્રી કોયાએ પ્રથમ લીગમાંથી રાજીનામું આપી પોતાને ઇન્ડીપેન્ડન્ટ–સ્વતંત્ર સભ્ય તરીકે જાહેર કર્યા અને તેમને સ્પીકર તરીકે ચૂંટવામાં કૉંગ્રેસે ટેકો આપ્યો. આ ઘટનામાં રખે જ કોઇ એમ માની શકે કે સ્પીકર તરીકે નવા નિમાયલા શ્રી કોયાનો હૃદયપલટો થવાના કારણે તેમણે મુસ્લીમ લીગમાંથી રાજીનામું આપ્યું હતું. કૉંગ્રેસ માટે આ સારું નથી. માત્ર સત્તા ઉપર સ્થિર રહેવા ખાતર અથવા પોતાના ઉમેદવારો માટે બહુમતી મેળવવા ખાતર કોમી તત્વો સાથે આવી બાંધછોડ જ્યાં સુધી કરવામાં આવશે ત્યાં સુધી કૉંગ્રેસ નીચી ઉતરતી જશે. જો તેને પોતાના સિદ્ધાન્તોની પ્રતિષ્ઠા જાળવવી હશે તો એક વખત તેણે ચોકકસ નિરધાર કરવો પડશે કે સત્તાસ્થાન ઉપર અવાય કે ના અવાય–કૉંગ્રેસ કોઇ પણ સંયોગોમાં સીધી કે આડકતરી રીતે કોમી તત્વો સાથે હરગીજ સમજૂતી યા બાંધછોડ નહિ કરે.

૧૯૪૭માં જ્યારે દેશના ભાગલા પાડવાનું સ્વીકારવામાં આવ્યું ત્યારે દેશનેતાઓની એક જ દલીલ હતી કે આજના સંયોગોમાં દેશના ભાગલા પાડયા સિવાય બીજો કોઇ રસ્તો નથી. નેતાઓ ગાંધીજી પાસે ગયા અને તેમની સમક્ષ ઊભી થયેલી પરિસ્થિતિ તેમણે રજૂ કરી. ગાંધીજીએ જવાબ આપેલો કે "સત્તાનો મોહ છોડો. અંગ્રેજ સરકારને કહો કે અમારાથી ભાગલા કોઇ સંયોગમાં સ્વીકારી નહિ શકાય. જેવું છે તેવું ભારત કાં તો અમને સોંપો અથવા લીગને સોંપો, પણ તમે અહીંથી વિદાય થાઓ." આમ કહેવાની એ વખતે કૉંગ્રેસમાં હિંમત નહોતી. આજે પણ કૉંગ્રેસ સત્તાનો મોહ નહિ છોડે તો દેશને ભાંગી રહેલા કોમવાદનો તે સામનો નહિ કરી શકે.

આ બાબતમાં કે આવી બીજી કોઇ બાબતમાં કૉંગ્રેસની નીતિ મક્કમ અને સ્પષ્ટ રહી નથી. પંજાબી સુબાનો પ્રશ્ન વિચારો. આ માંગણીને, આશ્ચર્યજનક છે કે, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા જેવું પત્ર ટેકો આપે છે. નહેરુ આનો જરૂર વિરોધ કરે છે, કારણ કે આ બાબતમાં શિખોમાં જ ઠીક ઠીક મતભેદ છે અને હિન્દુઓનાં અને શિખોનાં મત એક નથી. પંજાબને કોઇ પણ રીતે દ્વિભાષી રાજ્ય કહેવાય જ નહિ, એમ છતાં તેના ભાગલા પાડવાની માગણી જોર કરી રહી છે અને આવી બાબતમાં આજ સુધી જે બનતું આવ્યું છે તે જોતાં પંજાબના ભાગલા કદિ નહિ જ થાય એમ જોરથી કહી શકાતું નથી.

દેશમાં ઔદ્યોગિક પ્રગતિ સારા પ્રમાણમાં સધાઇ રહી છે. વિદેશી સહાય અઢળક મળે છે અને મળતી રહેશે. આમ છતાં પ્રગતિના કારણે દેશમાં જે ઉત્સાહ આવવો જોઇએ તે દેખાતો નથી. કારણ કે આજની ઔદ્યોગિક નીતિનું સ્પષ્ટ પરિણામ પુગાવો વધવામાં અને ચાલુ જરૂરિયાતની ચીજો વધારે ને વધારે મોંઘી થવામાં આવે છે, આથી લોકોનો અસંતોષ અને ભીંસ વધતાં ચાલ્યાં છે.

જે ચૂંટણી આવી રહી છે તેમાં સામ્યવાદી પક્ષ સિવાય બીજો કોઇ પણ પક્ષ કૉંગ્રેસનો મજબૂતીથી સામનો કરી શકે તેમ નથી. સામ્યવાદી પક્ષ એક જ અત્યારે શિસ્તબધ્ધ અને સુવ્યવસ્થિત રાજકીય પક્ષ છે. પણ તેનું હજુ ભારત ઉપર જોઇએ તેવું પ્રભુત્વ જામ્યું નથી. ચીન અંગેના તે પક્ષના વલણે તે પક્ષની જમાવટને સારી પેઠે ધક્કો પહોંચાડયો છે. પ્રજાસમાજવાદી પક્ષની તો કોઇ જમાવટ જ નથી અને સ્વતંત્ર પક્ષ હજુ બાલ્યાવસ્થામાં છે. પરિણામે આવતી ચૂંટણીમાં લગભગ બધા રાજ્યોમાં તેમ જ કેન્દ્રમાં આગામી પાંચ વર્ષ માટે કૉંગ્રેસ જ સત્તા ઉપર આવશે. આમ છતાં વિગત દશ વર્ષ કરતાં આગામી પાંચ વર્ષ માટે કૉંગ્રેસ માટે વધારે કટોકટી અને કસોટીના હશે.

પાકિસ્તાન સાથેના આપણા સંબંધોનો ઉલ્લેખ કરવો રહી જતો હતો. આ સંબંધો છેલ્લા છ મહિના દરમ્યાન બગડયા છે. અયુબખાનની શરૂઆતની નીતિ ભારત સાથે મહોબ્બત કેળવવાની હતી. હમણાં હમણાં તેનું વલણ બદલાયું લાગે છે. તેણે 'આઝાદ કાશ્મીર'ના નામનું તૂત ઊભું કર્યું છે, પણ આનાથી કોઇ છેતરાય તેમ નથી. અમેરિકાનું ભારત તરફનું વલણ ખૂબ અનુકૂળ બનતું રહ્યું છે. આ તેને ખૂબ ખૂંચે છે. આને લીધે પાકિસ્તાનમાં અમેરિકા–વિરોધી વલણ આજકાલ ઠીક ઠીક કેળવાતું જાય છે. ભારતની તટસ્થતાની નીતિનું પાકિસ્તાન નકલ કરતું જણાય છે અને ચીન તેમ જ રશિયા સાથે દોસ્તી વધારવા ઇચ્છતું હોય એમ લાગે છે, પણ રશિયા પાકિસ્તાન ઇચ્છે છે તે રીતે તેને અનુકૂળ થવા માંગતું નથી. અમેરિકાનો ભારત પ્રત્યે પક્ષપાત હોવા છતાં પાકિસ્તાન સાથેના સંબંધો તે બગાડવા ઇચ્છતું નથી. અયુબખાન ઉપર જણાવી તેવી કેટલીક બાબતોની સ્પષ્ટતા કરવા માટે થોડા દિવસોમાં અમેરિકા જઇ રહેલ છે. તેનું શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે. આમ છતાં કોઇ પણ સંયોગમાં પાકિસ્તાન ઉતાવળું પગલું ભરે એમ દેખાતું નથી. પણ પાકિસ્તાન અને ચીન આપણું સંરક્ષણનું બજેટ ખૂબખૂબ વધારે છે એમાં કોઇ શક નથી.

આ રીતે રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે છેલ્લા છ મહિના દરમિયાન બનેલી મહત્વની ઘટનાઓની કરવા ધારેલી આલોચના અહીં પૂરી થાય છે. આટલા ટૂંકા સમયમાં આ બધી ઘટનાઓને પૂરો ન્યાય આપવાનું શકય નથી. છેલ્લા છ મહિનાના બનાવો ઉપર ઉડતી નજર નાખતાં જે સ્મરણ ઉપર આવ્યું અને વિચારો સ્ફુર્યા તે બને તેટલા સંક્ષેપમાં આપની સમક્ષ મેં રજૂ કર્યા છે.

આ મારું વ્યાખ્યાન દેશ પરદેશમાં બનેલા બનાવોને સમજવામાં આપને કાંઇક મદદરૂપ થયું છે એમ મને માલુમ પડશે તો મારો આ પ્રયત્ન સાર્થક થયો લેખીશ.

ચીમનલાલ ચકુભાઇ શાહ

શ્રી ચીનુભાઈ ચમનલાલનું સંઘે કરેલું સન્માન: ચીનુભાઈનો પરિચય

અમદાવાદના મેયરના સ્થાન ઉપરથી તાજેતરમાં નિવૃત્ત થયેલા શ્રી ચીનુભાઈ ચમનલાલનું તા૦ ૧૫-૬-૬૧ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી ખીમજી માડણ ભૂજપુરિયા (સંઘના પ્રમુખ) પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયે એ શ્રી ચીનુભાઈનો પરિચય આપતાં જણાવ્યું કે "અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી તેનું મેયરપદ શોભાવનાર શ્રી ચીનુભાઈનો સંઘના સભ્યો સાથે પરિચય થાય તે હેતુથી છેલ્લા ચાર પાંચ મહિનાથી તેમને સંઘના કાર્યાલયમાં બોલાવવાનો અમારો પ્રયત્ન ચાલતો હતો. બે મહિના પહેલાં અમે અમુક દિવસ નક્કી કરેલો અને તેને લગતી જાહેરાત પણ આપેલી, પણ તે દિવસે તેમને અસાધારણ સંયોગોના કારણે અમદાવાદ રોકાઈ જવું પડેલું. ચાર પાંચ દિવસ પહેલાં મળેલા પત્રમાં આવતી ૧૫ મી તારીખે, સંઘમાં આવવાનું તેમને અનુકૂળ પડશે એમ તેમણે જણાવ્યું, એ આધારે આજનો પ્રસંગ ગોઠવી શકાયો છે. જેમને મેળવવાની અમે ઘણા સમયથી આશા સેવતા હતા તેમને અમે આજે મેળવી શકયા તે બદલ હું અન્તરનો આનંદ વ્યકત કરું છું અને અમારા સંઘ તરફથી તેમને હાર્દિક આવકાર આપું છું.

"તેમનો વિશેષ પરિચય આપતાં જણાવવાનું કે ચીનુભાઈ અમદાવાદના જાણીતા અગ્રગણ્ય ઉદ્યોગપતિ અને જૈન સમાજના આગેવાન શેઠ કસ્તુરભાઈ લાલભાઈના ભત્રીજા થાય. તેમનો અમદાવાદ મ્યુનિસિપાલિટી સાથે ૧૯૪૨ ની સાલથી સંબંધ થયો. છ વર્ષ સુધી મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકે અને ત્યાર બાદ બે વર્ષ સુધી તેના ચેરમેન તરીકે તેમણે કામ કર્યું. ત્યાર પછી ૧૯૫૦ ની સાલમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીનું કૉર્પોરેશનમાં રૂપાન્તર થયું અને તેના પ્રથમ મેયર તરીકે શ્રી ચીનુભાઈ ચૂંટાયા. ૧૯૫૬ની સાલમાં મુંબઈના દ્વિભાષી રાજ્યની સ્થાપના થઈ. ગુજરાતને અલગ રાજ્ય બનાવવાની અમદાવાદ તેમ જ અન્યત્ર જોરદાર ઝુંબેશ ચાલી, અમદાવાદમાં ગોળીબાર થયા, એક બે નિર્દોષ વિદ્યાર્થીઓનાં જાન ગયા, લોકલાગણી સરકાર સામે ઉશ્કેરાઈ ગઈ. તેને માન આપીને ચીનુભાઈએ મેયર તરીકે રાજીનામું આપ્યું અને મ્યુ. કૉરપોરેશનના સભ્યોમાંથી કોઈ રાજકીય પક્ષના અલગ એવા નાગરિક પક્ષની તેમણે સ્થાપના કરી. મ્યુનિસિપાલિટીની ચૂંટણી આવી, નાગરિક પક્ષ તરફથી ચીનુભાઈ ઊભા રહ્યા, ચૂંટાયા અને પુનઃ મેયરપદ ઉપર નીમાયા. આ રીતે મેયર તરીકેની બીજી પાંચ વર્ષની મુદત પૂરી થતાં તેઓ તાજેતરમાં તે સ્થાનથી છૂટા થયા છે. આ દશ વર્ષની મેયર તરીકેની કારકિર્દી દરમિયાન અનેક નાની મોટી યોજનાઓ હાથ ધરી છે, પાર પાડી છે, અને લોકોની સુખાકારી અને સગવડોમાં ખૂબ વધારો કર્યો છે અને એ રીતે તેમણે ભારે લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. એ દશ વર્ષ દરમિયાન તેમને સરકાર સાથે ઠીક ઠીક ઘર્ષણમાં આવવું પડ્યું છે; બીજા પણ અનેક પ્રકારના વાવાઝોડામાંથી પસાર થવું પડ્યું છે. એ બધામાંથી તેઓ કુશળતાપૂર્વક પાર ઉતર્યા છે અને મ્યુનિસિપાલિટીના એક બાહોશ વહીવટકર્તા તરીકે નામના મેળવી છે.

"આ તો તેમના અમદાવાદ મ્યુનિસિપાલિટી સાથેના સંબંધને લગતી મેં કેટલીક વાતો સંભળાવી. બીજી પણ તેમની કેટલીક વિશેષતાઓ છે. તેઓ સરસપુર મિલના મેનેજિંગ ડિરેક્ટર છે, અરવિન્દ મિલ્સ તથા બૅંક ઑફ બરોડાના ડિરેક્ટર છે, લોકપ્રકાશન લિમિટેડ સંસ્થા તરફથી આપણને જાણીતું એવું 'ગુજરાત સમાચાર' દૈનિક અને અન્ય સામયિકો પ્રગટ કરવામાં આવે છે તેના તેમ જ અમદાવાદની પ્રથમ કક્ષાની જાણીતી કામા હોટેલ લિમિટેડના તેઓ ચેરમેન છે. તેઓ ખેતીમાં ખૂબ રસ ધરાવે છે અને ૭૦૦ એકર જમીન તેમના કબજામાં છે જેની ખેતી તેમની જાત દેખરેખ નીચે ચાલે છે. કલાનો પણ તેમને ખૂબ શોખ છે અને ચિત્રોનો તેમ જ અન્ય કલાકૃતિઓનો સારો સંગ્રહ તેઓ ધરાવે છે. અમદાવાદના તેઓ શીલસંપન્ન, સંસ્કારી, સૌજન્યપૂર્ણ અગ્રગણ્ય નાગરિક છે.

"આપણામાંના જ એક અને એમ છતાં આવું સમૃધ્ધ વ્યકિતત્વ ધરાવતા વ્યકિતવિશેષ શ્રી ચીનુભાઈને આપણી બાજુ બહુ ઓછા લોકો જાણે છે. તેથી તેમનો આ રીતે પરિચય કરાવતાં હું ખૂબ આનંદ અનુભવું છું અને જ્યારે તેમને આ રીતે મળવાનો સુયોગ પ્રાપ્ત થયો છે ત્યારે તેમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીના અગ્રસ્થાન ઉપર રહીને શું શું કામ કર્યું તેનો આછો ચિતાર આપવા હું તેમને વિનંતિ કરું છું."

ત્યાર બાદ શ્રી ચીનુભાઈએ તેમનું આ રીતે સન્માન કરવા બદલ સંઘનો આભાર માન્યો અને પછી લગભગ સવા કલાક સુધી પોતે મ્યુનિસિપાલિટીમાં કયા સંયોગોમાં દાખલ થયા, અને સમયાન્તરે ચેરમેન થયા અને ૧૯૫૦માં મેયર થયા અને એ મુખ્ય સ્થાન ઉપર રહીને અમદાવાદની પ્રજા સાથે કેવી રીતે તેમણે કામ લીધું ત્યાંના શ્રીમન્ત તેમ જ સામાન્ય વર્ગનો તથા મજૂરસમુદાયનો કેવી રીતે સહકાર સાધ્યો અને અમદાવાદ શહેરના શિક્ષણ આરોગ્ય, સ્વચ્છતા, સંસ્કાર સંવર્ધન તેમ જ તબીબી ક્ષેત્રમાં કેવાં કેવાં કાર્યો કર્યાં તેનો તેમણે સરળ ભાષામાં સુરેખ ખ્યાલ આપ્યો. તેમને સાંભળીને સૌનાં દિલ અતિ પ્રસન્ન થયાં અને તેમના વિષે આદરપ્રણત બન્યા. પ્રમુખસ્થાનેથી શ્રી ખીમજીભાઈ ભૂજપુરિયા જેઓ મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કાર્યનો બહોળો અનુભવ ધરાવે છે તેમણે શ્રી ચીનુભાઈનો સંઘ તેમ જ સભાજનો વતી આભાર માન્યો, અને તેમની ઉજ્જવળ કામગીરી માટે ચીનુભાઈને ખૂબખૂબ ધન્યવાદ આપતાં જણાવ્યું કે "જે કાર્ય ચીનુભાઈએ અમદાવાદમાં ૧૩ વર્ષ દરમિયાન કરી બતાવ્યું છે તે મુંબઈની કૉર્પોરેશનમાં શકય જ નથી, કારણ કે મેયરના સ્થાન ઉપર ચીનુભાઈ વર્ષો સુધી સ્થિર રહી શકયા હતા અને તેથી પોતાના કાર્ય સાથે અસાધારણ આત્મીયતા કેળવી શકયા હતા, જ્યારે મુંબઈમાં મેયર લગભગ દર વર્ષે બદલાય છે, અને તેથી તે પોતાના કાર્યમાં પૂરો ઓતપ્રોત થઈ શકતો નથી. વળી અમદાવાદમાં કૉર્પોરેશનની મહિનામાં માત્ર એક જ વાર બેઠક મળે છે અને બાકીના દિવસોમાં સંગીન કાર્ય થતું હોય છે, જ્યારે મુંબઈમાં કૉર્પોરેશનની અઠવાડિયામાં બે વાર સભા મળે છે અને તેનો મોટો સમય વાદવિવાદ, વિતંડાવાદ અને પક્ષાપક્ષીની ખેંચતાણમાં વ્યતીત થાય છે. વળી અમદાવાદ, મુંબઈ જેવું પચરંગી શહેર નથી અને પરિણામે અમદાવાદની પ્રજાને કૉર્પોરેશનના કાર્યમાં જે રીતે રસ લેતી અને આત્મીયતા અનુભવતી કરી શકાય છે તે મુંબઈમાં શકય નથી. ત્રણ ત્રણ વર્ષે ચૂંટણી થાય ત્યારે એટલો વખત મુંબઈની કૉર્પોરેશન લોકોના ધ્યાન ઉપર આવે છે અને પછી લાંબા સમય માટે તેઓ ભૂલી જાય છે. અમદાવાદની આવી અનુકૂળતા અને શ્રી ચીનુભાઈની પોતાની એકધારી કાર્યનિષ્ઠા—આ બે કારણોને લીધે શ્રી ચીનુભાઈ આટલું વિપુલ કાર્ય કરી શકયા છે અને તે તેમના પોતાના મોઢેથી આજે સાંભળીને આપણું દિલ તેમના વિષે ઊંડો આદર અનુભવે છે. હું પુનઃ તેમનો આભાર માનું છું."

આ આભારનિવેદન સાથે સભા વિસર્જન કરવામાં આવી.

મુનિ સન્તબાલજી-આયોજિત સાધુ-સાધ્વી શિબિર

મુખ્યત્વે જૈન સાધુ–સાધ્વીઓને લક્ષ્યમાં રાખીને મુનિ સન્તબાલજી તરફથી મુંબઇ ખાતે ચાર માસની એ સાધુ–સાધ્વી શિબિર યોજવામાં આવી છે. આ માટે સેન્ટ્રલ રેલ્વેના માટુંગા સ્ટેશન પાસે લક્ષ્મીનારાયણ લેઇનમાં આવેલી ગુજરવાડી સ્થળ નક્કી કરવામાં આવ્યું છે. આ શિબિરનો જુલાઇ માસની ૧૪ મી તારીખથી પ્રારંભ થશે. આ શિબિરમાં અન્ય સંપ્રદાયનાં સંન્યાસીઓ, વાનપ્રસ્થીઓ, બ્રહ્મચારીઓ, સાધકો તેમ જ રચનાત્મક કાર્યકરો પણ જોડાઇ શકશે.

આ શિબિરના પ્રેરક અને મુખ્ય સંચાલક મુનિશ્રી સન્તબાલજી રહેશે અને તેથી આ શિબિરમાં જોડાવા ઇચ્છનાર વ્યક્તિઓએ તેમની પાસેથી સ્વીકૃતી મેળવવી રહેશે, અને તે માટે શિબિરમાં જોડાવા ઇચ્છનારે શ્રી ઉત્તમચંદ કિરચંદ ગોસલિયા, રાજુવીલા, પહેલો માળ, બ્રાહ્મણવાડા રોડ, માટુંગા, મુંબઇ ૧૯, આ ઠેકાણે શ્રી સન્તબાલજી સાથે પત્રવ્યવહાર કરવાનો રહેશે.

આ શિબિરનો ઉદ્દેશ તેને લગતી પુસ્તિકામાં નીચે મુજબ જણાવવામાં આવ્યો છે:–

" સાધુ–સાધ્વીઓ વિશ્વવાત્સલ્યનો સક્રિય પ્રયોગ કરી શકે, તેમની શક્તિઓનો સદુપયોગ થાય, તેઓ વિશ્વનાં બધાં ય ક્ષેત્રોને ધર્મદૃષ્ટિએ અનુબંધિત કરી શકે અને વિશ્વવિશાળ અનુબંધ–પ્રયોગને લાયક બની શકે–આવી દૃષ્ટિ, કાર્યક્ષમતા અને શક્તિ સાધુ–સાધ્વીઓમાં પેદા કરવી, તેમને યોગ્ય અનુભવ, માર્ગદર્શન, સુઝાવ અને સહયોગ આપવો, સાથે જ તેઓ સાધુતા સાર્થક કરી શકે તથા આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણની સાધના કરી શકે તેને લાયક બનાવવા."

આ ઉપરાન્ત આ શિબિરમાં ચર્ચવામાં આવનારા વિષયો અંગેના કાર્યક્રમના મુખ્ય મુદ્દાઓ, મુનિશ્રી સન્તબાલજી તાજેતરના તેમના એક પત્રમાં જણાવે છે તે મુજબ, નીચે મુજબના રહેશે:

(૧) સામુદાયક અહિંસાના પ્રયોગો, પ્રયોગોમાં આવનારાં વિઘ્નો અને આ વિઘ્નો સામે અસરકારક બળ શી રીતે ઊભું કરવું.

(૨) રામયુગથી માંડીને ગાંધીયુગ સુધી સુધીના સાંસ્કૃતિક પ્રવાહોનો સળંગ ઇતિહાસ.

(૩) સર્વધર્મસમન્વયની દૃષ્ટિએ સાધુસંસ્થાની અનિવાર્યતા અને ઉપયોગીતા વિષે વિચારવિમર્શ.

(૪) સાધુસંસ્થાને રાષ્ટ્ર, સમાજ અને વિશ્વને ઉપયોગી બનાવવા વિચારવિનિમય.

(૫) ધર્મને નામે ચાલતા અંધવિશ્વાસો, યંત્ર, મંત્ર, તંત્ર, જ્યોતિષ, યોગસાધના (હઠયોગ, રાજયોગ વગેરે), એકાન્તવાસ વગેરેને લગતી માન્યતાઓનું સુયોગ્ય નિરાકરણ.

(૬) અવધાનોનું રહસ્ય.

(૭) આજના યુગને ઉપયોગી ભૂગોળ, ઇતિહાસ, રાજનીતિ, વિજ્ઞાન અને દર્શનશાસ્ત્રનું સામાન્ય જ્ઞાન.

(૮) વિશ્વવાત્સલ્ય અને સર્વોદય અને કલ્યાણ રાજ્ય નું સ્થાન તેમ જ વ્યવહારિક અન્તર અને એ અંગેના બીજા પેટામુદ્દાઓ.

આ શિબિર અંગે આ ઉપરાંત મુનિ સન્તબાલજી જણાવે છે કે આ શિબિર દ્વારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષીને યુગાનુરૂપ નિઃસ્પૃહી સાધુજીવનની ઉપયોગીતા સિધ્ધ કરવાનો પ્રયત્ન રહેશે. તેમના જણાવ્યા મુજબ શિબિરમાં 'વકતૃત્વ' કરતાં વધુ સમય સૌને સાથે ભેળવીને સહચર્યામાં આપવામાં આવશે. આમ શિબિર પાછળ સર્વ ક્ષેત્રોની સત્યનિષ્ટ વ્યક્તિઓ સાથે વાત્સલ્યમય સંબંધો બને તેટલા ઊભા કરવાનો તેમ જ વધારવાનો છે, અને આ રીતે ચાર માસનો સમય, તેમના અભિપ્રાય મુજબ, ઓછો પડવાનો છે.

આ શિબિરમાં મુનિ સન્તબાલજી અને તેમના અનુગામી મુનિશ્રી નેમિચંદ્ર ઉપરાંત ભાલનલકાંઠા પ્રાયોગિક સંઘના મુખ્ય કાર્યકર્તાઓ મુખ્ય ભાગ લેશે તેમ જ જેમનું જીવન અનુભવથી ભરેલું, સંયમી તેમ જ સંસ્કૃતિસભર તરીકે જાણીતું હશે–દા. ત. શ્રી કેદારનાથ, શ્રી રવિશંકર મહારાજ– આવી વિશિષ્ટ વ્યક્તિઓને અને એવી જ રીતે રાજકારણમાં રહેલા હોવા છતાં તપ ત્યાગથી ઘડાયલા તેમ જ ધર્મક્ષેત્રમાં પડેલા ભાઇબહેનોને ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવશે.

આ શિબિરમાં જોડાયલા ભાઇબહેનો માટે રહેવા ખાવા વગેરેની કશું પણ વળતર લીધા સિવાય વ્યવસ્થા કરવામાં આવશે અને જે સાધુ–સાધ્વી કે સંન્યાસીઓ માધુકરી દ્વારા ઉદરનિર્વાહ કરતા હશે તેમની વ્યવસ્થા સહેજે થઇ રહેશે.

આ શિબિરના લાંબા ગાળા દરમિયાન અઠવાડિયામાં બે દિવસ અનધ્યાયના એટલે કે છુટીના રહેશે. તદુપરાન્ત પર્યુષણ દરમિયાન આ શિબિરનો કાર્યક્રમ બાર દિવસ બંધ રહેશે. શિબિરવાસીઓ અંગે સવારના ઉઠવાથી માંડીને રાત્રીના સુવા સુધીનો ચોક્કસ કાર્યક્રમ ગોઠવાશે અને તે મુજબ સૌએ વર્તવાનું રહેશે. આ શિબિરમાં જોડાયલાઓમાંથી કોઇ વ્યક્તિ વચગાળે છૂટી થઇ શકશે નહિ તેમ જ કોઇ નવી વ્યક્તિ વચ્ચેથી દાખલ પણ થઇ શકશે નહિ.

આસપાસ વસતી સ્થાનિક જનતા માટે રાત્રે લગભગ દરરોજ પ્રાર્થના તેમ જ પ્રાસંગિક પ્રવચન રહેશે અને સામાન્ય રીતે રવિવારે સવારના ભાગમાં એક પ્રવચન રાખવામાં આવશે.

આ શિબિર અંગે જૈન સાધુ–સાધ્વીઓને અનુલક્ષીને લગભગ છેલ્લા છ સાત મહિનાથી 'વિશ્વવાત્સલ્ય'માં એક સરખો પ્રચાર થતો રહ્યો છે એમ છતાં મુનિ નેમિચન્દ્ર જેમનું સ્થાન શિબિરના લગભગ ઉપસંચાલક જેવું છે તેમના સિવાય અન્ય કોઇ જૈન સાધુ–સાધ્વી જોડાવાના છે કે નહિ એ વિષે હજુ નિશ્ચિતપણે કશું કહી શકાય તેમ નથી અને આમ છતાં આવા કોઇ સાધુ–સાધ્વી જોડાય કે નહિ તો પણ શિબિરનો કાર્યક્રમ ચોકકસપણે ચાલવાનો જ છે એમ જણાવા મળે છે.

જૈન સાધુસંસ્થામાં કદાચ મુનિ સન્તબાલજી એક એવા સાધુ છે કે જે વિશાળ સમાજના, તેમ જ રાષ્ટ્રના અનેક પ્રશ્નો ગંભીરપણે વિચારવાનો અને ધર્મદૃષ્ટિએ ઉકેલવાનો પ્રયત્ન કરે છે અને જેમની ચિન્તનધારા જગતના અન્તિમ છેડાને સ્પર્શવા મથતી હોય છે. વળી તેઓ વિશ્વના સર્વ પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવાની હોંશ ધરાવે છે અને અમુક નાના પ્રશ્ન અંગે તેઓ કેમ ઝુંબેશ ચલાવતા નથી એના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું તેમ આવા નાનાં નાનાં થીંગડાં દેવાને બદલે ફાટેલા આખા આભને સાંધવાનો તેઓ મનોરથ સેવે છે.

પ્રસ્તુત શિબિર મુંબઇના તેમના લાંબા ગાળાના વસવાટ સાથે જોડાયલો એક વિશિષ્ટ પુરુષાર્થ છે. એમ છતાં આ લાંબા ગાળાની શિબિરની સાર્થકતા કે સફળતા વિષે ચિત્ત કાંઇક શંકા અનુભવે છે. એક તો જે સાધુસમુદાયને અનુલક્ષીને આ શિબિર યોજવામાં આવેલ છે તેમાંથી જવલ્લે કોઇ એક બે સાધુ આ શિબિરમાં જોડાવા સંભવ છે. બીજું સામાન્ય રીતે આવી શિબિરો ટૂંકા કાળની હોય છે અને તેમાં મુખ્ય મુખ્ય પ્રવકતા પોતાને જે કહેવાનું હોય તે પાંચ સાત વ્યાખ્યાનોમાં સંકલિત કરીને કહી નાખે છે. લાંબા ગાળાની શિબિર બે પ્રકારની અપેક્ષા રાખે છે. તેમાં જોડાનારાઓની ચોકકસ અને સમાન એવી શૈક્ષણિક ભૂમિકા હોવી જોઇએ અને તેમાં નિયત લાંબી કાળમર્યાદાને સભરપણે આવરી લે એવો અને અમુક પાઠયપુસ્તકો ઉપર આધારિત એવો ચોકકસ પ્રકારનો અભ્યાસક્રમ હોવો જોઇએ. અહીં લગભગ બન્નેનો અભાવ દિસે છે. આવી પરિસ્થિતિમાં આ પ્રકારની શિબિરમાં જોડાયલા સાધકોનો રસ એકસરખો ટકી રહેવો અને ટકાવી રાખવો–આ બન્ને કાર્ય અતિ મુશ્કેલ લાગે છે. આમ છતાં મુનિ સન્તબાલજીનો આ પુરુષાર્થ કલ્યાણલક્ષી છે એમ સ્વીકારીને તે મહદંશે સાર્થક અને સફળ બને એવી આ શિબિર અંગે અને મુનિશ્રી સન્તબાલજી અંગે આપણી શુભેચ્છા તેમ જ પ્રાર્થના હો !

પરમાનંદ

કરૂણાવિચાર વિરૂદ્ધ ઉપયુક્તતાવાદ

માનવવિકાસને અનુરૂપ ઉપયોગિતાવાદ જરૂરી છે. એથી એનો ખ્યાલ રાખીને માનવે પોતાના આચારવિચારોમાં પરિવર્તનો પણ કર્યા છે. પણ જો એ માનવતાના મૂળામાં જ ઘા મારતો હોય તો પછી માનવીજીવનનો અર્થ શો ? એથી તો માનવતાના વિકાસ અર્થે યુગોથી માનવજાતે અહિંસા–કરુણા–ભૂતદયા તથા વિશ્વાત્મૈકયતા જેવા ગુણોની જે સાધના સાધી છે એનો જ ઉચ્છેદ કરવા બરાબર થાય. ને એથી તો પ્રાચીન કાળના પશુ-જીવન તરફ વળવા જેવું બને. કારણકે જ્યાં ઉપયોગિતાવાદને નામે કેવળ સ્વાર્થ તરફ જ દૃષ્ટિ રાખવામાં આવે છે ત્યાં એમાંથી નર્ક જ સરજાય. કારણ કે ચિત્ત પર પડેલા સંસ્કારો દિનપ્રતિદિન પ્રબળ બનતાં પછી માનવ માનવ કે પશુ વચ્ચેનો વિવેક જ કરી શકતો નથી.

આ દૃષ્ટિએ વેદકાળમાં માંસાહાર હતો એ વસ્તુ મહત્ત્વની નથી. મહત્ત્વની વસ્તુઓ–વેદકાળથી માંડી આજસુધી માનવ-દયા, અહિંસા તથા કારુણ્યવૃત્તિને કારણે માંસાહાર છોડવા કેવો ભગીરથ પુરુષાર્થ ખેડાતો આવ્યો છે એ છે. બાકી વેદકાળના લોકોના આચારવિચાર આજે પ્રમાણભૂત ઠરાવવામાં આવે તો એથી પણ વિષેષ પ્રાચીન કાળના માનવોની નગ્નતા અને એકલવાયા રખડુ જીવનની પ્રણાલિને જીવનનો આદર્શ માનવો પડે. આપણે પોત જ એકવાર ધૂળમાં રમતા, પણ આજે એ આપણે પસંદ નથી કરતા. મતલબમાં કે આપણે કેવા હતા એ મહત્વનું નથી. આપણે કેવા બનવું જોઇએ એ જ મહત્વની વાત છે.

રેશમ એક કાળે અહિંસક બનતું અને આજ પણ બને છે. છતાં એ હિંસક પણ છે, એવી એ કાળના લોકોને જાણ નહિ હોય જેથી એને આદરભર્યું સ્થાન પ્રાપ્ત થયું હશે. પણ નવ–સંશોધન પછી મહાત્મા ગાંધીજીએ એને હિંસક ગણી ત્યાજ્ય ઠરાવ્યું છે. આમ રેશમ કે મોતી જેમાં ચોકખી હિંસાજ છે, યા એથી હિંસાને ઉત્તેજન મળે છે એ હવે ધર્મસંમત ન ગણાવાં જોઇએ. અને તેથી થોડા ઘણા ધનિક વ્યાપારીઓ કે શોખીનોને કારણે એને ધર્મની મહોર લાગવી ન જોઇએ. કારણ કે ધર્મસંશોધનને કારણે નવું પરિવર્તન આવકારદાયક છે, ને એવાં પરિવર્તનો પૂર્વે થતા પણ રહ્યા છે.

જૈનધર્મે અલબત્ત અહિંસાને ચરમ સીમાતક પહોંચાડી છે, પણ એમ છતાં અહિંસા એ કેવળ જૈનોનો જ ધનરો છે એમ માની લેવું ઠીક નથી. બધા જ ભારતીય ધર્મોએ દયા, કરુણા, વિશ્વાત્મૈકયતા અર્થાત્ અભેદભાવ યા જીવમાત્ર પ્રત્યે સમભાવને જે પ્રાધાન્ય આપ્યું છે એના મૂળમાં અહિંસાની જ સાધના છે, અને એ કારણે જ ભારતને વિશ્વમાં આધ્યાત્મિક ગુરુપદ પ્રાપ્ત થયું છે. કારણ કે અહિંસા એ માનવહિલમાંથી ઉદ્‌ભવેલો સ્વયંભૂ વિચાર છે. એ કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓના આચાર પર નિર્ભર નથી.

૧૨ વર્ષ પહેલાં શ્રી કનૈયાલાલ મુનશીએ એક બાજુ માણસ (જે વખતે ભારતની વસ્તી ૩૫ કરોડની ગણાતી) અને બીજી બાજુ કૂતરાં–બાંદરાં એ બેમાંથી એકને બચાવવાનો વિકલ્પ મૂક્યો હતો. આજે તેઓશ્રી જો એ પદે હોત તો શું એક બાજુ ૩૫ કરોડ અને બીજી બાજુ નવા વધેલા ૮ કરોડ : એ બે વચ્ચે પસંદગી કરવાનું કહેત ખરા ? એથી જે રીતે આપણે એ પ્રશ્ન હલ કરવા મથી રહ્યાં છીએ એજ રીતે આ પ્રશ્ન પણ હાથ ધરવો જોઇએ.

પણ એ માટે પ્રાણીઓની હત્યા કરી ખોરાકની અવેજીમાં માંસ–મચ્છી મેળવી લેવાં એના કરતાં તો અનાજનું ભુસું, ચોખાની કુસકી, તેલખોળ કે એવા વનસ્પતિનાં અન્ય અંગો જેવાં કે શાકભાજી, પાન, મૂળ, કંદ આદિનો ઉપયોગ શોધી કાઢવો એ વધુ હિતાવહ નથી ? એ તત્ત્વોને ખોરાકશાસ્ત્રીઓએ વધારે કાર્યક્ષમ, આરોગ્યપ્રદ અને પુષ્ટિ આપનારાં માન્યાં છે, જ્યારે માંસાહાર એ આરોગ્યપ્રદ છે એવું કયાંય કોઇએ સિદ્ધ કર્યું જાણ્યું નથી. ઊલટું યુરોપ અમેરિકાના પ્રસિદ્ધ ડૉકટરોએ તો એને આરોગ્યને હાનિકારક કહ્યું છે. અને સાથે જણાવ્યું છે કે એના વાપરથી આંતરડાંમાં વીટામીન–બી ૧૨ ઉત્પન્ન થવાની ક્રિયા અટકી પડે છે, જે તત્ત્વ શરીરના ધારણ–પોષણ માટે અત્યંત જરૂરી છે. યૂરોપ–અમેરિકાના ઘણા માણસો એથી શક્તિ ખોઇ બેસે છે, જેમને માંસાહારત્યાગ અને વીટામીન બી–૧૨ ના તત્ત્વો આપ્યા પછી જ આરોગ્ય બક્ષી શકાયું છે.

મૂળ વાત એ છે કે માંસ માનવની હોજરીને પ્રતિકૂળ છે. એની હોજરીની રચના જ એવી બની ગઇ છે કે એ વનસ્પતિને જ પચાવવા જેટલી કાર્યક્ષમ રહી શકી છે. એક મુદ્દો એ પણ ધ્યાનમાં લેવા જેવો છે કે વનસ્પતિનો એકાદ ભાગ કયાંક રસોડામાં રહી ગયો હોય છે તો તે દિવસો પછી કરમાઇ જાય છે પણ ગંધાતો નથી. જ્યારે માંસનો એકાદ ટુકડો આખા રસોડાને દુર્ગંધથી ભરી દે છે, જે બતાવે છે કે એવી દુર્ગંધ-યુક્ત વસ્તુ માનવહોજરીને પ્રતિકૂળ બની આરોગ્ય ભક્ષે છે.

વૈજ્ઞાનિક પ્રયોગોને ખાતર વત્સલાબેન વાંદરાઓની નિકાસને યોગ્ય ગણે છે. પણ જે રીતે વાંદરાઓને કેટલાક સમય સુધી રિબાવી રિબાવીને મારવામાં આવે છે એનું કરુણ ચિત્કાર નાખતું અને માનસિક સભાનતા ગુમાવી લવરી કરતું હૃદયદ્રાવક દૃશ્ય જો જોવામાં આવ્યું હોય તો પત્થરહૃદય પણ એવા સંશોધનને આવકારી ના શકે. કારણ કે જેમને આપણે કેવળ ભૌતિકવાદી–જડવાદી કહીએ છીએ એ દેશના લોકોનું દિલ પણ આ દૃશ્ય જોઇ પીગળી ઊઠ્યું હતું અને એથી એમણે એ વખતના હાઇકમિશનર શ્રી વિજ્યાલક્ષ્મી પંડિત પાસે ભારત જેવા અહિંસક દેશ પાસેથી અહિંસાના પયગંબર મહાત્મા ગાંધીજીના નામે દયાની માગણી કરી હતી. જો એવા લોકોનાં દિલ પીગળી ઊઠ્યાં હતાં તો આપણે તો એ વારસો પામેલા કઇ રીતે હિંસાને પ્રમાણી શકીએ એજ સમજાતું નથી.

માણસ જે કંઇ પણ શુભ–અશુભ કર્મ કરે છે એની પ્રતિ-ક્રિયા એના ઉપર ઊઠ્યા વિના રહેતી નથી. શુભનો પડઘો શુભ રૂપે અને અશુભનો અશુભ રૂપે ઊઠે જ. એથી જીવો પ્રત્યે વાપરેલી ક્રૂરતાનું પરિણામ ભલે ઘડીભર આરામ આપનારૂં નીવડતું હોય તો પણ પરિણામે તો એનું ફળ ભયંકર દુઃખ અને વેદનારૂપે ઊઠ્યા વિના રહેવાનું જ નથી. જો આ ધર્મ-વિચાર આપણે સ્વીકારીએ તો હિંસક દવાઓથી આપણે દૂર ઊઠીએ. પણ ભાવના ઉચ્ચ હોવા છતાં નબળી પળે આપણને નબળાઇઓ સતાવી જાય છે. એવી હિંસક દવાઓના વાપરના અપવાદો કરવા પડે, લાચારીપૂર્વક એ સહી લેવું પડે એ એક જુદી વાત છે. પણ એ આપણી એક પ્રકારની નિર્બળતા જ છે. પણ એથી નિર્બળતા એ સિધ્ધાંત બની શકતો નથી. ઊલટું એ કારણે તો આપણે એવા અહિંસક પ્રયોગો શોધવા તત્પર અને જાગૃત બનવું જોઇએ.

એટલું ખરું કે જીવનમાં કોઇ વાર એવો તબકકો પણ આવે કે જ્યારે માનવ અને માનવેતર પ્રાણી–એ બેમાંથી એકની

પસંદગી કરવાનો વારો આવે ત્યારે માનવેતર પ્રાણીના ભોગે પણ માનવને બચાવી લેવો એ ધર્મ થઈ પડે છે. પણ કેવળ આપણા મોજશોખ અને નિરંકુશ ઇંદ્રિયોના વિલાસ અને વાસનાઓ પોષવા મચ્છી જેવા બિચારા અબોલ–નિર્દોષ પ્રાણીઓનો ભોગ લેવો એ તો પાપનો ડાઘ પાપથી ધોવા જેવું ગણાય.

માંસ અરુચિકર હોવા છતાં આજે જે કે માંસાહાર તરફ કેટલાક યુવાનો એક યા બીજા કારણે ઢળવા લાગ્યા છે. પણ એ જેમ આર્થિક દૃષ્ટિએ પરવડી શકે તેમ નથી તેમ આરોગ્યની દૃષ્ટિએ પણ એ હાનિકારક છે. એ અમ્લયોગી શર્કરારહિત ખોરાક હોવાને કારણે પેશાબના, લિવરના, સાંધાના તથા હૃદયના રોગો પેદા કરે છે. ઉપરાંત આધ્યાત્મિક દૃષ્ટિએ તો એ માનવની કોમળ લાગણીઓ પર જ અસર કરે છે. વાંદરાઓ પર થયેલા પ્રયોગોએ સિદ્ધ કર્યું છે કે કેવળ માંસાહાર પર રાખવામાં આવેલા વાંદરાઓ ચિડિયા, ઝનૂની, પ્રમાદી, આળસુ અને વ્યગ્રચિત્ત બની જતા જ્યારે એ જ વાંદરાઓને વનસ્પતિ પર રાખ્યા પછી ફરી એ બધાજ ચિન્હો બદલાઈ ગયા હતા અને આજુબાજુના દૃશ્યોમાં જીવંત રસ લેવા જેવા શાંત અને સમજુ બન્યા હતા. આમ આ બધી દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે જો માનવજાતે ફરી પશુજીવન તરફ ન જવું હોય તો એણે માંસાહારથી દૂર જ રહેવું જોઈએ.

કેટલાક ખોરાકના પોષણના અભાવે અનિચ્છાએ પણ માંસાહાર તરફ વળવા લાગ્યા છે, કેટલાકની એવી સમજ છે કે માંસાહારથી શરીર પુષ્ટ થાય, પણ એ બન્ને ભ્રમણામાં છે. માંસાહાર કરતાં દૂધ, બદામ, કઠોળ વધારે પુષ્ટિકારક છે, પણ જેમને એ ન પરવડે તે સકરિયાં–ગાજર–બટાટા–વિગેરેમાંથી પણ પોષક તત્વ મેળવી શકે છે. પણ એવાઓને વળી ધર્મ-મર્યાદા નડે છે. પરિણામે ડૉકટરો જ એમને શાર્કલીવર, કોડલીવર જેવી દવાઓ આપી માંસાહાર તરફ વાળે છે. આમ જૈન યુવાનોમાં આજે જે માંસાહાર કરવા તરફ વલણ કેળવાતું જાય છે એના મૂળમાં આવી વસ્તુઓના ત્યાગ પર વિશેષ ભાર દેવાનું પરિણામ છે. પરિણામે એની પ્રતિક્રિયારૂપે એ માંસ–મચ્છી ઈંડા તરફ વળવા લાગ્યો છે. આમ માંસાહારનો પ્રતિકાર કરતાં આપણે આપણી ભૂલો પણ ખોળવી જોઇતી હતી.

રતિલાલ મફાભાઇ શાહ

સંઘના સભ્યો ધ્યાનમાં લે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી નાની મોટી જાહેર સભાઓ અવારનવાર યોજવામાં આવે છે અને તેની ખબર નક્કી કરેલી યાદી મુજબ પસંદ કરાયલા સંઘના આશરે સવાસો સભ્યોને ખબર આપવામાં આવે છે અને દૈનિક ગુજરાતી છાપાઓમાં આવી સભાઓને લગતી જાહેરાત પણ આપવામાં આવે છે. આવી ખબર જે સભ્યોને આપવામાં આવતી ન હોય અને પોતાને આવી ખબર મળવી જોઇએ એમ જે સભ્ય ઇચ્છતા હોય તેમને આ મુજબની પોતાની ઇચ્છા પોસ્ટકાર્ડ દ્વારા સંઘના કાર્યાલય ઉપર લખી જણાવવા વિનંતિ છે. તેવો કોઇ પણ પત્ર મળતાં તેનું નામ ઉપર જણાવેલ યાદીમાં દાખલ કરવામાં આવશે.

મંત્રીઓઃ
મુંબઇ જૈન યુવક સંઘ

વિષયસૂચિ

		પૃષ્ઠ
'રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય		
'રાજકારણ' એક સમાલોચના	ચીમનલાલ ચકુભાઇ શાહ	૪૩
શ્રી ચીતુભાઇ ચમનલાલનું સંઘે કરેલું સન્માન: ચીતુભાઇ પરિચય		૪૬
મુનિ સન્તબાલજી–આયોજિત સાધુ–સાધ્વી શિબિર ...	પરમાનંદ	૪૭
કરુણા–વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ	રતિલાલ મફાભાઇ શાહ	૪૮
પિનાકપાણિ,–જુવાનં અને બૂઢા	સ્વામી આનંદ	૫૦

પુનર્જન્મ અંગેની લેખમાળા

'પ્રબુદ્ધ જીવન'માં છેલ્લા બે મહિનાથી શ્રી અરવિન્દની Problem of Rebirth 'પુનર્જન્મની સમસ્યા' એ પુસ્તકના પ્રકરણોનાં શ્રી રજનીકાન્ત મોદીએ કરેલા અનુવાદો પ્રગટ થઇ રહ્યા છે. આજ સુધીમાં ત્રણ પ્રકરણોનો અનુવાદ પ્રગટ થયો છે. આ અનુવાદ અંગે ભિન્નભિન્ન વાંચકોને પૂછતાં માલુમ પડે છે કે પ્રસ્તુત અનુવાદ સમજવામાં ઘણાખરા વાચકોને બહુ મુશ્કેલી પડે છે, કેટલાકને તે સમજતા જ નથી. આ અનુવાદ સમજવા થોડા અઘરા તો પડશે જ એમ પ્રારંભથી ધારેલું, કારણ કે પ્રસ્તુત વિષય તત્વજ્ઞાનને લગતો છે, આવી ચર્ચા સમજવા માટે વાચકોમાં ચોક્કસ પ્રકારની તાત્વિક ભૂમિકાની અપેક્ષા રહે છે. શ્રી અરવિન્દની લેખન-શૈલિ સાધારણ વાચકો માટે હંમેશા અઘરી લેખવામાં આવી છે. અને તે અઘરાપણાનું પ્રતિબિમ્બ અનુવાદમાં પણ પડ્યા વિના ન જ રહે. આમ છતાં આ વિષય અંગે વાચકોના દિલમાં રહેલી જિજ્ઞાસા પ્રસ્તુત પુસ્તકનો અનુવાદ ક્રમસર પ્રગટ કરવાથી સારા પ્રમાણમાં સંતોષાશે એવી આશા રાખીને આ લેખમાળા 'પ્રબુધ્ધ જીવન'માં પ્રગટ કરવાનું શરૂ કરેલું, પણ આટલા સમયે જ્યારે માલુમ પડે છે કે વાંચકોના મોટા ભાગને આ ચર્ચા સમજાતી જ નથી, પછી તેમની જિજ્ઞાસા સંતોષાવાનો પ્રશ્ન જ રહેતો નથી. અને તો પછી આ લેખમાળા 'પ્રબુદ્ધ જીવન'માં ચાલુ રાખવાનો અર્થ શું? આમ વિચારતાં ખૂબ દુઃખ અનુભવું છું. કારણકે મારા મિત્ર ભાઇ રજનીકાન્ત મોદીએ મારા ખાસ કહેવાથી આ અનુવાદ તૈયાર કરવાનું શરૂ કરેલું તે પ્રગટ કરવાનું માનાથી બંધ કેમ થાય એ મારા માટે ખૂબ મુંઝવતો પ્રશ્ન બન્યો, પણ 'પ્રબુદ્ધ જીવન' આખરે તેના વાચકો માટે પ્રગટ કરવામાં આવે છે. જે સામગ્રી તેના વાચકો પચાવી ન શકે–મહણ કરી ન શકે–તેવી સામગ્રી 'પ્રબુદ્ધજીવન'માં પ્રગટ કરવાનો બહુ અર્થ નથી એમ સ્પષ્ટપણે ભાસવાથી એક પ્રકારની નિરૂપાયતા અનુભવીને પ્રસ્તુત લેખમાળાનું પ્રકાશન બંધ કરું છું અને આવું અણધટતું પગલું ભરવા માટે ભાઇ રજનીકાન્તની ક્ષમા યાચું છું.

તંત્રી : પ્રબુદ્ધ જીવન

સાભાર સ્વીકાર

નીચેના પુસ્તકો અવલોકનાર્થે મળ્યાં છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. તંત્રી, પ્રબુદ્ધ જીવન.

(ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ ભદ્ર, અમદાવાદ ૧ તરફથી મળેલાં પુસ્તકો)

(1) 66th session Indian national congress sovenier, Bhavnagar. પ્રકાશક: ભાવનગર કૉંગ્રેસ અધિવેશન સ્વાગત સમિતિ; કિંમત રૂા. ૧૦.

(૨) ૬૬ વા અધિવેશન ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ સ્મૃતિગ્રંથ, ભાવનગર, પ્રકાશક: ભાવનગર કૉંગ્રેસ અધિવેશન સ્વાગત સમિતિ કિંમત રૂ. ૫

(૩) **ગુજરાત એક પરિચય**: ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૬૬ મું અધિવેશન સ્મૃતિગ્રંથ, ભાવનગર, પ્રકાશક: ભાવનગર કૉંગ્રેસ અધિવેશન સ્વાગત સમિતિ; કિંમત રૂ. ૧૦

(૪) **ગુજરાત અને આયોજન**: પ્રકાશન વિભાગ, કૉંગ્રેસભવન, ભદ્ર, અમદાવાદ, કિંમત પચીસ નયા પૈસા.

(૫) **કૉંગ્રેસ એક અધ્યયન**: પ્રકાશન વિભાગ, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ, ભદ્ર, અમદાવાદ કિંમત: પંચોતેર નયા પૈસા.

(૬) **ત્રીજી પંચવર્ષીય યોજના**: પ્રકાશન વિભાગ, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ, ભદ્ર, અમદાવાદ, કિંમત: પચ્ચીસ નયા પૈસા

પિનાકપાણિ,—જુવાન અને બૂઢા

[દસ વરસ જેટલુ જ્યાં હું વસ્યો તે કૌસાની (જિ. આલ્મોરા) ના ૬,૫૦૦ ફીટ ઊંચા ઓતરાતા પહાડની પાછળ દખણાદે કોસી (કૌસલ્યા) નદીને મથાળે ૮,૦૦૦ ફીટ ઊંચી અને દહેશત ઉપજાવે તેવી કરાળ બીજી પર્વતમાળ ઊભી છે જે ભટકોટની કહેવાય છે. આ પર્વતમાળનાં બે ઊંચાં શિખરો આલ્મોરા જિલ્લાના આ ભાગનાં સૌથી ઊંચાં શિખરો ગણાય છે. ભટકોટ શિખર સમુદ્ર સપાટીથી લગભગ ૯,૫૦૦ ફુટ અને પિનાક આશરે ૯,૩૦૦ ફુટ ઊંચું છે. ખરું જોતાં પિનાકપાણિનાં શિખર બે ગણાય છે. એક નાનું જરા નીચાણે લગભગ ૭,૫૦૦ ઊંચાઇએ, અને તેની પાછળ બીજુ મોટું લગભગ ૯,૩૦૦ ફુટ ઊંચાઇએ. આ બેઉ શિખરો સ્થાનિક પહાડી વસ્તીમાં અનુક્રમે જુવાન પિનાથ અને બૂઢા પિનાથ કહેવાય છે. પહાડી બોલીમાં બૂહદ કે બુડ* પિનાથ અગર તો હુલ× પિનાથ અને નાનું જુવાન પિનાથને નામે ઓળખાય છે. આ નાનું શિખર આખા પર્વતની અતિ સખત ખડી ચડાઇ બે ભાગ જેટલી ચડ્યા પછી પાછળ ઊભેલા મોટા પહાડની ડોકની માળાનુ માદળિયું છાતી પર લટકતું હોય તેમ બેઠું છે.

આ બેઉ શિખરો પર શિવજીનાં મંદિર કે થાનક આવેલાં છે. દર ચૌદશે અહીં પૂજા થાય. નીચેની ખીણોનું ભાવિક લોક નૈવેદ્ય ઝારવા કે બાધા-માનતા છોડાવવા આવે અને વરસમાં અનેક મેળા પણ ભરાય. નીચલું શિખર પ્રમાણમાં ઓછું ઠંડું, તેથી ત્યાંનું મંદિર પણ મોટું; અને પૂજારી કે જાત્રાળુને રોકાવું હોય તો રહેવાય એવી માટી-પથરાની ચણેલ નાની ધર્મશાળા-વાળું છે. બૂઢા પિનાથનું મોટી ઊંચાઇને કારણે અતિ ઠંડુ અને દેવીદેવતાના ટચુકડા થાનક જેવું જ છે. જાતુ પૂજારી કોઇ પણ અહીં આવે તે કલાક અરધો કલાક દરશન પૂજા નૈવેદ્ય બાધા-માનતાનો વિધિ પૂરો કરી પાછો વળી નીકળે. રાત્રે તો કદિ પણ ભાગ્યે જ કોઇ ટકે —સિવાય કે કોઇ કમનસીબ ગોવાળ ભરવાડ કે રખારી વાવાઝોડા કે બરફના તોફાનમાં સપડાઇને અહીં થાનકની આડશે ફરજિયાત લપાઇને રાત કાઢે.

આ બેઉ થાનકની મારી મુલાકાતનું વર્ણન અગીઆર વરસ અગાઉ મેં લખેલું તે 'પ્રસ્થાન' માસિકમાં પ્રગટ થયું હતું. તેની છાપેલી નકલ મારા મિત્ર શ્રી પરમાનંદભાઇના વાંચવામાં આવી. તેમને તે વર્ણન ગમ્યું અને તેથી ઘણાં વર્ષ પહેલાં અન્યત્ર પ્રગટ થયેલ પ્રસ્તુત વર્ણન 'પ્રબુધ્ધ જીવન' માં પુનઃ પ્રગટ કરવા તેમણે ઇચ્છા દર્શાવી. મેં મૂળ નકલમાં જૂજ કાપકૂપ અને ફેરફાર કરીને તે લખાણ તેમને આપ્યું. આ રીતે 'પ્રસ્થાન'ના તંત્રીના આભારપૂર્વક 'પ્રબુધ્ધ-જીવન' માં 'પિનાકપાણિ—જુવાન અને બૂઢા' એ વર્ણનલેખ પુનઃ પ્રગટ કરવાની અનુમતિ આપતાં મને આનંદ થાય છે.

સ્વામી આનંદ]

૧

કૌસાનીથી વહેલી સવારે પાંચ વાગે નીકળી પહાડની પીઠે ઘીચ જંગલ રસ્તે બે માઇલ જેટલું ચાલ્યા પછી અરધા માઇલનો લાકડી જેવો સીધો ઉતાર ઊતરીને અમે કૌસી નદીને કાંઠે પહોંચ્યા. ઉતરાણ એટલું ઊભું હતું કે જીવ મૂઠીમાં ને પ્રાણ પગને પોંચે એકાગ્ર કરીને અકેક પગલું ઊતરવાનું. ડાબે જમણે કે નીચે જોવાય જ નહિ. તમ્મર આવે. રસ્તો પણ શેનો? માંડ પગ ઠેરવી શકાય એવી પગદંડી. મારી જોડે મુંબઇના બે જુવાન મિત્રો હતા. કેટલીએ જગાએ અમારામાંના એકને બેસીબેસીને ઊતરવું પડ્યું.

આખર અંતે હેમખેમ હેઠે પહોંચ્યા. કૌસીનો ઊગમ અમે ઊતર્યા ત્યાંથી જરાક જ ઉપરવાડે હતો. નાના મોટા ખડક ને ગોળ પથરા કૂદતા ઓળંગતા અમે કાંઠલી ગામે આવ્યા. ગામને પાદર ઉપરવારેથી આવતા જળપ્રવાહોને વાળીને ગામલોકે મૂકેલી એકથી વધુ જળચક્કીઓ અમે જોઇ. દરેક ગામે આ હોય જ. એને અહીં પનચક્કી અથવા 'ઘરટ' કહે છે.

ગામ સોંસરા થઇને હવે પિનાકનાથજીનો પહાડ ચડવાનો આરંભ અહીંથી અમારે કરવાનો હતો. ગામ એટલે એક ઉપર એક હારબંધ ઊંચાંનીચાં ઘરોની આંગણાંફળિયાંવાળી મજ્જામેડી. પહાડોના ઢોળાવો પર વસેલાં ગામડાં આ તરફ બધાં આવાં જ હોય છે. કાંઠલી ગામ લગભગ આખું બ્રાહ્મણવસ્તીનું જ છે. બધા ગોરપદું કરે ને પિનાકનાથને આશરે જીવે. થોડી થોડી જમીન સરકાર તરફથી વર્ષાસનરૂપે ગોરપદામાં મળી હોય તે એડે એડાવે. આસપાસ દસ દસ માઇલ ઘેરાવાના પહાડો અને ખીણોમાંથી કોઇને કોઇ ૫-૧૦ ગામડિયા, જાત્રાળુ, જજમાન, છડા કે બૈરાં છોકરાંઓ સાથે, ચતુર્દશીને દિવસે પિનાકપાણિની પૂજામાનતા અર્થે આવે. તેમને આ બધા ગોર-બાપાઓ ને તેમના દીકરા પોતરા પૂજાપાઠ કરાવે. શિવજીને ભોગ ધરાવવાને બહાને જજમાનોનાં સીધું સામાન આવ્યાં હોય તેની રસોઇ કરી જમે જમાડે અને 'બ્રહ્મભોજ'નું પુણ્ય જજમાનની ગાંઠે બંધાવે-

આ ગોરદેવતાઓ ને ભૂદેવો ઘણાખરા અભણ, અજ્ઞાન, ઉદરભરું ને આળસુ. બીજી બધી વરણોને શિવજીએ પોતાને હાન દેવા ને પોતાની સેવા કરવા સારુ જ સરજી છે એમ માનનારા. વર્ણાભિમાન એટલું કે પોતાના સિવાય બીજા તમામની જાણે આભડછેટ ને નફરત. ગામ અતિ ગંદુ. બૈરાં-બાળક, નાનાંમોટાં, પશુકૂતરાં, બધાં જ જાણે ઉકરડા વચ્ચે જીવતાં હોય. માખી મચ્છર તો એટલાં કે લોકોનાં ઘરઓસરી, વાસણકૂસણ ને બાળકોનાં કપડાં તથા મોં પર જાણે કાળી ચાદરો ઓઢાડી હોય! એક ઘરઆંગણે અમે મજૂરની તપાસઅર્થે ૧૦-૧૨ મિનિટ રોકાયા હશું, પણ એટલી વારમાં બે ઝેરી મચ્છર મારે પગે એવા કરડી ગયા કે તેનાં ઢીમચાં છ દિવસ સુધી રહ્યાં!

હવે ઊભી લાકડી જેવું સીધું ચડાણ ૩-૪ માઇલ સુધી લગાતાર અમારે ચડવાનું હતું. રસ્તે પાણી કયાંયે છાંટો નહિ મળે એમ અમને કહેવામાં આવ્યું. અમારા ભોમિયા દોલતસિંગે પાણીની બે બગલમશકો ભરી લીધી હતી. ૭-૩૦ વાગે કાંઠલી ગામને પાછળ મૂકીને અમે પૂરા ત્રણ કલાક ચડ, ચડ, ચડ્યાં કીધું! ૭૦ ડિગ્રી જેટલી સીધાઇએ ચડવું પડ્યું હશે. રસ્તોબસ્તો કશું ન મળે. પથરાનાં મોટાં ચટ્ટાનો અને ચીડ (પાઇન) ના જંગલ વચ્ચે ભોમિયાને પગલે પગલું મૂકી ચડવાનું. અધૂરામાં પૂરું આ ઋતુ પાઇન ઝાડોની પાનખર હતી. ચીડનાં પાન એટલે નરી સળીઓ ૬-૭-૮ ઇંચ લાંબી. આ સૂકી સળીઓની આ દિવસોમાં આ તરફના પહાડોમાં એટલી પથારીઓ પડી હોય કે ૧૦૦ ચોરસફુટ જગામાંથી માંડ ઊંચકાય એવડો ભારો બાંધી શકાય. આ કમબખત સળીઓ ઉપર થઇને ચાલતાં ભલા પહાડીઓના પણ પગ લપસે ત્યાં અમારું શું ગજું? ઠેરઠેર ભાંખોડિયે ચાલીને ચડ્યા અને ૧૦-૩૦ વાગે

×બુડ=બૂઢા; * હુલ=સ્થૂલ, મોટા

૭,૫૦૦ ફીટની ઊંચાઇએ આવેલા પિનાકપાણિના મંદિરવાળા થાનકે પહોંચ્યા.

અહીં શિવજીનું એક પુરાણું દેરું છે. નીચેની તળેટીઓનાં ગામડાંમાંથી આવેલાં ૨૦–૨૫ લોક દર્શનપૂજા માનતા અંદા કરવા સારુ અમારા અગાઉ અહીં પહેચી ગયાં હતાં ને તેમને પુણ્ય બંધાવવા કાંઠલીના ૮–૧૦ ગોરદેવતાઓ તેમનાં કેટલાક છોકરાંઓને (નિશાળ ડૂબાવીને) ભોજનની આશાએ લઇ 'ઉપર' ચડી આવેલા. આવતાંવેંત સૌ કોઇ જુદાં જુદાં કામોમાં રોકાઇ ગયા. વડાં ગોરો કોઇથી ભાગ્યેજ સમજાય એવી ખોટી સંસ્કૃત ભાષામાં જજમાનોને પૂજા કરાવવામાં, કેટલાક તેવી જ અશુધ્ધ સંસ્કૃતમાં રૂદ્રીમહિમ્નના પાઠ કરી ગળાં તાણવામાં, બીજા કેટલાક વળી જજમાનોએ આણેલાં સીધાંસામાનનાં પોટલાં છેડી ભગવાનના ભોગઅર્થે તેની વહેંચણી કરવામાં, બીજા વળી મંદિરના આંગણામાં તેમ જ આંગણા બહાર મંગાળા માંડી રસોઇપાણીની તૈયારીમાં પડયા. ૧૧–૧૨ વાગ્યા તોયે આટલી ઊંચાઇએ ટાઢ વાય. અમે તડકામાં જ બેઠા–

મંદિર ખાસું પુરાણું લાગ્યું. મંદિરની ચોફરતે પથ્થર જડેલું ચોગાન છે ને આગલી ભીંતો પર મુખ્ય દ્વારની બેઉ બાજુએ કાળા પથ્થરોમાં ઘોડા, હાથી પર આયુધધારી લડવૈયાઓની કૂચ કરતી મૂર્તિઓ કંડારેલી છે. અંદરની ભીંતો પર તેવા જ કાળા પથ્થરમાં દશાવતાર કોર્યા છે ને બીજી પણ મૂર્તિઓ ગોખલામાં બેસાડી છે. શિલ્પ ખાસું બેશ છે. માંહેલા મંદિરમાં શિવજીની જળાધારી ઉપર માળિયો છે તે પર પાણીના સંખ્યાબંધ ઘડા મોઢું બંધ કરીને મૂકી રાખેલા મેં જોયા. પિનાકપાણિ શિવશંભુ ઉપર ગળતીનાં પાણી છોડવા સારુ વરસાદ વખતે ઝીલી રાખેલા (અહીં પાણીનો ઝરો નથી) પાણીથી આ બધા મૂકયા છે એમ અમને કહેવામાં આવ્યું. આટલી ૭,૫૦૦ ઊંચાઇએ પણ શિવજીને ગળતીનો અભિષેક જોઇતો હશે શું? ને વળી દિવસો સુધી ભરેલા પડી રહેનારા એ ઘડાઓમાં પણ મંદિર બહારના ગંધાતા કુંડાબાડાઓમાંથી જ ભરેલું પાણી. એટલે એમાં અગણિત જંતુઓ બહારની જેમ ખદબદતા હશે ને? એવા પાણીની ગળતીએ જ રાતદિવસ અંધોળ કરવામાં આ પિનાકપાણિને શો સવાદ આવતો હશે? અમને તો અહીં બપોરના બે વાગે તડકે બેઠાં પણ ટાઢ વાતી હતી. તારીખ હતી ૩૦ મી મે, ૧૯૫૦.

આટલી ઊંચાઇએ આ શિવમંદિરની આસપાસ કયાંએ પાણીનો ઝરો નથી. વરસાદ અને બરફનાં પાણી આસપાસ આવેલા બે ત્રણ નાનામોટા ખાડામાં ભરાઇ રહે તે જ બારે માસ વપરાય! એ ખાડાનાં બંધિયાર પાણીમાં તે ઉપર આવેલાં ઝાડોનાં પાન હમેશાં ખર્યા કરે ને કોહવાયાં કરે. દરશન માનતાપૂજા અર્થે આવનારા પહાડી લોકો તથા તેમના ગોરદેવતાઓ આ જ પાણી લઇલઇને પીએ ને એ જ પાણીથી લોકો તેમ જ ભોજનભટો રસોઇ કરે. અમારા ભોમિયાની અગમચેતીથી અમે બે મશકો ભરીને નીચેથી પાણી લઇ આવ્યા હતા. પણ મંદિરે પહોંચતાંવેંત એક ગોરદેવતાએ લોટા ભરી આણી આપેલા પાણીમા અમે નજર કરી તો નરી આંખેય માંય કોટાનકોટિ જંતુ ખદબદતાં દેખાયાં! કમનસીબે જોતા પહેલાં અમે ભૂલમાં એક બે ઘૂંટડા પાણી પી ચૂકયા હતા! તેથી નૈનીતાલ પહોંચતાંવેંત વાળાથી બચવાનાં ઇંજેકશનો લઇ લેવા મેં બેઉ મિત્રોને ઉપદેશ આપ્યો.

મંદિરના મહંત પૂજારીને મેં કહ્યું: 'આવું પાણી લોકો અહી આવીને પીએ ને પછી વાળા નીકળે, માંદા થાય કે મરે તેને માટે કોણ જવાબદાર? લાલ દવા (પોટાશ પરમેંગનેટ) નાંખતાં શું થાય છે?'

પેલો કહે: 'લાલ દવાથી પાણી બગડે'! વળી કહે: 'જજમાન લોક અહીં દરશણ માનતાએ આવે તે લાલ દવા નાંખેલ પાણી પસંદ કરતા નથી. અહીં તો પિનાકનાથજીની કિરપા છે. કોઇને કશું થાય નહિ.'

મેં એને ખખડાવ્યો. 'તમને સરકાર તરફથી જમીન વગેરે મળ્યાં છે તે શેને સારુ? જો કોઇ જાત્રાળુ માંદું થયું કે મૂવું તો તમારા પર કેસ થશે એ જાણો છો? તમારે જજમાન લોકોને સમજાવવું જોઇએ કે લાલ દવાથી પાણી બગડે નહિ પણ સુધરે. આ પાણીમાં કીડા ખદબદે છે તે જજમાનોને બતાવો ને સમજાવો તો કેમ ન સમજે? અમે જિલ્લા કલેકટરને લખશું.' ત્યારે જરા ગભરાયો.

અમને કહેવામાં આવ્યું કે આ અમે કરી એ જાત્રા તો છોટા પિનાકપાણિની હતી. ખરા ને મોટા પિનાકપાણિ તો આ મંદિરની પાછળ આવેલી ઊંચી પર્વતમાળામાં બીજું મોટું શિખર દેખાતું હતું ત્યાં વસતા હતા. એ શિખરની ઊંચાઇ પાછળ કહ્યું તેમ નવ હજાર ફીટથી વધુ છે. રસ્તો નાના પિનાકથી બે માઇલ જેટલો, અને આવ્યા તે કરતાં ઘણો વિકટ. રસ્તો શેનો? દિશા પકડીને ચઉતર ચડયે જવાનું. અમને કહેવામાં આવ્યું કે ત્યાં પણ પાણી નથી, ને જનારા યાત્રીઓ આગલી સાંજે અહીં નાના પિનાથને મંદિરે આવી રાત રહે ને વળતી સવારે વહેલાં ઊઠી સીધુસામાન, વાસણકુસણ, પૂજાપાઠની સામગ્રી અને પાણી પીઠે ઊંચકી રસ્તો માપે ત્યારે વડા પિનાથનાં દર્શનપૂજા બ્રહ્મભોજ કરી પાછા અહીં પહોંચતાં બપોરનાં ત્રણ વાગે. પછી અહીંથી સાંજે ખીણોમાં ઉતરી ઘેર પહોંચે. આ બડા શિવ શિખરને બૃહદ પિનાક કહે છે.

આ શિખર બહુ ઊંચું ને વાટ વિકટ, તેથી નીચલા હુંગરની ટોચે નાના પિનાકે ધૂણી નાંખી હશે. ભકતોની કાળજી ન રાખે તો ભગવાન શેના? આ પહાડોમાં દરેક ઊંચા પ્રહાડની ચોટી (શિખર) ઉપર શિવજીનું કે દેવી ભગવતીનું મંદિર હોય જ. કોઇ સ્થાન બહુ દુર્ગમ હોવાને કારણે ત્યાં લોકોનો અવરજવર ઓછો હોય તોપણ કારતક, આસો, માઘ કે ચૈત્ર વૈશાખ એવી કોઇ પુનમે વરસમાં એકાદ મેળો તો ત્યાં ભરાતો જ હોય. તે વખતે લોકો ત્યાં અચૂક મોટી સંખ્યામાં એકઠા થાય ને એમ આવાં દેવસ્થાનોનું મહાતમ ચિરંજીવ રહે–

આ બૂઢા બૃહદ પિનાકનાં આજે તો માત્ર દૂરબીનથી જ દર્શન કરી અમે વળી નીકળ્યા. ચડયા હતા તે રસ્તે પાછા વળીને ચીડસળીઓની પથારીઓવાળા ખડા ઉતાર ઊતરવાની તો હિમ્મત જ નહોતી. તેથી બીજી કંઇક હળવી કેડીનો રસ્તો પકડી એક બે માઇલનો ફેર વેઠી અમે કોસીની ખીણમાં ઊતરી ગયા.

ચીડસળીઓનાં જંગલોવાળા ઢોળાવ હજુ ઊતરતા હતા ત્યારથી જ કાળા બિહામણાં વાદળાં ને ગાજવીજે અમને ધમકાવવા માંડયા હતા. નીચે નદીમાં પહોંચ્યા ને વાલાઝોડા સાથે વરસાદ તૂટી પડયો. પલળતા ભીંજતા ને વાટે છાપરાં કે ઢોરઢાંખર બાંધવાના ગોઠા આવે તેમાં થોભતા, સાંજ પડયે પૂરા પંદર માઇલ પહાડો અને ખીણ ખૂંદીવળીને અમે ઘરભેળા થયા.

× × ×

આ પછી પાંચેક માસ રહીને નૈનીતાલવાળા ડાકટર માયાદાસ અને તેમના આગેવાન આર્યસમાજી સમાજસેવક શ્રી બાંકેલાલજી કન્સલ એક સાંજે કૌસાની આવ્યા. મારા રહેઠાણથી દોઢ માઇલ પૂર્વ છેડે શ્રી સરલાદેવી નામે એક જર્મન બહેન પહાડી બાળાઓનું આશ્રમ ચલાવે છે. એમણે મને ડૉ. માયાદાસને મળીને વળતાં ખબર કરી. કહે 'ડૉ.

'માધવદાસ' અને તેમના મિત્ર સ્ટેટબંગલે આવ્યા છે. સવારે 'પીનાથ' ચડવા જવાના છે. અત્યારે જ તમારી પાસે માહિતી પૂછવા સારુ આવવાના છે.'

મેં સાંભળ્યું હતું કે ડૉ. માયાદાસ વૃધ્ધ સજ્જન છે. મેં કહ્યું 'હું જ એમને મળી આવું છું.'

સ્ટેટબંગલો મારા રહેઠાણથી પૂરો ફર્લાંગ પણ છેટો નથી. હું એમને મળવા ગયો.

જાણે કેક કાળના મિત્રો હોયએ એમ મને બાથમાં લઈને ભેટયા. બાંકેલાલજીની ઓળખ કરાવી. કહે:

'અમે આવતીકાલે સવારના નાસ્તો આટોપીને આઠ સાડા આઠે પીનાથ જવા માગીએ છીએ'

'રાત ક્યાં રહેશો?'

'સાંજે પાછા આવી જઇશું. ૭-૮ માઇલ તો છે એમ બધા કહે છે.'

'અગાઉ ગયા છો? રસ્તો જોયો છે?'

'ના, પહેલી જ વાર જઇએ છીએ.'

'જુવાન પીનાથ કે બૂઢા?'

'બેઉ શિખરો.'

'જુવાનથી બૂઢું દોઢ બે હજાર ફુટ જેટલું વધુ ઊંચું છે તે જાણો છો?'

'ઊંચાઇ તો માલમ નથી. પણ નીચલાથી માઇલ દોઢ માઇલ જ છે એમ કહે છે. આ બંગલાનો ચોકીદાર કહે છે કે નીચલા પીનાથનો પૂજારી ઉપરના શિખરે લઇ જશે; કાં માણસ આપશે.'

'પણ ત્યાં તો ચૌદશે પૂજામાનતાવાળું કોઇ જાય તે સિવાય ચલિયું યે નથી હોતું, એ એણે તમને કહ્યું? શિવજીનો જનૈયો* કોઇ તમને ઉપલે શિખરે દોરી જાય તો ભલે.'

'અહીં હમણા જ ચોકીદાર એક દેહાતી (ગામડિયા) ને લાવ્યો હતો. તે કહેતો હતો કે એ કાંઠલી ગામનો છે. નાના મોટા બેઉ પીનાથ અમને દેખાડી આણશે. હજુ આટલામાં જ હશે. કહો તો બોલાવું. તમે રૂબરૂ જ એને ક્રોસ કરી જુઓ–'

એમણે ચોકીદારને ધૂમ પાડી. પેલો કાંઠલીવાળો આશાયે હજુ ચોકીદારની બોલી પર જ બેઠો હુકકો તાણતો હતો.

મોઢું જોતાંવેંત મેં માથું ધૂણાવ્યું. એક બે સવાલ મેં પૂછ્યા ને ડાકતર માયાદાસની ખાતરી થઇ કે નીચલા પીનાથ મંદિરની પછીત પછીનો પથરોય એણે જોયો નથી. નકરો નાને પીનાથ ઠાકુર લોકોની દક્ષણા ને માનતાનાં બ્રહ્મભોજ ખાનારો ભોજનભાઉ.

બેઉ મિત્રોને મેં સમજાવ્યું. 'મોટું પીનાથ શિખર લગભગ ૯,૩૦૦ ફીટ જેટલું ઊંચું છે. ભટકોટ શિખરથી બસેં ફીટ જેટલું જ નીચું. એક દિવસમાં બેઉ શીખર ચડી ઉતરાય નહિ. છતાં હિમ્મત જ કરવી હોય તો પાકો ભોમિયો લઇને સવારના પાંચ વાગે અંધારું હોય ને નીકળવું જોઇએ. તોયે સાંજે ઘરભેળા થાવ તો નસીબ. નીકર પણ તળેટિયે કોસી કાંઠે ઠાકુરોનું મઠ ગામ છે ત્યાં રાત રહેવાય. હું ઉપલે શિખરે ગયો નથી. પરમ દિવસ ઉપર રાખો તો કાલે હું પાકો માણસ શોધું ને હું યે આવવા તૈયાર થાઉં. રસ્તે આશરો, ખાવાપીવાનું' કશું જ મળે તેમ નથી. દિવસ આખામાં માણસ પશુ કશું ભાગ્યે જ જોવા મળે.'

સાથે ચાલવાની મારી ઓફરથી બેઉ સજ્જનો ખુશી ખુશી થઇ ગયા.

[અપૂર્ણ] સ્વામી આનંદ

* ભૂત. શિવજીની જાનમાં ભૈરવ, વેતાળ, ચૌસઠજોગણી, ભૂતડાં, એવી બધી ભૂતાવળ જ હોય, તેમાંનો.

સંઘ-આયોજિત કાશ્મીરનો પ્રવાસ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગોઠવવામાં આવેલ કાશ્મીરના પ્રવાસનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે, જેમાં સંજોગોવશાત્ ફેરફાર કરવામાં આવશે:–

તારીખ	સ્થળ		સમય
૧-૮-૬૧	મુંબઇ (વી. ટી.)થી	ઉપડશે	૨૨.૩૦
૩-૮-૬૧	આગ્રા કેન્ટ	પહોંચશે	૧.૫૫
૩-૮-૬૧	,, થી	ઉપડશે	૨૨.૪૦
૪-૮-૬૧	દિલ્હી જંકશન	પહોંચશે	૫.૫૫
૪-૮-૬૧	,, થી	ઉપડશે	૨૧.૩૦
૫-૮-૬૧	ભાખરા નાંગલ	પહોંચશે	૮.૫૦
૫-૮-૬૧	,, થી	ઉપડશે	૨૧.૩૫
૬-૮-૬૧	પઠાણકોટ	પહોંચશે	૮.૫

(તા. ૬-૮-૬૧ થી તા. ૨૨-૮-૬૧ સુધીના દિવસો લગભગ એક અઠવાડિયું શ્રીનગર આસપાસ અને એક અઠવાડિયું પહેલગામ આસપાસ એ મુજબ કાશ્મીરમાં ગાળવામાં આવશે.)

૨૨-૮-૬૧	પઠાણકોટથી	ઉપડશે	૧૭.૦૦
૨૨-૮-૬૧	અમૃતસર	પહોંચશે	૨૦.૧૫
૨૩-૮-૬૧	,, થી	ઉપડશે	૨૧.૫૫
૨૪-૮-૬૧	કાલકા	પહોંચશે	૫.૪૫

(તા. ૨૪ થી ૨૭ સુધી સીમલામાં)

૨૭-૮-૬૧	કાલકાથી	ઉપડશે	૨૩.૩૫
૨૮-૮-૬૧	દિલ્હી જંકશન	પહોંચશે	૬.૫૦
૨૮-૮-૬૧	,, થી	ઉપડશે	૨૨.૨૦
૩૦-૮-૬૧	મુંબઇ (સેન્ટ્રલ)	પહોંચશે	૬.૪૦

પોગ્રામમાં સંયોગો ફરજ પાડે તેમ ફેરફાર કરવાનો અધિકાર શ્રી ભગુભાઇને રહેશે.

આ આખા પ્રવાસનો પ્રબંધ ગોઠવવાની જવાબદારી સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ભગુભાઇ પોપટલાલ શાહને સોંપવામાં આવી છે અને તે બદલ તેમને ચોટી ઉમરની વ્યક્તિ દીઠ રૂા. ૪૧૫ અને ૧૨ વર્ષથી ૩ વર્ષની ઉમરનાએ વ્યક્તિ દીઠ રૂા. ૩૧૫ આપવાના રહેશે. પ્રવાસમાં જોડાવા ઇચ્છનાર સભ્યે સંઘના કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવવા સાથે રૂા. ૧૦૦) ડીપોઝીટ તરીકે ભરવાના રહેશે અને બાકીની રકમ જુલાઇ માસની ૧૫ તારીખ સુધીમાં ભરી જવાની રહેશે. આ પ્રવાસ સાથે કાશ્મીરમાં આવેલા અમરનાથ તીર્થની યાત્રા જોડવામાં આવી છે અને તેમાં જોડાવા ઇચ્છનાર સભ્યે વ્યક્તિદીઠ રૂા. ૪૦ આપવાના રહેશે.

આ પ્રવાસમાં જોડાનારે ગરમ કપડાં, બહુ પહોળું નહિ એવું જરૂરી બેડીંગ, નાની સુટકેસ, બેટરી, દોરી અને રેઇનકોટ અથવા છત્રી સાથે લેવાની રહેશે. આ પ્રવાસ માટે નક્કી કરવામાં આવેલી ત્રીજા વર્ગની 'ટુરીંગ કાર'માં આખી ૩૮ ટીકીટ માટે જોગવાઇ છે, જે પૂરેપૂરી ભરાઇ ગઇ છે. આમ છતાં કોઇ સભ્યનું આવવાનું અનિશ્ચિત બને તે સંયોગોમાં અન્યને લેવાની શકયતા ઊભી થાય. તો જે સભ્યની આ પ્રવાસમાં જોડાવાની ઇચ્છા હોય તેણે સંઘના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતિ છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, તા. ૩૦-૬-૬૧ | મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૬૧, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ગુજરાત અને આગામી ચૂંટણી

આગામી પંચવર્ષીય ચૂંટણીને અંગે દેશભરમાં ખળભળાટ શરૂ થયો છે. સત્તાસ્થાન પ્રાપ્ત કરવા માટે પડાપડી શરૂ થઇ ગઇ છે. કોંગ્રેસમાંથી સેવાભાવ ઓછો થયો અને એકતાનું વાતાવરણ તૂટયું તે સાથે, જૂથશાહી વધી અને લગભગ દરેક રાજ્યમાં કોંગ્રેસના વિરોધી જૂથો સત્તા મેળવવા પ્રયત્નો કરી રહ્યા છે. ઉમેદવારોની પસંદગી પોતાના જૂથના માણસોની થાય તે માટે મંડળસમિતિમાં, ચૂંટણી સમિતિઓ વિગેરે key positionsમાં પોતાના માણસોને મૂકવા દરેક જૂથ એકબીજાનો સામનો કરી રહ્યાં છે.

સદ્‌ભાગ્યે ગુજરાતમાં આવી કોઇ જૂથશાહી દેખાતી ન હતી. ગુજરાત કોંગ્રેસની એકતા અને શિસ્ત નમૂનેદાર લેખાતા. પણ ગુજરાતમાં આ વખતે એક વિચિત્ર પરિસ્થતિ ઉત્પન્ન થઇ છે. ગુજરાતના કેટલાક આગેવાનોએ એવો નિર્ણય કર્યો કે દસ વર્ષ અથવા તેથી વધારે વર્ષો ધારાસભા કે પાર્લામેંટમાં ગાળ્યા હોય તેવા સભ્યોએ તે પદ માટે ફરીથી ઉમેદવારી કરવી નહિ. આ નિર્ણયથી ભારે ઉહાપોહ–લગભગ કટોકટી–ઊભી થઇ છે. ગુજરાતના ચાર પાંચ આગેવાનોએ આ નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. જેમને આ નિર્ણયની અસર થાય છે તેવા પ્રધાનો અથવા સભ્યોને આ સંબંધે વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી અથવા તેમનો અભિપ્રાય જાણવાની જરૂર માનવામાં આવી નથી. વર્તમાન મુખ્ય પ્રધાનને પણ આ વાતની જાણ ન હતી એમ કહેવાય છે. આ નિર્ણય ચૂંટણી સમિતિ અથવા પ્રદેશ સમિતિએ ધોરણસર લીધો નથી. છતાં એની જાહેરાત એવી રીતે થઇ છે કે તે છેવટનો નિર્ણય હોય તેમ ગણવામાં આવે છે. આ સામે વ્યક્તિગત વિરોધ ઉપરાંત, કોંગ્રેસની જીલ્લા અને મંડળ સમિતિઓએ વિરોધ નોંધાવ્યો છે. આ નિર્ણયને અવગણી, કેટલાક પ્રધાનોએ, ધારાસભ્યોએ, અને લોકસભાના સભ્યોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ આ નિર્ણય સામે વડા પ્રધાન શ્રી. નહેરુને ફરિયાદ કરી હોવાનું કહેવાય છે. આ ગુંચનો ઉકેલ લાવવા માટે દિલ્હીમાં ઉચ્ચ કક્ષાએ તાજેતરમાં મંત્રણાઓ થઇ, પણ તે નિષ્ફળ ગઇ, એટલું જ નહિ પણ, કોકડું કાંઇક વિશેષ ગુંચવાયું છે એમ જણાય છે. અનેક પ્રકારની અફવાઓ, આક્ષેપો અને નિવેદનો થયાં છે. પ્રજા આથી વિમાસણમાં પડે એ સ્વાભાવિક છે. ગુજરાત માટે આવું કોઇ વખત બન્યું નથી. અધુરામાં પૂરું, વડા પ્રધાન શ્રી નેહરુ, કોંગ્રેસ પ્રમુખ અને કોંગ્રેસના બીજા ઉચ્ચ અધિકારીઓ પણ આ નિર્ણયથી વિરુદ્ધ હોય અને તેથી આશ્ચર્ય પામ્યા હોય એમ દેખાય છે. દસ વર્ષના આ નિયમનું ઉગમ સ્થાન શું છે? ભાવનગરના કોંગ્રેસ અધિવેશન સમયે કોંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવરાવ રેડ્ડીએ પોતાના ભાષણમાં એક સૂચના કરી હતી કે દસ વર્ષથી વધારે સમય સત્તાસ્થાન ઉપર રહ્યા હોય તેવાઓએ સ્વેચ્છાએ નિવૃત્ત થવું અને બીજાઓને તક આપવી. ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસ મહાસમિતિએ માર્ગદર્શન આપ્યું છે તેમા એવું સૂચન છે કે લગભગ એક તૃતીયાંશ સભ્યોને નિવૃત્ત કરવા અને નવા યુવાન સભ્યોને લેવા અને તેમ કરવામાં દસ વર્ષ અથવા તેથી વધારે સમય સભ્ય તરીકે રહ્યા હોય તેવાઓને સ્થાને નવાને તક આપવી; પણ આ નિરપવાદ અથવા જડપણે લાગુ પાડવાનો નિયમ નથી. કોંગ્રેસ પ્રમુખે ઉપરનું સૂચન કર્યું ત્યારે કેટલાકે તેને અવ્યવહારુ ગણી હસી કાઢયું હતું અને એવી ટીકા કરી હતી કે પોતાના સાથીઓનો અભિપ્રાય લીધા વિના પ્રમુખે આવું સૂચન કરવું જોઇતું ન હતું. તેમણે તો માત્ર એક શ્રી નહેરુનો જ અપવાદ કર્યો હતો. ત્યાર પછી વખતોવખત તેમણે સ્પષ્ટીકરણો કર્યાં છે અને હમણાં તેમણે જાહેર કર્યું છે કે તેમનું સૂચન સત્તા સ્થાન ઉપર હોય એવાઓને જ–એટલે કે પ્રધાનોને જ–લાગુ પડે છે, સભ્યોને નહિ. આ સૂચનના અમલથી જેમને સત્તા છોડવી પડે છે તેવાઓ તેનો વિરોધ કરે અને જેમને લાભ થવા સંભવ છે તેવાઓ સમર્થન કરે તે સ્વાભાવિક છે. આજે એક વાતાવરણ તો દેશમાં છે જ કે આ કોંગ્રેસવાળા સત્તા છોડવા માગતા નથી. એટલે સામાન્ય જનતાએ આ સૂચનને આવકાર્યું હતું. શ્રી નહેરુએ એમ કહ્યું છે કે આપણી પાસે જોઇએ તેટલા શકિતશાળી માણસો નથી, એટલે જડપણે આ નિયમનો અમલ કરવાથી શકિતશાળી અને અનુભવી માણસોનો લાભ આપણે ગુમાવી બેસીએ. શ્રી નહેરુના આ કથન સાથે સંમત થઇ શકાય તેમ નથી. દેશમાં એક એવી છાપ છે કે જેઓ સત્તાસ્થાને બેઠા છે તેઓ પોતાની જાતને અનિવાર્ય માની બેઠા છે અને પોતે નહિ હોય તો દેશને નુકસાન થશે માટે જાણે, દેશ ઉપર ઉપકાર કરવા અનિચ્છાએ તેઓ આ બોજો ઉઠાવી રહ્યા હોય એમ માની લીધું છે. હકીકતમાં સંખ્યાબંધ શકિતશાળી અને પ્રમાણિક વ્યકિતઓ મળી રહે તેમ છે અને તેમને તેવી તકથી વંચિત રાખવામાં આવે છે. કોંગ્રેસ સામે એ ફરિયાદ છે કે બીજી હરોળની નેતાગીરી તૈયાર કરવા તેણે કાંઇ જ કર્યું નથી, એટલું જ નહિ પણ, વર્તમાન નેતાગીરી તેવું કરવા તત્પર પણ નથી. કેન્દ્રીય કે રાજ્યોના પ્રધાનમંડળમાં અથવા પાર્લામેંટ કે ધારાસભામાં જે સભ્યો વર્ષોથી બિરાજે છે તેમાંથી કેટલાક અપવાદ સિવાય કોઇ અનિવાર્ય જ છે એમ કહેવાય નહિ. બલકે એવી ફરિયાદ છે કે કોંગ્રેસની લડતમાં ભાગ લીધો

હોય અથવા બીજી રીતે જેને આજીવિકાનું સાધન આપવાની જરૂર હોય તેવી વ્યક્તિઓને, ધારાસભા, સંસદ અથવા રાજતંત્ર ચલાવવાની લાયકાત કે શક્તિની અવગણના કરી, આવા સ્થાને બેસાડવામાં આવ્યા છે. પરિણામે ધારાસભા, સંસદ અને પ્રધાનમંડળોનું ધોરણ નીચું ઉતર્યું છે અને કાર્યક્ષમતા ઘટી છે. સ્વાતંત્ર્ય સંગ્રામ પછી ૧૦/૧૫ વર્ષ આવું બને અને નિભાવી લેવાય. પણ હવે વખત આવ્યો છે કે આ સમગ્ર પરિસ્થિતિનો મૂળથી વિચાર થાય અને પ્રજાહિતને જ લક્ષમાં રાખી આ વસ્તુનો નિર્ણય થાય.

ગુજરાત કૉંગ્રેસના આગેવાનોએ આવી કોઇ દૃષ્ટિથી દસ વર્ષના નિયમનો નિર્ણય લીધો હોત અને જેને લાગે વળગે છે તેવાઓની સાથે વિચારવિનિમય કરી તેમને વિશ્વાસમાં લઇ, પ્રજાને આ વસ્તુની પુરી સમજણ આપી એના અમલનો આગ્રહ સેવ્યો હોત તો સંભવ છે કે અત્યારે જે ઉહાપોહ અને ગેરસમજણ ઊભી થઇ છે તે ન થાત અથવા બહુ ઓછી થાત. તે સાથે પ્રજાને એ પણ ખાત્રી થવી જોઇએ કે જેમને નિવૃત્ત કરવાના છે તેમના સ્થાને જેમને લેવાના છે તે ખરેખર લાયક, શક્તિશાળી અને પ્રમાણિક વ્યક્તિઓ હશે. પ્રજાને એવો વિશ્વાસ છે એમ કહેવાય નહિ. અત્યારે પ્રજામાં એવી એક છાપ છે કે કૉંગ્રેસ વર્તુળ એક Closed Circle છે જેમાં નવા, ખરેખર શક્તિશાળી અને પ્રમાણિક માણસોને બહુ ઓછું સ્થાન છે. આ નિર્ણયની બીજી પણ કેટલીક વિચિત્રતાઓ છે જે ઉહાપોહનું કારણ બનેલ છે. વિધાન સભામાં દસ વર્ષ ગાળ્યા હોય તે સંસદ માટે ઉમેદવારી કરી શકે અને સંસદમાં દસ વર્ષ ગાળ્યા હોય તે વિધાનસભા માટે ઉમેદવારી કરી શકે. આ માટે સમજી શકાય તેવું કોઇ કારણ આપવામાં આવ્યું નથી. એવી છાપ રહે છે કે આ નિયમના અમલમાંથી કેટલાકને બચાવવા આવો અર્થ ઘટાવાયો છે. નહિ તો ૧૫ વર્ષ વિધાનસભામાં સત્તાસ્થાને ગાળ્યા હોય અને પાંચ સંસદમાં, તેવાઓ સંસદમાં ચાલુ રહી શકે, પણ દસ વર્ષ વિધાનસભામાં ગાળ્યા હોય તે વિધાનસભામાં ચાલુ ન રહી શકે તે સમજાય તેવું નથી.

વળી આ નિયમના અમલમાંથી જે બે વ્યક્તિ માટે અપવાદ કર્યા હોવાનું જાહેર થયું છે તે માટે પણ કોઇ ધોરણ જણાતું નથી.

હકીકતમાં આ નિયમનો અમલ ગુણદોષ ઉપર થવો જોઇએ, જડપણે નહિ અને અપવાદ બને તેટલા ઓછા કરવા જોઇએ.

જે રીતે આ નિર્ણય લેવાયો છે તેથી એક છાપ એવી રહી છે કે કેટલીક વ્યક્તિઓને કાઢવી છે પણ સીધી રીતે કહી શકાતું નથી, તેથી એક નિયમ કરી નાખ્યો. આવું હોય તો ઘણું કમનસીબ કહેવાય. બીજા યોગ્ય, લાયક નવા માણસો લેવા હોય તો, ચાલુ વ્યક્તિઓને સ્પષ્ટપણે કહેવું જોઇએ કે તેઓ ઘણો વખત આવા સ્થાને રહ્યા છે અને હવે બીજાને તક મળે તે જરૂરનું છે, માટે તેમણે સ્વેચ્છાએ માર્ગ દેવો જોઇએ. આ ઉહાપોહનું એક બીજું પણ અનિચ્છનીય પરિણામ આવ્યું છે. આ નિર્ણય વિરુદ્ધ જઇ જેમણે ઉમેદવારી નોંધાવી છે તેમને વિષે એવી છાપ રહે છે કે તેઓ કોઇ રીતે સત્તાસ્થાનો છોડવા માગતા નથી. કેટલાકને માટે આવું હશે, પણ બધાને માટે આ સાચું ન કહેવાય. વર્ષો સુધી જાહેર જીવનમાં જેમણે મોટા ભાગે સેવા આપી છે તેવાઓને આવી રીતે કાઢી મૂકવામાં આવે તો તેમને પણ ખોટું લાગે અને પ્રજામાં પણ તેમને વિષે અવળી છાપ પડે.

હવે પછી મુખ્ય પ્રધાન કોણ થશે એ પણ નિશ્ચિતપણે જાહેર થઇ ગયું છે. તેમનું પ્રધાન મંડળ પણ જાણે કે નક્કી થઇ ગયું છે! હકીકતમાં ચૂંટણી પછી નવા ચૂંટાયેલા વિધાનસભાના સભ્યો પોતાના નેતાની ચૂંટણી કરે અને તે નેતા પછી પોતાનું પ્રધાનમંડળ રચે–આ છે લોકશાહી. ઉપર જણાવેલ દશ વર્ષના નિયમનો અમલ થાય તો નવી વિધાનસભા લગભગ નવી હશે. કોણ ચૂંટાઇ આવશે તે નક્કી નથી. એમ છતાં મુખ્ય પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ લગભગ આગળથી નક્કી થઇ જાય એ એક ભારે વૈચિત્ર્ય ગણાય!

આ આખી ઘટનાનું સૌથી કમનસીબ પરિણામ તો એ છે કે આ દસ વર્ષનો નિર્ણય મુખ્યત્વે સૌરાષ્ટ્રના પ્રધાનો અને ધારાસભ્યો માટે જાણે લેવામાં આવ્યો હોય એમ દૃઢ છાપ પ્રજામાં રહી છે. આ હકીકત સત્ય છે એમ હું નથી કહેતો, પણ ગુજરાત રાજ્ય થયા પછીનાં બે જ વર્ષમાં એ વિશાળ રાજ્યમાંથી કચ્છ સૌરાષ્ટ્રને જુદું તારવવાની રીતે જે ભેદભાવથી વિચારવામાં આવે છે, અને સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રધાનો અને ધારાસભ્યો સામે જે પ્રકારનો પ્રચાર થઇ રહ્યો છે અને જે અત્યંત કલુષિત વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવ્યું છે તે આઘાતજનક છે. ગુજરાત રાજ્ય જુદું કરવામાં આવું કાંઇક બનશે એવો ભય હતો, પણ આટલું જલ્દી અને તે પણ આટલી ઘેરી રીતે બનશે તેવી કલ્પના કોઇને ન હતી. હવે તો એમ સંભળાય છે કે પ્રધાન મંડળમાં, રાજ્યની નોકરીઓમાં, વિકાસકાર્યોમાં, બધામાં, ગુણદોષને અને જરૂરિયાતને અવગણી, વસ્તી પ્રમાણનાં ધોરણે જ બધું થવું જોઇએ એવી વાતો થાય છે. સૌરાષ્ટ્રના આગેવાનોમાં પણ અંદર અંદરના મતભેદો આ પરિસ્થિતિમાં ઉમેરો કરે છે.

આ બધું જોઇને પ્રજા ઉદાસીન થઇ ગઇ છે. પ્રજાને આવા નિર્ણયોમાં ક્યાંય અવાજ નથી, આગેવાનોના વ્યક્તિતત્વનું આ ધર્ષણ છે, એટલે કુતૂહલથી આમજનતા આ બધું જોઇ રહી છે.

દિલ્હીથી મળતા અહેવાલો બતાવે છે કે આ નિર્ણય સામેના વિરોધને કેટલાક આગેવાનો પોતાની નેતાગીરીને પડકાર રૂપ લેખે છે. સંભવ છે કે આ સમયે તો આ ઉહાપોહ શમી જશે, વિરોધ પાછો ખેંચી લેવાશે અને ઉપરથી બધું થાળે પડી જશે. પણ તેનાથી જન્મેલ કડવાશનાં પરિણામો લાંબા સમય સુધી પ્રજાએ ભોગવવાના રહેશે. ગુજરાતની શિસ્તની પરંપરા ઉપર બહુ આધાર રાખવા કરતાં સાચા લોકશાહી ધોરણે કામ લેવામાં આવશે તો જ આવાં પરિણામોમાંથી બચી શકીશું.

પરમાનંદ

સંઘના સભ્યો ધ્યાનમાં લે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી નાની મોટી જાહેર સભાઓ અવારનવાર યોજવામાં આવે છે અને તેની નકકી કરેલી યાદી મુજબ પસંદ કરાયેલા સંઘના આશરે સવાસો સભ્યોને ખબર આપવામાં આવે છે અને દૈનિક ગુજરાતી છાપાઓમાં આવી સભાઓને લગતી જાહેરાતત પણ આપવામાં આવે છે. આવી ખબર જે સભ્યોને આપવામાં આવતી ન હોય અને પોતાને આવી ખબર મળવી જોઇએ એમ જે સભ્ય ઇચ્છતા હોય તેમને આ મુજબની પોતાની ઇચ્છા પોસ્ટકાર્ડ દ્વારા સંઘના કાર્યાલય ઉપર લખી જણાવવા વિનંતિ છે. તેવો કોઇ પણ પત્ર મળતાં તેનું નામ ઉપર જણાવેલ યાદીમાં દાખલ કરવામાં આવશે.

મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

પિનાકપાણિ,—જુવાન અને બૂઢા

૨

સદ્‌ભાગ્યે વળતી સવારે દસ વાગ્યાની અંદર જ નજીકના ગામડાનો એક શિલ્પકાર (હરિજન) મળી ગયો. ગંગારામે ૫૦ વરસની ઉમ્મરમાં એના ગામની પંચકોશી બહાર કદી પગ મૂકેલો નહિ. પણ એટલી હદની અંદરના પહાડો નસેનસ પથરે પથરો ને પાંદડે પાંદડું જાણે. આ પહાડોનાં ગામડાંના હરિજનો લગભગ બધા શિકારી. ઠાકુર લોકોની જમીનો એકે. બે પાક લે. ઉપરાંત કડિયાકામ, સુતારકામ, લુહારકામ, ઓડનું કામ, ટોપલા ગૂંથવા, દોરડાં ભાંગવાં, એવાં એવાં અરધો ડઝન કામો કરે (તેથી જ શિલ્પકારો કહેવાય). છોગામાં શિકાર શોધવા બંદૂક ખાંધે નાંખી પહાડો અને જંગલોમાં આડેધડ આથડે ત્યારે માંડ જેમતેમ કુટુંબનું ભરણપોષણ થાય. ગંગારામ આબાદ શિકારી હતો.

વળતો દિવસ આખો અમે તૈયારી કરી. બટેટાંની સૂકી ભાજી, ઘઉંની ચપાટીઓ, થરમોસમાં દૂધ. ઉપરાંત ગોળ. ખાંડ; ચા, ચા માટે તપેલી, પાણી માટે હળવી નાનકડી બાલદી.

સાંજે ઘેર પાછા પહોંચવું હતું એટલે બદન પર એકેક સ્વેટર ને ઉપર એકેક પંખી (નરી ઊનની જાડી ધાબળી) સિવાય ઓઢવા પાથરવાનું કશું લેવાનું નહોતું. મળસ્કે પાંચને દસ મિનિટે હજુ અંધારું હતું ને અમે નીકળ્યા.

આઠ વાગે કોસી નદીના મૂળ નજીક એક જગાએ કરગઠિયાં વીણીને અમે ચા કરી તેની જોડે ચપાટીનો નાસ્તો કર્યો. ૧૧ અને ૧૨ વાગ્યા વચ્ચે એક જગાએ પાણી નજીક હતું ત્યાં બપોરનું ભોજન આટોપી ગંગારામનો બોજો હળવો કર્યો. ત્રીજી વાર બૂઢા પિનાકથી ઊતરીને જુવાન પિનાકને મંદિરે જરાવાર રોકાયા. આ ત્રણે થોભા મળીને કુલ્લે અમે કલાક સવા કલાક રસ્તે રોકાયા હોઇશું.

બસ આટલો સવા કલાક માફ. બાકી સવારના પાંચથી માંડીને સાંજે ૭–૩૦ વાગે અંધારું થઇ જઇને રાત પડી ગયા પછી મરણતોલ થાકે લોથપોથ થઇને ઘેર પાછા પહોંચ્યા ત્યાં સુધીનો એકેકએક કલાક ને મિનિટ અમે ઊભે પગે હતા, ને ચાલ્યે કે ચડયે ઉતર્યે જતા હતા! બાસઠ ૨૦–૨૧ માઇલ ચાલ્યા હોઇશું.

ને ચાલવાનું એટલે? વાંદરાં, બકરાં કે ઘુરળ (જંગલી બકરાં) જેવાં રખારી ગોવાળનાં છોકરાંએ કે શિકારીઓએ પાડેલી ચાલવાની કે ચડવા ઊતરવાની પગદંડીઓ પર, કે તેના પણ વગર, બકરાં કે રાની બિલાડાંની જેમ ઊભા પહાડ આડેધડ ચડવાના કે ઊતરવાના.

ઘેરથી નીકળ્યા ને પહેલા ત્રણેક માઇલ તો અમારી જ કોસાની પર્વતમાળને બરડે ખુશનુમા જંગલો વચ્ચે થઇને ચડઊતર વગર ચાલવાનું હતું. એક રસ્તે પહેલાં મોટું શિખર ચડી નાના પીનાથે ઊતરવું ને પછી બીજે રસ્તે તળેટીએ ઉતરીને પાછા કોસાની પહોંચવું એમ અમે ઠરાવ્યું હતું. અમને કહેવામાં આવેલું કે બૂઢા શિવજીનું મોટું શિખર ૭–૮ માઇલ થાય ને બહુ સીધો પહાડ ચડવાનો છે. અમે મનમાં ધોડા ગૂંથેલા કે પાંચ માઇલનું ચડાણ અતિ કઠણ ચડવાનું હશે તોયે બહુ તો ૩ કલાક લાગશે; અને અમે મોડામાં મોડા ૯ વાગે શિખર માથે પહોંચી જઇશું. ને પછી તો ઝડપભેર બે માઇલનો ઉતાર ઊતરી ૧૦ કે ૧૦–૩૦ વાગે નાના પિનાથને મંદિરે પહોંચી ખાવા પીવા રોકાઇશું. પણ આઠ વાગે કોસીની બોમાં ચા નાસ્તા માટે થોભ્યા ત્યાં સુધીમાં જ બાસ્સી માઇલની બે ચડાઇઓ ચડીને ઊતરવી પડી. તે પછી જ મુખ્ય ચડાણો શરૂ થયાં!

ચડ ઉતર; ચડ ઉતર. વળી ચડ; વળી ઉતર. હજુ ચડ, હવે ઉતર. જમણે ચડ, ડાબે ઉતર. મૂળિયું પકડ. ચટ્ટાન ચડ. ફેરો લે, બેસીને ઉતર. બસ, ચડવા ઊતરવાનો અંત જ ન મળે!

છાતીપૂર ઊભેલાં બરછટ ઘાસ અને તેટલી જ ઊંચાઇના જંગલી ભાંગના કે બીજા છોડ–જાળાંની ભીંસોભીંસ કાંટ્ય. માથા ઉપર સો સો સવાસો સવાસો ફીટ ઊંચાઇનાં દાઢી જટાવાળાં અડાબૂડ દેવદાર અને કોનીફર વૃક્ષો (૭ હજાર ફીટની ઊંચાઇ પછી આ પહાડોમાં ઠંડી, વરસાદ ને બરફની અતિશયતાને લીધે બધાં ઝાડો ઉપર બબ્બે ઇંચ જાડી લીલશેવાળના થર સદાય બાઝેલા રહે છે અને તે પર જાતજાતના વેલા ને વેલો લટકયાં કરે છે). વચ્ચે વચ્ચે વળી કુતુબમિનાર જેવાં ગંજાવર તૂટેલાં ઝાડ વિંધ્યાચળ અગસ્ત્ય મુનિને દંડવત્ કરવા પડયો તેમ આડાં પડેલાં આવે. બે જગાએ પંદર પંદર ફીટ ઊંચી ઊભી શિલાઓ અને ચટ્ટાનો ઉપર દોરડાની મદદથી ગંગારામે અમને ઉપર ચડાવ્યા. ઉપર ખેંચાવા અગાઉ બે ચટ્ટાનો વચ્ચે આડા આવી રહેલા સાથળજાડા એક ઝાડના મૂળિયા ઉપર પગ ટેરવીને અમારે ઊભા રહેવું પડયું. તળે ૧૫૦ ફીટ ઊંડી ખો. નજર કરીએ તો ચક્કર આવે. ઉપલી બાજુ જ જોઇ રહેવાનું.

રાનબિલાડાં ને ચંદન ધો ચડે તેમ ફાડીમકોડીને વેગે ચડયે ગયા. આ જદ્દોજહદમાં નવ વાગે ઉપર પહોંચવાની અમારી અટકળ કયાં હવાઇ ગઇ તેનું કોઇને બોસણ જ ન રહ્યું!

પણ હવે છેલ્લાં અંતઆખરનાં ચડાણો શરૂ થયાં હતાં. એની બે ધુરળબિલાડાંની પરેડ. ગંગારામની બેકવચની વાગ્યારા પાછી અવિરતપણે ચાલુ થઇ: 'ઊભો ચડ. સીધો ચડ. વાંકો વળ. આડો જા. ધીમો પડ. સમાલ સે. રૂક જા. સાસ ખા. આગે બઢ. ઉપર જો. કેંચી કર. (કાતરનું પાંખિયું અથવા અંગ્રેજી Z નો અક્ષર કરીને ચડવું). કદમ મિલાવ (મારા પગલા પર પગલું મૂકીને ચડ).' વળી ચાલે: 'રૂક જા. ઘૂંટણ ભર થા. પત્થર પકડ. ટપી જા. મૂળિયું ઝાલ. જોજે ઘાસ પકડતો; હાથમાં જ આવશે.'

આમ ધુરળ વાંદરાંના વેશ ભજવતા ને ધોળે દહાડે તારા ભાળતા અમે ચડયે ગયા. આ ઊંચાઇએ શિયાળાના બરફ જૂન જુલાઇ સુધી ભાગ્યે બાંગળે ને વચ્ચ જંગલોના ખાડાખાંચા ને કોતરોમાં તો આ નવેમ્બર માસમાં પણ જ્યાં ત્યાં બાઝી રહેલા જુના બરફના પોપડા મેં જોયા. એ સાવ તો કદી બોગળતા નહિ હોય. અકટોબર નવેમ્બરમાં તો અહીં ઘણીવાર નવું બરફ પણ પડે.

અમે તો ૯ વાગે ઉપર પહોંચીને બૂઢા શિવજીના ધટ વગાડવાના કિલ્લા બાંધ્યા હતા. ઘડિયાળ જોયું તો બપોરના ૧–૧૫! ઘર છોડયાને પૂરા ૮ કલાક વીત્યા હતા, પણ હજુ અમો ચડયે જ જતા હતા! અમને થયું આ ચડાઇમાં જ સાંજ થવાની.

તે જ ક્ષણે ડાબેનું ચટ્ટાન ઘટ્યા તો શિખરમાથું. મો આગળ મંદિર ઊભું.

મંદિર! જોવા જેવું હતું. આજુબાજુના દસ વીસ તગારાં પથરા વીણી શકે માંડીને કરેલી ચાર પાંચ ફીટ લાંબી-

પહોળી ચોરસ ધોલકી! ઉપર ચાર પડાળનું ચપટી ડુંગરાળ લાદીથી છાએલ છાપરું, ને માથે કળશનો પથરો ઊભો ખોસેલો! માંય એક ઔરસિયાશાઇ પથ્થર, મૂઠી જેવડો શંખ, દીવો પ્રગટાવવાનું કોડિયું ને વચ્ચોવચ્ચ બૂઢું શિવલિંગ ગોળ-મટોળ બેઠેલું. ધોલકી કહો કે ગોખલો, બારણું બારસાખ કયું ન મળે. નેવે નાનકડો ઘંટ ટિંગાય ને બહારની ગમ એક બેડો પથરો નંદીની અવેજી ભરવા મૂકેલો. ભગત ભાવિકે ભેજું દોડા-વીને જ નંદીજીને ઓળખી લેવાના! આજુબાજુ ગૌરી, ગણેશ, ભૂતભૈરવ, કોઇનો પત્તો ન મળે! મેળાતહેવારે કયાંક ઉપડયાં હશે. હાસ્તો. અમે થોડી જ અમારા પ્રોગ્રામની તારીખ અગાઉથી જણાવી હતી? બૂઢા શંભુ એકલા જ અટૂલા નંદી સામે નજર માંડીને બાપડા જીવ બેસી રહેલા. એક તો દેવ નંદી બેઉનાં ધડપણ, ને તેમાં વળી આવા વિકટ પહાડના વસવાટ. એકલવાયું લાગતું હશે સ્તો.

મેં તો કૃષ્ણાનંદની દુકાનેથી આણેલાં ધૂપ-દીપ નૈવેદ્ય કર્યાં. શ્રદ્ધાભક્તિસમન્વિત થઇને મહિમ્ન સ્તોત્રના થોડા શ્લોકોથી આ ઊંચે બેસણે બેઠેલા દેવાધિદેવ ભોળા ગિરનારીનાં સ્તુતિસ્તવન ને પરકમ્મા કર્યા, ને બૂઢા બલીવર્દને પણ પૂજાપર્શ કરીને ગલીપચી કરી. બેઉ બૂઢા અમારી આ વગર ઇન્ટીમેશનની મુલાકાતથી અને મારા સ્તવનપૂજનથી ખુશ થયા લાગ્યા.

આ થાનકમાં કોઇ રડયુંખડયું દરશણુમાનનાવાળું આજુબાજુની ઝાડની ખીણોમાંથી આવી ચડે તે દિવસે જ દેવ પૂજાતા હશે; ને મેળા તહેવારે વરસમાં એકાદ બે દિવસ. બાકી વર્ષાસનની જમીનો ખાનારા પૂજારી ગામનો કોઇ ભૂદેવ, જજમાન સિવાય, નરી પૂજા કરવા એકલો તો વરસતે વચ્ચે દહાડોય કદિ અહીં આવતો હોય એવું લાગ્યું નહિ.

આ મંદિરની પડખોપડખ તેવી જ પણ એકાદ ફુટ નાની બીજી એક ધોલકી છે.

'ગંગારામ યહ કયા હૈ?'

'ધરમસાલા.'

જાત્રાળુલોક આવે જાય, કોઇને રાત પડી જાય કે તોફાન બરફને કારણે રહેવું પડે તો રહેવા સારુ બાંધેલી. મેં માંય પેસી પછીતે માથું અડકાડીને પગ લાંબા કર્યા તો કમ્મર નેવા બહાર નીકળી!

કોઇ પરગજુ શિવભકતે પરમાર્થે પ્રેરાઇને બાંધી કે બંધાવી હશે.

મારા સાથીઓમાં બાંકેલાલજી આર્યસમાજી, ને માયા-દાસજી ખ્રિસ્તી. એમને બૂઢા મહાદેવજી જોડે ઝાઝી મંડાણત ન મળે. જરાક ચક્ષુસ્પેટ કરીને કુદરતની શોભા નિરખવામાં તલ્લીન થઇ ગયેલા.

બૂઢા પીનાથની ઊંચાઇ લગભગ ૯,૩૦૦ ફીટ જેટલી છે. આ પ્રદેશનું સૌથી ઊંચું શિખર ભટકોટ અહીંથી બાજુમાં જ થોડે દૂર ઊભેલું નજરે પડે છે.

નવેમ્બરની ૪થી તારીખ. આકાશ સાવ નિરભ્ર. કયાંયે તલપૂર વાદળું કે ધુમ્મસ નહોતું. સૂર્યનો તડકો,-ભૂલ્યો, તડકુ-આટલાં વસમાં ચડાણ ચડીને અમે આવ્યા હતા છતાં બપોરે દોઢ વાગે અમને કૂણુંકૂમળું અને ચાંદરણા જેવું ખુશનુમા લાગતું હતું. કાગમણે આયમણે ને દક્ષિણે નજર પહોંચે ત્યાં લગી વીચ જંગલો અને વનરાઇઓથી લદોલદ અસખ્ય નાની મોટી નીલવર્ણી પર્વતમાળાઓ સાગર હોય ચડયો હોય તેમ તેનાં નીલવર્ણાં મોજાંઓ જેવી આગળપાછળ એક બીજી ઉપર દોઢ કરતી સેંકડો માઇલ સુધી પથરાએલી ભળાતી હતી. ઉત્તરે કાશ્મીર સીમલાથી છેક નેપાળ સુધી આભને અડીને ઊભેલી ૨૦-૨૫ હજાર ફીટ ઊંચી સ્ફટિક જેવી શુભ્ર બરફમાળા! મણિમહેશ કૈલાસ, બંદરપૂંછ, સુમેરૂ, શિવલિંગ, ભગીરથ, ચોખંભા, સતોપંથ (કેદારબદરી), નીલકંઠ, કામેટ, હાથીપર્વત, ગૌરીપર્વત, દ્રોણગિરિ, નંદાઘૂંટી, ત્રિશૂળ, નંદાદેવી, નદાકોટ-પંચચૂલી, અપી-નાંપા ને નેપાળના વિરાટ દિગ્પાલો સુધી સેંકડો માઇલની લંબાઇમાં ઊભેલી આ બરફમાળાનાં સો દોઢસોએક બરફશિખરો ગણી લ્યો. ત્રિશૂળ નંદાઘૂંટી જેવાં કેટલાંક તો નજીક પણ એટલાં બળાય કે એનું એકેએક ગ્લેશર ને એકેએક વળુ-પાંસળું વરતાય. જાણે હાથ લાંબો કરીને અડી લઇએ.

અદ્ભુત દૃશ્ય હતું. એ આનંદસમાધિમાં પંદરવીસ મિનિટ કેમ નીકળી ગઇ તેનું કોઇને ભાન જ ન રહ્યું. ફોટા કેમેરાવાળું પણ ભૂલી ગયા!

અંતે ટાઢ વાવા લાગી ત્યારે અમે હોશમાં આવ્યા. ઘડિયાળ જોયું, તેમાં દોઢ તો કયારનો વાગી ગયો હતો. ઉતાવળ કરવાની જરૂર હતી જ. છોટા પીનાથનું મંદિર માઇલ જેટલે નીચાણે દેખાય. પણ પાછલા પાંચ માઇલના પાંચ કલાકે અમને જે ડહાપણ શીખ્યું હતું તે જિંદગીભર ભૂલાય તેવું નહોતું. નાના પીનાથ પછી તો ધર લગીની વાટ મારી જાણીતી હતી. પણ નાને મંદિરે પહોંચવાના દોઢ બે માઇલ કેટલો વખત ખાય તેનું ભલું પૂછવું. ઝટઝટ ફોટા લઇ ઉતરી નીકળવાની ધમ્મમાં બાંકેલાલજીએ પોતાનું સ્વેટર કાઢીને મંદિરની છાપરી પર મૂકેલું તે ત્યાં જ રહી ગયું! બાંકેલાલજી આર્યસમાજી. માતામાદેવને માને નહિ. પણ દુનિયાં બધીના દેવાધિ-દેવ પોતાનું ફરજંદ પોતાને ભૂલે એ કેમ સાંખે? આખે રસ્તે ને ઘેર નૈનીતાલ પહોંચતા સુધી સ્વેટરને બહાને યાદ કરાવ્યા! પાછા પોતે ઘરનું પાન. આટલી ઊંચાઇએ બેસી રહેલા. રાતના ટાઢ પણ વાય ને?

વળીનીકળ્યા. ત્રીજે જ ડગલેથી લાકડી જેવું સીધું ઉતરાણ શરૂ. બેસી બેસીને જ માંડ ઉતરાય. પાંચસો ફીટ ઊતર્યા પછી પાછી પાછલા પાંચ માઇલ જેવી ચડઉતર શરૂ. પણ હવે તો ઉતરાણ જ મોટેભાગે ઊતરવાનાં હતાં. છતાં વચ્ચે વચ્ચે કયાંક સો-પચાસ ફીટ સુધી અગાઉની જેમ ધુરળબિલાડાંની કસરત કરવી પડે. આ તરફ પણ એકાદ જગાએ જગલ તળે દોરડાં નાંખી ગંગારામે ખેંચ્યા ત્યારે અમારાથી ઊભાં ચટ્ટાન ચડાયાં. નીચલા પીનાથે પહોંચ્યા ત્યારે બપોરના ૩-૩૦ વાગી ગયા હતા!

આ નાના પીનાથ મંદિરનું વર્ણન અગાઉ કરી ચૂકયો છું. મંદિર બસેં કે વધુ વર્ષ જૂનું છે. ખાસું ૨૫-૩૦ ફીટ લાંબુંપહોળું. ફરતે ચોમાન, વંડી, ખાસી એવી અતિ ઓછાં બારણાં બાંકોરાંવાળી ધર્મશાળા, વગેરે છે. કાર્તિકી પૂનમે અહીં વાર્ષિક મેળો ભરાય. આસપાસના પહાડી પ્રદેશની ખીણોનાં ગામડાંનાં બેડૂતકુટુંબો ઊતરી પડે. ભૂલ્યો, ચડી આવે.

શિયાળાના દિવસ. ૭ વાગે અંધારું થવા માંડે. અમારે હજુ ચાર માઇલનું કપરું ઉતરાણ ઊતરી કોસી નદી ઓળંગી, સામે પાછો કૌસાનીનો પહાડ દોઢ હજાર ફીટ ચડવાનો બાકી હતો. એટલે જુવાન પીનાથ જોડે વધુ મહોબ્બત કરવી છોડી અમે ઝપાઝપ ઊતરવા માંડયું. શરૂનો જ ઉતાર સૌથી વસમો છે. પણ આ નાના પીનાથે દર ચૌદશે પૂજા થાય ને લોક પણ દરશણુ માનતા બ્રહ્મભેજ વાળું કોઇને કોઇ આવે. તેથી આ ખડા ચડાણ પર પગથિયાં બાંધ્યાં છે. સો દોઢસો વરસનાં જૂનાં હશે. બિસ્માર હાલતમાં છે. લગભગ છસેં જેટલાં અમે

ગણ્યાં. પછી સીધાણ જરા હળવું પડે છે. છતાં કાંઠલી (પૂજનરી બ્રાહ્મણોનું ગામ) વાળે રસ્તે તે એટલું સીધું છે કે એ વાટ લેવાની અમારી હિમ્મત ચાલી નહિ. એટલે એક માઇલ વધુ લાંબી વાટ પકડીને અમે કોસીમાં ઊતરી ગયા ત્યારે દિવસ આથમ્યો.

લગભગ ૧૬–૧૮ માઇલ જેટલું અમે ચાલી ચૂકયા હતા. ઊગ્યાથી આથમ્યા લગણ પહાડ, પથરા ને ચટ્ટાનો જોડે બાથોડિયાં ભરીભરીને અમે થાકી લોથ થઇ ગયા હતા. હજુ ત્રણ માઇલ જેટલું જવાનું બાકી હતું. થાક બોલીએ તો સાથી-ઓની હિમ્મત ટૂટે. એકબીજા ઇન્કાર કર્યે જઇએ ને ચાલીએ. અંધારાં ઝપાટાભેર વધ્યે જાય ને અમારી સામે હવે પાછી ખડી ચડાઇ ચડવાની ઊભી હતી. અંધારે અમને જળાંઝાંખરાં ઝાલે, બદનની એક એક નસ અને સ્નાયુ ચીસો નાંખે ને હાડકેહાડકું સણુકા મારે. ત્રણેની એકસરખી હાલત.

પેલો ધુરળ (જંગલી બકરો) ગંગારામ તો ટ્રોપનો છેડો નજીક આવતો ગયો તેમ તેમ ચગ્યે જાય. પોતે કેવા કેવા 'સાહેબ લોક' ને શિકારે ને શિખરો પર પીનાથના પહાડોમાં કેટલી વાર લઇ ગયેલો. કેવાં કેવાં પરાક્રમ કરેલાં, કેટકેટલાને આંબલીપીપળી દેખાડેલી, કેટલાને ચકરડીભમરડી રમાડેલી, એનાં વર્ણનોની અણખૂટ ધારામાં વહ્યો જાય; ને આ બાજુ અકેક ડગલું ચડતાં અમારો જીવડિયો નીચોવાઇને નીકળ્યે જાય.

મહાપરાણે બરડે પહોંચ્યા ત્યારે ટોર્ચ વગર ડગલું ન દેખાય એટલું અંધારું થઇ ચૂકયું હતું. ટોર્ચને અજવાળે હવેનો રોજનો જાણીતો અરધો માઇલ ઊતરીને ૭–૩૦ વાગે ઘેર પહોંચ્યા, ત્યારે પૂરી રાત પડી ગઇ હતી.

ઘેર પહોંચીને ત્રણેની ખુશીભરી સંમતિથી ગંગારામને ત્રણને બદલે પાંચ રૂા. દક્ષણા દઇ વદાય કર્યો. ધુરળ નીચી સલામે બેઉ હાથ જોડી રાજીરાજી થતો, ને કૂદતો ઉછળતો મોઢાની સીસોટીએ પહાડી જોડ (ગાણું) ગાતો, માઇલ દૂર આવેલા પોતાના ગામે રવાના થયો.

અમે ભલભલાને મીણો ભણાવે એવા બૂઢા ને જુવાન પીનાથના પહાડ ઊગ્યાથી આથમ્યા લગી ખૂંદ્યા હતા. નહિનહિ તોય ૨૦–૨૧ માઇલ ચાલ્યા હોઇશું. ઘેર પહોંચીને ખાધું પીધું, ગરમ પાણીમાં મીઠું ધખકાવીને સૌનાં પગ ઝાર્યા. પણ હું તો ગંગાકુટિરના વરન્ડામાં પહોંચતાંવેંત જ ઢગલો થઇને જે બેઠો તે સવારસુધી ઊભો જ ન થયો! બેઠો ત્યાં જ પ્રાર્થના, પગઝારણ, વાળુ, એકેએક વહેવાર બેઠેબેઠે જ કરીને અલૂણાં કરતી છોકરીઓની જેમ ત્યાંનો ત્યાં જ ભાંગીને પડેલ ઝાડના બોડ્યાની જેમ આખી રાત ઘોંટાઇ રહ્યો.

સ્વામી આનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
ગુજરાત અને આગામી ચૂંટણી	પરમાનંદ	... ૫૩
પિનાકપાણી,–જુવાન અને બૂઢા	સ્વામી આનંદ	... ૫૫
કરૂણાવિચાર વિરૂદ્ધ ઉપયુકતતાવાદ	ચીમનલાલ શાહ	... ૫૮
સર્વસેવાસંઘનો ઉદ્‌ભવ, ઉદ્દેશ અને પ્રવૃત્તિઓ		... ૬૦
પ્રકીર્ણ નોંધ: આગામી ચૂંટણી, કોંગ્રેસ અને કોમવાદ, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને હાર્દિક અભિનંદન	પરમાનંદ	... ૬૧
સ્વ. સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ	કાન્તિલાલ બરોડિયા	૬૨

સાભાર સ્વીકાર

(પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ તરફથી મળેલાં પુસ્તકો)

(૧) **વર્ધા ડાયરી:** લેખક: શ્રી મુન્ની કોરિયા અને શ્રી વીણા શાહ, કિંમત રૂા. ૧.

(૨) **પૂર્વાયન:** લેખક: શ્રી નવનીત પારેખ, કિંમત રૂા. ૨/૨૫.

(૩) **માનવતાના સંસ્કારો:** લેખક: બબલભાઇ મહેતા, કિંમત રૂા. ૩.

(૪) **શૈરાવની સમસ્યા:** લેખક: શ્રી હરપ્રસાદ ભટ્ટ, કિંમત રૂા. ૩.

(૫) **દયારામ:** લેખક: ભોગીલાલ સાંડેસરા, કિંમત રૂા. ૨/૫૦.

× × ×

સમાજ–ગૌરવ ચિરંજીલાલ બડજાતે: (હિંદી); લેખક: શ્રી જમનાલાલ જૈન; પ્રકાશક: ભારત જૈન મહામંડળ–શાખા વર્ધા, કિંમત રૂા. ૧.

મરહૂમ ખરશેદજી બ. વાડીઆના માનનીય લેખો: સંપાદક: શ્રી જમુભાઇ દાણી તથા સ્વ. પી. પાવરી, પ્રકાશક: ગુલબાનું બ. જ. બ. વાડીઆ, થીઓસોફીકલ કોલોની, જુહુ, મુંબઇ ૫૪.

ઘડિયાળ અને...અને... લેખિકા: શ્રી લીનાબહેન મંગળદાસ, શ્રેયસ, શાહીબાગ, અમદાવાદ ૪. કિંમત: રૂા. ૧·૫૦.

બાળકો કયારે ગુના કરે છે? (પરિચયપુસ્તિકા નં. ૬૧): લેખિકા: શ્રી હંસાબહેન શેઠ; પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, ઓમ્બે મ્યુચ્યુઅલ ચેમ્બર્સ, ચોથે માળે ૧૯/૨૧, હમામ સ્ટ્રીટ, મુંબઇ ૧. કિંમત ૪૦ નયા પૈસા.

કાર્ટૂનની કથા (પરિચયપુસ્તિકા નં. ૬૨) લેખક: શ્રી જયંતી પટેલ; પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, ઠેકાણું ઉપર મુજબ, કિંમત ૪૦ નયા પૈસા.

લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિનો અહેવાલ; પ્રકાશક: ગુજરાત રાજ્યનું વિકાસ ખાતું, સચિવાલય, અમદાવાદ.

× × ×

સંઘ તરફથી યોજાયલો કાશ્મીર–પ્રવાસ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલ કાશ્મીર પ્રવાસ, માટે નકકી કરવામાં આવેલી 'ટુરીંગ કાર' **ઓગસ્ટ માસની પહેલી તારીખે વીકટોરિયા ટરમીનસથી રાત્રીના ૮–૩૦ વાગ્યે ઉપડતી હાવરા એકસપ્રેસમાં જોડાશે,** અને આગળ જતાં પઠાણકોટ એકસપ્રેસ સાથે જોડી દેવામાં આવશે. આ પ્રવાસના કાર્યક્રમમાં થોડાક નજીવા ફેરફાર કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમની વિગતો તેમજ પ્રવાસ અંગેની જરૂરી સૂચનાઓ હવે પછી બોલાવવામાં આવનાર પ્રવાસીઓની સભા સમક્ષ રજુ કરવામાં આવશે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના સન્માર્થે સંઘના સભ્યોનું યોજવામાં આવેલું સંમેલન:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના વર્ષોજૂના સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયાના ચેરમેન નીમાયા તે બદલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તેમનું અભિનંદન કરવા માટે સંઘના સભ્યોનું એક સંમેલન ચાલુ જુલાઇ માસની ૨૨મી તારીખે સાંજના ૬ વાગ્યે ન્યુ મરીનલાઇન્સ ઉપર, નવી ઇન્કમ ટેક્ષ ઑફિસ પાછળ આવેલ 'મનોહર'માં યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે સંઘના સર્વ સભ્યોને હાજર રહેવા નિમંત્રણ આપવામાં આવે છે.

મંત્રીઓ: મુંબઇ જૈન યુવક સંઘ

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ

આ વિષયની જે ચર્ચા 'પ્રબુદ્ધ જીવન'માં કેટલાક વખતથી ચાલે છે તે કેમ શરૂ થઈ છે તે લક્ષમાં રાખવું જરૂરી છે. ભારત સરકાર માંસ મચ્છીના આહાર તથા તેના વ્યાપાર-ઉદ્યોગને ઉત્તેજન આપી રહી છે તેથી આઘાત પામી એક ભાઈએ શ્રી પરમાનંદભાઈને પૂછ્યું કે પશુહિંસા તરફ દેશ જોરશોરથી ગતિ કરી રહેલ છે તેને અટકાવવા કાંઈ જ ન થાય, સરકારને કશું કહી ન શકાય એવી મનોવૃત્તિ કેમ જોવામાં આવે છે? જૈન સમાજના આગેવાનો મૌન કેમ છે? શ્રી પરમાનંદભાઈએ જવાબમાં, ભૂખ્યો માણસ શું પાપ ન કરે એમ કહી, સરકાર પૂરતા હાથ ધોઈ નાખ્યા, દેશ અને પ્રજા પૂરતું, ચોતરફ હિંસા વિષયક ઉદાસીનતા અને લોકમાનસમાંથી કરુણા લુપ્તવત્ થઈ રહી છે એ તરફ ધ્યાન ખેંચ્યું અને જેને આ વિષયનું દુઃખ છે એવા મૌન સેવે છે, કારણ કે આવી વિચિત્ર પરિસ્થિતિમાં કોને શું કહેવું અને તે કહ્યાનો શું અર્થ? કંઈ કહેવું તે વ્યર્થ અપલાપ, અરણ્યરૂદન જેવું થાય; છતાં સરકારને કાંઈ ન કહેવાય એવું નથી અને પોકાર ઉઠાવવો કે જેથી સામાન્ય લોકોના અંતરમાં કર્તવ્યભાન અને કરુણાવૃત્તિ જાગ્રત થાય.

શ્રી વત્સલાબહેને આ સંબંધે એક ચર્ચાપત્ર મોકલ્યું. તેમાં વેદો અને સ્મૃતિઓના પોતાના ઊંડા અભ્યાસથી તેમણે જણાવ્યું કે માંસાહાર આ દેશમાં હજારો વર્ષોથી લોકો કરતા આવ્યા છે. જૈનો રેશમ અને મોતીનો ધંધો કરે છે તે ગોમાંસ નિકાસ કરતાં કઈ રીતે વધુ અહિંસક છે? તેમની કહેવાની મતલબ કે જૈનોને માંસાહાર વિષે ફરિયાદ કરવાનો કોઈ અધિકાર નથી. વાંદરાની નિકાસમાં એમને કાંઈ જ ખોટું જણાતું નથી, કારણ કે અનાજ ખાઈ જતા વાંદરાની નિકાસ થાય તો જ ભારતની વધતી જતી વસ્તીને અનાજ પૂરું પડે. વાંદરા ઉપર પ્રયોગો થાય છે તે મનુષ્યહિતાર્થે થાય છે. તેથી આપણું પ્રિય જન સફળ શસ્ત્રક્રિયાથી બચે તેમ હોય તો તે વધારે મહત્વનું કે એક વાનરનું જીવન? "હંમેશા કોઈ વસ્તુને જોતાં પહેલાં મહત્વની કઈ બાબત છે એ જોવું જોઈએ."

આ ચર્ચાપત્રને શ્રી પરમાનંદભાઈએ અહિંસાવાદીઓને પડકારરૂપ માની છણાવટભરી ચર્ચા-વિચારણા માટે વિચારકોને નિમંત્રણ મોકલ્યા, જેમાંના કેટલાકના વિચારો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયા છે. મને પણ આ વિષે કંઈક કહેવા બહુ આગ્રહ કર્યો છે.

આમાંથી ત્રણ મુદ્દા ઉપસ્થિત થાય છે: (૧) સરકારની ફરજ શું? (૨) પ્રજાની ફરજ શું? (૩) અહિંસા-હિંસાના વિચારમાં કરુણા અને ઉપયુકતતાને શું સ્થાન છે? વત્સલાબહેનના શબ્દોમાં કહીએ તો કઈ વસ્તુને વધારે મહત્વની ગણવી.

આમાંથી છેલ્લા પ્રશ્નને પહેલો લઉં, કારણ કે તે જ મૂળ પ્રશ્ન છે.

અહિંસા-હિંસાની ચર્ચા અનંત થઈ શકે, કારણ કે જીવન અનંત છે. 'જીવો જીવસ્ય જીવનમ્' એ કુદરતનો ક્રમ છે. હિંસામય જગતમાં અહિંસક થઈને રહેવું એટલે ક્ષણે ક્ષણે હિંસાના પ્રસંગો આવે તેને બને તેટલા ટાળવા. દેહ છે ત્યાં સુધી અમુક હિંસા અનિવાર્ય છે, પણ અહિંસક જીવન જીવવાનો જેનો પ્રયત્ન છે અને તે વિષે જે સતત જાગ્રત છે તેવી વ્યકિત આવી અનિવાર્ય હિંસાને પણ ઓછામાં ઓછી કરવાનો પ્રયત્ન કરે. અહિંસા એ ધર્મ છે, આત્માનો ગુણ છે, આધ્યાત્મિક વિકાસનું સાધન છે એવી જેને પ્રતીતિ થઈ છે તે વ્યકિત પોતાના મન સાથે કાયમ એક યુદ્ધ ચલાવી રહે છે. સાચી રીતે તો અહિંસા આચરવી એટલે પરિગ્રહ ઓછો કરવો અને જીવનમાં સંયમ લાવવો. પરિગ્રહ મેળવવામાં અને મેળવેલ પરિગ્રહને સાચવી રાખવામાં હિંસા છે. સ્વચ્છંદી અને અસંયમી જીવનમાં હિંસા છે. જીવનની જરૂરિયાતો બને તેટલી ઓછી કરવી એ અહિંસાના આચરણ માટે જરૂરનું છે.

આ બધું સંપૂર્ણ રીતે શકય નથી એટલે અહિંસાના કોયડા ઘણા છે. તાર્કિક દલિલો જેને કરવી છે તેવાઓ આવા કોયડાઓને આગળ કરી અહિંસાના આચરણની અશકયતા બતાવી શકે છે. અમુક સંજોગોમાં અને અમુક પ્રસંગે હિંસા અનિવાર્ય છે અથવા હિંસા ટાળી શકાતી નથી તેથી બીજા કોઈ પ્રસંગોએ હિંસા ટાળવાની વાત પણ નિરર્થક છે એવી દલીલ થાય છે. એક જ દાખલો આપું. વિશ્વ વનસ્પત્યાહારનું ઉદ્ઘાટન કરતાં ડો. રાજેન્દ્રપ્રસાદે વનસ્પત્યાહારનું જોરપૂર્વક સમર્થન કર્યું. અંતમાં કોઈ અમેરિકન ભાઈએ તેમને સવાલ કર્યો કે ભારત જો વનસ્પત્યાહારનું સમર્થક છે તો એ દર્શાવવા માટે જુદા જુદા દેશના ભારતીય એલચી ખાતાઓ તરફથી ચોખ્ખા વનસ્પત્યાહારી ભોજન શા માટે પીરસવામાં આવતું નથી? જવાબમાં ડો. રાજેન્દ્રપ્રસાદે કહ્યું કે અમારી સરકાર વેજીટેરીઅન સરકાર નથી-તે બન્ને પ્રકારનો આહાર કરનારની પ્રતિનિધિ છે. દેશ જેવી સરકારને યોગ્ય હોય તેવી સરકાર તેને મળે છે. આપણે વેજીટેરીઅન સરકાર ઇચ્છતા હોઈએ તો આપણે તે માટે કામ કરવું જોઈએ અને જરૂરી પ્રચાર કરવો જોઈએ. પ્રશ્ન પૂછનારે જે કોયડો રજુ કર્યો તેનો સરકાર પૂરતો કદાચ આ સંતોષકારક જવાબ હશે. બીજો જવાબ શું આપી શકે? પ્રશ્ન કરનાર એથી પણ વિશેષ ગંભીર કોયડો રજુ કરી શકત. રાષ્ટ્રપતિ તરીકે પોતે ભોજન સમારંભો આપે છે તેમાં શા માટે માંસાહાર પીરસાય છે? રાજેન્દ્રબાબુ જવાબ આપી શકે કે રાષ્ટ્રપતિ છું ત્યાં સુધી મારી ફરજ છે કે સરકારની ઇચ્છા પ્રમાણે મારે વર્તવું જોઈએ. કોઈ એમ કહે કે તો રાષ્ટ્રપતિપદ છોડી દો અથવા એમ કહો કે રાષ્ટ્રપતિ છું ત્યાં સુધી માંસાહાર મારા ભોજનસમારંભોમાં પીરસાશે નહિ અને તેમ છતાં સરકાર આગ્રહ રાખે તો રાષ્ટ્રપતિપદ છોડી દેવું. આ પ્રશ્નનો નિર્ણય રાજેન્દ્રબાબુ જ કરી શકે. આવા પ્રસંગોએ કેમ વર્તવું એનો નિર્ણય વ્યકિતએ પોતે જ કરવાનો રહે. બીજી રીતે કહીએ તો જીવનમાં જે અનેક ફરજો હોય છે તેમાંથી કઈ ફરજને પ્રાધાન્ય આપવું તે નિર્ણય વ્યકિતએ પોતે કરવાનો રહે છે. આમાં રાજેન્દ્રબાબુને કોઈ સ્વાર્થ ન હોય અને શુદ્ધ સેવાભાવ હોય તો પોતાના ભોજન સમારંભોમાં માંસાહાર પીરસાય છે તે સહન કરી લેવું પડે, પણ તેનો ખેદ તો હોય જ અને તે ટાળી શકાય તો સારું એમ કહે. અહિંસાના આચરણમાં વિવેક અને નમ્રતાની ભારે જરૂર છે. સંભવ છે કે તેમને સ્થાને બીજી કોઈ વ્યકિત હોય તો એવો પણ નિર્ણય લે કે રાષ્ટ્રપતિપદ જતું હોય તો ભલે જાય, પણ આવી હિંસાનો ભાગીદાર હું નહિ થાઉં. પણ આ તો બે ફરજ વચ્ચે પસંદગીનો સવાલ થયો. એમાં સ્વાર્થ નથી, પણ સ્વાર્થને ખાતર થતી હિંસાનો બચાવ તો ન જ થાય. અહિંસા એટલે પોતાના ભોગે બીજાનું ભલું કરવું અથવા પોતાની ખાતર બીજાને દુઃખ ન દેવું. હિંસા એટલે પોતાના સ્વાર્થને માટે બીજાનું બુરું કરવું અથવા બીજાને દુઃખ દેવું. સ્વાર્થને માટે જે હિંસા અનિવાર્ય છે તે તો ઓછામાં ઓછી થાય ત્યારે જ અહિંસાનું આચરણ સાર્થક બને. અહિંસાના કોયડાને ઉકેલ તાર્કિક દલીલોથી થતો જ નથી. દરેક વ્યકિતએ

નક્કી કરવાનું રહે છે કે જીવનમાં પોતે કેટલા પ્રમાણમાં હિંસા ઓછી કરશે અને અહિંસા વધારશે. ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને પૂછેલ એક પ્રશ્ન અને તેનો શ્રીમદે આપેલ જવાબ આ વસ્તુ સમજાવે છે. તે નીચે મુજબ છે :

પ્રશ્ન : "મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ."

ઉત્તર : "સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ જો તમે દેહ અનિત્ય છે એમ જાણ્યું હોય તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે જેને દેહમાં પ્રીતિ રહી છે એવા સર્પને તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઇચ્છયું તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. કદાપિ આત્મહિત ઇચ્છયું ન હોય તેણે કેમ કરવું? તો તેનો ઉત્તર એક જ અપાય કે તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું. અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાં કરી શકીએ? અનાર્ય વૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય. તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છા યોગ્ય છે."

જેમ જેમ અહિંસાનું આચરણ વધતું જાય તેમ તેમ આવા કોયડાઓનો ઉકેલ વ્યક્તિને પોતાને જ સુઝે છે. વાછડા પ્રકરણમાં, વાંદરા પ્રકરણમાં, હડકાયા કૂતરાના પ્રકરણમાં, બંગાળના દુષ્કાળ પ્રસંગે, માંસાહારી ને માંસાહારની હીમાયત કરવામાં, આ પ્રશ્નની છણાવટ ગાંધીજીએ કરી છે.

હિંસક આચરણનો બચાવ ઉપયુક્તતાને નામે થઇ જ ન શકે. ઉપયુક્તતાની દલીલ સ્વાર્થની દલીલ છે. મારો જીવ બચાવવો છે, માટે વાંદરાને મારવા પડે તેમાં કાંઇ ખોટું નથી એમાં નર્યો સ્વાર્થ છે. જીવનમાં ઉપયુક્તતાને લક્ષમાં રાખવી પડે છે. સર્વથા તેની ઉપેક્ષા શક્ય નથી, પણ તેની મર્યાદા બરાબર સમજવી જોઇએ. વાંદરા કરતાં માણસનો જીવ વધારે ઊંચો છે, ઉપયોગી છે, માટે વાંદરાને મારવામાં દોષ નથી એવી માન્યતા અહિંસાની સાચી સમજણની ખામી ઉપર રચાયેલી છે. ખેતીવાડીનું રક્ષણ કરવા વાંદરાને મારવા પડે એ પણ અહિંસાનો એક કોયડો છે. વાંદરાને ન મારવા પડે એવા ઉપાયો યોજવા બધા પ્રયત્નો કરવા જોઇએ. અનિવાર્ય હોય તો ઓછામાં ઓછી હિંસા કરવી જોઇએ અને તેમાં પણ અંતરમાં ખેદ હોય. એમાં રાચવું, એની અતિશયતા કરવી, એ ખોટો માર્ગ છે.

કરૂણા અને ઉપયુક્તતા બેની સરખામણી જ ભૂલભરેલી છે. કરૂણા–દયા એ હૃદયની લાગણી છે; ઉપયુક્તતા સ્વાર્થની જરૂરિયાત છે. રઘુવંશમાં દિલીપ–સિંહ સંવાદ છે, ત્યાં આવી દલીલો જોવા મળે છે. દિલીપરાજા જે ગાયનું રક્ષણ કરે છે તેને સિંહ મારવા આવે છે. રાજા કહે છે મને મારી નાખ પણ મારા ગુરુની ગાયને ન મારીશ. સિંહ કહે છે કે તું હોઇશ તો આવી તો હજાર ગાયો તું તારા ગુરુને આપી શકીશ. તું રાજા છે, મહાન છે. પ્રજાનો રક્ષક છે માટે ગાય જેવી અલ્પ વસ્તુ માટે તારો ભોગ આપવા તૈયાર થયો છે તેથી તું મને મૂર્ખ લગે છે.

અલ્પસ્ય હેતો: બહુ હાતુમિચ્છન્ ।
વિચારમૂઢ: પ્રતિભાસિ મે ત્વમ્ ॥

રાજા કહે છે 'યશ:શરીરે ભવ મે દયાળુ! મારા યશનો તો કાંઇક વિચાર કર!' કપોતને માટે પોતાનો પ્રાણ આપનાર મેઘરાજાની કથા સુવિદિત છે. કરૂણા–દયાના આચરણમાં ગણિતને અવકાશ નથી. શ્રીમદ્ રાજચંદ્રની એક જયંતી પ્રસંગે 'દયા ધર્મ' વિષે બોલતા ગાંધીજીએ નીચે પ્રમાણે કહ્યું છે:

'માણસને મારવો અને માંકડને મારવો–એ બેની વચ્ચે પસંદગી કરવી પડે એવાં પ્રસંગ આવે ત્યારે કોને મારવો? માણસને મારીને માંકડને ઉગારવો એ ધર્મ હોય એવો પ્રસંગ પણ આવવો શક્ય છે. માંકડને મારીને માણસને ઉગારવો એ ધર્મ હોય એવો પ્રસંગ પણ શક્ય છે. હું તો એ બંને જાતના પ્રસંગમાંથી ઉગરી જવાનો માર્ગ કહું છું. તે દયાધર્મ છે.'

માંકડને સ્થાને બીજા કોઇ પણ પ્રાણીનું નામ મૂકી શકાયું હોત.

ઉપયુક્તતાની દલીલો ક્યાં જઇને અટકે તેનો વિચાર કરીશું તો તેની ભયંકરતા જણાઇ આવશે. હિંસક કે નિરૂપયોગી પશુઓનો સંહાર કરવો અથવા માનવજીવન ટકાવવા મનુષ્યેતર પ્રાણીઓનો વધ કરવો એ આવકારદાયક છે એમ માનીએ તો હિંસક અથવા નિરૂપયોગી મનુષ્યોનો પણ સંહાર કરવો એમાં ખોટું નથી એવો તર્ક થઇ શકે. સબળ નિર્બળનો વધ કરે તેમાં ખોટું નથી એમ પણ કહેવાય. અને આવી જ કોઇ 'ફીલસુફી' ઉપર સરમુખત્યારો, રંગભેદ સ્વીકારનારાઓ અને બીજી પ્રજાઓ ઉપર રાજ કરતી પ્રજાઓ, પોતાના વર્તનનો બચાવ કરે છે.

માંસાહાર હજારો વર્ષોથી ભારતવર્ષમાં ચલ્યો આવે છે અને દુનિયામાં બધે છે, માટે તેનો વિરોધ નિરર્થક છે અથવા વસ્તી વધતી જાય છે અને બધાને અનાજ પૂરું પડે તેમ નથી, માટે માંસાહાર જરૂરનો છે. આ બન્ને દલીલો ખોટી છે. અલબત્ત, જબરદસ્તી અથવા બળાત્કારથી કોઇને માંસાહારનો ત્યાગ કરાવી ન શકાય. પણ માંસાહારનો બચાવ તો ન જ થાય. ભારતમાં માંસાહાર છે, છતાં ભારતનું વલણ માંસાહારના ત્યાગ પ્રત્યે રહ્યું છે–ખાસ કરી હિન્દુઓમાં માંસાહાર કરનારાઓ પણ અમુક દિવસે માંસાહાર ન થાય, અમુક પ્રસંગોએ ન થાય, વિધવા થાય અથવા સંન્યાસી થાય તો ન થાય, અમુક પ્રાણીઓનું માંસ ન ખવાય, આવી મર્યાદાઓ સ્વીકારે છે અને માંસાહાર તજવો એ ધર્મ છે એમ માને છે. યજ્ઞોમાં પ્રાણીઓના ભોગ અપાતા તે ઉત્તરોત્તર બંધ થયા છે એ તો વેદ અને સ્મૃતિઓના અભ્યાસીઓને પણ ખબર હોવી જોઇએ. આવા હિંસક યજ્ઞ સામે બળવા તરીકે જ જૈન અને બુદ્ધ ધર્મે અહિંસાને પ્રાધાન્ય આપ્યું અને ભારતવર્ષે મોટે ભાગે તે સ્વીકાર્યું.

વધતી જતી પ્રજાને પહોંચી વળવા માંસાહાર જરૂરનો છે એ પણ ભૂલભરેલી દલીલ છે એવું ઘણા અભ્યાસીઓએ બતાવ્યું છે.

વિશ્વ વનસ્પત્યાહાર પરિષદનાં મંગળ પ્રવચનમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે નીચે પ્રમાણે કહ્યું છે :

'વનસ્પત્યાહારની વાતમાંથી અણુબૉંબ કે હાઇડ્રોજન બૉંબની વાત સુધી પહોંચવું એ કોઇને વધારે પડતું લાગશે, પણ આપ જો યથાર્થ રીતે વિચારશો તો માલુમ પડશે કે જો આપણે હાઇડ્રોજન બૉંબથી બચવું હશે તો આખરે વનસ્પત્યાહારને સ્વીકાર્યા વિના ચાલશે નહિ. જીવનનો સમગ્રપણે અને પરસ્પર અનુસંધાનમાં વિચાર કરીશું તો વ્યક્તિનો ખોરાક અને અન્ય પ્રત્યેની તેની વર્તણૂંક વચ્ચે રહેલા સંબંધનું આપણને સાચું ભાન થયા વિના નહિ રહે અને એમ તર્કબદ્ધ રીતે વિચાર કરતાં–અને આમાં કશું તરંગીપણું છે જ નહિ–આપણને એવા નિર્ણય ઉપર આવ્યા સિવાય છૂટકો જ નથી કે હાઇડ્રોજન બૉંબથી બચવું હોય તો તેનો એક જ ઉપાય છે કે જે માનસમાંથી હાઇડ્રોજન બૉંબ પેદા થયો છે તે માનસથી બચવું અને તેવા માનસથી બચવાનો એક માત્ર ઉપાય છે સર્વ જીવો માટે, સર્વ આકારમાં અને સર્વ સયોગોમાં પ્રગટ થતી જીવનચેતના વિષે આદર કેળવવો તે. આનું બીજું નામ છે વનસ્પત્યાહારનો સમાદર."

સુવિદિત હકીકત છે કે શ્રી રામકૃષ્ણ પરમહંસ માંસાહારી હતા, કાલીભક્ત હતા અને કાલી મંદિરમાં પશુઓનો વધ થતો. પણ તેમની અહિંસા ઉત્તરોત્તર એટલી વધી કે અંતે ફૂલ ચૂંટવામાં પણ તેમને દુ:ખ થતું. કેટલાક જૈનો રેશમ અથવા મેંતીનો વેપાર કરે છે, માટે માંસાહારનો વિરોધ કરવાનો તેમને કોઇ અધિકાર નથી એ દલીલ પણ વ્યાજબી નથી. અલબત્ત સાચો જૈન જે વ્યાપારમાં હિંસા હોય તે તજે અને જૈનોને ન કરવા જેવા ઘણા વેપારોના વર્જન વ્રતોમાં આવે છે. પણ અમુક હિંસા હું કરું છું માટે કોઇ હિંસાનો વિરોધ હું કરી ન શકું એ બરાબર નથી. અલબત્ત તેમાં અભિમાન હોવું ન જોઇએ. પૂરી નમ્રતા હોવી જોઇએ.

હવે સરકાર અને પ્રજાની ફરજ વિષે બે શબ્દો કહી, આ

મારી ઇચ્છા કરતાં ઘણો વધારે લાંબો થઇ ગયેલ લેખ, પૂરો કરીશ.

પ્રજાની ફરજ સ્પષ્ટ છે. અહિંસા એ જ ધર્મ છે એવી જેને પ્રતીતિ થઇ છે તેવાઓએ અહિંસાના પ્રચાર માટે સતત પ્રયત્નો કરવા જ રહ્યા. પણ અહિંસાની સાચી પ્રતીતિ કેટલાને થઈ છે? અને એવી પ્રતીતિ થઇ હોય તેને આચરણમાં મૂકવાનું બળ કેટલામાં છે? સામાજિક વ્યવહાર તરીકે, પરંપરાનાં રીત-રિવાજો મુજબ, સામાન્ય સમજણથી, લોકો સ્થુળ હિંસા કરતા નથી. પણ તેથી વિશેષ કાંઇક છે એવું કહેવાય નહિં. વર્તમાન જીવનમાં sanctity of life એ સિદ્ધાંત પ્રત્યે આદર જોવામાં આવતો નથી. એટલું જ નહીં પણ ડૉ. રાજેન્દ્રબાબુએ કહ્યું છે તેમ, 'જેમ આપણે સભ્યતામાં પ્રગતિ કરતા રહ્યાં છીએ તેમ તેમ કોઇ પણ જીવની જિંદગી માટેનો આપણો આદર ઉત્તરોત્તર ઘટતો જ ગયો છે.' સામુદાયિક સંહારના શસ્ત્રો પેદા કરીને માનવજાતને વિનાશને આરે લાવીને મૂકી છે. આવા સંહારમાં નથી ખેદ કે નથી શરમ, પણ તેને જરૂરી માનવા લાગ્યા છીએ. જીવનધોરણ ઊંચુ લાવવાને નામે જીવનની જરૂરિયાતો વધારી, સંયમને બીનજરૂરી માનતા થયા છીએ, સમગ્ર જીવનદૃષ્ટિ જુદી દિશામાં છે. જીવનના પ્રત્યેક અંગમાં અહિંસાને સ્થાન આપવાનો ભગીરથ પ્રયત્ન ગાંધીજીએ કર્યો. પ્રજાજીવનમાં કેટલે અંશે તે ઉતર્યો છે તે કહેવાની જરૂર નથી. અલબત્ત, આ જગતમાં અથવા કોઇ વ્યકિતના જીવનમાં હિંસા સર્વથા નાબુદ થાય એ શક્ય નથી. હિંસા-અહિંસા દ્વંદ્વ સનાતન છે, પણ હિંસામાંથી અહિંસા તરફ પ્રગતિ કરીએ છીએ કે તેથી વિપરીત દિશામાં એ વિચારવાનું છે. જેમ સર્વથા હિંસા નાબુદ થવાની નથી તેમ અહિંસા પણ સર્વથા કોઇ દિવસ નાબુદ થવાની નથી. કોઇ સમયે હિંસાનું જોર વધે છે, કોઇ સમયે અહિંસાનું. વ્યકિતના જીવનમાં અહિંસાને જેટલું સ્થાન છે અને અવકાશ છે તેટલો સમગ્ર સમાજના જીવનમાં ન હોઇ શકે. પણ સમાજ છેવટે વ્યક્તિઓનો જ બનેલો છે. સમગ્ર પ્રજાને અહિંસાના માર્ગે લઇ જવી એ અધિકારી વ્યકિતઓ કરી શકે. તેને માટે પ્રજાને સાચું માર્ગદર્શન મળે, સાચી જીવનદૃષ્ટિ મળે, તો જ યોગ્ય વાતાવરણ ઉત્પન્ન થાય-એ અરણ્યરૂદન લાગતું હોય ત્યારે પણ નિરાશ થઇને બેસી ન રહેવાય. કહાય એવા સંજોગોમાં જ પ્રયત્નની વધારે જરૂર રહે.

સરકારમાં સાચી દૃષ્ટિ હોય તો આ દિશામાં ઘણી પ્રગતિ કરી શકે. એનો અભાવ હોય તો વિપરીત દિશામાં જાય. એ ખરું છે કે જેવી પ્રજા એવી સરકાર. પણ એ પણ ખરું છે કે જેવી સરકાર તેવી પ્રજા. અહીં સરકારનો અર્થ નેતાઓ અને આગેવાનો. કોઇ અશોક કે કુમારપાળ યોગ્ય વાતાવરણ સર્જી શકે. આ સરકારનું વલણ આ દિશામાં નથી એમ ખેદ સાથે કહેવું પડે. એમાં આપણો જ દોષ છે. અહિંસાના આચરણમાં જે નિર્ભયતા, ત્યાગ અને સાચી જીવનદૃષ્ટિ જોઇએ તે પ્રજામાં ન હોય ત્યાં સુધી સરકારમાં કયાંથી આવ અને શ્રેષ્ઠજનોમાં ન હોય ત્યાં સુધી આમપ્રજામાં કયાંથી આવે?

ચીમનલાલ ચકુભાઇ શાહ

સર્વસેવાસંઘનો ઉદ્‌ભવ, ઉદ્દેશ અને પ્રવૃત્તિઓ

તા. ૫-૭-૬૧ બુધવારના રોજ સાંજના ૭ વાગ્યે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. જે પ્રસંગે સર્વ સેવાસંઘના પ્રમુખ કાર્યકર્તા અને ભૂદાન યજ્ઞ (હિંદી સાપ્તાહિક) અને ભૂદાન (અંગ્રેજી સાપ્તાહિક)ના તંત્રી શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાએ સર્વ સેવાસંઘનો પરિચય આપતાં જણાવ્યું હતું કે "રચનાત્મક પ્રવૃત્તિઓ કરતી જુદી જુદી સંસ્થાઓનું એકીકરણ કરવાના હેતુથી ગાંધીજીએ ૧૯૪૮ના ફેબ્રુઆરી માસમાં વર્ધા ખાતે દેશ ભરના રચનાત્મક કાર્યકર્તાઓનું એક સંમેલન બોલાવ્યું હતું, પણ કમનસીબે ગાંધીજી એ જ સાલના જાન્યુઆરી માસની આખરે આપણને છોડીને એકાએક ચાલી ગયા. ત્યારબાદ તેમણે ભરવા ધારેલું સંમેલન ફેબ્રુઆરીને બદલે માર્ચ માસમાં ભરાયું અને ગાંધીજીના સાથીઓની સંયુકત વિચારમંત્રણાના પરિણામે ખાદી, નયી તાલીમ, ગોસેવા, રાષ્ટ્રભાષા વગેરે અનેક પ્રવૃત્તિઓને આવરી લેતા એવા સર્વસેવાસંઘનો જન્મ થયો. તે સમયથી આજ સુધી પૂ. વિનોબાજીના સતત માર્ગદર્શન નીચે આ સંઘ અનેક પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે, એટલું જ નહિ પણ, તે દ્વારા ભૂદાનનું ભવ્ય આંદોલન કેટલાંક વર્ષથી સમસ્ત ભારતના જીવનને અનેક રીતે પ્રભાવિત કરી રહ્યું છે અને તે આન્દોલનમાંથી સંપત્તિદાન, શાન્તિસેના, સર્વોદય પાત્ર વગેરે અવાન્તર પ્રવૃત્તિઓનો પણ જન્મ થયો છે. તદુપરાંત આ સંઘ તરફથી ગાંધીજી અને વિનોબાજીની વિચારણાને રજૂ કરતું વિપુલ સાહિત્ય તેમ જ ભારતની ભિન્ન ભિન્ન ભાષામાં સામયિકો પ્રગટ થઇ રહ્યાં છે. આવા વિવિધલક્ષી કાર્યને પહોંચી વળવા માટે દેશભરમાં આશરે ૨,૦૦૦ કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. તેઓ સાદું, ફરકસરભર્યું જીવન જીવે છે, તો પણ તેમની કુટુંબનિર્વાહની ચિન્તા સર્વસેવાસંઘે જ કરવી રહી. આ બધી પ્રવૃત્તિઓને તેમ જ જવાબદારીઓને પહોંચી વળવા માટે સર્વસેવાસંઘને દર વર્ષે આશરે પચ્ચીસ લાખ રૂપિયાની જરૂર રહે છે. પહેલાં ગાંધી સ્મારક નિધિ પાસેથી સર્વસેવાસંઘને દર વર્ષે વીશ લાખની રકમ મળતી હતી. તે રકમ કેટલાક સમયથી લેવાનું બંધ કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિ કેવળ જનતા માટે-લોકો માટે-છે અને તેનું સંચાલન પણ કોઇએક સંચિત નિધિ કે સરકારી મદદ મારફત નહિ, પણ આમજનતા તરફથી મળતી નાની મોટી આર્થિક સહાય મારફત થવું જોઇએ એવો સર્વ સેવાસંઘનો આગ્રહ છે, અને આ ધારણામાં બને તેટલા મદદરૂપ થવાનો મારો આપને અનુરોધ છે."

શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાની આ અપીલનું સમર્થન કરતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિઆએ જણાવ્યું હતું કે "૧૯૪૭માં આપણને આઝાદી મળ્યા બાદ આપણે કેટલોક વખત એવી ભ્રમણામાં રહ્યા કે આપણને મળવાનું મળી ગયું છે, અને આપણા માટે સુખનો દિવસ શરૂ થયો છે અને હવે આપણે કંઇ કરવાનું રહેતું નથી. જે કરવાનું છે તે સરકાર કરશે અને આપણે ત્યાં હવે સુખ અને આબાદીનો યુગ શરૂ થશે. આ ઘેનમાંથી આપણે ઊંચે આવ્યા અને નરી વાસ્તવિકતાનું ભાન થતાં માલુમ પડયું કે આપણે ત્યાં સ્વરાજ્ય આવવા છતાં પરિસ્થિતિ વધારે ને વધારે વિષમ બનતી ચાલી છે, મોંઘવારીની ભીંસ વધતી જાય છે અને આ દેશની બેકારી અને ગરીબીમાં કશો મહત્વનો ફરક પડતો નથી. આ માટે આપણે સરકારને સતત દોષ દેતા રહ્યા અને સરકાર પાસેથી વધારે ને વધારે અપેક્ષાઓ રાખતા થયા, પણ આપણા પોતાના પક્ષે કોઇ કરવાનું રહે છે એ બાબતનો આપણે કદિ વિચાર જ ન કર્યો. આપણે નિષ્ક્રિય બની બેઠા, આપણી શક્તિઓ દબાઇ ગઇ, અવરાઇ ગઇ. વિનોબાજીનો અને સર્વસેવાસંઘનો આશય આ સૂતેલી લોકશક્તિને જાગૃત અને સક્રિય બનાવવાનો છે. રાજશક્તિની વિરોધી નહિ પણ પૂરક એવી લોકશક્તિની જાગૃતિ થાય, બંને પૂરેપૂરી સક્રિય અને સહયોગી બને, લોકો કેવળ રાજ્ય સામે ન જોતાં રહેતાં પોતાની સામે જોતાં થાય, પોતાનું સ્વત્વ દાખવતાં થાય અને પોતાના પ્રશ્નો પોતાની હોંશિયારીથી ઉકેલતા થાય અને આ સમગ્ર પ્રક્રિયા અહિંસા અને પ્રેમની ભાવનાથી પ્રેરિત અને પ્રભાવિત હોય-આવું લક્ષ્ય સર્વ સેવા સંઘની બધી પ્રવૃત્તિઓ પાછળ રહેલું મને દેખાય છે અને તેથી તેને બને તેટલો ટેકો આપવો તેમાં આપણું, રાજ્યનું અને દેશનું કલ્યાણ રહેલું છે એમ હું માનું છું." આમ જણાવીને સર્વ સેવાસંઘને શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સમર્થન અને અનુમોદન રહેશે એવી શ્રી સિદ્ધરાજજીને તેમ જ મુંબઇના સર્વ સેવાસંઘના આ સભામાં ઉપસ્થિત થયેલા અગ્રગણ્ય કાર્યકર્તાઓને ખાત્રી આપવામાં આવી અને સિદ્ધરાજ ઢઢ્ઢાનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી.

પ્રકીર્ણ નોંધ

આગામી ચૂંટણી, કૉંગ્રેસ અને કોમવાદ

કોમવાદની દૃષ્ટિએ આગામી ચૂંટણી એ કૉંગ્રેસની એક ભારે આકરી કસોટી છે. આગામી ચૂંટણીઓ લડવામાં કોમવાદને કશું સ્થાન નહિ હોય એમ કૉંગ્રેસ ખૂબ પોકારીને કહે છે, પણ કોમવાદનો પૂર્વગ્રહ એટલો બધો વ્યાપક છે અને તેની જડ પ્રજાજીવનમાં એટલી બધી ઊંડી છે કે, ચૂંટણી જીતવાનો મોહ ધરાવતા કોઇ પણ રાજકીય પક્ષથી કોમી તત્વોની ઉપેક્ષા થઇ શકે તેમ છે જ નહિ. કેરલની ગઇ કાલ સુધી મુસ્લિમ લીગના આગેવાન સભ્ય શ્રી સી. એચ. મહમદ કોયા કૉંગ્રેસને સગવડ કરી આપવા ખાતર મુસ્લિમ લીગમાંથી એકાએક રાજીનામું આપે છે અને કૉંગ્રેસના ટેકાથી વિધાનસભાના સ્પીકર તરીકે ચૂંટાય છે. આવા સગવડિયા રાજીનામાથી કોઇ છેતરાય તેમ નથી જ અને કૉંગ્રેસ, પ્રજા-સમાજવાદી પક્ષ અને મુસ્લિમ લીગનો સહયોગ પહેલાં હતો એટલો જ આજે ચાલુ છે એ બાબતની કોઇથી ના કહી શકાય તેમ છે જ નહિ. કેટલાક સમય પહેલાં શીડ્યુલ્ડ કાસ્ટના ધારા-સભ્યોનું કન્વેન્શન રેલ્વેપ્રધાન શ્રી જગજીવનરામના પ્રમુખપણા નીચે ભરાયલું. તેનું ઉદ્‌ઘાટન મહાઅમાત્ય શ્રી નહેરુએ કરેલું. આ કન્વેશનના રૂપરંગ એક કોમી કન્વેન્શન જેવાં જ હતાં. થોડા દિવસો પહેલાં નવી દિલ્હીમાં મુસ્લિમ ધારાસભ્યોનું કન્વેન્શન ભરાવાનું હતું ત્યારે તેનો કૉંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવરાવ રેડ્ડીએ વિરોધ કરેલો. પણ આ કન્વેન્શનનો વિરોધ કરવામાં આવશે તો કૉંગ્રેસને અપાતા મુસ્લિમ મતો જોખમમાં મુકાશે—આવી વાસ્તવિકતાનું ભાન કૉંગ્રેસના આગેવાનોને કરાવવામાં આવ્યું અને પરિણામે તે વિરોધનું સ્થાન એ જ કન્વેન્શનના સીધા કે આડકતરા સમર્થને લીધું. ચૂંટણી માટે ઉમેદવારો નક્કી કરતાં કૉંગ્રેસ માટે કોણ ઉમેદવાર, કયા ક્ષેત્રમાંથી અને કયા સમુદાયના કેટલા મત મેળવી શકે તેમ છે–આ માપતોલની ચૂંટણી–સમિતિ ઉપેક્ષા કરી શકશે જ નહિ. કારણ કે સર્વત્ર સત્તા ઉપર આવવાની અપેક્ષા ધરાવતા પક્ષે બધેથી બને તેટલી બેઠકો મેળવવાનો આગ્રહ રાખવો જ રહ્યો અને આ આગ્રહ હોય તો નક્કી કરેલા સિદ્ધાંતો સાથે બાંધછોડ કર્યા સિવાય ચાલે જ નહિ. ઉમેદવારની યોગ્યતા તેની અંગત લાયકાત ઉપર બહુ ઓછી નક્કી થાય છે, પણ તેની મતો ખેંચવાની તાકાત votes–potential ઉપર જ ઘણા મોટા ભાગે આધાર રાખે છે. જેને સમાજમાં માથાભારે માણસો તરીકે ઓળખવામાં આવતા હોય છે તેમને અથવા તો કોમી માનસ ધરાવતી વ્યક્તિઓને ઉમેદવાર તરીકે કૉંગ્રેસ તરફથી જ્યાં ત્યાં પસંદગી મળેલી જોવામાં આવે છે તેનું ખરું કારણ આ છે.

ચૂંટણી પૂરતી દેશની આવી જટિલ પરિસ્થિતિમાં કોમવાદથી કૉંગ્રેસ તો જ અલિપ્ત રહી શકે કે જો ચૂંટણીના પરિણામ વિષે કૉંગ્રેસ અનાગ્રહી બને, નિરપેક્ષ બને, એટલે કે, કોઇ પણ બેઠક જીતાય કે ન જીતાય અને પરિણામે કોઇ પણ રાજ્યમાં કૉંગ્રેસને બહુમતી મળે કે ન મળે અને સત્તા ઉપર આવાય કે ન આવાય. પણ ચૂંટણી લડવામાં કોઇ પણ કોમી માનસ ધરાવતી વ્યક્તિને કૉંગ્રેસ હરગીજ પોતાનો ઉમેદવાર નહિ બનાવે અને મતો મેળવવા માટે કોઇ પણ કોમી સમુદાય કે વર્તુળની કૉંગ્રેસ હરગીજ ખુશામત નહિ કરે—આવો અડગ નિશ્ચય કૉંગ્રેસ ધારણ કરે.

દેશની અદ્યતન વાસ્તવિક પરિસ્થિતિ વિચારતાં ચૂંટણીને લગતા નિષ્ણાતોનો અભિપ્રાય છે કે કોમવાદ સાથે કશું પણ સંધાણ નહિ રાખવાની બાબતમાં કૉંગ્રેસ મક્કમપણું દાખવે તો તેને કોઇ કોઇ રાજ્યમાં બહુમતી મેળવવામાં જરૂર અગવડ ઊભી થવાનો સંભવ છે, પણ પાર્લામેન્ટ પૂરતી તો, આવી મક્કમતા છતાં, કૉંગ્રેસને નક્કર બહુમતી મેળવવામાં જરા પણ વાંધો આવવા સંભવ છે જ નહિ. બધાં રાજ્યોમાં બહુમતી મળે અને કૉંગ્રેસ રાજ્ય સ્થપાય આવો સત્તામોહ, જો કોમવાદનો સાચો સામનો કરવો હોય તો, કૉંગ્રેસે છોડવો જ જોઇએ. પ્રશ્ન એ છે કે કૉંગ્રેસમાં આવી હિંમત છે ખરી? અને ભિન્ન ભિન્ન રાજ્યના કૉંગ્રેસી આગેવાનો પણ આ જોખમ ખેડવાને તૈયાર છે ખરા? આનો જવાબ ના હોય તો આગામી ચૂંટણીમાં કોમી તત્વોને પંપાળ્યા સિવાય કૉંગ્રેસ માટે બીજો વિકલ્પ છે જ નહિ.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને હાર્દિક અભિનંદન

આપણા દેશમાં દેશ–પરદેશના સમાચારો ઑલ ઇન્ડિયા રેડિયોને તેમજ અહીંના તથા પરદેશના વર્તમાનપત્રોને પૂરા પાડવાનું કામ વર્ષો સુધી રોઇટર અથવા રૂટર નામની અંગ્રેજ સમાચારસંસ્થા એસોસીએટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાના નામથી કરતી હતી. છેલ્લાં ૧૨ વર્ષથી ઊભી કરવામાં આવેલી પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા નામની સમાચાર સંસ્થાએ આ રોઇટર કંપનીની જવાબદારી લીધી છે અને ઉપર મુજબ સમાચારો પૂરા પાડવાનું કામ મોટા પાયા ઉપર કરી રહેલ છે. આ પ્રેસ ટ્રસ્ટના સ્વ. દેવદાસ ગાંધી અમુક સમયે ચેરમેનપદ ઉપર હતા અને તેમના અવસાન સુધી એ પદ ઉપર ચાલુ રહ્યા હતા. તેમની કાર્યવાહી દરમિયાન આ સંસ્થાના વહીવટ અને કાર્ય અંગે પ્રેસ કમીશને ખૂબ ટીકાઓ કરેલી. આ પ્રેસ ટ્રસ્ટમાં એક યા બીજા વર્તમાનપત્ર સાથે સીધી રીતે જોડાયલી વ્યક્તિઓ સભ્ય તરીકે બીરાજતી હતી. ઉપર જણાવેલ ઉહાપોહના પરિણામે કોઇપણ વર્તમાનપત્ર સાથે સીધી રીતે જોડાયેલી ન હોય એવી અને જાહેર જીવનમાં આગળ પડતી બે સ્વતંત્ર વ્યક્તિઓને આ પ્રેસ ટ્રસ્ટમાં સામેલ કરવાનું ૧૯૫૫માં ઠરાવવામાં આવ્યું. આવી રીતે નીમાયેલ બે વ્યક્તિઓમાં એક શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ હતા. આવા એક સભ્યની ચાલુ વર્ષના ચેરમેન તરીકે તાજેતરમાં નિમણૂક કરવામાં આવી છે. આ સંસ્થા રાષ્ટ્રીય છે, પણ તેનું કાર્યક્ષેત્ર આન્તરરાષ્ટ્રીય છે. કોઇ પણ પક્ષ અથવા સ્થાપિત હિતના પ્રભાવથી મુકત રહીને દેશમાં સ્થળે સ્થળે બનતી મહત્વની ઘટનાઓના સમાચાર દેશના તેમજ પરદેશના છાપાઓને પૂરા પાડવા એ આ સંસ્થાનું મુખ્ય કાર્ય છે. જ્યાં છાપાઓ રાષ્ટ્રોનાં જીવન ઘડી રહ્યા છે એવી આજની દુનિયામાં આ કાર્ય અતિ મહત્વનું લેખાય છે. આવી સંસ્થાના ચેરમેન થવું એ ચેરમેન થનાર વ્યક્તિ માટે અતિ ગૌરવપ્રદ ઘટના લેખાય. આવું ગૌરવભર્યું સ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને મળવા બદલ તેઓ આપણ સર્વના હાર્દિક અભિનંદનના અધિકારી બને છે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની આજ સુધીની જાહેર જીવનની કારકિર્દી અધિકાધિક ઉજ્જવળ બનતી રહી છે. સ્થાનકવાસી જૈન સમાજમાં–માત્ર મુંબઇના નહિ પણ અખિલ હિંદના–તેમનું સ્થાન અને પ્રભુત્વ અનન્ય કોટિનું રહ્યું છે. સોલિસિટર તરીકે તેમની ઘણી મોટી પ્રતિષ્ઠા છે. જ્યારે મુંબઇ પ્રદેશની નવરચનાનો પ્રશ્ન મધ્યવર્તી ધારાસભાની એરણ ઉપર ટીપાઇ રહ્યો હતો ત્યારે મુંબઇ પ્રદેશના ત્રણ એકમ કરવા અને મુંબઇનું અલગ એકમ બનાવવું એ અભિપ્રાયના સમર્થનમાં શ્રી ચીમનભાઇનાં પાર્લામેન્ટમાં થયેલાં પ્રવચનો ઐતિહાસિક કોટિનાં લેખાય છે. છેલ્લી ભારતવ્યાપી ચૂંટણીમાં અમુક અભિનિવેશો તેમની ઉમેદવારીની આડે આવ્યા ન હોત તો તેઓ આજે પાર્લામેન્ટમાં માત્ર સભ્ય જ નહિ પણ ઘણું આગળ પડતું સ્થાન ધરાવતા હોત. તેઓ પાર્લામેન્ટમાં હતા તે દરમિયાન ભારત સરકારે તેમને ભારતીય પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે પહેલાં ન્યુ ઝીલેન્ડ મોકલ્યા હતા અને પછી એવા જ બીજા પ્રતિનિધિમંડળના સભ્ય બનાવીને તેમને સંયુકત રાષ્ટ્રસંસ્થામાં ભાગ લેવા માટે અમેરિકા મોકલ્યા હતા. શારીરિક અને કૌટુંબિક ભારે પ્રતિકૂળતા વચ્ચે તેઓ સમાજને અનેકવિધ સેવા આપી રહ્યા છે અને હજી પણ જેમ જેમ તેમને તક મળશે તેમ તેમ તેમના તરફથી અનેક મહાન કાર્યોની આશા રહે છે. તેમનામાં જે બુદ્ધિપ્રભા, આયોજનશકિત, વકતૃત્વ અને કલ્યાણનિષ્ઠા છે તે અન્યત્રમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમનું શરીર ચિરકાળ પર્યન્ત કાર્યક્ષમ રહે અને રાષ્ટ્રના નવઘડતરમાં તેમના તરફથી મહત્વનો ફાળો નોંધાય એવી તેમના વિષે આપણા અંતરની પ્રાર્થના હો!

પરમાનંદ

સ્વ. સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ

પ્રખ્યાત સાહિત્યકાર બર્નાર્ડ શૉને કોઇએ પૂછ્યું હતું કે 'સારો વેપારી કોને કહેવાય?' ત્યારે શૉએ પોતાની લાક્ષણિક ઢબે જવાબ આપ્યો હતો કે 'સારો વેપારી એ કે જે ગૉલ્ફ રમતો હોય.' અગ્રગણ્ય શાહ સોદાગરનું બીરુદ જેમને ખાસ નવાજી શકાય એવા સર પુરુષોત્તમદાસ ગૉલ્ફ રમતા હતા કે નહિ તેની મને ખબર નથી, પણ તેઓ અવશ્ય વ્યાપાર, ઉદ્યોગ અને નાણાંકીય આલમના અગ્રણી હતા. તેમના અવસાનથી દેશે, તેમ જ ખાસ કરીને વેપારી આલમે એક વિરલ, અજોડ, અનુભવી અને નિષ્પક્ષ માર્ગદર્શક ગુમાવ્યો છે. આ ખોટ સહેલાઇથી પૂરી પડી શકે તેમ નથી તે નિર્વિવાદ છે.

૮૨ વર્ષની વયે થયેલા સર પુરુષોત્તમદાસના અવસાનને શોકનું કારણ લેખવું યોગ્ય ન ગણાય. જીવનકાળ દરમિયાન તેમણે સતત નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું હતું અને તેઓ કૃતકૃત્ય માનવી હતા. દેશની અનેકવિધ પ્રવૃત્તિમાં અને ખાસ કરીને વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રે તેમણે સક્રિય અને સભર ફાળો આપ્યો છે, જે વર્તમાન તથા ભાવિ પેઢી માટે પણ ઉપયોગી માર્ગદર્શન આપનારો નીવડશે.

મેસર્સ નારણદાસ રાજારામની સુવિખ્યાત પેઢીના અગ્રગણ્ય સંચાલક તરીકે રૂના વેપારથી તેમણે પોતાની કારકિર્દીના શ્રીગણેશ કર્યા અને પોતાની બુદ્ધિમત્તા, વ્યવહાર-કુશળતા અને આંજી નાંખે તેવી પ્રતિભાથી તેમ જ નીતિમત્તા અને ચારિત્ર્યના ભંડોળથી રૂના વેપારમાં જ નહિ પણ સમગ્ર આર્થિક અને જાહેરજીવનમાં એક અનોખું સ્થાન તેમણે પ્રાપ્ત કર્યું. આવા પ્રતિભાસંપન્ન સર પુરુષોત્તમદાસનું નામ મારા હાઇસ્કૂલના અભ્યાસકાળથી હું સાંભળતો, ત્યારે આવી વ્યક્તિને સહેજે જોવા ઇચ્છા થતી. અમારા સિડનહામ કોલેજના વાર્ષિકોત્સવ વખતે તે ઇચ્છા ફળીભૂત થઇ, જ્યારે મેં તેમને નજદીકથી જોયા અને સાંભળ્યા. મને ખૂબ આનંદ થયો કે વેપાર ઉદ્યોગની એક મહાન વ્યક્તિને જોઇ અને સાંભળી રહ્યો છું, ને તેમની જે છાપ મારા મન પર પહેલાં પડી હતી તે સાચી છે. તેમનું પ્રવચન એક ખાહોશ વેપારીને શોભે તેવું જ હતું.

રૂના વેપારને સંગઠિત, નિયમબદ્ધ અને વ્યવસ્થિત કરવામાં તેમણે તેમનો આત્મા રેડ્યો હતો એમ કહું તો તે અતિશયોક્તિ નહિ કહેવાય. ઇસ્ટ ઇન્ડિયા કોટન એસોસીએશન લિ. કે જે રૂના વેપારની અગ્રગણ્ય સંસ્થા છે તેનું બીજારોપણ સર પુરુષોત્તમદાસે કર્યું, એટલું જ નહિ, એનું વૃક્ષસીંચન પણ તેમના સબળ હાથે થયું. વર્ષો સુધી રૂ બજાર અને સર પુરુષોત્તમદાસ એક અવિભાજ્ય ગણાયા. અન્ય બજારો જ્યારે અવ્યવસ્થિત હતા અને બાલ્યાવસ્થામાં હતા ત્યારે રૂ બજારને અનેક મુસ્કેલીમાંથી ઉગારનાર તેઓશ્રી જ હતા. સરકાર ભલે ભૂલી જાય, પણ વ્યાપારે વસતિ લક્ષ્મી. રૂનો વેપાર વેપારનો રાજા ગણાય છે અને 'રૂ બજારના રાજા'નું બિરુદ લોકોએ પ્રેમ અને આદરથી સર પુરુષોત્તમદાસને નવાજ્યું તે યોગ્ય જ છે, કારણ કે રૂના વપારને તેમની અપ્રાતમ વેપારી કુનેહનો અને દીર્ઘદૃષ્ટિનો મહાન લાભ મળ્યો છે.

માત્ર ઇસ્ટ ઇન્ડિયા કોટન એસોસીએશન લિ. જેવી માતબર સંસ્થા સ્થાપીને તેઓ વિરમ્યા ન હતા. ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સની સ્થાપનામાં પણ તેમનો ભગીરથ પ્રયત્ન હતો. આ ઉપરાંત, મુંબઇની ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરની સ્થાપના પછી અનેક વર્ષો સુધી તેઓ તેની સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. પોતાની કુનેહને પરિણામે તેઓએ ઘણી વ્યાપારિક અને ઔદ્યોગિક કંપનીઓના સંચાલનમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો અને અનેક અટપટી ગૂંચો ઉકેલવામાં સર પુરુષોત્તમદાસને યાદ કરવામાં આવતા હતા. વીમા કંપનીઓ અને બેંકો સાથે પણ તેઓ સંકળાયેલા હતા. અને રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ઘડતરમાં તેમનો હિસ્સો મહત્વપૂર્ણ રહ્યો હતો અને રીઝર્વ બેંકે નાણા જગતમાં જે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું તેમાં સર પુરુષોત્તમદાસના અનુભવનું પીઠબળ હતું. વાસ્તવિક રીતે જોઇએ તો છેલ્લાં ૫૦ વર્ષોમાં આર્થિક જીવનનું એક પણ પાસુ એવું નહીં હોય કે જેના પર સર પુરુષોત્તમદાસની છાપ અંકિત થઇ ન હોય. સફળ વેપારી તરીકેની કારકિર્દી અને વિરલ વ્યક્તિત્વ એ સર પુરુષોત્તમદાસની એક તસ્વીર.

તેમના જાહેર જીવન ઉપર છેલ્લી નજર કરીએ તો બ્રિટિશ શાસન દરમિયાન આપણને જે આર્થિક પ્રશ્નો મૂંઝવતા હતા અને જે અંગે જાહેરમાં કે સરકારી સંસ્થાઓમાં કે સરકારી તપાસપંચોમાં કે વિધાનસભામાં ઉગ્ર ચર્ચા થતી હતી અને જ્યારે આપણા દેશનાં હિતો વિદેશી શાસનના હિતો સાથે ટકરાતાં હતાં ત્યારે સર પુરુષોત્તમદાસ અડગતાથી અને નીડરપણે દેશના હિતમાં જ જે સાચું હોય તેને સાચી જગ્યાએ અવશ્ય કહેતાં હતા. તેમના જીવનનું આ પાસુ આપણને તેમના રાષ્ટ્રાભિમાનની ઝાંખી કરાવે છે. હાલમાં એક ચર્ચા ઐરણે ચઢી છે કે વેપારીઓએ રાજકારણમાં સક્રિય ભાગ લેવો જોઇએ કે નહિ (જાણે કે વેપારીઓ અગાઉ લેતા નહિ) ત્યારે સર પુરુષોત્તમદાસનું નામ અવશ્ય આપણને યાદ આવે છે.

આજે જે આયોજિત આર્થિક વિકાસની અને આર્થિક આયોજનની વાતો થાય છે, તે આયોજનની ભૂમિકા તો ઘણાં વર્ષો પહેલાં બંધાઇ હતી. મુંબઇ યોજના (Bombay plan) જે ભારતના વિકાસ માટે ૧૯૪૩ માં બહાર પાડવામાં આવી હતી, તેના ઘડનારા ૮ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓમાં સર પુરુષોત્તમદાસ મોખરે હતા. તેમની વિચારધારા રચનાત્મક અને સર્જનાત્મક હતી.

૧૯૨૬ માં ભારતીય ચલણ અંગેના શાહીપંચમાં સભ્ય તરીકે તેઓ નિમાયા હતા ત્યારે પંચમાં હૂંડિયામણના દરની જે ઉગ્ર ચર્ચા થઇ હતી અને પંચે બહુમતીએ ૧ રૂપિયાની કિંમત ૧ શિલિંગ અને ૬ પેન્સ ઠરાવવાની જે ભલામણ કરી હતી તેની સામે દેશના હિતને લક્ષમાં લઇ તેઓશ્રીએ પડકાર ફેંક્યો હતો અને દાખલા દલીલ સહિત ૧ રૂપિયાની કિંમત ૧ શિલિંગ અને ૪ પેન્સ હોવી જોઇએ એમ દર્શાવ્યું હતું. તેમના વ્યક્તિત્વની એક વિશિષ્ટતા એ હતી કે તેઓ સ્વતંત્રપણે જે નિર્ણય લેતા તેને સુસ્તપણે વળગી રહેતા ને પ્રલોભનો તથા સસ્તી લોકપ્રિયતાથી દૂર રહેતા. આવી રીતે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન જે ભારે સટ્ટાખોરી અને કાળાંબજાર જામ્યા હતાં, તેની સામે પણ તેમણે આંગળી ઊંચી કરી હતી અને આવા વિઘાતક વલણોને પડકાર્યા હતાં. તેવી જ રીતે રૂ બજારના પ્રમુખ તરીકે તેમણે વાયદાબજારપંચની દરમ્યાનગીરી સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો.

મેં શરૂઆતમાં કહ્યું તેમ સર પુરુષોત્તમદાસ સારા અને સફળ વેપારી હતા અને નૈતિકતા અને માનવતાનાં ઉચ્ચ મૂલ્યો તેમના જીવનના તાણાવાણામાં વણાયાં હતાં. એક સારા ધનિક વેપારીની જેમ સર પુરુષોત્તમદાસે શિક્ષણ, સામાજિક કાર્ય, તબીબી રાહત વગેરે ખાતાંમાં ઊંડો રસ લીધો હતો અને હાલમાં જ સંશોધન કાર્ય માટે ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરને રૂા. ૫ લાખનું દાન કર્યું હતું. આવી એક-વેપારી આલમમાં દીવાદાંડી જેમ શોભતી-વ્યક્તિ આપણી વચ્ચેથી વિલીન થઇ છે. તેમની યશસ્વી કારકિર્દીમાંથી ઘણાને અનેક બોધપાઠો અવશ્ય મળશે.

કાન્તિલાલ બરોડિયા

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧, ૧૯૬૧, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કરુણા–વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

(૧૯૫૭ની સાલના નવેમ્બર માસની ૧૫ તથા ૧૬ તારીખે વિશ્વ વનસ્પત્યાહાર કૉંગ્રેસનું ૧૫મું અધિવેશન મુંબઇ ખાતે મળ્યું હતું. આ અધિવેશન પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે અંગ્રેજીમાં એક ભવ્ય કોટિનું મંગળ પ્રવચન કરેલું અને તેનો અનુવાદ તા. ૧૫–૧૧–૫૭ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવ્યો હતો. 'કરુણા–વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ' એ વિષય ઉપર કેટલાક સમયથી પ્રબુદ્ધ જીવનમાં જે ચર્ચા વિચારણા પ્રગટ થઇ રહી છે તે ચર્ચા વિચારણામાં પૂરક થશે એમ સમજીને તે મંગળ પ્રવચનનો અનુવાદ નીચે પુનઃ પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

દૂર દૂરથી આવેલા આપ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોને હું હાર્દિક આવકાર આપું છું. વનસ્પત્યાહાર વિષે ઊંડી પ્રતીતિ ધરાવતા સજ્જનોનો મોટો સમુદાય અહીં મારી સામે એકત્ર થયેલો જોઇને હું આનંદ અનુભવું છું. વનસ્પત્યાહારની હીલચાલ યુરોપમાં ઘણા લાંબા સમયથી ચાલી રહી છે અને પોતાના 'સત્યના પ્રયોગો' એ નામના પુસ્તકમાં મહાત્મા ગાંધીએ જુદા જુદા દૃષ્ટિબિંદુથી વનસ્પત્યાહારની ઉત્કૃષ્ટતા પુરવાર કરતા કેટલાંક પુસ્તકોનો ઉલ્લેખ કર્યો છે. છેલ્લી સદીના છેલ્લા દશકા દરમિયાન પોતાના વિદ્યાર્થીજીવનના ગાળામાં વિલાયતની વેજીટેરિયન સોસાયટીના પોતે એક સભ્ય હોવાનો પણ તેઓ ઉલ્લેખ કરે છે. આ ઉપરથી યુરોપના જુદા જુદા દેશોમાં આ સંસ્થાનાં અધિવેશનો ભરાતા રહ્યા હોય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી.

આ વેજીટેરિયન કૉન્ફરન્સનાં આજ સુધીનાં અધિવેશનો અન્ય દેશોમાં ભરાતાં રહ્યા છે. આજનું અધિવેશન ભારતમાં ભરાઇ રહ્યું છે. અન્ય દેશોની અપેક્ષાએ ભારતની કેટલીક લાક્ષણિકતાઓ છે જે તેની પોતાની આગવી છે. હું નથી ધારતો કે આ દુનિયા ઉપર એવો બીજો દેશ હોય કે જ્યાં આટલી મોટી સંખ્યામાં લોકો વનસ્પત્યાહારી હોય અને અનેક પેઢીઓથી પૂરેપૂરા નિરામિષ–આહારી હોય. તેમ બનવાનું કારણ એ છે કે માંસાહાર આધ્યાત્મિક વિકાસને કદાચ બાધક–હાનિકર્તા–ગણવામાં ન આવ્યો હોય તો પણ તેની સાથે માંસાહાર બંધબેસતો નથી એવી માન્યતા અમારે ત્યાં સદીઓથી ચાલતી આવી છે અને અમારાં ધર્મશાસ્ત્રોએ આહારસંબંધમાં અનેક આચારનિયમોનું વિધાન કર્યું છે. માત્ર સજીવ પ્રાણીઓ જ નહિ પણ વનસ્પતિને–ઝાડપાન, ફળફુલને–પણ ઇજા ન પહોંચાડવી આ પ્રકારની અહિંસાની કલ્પના ઉપર એ આચારનિયમોનું ઘડતર કરવામાં આવ્યું છે. અમારા પુરાણા જીવનવિજ્ઞાને અને ધર્મશાસ્ત્રોએ જીવનનો વિચાર જુદા જુદા ભાગલાઓમાં નથી કર્યો, પણ એક સમગ્ર સુગ્રથિત વસ્તુ રૂપે જીવનને નિહાળ્યું છે અને માનવીના ઊર્ધ્વલક્ષી વિકાસને સહાયક અને સંવાદી બને એ રીતે માનવીની જુદી જુદી પ્રવૃત્તિઓનું અનુસંધાન કર્યું છે. આમ હોવાથી બીજા લોકો જીવનનો જે રીતે વિચાર કરતા સંભળાય છે તે રીતે અમારે ત્યાં અમારી પ્રવૃત્તિઓ અંગે એવાં ધોરણો કે કૃત્રિમ વિભાજનો અસ્તિત્વ ધરાવતાં નથી. દાખલા તરીકે એવું સાધારણ રીતે ઘણે ઠેકાણે સંભળાય છે કે માણસનો ધર્મ એ તેની અંગત બાબત છે અને તેના રાજકારણ કે જાહેર જીવન સાથે તેના ધર્મને કશો સંબંધ નથી. એવી જ રીતે તેનો ધર્મ અને તેની રાજદ્વારી ક્રિયા એ બેને પરસ્પર ભિન્ન બાબતો તરીકે લેખવામાં આવે છે. પોતે શું ખાય છે, કેમ રહે છે અને પોતાની બીજી બાનગી બાબતોનું કેવી રીતે સંચાલન કરે છે તેને તેની જાહેર પ્રવૃત્તિઓ સાથે કશો સંબંધ હોતો નથી. અમે ખરી રીતે એમ માનીએ છીએ કે દરેક પ્રવૃત્તિના બીજી પ્રવૃત્તિઓ ઉપર આઘાત–પ્રત્યાઘાત પડે જ છે અને પ્રવૃત્તિઓને કે તેનાં પરિણામોને આપણે જુદાં પાડી શકતા નથી. આ પાયા ઉપર જ ખોરાકને અને સ્વસ્થ–અક્ષુબ્ધ કોટિના મનના નિર્માણને પરસ્પર સંબંધ છે અને બાનગી કે જાહેર કાર્યોમાં, આધ્યાત્મિક કે ભૌતિક પ્રવૃત્તિઓનાં સફળ સંચાલનમાં આ પ્રકારના સ્વસ્થ મનનો યોગ આવશ્યક છે એમ અમારે ત્યાં માનવામાં આવે છે.

જ્યારે હું આ કહી રહ્યો છું ત્યારે કોઇએ એમ સમજવાનું નથી કે અમારો દેશ અને અમારા લોકો આ આદર્શો મુજબ જીવી રહ્યા છે. જો એમ હોત તો તો અમારો દેશ અને અમારા લોકો આજે છે તે કરતાં કોઇ જુદા જ પ્રકારના હોત. અને એમ છતાં આમાંના કેટલાક આદર્શો એવા છે કે જેના અનુપાલનના આગ્રહે અમને એવી કસોટીઓ અને આફતોમાંથી ઉગાર્યા છે કે જે પ્રકારની કસોટીઓ અને આફતોમાંથી બીજી પ્રજાઓને ભાગ્યે જ પસાર થવું પડ્યું હોય. આ બધાં તત્વોનું જો આપણે પૃથક્‌કરણ કરીએ તો મેં ઉપર જણાવ્યું તેમ અહિંસા જે તેના સક્રિય અને વિધાયક આકારમાં અન્ય જીવો વિષે પ્રેમ યા મૈત્રી છે અને જે તેના નિષેધાત્મક–નકારાત્મક–આકારમાં અન્ય જીવો વિષે સહિષ્ણુતા છે–આ પ્રકારની અહિંસા જ અમારા માટે પાયાનું તત્વ બની રહેલ છે. બીજા શબ્દોમાં કહું તો એક બાજુએ અમે બીજાનું સક્રિય રીતે ભલું કરવામાં માનીએ છીએ તો બીજી બાજુએ બીજાઓ પોતાની રીતે જીવે, પોતાની રીતે વિચારે અને પોતાની રીતે અને મુક્તપણે અન્ય સાથે વાણીવ્યવહાર કરે એમ અમે સ્વીકારીએ છીએ. આ સહિષ્ણુતા–આ ઉદારતા–અમારા લોકોની લાક્ષણિક શ્રદ્ધાનો વિષય છે, અમારી પ્રકૃતિ સાથે જડાયલું તત્વ છે, અને ખરી રીતે અમારી સર્વ આધ્યાત્મિક અને તાત્વિક વિચારણાની તેમજ સાથે સાથે જુદા જુદા ધર્મોના વિકાસની તે જનની બનેલ છે, જ્યારે અમારે ત્યાં એક દાર્શનિક વિચારસરણીએ યજ્ઞોમાં પશુનાં બલિદાન ઉપર ખૂબ ભાર મૂક્યો ત્યારે અહિંસા ઉપર તાત્વિક ભાર મૂકતા બૌદ્ધ ધર્મનો અને અહિંસાના વિચારને જીવનની ઝીણામાં ઝીણી વિગત ઉપર લાગુ પાડવાનો અને કેટલીક બાબતમાં આત્યન્તિક

આકાર સુધી લઇ જવાનો આગ્રહ ધરાવતા જૈન ધર્મનો આ દેશમાં ઉદય થયો તે કોઇ આકસ્મિક યોગ નહોતો, પણ અમારી વૈચારિક પ્રક્રિયાઓનું સ્વાભાવિક તર્કજન્ય પરિણામ હતું. એવી જ રીતે ખ્રિસ્તી ધર્મને–જ્યારે તેને રાજકારણ સાથે કશો સંબંધ નહોતો એવા તેના પ્રારંભના દિવસોમાં–અને સમયાન્તરે જરથોસ્તી ધર્મને આ દેશમાં આવકારપૂર્ણ વાતાવરણ મળ્યું અને પોતાનો વિકાસ સાધવાને યોગ્ય ક્ષેત્ર પ્રાપ્ત થયું એ પણ કેવળ અકસ્માત નહોતો, પણ ઉપર જણાવી તેવી અમારી ઉદાર વિચારશૈલિનું જ સ્વાભાવિક પરિણામ હતું. ઇસ્લામ જે પોતાની આક્રમક પ્રચારનીતિ માટે સુવિખ્યાત હતો તે હિંદમાં પ્રવેશ પામતાં નરમ બન્યો, મૃદુ બન્યો અને મુસ્લિમ વિજેતાઓ અને શાસકોના વિજય કરતાં જો વધારે નહિ તો તત્સદૃશ મહત્વપૂર્ણ ઇસ્લામના સન્ત સાધુઓનો વિજય બન્યો, તે પણ ભારતની પ્રાકૃતિ ઉદારતા અને પરમતસહિષ્ણુતાનું જ પરિણામ છે. આજે અમારે ત્યાં એક એવી અનેક રંગોના ચારૂ મીશ્રણવાળી–રંગબેરંગી તાણાવાણાવાળી–સંસ્કૃતિ નિર્માણ થઇ છે કે જેમાં અનેક તત્વોએ એક અસાધારણ વૈવિધ્યવાળી છતાં વિલક્ષણ એકરૂપતાને પ્રગટ કરતી સમાજરચના ઊભી કરવામાં અદ્‌ભૂત ફાળો આપ્યો છે.

આમ હોવાથી નિરામિષ–આહાર હંમેશને માટે અમારા જીવનનું અર્ધધાર્મિક એવું સામાજિક વૈશિષ્ટ બની રહેલ છે, અને નહિ કે આહારવિષયક જુદી જુદી વિચારસરણીઓ કે આર્થિક અનિવાર્યતાનું કેવળ સૂચક યા નિદર્શક હોય એવું રૂપ તેણે ધારણ કર્યું છે. જો કે આ બાબતોને લગતા પરિણામો તો તેમાંથી જરૂર પેદા થયા છે. પરિણામે એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી કે અમારે ત્યાં એવી કેટલીયે જ્ઞાતિઓ અને કોમો છે કે જે પેઢીઓથી નિરામિષ–આહારી છે અને જેના કોઇ પણ સભ્યે કદિ પણ નાના કે મોટા જનવરનું માંસભક્ષણ તો શું પણ તેનો સ્પર્શ સુદ્ધાં પણ કર્યો હોતો નથી. જ્યારે હું આ કહી રહ્યો છું ત્યારે એમ સમજવાનું નથી કે ભારત સમગ્રપણે નિરામિષ–આહારી છે અથવા તો તેની વસ્તીનો મોટો ભાગ તે પ્રકારનો છે એવો હું દાવો કરું છું. મુસલમાનો, ખ્રિસ્તીઓ, પારસીઓ, શિખો અને બૌદ્ધધર્મીઓ પણ સામુદાયિક રીતે વનસ્પત્યાહારી નથી, એટલે કે જેમ બીજી કોમોમાં છે તેમ આ કોમોમાં માંસાહારનો સામાજિક રીતે પ્રતિબંધ નથી. પણ બીજી દૃષ્ટિએ વિચારતાં, ભારતની વસ્તીનો મોટો ભાગ વનસ્પત્યાહારી છે-એ અર્થમાં નહિ કે તેઓ માંસ ખાતા નથી અથવા ખાઇ શકતા નથી, પણ એ અર્થમાં કે તેમને માંસ મળતું નથી અથવા તો પરવડતું નથી. અમારી વસ્તીનો માત્ર નાનો સરખો ભાગ એવો છે કે ચાલુ માંસાહારનું સેવન કરે છે. આમાં પણ બીજા દેશો કરતાં અમારા દેશમાં શાક, કઠોળ અને ફળો તેમના ચાલુ ખોરાકમાં મહત્વનું પ્રમાણ ધરાવે છે.

એમ પણ કહી શકાય કે આમાંની કેટલીક બાબતો વિષે અમે કાંઇક વિચિત્ર ખ્યાલો ધરાવીએ છીએ– આપ તેને પૂર્વગ્રહો પણ કહી શકો છો. જેઓ માંસ ખાતા હોય છે તેમને પણ સર્વ પ્રકારનું માંસ ખાવાની છૂટ હોતી નથી, પણ અમુક પશુઓનું જ માંસ ખવાય, અમુક પક્ષુઓનું માંસ ન જ ખવાય અને વર્ષ દરમિયાન અમુક દિવસોથી અને અમુક સમયે તે પ્રકારનું માંસ ખવાય, યા ન ખવાય એટલું જ નહિ, આપને જાણીને આશ્ચર્ય થશે કે કતલ કરવા માટે નક્કી કરાયેલા પશુઓની અમુક રીતે જ કતલ કરાય યા ન કરાય– આવી અનેક મર્યાદાઓ અને પ્રતિબંધો માંસાહાર અંગે અમારે ત્યાં પ્રવર્તતા હોય છે. આ રીતે એવા ચોક્કસ પશુઓ છે– અને આમાં કોમ કોમ દીઠ ફેરફાર હોય છે– કે જેનું માંસ ખવાય જ નહિ અને તેનો ત્યાગ કરવો જ જોઇએ એવી માન્યતા પ્રવર્તતી હોય છે. વળી એવા કેટલાક દિવસો કે કેટલાક પ્રસંગો હોય છે કે જ્યારે માંસ ખાઇ ન જ શકાય, અને કતલ કરવાની પ્રવૃતિ સંબંધમાં પણ ચોક્કસ નિયમો યા પ્રતિબંધો હોય છે. હિંદુઓ સંબંધમાં આ બધા પ્રતિબંધો અને નિષેધોની પાછળ માણસની સ્વાદવૃત્તિની નબળાઇનો સ્વીકાર, માંસાહારવિરમણની ઇષ્ટતા અને માંસના ઉપયોગને જેટલો અને જેટલી રીતે અટકાવી શકાય તેની આવશ્યકતાના ખ્યાલો રહેલા છે. આમ હોવાથી કશું આશ્ચર્યજનક નથી કે પરંપરા અથવા કૌટુંબિક રીવાજ તરીકે, અંગત માન્યતા કે સામુદાયિક નિયમન તરીકે, આર્થિક કારણસર કે શરીર, મન અને આત્માનાં આરોગ્ય અને વિકાસની દૃષ્ટિએ નિરામિષ આહારની ઉપયોગીતાના સ્વીકાર તરીકે આવાં અનેક કારણોસર અમારે ત્યાં વસ્તીનો એક વિપુલ વિભાગ છે કે જે બીલકુલ માંસાહાર કરતો નથી અને એથી પણ વધારે મોટો એવો પણ વિભાગ છે કે જે કોઇ કોઇ વાર અથવા તો અમુક જ પ્રસંગે માંસાહારની છૂટ લે છે. અમારા રીતરીવાજથી બીનવાકેફ એવા પરદેશથી આવેલા મિત્રોની જાણ ખાતર મારે એ પણ જણાવવુ જોઇએ કે સાધારણ રીતે અમારા દેશમાં અમે દૂધ અને તેમાંથી બનતી ચીજોને બીન-વનસ્પત્યાહાર તરીકે લેખતા નથી. બીજી બાજુએ ઇંડાંને-જેમાંથી બચ્ચું પેદા થવાની શક્યતા જ ન હોય એવાં ઇંડાંઓને પણ-સ્થિતિચુસ્ત વર્ગોમાં બીન-વનસ્પત્યાહાર તરીકે જ લેખવામાં આવે છે.

આવા બધા ખ્યાલોના પરિણામે હિંદમાં એક એવો સમાજ પેદા થયો છે કે જે ખોરાકની બાબતમાં બીજા દેશોથી જુદો પડે છે. એ પુરાણા દિવસો કે જ્યારે અહિંસા અને મનુષ્ય સ્વભાવ ઉપર પડતી ખોરાકની અસર એ બે મુદ્દાઓ ઉપર માંસાહાર નિષેધ સંબંધમાં ખાસ ભાર મૂકવામાં આવતો હતો ત્યારે તે પાછળ કોઇ આર્થિક ખ્યાલ પણ રહેલો હતો કે કેમ તે વિષે ચોક્કસપણે કહેવાની સ્થિતિમાં અમે નથી, પણ આજની અમારી આર્થિક પરિસ્થિતિ અમારી ખાનપાનની પરંપરા સાથે બહુ સારી રીતે બંધ બેસે તેવી છે. અમારી વસ્તી ઘણી મોટી છે અને દર વર્ષે ૪૦ થી ૫૦ લાખના પ્રમાણમાં જોસભેર વધતી ચાલી છે. જમીનનું ક્ષેત્રફળ મર્યાદિત છે અને તેમાં એક ઇંચનો પણ વધારો થઇ શકે તેમ નથી. વણખેડાયલો ભાગ ખેતી નીચે લાવી શકાય તેમ છે, પણ એમાં કોઇ શક નથી કે આપણી દૃષ્ટિ પહોંચી શકે તેટલા નજીકના ભવિષ્યમાં ખેતી નીચેની જમીનમાં જરા પણ વધારો કરવાનું શક્ય રહેવાનું નથી. આ ઉપરથી આપણને એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે અનાજ કે માંસ બેમાંથી શેની વૃદ્ધિ કરવાનું આર્થિક દૃષ્ટિએ વધારે યોગ્ય છે? જે દેશમાં વિશાળ પ્રદેશો હજી પણ સુલભ છે અને ચરાણની જમીન પણ ચારે બાજુએ પથરાયલી પડી છે ત્યાં માંસ મેળવવા માટે પશુઓનો ઉછેર જરૂર સારા પ્રમાણમાં કરી શકાય. "આ સંબંધમાં સામાન્ય રીતે એ પ્રકારની ગણતરી છે કે એક માણસને જરૂરી ખોરાક પૂરો પાડવા માટે પશ્ચિમના ધોરણો મુજબ ૨॥ એકર જમીન આવશ્યક લેખાય છે. જો લોકો વનસ્પત્યાહારી હોય તો ૧॥ એકર જમીન પૂરતી થઇ રહે એવો અંદાજ વિચારવામાં આવે છે. આ તફાવતનું કારણ એ છે કે માંસાહારના હેતુથી ઉછેરવામાં અને ચરાવવામાં આવતા જનવરોને જેટલી જમીન જોઇએ તેના ૯ થી ૧૫ મા ભાગની જમીન માણસના આહાર માટે જરૂરી એવા અનાજ, શાક, અને ફળોના આકારમાં એટલું જ પોષણદ્રવ્ય મેળવવા માટે પુરતી થઇ પડે." આ વિષયનો અભ્યાસ કરતાં અમેરિકાવાસી શ્રી રીચાર્ડ બી. ગ્રેગ આ પ્રકારના નિર્ણય ઉપર આવ્યા હતા, તો પછી એ તો એક ભારે સુખદ સુયોગ છે કે આજે દેશના ઘણા ભાગોમાં જમીન ઉપરનું જે દબાણ અનુભવાઇ રહ્યું છે

તે દલીલ અમારા-જે કે મર્યાદિત સ્વરૂપના એમ છતાં પણ ઠીક ઠીક વ્યાપક એવા–વનસ્પત્યાહારને લીધે સારા પ્રમાણમાં ફળવું બને છે.

માંસાહાર કરતાં વનસ્પત્યાહાર વધારે સારી કોટિનાં સ્ત્રી–પુરુષો કરી શકે છે એવો દાવો વનસ્પત્યાહારી કરી શકે તેમ નથી. માણસની ગુણવત્તાનો આંક કાઢવા સંબંધમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં ધોરણો હોઈ શકે છે, અને અમુક ધોરણે માપતાં માંસાહારીઓ વનસ્પત્યાહારીઓ કરતાં વધારે સારા પૂરવાર થાય એમ પણ બને, અને બીજા ધોરણથી માપતાં દાખલા તરીકે સહનશીલતાની બાબતમાં માંસાહારીઓ કરતાં વનસ્પત્યાહારીઓ વધારે સારા માલુમ પડવાનો સંભવ છે.

પણ આ બધી બાબતો બાજુએ રાખીએ તો પણ એક પાયાનો મુદ્દો આપણી સામે આવીને ઊભો રહે છે કે જે છેલ્લા થોડા સૈકાઓ દરમિયાન, 'સભ્યતાનો ઇતિહાસ જે રીતે વિકાસ પામ્યો છે તેના તેમજ આધુનિક સંયોગોના સંદર્ભમાં, ખૂબ પ્રસ્તુત બન્યો છે. એમાં કોઈ શંકાને સ્થાન હોઈ ન જ શકે કે અહિંસા અથવા તો 'જીવો અને જીવવા દો' એ પ્રકારની જીવનપદ્ધતિ એ જ માત્ર એવી પદ્ધતિ છે કે, જે આપણી આજની ઉપાધિઓ અને ધણીખરી સમસ્યાઓનો ઉકેલ લાવી શકે તેમ છે. ઉપર મેં જણાવ્યું તે મુજબ અહિંસા તેના વિધાયક રૂપમાં પોતાની જાતનો, પોતાની સુખસગવડનો, અને પોતાની આકાંક્ષાઓનો બીજાની ખાતર ભોગ આપવો એવો અર્થ સૂચવે છે. તેનો વિકલ્પ છે પોતાની ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પૂરી કરવા માટે બીજાઓનો ઉપયોગ કરવો તે. એક યા બીજી રીતે સદીઓથી માણસ પોતા વિષે એમ વિચારતો આવ્યો છે કે સર્વ જાણીતા જીવોમાં પોતે સૌથી વધારે ઉત્કૃષ્ટ અને સૌથી વધારે આગળ વધેલો જીવ છે અને તેથી બીજા બધા જીવો માણસની ઇચ્છાને આધિન રહીને વર્તે અને તેને બધી રીતે સંતોષે એ જ સાચું અને વ્યાજબી છે. આ જ નીતિ અથવા સિદ્ધાંતનો આધાર લઈને આપણી સ્વાદવૃત્તિને તૃપ્ત કરવા માટે અથવા તો પેટ ભરવા માટે અથવા તો આપણા શરીરને શોભાવવા માટે અથવા રમતગમતમાં બને છે તેમ આપણા મનનું રંજન કરવા માટે કશા પણ સંકોચ સિવાય આપણે પશુઓની કતલ કરીએ છીએ.

એ દિવસો કે જ્યારે આપણે એ છા સભ્ય લેખાતા હતા અને જ્યારે માણસ માત્ર શિકારી હતો તે દિવસોમાં તે ખોરાક માટે બીજા પશુઓનો શિકાર કરીને અન્ય જંગલી જનવર માફક જીવતો હતો. તેની સ્વાદવૃત્તિ અને ઇચ્છાઓ બહુ મર્યાદિત હોઈને આજનો વધારે સભ્ય માનવી પોતાની રુચિને તૃપ્ત કરવા માટે જેટલી હિંસા કરે છે તેટલી હિંસા તે વખતનો માનવી કરતો નહોતો. એ દિવસોમાં જો કે તેનો નિર્વાહ પશુઓ ઉપર થતો હતો એમ છતાં પણ આજે જે ઘણા મોટા પાયા ઉપર ચાલી રહ્યું છે તે મુજબ કતલ કરવા માટે પશુઓને તે ઉછેરતો નહોતો. માણસનો ખોરાક અને બીજી જરૂરિયાતોને પૂરી પાડવાના હેતુથી આજે હજારો અને લાખો જનવરો કતલ કરવા માટે ઉછેરવામાં અને પુષ્ટ કરવામાં આવે છે. ઔષધવિજ્ઞાન પણ જુદી જુદી રીતે પાર વિનાનાં પશુઓને કાપવા અને રીબાવવા માટે જવાબદાર છે, અને તેથી જેમ જેમ આપણે સભ્યતામાં પ્રગતિ કરતા રહ્યા છીએ તેમ તેમ કોઈ પણ જીવની જીંદગી માટેનો આપણો આદર ઉત્તરોત્તર ઘટતો જ ગયો છે. એનો અર્થ એ થયો કે જો માણસ અન્ય પશુ કરતાં ચડિયાતો હોઈને પોતાના હેતુ માટે તેનું શોષણ કરી શકે છે અને તેનો જીવ પણ લઈ શકે છે તો તે પછીનું બીજું સ્વાભાવિક પગલું એ હોવાનું કે વધારે બળવાન માનવીને કે પ્રજાને વધારે નબળા માનવી, જાતિ કે પ્રજાનું શોષણ કરવામાં અથવા તો તેને નાબૂદ કરવામાં જરા પણ અનૌચિત્ય કે અઘટિત નહિ લાગે. આજે આ જ બાબત એક વસ્તુસ્થિતિ રૂપે નીપજી રહી છે અને એકના ભોગે બીજાનુ જીવનધોરણ ઊંચે લાવવું જરૂરી છે એવા ખ્યાલ ઉપર એક દેશના લોકોની અન્ય દેશના લોકોના હાથે ચાલી રહેલી શોષણ–પ્રક્રિયાના મૂળમાં પણ આ જ મનોદશા કામ કરી રહી છે.

હજુ થોડા સમય પહેલાં–લડાઈ દરમિયાન અને બંને પક્ષના સૈનિકો વચ્ચે-માનવજીવનનો કારણ વિના નાશ કરવા સામે પ્રતિબંધો હતા. પણ તે ખ્યાલ હવે જૂનવાણી બની ગયો છે અને આજે માણસના હાથમાં આવેલા સામુદાયિક સંહારનાં શસ્ત્રોના પરિણામે આખી માનવજાત વિનાશના આરે ઊભી છે. વનસ્પત્યાહારની વાતમાંથી આણ્વોંમ કે હાઇડ્રોજન બોંબની વાત સુધી પહોંચવું એ કોઇને વધારે પડતું લાગશે, પણ આપ જો યથાર્થ રીતે વિચારશો તો માલુમ પડશે કે જો આપણે હાઇડ્રોજન બોંબથી બચવું હશે તો આખરે વનસ્પત્યાહારને સ્વીકાર્યા સિવાય ચાલશે નહિ. જીવનનો સમગ્રપણે અને પરસ્પર અનુસંધાનમાં વિચાર કરીશું તો વ્યક્તિનો ખોરાક અને અન્ય પ્રત્યેની તેની વર્તણુંક વચ્ચે રહેલા સંબંધનું આપણને સાચું ભાન થયા વિના નહિ રહે અને એમ તર્કબદ્ધ રીતે વિચાર કરતાં–અને આમાં કશું તરંગીપણું છે જ નહિ–આપણને એવા નિર્ણય ઉપર આવ્યા સિવાય છુટકો જ નથી કે હાઇડ્રોજન બોંબથી બચવુ હોય તો તેનો એક જ ઉપાય છે કે જે માનસમાંથી હાઇડ્રોજન બોંબ પેદા થયો છે તે માનસથી બચવું અને તેવા માનસથી બચવાનો એકમાત્ર ઉપાય છે સવ જીવો માટે, સર્વ આકારમાં અને સર્વ સંયોગમાં પ્રગટ થતી જીવનચેતના વિષે આદર કેળવવો તે. આનું બીજું નામ છે વનસ્પત્યાહારનો સમાદર.

હું આશા રાખું છું કે આ દેશના વાતાવરણમાં કરવામાં આવનાર આપની વિચારણા સફળતાને પ્રાપ્ત કરશે અને ભારત પણ જે આજે પાશ્ચાત્ય પ્રજાએ સ્વીકારેલા માર્ગ પાછળ આંખ મીંચીને દોડી રહ્યું છે તે ક્ષણભર ઊભું રહેશે અને પોતાની રાજનીતિના ગર્ભમાં રહેલાં (અનર્થલક્ષી) સૂચનો અને આખરનાં પરિણામોનો ફરીથી તાજેતર વિચાર કરશે.

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : ડૉ. રાજેન્દ્રપ્રસાદ

પૂરવણી

વનસ્પત્યાહારવાદ અને ભારત સરકાર

૧૫મી વનસ્પત્યાહાર કોંગ્રેસનુ ઉદ્‌ઘાટનપ્રવચન પૂરું થયું કે તરત જ પ્રસ્તુત કોંગ્રેસમાં આવેલા એક અમેરિકન પ્રતિનિધિએ ડૉ. રાજેન્દ્રપ્રસાદ ઉપર એક પ્રશ્ન લખીને મોકલ્યો. એ પ્રશ્નમાં એમ પૂછવામાં આવ્યું હતું કે "ભારત જો વનસ્પત્યાહારનું સમર્થક છે તો એ દર્શાવવા માટે જુદા જુદા દેશના ભારતીય એલચી ખાતાઓ તરફથી યોજાતા સરકારી સમારંભોમાં ચોખ્ખું વનસ્પત્યાહારી ભોજન શા માટે પીરસવામાં આવતું નથી?" આ પ્રશ્નનો એ જ વખતે ઉત્તર આપતાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે જણાવ્યું હતું કે "આ જરૂર પ્રસ્તુત પ્રશ્ન છે અને તેનો મારે અહિં ને અહિં જ ઉત્તર આપવો જોઇએ. અમારામાંના કેટલાક શું કહે છે અને અમારો દેશ કેમ વર્તે છે તે વચ્ચે રહેલા વિરોધ તરફ ધ્યાન ખેંચવાના હેતુથી કદાચ આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય. મારે જણાવવું જોઇએ કે અમારી સરકાર વેજીટેરિયન સરકાર નથી. તે બન્ને પ્રકારનો આહાર કરનારની પ્રતિનિધિ છે. આ દેશની વસ્તીનો મોટો ભાગ માંસાહારી છે. આમ હોવાથી માંસાહારી મહેમાનોને તેમને સંતોષ આપે એવા આહારનો પ્રબંધ કરવો એ અમારા માટે ફરજિયાત થઇ પડે છે. આ સારું છે કે ખરાબ એ જુદી જ બાબત છે. દેશ જેવી સરકારને યોગ્ય હોય તેવી સરકાર તેને મળે છે. જો આપણે વેજીટેરિયન સરકાર ઇચ્છતા હોઇએ તો આપણે તે માટે કામ કરવું જોઇએ અને જરૂરી પ્રચાર કરવો જોઇએ."

પ્રકીર્ણ નોંધ

મુંબઇ જૈન સ્થાનકવાસી સંઘ–આયોજિત જૈન ક્લિનિક

મુંબઇના જૈન સ્થાનકવાસી સંઘ તરફથી કાંદાવાડીમાં મેઘજી થોભણ જૈન સ્થાનકની બાજુએ છેલ્લાં બાર વર્ષથી 'જૈન ક્લિનિક' ના નામથી ઓળખાતી એક મોટા પાયા ઉપરની વૈદ્યકીય સંસ્થા ચાલી રહી છે તેના આજ સુધીના વિકાસનો ઇતિહાસ સંસ્થાના સંચાલકો માટે અત્યન્ત યશપ્રદ છે અને તેની મુખ્ય મુખ્ય વિગતો અહીં રજૂ કરતાં ચિત્ત ખૂબ આનંદ અનુભવે છે.

મુંબઇના આ જૈન સ્થાનકવાસી સંઘને ઇ. સ. ૧૯૪૮ની સાલમાં શેઠ રસિકલાલ પ્રભાશંકર શેઠ તથા શેઠ જમનાદાસ પ્રભાશંકર શેઠ તરફથી એક દવાખાનું શરૂ કરવા માટે રૂા. ૫૧,૦૦૦ની રકમનું એક સાથે દાન મળ્યું અને દવાખાનાના ચાલુ ખર્ચ માટે ત્રણ વર્ષ માટે દર વર્ષે રૂા. ૫,૦૦૦ની રકમ આપવાનું વચન મળ્યું. તેના પરિણામે મોરબીનિવાસી શેઠ પ્રભાશંકર પોપટભાઇ સાર્વજનિક દવાખાનાની જૈન સ્થાનકની બાજુમાં આવેલ અંધેલ ખાતાની જગ્યામાં શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ આ દવાખાના સાથે વૈદ્યકીય રાહત આપતાં નવા નવા ખાતાઓ જોડવાની પ્રક્રિયા ચાલુ થઇ અને આ સંસ્થા નવાં નવાં સીમા ચિહ્નો શરૂ કરતી ગઇ.

૧૯૪૯ માં સર્જીકલ, મેડિકલ, ગાયનેકોલોજીકલ અને કન્સલ્ટીંગ વિભાગો ખોલવામાં આવ્યા. ૧૯૫૦ની સાલમાં શ્રી ગોકુળદાસ શિવલાલ અજમેરા તરફથી રૂા. ૨૫,૦૦૦નું દાન મળતાં સાર્વજનિક એક્સ–રે ઇન્સ્ટીટ્યૂટ સ્થાપવામાં આવ્યું. એની સાથોસાથ પેથોલોજીકલ વિભાગની શરૂઆત કરવામાં આવી. ૧૯૫૧ ની સાલ દરમિયાન એક સૌરાષ્ટ્રવાસી તરફથી રૂા. ૫,૦૦૧ ની રકમ મળતાં ઇલેકટ્રો થેરેપી વિભાગની અને શ્રીમતી વ્રજકુંવરબહેન હાથીભાઇ તરફથી રૂા. ૫,૦૦૧ની રકમ મળતા ઇલકટ્રો કાર્ડિયોગ્રામ વિભાગની તેમ જ શેઠ હુકમીચંદ વસનજી શેઠ તરફથી રૂા. ૩,૦૦૧ની રકમ મળતાં દન્તવિભાગની સ્થાપના કરવામાં આવી. આમ મૂળ એક નાના સરખા દવાખાના સાથે જોડાયલા નવા ખાતાઓનું એકીકરણ કરી તે આખી સંસ્થાને તા. ૧૨–૮–૫૧ના રોજ 'જૈન ક્લિનિક' એ પ્રકારનું નામ આપવામાં આવ્યું. આ જૈન ક્લિનિકની વધતી જતી પ્રવૃત્તિઓનો નાના મકાનમાં સમાવેશ અશકય બનતો જતાં બાજુની મિલકતો ખરીદીને અને તેને તોડી નાંખીને તે જગ્યાએ ૧૯૫૭ ની સાલમાં જૈન ક્લિનિક માટે એક આલીશાન ચાર માળનું મકાન બાંધવામાં આવ્યું. આ જ સાલમાં શેઠ હુકમીચંદ વસનજી તરફથી રૂા. ૭,૦૦૦ નું વિશેષ દાન મળતાં જૈન ક્લિનિકના દન્ત વિભાગને શ્રીમતી પ્રાણકુંવર હુકમીચંદનું નામ આપીને વિકસાવવામાં આવ્યો, અને સ્વ. સૂરજમલ લલ્લુભાઇ ઝવેરીના વંશજો તરફથી રૂા. ૪૧,૦૦૦નું દાન મળતાં શ્રી સૂરજમલ લલ્લુભાઇ ઝવેરી આંખની હોસ્પિટલ શરૂ કરવામાં આવી, અને આ હોસ્પિટલમાં ૨૦ બિછાનાની સગવડ કરવામાં આવી. આવી જ રીતે ૧૯૫૮ની સાલમાં ક્ષયરોગનિવારણ વિભાગ વ્યવસ્થિત રીતે ખોલવામાં આવ્યો. ત્યાર બાદ ૧૯૫૯માં નાનાં મોટાં ઓપરેશનો કરવા માટે ઓપરેશન થિયેટરની સગવડ સાથે સર્જીકલ વોર્ડ ઊભો કરવામાં આવ્યો અને તેમાં ૨૨ બીછાનાની સગવડ કરવામાં આવી. આમ બાર વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલા એક નાનાસરખા દવાખાનામાંથી આજે અનેક પ્રકારના વૈદ્યકીય ઉપચારોની સગવડ આપતા પ્રભાશંકર પોપટભાઇ જનરલ હોસ્પિટલનો ઉદ્‌ભવ થયો અને સંખ્યાબંધ લોકોને વૈદ્યકીય રાહત મળવા લાગી.

આ સંસ્થાના ૧૯૫૯ની સાલના વૃત્તાન્ત ઉપરથી માલુમ પડે છે કે શરૂઆતથી તે સને ૧૯૫૯ની સાલ સુધી આ જૈન ક્લિનિકનો ૧૦૨૦૬૬૦ દર્દીઓએ લાભ લીધો છે અને આ સંસ્થામાં પછીનાં વર્ષો દરમિયાન સતત વધારો થતો રહ્યો છે. આ લાભ હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી–બધી કોમના લોકોને કશા પણ ભેદભાવ સિવાય મળી રહ્યો છે અને આનો લાભ ઉજળા વર્ગ કરતાં નીચેના થરના લોકો ઘણા વધારે પ્રમાણમાં લઇ રહ્યા છે. ગરીબ લોકો આ ક્લિનિકનો બને તેટલો લાભ લઇ શકે તે હેતુથી દવાની, ઇન્જેકશનોની તેમ જ બીજી સારવારની નામની ફી લેવામાં આવે છે. જેની પાસે તે માટે પણ પૈસા ન હોય તેને તેવી મદદ આપવાનો પણ પ્રબંધ કરવામાં આવ્યો છે. વળી બડબો, લોહી, મળ, મૂત્ર, વગેરેની તપાસ બહુ ઓછા દામથી કરી આપવામાં આવે છે. એકસરે, ડાયાથર્મી, ઇન્ફ્રા રેડ, અલ્ટ્રા–વાયોલેટ કિરણો વગેરે માટે અદ્યતન સાધનો વસાવવામાં આવ્યાં છે અને તે સગવડ માટે પણ બહુ સાધારણ ફી અથવા આર્થિક વળતર લેવામાં આવે છે. આંખ, કાન, દાંત, ગળું તેમ જ ક્ષય જેવા દર્દની નિષ્ણાત ડાકટરોની સેવા મળે એ માટે આ ક્લિનિકમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે અને તે માટે પણ બહુ હળવું વળતર નકી કરવામાં આવ્યું છે. આમ આ સંસ્થા આસપાસ વસતા મધ્યમ તેમ જ ગરીબ વર્ગના લોકો માટે એક મહાન આશીર્વાદરૂપ થઇ પડી છે.

આ સંસ્થાના આવા સુવ્યસ્થિત આયોજન માટે અને સતત વધતી જતી કુશળ કાર્યવાહી માટે આ સંસ્થાના ચીફ મેડિકલ ઓફિસર ડો. કાન્તિલાલ એમ. સાંગાણીને સવિશેષ અભિનંદન ઘટે છે. તેઓ આ સંસ્થામાં આશરે બારેક વર્ષથી કામ કરી રહ્યા છે અને તેમની દેખરેખ નીચે એક વડમાંથી જેમ નવી નવી વડવાઇઓ ફૂટતી જાય અને જમીનમાં મૂળ નાખતી જાય તેમ આ જૈન ક્લિનિકમાં નવાં નવાં ખાતાંઓ ઉમેરાતાં અને સ્થિર થતાં ગયાં છે. ડો. કાન્તિલાલ સાંગાણીએ આ ક્લિનિકના વિકાસ સાથે એટલી બધી આત્મીયતા કેળવી છે કે તેમને અને ક્લિનિકને આજે જુદાં કલ્પી શકાતાં જ નથી. આવી તેની તદ્‌રૂપતા અને કાર્યનિષ્ઠાથી મુગ્ધ બનીને બે વર્ષ પહેલાં તેમની સેવાની કદર તરીકે મુંબઇના જૈન સ્થાનકવાસી ભાઇઓ તરફથી તેમને રૂા. ૧૭,૦૦૦ની થેલી અર્પણ કરવામાં આવી હતી.

આવી જ રીતે આ સંસ્થાને આવું સાર્વજનિક અને વ્યાપક રૂપ આપવા માટે મુંબઇ જૈન સ્થાનકવાસી સંઘના અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને અનેક ધન્યવાદ ઘટે છે. તેઓ સ્થાનકવાસી કોમના છે એમ છતાં તેમની દૃષ્ટિ કોમી સંકીર્ણતાથી પર છે. જે ખુણામાં બેઠા તે ખુણાનું બને તેટલું શ્રેય સાધવું અને સાથોસાથ ખુણાને સાર્વજનિક કલ્યાણના કાર્યો તરફ બને તેટલો વાળવો–આવી તેમની કાર્યપદ્ધતિ રહી છે. તેમની ઉદાર પ્રેરણા આ કાર્ય પાછળ ન હોત તો જૈન ક્લિનિક કદિ પણ આવું વિશાળ અને સર્વસ્પર્શી રૂપ ધારણ કરી ન શકત.

અને છેવટે મુંબઇના જૈન સ્થાનકવાસી સમાજને પણ અભિનંદન આપવા જ જોઇએ કે જે સમાજ તરફથી જેઓમાં કશા પણ નાતજાતના ભેદને અવકાશ નથી એવા શુદ્ધ રૂપની આવી સાર્વજનિક પ્રવૃત્તિનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ જૈન ક્લિનિકની શાખા–પ્રશાખા સતત વિસ્તરતી રહે, આમાંથી કોઇ વિશાળ જગ્યા ઉપર એક ભવ્ય હોસ્પિટલ ઊભું થાય, તેના લાભ અને રાહત દૂર દૂરની જનતા

સુધી પહોંચતા રહે અને બીજી કોમના લોકો આનું અનુકરણ કરીને પરોપકારલક્ષી અને સર્વસમાજસ્પર્શી નવી નવી સેવાસંસ્થાઓ નિર્માણ કરતા રહે–આવી આપણી અંતરની પ્રાર્થના હો!

પૂનાનું દારૂણ જળસંકટ

આ વખતે જ્યાં ત્યાં કુદરત રૂઠે છે, પ્રલયના વરસાદ વરસાવે છે અને ભિન્ન ભિન્ન પ્રદેશમાં વસતી પ્રજાનાં જાન-માલની પાર વિનાની ખુવારી કરે છે. આને લીધે લોકો ઉપર જે આફત વરસે છે તેને કોઈ સીમા હોતી નથી. તાજેતરમાં ધોધમાર વરસાદે પાનશેટ બંધને તોડી નાંખ્યો, ખડકવાસલાનો બંધ પણ તોડી નાંખ્યો. પૂના શહેર વચ્ચે થઈને વહેતી મૂઠા નદીના પાણી કલ્પનામાં ન આવે એટલી ઊંચાઈ સુધી ઉભરાયાં અને બન્ને કિનારાની આસપાસ વસતા સંખ્યાબંધ કુટુંબોના મોટા ભાગે ગરીબ લોકોનાં–નાનાં મોટા ઘરો તેમ જ ઝુંપડાઓ બધી ઘરવખરી સાથે–ખેંચાઈ ગયાં અને લોકો માત્ર પહેર્યા કપડે બચ્યાં. આમાં પણ કેટલાક લોકો–આશરે પચાસેક નાનાં મોટાં–તણાઈ ગયાં, આ રીતે ઠરીઠામ બેઠેલા અનેક કુટુંબો ઘરબાર વિનાનાં–માલ મિલ્કત વિનાનાં–બની ગયાં. પૂનાની આઠેક લાખની વસતિમાં આશરે લાખેક માણસો આ દુર્દશાના ઓછા વધતા ભોગ બન્યાનુ અડસટવામાં આવે છે. આ વિતકની વાતો સાંભળતાં રોમાંચ ખડા થાય છે અને ચિત્તમાં કંપારી છૂટે છે.

આ આફત કેમ નીપજવા પામી તે વિષે અનેક અટકળો કરવામાં આવે છે. પાનશેટનો નવો બંધ કાચો બંધાયો, પાણી નીકળવાના માર્ગો જામ થઈ ગયા, ઉપરના ભાગમાં ઠેઠ સુધી માટી ભરેલી તે ઠરીને સ્થિર થઈ નહોતી એટલે પાણીના અસાધારણ ભરાવા અને જોસ સામે બંધ ટકી ન શક્યો, ખડકવાસલાનો બંધ નબળો પડતો જતો હતો તેનો ખ્યાલ હોવા છતાં વખતસર સુધારવામાં ન આવ્યો અને તે પણ તુટ્યો અને પૂનામાં પાણી ઉભરાયાં. એ વચ્ચે બે ત્રણ કલાકનો ગાળો હોવા છતાં લોકોને વખતસર ચેતવણી આપવામાં ન આવી. વખતસર ચેતવણી આપવામાં આવી હોત તો આ અનર્થ આટલું બધું વિકરાળ રૂપ ધારણ ન કરત. આવી અનેક વાતો ચાલે છે. આ સંબંધમાં મહારાષ્ટ્ર સરકારે તપાસ સમિતિ નીમી છે. તે પોતાનો અહેવાલ બહાર પાડશે ત્યારે આ બધું કેમ થવા પામ્યું અને તેમ બનવામાં કેવળ કુદરત જ જવાબદાર છે કે જવાબદાર સ્થાન ઉપર બેઠેલા અધિકારીઓમાંથી કોની કેટલી જવાબદારી છે–આ બધી બાબત ઉપર પ્રકાશ પડશે.

પણ આ દુર્ઘટના બનવાની સાથે મહારાષ્ટ્ર સરકારે અને તેના મુખ્ય સ્થાન ઉપર બેઠેલા શ્રી. યશવન્તરાવ ચવ્હાણે પૂરી તકેદારી દાખવી છે અને સંકટગ્રસ્ત કુટુંબોને રાહત પહોંચાડવા માટે જે કાંઈ શક્ય દેખાયું તે બધું તેમણે કર્યું છે અને કરતા રહેલ છ. આમ છતાં આ આફત નાનુ આભ ફાટ્યા જેવી છે. દુર્દૈવગ્રસ્ત લોકોને ઠેકાણે પાડવા, તેમના માટે નિવાસસ્થાન ઉભા કરવાં, તેમને ઘરવખરી પુરી પાડવી, જેના નાના મોટા વ્યાપાર ખોરવાઈ ગયા હોય તેમને ઉભા કરવા માટે જરૂરી આર્થિક ટેકો આપવો–આ કાંઈ નાનું સરખું કામ નથી. આ દિશાએ સરકાર પોતાનું કર્તવ્ય કરી રહી છે પણ તેની શક્તિ આખરે મર્યાદિત હોવાની. સરકારના કામમાં લોકોએ આ બધું થવા છતાં જેમનો વાંકો વાળ થયો નથી એવા સુસ્થિત ભાઈ બહેનો એ મહારાષ્ટ્રી કે ગુજરાતી એવા કશા પણ ભેદભાવ સિવાય–બને તેટલી પૂરવણી કરવી એ આપણુ સર્વને ધર્મરૂપે પ્રાપ્ત થાય છે. સરકાર અને સુસ્થિત પ્રજાજનો ઉભયનો જો પૂરતા પ્રમાણમાં સહકાર સહયોગ સાધી શકાશે તો ભાંગેલા પૂનાને સાજું કરવામાં–પછાડ પામેલા પૂનાને ટટ્ટાર કરવામાં બહુ વિલંબ નહિ લાગે. દરેક પોતપોતાનું કર્તવ્ય વિચારે અને થાય તેટલું કરી છૂટે. બીજા વિશ્વયુદ્ધના મારાથી ભાંગેલું બર્લીન ઉભું થઈ શક્યું તો પૂનાને ઉભું થતાં વાર નહિ જ લાગે. પૂનામાં જે કાંઈ બન્યું છે તે જાણીને સાંભળીને સૌ કોઈનાં દિલ હલી ઊઠ્યાં છે એમાં કોઈ શક નથી. પૂનાવાસીઓ વિષે સૌ કોઈ ઊંડી સહાનુભૂતિ અનુભવી રહ્યા છે. તેમને ધૈર્યપૂર્વક ટકી રહેવાનું બળ મળો એવી પરમેશ્વરને પ્રાર્થના છે.

'ગુરુ'શિખર ઉપર આરૂઢ થયેલ વ્યક્તિવિશેષની દયાપાત્રતા!

થોડાએક દિવસો પહેલાં જાણીતા હિન્દી સાહિત્યકાર જૈનેન્દ્રકુમારને મળવાનું બન્યું: તેઓ એક ઉચ્ચ કોટિના નવલ-કથાકાર તો છે જ પણ સાથે સાથે માનવી માનસના એક કુશળ વિશ્લેષણકાર પણ છે. તેમણે પોતાનો તાજેતરનો એક અનુભવ વર્ણવતાં જણાવ્યું કે, "ગયા વર્ષે વિનોબાજી કાશ્મીરમાં હતા એ દિવસો દરમિયાન સુવિખ્યાત ચિંતક શ્રી. જે. કૃષ્ણમૂર્તિ પણ કાશ્મીરમાં જ હતા. આ કૃષ્ણમૂર્તિને મળવા એક દિવસ દાદા ધર્માધિકારી અને શ્રી વિમળા તાઈ બહુ ઉમંગભેર જઈ રહ્યા હતા. યોગાનુયોગ તે પ્રસંગે હું પણ તેમની સાથે જઈ રહ્યો હતો. શ્રી કૃષ્ણમૂર્તિને મળીને પાછા ફરતાં મારા મન ઉપર તેમના વિષે પડેલી છાપ વિષે તેમણે મને પ્રશ્ન કર્યો. તેના જવાબમાં મેં જણાવ્યું કે 'અમુક રીતે વિચાર કરતાં મને તેમના વિષે દયા આવે છે. તેમણે પૂછ્યું 'એમ કેમ?' મેં જણાવ્યું કે તેમને જીવનની એક વિશિષ્ટ દૃષ્ટિ પ્રાપ્ત થયેલી હોઈને તમને તમારા Problemsનું–સમસ્યાઓનું–તેમની સાથેની ચર્ચા દ્વારા સમા-ધાન થતું હશે પણ, તેઓ પણ આખરે એક અપૂર્ણ માનવી-જ ને? જેમ તમને તમારા પ્રોબ્લેમ્સ હોય તેમ તેમના માટે પણ પોતાના પ્રોબ્લેમ્સ ઉભા થતા જ હશે! પણ તે તો માર્ગદર્શક બની બેઠા, તો પછી તે પોતાના પ્રોબ્લેમ્સનો ઉકેલ શી રીતે શોધતા હશે? આ બાબતમાં મદદ કરે તેવું તેમના માટે તો કોઈ હોઈ શકે જ નહિ.

તેમની જેવી ગુરૂસ્થાન–આરૂઢ વિશિષ્ટ વ્યક્તિઓ વિષે બીજો પણ વિચાર આવે છે. આવી વ્યક્તિઓનો ચોતરફથી આદર થાય, માનસન્માન પૂજા થાય તેથી તેમને પોતાનું જીવન કદાચ અમુક રીતે ભર્યું ભર્યું લાગતું હશે. એમ છતાં પણ માનવીને આથી જીવનમાં પૂરા સંતોષનો અનુભવ હોય એમ હું ધારતો નથી. અન્ય અનેક લોકોથી પોતે ઊંચે છે એટલે કે અલગ છે, આવો ભાવ તેમના દિલમાં સતત ખટકયા કરતો હશે.

માનવીપ્રકૃતિમાં કોઈ ને કોઈ એવી વ્યક્તિના અતિ નિકટ સમાગમની ભૂખ હોય જ છે કે જેની સાથે તે એકરૂપ થઈ શકે, જેને તે સહજપણે સમર્પિત થઈ શકે, જેમાં પોતે સમાઈ જઈ શકે. સમાજમાં અનન્ય એવું આદરણીય સ્થાન પ્રાપ્ત થતાં કોઈ પણ વ્યક્તિ સાથે આવો નિકટ સમાગમ તેના માટે અશક્ય–લગભગ અસંભવિત– બની જાય છે. શિખરસ્થ માનવી માટે આવી એકલવાઈ પરિસ્થિતિ અસહ્ય બની જતી હોવી જોઈએ એમ હું ધારૂં છું એટલું જ નહિ પણ ઉપર જણાવેલી ભૂખ સ્વાભાવિક માર્ગે તૃપ્ત ન થતાં કદિ કદિ તૃપ્તિ માટે અસ્વાભાવિક, આડકતરા માર્ગોનું અવલંબન લેવા પ્રેરાતી હોવી જોઈએ એવું પણ મારૂં અનુમાન છે.

"વળી ગમે તેવા મોટા સ્થાન ઉપર માનવી સ્થિત હોય તો પણ જાતીય આકર્ષણથી તે ભાગ્યે જ સર્વથા મુક્ત હોઈ શકે છે. પોતે બાંધેલી જીવનની ચોકસ મર્યાદામાં આ વૃત્તિને તૃપ્ત કરવાનો તેમના માટે કોઈ સીધો સરળ અવકાશ હોતો નથી અને તેથી તે વૃત્તિ આડકતરી રીતે એક યા બીજા પ્રકારે તૃપ્ત શોધતી હોવાનું મને અનેક કિસ્સાઓમાં માલુમ

પડયું છે. વિશિષ્ટ સ્થાનપ્રાપ્તિની ગુરૂપદારોહણની આ એક અણુકલ્પી આપત્તિ છે."

આ મુદ્દાને અનુલક્ષીને શ્રી જૈનેન્દ્રકુમારે એક બીજો અનુભવ જણાવેલો કે "એક પ્રમુખ ધર્માચાર્યને મળવાનું બનતાં તેમને મેં પ્રશ્ન કરેલો કે આપની પાસે આપના અનેક શિષ્યો પોતપોતાની મુશ્કેલીઓનો ઉકેલ મેળવવા માટે આવતા હશે, મન ખોલી વાત કરતાં હશે અને આપના માર્ગ-દર્શન દ્વારા પોતાની મુંઝવણોમાંથી સમાધાન મેળવતાં હશે પણ જેમ તેમને તેમ આપને પણ અનેક બાબતો મુંઝવતી હશે. આપને આપના પોતાના પણ અનેક પ્રોબ્લેમ્સ ઉકેલવાના ઉભા થતા હશે. આવા પ્રસંગે આપને કોઇનું અવલંબન નથી એમ આપને નથી લાગતું ? અને તેનો તેમણે જવાબ આપતાં કબૂલ કરેલું કે આવા પ્રસંગો અમારા માટે કદિ કદિ પાર વિનાની મુંઝવણ અને યાતના પેદા કરે છે અને આ પ્રકારનું એકલવાયાપણું કદિ કદિ અસહ્ય બની જાય છે."

મને પણ શ્રી જૈનેન્દ્રકુમારની આ વિચારણામાં ઘણું તથ્ય ભાસ્યું.

ભલે બહારથી સીમિત હો, પણ અંદરથી અસીમ બનો !

(સુપ્રસિદ્ધ હિન્દ સાહિત્યકાર શ્રી જૈનેન્દ્રકુમાર સાથે થોડા સમય પહેલાં થયેલા વાર્તાલાપ ઉપરથી સૂચિત).

કેટલાક માનવીઓ આજકાલ બહારથી ભારે વિશાળતાની વાતો કરતા હોય છે. નાત, જાત, ધર્મ, સંપ્રદાય આવા નાના વાડાઓથી પોતે મુકત હોવાનો તેમ જ ભાષાકીય તથા ભૌગોલિક સંકીર્ણતાથી પર હોવાનો તેઓ દાવો કરતા હોય છે અને માત્ર ભારતીય નહિ પણ વિશ્વ માનવીની પરિભાષામાં તેઓ બોલતા ચાલતા હોય છે પણ આ જ માનવીઓને નજીકથી નિહાળતાં, બારીકાઈથી તપાસતાં તેમના વિચારો અને વર્તનમાં જ્યાં ત્યાં સાંકડાપણાની, સંકીર્ણતાની ગાંઠો જડ ઘાલી બેઠેલી માલુમ પડે છે.

આ તો કહેવાતી વિશાળતાની વાત થઇ, પણ માનવી પોતાના બાહ્ય જીવનમાં ખરા ભાવથી વિશ્વવ્યાપી બનવાનો પ્રયત્ન કરે તો પણ દિશા અને કાળની અનેક મર્યાદાઓથી તે બંધાયેલો હોય જ છે. તેનું શરીર અને સંયોગો તેને અમુક સ્થળ કાળ સાથે બાંધી રાખે છે. તેની કાર્યશકિત પણ અમુક મર્યાદિત વિસ્તારને જ પહોંચી શકે છે એટલું જ નહિ પણ જ્યારે તે વિશાળ જનતાની સેવા કરવા ઇચ્છે ત્યારે પણ તેણે તે વૃત્તિને સંતોષવા માટે અમુક મર્યાદિત ક્ષેત્ર, મર્યાદિત જનસમુદાય અને તેનો અમુક મર્યાદિત પ્રશ્ન—આ બધું વિચારીને નક્કી કરીને પોતાની પ્રવૃત્તિને સીમિત બનાવવી પડે છે.

તો પછી 'આત્મવત્ સર્વભૂતેષુ', વિશ્વબંધુત્વની ઉપાસના, સર્વવ્યાપી પ્રેમકરુણાને મૂર્તિમન્ત કરવાની ભાવના—આ બધી શું અવ્યવહારૂ વાતો છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સુજ્ઞ વિવેકી વ્યકિતએ બહારથી નહિ પણ અંદરથી અસીમ બનવાનું છે, જેને કોઇ સીમા નથી એવી ચિત્તની વિશાળતા પ્રાપ્ત કરવાની છે. બાકી બહારના ક્ષેત્રમાં તો તેણે સીમિત—મર્યાદિત બન્યા સિવાય ચાલે તેમ જ નથી.

દાખલા તરીકે ધારો કે આપણે કોઇ રેલ્વે ટ્રેનમાં મુસાફરી કરીએ છીએ અને અમુક એક ડબ્બામાં બેઠા છીએ. આ ટ્રેનમાં અનેક ડબ્બાઓ જોડાયલા હોય છે અને દરેક ડબ્બામાં સંખ્યાબંધ પ્રવાસીઓ બેઠેલા હોય છે. આ બધા પ્રવાસીઓ વિષે આપણા દિલમાં કોઇ અન્યથા ભાવ—જુદાપણાની ભાવના—હોતી નથી. આમ છતાં આપણે જે ડબ્બામાં બેઠા હોઇએ એ ડબ્બા પૂરતી આપણી ગતિ સ્થિતિ મર્યાદિત હોય છે. પરિણામે આપણા ડબ્બામાં બેઠેલા માણસો પ્રત્યે આપણું ધ્યાન અને સહાનુભૂતિ વધારે પ્રમાણમાં રહે છે અને તેમાંના કોઇને પણ આપણી મદદની જરૂર છે એમ માલુમ પડતાં આપણો હાથ તેની તરફ લંબાય છે. બીજા ડબ્બામાં પણ આવી મદદની અપેક્ષા ધરાવતા અનેક માણસો બેઠા હોય છે પણ તેમને આપણે મદદરૂપ થઇ શકતા નથી અને એમ છતાં આપણાં ડબ્બામાં બેઠેલા અને મદદની અપેક્ષા ધરાવતા અને અન્ય ડબ્બાઓમાં બેઠેલા એ જ કોટિના માનવીઓ વચ્ચે આપણે કોઇ ભેદભાવ દાખવ્યો છે એમ માનવાને કશું જ કારણ નથી કારણ કે આપણા દિલમાં આ અને તે માનવી વચ્ચે લેશમાત્ર ભેદભાવ હોતો નથી. સંયોગો જ એવા છે કે સમીપવર્તી માણસને ઉપયોગી થઇ શકાય છે, દૂરવર્તી માણસને ઉપયોગી થઇ શકાતું નથી. આ જ રીતે આપણા બાહ્ય સંયોગો આપણને જે રીતે સીમિત બનવાની ફરજ પાડે તે મુજબ આપણે સીમિત બનવું જ રહ્યું. આમ છતાં પણ અંદરથી બને તેટલા અસીમ બનવાનો આપણે સતત પ્રયત્ન કરતાં રહેવું જોઇએ.

આ અન્તર્ગત અસીમતા માત્ર તર્કશુદ્ધ વિચારણાથી પ્રાપ્ત થતી નથી. પણ તે દિશાની સતત ઉપાસના, સાધના અને ચિત્તના ઉર્ધ્વીકરણ દ્વારા પ્રાપ્ત થાય છે. આ અસીમતા કેવળ તર્કનો વિષય નથી, પણ હૃદયના ઊંડા સંવેદનનો વિષય છે. પ્રાકૃતિક રૂપાન્તરનો વિષય છે. સ્વભાવથી સીમિત એવી પ્રકૃતિને અસીમતામાં પલટવાનો વિષય છે.

આ સીમિત—અસીમિતની આપણે ચર્ચા કરીએ છીએ ત્યારે ગાંધીજી સ્વાભાવિક રીતે આપણી નજર સામે આવીને ઉભા રહે છે, તેમના વ્યકિતત્વનો પ્રભાવ આખા જગત-ઉપર પડયો હતો કારણ કે અંદરથી એ અસીમ હતા, વિશ્વવ્યાપી પ્રેમ અને કરૂણા વડે તેમનું દિલ ભરેલું હતું. તેમની કાર્યશકિત અસાધારણ હતી. આમ છતાં તેમનું કાર્યક્ષેત્ર શરૂઆતમાં દક્ષિણ આફ્રિકાના પ્રદેશ પૂરતું સીમિત હતું. તેમનો પુરૂષાર્થ ત્યાં વસતા હિન્દીઓ પૂરતો મર્યાદિત હતો; તેમના તરફ થતા અન્યાયનું નિવારણ એટલો જ તેમની સામે પ્રશ્ન હતો. સમયાન્તરે તેમનું કાર્યક્ષેત્ર ભારત જેટલું વિસ્તૃત બન્યું અને તેમની સામે પ્રશ્ન વધારે વ્યાપક એમ છતાં ભારતની આઝાદી પૂરતો સીમિત રહ્યો.

આમ છતાં ગાંધીજી લોકોત્તર પુરુષ હતા અને તેમને કાર્ય કરવા માટે જે ક્ષેત્ર અને સંયોગો મળ્યાં તે પણ અસાધારણ વ્યાપક હતાં. આના પરિણામે તેમણે સાધેલું વિરાટ કાર્ય-આપણા જેવા સામાન્ય માનવીઓથી સિદ્ધ ન જ થાય, આપણે નાના માનવી; આપણા સંયોગો સામાન્ય એટલે આપણું કાર્ય-ક્ષેત્ર, તેમજ કાર્ય પરિણામ બંને અતિ સીમિત હોવાનાં. એમ છતાં પણ આપણે ધારીએ તો અન્તઃપ્રદેશમાં આપણે ગાંધીજી જેટલા જ અસીમ બની શકીએ. અને અંદરથી સધાયલી અસીમતાની પુનિત છાયા આપણા સર્વ સીમિત કાર્યો ઉપર પડયા વિના રહેવાની નહિ. જીવનની સાર્થકતા—સફળતા—બહારનું કાર્યક્ષેત્ર વિસ્તૃત યા અવિસ્તૃત હોવા ઉપર નહિ પણ અંદરથી સાક્ષાત્કારનો વિષય બનેલી આ અસીમતા ઉપર જ ખરો આધાર રાખે છે,

જૈન સમાજમાં ત્યાગ અને પરિગ્રહને મળતી સરખી પ્રતિષ્ઠા

[સુપ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર—શ્રી જૈનેન્દ્રકુમાર સાથે થોડા સમય પહેલા થયેલા વાર્તાલાપ ઉપરથી સૂચિત].

જૈન ધર્મમાં ત્યાગ ઉપર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેટલો ભાર અન્ય કોઇ ધર્મની તાત્વિક વિચારણામાં ભાગ્યેજ જોવામાં આવે છે. સાથે સાથે એ ધર્મના અનુયાયી જૈન સમાજમાં પરિગ્રહની પણ એટલી જ પ્રતિષ્ઠા જોવામાં આવે છે. ત્યાગી મુનિઓના વ્યાખ્યાનમાં—શ્રીમાનો જ આગળની હરોળમાં બેઠેલા દૃષ્ટિગોચર થાય છે. જૈન સંઘમાં અગ્રસ્થાન હંમેશાં શ્રીમાનને જ મળતું નજરે પડે છે, અને વિદ્વાનો ને વિચારકોને હંમેશાં ગૌણ સ્થાન મળતું રહ્યું છે. જ્યારે કોઇએ

પાંચ લાખ રૂપિયાનું દાન કર્યું એમ એ દાનની સ્તુતિ કરવામાં આવે છે ત્યારે પ્રસ્તુત દાનને જેટલું મહત્વ આપવામાં આવે છે તેટલું જ મહત્વ એ પાંચ લાખની રકમને પણ આપવામાં આવે છે. એક પચાસ હજારનો આસામી પચીસ હજાર રૂપિયાનું દાન જાહેર કરે અને એક કરોડનો આસામી દશ લાખનું દાન જાહેર કરે તો જૈન સમાજની દૃષ્ટિએ દશ લાખનું દાન પેલા પચીસ હજારના દાન કરતાં વધારે મહત્વનું લેખાય છે અને પ્રશંસાપાત્ર બને છે. આવી પરિસ્થિતિનો સામાજિક દૃષ્ટિએ વિચાર કરતાં કાંઇક આવો નિયમ તારવી શકાય છે કે જ્યાં ત્યાગનું મહત્વ છે ત્યાં જે ધનસંપત્તિનો ત્યાગ કરવાનું ફરમાવવામાં આવેલ છે તે ધનસંપત્તિને પણ લગભગ એટલું જ મહત્વ આપવામાં આવે છે. આ એક જરૂર ન સમજાય એવું વૈચિત્ર્ય આપણા સમાજમાં–ખાસ કરીને જૈન સમાજમાં–કંઇ કાળથી પ્રવર્તતું નજરે પડે છે. ઉપરના નિયમ અંગે ઉલટું દૃષ્ટાંત વિચારીએ અને દ્રવ્યત્યાગને બદલે મળમૂત્રના વિસર્જનનો વિચાર કરીએ તો માલુમ પડે છે કે જેમ મળ–મૂત્રના વિસર્જનને કોઇ મહત્વ આપતું નથી તેમ મળ–મૂત્રને પણ કોઇ મહત્વ આપતું નથી.

ઉપર જણાવ્યું તે મુજબ જ્યાં ત્યાગ પ્રતિષ્ઠિત છે ત્યાં ત્યાજ્ય પ્રતિષ્ઠિત કેમ બનતું હશે? વસ્તુતઃ જેને ત્યાગવા યોગ્ય ગણ્યું હોય તેને સાધારણ રીતે કશું પણ મહત્વ મળવું ન જોઇએ. હકીકતમાં એમ છે કે જૈન સમાજ પરિગ્રહલક્ષી છે. પરિગ્રહનો પૂજક છે, અને આવો સમાજ પોતાના માપે ત્યાગીઓના ત્યાગને માપે છે અને એવા ત્યાગને ભારે આશ્ચર્ય પૂર્વક નિહાળે છે. સાચા વૈરાગ્યપૂર્વક ત્યાગ કરવામાં આવ્યો હોય એવી ત્યાગીની દૃષ્ટિ તો મલ–મૂત્રવિસર્જકની જેવી જ હોય છે. તેણે તો પોતાના પરિગ્રહને સ્વકીય આધ્યાત્મિક ઉત્કર્ષમાં સતત બાધક અને રોધક સમજીને, જેમ કોઇ નકામી વસ્તુને ફેંકી દીધા પછી માણસ તેનો વિચાર સરખો કરતો હોતો નથી તેમ, પોતાના પરિગ્રહભારને ફેંકી દીધેલો હોય છે. તેનો તે કદી વિચાર કરતો નથી કે સ્મરણ કરતો નથી કે તેનો કદી અનુભવ કરતો નથી.

તો પછી આવા ત્યાગી લેખાતા સાધુઓ ધનને આટલી પ્રતિષ્ઠા કેમ આપતા હશે? શ્રીમાનો ને ધનવાનોનો આટલો બધો આદર કેમ કરતા હશે? તેનું કારણ એ છે કે તેમના ત્યાગ પાછળ વૈરાગ્યનો જોઇએ તેટલો બળવાન ધક્કો હોતો નથી, પરિગ્રહપૂજાના પૂર્વ સંસ્કારોની પકડ થી તેઓ તદ્દન મુકત હોતા નથી, શ્રીમાનોની આર્થિક મદદ વડે ધર્મનાં અનેક કાર્યો સાધવાનો તેમને મોહ હોય છે. તેમની પાસેથી પોતા માટે કેટલીક સગવડો મેળવવાનો પણ તેમને લોભ હોય છે. આમ સમાજમાં ત્યા બન્ને વર્ગની પૂજા પ્રતિષ્ઠા એક–બીજાની પ્રેરણા અને અનુમોદન વડે પોષાતી રહે છે. આમ જૈન સમાજમાં પરિગ્રહ અને ત્યાગ વચ્ચે કંઇ કાળથી અતુટ સહચારી ભાવ પ્રવર્તતો જોવામાં આવે છે.

Across Gangotri Glaciers

(સચિત્ર પ્રકાશન : લેખક સંપાદક: સ્વામી પ્રબોધાનંદ અને સ્વામી આનંદ; પ્રકાશક : પોપ્યુલર બૂક ડીપો, લેમિંગ્ટન રોડ, મુંબઇ ૭; કિંમત રૂા. ૮.)

હિમાલય આજકાલ ખાસ ભારતીય પ્રજા માટે નહિ પણ સારા વિશ્વની જનતા માટે એક અસાધારણ આકર્ષણનો વિષય બનેલ છે. હિમાલય પૃથ્વીતલ ઉપરના અન્ય પર્વતોની સરખામણીમાં અજોડ છે. તેના જેટલો અન્ય કોઇ પહાડનો વિસ્તાર નથી. દુનિયાનું ઉચ્ચતમ શિખર એવરેસ્ટ હિમાલયના પેટાળમાં આવેલું છે. વળી હિમાલયમાં જેટલાં તીર્થસ્થાનો છે તેટલાં તીર્થસ્થાનો દુનિયામાં કોઇ પણ વિભાગમાં હોવાનું જાણવામાં આવ્યું નથી. હિન્દુ બાળક તો માતાના ધાવણ સાથે હિમાલયની ભવ્યતાનું પાન કરે છે અને બાળપણથી મોટી ઉમ્મર સુધી હિમાલયના દર્શનને ઝંખે છે. હિમાલયને લગતું સાહિત્ય પણ આજે ખૂબ રસ અને રોમાંચપૂર્વક વંચાય છે. આ રસ અને રોમાંચને અનેક રીતે તૃપ્ત કરે એવું આ 'Across Gangotri Glaciers' નામનું તાજેતરમાં પ્રગટ થયેલું પ્રકાશન છે.

ગાંધીજીના એક અનુગામી અને સહકાર્યકર્તા તરીકે સ્વામી આનંદને ગુજરાતના લોકો સારી પેઠે જાણે છે. ૧૯૪૭ના સપ્ટેમ્બર માસમાં ગંગોત્રી તીર્થની યાત્રા કરીને પાછા ફરતાં અતિશય વરસાદના કારણે ઉત્તરકાશીમાં તેમને સાધુઓના કોઇ એક મઠમાં કેટલાક દિવસ રોકાઇ રહેવું પડેલું. તેઓ ત્યાં રહ્યા હતા એ દરમિયાન તેમના જાણવામાં આવ્યું કે મઠમાં રહેતા કોઇ એક સાધુ નગ્ન–અર્ધનગ્ન એવા બીજા અઢીએક ડઝન સાધુઓ સાથે માત્ર રૂા. ૩૯ની ખાદ્યસામગ્રી તથા બહુ જ ઓછી–લગભગ નહિ જેવી–સગવડ સાથે બે વર્ષ પહેલાં ગંગોત્રીના હિમ પર્વતની કોરે કોરે અને આગળ જતાં કેવળ હિમ પ્રદેશની વચ્ચે લગભગ અગોચર માર્ગે થઇને અને જીવના પૂરા જોખમે આઠ દિવસમાં પગપાળા બદરીનાથ પહોંચ્યા હતા. ચાલુ યાત્રાપથ ઉપર પગપાળા વિચરતાં ગંગોત્રીથી બદરીનાથ પહોંચતાં આશરે એક મહિનો થાય. ઉપરની હકીકત સાંભળતાં સ્વામી આનંદે તે સાધુ સાથે સંપર્ક સાધ્યો અને તેમને પૂછયું કે આ અપ્રતિમ સાહસને લગતી તેમણે કાંઇ નોંધ રાખી છે ખરી? પ્રસ્તુત સાધુનું નામ સ્વામી પ્રબોધાનંદજી. તેમણે એ પ્રવાસની કાચી નોંધ રાખેલી તે દેખાડી. આ નોંધને સ્વામી આનંદે મઠારી અને અંગ્રેજી ભાષામાં ઉતારી તેનું સુભગ પરિણામ તે આ સુન્દર સચિત્ર પુસ્તક છે.

સ્વામી પ્રબોધાનંદજી આજે આશરે ૫૭ વર્ષના સંન્યાસી છે. શિયાલકોટની મરે કોલેજમાં તેઓ ભણેલા અને ૧૯૨૯ માં તત્વવિદ્યાનો વિષય લઇને ગ્રેજ્યુએટ–સ્નાતક થયેલા. ૧૯૩૩માં તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો અને જાણીતા વિજ્ઞાનશાસ્ત્રી સ્વામી જ્ઞાનાનંદના તેઓ શિષ્ય બન્યા હતા. બે ત્રણ વર્ષ તેમણે ધાર્મિક પાઠશાળાઓમાં કામ કર્યું. ત્યારબાદ વર્ષોથી તેઓ ઉત્તર કાશીમાં રહે છે અને સંસ્કૃત ભાષા સાહિત્યનાં અધ્યયન તેમજ અધ્યાપન કાર્યમાં નિમગ્ન હોય છે. વર્ષ દરમિયાન તેઓ ગંગોત્રીમાં આશરે ૭ મહિના પસાર કરે છે. તેઓ શિવના અત્યંત ભાવિક ઉપાસક છે અને નિસર્ગના ભારે આશક છે.

સ્વામી આનંદની અપૂર્વ સાહિત્યશકિત અને અંગ્રેજી ભાષા ઉપરના તેમના પ્રભુત્વ વડે પ્રસ્તુત પ્રવાસવર્ણન સત્કારાયલું છે અને તેથી તે વાંચવું શરૂ કર્યા બાદ લગભગ એક બેઠકે આખું વર્ણન પૂરું કર્યા સિવાય વાંચક માટે બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. આ પુસ્તકની બીજી વિશેષતા છે તેમાં હિમાલયના આ પ્રદેશને લગતા ૩૨ મનોહર ચિત્રોની. લખાણ અને ચિત્રો બન્ને દ્વારા હિમાલયનું આપણને એક ભવ્ય દર્શન પ્રાપ્ત થાય છે. આખા પુસ્તકનો ઉઠાવ તેમજ કાગળ, છાપણી અને અંદરની ગોઠવણ આ વીષયને લગતી અનુપમ સુરુચિની દ્યોતક છે. વાચનસામગ્રીનું અલ્પ પ્રમાણ વિચારતાં રૂ. ૮ ની કિંમત ઠીક ઠીક ભારે લાગે તેવી છે, પણ આજે જ્યારે બધું જ મોંઘું છે અને દિનપ્રતિદિન વધારે મોંઘું થતું જાય છે તે જોતાં આવું સુરુચિપૂર્ણ અને ચિત્રસભર પુસ્તક મોંઘું લેખાવું ન જોઇએ. હિમાલયના અનુરાગી ભકતોએ તો આ પુસ્તક વસાવવું જ જોઇએ.

ગુજરાતના ચૂંટણીવિષયક પ્રશ્નનો સુખદ નીકાલ

દૈનિક પત્રો દ્વારા મળેલા સમાચાર મુજબ ગુજરાત રાજ્યના જે સભ્યો વિધાનસભામાં દશ વર્ષ સુધી ચાલુ હોય તેઓ હવે આગામી ચૂંટણી માટે ઉમેદવારી કરી ન શકે એ પ્રકારના વિચારવામાં આવેલ નિયમને વળગી રહેવાનો આગ્રહ છોડી દેવામાં આવ્યો છે અને જેણે જેણે વિધાનસભા માટે ઉમેદવારી કરી હશે તેમના નામ પોતાની ભલામણો સાથે પ્રાદેશિક ચૂંટણી સમિતિ કેન્દ્રસ્થ ચૂંટણી સમિતિને મોકલી આપશે–આ રીતે વિધાનસભાની ઉમેદવારી કોણ કરી શકે એ બાબત ઉપર ઊભા થયેલા ઝઘડાનો અંત આવ્યો છે. આ બાબતથી સર્વત્ર આનંદ થયો છે, અને હવે પછી આ બાબત અંગે જવાબદાર વ્યકિતઓ વચ્ચે કશી નવી અથડામણ નહિ થાય એવી આશા રાખવામાં આવે છે.

પરમાનંદ

ગુજરાત સર્વોદય સંમેલનનું નિવેદન

દસમું ગુજરાત સર્વોદય સંમેલન ઇતિહાસના એવા તબક્કે મળી રહ્યું છે કે જે દરેક વિચાર કરનાર નાગરિક માટે ઊંડા ચિંતનનો કાળ છે. આધુનિક વિજ્ઞાને જ્યારે પૃથ્વીને નાની બનાવી મૂકી છે, દુનિયાની નાની-મોટી તમામ સમસ્યાઓ જ્યાં જાગતિક સમસ્યાઓ બની રહે છે, અને જ્યારે એક માનવના કૃત્યની અસર બીજા તમામ માનવોના જીવન પર થઇ રહે છે ત્યારે આપણે આપણી તમામ પ્રવૃત્તિ વિશે અત્યંત સાવધાનીથી વિચારવું જોઇએ અને આપણું દરેક પગલું માનવતાના વિકાસને પોષક બની રહે તેવું મંડાવું જોઇએ.

વિશ્વ આજે અનિશ્ચિયને આરે ઊભું છે. વિશ્વની શાંતિસેના સ્થાપવાના પ્રયાસો જગતના નવનીત સમા મહાપુરુષો કરી રહ્યા છે ત્યારે બીજી તરફ જગતને ખૂણે ખૂણે હિંસાની ચિનગારીઓ પણ ઊઠતી દેખાય છે એવે ટાણે આપણે આપણી પરિસ્થિતિનું સમગ્ર આકલન કરી વિશ્વશાંતિની દિશામાં ભલે નાનું છતાં નિશ્ચિત આચરણ કરવું જોઇએ.

વિશ્વની આ પરિસ્થિતિની અસર દેશ અને ગુજરાત પર પણ પડે જ છે. જ્યારે દેશમાં એક તરફ ભૂદાન-ગ્રામદાન તથા બીજા રચનાત્મક કાર્યક્રમો દ્વારા અહિંસાત્મક સાધનો વડે આર્થિક સમતા લાવવાનો પ્રયોગ થઇ રહ્યો છે, જ્યારે વિકેન્દ્રીત રાજ્યસત્તા દ્વારા સામાન્ય ઉત્કર્ષ માટે સામાન્ય માનવીના પુરુષાર્થ વડે ચાલતું લોકસ્વરાજ્ય લાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે, ત્યારે બીજી તરફ જાતિવાદ, સંપ્રદાયવાદ, ભાષાવાદ, રાજ્યવાદ અને બીજાં સંકીર્ણ વિચારોને પરિણામે રાષ્ટ્રની એકતા જ જાણે કે ભયમાં મુકાઇ રહી છે. અને આ અનિષ્ટોનાં છાંટા ગુજરાત પર પણ ઊડ્યા વિના રહે નહીં. અત્યારે એવો કાળ આવી ગયો છે કે જ્યારે દેશનો સમગ્ર પુરુષાર્થ રાષ્ટ્રની શક્તિને વેરણ છેરણ કરનાર તમામ પ્રકારની સંકુચિતતાઓની સામે યોજવો જરૂરી છે.

રાષ્ટ્રીય એકતાનો અર્થ આજની પરિસ્થિતિને જેમની તેમ ટકાવી રાખવી એવો હરગિજ ન કરી શકાય. આજની પરિસ્થિતિમાં ભેદના જે મૂળ છે તેને નામૂદ કરવાના સંકલ્પમાં જ રાષ્ટ્રીય એકતાનો સંકલ્પ સમાયેલો છે. આપણને છિન્નભિન્ન કરનારું સૌથી ઝેરી કોઇ તત્વ હોય તો તે આપણી આર્થિક અસમાનતા છે. જ્યાં સુધી આપણા દેશમાં આજે પ્રવર્તે છે તેવો અમીરી–ગરીબીનો ભેદ હોય ત્યાં સુધી રાષ્ટ્રની રચનાનો કોઇ પણ કાર્યક્રમ દેશના મોટા ભાગના ગરીબોને માટે પુરુષાર્થની પ્રેરણા દેનારો બની શકે નહીં.

આજના વાતાવરણમાં આપણી આ આર્થિક અસમાનતા વધતી જવાના અણસાર છે. તેને રોકીને તેને બદલે આપણે સમતાનો પાયો નાખવો જોઇએ. સ્વામિત્વનાં મૂલ્યો ફેરવ્યા સિવાય આર્થિક સમતાની વાતો એ ધૂળ ઉપર લીંપણ કરવા બરાબર છે. ભૂદાન અને ગ્રામદાનયજ્ઞે ભૂમિની બાબતમાં સ્વામિત્વ–વિસર્જનનું નવું મૂલ્ય પ્રસ્થાપિત કર્યું છે અને આર્થિક ક્રાંતિનો આરંભ કરીને સાચી દિશા આંકી આપી છે. ભૂમિના સ્વામીત્વના વિસર્જનની સાથે સાથે જ રાષ્ટ્રના અદનામાં અદના માનવને રોજગારી, આત્મવિશ્વાસ અને હોંશ આપે તેવા ઉદ્યોગોનો વિકાસ એ આર્થિક સમતા માટેનું બીજું પગલું થશે, ખાદી–ગ્રામોદ્યોગોએ અત્યારે લીધેલો ગ્રામસ્વરાજ્ય તરફનો વળાંક અને ઉદ્યોગદાનના નામે તમામ મોટા ઉદ્યોગો પર મજૂરો, ખરીદદારો અને વ્યવસ્થાપકોની સહિયારી માલિકીના વિચારો અપાયાં છે તે દિશામાં આગળ વધવું જરૂરી છે.

ગુજરાત રાજ્ય જ્યારે પંચાયતરાજની દિશામાં આગળ પગલાં માંડી રહ્યું છે ત્યારે તેનું સ્વાગત કરતાં તે પગલું પણ રાષ્ટ્રીય એકતાને પોષક નીવડે તેવું બને તેની તરફ સંમેલન સૌનું ધ્યાન ખેંચે છે. વિષમતા પર ઉભેલું પંચાયતરાજ પણ ગરીબ માણસના શોષણનું સાધન બની ન જાય તેની કાળજી રાખવી જોઇએ. વળી પંચાયતના સ્તર પર રાજનૈતિક પક્ષોની પ્રતિસ્પર્ધા પહોંચીને આપણા ગામડાના કંગાળ બનેલા દેહને પક્ષાપક્ષીના ઝેરથી સાવ ખતમ ન કરી મૂકે તેની પણ કાળજી રાખવી ઘટે, પંચાયતોની ચૂંટણીઓમાં બહુમતીને નામે આપણે ગામેગામ તડાં ન પડવા દઇએ, પરંતુ તેને બદલે સર્વાનુમતી કે સર્વસંમતિની પરંપરાને પુનર્જીવિત કરી ભારતની ભૂમિને છાજે તેવી નવીન લોકશાહીનું નિર્માણ કરીએ.

રાષ્ટ્રીય એકતાની દ્રષ્ટિએ આગામી સામાન્ય ચૂંટણી પણ એક મહત્વની ઘટના બની રહેશે. તે સમયે આપણે આપણી સંકુચિતતાઓનું પ્રદર્શન ન કરીએ, પણ દેશની વિવિધતાઓમાં રહેલી દેશની એકતા જ ઊપસી આવે ને આપણી સંસ્કારિતા અને આપણો શાંતિપ્રેમ પ્રકટ થાય તે જોવું જોઇએ. સર્વોદય સંમેલનનો એવો નિશ્ચિત અભિપ્રાય છે કે ચૂંટણી અંગે કેટલીક આચારમર્યાદાઓ નકકી થવી જોઇએ. ચૂંટણીમાં ભાગ લેનાર અને તેમાં સહાયભૂત થનારા તમામ પક્ષો તેમ જ વ્યક્તિઓએ પોતાની હારજીત કરતાં રાષ્ટ્રના ગૌરવને મુખ્ય માની તેવી આચારમર્યાદાઓનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ. જો કયાંય કોઇ પણ પક્ષે તે મર્યાદાનો ભંગ થાય તો લાગતાવળગતા પક્ષે પોતે જ તેનો નિષેધ કરવો જોઇએ. ચૂંટણી દરમ્યાન મત આપનાર પ્રજાએ ચૂંટણી દરમ્યાન થતી ગેરરીતિઓના લાચાર સાક્ષી બની રહેવાને બદલે તેને ન સાંખી લેતાં તેનો જાહેર નિષેધ કરવો જોઇએ. સર્વોદયપુરમમાં મળેલા દસમા અખિલ ભારત સર્વોદય સંમેલને માર્ગદર્શન આપ્યા મુજબ ગુજરાતમાં જ્યાં કયાંય યોગ્ય વાતાવરણ લાગતું હોય ત્યાં 'મતદાર પરિષદો' ની સ્થાપના થાય તેને પણ પોત્સાહન આપવું જોઇએ અને ચૂંટણી પૂરી થાય ત્યાર બાદ પણ ઠેર ઠેર 'જાગરૂકતા સમિતિ' (વિજિલન્સ કમિટી)ઓ કાર્ય કરતી થાય તેવો પ્રયત્ન થવો જોઇએ.

ઇતિહાસને આવે તબક્કે ગાંધીનું ગુજરાત પોતાના સમ્યક્ આચાર દ્વારા રાષ્ટ્રીય એકતા અને વિશ્વશાંતિ માટેનું ઉદ્દાત્ત ઉદાહરણ પૂરું પાડશે. ગ્રામસ્વરાજ્યના આપણા આદર્શમાં આ પ્રકારનું ઉદાહરણ પૂરું પાડવાની શકયતા છે. જરૂર છે તેને માટે જનતા અને લોકસેવાના વિધાયક પુરુષાર્થની. સંમેલનને શ્રદ્ધા છે કે ગુજરાત આ પ્રકારનો શાન્તિમય વિધાયક પુરુષાર્થ કરવામાં પાછી પાની નહિ કરે.

(વડોદરા, તા૦ ૧૩–૬–૬૧ ગુજરાત સર્વોદય સંમેલનમાં રજૂ થયું.)

વિષયસૂચિ

		પૃષ્ઠ
કરૂણા વિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ	ડૉ. રાજેન્દ્રપ્રસાદ ...	૬૪
પ્રકીર્ણ નોંધ: મુંબઇ જૈન સ્થાનકવાસી સંઘ આયોજિત જૈન કલિનિક, પૂનાનુ દારૂણ જળસંકટ; ગુરૂશિખર ઉપર આરૂઢ થયેલ વ્યકિતવિશેષની કૃપાપાત્રતા, ભલે બહારથી સીમિત હો, પણ અંદરથી અસીમ બનો, જૈન સમાજમાં ત્યાગ અને પરિગ્રહને મળતી સરખી પ્રતિષ્ઠા, Across Gang-tri Glaciers ગુજરાતના ચૂંટણી-વિષયક પ્રશ્નનો સુખદ નીકાલ.	પરમાનંદ ...	૬૬
ગુજરાત સર્વોદય સંમેલનનું નિવેદન	... ...	૭૦
અર્નેસ્ટ હેમીંગ વે	સવ્ય સાચી ...	૭૧
પૂનાના જળપ્રલયે નિપજાવેલી જૈન સમાજની ભયાનક દુર્દશા	મંત્રી ભારત જૈન મહામંડળ	૭૨

આધુનિક અમેરિકાનો સર્વશ્રેષ્ઠ નવલકથાકાર

અર્નેસ્ટ હેમીંગવે

(અમેરિકાના સુપ્રસિધ્ધ નવલકથાકાર અર્નેસ્ટ હેમીંગ્વેનું ગત માસ દરમિયાન પોતાની બંદૂક સાફ કરતાં તેમાંથી એકાએક ગોળી છૂટી અને ૬૨ વર્ષની ઉમ્મરે અવસાન થયું તેના નીચેના લેખમાં પરિચય આપવામાં આવ્યો છે. **તંત્રી.**)

પચાસ વર્ષ પહેલાંની વાત છે. અગિયાર વર્ષનો મીલર (અર્નેસ્ટ હેમીંગવેનું એ હુલામણું નામ હતું) શાળામાંથી ખુશ થતો થતો ઘેર આવ્યો. એણે એક વાર્તા લખી હતી. આજે શિક્ષકોએ તેનાં ખૂબ વખાણ કર્યાં હતાં. એક શિક્ષકે તો તેનો વાંસો થાબડતાં કહ્યું હતું કે " મીલર, ભવિષ્યમાં તું મોટો વાર્તાકાર થઇશ. વાર્તા લખ્યે રાખ. "

આ શબ્દો સાંભળીને કિશોર હેમીંગવેની છાતી ગજ ગજ ફૂલી હતી. ઘેર આવીને તેણે બહેનને વાત કરી. બહેનને ભાઇના કામમાં પહેલેથી ઊંડો રસ હતો. આંખો નચાવતાં નચાવતાં તેણે કહ્યું, " ભાઇ, તું ખૂબ ખૂબ વાર્તાઓ લખ. "

ઊગતા વાર્તાકારને માટે ઘરમાં અને શાળામાં મળેલું આ પ્રોત્સાહન અમૃત સમાન નીવડ્યું. સાહિત્ય–સર્જનના પંથ પર અડગ આત્મશ્રધ્ધાથી ડગ ભરતો ભરતો આગળ ધપતો હતો. અઠવાડિયે દસ દિવસે કાંઇક ને કાંઇક લખીને તે શાળામાં લઇ જતો, એના શિક્ષકોને બતાવતો. વાર્તાલેખન પર તેનો હાથ બરોબર બેસી ગયો હતો. પોતે લેખક છે એવો આત્મ-વિશ્વાસ પણ તેનામાં આવ્યો.

એક વાર શાળામાં વાર્તાલેખનની હરીફાઇની જાહેરાત થઇ: ' જે વિદ્યાર્થી સારામાં સારી વાર્તા લખી લાવશે તેને સોનાનો પ્યાલો ઇનામમાં આપવામાં આવશે.

વાર્તા લખવા માટે એક મહિનાનો સમય આપવામાં આવ્યો.

દોસ્તોએ હેમીંગવેનો ખભો થાબડયો અને કહ્યું, "બિરાદર ઇનામ તારું જ છે. સોનાનો પ્યાલો તારી મેજ ઉપર આવ્યો સમજ. "

હેમીંગવેને પણ મનમાં ખાતરી હતી કે ઇનામ મને જ મળવાનું છે. મારા જેવી સુંદર વાર્તા કોણ લખી શકવાનું હતું? વાર્તા લખવી એ મારા માટે ડાબા હાથનો ખેલ છે. આ લોકોએ મહિનો આપ્યો છે પણ મારે માટે તો વાર્તા લખવી એ બે દિવસનું કામ છે.

નિશ્ચિત થઇને તે ફરવા લાગ્યો. મહિનામાં બે દિવસ બાકી રહ્યા એટલે તેણે હાથમાં કલમ લીધી. વાર્તા લખી નાંખી. 'એમાં શી ધાડ મારવાની હતી! સોનાનો પ્યાલો રમતાં રમતાં જીતી જઇશ.' એ બબડયો.

હરીફાઇનું પરિણામ જાહેર થયું. હેમીંગવે બનીઠનીને ઉત્સાહભેર નિશાળે ગયો પણ એણે પરિણામ સાંભળ્યું એટલે તેના હોશકોશ ઉડી ગયા! એની વાર્તાને ઇનામ મળ્યું નહોતું. કોઇ અજાણ્યા છોકરાને ઇનામ મળ્યું હતું.

એ તો ધૂંવાંપૂંવાં થતો ઘેર આવ્યો. ભાઇનો દેખાવ જોઇને બહેન સમજી ગઇ કે ભાઇને ઇનામ મળ્યું નથી. બહેને આશ્વાસન આપ્યું, "એમાં શું થઇ ગયું? કોઇવાર હારી પણ જવાય! "

હેમીંગવેનું અભિમાન ઘવાયું હતું. " હા, હું હારું એ બને જ નહીં. પરિક્ષકોએ પક્ષપાત કર્યો છે. " આંખમાં આંસુ હતાં.

"ભાઇ, એવું આપણાથી ના બોલાય. તારે પોતાના દોષ જોતાં શીખવું જોઇએ."

" મારો કોઇ દોષ છે જ નહીં મેં ઘણી સુંદર વાર્તા લખી છે. મારી વાર્તા હંમેશાં સુંદર હોય છે."

"તું સુંદર વાર્તા લખે છે એ ખરૂં પણ આ વાર્તા એટલી બધી સુંદર ન યે હોય. તારી આ વાર્તા કરતાં વધારે સુંદર બીજીએ લખી હોવી જોઇએ."

" અશક્ય. "

" શક્ય છે. મહિનાનું કામ બે દિવસમાં કરવા જઇએ તો એવું ના બને? ફળને પૂરું પાકવા દીધા વિના કાપીએ તો આપણને પૂરી મીઠાશ ના મળે' બીજું કાંઇ જુદું જ મળે. તું બધાં કામ ઉતાવળમાં કરવા જાય છે એટલે આવું બને છે. આ પરાજયમાંથી એક પાઠ શીખ કે હવે પછી હું કોઇ પણ કામ ઉતાવળે કરીશ નહીં."

બહેનનાં આ વચનો હેમીંગવેના દિલમાં કોતરાઇ ગયાં. તેની ઉન્નતિનાં પાયામાં પરાજયનો પાઠ પડેલો હતો.

તેના અંતરમાં કાંઇક કરી છૂટવાનો આતશ સળગ્યો હતો. કોલેજનું ભણતર અધવચ્ચ છોડીને તેણે પત્રકારિત્વમાં ઝંપલાવ્યું. 'કેન્સસ સિટી સ્ટાર' નામના અખબારના વૃત્તાંતનિવેદક તરીકે તેણે કારકિર્દી શરૂ કરી, ત્યાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. એક અમેરિકન એમ્બ્યુલન્સ ટૂકડીમાં હેમીંગવે જોડાયો. પછી તો ઇટાલિયન લશ્કરની ટૂકડીમાં રહીને તે રણમોરચે પહોંચી ગયો. ૧૯૧૮ ના જુલાઇ માસમાં એ લડાઇમાં ઘવાયો.

પછી પાછો એ પત્રકારિત્વમાં પડયો. ૧૯૨૧ ના ડિસેંબર માસમાં 'ટોરન્ટો સ્ટાર' નામના અખબારના પરદેશી પ્રતિનિધિ તરીકે ફ્રાન્સ ગયો. પાંચેક વર્ષમાં તો હેમીંગવેની વાર્તાઓએ અમેરિકાના વાર્તાસાહિત્ય પર ઊંડો પ્રભાવ પાડયો.

જગવિખ્યાત રચનાઓ

" થ્રી સ્ટોરીઝ એન્ડ ટેન પોએમ્સ " (૧૯૨૩) તેનો પ્રથમ વાર્તાસંગ્રહ. ૧૯૨૬ માં ' ધી સન ઓલ્સો રાઇઝીઝ ' નામની તેની નવલકથા પ્રસિદ્ધ થઇ' તેનાથી હેમીંગવેને આંતર-રાષ્ટ્રીય ખ્યાતિ મળી. પછી 'મેન વીધાઉટ વીમેન' (૧૯૨૭) અને 'વીનર ટેક નથીંગ' (૧૯૩૩) નામના બે નવલિકાસંગ્રહો પ્રગટ થયા. 'એ ફેરવેલ ટુ આર્મ્સ' (૧૯૨૯), 'ફોર હુમ ધ બેલ ટોલ્સ' (૧૯૪૦) અને 'ધી ઓલ્ડ મેન એન્ડ ધ સી' (૧૯૫૨) હેમીંગવેની જગવિખ્યાત રચનાઓ છે.

બંને વિશ્વયુદ્ધના પોતાના અનુભવો હેમીંગવેએ નવલકથામાં ઉતાર્યા છે. સ્પેનીશ પ્રજાના દ્રોહનું ચિત્ર 'ફોર હુમ ધી બેલ ટોલ્સ' માં આલેખ્યું છે. 'એ ક્રોસ ધી રીવર એન્ડ ટ્રીઝ' માં બીજા વિશ્વયુદ્ધના અનુભવોનું વર્ણન છે. મનુષ્યમાં રહેલી લડાયક વૃત્તિ, ઉદાત્ત કરૂણ અનુકંપા અને પ્રેમશૌર્યનાં સંવેદનોની ઊંડી સમજ તેની આ નવલકથાઓ દર્શાવે છે. યુદ્ધની ભયાનકતા અને તેમાં પ્રગટ થતી માનવ જાતિની જંગલિયતનું ચિત્ર તેનાં આ લખાણોની તરી આવતી વિશિષ્ટતા છે.

નોબલ પારિતોષિક વિજેતા

લેખક તરીકે હેમીંગવેની વિશેષતા બંદૂકની ગોળીની જેમ સીધું લક્ષ્ય સાધતી બિનગત નાસાગ્રહી વર્ણનશૈલી છે. ઘણું

ખરું પ્રથમ પુરુષ એક વચન દ્વારા તટસ્થ નિરૂપણમાં રાચતી આ શૈલીએ સાહિત્યની દુનિયામાં અજબ ચમત્કાર સાધ્યો છે. હેમીંગવેએ આ શૈલીના રવૈયાથી હળવે હાથે દધિમંથન કરીને જીવનનાં કેટકેટલાં મર્મ ખોલી આપ્યાં છે! પોતે લાગણીથી રંગાયા વિના વાચકના હૈયાને વલોવી નાંખે એવું લાગણીપૂર શુષ્ક લાગતા સીધા સાદા શબ્દો દ્વારા એ જગાડી શકે છે. 'ફેરવેલ ટુ આર્મ્સ' ના છેલ્લા પ્રકરણમાં નાયક પોતાની પ્રિયતમાના મૃત્યુનું વર્ણન કરે છે તેમાં નથી કોઇ વલોપાત, ધમપછાડા કે કરુતા, નરી હકીકતને ઠંડે કલેજે એવી કાતિલ ઢબે એ મૂકે છે કે કોઇ પણ સાદો વાચક એની તટસ્થતા પર આફ્રિન પોકાર્યા વિના ન રહે. આ સમર્થ શૈલીના સર્જક તરીકે જ હેમીંગવેને જગતના ઉત્તમ લેખકોમાં સ્થાન મળ્યું છે અને તે જ ગુણના પ્રતાપથી તેને ૧૯૫૪ નું નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

સ્વીડીશ એકેડેમીના અધ્યક્ષે તેને એ પારિતોષિક એનાયત કરતી વખતે કહ્યું હતું કે "હેમીંગવે આપણા જમાનાના એક મહાન લેખક છે. આધુનિક યુગની કઠોર મુખાકૃતિની વાસ્તવિક રેખાઓ પ્રગલ્ભપણે તાદ્રશ ઉઠાવી આપનાર આધુનિકોના અગ્રણી છે." આ જ સમારંભમાં જવાબ આપતાં હેમીંગવેએ કહેલા શબ્દો સૌ લેખકોએ સ્મૃતિમાં કોતરી રાખવા જેવાં છે. તેણે કહ્યું હતું કે " સાચા લેખકને માટે દરેક પુસ્તક કશુંક અસિદ્ધ રહી ગયું હોય તેને સિધ્ધ કરવાના નવા યત્નની શુભ શરૂઆતરૂપ હોવું જોઇએ. આજ લગી કોઇ બીજું પહોંચી શકયું ન હોય અને પોતે પણ સિદ્ધ કરી શકયા ન હોય એવું કશુંક સિદ્ધ કરવાનો તેણે સતત પુરૂષાર્થ કરવો જોઇએ, એમ કરતાં કરતાં કોઇક વાર ભાગ્યદેવી રૂઠે તો તેને સફળતા મળે."

કિશોર વયમાં બહેને આપેલી શિખામણ ધુંટાઇ ધુંટાઇને જાણે આ અનુભવવચન રૂપે પ્રગટ થઇ હતી.

ઉદાત્ત કરૂણ ભૂમિકાની નવલકથા

'એ ફેરવલ ટુ આર્મ્સ' હેમીંગવેની વિશેષ વખણાયેલી નવલકથા છે. એક અમેરિકન એમ્બ્યુલન્સ અધિકારી પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇટાલિયન લશ્કરી ટુકડીમાં કામ કરે છે તેના અનુભવની વાત તેમાં કહેલી છે. નવલકથા પાંચ ભાગમાં વહેંચાયલી છે. પ્રત્યેક ભાગમાં એ અધિકારીના વિવિધ ક્ષેત્રોનાં પરાક્રમોનું વર્ણન છે. એક અંગ્રેજ પરિચારિકા સાથે તેને પ્રીત બંધાય છે. પછી તે લડાઇમાં ઘવાય છે. ઇસ્પીતાલમાં પ્રણયની ગ્રંથિ મજબૂત થાય છે. રણમોરચે પાછા ફરતાં લશ્કરે પીછેહઠ કરેલી માલૂમ પડે છે. છેવટે પ્રેમી યુગલ સાથે રહે છે અને પ્રેમિકા પ્રસૂતિમાં મૃત્યુ પામે છે. જગતભરની યુદ્ધવિષયક નવલકથાઓમાં 'એ ફેરવેલ ટુ આર્મ્સ'નું સ્થાન અનોખું છે. યુદ્ધ વિશેનો હડહડતો તિરસ્કાર અને પ્રેમિકા પ્રત્યેનો ઉત્કટ રાગ એ બે લાગણીઓનો સંઘર્ષ વાર્તાને ઉદાત્ત કરુણ ભૂમિકા પર મૂકે છે.

શસ્ત્રસંન્યાસનો સંદેશ આપતો લેખક પોતે પોતાના જ શસ્ત્રનો ભોગ બને એ વિધિની કેવી વિચિત્ર રમત! બંદૂક સાફ કરતાં કરતાં ગોળી વછૂટી અને ખોપરીમાંથી સોંસરી નીકળી ગઇ!

પચાસ વરસ પહેલાં બહેને આપેલી શિખામણનો સૂર હેમીંગવેને છેલ્લે છેલ્લે એ બંદૂકમાંથી કદાચ સંભળાયો હશે!

દુનિયાની આમ ઓચિંતી વિદાય લેનાર આ સાહસિક સાહિત્યકારે શબ્દસૃષ્ટિ પર પાડેલા સંસ્કાર ચિરંજીવ છે.

('ગુજરાત સમાચાર'માંથી સાભાર ઉદ્ધૃત.) સવ્યસાચી

પૂનાના જળપ્રલયે નિપજાવેલી જૈન સમાજની ભયાનક દુર્દશા

પૂનાના ભીષણ જળપ્રલયથી જે હાનિ પેદા થઇ છે તેની કલ્પના ત્યાંની સ્થિતિ નજરે નિહાળ્યા સિવાય થઇ શકે તેમ નથી. લગભગ ૪,૦૦૦ મકાન ભોંભેગાં થયાં છે અને ૮૪,૦૦૦ લોકો માટે આજે પુનર્નિવાસની વ્યવસ્થા કરવાની રહે છે. આ પૂરની તો આથી પણ વધારે સંખ્યાના લોકો ઉપર માઠી અસર પહોંચી છે, પણ આ ૮૪૦૦૦ લોકોના તો નિવાસનો પ્રશ્ન છે. આમાં ૨૮૦૦૦ લોકો સરકારી રાહત કેન્દ્રોમાં આશ્રય લઇ રહ્યાં છે. અને બાકીના લોકોમાંથી કેટલાક સંબંધી યા મિત્રને ત્યાં રહ્યા છે અથવા બહાર ચાલી ગયા છે. જે લોકો આશ્રયસ્થાનમાં છે એમાં લગભગ ૭૦૦૦ થી ૧૦૦૦૦ ભીખારી જેવી દશા ધરાવે છે. અને બાકીના મજૂરી કરવાવાળા જેઓ ઝુંપડીઓમાં રહેતા હતા તેમને મદદ મળી રહી છે. જેઓ મધ્યમ સ્થિતિના છે તેમાંનો મોટો ભાગ નોકરિયાત અથવા ધંધાદારી છે. નોકરી કરવાવાળાની ઘરવખરી તણાઇ ગઇ છે અથવા તો તેમને ભારે હાનિ થઇ છે. તેમને જો સામાન તથા ઘર મળી જાય તો તેમની સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે, પણ જેઓ વ્યાપારી, કારખાનાવાળા, નાના મોટા ઉદ્યોગ કરવાવાળા છે તેમની સ્થિતિ અત્યન્ત વિકટ બની ગઇ છે. તેમનો કેવળ ઘરસામાન નહિ, પણ વ્યવસાયનાં સાધન પણ નષ્ટ થઇ ગયાં છે. અને કેટલાક ઉપર તો દેવાનો ભાર ઊભો છે. ખાસ કરીને વ્યાપારીઓ અને દુકાનદારની સ્થિતિ અત્યન્ત કરુણાજનક અને વિષમ બની ગઇ છે. તેમને ફરીથી વસાવવાની એટલે કે તેમના માટે નિવાસ તેમ જ ધંધાની સમસ્યા ઉભી થઇ છે. આવા વ્યાપારી-પરિવારોની સંખ્યા ૫૦૦ની હશે અને તેમાં જૈનોના ૧૦૦ પરિવાર હોવા સંભવ છે. એમાંથી પચાસ પરિવારોએ તો સર્વ કાંઇ ખોઇ નાખ્યું છે અને તેમને રહેવા માટે કોઇ મકાન નથી.

અસ્થાયી સહાયતાનું કાર્ય તો થઇ ચૂકયું છે. હવે સ્થાયી રૂપમાં તેમના પુનર્નિવાસનો અને તેમને કામકાજ ઉપર લગાડી દેવાનો પ્રશ્ન વિચારવાનો રહે છે. આ માટે ભારત જૈન મહામંડળે જરૂરી બધી તપાસ કરીને ઉદ્યોગ યા વ્યવસાયને ફરીથી ચાલુ કરાવવા માટે સરકારી તથા અન્ય સંસ્થાઓ પાસેથી બને તેટલી સહાય મેળવી આપવાનો અને નિવાસના પ્રશ્ન અંગે એક કો-ઓપ-રેટીવ સહકારી પદ્ધતિ વડે કોલોની ઊભું કરીને તેમાં પચાસ કુટુંબોને વસાવવાનો નિશ્ચય કર્યો છે. આ માટે દોઢ લાખ રૂપિયાનું ફંડ એકઠું કરવાનો વિચાર છે અને એ માટે ફાળો એકઠો કરવાનું કામ શરૂ કરી દીધું છે, આશરે રૂા. ૧૧,૦૦૦ ની રકમ એકઠી થઇ છે જે નીચે મુજબ છે:

રૂા.	
૨૫૦૦	શ્રી લાલચંદ હીરાચંદ
૨૦૦૦	,, સાહુ શ્રેયાંસપ્રસાદજી
૧૫૦૦	,, અભયરાજજી બલદોટા
૧૦૦૦	,, કુસુમબહેન મોતીચંદ શાહ
૧૦૦૦	,, પ્રુલચંદ શામજી
૧૦૦૦	,, લવણપ્રસાદ શાહ
૧૦૦૦	,, રિષભદાસ રાંકા
૫૦૦	,, શાદીલાલજી જૈન
૨૫૧	,, નેમચંદ નગીનચંદ વકીલવાળા

અમે અમારા જૈન બંધુઓને પ્રાર્થના કરીએ છીએ કે આ કાર્યમાં ઉદાર દિલથી સહાયતા કરીને આપણા વિપદ્ગ્રસ્ત બંધુઓને વસાવવામાં યોગ્ય ફાળો આપે.

૫૬૫, કાલબાદેવી રોડ, મુંબઇ ૨,

મંત્રી, ભારત જૈન મહામંડળ,

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧૬, ૧૯૬૨, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આઝાદીનાં અજવાળાં

સંગીતરૂપક

*

ગાયક વૃંદ : ગાન

આઝાદીનાં અજવાળાં (૨)
દશે દિશે નવચેતન છલકે
ફર થતાં અંધારાં કાળાં,
આઝાદીનાં અજવાળાં.
હતી માતને કુમળે હાથે
બેડી શી લોખંડી ભારે,
દિસે હવે સોનેરી કંકણો
રણકે શુભ મંગલ રણકારે;
મુક્ત ધરા ને મુક્ત ગગનમાં
ગૂંજે જીવન-ગાન રસાળાં
આઝાદીનાં અજવાળાં.
જુગજૂની જંજીર તૂટી ને
છૂટયાં બંધનો જડતા કેરાં,
કોતર તોડી વહ્યાં ઝરણ શાં
સત્ય-અહિંસા તણાં અનેરાં,
શત્રુને પણ કર્યા અમે તો
પ્રેમભીનાં અંતરથી વ્હાલાં
આઝાદીનાં અજવાળાં.

પ્રવકતા : અંતે આવી: વર્ષોના તનતોડ પ્રયાસ પછી આઝાદી આવી. આપણો દેશ હવે આપણો થયો. આપણું તંત્ર હવે સ્વ-તંત્ર થયું. એના કુમકુમ પગલે ચેતનનાં પૂર છલકવા માંડયાં. સ્વત્વનાં નૂર ઝળકવા માંડયા. આનંદના સૂર રણકવા માંડયા...

ગા. વૃંદ : ગાન

આઝાદીનાં અજવાળાં,
શીર પરે ના ભાર કોઇનો
મુક્ત ઊડે અવ આપણુ કેશ,
થયો સ્વતંત્ર દેશ આપણો
ખિલવવા નવલાં ઉન્મેષ;
હવે ધરા પર સ્વર્ગ સર્જવા,
અંતરમાં અરમાન નિરાળાં,
આ ઝા દી નાં અ જ વા ળાં.

પ્રવકતા : આમ તો દેશ મુક્ત થયો. રાજ્યરચના પણ પોતાની સ્વતંત્ર થઇ.

*

ગા. વૃંદ : છંદ મિશ્ર

મુસ્કેલીઓ તો પુરુષાર્થ માંગે
આપત્તિમાં શક્તિ નવીન જાગે,
તપી તપી સોનું વિશુદ્ધ થાયે,
કાળાં ઘને મેઘધનું છવાયે.

પ્રવકતા : અને આપણે આત્મશ્રદ્ધાને બળે પુરુષાર્થનો યજ્ઞ આરંભ્યો છે. અત્યાર સુધી ગુલામીમાં સબડતા માનવીએ હવે પોતાને પગે ઊભા રહીને નવભારતનું નિર્માણ શરૂ કર્યું છે. પોતાના મનોરથોની દુનિયાનું નવસર્જન આરંભ્યું છે. એના પ્રથમ સોપાન રૂપે આપણે ઘડી પહેલી પંચવર્ષીય યોજના-

ગા. વૃંદ : ગઝલ

લખી અંધારના પટ પર
કલમ લઇ તેજરેખાની
અમારી યોજના સૂરત
પલટવા હિંદમાતાની.
કસી પુરુષાર્થથી કમ્મર,
લૂછી નયનેથી લાચારી
કર્યો છે યજ્ઞ યત્નોનો
ભૂલીને યાતના ભારી.
ખિલ્યું છે પાંચ વર્ષે ફૂલ
પહેલું હિંદના બાગે
મહેકે-વિશ્વમાં
અમ સાધનાને પ્રેરતું આગે.

પ્રવકતા ૧ : કેવું છે આ ફૂલ? કેવી છે આ સાધના? એણે દેશને શું આપ્યું?

પ્રવકતા ૨ : સને ૧૯૫૬ માં પૂરી થતી પહેલી યોજનાને પરિણામે ભારતમાં ૨૦ ટકા ખેતીનું ઉત્પાદન વધ્યું, ૩૮ ટકા ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું, અને ૧૮ ટકા રાષ્ટ્રિય આવક વધી.

પ્રવકતા ૧ : વાહ! અને તે ઉપરાંત?

પ્રવકતા ૨ : તે ઉપરાંત ભૂમિ-સુધારણા થઇ, જીવન-વીમા કંપનીનું રાષ્ટ્રિયકરણ થયું, અને સઘન યોજનાઓ પણ શરૂ થઇ. લોકોને મોટા સમૂહોમાં સહકારી-જીવનની તાલીમ મળી. આખા રાષ્ટ્રની તાસીર બદલાવા માંડી.

પણ કોઇ સાહસ નિર્વિઘ્ને પાર પડે છે ખરું? આઝાદીની યાત્રાના આરંભમાં જ?

ગા. વૃંદ : છંદ મિશ્ર

માતા તણાં બાળક બે વિખૂટાં
પડયા અને રેલી રુધિર-ધારા,
હિન્દુ અને મુસ્લિમના વિભાજને
લાખો જનોનાં ઘરબાર તૂટયાં.

પ્રવકતા : આઝાદી સાથે જ પ્રશ્ન આવ્યો ભાગલાનો. એક જ ભૂમિને-હિન્દુસ્તાન અને પાકિસ્તાનના બે વિભાગમાં વહેંચી દેવાઇ. કરુણતાની ઘોર રાત્રિ છવાઇ ગઇ.

ગા. વૃંદ : છંદ મિશ્ર

પરંતુ એ ઝેર સમાવી દીધું
માતા તણા શંકર શા ઉરે આ,
આઝાદી કેરા પગલે પહેલા
વટાવિઓ પર્વત આફતોનો.

પ્રવકતા : ત્યાં પડયો બીજો ફટકો! જેના અદ્‌ભુત પ્રયાસે આઝાદી હાંસલ થઇ હતી તેવા પરમ પૂજ્ય રાષ્ટ્રપિતાની જ હત્યા થઇ! વિધિની કેવી ક્રૂર કરુણતા!

ગા. વૃંદ : ગાન

નહિ મળે વ્યથા ને વાણી!
વ્હાલપના વડલાની આજે
ડાળડાળ પીંખાણી...નહિ મળે.
કાળ સ્વયમ પણ હામ ભીડે ના
હણવાને એ શુચિમય પ્રાણ,
કાળા નિર્દય હાથે એને
જાતે કીધો શે કુરબાન?
કુમકુમ ભૂંસી ભસ્મ પિતાની
ભાલ પરે લેપાણી-
નહિ મળે વ્યથાને વાણી
નભથી સૂર્ય ખર્યો, અવનિ અવ
અંધારે અટવાણી...નહિ મળે.

કેમ ભૂલાય આ કારમી કલંક કથા? એની વેદનાનો ડૂમો તો ભારતનાં હૃદયને ગુંગળાવી દે તેવો છે. છતાં...છતાં એને સહ્યે જ છૂટકો. આભ તૂટે તોયે એની પાર ગયે જ છૂટકો.

ગા. વૃંદ :- ગઝલ
પરોઢે ન્યાળી આભા

આપણી આ યોજના કેરી
વધ્યાં યાત્રા મહિં
આગે નિરખવા દિવસ સોનેરી.
વધ્યું ધરણી પરે ધનધાન,
વધ્યા ઉદ્યોગ ને ખેતી,
વધી આશા, વધી હિમ્મત,
વિદેશે શી વધી ખ્યાતિ!

પ્રવકતા ૧: "શી વધી ખ્યાતિ!" વધે જ ને? બીજી યોજનાને અંતે એટલે કે સને ૧૯૬૧ સુધીમાં-કરોડો રૂપિયાને ખર્ચે લોખંડ-પોલાદનાં મોટાં મોટાં કારખાનાં તૈયાર થયાં. ભાખરા નાંગલ, હીરાકુંડ અને દામોદર વેલી જેવા મહાન બંધ બંધાયા.

પ્રવકતા ૨: આ બંધ શા માટે બાંધ્યા છે?

ગા. વૃ. ગઝલ
બચાવી નીર એને રેલવાં
પાણી વિહીન ભાગે,
વળી જલરાશિથી શક્તિ
અખૂટ વીજળી તણી જાગે.

પ્રવકતા ૨:-શું વાત કરો છો? બીજી યોજનાનાં તત્કાળ ફળ ઓછાં દેખાય છે, પણ સમૃદ્ધ ભાવિનાં ઘણાં મૂલ્યવાન બીજ એમાં રોપાયાં છે?

પ્રવકતા ૧:-વળી અણુશક્તિ-સંશોધનનું એક મોટું "રિએકટર" પણ બંધાયું છે. અને ભુસ્તર-સંશોધનને પરિણામે દેશમાં તેલની કેટલીક નદીઓ વહી છે તેમજ વાહનવહીવટ પણ સુધર્યો છે.

પ્રવકતા ૧:-અને સત્તાનું શું?

પ્રવકતા ૨:-સત્તા હવે માત્ર દિલ્હીમાં નહીં, પણ ગામેગામ વિકેન્દ્રિત થતાં પંચાયત-રાજ્યનાં પગરણ પણ થયાં છે. આપણી લોકશાહી હવે લોકોની થવા માંડી છે.

ગા. વૃંદ ગઝલ
રચે ઊજ્જડ મહીં ઉદ્યાન
આપણ યોજના ન્યારી,
રગેરગમાં ભરે છે પ્રાણ,
એની પ્રેરણા પ્યારી.

પ્રવકતા ૧: ભાષાકીય રાજ્યરચનાનાં ભયંકર રમખાણમાંથી પણ માર્ગ કાઢીને આ છેલ્લાં દશ વર્ષમાં આપણે ફટકટલું પામ્યાં છીએ!

પ્રવકતા ૨: આયોજન-દશકાને અંતે આપણી-રાષ્ટ્રીય-આવક ૪૦ ટકા વધી. ઔદ્યોગિક ઉત્પાદન ૬૫ ટકા વધ્યું અને ખેતી ઉત્પાદન ૪૦ ટકા વધ્યું.

અને દેશમાં કેળવણીનું પ્રમાણ તો ૧૧ ટકામાંથી ૨૨ ટકા બરોબર એવું થયું છે. સ્ત્રીકેળવણી પણ ઝડપભેર વધવા માંડી છે. આ બધાના સૂત્રધાર પંડિત નહેરુ...

ગા. વૃંદ: છંદ મિત્ર
નહેરુસમા દિવ્ય સહસ્રરશ્મિ
વિશ્વ વહાવે અમ તેજધારા:
જેની ન ઊંચી નજરેય થાતી
તે દેશ આજે
સ્વમાનકેરા ચણતો મિનારા!

પ્રવકતા ૧: વળી આ દેશમાં બીજો એક યજ્ઞનાદ પણ ગૂંજે છે. સંત વિનોબા ભાવેએ ભૂદાન મેળવવા દેશના ગામેગામ ખૂંદવા માંડ્યાં છે. પરિણામે લાખો ભૂમિહીનોને આજીવિકાનું અજબ સાધન -ભૂમિ-સ્વેચ્છાએ અપાવા માંડી છે. સાંભળોને એ સંતવાણી-

વિનોબા: છંદ અનુષ્ટપ
"પુત્રો સૌ ધરણીમાના,
શ્રમ સૌનું સ્વમાન છે.
ખૂંદવા ગોદ માતાની
સૌને હક્ક સમાન છે.
ખેડે તે ખાય, અને
બેસે તે સર્વનાશ પામતો."
વદીએ ભૂમિના દાને
આત્મા - ઉન્નતિ ચાહતો."

ભૂદાન-યાચકો :-
(ગાન) રાગ યમન
દ્યો ભૂમિનું દાન
રે કોઇ દ્યો ભૂમિનુ દાન,
મંગલ અવસર આજ, ત્યાગજો
નિજને પરનું ભાન-રે કોઇ...
ભિક્ષાના ખપ્પર માંહે હો
તન, મન, ધન કુરબાન,
રોમરોમ હો બોમહાનના
તાનમહિં મસ્તાન;
ઝરણ વહાવી માનવતાનાં
પાવ પ્રેમનું પાન-રે કોઇ.....

પ્રવકતા: અને એ ભિક્ષાના ખપ્પરમાં ચાલીસ લાખ એકર ભૂમિનું સ્વેચ્છાએ દાન મળ્યું. આમ લાખો ભૂમિહીન લાચારોએ સ્વાવલંબનની ખુમારી સાથે નવજીવન તરફ પ્રયાણ માંડ્યું. નવજીવનની આ મંગલ પ્રેરણા સાથે આપણે સૌ રચીએ નવ સંસાર

ગા. વૃંદ: ગઝલ
રચીએ નવ સંસાર
દેશનો રચીએ નવ સંસાર,
સહુ કાજે જ્યાં સમ-પ્રકાશિત
હોય જીવન પગથાર -દેશનો
અણુ અણુમાં રામ જગાવીએ,
ઘર ઘર મંદિર દ્વાર,
અહમભાવની પાળ તોડીએ;
રેલી પ્રેમ અપાર;
જ્વાલે જલતાં કુસુમે કરીએ.
નવજીવન સંચાર,
દેશનો રચીએ નવ-સંસાર.
આઝાદીના અજવાળે ઝળહળશે
આભ અપાર : દેશનો રચીએ
નવ સંસાર...

—ગીતા પરીખ

(અ.કશવાણી,
અમદાવાદના સૌજન્યથી)

સંઘસમાચાર

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી દર વર્ષની માફક આ વખતે પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની ૭મી તારીખ અને ગુરુવારથી સપ્ટેમ્બર માસની ૧૪ મી તારીખ અને ગુરુવાર સુધી એમ આઠ દિવસ માટે ગોઠવવામાં આવી છે. તારીખ ૧૦ અને ૧૪ આ બે દિવસ ભારતીય વિદ્યાભવનમાં અને બાકીના પાંચ દિવસ બ્રેબોર્ન સ્ટેડી લોજમાં. વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. ઉપર જણાવેલ દિવસો દરમ્યાન વ્યાખ્યાનસભાઓ હંમેશાં સવારના ૮॥ વાગ્યે શરૂ થશે અને દરરોજ બબ્બે વ્યાખ્યાનો ગોઠવવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

સંઘના સભ્યો કાશ્મીર-અમરનાં પ્રવાસે

આપણાં સંઘનાં ૩૯ ભાઇ બહેનોની એક મંડળી પહેલી ઓગસ્ટે પઠાણકોટ એકસપ્રેસમાં કાશ્મીર-અમરનાથની યાત્રાએ ખૂબજ ઉત્સાહભર્યા વાતાવરણમાં સંઘનાં મંત્રી શ્રી પરમાનંદ ભાઇની આગેવાની નીચે, અને શ્રી ભગુભાઇનાં સંચાલન તળે, બોરીબંદર સ્ટેશન પરથી ઉપડી હતી. સગાંવહાલાં અને મિત્રોનો વિશાળ સમુદાય મંડળીને વિદાય દેવા સ્ટેશન પર ઉપસ્થિત હતો. મંડળીના સભ્યોએ આગ્રા-દિલ્હીનો પ્રવાસ કરી લીધો છે અને અત્યારે તેઓ સૌ કાશ્મીરમાં કુશળ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું મુંબઈ જૈન યુવક સંઘે કરેલું બહુમાન

તા. ૨૨–૭–૬૧ શનિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તરફથી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના ચેરમેનપદ ઉપર નિયુક્ત થવા બદલ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું ન્યુ મરીન લાઇન્સ ઉપર આવેલા 'મનોહર'માં સંઘના ઉપપ્રમુખ શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસના પ્રમુખસ્થાને બહુમાન કરવામાં આવ્યું હતું.

'મનોહર'નો હોલ ભાઇબહેનોથી ચીકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘના સભ્યો વતી શ્રી ચીમનભાઇને હાર્દિક આવકાર આપ્યો હતો અને તેમને પ્રાપ્ત થયેલા અત્યન્ત મહત્ત્વવાળા નવા સ્થાન માટે પોતાનો હર્ષ વ્યક્ત કરતાં શ્રી ચીમનભાઇની ગુણવિશેષતાઓનો પરિચય કરાવ્યો હતો. તેમને અનુસરીને શ્રી નવલમલ ફિરોદિયાએ, શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે, શ્રી. રતિલાલ ચીમનલાલ ઝોહારીએ તથા સૌ. વેણીબહેન વિનયચંદ કાપડિયાએ શ્રી. ચીમનભાઇને અભિનંદન આપ્યાં હતાં અને તેમની અનેક શક્તિઓ અને સેવાઓ વિષે સુભગ શબ્દોમાં ઉલ્લેખ કર્યો હતો. આ સર્વ વક્તાઓના વક્તવ્યોમાં એક સર્વસામાન્ય સૂર એ હતો કે આવી વિરલ શક્તિઓ ધરાવતી વ્યક્તિને, તેઓ બંધારણસભામાં અને પછી લોકસભામાં સભ્ય હતા તે દરમિયાન સૌ કોઇનું ધ્યાન ખેંચે અને અચૂક પ્રશંસા માગી લે એવી સુન્દર, ગૌરવભરી કામગીરી તેમણે દાખવેલી હોવા છતાં, એ જ ક્ષેત્રમાં વિશેષ સેવા કરવાની તક અન્તર્ગત કારણોને લીધે આપવામાં ન આવી એ ભારે દુઃખદ છે. આથી તેમને તેમજ દેશને ભારે અન્યાય થયો છે, અને આ અન્યાયનું આજે પણ સત્વર નિવારણ થવું ઘટે છે. આવી શક્તિનો ઉપયોગ બહુ નાના ક્ષેત્રો પૂરતો મર્યાદિત બની રહે એ અત્યન્ત શોચનીય છે.

ઉપરનાં વક્તવ્યો પૂરાં થયા બાદ પ્રમુખસ્થાનેથી ઉચિત શબ્દોમાં શ્રી. ચીમનભાઇની પ્રશંસા કરીને પુલહાર વડે તેઓશ્રીનું બહુમાન કર્યું હતું અને તેમને દીર્ઘાયુષ્ય અને સુદૃઢ આરોગ્ય ઇચ્છયું હતું.

શ્રી ચીમનભાઇએ આ પ્રસંગે પોતાનું આવું બહુમાન કરવા બદલ સંઘનો આભાર માનતાં લગભગ અડધા કલાક સુધી એક હૃદયસ્પર્શી, વિનમ્ર અને ભારે લાક્ષણિક એવું પ્રવચન કર્યું હતું. તે પ્રવચન દરમિયાન તેમણે પોતાના જીવનના અનેક અનુભવો તેમ જ સ્મરણો રજૂ કર્યાં હતાં અને જીવન વિષે પોતાની શી દૃષ્ટિ છે એનો ખ્યાલ આપ્યો હતો. તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે "મેં કાર્ય માટે નાના કે મોટા ક્ષેત્રનો ભેદ રાખ્યો નથી. જે કામ જ્યારે આવે ત્યારે મનને પૂરું પરોવીને તે કામને પાર પાડવું–રસ્તે ચઢાવવું એટલું જ મારું લક્ષ્ય રહ્યું છે. જે વ્યક્તિ કોઇ પણ કામને નાનું ગણીને અવગણે છે તે કદી મોટા કામને લાયક થતી જ નથી. મોટાં કામ પણ તેની પાછળ પડીને મેં શોધ્યાં નથી. એ પણ અકસ્માતની રીતે આવ્યાં છે. વળી મારે લાયક કાર્યક્ષેત્ર મળ્યું છે કે નહિ એ વિષે અહીં જે કહેવાયું છે તેના જવાબમાં મેં અન્યત્ર કહ્યું હતું તે અહીં ફરીથી કહું. આપણામાં એવી ઉક્તિ છે કે 'ઓછું પાત્ર અને અદકું મળ્યું' તેના બદલે 'અદકું પાત્ર અને ઓછું મળ્યું' એમ આપણા વિષે કહેવાય એમાં જ મને તો જીવનની સાચી સફળતા લાગે છે.

"આપે મારા શરીર વિષે ચિન્તા દર્શાવી એ આપની સહાનુભૂતિ માટે આપનો હું આભાર માનું છું. પણ આને બદલે વધારે તંદુરસ્ત અને રૂષ્ટપુષ્ટ શરીર મને મળ્યું હોત તો ખરેખર જ હું વધારે કામ કરી શક્યો હોત એમ એકાંતપણે માની લેવાને હું તૈયાર નથી. દા.ત. પંડિત સુખલાલજી. તેમણે ૧૪ કે ૧૬ વર્ષની ઉમ્મરે આંખો ગુમાવી અને પછી કાશી ગયા, ભણ્યા અને આજે તેમના પાંડિત્યની તુલના થઇ શકે એમ નથી. હવે જો તેમને નાની ઉંમરે આંખો ગુમાવવાની આફત આવી ન હોત તો તેઓ વિદ્વતાની આ સીમા સુધી પહોંચી શક્યા હોત કે કેમ તે એક સવાલ છે.

અને આ તો એક કુટુંબી મેળો છે તો તમારી વચ્ચે હું એ પણ જણાવી શકું છું કે સોક્રેટીસ કે સન્ત તુકારામને જે કૌટુંબિક પરિસ્થિતિ પ્રાપ્ત થઇ હતી તેથી અન્ય પ્રકારની પ્રાપ્ત થઇ હોત તો તેમાંનો એક તત્વજ્ઞાનના શિખરે પહોંચ્યો અને અન્યે ભક્તિયોગની ઉત્કૃષ્ટતમ સીમાનું દર્શન કરાવ્યું તે કદાચ શક્ય બન્યું ન હોત. માણસ જેટલો દુઃખ અને અગવડમાં ઊંચો ઊઠી શકે છે તેટલો સુખ–સગવડમાં ઊંચે ચઢી શકતો નથી. વસ્તુતઃ જીવન વિષે ચોક્કસ દૃષ્ટિ હોય અને ચોક્કસ મૂલ્યો હોય તો સગવડ અને અગવડ, સુખ અને દુઃખ–ઉભય માણસને ઉન્નતિના માર્ગે લઇ જવામાં ઉપકારક બને છે."

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે ચીમનભાઇનો આભાર માન્યો અને અલ્પ ઉપાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

સ્વ. નાગજીભાઇ ખેતાણીને અંજલિ

જૈન સમાજના એક મૂક કાર્યકર અને ઉદ્દાર સખાવતી શ્રી નાગજીભાઇ કેશવજી ખેતાણીનું ગુરુવાર, તા. ૩–૮–૬૧ના રોજ ઘાટકોપરમાં તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. તેમના અવસાનથી જૈન સમાજને એક દાનવીર કાર્યકરની ખોટ પડી છે. શ્રી નાગજીભાઇ સાધારણ સ્થિતિમાંથી પોતાના પુરુષાર્થ અને પરિશ્રમ વડે સાધનસંપન્ન સ્થિતિએ પહોંચ્યા હતા. અનેક કપરા સંજોગોમાં પણ એમણે સેવા અને સહાયની ભાવના કેળવી હતી અને જીવનના અંત સુધી ટકાવી રાખી હતી. તેમણે જૈન અને જૈનેતર સમાજની કેટકેટલી વ્યક્તિઓ અને સંસ્થાઓને આર્થિક સહાય કરી હતી. તેમના અવસાનથી તેમનાં સ્વજનો પર જે આપત્તિ આવી પડી છે તેમાં અમે સહાનુભૂતિ દર્શાવીએ છીએ અને સદ્‌ગતના આત્માને શાંતિ મળો એવી પ્રાર્થના કરીએ છીએ.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

સાભાર સ્વીકાર

(પ્રકાશકઃ નવસર્જન પ્રકાશન ગૃહ, વડોદરા તરફથી મળેલાં પુસ્તકો).

મંગુ મોચી : લેઃ તોલ્સતોય; અનુ. રમણલાલ સોની. કિંમત રૂા. ૧.

તરણો બાળે ઘર : લેઃ તોલ્સતોય, અનુ. રમણલાલ સોની. કિંમત રૂા. ૦/૭૫.

× × ×

(પ્રકાશકઃ ચેતન પ્રકાશન ગૃહ, વડોદરા તરફથી મળેલાં પુસ્તકો).

મનોમુદ્રા : લેઃ ઉશનસ, કિંમત રૂા. ૧.

સંકેત : લેઃ જયંત પાઠક, કિંમત રૂા. ૧.

આવતી ચૂંટણીમાં આટલી આચારમર્યાદા સ્વીકારીએ

આવતી સામાન્ય ચૂંટણી વખતે દેશમાં કેટલીક સર્વ-સામાન્ય આચારમર્યાદાઓ જળવાય એવી આકાંક્ષા પેદા થઈ છે તે એક શુભ ચિહ્ન છે. કેટલાક રાજનૈતિક પક્ષોએ પણ એ અંગે ઉત્સુકતા બતાવી છે એ સુખદ વાત છે. રાષ્ટ્રની એકતા ને સંસ્કારિતાની દૃષ્ટિએ ચૂંટણી દરમ્યાન બધા લાગતાવળગતાઓ અમુક આચારમર્યાદાઓનું પાલન કરે એ જરૂરી છે. આવી આચારમર્યાદાઓ ચૂંટણીમાં ભળતી વ્યક્તિઓ અને રાજનૈતિક પક્ષો વગેરે એક જગ્યાએ એકત્રિત થઈને ઠરાવે તો તે ઉત્તમ છે. ગુજરાત સર્વોદય મંડળ, નીચેની કેટલીક આચારમર્યાદાઓ સૂચવે છે તે એ દિશામાં સહાયક થવાની દૃષ્ટિએ :—

જનતાએ પાળવા જેવી આચારમર્યાદા

(૧) ચૂંટણી–સભાઓમાં વ્યક્તિગત નિંદા કે હલકી ભાષાનો ઉપયોગ થતો હોય તેવી સભાઓમાં અમે ભાગ લેવા નથી માગતા એવો જાહેર નિષેધ કરવો.

(૨) પોતાનો મત આપવા સંબંધી કોઈ પણ પક્ષ કે ઉમેદવારને વચન આપી બંધાઈ જવું નહીં.

(૩) ચૂંટણી દરમ્યાન ઘેરઘેર જઈ મતયાચનાની પ્રથાને પ્રોત્સાહન ન આપવું.

(૪) કોઈ પણ ઉમેદવાર કે પક્ષના વાહન કે ભોજનાલયનો ઉપયોગ ન કરવો અને એનો જાહેર નિષેધ કરવો.

(૫) ચૂંટણી–પ્રચારના કોઈ પણ કામમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરના કિશોરોનો ઉપયોગ ન થવા દેવો, આ અંગે વિદ્યાર્થી–મંડળો પોતે જાગરૂક બને.

(૬) પોતાનાં મકાનોની ભીંતોનો ઉપયોગ ચૂંટણી–પ્રચાર માટે ન કરવા દેવો.

(૭) ચૂંટણી–પ્રચારમાં જાતિવાદ કે સંપ્રદાયવાદનો આધાર લેવાતો હોય તો તેનો નિષેધ કરવો અને મત આપતી વખતે જાતિ, સંપ્રદાય કે પક્ષનો વિચાર ન કરતાં ઉમેદવારમાં રાષ્ટ્રીય એકતાના ગુણો કેટલે અંશે છે એ જોઈને મત આપવો.

(૮) કોઈ પણ ઉમેદવાર કે પક્ષ તરફથી પૈસા કે બીજી સગવડો સ્વીકારીને પોતાના મતને ન વેચવો.

(૯) ચૂંટણી પહેલાં કે પછી ઉમેદવારો પાસે વ્યક્તિગત, સંસ્થાગત કે ગામ સારું પોતાના મતના બદલામાં કોઈ પણ પ્રકારના વળતરની અપેક્ષા ન રાખવી.

ઉમેદવારો ને રાજનૈતિક પક્ષોએ પાળવા જેવી આચારમર્યાદા

(૧) ચૂંટણી–પ્રચારમાં વ્યક્તિગત નિંદા ન થાય.

(૨) પોતાના કાર્યક્રમની સમજૂતી અપાય, સામેના પક્ષ અંગે કે તેના કાર્યકરો અંગે અસત્ય કે અવળો પ્રચાર ન કરાય.

(૩) સમાજમાં પરસ્પર દ્વેષ કે વેરઝેર વધે તેવો પ્રચાર ન થાય.

(૪) અન્ય પક્ષોનાં સભા, સરઘસો વગેરેમાં અવરોધો ઊભા ન કરવા કે તેને તોડી પાડવાનો પ્રયત્ન ન કરવો.

(૫) ચૂંટણી–પ્રચારમાં હલકી ભાષાનો ઉપયોગ ન કરવો.

(૬) સમાજમાં જાતિવાદ, ભાષાવાદ, સંપ્રદાયવાદ કે રાજ્યવાદને મહત્ત્વ મળે તે રીતે પ્રચાર ન કરવો.

(૭) પોતાના ઉમેદવારોની પસંદગીમાં દરેક પક્ષ રાષ્ટ્રનિષ્ઠા તથા સિદ્ધાંતનિષ્ઠાને પ્રાધાન્ય આપે.

(૮) ચૂંટણી–પ્રચાર દરમ્યાન કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને કે ગામને પૈસાની કે બીજી સગવડોની લાલચ ન આપવી.

(૯) ચૂંટણી–પ્રચાર દરમ્યાન કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને સીધી કે આડકતરી ધાકધમકી ન આપવી.

(૧૦) કોઈ એક પક્ષે અમુક ચૂંટણીમાં જેને ટિકિટ ન આપી હોય એવી વ્યક્તિને બીજા કોઈ પક્ષે એ જ ચૂંટણીમાં ટિકિટ ન આપવી.

(૧૧) ચૂંટણી બાદ એક પક્ષની ટિકિટ પર ચૂંટાયેલ વ્યક્તિને પોતાની બેઠકનું રાજીનામું ન આપે ત્યાં સુધી બીજા પક્ષોએ પોતાના પક્ષમાં પ્રવેશ ન આપવો.

(૧૨) ચૂંટણી દરમ્યાન પાળવાની આચારમર્યાદાનો જો કોઈ પણ પ્રસંગે ભંગ થાય તો તેનો જાહેર એકરાર તે પક્ષે પોતે જ કરવો અને તેનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવી.

(૧૩) દેશના દરિદ્રનારાયણને લક્ષમાં લઈને ચૂંટણી દરમ્યાન થતો ખર્ચ ઓછામાં ઓછો કરવો.

(૧૪) દરેક મતદાન ક્ષેત્રમાં કોઈ પણ પક્ષ તરફથી પ્રચાર માટે અમુક વાહન કરતાં વધારેનો ઉપયોગ ન થાય તેને અંગે પરસ્પર સમજૂતી કરવી.

(૧૫) મતદાન માટે કોઈ પણ મતદારને વાહનોમાં લાવવા લઈ જવા નહીં.

(૧૬) દરેક મતદાન ક્ષેત્રમાં બધા ઉમેદવારોની સંયુક્ત સભા થાય એ ઇષ્ટ છે.

(૧૭) ઘેરઘેર જઈ વ્યક્તિગત મતયાચના ન કરવી.

(૧૮) પોતાના પક્ષ સારુ ચૂંટણી–ફંડ એકઠું કરવામાં અયોગ્ય સાધનોનો ઉપયોગ ન કરવો.

(૧૯) ચૂંટણી–પ્રચાર માટે ૧૮ વર્ષથી નીચેના કિશોરોનો ઉપયોગ ન કરવો.

અખબારોએ પાળવા જેવી આચારમર્યાદા

આપણાં અખબારો, પછી તે કોઈ પક્ષનાં હોય કે ન હોય, તો તેની પાસેથી ચૂંટણી દરમ્યાન કેટલીક આચારમર્યાદાના પાલનની અપેક્ષા છે :

(૧) પોતાના છાપામાં આવતા સમાચાર કે અગ્રલેખો મારફત હિંસા કે ઉશ્કેરણી ન ફેલાય તેની કાળજી રાખવી.

(૨) કોમી તંગદિલી ન વધે તે જોવું.

(૩) સમાજમાં અંદરોઅંદર વેરઝેર કે કલેશ ઊભા ન થાય તે વિશે જાગૃત રહેવું.

(૪) સામાન્ય પ્રજાના મન ઉપર સંસ્કારની દૃષ્ટિએ કશી માઠી અસર ન પહોંચે તે જોવું.

(૫) અધૂરા, અર્ધસત્ય કે વિકૃત અહેવાલો બહાર ન પાડવા.

[ગુજરાત સર્વોદય મંડળ તરફથી તા. ૧૩-૭-૬૧ના રોજ વડોદરા ખાતે મળેલ ગુજરાત સર્વોદય સંમેલનમાં રજૂ થયું.]

વિષયસૂચિ

		પૃષ્ઠ
આઝાદીનાં અજવાળાં	ગીતા પરીખ	૭૩
આવતી ચૂંટણીમાં આટલી આચારમર્યાદા સ્વીકારીએ		૭૬
તમારું ચિન્તન વિશ્વવ્યાપી બનો ! તમારી વાણી વિશ્વલક્ષી બનો ! તમારું વર્તન વિશ્વસંવાદી બનો !	વિનોબાજી	૭૭
કર્મબંધ અને પુરુષાર્થ	ચુનિલાલ વર્ધમાન શાહ	૭૯
કરુણા–વિચાર વિરુદ્ધ ઉપયુક્ततાવાદ	પ્રાણલાલ કાળીદાસ	૮૦
રાણકપુરનું જૈન મંદિર	રવિશંકર મ. રાવળ	૮૨

તમારું ચિન્તન વિશ્વવ્યાપી બનો!
તમારી વાણી વિશ્વલક્ષી બનો!
તમારું વર્તન વિશ્વસંવાદી બનો!

(આસામમાં આવેલા નૌગાંવ ખાતે શ્રી વિનોબાજીએ તા. ૨૫–૪–'૬૧ ના રોજ કરેલાં પ્રવચનનો અનુવાદ)

હું જાણું છું કે આસામ પ્રાંતમાં આ જિલ્લો જાગૃત છે. તમારો વર્તમાન ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. મને કહેવામાં આવ્યું છે કે ગાંધીજીએ ઉપાડેલા આંદોલનો વખતે આ જિલ્લાએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો, પરંતુ જાગૃતિ શબ્દ અનેકવિધ અર્થમાં વાપરી શકાય છે. સવારે ઉંઘમાંથી જાગૃત થતાં જ એક મનુષ્યને પ્રથમ સિગારેટ યાદ આવે છે, તો એકનું મન પ્રથમ ઇશ્વરસ્મરણ કરવા તરફ જાય છે. કોઇ ઉંઘતો માણસ સીગારેટ પી શકે નહિં કે ઇશ્વરસ્મરણ કરી શકે નહિં, એટલે એ બન્ને કાર્યો જાગૃત અવસ્થાનાં સૂચક છે. છતાં બન્નેની જાગૃતિમાં ભેદ છે, તેથી જ મેં કહ્યું કે 'જાગૃતિ' શબ્દના ઘણા અર્થ થઇ શકે છે. કોઇ જાગૃતિ સ્વાર્થસાધક હોય, કોઇ પરમાર્થસાધક હોય, તો કોઇ વિશ્વવ્યાપી હિતચિન્તક પણ હોય. પણ આ યુગમાં સંકુચિત મનોદશા ધરાવતી જાગૃતિ કામ નહિ લાગે. આજે દુનિયા બહુ નજીક આવી ગઇ છે. હું ઘણી વાર કહી ચૂકયો છું કે જે ચીજે ભૂતકાળમાં વિભાજનનું કામ કરતી હતી તે આ વિજ્ઞાનયુગમાં વિપરીત એટલે સંયોજનનું કામ કરતી થઇ ગઇ છે.

આપણી નજર સામે આજે નવી દુનિયા રચાઇ રહી છે. આજ એક સામાન્ય નિશાળે જતા બાળકને પણ ભૂગોળનું જે જ્ઞાન છે તે અકબર જેવા મોટા બાદશાહને પણ નહોતું. તેના દરબારમાં ઇંગ્લાન્ડથી એક માણસ આવીને ઊભા રહ્યો ત્યારે જ તેણે જાણ્યું કે ઇંગ્લાન્ડ નામે કોઇ દેશ છે. જૂના વખતમાં આપણું જ્ઞાન મર્યાદિત હતું. આજે તે સેંકડોગણું વિસ્તૃત થયું છે. એટલે હવે આ યુગમાં જો આપણે સંકુચિત માનસવાળા જ રહેવાનું પસંદ કરશું તો ખતમ થઇ જવાનાં છીએ. આજનો યુગ આપણને આવાહન આપે છે, "વિશ્વવ્યાપી બનો અથવા નષ્ટ થાઓ." કોઇ ત્રીજો માર્ગ નથી.

રશિયાનો એક માણસ ૧૦૦ મિનિટમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછો આવ્યો. અવકાશમાં ૧૦૦–૨૦૦ માઇલ ઉપર જઇને તેણે આ ચક્કર-લગાવ્યું. પૃથ્વીની પરીધિ ૨૪,૦૦૦ માઇલ છે. તે લગભગ ૨૫,૦૦૦ માઇલ ઘૂમી આવ્યો. સમજો કે ગૌહતીથી કલકત્તાનું અંતર–જે અંતર કાપતાં ગેરોપ્લેનમાં જઇએ તો પણ બે કલાક થાય છે–તેણે એક મિનિટમાં કાપ્યું. આ અંતર કાપતાં ટ્રેઇનમાં જઇએ તો બે દિવસ લાગે. પહેલાં પગપાળા જતાં તો બે મહિના લાગતા. આમ બે મહિનાના બે દિવસ, બે દિવસના બે કલાક, અને બે કલાકની એક મિનિટ. આનો અર્થ શું? અને યાદ રાખજો કે આ તો હજી આકાશમાં ગતિ કરવાની માનવીની શરૂઆત છે. આવા વ્યાપક જમાનામાં કે જ્યારે બુદ્ધિ ક્યાંયે આગળ વધી ગઇ છે ત્યારે પણ આપણાં દિલ આપણે પહેલાંનાં જેવાં સંકુચિત રાખશું તો વિનાશ નિશ્ચિત છે. "હું નૌગાંવ જિલ્લાનો" "અમે આસામી" "અમે હિંદુ" "અમે બ્રાહ્મણ" આવા આવા ભેદો આજે નકામા છે. આવી માન્યતાઓ આ કાળને અનુરૂપ છે જ નહિં. અહીં કેટલાકો એવું માને છે કે બહારના વેપારીઓ આવીને આસામમાં લૂંટ ચલાવે છે. પણ હું કહું છું કે જ્યાં આજે માણસ ચંદ્ર ઉપર જઇને વેપાર કરવાની વાતો કરે છે ત્યાં આ આસામ તે શા હિસાબમાં છે? માટે હવે આજે તો આપણે બધા 'મૂમા' 'વિશ્વવ્યાપી' બનો, ઊપનિષદ્‌ના આ શબ્દો છે કે "યો વૈ ભૂમા તન્સુખમ્। નાલ્પે સુખમસ્તિ।" દેહનું, જિલ્લાનું, પ્રાંતનું, સૌન્દર્યનું–તરેહ તરેહનું અભિમાન હોઇ શકે છે, પણ એમાં કંઇ સાર નથી. સાયન્સ એટલું આગળ વધ્યું છે કે તમે સૌન્દર્યનું શું અભિમાન રાખશો? બનાવટી દાંત થયા, મરેલા મનુષ્યની આંખ બીજાને મૂકાય છે. તરેહ તરેહના પ્રયોગો થઇ રહ્યા છે. સાયન્સની પ્રગતિ જોઇને આશ્ચર્યમૂઢ થવાય છે. આજનું સાયન્સ આપણા એવા સાંકડા અભિમાનને પોષવા દે તેમ નથી. જ્યારે "વંદે માતરમ્" શબ્દ પ્રથમ ઉચ્ચારાયો ત્યારે તે 'સપ્તકોટિકંઠ' 'પૂર્વ બંગાળ'ને સ્પર્શતો હતો. પછી તેનો દેશવ્યાપી અર્થ થયો. તે પછી "જય હિંદ" શબ્દ આવ્યો એને આજે તમે જુઓ છો કે નાના બાળકો પણ "જય જગત્" બોલતાં શીખ્યાં છે.

મેં સાંભળ્યું કે ગયે વર્ષે અહીં કેટલાંક તોફાનો થયાં. મને એ જાણીને દુઃખ થયું કે આ તોફાનો ભાષા અંગે થયાં હતા. થોડા માણસો ઘાયલ થાય કે મરણ પામે તેનું મને દુઃખ નથી, કેમકે શરીર એક વખત નાશ પામવાનું જ છે. આત્મા અમર છે. પણ મને દુઃખ થયું તમારી આવી સંકુચિત મનોદશા જાણીને, કુદકે ને ભુસકે આગળ વધતા આ કાળમાં પણ માણસ આવી ટૂંકી બુદ્ધિના હોઇ શકે છે એ વિચારે મને ઘણો આઘાત લાગ્યો. એક કંજુસ હતો. તેણે પોતાના ઘરના બધા બારીબારણા બંધ કરી દીધાં અને કહ્યું કે "આ અંદરની હવા મારી છે, તેને હું બહાર નહિં જવા દઉં." પરિણામ શું આવ્યું? તેનું ઘર અંધારૂં થઇ ગયું અને થોડા વખતમાં હવા ઝેરી બની ગઇ. બહારનો પ્રકાશ અને ખુલ્લી હવા અંદર પ્રવેશી શકયા નહિં. આપણે પણ આ પ્રમાણે જો હૃદયનાં દ્વાર બંધ કરી દેશું તો વિકાસ અટકી જશે અને એક નાનકડા વર્તુલમાં પુરાયેલાં બની જઇશું. જો વિશ્વવ્યાપી ભાવના તજી દીધી અને "મારું ઘર" "મારાં છોકરાં" એવી નાની દુનિયામાં સર્વસ્વ સમજી બેઠાં તો હાથે કરીને આપણે પોતાને વામન બનાવી દઇશું.

મને જુઓ. મને રહેવાને દરરોજ નવું ઘર મળે છે. મેં મોટા ધનવાનોને જોયાં છે. તેમનાં મુંબઇ, કલકત્તા, દિલ્હી કે બીજાં બે પાંચ વધારે મકાનો હશે. પણ મારે તો ૩૬૫ ઘર છે. દરરોજનું એક નવું. લોકો સારામાં સારું મકાન શોધીને તેમાં મને રાખવા આતુર હોય છે. જો હું અહીં મૃત્યુ પામું તો મને એમ ન લાગે કે હું પારકા પ્રદેશમાં મરણ પામ્યો. અરે, આસામને તો હું મારા બાપની મિલ્કત માનું છું. કોણ હતા મારા પિતા! મારા પિતા હતા અહીંના પ્રખ્યાત સંત શંકરદેવ. આવી ભાવના રહેતી હોવાથી મારા આનંદની કોઇ સીમા નથી. અહીં તોફાન થયાં, તેથી આસામના લોકને દુઃખ થયું. હું કહું છું કે "શા માટે દુઃખી થાઓ છો? આવી ઘટના તો દરેક ઇતિહાસમાં અને દરેક દેશમાં બનતી જ રહી છે."

દૂષિત વાતાવરણ પેદા થયું હોય તો થોડા દુષ્ટ બનાવો બની જાય. પણ દુઃખ એ વાતનું છે કે આ જમાનામાં યુવાનોએ આવી સંકુચિત મનોદશા દાખવી. આવી બુદ્ધિ તો જૂના વિચારના વૃદ્ધો દાખવી શકે. જૂના જમાનાના વૃદ્ધો આજના મહાન ગણાતા વૃદ્ધોને પણ સમજી શકતા નથી. પરશુરામ નારાયણનો અવતાર હતા. રામચંદ્ર પણ નારાયણનો અવતાર હતા. પણ પરશુરામ નારાયણના બીજા અવતાર રામચંદ્રની શક્તિને પારખી શકયા નહિ. બન્ને નારાયણના અવતાર હતા. એક બુઢ્ઢા, એક જુવાન, એક જૂના જમાનાના, બીજા નવા જમાનાના. તો પહેલા બીજાને ઓળખી શકયા નહિ.

આપણા પૂર્વજો પોતાને "ભારતવાસી" કહેતા. પણ આજના યુવાનો પોતાને "વિશ્વવાસી" સિવાય બીજું કંઈ કહી નહિ શકે. આજે તો યુવાનોએ ભારપૂર્વક કહેવું જોઈએ કે "અમે સ્વતંત્ર ભારતના સંતાન છીએ, વૈજ્ઞાનિક યુગમાં જન્મ્યા છીએ અને વિશ્વવ્યાપી બનવું એ જ અમારું મિશન છે. વિશ્વ-વ્યાપી થવાની જવાબદારી અમારી છે." પણ કમનસીબે અહીંના યુવાનો વૃદ્ધો કરતાં પણ વધારે સંકુચિત રીતે વર્તે એ દુઃખદ છે.

તમે બધા જાણો છો કે આસામ સીમાપ્રદેશ છે. એક બાજુ ૪૦૦ માઇલ ઉપર બર્મા, બીજી બાજુ ૪૦૦ માઇલ ઉપર તિબેટ અને ત્રીજી બાજુ ૩૦૦ માઇલ ઉપર પાકિસ્તાનની સીમા છે. બ્રહ્મપુત્રા તિબેટમાંથી નીકળે છે અને પાકિસ્તાનમાં જાય છે. આસામની વચ્ચેથી તે વહે છે. એટલે આસામ આ બધા પ્રદેશોનું સંધિસ્થાન છે. આ પરિસ્થિતિમાં તો તેણે વધારે વ્યાપક દૃષ્ટિ રાખવી જોઈએ. આ બધી સંસ્કૃતિનું સંયોજન અહીં થવું જોઈએ, એવી સર્વોદયની વિશ્વવ્યાપક વાણી અહિંના યુવાનોના મુખમાંથી નીકળવી જોઈએ.

યુવાનો આગળ વધવા ઇચ્છતા હોય છે, વડેરાઓ તેમને પાછળ ખેંચતા હોય છે, કહે છે– "એટલા આગળ ન વધો, જરા તો આપણું ભારતીયપણું સાચવો?" આવું બન્યું હોત તો હું તે સમજી શકત, પણ અહીં તો તેનાથી વિપરીત બન્યું. યુવાનો કે જેમણે પોતાને "વિશ્વ નાગરિક"ની ઘોષણા કરવી જોઈએ તે ન થયું અને પ્રાંતીય ભાવનામાં ઊતરી પડ્યા એ મારું દુઃખ છે. બાકી જીવનમાં થોડી ઉત્તેજના લાવવાની જરૂર હોય તો લડો, ઝઘડો, મારો, કૂટો, કંઈ હરકત નહિં. તમને થોડો વ્યાયામ મળશે. આળસુ જીવન ગાળવા કરતાં થોડું હલનચલન થયું તો તેમાં શું હરકત છે? હું તો વેદાંતી છું. એવી વાતનું મને દુઃખ નથી. આ શરીર થોડા દિનનું મહેમાન છે. પણ આપણી બુદ્ધિ જડ ન બને, આપણે સંકુ-ચિત ન થઈએ, પણ વ્યાપક બનીએ, વ્યાપક દૃષ્ટિએ ચિન્તન કરીએ એ જોવાને હું ખૂબ આતુર છું.

આજે તો રાષ્ટ્રભાવના પણ ઓછી પડવાની છે. વિશ્વ-વ્યાપી બનો એ આજના યુગની માંગ છે, અને એમ થશે ત્યારે જૂની સડી ગયેલી રાજનીતિ આજના યુવાનોને આકર્ષી શકવાની નથી. જૂનો ધર્મ પણ નથી રહેવાનો. પૂર્વ દિશામાં ઊભીને પ્રાર્થના કરવી કે પશ્ચિમમાં! સંસ્કૃતમાં કરવી કે અરબી કે આસામીમાં કરવી? એવા પ્રશ્નો ઉદ્ભવવાનો યુગ પૂરો થઈ ગયો છે. ભગવાન સંસ્કૃત સમજે છે કે અરબી અથવા આસામી? આવા સંકુચિત વિચાર રહેશે તો કેમ ચાલશે? કાશ્મીરમાં એક-વાર ત્યાંની પ્રજાને મેં કહ્યું, "ભલે તમારા પૂર્વજોએ કાશ્મીર અમારું છે એમ કહ્યું હોય, પણ આજે તે તમારા એકલાનું નથી. એ બધાનું છે." આ ભૂદાનનો વિચાર છે. એક ઓસ્ટ્રેલિયન મિત્રે મારી પાસે તેના દેશ માટે કંઈક સંદેશો માગ્યો. મેં કહ્યું, "ઓસ્ટ્રેલિયામાં ભૂદાનનો પ્રચાર કરો." તે આશ્ચર્ય પામ્યો. તેણે કહ્યું, "અમારે કંઈ જમીનનો પ્રશ્ન નથી." મેં સમજાવ્યું, "તમારો દેશ આજે છે તેના કરતાં દશગણી વધારે વસતીને જમીન આપી શકે તેમ છે. તમે જાપાનીઓને તમારા દેશમાં વસવાનું આમંત્રણ આપો." આ ભૂદાનનો સંદેશો છે. મતલબ એ છે કે ઓસ્ટ્રેલિયા માત્ર ઓસ્ટ્રેલિયનો માટે ન હોવું જોઈએ, એ સારી દુનિયા માટે છે. હિંદુસ્તાન પણ સારી દુનિયાનું છે. કાશ્મીર પણ કાશ્મીરીઓનું છે એટલું જ ભારતનું પણ છે અને વિશ્વનું પણ છે. હાલમાં ગુજરાતમાં પેટ્રોલ મળ્યું. પહેલાંનો સમય હોત તો શું થાત? ગુજરાતના લોક કહેત કે આ પેટ્રોલ અમારા બાપનું છે. અને બીજા પ્રદેશના લોક કહેત "ભલે તમે પેટ્રોલમાં બળી મરો!" પણ આજે ગુજરાત એવું નથી રહ્યું. તે કહે છે આ પેટ્રોલ ગુજરાતનું છે એટલું જ ભારતનું છે. એનો લાભ એ પ્રાંતને પણ મળે એ એક અલગ વાત છે. હવે એ જમાનો બહુ જલ્દી આવી રહ્યો છે કે તે પેટ્રોલ સારા વિશ્વનું ગણાય.

એમ ભાવિના એંધાણને પારખનારા આપણા યુવાનો હોવા જોઈએ. સાઠ કે સિત્તેર વર્ષ પહેલાં બંગાળમાં એવા પુરુષો હતા કે જેમનો પ્રભાવ સારાયે ભારત ઉપર પડતો હતો. રામકૃષ્ણ, વિવેકાનંદ, અરવિંદ, રવીન્દ્રનાથ વગેરે. પંજાબના લાલા લજપતરાય અને સ્વામી રામતીર્થ વિષે અમે મહારાષ્ટ્રમાં વાંચતા અને સાંભળતા, તો અમને લાગતું કે લાલાજી અમારા જ છે. ભ્રમણમાં પંજાબમાં મેં પૂછ્યું, "છે કોઈ લાલાજી જેવી વ્યકિત?" મતલબ એ થઈ કે સ્વરાજ્ય મળ્યા પછી આપણે આગળ વધ-વાને બદલે પીછેહઠ કરી છે. સ્વરાજ્ય પહેલાં "અખિલ ભારત"નો આદર્શ આપણી સામે હતો એટલે સમગ્ર ભારતની દૃષ્ટિએ વિચા-રતા હતા. આજે સ્વરાજ્ય મળ્યા પછી આપણી વાણી, વર્તન અને ચિન્તન વિશ્વાનુલક્ષી હોવાં જોઈએ. ગાંધીજીએ આની તૈયારી પહેલેથી કરી હતી એટલે જ તેમણે સ્વરાજ્ય પ્રાપ્તિ પછી સર્વો-દયનો મંત્ર આપ્યો. આજે તમે "પાર્ટી"નો વિચાર કરો છો કે "પાર્ટી"નો ઉદય કેમ થાય? "પાર્ટી"માં પણ પાછા "ગ્રુપ" હોય. હવે સ્વરાજ્ય મળ્યા પછી સર્વોદયનો નહિં પણ "ગ્રુપોદય"નો વિચાર થાય છે. આ પામરતાની તે કંઈ હદ છે?

આ બધાંનું કારણ એક જ છે કે સ્વરાજ્ય પછી આપણે બધા "નિજોદય"માં પડી ગયા છીએ. મારો ઉદય થાય, મને લાયસેન્સ મળે, મને પદવી મળે એ ભાવનાથી કામ થાય છે. વચમાં કોઈ કોંગ્રેસીઓએ પણ પદયાત્રા શરૂ કરી. કોઈએ કહ્યું કોંગ્રેસીની પદયાત્રા પદપ્રાપ્તિ માટે છે. પાંચ સાત દિવસ મારી સાથે ફર્યા અને ચૂંટણી પહેલાં રીપોર્ટ કર્યો "મેં બાબા સાથે પદયાત્રા કરી છે, આ તેનો ફોટો છે. એક દિવસ હરિજન વસ્તીમાં ઝાડુ માર્યું હતું, આ તેનો ફોટો છે. મને હવે ટિકિટ મળવી જોઈએ." આ સર્વોદય નથી, નિજોદય છે. હું ઇચ્છું છું કે યુવાનો આ બધી ખટપટમાંથી બહાર નીકળી જાય. આ પક્ષ અને તે પક્ષ એ બધો કીચડ ભેગો થયો છે.

હું યુવાનો પાસેથી બહુ આશા રાખું છું. તમારા દિલમાં વિશ્વવ્યાપી ભાવના હશે તો તમે હિંસાથી લડશો તો પણ હું તે પસંદ કરીશ. હિંસા અહિંસા ગૌણ છે. વિશ્વવ્યાપી ભાવના એ પ્રધાન વસ્તુ છે. જો કે વિશ્વવ્યાપી ભાવનામાં અહિંસા આવી જ જાય છે પણ તે એક અલગ બાબત છે.

પણ આમાં યુવાનોનો કોઈ દોષ નથી. દોષ છે આજના શિક્ષણનો. આજકાલ છાપા વાંચવાનું બહુ વધી ગયું છે, અને યુવાનો છાપામાં જે વાંચે છે તેને વેદવાક્ય સમજે છે, જે છપાયું તે સાચું સમજે છે. પાકિસ્તાનના છાપાઓમાં હિંદુસ્તાનની નિંદા આવે છે તો હિન્દુસ્તાનના કોઈ છાપામાં પાકીસ્તાનની નિંદા આવે છે. એવું જ રશિયા અને અમેરિકા વચ્ચે ચાલે છે. બન્ને દેશો એકબીજાની વિરુદ્ધમાં લખે છે અને તે તે દેશના યુવાનો જે છાપામાં આવ્યું તે વિશ્વાસથી સાચું માને છે. ગંભીર વાંચન તો હવે કોઈને રહ્યું જ નથી. બન્ને બાજુએ વિશ્વવ્યાપી ચિન્તનની જરૂર છે.

ભારતનો યુવાન આવું વિશ્વવ્યાપી ચિન્તન કરતાં શીખશે તો જ દેશ બચી શકશે.

મૂળ હિંદી: **વિનોબાજી**

અનુવાદક: **મૈનાબહેન નરોત્તમદાસ**

કર્મબંધ અને પુરુષાર્થ

માણસ પોતાનું ભવિષ્ય જાણવા અથવા વિધાતાએ પોતાના ભાગ્યમાં શું લખ્યું છે તે જાણવા બહુ આતુરતા દાખવતો હોય છે. કેટલાક માણસોની પોતાનું ભવિષ્ય જાણવા માટેની તાલાવેલી, દોડધામ અને વિહ્વળતા જોઈને એક બાજુ હસવું આવે છે અને બીજી બાજુએ તેમની દયા ઊપજે છે. એક યા બીજી વિદ્યા દ્વારા માણસનું ભવિષ્ય ભાખનારી તરેહવાર વ્યક્તિઓ આજકાલ જોવામાં આવે છે. તેઓએ ભાખેલાં ભવિષ્યોમાંના કોઈ અધસાચાં તો ઘણું તદ્દન ખોટાં પડયાં હોવાનો અનુભવ મેળવી ચૂકેલા માણસો પણ ભવિષ્ય ભાખનારાઓનો પીછો છોડતા નથી. ઊલટું, ભવિષ્ય જાણવા મથનારા વધ્યા છે અને ભવિષ્ય ભાખનારા પણ વધ્યા છે. લોકોના મનમાં એવી છાપ બેઠેલી હોય કે માણસના ભાગ્યમાં જે કાંઈ લખાયું હોય છે અથવા પોતાની ઉપર આકાશમાંના જે ગ્રહોની નજર પડતી હોય છે તેમની અનુકૂળતા-પ્રતિકૂળતા ઉપર માણસના સુખ-દુઃખનો આધાર હોય છે. ભવિષ્ય જાણવાની તાલાવેલીની પાછળ ખરી રીતે તો સુખ-પ્રાપ્તિની કે દુઃખના નાશની આશા જ રહેલી હોય છે. જો ભાગ્યદેવી વિપરીત હોય કે ગ્રહો પ્રતિકૂળ હોય તો તેમને પોતાના પક્ષમાં લાવવા જે કાંઈ કરવાનું તેમને કહેવામાં આવે તે કરવા પાછળ પોતાની શક્તિ અને ધનનો વ્યય કરવા તેઓ તૈયાર હોય છે. આ માન્યતાને આધારે લોકો એવા ભ્રમો સેવે છે, એવા અજ્ઞાનમાં આથડે છે, એવા પ્રયોગ-ઉપાસના-અનુષ્ઠાનોમાં ધન-શક્તિનો વ્યય કરે છે કે તે જોઈને ભવિષ્ય કહેનારી જ્યોતિષાદિ વિદ્યાઓ ઉપર પણ ગુસ્સો આવે છે. એ જ સ્થિતિ ઈશ્વરવાદીઓ અને કર્મવાદીઓમાં પણ પ્રવર્તતી હોય છે. માણસના સુખ-દુઃખનો આધાર ઈશ્વરની ઇચ્છા પર નિર્ભર છે એમ માનનારાઓ અને આત્માએ જે કર્મ બાંધ્યા હશે તેવાં જ ફળ તેને મળવાના છે, એવી એકાંત શ્રદ્ધાવાળાઓ પણ ઘણી વાર આડે માર્ગે દોરવાઈને ભાગ્યવાદીઓના જેવી જ અર્થવિનાની અથડામણો ભોગવતા હોય છે.

સુખ-દુઃખના કારણની શોધ

કારણ વિના કોઈ કાર્ય નીપજતું નથી. માણસના સુખ-દુઃખની પાછળ તે નિપજાવનારું કારણ હોય છે. એ કારણ શોધવું તે માણસનું કર્તવ્ય છે. એ કારણ શોધવાથી જ તેનું નિવારણ કરી શકાય તેમ હોય છે અને એ રીતે દુઃખથી મુક્ત થવાનો સંભવ હોય છે તથા સુખના કાળને લંબાવવાની શક્યતા રહેલી હોય છે. સૌ જાણે છે કે કુપથ્ય ખાનાર કે ભારે ને વધારે ખોરાક લેનાર માંદો પડે છે માંદગી આવતાં તેનું કારણ શોધી ને ફરી ખોરાક વિષેની ભૂલ નહિ કરવાની ચેતવણી મળી જાય છે જેથી માંદગીનું દુઃખ તેનાથી દૂર રહે. મિતાહારી માણસ આરોગ્યનું કારણ સમજતો હોય છે એટલે તેને માંદા પડવાનો ભય ભાગ્યે જ લાગે છે. એ રીતે જીવનના બધા પ્રકારના સુખ દુઃખના અનુભવોના કારણો શોધીએ અને તેનાં ધારણ-નિવારણ કરીએ તો જીવનની ઘણી સામાન્ય ફરિયાદો દૂર થઈ જાય. જેમ આરોગ્યનું કહ્યું, તેમ ધંધાનું, નોકરીનું, હુન્નર-કારીગરી ઇત્યાદિનું પણ સમજવું. તેમાં સફળતાનાં અને નિષ્ફળતાનાં પણ કારણો હોય છે.

પણ કેટલીક વાર માણસ ગૂંચવણમાં પડે છે. તે કોઈ વાર જુએ છે કે પોતાનો પાડોશી અમિતાહારી અને ખાઉધરો છે, છતા તે કોઈ વાર માંદો પડતો નથી અને પોતે સંભાળી સંભાળીને ખાય છે છતાં વારંવાર માંદો પડે છે! એ જ રીતે એક દુકાનદાર જુએ છે કે પોતાની બાજુનો દુકાનદાર વધારે વકરો કરે છે અને પોતાની દુકાને ઓછો વકરો થાય છે; એની દુકાનમાં માલ સરખો છે, બેઉ સરખે ભાવે માલ વેચે છે, છતાં આમ કેમ? આવું કાંઇક બને છે ત્યારે ઉદાસી માણસ તપાસ કર્યા વિના અને દુકાનદાર વસ્તુસ્થિતિનો અભ્યાસ કર્યા વિના એકદમ માની લે છે કે આ તો ભાગ્યની વાત છે અથવા તો એવી જ ઈશ્વરેચ્છા હશે, કિંવા એકના પૂર્વભવનાં પાપ અને બીજાના પૂર્વભવનાં પુણ્ય-એવો એ કર્મબંધનો પ્રભાવ હશે. આ બેઉ સ્થિતિમાં જે કારણોની અસર થતી હોય તે કારણો શોધવા જોઈએ. પરંતુ તેમ કરવામાં આવતું નથી અને કદાચ ઉપરછલ્લી શોધ-તપાસ કોઈ કરે, પણ ઊંડાણમાં ઉતરવાની કોઈ તકલીફ લેતું નથી; ઝટ લઈને પોતાની જાતને નિર્દોષ માની લઈ ભાગ્ય-ઈશ્વર-કે કર્મબંધ ઉપર દોષનો ટોપલો ઓઢાડે છે. આ અજ્ઞાન કહેવાય. આ અજ્ઞાનથી નીપજતા અનર્થોનો માણસની જિંદગીમાં પાર રહેતો નથી. એ અજ્ઞાને માણસનાં દુઃખો વધાર્યાં છે, લોકોને અંધકારમાં અથડાવ્યા છે, જંગલી પશુ સમા બનાવ્યા છે અને માણસાઈ મુકાવી દીધી છે. શારીરિક, માનસિક અને ઘણી વાર કાલ્પનિક દુઃખો મટાડવાને અથવા સુખો મેળવવાને જાપ-બલિદાન-અનુષ્ઠાન-મંત્રપ્રયોગ-હોમહવન અને બાધા-આખડી વગેરે કરવામાં આવે છે તે મોટે ભાગે અજ્ઞાન મુલક જ હોય છે. આ બધું અભણ, ગામડીયા કે સમાજના નીચલા થરના માણસોથી થતું હોત તો તેમના અજ્ઞાન માટે દયા આવત. દરેક માણસ કાંઇ પરમ બુદ્ધિમાન ન હોઇ શકે. પરંતુ ભણેલાઓ, શહેરીઓ અને કેટલાક બુદ્ધિમાનમાં ખપતા માણસો પણ એ ભૂલમાં પડેલા જોવામાં આવે છે. બુદ્ધિમાન નાગરિકો અને ધર્મગુરુઓ તેઓને સાચી સલાહ આપી શકે તેમ હોય છે. એવી સમજ મેળવનાર રોગી સમજી શકે છે કે પોતાના પાડોશીને જે ખોરાક પચે અને પોતાને ન પચે, તેમાં ભાગ્યનો, ઈશ્વરનો કે કર્મબંધનો પ્રભાવ નથી પણ પોતપોતાની પ્રકૃતિનો પ્રભાવ છે. એ જ રીતે સરખો ધંધો કરતા દુકાનદારોમાંના એકના વિનય-સૌજન્યથી ઘરાકો વધારે આકર્ષાતા હોય, બીજાનું એવું વ્યક્તિગત આકર્ષણ ન હોય; તો ઘરાકી વધારે-ઓછી થાય, એમાં ભાગ્યની કે પાપ-પુણ્યની કશી અસર હોતી નથી. કારણ ઉપર દૃષ્ટિ સ્થિર થયા પછી તેનું નિવારણ કરવું એ માણસના પોતાના હાથની વાત હોય છે.

'અકસ્માત'માંની ભ્રમભરી માન્યતા

કેટલાક બુદ્ધિમાન માણસો પણ અમુક બનાવને કે અમુક પરિસ્થિતિને એકદમ અકસ્માત કહી નાખે છે, ત્યારે આશ્ચર્ય થાય છે. કોઈ કાર્યનું કારણ શોધતાં માણસની બુદ્ધિ થાકે અને કારણ હાથ લાગે નહિ ત્યારે તેને અકસ્માત માનવા પ્રેરાય છે. 'અ-કસ્માત' એટલે કયા કારણથી કાર્ય કે બનાવનો જન્મ થયો તે માલુમ પડે નહિ તે અકસ્માત વિષેની આ માન્યતા અને ભાગ્ય-ઈશ્વર-કર્મના પ્રભાવની માન્યતા અમુક હદ સુધી એકસરખી બિનજવાબદાર માન્યતાઓ છે. કયા કારણમાંથી કાર્ય નીપજ્યું તે શોધને પાત્ર વસ્તુ છે; પોતે તે શોધી શકતો ન હોય તો તેણે કોઈ તજજ્ઞ પાસેથી માહિતી કે સમજ મેળવવી જોઇએ, પરંતુ તેવું કશું ન કરતાં થાકે કે કંટાળાથી દોરવાઈને 'અકસ્માત'નો નિર્ણય આપવો એ અજુગતું છે. મોટરની હડફેટમાં માણસ આવી ગયો, કે પાણી ઓળંગતા માણસ ડૂબી ગયો, કિંવા ઓપરેશનના ટેબલ પર દર્દી મરણ પામ્યો: તે બધા અકસ્માત મનાય છે, પરંતુ એવાં ઘણાંખરાં બનાવો સાચા અકસ્માતો હોતા નથી, તેનાં કારણો હોય છે, પણ તે શોધવાની કાં તો આપણામાં આવડત નથી અથવા આપણામાં શક્તિ નથી અથવા ધીરજ હોતી નથી. મોટરની હડફેટમાં આવી જનાર માણસ મોટરની ગતિનું માપ જાણ્યા વિના રસ્તો ઓળંગવા જાય અને જરૂરી ઝડપ ન વાપરે તો હડફેટમાં આવી જ જાય, એ અકસ્માત કેવી રીતે? વસ્તુતઃ રસ્તો ઓળંગનારની અને મોટર-ડ્રાઇવરની એક મારવાના સમય અંગેની ખોટી ગણતરી-

ઓનું મિશ્ર પરિણામ હોય છે. થોડા સમય પહેલાં અમદાવાદમાં રેલવે ક્રોસીંગ પાસે એક રાહદારી એન્જિનના બમ્પરની હડફેટમાં આવી જતાં મૃત્યુ પામ્યો હતો. તે માણસ ટ્રેન આવતી હતી ત્યારે રેલ્વેના પાટાથી થોડે આઘે ઊભો રહ્યો હતો. ટ્રેન પોતાને અડયા વિના પસાર થઇ જશે એવી તેની ગણતરી હતી, પરંતુ ટ્રેનના ડબ્બાની પહોળાઇની તેની ગણતરી ખોટી હતી; અથવા ડબ્બા કરતાં એન્જિનના મોખરે આવેલાં બમ્પરની પહોળાઇ થોડી વધુ હોય છે તેની તેને સમજ નહોતી, પરિણામે તેનું મૃત્યુ થયું. ઓપરેશનના ટેબલ પર મૃત્યુ પામતા દર્દીના સંબંધમાં પણ દર્દ અંગેની, દર્દીની પ્રકૃતિ અંગેની, તેની શક્તિના ટકાવ અંગેની કે કોઇ ટેકનિકલ ગેરસમજ કિંવા ગણતરીની ભૂલ જવાબદાર હોય છે. જે સામાન્ય માણસ સમજી શકતો નથી પણ તજજ્ઞો સમજતા હોય છે. આવા બનાવોમાં મૃત્યુ નહિ પણ ખૂનો થૈ થઇ જતાં હોય છે. એવા માણસની જિંદગી કેટલી લાંબી હતી તે ભલે ન જાણી શકાય તેવી વાત હોય, પણ મૃત્યુનું કારણ તો શોધીને સ્પષ્ટ કરી શકાય તેવું હોવા છતાં અકસ્માતની માન્યતાપૂર્વક ભાગ્ય, ઇશ્વરેચ્છા કે કર્મબંધને વચ્ચે લાવવા તે બુદ્ધિની જડતા છે. એ અજ્ઞાન માણસને ખૂબ પચી ગયું છે, તેના લોહીમાં પેસી ગયું છે અને તેથી જ તે કોઇ બનાવનું કારણ શોધવાની તકલીફ ન લેતાં એકદમ ભાગ્ય, ઇશ્વરેચ્છા કે કર્મબંધની કલ્પના પાસે દોડી જાય છે. આ રીતે પોષાતું રહેલું અજ્ઞાન માણસને હીનપુરુષાર્થી, નિષ્ક્રિય કિંવા કર્તવ્યથી પરાવૃત્ત-વિમુખ બનાવી મૂકે છે. એ જ અજ્ઞાન તેને માણસ મિટાવી હેવાન બનાવી શકે છે.

ગત ભવના કર્મબંધ પર દોષારોપણ

ભણેલા-ગણેલા માણસો માને છે ખરા, કે કારણ વિના કાર્ય નીપજતું નથી, પણ જ્યારે માણસના સુખ કે દુઃખનું કોઇ દ્રશ્યકારણ માલૂમ ન પડે ત્યારે અદ્રશ્ય કારણ તો હોવું જ જોઇએ, અને તે પૂર્વભવનું સારું કે માઠું કર્મબંધન જ હોય એવો નિર્ણય કરી લે છે. પૂર્વભવના કર્મબંધની આ વાતની પાછળ એટલી બધી ગેરસમજ કે અજ્ઞાન વ્યાપેલાં છે કે તેથી માણસો દંભી, પ્રમાદી અને પુરુષાર્થહીન બની ગયા છે. પોતાની ભૂલો, પોતાનાં દુષણો, આળસ અને પોતાનાં અનૈતિક કાર્યોનો દોષનો ટોપલો પણ તેઓ પૂર્વભવનાં કર્મો ઉપર ઓઢાડતા બની ગયા છે. અમુક સ્ત્રી કે પુરુષ લાંબા વખતથી રોગથી પીડાતો હોય, કોઇ કુટુંબ ધનવાનમાંથી ધનહીન બની ગયું હોય, કોઇ પ્રદેશમાં ઓછો વરસાદ પડયો હોય, ધરતીકંપ થયો હોય કે રેલનું સંકટ આવ્યું હોય તો તુરત કેટલાક સમજુ માણસો અને મુખ્યત્વે કર્મવાદી જૈનો કહી નાખશે કે જેવાં જેનાં કર્મ! એમાં પોતે જાણે કશું કરવાનું ન હોય; પોતા પર જરાયે જવાબદારી આવતી ન હોય, અરે પોતે એ સ્થિતિ માટે લગારે વિચારવા થોભવાનું પણ ન હોય તેવું તે કહેશે. કર્મબંધન પ્રારબ્ધ કે સંચિત કર્મ અંગેની માન્યતામાં એટલાં અજ્ઞાન અને જડતા ભરેલાં છે કે કોઇ જ્ઞાની મનાતો માણસ કાંઇ ખોટું કે અનૈતિક કામ કરે છે ત્યારે લોકો તેના ગતભવે બધાયેલાં કર્મનો દોષ કાઢવા મંડી જાય છે! "જ્ઞાનીને પણ બાંધેલા કર્મ ભોગવ્યા વિના છૂટકો થતો નથી" એમ કહી તેના પ્રગટ પાપ ઉપર અદ્રશ્ય એવાં ગત ભવે બાંધેલાં કાલ્પનિક કર્મનું રુપાળું અસ્તર ચડાવે છે! સાચા પાપી, દોષી, પ્રમાદી અને અજ્ઞાની માણસનો જાણે સમાજમાં બચાવ કરવામાં ધર્મ રહેલો હોય એમ માની લોકો તેના દોષ શોધવાને બદલે તેના ગતભવના કર્મબંધનને કારણ તરીકે ઓળખાવે છે! જ્યાં ભય સંકટનું કારણ સહેલાઇથી શોધી કે સમજી શકાય તેમ હોય, એટલું જ નહિ પણ એ કારણનું પ્રયત્ન વડે નિવારણ પણ કરી શકાય તેમ હોય, ત્યાંય પૂર્વભવના કર્મબંધનનો હથોડો માણસની સાંસારિક, માનસિક કે અધ્યાત્મિક શુધ્ધિનું દેવાળું કાઢનારો બને છે. વિના વિચારે કર્મબંધનનો જાપ જપનારાઓનું અજ્ઞાન ધર્મગુરુઓ ટાળશે નહિ, ત્યાં સુધી સમાજની મનોદશા વધુને વધુ સડયા કરવાની છે.

(અપૂર્ણ) શ્રી. સુનિલાલ વર્ધમાન શાહ

કરુણા-વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

સર્વમાન્ય વાત છે કે, હિંસા ધર્મ રૂપ અને અહિંસા ધર્મ રૂપ આ લોક સદા કાળ પ્રવર્તે છે, અને અહિંસા ધર્મમાં માનનારાઓની સંખ્યા હમેશાં ઘણા જ અલ્પ પ્રમાણમાં હોય છે. તે પણ લોકસ્વભાવ જ છે. માંસાહાર, નિરમાંસાહારરૂપ જગત પણ સદા પ્રવર્તે છે. તે પણ સ્વભાવગત પ્રવર્તે છે. પશુ પક્ષીઓમાં પણ અમુક પક્ષીઓ નિરમાંસાહારી છે, જ્યારે અમુક પક્ષીઓ માંસાહારી છે. પશુઓમાં પણ ગાય, ભેંસ; બકરી આદિ અમુક પ્રાણીઓ નિરમાંસાહારી છે કે જેને અન્ન ચારાની અવશ્ય જરૂર પડે છે, જ્યારે વાઘ, સિંહ, દીપડા આદિ જંગલના પ્રાણીઓ સ્વભાવગત માંસાહારી છે, અને સદા ઘાસચારાથી પર હોય છે. આ ઉપરથી નક્કી થાય છે કે, માંસાહાર કરવો કે ન કરવો તે ભાવો સ્વભાવગત જગતમાં પ્રવર્તે છે, અને તેથી તેનું શાસ્ત્ર બની શકતું નથી. તેથી જ જૈન આગમોએ આ બાબતમાં ચોખવટવાળી ભાષાનો પ્રયોગ ન કરતાં ઉપદેશરૂપ રચના કરી છે, અને જગતના જીવોને સંબોધી ઉપદેશ કર્યો છે કે 'જગતના જીવો! તમે જીવહિંસાથી દૂર થઇ જાઓ! કેમકે જેમ તમને સુખ પ્રિય છે, તેમ સર્વ જીવોને પણ સુખ પ્રિય છે.'

આવો શુદ્ધ સનાતન ઉપદેશરૂપ ધર્મ ભગવાન મહાવીરનો છે, પરંતુ ભગવાન મહાવીરનો ધર્મ આદેશરૂપ કદી પ્રવર્તતો નથી, અને હોય જ નહિ, કેમકે આદેશથી કર્મનો સિદ્ધાંત જોખમાઇ જાય.

જૈન ધર્મની સંપૂર્ણ અહિંસક દૃષ્ટિ આગમ પ્રરૂપક તીર્થંકર દેવોની અને કેવળજ્ઞાનીઓની હોય છે. તેનાથી ઊતરતી કક્ષાની દૃષ્ટિ, સંસારત્યાગી સાધુઓમાં પ્રવર્તે છે, જ્યારે સંસારી જીવોની ભોગદૃષ્ટિ હોઇને ઓછેવત્તે અંશે હિંસાથી ઉત્પન થયેલા પદાર્થોનો તેઓને ફરજિયાત ઉપયોગ કરવો પડે છે.

ત્યાગદૃષ્ટિ સિવાયનું તમામ જગત તરતમ્ ભેદે હિંસા ધર્મ સાથે સદા સંકળાયેલું છે, તેથી એકાન્ત દૃષ્ટિએ તે તત્વનો વિચાર નિરર્થક છે. માટે જૈન-દર્શનના આગેવાન કર્મચારીઓએ એકાન્ત દૃષ્ટિવાળા સૂત્રોને પ્રચારકાર્ય રૂપે સ્થાન આપતાં પહેલાં ખૂબ શોચવું જોઇએ. સમસ્ત સંસાર સદા દ્વૈતભાવે પ્રવર્તે છે. માટે અનેકાન્તદૃષ્ટિ ન ચૂકવા આ લેખના લેખક અને સાહિત્યકારોને આગ્રહ છે.

ઉપરોકત શ્રેણીરૂપ સ્વભાવગત લોક હોવા છતાં ગર્વિષ્ઠ મનુષ્ય હિંસા અહિંસા બાબતમાં પોતાનો પક્ષ ખેંચી, કલમથી પોતાના પક્ષને સિદ્ધ કરવા કોશિષ કરે છે. જગતનો સામાન્ય વર્ગ તો ભૂલ કરે તેવો લોકસ્વભાવ છે. પણ, નીતિસૂત્રના જાણકારો ભૂલ કરે, તે લોકમાં ભયનું વાતાવરણ ઉત્પન્ન કરી લોકને દુઃખી કરી મૂકે છે. નીતિ-સૂત્રમાં પ્રાધાન્ય રાજ્યનીતિનું છે. રાજ્યનીતિ અજ્ઞાન, માયાવી, કે નીતિસૂત્રની ઘાતક નીવડે, તો આખું ક્ષેત્ર પાયમાલીના પંથે પડી જાય.

ભૂતકાળની હજારો લાખો વર્ષની રાજ્યનીતિના સૂત્રધારોએ ક્ષત્રિય ધર્મમાં શિકાર આદિ તત્વો માનેલાં અને રસલોલુપતામાં માંસાહાર માનેલો, પણ તે માન્યતા મનુષ્યનું શરીર ટકાવવા માટે કદી માનેલી નહિ, એટલું જ નહિ પણ, નિરમાંસાહારી મહાજનને ઉંચ ગણી રાજ્યમાં માન આપવામાં માનેલું. એટલે કે નિરમાંસાહારને રાજ્યનીતિજ્ઞ પુરુષોએ ઉંચકોટિના તત્વ તરીકે સ્વીકારેલું. આવું મહાજનતત્વ ભારતમાં છેલ્લા રાજાશાહીના અંત સુધી સૂર્યના પ્રકાશરૂપે તપ્યું. પરંતુ, કાળ પ્રભાવે તેર વર્ષ પહેલાંની સને ૧૯૪૭ ની પંદરમી ઓગષ્ટની,

અમાવાસ્યાની મધ્ય કાળરાત્રીએ ભારતમાં લોકશાસનનો જન્મ થયો અને રાજ્યનીતિની લગામ સંપૂર્ણ જડવાદીઓના હાથમાં જઇ પડી, અને રાજ્યનીતિથી અજ્ઞાન ભારતની પ્રજા ઉપર લોકશાસનના નામે, અમુક કાયદાઓ ઘડી, સમસ્ત ભારતની સંસ્કૃતિને ભયમાં મૂકી દીધી. યંત્રયુગના મોહમાં ફસી, ખેતીપ્રાધાન્ય દેશનું પરિવર્તન કરી નાખ્યું, એટલે કે યંત્રયુગને પ્રાધાન્ય આપી ખેતીના પ્રશ્નને ગૌણ બનાવી દીધો, અને તે કારણે સમસ્ત ભારતમાં ઘોર હિંસા પ્રવર્તાવી. અહિંસાધર્મનું અને જીવદયારૂપ મહાજનનું અપમાન કર્યું. રાજ્યધર્મ સર્વ ધર્મમાન્યતાનો રક્ષણ કરવાનો સિદ્ધાંત તોડી પાડી નીતિસૂત્રનું ખૂન કર્યું. મનચલ્લી માયાવી રાજ્યનીતિથી સ્વતંત્રતાના નામે ભારતની પ્રજાના હાથપગમાં અદૃશ્ય ગુલામીની બેડી પહેરાવી. "મનુષ્યે માંસાહાર કરવો જ જોઇએ" આ ભાષા નિરમાંસાહાર લોકો માટે અસહ્ય છે. કેમકે તેમાં જુલમગારપણાનું તત્વ છે; તેથી આ બાબતમાં ભારતમાં ઉહાપોહ જાગતાં અનેક લેખો જાહેરાતરૂપે પ્રગટ થાય છે તે પૈકીનો એક લેખ તા. ૧૬-૩-'૬૧ના 'પ્રબુદ્ધ જીવન' પત્રમાં મારા વાંચવામાં આવ્યો. એ લેખ બહેન વત્સલા મહેતાનો છે. લેખ ઉપરથી જણાય છે કે આ બહેનને અનેકાંતવાદરૂપ જગતની કાંઇ ખબર કે ગંધ પણ દેખાતી નથી, પરંતુ વર્તમાન યુગની કેળવણીએ તે બહેનનું માનસ બદલી નાખ્યું છે. લેખિકા બહેન પોતાનો લેખ ચેલેંજ રૂપ પ્રગટ કરે છે, તેની ભૂલો તરફ નજર કરવા મેં આ લેખ લખ્યો છે. બહેન વત્સલાની દલીલ એ છે કે, માંસાહાર મનુષ્યો શરીર ટકાવવા માટે કરે છે. તે દલીલ તદ્દન જગતને ગેરરસ્તે દોરવનારી છે. કેમ કે અનાદિકાળથી મનુષ્યનું જીવન અન્નઆહારથી ટકે છે તેવી માન્યતા સર્વ ધર્મોએ સ્વીકારેલી છે. જીવન ટકાવવા માટે માંસાહાર તો સિંહ, વાઘ, દીપડા આદિ જંગલના પ્રાણીઓ કરે છે કે જેનો સ્વભાવ જ માંસાહાર છે. અન્નચારાની જરૂરિયાત જે પ્રાણીઓના માંસનો મનુષ્ય આહાર કરે છે તે પ્રાણીઓને જ પડે છે. તેથી સિદ્ધ થાય છે કે અન્નચારાની ખેતી જ મનુષ્ય અને પશુઓના જીવન ટકાવવા માટે પ્રધાનપણે સદા પ્રવર્તે છે, અન્ન ન હોય તો કેવળ માંસાહારથી મનુષ્યનું જીવન કદી ટકી શકે નહીં; અને તે જ કારણે નિરમાંસાહારી પ્રજા, પશુ પ્રાણીઓની દયા તરફ દૃષ્ટિ કરવા જગતના મનુષ્યોને ઉપદેશરૂપે આગ્રહ કરે છે.

મોતીનો અગર રેશમનો ધંધો, તેમાં હિંસા સમાયેલી છે. તે દલીલ પણ ન્યાયસૂત્રને સંપૂર્ણપણે સ્પર્શી શકે તેવી નથી, કેમકે હિંસા કરનારા, હિંસા કરી અનેક પદાર્થો આ જગતમાં ઉત્પન્ન કરે છે. તે દૃષ્ટિએ જોઇએ તો આખું જગત સદા હિંસામય પ્રવર્તે છે. છતાં ન્યાયને ખાતર આ તત્વને ભેદદૃષ્ટિથી જોવાની પરમ આવશ્યકતા છે. વ્યાપાર કરનાર વ્યાપારીની દૃષ્ટિમાં ઘાતકીપણું નથી. પણ અર્થના કારણે ફરજિયાત વ્યાપારી કર્મ કરવું પડે છે, જ્યારે, મોતી માછલીના પેટમાંથી કાઢનાર, અને રેશમના-કીડા મારી રેશમ ઉત્પન્ન-કરનારની દૃષ્ટિમાં સંપૂર્ણ ક્રૂરતાના ભાવો હોય ત્યારે જ તે કર્મ કરી શકાય છે. કદાચ મોતી અગર રેશમનું મળવું બંધ થાય તો ખાત્રીપૂર્વકની વાત છે કે દયાધર્મી રૂપે ચાલ્યો આવતો વર્ગ ધંધા માટે મચ્છીમાર, કે કીડા મારનાર કદી બનવાનો નથી; સિવાય કે અપવાદ નીકળે.

મોતીના વ્યાપારીઓની તેમ જ રેશમના વ્યાપારીઓની ઉચ્ચતા નિરમાંસાહારમાં જ છે, તે તો સ્વીકારવું જ જોઇએ. ત્યારે સાથોસાથ એમ પણ સ્વીકારવું જોઇએ કે કર્મજન્ય વ્યાપાર મહાહિંસાથી ઉત્પન્ન થયેલા પદાર્થોનો છે અને સાથોસાથ સ્વીકારવું જોઇએ કે સીધી રીતથી થતી હિંસા અને આડકતરી રીતથી થતી હિંસા વ્યાપાર રૂપે થાય છે, તે બન્ને વચ્ચે ઘણું અંતર છે.

અન્ન ઊગે છે તેમાં જગતના વાંદરા આદિ અનેક પ્રાણીઓનો હિસ્સો છે, એવી મીઠી દૃષ્ટિની ખાનદાનીભરેલી માન્યતા જગતમાં ચાલતી આવેલી છે. તેમાં પણ ખાસ ભારતમાં છેલ્લા અંગ્રેજ રાજ્ય અમલ સુધી આ વિષયમાં કદી પણ ઉહાપોહ જાગ્યો નહોતો, પણ યંત્રયુગને અપનાવવા માટે ઘોર હિંસાને જન્મ આપવા કુટિલ કંગાલ રાજ્યદ્વારી બુદ્ધિએ અનર્થકારી ભાષાનો પ્રયોગ કરી ગરીબ પશુપ્રાણીઓના જીવનને ભયભીત સ્થિતિમાં મૂકી દીધા છે.

આ સ્થિતિનું પરિણામ હવે કુદરત સર્જન કરશે ત્યારે સત્યાસત્ય સમજાશે.

સાચો શાશ્વત સિદ્ધાંત એ છે કે, સુખ આપીને સુખ લેવાય પણ દુઃખ આપીને સુખ લેવા ઇચ્છનારાઓ, કોઇ ક્રૂર દુનિયામાં વસે છે.

ક્રૂર દૃષ્ટિનું પરિણામ આવી ગયું છે એમ ભારતના બુદ્ધિવાળાઓ જોઇ રહ્યા છે. દુઃખમાં ભારત ગરકાવ થઇ રહ્યું છે. હાથ કંકણને આરસીની જરૂર નથી.

વાંદરા મારી ઇન્જેક્શનો ઉત્પન થાય છે, તેનો પ્રયોગ મોટે ભાગે શ્રીમંતો પોતાના વિષયસુખ ટકાવવા માટે કરે છે, નહિ કે, જિંદગી ટકાવવા. સ્ત્રીઓના લાલચુઓ વિષયરૂપ અગ્નિમાં સળગી રહેલા ક્ષુદ્ર બુદ્ધિવાળા મનુષ્યો, વિષયભોગ સેવવા ખાતર જ એવા ઇન્જેક્શનોનો પ્રયોગ, પોતાના શરીરમાં કરાવે છે. કદાચ વાંદરા મારી ઉત્પન્ન થયેલા ઇન્જેક્શનોથી કોઇ એકલદોકલ મનુષ્ય બચી જતો હોય, તેની સામે યાંત્રિક યુગના પરિણામરૂપ ઘોર વિનાશ તરફ નજર ન કરતાં કહેવું કે, મનુષ્યની જિંદગી બચતી હોય તો વાંદરાની જિંદગીની તેની સામે શું કિંમત છે? આ સૂત્રમાં ભારોભાર નિર્દયતાના ભાવો ભરેલા છે. મનુષ્યની દયાના નામે અનાચાર સેવાઇ રહ્યો છે, અને મનુષ્યની દયાનો ડોળ બતાવનાર યંત્રયુગના ઉપાસક બન્યા છે તે સિદ્ધ કરે છે કે, તેઓના હૃદયમાંથી દયાએ-મનુષ્યની દયાએ પણ દેશવટો લીધો છે.

યંત્રયુગથી થતાં હજારો-લાખો-મનુષ્યોના કરુણાજનક અકસ્માતો મારા ઉપરોક્ત સિદ્ધાંતને સિદ્ધ કરે છે. સાથોસાથ નક્કી વાત છે કે, યંત્રયુગ માણસો અને પશુપ્રાણીઓના હાથ-પગને નકામા બનાવી દઇ ગુલામીની બેડીમાં જકડે છે અને યંત્રયુગના કાળમાં કારખાનાવાળાઓ જાલીમપણું ધારણ કરી અત્યાચારો સેવે છે. તે સ્થિતિ ભારતમાં ચાલુ થઇ ગઇ છે. છતાં મનુષ્યની દયાના ઓઠા હેઠળ યંત્રયુગને સમર્થન આપવા વત્સલ બહેનની કોશીશ, કેવળ તે બહેનની એકાંત દૃષ્ટિ સિદ્ધ કરે છે.

હાલના ઘોર વિજ્ઞાનના મોહમાં ફસી યંત્રયુગના ઉપાસક બનેલા મોટા ગણાતા મનુષ્યો મોટેભાગે, કરુણાજનક મૃત્યુથી મરે છે. મરતી વખતે તેવાઓની શાન ખોવાઇ જાય છે અગર તો હાર્ટફેલથી મરી જાય છે. દાક્તરો તેને જીવાડવા, અનેક ઇન્જક્શનોનો પ્રયોગ કરી અવાચક સ્થિતિથી ઉત્પન્ન થયેલા, દુઃખમાં વૃદ્ધિ કરે છે. અપવાદ સિવાય દેહ છોડતી વખતે આ લોકમાં નર્કના દુઃખનું સર્જન કરે છે અને પરલોક માનનારની દૃષ્ટિએ ઘોર નર્કના મુખમાં તેના આત્માઓ પ્રવેશ કરે છે.

જ્યારે અહિંસક દૃષ્ટિના ઉપાસક ઋષિ-મુનિઓ, તેમજ ઉંચી કોટિના સંસારીઓ મરતી વખતે સમાધિમરણ હસતે ચહેરે મરણને ભેટે છે. સાચો સુખી તે કે જે એવા મરણે દેહ છોડે.

ભોગ ત્યાં સંસાર અને ત્યાગ ત્યાં અહિંસાનો માર્ગ-આ સૂત્રનો ખ્યાલ વત્સલા બહેનને નથી તેથી અનેકાન્તની દૃષ્ટિએ તત્વ વિચારવા તે બહેનને આ લેખકની નમ્ર વિનંતિ છે.

પ્રાણલાલ કાળીદાસ

રાણકપુરનું જૈન મંદિર

બૌદ્ધ અને જૈન ધર્મના આદ્ય-સંસ્થાપકોનાં જન્મસ્થાનો બિહાર પ્રાંતમાં હતાં, પરંતુ બૌદ્ધ ધર્મને તેના મૂળ સ્થાનમાં જેટલી પ્રતિષ્ઠા મળી એટલી જ જૈન ધર્મને પશ્ચિમ ભારતમાં મળી છે. બિહાર એ કાળમાં ધર્મ, સંસ્કૃતિ અને વિદ્યાવૃદ્ધિનું મહત્ત્વનું કેન્દ્ર હતું; છતાં જૈન ધર્મનો પ્રભાવ ત્યાં વિસ્તર્યો નથી, નહિ તો પશ્ચિમ-ભારતમાં ગીરનાર, શત્રુંજય, આબુ, કુંભારિયા અને રાણકપુર જેવાં સ્થાનો બિહારમાં આવેલા તેનાથીએ પ્રાચીન મુક્તાગિરિપર્વત પરના પાર્શ્વનાથના ધામ કરતાં વધારે વૈભવ અને પ્રસિદ્ધિ ધરાવતાં થયાં ન હોત.

બૌદ્ધ અને જૈનધર્મે બ્રાહ્મણ સંપ્રદાયની પરંપરા રાખીને ગિરિશિખરો કે ગિરિકંદરાઓમાં તીર્થો સ્થાપ્યાં છે. એ રીતે બિહારમાં પાર્શ્વનાથના મંદિર વડે મુક્તાગિરિનું શિખર અને પશ્ચિમ ભારતમાં રાજસ્થાન અને ગુજરાત-સૌરાષ્ટ્રના ગિરિશખરો જૈનોના દેવ-મંદિરોથી શોભાયમાન અને આકર્ષક બન્યાં છે. મુસ્લીમ રાજ્યો ગુજરાતમાં સ્થપાયાં તે પહેલાં ગુજરાતના સોમપુરા શિલ્પીઓના જૂથ મેવાડ મારવાડ સુધી સોલંકી યુગનું સ્થાપત્ય વિસ્તારી રહ્યા હતા. ચૌદમા સૈકામાં રાણા કુંભાના સમયમાં મંદિર અને મહેલોનું સ્થાપત્ય બહુ વિકાસ પામ્યું હતું. ગુજરાતમાં મુસ્લીમ શાસનને લીધે દેવમંદિરો અને શિલ્પકામની પરંપરા તૂટવા માંડી હતી, પણ કારીગરોના પરિવારોને રાજસ્થાનમાં આશ્રય મળ્યો હતો તેથી ત્યાં ઉત્કૃષ્ટ પ્રકારના દેવમંદિરો રચાય.

મેવાડ અને મારવાડની હદ ઉપર જ્યાં અરવલ્લીની પશ્ચિમ પાંખના ડુંગરો આવેલ છે અને નજીકમાં રાણા કુંભાનો કમલમેરનો ગઢ છે, ત્યાં સાદડી ગામની પાસે એક સુંદર પહાડી ખીણમાં રાણકપુરનું મંદિર છે. તેના નિચાણના ભાગમાં એક સુંદર નાની નદી વહે છે, આ સ્થાન પર પહોંચવાને આજના પ્રવાસીઓ આબુની ઉત્તરે ફાલના સ્ટેશને ઉતરીને વીસ કે પચીસ માઇલ સાદડીની મોટરબસમાં બેસી ત્યાં પહોંચે છે. બીજી રીતે પગરસ્તે અમદાવાદથી ૧૬૦ માઇલને અંતરે તે આવેલું છે. ઘણાં વર્ષો સુધી આ મંદિર ઘણું ભગ્ન દશામાં હતું, પરંતુ આણંદજી કલ્યાણજીની પેઢી વતી શેઠ કસ્તુરભાઇએ મંદિરોના જીર્ણોદ્ધારનું કામ હાથમાં લઇ નિષ્ણાત સોમપુરા શિલ્પશાસ્ત્રીને તેનું સમારકામ સોંપ્યું તેથી તેનો ખુણેખુણો ફરી વાર અસલનું હોય એમ રચના અને ઘાટ પામ્યો છે. તે ઉપરાંત ત્યાં જનારા યાત્રીઓ માટે નજીકમાં આજની સગવડોવાળું વિશ્રાન્તિભવન બાંધવામાં આવ્યું છે તેથી ઘણાં જૈન કુટુંબો અને વ્યક્તિઓ શાંતિ માટે કે આરામ માટે ત્યાં જઇ ઠરાવેલ દિવસો સુધી રહી શકે છે અને રહેવા તથા જમવાની સગવડો બહુ જ કિફાયત દરથી મેળવી શકે છે. મુંબઇના રહેવાસીને પણ ગમી જાય એવું એ મકાન છે. સારી રીતે જીર્ણોદ્ધાર થતાં એ સ્થાન ઘણું રમણીય બન્યું છે.

રાણકપુરનું મંદિર ઇ. સ. ચૌદસો ચાલીશમાં ધરણક નામના શ્રીમાને પુષ્કળ દ્રવ્ય ખર્ચીને કરાવ્યું હતું. તેવો એક શિલાલેખ ભાવનગરના સંગ્રહસ્થાનમાં છે.

મંદિરની બહારની બાજુએ ઊંચા કોટ જેવી દિવાલ બાંધી છે. પણ મંદિર ઊંચા પરથાર પર લીધું હોવાથી ઉપરના માળમંધ શિખરનો દેખાવ કોઇ મહાલય જેવો લાગે છે. તેમાં ભોંતળથી મુખ્ય દ્વારમાં દાખલ થતાં ઊંચી પહોળી સીડી પરથી ઉપરની માંડણી પર પહોંચીએ છીએ ત્યારે કોઇ દેવતાઇ આવાસમાં ગયા હોઇએ એવું લાગે છે. ૧૯૮ ફૂટ અને ૨૦૫ ફૂટ જેટલા ચોરસ ઊંચા પરથાર પર તેની માંડણી થઇ છે. મધ્યસ્થ મુખ્યમંદિર ચોમુખદ્વારવાળું છે અને તેની મધ્યમાં ચાર દિશાને નીરખતી દ્વારસન્મુખ એવી આદિનાથની ચાર પ્રતિમા બેસાડી છે. આદિનાથ એટલે જૈન સંપ્રદાયના પ્રથમ તીર્થંકર ઋષભદેવજી છે.

આ મંદિરના બરોબર ઉપરના માળમાં પણ એજ પ્રમાણે ચોમુખ પ્રતિમા છે. ત્યાં ઉપર જવાને ચારેબાજુ ધાબા પર નાની સીડીઓ મુકેલી છે.

મંદિરને ચારે ખૂણે ચાર ચોક છે. તે દરેકને ફરતાં વીસ ઘૂંમટો બધા મળીને ચારસો વીસ થાંભલા પર ટેકાવેલ છે.

આ ઘૂંમટો પૈકી, ચારે તરફના બીજા ઉપમંદિરોના ઘૂંમટો વચ્ચે મુખ્ય મંદિરનો ઘૂંમટ ઘણો ઊંચો જાય છે અને તેની જ સામે આગળ જણાવ્યું તે પ્રવેશદ્વાર છે. ત્યાં વળી અંદરના ઘૂંમટ ઉપર બીજો ઘૂંમટ છે અને તેને સોળ સ્તંભ છે. તેનો આડો ઊભો પટ ૩૪ ફૂટનો છે અને બીજી બાજુના ૨૧ ફૂટના છે.

આ ઘૂંમટોની વચ્ચે ચારે ખૂણે ખૂલ્લા ચોક છે. તેનાથી અંદરના ભાગે અજવાળું મળે છે.

ખૂણાના ઘૂંમટોની નીચેના મંદિરો વચ્ચેનું અંતર પશ્ચિમનું ૧૦૫ છે અને પૂર્વ બાજુનું ૯૫ ફૂટ છે. તેની ફરતા બાર નાના ઘૂંમટો અને દરેક બાજુએ ચાર નાનાં મંદિરો છે. તેમજ સમગ્ર વિસ્તારમાં બહારની દિવાલને અડતી ભમતી એટલે પ્રતિમાવાળી નાની શિખરબંધ દેરીઓ છે.

આ બધા ચોક અને મંડપોથી રચાતી સ્તંભાવલીઓથી અંદર જે દૃશ્ય બને છે તેનું વર્ણન કે ચિત્ર પરથી પૂરો ખ્યાલ આવી શકશે નહિ, તેનાથી રચાતું દૃષ્ટિસંધાન (પરસ્પેકટીવ), ઘૂમ્મટો અને સ્તંભો વચ્ચે બદલાતી છાયાપ્રકાશની રોનક તેમજ ઉપર નીચે હવા, પ્રકાશ આપવાની યોજનાઓનો બધો અનુભવ ત્યાં જઇ ઊભા રહેવાથી જ મળી શકે એમ છે.

જ્યાં ત્યાંથી નજરે પડતી તીર્થંકરોની નાની નાની દેરીઓનું દર્શન પણ એક નવી જ ચિત્રલીલા ઊભી કરે છે. અંદરના ભાગમાં બાર શિખરો ઉપરાંત (૮૬) છ્યાંસી જેટલાં દેરી દેરાં જ્યાં ત્યાં જવાના ઝતવાળા માર્ગો અંદરને અંદર રચેલા છે. વળી દરેક દેરા કે દેરીના અગ્રભાગે શિલ્પકલાના શણગાર ઓર લાગે છે.

આ મંદિરની સમગ્ર આકૃતિમાં તેની ઊંચી માંડણી અને મુખ્ય ઘુંમ્મટોની ઊંચાઇ હોવાથી તે બીજાં જૈન મંદિરો કરતાં મન પર વધુ પ્રબળ છાપ પાડી શકે છે. બોટ લાગતી હોય તો એટલી જ કે આવા મોટા સ્થાપત્ય-નિર્માણના બહારના ભાગમાં કોઇ પણ પ્રકારનું અલંકરણ થયું નથી, જ્યારે બીજાં બધાં નવાં જૂનાં સ્થાનોમાં અંદર બહાર શિલ્પવિસ્તાર કરવામાં મણા રાખવામાં આવી નથી.

આ મંદિરનાં અંગ ઉપાંગોની સંખ્યા અપાર છે. તેમાં કેટલાંક ઘણાં નાનાં છે તે કારણે તેમાં એકાગ્ર સ્થાપત્ય પ્રકટ થતું નથી, પણ તેમાંની વિવિધતા અને વિગતોથી તે સ્થાન રમણીય બન્યું છે. મંદિરના તમામ સ્તંભોમાં કોઇ બે એકસરખાં નથી. તેમ જ જે ખૂબીથી તે ગોઠવણ થઇ છે અને ઘુમ્મટો તેમ જ સપાટ છતો સાથે મેળ કરવામાં આવ્યો છે, પ્રકાશ ઉપરથી લેવામાં આવ્યો છે એ બધું અદ્‌ભૂત અસર પેદા કરે છે. આ મંદિરના મુખ્ય મંડપને મેઘનાદ મંડપ એવું નામ શિલ્પમાં આપ્યું છે અને કહેવાય છે કે તેની નકલ અમદાવાદની જુમ્મા મસ્જિદમાં ઉતારવામાં આવી છે, એટલું જ નહી પણ, સ્તંભો વગેરેનું ઘોરણ ત્યાંની અસરવાળું છે. ફરગ્યુસને લખ્યું છે કે ભારતમાં બીજું કોઇ મંદિર આના જેટલી પ્રસન્નતા આપતું તેણે જોયું નથી, તેમ જ અંદરના સ્તંભોની સુરમ્ય રચનાનો ખ્યાલ અન્યત્ર તેમને મળ્યો નથી.

એની રચનામાં રહેલી આવી વિશેષતાઓ ઉપરાંત તેનું પ્રમાણ પણ વિચાર કરવા જેવું છે. ૪૮,૦૦૦ ચોરસ ફુટ ઉપર તે રચાયું છે. યુરોપના મધ્ય યુગના સાધારણ કેથીડ્રલ મંદિર જેટલો જ એ વિસ્તાર છે અને તેની માંડણીનો વિચાર કરીએ તો કોઇથી તે નાનું નથી, એટલું જ નહી પણ તેના ઉપરની સ્થાપત્ય અને શિલ્પની શોભામાં તે બધાં કરતાં ચડી જાય છે.

રવિશંકર મ. રાવળ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૯
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧, ૧૯૬૧, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

* વિજ્ઞાન અને ધર્મ *

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કંઇ કાળથી ધર્ષણ ચાલતું આવ્યું છે. વિજ્ઞાનની નવી નવી શોધોએ ધર્મ સાથે જોડાયલી કંઇ કંઇ માન્યતાઓને ખોટી પાડી છે. ધર્મે, વિજ્ઞાન એ કેવળ પ્રત્યક્ષ સાથે સંબંધ ધરાવતી પરિમિત બુદ્ધિનો ખેલ છે એમ કહીને, વિજ્ઞાનની અવજ્ઞા કરી છે. વિજ્ઞાને પ્રત્યક્ષસિદ્ધ નહિ એ બધું ગપગોળા છે એમ કહીને ધર્મની અવજ્ઞા કરી છે. ધર્મનો દાવો રહ્યો છે કે તેની સર્વ માન્યતાઓ નિઃશંકપણે સાચી છે કારણ કે તે ઇશ્વરપ્રણીત અથવા સર્વજ્ઞપ્રણીત છે. વિજ્ઞાનનો દાવો રહ્યો છે કે તેણે જે કંઇ પ્રયોગ કરીને સિદ્ધ કર્યું છે તે જ માત્ર સાચું છે, બીજું બધું નરી કલ્પના છે. આમ ધર્મ અને વિજ્ઞાન એકમેક સાથે અથડાતા ચાલ્યા છે.

પણ આજે આ બન્ને ક્ષેત્રમાં આપણી સમજ ખૂબ વધી છે અને દરેક બાબતનો ઉપરછલ્લી રીતે નહિ પણ ઊંડાણથી વિચાર કરવાની અને વસ્તુતત્વને ગ્રહણ કરવાની આપણી તાકાત પણ વધી છે અને સારાસારવિવેકબુદ્ધિ પણ સારા પ્રમાણમાં વિકસી છે. આ વિચારવિકાસને આ વિવાદાસ્પદ વિષયને લાગુ પાડવામાં આવે તો સંભવ છે કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે સંઘર્ષ હોવાનું–પરસ્પર વિરોધ હોવાનું–કોઇ કારણ ન રહે.

પહેલાના સમયમાં ધર્મસાહિત્યના નામ નીચે અનેક બાબતો સંગ્રહાતી અને જુદા જુદા વિષયોના શાસ્ત્રોને ધર્મ-શાસ્ત્રનું સામાન્ય નામ આપવામાં આવતું. જ્ઞાનવિજ્ઞાન બધું ધર્મસાહિત્યમાં સંગ્રહાતું અને જુદા જુદા વિષયોને લગતી માનવીની જિજ્ઞાસા ધર્મસાહિત્યદ્વારા સંતોષાતી. જૈન ધર્મના સાહિત્યનો વિચાર કરીએ તો તેના ચાર ભાગ પાડવામાં આવ્યા હતા: દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ અને ચરણકરણાનુયોગ. દ્રવ્યાનુયોગમાં તત્વજ્ઞાન (Meta-physics), નીતિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્ર, જીવ-અજીવ-શાસ્ત્ર વગેરેનો સમાવેશ થતો. ગણિતાનુયોગમાં ગણિત, ખગોળ, જ્યોતિષ અને વિજ્ઞાનના અન્ય વિષયોનો સમાવેશ થતો. કથાનુયોગમાં ઇતિહાસ અને પ્રાગ-ઐતિહાસિક એવા પુરાણો અને કથાસાહિત્યનો સમાવેશ થતો અને ચરણકરણાનુયોગમાં ઇષ્ટ ઉપાસનાને લગતા અને સાધુના આચારને લગતા ક્રિયાકાંડોનો સમાવેશ થતો. આવી જ રીતે અન્ય ધર્મસાહિત્યના ભાગવિભાગ વિચારી શકાય છે.

આમ છતાં ઝીણવટથી વિચારતાં માલુમ પડશે કે ધર્મ-વિચારને આમાંના કેટલાય વિષયો સાથે સીધો કોઇ સંબંધ નથી. ધર્મવિચારને ખરો સંબંધ છે માનવીજીવનના ઘડતર અને નિયમન સાથે. ચિન્તનના ક્ષેત્રે પાયાના જ્ઞેય વિષયો ત્રણ છે. જીવ, જગત્ અને ઇશ્વર. આ ત્રણેનું સ્વરૂપ અને પરસ્પરનો સંબંધ–આ અંગે ચોક્કસ સમજુતી અને તેમાંથી પરિણમતી ચોક્કસ માન્યતા ધર્મવિચારના પાયામાં હોવી જરૂરી છે. આ માન્યતાની ભૂમિકા ઉપર વ્યક્તિનો પોતાનો ઉત્કર્ષ શી રીતે સધાય, વ્યક્તિ દ્વારા સામાજિક ઉત્કર્ષ શી રીતે સધાય અને વ્યક્તિ અને સમાજ વચ્ચેનો સંબંધ કેવી રીતે સંવાદી બન્યો રહે–આ બાબતની સર્વાંગી વિચારણા અને તે વિચારણામાંથી ફલિત થતું યમનિયમનું, ગુણવ્રત-શિક્ષાવ્રતનું–એટલે કે આચારશાસ્ત્રનું નિર્માણ કરવું–ધર્મતત્વનું આ કાર્ય છે. આચારમૂલક આ ધર્મવિચારને કોઇ પણ વૈજ્ઞાનિક માન્યતાના તથ્યાતથ્ય સાથે સંબંધ નથી. દા. ત. પૃથ્વી સપાટ હોય કે ગોળ હોય તેને અહિંસા, સત્ય આદિ આચારનિયમો સાથે કોઇ સંબંધ નથી. આવી જ રીતે વિશ્વની કલ્પના જૈન ધર્મની માન્યતા મુજબ ચૌદ રાજલોકની હોય કે આધુનિક ખગોળ અનુસાર અન્ય પ્રકારની હોય તેને પણ જીવનનો ઉત્કર્ષ સાધવા માટે આવશ્યક એવા યમનિયમના અનુપાલન સાથે કોઇ સંબંધ નથી. વિજ્ઞાનનો મુખ્ય સંબંધ ભૌતિક જગતના સ્વરૂપ સાથે, કુદરતના નિયમોની ખોજ સાથે, ભૌતિક જીવનના વિકાસક્રમ સાથે રહેલો છે. ધર્મનો સંબંધ જીવનના ઘડતર સાથે, યમનિયમના અનુપાલન સાથે, આચાર અને વ્યવહારની વિગતો સાથે છે. એકનું ક્ષેત્ર અન્યથી એટલું બધું અલગ અને સ્વતંત્ર છે કે એકની અન્ય સાથે અથડામણ કેમ થાય એ એકાએક સમજણમાં આવતું નથી.

હકીકત એમ છે કે પહેલાં જ્ઞાનવિજ્ઞાનની શાખાપ્રશાખાઓ જુદી પાડવામાં આવી નહોતી, વિજ્ઞાન સાથે સીધો સંબંધ ધરાવતી અનેક બાબતોને લગતા શાસ્ત્રોનો ધર્મશાસ્ત્રોના પેટાળમાં સમાવેશ કરવામાં આવતો હતો અને તેમાં જે કાંઇ નિરૂપણ કરવામાં આવ્યું હોય, વિધાનો કરવામાં આવ્યા હોય, સિદ્ધાંતો રજૂ થયા હોય તે સર્વને સર્વજ્ઞકથિત તરીકે લેખવામાં આવતું હતું. આજે આમાં કેટલાંયે વિધાનો, કેટલાંયે સિદ્ધાંતો અદ્યતન વૈજ્ઞાનિક શાસ્ત્રોના પરિણામે ખોટા ઠરતા માલુમ પડે છે. અહીં શ્રદ્ધાળુ લોકોના દિલમાં દ્વિધા પેદા થાય છે. આ બે પરસ્પર-વિરોધી વિધાનો યા સિદ્ધાંતોમાં કોને સાચા માનવા, કોને ખોટા માનવા? એક બાજુએ સર્વકથિત વસ્તુને ખોટી કેમ કહેવાય? બીજી બાજુએ પ્રત્યક્ષ પ્રમાણના આધારે તારવવામાં આવેલા વૈજ્ઞાનિક સિદ્ધાન્તોને અને શોધોને પણ ખોટી કેમ કહેવાય? આ ધુંચનો નિકાલ તો જ આવે કે જો સર્વજ્ઞત્વને લગતી કલ્પનાનું સંશોધન કરવામાં આવે, અને તેને લગતા ભ્રમોથી મનને મુક્ત કરવામાં આવે.

પહેલાં તો વિજ્ઞાનવિષયને લગતાં ધર્મશાસ્ત્રોમાં જે વિધાનો છે તે સર્વજ્ઞપ્રણીત છે એમ માનવાને કશું કારણ નથી. તે તે કાળે ભિન્ન ભિન્ન વિષયોને લગતું વૈજ્ઞાનિક

સંશોધન જે કક્ષા સુધી પહોંચ્યું તે કક્ષા સુધીની તે તે કાળે રચાયેલાં ધર્મશાસ્ત્રોમાં નોંધ છે–આ રીતે એ વિધાનોનો વિચાર કરવો ઘટે છે. વળી એવાં પણ જે વિધાનો હોય કે જેને સર્વજ્ઞ નામ સાથે જોડયા સિવાય ચાલે તેમ ન હોય. અહિં પણ તે તે વિધાનોનું તથ્ય તત્કાળ–સાપેક્ષ જ સમજવું તથા સ્વીકારવું ઘટે છે. જેમને સર્વજ્ઞ તરીકે ઓળખવામાં આવે છે તેમને ભવિષ્યમાં થનારી અનેક વૈજ્ઞાનિક શોધોનું સંપૂર્ણ જ્ઞાન હતું એમ માની લેવાને કશું જ કારણ નથી. દા. ત. વીજળીની શોધ અને તે દ્વારા અને ત્યાર બાદ થયેલી બીજી અનેક શોધો, અણુવિજ્ઞાન, આકાશ ઉડ્યન, રેડીઓ, ટેલિવિઝન વગેરે શોધો કેવળ આધુનિક છે. જો સર્વજ્ઞતું જ્ઞાન આ રીતે કાળપરિમિત હતું એમ કહેવામાં આવે તો તેમ કરવાથી કાં તો વદતોવ્યાઘાત થાય અથવા તો સર્વજ્ઞ શબ્દનો અન્ય કોઇ અર્થ વિચારવો ઘટે. ઉપર જણાવ્યું તે મુજબ જીવ, જગત અને ઇશ્વરનું સમ્યક્ સ્વરૂપ અને પ્રત્યેકનો અન્ય સાથેનો પરસ્પર સંબંધ–આ હંમેશાં વિવાદ, ચર્ચા અને મતભેદનો વિષય રહ્યો છે. આ ત્રણ તત્ત્વોનું સમ્યક્ સ્વરૂપ અને તેમનાં પરસ્પર અનુબંધ અંગે કોઇ એવી વિશિષ્ટ અને સુદૃઢ પ્રતીતિ થાય કે જે વડે માનવી–જીવનના ધ્યેયનો અને તે ધ્યેયના અનુસંધાનમાં ઊભા થતા પ્રશ્નોનો ઉકેલ મળી જાય–આવી પ્રતીતિને સર્વજ્ઞત્વ તરીકે જો ઓળખવામાં આવે તો એવું સર્વજ્ઞત્વ બુદ્ધિગમ્ય બને અને એવી પ્રતીતિ ધરાવતી વ્યક્તિને અમુક અપેક્ષાએ આપણે સર્વજ્ઞ તરીકે ઓળખી શકીએ. આવા સર્વજ્ઞે વિજ્ઞાનના ઊંડાણમાં ઉતરવાની કોઇ જરૂર નથી. તેમને આકાશમાં કેટલા તારા છે, યુરોપમાં કેટલી વસ્તી છે, હિમાલયને કેટલાં શિખરો છે, કોઇ અમુક વડને કેટલાં પાંદડાં છે કે કોઇ અમુક વ્યક્તિના માથા ઉપર કેટલા વાળ છે તેની સંખ્યાની ખબર હોવાની જરૂર નથી.

આપણાં ધર્મશાસ્ત્રમાં સર્વજ્ઞ અંગે એવા ભાવની એક ઉક્તિ છે કે જેણે એક જાણ્યું તેણે સર્વ જાણ્યું. આ એક તે શું? આ એક એટલે આત્મા. આ આત્માના સ્વરૂપને વિશ્વ અને પરમાત્માના અનુસંધાનમાં જેણે સમ્યક્પણે અને સર્વ બાજુએથી જાણ્યો તેણે બધું જાણ્યું, એટલે કે, જાણવાયોગ્ય બધું જાણ્યું. જો આ ન જાણ્યું હોય અને બીજું ગમે તેટલું જાણ્યું હોય તો તેનો કાંઇ અર્થ નથી–આ વિચાર પાછળ આવી સમજણ રહેલી છે. આવા સર્વજ્ઞ, ઉપર જણાવી તેવી ભૌતિક વિગતો જાણતા હોતા નથી એમ કહેવાનો એ આશય છે કે એવી ભૌતિક વિગતો જાણવાનું તેમના માટે કોઇ પ્રયોજન નથી અને તેમના માટે તે શક્ય પણ નથી.

આ રીતે વિચારતાં પ્રતીતિભેદે એકથી વધારે સર્વજ્ઞની સહેલાઇથી કલ્પના થઇ શકે છે. આજના વિજ્ઞાન સાથે ધર્મનો મેળ બેસાડવો હોય તો સર્વજ્ઞ શબ્દને આ મર્યાદિત અર્થમાં જ સમજવો અને સ્વીકારવો ઘટે છે અને ધર્મનો કાર્યપ્રદેશ પણ જીવનઘડતર સાથે છે, આત્મોન્નતિ સાથે છે, વ્યક્તિ અને સમાજ વચ્ચે જરૂરી એવી સંવાદિતાની ઉંડી સમજણ સાથે છે અને નહિ કે ખગોળ કે ભૂગોળ સાથે, નહિ કે રસાયણ શાસ્ત્ર કે ભૌતિક શાસ્ત્ર સાથે–આ પ્રમાણે ધર્મની પણ મર્યાદા આપણે સ્વીકારી લેવી ઘટે છે.

બીજી બાજુએ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થાય તે જ માત્ર સાચું અને બીજું બધું ખોટું–આવું ધર્મડ વિજ્ઞાને પણ છોડવાની જરૂર છે. વિજ્ઞાનનો સીધો સંબંધ પ્રત્યક્ષ સાથે છે અને તેને લગતી માન્યતાઓ પણ સદ્ધાને માટે સ્થિર હોતી નથી. જેમ જેમ સંશોધન વધતું જાય છે, વિસ્તરતું જાય છે તેમ તેમ આ માન્યતામાં–તેના એક યા બીજા અંશોમાં–ફેરફાર થયા જ કરે છે. જેને અદૃષ્ટ કહેવામાં આવે છે તે સાથે વિજ્ઞાનનો બહુ જ ઓછો સંબંધ છે અને દૃષ્ટ કરતાં અદૃષ્ટની દુનિયા ઘણી વિશાળ છે. વિજ્ઞાન શરીરને ઓળખે છે, પણ તેના અધિષ્ઠાતા આત્માને સ્પર્શી શકતું નથી; વિજ્ઞાનનો સીધો સંબંધ પાર્થિવ જગત્ સાથે છે, વિશ્વના વિરાટ સ્વરૂપ વિષે તેને માત્ર ઝાંખી ઝાંખી કલ્પનાઓ જ હોય છે; જન્મથી માંડીને મૃત્યુ સુધીના ઐહિક જીવનને તે જુએ છે, જાણે છે. તેની આગળપાછળના જીવનસાતત્યની તેને કશી સુઝ નથી. જીવ અને જગત–તેનાં પ્રેરક સંચાલક કોઇ વિશ્વવ્યાપી શક્તિ કે ચૈતન્ય છે કે નહિ તે વિષે વિજ્ઞાનને કશી ગતાગમ નથી, કારણ કે તે વિષય પ્રત્યક્ષથી પર છે. આ કાર્ય છે અધ્યાત્મવિદ્યાનું. અને તેનો સંબંધ છે અન્તર્ગત અનુભૂતિઓ અને માનવીચિત્તના ઉર્ધ્વીકરણ સાથે. આ રીતે વિજ્ઞાને પણ પોતાની મર્યાદા આંકીને ચાલવાનું છે.

આમ વિજ્ઞાન અને ધર્મ–પ્રત્યેક પોતપોતાની મર્યાદા સમજી લે, આધુનિક વૈજ્ઞાનિક શોધો સાથે અથડાતી પુરાણી ધાર્મિક માન્યતાઓનું ઇતિહાસથી ઇતર એવું હવે કોઇ મૂલ્ય નથી એમ ધાર્મિકો સ્વીકારી લે અને જ્ઞાનનો અનંત પ્રદેશ કેવળ પ્રત્યક્ષથી સીમિત નથી એમ વૈજ્ઞાનિકો સ્વીકારી લે તો વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કશા પણ સંઘર્ષનું કારણ ન રહે.

વળી હવે તો વિજ્ઞાન પણ પહેલાં માફક કેવળ જડવાદી અને પ્રત્યક્ષવાદી રહ્યું નથી. અણુના વિસ્ફોટ પછી અને વિશ્વાકાશના ગહન ભાગોમાં વૈજ્ઞાનિક સાધનો દ્વારા વધારે ને વધારે પ્રવેશ મળવાના પરિણામે આજનો વૈજ્ઞાનિક વિશ્વને આશ્ચર્યભાવે નિહાળી રહ્યો છે, વિશ્વના સ્વરૂપને વધારે અકળ, ગૂઢ અને ગહન માનવા લાગ્યો છે અને આથી વિશેષ કાંઇ નથી એવા પહેલાંના માનસિક વલણને બદલે જે દેખાય છે, તે કરતાં નથી દેખાતું તે ઘણું વધારે વિરાટ અને માનવીબુદ્ધિથી જેનો કોઇ તાગ મેળવી ન સકાય એવું ગહન છે–આવી પ્રતીતિ તરફ વૈજ્ઞાનિક ગતિ કરી રહ્યો છે. જગતના મૂળદ્રવ્યોની ગણતરી ૯૨ ની સંખ્યા ઉપર આવીને વર્ષો સુધી અટકી હતી. હવે તેના મૂળમાં પ્રોટોન, ન્યુટ્રોન અને ઇલેકટ્રોન એમ માત્ર ત્રણ દ્રવ્ય છે અને દરેક પરમાણુ આ ત્રણ દ્રવ્યના ઓછા વધતા કણોનો સમુચ્ચય છે એમ સિદ્ધ થયું છે. આ ત્રણ દ્રવ્ય આગળ જતાં એક દ્રવ્યમાં વિલીન થાય એ અસંભવિત લાગતું નથી. વળી પુદ્ગળ અને શક્તિ એકમેકથી ભિન્ન નહિ પણ એકમેકનું કેવળ રૂપાન્તર છે, શક્તિને પુદ્ગળમાં પરિણમાવી શકાય છે અને પુદ્ગળને શક્તિમાં પરિણમાવી શકાય છે–આવું પુદ્ગળ અને શક્તિનું અદ્વૈત વિજ્ઞાને હવે સ્વીકાર્યું છે. આ બધું સંશોધન પ્રત્યક્ષથી પર એવી પદ્ધતિઓ વડે ચાલી રહ્યું છે. પરિણામે આજનો વૈજ્ઞાનિક પહેલાંનો નાસ્તિકવાદી રહ્યો નથી, પણ ગૂઢવાદી, ગહનવાદી અજ્ઞેયવાદી બન્યો છે અને એ ગૂઢ, ગહન અજ્ઞેયને સ્વીકારીને તેના ઊંડાણમાં જવા મથી રહ્યો છે. આધુનિક જમાનાના સર્વોત્કૃષ્ટ વૈજ્ઞાનિક આઇન્સ્ટીનને કોઇ નાસ્તિક કહી નહિ શકે. આમ વિજ્ઞાનના વલણમાં પણ ઘણો ફેરફાર થયો છે. પરિણામે આજનો વૈજ્ઞાનિક ધર્મથી વિમુખ રહેવાને બદલે જાણે કે ધર્મની સન્મુખ જઇ રહ્યો છે એટલે કેવળ ભૌતિક નહિ એવાં જીવનમૂલ્યોનાં સ્વીકાર તરફ તે ઢળી રહ્યો છે.

આ આખી ચર્ચાને આપણે આ રીતે સમેટી શકીએ. વિજ્ઞાનનો સંબંધ મુખ્યપણે વાસ્તવિક જગત સાથે છે. ધર્મનો સંબંધ જીવનની શ્રેયસાધના સાથે છે. જગતના વાસ્તવિક સ્વરૂપની સમજણ શ્રેયસાધનાના જગત સાથેના વ્યાપક અનુબંધને સમ્યક પ્રકારે ગ્રહણ કરવા માટે આવશ્યક છે. શ્રેયનો સમ્યક વિચાર વાસ્તવિકતા સાથે સંવાદિતા કેળવવા માટે ઉપયોગી છે. વિજ્ઞાનનો સંબંધ વસ્તુસ્થિતિના યથાર્થ ભાન સાથે છે; ધર્મનો સંબંધ માનવીજીવનના ઘડતર અને વિકાસ અર્થે છે એટલે કે ઉર્ધ્વગામી જીવનમૂલ્યો સાથે છે. માનવીજીવનના ઉત્કર્ષ માટે વસ્તુતત્ત્વના સમ્યક્ જ્ઞાનની જેટલી જરૂર છે તેટલી જ જરૂર સાચાં ઉર્ધ્વગામી જીવનમૂલ્યોની છે. આ રીતે વિજ્ઞાન અને ધર્મ પોતપોતાની રીતે માનવીજીવનને વિકસાવવામાં–આગળ લઇ જવામાં–અનેક રીતે ઉપકારક બની શકે છે.

પરમાનંદ

ભારતીય આરોગ્ય નિધિનું નવું સ્તુત્ય સાહસ

(શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ, હીરાના એક અગ્રગણ્ય વ્યાપારી છે અને મુંબઇમાં વર્ષોથી તેમનો આ વ્યવસાય ચાલે છે. આ વ્યાપારમાં તેમણે સારી સફળતા પ્રાપ્ત કરી છે, પણ આથી સંતોષ ન માનતા તેમણે કેટલાક સમયથી પોતાનું ધ્યાન જનતાની આરોગ્યસુધારણા તરફ કેન્દ્રિત કર્યું છે અને એ ક્ષેત્રમાં બને તેટલી સેવા કરવા પાછળ તેઓ પોતાના સમય તેમ જ શક્તિનો એક મીશનરી માફક સારા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે. મુંબઇમાં તેમનો નિવાસ છે; પાટણ તેમનું વતન છે. પરિણામે તેમની આ દિશાની બધી પ્રવૃત્તિઓ મુંબઇ શહેર તેમ જ પરાંઓ તથા પાટણ શહેર અને મહેસાણા જિલ્લા પૂરતી મર્યાદિત રહી છે, જો કે તેમની આ પ્રવૃત્તિને ભારતવ્યાપી બનાવવાની તેઓ ભાવના સેવે છે. આ હેતુથી તેમણે 'ભારતીય આરોગ્ય નિધિ'એ નામની એક સેવાલક્ષી સંસ્થા–Charitable Society–ની ૧૯૫૪ની સાલમાં સ્થાપના કરી છે. અને આ સંસ્થાને વ્યવસ્થિત રીતે રજીસ્ટર્ડ કરાવવામાં આવી છે. આ સંસ્થા ૧૫ સભ્યોની ગવર્નિંગ કાઉન્સીલની અને તેમાંથી ૬ સભ્યોની એકઝીકયુટીવ કાઉન્સીલની બનેલી છે, જેમાં શ્રી. હીરાલાલ ભોગીલાલ શાહ ચેરમેન–પ્રમુખ છે અને વસ્તુતઃ ભાઇ હીરાલાલ જ આ સંસ્થાના પ્રેરક, સંચાલક અને સતત ક્રિયાશીલ આત્મા છે.

ભારતીય આરોગ્ય નિધિની ૧૯૫૪માં સ્થાપના થયા બાદ એ સંસ્થા તરફથી એ જ સાલમાં પાટણ ખાતે, 'હેલ્થ એન્ડ વેલફેર સેન્ટર'– 'આરોગ્ય અને કલ્યાણ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. તે કેન્દ્રના ઉપક્રમે પ્રારંભમાં એક સમૂહ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઉત્તર ગુજરાતમાં આવેલા મહેસાણા જિલ્લાના લગભગ એકસો ગામડાંને વૈદ્યકીય રાહત પહોંચાડી શકાય એ હેતુથી એક મોબાઇલ હૉસ્પિટલ વાન વસાવીને વહેતી કરવામાં આવી હતી. સમયાન્તરે સગર્ભા સ્ત્રીઓની પ્રસૂતિની આગળ અને પાછળની સાર સંભાળ, બાલકલ્યાણ, પૌઢ શિક્ષણ અને સમાજશિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા અંગે પ્રચાર અને દૂધકેન્દ્રોનાં સ્થળે સ્થળે ઉદ્‌ઘાટન–આવી કેટલીક પ્રવૃત્તિઓ પાટણના ઉપરોકત આરોગ્ય અને સમાજકલ્યાણ કેન્દ્ર તરફથી ચાલુ કરવામાં આવી હતી. ૧૯૫૫–૫૬માં આ નિધિ તરફથી મુંબઇ શહેર તથા પરાંઓના વિસ્તારમાં સેવાકાર્ય કરવા માટે વૈદ્યકીય અને કલ્યાણકેન્દ્રનું મુંબઇ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. આ કેન્દ્ર દ્વારા કિલનિક, બાળવાડી, દૂધકેન્દ્રો સ્ત્રીઓ માટે સીવણ વર્ગો, યુવક કલ્યાણ તથા રમતગમતો, કુટુંબ તથા સમાજની પરિસ્થિતિનો અભ્યાસ અને મનોરંજન–આવી કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવાનું વિચારાયું હતું જેમાંથી કેટલીક પ્રવૃત્તિઓનો અમલ થઇ ચુકયો છે. તદુપરાન્ત ૧૯૫૬ની આખરમાં અમેરિકાની જાણીતી સંસ્થા 'કેર'–'CARE'–તરફથી ભારતીય આરોગ્ય નિધિને ઉત્તર ગુજરાતની ગરીબ પ્રજામાં વહેચવા માટે દૂધ (મિલ્ક પાઉડર) ઘી, ચોખા, ઘઉં, કઠોળ વગેરે પોષક ખોરાકનો ઘણો મોટો જથ્થો ભેટ મળ્યો હતો અને આ જથ્થાની ઉત્તર ગુજરાતનાં ગામડામાં તથા શહેરોમાં વસતી પ્રજામાં વહેંચણી કરવામાં આવી હતી. ઉપર જણાવેલ મિલ્ક પાઉડરનું દૂધ બનાવીને, ઉત્તર ગુજરાતમાં ઉઘાડવામાં આવેલા સંખ્યાબંધ દૂધકેન્દ્રો દ્વારા હજારો બાળકોને દૂધ વહેંચવામાં આવ્યું હતું અને આજે પણ વહેંચવામાં આવે છે.

૧૯૫૭ની સાલમાં મુંબઇ શહેર તથા પરાંઓમાં ક્ષયના દર્દીઓને ઘરઆંગણે જેથી સારવાર મળી શકે એ માટે ટી. બી. કિલનિક અને મોબાઇલ હૉસ્પિટલ વાનની યોજના ભારતીય આરોગ્ય નિધિ તરફથી હાથ ધરવામાં આવી હતી. આ યોજના દ્વારા આજે ત્રણ હૉસ્પિટલ વાન મુંબઇના જુદા જુદા વિભાગોમાં સતત ફરી રહી છે, અને અનેક કુટુંબોનું શારીરિક નિદાન તે દ્વારા કરવામાં આવે છે, તથા ટી. બી. ને લગતી ચાલુ દવાઓ મફત આપવામાં આવે છે. આજ સુધીમાં આ ફરતી હૉસ્પિટલ ગાડીઓ દ્વારા ૧૦,૦૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવી છે.

ભારતીય આરોગ્ય નિધિની આજ સુધીમાં હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો આ ટૂંક સાર છે. તાજેતરમાં તેમણે ક્ષય રોગ સામે મોટા પાયા ઉપર ઝુંબેશ હાથ ધરવાનો વિચાર કર્યો છે અને તેની શરૂઆત તે સંસ્થાએ ગયા માર્ચ માસની ૨૫મી તારીખના રોજ કરવામાં આવેલ શ્રી હેમચંદ્ર મોહનલાલ ટી. બી. સેનેટોરિયમના ઉદ્‌ઘાટન દ્વારા કરી છે. આ સાથે એક આંખની હૉસ્પિટલની પણ શરૂઆત કરવામાં આવી છે અને એક સર્જિકલ હૉસ્પિટલનો પણ પાયો નાંખવામાં આવ્યો છે. આની વિગતો ભારતીય આરોગ્ય નિધિના સંચાલકો તરફથી મળેલ નીચેના નિવેદનમાં આપવામાં આવી છે.

પરમાનંદ)

થોડાક જ સમય પહેલાં (તા. ૨૫–૩–૬૧ના રોજ) ગુજરાત રાજ્યના આરોગ્યપ્રધાન માનનીય શ્રી માણેકલાલ શાહના વરદ હસ્તે ભારતીય આરોગ્ય નિધિના ઉપક્રમે 'શેઠ હેમચંદ્ર મોહનલાલ ટી. બી. સેનેટોરિયમ' અને 'શ્રીમતી મણિબ્હેન છોટાલાલ આંખની હૉસ્પિતલ'નું ઉદ્‌ઘાટન તથા 'બાઇ ગુલાબબાઇ રમણલાલ દવાવાળા સર્જિકલ હૉસ્પિટલ'નું શિલારોપણ પાટણ ખાતે કરવામાં આવ્યું હતું. આમાંની ટી. બી. હૉસ્પિટલની સાથે એક વિશાળ ટી. બી. કિલનિક પણ જોડવામાં આવેલ છે, જ્યાંથી દરરોજ સેંકડો દર્દીઓની ટી. બી.ની આઉટડોર તથા ડોમીસીલિયરી એટલે કે ઘરઆંગે સારવાર થાય છે. રાજમહાલના કમ્પાઉન્ડમાં ૨૦ એકર વિશાળ જગ્યા સરકાર તરફથી ભેટ આપવામાં આવી છે, જેના ઉપર બે હૉસ્પિતાલો બાંધવામાં આવી છે ને ત્રીજી બંધાય છે. ટી. બી. હૉસ્પિતાલમાં ૧૦૫ દર્દીઓને રહેવાની સગવડ કરવામાં આવી છે, પણ જરૂર પડયે ૧૫૦ દર્દીઓ પૂરતી સગવડ વધારવાની ગોઠવણ છે. હૉસ્પિતાલમાં માંદી, અર્ધમાંદી તથા પેઇંગ વર્ગો રાખવામાં આવ્યા છે, જેમાંના ૬૦ ટકા માંદી તથા અર્ધમાંદી છે, અને માત્ર ૪૦ ટકા જ પેઇંગ કલાસમાં છે. પેઇંગ કલાસમાં દર્દીને સ્વતંત્ર બંગલો અગર તો રૂમ આપવામાં આવે છે. દરેક વોર્ડમાં ઇલેકટ્રિક લાઇટ, પંખા, ફલશવાળાં જાજરૂ, રેડીયો, વિગેરેની સગવડ આપવામાં આવેલ છે.

હૉસ્પિતાલના કંપાઉન્ડમાં એક વિશાળ કલ્યાણકેન્દ્ર બાંધવામાં આવ્યુ છે. અહીં દરેક દર્દી મુકરર કરેલા સમયે શાંતિથી પ્રાર્થના કરી શકે છે. આ કેન્દ્રનો ઉપયોગ લાઇબ્રેરી, વાચનાલય, મનોરંજન હૉલ, મિટિંગ હૉલ, સિનેમા, વિગેરે તરીકે કરાય છે. ટૂંક સમયમાં આ કેન્દ્રમાં દર્દીઓના rehabilitation (પુનઃ–કાર્યક્ષમતા) અંગેનું આયોજન કરવાની ધારણા છે. કેન્દ્રની બહાર એક મોટો ચોતરો બાંધવામાં આવેલ છે, જેનો ઉપયોગ ઓપન એર થિયેટર તરીકે તેમ જ જાહેર મિટીંગ, સમારંભ વિ. માટે કરી શકાય તેમ છે.

દર્દીઓ તથા અતિથિઓ માટે સુંદર ભોજનાલયની સગવડ રાખવામાં આવેલ છે, જ્યાં બે ટંક શાકાહારી પૌષ્ટિક ભોજન તથા દિવસમાં ત્રણ વાર ચ્હા, દૂધ, છાશ, દહીં, દૂધનાં

વિવિધ પીણું, ઋતુઋતુનાં ફળો, નાસ્તો, વિ માસિક રૂા. ૫૦ નો દર લઇ આપવામાં આવે છે.

એક સુંદર બગીચાની યોજના (lay-out) પણ વિચારવામાં આવી છે, જ્યાં દર્દીઓ માટે શાકભાજી અને ફળફૂલ ઉપરાંત લીમડા અને યુકેલિપ્ટસના સેંકડો ઝાડો રોપવામાં આવનાર છે. આ ઉપવન બેથી ત્રણ વર્ષમાં ઊભું થવાની આશા રહે છે.

સેનેટોરિયમ પર સ્ટેશનથી પાંચ મિનિટમાં ચાલીને પહોંચાય છે. દર્દીઓને લઇ જવા લાવવા માટે વાહનની સગવડ કરવામાં આવી છે. બહારગામથી આવતી બસો સેનેટોરિયમના દરવાજા પર ઊભી રહે છે જેથી ગામડેથી બસમાં આવતા દર્દીઓને ઘણી સવડ રહે છે. ઇસ્પિતાલમાં સારવાર માટે બહારગામથી આવતા ટી. બી. ના દરેક દર્દી તથા તેમની સંભાળ માટે આવતી દરેક વ્યક્તિ અમારી પાસેથી સર્ટિફિકેટ મેળવી રેલમાં માત્ર પા ટિકીટનો દર આપી નજીવા ખર્ચે મુસાફરી કરી શકે છે. દૂર દેશાવરથી આવતા દર્દીઓ માટે તો આ એક ઘણી મોટી રાહત છે.

ક્ષયરોગ એક વખતે અસાધ્ય એવો લાંબાકાળનો રાજરોગ ગણાતો હતો. દર્દીઓ બિચારા આર્થિક રીતે પાયમાલ થઇ રિબાઇ રિબાઇને મરતા. હવે ક્ષયના ઉપચારો માટે ઉત્તમ દવાઓ શોધાઇ છે. જો દર્દની શરૂઆત જ હોય તો બે ત્રણ મહિના ઇસ્પિતાલમાં રહેવાથી દર્દી સારો થઇ જાય છે. પણ જો દર્દ પ્રમાણમાં વધી ગયું હોય તો ત્રણ મહિના ઇસ્પિતાલમાં રહ્યા બાદ બીજા ૭ મહિનાની સારવારથી દર્દીને આરામ થાય છે અને સારવાર દરમિયાન તે પોતાનો ધંધો અગર તો મજૂરી (બહુ શ્રમ ન પડે તેવી) ચાલુ રાખી પોતાની આજીવિકા કમાઇ શકે છે. દર્દ બહુ ફેલાઇ ગયું હોય તો ઇસ્પિતાલમાં ૬ મહિનાથી ૧ વર્ષ સુધી રહેવું પડે છે. કેટલાક દર્દીઓ એવા હોય છે કે જેમાં દર્દને દૂર કરવા માટે ઑપરેશન અનિવાર્ય હોય છે, જ્યારે બીજા એવા દર્દીઓ પણ હોય છે કે જેને ઑપરેશન કરવાથી બહુ લાંબા વર્ષોની સારવારને બદલે ટૂંક સમયમાં દર્દીને આરામ થઇ જાય છે. બંને પ્રકારના દર્દીઓના લાભાર્થે આ ઇસ્પિતાલમાં સર્જિકલ ઇસ્પિતાલ બાંધવાનો પાયો પણ નંખાઇ ગયો છે. આ ઇસ્પિતાલમાં ટી. બી. ના ઑપરેશન ઉપરાંત બીજાં જીવલેણ દર્દ જેવાં કે, કેન્સર વિ. માટે નાનાં મોટાં ઑપરેશનો કરવાનો પ્રબંધ પણ કરવામાં આવનાર છે. ગમે તેવાં મોટાં ઑપરેશનો નિષ્ણાતોના હાથમાં હવે સહીસલામત ગણાય છે. પણ કમનસીબે આવા નિષ્ણાતો ઉ. ગુજરાતમાં બહુ જ થોડા છે, અગર તો નથી. નિધિની ઇસ્પિતાલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. એમ. પી. ત્રિવેદી, એમ. એસ, એફ. આર. સી. એસ. (Edin) એક નિષ્ણાત સર્જન છે અને chest surgery (છાતીના વાઢકાપ) ની તેઓએ સ્પેશીયાલીસ્ટ તરીકેની વિલાયતમાં પરીક્ષા પસાર કરી છે. તદુપરાંત વિલાયત તથા આપણા દેશની ઇસ્પિતાલોમાં વર્ષોથી કામ કરી તેમણે સારો અનુભવ મેળવ્યો છે. આવા ઉત્તમ પ્રકારના સર્જનના જ્ઞાનનો લાભ દર્દીઓને તુરતમાં જ ઓછાવત્તા અંશે મળે તેથી સર્જિકલ ઇસ્પિતાલ પૂરી બંધાઇ જાય તે પહેલાં નિધિની ટી. બી. ક્લિનિકમાં સર્જિકલ કામ માટે ઑપરેશન થીએટર તરીકે ત્રણ ઓરડા અલગ કાઢયા છે. ત્યાં સર્જિકલ કામ શરૂ કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. ઉ. ગુજરાતની પ્રજા આવી સેવા તથા સગવડોના અભાવે વગર મોતે મરે છે. તેમની વહારે ધાવાનો નિધિનો આ નમ્ર પ્રયાસ છે.

ઑપરેશનની જરૂરિયાતવાળા ટી. બી. ના દર્દીઓને ઇસ્પિતાલમાં દાખલ કરવાની શરૂઆત થઇ ગઇ છે. ઑપરેશન કરતાં પહેલાં મોટા ભાગના દર્દીઓને બે ત્રણ મહિના અગર તો કેટલીકવાર તેનાથી પણ લાંબી Pre-operative (ઑપરેશન પહેલાંની) સારવાર આપી દર્દીને ઑપરેશન માટે તૈયાર કરવામાં આવે છે.

આપણા દેશમાં-પણ ખાસ કરીને અમદાવાદ તથા ઉત્તર ગુજરાતમાં-ક્ષયરોગે ઊંડું મૂળ નાંખ્યું છે. આ રાક્ષસી દર્દથી પીડાતાં લાખો માણસોને ઇસ્પિતાલમાં સારવાર આપવાની આપણી પાસે આર્થિક શક્તિ નથી. સદ્‌ભાગ્યે તબીબી વિજ્ઞાનમાં હવે એવી અકસીર દવાઓનું સંશોધન થયું છે કે મોટા ભાગના દર્દીઓની ઘેરબેઠાં સારવાર થઇ શકે છે. આવી સારવાર કરવાનો પ્રબંધ જ્યારે નિધિ તરફથી નજીની ફી લઇ કરવામાં આવ્યો છે ત્યારે આવા દરેક દર્દીને આ સેવાનો લાભ લેવા વિનંતી છે. જે દર્દીને ઇસ્પિતાલમાં રહેવાની જરૂર લાગે છે તેમને નિધિની ઇસ્પિતાલમાં પ્રારંભિક નિદાન કર્યા બાદ દાખલ કરવામાં આવે છે.

એક અતિઉપયોગી બાબત-ટી. બી. પ્રતિબંધક ઇલાજો (Preveutive measures)-સમજવાની અત્યંત જરૂર છે. આ અંગે નિધિ તરફથી થોડાક વખતમાં એક પુસ્તિકા તૈયાર થશે જે વિનામૂલ્યે દરેકને મળી શકશે. તે ઉપરાંત tuberculine test અને B. C. G. (ક્ષય)ની રસી મૂકવાની પણ ગોઠવણ નિધિએ કરેલ છે.

આંખના દર્દો અને અંધાપો

આપણા દેશમાં આંખના દર્દનું પ્રમાણ દુનિયાના બધા દેશો કરતાં ઘણું મોટું છે. ઉત્તર ગુજરાતમાં તો ધૂળ, ગરમી, અને ચેપના કારણે આંખનાં દર્દે ઘર ઘાલ્યું છે, અને તેથી ઉદ્‌ભવતો અંધાપો કંપાવનારો છે. જેમ ક્ષય રોગ સામે નિધિએ ઝૂંબેશ ઉઠાવી છે તે જ પ્રમાણે આંખના દર્દો તથા અંધાપા સામે નિધિએ વીસ ખાટલાની આંખની ક્લિનિકલ (સારવાર) તથા સર્જિકલ (ઑપરેશન) સારવાર માટે ઇસ્પિતાલ બાંધી પોતાની આ ઝૂંબેશની શરૂઆત કરી છે. પૂનાની ડેવિડ સાસૂનની મોટી સરકારી ઇસ્પિતાલના ઑનરરી મુખ્ય સર્જન ડૉ. એન. સી. કોઠારી, D. O. (Oxon), D. O. (Bom.), M. B. B. S. આંખના નિષ્ણાતને આ ઇસ્પિતાલના વડા ડૉકટર તથા સર્જન તરીકે રોકવામાં આવ્યા છે.

અમુક પ્રકારના આંધળાઓની આંખનું ઑપરેશન કરી હવે તેમને દેખતા કરી શકાય છે. આવા ઑપરેશનોની વૈજ્ઞાનિક શોધખોળ વિલાયત અને અમેરિકામાં થોડા વર્ષોથી થઇ છે. મુંબઇ, કલકત્તા વિગેરે આપણા દેશના મોટા શહેરોમાં પણ આવા ઑપરેશનની શરૂઆત થઇ ચૂકી છે અને ઑપરેશન ફત્તેહમંદ થયા છે. ગુજરાતમાં આ અખતરો કરવાનું સદ્‌ભાગ્ય નિધિને સાંપડયું છે. ડૉ. કોઠારી આવા પ્રકારના આંખના ઑપરેશનના નિષ્ણાત છે. આવા ઑપરેશન માત્ર દર્દીના સગાં અગર પ્રજાના સહકારથી જ થઇ શકે છે, કારણ કે તરતના મરેલા માણસના આંખના ડોળાની આમાં જરૂર પડે છે. મરેલા માણસનો ડોળો આંધળા પર ઑપરેશન કરી લગાડવામાં આવે છે, તેથી કરી તે દેખતો થાય છે. ગુજરાતના ગવર્નર શ્રી મહેંદી નવાઝ, તથા ગુજરાતના પંતપ્રધાન ડૉ. જીવરાજ મહેતા તથા બીજા અનેક નાની મોટી વ્યકિતઓએ પોતાના વીલમાં જણાવ્યું છે કે તેમના મરણ બાદ જો આંધળાને દેખતો કરવા આંખના ડોળાની જરૂર પડે તો આંખના નિષ્ણાત તેમના ડોળાનો ઉપયોગ ઉપર જણાવેલ ઑપરેશન માટે કરી શકે. આવી જાતના ચક્ષુદાન કરતાં વધારે બીજું શું પુણ્ય હોઇ શકે? આ અંગે વધારે માહિતી નિધિ ઇસ્પિતાલના ડૉકટર પાસેથી મળી શકશે. આંખના નાના મોટા દર્દોથી પીડાતા તથા અંધાપાથી રીબાતા સર્વે ભાઇબહેનોને નીધિની ઇસ્પિતાલમાં વગર વિલંબે સારવાર લેવાની વિનંતિ છે.

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

શ્રી વત્સલાબહેને ઉઠાવેલા પ્રશ્ન ઉપર "પ્રબુદ્ધ જીવન"માં ચર્ચાનું આયોજન કરીને તમે એક સરસ પ્રશ્નની છણાવટ હાથ ધરી છે. જો કે પ્રશ્ન આહારના નિમિત્તે ઉઠાવાયો છે, પણ હું તો તેને અહિંસા સંબંધી વિચારણા સમજું છું. અહિંસાને ઉપયુક્તતાવાદથી જુદી પાડી શકાય તેમ હું નથી માનતો. એટલું ખરું કે તેમાં ઉપયુક્તતાવાદનો વ્યાપક અને વિશદ અર્થ લેવો જોઇએ. જો અહિંસા જીવનના ધારણ અને વિકાસ માટે ઉપયુક્ત સિદ્ધ ન થઇ શકતી હોય તો તેની કોડીની પણ કિંમત નથી. સાચું તો એ છે કે ઉપયુક્તતાવાદનો પુષ્ટ અને સ્વસ્થ આધાર ન મળવાથી અહિંસા નિર્જીવ અને પંગુ જેવી બની ગઇ છે, અને જ્યાં સુધી એ પોષણ નહિ મળે ત્યાં સુધી તેમાં સુધારો થવાની શકયતા પણ નથી.

જીવનના દરેક પ્રશ્નો તત્કાલીન પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થાય છે. એ પરિસ્થિતિમાંથી નિપજતા પરિણામોની અવગણના કરીને કોઇ પ્રશ્નનો ઉકેલ મેળવી શકાશે નહિ. પ્રશ્ન આજનો અને ઉકેલ ગઇકાલનો એ બનવું શકય નથી. અહીં 'સમય' એ માત્ર કાળસૂચક શબ્દ નથી રહેતો, પણ તે કાળની ગતિ સાથે પરિવર્તન પામતી રહેતી જીવનની પરિસ્થિતિ અને તેના મૂલ્યોનો સૂચક પણ છે. જે સામાજિક અને આર્થિક માળખાંઓ ગોઠવાયા હોય, તેમાંથી નવા નવા પ્રશ્નો ઉદ્ભવે છે, જેની સામે વ્યકિતને ઝૂઝવું પડે છે અને અહિંસા હોય કે પછી કોઇ બીજો સિદ્ધાંત હોય, પણ જો તે જીવન ધારણ કરવા માટે છે તો તેણે પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને એ પ્રશ્નોના ઉકેલ શોધવા પડશે. સિદ્ધાન્તમાં કે વ્યવહારમાં, કોઇ પણ વસ્તુ કે વિચાર સનાતન નથી. સત્યથી આગળ વધીને સનાતન કહી શકાય એવી બીજી કઇ વસ્તુ છે? તો પણ સત્ય હંમેશાં શોધ અને અનુસંધાનનો વિષય રહ્યું છે. જો પરિસ્થિતિના પરિવર્તનને લક્ષમાં ન રાખીને એક જ સ્વરૂપ પકડીને બેસી રહીએ તો સત્યનું વિકૃત રૂપ જ હાથમાં આવશે. સત્ય પણ જડ થઇ જઇ શકે છે. કેવળ બાહ્ય આકારમાં નહિ–તેના જ્ઞાનમાં પણ. હમણા જ મેં "Science and Human Values" નામે બ્રોનોવેસ્કીનું પુસ્તક વાંચ્યું. એમાં બહુ સ્પષ્ટતાથી સમજાવ્યું છે કે વિજ્ઞાને માત્ર બાહ્ય પદાર્થોનું સ્વરૂપ બદલ્યું છે એમ નથી, તેણે માનવીનું અંતર અને તેની મૂલ્યાંકનની દૃષ્ટિ પણ બદલી નાંખી છે. અંતર અને બાહ્ય બન્ને એક જ જીવનનાં બે પાસાં છે. લેખકની આ પંકિતઓ ઉપર વિચાર કરીએ:

"Such concepts as justice, humanity and the full life have not remained fixed in the last 400 years; whatever churchmen and philosophers may pretend. In their modern sense they did not exist when Aquainas wrote; they did not exist now in civilisations which disregard the physical fact"— ધર્માધિકારીઓ અને તત્ત્વવેત્તાઓ ગમે તેટલો દાવો કરે, પણ ન્યાય, માનવતા અને પૂર્ણ જીવન વિષેના ખ્યાલો છેલ્લા ૪૦૦ વર્ષ દરમિયાન એકસરખા રહ્યા નથી. જ્યારે એકવીનાસે એ વિષે લખ્યું ત્યારે તેમાં આધુનિક કાળની સમજણનો ભાવ નહોતો. જે સભ્યતાઓ ભૌતિક હકીકતની ઉપેક્ષા કરી રહી છે તેમાં આજે પણ તે ભાવ સૂચિત નથી."

એટલે વાત એમ છે કે વિજ્ઞાનની પ્રગતિનાં પરિણામો પ્રમાણે સિદ્ધાન્તો કે વિચારોની પરિભાષામાં અંતર પડી ગયું છે. વિજ્ઞાન એ નિરન્તર વિકાસશીલ જ્ઞાનની એક પ્રક્રિયા જ છે, અને આ સતત વિકાસશીલતાના નિયમાનુસાર જીવનમૂલ્યોમાં પણ વિજ્ઞાન દ્વારા નિરન્તર ક્રાન્તિ થતી આવી છે. વાસ્તવમાં જેમ ઉપર કહ્યું તેમ માનવ–વિચારણા, અને વ્યવહારમાં ચિરસ્થાયીપણા જેવું કંઇ છે નહિ. અહિંસા સંબંધી વિચારણામાં પણ આ વાતને આપણે સમજી લેવી જોઇએ.

ચર્ચા આહારના પ્રશ્ન પુરતી મર્યાદિત છે, પણ હું બહુ ઊંડા પ્રશ્નમાં ઊતરી ગયો, કેમકે આમાં મૂળભૂત સવાલ અહિંસાના આધાર પર જીવનમૂલ્યો વિકસાવવાનો છે. કોઇપણ વિચારશીલ મનુષ્ય એટલું તો સ્વીકારશે જ કે દુનિયાના તમામ લોકો શાકાહારી થઇ જાય તો પણ વિશ્વમાં હિંસા અને યુદ્ધની પરિસ્થિતિ પેદા થઇ શકે છે. દાખલા તરીકે આજે આપણે જૈન સમાજ અને તેમાં પણ કેવળ સાધુ વર્ગને જોઇએ કે જેનાં ખાન–પાન, રહેણી–કરણીમાં જુની માન્યતા અનુસાર પૂર્ણ અહિંસાનું પાલન છે. એ વર્ગ કેટલો અસ્વસ્થ અને નિસ્તેજ થઇ ગયો છે તે જોવા માટે બેટરી લઇને શોધવા નીકળવું પડે તેમ નથી. જ્યારે આજે હું કેટલીયે એવી વ્યકિતઓને જાણું છું કે જે માંસાહારી હોવા છતાં શાકાહારી કરતાં વધારે કરુણામય અને સહૃદયી છે. એટલે આહારના મુદ્દા ઉપર હિંસા અહિંસાનો નિર્ણય કરવો એ ઉચિત નથી.

સીધી અને સરળ વાત તો એ છે કે આપણે જીવનનાં વાસ્તવિક મૂલ્યોને વિજ્ઞાન દ્વારા નિરંતર બદલાતી જતી પરિસ્થિતિ લક્ષમાં રાખીને સમજીએ, અને તેના આધારે દરેક વસ્તુના સ્વરૂપ અને વ્યવહારનો નિર્ણય કરીએ. આ જ મૂલતઃ ઉપયુક્તતાવાદી દૃષ્ટિકોણ છે કે જે જીવનની ભૌતિક અને માનસિક બન્ને ભૂમિકાઓને લાગુ પડે છે. આ દૃષ્ટિને સમજ્યા વિના કે તેની અનુભૂતિ વિના કરુણા–વિચાર અસંભવ છે. તેના વિનાની અહિંસાને બહુમાં બહુ તો એક અબૂઝ સંસ્કાર કહી શકાય.

પરિચર્યાના પ્રશ્ન પર વિચાર કરતાં જે વિચારો મગજમાં આવ્યા તે અહિં પ્રગટ કર્યા છે.

કલકત્તા, તા. ૨૫–૬–'૬૧. ભંવરમલ સિંધી

☆

શ્રી વત્સલાબહેન મહેતાના પત્ર પરથી એ શીખવાનું મળે છે કે આપણે સ્થૂલ અહિંસાથી સંતોષ ન માનીએ. આપણો પ્રયત્ન સ્થૂલથી સૂક્ષ્મ, સીધીથી આડકતરી, પ્રત્યક્ષથી પરોક્ષ અહિંસા તરફ વધવાનો રહેવો જ જોઇએ. પણ તેથી ઊલટું "સૂક્ષ્મ હિંસા તો આપણે કરીએ જ છીએ પછી સ્થૂલ હિંસા કરવામાં પણ શું વાંધો?" એમ ન કહી શકાય.

ખાસ કરીને જાણ્યે અજાણ્યે આપણે હિંસામાં ભલે સપડાયલા રહીએ, પણ યોજનાપૂર્વક તથા વિજ્ઞાન કે સંશોધનને નામે પણ હિંસા કરવી તે વિશેષ જ ભયંકર ગણાવું જોઇએ. માણસનાં રોગનિવારણની દૃષ્ટિએ વાંદરાને કાપી અખતરા કે સંશોધન કરવું તે પાપ જ ગણાવું જોઇએ. મૃત માણસના શરીર પર તેવા અખતરા કરી શકાય, અથવા તો મૃત્યુની રાહ જોતા કેટલાક પરોપકારી વૃત્તિના સજ્જનો પોતાના ક્ષીણ કે વ્યાધિજર્જર દેહ પણ એવા સંશોધનો માટે આપવા તૈયાર થાય તો તેમનું કહેણ સ્વીકારાવું જોઇએ અને તેટલા સંશોધન પર સંતોષ માનવો જોઇએ.

આજના આપણા સંકીર્ણ–વિકીર્ણ જીવનમાં અહિંસક કે નિરામિષાહારી કોઇ રહ્યા જ નથી, બધા જ સીધી કે આડકતરી રીતે હિંસાથી કે માંસાહારથી ખરડાયેલા છે. તો યે માણસની અહિંસા તરફની પ્રવૃત્તિ પણ અનિવાર્ય છે અને આપણે નવેસરથી હિંસા–અહિંસાનો વિચાર કરવો ઘટે છે.

તા. ૧૨–૪–'૬૧ અમ્પા પટવર્ધન

શ્રી વત્સલાબહેનના લેખ ઉપરથી મુખ્ય ત્રણ મુદ્દા ઉપસ્થિત થાય છે:–(૧) ધર્મ અને ધર્મભાવના (૨) વેદો, સ્મૃતિઓ (૩) અને અર્થશાસ્ત્ર.

ધર્મભાવના વિષે જોઇએ તો જણાશે કે તે હજારો વરસ ઉપરની વાતો છે. તે ચાલુ જમાનાને બંધબેસતી કદાચ ન હોય. માંસાહાર વર્ણપ્રમાણે હતો. ક્ષત્રિયો ખાસ કરીને માંસાહારી હતા. માત્ર અમુક માણસો માંસાહારી હતા માટે માંસાહાર વ્યાજબી છે એમ ન લેખાય. અમેરિકા યુરોપાદિ દેશોમાં શાકાહારી મંડળો થયાં છે ને માંસાહારનો પુષ્કળ વિરોધ કરેલો છે. વૈજ્ઞાનિક રીતે પણ શોધખોળથી જણાયું છે કે શાકાહારી કરતાં માંસાહારીમાં રોગનું પ્રમાણ વધારે છે.

વિજ્ઞાને એક બીજી વાત પણ શોધી કાઢી છે કે વાંદરા વગેરે પશુનાં અંગો માણસોના અંગો સાથે મેળવી, જોડી લેવામાં આવે તો તે બરાબર કામ આપી શકતાં નથી ને એ માત્ર પ્રયોગની સ્થિતિમાં જ છે.

મનુસ્મૃતિમાં માંસાહારનાં જુદાં જુદાં પ્રકરણો લખ્યાં હશે, પણ તે તો માત્ર રૂપક છે. મનુષ્યના સ્વભાવને પશુ ગણાવેલ છે.

ભારત સરકાર આર્થિક રીતે કદાચ માંસાહારને ટેકો આપે, પણ તેથી વાઘ તૃણ ખાતો નથી તે નહિ જ ખાય. તેથી ઊલટું હાથી ઘાસ ખાઇને પણ માતેલો રહે છે તે રહેશે.

ભૂખ્યો શું પાપ ન કરે? મતલબ કે ભૂખ્યો શું ન ખાય?

એક સમય એવો હતો કે જગત માત્ર જંગલી હતું ને માણસમાં માનવતા ન હતી. હવે માનવતા આવતી જાય છે તો આજની નવી શોધોને માનવતાને ખાતર કેમ ન વાપરીએ? ઉત્તર–દક્ષિણ ધ્રુવ ઉપર ખોરાકની તાણ હોય છે ને તેથી તે લોકો કેવળ માંસાહારી જ છે; તો પણ આપણે જેમ દુષ્કાળગ્રસ્ત, રેલગ્રસ્ત બંગાળઆસામના ભાગોમાં વિમાન મારફત અનાજ વહેંચ્યું તેમ ઉત્તરધ્રુવમાં કેમ ન વહેંચીએ?

માણસનો તો એ સ્વભાવ જ છે કે જરાક ઢીલું દેખ્યું કે તે વસ્તુ તે પકડી લેશે. ઢીલું મૂકવું એ જ માણસની ખામી છે ને માણસાઇ–માનવતા–વિરુદ્ધની વાત છે. જૈનો મોતી કે રેશમનો વેપાર કરતા હશે તો તેમને સમજાવવાથી તેવો વેપાર તેઓ મૂકી દેશે. બ્રાહ્મણો માંસાહારી હશે તો તે પણ દયા ધર્મના પ્રચાર વડે ક્રૂરતાથી દૂર થઇ શકશે. ક્રૂરતામાં ઉમેરો કરશો તો દયા ધર્મ રહેશે જ નહિ. દયા ધર્મનો ઇજારો માત્ર કંઇ જૈનોનો જ નથી. દયા ધર્મ મૂળથી જ ચાલતો આવેલો છે ને જ્યાં જ્યાં ક્ષતિઓ આવી છે ત્યાં ત્યાં બુદ્ધો, મહાવીરો, દયાનંદોએ બ્રેક લગાવી છે.

તેથી ભારત સરકાર એકલી આર્થિક બાજુએ જોઇ દયાધર્મને મૂકે મૂકાવે તે પણ ઇચ્છવાજોગ નથી.

ભૂખ્યો માણસ ગમે તે ખાશે, એ વાત ખરી, પણ ભૂખ ભૂખમાં ને ખાવા ખાવામાં પણ ફેર હોય છે.

માંસાહારથી શરીર ટકે છે એ માનવું ભૂલભરેલું છે. જેમ જેમ માણસમાં સંસ્કાર ને માણસાઇ આવતાં ગયાં તેમ તેમ તેણે માનવતાને સ્વીકારી લીધી છે ને માંસાહાર છોડયો છે.

યુરોપમાં, અમેરિકામાં શાકાહારી મંડળો ને હોટેલો થયા છે ને તે પશુહત્યાને નિવારવા માટે જ છે. હત્યા નાના જીવની કરીશું તો મોટા જીવની પણ કરતાં અચકાઇશું નહિ. અહિંસા તરફ જગતને દોરવું હોય તો માંસાહાર છોડવો પડશે. તેથી ડગલે ને પગલે થતાં ખૂનો અને આપઘાતો અટકી પડશે.

આ મનુષ્યના હિતના પ્રયોગો છે. માણસનું જીવન જ એક પ્રયોગશાળા છે, ને આફ્રિકા અને અમદાવાદમાં ગાંધીજીએ એ પ્રયોગો કરી બતાવેલા છે.

વિજ્ઞાનની એ રીતની સમસ્યા છે.

દાકતરોના પણ પ્રયોગો છે.

તે સાથે વાંદરા નિકાસને કે મોતી કે રેશમના વેપારને કશું જ લેવાદેવા નથી.

માણસને માણસાઇ તરફ દોરવા એ જ આજે આપણું તથા સરકારનું કર્તવ્ય છે.

માત્ર આર્થિક દૃષ્ટિએ ન જોતાં દયાનું મૂલ્ય વધુ આંકવાની જરૂર છે.

દયા એ જ ધર્મનું મૂળ છે.

દયા એ જ સંસ્કૃતિ છે.

દયામાં જ માનવતા રહેલી છે.

* (હિંસાવિરોધક સંઘ,) ગૌરીશંકર ભટ્ટ

☆

ભારતના મોટા ભાગના માણસો માંસાહારી છે એટલું જ નહિ દુનિયાના મોટા ભાગના માણસો પણ માંસાહારી છે. છતાં તેમાંના કોઇ પણ માણસનો ધર્મ તેને આ બાબતમાં ઉત્તેજન આપતો નથી.

દુનિયાના મોટા ભાગના લોકો ખ્રિસ્તી છે, તેઓ માંસાહારી છે, એટલું જ નહિ પણ, સામ્રાજ્યો જમાવવામાં માને છે ને કોઇ કોઇ ઠેકાણે તો આજે પણ તેઓ માણસો સાથે પણ પશુ જેવો ક્રૂર વર્તાવ રાખે છે. પોતાના દુશ્મનોનો જડમૂળથી નાશ કરવા જાતજાતનાં શસ્ત્રો બનાવે છે, છતાં ઇશુખ્રિસ્તનો ઉપદેશ તો એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરવાનો છે. મનુષ્ય પોતાની અંગત નબળાઇને કારણે પોતાનો સાચો ધર્મ પાળી ન શકે માટે તે યોગ્ય કરે છે તેમ ન કહેવાય.

બીજો નંબર કદાચ મુસ્લીમોનો હશે. તેઓ પણ બકરી ઇદ અને રમજાન ઇદ જેવા ધર્મને દિવસે પણ પ્રાણીનો વધ કરે છે, છતાં તેમના મક્કા–હજના સ્થળે કોઇ પણ મુસલમાન હિંસા કરી શકતો નથી અને કુરાનની એક આયાતનો અર્થ પણ એવો છે કે–તું તારા પેટમાં કોઇ પણ પ્રાણીની કબર કરીશ નહિ.

તે પછીનો નંબર બુદ્ધધર્મના અનુયાયીનો હશે. આપણે બુદ્ધની અહિંસાની ખૂબ ખૂબ વાતો ને કદર કરીએ છીએ પણ તેના અનુયાયીઓ પણ માંસાહારી છે. ૨,૫૦૦ વર્ષની બુદ્ધજયંતી ઉત્સવ વખતે ભારતસરકારે જે કાંઇ પણ ભાગ ભજવ્યો હોય તો તે તેની અહિંસાનાં કારણે જ ભજવેલ છે.

હવે રહ્યો લેખિકા કહે છે તેવો હિન્દુધર્મ, જેનાં શાસ્ત્રો ને સ્મૃતિઓમાં અનેક પરસ્પર વિરોધી વાતો ભરેલી છે. તેમાંના મોટા ભાગના ઉપદેશનો કોઇ અર્થ પણ નથી. દાખલા તરીકે, મહાભારત સિવાય બીજે કોઇ ઠેકાણે હજી સુધી આપણે પાંચ પતિવાળી દ્રૌપદી જોઇ નથી.

જૈન ધર્મના પ્રભાવને તો લેખિકા કબૂલ કરે જ છે, ને તેના જ કારણે મોટા ભાગના લોકો માંસાહારી નથી તે તે જાણે છે, અને હવે દુનિયામાં માંસાહારનો નહિ પણ વનસ્પત્યાહારનો પ્રચાર થાય છે. એટલે દુનિયામાં જે કાંઇ ચાલે છે તે મનુષ્યકૃત નબળાઇ છે, તે વ્યાજબી નથી એમ વત્સલાબહેને સ્વીકારવું રહ્યું. તે જ પ્રમાણે રેશમ ને મોતીના કે તેવા કોઇ પણ ધંધામાં પાપ હોય–જીવહિંસા હોય,–તો જૈનોએ તેવો ધંધો ન કરવો જોઇએ–જૈન સાધુ અને શાસ્ત્રો તેવો ઉપદેશ આપે છે જ. જે આજના આપણા રાષ્ટ્રીય નેતાઓ અને બુદ્ધીજીવીઓને પસંદ નથી ને તે માટે પણ મોટી ચર્ચાઓ શરૂ થઇ ગઇ છે.

શ્રી કનૈયાલાલ મુનશી અન્નપ્રધાન હતા ત્યારે તેમણે ઘણાયે છબરડા વાળ્યા છે. ચોખાની અછતને વખતે તેમણે માછલાં ખાવાનો

ઉપદેશ આપ્યો હતો. માત્ર પ્રશ્ન એ જ રહે છે કે તેમણે પોતે તે ઉપદેશનો અમલ કર્યો છે કે નહિ. જો તેઓએ જ તેનો અમલ ન કર્યો હોય તો તે પારકા છોકરાને જતી કરવા જેવી વાત ગણાય. પ્રશ્ન એ જ છે કે મનુષ્યે જીવવાને માટે નહિ પણ સારી રીતે જીવવાને માટે કોઇ પણ પ્રાણીને મારવાનું વાજબી હોય તો તે ક્યાં જઇને અટકશે તેનો વિચાર કરવાનો રહ્યો.

આપણે કાયદાનું રાજ્યતંત્ર ચલાવવાને માણસોને ગોળીએ દેતા આવ્યા છીએ, ન્યાયની નેમ સાચવવા માણસને ફાંસીએ લટકાવીએ છીએ ને દેશનું રક્ષણ કરવા લાખોના લશ્કરને મારીએ છીએ ને હવે તો દુશ્મનનો જડમૂળથી નાશ કરવા અનેક જાતના વિનાશનાં શસ્ત્રો શોધીએ છીએ.

ઢોરની ઓલાદ સુધારવા આપણે પ્રાણીઓને ખસી કરતાં શીખ્યા ને હવે વસ્તીવધારો અટકાવવા માટે સ્ત્રી–પુરૂષોને પણ નિઃસત્વ કરવાનું શરૂ કર્યું છે. કોના સુખને માટે આ બધું કોણ નક્કી કરે છે? અંતે તો શક્તિશાળી માણસો જેમ મનુષ્યને ગુલામ બનાવતા તેમજ શક્તિશાળી માણસો પોતાના લાભને માટે–મનુષ્યજાતિના લાભને માટે–બીજાને નિઃસત્વ–સત્વહીન–નમાલા નકામા બનાવશે, અને બુદ્ધિગમ્ય દલીલ કરનારાં વત્સલાબહેન જેવા તેને ટેકા આપતા રહેશે.

દર્દની બાબતમાં દવાને નામે ને બહાને આપણે જે કાંઇ કરીએ છીએ તે આપણી નબળાઇ છે. તેનાથી થતા ફાયદાથી આપણને આનંદ થાય છે તે વાત સાચી છે–છતાં હમણાં જ મારા એક મિત્રે કોઇ પણ જાતની પરદેશી દવા ન લેવાની પોતાની પ્રતિજ્ઞાના પાલન માટે–દર્દથી પોતાનો પ્રાણ છોડયો છે. આવા પણ દાખલા બને છે.

જન્મથી માંદા માણસો એ માબાપના પાપની નીશાની છે અને દર્દીઓથી ઉભરાતી આજની આપણી ઇસ્પીતાલો એ આપણા પાપની નિશાની છે. સાત્વિક વૃત્તિવાળા નિયમિત માણસો ભાગ્યે જ માંદા પડે છે. આવી ઇસ્પિતાલો ચલાવવા માટે તેને વધારે ઉત્તેજન આપવું એ પણ પૂણ્ય નહિ પણ કદાચ પાપનું કામ છે.

લવણપ્રસાદ શાહ

પંડિત સુખલાલજીનું બહુમાન

૧૫ મી ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિ તરફથી પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી સુખલાલજીને સંસ્કૃત ભાષાના વિદ્વાન તરીકે સન્માનનું પ્રમાણપત્ર (સર્ટિફિકેટ ઓફ ઓનર) અર્પણ કરવામાં આવ્યું છે.

પંડિતજીની જેમ સંસ્કૃત ભાષાના બીજા ત્રણ વિદ્વાનોને પણ આ પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું છે. ઉપરાંત એક પર્શિયન ભાષાના વિદ્વાનને પણ એ આપવામાં આવ્યું છે.

સંસ્કૃત, અરેબિક અને પર્શિયન ભાષાના વિદ્વાનોને દર વર્ષે આવાં પ્રમાણપત્રો આપવાની પ્રથા સને ૧૯૫૮ ની સાલથી શરૂ કરવામાં આવી છે અને દર વર્ષે ચાર સંસ્કૃત ભાષાના અને એક અરેબિક કે પર્શિયન ભાષાના વિદ્વાનને અત્યાર અગાઉ આવાં પ્રમાણપત્રો આપવામાં આવ્યાં છે.

આ વર્ષની યાદીમાં પંડિતવર્ય શ્રી સુખલાલજીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રમાણપત્રની યોજના પ્રમાણે એવું સન્માન મેળવનાર વિદ્વાનને સન્માનનો ઝબ્બો આપવામાં આવે છે. અને આજીવન દર વર્ષે રૂપિયા પંદરસોની ભેટ આપવામાં આવે છે.

રાષ્ટ્રપતિ તરફથી પંડિત સુખલાલજીનું આવું સુંદર સન્માન કરવામાં આવ્યું તે બદલ આપણે ગૌરવ અનુભવીએ છીએ. –તંત્રી

કર્મબંધ અને પુરુષાર્થ

(ગતાંકથી ચાલુ)

કર્મના પાંચ કારણો

કર્મ એટલે ક્રિયા અથવા કાર્ય. વેદાંતીઓની બધી શાખાઓ, બૌદ્ધ અને જૈન માન્યતાઓ કર્મનો એ જ અર્થ કરે છે. કાર્યની નિષ્પત્તિ કારણ વિના થતી નથી એ નિયમ મુજબ કેરીના ગોટલામાંથી આંબો ઊગે છે એ આપણે જાણીએ છીએ, પરંતુ ગોટલો એકલો આંબાનું કારણ નથી. તેનાં અનુષંગી કારણો પણ છે. આંબા માટે ગોટલો એટલે બીજ શુદ્ધ હોવું જોઇએ. મહિનાઓ સુધી પડી રહીને જેનો ગર્ભ સુકાઇ ગયો હોય તેવો ગોટલો વાવ્યો હોય તો તે ઉપર ગમે તેટલું પાણી રેડયા છતાં તેમાંથી આંબો ઊગવાનો નહિ. બીજું, જો તે અનુકૂળ અને કસવાળી જમીનમાં ન વાવતાં પથરાળ કે રેતીવાળી જમીનમાં વાવ્યો હોય તો પણ તે ઊગે નહિ. શુદ્ધ બીજ અને અનુકૂળ જમીન પછી અનુકૂળ કાળ અથવા ઋતુ આંબો ઉગાડવામાં કારણ રૂપ બને છે. જો ઋતુ અનુકૂળ ન હોય તો ઉગેલો આંબો પણ સુકાઇ જાય છે. આંબો ઉગાડવાની આ બધી ક્રિયાઓમાં ઉદ્યમની–પુરુષાર્થની જરૂર તો હોય છે જ. 'આપણે તો આંબો વાવ્યો, હવે આપણા ભાગ્યમાં હશે તો તે ફળશે' એમ ઘણા માણસો માની લે છે, અને આંબાના ઉછેરની, તેની માવજતની કે તેના રક્ષણની પરવા કરતા નથી: એટલે ઉદ્યમને અભાવે આંબો ફળ આપતો નથી. કોઇ આંબો ઓછા શ્રમે ઊગે–ફળે, કોઇ વધુ શ્રમે ઊગે–ફળે; પણ તે માટે પુરુષાર્થ તો જરૂરી જ હોય છે. છતાં માનવશક્તિ કે માનવીના જ્ઞાનની બહારનું કોઇ નૈસર્ગિક કારણ એવું બને કે જેથી આંબો ફળે નહિ, અથવા કોઇના યત્ન વિના કે વાવ્યા વિના વગડામાં ઊગી નીકળેલો કોઇ આંબો મીઠાં ફળ આપનારો બને, તો ત્યાં પાંચમું 'નિયતિ' નામનું અદૃષ્ટ કારણ જવાબદાર હોવાનું જ્ઞાનીઓ માને છે અને તે યથાર્થ છે. આ નિયતિ એટલે દૈવનું નિર્માણ, કિંવા ભાગ્યનું ફળવું. એ અણચિંતવ્યું કારણ બંતર ચાર કારણોનું અનુષંગી છે, ગૌણ છે, મુખ્ય નથી. ઘણા લોકો આ નિયતિને જ પ્રધાન કારણ માની બીજાં કારણોની ઉપેક્ષા કરી અજ્ઞાન દાખવે છે; પ્રમાદ સેવે છે, પુરૂષાર્થની અવગણના કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની અનુકૂળતાવાળો ઉચિત પુરુષાર્થ અથવા સદુદ્યમ જરૂર સફળ થાય છે અને જગતના વ્યવહારમાં એના દાખલા ડગલે ને પગલે મળે છે; તેને બદલે વાત–વાતમાં. ને હાલતાં–ચાલતાં કર્મબંધને વચ્ચે લાવવો એ એક પ્રકારનુ અજ્ઞાન છે. નિયતિ અથવા દૈવેચ્છા એ તત્વ પુરુષાર્થની સફળતા માટે આવશ્યક છે, પરંતુ તે અમુક અંશે જ ભાગ ભજવતું કારણ લેખાય છે: તેને વ્યાપક ભાગ ભજવતું પ્રધાન કારણ માનવું ને પુરુષાર્થની તેમજ બીજાં કારણોની અવગણના કરવી એ જૈનો સંબંધે તો મહાવીરના નિંદક મેખલિપુત્ર ગોશાળાના આજીવક મતનું અવલંબન કર્યું લેખાય.

આજીવકનો નિયતિવાદ

ગોશાળો નિયતિવાદી હતો. વેદાંતીઓમાં તેના જેવો જ અક્રિયાવાદી મત એક પૂરણ કાશ્યપનો હતો. એ બેઉ નિયતિને–દૈવેચ્છાને કાર્યના પ્રધાન કારણરૂપ માનતા. ગોશાળાની માન્યતા આવી હતી–તે માનતો:

'પ્રાણીઓની શુદ્ધતાનો કોઇ હેતુ કે કારણ હોતું નથી. હેતુ કે કારણ વિના પ્રાણીઓ શુદ્ધ થાય છે–પોતાના સામર્થ્ય કે ઉદ્યમથી નહિ. પુરુષના સામર્થ્યને કારણે કોઇ પણ પદાર્થની સત્તા, બળ કે વીર્ય હોતાં નથી અને પુરુષની શક્તિ કે પરાક્રમ

પણ હોતાં નથી. બધાં સત્વો, પ્રાણીઓ, જીવો અવશ છે, દુર્બળ છે, વીર્યહીન છે; તેઓમાં જે ફેરફાર થાય છે તેમાં નિયતિ, જાતિ, વિશિષ્ટતા અને સ્વભાવ જ કારણ હોય છે. ચોરાશી લાખ મહાકલ્પના ચક્રમાં ફેરા કર્યા બાદ બુદ્ધિમાન અને મૂર્ખ–બેઉનાં દુઃખોનો નાશ થઈ જાય છે. જો કોઈ કહે કે હું શીલ, વ્રત, તપ અથવા બ્રહ્મચર્યથી અણપાકેલાં કર્મોને પકવીશ અથવા પાકેલાં કર્મોને ભોગવીને જીર્ણ કરીશ તો તે વાત કદાપિ બનવાની નથી.'

આ છે નિયતિવાદઃ મહાવીરે તે વાદનું ઉત્થાપન કરીને ફળપ્રાપ્તિ માટેના ઉદ્યમવાદની–પુરુષાર્થની સ્થાપના કરી છે.

શુભાશુભ કર્મનો બંધ

કર્મ એટલે ક્રિયા. મન, વાણી અને દેહ–એ ત્રણે દ્વારા થતી ક્રિયા એ જ કર્મ. જ્યાં સુધી દેહમાં જીવ છે ત્યાં સુધી તે કર્મ સિવાય તો રહી શકવાનો જ નથી. જીવનમાં મનુષ્ય એટલું જ ઇચ્છે છે કે તેને દુઃખ ન થાય અને સુખ ઊપજે, એટલે કે એવાં કર્મ કરવાં જોઇએ અથવા તેને એવાં કર્મ કરવાં ગમે છે કે જેથી દુઃખરૂપી ફળ ભોગવવાં પડે નહિ, પણ સુખરૂપી ફળ પમાય. સદુદ્યમ આદરીએ અને તેને બીજાં અનુકૂળ પડે તેવાં કારણોની તજવીજ રાખીએ તો એ કર્મનાં જરૂર સુખરૂપ મીઠાં ફળ નીપજે; અને ઉદ્યમ ખોટો કરીએ, અનુકૂળ સંયોગો મળે તો જરૂર કડવાં ફળ આપનારું દુઃખરૂપી વૃક્ષ ઉગી નીકળે. જૈન અને ઇતર મતોના દાર્શનિકાએ કર્મના અનેક ભેદો કહ્યા છે. તેમાં પુણ્ય–પાપ, કુશલ–અકુશલ, શુભ–અશુભ અને ધર્મ–અધર્મ એ ભેદ બધાએ માન્ય રાખ્યા છે. પ્રાણી જે કર્મનાં ફળનો અનુકૂળ અનુભવ કરે છે તે પુણ્ય છે, કુશલ છે, શુભ છે, ધર્મ છે; અને જેનાં ફળનો પ્રતિકૂળ અનુભવ કરે તે પાપ છે, અકુશળ છે, અશુભ છે અને અધર્મ છે. આ ભેદો ઉપનિષદ, જૈન, સાંખ્ય, બૌદ્ધ, યોગ, ન્યાય અને વૈશેષિક–એ બધાં દર્શનોમાં કહેલા છે. બધાં દર્શનો પુણ્ય અને પાપ–બેઉ પ્રકારનાં કર્મોને બંધનરૂપ માને છે અને એ કર્મોથી મુક્ત થવાનું આત્માનું પરમ ધ્યેય સ્વીકારે છે. એટલે વિવેકશીલ વ્યક્તિ કર્મદ્વારા જે અનુકૂળતા કે સ્થૂળ સુખ પ્રાપ્ત થતું હોય તેને શાશ્વત સુખરૂપ માનતી નથી; તેનાથીયે મુક્ત થવાનો અવસર આવે એવું ઇચ્છે છે.

પ્રવૃત્તિ, નિવૃત્તિ અને પરાવૃત્તિ

લોકોમાં એક એવી સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે પ્રવૃત્તિ એટલે પાપકર્મ અને નિવૃત્તિ એટલે ધર્માચરણ. સંસાર એટલે પાપ અને સંસારત્યાગ એટલે ધર્મ. આવી માન્યતામાં માત્ર સત્યાંશ જ છે અને એ સત્યાંશ શોધવા માટે સાપેક્ષ દૃષ્ટિ જોઇએ. એ દૃષ્ટિ વિનાનું કહેવાતું ધર્માચરણ સત્યનું વિડંબન કરનારું બને છે. બધાં કાર્યો છોડી નવરા બેસી રહેવું, બહુ તો કોઇ વાર જ્ઞાનનું પુસ્તક વાંચવું એ જ નિવૃત્તિ કે જેથી કર્મબંધન થાય જ નહિ એમ ઘણા લોકો સમજે છે; પણ એ નિવૃત્તિ નથી હોતી; તે સ્થૂળ નિષ્ક્રિયતા કે અકર્મણ્યતા છે. સાચી નિવૃત્તિથી તો કર્મબંધ છૂટે, પણ આવિ સ્થૂળ નિષ્ક્રિયતા તો કર્મબંધ કરાવે. નિવૃત્તિ ચિત્તની ઊંચી આધ્યાત્મિક દશા છે. દેહના અવયવોને નવરા રાખવા, એ નિવૃત્તિ નથી.

કર્મબંધના કાલ્પનિક ભયથી પ્રેરાઇને માણસો સંસારમાં રહીને કર્તવ્ય કર્મનો પણ જ્યારે અનાદર કરે છે ત્યારે બહુ આશ્ચર્ય થાય છે. જે વખતે જેવું વર્તન કરવું ઘટે તેવું વર્તન ન કરવું તે પરાવૃત્તિ; અગ્નિમાં પાણી નાંખી તે હોલવવાથી પાપ થાય, એમ સમજનારો જૈન શ્રાવક પડોશીના ઘરને આગ લાગતાં પોતાના ઘરમાં ભરી રાખેલું પાણી આપવાની ના કહે તો તે તેની પરાવૃત્તિ લેખાય. ગામને પાણી પૂરું પાડવા માટે વાવ કે કૂવો ખોદવાની જરૂર હોય; તે તૈયાર થાય ત્યારે તેમાંનું પાણી પીવામાં વાંધો ન હોય; તેવો માણસ તે બંધાવવા માટે ફાળો આપવાનો હોય ત્યારે કૂવો ખોદવાની પ્રવૃત્તિને પાપની લેખી ના કહે ત્યારે તે પરાવૃત્તિ લેખાય. કોઇ પ્રૌઢા કે વૃદ્ધા કુટુંબની વહુની સુવાવડ કરવાના કાર્યને કર્મબંધ માની સુવાવડ કરવાની ના કહે, અથવા કોઇનીય સુવાવડ ન કરવાની બાધા લે એ પણ પરાવૃત્તિ છે. એ નિવૃત્તિ નથી, એથી કર્મક્ષય થતો નથી, એ સ્થૂલ નિષ્ક્રિયતા છે. સુવાવડને પરિણામે જન્મેલા પૌત્રને રમાડવામાં સાસુ રસ લે છે. અથવા વૃદ્ધ વયે પોતાનો પૌત્ર સેવા કરે છે તે ખૂબ મિઠાશથી માણે છે. સુવાવડ કરવી એ કર્મબંધ હોય તો પૌત્રમાંની આસક્તિ એ અનેરો કર્મબંધ નથી? પણ એ વિચાર કોણ કરે છે? એ અજ્ઞાન તો કર્મબંધ અને કર્મક્ષય વિષેની સાચી સમજથી જ મટી શકે.

આંગણે આવેલા ભિક્ષુકને એક સુખી માણસ લોભવૃત્તિથી પ્રેરાઇને ભિક્ષા આપવાની ના કહે; તેનો ગરીબ પડોશી પોતાના ઘરમાં ભિક્ષુકને આપવા માટે કશું ખાવાનું ન હોય તેથી તે આપવાની ના કહે; ત્રીજા ઘરમાં ઘરધણી નથી– પણ તાજો આવેલો મહેમાન બેઠો છે, ભિક્ષુક તેની પાસે અન્ન માગે છે ત્યારે તે લાચાર બનીને આપવાની ના કહે છે, કારણ કે ભોજન તૈયાર છે પણ ઘરધણીની ગેરહાજરીમાં કોઇને કશું આપવાનો તે અધિકારી નથી; આ ત્રણે જણ ધનવાન, ગરીબ અને મહેમાન ભિક્ષુકની ભૂખ મટાડી શકતા નથી, અર્થાત્ તેમનો અન્ન આપવાનો નકાર તથા તેનું પરિણામ સરખાં છે, છતાં ત્રણેના નકારનાં મૂલ્યો જુદાં જુદાં છે. એવી રીતે દેખીતા એક જ કર્મનાં પણ જુદાં જુદાં આધ્યાત્મિક મૂલ્યો હોઇ શકે છે. જ્યાં અમુક કર્મ એક કર્તવ્યરૂપ હોય ત્યાં એ કર્મ ન કરવામાં પણ બંધ થવાનો સંભવ હોય છે. કર્તવ્ય કર્મ છોડવા છતાં મનુષ્ય બીજાં કાર્યો રસથી કરતો હોય છે, ત્યારે એવાં કાર્યો સારાં હોય તો પણ તેમાંની તેની આસક્તિ કર્મબંધ કરાવનારી નીવડે છે. કોઇ પ્રવૃત્તિને અશુદ્ધ માનીને દેહથી છોડી હોય, પણ મન પોતે જ અશુદ્ધ હોય તો તે ત્યાગ પણ કર્મબંધના કારણરૂપ બને છે. શુદ્ધ અને અશુદ્ધ એવા મનનાં બે પ્રકારો છે. અશુદ્ધ મન સંસારનું કારણ બને છે અને શુદ્ધ મન કાર્યક્ષયનું કારણ બને છે. જ્યાં સુધી મનમાંથી કષાયનો નાશ થતો નથી, ત્યાં સુધી તેમાં અશુદ્ધિઓનો નિવાસ હોય છે. મન અશુદ્ધ હોવા સાથે સાવદ્ય કાર્યનો પરિહાર કરવામાં આવે તેથી કાંઇ બંધનરહિત થવાતું નથી, એટલે આ પ્રકારે કરેલો કર્તવ્ય કર્મનો અનાદર એ કેવળ પલાયનવાદ કહેવાય.

અપૂર્ણ

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

વિષયસૂચિ

		પૃષ્ઠ
વિજ્ઞાન અને ધર્મ	પરમાનંદ	૮૩
ભારતીય આરોગ્ય નિધિનું નવું સ્તુત્ય સાહસ	પરમાનંદ	૮૫
કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ	ભંવરમલ સિંઘી અમ્પા પટવર્ધન ગૌરીશંકર ભટ્ટ લવણપ્રસાદ શાહ	૮૭
કર્મબંધ અને પુરુષાર્થ	ચુનીલાલ વર્ધમાન શાહ	૮૯
શ્રેયસી તથા પ્રેયસી	દેસાઇ વાલજી ગોવિંદજી	૯૧

શ્રેયસી તથા પ્રેયસી

હરફ્યુલેસને જુવાની આવી અને પોતે સદ્‌ગુણી બનવું કે દુર્ગુણી તે એણે નક્કી કરવાનું હતું. એટલે જ્યાં નિરાંતે વિચાર થઇ શકે એવે એકાંત ઠેકાણે એ ગયો.

ઢીલતે ચિત્તે તે આમ બેઠો હતો, ત્યાં તેણે બે પડછંદ સ્ત્રીઓને પોતા આગળ આવતી જોઇ. આ માણસની એક સજ્જન અને એને જોઇએ ત્યાં એના ઉપર હેત આવે ને માન ઉપજે એવી હતી, એનું લાવણ્ય નૈસર્ગિક ને સહજસિદ્ધ હતું, એની દેહયષ્ટિ સ્વચ્છ ને સુંદર હતી, એની દૃષ્ટિ નીચે ભોંય સામી હતી, એની ચાલ ને વર્તન વિનયપૂર્ણ હતાં ને એનાં વસ્ત્ર હિમાલય જેવાં ધોળાં હતાં. એનામાં જે સ્વાભાવિક રૂપ ને પ્રમાણબદ્ધતા હતી તે બીજીમાં ન મળે. એનું શરીર તો ભોગવિલાસને કારણે સૂણી ગયું હતું, એનું મોઢું રંગેલું હતું એટલે ખરી રીતે હતું તેના કરતાં વધારે રૂપાળું અને રતાશવાળું ભાસતું હતું અને રીતભાતમાં આડંબર કરીને પોતામાં અસાધારણ સૌન્દર્ય છે, એમ દેખાવ કરવાનો એનો પ્રયત્ન હતો. એની આંખમાં અભિમાન હતું. એના વસ્ત્ર આછાં હતાં, જેથી કરીને તેની સોંસરું એનું રૂપ જોનારને કળાતું હતું. એ ઘડીક પોતાના શરીર સામું ને પછી બીજી સામું જોતી; જાણે બીજી પોતા સામું જુએ છે કે નહિ તે નક્કી કરવું ન હોય. વળી વારે વારે એ પડછાયામાં પોતાની આકૃતિ પણ જોતી હતી.

બેય સ્ત્રીઓ પાસે આવી, તો પહેલી તો પોતાની સામાન્ય શાન્ત ચાલે ચાલતી રહી, પણ બીજીને જાણે પહેલીના મોઢા આગળ ન નીકળી જવું હોય તેમ એ હરફ્યુલેસ પાસે દોડી ગઇ અને તેને નીચે પ્રમાણે કહ્યું:

'પ્રિય હરફ્યુલેસ, મને લાગે છે કે જીવનમાં કયે માર્ગે ચાલવું તે વિષે તમારા મનમાં સંશય છે. એટલે જો તમે મારા મિત્ર બનો ને મને અનુસરો તો હું તમને આરામ મળે એવે માર્ગે લઇ જઇશ, જ્યાં સંસારની સર્વ મીઠી વસ્તુઓનો તમે આસ્વાદ કરશો ને કોઇ જાતનું કષ્ટ નહિ પામો, તમારે લડાઇ કે દુનિયાના વ્યવહારમાં પડવું નહિ પડે, અને સર્વ ઇંદ્રિયોના વિષય કેમ ભોગવવા એનો જ વિચાર કરવાનો રહેશે. એટલે પાંચ પકવાન ખાવાં, મધુર રસ પીવા, આંખે રમ્ય પદાર્થ જોવા, નાકે સુગન્ધ લેવા, રૂપસુન્દરી સ્ત્રીઓનો સમાગમ કરવો, સુંવાળી સેજે સૂવું, મીઠી નીંદર કરવી–આવાં આવાં સુખ ભોગવવાં ને લેશમાત્ર ચિન્તા ન કરવી.

'વળી આ બધું કમાવા સારુ થઇને તમારે તમારા શરીરથી કે મનથી સહેજ પણ પરિશ્રમ નહિ કરવો પડે, પણ બીજાના પરિશ્રમથી જ આ સર્વ ભોગ તમે છૂટથી ભોગવશો.'

આ સાંભળીને હરફ્યુલેસે એ સ્ત્રીને એનું નામ પૂછ્યું, તો એ બોલી, 'મારા મિત્રો ને ઓળખીતા મને સુખવતી કહે છે, પણ શત્રુઓએ મને ભોગવતી નામ આપ્યું છે, ને ભોગવતીને પનારે જે પડ્યા એના ભોગ લાગ્યા એમ કહીને એ મને વગોવે છે.'

એવામાં બીજી સ્ત્રી આવી પહોંચી ને એણે હરફ્યુલેસને આ પ્રમાણે કહ્યું:

'હે હરફ્યુલેસ, હું પણ તમને સહાયતા કરવા આવી છું. હું જાણું છું કે તમે દિવ્ય વંશના છો ને જન્મથી જ તમારો સ્વભાવ ભલો છે, એટલે મને આશા છે કે જો તમે મારા પરમધામને માર્ગે ચાલશો તો તમે મોટાં મોટાં સાહસ ને પરાક્રમ કરશો. પણ તમને મારા મિત્ર બનાવું તે પહેલાં મારે કેટલીક ચોખવટ કરી નાખવી જોઇએ. લાખ વાતની એક વાત તો એ કે પરિશ્રમ ને પુરુષપ્રયત્ન કર્યા વિના કોઇ ખરેખરી મૂલ્યવાન વસ્તુ માણસ પામતો નથી. સાચું તથા ઊંચું સુખ જોઇએ તો તેનું દેવોએ ઠરાવેલું મૂલ્ય ચૂકવવું જોઇએ એવો નિયમ છે. ઇશ્વરની કૃપા જો તમારે જોઇએ તો એની સેવા કરવાનો ઉદ્યોગ તમારે કરવો જોઇએ. મિત્રોનો પ્રેમ જોઇએ તો તમારે એના ઉપર ઉપકાર કરવો જોઇએ. કોઇ નગરી તમને માન આપે એમ તમે ઇચ્છો તો તમારે એનું કામ કરી આપવું જોઇએ, અને દેશ સમસ્તથી તમારે વખણાવું હોય તો ઉત્તમ પ્રકારની દેશસેવા તમારે કરવી જોઇએ. ખેતરમાં મોલ પાકે ને તમારા હાથ ધાન્યથી ભરાય એવી તમારી ઇચ્છા હોય તો તમારે સારી ખેડ કરવી જોઇએ ને ખેતરને પાણી પાવું જોઇએ; ગાયોનાં ધણ રાખીને ધનવાન બનવા તમે ઇચ્છો તો ગાયોને રૂડી રીતે પાળવી જોઇએ; તમારા બાહુબળથી તમારે તમારા રાજ્યનો વિસ્તાર કરવો હોય, શત્રુઓને જીતવા હોય ને મિત્રોના બંધ છોડાવવા હોય તો તમારે યુદ્ધના અનુભવી યોદ્ધાઓ આગળથી ધનુર્વિદ્યા શીખવી જોઇએ, અને શરીરને બળવાન બનાવવું હોય તો તમારે તમારા શરીરને તમારા મનને વશ રાખવું જોઇએ અને કસવું જોઇએ.'

એ આટલું બોલે છે ત્યાં તો ભોગવતી વચ્ચે બોલી ઉઠી, 'પ્રિય હરફ્યુલેસ, તમે જુઓ છો ને કે આ સ્ત્રી તમને કેવે લાંબે ને વિકટ માર્ગે ચલાવવા ઇચ્છે છે? તમે મારી પાછળ આવો તો હું તમને સુખપ્રાપ્તિનો ટૂંકો ને માથાકૂટ વિનાનો માર્ગ બતાવું.'

આ સાંભળીને સદ્‌ગુણસુન્દરીએ કહ્યું, 'અરેરે, સુખસાધના કરવા જે કોઇ જાતનું કામ ન કરે એને કોણ સુખ આપી શકવાનું હતું? સુખની તમને ભૂખ લાગે તે પહેલાં તો તમે ધરાઇ ગયા હશો. ભૂખ લાગ્યા પહેલાં તમે ખાશો ને તૃષા લાગ્યા પહેલાં પીશો; અને તમને સ્વાદ આવે એવી રસોઇ થાય એટલા માટે તમારે કુશળ રસોયા રાખવા પડશે, અખંડ નિદ્રા આવે એટલા માટે તમારે ત્રણ મણની તળાઇ ઉપર સૂવું પડશે, પલંગે ચડવા સારુ પણ પગથિયાં રાખવા પડશે અને કાંઇ કામ તો કર્યું હશે નહિ, જેથી કરીને ઊંઘ આવી જાય. વિષયવાસના તૃપ્ત કરવા તમારે રાત્રે જાગવું પડશે ને દિવસે ઊંઘ લેવી પડશે. આ ભોગવતી છે તો દેવી, પણ દેવોએ એને દિવ્યલોકમાંથી કાઢી મૂકી છે ને સજ્જન એનો તિરસ્કાર કરે છે. કોઇ યે એની પ્રશંસા કરતું નથી, ને એણે પોતાને હાથે કાંઇ પણ શુભ કામ કર્યું નથી. એનો કોણ વિશ્વાસ કરે? એને જે અનુસરે તે જુવાનીમાં અશક્ત ને વૃદ્ધાવસ્થામાં મંદમતિ બને છે, તારુણ્યમાં તે આળસુ ને સુંવાળા બને છે અને ઘડપણમાં દુઃખી થાય છે તથા પોતે કરેલા કામથી લાજે છે. જુવાનીમાં એ મજા ઉડાવે છે ને ઘડપણ સારુ સંતાપનો સંગ્રહ કરે છે.

'પણ હું તો દેવો તથા સજ્જનોનો સંગ કરું છું અને દેવ કે માનવ મારી સહાયતા વિના કાંઇ સત્કર્મ કરી શકતા નથી. દેવો અને ઉત્તમ માણસો મને શ્રેષ્ઠ માન આપે છે અને તે યોગ્ય છે. કેમકે હું કારીગરનો મનગમતો સાથી છું, ગૃહપતિનો વિશ્વાસપાત્ર રખવાળ છું, નોકરોની માયાળુ મદદગાર છું, શાંતિની તથા યુદ્ધની કળામાં ઉપયોગી મિત્ર છું અને લોકોને પ્રેમના બંધનથી બાંધું છું.

'મારા ભક્તો જે ખાય પીએ તેમાં એને સાચો સ્વાદ આવે છે, કેમકે તે ભૂખ્યા થાય પછી જ ભોજન કરે છે. એને ઊંઘ પણ આળસુ ને નિષ્ક્રિયના કરતાં સારી આવે છે, જાગતા હોય ત્યારે તે ઝોલાં ખાતાં નથી અને ઊંઘ કરવા સારુ થઇને કર્તવ્યકર્મ કરતાં તે ચૂકતા નથી. મારા તરુણોનાં વૃદ્ધો વખાણ કરે છે ને મારા વૃદ્ધોને તરુણો માન આપે છે. પોતે પહેલાં કરેલાં સત્કર્મનો વિચાર કરીને એ હર્ષ પામે છે અને ચાલુ કામમાં પણ એને મજા આવે છે. મારે પ્રતાપે તે દેવોનું કૃપાપાત્ર, મિત્રોનું પ્રેમપાત્ર અને દેશનું સંમાનપત્ર બને છે અને જ્યારે એના આયુષ્યનો અવધિ પૂરો થાય છે ત્યારે માનરહિત વિસ્મરણના ખાડામાં એ નથી પડતો પણ માણસજાતની સ્તુતિમાં અનંત કાળ લગી ફૂલે ફાલે છે.

'દિવ્યવંશજ પ્રિય હરફ્યુલેસ, સદાચાર તથા ઉદ્યોગથી તમે આમ પરમાનંદની ઉચ્ચ ભૂમિકાએ પહોંચશો.' *

દેસાઇ વાલજી ગોવિન્દજી

* પ્રોદિકસે લખેલા હરકયુલેસચરિત્રમાંથી ઝેનોફોને સુકૃતસ્મૃતિમાં કરેલા ઉતારા ઉપરથી.

❋ પર્યુષણ વ્યાખ્યાનમાળા ❋

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સપ્ટેમ્બર માસની ૭ મી તારીખ ગુરૂવારથી ૧૪ મી તારીખ ગુરૂવાર સુધી એમ આઠ દિવસ માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાનું પ્રમુખસ્થાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી શોભાવશે. હંમેશની વ્યાખ્યાનસભા સવારેના ૮॥ વાગ્યે નિયમિતપણે શરૂ થશે. રવિવાર તા. ૧૦ અને ગુરૂવાર તા. ૧૪–આ બે દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં યોજાશે, જ્યારે બાકીના પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ ફ્રેચ બ્રીજ ઉપર આવેલ ઓલેવાટ્સ્કી લોજમાં ભરાશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :–

તારીખ	સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૭ ગુરૂવાર	ઓલેવાટ્સ્કી લોજ	શ્રી નલિન ભટ્ટ	ઉપનિષદની કથાઓ
,,	,,	શ્રીમતિ પ્રભાબહેન શાન્તિદાસ શાહ	સામાન્ય જ્ઞાન અને સમ્યક્ જ્ઞાન
૮ શુક્રવાર	,,	ડૉ. શ્રીમતિ મધુરીબહેન શાહ	શિક્ષણમાં નવી વિચારસરણી
,,	,,	પ્રા. શ્રી ગૌરીપ્રસાદ ઝાલા	આજના જીવનની વિષમતાનાં કારણો
૯ શનિવાર	,,	અધ્યાપક શ્રી દલસુખભાઇ માલવણિયા	જૈન ધર્મ અને શૈવ ધર્મ
,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	જીવનનાં મૂલ્યો
૧૦ રવિવાર	ભારતીય વિદ્યાભવન	અધ્યાપક શ્રી રજનીશજી	જૈનદર્શન અને જીવનસાધના
,,	,,	શ્રી પ્રેમનાથ	કરુણા
,,	,,	શ્રી દક્ષેશ ધ્રુવ	સુગમ સંગીત
૧૧ સોમવાર	ઓલેવાટ્સ્કી લોજ	અધ્યાપક શ્રી રમણલાલ શાહ	ઉપાધ્યાય યશોવિજયજી
,,	,,	શ્રી રજનીકાન્ત મોદી	શ્રી અરવીંદનો પૂર્ણયોગ
૧૨ મંગળવાર	,,	શ્રી સાધકજી	ધર્મની સફળતા કે નિષ્ફળતા
,,	,,	પંડિત સુખલાલજી	સદ્ધર્મ કદી વન્ધ્ય હોઇ ન શકે
૧૩ બુધવાર	,,	શ્રી મનુભાઇ પંચોળી	લોકશાહી
,,	,,	શ્રી સુંદરજી બેટાઇ	ગીતા વિષેની મારી દૃષ્ટિ
૧૪ ગુરૂવાર	ભારતીય વિદ્યાભવન	શ્રી મનુભાઇ પંચોળી	લોકશાહી સમાજવાદ
,,	,,	સ્વામી અખંડાનંદ સરસ્વતી	ગાંધીજી
,,	,,	કુ. ઇન્દુબહેન ધાનક	ભજનો

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઇબહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમજ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચત કરવા પ્રાર્થના.

૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમજ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૯-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

દર્શન અને ચિન્તન

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી :
કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
કિંમત રૂા. ૧૮

પ્રબુદ્ધ જીવનની ફાઇલો : કિંમત રૂા. ૬.

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો : • વાર્ષિક લવાજમ રૂા. ૪

મળવાનું ઠેકાણું :
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૧, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

શ્રી વત્સલાબહેનનો જવાબ

(તા. ૧-૩-૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં "बुभुक्षितः किं न करोति पापं ?" એ મથાળા નીચે મારી એક નોંધ પ્રગટ કરવામાં આવી હતી. તે વાંચીને સૌ. વત્સલાબહેન મહેતાએ એક ચર્ચાપત્ર લખી મોકલ્યું. મારી અને તેમની વચ્ચે 'કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્ત-તાવાદ'ની સનાતન સમસ્યા પરત્વે અંગત અભિપ્રાયનો એક મોટો વૈચારિક તફાવત મને માલુમ પડયો અને તેથી એ જ મથાળા નીચે તેમનું ચર્ચાપત્ર તા. ૧૬-૩-૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં મેં પ્રગટ કર્યું. અને તે ઉપર ભિન્નભિન્ન વિચારો ધરાવતા વિચારકોને—લેખકોને—પોતાના વિચારો લખી મોકલવા મેં નિમંત્રણ આપ્યું. એ નિમંત્રણના પરિણામે આજ સુધીમાં જે લેખો યા અભિપ્રાયો મારી ઉપર આવ્યા તે તા. ૧-૫-૬૧ ના 'પ્રબુદ્ધ જીવન'થી માંડીને છેલ્લા તારીખ ૧-૯-૬૧ ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકો સુધીમાં ક્રમસર પ્રગટ કરવામાં આવેલ છે. આ બધી ચર્ચાના જવાબરૂપે સૌ. વત્સલાબહેને કાંઈક લખી મોકલવાની ઈચ્છા દર્શાવેલી અને તે મુજબ તેમના તરફથી એક લાંબો લેખ મને મળ્યો. તેમાં કેટલીક ચર્ચા બીનજરૂરી જેવી લાગે છે અને તે દૂર કરીને તેમનો લેખ ટુંકાવી શકાત, પણ એમ કરતાં તેમને મેં અન્યાય કર્યો છે એમ તેમને લાગવાનું જોખમ લાગ્યું. તેથી તે લેખ જેવો મળ્યો છે તેવો અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. અને આ સમગ્ર ચર્ચાના ઉપસંહાર રૂપે મારે જે કાંઈ જણાવવાનું છે તે ઘણું ખરું આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. અને એ રીતે આ રસમય તેમ જ બોધક, એવી ચર્ચા પ્રબુદ્ધ જીવન પૂરતી સમેટી લેવામાં આવશે.—પરમાનંદ)

મેં લેખ લખ્યો હતો તે ચર્ચારૂપે તા. ૧૬-૩-૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં છપાયો અને અનેક જણે તે ચર્ચામાં ભાગ લીધો. બધાના ઉત્તરો કાળજીપૂર્વક વાંચ્યા પછી મારો છેલ્લો ઉત્તર ચર્ચાને અંતે આપી દઉં.

મારા નમ્ર મત પ્રમાણે મારી દલીલોનો શ્રી. કાકાસાહેબ કાલેલકર સિવાય કોઈએ બરોબર ઉત્તર આપ્યો નથી. પહેલું તો એ જ કે હું માંસાહારનો બચાવ કરતી જ નથી. હું તો માત્ર એટલું જ કહું છું કે વધતી જતી વસ્તીને અનાજ પૂરું નહિ જ પડે અને તેથી મનુષ્યને માંસાહાર કરવો જ પડશે. પરન્તુ મારો ઉત્તર આપું તે પહેલાં વાચકને વિનંતિ કરું છું કે કાકાસાહેબના લેખમાંથી મેં નીચે ટાંકેલા ફકરા ધ્યાનપૂર્વક વાંચે. એમના જેવા વિદ્વાનની દલીલો તો સબળ જ હોય.

(૧) "આપણી સરકાર હિન્દુ સરકાર નથી જ. એક વખતે આ દેશમાં હિન્દુઓનું જ રાજ્ય હતું તે આપણે ટકાવી ન શક્યા."

(૨) "હિન્દુ સમાજમાં બહુ જ થોડા લોકો છે જેમને માંસાહાર સામે વાંધો હોય. બંગાળ, પંજાબ, આદિ ઉત્તર ભારતના પ્રદેશોમાં બ્રાહ્મણો પણ માંસ ખાય છે. ક્ષત્રીયોને અને શુદ્રોને છૂટ છે જ. વૈશ્યોમાં પણ શાકાહારનો સાર્વત્રિક નિયમ નથી. એટલે માંસાહારના ત્યાગ વિષે હિન્દુઓની પણ બહુમતિ મળવાની નથી... અને મળે તોયે એ વાપરવામાં ડહાપણ નથી, સલામતી નથી."

(૩) "ગાંધીજી ગૌરક્ષા પણ કાનૂનદ્વારા કરવાની વિરુદ્ધ હતા."

(૪) "બુદ્ધે પોતાના બધા જ શિષ્યો માંસાહારનો ત્યાગ કરે એ જાતનો ઉપદેશ પણ કર્યો નહિ."

(૫) "આપણા દેશમાં વેદકાળથી માંડીને આજ સુધી પશુ-હત્યા ધમધોકાર ચાલતી આવી છે."

(૬) "માંસાહાર અને એને માટેની પશુહત્યા એનો વિરોધ તો ન જ કરાય. વિવેકપૂર્વક પ્રચાર કરવાની છૂટ બધાને છે."

(૭) "એક પ્રખ્યાત નૃવંશશાસ્ત્રીનો અભિપ્રાય એમ છે કે એટમ બૉમ્બના જોખમ કરતાં પણ માનવસંખ્યામાં થતી વૃદ્ધિ એ વધારે મોટું જોખમ અને સંકટ છે."

(૮) "મનુષ્ય અને પશુપક્ષી જેને આધારે નભે છે તે જમીન મર્યાદિત હોવાથી અને અનાજનું ઉત્પાદન વધારવાની આપણી શક્તિ મર્યાદિત હોવાથી કેવળ અનાજ પર આપણી પ્રજા નભી ન શકે."

(૯) "કેટલાક ઋષિઓએ મત્સ્યાહાર કરવાનું કહ્યું છે."

(૧૦) "જ્યાં અનાજ ઓછું મળે છે ત્યાં એની મદદમાં મત્સ્યાહારની સગવડ વધારવી જોઈએ એમ બીજી સરકારની પેઠે ભારત સરકાર પણ વિચારે તો એનો વાંક કેમ કઢાય?"

(૧૧) "રાષ્ટ્રીય સવાલોનો ઉકેલ લાવવા માટે રચનાત્મક ચિંતન આપણે કરતા નથી અને શાકાહારનો પ્રચાર કરનાર કોઈ રડયા-ખડયા વિદ્વાનનાં વચનો ટાંકવા ઉપરાંત આપણે બીજો કશો પુરુષાર્થ કર્યો નથી."

(૧૨) "આજની દુનિયામાં કારુણ્યનો પ્રચાર માણસ માણસના સંબંધો પૂરતો જ કરી શકીએ તો ઘણું થયું."

આ છે વિદ્વાન શ્રી. કાકાસાહેબ કાલેલકરનાં વચનો.

શું હિંસા આહારમાં જ આવી જાય છે? આચારમાં નહિ? આપણે માણસ માણસના સંબંધોમાં પણ કારુણ્ય દાખવીએ છીએ?

આજે મુંબઈ જેવા મોટા શહેરોમાં સેંકડો લોકો ભૂખે મરે છે. ઉકરડામાંથી અનાજના દાણા વીણતાં ગરીબો ઠેકઠેકાણે નજરે પડે છે. છતાં આપણે લગ્ન સમયે, જનોઈ સમયે, શ્રાદ્ધ સમયે હજારો રૂપિયા ખરચીને મોંધાં જમણ નથી આપતાં? આમાં સેંકડો રૂપિયાના અનાજનો બગાડ થાય છે. ગરીબ દેશમાં પણ ચડસાચડસીને લઈને બબ્બે મીઠાઈ ને ત્રણ ત્રણ ફરસાણ પીરસાય છે. જેમ વસ્તુઓ વધારે તેમ બગાડ પણ વધારે. અને આપણી અમૂલ્ય પરદેશી મૂડી

ખરચીને આયાત કરેલું અનાજ કેટલું બગડે છે? અનાજ પૂરતું નથી જ. તો જેમ જમણવાર અને બગાડ વધારે તેમ વધારે ગરીબોના મ્હોંમાંથી આપણે અનાજ, દૂધ, વગેરે ઝુંટવી લઈએ છીએ. મનુષ્ય મનુષ્યને ભૂખે મારે એ આચારની હિંસા કહેવાય.

આપણી અહિંસક સંસ્કૃતિ છે એમ આપણે જોરશોરથી કહીએ છીએ. આપણી સંસ્કૃતિ અહિંસક છે? વર્ષોથી માતાનાં મંદિરોમાં નિર્દોષ પાડા તથા બકરાંનો વધ થાય છે. આ કોના લાભાર્થે? કાલી માતાની મૂર્તિ જુઓ તો તેના પગ નીચે લોહી નીગળતું પાડાનું ડોકું અને કવચિત પાડાની આંખમાં આંસુ હોય છે. આ અહિંસક સંસ્કૃતિ છે? કલકત્તાના કાલીમાતાના મંદિરમાં દરરોજ બાધા માનતાના અને પ્રાણાલિકા મુજબના કેટલાંયે પાડા-બકરાંનો ભોગ લેવામાં આવે છે. માતા શું આપણી પાસે નિર્દોષ પ્રાણીઓનો ભોગ માગે છે? સુધરેલા ગણાતા પૃથ્વીના કોઈ પણ દેશમાં આવી અમાનુષી પ્રથા ચાલુ નથી તેમજ યુરોપ અમેરિકામાં કોઈ ધર્મમાં અત્યારે એવી માન્યતા નથી કે રોજ પાડા—બકરાંનો વધ થાય તો જ માતા આપણા પર પ્રસન્ન થાય. એક ખોટા વ્હેમ અને અંધશ્રદ્ધા પર ધર્મને નામે આ ધતીંગ ચાલે છે. બેએક વર્ષ પર અમે જયપુર ગયાં અને ત્યાંના આંબેરના મહેલમાં માતાના દર્શન કરવા ગયાં તો જોયું કે જયપુરના મહારાજા તરફથી ત્યાં રોજ એક બકરાનો માતાને ભોગ ધરાવાય છે. તે સમયે અમારી નજર સામે બકરાને લાકડાની પાટ પર મૂકીને ચીસો પાડતા એ નિર્દોષ પ્રાણીને ગળે છરી ફેરવીને તેને કાપી થાળીમાં મૂકી માતાને ધરવામાં આવ્યું હતું. મેં પૃથ્વીનો પ્રવાસ કર્યો છે, પણ આવી અમાનુષી પ્રથા કોઈ પણ સુધરેલા ગણાતા **માંસાહારી દેશમાં** પણ નથી જોઈ. અલબત્ત, આ માંસ તો પૂજારીઓ જ ખાઈ જાય છે. આ પૂજારીઓ પવિત્ર બ્રાહ્મણો ગણાતા હોવા છતાં સો ટકા માંસાહારી હોય છે તે સહેજ. હું જૈન ભાઈઓને પૂંછું છું કે આ અમાનુષી હત્યાનો કેમ વિરોધ નથી કરતા? માત્ર એના પર ધર્મનો સીક્કો લાગેલો છે એટલે જ? આ નિરર્થક હિંસા આચારની હિંસા જ કહેવાય.

આપણો ઈતિહાસ જુઓ. રજપૂતોની કારમી તરવારોથી થતો સંહાર જુઓ. આપણો હિન્દુ ધર્મ જુઓ. કયાંયે આપણને બીજા દેશો કરતાં વધારે અહિંસા જણાય છે? આપણે ત્યાં શું યુદ્ધો બીજા દેશો કરતાં ઓછાં થયાં છે? આપણે ત્યાં રાજાઓ શું યુદ્ધમાં ઓછો સંહાર કરતા? મહાભારત અને રામાયણના સમયથી યુદ્ધો થતાં આવ્યાં છે. લાખ્ખોનો સંહાર થતો આવ્યો છે. મહાભારતમાં કાકા દાદાના દીકરાઓ પણ સંપીને રાજ ન કરી શકયા અને લોહીની નદીઓ વહી તો રામાયણમાં એક સ્ત્રી ખાતર યુદ્ધ થયું ને લાખ્ખોનો સંહાર થયો. સિદ્ધરાજ સોલંકી જેવા ગુજરાતના મહાન રાજાએ પણ માત્ર રાણકદેવીના મોહને લઈને જૂનાગઢને બાર વર્ષ ઘેરો ઘાલ્યો ને હજારો સૈનિકો મૃત્યુ પામ્યા. રાજ્ય ખાતર, સત્તા ખાતર, સ્ત્રી ખાતર અનેક યુદ્ધો રાજપૂતો લડયા છે અને અનેકોનો સંહાર કર્યો છે. એક કુમારપાળે માંસાહાર નહિ કર્યો હોય, પણ હજારો વર્ષોથી રાજપૂતો ને રાજાઓ માંસાહાર કરતા આવ્યા છે અને કરે છે. મનના આનંદ ખાતર રાજાઓ નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરતા આવ્યા છે ને મૃગયા રમવા ગયા વગર રાજાને ચાલે જ નહિ. સસલાં, હરણ, શિયાળ, જેવાં નિર્દોષ પ્રાણીઓનો મનોરંજન માટે સદીઓથી શિકાર થતો આવ્યો છે.

જ્યારે કોઈ દેશમાં પ્રચલિત નહોતી ત્યારે ભારતમાં આજથી દોઢસો વર્ષ પર જ સતીની ભયંકર પ્રથા પ્રચલિત હતી. ધર્મને નામે, શાસ્ત્રોને નામે, પતિની સ્વર્ગપ્રાપ્તિને નામે, હજારો સ્ત્રીઓને જીવતી પતિની ચિતામાં હડસેલી દેવામાં આવતી. હજારો લાચાર કન્યાઓના મૂંગા શાપ ભારતના સમાજે વહોર્યા છે. આ ભયાનક પ્રથા એટલી તો હદ વટાવી ગઈ હતી કે અંગ્રેજ સરકારને કાયદાથી બંધ કરવી પડી. તે જ સમયે ભારતમાં પુત્રપ્રાપ્તિને અર્થે ગંગાકિનારે કોઈની અથવા પોતાની સગી પુત્રીને મારીને ઈશ્વરને ભોગ ધરવાની પ્રથા હતી. વાચક આ નહિ માને, પણ આ હકીકત છે. અને અંગ્રેજ સરકાર તે સમયે પોતાનું સામ્રાજ્ય સ્થાપવા આતુર હોવાથી જનતાનો કોપ વહોરવા બીલકુલ તૈયાર ન હતી. છતાં આ પ્રથા પણ સતીની પ્રથાની પેઠે એટલી તો હદ વટાવી ગઈ હતી કે અંગ્રેજ સરકારને ૧૮૭૧ માં કાયદાથી તે બંધ કરવી પડી. આમ નથી આપણી સંસ્કૃતિ સામાજિક દૃષ્ટિએ અહિંસક, નથી ધાર્મિક દૃષ્ટિએ અહિંસક.

માણસ માણસ પ્રત્યે આજે પણ હિંસક છે. આજે વેપારી વર્ગ દવાનાં કાળાં બજાર કરે છે. દવામાં ખોટી દવાઓ ભેળવીને વેચે છે. ગરીબ માણસ મૃત્યુપથારીએ પડેલો હોય અને દવા કાળા બજારમાંથી પૈસા ન હોવાથી ન લઈ શકે અને મૃત્યુ પામે અથવા તેને બદલે સસ્તી દવા લે અને તે ભેળસેળવાળી બનાવટી નીકળે અને તેની હાનિથી તે માણસ મૃત્યુ પામે. તો બન્ને દાખલામાં હું પ્રાણી-હિંસાથી પણ વધારે હિંસા ગણું અને તે હિંસાનો દોષ તો તે વેપારીઓને જ માથે પડશે.

શ્રી માલવણિયા, સરકાર આપણું સાંભળે નહિ તો "એવા નકામા માણસોને ફરી ચૂંટીએ પણ નહિ" એમ કહે છે. તો હવે લોકશાહી અને આપણી લોકસત્તાત્મક સરકાર એટલે શું તે જોઈએ. લોકશાહીમાં પ્રગતિ હંમેશ ધીમી જ હોય, કેમકે એક નહિ પણ અનેક અભિપ્રાયોને માન આપવાનું છે. અનેક ધર્મો, સંપ્રદાયો, પંથો, જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓ, કોમો, સામાજિક મંડળો અને સામાજિક જૂથોને ખુશ રાખવાનાં છે. સરકાર ગમે તેવો લોકહિતનો કાયદો કરે તો પણ કોઈક સામાજિક કે ધાર્મિક જૂથ તો અવશ્ય એવું નીકળી આવશે કે જે એનો વિરોધ કરશે. એવે વખતે ગમે તેવી બુદ્ધિમાન સરકાર પણ ગુંચવાઈ જશે. આજે દારૂબંધીનો કાયદો લોકહિતાર્થે છે એમ કોઈ કહેશે તો તેને જાણીને આશ્ચર્ય થશે કે આખી કોમોની કોમો અને સમાજના અમુક આખા વર્ગો એવા છે કે આ કાયદા માટે સરકારની સતત વિરૂદ્ધ બોલે છે. આજે ફરજિયાત કેળવણી અને બાળલગ્ન—પ્રતિબંધના કાયદા છે, પણ ગામડાંમાં ઊઘાડે છોગે આ બન્ને કાયદાનો ભંગ થઈ રહ્યો છે. ત્યાં લાખ્ખો છોકરાં ભણ્યાં વગર રખડે છે અને દર વર્ષે હજારોની સંખ્યામાં બાળલગ્નો થાય છે. આ બન્ને કાયદાનો ભંગ કરનાર વર્ગ આ લોકહિતના કાયદા કરવા માટે ખુલ્લે ખુલ્લું સરકાર વિરૂદ્ધ બોલશે. એટલે લોકશાહીમાં બધા જ ધર્મો, સંપ્રદાયો, જ્ઞાતિઓ વગેરેને માન્ય હોય એવો એક પણ કાયદો કે ઠરાવ સરકાર પસાર નહિ કરી શકે. એટલે શ્રી. માલવણિયા સરકારમાં "નકામા માણસો" કોને કહે છે તેની એ પોતાના વ્યકિતગત અભિપ્રાય પ્રમાણે વ્યાખ્યા આપી શકશે, પણ તે કાંઈ સમસ્ત ભારતનો અભિપ્રાય નથી. દારૂનિષેધ અને ફરજિયાત કેળવણી તેમ જ બાળલગ્ન—પ્રતિબંધના કાયદા પસાર કરનારી સરકાર લાખ્ખો માણસોને "નકામી અને કાઢી નાખવા જેવી સરકાર" લાગે છે તેનું શું?

આજે તુર્કસ્તાન યુરોપનો એક મહાન દેશ છે. પ્રગતિમાન છે. ભણતર સો ટકા છે. કમાલ આતાતુર્ક જેવા મહાન સરમુખત્યારને લઈને તે આટલો આગળ આવ્યો છે. એ વાત ચોકકસ છે કે આતાતુર્ક ન હોત તો ગીધની પેઠે ટાંપીને બેઠેલાં યુરોપનાં બળવાન રાજ્યો કયારનાં તુર્કસ્તાનને ગળી ગયાં હોત. આજે તુર્કસ્તાન આતાતુર્કને પૂજે છે. પણ એ જીવતો હતો ત્યારે? થોડા માણસોના જ અપવાદ સિવાય સમસ્ત દેશ એની વિરૂદ્ધ હતો, કેમ કે એણે ધાર્મિક અને સામાજિક ક્રાંતિ આણવાની હામ ભીડી હતી. એના સમયના રૂઢિચુસ્ત અને પછાત તુર્કસ્તાનમાં એ લોકોને ફરજિયાત શાળાઓમાં ધકેલતો હતો. એણે તુર્કી ભાષા માટે

અંગ્રેજી લિપિ ફરજિયાત દાખલ કરી હતી. સ્ત્રીઓનો બુરખો ફરજિયાત કઢાવીને તેમને સમાજમાં આગળ કરી હતી. ફરજિયાત એણે જનતામાંથી વહેમ, અંધશ્રદ્ધા, અને ધર્મને નામે ચાલતાં ધતીંગ બંધ કર્યાં હતાં. આજે તુર્કસ્તાન એક મગરૂર થવા જેવો દેશ છે, પણ તે સમયે આતાતુર્કનો જાન લેવાની પણ એને ધમકીઓ અપાઈ હતી. તો જનતાના હિત માટે શું સારૂં છે એ કોણ નક્કી કરે? જનતા? સરકાર? જનતામાં પણ કયો વર્ગ? તે વિષે પણ બે મત હોય છે. કોઈ કહેશે કે બહુમતિ કોમો, તો કોઈ કહેશે લઘુમતિ કોમો. આથી કોઈ પણ દેશની ધાર્મિક, સામાજિક અને આર્થિક પ્રગતિ આણવી હોય તો એક વાર સરકાર ચૂંટવી જોઈએ અને પછી ચૂંટેલી સરકારના થોડા ઘણા કાયદા તો માન્ય રાખ્યે જ છુટકો—ગમે કે ન ગમે.

શ્રી. માલવણિયાને જાણીને આશ્ચર્ય થશે કે બંગાળમાં બ્રાહ્મણો માંસ ખાય છે, એટલું જ નહિ પણ સૌભાગ્યવતી સ્ત્રીને રોજ માછલી ખાવી જ પડે છે—ભાવતી હોય કે ન ભાવતી હોય તો પણ. અને એ કહે છે તેમ બંગાળ વગેરે પ્રાન્તોનાં બ્રાહ્મણો પણ ગણ્યાગાંઠ્યા જ ખાતા હોય એમ માની લઈએ તો પણ બ્રાહ્મણો કાંઈ કોઈ પ્રાંતનો મોટો વર્ગ નથી. બ્રાહ્મણો બધે જ લગભગ માંસાહાર કરે છે અને આજે પણ ભારતની એંસી ટકા વસ્તી માંસાહારી જ છે. (જુઓ શ્રી. કાકાસાહેબનાં ઉપર ટાંકેલાં વાક્યો).

જૈનોમાં કોઈક જુજ એવા હશે કે જેમણે મોતી ને રેશમમાં થતી કાળુ માછલી અને કીડાની હિંસા માટે લાખ્ખોના ધંધા છોડી દીધા હશે, પણ મોટા ભાગના વેપારીઓએ હિંસા ખાતર આ ધંધા છોડ્યા નથી અને મોટા ભાગના વેપારીઓ હજી પણ આ ધંધામાંથી લાખ્ખોની કમાણી કરે છે અને આ હિંસા માંસાહાર કરતાં વધારે હિંસા છે. કેમકે આ બન્ને મોજશોખ અને નિરંકુશ ઈન્દ્રિયોના વૈભવની વસ્તુઓ છે, જે વગર શ્રીમંત સ્ત્રીઓ ખુશીથી ચલાવી શકે છે. વળી જૈનો અહિંસા પરમ ધર્મ છે એને ઓછી હિંસા શું ને વધારે હિંસા શું? હિંસા એટલે હિંસા જ. જે ધર્મીઓ જંતુઓની હિંસા ન થાય માટે પાણી ઉકાળીને પીએ કે લીલોતરી સુકવીને ખાય કે મીઠું શેકીને ખાય તેમને માટે રેશમ અને મોતી જેવા પૈસો વધારવાના વ્યવસાયોમાંથી થતી હિંસા ઘોર હિંસા જ ગણાય.

વાંદરા પર પ્રયોગો ન થવા જોઈએ એમ માનનારે કોઈપણ હિસાબે પોતાના કે પોતાના કુટુંબીજનો પર કોઈપણ પ્રકારની શસ્ત્રક્રિયા ન કરાવવી જોઈએ, કેમ કે આ શસ્ત્રક્રિયા વાંદરા પર સફળ થાય તો જ મનુષ્ય પર અજમાવાય છે. એક પેનિસિલિનનું કે ધનુર્વાનું ઈંજેકશન લેવાથી પણ શરીરમાં લાખ્ખો જંતુઓ મરી જાય છે. તો ઈંજેકશનો, પ્રાણીઓનાં લોહી ને લીવર જેમાં આવતાં હોય એવી દવાઓ ને ટૅાનિકો અહિંસકે ન જ લેવાં જોઈએ. તેમ છતાં પોતાના કે પોતાના સ્વજનના જીવનનો પ્રશ્ન આવે છે ત્યારે વાંદરાં પરના પ્રયોગોનો પ્રખર વિરોધ કરનાર અહિંસાવાદી પણ શસ્ત્રક્રિયા કરવા કે કરાવવા તત્પર થઈ જાય છે. તો તેમણે એટલું યાદ રાખવું ઘટે કે આ બધી જ શસ્ત્રક્રિયા પ્રાણીઓ પર સફળ થયા પછી જ મનુષ્ય પર અજમાવાય છે. સીધી મનુષ્ય પર ડૉકટર અજમાવે તો કોઈ પણ મનુષ્ય એ જોખમ ખેડવાને તૈયાર છે? નહિજ.

કીડી અને જંતુના કષ્ટને નિવારણ આપનાર જૈન મુનિઓને મેં મુંબઈની જાણીતી એક ગુજરાતી ઈસ્પિતાલમાં શસ્ત્રક્રિયા કરાવતા જોયા છે. શસ્ત્રક્રિયામાં જંતુવિનાશક દવાના બાટલે બાટલા વપરાય છે. આ દવાથી શું લાખ્ખો જંતુઓનો સંહાર નથી થતો? અને સેંકડો ઈંજેકશનો શસ્ત્રક્રિયા પહેલાં અને પછી લેવાથી બીજાં કેટલાં લાખ જંતુઓ મરી જાય છે. તેનો કોઈએ અંદાજ કાઢ્યો છે? જૈન મુનિઓને આ બધું સ્વીકાર્ય છે?

પૃથ્વી પરનાં કોઈ પણ સુધરેલા માંસાહારી દેશમાં પણ કોઈ ઘરડાં માબાપને ગોળીએ મારતું નથી. દલીલમાં અર્થહીન દલીલો કેટલી હદે પહોંચે છે તેનું શ્રી. માલવણિયાની આ દલીલ ઉદાહરણ છે. જ્યારે આજથી દોઢસો વર્ષ પર સતીની પ્રથા બંધ કરવાનું સમાજસુધારકો કહેતા ત્યારે લોકો કહેતા, "સ્ત્રીને જો પતિ પાછળ બળી મરવાનું ફરજિયાત નહિ હોય તો બધી સ્ત્રીઓ પોતાના વરોને ઝેર આપીને મારી નાખશે અને પછી ફરી પરણશે." એના જેવી જ અર્થહીન આ દલીલ છે.

શ્રી. માલવણિયાએ મારી દલીલના ઉત્તરરૂપે એમ કહ્યું છે કે "જૂની પૂરાણી સંસ્કૃતિઓ ટાંકવી એ નિરર્થક છે." કેમકે "આપણું જીવન એટલે કે કટ્ટર બ્રાહ્મણનું જીવન પણ વેદસ્મૃતિને આધારે નથી ચાલતું" અને "એ જૂની પૂરાણી સ્મૃતિઓ ટાંકવી એ નિરર્થક છે અને આપણે કરેલા વિકાસના કાંટાને પાછો ફેરવવા જેવું છે." ત્યારે લેખને અંતે એ પોતે "મહાભારત પુરાણ આદિના અનેક મહર્ષિઓને" કેમ ટાંકે છે? આપશી ને લાપશી ને પરાઈ તે કુશ્કી?

આપણે આપણી સંસ્કૃતિ બાબતમાં ગૌરવથી કહીએ છીએ ત્યારે આપણે એમ કહીએ છીએ કે પૃથ્વીભર પર આ એક જ સંસ્કૃતિ એવી છે કે જે વેદકાળના સમયથી અખંડ અતૂટ ચાલી આવી છે. વેદકાળ વિષે આપણે મગરૂર છીએ. કોઈપણ ઉચ્ચ સંસ્કૃતિનું ઉદાહરણ ટાંકવું હોય તો આપણે વેદકાળની સંસ્કૃતિનું ઉદાહરણ ટાંકીએ છીએ. હજી પણ બ્રાહ્મણો સંધ્યા કરે છે ત્યારે વેદના શ્લોકો બોલે છે. હજી પણ કોઈ લગ્ન થાય ત્યારે આપણે ગૌરવપૂર્વક છાપામાં પણ જાહેર કરીએ છીએ કે "શુદ્ધ વૈદિક મંત્રોચ્ચારથી અને વિધિથી આ લગ્ન થયું." તો પછી માંસાહાર માટે મેં વેદ ટાંક્યો ત્યારે બધા જ કેમ વૈદિક સંસ્કૃતિથી આજની સંસ્કૃતિ છૂટી પાડી નાખે છે? અને શ્રી. રતિલાલ મફાભાઈ શાહ વગેરે તેથી પહેલાંની જંગલી દશાને પણ આદર્શ માનવી જોઈએ વગેરે શા માટે લખે છે? આજે આપણે વૈદિક સંસ્કૃતિને લગભગ દરેક બાબતમાં આદર્શ સંસ્કૃતિ માનીએ છીએ. હું વેદના સમયના માંસાહારને બિલકુલ આદર્શ નથી ગણતી. માત્ર એટલું જ કહું છું કે **ભારત કોઈ પણ કાળે એક દેશ તરીકે શાકાહારી દેશ હતો જ નહિ.** વેદના સમયથી હિન્દુઓ માંસાહાર કરતા આવ્યા છે.

આજે આપણે કેવા બનવું જોઈએ તે સવાલ જરૂર મહત્ત્વનો છે પરન્તુ શ્રી. રતિલાલ મફાભાઈ શાહ ભૂલી જાય છે કે આજે પણ આપણે દુર્ભાગ્યે "આપણી પ્રાચીન સંસ્કૃતિ" નું પુછડું પકડીને બેઠા છીએ અને "આપણી પ્રાચીન સંસ્કૃતિ" એટલે બીજી કોઈ નહિ પણ "વૈદિક સંસ્કૃતિ"

વાંદરા પરનાં પ્રયોગોમાં એ વાંદરાને ક્લૉરૉફૉર્મ સુંઘાડીને તેમની અમુક ગ્રંથિઓ કાઢી નાખવામાં આવે છે તે કદાચ શ્રી. શાહને ખબર નહિ હોય.

શ્રી. રતિલાલ મફાભાઈ શાહ જ્યારે "મોજશોખ અને નિરંકુશ ઈંદ્રિયોના વિલાસ અને વાસનાઓ પોષવા મચ્છી જેવા નિર્દોષ પ્રાણીનો ભોગ લેવો" એમ કહે છે ત્યારે એ ભૂલી જાય છે કે મોતી માટે જીવતી મારવામાં આવતી કાળુ માછલી એક નિર્દોષ અબોલ પ્રાણી જ છે અને તે "મોજશોખ અને નિરંકુશ ઈંદ્રિઓના વિલાસ" માટે જ મારવામાં આવે છે. માટે અહિંસાવાદીઓએ રેશમ અને મોતી પહેરવાં બંધ કરવાં જોઈએ. તો જ વેપારીઓ આ બે શોખની વસ્તુઓનો વેપાર કરતાં બંધ થાય અને તો જ કોશેટાના કીડા અને કાળુ માછલીની ક્રૂર હત્યા અટકે.

મારી દલીલોનો શ્રી. કાકાસાહેબ સિવાય કોઈએ બરોબર ઉત્તર નથી આપ્યો." ઉપયુકતતાવાદ સ્વાર્થ છે; અહિંસા ઉત્તમ ધર્મ છે"

વગેરે અનેક આદર્શ વાક્યોથી તો હું પણ પાનાનાં પાનાં ભરી શકું, પરંતુ વ્યવહારમાં આ ચર્ચામાં ભાગ લેનારામાંથી ભાગ્યે જ કોઈ એવા હશે કે જે અહિંસા ખાતર પોતાનો રેશમ યા મોતીનો વેપાર છોડી દે કે હિંસાને ઉત્તેજન ન મળે માટે રેશમ કે મોતી ન પહેરે કે લીવર, લોહી, વગેરેનાં બનેલાં દવા ઈંજેક્શનો માંદગીમાં ન વાપરે કે વાંદરાંને ભોગે સફળ થયેલી શસ્ત્રક્રિયા પોતે કે પોતાનાં પ્રિયજનો મરી જતાં હોય તો પણ ન કરાવે. વ્યવહારમાં હિંસા માત્ર આહારમાં જ નથી આવી જતી. મેં ઉપર ઉદાહરણો આપ્યાં છે તેમાં આજનો શાકાહારી માનવી પણ રોજબરોજ અનેક સીધાં કે આડકતરાં હિંસક આચરણો કરે છે. બીજું એ હિંસા માત્ર ગાય કે કૂતરાં કે વાંદરાં કે માંકડ જેવા પ્રાણીઓને જ બચાવવાથી થાય છે એ માન્યતા જ ભૂલભરેલી છે. ઉપરનાં ઉદાહરણો પરથી જણાશે કે માણસ પ્રાણી પ્રત્યે દયા દાખવે છે જ્યારે માણસને જ ભૂખે મરવા દે છે.

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ કહે છે, "માંસાહારીઓ પણ અમુક દિવસે માંસ નથી ખાતા અને આવી મર્યાદાઓ સ્વીકારીને માંસાહાર ત્યજવો એ ધર્મ છે એમ માને છે." આ દલીલ સ્વીકારીએ તો પછી આપણાં કોઈ પણ હિન્દુ વ્રતને દિવસે સ્ત્રીઓ ઘઉં, ચોખા, બાજરી વગેરે રોજ ખવાતાં અનાજ નથી ખાતી. ઘણાં જૈનો ચોમાસાના ચાર મહિના લીલોતરી નથી ખાતા. તો પછી એનો અર્થ એમ જ થયો કે રોજ ખવાતું અનાજ અને લીલોતરી તજવાં એ ધર્મ છે અને બને તો દરેક જણે ઘઉં, ચોખા, બાજરી, લીલાં શાકનો હંમેશ માટે ત્યાગ કરવો.

"જૈન અને બુદ્ધ ધર્મે અહિંસાને પ્રાધાન્ય આપ્યું છે" એ બરોબર છે, પણ આજે બૌદ્ધ ધર્મ પાળનારા જાપાન, ચીન, મલાયા, બર્મા, ઈન્ડોનેશિયા, સીલોન વગેરે કોઈ પણ દેશો શાકાહારી નથી, બલ્કે બૌદ્ધ ધર્મીઓ માંસાહારી છે. માટે બૌદ્ધ ધર્મને તો આધુનિક શાકાહારીની ચર્ચાઓમાંથી બાકાત જ રાખવો પડશે.

મારૂં એમ કહેવું છે જ નહિ કે જૈનો રેશમ-મોતીનો ધંધો કરે છે માટે માંસાહારનો વિરોધ ન કરી શકે. હું માત્ર એટલું જ કહું છું કે માંસાહારમાં જેટલી હિંસા છે એટલી જ કાળુ માછલી અને રેશમના કીડાને જીવતા મારવામાં છે. પણ તેનો કોઈ જૈન ભાઈઓ કેમ વિરોધ નથી કરતા?

લેખ બહુ લાંબો થઈ ગયો છે માટે તંત્રીશ્રી તેમ જ વાચકોની ક્ષમા માગું છું. **વત્સલા મહેતા**

પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૭-૯-૬૧ ગુરૂવારથી તા. ૧૪-૯-૬૧ ગુરૂવાર સુધી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા, એક વ્યાખ્યાતાને લગતા ફેરફાર સિવાય નિયત કાર્યક્રમ મુજબ આદ્યન્ત પાર પડી છે જેને લગતી વિશેષ નોંધ આગામી અંકમાં આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

વિષયસૂચિ

		પૃષ્ઠ
કરૂણા વિચાર વિરૂદ્ધ ઉપયુક્તતાવાદ	શ્રી. વત્સલાબહેન મહેતા	૯૩
ડૉ. કાર્લ યુંગના પ્રભાવશાળી વ્યક્તિત્વનું એક આછું દર્શન	ફેડ્રીક સેન્ડઝ	૯૬
કર્મબંધ અને પુરૂષાર્થ	ચુનીલાલ વર્ધમાન શાહ	૯૭
મહાવીરને મહાવીર જ રહેવા દઈએ	મુનિશ્રી નથમલજી	૯૯
અમારો કાશ્મીરનો પ્રવાસ (વિહંગાવલોકન)	પરમાનંદ	૧૦૦
બેલગ્રેડ કૉન્ફરન્સ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૦૨

ડૉ.કાર્લ યુંગના પ્રભાવશાળી વ્યક્તિત્વનું એક આછું દર્શન

(સુવિખ્યાત માનસશાસ્ત્રી ડૉ. કાર્લ યુંગ જેમનું ૮૬ વર્ષની ઉંમરે ગયા જૂન માસની છઠ્ઠી તારીખે સ્વીટ્ઝર્લેન્ડમાં આવેલા ઝુરીક ખાતે અવસાન થયું છે તેમનો નીચેના લેખમાં સુંદર પરિચય આપવામાં આવ્યો છે.—તંત્રી)

આલ્પ્સના પહાડ ઉપર વસંતઋતુ બેસવાની શરૂઆત થાય કે ડૉ. કાર્લ ગુસ્તાવ યુંગ ઝુરીક નજીકના સરોવર પાસેનો પોતાનો બંગલો છોડીને દૂર દૂર આવેલી પોતાની એક નાની કુટિરમાં એકાંતવાસ માણવા ચાલ્યા જતા. આ ઘરને એમણે Primitive Country Rétreat—જૂની ઢબનું ગ્રામ્યનિવાસસ્થાન—એવું નામ આપ્યું હતું.

પોતાની જ જાતમહેનતે બાંધેલું તે એક નાનું સરખું ઘર હતું; પણ તેને ઘર કરતાં માનસશાસ્ત્રની પ્રયોગશાળા કહેવું વધારે યોગ્ય ગણાશે. ત્યાં નથી ટેલીફોન કે નથી વીજળી. ડૉ. યુંગ અહીં રહેવા આવે ત્યારે જાતે નજીકના ઝરણામાંથી પાણી ભરી લાવતા અને એક ખુલ્લી સગડી પર જમવાનું પણ હાથે બનાવી લેતા. ઘરની દીવાલ અસાધારણ એવી જાડી હતી, એટલે બહારના જગતનો અવાજ ત્યાં પહોંચી શકતો ન્હોતો.

આ ઘરમાં એમનો વસવાટ તે માત્ર એક માનસશાસ્ત્રને લગતો પ્રયોગ નહોતો, પણ ડૉ. યુંગ જેને આધુનિક જીવને નિપજાવેલી ગુંગળામણો માને છે, અત્યંત ચીલઝડપ, સતત અવાજો, ભય અને ચિંતાનું સતત દબાણ કે જેણે ડૉ. યુંગના અભિપ્રાય મુજબ જીવન ઉપર સખત પકડ જમાવી છે અને જેને લીધે માણસની વિચારશક્તિ નીચામાં નીચી સપાટીએ ઊતરી ગઈ છે—આ બધાંની સામે તેઓ આ રીતે પોતાનો ઉગ્ર વિરોધ પ્રગટ કરતા.

"આ મારા ગ્રામ્ય નિવાસગૃહમાં મને ફાવે તેમ હું કરૂં છું." એમની મુલાકાતે હું ગયો ત્યારે તેમણે કહ્યું. "હું લખું છું, ચિત્રો દોરૂં છું, પણ ઘણો ખરો વખત હું મારી વિચારસૃષ્ટિમાં ભમ્યા કરૂં છું." આ તેમના વિચારો કયા છે તે સમજવું અગત્યનું છે, કેમકે આજે ૮૬ વર્ષની ઉંમરે ડૉ. યુંગ આ—હાઈડ્રોજન—બૉમ્બ યુગે પેદા કરેલ તંગદિલી—તાણ—સંબંધમાં લખનાર સૌથી વધારે પ્રખ્યાત અને પ્રભાવશાળી માનસશાસ્ત્રી હતા.

એમના ચોપડીઓથી ખડકાએલા અભ્યાસગૃહમાં અમે બેઠા હતા. વિવેકના અચંળાનું ઢાંકણ ઓઢયા સિવાય સ્પષ્ટતાથી એમણે પોતાના વિચારો રજુ કર્યા. તેમણે કહ્યું,, "આજના માનવીનું મન નિરંતર વધતા જતા શારીરિક, માનસિક અને નૈતિક વિનાશના ભયથી ઘેરાયેલું છે. એક બાજુથી હાઈડ્રોજન બૉંબ અને બીજી તરફથી સામ્યવાદ અને તેની પાછળ ખેંચાઈ આવતા બીજા પરિણામોના ભયથી આજનો માનવી ધ્રુજી રહ્યો છે."

ઉત્ક્રાન્તિની ટોચ

"એમ જણાય છે કે આપણે ઉત્ક્રાંતિની મર્યાદાની ટોચે પહોંચ્યા છીએ, એવી ટોચ કે જ્યાંથી હવે આગળ વધી શકાય તેમ નથી." આ વન્દનીય માનસશાસ્ત્રીએ કહ્યું: "મનુષ્યે અજ્ઞાનાવસ્થાથી શરૂઆત કરી, અને વધારે ને વધારે જ્ઞાન મેળવવાના સતત પ્રયાસો કર્યા છે. જ્ઞાનનો આ વિકાસ આજે મનુષ્યજાતને માટે બોજારૂપ બનેલ છે. તે શાપરૂપ છે તેમ જ આશીર્વાદરૂપ પણ છે. દરેક નવી શોધ નવા જ્ઞાન તરફ દોરી જાય છે અને તેને અનુસરીને જે માર્ગે આપણે જતા હોઈએ તેમાં આગળ પ્રયાણ થાય છે. સ્વાભાવિક રીતે આ આપણી ઉપર વધારે જવાબદારી નાખે છે અને ઈચ્છાએ કે અનિચ્છાએ આપણને બદલવાની ફરજ પાડે છે. જે

આપણે જાણ્યું અને શોધ્યું તેનાં પરિણામો પણ વિચારવાના હોય છે. જે સ્વરૂપે જે દેખાયું તે તેમજ સ્વીકારી લેવાય નહિ."

તેઓ આગળ બોલ્યા, "આજની વૈજ્ઞાનિક શોધો સાથે કદમે કદમ મિલાવી શકે એ પ્રકારે માણસે પોતાનું મન તૈયાર કર્યું નથી, અથવા તો આજની પ્રચારનીતિની છેતરામણો અને વ્યવસ્થિત જૂઠાણાંઓથી નીપજતા આણઉકલ્યા માનસિક પરિવર્તનો માટે તેનું મન તૈયાર નથી. આ પ્રમાણે આપણા બાહ્ય અને આંતર મન વચ્ચે મોટું અંતર પડી ગયું છે.

"માણસ માણસનો સૌથી મોટો દુશ્મન બન્યો છે. ઈશ્વર અને માનવી વચ્ચે આજે સંઘર્ષ ઊભો થયો છે. જૂના વખતનો કોઈ પણ દેવ કરી શકે તેનાં કરતાં વધારે સારી રીતે અને વધારે સફળતાથી તારાજી સર્જી શકાય એવી વિનાશક શક્તિ હાઈડ્રોજન બોમ્બના રૂપે આજે માનવીની બુદ્ધિએ પેદા કરી છે."

"જિંદગી નિર્ભયપણે અને શાંતિથી જીવી શકાય એવી માનસિક સ્થિતિ પેદા કરવા જેટલા વિનમ્ર આપણે થઈ શકશું ખરા?" ડૉ. યુંગના માનવા મુજબ માનવબુદ્ધિને એરણ ઉપર ચઢાવનારો આ કોયડો છે.

"આપણે માનવહૃદય સમજતાં શીખવાના એવા પ્રયત્નો કરવા જોઈએ, કે જેથી દરેકના હૃદયમાં રહેલું દૈવી તત્ત્વ તેની અંદર રહેલા આસુરી તત્વને બરાબર સમજી શકે."

પોતાને આરામ આપતા એ ઘરમાં ડૉ. યુંગે આ વર્ષે ત્રણ મહિના સુધી રહેવાનું નક્કી કર્યું હતું, જેથી પોતાના વિચારોને તેઓ મનફાવતો વેગ આપી શકે. પણ એમને કેવા પ્રકારનો આરામ જોઈતો હતો?

અનેકવિધ ગુંગળામણો

જરા ઉગ્ર થઈ જતાં એમણે કહ્યું, "આ વીસમી સદીની ધમધમતી પ્રવૃત્તિ અને કામના દબાણે માનવજીવન ઉપર એટલી બધી અસર કરી છે કે ઘણા દેશોમાં બાળકો પોતાનું મન પ્રાથમિક અભ્યાસ કરવા પૂરતું પણ સ્થિર કરી શકતા નથી. અહિં ઝુરીકમાં પેલી તરફ રહેતા કેટલાક શિક્ષકોએ એક જાહેર સભામાં હમણાં જ મને પૂછ્યું હતું કે "અમે બાળકોને અભ્યાસક્રમ પૂરો કરાવી શકતા નથી તેનું શું કારણ હશે? બાળકો તેમનું મન એકાગ્ર કરવામાં નિષ્ફળ નીવડે છે." મેં તેમને કહ્યું, "એ માટે સિનેમા, રેડિયો, ટેલિવિઝન, મોટરોના ચાલુ અવાજો, ઊંચે આકાશમાં એરોપ્લેનના ગડગડાટ વગેરે જવાબદાર છે. એ બધાં મગજ ઉપર તાણ લાવનારાં સાધનો છે. આપણાં વખતમાં આપણને જે લક્ષ રાખવું પડતું હતું તેના કરતાં આજના બાળકોને બારગણું વધારે ચારે બાજુ લક્ષ રાખવું પડે છે.

"અને આ તાણ મોટાંઓને પણ એટલો જ ભોગવવી પડે છે. આજે તમે કોઈ હોટલ કે રેસ્ટોરાંમા કોઈને ચાનો પ્યાલો પીતાં કે જમતાં જમતાં કોઈની સાથે તાત્વિક વાતચીત નહિં કરી શકો, કેમકે તમારો અવાજ ત્યાં મોટેથી ચાલતા સંગીતના અવાજમાં ડૂબી જશે. થોડા વખત પહેલાં હું ન્યુયોર્કની એક હોટેલમાં હતો. હું ત્યાં એક અમેરિકન પ્રોફેસર સાથે થોડી ચર્ચા વિચારણા કરવા માગતો હતો, પણ તે અશક્ય બન્યું અને અમારે વાત છોડી દેવી પડી.

"મને સંગીત સામે વિરોધ નથી, જો તે યોગ્ય સ્થળે અને યોગ્ય સમયે ગવાતું હોય તો. પણ આજે તો ગમે કે ન ગમે, કોઈ તેનાથી દૂર રહી શકતું નથી. ઈટાલીયન સ્વીટઝર્લાન્ડમાં ટીસીને કરીને એક નાનું ગામ છે. હું હમણાં જ ત્યાં જઈ આવ્યો. ત્યાંના લોકો સંગીતપ્રિય છે. પણ જ્યારે તેમણે રેસ્ટોરાંમાં રેડિયો ચાલુ કર્યો ત્યારે હું એટલો ખીજાઈ ગયો કે મેં એકદમ "પ્લગ" ખેંચી કાઢ્યું.

"જાઝ અને તેના જેવા બીજા વાદ્યિન્ત્રો કેવળ બેવકુફીભર્યા અને ભેજું ખસવી નાંખે તેવાં વાદ્યિન્ત્રો છે; પણ તેમાં પણ જ્યારે એવાં સ્થળોએ શાસ્ત્રીય સંગીત વગાડવામાં આવે છે ત્યારે તો તે ખૂબ બેહુદું લાગે છે. દાખલ તરીકે "બેક." 'બેક' ઈશ્વર સાથે વાત કરવાનું સાધન છે. મને "બેક" માટે ભારે આદર છે, પણ જ્યારે કોઈ એકદમ પ્રતિકૂળ વાતાવરણમાં તે વગાડવામાં આવે ત્યારે તો તે માણસનું ખૂન કરવાનું મન થઈ આવે છે."

ડૉ. યુંગ પાઈપની દાંડી સાથે આંગળાં રમાડતાં બોલતા હતા. આજની આપણી ટાપટીપ તરફ તેમને ખૂબ નફરત હતી એ દેખાઈ આવતુ હતું. તેમણે કહ્યું, "કોકટેઈલ અને તેના જેવી પાર્ટીઓ પણ એટલી જ ધૃણાજનક છે. આવી પાર્ટીઓ કંઈક વિચાર વિનિમય થઈ શકે એવી વાતોનો અંત જ આણી દે છે."

ઈશ્વરની અનિવાર્ય જરૂરિયાત

ડૉ. યુંગ થોડોક વખત થોભ્યા. પછી કંઈ અચાનક સૂઝી આવ્યું હોય એમ લાગ્યું અને તેઓ બોલ્યા, "ટેલિવિઝન એ સૌથી વધારે ખરાબ ચીજ છે."

પણ ડૉ. યુંગ સૌથી આગળ પડીને સ્વીકારે છે કે આજની આ બધી ટાપટીપને, ધાંધલધમાલને માણસજાત એકાંતવાસ સ્વીકારીને ફેંકી દઈ શકે તેમ નથી. એમણે દૃઢતાપૂર્વક કહ્યું કે "આપણે શાંતિમય જીવન જીવવાની આશા રાખવી હોય તો આપણી રીતભાતમાં ધરમૂળનો ફેરફાર કરવાની સૌથી પહેલી જરૂર છે.' અને આ વાત તેમને એમના મુખ્ય અને છેલ્લા મુદ્દા ઉપર લઈ આવી; કે જે મુદ્દો માનસશાસ્ત્રના અભ્યાસમાં એમના પુરોગામી ફ્રોઈડ અને એડલરથી તેમને તદ્દન સ્પષ્ટ રીતે જુદા પાડે છે, તે મુદ્દો આ છે.

"ઈશ્વર એ જ માણસજાતની આજે ઊંડી અને વ્યાપક માંગ છે."

(ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાંથી સાભાર ઉદ્‌ધૃત)

મૂળ અંગ્રેજી: ફ્રેડ્રીક સેન્ડઝ: અનુવાદક: **મેનાબહેન નરોત્તમદાસ**

કર્મબંધ અને પુરુષાર્થ

(આ અને આ શિર્ષક નીચેના આગળના બે લેખો લેખકે લખેલા 'શ્રેયોમાર્ગ' માંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. **તંત્રી**)

કર્મબંધ અને તેનું ફળ

મન, વચન અને કાયાના યોગ સાથે કષાય ભળે છે, એટલે કર્મબંધ થાય છે. તેમાં મન વિશેષ પ્રબળ હોય છે. વચન અને કાયા પણ મનની આજ્ઞાથી જ કર્મ કરે છે. કર્મપ્રવૃત્તિમાં કષાયના માત્રા વધુ–ઓછી હોવા ઉપર કર્મબંધના વિપાકની તીવ્રતા, મંદતાનો અને તેમાંથી ઉપજતા સુખ–દુઃખનો આધાર રહે છે. કષાયના માત્રા ન હોય તો કર્મ આત્માની સાથે સંલગ્ન રહેતું નથી, કે જેવી રીતે સૂકી દીવાલ પર ધૂળ ચોંટી શકતી નથી. પણ તેને સ્પર્શ કરીને ખરી જાય છે. એટલે જો કષાયની સ્નિગ્ધતા નથી હોતી તો કર્મનો વિપાક થતો નથી.

જો કે કર્મનો બંધ થાય છે તો પણ કર્મનું ફળ તુરત મળવાનું શરૂ થતું નતી. જેવી રીતે ચૂલા પર રાંધવા મૂકેલું અનાજ પાકવાને સમય લાગે છે, તેમ કર્મને પાકતાં પણ સમય લાગે છે. અગ્નિ તીવ્ર હોય તો અનાજ પાકતાં ઓછો સમય લાગે, તેમ કર્મબંધ બળવાન હોય તો તે પાકતાં ઓછો સમય લાગે. કર્મનો વિપાક થયા પછી તે ઉદયમાં આવે છે એટલે કે તેનું ફળ મળવા માંડે છે. કર્મવિપાકના સમય સંબંધે જુદા જુદા મતો જુદાં જુદાં કર્મો અંગે સમયનાં જુદાં જુદાં વિધાનો કરે છે, જેની ઝીણવટમાં ઉતરવાની અહીં જરૂર નથી, પણ તેના સ્પષ્ટીકરણની જરૂર છે. એક

મત એવો છે કે કર્મ પકવ થઈને ફળ ત્યારે જ આપી શકે છે, જ્યારે તેને સહકારી તથા અનુકૂળ કારણો અસ્તિત્વમાં હોય, અથવા તો એ કારણોને પ્રતિબંધક અને એવાં બીજા કોઈ કારણો અસ્તિત્વમાં ન હોય. યોગદર્શનમાં એમ કહ્યું છે કે કૃષ્ણ કર્મ કરતાં શુકૂલ કર્મ વધારે બળવાન છે અને શુકૂલ કર્મનો ઉદય થતાં કૃષ્ણ કર્મ ફળ આપ્યા વિના નષ્ટ થઈ જાય છે. બૌદ્ધો પણ માને છે ખરા કે અકુશલ કર્મ કરતાં કુશલ કર્મ વધારે બળવાન હોય છે, પરંતુ કુશલ કર્મ અકુશલનો નાશ કરે છે એમ નથી માનતા. તેઓ એમ પણ માને છે કે અકુશલ કર્મ પાપકારી હોવાથી તેનું ફળ આ લોકમાં પણ મળી જાય છે, જ્યારે કુશલ કર્મ વિપુલ હોઈ તેનો વિપાક લાંબો વખત લે છે, એટલે કુશલનું ફળ આ લોકમાં ન મળે એ બનવાજોગ છે. પાપ કરતાં પુણ્ય કર્મ વિપુલ કેવી રીતે છે તેનું સ્પષ્ટીકરણ કરતાં બૌદ્ધ મત કહે છે કે પાપ કરીને મનુષ્યને પશ્ચાતાપ થાય છે, તેથી પાપની વૃદ્ધિ થતી નથી, પરંતુ શુભ કર્મ કર્યા પછી માણસને પશ્ચાતાપ થતો નથી, બદલે આનંદ થાય છે, એટલે તેનું પુણ્ય વૃદ્ધિ પામતું જાય છે.

પુરુષાર્થનું સ્થાન

જૈન મત મુજબ પણ કર્મબંધનની સ્થિતિ અને તેનો ભોગ નિયત નથી હોતાં; તેમાં ફેરફાર થઈ શકે છે. કોઈ વખત માણસે ખરાબ કૃત્ય કર્યું હોય; પરંતુ પછી તે સારું કાર્ય કરે, તે વખતે તેના પૂર્વબદ્ધ કર્મની સ્થિતિ અને તેનો રસ ઓછાં થઈ શકે છે. એજ રીતે સત્કાર્ય કરીને બાંધેલા સત્કર્મબંધની સ્થિતિ પણ અસત્કાર્ય દ્વારા અછી થઈ જાય છે. એટલે સંસારની વૃદ્ધિ અને હાનિનો આધાર પૂર્વકૃત કર્મ કરતાં વિદ્યમાન અધ્યવસાય ઉપર વિશેષ રહે છે. કર્મની જે આઠ અવસ્થા જૈન મતમાં કહેલી છે તેમાંની ઉદ્વર્તન અને અપવર્તન નામની અવસ્થાઓ કર્મબંધ ઉપર આ પ્રકારનો પ્રકાશ પાડે છે. તાત્પર્ય એ છે કે સંસારમાં સાવદ્ય ક્રિયાઓ થવાથી, અશુભ કાર્ય કરવાથી, અને જીવનધારણ અંગેની પ્રવૃત્તિથી માણસ એકદમ એવો કર્મબંધ કરી લેતો નથી, જે યત્ન અથવા પુરુષાર્થ દ્વારા ન છૂટી શકે, કિંવા જેની નિર્જરા ન જ થઈ શકે. કર્મબંધનના પારિપાકથી મળતાં સુખ—દુઃખમાં અગાઉ જણાવેલાં કારણો જેવી રીતે પુરુષાર્થને આધીન છે તેવી રીતે નિયતિ, ઈચ્છાઓ કે કર્મબંધની અનુકૂળતા પણ પુરુષાર્થ વડે સિદ્ધ કરી શકાય છે.

ભૌતિક ઉત્પાતો અંગે ગેરસમજ

જ્યારે જગતમાં કુદરતી ઉત્પાતો થાય છે ત્યારે ભાગ્ય, ઈશ્વરેચ્છા કે કર્મબંધની પરંપરાને માનનારાઓ પૂછે છે કે એમાં મનુષ્યનો પુરુષાર્થ શું કરી શકવાનો હતો? જ્વાળામુખી ફાટે, ધરતીકંપ થાય કે રેલસંકટ આવે, ત્યારે મનુષ્ય પોતાની બુદ્ધિશક્તિ વડે આગંતુક કષ્ટથી સાવધ રહીને કષ્ટની માત્રા ઓછી કરવા મથી શકે ખરો, પરંતુ તેનું સર્વથા વિદારણ તે કરી શકતો નથી. બૌદ્ધ દર્શન કહે છે કે કર્મનો નિયમ જડ સૃષ્ટિમાં કામ નથી કરતો. જૈન મત પણ કહે છે કે કર્મનો નિયમ આધ્યાત્મિક સૃષ્ટિને લાગુ પડે છે, ભૌતિક સૃષ્ટિને નહિ. ભૌતિક સૃષ્ટિનું નિર્માણ તેના જ નિયમાનુસાર થાય છે. કુદરતી કે આધિદૈવિક ઉત્પાતો થાય ત્યારે લોકો કહેવા લાગે છે કે જગતમાં પાપ વધી જવાથી કુદરતે કે ઈશ્વરે માણસને આ શિક્ષા કરી છે. લોકોને આવું બોલવાની ટેવ પડી ગઈ છે. માનવસૃષ્ટિથી ઈતર સૃષ્ટિમાં થતા ઉત્પાતો ઉપર તેની નજર જતી નથી, નાનાં—મોટાં પ્રાણીઓની સંખ્યાની દૃષ્ટિએ વિચાર કરી જોનારને માલૂમ પડશે કે કીડીઓની સૃષ્ટિમાં રોજ રોજ અને ઘેર ઘેર જળપ્રલયો થતા હોય છે. મુરઘીઓની દુનિયા રોજ રોજ કત્લેઆમનો અનુભવ કરતી હોય છે. નાનાં જંતુઓ અને પ્રાણીઓના ભયંકર સંહારનો જેમ રોજ વારો આવે છે તેમ મોટાં પ્રાણીઓનોયે કોઈવાર વારો આવે; એમાં ઈશ્વરે કે કુદરતે ગત ભવમાં કર્મે કરેલી પાપ બદલની સજા માની લેવાની જરૂર હોતી નથી. આખું જગત પુણ્યશાળી થાય તો પણ કુદરતના એવા ઉત્પાતો તો આવવાના જ. આવા સંકટ વખતે દુઃખ ભોગવતા માનવીઓ પોતાનાં કર્મબંધનાં ફળ ભોગવે છે માટે તે તેમને ભોગવવા દેવાં એમ કહેવું તે જડ બુદ્ધિનું લક્ષણ કહેવાય. અનેક માનવીઓ ઉપરની ભયંકર આફત વખતે ચાલતા સામુદાયિક સંહારમાં કોઈકનો અચાનક બચાવ થઈ જાય અથવા પ્રાણઘાતક અકસ્માતમાંથી અકલ્પિત સહીસલામત નીકળાય ત્યારે જીવનધારણા કોઈ બળવાન સંકલ્પનું—એક પ્રકારના પૂર્વ કર્મનું કે નિયતિનું—એ પરિણામ છે એમ માનવું પડે એ શક્ય છે, પરંતુ દરેક સ્થળે અને દરેક વખતે કર્મબંધનું અને તેમાંયે પૂર્વ ભવના કર્મબંધનું કારણ આગળ કરવું એ ભૂલ છે.

કર્મક્ષય માટે કેવો પુરુષાર્થ જોઈએ?

અને હવે ઉપસંહારમાં માનવીના સામાન્ય જીવનમાં કર્મનો ક્ષય કરવા માટે કેવો પુરુષાર્થ કેવી રીતે કાર્યસાધક બને તે દર્શાવવાને હું સ્વ. કિશોરલાલ મશરૂવાળાનાં જ થોડાં વાક્યો ઉતારું તો તે સુઘટિત થઈ પડશે. તે કહે છે: 'જગતમાં કોઈ પણ ક્રિયા થાય—જાણ્યે થાય કે અજાણ્યે થાય, તે વિવિધ પ્રકારનાં સ્થૂળ તથા સૂક્ષ્મ પરિણામો એકી વખતે કે જુદે જુદે વખતે, તુરત જ કે કાળાંતરે, એકી સામટાં કે રહી રહીને ઉપજાવે છે. એ પરિણામો પૈકી એક પરિણામ, તે કર્મ કરનારના જ્ઞાન તથા ચારિત્ર ઉપર કોઈક જાતની રજ જેટલી યે અસર ઉપજાવવી, તે થાય છે. કરોડો કર્મોની તેવી કરોડો અસરોને પરિણામે દરેક જીવનું જ્ઞાન—ચારિત્રનું વ્યક્તિત્વ ઘડાય છે. એ ઘડતર જો ઉત્તરોત્તર શુદ્ધ થતું જાય, વધારે ને વધારે જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય ઈત્યાદિ પ્રત્યે ઢળતું જાય તો તેના કર્મનો ક્ષય થાય છે એમ કહેવાય. આમ, કર્મોની વૃત્તિ—નહિ કે પરાવૃત્તિ પણ જીવના—જ્ઞાન ચારિત્ર ઉપર કર્મની થતી અસર તે બંધ અથવા મોક્ષનું કારણ છે. જીવન દરમિયાન મોક્ષ એટલે એવી એક ઉચ્ચ સ્થિતિનો આદર્શ કે જે સ્થિતિ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિના જ્ઞાન-ચારિત્ર ઉપર એવી અસર ઉપજી જ ન શકે, કે જેથી તેમાં ફરીથી અશુદ્ધિ પેસી શકે. આ માટે કરવાનાં કર્મોનો વિવેક તો જરૂર કરવો પડે. દાખલા તરીકે અપકર્મ ન કરાય, સત્કર્મ જ કરાય. કર્તવ્યરુપ કર્મ કરવાં જ જોઈએ, અકર્તવ્ય કર્મો છોડવાં જ જોઈએ. ચિત્તશુદ્ધિમાં મદદગાર એવાં દાન, તપ અને ભક્તિનાં કર્મો કરવાની રીતમાંય વિવેક કરવો પડે—જેમ કે કાર્યો જ્ઞાનપૂર્વક કરવાં, કાળજીપૂર્વક કરવા, સત્ય—અહિંસા આદિ નિયમો સંભાળીને કરવા, નિષ્કામપણે કરવાં અથવા અનાસક્તિથી કરવાં વગેરે. પણ કર્મોથી પરાવૃત્ત થવાથી—નિષ્ક્રિય બની બેસવાથી—કર્મનો ક્ષય થાય છે એ કલ્પના ભૂલભરેલી છે. કર્તવ્યરૂપ કર્મથી પરાવૃત્ત થવાથી તો કદાચ સકામપણે અથવા આસક્તિથી કરેલાં સત્કર્મો દ્વારા કર્મબંધ થવાનો પૂરો સંભવ છે.'

(સમાપ્ત)

ચુનીલાલ વર્ધમાન શાહ

મહાવીરને મહાવીર જ રહેવા દઈએ.

(ગત મહાવીર જયન્તીને અનુલક્ષીને નીચેનો લેખ મુનિશ્રી નથમલજી તરફથી "પ્રબુદ્ધ જીવન" માટે મોકલવામાં આવેલો, પણ એક તો લેખ મહાવીર જયન્તી પછી મળેલો અને ત્યાર બાદ બીજી સામયિક લેખસામગ્રીના દબાણ નીચે આ લેખ પ્રકાશન માટે આજ સુધી હાથ ઉપર લઈ શકાયો નહોતો. આ મૂળ હિંદી લેખનો અનુવાદ "વર્તમાન પર્યુષણપર્વ" દરમિયાન આજે નીચે પ્રગટ કરતાં આનંદ થાય છે **તંત્રી**)

શિશિર બાદ વસંત ઋતુ આવે છે અને જન-મન ઉલ્લાસથી ભરાઈ જાય છે. અભિનવ કળિઓની સુવાસ મનને કલ્પનાવિહાર માટે ઉન્મુક્ત કરી દે છે. એ ઉલ્લાસના વાતાવરણમાં ચૈત્ર શુદ તેરસ આવે છે. આ દિવસે લોકો ભ. મહાવીર જયન્તી ઊજવવા માટે ઉત્સુક બની જાય છે. ભ. મહાવીરનું નિર્માણ અઢી હજાર વર્ષ પહેલાં થઈ ચૂક્યું છે. એમ છતાં પણ ભગવાને આપણને જે તત્ત્વ આપ્યું છે તે એટલું મહાન-ભવ્ય આપ્યું છે કે આજે પણ તે આપણી સામે પ્રત્યક્ષ છે અને એમનો જન્મદિવસ આજે પણ આપણા માટે એક વિશિષ્ટ દિવસ જેવો બની જાય છે. જેમનામાં નવીન બનતા રહેવાની ક્ષમતા છે તેમની જયન્તી મનાવવામાં આવે છે. પુરાણું હોય તેની જયંતી કોઈ મનાવતું નથી. પુરાણું તે છે જેના પ્રત્યે કોઈ આકર્ષણ હોતું નથી. ભ. મહાવીર પ્રતિ જનતાનું આકર્ષણ છે, એ માટે તે નવીન છે. જો ભ. મહાવીરને આપણે મહાવીર જ રહેવા દઈએ અને આપણાં રંગથી તેમને ન રંગીએ તો તે સદા નવા જ રહેવાના છે. જયન્તી મનાવવાનો અર્થ જ એ છે કે તેના રંગથી આપણે રંગાઈ જઈએ. ઘણી વાર એમ બને છે કે અનુયાયી આરાધ્યના રંગથી પોતાને નથી રંગતા, કિન્તુ પોતાના રંગથી આરાધ્યને રંગી દે છે. ત્યાં તેનું મૂળ રૂપ ઢંકાઈ જાય છે.

ભ. મહાવીરે જે કહ્યું છે તે એકરૂપ જ કહ્યું છે. પણ આજે આપણે અનેક મહાવીર ઉત્પન્ન કરી દીધા છે. મહાવીરને વ્યકિત તરીકે આપણે એક માનીએ છીએ, પરંતુ પ્રવચનકાર તરીકે મહાવીર એક નથી. જે અમુક એક સમુદાયની વ્યાખ્યામાં મહાવીરનું પ્રવચનકાર તરીકેનું રૂપ છે તે અન્ય સમુદાયની વ્યાખ્યા અનુસાર સોળે આના એ પ્રકારનું નથી. એ કારણે એ પ્રશ્ન મૂંઝવણ પેદા કરે એવો છે કે મહાવીરનો યથાર્થ સંબંધ કઈ વ્યાખ્યા સાથે છે? મહાવીરના પ્રવચનને પોતે યથાર્થપણે ગ્રહણ કર્યું નથી એમ માનીને તો કોઈ ચાલતું જ નથી. સૌ પોતાના માર્ગ ઉપર સાચા છે પણ અન્યની દૃષ્ટિમાં તે પૂરા સાચા નથી. આપણે ભિન્નભિન્ન વિચારના હોઈને મહાવીરને પણ એક અભિન્ન સ્વરૂપના રહેવા દીધા નથી. રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તે આચાર્ય તુલસીને કહ્યું હતું કે "મેં રામ, બુદ્ધ વગેરે મહાપુરુષોને અંજલિ અર્પણ કરી છે. તે મુજબ ભગવાન મહાવીરને પણ હું મારા તરફની અંજલિ અર્પણ કરવા ઈચ્છું છું. પણ તેમાં એક મુશ્કેલી નડે છે. ભગવાન મહાવીરનું શ્વેતાંબર તેમ જ દિગંબર બન્ને સંપ્રદાયને સંમત એવું જીવનચરિત્ર મળતું નથી. હું કોનું સ્વીકારું અને કોનું છોડું? કોને રાજી કરું અને કોને નારાજ કરું? આપ કોઈ માર્ગ દેખાડો કે જેથી હું મારી ભાવના પૂર્ણ કરી શકું." આના જવાબમાં આચાર્યશ્રી પણ શું કહે? શ્વેતાંબર પરંપરા અનુસાર મહાવીરે લગ્ન કર્યું હતું. દિગંબર શાસ્ત્ર કહે છે કે ન્હોતું કર્યું. અને આ જે ભેદ છે તે તો ગૌણ ભેદ છે, પણ સૌથી મોટો ભેદ તો વિચારોને લગતો છે. એને લીધે શબ્દોની ખેંચતાણ ચાલે છે. એ ખેંચતાણ એ માટે ચાલે છે કે સર્વસંમત પ્રમાણિક વકતા કોઈ છે નહિ. પ્રત્યેક સંપ્રદાયમાં પણ સંભવતઃ એવી કોઈ વ્યકિત નથી. શાસ્ત્રોની ભાષા બે અઢી હજાર વર્ષ પૂરાણી છે. સમયની લાંબી મર્યાદાના પરિણામે એ વખતના ચિન્તનના પ્રકારથી પણ આપણે લગભગ અજ્ઞાન બની ગયા છીએ. આ બધી પરિસ્થિતિ શાસ્ત્રવાણી સમજવામાં જટિલતા ઉત્પન્ન કરે છે. સંદર્ભ વિના શબ્દનો સાચો અર્થ પકડવો સહેલો નથી.

રાજા શ્રેણિકનાં મહારાણી ચિલ્લણાદેવી નિદ્રાવશ હતાં. સખત ઠંડી હતી. તેમનો એક હાથ ઓઢેલા કામળાની બહાર રહી ગયો, તે જકડાઈ ગયો. જરા ઊંઘ ઉડી. એકાએક તેમના મોઢામાંથી નીકળી ગયું કે "તે શું કરતા હશે?" મગધસમ્રાટ શ્રેણિકને વિચાર આવ્યો કે મહારાણી પોતાના કોઈ પ્રેમીને યાદ કરી રહી છે. એવા વિચારને લીધે તેમનું મન સંદેહવ્યાકુળ બની ગયું. તેમણે મહારાણીના મહેલને આગ લગાડી દેવા હુકમ આપ્યો. આખરે ખરી વાત બહાર આવી. ચિલ્લણાદેવીએ એ દિવસની સાંજના સમયે એક મુનિને જંગલમાં ધ્યાન કરતા જોયા હતા. પોતાનો હાથ જકડાઈ ગયેલો જોઈને તેમના મોઢામાંથી એકાએક એવા ઉદ્‌ગારે નીકળી આવ્યા કે "તે શું કરતા હશે?" આ સંદર્ભમાં આ વાકયનો બીજો જ અર્થ થાય છે. સંદર્ભના ખ્યાલ વિના શ્રેણિકે એ વાકયનો જે અર્થ કર્યો તેથી શ્રેણિક ક્રોધાન્વિત બની ગયા. દેશકાળ અને સંદર્ભોના અભાવમાં આગમોના અર્થને ગ્રહણ કરવામાં કેટલી મુશ્કેલી ઊભી થાય છે તે એ જ સમજી શકે છે કે જેણે આ બાબત ઉપર ઊંડું ચિન્તન કર્યું હોય. આપણા પ્રાચીન વ્યાખ્યાનકારોએ આગમના એક પાઠના અનેક અર્થ કર્યા છે. તેનો નિશ્ચિત અર્થ દેખાડવામાં તેઓ સ્વયં અસંદિગ્ધ નહોતા. એવા અનેક આગમિક શબ્દો છે કે જેના અસંદિગ્ધ અર્થ આજે પણ પ્રાપ્ત થતા નથી. એવા પણ પાઠો છે કે જે સંબંધમાં 'તત્ત્વ કેવળ કેવલીગમ્ય છે' એમ કહીને છૂટી જવા સિવાય આપણા માટે બીજો વિકલ્પ રહેતો નથી. એમ છતાં એવો આગ્રહ દાખવવામાં આવે છે કે જાણે તે વ્યકિતને સંપૂર્ણ સત્ય પ્રત્યક્ષ થઈ ચૂકયું હોય. આ પરિસ્થિતિમાં આપણે મહાવીર જયન્તી મનાવીને પણ તેમની વિજયપતાકા ફરકાવવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકતા નથી. તેમના વિભિન્ન રૂપોમાં એકતા લાવી શકતા નથી. એ ત્યારે જ સંભવિત બને કે જ્યારે મહાવીરને મહાવીરની દૃષ્ટિથી જ જનતાને દેખવા દેવામાં આવે.

આપણે સ્વયં રૂઢ બનીને મહાવીરને રૂઢ બનાવીએ, આપણે સ્વયં સીમિત બનીને મહાવીરને સીમિત બનાવીએ—આ સર્વ અવાંચ્છનીય છે. આપણે આગમોને એવી રીતે માનીએ છીએ કે સત્યની શોધ આપણા માટે શેષ રહી નથી. આ દૃષ્ટિકોણ યોગ્ય નથી. આથી આપણો વિચારપ્રવાહ રોકાઈ ગયો છે અને આપણો જ્ઞાનપ્રવાહ કુંઠિત થયો છે. આપણે એટલા નવીન રહ્યા નથી કે જેટલા આપણે રહેવું જોઈએ. આપણા જ્ઞાનમાં એ ક્ષમતા નથી કે જેથી આપણાં યુગને પ્રભાવિત કરી શકીએ. આપણું ચિત્ત પ્રાપ્ત પૂંજીની સુરક્ષામાં જ રોકાયલું રહે છે, તેને વધારવા માટે આપણે કોઈ ચિન્તન કરતા નથી. આજે વનસ્પતિવિજ્ઞાન, જીવવિજ્ઞાન વગેરે વિભિન્ન વૈજ્ઞાનિક શાખાઓમાં નિત્ય નિત્ય અવનવું અનુસંધાન થઈ રહ્યું છે, નવાં નવાં સત્યોની ઉપલબ્ધિઓ થઈ રહી છે. આવા જગતમાં કેવળ શાબ્દિક દુહાઈ દઈને, ઘૂંટેલી વાતોને ફરી ફરીને ઘુંટીને શું આપણે મહાવીરની વાણીને નિત્યનવીન રાખી શકવાના છીએ? આપણે તેને અદ્યતન અનુસંધાનના ક્ષેત્રમાં લાવીને જ નિત્ય નવીન રાખી શકીએ તેમ છીએ. આપણો ખૂબ બહોળો સાહિત્ય-ભંડાર જે આજે જીર્ણપ્રાય બની રહ્યો છે તેને નવીન દૃષ્ટિ વડે અવલોકીને જ તેમાં નવીનતા લાવી શકીએ તેમ છીએ. આપણે મહાવીરની કોરી જયન્તી ન મનાવીએ; તે મનાવવવા માટે આપણે અધિકારી બનીએ, જે સત્ય તેમણે આપ્યું છે તેને વિકસિત કરવા માટે આપણા પ્રાણનું અર્ઘ્ય આપીએ. વૈજ્ઞાનિક યુગની કસોટીઓને બરોબર સમજીએ અને તે દ્વારા કસી કસીને સત્યને પ્રસારિત કરીએ. ત્યારે જ મહાવીરનું પ્રવચન સદ્યસ્ક—અદ્યતન બનશે અને ત્યારે જ તેને મનાવવાનો અધિકાર આપણને સાચા પ્રમાણમાં પ્રાપ્ત થશે.

અનુવાદક: પરમાનંદ મૂળ હિંદી: **મુનિશ્રી નથમલજી**

❋ અમારો કાશ્મીરનો પ્રવાસ ❋

પૂર્વભૂમિકા

પ્રવાસ આયોજન શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની કેટલાંક વર્ષોથી એક મુખ્ય પ્રવૃત્તિ બની રહી છે. માથેરાન, મહાબળેશ્વર, લોનાવાલા, વિલ્સન ડેમ--આવાં મુંબઈના નજીકનાં અનેક સ્થળોએ નાનાં મોટાં પર્યટનો સંઘ તરફથી યોજવામાં આવેલ છે. ત્રણેક વર્ષ પહેલાં અજંટા—એલોરા જેટલાં દૂરનાં સ્થળે પણ એક ત્રણ દિવસનું પર્યટન ગોઠવવામાં આવ્યું હતું. પણ આથી વિશેષ દૂર જવાનું હજુ સુધી શક્ય બન્યું ન્હોતું. ગયા વર્ષે સંઘ તરફથી કાશ્મીરનો પ્રવાસ ગોઠવવાનો વિચાર આવેલો, પણ તે દિશાએ વિચારથી આગળ વધવાનું શક્ય નહોતું બન્યું.

સામાન્ય રીતે આવા પ્રવાસો મે માસમાં ગોઠવવામાં આવે છે, કારણ કે વિદ્યાર્થીઓને એ દિવસોમાં છુટ્ટી હોય છે અને તેથી મા-બાપો પોતાનાં બાળ--બચ્ચાંને લઈને આવા પ્રવાસમાં મુક્ત મને જોડાઈ શકે છે. પણ મારૂં પોતાનું લક્ષ્ય કાશ્મીરમાં આવેલા અમરનાથ તીર્થની યાત્રા સાથે સંકલિત હતું. અમરનાથ જવું હોય તો જુલાઈ ઓગસ્ટ માસમાં જ કાશ્મીરનો પ્રવાસ ગોઠવવો જોઈએ. એ પહેલાં તે પ્રદેશમાં એટલો બધો ઘટ્ટ બરફ જામેલો હોય છે કે ત્યાં જવાનો મે—જૂનમાં ભાગ્યે જ કોઈ વિચાર કરે છે. વર્ષોનું આ મારૂં સ્વપ્ન હતું પણ, પર્યુષણ વ્યાખ્યાનમાળા મોટા ભાગે ઓગસ્ટની આખરમાં ગોઠવવામાં આવે અને તે માટે વ્યાખ્યાતાઓનો પ્રબંધ કરવા માટે આગળનો મહિનો બે મહિના મુંબઈમાં હાજર રહેવાનું અનિવાર્ય બને, એ કારણે આ ઈચ્છા મનની મનમાં શમાવી લેવી પડતી. આ વખતે અધિક માસને લીધે પર્યુષણ પંદરેક દિવસ મોડાં ઠેલાયાં. વ્યાખ્યાતાઓની નિયુક્તિનું કાર્ય મે માસથી શરૂ કર્યું. જે કાંઈ કામ બાકી રહે તે સંભાળી લેવાની જવાબદારી મારા સહ-મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહે ઉપાડી લીધી. પહેલાં તો જુલાઈ માસમાં પ્રવાસે નીકળવાની ધારણા હતી, પણ જોડાવા ઈચ્છનાર પ્રવાસી ભાઈઓને ઑગસ્ટ વધારે અનુકૂળ પડે તેમ લાગ્યું તેથી આખરે ઑગસ્ટ માસની પહેલી તારીખે નીકળવું અને છેલ્લી તારીખે પાછા ફરવું એ ખ્યાલપૂર્વક આખો કાર્યક્રમ વિચારાયો.

આ પ્રવાસનો સમગ્ર પ્રબંધ ગોઠવવાની જવાબદારી સંઘની કાર્ય વાહક સમિતિના સભ્ય અને આ પ્રકારના પ્રવાસો યોજવાનો કેટલાક સમયથી વ્યવસાય કરી રહેલા કલ્ચર્ડ મોતીના વ્યાપારી ભાઈશ્રી ભગુભાઈ પોપટલાલ શાહે માથે લીધી. તેમને પ્રવાસમાં જોડાનાર વ્યક્તિ દીઠ રૂ. ૪૩૫ આપવાનું નક્કી કરવામાં આવ્યું. સિવાય કે પહેલગામથી ત્રણ દિવસની યાત્રામાં સામેલ થવા ઈચ્છનાર વ્યક્તિએ તેને લગતા વિશેષ ખર્ચ અંગે રૂ. ૪૦ વધારે આપવાના રહે. આ પ્રવાસ માટે રેલ્વેની એક ત્રીજા વર્ગની બોગી મેળવવાનો રેલ્વે ખાતા સાથે પ્રબંધ કરવામાં આવ્યો. લાંબા પ્રવાસમાં પ્રવાસીઓને અનુકૂળ પડે એવી આ ખાસ તૈયાર કરવામાં આવેલા ડબ્બાની ગોઠવણ હોય છે. આ લાંબા ડબાના છેડે બે નાના ઓરડા હોય છે અને તેમાં બારીઓની બાજુએ ઉપર નીચે સુવાના પાટીયાં હોય છે અને વચ્ચે ખાલી જગા હોય છે. આ ઉપરાંત ડબાની વચ્ચેના ભાગમાં પાણી માટે તેમ જ કામની સાફસુફી માટે એક નાનો ઓરડો, રસોડું તથા એક નાનો કંપાર્ટમેન્ટ હોય છે અને આખા ડબામાં બાથરૂમ અને પાયખાનાની જરૂરી સગવડ હોય છે. છેડાના ઓરડાઓમાં વધારેમાં વધારે સોળ માણસોને અને વચ્ચેના નાના કંપાર્ટમેન્ટમાં વધારેમાં વધારે છ માણસોને સમાવી શકાય છે. રસોઈ, જમવાનું અને નાવા ધોવાનું પણ ડબામાં જ ચાલે છે. જે સ્ટેશને અટકવું હોય ત્યાં આ ડબો છૂટી જાય છે અને પછી જે ગાડીમાં આગળ વધવાનું હોય છે તે ગાડી સાથે યોગ્ય સમયે આ ડબો જોડાઈ જાય છે. વળી ઈલેકટ્રિક જોડાણ આ ડબામાં સ્વતંત્ર હોય છે તેથી ડબ્બો છુટો પડે તો પણ બત્તી તેમ જ પંખા ચાલુ રહી શકે છે. આવી બધી સગવડ હોવાના કારણે કોઈ પણ સ્થળે ઊતરતાં સામાન ફેરવવાની કે ઉતારાની જગ્યા શોધવાની તકલીફમાંથી બચી જવાય છે.

આ ડબાનું નક્કી થવા સાથે પ્રવાસને લગતો આખો કાર્યક્રમ ગોઠવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું. એક અભિપ્રાય એવો હતો કે અમારે સીધા પઠાણકોટ જવું અને કાશ્મીરમાં બને તેટલાં વધારે દિવસ ગાળીને પઠાણકોટથી સીધા મુંબઈ આવવું, કારણ કે વચ્ચેના સ્થળોએ અવાર નવાર જવાનાં નિમિત્તો ઊભા થયાં જ કરે છે. બીજો અભિપ્રાય એવો હતો કે પ્રવાસમાં જોડાનાર બધાંને રસ્તામાં આવતાં અગત્યનાં સ્થળોએ જવાની કે જોવાની ભાગ્યેજ તક મળે છે. એટલે આવાં ભાઈ—બહેનોનો ખ્યાલ રાખીને રસ્તામાં આવતા અને જરા બાજુએ રહી જતા એવા મહત્ત્વનાં સ્થળોનો પણ આ પ્રવાસમાં સમાવેશ કરી લેવો. ચર્ચાના પરિણામે બીજો અભિપ્રાય સ્વીકારવામાં આવ્યો અને પ્રવાસને બે વિભાગમાં વહેંચી દેવામાં આવ્યો અને પંદર દિવસ કાશ્મીરમાં અને પંદર દિવસ આગળ પાછળ અન્ય સ્થળો જોવામાં ગાળવાનું ઠરાવવામાં આવ્યું અને આ રીતે સીમલા ખાતે ત્રણ દિવસનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો.

સંઘના સભ્યો માટે આયોજિત કાશ્મીર પ્રવાસને લગતી જાહેરાત એક દોઢ મહિનાથી પ્રબુદ્ધ જીવનમાં અપાઈ રહી હતી. જેના પરિણામે નાની મોટી વધઘટ થતાં છેવટે ૩૯ ભાઈ બહેનોનાં નામ નક્કી થયાં હતાં અને તેમાં આખા પ્રવાસના મુખ્ય સંચાલક શ્રી. ભગુભાઈ અને તેમનાં પત્ની શ્રી પુષ્પાબહેનનું નામ ઉમેરતાં કુલ ૪૧ ભાઈ બહેનો થાય. આ ઉપરાંત બે રસોઈઆ અને બે ઘાટીઓ એમ અમારી કુલ મંડળી ૪૫ ભાઈ બહેનોની બની હતી. આ મંડળીમાં બાર કુટુંબો હતાં અને બીજી રીતે ગણીએ તો ૧૬ બહેનો હતી. અમારી પ્રવાસ મંડળીમાંની નામાવલિ નીચે મુજબ છે: તેમાં જેમનાં નામ આગળ કુદડી (*) મૂકવામાં આવી છે તે કુલ ૩૦ ભાઈબહેનો જેનો આગળ ઉપર ઉલ્લેખ આવશે તે અમરનાથની યાત્રામાં જોડાયાં હતાં.

પ્રવાસમંડળીની નામાવલી

* ૧ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.
* ૨ " વિજયાબહેન પરમાનંદ કાપડિયા.
* ૩ " હીરાબહેન રામનારાયણ પાઠક.
* ૪ " કુંવરજીભાઈ રતનશી
* ૫ " પુરીબહેન કુંવરજી રતનશી
* ૬ " નરેન્દ્રભાઈ શિવલાલ ગુપ્તા
* ૭ " લલિતાબહેન નરેન્દ્રભાઈ ગુપ્તા
* ૮ " હરિરામ માવજી ઠક્કર
* ૯ " મણિબેન હરિરામ ઠક્કર
* ૧૦ " મણિલાલ સોમચંદ શાહ
* ૧૧ " વીરબાળાબહેન મણિલાલ શાહ
* ૧૨ " મફતલાલ ભીખાચંદ શાહ
* ૧૩ " વિમળાબેન મફતલાલ શાહ
* ૧૪ " કસ્તુરચંદ ડી. શાહ
* ૧૫ " કમળાબેન કસ્તુરચંદ ડી. શાહ
* ૧૬ " રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૧૭ " પદ્માબેન રમણલાલ લાકડાવાળા

* ૧૮ " કુમારી સુધાબેન રમણલાલ લાકડાવાળા
* ૧૯ " બાલુભાઈ નાનાલાલ શાહ
૨૦ " અનસૂયાબહેન બાલુભાઈ શાહ
* ૨૧ " કુસુમચંદ્ર ડાહ્યાભાઈ શાહ
૨૨ " જ્યોત્સ્નાબહેન કુસુમચંદ્ર શાહ
૨૩ " નાનાલાલ હંસરાજ શાહ
૨૪ " સૂરજબેન નાનાલાલ શાહ
* ૨૫ " દામજીભાઈ વેલજી
* ૨૬ " ઉમરશીભાઈ ખીયશી વીરા
* ૨૭ " ખેતશીભાઈ માલશી શાહ
* ૨૮ " કાનજીભાઈ કોરશી શાહ
* ૨૯ " માવજીભાઈ શિવરાજ વીરા
* ૩૦ " ટેકચંદ લાલજી
* ૩૧ " મોહનલાલ ખાનચંદ સપ્રુ
* ૩૨ " મોરારજી વાલજી
* ૩૩ " કાન્તિલાલ પ્રભુદાસ શાહ
* ૩૪ " લખમશી નેણશી છેડા
૩૫ " ઠાકોરભાઈ ઝવેરચંદ શાહ
૩૬ " ચંપાબેન વ્રજલાલ શાહ
૩૭ " વિમળાબેન શાહ
૩૮ " રમણીકલાલ મણિલાલ શાહ
૩૯ " જાસુદબહેન રમણીકલાલ શાહ
* ૪૦ " ભગુભાઈ પોપટલાલ શાહ } અમારા પ્રવાસના
" પુષ્પાબહેન ભગુભાઈ શાહ } સંચાલક

અમારા પ્રવાસની આ પૂર્વભૂમિકા છે. હવે પછીના આ પ્રવાસનું વિગતવાર વર્ણન નહિ, પણ મુખ્ય મુખ્ય હકીકતોની લગભગ યાદી જેવું કાંઈક આપવાનો આશય છે, જેથી અમારા આ એક માસના ભરચક પ્રવાસ દરમિયાન અમે શું શું જોયું તેની પ્રબુદ્ધ જીવનના વાંચકોને ઝાંખી થાય અને આવા પ્રવાસો આપણા જ્ઞાન અને અનુભવમાં કેટલી વૃદ્ધિ કરનાર બને છે તેનો તેમને કાંઈક ખ્યાલ આવે.

(અપૂર્ણ) પરમાનંદ

ડૉ.ઉમાકાન્ત શાહને સંઘે આપેલી શુભાવદાય

જૈન મૂર્તિશાસ્ત્ર, જૈન ધર્મ અને પશ્ચિમ ભારતની શિલ્પ તેમ જ સ્થાપત્ય કળા ઉપર અમેરિકાની યુનિવર્સિટી ઑફ પેન્સીલવેનિયાના ઑરિયેન્ટલ (પૌર્વાત્ય) વિભાગમાં વ્યાખ્યાનો આપવા માટે વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યામંદિરના ઉપનિયામક ડૉ. ઉમાકાન્ત શાહને અમેરિકાના એકસચેઈન્જ ઑફ પ્રૉફેસર્સ પ્રોગ્રામ (અધ્યાપકોની અદલાબદલીને લગતા કાર્યક્રમ) મુજબ હિન્દુસ્તાનમાંના યુનાઈટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન તરફથી નિમંત્રણ મળવાના પરિણામે તથા ફૂલબ્રાઈટ એન્ડ સ્મીથમન્ડ ફંડ તરફથી તેમના પ્રવાસખર્ચની જોગવાઈ થવાના પરિણામે તેઓ તા. ૫-૯-૬૧ ના રોજ અમેરિકા જવા માટે આગળનાં દિવસે મુંબઈ આવેલા. તે તકનો લાભ લઈને તા. ૪-૯-૬૧ ના રોજ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિત તરફથી તેમનું સંઘના કાર્યાલયમાં બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી. કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરાએ ડૉ. ઉમાકાન્ત શાહનો પરિચય આપતાં જણાવેલું કે, "૧૯૫૩ માં ડૉ. ઉમાકાન્ત શાહે "જૈન મૂર્તિવિદ્યા" ઉપર મહાનિબંધ લખી પી. એચ્. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તરફથી તેમને મ્યુઝ્યોલોજીનો ડીપ્લોમા મળ્યો છે. ભારતનાં પ્રાચીન સ્થળો, પ્રતિમાઓ અને પ્રાચીન કળાના તેઓ ખાસ અભ્યાસી છે. ૧૯૫૪માં બનારસ યુનિવર્સિટીના ઉપક્રમે તેમણે ત્રણ વ્યાખ્યાનો આપેલાં જે 'Studies in Jain Arts' ના નામે પ્રગટ કરવામાં આવ્યાં છે. તદુપરાંત 'સુવર્ણભૂમિમેં કાલકાચાર્ય' એ નામની એક હિન્દી પુસ્તિકા તેમના તરફથી બહાર પાડવામાં આવી છે. વળી મુંબઈ પ્રદેશ અવિભક્ત હતો તે દરમિયાન તેમણે તૈયાર કરેલું આકોટાની ધાતુપ્રતિમા અંગેનું એક અભ્યાસપૂર્ણ સચિત્ર પ્રકાશન મુંબઈ સરકાર તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. ભારતીય કળા, જૈન મૂર્તિશાસ્ત્ર તેમ જ ગુજરાતના ઈતિહાસ અંગે તેમણે ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં અનેક લેખો લખ્યા છે અને ત્રણે ભાષાના માસિકોમાં પ્રગટ થતા રહ્યાં છે."

ત્યાર બાદ ડૉ. ઉમાકાન્ત શાહને શુભવિદાય ઈચ્છતા સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કાપડિયાએ સંઘ તરફથી બે વર્ષ પહેલાં યોજવામાં આવેલ વસન્ત વ્યાખ્યાનમાળામાં ડૉ. ઉમાકાન્ત શાહે રંગીન સ્લાઈડો સાથે જૈન મૂર્તિ, શિલ્પ અને સ્થાપત્ય ઉપર આપેલ વ્યાખ્યાનની સભ્યોને યાદ આપી હતી અને અમેરિકાના લોકોને દેખાડવા માટે જે ચિત્રો, ફોટોગ્રાફો અને સ્લાઈડોનો ઘણો મોટો સંગ્રહ તેઓ સાથે લઈ જઈ રહ્યા છે અને જે અહીં આપણને દેખાડવા માટે આજે તેમની પાસે વખત નથી તે, પોતાનું કાર્ય —મીશન—સફળતાપૂર્વક પતાવીને આશરે છએક મહિના બાદ પાછા ફરે ત્યાર બાદ. સંઘના સભ્યોને તેઓ દેખાડે એવી તેમને વિનંતિ કરી હતી.

સંઘના પ્રમુખ શ્રી. ખીમજીભાઈ ભૂજપુરિયાએ પુષ્પહારથી ડૉ. ઉમાકાન્ત શાહનું બહુમાન કર્યું હતું અને ડૉ. ઉમાકાન્ત શાહે એ માટે સંઘનો આભાર માન્યો હતો અને પોતાનો સંગ્રહ, તેઓ પાછા ફરે ત્યારે સંઘના સભ્યોને દેખાડવા વચન આપ્યું હતું. અલ્પાહાર બાદ સભા વિસર્જિત કરવામાં આવી હતી.

સંઘના સભ્યોને અર્થસીંચન માટે અનુરોધ

જ્યારે પર્યુષણ આવે છે ત્યારે સંઘના સભ્યોને સંઘના નિધિમાં પૂરવણી કરવા વિનંતિ કરવામાં આવે છે. આ મુજબ જ્યારે જૈનોના અમુક વિભાગનાં પર્યુષણ પૂરાં થયા છે, અને અન્ય વિભાગનાં પર્યુષણ શરૂ થયાં છે ત્યારે સંઘના સભ્યો અને શુભેચ્છકોનું સંઘની આર્થિક જરૂરિયાતો તરફ ધ્યાન ખેંચવું જરૂરી લાગે છે. 'પ્રબુદ્ધ જીવન'નું પાક્ષિક પ્રકાશન સંઘની એક મુખ્ય પ્રવૃત્તિ છે. સભ્યો તથા ગ્રાહકોની સંખ્યા અતિ મર્યાદિત હોઈને અને આવક માટે પ્રારંભથી જાહેર ખબરનું અવલંબન નહિ લેવાના આગ્રહના કારણે પ્રબુદ્ધ જીવનના પ્રકાશન પાછળ દર વર્ષે આશરે રૂા. ૩૦૦૦ ની પૂરવણી સંઘને કરવી પડે છે. સંઘનો ચાલુ વહીવટ રૂા. ૨૦૦૦ ની અપેક્ષા રાખે છે. સંઘ તરફથી ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય માટે રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ દર વર્ષે મેળવવાના રહે છે. વૈદ્યકીય રાહતની માંગ દિનપ્રતિદિન વધતી જાય છે અને તે પાછળ આશરે રૂા. ૧૦૦૦ નો વ્યય થાય છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ પણ આશરે રૂા. ૧૫૦૦ નો ખર્ચ થાય છે. આમ આશરે રૂા. ૧૦૦૦૦ ની પ્રાપ્તિ થાય તો સંઘની બધી પ્રવૃત્તિઓ નિશ્ચિતપણે ચલાવી શકાય એટલું જ નહિ પણ તેને વિકસાવવાનું પણ વિચારી શકાય.

સંઘની બધી પ્રવૃત્તિઓ સાર્વજનિક પ્રકારની રહી છે. પ્રબુદ્ધ જીવન તથા પર્યુષણ વ્યાખ્યાનમાળા વિચારના ક્ષેત્રે વિશાળ ગુજરાતી સમાજની એક મહત્વની સેવા કરી રહેલ છે. સાર્વજનિક વાંચનાલય--પુસ્તકાલય તથા વૈદકિય રાહત પ્રવૃત્તિ સંઘના કાર્યાલય આસપાસ વસતા લોકો માટે આશીર્વાદરૂપ બની રહેલ છે. સંઘની આ બધી જરૂરિયાતો માટે સભ્યોને વ્યકિતગત રીતે પહોંચવાનું અશકય છે. સંઘની પ્રવૃત્તિઓ સતત ફાલતીફૂલતી રહે એ જોતા રહેવાની દરેક સભ્યની ફરજ છે. આ ફરજના અનુપાલન રૂપે સંઘના કાર્યાલય ઉપર શકય હોય તેટલો ઉદાર ફાળો મોકલી આપવા દરેક સભ્યને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે. જે કોઈ સભ્ય સંઘની કોઈ ચોક્કસ પ્રવૃત્તિને અનુલક્ષીને દાન મોકલશે તે સભ્યનું તે દાન તે પ્રવૃત્તિ ખાતે જમે કરવામાં આવશે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મંત્રીઓ
મુંબઈ ૩. મુંબઈ જૈન યુવક સંઘ

બેલગ્રેડ કૉન્ફરન્સ

બાન્ડુગ પછી, તટસ્થ રાષ્ટ્રોની પરિષદ બેલગ્રેડમાં મળી. તે સમય દરમિયાન આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિમાં મહત્ત્વના ફેરફારો થયા છે પણ આ પરિષદને લાગેવળગે છે ત્યાં સુધી સૌથી મહત્ત્વનો ફેરફાર આફ્રિકામાં થયો. આફ્રિકાના કેટલાય દેશો, આ સમય દરમ્યાન સ્વતંત્ર થયાં અને તેમણે આ પરિષદમાં ભાગ લીધો; એટલું જ નહિ પણ અસરકારક રીતે ભાગ લીધો.

આ પરિષદ ભરવાનો નિર્ણય થયો ત્યારે આ પરિષદ આટલી મહત્ત્વની થશે તેવો ખ્યાલ ન હતો. તેની પૂર્વતૈયારી માટે કેરોમાં લાંબા સમય સુધી ચર્ચાઓ ચાલી, કયા વિષયોની આ પરિષદમાં ચર્ચા કરવી અને કયા દેશોને આ પરિષદમાં હાજર રહેવા આમંત્રણ આપવું તે વિષે સારીપેઠે મતભેદ હતો.

આ પરિષદના મુખ્ય પ્રણેતાઓ નાસર, ટીટો અને સુકર્ણ, દરેકની ભિન્ન દ્રષ્ટિ હતી, જ્યારે ભારતની દ્રષ્ટિ તે દરેક કરતાં જુદી હતી. આ પરિષદમાં નેહરુ હાજરી આપશે તે નક્કી ન હતું. પણ અણુપ્રયોગો ફરીથી શરૂ કરવાની રશિયાએ અચાનક જાહેરાત કરી અને આ પરિષદની જવાબદારી અને મહત્ત્વ વધી ગયાં. રશિયાની આ જાહેરાતથી આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિ ઘણી કથળી અને મોટી કટોકટી ઊભી થઈ. વિશ્વયુદ્ધ નજીક આવતું દેખાયું; લશ્કરી તૈયારીઓ એકદમ વધી પડી; બે સત્તાજૂથો વચ્ચેનું અંતર વધી પડયું અને જગતે એક આંચકો અનુભવ્યો.

બેલગ્રેડ પરિષદમાં સારી પેઠે મતભેદ ઊભો થયો હતો તે મળતા અહેવાલોથી દેખાઈ આવે છે. દરેક દેશને પોતાના પ્રશ્નો છે અને તેને જ તે દેશ વિશેષ મહત્ત્વ આપે એ સ્વાભાવિક છે. જ્યારે નેહરુની સમગ્રદ્રષ્ટિ વિશ્વકટોકટી ઉપર કેન્દ્રિત થઈ અને તેને કારણે બીજા બધા પ્રશ્નો નેહરુને ગૌણ લાગ્યા. બર્લિન અને જર્મની અંગે આ તંગદિલી ઊભી થઈ જેને પરિણામે નિ:શસ્ત્રીકરણ અને અણુબોમ્બના પ્રયોગો ન થાય—આ બે મુદ્દા ઉપર જ પરિષદે પૂર્ણ લક્ષ આપવું એવો નેહરુનો દૃઢ અભિપ્રાય રહ્યો.

સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદની પકડમાંથી તાજેતરમાં જે રાષ્ટ્રો છૂટા થયા હતા અને જે કેટલાક હજી છૂટા થયા નથી તેમનો આગ્રહ સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી રાષ્ટ્રોનો વિરોધ કરવા ઉપર જ મુખ્ય લક્ષ્ય રહ્યું.

અલ્જીરીયા અને બીઝાર્ટા અંગે ફ્રાન્સ સામે સારી પેઠે ઉગ્રતા હતી. માર્શલ ટીટો તટસ્થ હોવાનો દાવો કરે તો પણ છેવટ સામ્યવાદી તો છે જ અને પશ્ચિમી રાષ્ટ્રો પ્રત્યેનું તેમનું વળણ મૈત્રીભર્યું તો નહિ જ. વળી કોન્ફરન્સ બેલગ્રેડમાં મળી તેથી સ્વાભાવિક રીતે પોતાની પ્રતિષ્ઠા વધશે એવી એમની ગણતરી પણ હોય. આરાબરાજ્યો માટે ઈઝરાઈલનો જ મુખ્ય પ્રશ્ન છે. ક્યુબાને અમેરિકા સામે ફરિયાદ છે. ઈન્ડોનેશિયા ને વેસ્ટઈંડિઝ હજી ડચને કબ્જે છે તે મેળવવાની અભિલાષા છે. દરેક રાષ્ટ્ર પોતાના પ્રશ્ન પરત્વે બીજા રાષ્ટ્રો તેને ટેકો આપે અને તેનું સમર્થન કરે એવી અપેક્ષા રાખે. પશ્ચિમી રાષ્ટ્રો સામે ખાસ કરી ફ્રાન્સ અને અમેરિકા સામે વાતાવરણ સારા પ્રમાણમાં ઉગ્ર હતું. આવા પરસ્પરવિરોધી સંજોગોમાં ભારતવર્ષનું વલણ જુદું જ હતું. નેહરુની એવી માન્યતા હતી કે બધા પ્રશ્નો છેડવા બેસીશું તો જે મુખ્ય પ્રશ્ન ઉપર ભાર મૂકવો છે તે બાજુએ રહી જશે અને કોઈ અસર નહિ પડે. દેખીતી રીતે નેહરુનું સ્થાન આ પરિષદમાં અનોખું હતું. છતાં કોઈકને ઈર્ષ્યા તો કોઈકને સ્વાર્થ એવાં વિવિધ કારણોએ નેહરુની સલાહ માન્ય થવામાં ઘણી મુશીબત આવી. શ્રી કૃષ્ણ મેનન બહુ સહાયભૂત થઈ શકયા હોય તેમ જણાતું નથી. તેમની કામ કરવાની રીત પ્રિય થઈ પડે એવી તો નથી જ. નેહરને ઘણી બાંધછોડ કરવી પડી અને છેવટ જે લાંબું નિવેદન પરિષદ તરફથી પ્રકટ થયું તેમાં તટસ્થતા જળવાઈ છે એમ ન કહેવાય. તો પણ કટોકટી નિવારવા માટે બન્ને સત્તાજૂથોને અને રશિયા અને અમેરિકાના વડાઓને દર્દભરી અપીલ અને ખાસ સંદેશવાહક મારફત અંગત પત્રો મોકલવાનું સ્વીકાર્યું તેટલે દરજ્જે નેહરુની સફળતા ગણાય.

પણ બેલગ્રેડ કૉન્ફરન્સના પ્રત્યાઘાતો ફળદાયી થયા છે એમ કહી શકાય નહિ. ખાસ કરી અમેરિકામાં તેના પ્રત્યાઘાતો પ્રતિકૂળ થયા છે એમ દેખાય છે. રશિયાએ વિશ્વમત અને પોતે આપેલ વચનની વિરુદ્ધ જઈ અણુપ્રયોગો ફરીથી શરૂ કરવાની જાહેરાત કરી, તેને બેલગ્રેડ કૉન્ફરન્સે કોઈ રીતે વખોડી નથી એ વાતનું અમેરિકન પ્રજાને ભારે દુ:ખ લાગે છે. બેલગ્રેડ કૉન્ફરન્સના નિવેદનમાં લગભગ બે જર્મની સ્વીકારી લેવા એવો જે ધ્વનિ છે તે પશ્ચિમનાં રાષ્ટ્રોને કોઈ રીતે સ્વીકાર્ય થાય તેમ નથી. એનો અર્થ એમ જ થાય કે રશિયાએ જે દગો કર્યો તેનું ફળ તેના લાભમાં જાય અને જર્મનીના ભાગલા કાયમ માટે રહે એવું સ્વીકારાય. બર્લિન અંગે બેલગ્રેડ કૉન્ફરન્સે કોઈ સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચાર્યો નથી તેમ બર્લિનના પ્રશ્નના નિરાકરણ માટે કોઈ માર્ગદર્શન આપ્યું નથી. ક્યુબાના પ્રશ્નને વચ્ચે લાવી, વિનાકારણ અમેરિકાને અપમાનજનક સંજોગોમાં મૂકયું છે. રશિયા પૂર્વ યુરોપના આટલા રાષ્ટ્રો પચાવી પડયું છે તે વિષે બેલગ્રેડ કૉન્ફરન્સે કાંઈ કહ્યું નથી. હંગરી, તીબેટ, લાઓસ—આ બધા સંબંધે પરિષદે મૌન સેવવું ઉચિત માન્યું છે. જ્યારે ફ્રાન્સ, અમેરિકા, અને બ્રિટન તેમ જ જર્મનીના જેટલા sensitive spots છે તે બધા ઉપર ટીકા કરી છે. આ તટસ્થતા તો નથી જ તેમજ શાન્તિ કરાવવાનો માર્ગ નથી.

નેહરુની રશિયાની મુલાકાતમાં રશિયા અને હિન્દના મૈત્રીભર્યા સંબંધોને વધારે પડતી જાહેરાત આપીને, અથવા તેના ઉપર ભાર મૂકીને અમેરિકાનો વિના કારણે વિરોધ વહોર્યો છે એમ લાગે છે. કેનેડી અને કુશ્ચેવે મળવું એવો આગ્રહ ઠીક છે, પણ તે માટેની કોઈ પૂર્વભૂમિકા તૈયાર થઈ નથી. કુશ્ચેવ મહાન ખેલાડી છે અને દરેક પ્રસંગને પોતાની પ્રસિદ્ધિનું સાધન બનાવે છે. અણુપ્રયોગો બંધ રાખવાની કોઈ તત્પરતા તેણે બતાવી નથી. કેનેડી—કુશ્ચેવ મિલન થાય ત્યાં સુધી પણ અણુપ્રયોગો ન કરવાની જાહેરાત કરાવવામાં નેહરુ સફળ થયા હોત તો આવા મિલનની કોઈક ભૂમિકા તૈયાર થાત. અનુકૂળ વાતાવરણ વિના, મળવાથી પરિસ્થિતિ સુધરવાને બદલે કદાચ બગડે. કેનેડી—મેકમિલનની, અણુપ્રયોગો બંધ રાખવા માટેની જાહેર વિનંતિને કુશ્ચેવે ધુતકારી કાઢી વાતાવરણને હળવું બનાવવામાં મદદ કરી નથી.

એકંદરે બેલગ્રેડ કૉન્ફરન્સ કોઈ તાત્કાલિક લાભદાયી પરિણામ લાવી શકી હોય તેમ જણાતું નથી.

તેના સંબંધે જે પ્રત્યાઘાતો શરૂ થયા છે, કૉન્ફરન્સ દરમ્યાન જે મતભેદો દેખાયા છે, આફ્રિકા અને એશિયા વચ્ચે જે કાંઈક હરીફાઈ—આ બધીય વસ્તુઓ, કોઈ હાનિકારક પરિણામો ન લાવે તો સારું.

ચીમનલાલ ચકુભાઈ શાહ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

રજીસ્ટર નં. B ૪૨૬૯
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧, ૧૯૬૧, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સંત વિનોબાજીનું મંગળ પ્રવચન

(તા. ૧૧–૯–૬૧ ના રોજ આસામ ખાતે વિચરતા યુગપુરુષ સન્ત વિનોબાજીએ ૬૭ મા જન્મદિન પ્રસંગે કરેલું અત્યંત ઉદ્‌બોધક પ્રવચન)

કાલ મેં સાંભળ્યું કે આજે મહાપુરુષ શંકરદેવની પુણ્યતિથિ છે. મને ઘણી આશા બંધાણી કે હાશ, હવે આ મહાપુરુષની જ્યોતમાં મારા જેવો નાનો માણસ એમ જ સમાઈ જશે અને હમણાં તમે આજે મારા જન્મદિન નિમિત્તે કંઈક વિચારી રહ્યા છો એમાંથી હું બચી જઈશ. પણ ખેર!

ભારતભૂમિને આપણે લોકોએ પુણ્યભૂમિ માની છે. હું નથી માનતો કે યુરોપ અને અમેરિકા યા બીજા દેશો કરતાં ખાસ કોઈ અધિક પુણ્ય આપણી પાસે હશે. સિવાય કે મહાપુરુષોનું સ્મરણ આપણી સાથે રહ્યું છે. આપણે જો એક એક મહાપુરુષને યાદ કરીશું અને એમની એકેએક તિથિ માનતા રહીશું તો ભાગ્યે જ કોઈ દિવસ એવો બચશે જ્યારે કોઈ મહાપુરુષનો જન્મ કે મૃત્યુ ન થયું હોય. ચૌદ–પંદર ભાષા આ દેશમાં છે. બધી મંગળ ભાષાઓ છે. એ બધીનાં મૂળમાં સંસ્કૃત છે—હતી. આ બધી ભાષાઓમાં જે લોકોએ પોતાના વિચાર વ્યકત કર્યા અને લોકોની સેવા કરી, જેમણે આધ્યાત્મિક ખોજમાં સર્વાર્પણ કર્યું, એવાઓની અપાર વૃષ્ટિ ભારત પર થઈ છે. એકલા ઋગ્વેદમાં કંઈક ૩૦૦ પુરુષોના નામ આવે છે. એ બધાનાં નામ તો આપણે જાણતાયે નથી. જ્યારે ઋષિઓનું તર્પણ કરવા બેસીએ છીએ ત્યારે वसिष्ठं तर्पयामि, विश्वामित्रं तर्पयामि અને પછી सर्वर्षीन्तर्पयामि એમ કહી દઈએ છીએ. કેટલાં નામ આપણે લઈશું? એવી જ રીતે બધી ભાષાઓમાં કોણ કોણ થઈ ગયા એનો ખ્યાલ પણ અહીંના લોકોને નથી, એવી સ્થિતિ છે.

પરંતુ આપણું એ સદ્‌ભાગ્ય છે કે ભારત પર સંતોની, સત્યપુરુષોની, જ્ઞાનીઓની અને ભકતોની વર્ષા થઈ છે. અહીંના સંતપુરુષ માધવદેવે ગાયું છે કે ભારતભૂમિમાં જન્મ પામીને ક્ષુદ્ર વિષયોની આશા જે જીવ રાખશે તે મોટો અભાગિયો હશે. આવું અનેકોએ કહ્યું છે. આ ખૂબ મોટી દોલત આપણને મળી છે.

સુહાસિની સુમધુરભાષિણી

सुजलाम् सुफलाम् मलयजशीतलाम्—એવી સુંદર ભૂમિ આપણને મળી છે, પરંતુ આના કરતાંયે અધિક શ્રીમાન અને સંપન્ન દેશ પણ દુનિયામાં હોઈ શકે છે. આપણે ગંગા, યમુના અને બ્રહ્મપુત્રનાં ગુણગાન ગાઈએ છીએ. પરંતુ એનાથી યે વિશાળ નદિઓ દુનિયામાં છે. અહીંની જમીન ફળદ્રુપ છે, પરંતુ એનાથી વિશેષ ફળદ્રુપ ભૂમિ દુનિયામાં છે. તેથી ભારતનું મુખ્ય ભાગ્ય सुजलाम् सुफलाम् એ નથી. પણ તે सुहासिनी सुमधुरभाषिणी રહી છે એ એનું મોટું ભાગ્ય છે. એના ઉપર અનેક આક્રમણ થયાં, અનેક વિપદો આવી, અનેક ગાળા એવા ગયા જેમાં શોષણ અને પીડન રહ્યું અને એણે મંગલ વાણીનું જ ઉચ્ચારણ કર્યું. જે કોઈ અહીં આવ્યા, પછી ભલે આર્ય હોય કે અનાર્ય, એમનું સ્વાગત જ કર્યું.

આનું કારણ એ કે આ ભૂમિમાં આધ્યાત્મિક ખોજ થઈ. સર્વ માનવ એક છે, એટલું જ નહિ પ્રાણીમાત્ર એક છે, ચરાચર સૃષ્ટિ એક છે, એટલી વ્યાપક અનુભૂતિ અહીંના જ્ઞાનીઓને થઈ અને તેઓ આપણે સારું બહુ મોટો વારસો છોડી ગયા. એ જ ભારતની સૌથી મોટી દોલત છે. विश्वमानुषः અમે વિશ્વમાનવ છીએ, એ શબ્દ ઋગ્વેદમાં આવ્યો. દસ હજાર વર્ષ થયાં એની જ ધૂન અહીંના લોકોને રહી છે. આ ભૂમિએ ગૌતમબુદ્ધ જેવા કરુણાવાન મહાપુરુષ નિર્માણ કર્યા. એણે કપિલમુનિ જેવા તત્ત્વજ્ઞાની નિર્માણ કર્યા. નામ તો કોનાં કોનાં લઈએ! એણે ગીતા, ઉપનિષદ જેવા અપ્રતિમ સંદેશ દીધા. એ આપણો વારસો છે.

હમણાં હમણાં એક વાત મેં વારંવાર કહી છે, તે એ કે હવે પછી નાનાં નાનાં ધર્મો નહીં ચાલે. એમનો જમાનો હવે પૂરો થયો. એવી જ રીતે સંકુચિત રાજનીતિ પણ ગઈ ગુજરી બની ગઈ. હવે પછી તો અધ્યાત્મ અને વિજ્ઞાન જ ચાલશે.

અધ્યાત્મની ભૂમિ હું માનું છે કે ભારત છે અને વિજ્ઞાન પશ્ચિમમાં વિકસી રહ્યું છે. અધ્યાત્મના માર્ગદર્શન હેઠળ જો વિજ્ઞાનનો વિકાસ થશે તો આપણે દુનિયામાં સ્વર્ગ લાવી શકીશું એવી મને આશા છે. મારો જેટલો વિશ્વાસ અધ્યાત્મ પર છે, એટલો જ વિજ્ઞાન પર છે. એક સૃષ્ટિનું જ્ઞાન છે અને બીજું આંતરતત્ત્વનું, આત્માનું જ્ઞાન છે. અધ્યાત્મની ખોજ એ ભારતની પોતાની આગવી ચીજ છે. વિજ્ઞાન પણ ભારતમાં એક જમાનામાં વિકસ્યું હતું ખરું. પણ આજે પશ્ચિમમાં એનો વિકાસ થઈ રહ્યો છે. ત્યાંથી આપણે વિજ્ઞાન શીખવાનું છે. હવે જીવનમાં પૂર્વ પશ્ચિમના ભેદ ભૂલી જવા જોઈશે. આ સમગ્ર વિશ્વ આપણું છે અને આપણે સહુ સમગ્ર વિશ્વનાં છીએ—એનાથી લગીરે ઓછું હવે આ દુનિયામાં નહિ ચાલે.

આ જ વિચાર ધ્યાનમાં રાખીને હું ભૂદાન માંગતો ફરી રહ્યો છું અને હું મારી જાતને જેટલી ઓળખું છું એ પરથી લાગે છે કે હવે કોઈ ખાસ મારું વ્યકિતગત જીવન રહ્યું હોય એમ લાગતું નથી. હા, હજીયે ખાવાપીવાનું ચાલી રહ્યું છે અને તે મૃત્યુ સુધી ચાલશે. પરંતુ ચિત્તમાં કોઈ વ્યકિતગત આકાંક્ષા કે વાસનાનો અનુભવ નથી થતો. હજીયે બોલવામાં, વ્યવહારમાં, કામ કરવામાં ભૂલો થાય છે તે હું જોઉં છું—મને તે ખબર છે; પરંતુ એની ચિંતા હું નથી કરતો.

ભગવત્‌સ્પર્શની પ્રતીતિ

હમણાં તમે તુકારામનું વચન સાંભળ્યું કે, 'જ્યાં જાઉં છું ત્યાં તું મારી સાથે છે—' આને તમે બિલકુલ અક્ષરાર્થમાં મારું વાકય માનજો. જ્યારે હું કોઈનો હાથ પકડું છું, ખાસ કરીને ચાલતી

વખતે, ત્યારે મને એમાં ભગવતસ્પર્શનો જ અનુભવ થાય છે. હાથ પકડું છું ત્યારે કોઈ છોકરાનો હાથ કે કોઈ છોકરીનો હાથ નથી લાગતો, પણ ભગવતસ્પર્શની જ પ્રતીતિ થાય છે. આ શબ્દનો નહિં, અનુભવનો વિષય છે. એની વ્યાખ્યા ન થઈ શકે.

મારી આ જિંદગી તો જ્યાં સુધી આયુષ્ય હશે ત્યાં સુધી ચાલશે. પરંતુ મને એવો ભાસ થાય છે કે ભારત દ્વારા વિશ્વાત્મા હરિની સેવા થાય એ એકમાત્ર પ્રવૃત્તિ હવે મારી છે. ભગવાન મારી પાસેથી આવી સેવા લઈ રહ્યા છે અને લેશે. 'ભારત દ્વારા' એ શબ્દો પણ હું મમત્વભાવથી નથી કહેતો. એનો અર્થ એટલો જ કે મારી શકિત એટલી જ છે, વધુ નહિ. ભારત સાથે મારો હવે આટલાં વર્ષોનો પરિચય થયો. અહીંની બધી ભાષાઓના અધ્યયનમાં આંખો ક્ષીણ થઈ ગઈ. અહીંના સાહિત્યસાગરમાં પાણીમાં જેમ માછલી રહે તેમ હું રહ્યો છું.

તો વિશ્વની સેવા હું આ જગ્યાએ જ રહીને કરીશ? મને વિશ્વાસ છે કે આજે વિજ્ઞાન એટલું આગળ વધી રહ્યું છે કે વિશ્વની સેવા સારુ વિશ્વભરમાં ઘૂમવું નહીં પડે. બલ્કે એવી અવ્યકત, અસ્પષ્ટ ભાવના, મનમાં આવે છે કે જેમ એક જગ્યાએ બેઠાં બેઠાં જ 'બેલાસ્ટિક શસ્ત્રો' નો ઉપયોગ કરવાની ક્ષમતા ઊભી થઈ છે તેમજ આપણે એવી આધ્યાત્મિક સાધના કરવી પડશે કે જેથી કોઈ ખૂણામાં બેઠા રહીને પણ ત્યાંથી સમગ્ર વિશ્વને પ્રભાવિત કરી શકાય. એ સારું પૂર્ણ હૃદયશુદ્ધિ જોઈએ. પ્રભુ તમને અને મને આવી હૃદયશુદ્ધિ બક્ષો એ જ ભગવાનને પ્રાર્થના છે.

હાથ ઝાલીને તું મને ચલાવી રહ્યો છે.

હમણાં હું દુનિયાના એક ખૂણામાં છું. ભારતનાયે એક ખૂણામાં છું; પરંતુ મને એવો ભાસ નથી થતો કે હું નિજસ્થાનથી દૂર છું. પોતાના સ્વજનોથી દૂર છું. એક ક્ષણ સારુંયે આમ નથી થતું. બલ્કે માનવભાવ જ મારા મનમાં આવે છે. એમાં આ રાષ્ટ્રભેદ, ભાષાભેદ, પ્રાંતભેદ નથી રહેતા; પણ બધાં માનવો છે, એજ ભાવ રહે છે. બીજો એક ભાવ આવે છે, જે જતો નથી. તે એ કે આ સહુ ઈશ્વર છે અને ખાસ કરીને હાથ પકડીને ચાલતો હોઉં છું ત્યારે તો "चालवासी हाती धरूनिया"—મારો હાથ ઝાલીને તું મને ચલાવી રહ્યો છે એ જ એક ભાવ હોય છે અને કેટલીક ક્ષણ એવી હોય છે જ્યારે આંખો સર્વ સૃષ્ટિ ઈશ્વરમય ભાળે છે અને આ ભાવ ન હોય ત્યારે માનવભાવ તો હોય જ છે.

તમારો ખૂબ ઉપકાર છે કે તમે આટલો પ્રેમ આ તુચ્છ દેહ પર વરસાવી રહ્યા છો. મારી ૬૬ વર્ષની ઉંમરમાં હું ઈશ્વરને એમ નથી કહી શકતો કે તેં મને દુઃખ દીધું છે. સર્વત્ર સુખ જ હું પામ્યો છું. જેટલો પ્રેમ પામ્યો છું એનો એક અંશમાત્ર પણ હું નથી ચૂકાવી રહ્યો. પ્રાચીનો પાસેથી, અર્વાચીનો પાસેથી, દૂરનાઓ પાસેથી, નજીકનાઓ પાસેથી (શરીરની દૃષ્ટિએ) આવી રીતે કન્યાકુમારીથી કાશ્મીર સુધી અને અહીં આસામ સુધી મને જે મળ્યું છે એનું વર્ણન થઈ શકે તેમ નથી. મને જે મળ્યું છે એ એટલું બધું પારાવાર છે કે હું એ ઋણ ચૂકવી રહ્યો છું એમ નથી લાગતું. માધવદેવે ગુરુને માટે જે લખ્યું છે, તે જ હું જનતા સારું કહું છું—નાહી અંજલીત પરે—પ્રણામ કર્યા સિવાય બીજું કોઈ સાધન નથી. તમને સહુને હું ભકિતભાવથી પ્રણામ કરું છું.

જન્મદિનઃ હેન વાપુખુદી (આસામ) ૧૧-૯-૬૧ વિનોબા

કટ્ટે કટ્ટે

(છંદઃ મિશ્ર-વસંત)

કિયામહિં હું રત હોઉં ત્યારે
કહેવાનું રહે ના કંઈ કાળનેયે,
ને ડાબલા એની સવારીકેરા
ના સંભળાવે ઘડિયાળ યે મને.
ને કેવી ઓહ્ પળપળે મુજ કાન કોરે
કાંટાપગી શી ઘડિયાળની નિત્ય કટ્કટ્
હું તો પ્રમાદતણી કામળી ઓઢતી ત્યાં!

ગીતા પરીખ

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ

ઉપસંહાર

પ્રાસ્તાવિક

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧—૩—૬૧ ના અંકમાં 'बुभुक्षितः किं न करोति पापं?' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખમાં માંસાહારને ઉત્તેજન આપવાના અને પરદેશી હુંડિયામણ વધારે ને વધારે મેળવવાના આશયથી-પ્રેરાયલી, પશુઓની મોટા પાયા ઉપર કતલ થઈ શકે અને તેના માંસની તેમજ મચ્છીની મોટા પ્રમાણમાં પરદેશોમાં નિકાસ થઈ શકે એ પ્રકારની-ભારત સરકારની આયોજન નીતિની મેં ટીકા કરી હતી અને આર્થિક ભીંસના દબાણ નીચે આપણી સરકાર જડ પદાર્થો અને પશુઓ વચ્ચે કશો વિવેક કરવા માંગતી નથી એ પ્રકારનો તે લેખમાં આપણી સરકાર ઉપર મેં આક્ષેપ કર્યો હતો. આ લેખ વાંચીને શ્રી વત્સલાબહેને મારી ઉપર એક ચર્ચા-પત્ર મોકલ્યું હતું અને તેમાં માંસ—મચ્છી આજે નહીં પણ હજારો વર્ષોથી ભારતના મોટા ભાગના લોકો ખાતા આવ્યા છે અને આજે પણ દેશનો ઘણો મોટો ભાગ માંસાહારી છે, અને આ માંસાહારનો વિરોધ કરતા જૈનો મોતી તથા રેશમનો વેપાર કરે છે અને તે પણ એટલો જ હિંસક છે, વળી સરકાર વાંદરાની નિકાસ કરે છે તેમાં શું ખોટું કરે છે? કારણ કે તેના ઉપર વૈજ્ઞાનિક સંશોધનો થઈને લોકોને મરતા બચાવવાના અનેક ઉપાયો અને ઈંજેકશનો શોધાય છે અને તેથી વાંદરા અને માણસ વચ્ચે આપણે માણસને જ પસંદગી આપવી જોઈએ—આવી મતલબના કેટલાક વિચારો તેમણે રજુ કર્યા હતા. આ તેમનું ચર્ચાપત્ર કરુણા સામે ઉપયુકતતાનું જે સનાતન દ્વંદ્વ માનવીના જીવનમાં ચાલી રહ્યું છે તેનું જ સૂચન કરે છે એમ સમજીને 'કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ' એ મથાળા નીચે તા. ૧૬-૩-'૬૧ના અંકમાં મેં શ્રી. વત્સલાબહેનનું પ્રસ્તુત ચર્ચાપત્ર પ્રગટ કર્યું હતું અને આ વિવાદાસ્પદ પ્રશ્નમાં રસ ધરાવતા અને તે ઉપર ચાલુ ચિન્તન કરતા કેટલાક મિત્રોને તેમજ પ્રબુદ્ધ જીવનના વાંચકોને પોતાના વિચારો લખી મોકલવા મેં નિમંત્રણ આપ્યું હતું. આ નિમંત્રણને માન આપીને પૂજ્ય કાકાસાહેબ કાલેલકર, સ્વામી સત્યભકત, શ્રી દલસુખભાઈ માલવણિયા, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી સન્તબાલજી, શ્રી રતિલાલ મફાભાઈ શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી પ્રાણલાલ કાલીદાસ, શ્રી ભંવરમલ સિંધી, શ્રી અપ્પાસાહેબ પટવર્ધન, શ્રી ગૌરીશંકર ભટ્ટ તથા શ્રી લવણપ્રસાદ શાહ—આટલા મિત્રોએ માનવી જીવનની આ જટિલ સમસ્યાનો ઉકેલ શોધવા મથતા લેખો અથવા તો ચર્ચાપત્રો મારી ઉપર લખી મોકલ્યા હતા. આ સર્વ લેખો યા ચર્ચાપત્રો મેં માસની પહેલી તારીખના પ્રબુદ્ધ જીવનથી આજ સુધીના અંકોમાં અનુક્રમે પ્રગટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૯૫૭ની સાલમાં મુંબઈ ખાતે ભરાયલી વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસનું ઉદ્ઘાટન કરતાં ભારતના રાષ્ટ્રપતિએ કરેલું પ્રવચન નિરામિષાહારના પ્રશ્ન ઉપર મહત્વપૂર્ણ પ્રકાશ પાડતું હોઈને તા. ૧-૮-'૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યું હતું. આ બધા લેખો અને ચર્ચાપત્રો પ્રગટ થયા બાદ શ્રી વત્સલાબહેને પોતાનો એક છેવટનો જવાબ લખી મોકલવા ઈચ્છા દર્શાવી અને તે મુજબ મળેલો જવાબ પણ છેલ્લા તા. ૧૬—૯—૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ છે.

હવે આ આખી ચર્ચાને સમેટી લેતાં ઉપસંહાર રૂપે ચર્ચા દરમિયાન ઉપસ્થિત થયેલા હિંસા—અહિંસાને લગતા અનેક મુદ્દાઓને આવરી લેતી સમાલોચના કરવાનું મારા ભાગે આવે છે. આ જવાબદારી ઘણી વિકટ અને મારી બુદ્ધિની આકરી કસોટી કરે તેવી લાગે છે. એમ છતાં જેનો પ્રારંભ કર્યો તેની યોગ્ય પૂર્ણાહુતિ મારે કરવી જ રહી. આ શરૂ કરું તે પહેલાં મારા નિમંત્રણને માન આપીને જે

મિત્રોએ લેખો અથવા ચર્ચાપત્રો લખી મોકલ્યા તેમનો અને તેમાં શ્રી દલસુખભાઈ માલવણિયા તથા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ કે જેમણે આ વિષય ઉપર પોતાના ચિત્તને કેન્દ્રિત કરીને ખરેખર ઉદ્‌બોધક એવી આલોચના લખી મોકલી તે માટે તે બન્ને મિત્રોનો મારે ખાસ આભાર માનવો જોઈએ. શ્રી. વત્સલાબહેનનું ચર્ચાપત્ર આ આખી ચર્ચા અને વિચારવિનિમયનું નિમિત્ત બન્યું તે માટે તેમના વિષે પણ મારે આભારસૂચક ઉલ્લેખ કરવો જોઈએ. તેમના છેવટના જવાબમાં મેં પ્રસ્તુત વિષય ઉપર તાત્ત્વિક અને સારાસાર વિવેક દાખવતી આલોચનાની અપેક્ષા રાખી હતી. તેના બદલે તેમાં આગળની વાતોનું પુનરાવર્તન અને આગળની હકિકતોનું પુનઃ રટણ જોઈને મને તેમજ પ્રસ્તુત ચર્ચામાં રસ ધરાવતા કેટલાક મિત્રોને ખૂબ નિરાશા ઉપજી છે. તેમાં ચર્ચવામાં આવેલા મુદ્દાઓનો જવાબ આગળ ઉપર આપવામાં આવશે.

પ્રસ્તુત ચર્ચાએ ઊભા કરેલા મુદ્દાઓ ઉપર આવું તે પહેલાં આ વિષય અંગે મારા ચિન્તનની જે તાત્ત્વિક ભૂમિકા છે તે પ્રથમ રજુ કરું તો, ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓનો જવાબ આપવાનું કાર્ય વધારે સરળ થશે. તેથી માનવી જીવનમાં અહિંસાનો વિચાર કેમ ઉદ્‌ભવ્યો અને તેનો વિકાસ પાશ્ચાત્ય દેશોમાં તેમજ આપણે ત્યાં કેવી રીતે થયો તેનો આપણે સૌથી પ્રથમ વિચાર કરીએ.

અહિંસાવિષયક વિચારણાની ભૂમિકા

જીવસૃષ્ટિમાં નિમ્નકોટિના જન્તુઓથી માંડીને પંચેન્દ્રિય પશુ સુધીના જીવો અને માનવી વચ્ચે મોટો ફરક એ છે કે માનવીને વિચારકુશળ એવું વિકસિત મન પ્રાપ્ત થયું છે, અન્યના સુખ દુઃખને સમજવા-કલ્પવાની તેનામાં કલ્પનાશકિત રહેલી છે, સારાસાર વિવેક કરતી તર્કશકિત—બુદ્ધિમત્તા તેનામાં છે, અને અન્યને સુખી જોઈને પ્રસન્ન થાય અને દુઃખી જોઈને દ્રવીભૂત બને એવું સંવેદનશીલ હૃદય તેને પ્રાપ્ત થયું છે. આને લીધે માનવીમાં એ સમજણ સહજ છે કે પોતાને સુખ ગમે છે તેવી જ રીતે અન્ય માનવીને સુખ ગમે છે: પોતાને દુઃખ ગમતું નથી, તેવી જ રીતે અન્ય માનવીને દુઃખ ગમતું નથી; પોતે ઈચ્છે છે કે અન્ય માનવી પોતા સાથે એવી રીતે વર્તે છે કે જેથી પોતાના સુખમાં બાધા ન આવે અને પોતાને તેનાથી કોઈ દુઃખ ઉત્પન્ન ન થાય. આ વિચારણા સાથે તેની બુદ્ધિ તેને કહે છે કે જે રીતે અન્ય માનવી પોતા સાથે વર્તે એમ પોતે ઈચ્છી રહ્યો છે તે મુજબ પોતે પણ અન્યની સાથે વર્તવું ઘટે છે. બીજી રીતે કહીએ તો અન્ય પોતાને અનુકૂળ હોય એમ વર્તે અને પ્રતિકૂળ હોય એમ ન વર્તે એવી અપેક્ષા અન્ય પ્રત્યે પોતે અનુકૂળ વર્તાવ કરવો જોઈએ અને પ્રતિકૂળ વર્તાવ થઈ ન શકે એમ સહજપણે સૂચવે છે. વળી સમાજ સાથેનો ચાલુ અનુભવ તેને શિખવે છે કે સમાજમાં સામંજસ્ય કેળવવું હોય તો એક માનવીએ અન્ય કોઈ માનવીને પોતાના સ્વાર્થની ખાતર, પોતાના લાભની ખાતર, કોઈ પણ પ્રકારની ઈજા પહોંચાડવી ન જોઈએ. કોઈની પ્રાણહાનિ કરવી ન જોઈએ, કોઈને માનસિક કલેશ પેદા થાય એમ વર્તવું ન જોઈએ. આ ઉપરથી સહજ ફલિત થાય છે કે આવી સમજણ ઉપર જો માનવી માનવી વચ્ચેનો, ભિન્નભિન્ન સમાજો વચ્ચેનો, જુદા જુદા રાષ્ટ્રો વચ્ચેનો સંબંધ નિર્માણ થાય, કેળવાય તો કોઈનો કોઈ સાથે સંઘર્ષ પેદા ન થાય, સર્વ કોઈ એકમેક સાથે સંપી જંપીને રહે. એમ થાય તો સર્વત્ર શાંતિ સ્થપાય અને પ્રેમનું સામ્રાજ્ય પેદા થાય. આ છે અહિંસાના સિધ્ધાન્તના પાયામાં રહેલી વિચારણા.

આ વિચારણા જ્યાં જ્યાં માનવી સમાજ અસ્તિત્વમાં આવ્યો છે ત્યાં ત્યાં પેદા થઈ છે, વિકસિત થઈ છે અને તે વિચારણાને કેન્દ્રમાં રાખીને માનવીસમાજ આગળ વધતો રહ્યો છે. આ વિચારણાનો પશ્ચિમના દેશોમાં પણ વિકાસ થયો છે અને ભારત જેવા પૌર્વાત્ય દેશોમાં પણ થયો છે. પશ્ચિમમાં અહિંસાની વિચારણાને ખ્રિસ્તી ધર્મની માન્યતામાંથી ચાલના મળી છે. ભારતમાં જેમાં વૈદિક, બૌદ્ધ, અને જૈન ધર્મનો સમાવેશ થાય છે એવા હિંદુ ધર્મમાંથી ચાલના મળી છે. એકમાંથી જેને આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિના નામથી ઓળખીએ છીએ તેનો વિકાસ થયો છે. અન્યમાંથી ભારતીય સંસ્કૃતિનો વિકાસ થયો છે. એ બે વિચારધારા જે રીતે જુદી પડે છે તે રીતે ત્યાં વસતી પ્રજાના સમગ્ર જીવસૃષ્ટિ સાથેના વ્યવહારમાં અને તે પ્રત્યેના અભિગમમાં ચોક્કસ તફાવત પડયો છે.

હું નાનો હતો અને અંગ્રેજી અભ્યાસનો મેં પ્રારંભ કર્યો ત્યારે અમને શિખવવામાં આવતી અંગ્રેજી પ્રાઈમરમાં કે એવા જ કોઈ અન્ય પાઠયપુસ્તકમાં એક વાકય આવતું હતું. તે વાકય હતું 'Cow has no Soul' 'ગાયમાં આત્મા નથી.' આ વાકય મારી સમજમાં આવતું નહોતું, કારણ કે મારો ઉછેર એ પ્રકારની માન્યતામાં થયો હતો કે સર્વ સજીવ પ્રાણીમાં માનવી જેવો જ આત્મા છે અને તેથી 'ગાયમાં આત્મા નથી' એ વાકય કશા પણ અર્થ વિનાનું લાગતું હતું.

પણ આગળ જતાં આ દુનિયાની ઉત્પત્તિ અને રચના અંગે ખ્રિસ્તી ધર્મની માન્યતાની ખબર પડી ત્યારે ઉપરના વાકયનો અર્થ સમજાયો. ખ્રિસ્તી ધર્મ મુજબ ઈશ્વરે પહેલાં આ ચરાચર સૃષ્ટિ પેદા કરી અને પછી માનવીને પેદા કર્યો અને તેનામાં પોતાની પવિત્ર ચેતનાનો અંશ દાખલ કર્યો. આ રીતે માનવી એ ઈશ્વરનું ખાસ સર્જન—Special creation—લેખાયો અને એ ઉપરથી એમ ફલિત કરવામાં આવ્યું કે આ પૃથ્વી ઉપરની સર્વ સંપત્તિ, ચરાચર જીવસૃષ્ટિ—આ બધું ઈશ્વરનું જે વિશિષ્ટ સર્જન છે તે માનવીના ઉપયોગ માટે છે. માનવી તેનો સ્વામી છે અને પૃથ્વી તેની મિલ્કત છે. એમાં રહેલા જીવોમાં કોઈ આત્મા જેવું તત્વ નથી અને જડદ્રવ્ય માફક જ તેનો ઉપયોગ તથા ઉપભોગ થઈ શકે છે. સમયના વહેવા સાથે ખ્રિસ્તી ધર્મની આ માન્યતા વિષે જનતાની શ્રદ્ધા ડગમગવા લાગી, સુપ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી ડાર્વીને પશુઓની ભિન્નભિન્ન કોટિઓ અને તેમાંથી ઉત્ક્રાન્ત થયેલા માનવ પ્રાણીની કોટિ અંગે ઉત્ક્રાન્તિવાદનો નવો સિદ્ધાંત જગત આગળ રજુ કરીને સૃષ્ટિનો ઉદ્‌ભવ અને રચના અંગેની ખ્રિસ્તી ધર્મની માન્યતાને ખોટી પાડી, ઉથલાવી નાખી. આમ છતાં પણ માનવીથી ઈતર એવી પશુસૃષ્ટિને ઉપભોગ અને ઉપયોગનું સાધન માનતી એવી જે મૂળ દ્રષ્ટિ હતી તે ત્યાંની પ્રજામાં કાયમ રહી. આ લેખના પ્રારંભમાં જે અહિંસાની વિચારણા રજુ કરવામાં આવી છે તે વિચારણા ખ્રિસ્તી ધર્મના Ten Commandments માં સ્પષ્ટપણે જોવામાં આવે જ છે અને પછી પણ એ દશ આજ્ઞાઓ દ્વારા સુચવાયેલા નૈતિક ધોરણ ઉપર જ માનવીના સામાજિક આચારવ્યવહારનું પશ્ચિમના દેશોમાં ઘડતર થતું રહ્યું છે, પણ એ બધું એટલે કે દાન, દયા, સેવા, વિશ્વબંધુત્વ, પ્રેમ, ઉદારતા, અહિંસા, શીલ વગેરે ખ્યાલો માનવસમાજ પુરતા સીમિત રહ્યા છે. પશુઓ વિષે દયા, અનુકંપાનાં દ્રષ્ટાંતો ત્યાંના જીવનમાં છૂટાછવાયાં મળે છે, પણ સામાન્યતઃ પશુઓને ઉપયોગ તથા ઉપભોગના સાધન તરીકે જ લેખવામાં આવ્યા છે.

ભારતીય દ્રષ્ટિ અને તત્ફલિત વિચારધારા આથી જુદી પડે છે. જેવો ફરક પાશ્ચાત્ય સંસ્કૃતિ મુજબ પશુસૃષ્ટિ અને માનવસૃષ્ટિ વચ્ચે કલ્પવામાં આવ્યો છે તેવા કોઈ ફરકને ભારતીય દર્શનમાં સ્થાન નથી. જેવો આત્મા માનવીના શરીરમાં વાસ કરી રહ્યો છે તેવોજ આત્મા ગાય, ભેંસ, કીડી કે મંકોડીના શરીરમાં વાસ કરી રહ્યો છે. આ હિંદુ ધર્મમાં પાયાની માન્યતા રહી છે. આમ બનવાનું એક વિશેષ કારણ છે. કર્મનો સિદ્ધાંત અને કર્મ મુજબ

એક યોનિમાંથી અન્ય યોનિમાં સંક્રમણ અને ભવભ્રમણ—આ માન્યતા હિંદુ માનસમાં કંઈ કાળથી સીંચાતી રહી છે.

એ કારણે કર્મવશાત પોતાને આજે જે માનવદેહ મળ્યો છે તે ગતભવમાં કે આગામી ભવમાં કોઈ પશુનો દેહ પણ હોઈ શકે છે. આવી કલ્પનાનો તેના ચિત્ત ઉપર સંસ્કાર જડાયેલો હોય છે. આના પરિણામે ખ્રિસ્તીઓ, અને પાશ્ચાત્યો માનવી અને પશુને જેમ કેવળ અલગ ગણતા આવ્યા છે અને પશુઓ પ્રત્યે તેમનો વર્તાવ કેવળ ઉપયોગ અને ઉપભોગનો રહ્યો છે તેવો પાયાનો કોઈ ભેદભાવ માનવી અને પશુ વચ્ચે હિન્દુ માનસે—અને ભારતના વિચારઘડતરમાં આ હિન્દુ માનસનું જ પ્રભુત્વ આજ સુધી કાયમ રહેલું હોઈને હિન્દુમાનસને ભારતીય માનસ તરીકે ઓળખાવીએ તો—આ ભારતીય માનસે કદિ ચિન્તવ્યો નથી. સમયાન્તરે ભારતના ક્ષેત્ર ઉપર જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો ઉદય થયો અને તે સાથે સજીવ સૃષ્ટિનું ક્ષેત્ર માનવી તથા પશુ સૃષ્ટિથી આગળ લંબાઈને વનસ્પતિ સુધી અને તેથી પણ આગળ જઈને પૃથ્વી, જળ, તેજ તથા વાયુ સુધી લંબાયું અને આ બધા જીવોમાં વિકસિત કે અવિકસિત દશામાં આત્મ તત્ત્વ રહેલું છે એવી માન્યતાનો પ્રચાર તેમજ સ્વીકાર થયો અને તેના પરિણામે અહિંસાનું—કરુણાનું—અનુકંપાનું ક્ષેત્ર પણ માનવી અને પશુ સૃષ્ટિને વટાવીને ઝીણામાં ઝીણા જીવ-જન્તુ સુધી અને ત્યાંથી આગળ ચાલીને વનસ્પતિ સુધી વિસ્તૃત બન્યું. આજના હિન્દુનો—ભારતીયનો—ખાનપાનનો વ્યવહાર ગમે તે હોય, પણ તેની ભાવના જીવમાત્રનું ભલું ચિન્તવવાની રહી છે. તેની કરુણા ભૂતમાત્રને આવરી લે છે.

आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पश्यति ।

'સર્વ ભૂત પ્રાણીને જે પોતા સમાન જુએ છે તેજ સાચું જુએ છે.' આ સૂત્ર તેના સમગ્ર ચિન્તનને વરેલું છે. તેની પ્રાર્થના—જ્યારે પણ તે પ્રાર્થના કરે છે ત્યારે—નીચે પ્રમાણે હોય છે :

सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरुपद्रवाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

આવો જ બીજો પ્રાર્થનાશ્લોક છે.

सत्त्वेषु मैत्री, गुणिषु प्रेमोदुं,
क्लिष्टेषु जीवेषु कृपापटत्वम् ।
माध्यस्थभावं विपरीतवृत्तौ,
सदा ममाऽस्तु विदधातु देव ॥

વળી खामेमि सव्व जीवा, सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणई ॥

એ પ્રકારની જૈન ઉક્તિ બહુ જાણીતી છે.

આવો જ એક સુપ્રસિધ્ધ શ્લોક એક જૈન સ્તોત્રમાં જોવામાં આવે છે,

शिवमस्तु सर्वजगतः,
परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखीभवन्तु लोकाः ॥

આ શુભ ભાવના માત્ર માનવ સમાજ પૂરતી નહિ પણ સમસ્ત ભૂતગણને કલ્પનામાં સમાવીને ચિન્તવવામાં આવી છે, જ્યારે પાશ્ચાત્ય દૃષ્ટિ આપણે ઉપર જોયું તેમ માત્ર માનવ સમાજ પૂરતી જ સીમિત રહી છે. આ તફાવતનું પરિણામ પશુસૃષ્ટિ સાથેના તે તે સમાજના વ્યવહારમાં જુદું જુદું આવ્યું છે. યુરોપ આદિ પાશ્ચાત્ય દેશોએ પશુસૃષ્ટિ સાથે કેવળ ઉપયુકતતાની દૃષ્ટિએ વ્યવહાર કર્યો છે. આ ઉપયુકતતા ખાનપાનને લગતી હોઈ શકે છે, વૈદકીય હોઈ શકે છે, ચાલુ વપરાશની ચીજોને લગતી હોઈ શકે છે, વ્યાપારને લગતી હોઈ શકે છે, તેમજ મનોરંજનને લગતી હોઈ શકે છે. આવા કોઈ પણ હેતુ ખાતર એ પ્રજાએ ઉપયોગી જાનવરને પાળ્યા છે, અને એ જ હેતુ ધ્યાનમાં લઈને પશુઓને અપાર ઈજા પહોંચાડી છે, તેમજ તેમનો અમાપ વધ પણ કર્યો છે. અને એમ કરતાં તેણે કશો આંચકો અનુભવ્યો નથી. આમ કરવું એ તેમની ઉપરના પોતાના અધિકારની બાબત છે એમ સમજીને આવી પ્રક્રિયાને તેણે તદ્દન વ્યાજબી લેખી છે.

ભારતમાં પણ પશુસૃષ્ટિ સાથે ઉપયુકતતાની દૃષ્ટિએ કદિ કશો વ્યવહાર કરવામાં આવ્યો નથી, એમ કદિ કહી ન જ શકાય. આવડો મોટો દેશ, ભિન્ન ભિન્ન પ્રકૃતિ અને વલણવાળા લોકો, વળી પ્રજામાંના કેટલાક વર્ગો માંસાહારી, પાશવ પ્રકૃતિથી પ્રેરિત એવો પ્રજાનો ઘણો મોટો સમુદાય, વળી ધર્મના નામે યજ્ઞમાં તેમ જ દેવીઓ સમક્ષ કંઈ કંઈ સ્થળે ચાલતી પશુઓનાં બલિદાન આપવાની પ્રથા, માનવી સમાજની કેટલીયે જરૂરિયાતો માટે પશુઓનો એક યા બીજી રીતે થતો નિષ્ઠુર ઉપયોગ—આ બધીના કારણે ભારતમાં પણ પશુઓનો પારવિનાનો વધ થતો રહ્યો છે અને તેમના ઉપર ભાતભાતનો ત્રાસ ગુજરતો રહ્યો છે. એમ છતાં સર્વ જીવો સાથે આમૌપમ્યની ભાવનાનાં બીજ ભારતીય માનસમાં પડેલાં હોઈને પશુ સાથેના તેના વ્યવહારમાં જેમ ઉપયુકતતાની વૃત્તિ જોવામાં આવે છે તેમજ તેમાં કરુણાના—અનુકંપાના એવા અંશો જોવામાં આવે છે કે જે અન્ય દેશોમાં ભાગ્યે જ નજરે પડે છે. દા. ત. નિરામિષાહારની દેશવ્યાપી પરંપરા. એક કાળે આપણા દેશમાં અન્ય દેશો માફક સર્વત્ર માંસાહાર વ્યાપેલો હતો. સમાયાન્તરે ખેતીની શોધ થઈ અને અનાજનાં વાવેતર દેશભરમાં થવા લાગ્યા. પરિણામે માંસાહારમાંથી અન્નાહાર તરફ લોકો ઢળવા લાગ્યા. સાથે સાથે માનવી અને પશુમાં એક સરખો જીવ છે, એક જ આત્મતત્ત્વ છે, તેનામાં આપણાં જેવી ચેતના છે, સુખદુઃખનું સંવેદન છે, તો તેમને આપણા આહારનો વિષય કેમ બનાવાય? આ પ્રશ્ન દેશના ચિન્તકો સમક્ષ રજુ થયો. માનવી માનસમાં રહેલી કરુણાવૃત્તિ પશુસૃષ્ટિ તરફ અભિમુખ બની, સતેજ થઈ. માંસના વિકલ્પમાં મળતાં અનાજ, કઠોળ, ફળ, શાક વડે જીવનનિર્વાહ શા માટે ન કરવો? આવી એક પ્રબળ વિચારધારા શરૂ થઈ. દેશના ઈતિહાસની રંગભૂમિ ઉપર જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનું આગમન થયું. તે બન્નેએ આ દયાની-કરુણાની ભાવનાને ઉત્તેજન આપ્યું. જૈન ધર્મે નિરામિષઆહાર ઉપર ખૂબ ભાર મૂકયો. વૈદિક વિચારસરણી ઉપર આ બન્ને ધર્મનો ખૂબ પ્રભાવ પડયો અને તેના અનુયાયીઓમાં પણ નિરામિષઆહારનો પ્રચાર થતો ચાલ્યો.

આ જ દૃષ્ટિ લઈને કેટલાક એથી પણ આગળ ચાલ્યા. અને પોતાના ચાલુ જીવનને બને તેટલું અહિંસક એટલે કે હિંસામુકત બનાવવું એ પ્રકારની જીવનસાધના તરફ તેઓ ઢળ્યા. તેઓ નિરામિષાહારી તો હતા જ પણ એટલાથી તેમને સંતોષ ન થયો. તેઓ વનસ્પતિને પણ સજીવ માનતા હતા. તેથી તેનો પણ સર્વથા નહિ તો શકય તેટલો ત્યાગ કરવા લાગ્યા, ખાનપાનમાં અહિંસાની દૃષ્ટિએ સંયમ, તપશ્ચર્યા, ઉપવાસ આ બધી પ્રક્રિયાઓએ તેમના જીવનમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું.

આ ઉપરાંત ભારતીય જીવનમાં ગૌરક્ષા, પાંજરાપોળ, પારેવાને ચણ, કુતરાને રોટલા, કીડી માટે કીડીયારું પૂરવું, સર્પને પણ દૂધ પાવું-આવી અનેક પ્રવૃત્તિઓ આજે પણ જ્યાં ત્યાં જોવામાં આવે છે તે ભારતીય માનસમાં રહેલી પશુઓ પ્રત્યેની સમભાવની કરુણાની દ્યોતક છે. આ બધું ધ્યાનમાં લેતાં ભારતીય જીવન ઉપર અહિંસાના તત્વની અને તેના પરિણામ રૂપ પશુદયા અને નિરામિષાહારની અત્યંત ઘેરી છાપ પડેલી છે એ હકીકતનો ઈનકાર થઈ શકે તેમ નથી. અને આ રીતે ભારતીય સંસ્કૃતિ અન્ય દેશોની સંસ્કૃતિથી જુદી પડે છે, અને તેને અહિંસક એવા સાર્થક વિશેષણથી તારવવામાં આવે છે.

આમ જ્યારે ભારતીય સંસ્કૃતિને 'અહિંસક' શબ્દથી હું બીરદાવું છું ત્યારે વત્સલાબહેન તે સામે પડકાર કરે છે. અને પોતાના જવા-

બમાં ભારતનો ઈતિહાસ કેવી કેવી હિંસક પ્રથાથી ખરડાયેલો છે અને કેવા કેવા યુદ્ધો વડે સતત કલંકિત થતો રહ્યો છે તેની કેટલીક વિગતો રજુ કરે છે અને દેવી સામે અપાતાં નિર્દોષ પશુઓના બલિદાનો, સતી થવાનો રીવાજ, દીકરીને દૂધ પીતી કરવાની પ્રથા, આવાં કેટલાંક દ્રષ્ટાંતો આગળ ધરે છે. અને આવી દુષ્ટતા તો બીજા કોઈ પણ દેશના જીવનમાં જોવા જાણવા મળતી નથી એમ જોરશોરથી જણાવે છે. આમ ભારતને હિંસાની પણ પરા કોટિએ પહોંચેલો વર્ણવવામાં શ્રી વત્સલાબહેન રાચે છે. આની સામે હબસીઓ સામે પશ્ચિમના દેશોએ ગુજારેલા કલ્પનામાં ન આવે એવા અત્યાચારો, ધર્મના નામે અનેક માણસોને જીવતા બાળી મુકવાની ઘટનાઓ, ત્યાંના ઈતિહાસમાં ઉત્તરોત્તર વધારે ભયાનક અને ખુનરેજીથી ભરેલા પાર વિનાના યુદ્ધો રજુ કરી શકાય તેમ છે. આમાં કોણ ચડિયાતું અને કોણ ઉતરતું એ કહેવું મુશ્કેલ છે. ભારતના ભાગલા પડયા ત્યારે આપણા ભારતવાસીઓએ જે પાશવતાનું દર્શન કરાવ્યું હતું, સ્ત્રીઓ ઉપર અત્યાચારોની જે અનેક ઘટનાઓ બની હતી તેની જોડ કદાચ અન્યત્ર નહિ મળે. તો બીજી બાજુએ એટમ બોંબથી હીરોશિમા અને નાગાસાકીમાં વસતી પ્રજાની જે મોટા પ્રમાણમાં સામુદાયિક કતલ કરવામાં આવી છે તે તો હજુ અદ્વિતીય જ રહી છે. આમ અન્યત્ર તેમજ અહીં અનેક યુદ્ધકાંડો રચાયા છે અને સમયે સમયે ધર્મના નામે, સમાજના નામે પાર વિનાના અત્યાચારો થયા છે. આમાં ભારત કોઈ અપવાદ નથી. પણ આ બધું હોવા છતાં ભારતમાં બુદ્ધ, મહાવીર, ગાંધી જેવા જે કોટિના મહાપુરુષો પાકયા છે, અહીં જે અહિંસામૂલક વિચારસરણી ઉત્તરોત્તર વિકસતી રહી છે, અહિંસાની જે સુદીર્ઘ ઉપાસના ચાલતી આવી છે, તેના ફલસ્વરૂપ નિરામિષાહારપૂર્વકની જીવનપદ્ધતિનો જે વ્યાપક પ્રચાર અને સામુદાયિક સ્વીકાર થતો રહ્યો છે, અહિંસાને કેન્દ્રમાં રાખીને જીવન સાધના કરનારા અનેક શ્રમણસંઘો નિર્માણ થયા છે, માંસ તો શું પણ નાના જીવજન્તુની વિરાધના ન થાય, વનસ્પતિના જીવને પણ ન દુભાવાય એવી જાગૃતિપૂર્વકના જીવનવ્રતને વરેલા અનેક મુનિપુંગવો સમયે સમયે અહીં વિચરતા રહ્યા છે, પશુઓના જીવને બચાવવા માટે પોતાના જીવનને હોડ મૂકનારા અનેક મહાનુભાવો પાકયા છે—ભારતની આ વિશેષતા અન્ય કોઈ પણ દેશના ઈતિહાસમાં કે સામાજિક જીવનમાં જોવા મળે તેમ છે જ નહિ. વત્સલાબહેનને દેશમાં અને સમાજના જીવનમાં બધે હિંસા, હિંસા, અને હિંસા જ દેખાય છે, પણ આ ભીષણ અરણ્યમાં અનેક મીઠી વીરડીઓ સમાન અહિંસાની જે નાની મોટી નિર્ઝરણીઓ વહી રહી છે અને તેમાંથી ભારતની પ્રજા જે સંજીવન અમૃતનું પાન કરી રહી છે, તેની શ્રી વત્સલાબહેનને ઝાંખી સરખી પણ થતી નથી. ઉપર જણાવી તેવી વિશેષતાવાળી ભારતીય સંસ્કૃતિને અન્ય દેશોની સંસ્કૃતિથી તારવવી હોય તો તે માત્ર 'અહિંસક' વિશેષણથી જ તારવી શકાય તેમ છે.

આ છે ભારતને અનુલક્ષીને રજૂ કરવા ધારેલી અહિંસાવિષયક વિચારભૂમિકા.

અપૂર્ણ

પરમાનંદ

શિખરસ્થ વ્યક્તિવિશેષ વિષે વિશેષ વિચારણા

"'ગુરુ'શિખર ઉપર આરૂઢ થયેલ વ્યક્તિવિશેષની દયાપાત્રતા" એ મથાળા હેઠળ તા. ૧—૮—૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં મારી એક નોંધ પ્રગટ થઈ હતી. એ નોંધમાં પ્રસિદ્ધ હિંદી સાહિત્યકાર અને મનોવિશ્લેષક જૈનેન્દ્રકુમારે મારી સાથેની વાતચિત દરમિયાન રજૂ કરેલા કેટલાક વિચારો અન્તર્ગત કરવામાં આવ્યા હતા. એમાં શ્રી. જે. કૃષ્ણમૂર્તિ અને એ કક્ષા ધરાવતા માર્ગદર્શકો અને ગુરુપદારૂઢ વ્યક્તિઓ અંગે એવી મતલબનું જણાવવામાં આવ્યું હતું કે, આવા માર્ગદર્શકો અને ગુરુઓ પાસે અનેક લોકો પોતાના પ્રોબ્લેમ્સનો—સમસ્યાઓનો ઉકેલ મેળવતા હશે, પણ તે ગુરુઓને પોતાને ઊભા થતા પ્રોબ્લેમ્સનો ઉકેલ શોધવામાં, સમકક્ષાના મિત્રોના તેમજ માર્ગદર્શકના અભાવે, ઘણી મૂંઝવણ અનુભવવી પડતી હશે, અને એમની સ્થિતિ કદિ કદિ દયાપાત્ર બની જતી હશે.

આ સંબંધમાં મારા મિત્ર શ્રી રતિલાલ મફાભાઈ શાહનો તા. ૮—૮—'૬૧નો એક પત્ર હતો જેનો સારાંશ નીચે મુજબ છે:—

"તા. ૧—૮—૬૧ ના "પ્રબુદ્ધ જીવન" માં જૈનેન્દ્રકુમારનું શ્રી જે. કૃષ્ણમૂર્તિ તથા એમની જેવી ગુરુસ્થાન-આરૂઢ વિશિષ્ટ વ્યક્તિઓ વિષેનું--મંતવ્ય વાંચ્યું, જે કાંઈક અસ્પષ્ટ લાગે છે. માનવ જ્યાં સુધી અદૈહિક સ્થિતિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી એ અપૂર્ણ રહેવાનો એ માન્યતા પર આવો અભિપ્રાય વ્યકત થયો હોય એમ લાગે છે.

"ગાંધીજી અનેકોના માર્ગદર્શક હતા, અનેકોના પ્રોબ્લેમ્સ ઉકેલી આપતા. આમ છતાં એમના જીવનમાં પણ એવા પ્રોબ્લેમ્સ ઊભા થતા જેનો ઉકેલ એ પોતે જ શોધતા યા શોધવા મથતા. આમ શ્રી કૃષ્ણમૂર્તિ વિષે પણ એમ જ કેમ ન હોય! તો પછી એવા પુરુષોને પૂરો સંતોષ અનુભવાતો નહિ હોય એમ કેમ કહી શકાય?

"શ્રી જૈનેન્દ્રકુમારના કથનનો એવો સાર નીકળે છે, કે જે માનવી કોઈ ગુરુ, માર્ગદર્શક કે મિત્ર પાસેથી પોતાના પ્રોબ્લેમ્સનો ઉકેલ શોધી શકે છે એ પોતાના જીવનમાં કાંઈક તૃપ્તિ કે સંતોષનો અનુભવ કરી શકે છે. પણ જે બીજાઓના પ્રોબ્લેમ્સનો ઉકેલ શોધી આપે છે અને એ રીતે જેમનું સ્થાન કાંઈક ઊંચું છે એમના દિલમાં અસંતોષભાવ ખટકયા કરતો હોવો જોઈએ. આ તેમનું મંતવ્ય જો બરોબર હોય તો પછી સાધકોની અપેક્ષાએ સિદ્ધો વધારે મુંઝાયેલા ગણાય.

"આવી જ રીતે શિખરસ્થ માનવી માટે એકલવાયી પરિસ્થિતિ અસહ્ય બની જતી હોય તો પછી કોઈ એવા શિખરે પહોંચવાનું પસંદ કેમ કરે? ઊંચી કક્ષાએ પહોંચવું એ અસહ્ય એકલતાનું દુઃખ ભોગવવા બરાબર હોય તો કોઈ પૂર્ણતાને ઈચ્છે જ નહિ."

આ લખાણમાં શ્રી રતિલાલ મફાભાઈ શાહે મારી નોંધ અંગે વધારે પડતી કલ્પના કરી હોય એમ જણાય છે. પ્રસ્તુત નોંધમાં શ્રી. જૈનેન્દ્રકુમારે જે જણાવ્યું છે તે કેવળ મનોવિજ્ઞાનની દષ્ટિએ તારવેલું એક અનુમાન છે, અને આજે આપણા વિશાળ સમાજમાં માર્ગદર્શક ગુરુપદધારી જે અનેક વ્યકિતઓ નજરે પડે છે તેવા ગુરુસમુદાયને અનુલક્ષીને શ્રી જૈનેન્દ્રકુમારનું એ વિધાન છે. તે વિધાન અથવા તો અનુમાન અમુક લોકોત્તર વ્યકિતઓને-અને ખાસ કરીને શ્રી કૃષ્ણમૂર્તિને કે ગાંધીજીને--શ્રી જૈનેન્દ્રકુમાર ધારે છે તે મુજબ કદાચ લાગુ ન પણ પડતું હોય. કૃષ્ણમૂર્તિ ચિન્તનના ક્ષેત્રમાં આપણી જેવા સામાન્ય માનવીઓ કરતાં ગમે એટલા આગળ વધ્યા હોય અને પ્રોબ્લેમોના—સમસ્યાઓના-ઉકેલનો તેમણે કદાચ આગળ ઉપર કોઈએ બતાવ્યો હોય એવો--રાજમાર્ગ બતાવ્યો હોય, એમ છતાં એમના પોતાના જીવનમાં કદિ પ્રોબ્લેમો ઊભા ન જ થતા હોય અને તે પ્રોબ્લેમો તેમને કદિ ન જ મૂંઝવતા હોય અને એવા પ્રસંગે જેની પાસે મન ખોલીને વાત કરી શકે એવા સમકક્ષ મિત્ર યા સાથીનો અપવાદ તેમને ન સાલતો હોય એમ માની લેવાને કશું જ કારણ નથી. કોઈ પણ અમુક માનવીને વિષે આપણા દિલમાં ભકિતભાવ પેદા થાય છે અને તેને આપણે પરિપૂર્ણ માની લઈએ છીએ ત્યારે જ આપણા દિલમાં આવા ભ્રમો પેદા થાય છે. ગાંધીજી વિષે પણ આમ જ વિચારવું ઘટે છે. આજના યુગના મહામાનવ પંડિત જવાહરલાલ વિષે તો જાણીતી હકીકત છે કે તેમને આપણે સમકક્ષાનો મિત્ર--સાથી--કહીએ એવો કોઈ મિત્ર કે સાથી નથી અને એકલવાયાપણું એ તેમના જીવનનું એક મોટું શલ્ય છે. પણ આ

તો બહુ ઊંચી કક્ષાના માનવીઓની આપણે વાત કરી. અને જૈનેન્દ્રકુમાર સાથેની વાતચીતમાં શ્રી કૃષ્ણમૂર્તિ એક નિમિત્ત બની ગયા. પણ બીજી અનેક ગુરુપદઆરૂઢ વ્યક્તિઓ એટલા ઊંચા સ્તરની હોતી નથી. તેવી વ્યક્તિઓને શ્રી. જૈનેન્દ્રકુમારનું કથન ઘણા મોટા ભાગે લાગુ પડે છે એમાં કોઈ શક નથી.

આ જ વિષયના અનુસંધાનમાં ભાઈશ્રી રતિલાલ મ. શાહ પ્રશ્ન કરે છે કે "તો પછી કોઈ ગુરુ થાય જ શું કામ? તો પછી ગુરુના શિખરે પહોંચવાનું કોઈ પસંદ જ કરે કેમ?" આના જવાબમાં જણાવવાનું કે અંગત મહત્ત્વાકાંક્ષા, વ્યક્તિગત જીવનસાધના અને આસપાસના સંયોગો--આ ત્રણે અથવા તો તેમાંનું કોઈ પણ એક યા બે કારણ માણસને ઊંચા સ્થાને લઈ જાય છે, નેતા બનાવે છે, ગુરુપદ ઉપર સ્થાપિત કરે છે, અને તેની આસપાસ અનુયાયીઓનું મોટું વર્તુળ પેદા કરે છે. આવી મોટી જવાબદારીના જેમ અનેક લાભો છે તેમ અનેક જોખમો પણ છે અને તે જવાબદારીને પહોંચી વળવાની, ટકાવી રાખવાની, તે તે સ્થાનના હાર્દમાં રહેલી કેટલીક મુશ્કેલીઓ, આફતો, મૂંઝવણો પણ હોય છે. પણ તે સ્થાનનું આકર્ષણ એટલું મોટું હોય છે કે તે સ્થાન ઉપર આરૂઢ માનવી તે બધું સહજપણે અને રાજીખુશીથી સ્વીકારે છે. રાજ્ય ચલાવવામાં પણ પાર વિનાની મુશ્કેલી હોવા છતાં માણસ રાજા યા પ્રધાન થવાનું પસંદ કરતો હતો કે નહિ? આ જ બાબત ધનાકાંક્ષીને તેમજ સત્તાકાંક્ષી માનવીને લાગુ પડે છે. મહત્તા પ્રાપ્ત કરવી ઈષ્ટ હોય તો તે મહત્તા સાથે જ અનેક મૂંઝવણો જોડાયલી છે તેનો સ્વીકાર કર્યે જ છૂટકો છે.

શ્રી રતિલાલ મફાભાઈ શાહ પોતાના પત્રમાં, મારી ઉપરોકત નોંધમાં માનવી માત્રમાં રહેલ જાતીય આકર્ષણ અંગે જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેને અનુલક્ષીને જણાવે છે કે, "જૈનેન્દ્રકુમારે રજૂ કરેલ મહાપુરુષોમાં રહેલ જાતીય આકર્ષણનું મંતવ્ય એવા પુરુષો માટે આક્ષેપાત્મક જણાય છે. જગતે માની લીધેલા મોટા પુરુષો માટે કદાચ એ સાચું હશે, પણ સાચે જ એવા ઉચ્ચ પદે પહોંચેલા માણસો માટે પણ આપણી જ વૃત્તિઓનું પ્રતિબિંબ પાડવું એ યોગ્ય ન્યાયયુકત લાગતું નથી. જો માનવી ગમે તેવા ઉચ્ચ સ્થાને પહોંચવા છતાં પણ જાતીય આકર્ષણથી મુકત ન જ બની શકે તો માનવીની અનેક ભવોની સાધનાનો અર્થ શો? વિશ્વમાન્ય નૈષ્ઠિક બ્રહ્મચારીઓ પણ શું આથી મુકત નહિ જ બન્યા હોય? આ બાબત અંગે મેં મારી શંકાઓ મૂકી છે. આશા છે કે એ પર કંઈક પ્રકાશ પાડશો."

આના જવાબમાં જણાવવાનું કે, આ બાબતમાં શ્રી જૈનેન્દ્રકુમારનું વિધાન કેવળ એકાન્તગામી નથી. તેમણે એમ જણાવ્યું છે કે "વળી ગમે તેટલા મોટા સ્થાન ઉપર માનવી સ્થિત હોય તો પણ જાતીય આકર્ષણથી તે ભાગ્યે જ સર્વથા મુકત હોઈ શકે છે." આ વિધાનમાં અપવાદની સંભાવના અમુક અંશે સૂચિત છે જ. આમ છતાં પણ આ એક મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ છે, અને મોટા લેખાતા માણસો વિષે સ્વીકૃત માન્યતાને આ વિધાન એક પડકાર રૂપ છે. વળી, આ વિધાન બ્રહ્મચર્યનો ખાસ દાવો કરતી અને તે કારણે સ્ત્રીસમાજ પ્રત્યે અનભિમુખ રહેતી અને ગુરુ જેવા મહત્ત્વના સ્થાન ઉપર આરૂઢ બનેલી વ્યક્તિઓને અનુલક્ષીને કરવામાં આવ્યું છે.

આપણે જાણીએ તેમ જ માનીએ છીએ કે ઉર્ધ્વલક્ષી માનવી પોતાની જીવનચર્ચામાં અહિંસા અને બ્રહ્મચર્યના આદર્શને સતત સાકાર કરવા મથે છે. અને એમ છતાં અહિંસાની બાબતમાં ઊંડાણથી વિચારતાં એમ પણ માલમ પડે છે કે જીવનધારણ સાથે નાની કે મોટી કોઈ ને કોઈ હિંસા જોડાયલી છે અને તેથી માનવી જ્યાં સુધી દેહ ધારણ કરી રહ્યો છે ત્યાં સુધી સંપૂર્ણ-નિરપવાદ-અહિંસક એવું જીવન તેના માટે શકય જ નથી. જૈન ધર્મશાસ્ત્રોમાં દેહધારણ માટે અત્યન્ત અનિવાર્ય એવી હિંસાને અહિંસાની કોટિમાં સમાવિષ્ટ કરવામાં આવી છે અને એ રીતે, કલ્પવામાં આવેલ પૂર્ણ પુરુષના જીવનને સર્વથા અહિંસક તરીકે વર્ણવવામાં આવ્યું છે. પણ આ કેવળ જુદી બાબત છે.

આવી જ રીતે કામવાસનાનો સંસ્કાર માનવીના આત્મા સાથે ભવોભવથી સંકળાયેલો છે. માનવીદેહના પાયામાં જાતીયવૃત્તિ રહેલી છે. જાતીય આકર્ષણ માનવીચિત્તનો સહજધર્મ હોઈને તે કોઈ પાપ કે શરમાવનારી વસ્તુ નથી. આમ જાતીયવૃત્તિ અને તે સાથે સંબંધ ધરાવતી કામવાસના માનવીદેહ સાથે અને માનવી જીવનના સમગ્ર ભૂતકાળ સાથે જકડાયેલી હોઈને માનવી દેહ અને ભૂતકાલીન સ્મરણનું જ્યાં સુધી અસ્તિત્વ છે ત્યાં સુધી તે કદિ ભુંસાતી કે લોપાતી નથી. એટલે કે તેનો સંપૂર્ણ ક્ષય સંભવતો નથી. તેનો ઉદય કે ઉપશમ યા વિરામ એ બે જ સ્થિતિ કલ્પી શકાય છે. આ પ્રકારની વિચારણા ઉપર જૈનેન્દ્રકુમારનું ઉપરનું વિધાન રચાયેલું લાગે છે અને મને પણ એમાં ઘણું તથ્ય લાગે છે.

આનું સમર્થન આપણે સર્વના આદરણીય પુરુષ ગાંધીજીના જીવનમાંથી મળે છે. તેમણે ગ્રહસ્થ જીવન દરમિયાન ઘણી નાની ઉમરે બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું હતું અને એમ છતાં પોતે કામવાસના ઉપર સંપૂર્ણ વિજય મેળવ્યો છે કે નહિ, જાતીય વૃત્તિના પ્રભાવથી પોતે સંપૂર્ણ મુકત બન્યા છે કે નહિ તે વિષે તેમના દિલમાં જીવનના અંત ભાગ સુધી ચાલુ સંશય રહ્યા કર્યો હતો. આ બાબતમાં પૂરી પ્રતીતિ મેળવવા માટે તેમના જીવનના છેવટના તબક્કાના ટાણે નૌઆખલીની પદયાત્રા દરમિયાન પોતાની જાત ઉપર તેમણે જે પ્રયોગ કર્યો તે હવે તો એક બહુ જાણીતી ઘટના છે. આ હકીકત ઉપર જણાવેલી વિચારણાનું સવિશેષ સમર્થન કરે છે.

આમ છે તો પછી જેમને આપણે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તરીકે ઓળખીએ છીએ તેઓ શું જાતીય આકર્ષણથી મુકત થયા નહિ હોય એવો પ્રશ્ન કરવામાં આવે છે. આવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓનું જીવન સીધા જાતીય સંબંધથી મુકત-અલિપ્ત રહ્યું હશે એ સ્વીકારી તેમ જ કલ્પી શકાય છે, પણ તેઓ જાતીય આકર્ષણથી સર્વથા મુકત હતા એમ માની લેવાને કશું જ કારણ નથી, અને એમ છતાં તે આકર્ષણ ક્રમે ક્રમે જાણે કે નહિવત્ બની ગયું હોય, ઉપશમિત—બન્યું હોય અથવા તો તે આકર્ષણનું ભાગ્યે જ સ્ફુરણ થાય એવું તેમના જીવનમાં તે વૃત્તિનું ઉર્ધ્વીકરણ થયું હોય એ સ્વીકારવાને કશો જ વાંધો નથી.

જૈનેન્દ્રકુમાર સાથેની પ્રસ્તુત ચર્ચા શ્રી જે. કૃષ્ણમૂર્તિના ઉલ્લેખથી શરૂ થઈ અને આગળ ચાલતાં જાતીય આકર્ષણનો પ્રશ્ન ચર્ચાનો વિષય બન્યો અને મેં તેમાં સહમતીનો અમુક અંશે સૂર પુરાવ્યો, એથી આઘાત પામીને તેમ જ છંછેડાઈ જઈને મારા એક મિત્ર પોતાના પત્રમાં જણાવે છે કે "શ્રી કૃષ્ણમૂર્તિના નામનો પ્રથમ ઉલ્લેખ કરીને પછીથી નીચેના પેરામાં જાતીય આકર્ષણના પ્રશ્નને ચર્ચવો તે સંસ્કારભર્યું લાગતું નથી. શ્રી. જૈનેન્દ્રકુમારના પોતાનામાં વિકારી લાગણીઓ હશે, તેથી તેઓ એ પ્રકારના ચોકકસ મત ભલે બાંધે અને આવું 'sweepiug generalisation' વિવેકવિહોણી વ્યાપ્તિ ભલે તારવે, પણ તમારી જેવા ચિન્તક અને વિચારક તેમના તેવા મત સાથે "આ વિચારણામાં મને ઘણું તથ્ય લાગ્યું" એમ લખીને મળતાપણું દાખવે ત્યારે સહેજે મને આશ્ચર્ય અને ગ્લાનિ થાય છે."

આ મારા મિત્રને મારે એ જવાબ આપવાનો છે કે એક તો જૈનેન્દ્રકુમાર સાથે મારા મનનું મળતાપણું તેમને જણાવેલી બધી જ બાબતો અંગે માની લેવાની જરૂર નથી અને બીજું તે મારા મિત્રે જૈનેન્દ્રકુમારના આ બાબતને લગતા અમુક મંતવ્ય અંગે છંછેડાઈ જઈને તેમના વ્યક્તિત્વ પરત્વે જે આક્ષેપ કર્યો છે તે યોગ્ય નથી. આ સંબંધમાં અમો ઉભયના પક્ષે વિશેષમાં ખુલાસારૂપ એ પણ જણાવવાનું કે પ્રસ્તુત નોંધમાં જાતીય આકર્ષણને લગતો ઉલ્લેખ ખરી રીતે કૃષ્ણમૂર્તિને અનુલક્ષીને કરવામાં આવ્યો નહોતો. સામાન્ય ગુરુપદારૂઢ વ્યક્તિઓ જ એ વખતે અમારા ધ્યાન ઉપર હતી. આમ છતાં વાચક આ બાબતને કૃષ્ણમૂર્તિ સાથે જોડે તે સ્વાભાવિક છે. શ્રી કૃષ્ણમૂર્તિ વિષે શ્રી જૈનેન્દ્રકુમારને શું કહેવાનું છે તે હું જણાવવાની સ્થિતિમાં નથી. મારા પૂરતું હું જણાવી શકું કે શ્રી કૃષ્ણમૂર્તિ વ્યક્તિગત રીતે ગમે તેટલા મહાન હોય તો પણ તેઓ જાતીય આકર્ષણથી સર્વથા મુકત છે એમ માની લેવાને કશું જ કારણ નથી. આમ છતાં, તેઓ સ્ત્રીઓ તેમ જ પુરુષો વચ્ચે સહજ ભાવે ફરતા હરતા હોઈને અને સ્ત્રીસમાજથી સર્વથા વિમુખ રહેવાની તેમણે કોઈ ખાસ મર્યાદા સ્વીકારેલી નહિ હોઈને જે સંભાવના અન્ય ગુરુજનો વિષે શ્રી જૈનેન્દ્રકુમારે કલ્પી છે અથવા તો નજરે નિહાળી છે તેવી સંભાવનાને શ્રી કૃષ્ણમૂર્તિ વિષે અવકાશ નથી એમ જરૂર કહી શકાય.

આશા રાખું છું કે આટલા ખુલાસાથી મારા છંછેડાયેલા મિત્રનું, શ્રી રતિલાલ મફાભાઈ શાહ તેમ જ તેમની માફક વિચારતા અન્ય મિત્રોના મનનું સર્વાંશે નહિ તો મહદ્ અંશે સમાધન થશે.

પરમાનંદ

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વખતની તા. ૭ મી સપટેમ્બરથી તા. ૧૪મી સપટેમ્બર સુધીની આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧-૯-'૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ એક વ્યાખ્યાનના ફેરફાર સિવાય સફળતાપૂર્વક પાર પડી હતી. તા. ૯-૯-'૬૧ ના રોજ અધ્યાપક શ્રી. દલસુખભાઈ માલવણિયાનું નક્કી કરાયેલું વ્યાખ્યાન તેમનું મુંબઈ આવવાનું અનિવાર્ય કારણસર અશકય બનવાથી, મુલતવી રાખવું પડ્યું હતું. તેમની જગ્યાએ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ રચનાત્મક કાર્યકર શ્રી. દુલેરાય માટલિયા એ દિવસોમાં મુંબઈ વસતા હોવાથી તેમનો સુયોગ પ્રાપ્ત થયો હતો. મુંબઈની આ વ્યાખ્યાનમાળામાં તેમની ઉપસ્થિતિ પ્રથમ વારની હતી. પોતાના વ્યાખ્યાનમાં તેમણે ગામડાંને ઊંચે લેવાના પોતાના જીવનકાર્યને લગતાં અને એ કાર્ય કરતાં કરતાં પોતાને જે અનેક સામાજિક સંઘર્ષોનો સામનો કરવો પડેલો તેને લગતાં અનેક રોચક અને પ્રેરક સ્મરણો સંભળાવ્યાં હતાં. આ ઉપરાંત, પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં જાણીતા સામાજીક કાર્યકર્તા શ્રી. પ્રભાબહેન શાંતિદાસ આસકરણ, બોમ્બે મ્યુનિપાલિટીના એજ્યુકેશન ઑફિસર ડૉ. શ્રીમતી મધુરીબહેન શાહ, જબલપુર ખાતે આવેલા મહાકોશલ વિદ્યાલયના દર્શનશાસ્ત્રના અધ્યાપક શ્રી રજનીશજી, જાણીતા સીનેમા અભિનેતા શ્રી પ્રેમનાથજી, સર્વ સેવાસંઘના કાર્યકર્તા અને 'આચાર' માસિકના સંપાદક સાધકજી તથા શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી કૉલેજના અધ્યાપક અને ગુજરાતી સાહિત્યના જાણીતા ઉપાસક અને કવિ શ્રી સુન્દરજી ગો. બેટાઈ— આ વ્યાખ્યાતાઓની ઉપસ્થિતિ પણ પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં પ્રથમ વારની હતી. આમ કુલ ૧૬ વ્યાખ્યાતાઓમાં ૭ વ્યાખ્યાતાઓ શ્રોતાઓ માટે નવીન જ હતા. આ હકીકત દર વર્ષ યોજાતી વ્યાખ્યાનમાળામાં વૈવિધ્ય અને નાવીન્યની બને તેટલી પુરવણી કરવાનો કેવો આગ્રહ અને પ્રયત્ન સેવવામાં આવે છે તેની દ્યોતક છે.

ઉપર જણાવેલ નવીન વકતાઓમાં શ્રોતાઓનું સવિશેષ ધ્યાન ખેંચે એવી બે વ્યકિતઓ શ્રી સાધકજી તથા શ્રી પ્રેમનાથજીનો થોડો પરિચય આપવાનું જરૂરી લાગે છે. શ્રી સાધકજીએ તેરાપંથના આચાર્ય તુલસી પાસે બાર વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. એ દીક્ષા તેમણે આઠ વર્ષ સુધી પાળી હતી. એ દરમિયાન તેમને થયેલા અનેક વિષમ અનુભવો અને આચાર્ય તુલસી સાથે વધતી જતી અથડામણના પરિણામે જૈન દીક્ષાનો આજથી આઠેક વર્ષ પહેલાં તેમણે ત્યાગ કર્યો હતો. ત્યાર બાદ કેટલોક સમય બુદ્ધ-ગયામાં શ્રી વિનોબાજીએ ઉઘાડેલા સમન્વય આશ્રમમાં તેઓ રહ્યા હતા અને પછી સર્વ સેવા સંઘના કાર્યમાં જોડાતાં તેઓ કાશી આવીને કેટલાએક સમયથી રહ્યા છે અને તે કામ સાથે તેઓ ધર્મ—ક્રાંતિલક્ષી 'આચાર' નામના માનસિકનું સંપાદન કરી રહ્યા છે. આ 'આચાર'નો આશય ધર્મતત્ત્વને આવરી લેતા સંપ્રદાયો અને સાંપ્રદાયિક સાધુસંસ્થા સામે જેહાદ ચલાવવાનો અને તે બન્નેની સામાજિક પ્રતિષ્ઠા તોડવાનો છે. સાધકજીની ઉંમર આશરે ૩૦ વર્ષની છે, અપરિણિત છે અને તેજસ્વી તેમનું વ્યકિતત્વ છે. મુહપત્તીને બાદ કરતા લગભગ જૈન સાધુને મળતો તેમનો પોશાક છે. તેમનું વ્યાખ્યાન ધર્મની સફળતા કે નિષ્ફળતા? એ વિષય ઉપર હતું, જેનો સંક્ષિપ્ત સાર આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.

બીજા વ્યાખ્યાતા જાણીતા અભિનેતા શ્રી પ્રેમનાથજી આ વ્યાખ્યાનમાળામાં ક્યાંથી એવો કોઈને સહજ પ્રશ્ન થવા સંભવ છે. સિનેમા વ્યવસાયની સમાજમાં જે ઊતરતી પ્રતિષ્ઠા છે તે પ્રતિષ્ઠાના ધોરણે તેના અભિનેતા વિષે અપરિચિત લોકો પ્રતિકૂળ કલ્પના કરે તે સ્વાભાવિક છે. શ્રી પ્રેમનાથજી સાથે મારો બહુ થોડા સમયનો પરિચય હતો, એમ છતાં એ પરિચય દરમિયાન તેમના વિષે મને જે કાંઈ જાણવા મળ્યું તેની મારા મન ઉપર બહુ સુન્દર છાપ પડેલી. તેઓ જન્મથી માંસાહારી હોવા છતાં સમયાન્તરે તેવા આહાર પ્રત્યે તેમના દિલમાં ઊંડી ધૃણા પેદા થવાને લીધે તેઓ કેટલાક સમયથી નિરામિષાહારી બન્યા છે અને આજે તો દેશ-પરદેશમાં નિરામિષા-હારનો બને તેટલો ફેલાવો કરવો એ બાબતને પોતાના એક જીવન-કાર્ય તરીકે તેમણે સ્વીકાર્યું છે. ઋષિકેશ બાજુએ વસતા સુપ્રસિદ્ધ યોગી સ્વામી શિવાનંદજીના તેઓ એક શ્રદ્ધાપૂર્ણ અનુયાયી છે અને તેના પરિણામે તેઓ અધ્યાત્મ અને એક પ્રકારની જીવનસાધના તરફ વળેલા છે. બે ત્રણ મહિના પહેલાં મુંબઈમાં ભારતીય વેજીટેરિયન કૉંગ્રેસની શાખાનું મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવેલું, તે શાખાનું પ્રમુખપદ સ્વીકારવાનું તેમણે કબૂલ્યું છે અને એ રીતે વેજીટેરિયેનિઝમના આંદોલનને પોતાથી બને તેટલો વેગ આપવાની તેમણે તત્પરતા દાખવી છે. હિમાલયના તીર્થપ્રદેશોમાં તેઓ અવારનવાર જાય છે અને કૈલા-સમાં તેમણે મહિનાઓ સુધી રહીને એક ભાવનાત્મક ચિત્રપટ તૈયાર કર્યું છે. ચાલુ ચિત્રપટોમાં, સાંભળવા પ્રમાણે, કામ કરવાનું તેમણે હવે છોડી દીધું છે અને સદ્‌ભાવનાઓ અને માનવી જીવનના ઉચ્ચ આદર્શોના નિરુપણ સાથે સિનેમાની પ્રવૃત્તિને સાંકળવાનો તેઓ મનોરથ સેવે છે. આધ્યાત્મિક સાહિત્યનું તેમના જીવનમાં સતત પરિશીલન ચાલે છે. આવી તેમની કેટલીક વિશેષતાઓથી આકર્ષાઈને તેમને આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નિમંત્રવામાં આવ્યા હતા. અલબત્ત, તેમને જે અપેક્ષાપૂર્વક બોલાવવામાં આવ્યા હતા તે અપેક્ષાને પહોંચી વળે તેવું સુશ્લિષ્ઠ અને સ્વીકૃત વ્યાખ્યાનવિષયને પૂરો ન્યાય આપે એવું તેમનું વ્યાખ્યાન હોત તો તેમનું આવા પ્રસંગ ઉપરનું આગમન વધારે સાર્થક થયું લેખાત. પણ આ એક જુદી બાબત છે.

વ્યાખ્યાનમાળામાં નિયત અન્ય વ્યાખ્યાતાઓએ ચિન્તન-પૂર્વકનાં વિવેચનો રજૂ કરીને પોતપોતાના વિષયોને પૂરો ન્યાય આપ્યો હતો અને એમાં પણ સણોસરા ખાતે આવેલી લોકભારતીના પ્રમુખ સંચાલક શ્રી મનુભાઈ પંચોલીએ લોકશાહીને લગતાં ઉત્તરોત્તર બે વ્યાખ્યાનો આપીને શ્રોતાઓને અત્યંત મુગ્ધ કર્યા હતા.

છેલ્લા દિવસની ભારતીય વિદ્યાભવનના થીએટરમાં યોજાયેલી વ્યાખ્યાન સભામાં શ્રી મનુભાઈ પંચોલી તથા સ્વામી અખંડા-નંદજીને સાંભળવા માટે સંખ્યાબંધ ભાઈબહેનો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત થયાં હતાં અને આખું થીએટર શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું અને જગ્યાના અભાવે કેટલાંય ભાઈ-બહેનોએ બહાર ઊભાં ઊભાં તે વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં. એ સભાનું દ્રશ્ય અત્યંત પ્રેરક અને રોમાંચક હતું અને આ વ્યાખ્યાનમાળા કેટલી બધી લોકપ્રિય છે તેનો એ સભા એક અચૂક પુરાવો હતો.

નાદુરસ્ત તબિયતના કારણે પંડિત સુખલાલજી ગયા વર્ષની વ્યાખ્યાનમાળામાં ભાગ લઈ શકયા નહોતા. આ વર્ષે આઠે દિવસ તેમણે વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન શોભાવ્યું અને જ્યારે જ્યારે જરૂર લાગી ત્યારે ત્યારે વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનોની વિચાર-પ્રેરક આલોચના કરી હતી. વળી, તા. ૧૨—૯—૬૧ ના રોજ શ્રી સાધકજીના 'ધર્મની સફળતા કે નિષ્ફળતા'? એ વિષય ઉપરના ભાષ-ણની પરિપૂર્તિ રૂપ 'સદ્ધર્મ કદિ વન્ધ્ય હોઈ ન શકે' એ વિષય ઉપર તેમણે વ્યાખ્યાન આપ્યું હતું અને એ વ્યાખ્યાન એક સુશ્લિષ્ઠ નિબંધ જેવું સંગ્રથિત અને ઉદ્‌બોધક હતું. છેલ્લા દિવસે ઉપસંહાર રૂપે તેઓ જે કાંઈ બોલ્યા તે એક પ્રકારની ઋષિવાણી હતી. તેમના

આગમન અને સતત હાજરીથી વ્યાખ્યાનમાળાને અપૂર્વ ગૌરવ પ્રાપ્ત થયું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં સંગીતની સપ્રમાણ પુરવણી કરવામાં આવી હતી. વ્યાખ્યાનસભાના પ્રારંભમાં મોટા ભાગે શ્રીમતી જ્યાબહેને અને વસુબહેને આનંદઘનજીનાં-આધ્યાત્મિક વિચારણાથી ભરેલાં-સ્તવનો સંભળાવ્યાં હતાં. વ્યાખ્યાનમાળાના સત્ર દરમિયાન રજાના દિવસોમાંથી રવિવારના રોજ સભાના પ્રારંભમાં અને છેવટના ભાગમાં શ્રી પિનાકિન શાહે અને દક્ષેશ ધ્રુવે અનુક્રમે સુંદર પદો સંભળાવ્યાં હતાં. અને છેલ્લા દિવસની સંવત્સરી પર્વની સભાના પ્રારંભમાં સંગીત કલાકાર શ્રી અજિત શેઠે કવિવર ટાગોરનું જાણીતું પદ—"જીવન સુખાયેજાયે કરુણાધારાય એયો—જીવન ઝરણ જ્યારે સુકાઈ જાય, કરુણાધારાએ આવો"—પોતાના મધુર કંઠથી વાદ્યવૃંદની મદદપૂર્વક અત્યંત ભાવવાહી રીતે ગાઈ સંભળાવીને શ્રોતાઓથી ચિકાર ભરેલી સભામાં ગાંભીર્ય, શાન્તિ અને ચિન્તન પ્રેરક પ્રશમરસનું વાતાવરણ પ્રસ્થાપિત કર્યું હતું. અંત ભાગમાં લગભગ પોણો કલાક સુધી બહેન ઈન્દુમતી ધાનકે એક પછી એક ભક્તિપૂર્ણ ભજનો સંભળાવીને આખી સભાને આનંદમુગ્ધ બનાવી હતી.

આ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉઘરાવવામાં આવતા સંઘના ફાળામાં કુલ નોંધાયેલી રકમોનો આંકડો આશરે રૂા. ૬,૦૦૦ સુધી પહોંચ્યો હતો અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલયના ફાળામાં આશરે રૂા. ૧,૦૦૦) નોંધાયા હતા. આ બન્ને ફાળામાં હજુ રકમો નોંધવાનું કામ ચાલે છે અને આઠથી નવ હજાર સુધી પહોંચવાની આશા રહે છે.

આ રીતે આ વ્યાખ્યાનમાળાની સુખદ, સુભગ પુર્ણાહૂતિ થઈ હતી. આ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવાની પ્રવૃત્તિ છેલ્લાં લગભગ ૩૦ વર્ષથી ચાલી રહી છે અને તેના બાહ્યાન્તર સ્વરૂપમાં, તેની શુદ્ધિમાં તેમજ સમૃદ્ધિમાં સતત વિકાસ થતો રહ્યો છે. એક વખત હીરાબાગની વ્યાખ્યાનશાળા અને ભાંગવાડી થીયેટર અનુક્રમે શરૂઆતના દિવસો અને છેવટના દિવસ માટે પૂરતાં થઈ પડતાં હતાં. આજે બ્લેવાટ્સ્કી લૉજ અને ભારતીય વિદ્યાભવન ટૂંકા પડે છે. પહેલાં માત્ર જૈનો અને એમાં પણ શ્વે. મૂ. સમાજનાં ભાઈ-બહેનો આ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતાં હતાં. આજે આ વ્યાખ્યાનમાળા મુંબઈ શહેરની સાર્વજનિક અને સર્વમાન્ય એવી એક સાંસ્કૃતિક પ્રવૃત્તિ થઈ પડી છે અને તેમાં જૈનો તેમજ જૈનેતરો સારી સંખ્યામાં ભાગ લે છે. દર વર્ષે પર્યુષણની દોઢ બે મહિના પહેલાંથી આ વ્યાખ્યાનમાળામાં કોણ કોણ વ્યાખ્યાતાઓ આવવાના છે એની પુછાવટ શરૂ થાય છે. વડોદરા, અમદાવાદ, ભાવનગર, વર્ધા, જબલપુર, દિલ્હી, કાશી, કલકત્તા જેવા દૂરદૂરના સ્થળેથી વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવે છે. વ્યાખ્યાનમાળામાં અપાતાં વ્યાખ્યાનો પૂર્વતૈયારી પૂર્વકનાં અને અનેક દિવસોના મનન ચિન્તનના પરિણામરૂપ હોય છે. આ વ્યાખ્યાનમાળાના ૩૦ વર્ષના લાંબા સમયપટની સાક્ષી સમા મારા જેવા જે ભાગ્યશાળી ભાઈબહેનો આજે હયાત હશે તેમને આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે ઉપસ્થિત થયેલા અનેક મહાનુભાવોનું સ્મરણ થયા વિના નહિ રહે. અહીં પૂજ્ય કિશોરલાલ મશરૂવાળા, ધર્માનંદ કોસાંબી, કેદારનાથજી, સ્વામી આનંદ, બાળાસાહેબ ખેર, મોરારજી દેસાઈ, દાદા ધર્માધિકારી, સરલાદેવી સારાભાઈ, મગનભાઈ દેસાઈ, ઢેબરભાઈ, રવિશંકર મહારાજ આવી કંઈ કંઈ વ્યક્તિઓ આવી ગઈ છે અને પુનિત વાણીધારા વરસાવી ગઈ છે, જેમાંની કેટલીક આજે હયાત નથી. પંડિત સુખલાલજી પ્રારંભથી તે આજ સુધી આ વ્યાખ્યાનમાળાના અધિષ્ઠાતા બનીને વ્યાખ્યાનમાળાને ગૌરવપ્રદાન કરતા રહ્યા છે અને કાકાસાહેબ કાલેલકરની પણ આ વ્યાખ્યાનમાળા ઉપર પ્રારંભથી આજ સુધી સતત કૃપા વરસતી રહી છે. આવાં અનેક મીઠાં સ્મરણોથી ભરેલી આ પ્રવૃત્તિએ મારી જેવા અનેકને નવી નવી પ્રેરણા આપી છે અને જીવનમાં સતત પ્રકાશસંચાર કર્યો છે. પતિત-પાવની ગંગા સમી ભાસતી આ વ્યાખ્યાનમાળાના ઉત્તરોત્તર થઈ રહેલા વિકાસનો હું જ્યારે વિચાર કરું છું ત્યારે એક નાની કલિ-કામાંથી ઉત્તરોત્તર વિકસતા શતદલકમળ સાથે તેને સરખાવવાનું મન થાય છે. તેના સ્વરૂપમાં નથી કોઈ સાંપ્રદાયિક સંકીર્ણતા કે નથી કોઈ મત કે પક્ષનો પ્રચાર. રૂઢ વિચારણામાંથી માનવીમનને મુકત કરવું, કાળે કાળે પ્રગટ થતી નવી નવી વિચારધારાઓથી જિજ્ઞાસુ ભાઈ બહેનોને પરિચિત કરવા અને સતત પરિવર્તન પામતાં ઉર્ધ્વ-લક્ષી જીવનમૂલ્યોનું શ્રોતાઓને પ્રદાન કરવું—આ આશય પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ રહેલો છે. એ આશયની જેટલી પરિપૂર્તિ થાય તેટલી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતા સમજવી.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળાની સમાલોચના કરતાં મનમાં આવા કાંઈ કાંઈ વિચારો—સ્મરણસંસ્કારો—સ્ફુરે છે અને આવી વ્યાખ્યાનમાળાના સંચાલનમાં એક નિમિત્ત બનવા બદલ ચિત્ત ઊંડો સંતોષ અનુભવે છે.

પરમાનંદ.

અન્યત્ર યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

અમદાવાદ ખાતે સ્થાનિક જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :—

શ્રી. અમિતાબહેન મહેતા	ભજનો
માનનીય ડૉ. જીવરાજ મહેતા	મંગલ પ્રવચન
માનનીય શ્રી માણેકલાલ શાહ	આપણાં પર્વો
ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી	વલભી-ગુજરાતનું એક સાંસ્કૃતિક કેન્દ્ર
મહાસતી શ્રી. ધનકુંવરજી	અણુવ્રત
આચાર્ય શ્રી. આર. ડી. દેસાઈ	વિજ્ઞાન અને સંસ્કૃતિ
શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રી	ધર્મ અને સમાજ
ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા	ગુજરાતી ભાષાની શકિત તથા તેનો વિકાસ
શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ	આપણાં વિદ્યાપીઠો
શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી	અમદાવાદનું શિલ્પસ્થાપત્ય
મુનિશ્રી પુણ્યવિજયજી	પર્યુષણ
શ્રી ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી	તૃષ્ણા
શેઠશ્રી અમૃતલાલ હરગોવિંદદાસ	ગુજરાતનો સર્વાંગી વિકાસ
આચાર્ય શ્રી એસ. વી. દેસાઈ	આયોજન
આચાર્ય શ્રી એસ. આર. ભટ્ટ	અહમ્
શ્રી હંસાબહેન મહેતા	યુવાનોનું કર્તવ્ય
જગદ્‌ગુરૂ શ્રી. શંકરાચાર્યજી	ભારતીય જીવનનો આદર્શ

* * *

શ્રી ભારત જૈન મહામંડળ તરફથી મુંબઈ ખાતે યોજાયેલ સાત દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો :—

ડૉ ધર્મવીર ભારતી	જૈન, બૌદ્ધ ઔર નાથ સાધનામેં સમન્વય
શ્રી રતનલાલ જોશી	જીવન સાધનામેં ભકતીકા સ્થાન
ડૉ. જગદીશચંદ્ર જૈન	જૈન ધર્મકી સંઘ વ્યવસ્થા
સૌ. પારસસણી મહેતા	ધાર્મિક ક્ષેત્રોમેં સ્ત્રીઓંકા કાર્ય
મુનિશ્રી ચંદનમલજી સ્વામી	જીવનમેં ધર્મકા સ્થાન
પ્રો. રજનીશ	જીવનસાધના ઔર ધર્મ
પં. બેચરદાસ દોશી	ઈહ લોકનો ધર્મ

ધર્મની સફળતા કે નિષ્ફળતા?

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી સાધકજી કે જેમનો પરિચય આ અંકમાં અન્યત્ર આપેલ પર્યુષણ વ્યાખ્યાન માળાને લગતી નોંધમાં કરાવવામાં આવેલ છે તેમણે 'ધર્મની સફળતા કે નિષ્ફળતા?' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાનની વ્યાખ્યાતાએ પોતેજ તૈયાર કરી આપેલ હિંદી નોંધનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

પરમ આનંદની પ્રાપ્તિ અર્થે જીવન અને સત્ય વચ્ચે સમતુલા સ્થાપવાનું કામ ધર્મ કરે છે. ધર્મ એક તરફ અને સત્ય બીજી તરફ રહી ન જાય, બન્ને વચ્ચે કોઈ અસંગતિ ન આવી જાય, એટલા માટે એ બે વચ્ચે સુસંવાદિતા ઉત્પન્ન કરવી એ ધર્મનો ઉદ્દેશ છે.

જગતૂના ઈતિહાસમાં જીવન અને સત્ય વચ્ચે સમતુલા સ્થાપનારા કેટલાક મહાપુરૂષો થઈ ગયા છે. એમને પોતાના જીવનમાં સત્યનો સાક્ષાત્કાર થયો હતો. એ મહાપુરૂષોના જીવનમાં અહિંસા, સત્ય, સ્નેહ, સહયોગ આદિ ગુણો પ્રગટયા હતા. ધર્મના સામાજિક સ્વરૂપના આ ગુણો પ્રતિનિધિ છે, આ ગુણો પ્રગટે એમાં જ ધર્મની સફળતા છે. ધર્મની સફળતાનું શ્રેય મહાપુરૂષોની એ ઉત્કટ સાધનાને ફાળે જાય છે કે જે સાધનાએ જીવન અને સત્ય વચ્ચેની આ સંવાદિતાને સિદ્ધ કરી આપી છે.

આજે ધર્મ અને ધર્મના આધારે ચાલનારા અનેક સંપ્રદાયો પ્રવર્તમાન છે. લોકમાનસ ઉપર એની પૂરી અસર છે. તેવા પ્રકારના સાધનાપરાયણ સંતોની શાશ્વત પરંપરા એ આ અસરનું મૂળ છે. આ પરંપરાના પ્રવાહે ધર્મ અને અધ્યાત્મ-ચિન્તનને જીવન્ત રાખ્યા છે. આજે પણ જે કંઈ સત્યનું દર્શન થાય છે તે એ મહાપુરૂષોની ભેટ છે. આમ છતાં પણ આટલી વાત સ્પષ્ટ છે કે ધર્મનાં મૂળ તત્વો જનસાધારણ સુધી પહોંચ્યા નથી, અને સંપૂર્ણ માનવ-સમાજમાં સત્ય અને અહિંસાની ધારા વહી શકી નથી. આ ઉણપનું કારણ ધર્મની અન્તર્ગત જ રહેલું છે, અને એ ધર્મની નિષ્ફળતા છે.

ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આજે આપણને આશ્ચર્ય પમાડે એ રીતે ભૂલાઈ ગયું છે. ઈશ્વર, સૃષ્ટિ, સત્ય, મનુષ્યને ઉદ્દેશીને લખાએલા ગ્રંથો, દર્શનો, અને વચનોને ધર્મ કરતાં પણ આપેલું વધારે મહત્વ એ આ ભૂલાઈ જવાનું કારણ છે.

આ ગ્રંથો, દર્શનો, કે વચનોને જ ધર્મનો મુખ્ય આધાર માની લેવાથી ધર્મનું વાસ્તવિક સ્વરૂપ ધૂંધળું થઈ ગયું છે. એ વાસ્તવિક સ્વરૂપને માનવ લગભગ ભૂલી ગયો છે. આત્મિક ગુણોની સાધનાને સ્થાને આજના સંપ્રદાયો એ ગ્રંથો દર્શનો કે વચનોની રક્ષા કરવામાં પડી ગયા છે. એટલે માનવ માનવ વચ્ચે એકતા સાધવાને બદલે આજે ધર્મ એ એકતાને તોડવાનું—જુદા પાડવાનું—કામ કરનારો સાબિત થયો છે. આ એક વિચારણીય પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિમાંથી આપણે આપણને પોતાને ઉગારવા છે, એટલુંજ નહિ પણ, સાથે સાથે ધર્મના એ વાસ્તવિક સ્વરૂપને બહાર આણવાના પ્રયત્નો પણ આપણે કરવાના છે. જ્યારે પ્રકાશ ફેલાશે ત્યારે અંધકાર આપોઆપ દૂર થઈ જશે. આજે ધર્મનો પ્રકાશ દેખાતો નથી, કારણકે જે શાસ્ત્ર, ગ્રંથ કે વચનો મહાપુરૂષોને ઓળખવાનાં સાધન હતાં, અથવા તો ધર્મપ્રાપ્તિના ઉપાય હતાં, તેને જ આપણે મૂળભૂત ધર્મ માની બેઠાં છીએ. સાધન સાધ્ય બની જવાથી ગુણોનો જે ધર્મ સ્વરૂપે પ્રચાર થવો જોઈતો હતો તેમાં અવરોધ આવી ગયો છે.

યુદ્ધમાં સર્વપ્રથમ સત્યનું બલિદાન અપાઈ જાય છે. આ વાત આજે ધર્મને લાગુ પડે છે. ધર્મ અને સત્ય બન્ને સંપ્રદાયી રૂપી અંધકારમાં વિલીન થઈ રહ્યાં છે. જે ધાર્મિક મહાપુરૂષના નામે સંપ્રદાય સ્થપાય છે, તેઓ પોતાનું કાર્ય પૂરું કરી શકતા નથી. સંપ્રદાયોના પ્રેરક કે સંસ્થાપકના આચારવિચાર કે વાણીમાં સત્યના સાક્ષાત્કારનો ધ્વનિ હોય છે. પણ જ્યાં સંપ્રદાય રચાય છે ત્યાં એ ધ્વનિ માત્ર પરોક્ષ રીતે રહે છે, એટલું જ નહિ પણ, તે ગૌણ સ્થાને મૂકાઈ જાય છે. આને લીધે કેટલીક વખત સંપ્રદાયની રક્ષાના હેતુથી સત્યની સર્વથા ઉપેક્ષા પણ થઈ જાય છે. આજે સંપ્રદાયો તેજોહીન દેખાય છે તેના મૂળમાં આ કારણ છે કે દૃષ્ટિ સત્ય તરફ નહિ, પણ સંપ્રદાયની રક્ષા તરફ અધિક ખેંચાએલી રહે છે. સંપ્રદાયવાદીઓને સત્યનું કથન, "આ અમારા ગુરુએ કહ્યું છે, અથવા તો શાસ્ત્ર કે આગમોમાં આમ લખ્યું છે" એમ કહીને કરવું પડે છે. સંપ્રદાયોની દુર્બળતા આમાં છે.

સાધુ, સન્ત, યતિ, મુનિ વગેરે ધર્મના વાસ્તવિક સ્વરૂપની સિદ્ધિ માટે વિશિષ્ટ પ્રકારની સાધનામાં પોતાનું જીવન વિતાવે છે. કોઈ સંસ્થા કે આશ્રયસ્થાનો એટલા માટે રચાવે છે કે સત્યની સિદ્ધિ અર્થે પ્રયત્ન કરતી વ્યકિતઓને સુવિધા રહે, અને સામાન્ય જનને એ લક્ષ્યની પ્રાપ્તિ તરફ આગળ વધવાની પ્રેરણા મળે. પણ આ સંસ્થાઓ જ્યારે જડ અને સ્થિર સ્વરૂપ ધારણ કરી લે છે ત્યારે તેનો ઉદ્દેશ નિરર્થક થાય છે. પછી તો ધર્મનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું કે અંતિમ સત્યનો સાક્ષાત્કાર કરવો એ ગૌણ થઈ જાય છે, અને સંસ્થાને ચિરસ્થાયી બનાવવી એ ધ્યેય બની જાય છે.. આજે આમ જ થઈ રહ્યું છે. સંસ્થાના અનુયાયીઓની સંખ્યા વધારવી તે ધર્મનો આદર્શ મનાય છે. આ સંખ્યાવૃદ્ધિની સાથે ગુણોનો લોપ થવો એ અનિવાર્ય બની રહે છે. કેમકે ગુણવિકાસનું કામ તો જ થાય કે જો સાધનાની પાછળ નિરપેક્ષ ભાવ હોય.

ધર્મના વાસ્તવિક સ્વરૂપને પ્રગટ કરવું અત્યંત આવશ્યક છે. જો સમાજમાં ધર્મનું વાસ્તવિક સ્વરૂપ પ્રત્યક્ષ થાય તો 'લોક-ઐક્ય,' કે 'વિશ્વ-ઐક્ય' ની કલ્પના સહેજે સાકાર રૂપ પામે. વિશ્વ ઐક્યની સ્થાપના માટે સત્તા કે બળ નિરર્થક પુરવાર થયાં છે. કેમકે સ્વાભાવિક એકતાનો સંબંધ માનવીના હૃદય સાથે છે. અને હૃદયનો સંબંધ મનુષ્યની આધ્યાત્મિક પ્રેરણાઓ સાથે છે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે જે ધર્મ પોતાના જ ભેદ-પ્રભેદોમાં ગુંચવાએલો છે, જે પોતાના અનુયાયીઓમાં એકતા આણવા અસમર્થ નિવડયો છે તે ધર્મ શું સાંસ્કૃતિક ચેતનાને જાગૃત કરી લોક-ઐક્ય નિર્માણ કરી શકશે? આ લોક-ઐક્ય સાધવા માટે તો ધર્મને નામે ચાલતા બધા સંપ્રદાયોને સંપૂર્ણતઃ ઓગાળી નાખવા જોઈશે. સામાજિક ગુણોનો વિકાસ-સાક્ષાત્કાર સંપ્રદાયોને દૂર ફેંકી દિધા વિના શકય નથી.

અહિંસા, સત્ય, આદિ ગુણોનું સમાજમાં પ્રગટીકરણ-પ્રતિષ્ઠાપન-થવું જોઈએ. સમાજનો દરેક વ્યવહાર સત્યના આધાર પર જ ચાલવો જોઈએ. આ કામ કેવળ પ્રચારથી નહિ થાય એમ આજસુધીનો અનુભવ કહે છે. આ ગુણોને સામાજિક, આર્થિક, રાજનૈતિક, અદિ ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત કરવા માટે મૌલિક ચિંતન કરવું પડશે અને આ સમજવું જોઈશે કે " धर्मार्थकामं सममेव सेव्यं, यः एकसेवी स नरो जघन्यः "

સત્ય આપણું પરમ લક્ષ્ય છે. ધર્મસંસ્થાપકો અને મહાન સાધકોએ પોતપોતાના કામની આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક ભૂમિકાઓ પ્રમાણે તેને ઉપલબ્ધ કર્યો છે. ધર્મ સ્થિર, જડ, કે ભૂતકાળનાં મૂલ્યોનો વિકાસ નથી. તે ચિરનૂતન છે. તેનામાં સદૈવ પરિવર્તિત થવાની ક્ષમતા છે. તે પરિવર્તનશીલ રહીને જ સત્યને પહોંચવામાં સહાયક થઈ શકે છે. વિશ્વૈકયની ભાવનાને પ્રગટ સ્વરૂપ આપવા માટે જીવન અને સત્ય વચ્ચે સુસંવાદિતા નિર્માણ કરી શકે તેવા ધર્મની સાધનામાં આપણે આપણી બધી શકિત ખર્ચવી જોઈશે, જેથી કરીને આ ભૌતિક ધરાતલને ધર્મ આત્મીયભાવથી સીંચી શકે.

અનુવાદક: **મેનાબેન નરોત્તમદાસ** મૂળ હિંદી: **સાધકજી**

સ્વ. ભૈરોંદાનજી શેઠિયા

બિકાનેરના શેઠશ્રી ભૈરોંદાનજી શેઠિયાનું અવસાન તા-૨૦- ૮-૬૧ના રોજ થયું ત્યારે તેમની ઉમર ૯૫ વર્ષની હતી. શાસ્ત્રમાં આનંદ જેવા શ્રાવકોની કથાઓ તો વાંચવા મળે છે, પણ જીવનમાં આદર્શ શ્રાવક જ્યારે દુર્લભ થઈ ગયા છે ત્યારે આવા વિરલ શ્રાવકનું અવસાન ભલેને ૯૫ વર્ષ જેટલી દીર્ઘવયે થયું, પણ તેથી સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે એમાં સંદેહ નથી. તેમની સ્મશાનયાત્રાની ગોઠવણ કરવાની તેમના કુટુંબીજનોએ, સમાજના આગેવાનોના આગ્રહથી સમાજને રજા આપી અને એક સાધુની પાલખી જે રીતે નીકળે છે તે રીતે, સન્માન સાથે, તેમની પાલખી નીકળી એ તેમનું સમાજમાં જે સન્માન અને ગૌરવ હતું તેની સૂચના તો આપે જ છે. સાથે સાથે તેમની ધાર્મિક પુરુષરૂપે પ્રતિષ્ઠા એક શ્રાવકથી વિશેષે સાધુ જેટલી હતી તે પણ બતાવી આપે છે, તેઓ ખરેખર ગૃહસ્થવેશે એક સાધુપુરુષ હતા એમાં શંકા નથી.

આજથી ૪૫ વર્ષ પૂર્વે, જ્યારે સ્થાનકવાસી સમાજ એક રીતે અજ્ઞાન-અંધકારમાં ગળાબૂડ હતો ત્યારે તેમણે તેમાં જ્ઞાનપ્રકાશ ફેલાવવાને પ્રયત્ન કર્યો. અને જૈન આગમોના સારરૂપ અનેક નાના મોટા ગ્રન્થો પ્રકાશિત કર્યા. તેની સંખ્યા ૧૫૦ જેટલી થવા જાય છે. પણ તે સૌમાં આઠ ભાગમા બોલસંગ્રહને નામે તેમણે પોતાની સીધી દેખરેખ નીચે જે આગમ સાર તૈયાર કરાવીને છપાવ્યો છે તે તેમની આગમભક્તિની પરાકાષ્ઠા છે. તેઓ માત્ર પૈસા ખરચીને જ કૃતાર્થ નથી થયા, પણ પંડિતોને પણ માર્ગદર્શન કરી શકે એ પ્રકારનું આગમજ્ઞાન પણ એમણે પોતાના દીર્ઘકાળના અધ્યવસાય વડે સ્વયં પ્રાપ્ત કર્યું હતું.

જૈન સ્થાનકવાસી સાધુ અને શ્રાવકોમાં જ્ઞાનપ્રચાર થાય એ માટે તેમણે બિકાનેરમાં તે કાળે મળી શકતા શ્રેષ્ઠ બ્રાહ્મણ અને જૈન પંડિતોને પોતાની પાઠશાળામાં વસાવ્યા હતા, અને તે વખતે પણ તેઓ જે પગાર પંડિતોને આપતા તે તે કાળે પંડિતોને મળતા પગારમાં સારો ગણાતો. આ પંડિતો માત્ર સ્થાનકવાસીને જ ભણાવતા એવું ન હતું, પણ તે પાઠશાળાનો લાભ હરકોઈ જિજ્ઞાસુને મળતો. આ પાઠશાળા સાથે પુસ્તકાલય પણ તેમણે વસાવ્યું હતું, તે આજે પણ બીજા સારા ગણાતા જન પુસ્તકાલયોની હરોળમાં બેસી શકે તેવું છે. ભારતીય દર્શનોનાં ઉપલબ્ધ સમગ્ર દુર્લભ પુસ્તકો પણ તેમણે મોટો ખર્ચ કરી વસાવ્યા હતા. પાલી ભાષાના પુસ્તકો તો જૈન પુસ્તકાલયોમાંથી માત્ર તેમના પુસ્તકાલયમાં જ છે-એ તેમની દીર્ઘદૃષ્ટિ અને ઉદારદૃષ્ટિનો નમૂનો છે.

બીજા ધનવાનો તો પૈસા આપી વ્યવસ્થા બીજાને સોંપે છે, પણ શેઠજીએ તો પોતાના વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને પોતાની પાઠશાળામાં પિતાનું સ્થાન લીધું હતું. ભણનાર છાત્રોને નિવાસ-સ્થાન ઉપરાંત ભોજન આદિની પણ પૂરી સગવડ આપી હતી. અને તેઓ જાતે જ એ બધી વ્યવસ્થા કરતા. તેમના મૃદુ, ધર્મભીરૂ અને સરલ સ્વભાવથી હરકોઈ પ્રભાવિત થતું.

ઢીંચણ સુધીનું ધોતીયું, કુરતું અને પાઘડી—આ તેમનો સાદો વેશ, અને મુનીમની જેમ ગાદી ઉપર જ્યારે તેઓ પાઠશાળામાં બેઠાં હોય ત્યારે અજાણ્યાને ભાગ્યે જ ખબર પડે કે આ તે જ પુરુષ છે જેમણે છએક લાખનું ટ્રસ્ટ કરીને આ પારમાર્થિક સંસ્થાની સ્થાપના કરી છે. અને તેના પ્રાણ પણ બનીને બેઠા છે.

સ્થાનકવાસી કોન્ફરન્સે જ્યારે પુનઃ જૈન ટ્રેનિંગ કોલેજ સ્થાપવાનો વિચાર કર્યો, ત્યારે પોતાની પાઠશાળાની સમગ્ર સામગ્રીનો લાભ એ કોલેજને મળે તેમાં તેઓ સંમત થયા. તેથી તે સંસ્થા ત્યાંજ સ્થાપવામાં આવી. અને મારા જેવા અનેક છાત્રોએ તેમની છત્ર-છાયામાં ધાર્મિક સંસ્કારો સાથે જ્ઞાનામૃતનું પણ પાન કર્યું. જે કોઈ છાત્ર તેમના સંપર્કમાં આવ્યા છે તેઓ તેમને કદી પણ ભૂલી શકે તેમ છે જ નહિ.

આવા આત્માને સાચી શ્રદ્ધાંજલિ તો એ જ હોય કે તેમના ગુણોને આપણે આપણા જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરીએ. તેઓ પોતે તો શાંતિપૂર્વક સમાધિ-મરણને પામ્યા છે. અને તેમના આત્માએ શાંતિલાભ કર્યો જ છે એમાં શંકાને સ્થાન નથી. એટલે તેમના આત્માની શાંતિ માટેની પ્રાર્થનાને બદલે આપણા આત્મામાં એવી શાંતિનો લાભ આ જન્મમાં જ અંશતઃ પણ પામીએ તો તે જ ખરી શાંતિપ્રાર્થના ગણાશે.

દલસુખ માલવણિયા

સમાજસેવક સ્વ. મગનલાલ મૂળચંદ શાહના દુઃખદ અવસાન અંગે

શોક પ્રસ્તાવ

મુંબઈની ૩૫ જાહેર સંસ્થાઓ અને ટ્રસ્ટોના ઉપક્રમે જૈન શ્વેતાંબર કોન્ફરન્સના કાર્યાલયમાં તા.૨૭-૯-૬૧ના રોજ શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધીના પ્રમુખપણા નીચે મળેલી જાહેર શોકસભાએ નીચે મુજબ શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો :

"આ જાહેર સભા મુંબઈના મશહુર વ્યાપારી, આગેવાન જૈન તથા જીવદયા—ગોરક્ષાના મહાન હિમાયતી શ્રી મગનલાલ મૂળચંદ શાહ (મેસર્સ લલ્લુભાઈ ગુલાબચંદની પેઢીવાળા)ના તા. ૧૭-૯-૬૧ ના રોજ મુંબઈ ખાતે નીપજેલા અકાળ અવસાન બદલ ઊંડી શોકની લાગણી પ્રદર્શિત કરે છે.

"સદ્‌ગત શ્રી મગનલાલ મૂળચંદ શાહે તેમના જીવન દરમિયાન વિશેષ કરીને મુંબઈ જીવદયા મંડળીની સ્થાપનાથી જીવનપર્યંત જીવદયા, ગોરક્ષા, પ્રાણીકલ્યાણ અને માનવતાના પ્રશ્નો અંગે કરેલી વિવિધ સેવાઓની આ સભા માનભરી નોંધ લે છે. મુંબઈ જીવદયા મંડળીના સ્થાપક અને આત્મા સ્વ. દયાલંકાર શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરીની હયાતીમાં શ્રી મગનલાલ શાહે મંડળીની સ્થાપનાથી જ દેશભરમાં જીવદયા મંડળીના આશયો ફેલાવવામાં તથા અહિંસાના વ્યાપક પ્રચાર અને કાર્યોમાં સંપૂર્ણ સહકાર આપ્યો હતો અને શેઠ લલ્લુભાઈ ઝવેરીના અવસાન બાદ પોતે મંડળીના ઉપપ્રમુખ અને ટ્રસ્ટીના હોદ્દા પર રહી મંડળીનું સંચાલન સંભાળ્યું હતું.

"તેવી જ રીતે સ્વ. મગનલાલ શાહે જૈન એસોસીએશન ઓફ ઈન્ડીયા, અ. ભા. જૈન કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અનેક સામાજિક, ધાર્મિક અને શિક્ષણવિષયક સંસ્થાઓને સાથ આપી સામાજિક, ધાર્મિક અને કેળવણીવિષયક પ્રશ્નોના ઉકેલમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો અને તન, મન અને ધનથી સહાયતા કરી હતી.

"વ્યાપારી ક્ષેત્રે સ્વ. મગનલાલ શાહે મેસર્સ લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરીની પેઢીના ભાગીદાર તરીકે ભારતમાં અને યુરોપમાં, અમેરિકામાં એક બુદ્ધિશાળી, સાહસિક અને પ્રમાણિક વ્યાપારીની પ્રતિષ્ઠા મેળવી હતી, અને મોતી ઝવેરાત ધંધાની ખીલવણી અને તેનાં હિતો સાચવવામાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો.

"આવા એક કુશળ વેપારી, જીવદયાની હીલચાલના સ્તંભ અને જૈન સમાજ તથા માનવતાના મહાન સેવક શ્રી મગનલાલ મૂળચંદ શાહના અવસાનથી જૈન સમાજ અને જીવદયાની સંસ્થાઓએ એક કુશળ કાર્યકર્તા ગુમાવ્યો છે. આ સભા તેમની અનેકવિધ સેવાઓને હાર્દિક અંજલિ આપે છે અને સદ્‌ગતના આત્માને શાન્તિ માટે પ્રાર્થના કરે છે, તથા તેમનાં પત્ની અને કુટુમ્બીજનો પર આવી પડેલ દુઃખ પ્રત્યે હાર્દિક દિલસોજી પ્રદર્શિત કરે છે."

સદ્‌ગતના વિશિષ્ટ વ્યકિતત્વનો પરિચય આપતા આ શોક પ્રસ્તાવનું આપણે અનુમોદન કરીએ અને તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ ઈચ્છીએ!

તંત્રી

દાગ હેમરશિલ્ડ

રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ દાગ હેમરશિલ્ડના અવસાનથી રાષ્ટ્રસંઘ માટે એક ભારે કટોકટી ઊભી થઈ છે અને વિશ્વશાંતિ વધારે જોખમમાં મુકાઈ છે. તેમનું અવસાન અકસ્માત હતું કે કોઈ કાવત્રાનું પરિણામ છે તે નિશ્ચિત કહી શકાતું નથી. પણ મળતા અહેવાલો અને આજુબાજુના સંજોગો એમ બતાવે છે કે અકસ્માત હોવાનો સંભવ ઓછો છે.

રાષ્ટ્રસંઘના સેક્રેટરીજનરલનું પદ એક અદ્વિતીય પદ છે. આ પદ ધરાવતી વ્યકિત કોઈ એક રાજ્યની સરકારનો સેવક નથી. રાષ્ટ્રસંઘના બંધારણ મુજબ તેને એક સ્વતંત્ર વ્યકિતત્વ છે. સલામતી સમિતિ અને જનરલ એસેમ્બલીના ઠરાવોને આધીન રહી, તેણે સ્વતંત્ર રીતે વર્તવાનું છે. ભિન્ન ભિન્ન દેશોની પરસ્પરવિરોધી રાજનીતિમાં, તેણે વિશ્વશાંતિના એક જ ધ્યેયને લક્ષમાં રાખીને, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું નિરીક્ષણ કરવાનું રહે છે અને જ્યાં વિશ્વશાંતિ ભયમાં મુકાઈ એવું જોખમ તેને લાગે ત્યારે સલામતી સમિતિના લક્ષ પર એ હકીકત તુરત લાવવાની તેની ફરજ છે. સત્તાજૂથોની સાઠમારીમાં તટસ્થપણે અને ખાસ કરી નાનાં રાષ્ટ્રોના રક્ષણ અર્થે તેણે પોતાની ફરજ બજાવવાની રહે છે. રાષ્ટ્રસંઘના ઉદ્દેશોને સતત દ્રષ્ટિ સમક્ષ રાખી તેના ધ્યેયને ક્ષતિ પહોંચે એવું વર્તન કોઈ પણ રાષ્ટ્ર તરફથી થતું જણાય તો તેને અટકાવવા ઘટતાં પગલાં લેવાની તકેદારી રાખવાનું તેને રહે છે. આવા સર્વોચ્ચ પદ માટે લાયક વ્યકિત મળવી સહેલી નથી. પાંચ મહાસત્તાઓ–બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા, રશિયા અને ચીન-ની સંમતિથી આ નિમણૂંક થાય છે. આવી વ્યકિતના નિષ્પક્ષપણા વિષે કોઈ શંકા ન રહે માટે નાનાં સ્વતંત્ર રાષ્ટ્રો ડેન્માર્ક, સ્વીડન, નોર્વે જેવાંમાંથી આવી વ્યકિત પસંદ કરવામાં આવે છે. રાષ્ટ્રસંઘના બંધારણ નીચે સેક્રેટરી જનરલને વિશિષ્ટ અધિકારો છે અને તેની સ્વતંત્રતા જળવાઈ રહે તે માટે બંધારણમાં ખાસ કાળજી રાખવામાં આવી છે.

થોડા વખત પહેલાં દાગ હેમરશિલ્ડે રશિયાની ખફગી વહોરી અને કુશ્ચેવે તેમના ઉપર ભારે પ્રહારો કર્યા હતા.

સામાન્ય રીતે પાંચ મહાસત્તાઓમાંથી કોઈ પણ એક સત્તાનો પણ સેક્રેટરી જનરલ વિશ્વાસ ગુમાવી બેસે તો, પોતે જ તે પદનું રાજીનામું આપી દે. પણ આ પ્રસંગે વિરલ હિંમતથી દાગ હેમરશિલ્ડે રાજીનામું આપવાની ના પાડી અને તેમ કરતાં પોતાનાં જે કારણો જણાવ્યાં તેમાં તેમની એકનિષ્ઠા અને વિશ્વશાંતિ માટેની ઝંખના સ્પષ્ટ થયાં.

દાગ હેમરશિલ્ડનો અંગત પરિચય કરવાની મને તક મળી હતી, જ્યારે ૧૯૫૩ માં હું હિન્દી પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે રાષ્ટ્રસંઘની બેઠકમાં હાજરી આપવા ગયો હતો. તેઓ મિતભાષી, સ્વમાની, ગૌરવશીલ વ્યકિત હતા. ગીતાના અભ્યાસી હતા. અને નિષ્કામ કર્મયોગમાં શ્રદ્ધાવાળા હતા.

કોંગોમાં રાષ્ટ્રસંઘની પૂરી કસોટી થઈ રહી છે. સંસ્થાનવાદી રાષ્ટ્રો ખાસ કરી બેલ્જીયમ કોંગોના ભાગલા કરવા ઈચ્છે છે અને કાટંગાને જુદું પાડવા પ્રયત્ન કરે છે. બેલ્જીયમ, બ્રિટન અને કેટલેક દરજ્જે ફ્રાન્સના આર્થિક હિતો કાટંગામાં મોટા પ્રમાણમાં છે. તેની દક્ષિણે ઉત્તર રહોડેશિયા છે. તેના વડા પ્રધાન વેલેન્સ્કી દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિમાં માનવવાળા છે. શોમ્બેને હથિયાર બનાવી, બેલજીયમ અને વેલેન્સ્કી કોંગોની એકતા તોડવા માગે છે. રાષ્ટ્રસંઘના પ્રયત્નો કોંગોની ભૌગોલિક અને રાજકીય એકતા જાળવી રાખવાની દિશામાં છે. કોરિયાની પેઠે અહીં પણ રાષ્ટ્રસંઘે પોતાનું લશ્કર મોકલી આંતરવિગ્રહ અટકાવવા અને વિદેશી તત્ત્વોને હઠાવવા નિર્ણય કર્યો છે. પણ રાષ્ટ્રસંઘનું બળ અંતે તેના સભ્યો ઉપર અવલંબે છે. રશિયાનો વિરોધ તો છે જ અને બ્રિટનનું વલણ અત્યંત વિચિત્ર અને સ્વાર્થી છે તે હવે ઉઘાડું પડ્યું છે. શરૂઆતમાં હેમરશિલ્ડની કાંઈક ભૂલ થઈ, પણ થોડા સમયમાં તે ભૂલ સુધારી લીધી અને સલામતી સમિતિના ઠરાવોના અમલ માટે તેઓ પૂરા તત્પર થયા. તેમાં કાંઈક સફળતા પણ મળી અને કોંગોની પાર્લમેન્ટની બેઠક અને પ્રધાનમંડળની રચના કરવામાં ફળીભૂત થયા. શરૂઆતમાં શોમ્બેનું વલણ કાંઈક સહાયભૂત લાગ્યું—પણ તુરતમાંજ તે વિદેશી તત્ત્વોની અસર નીચે આવી, બદલાયો અને સહકાર ખેંચી લીધો. આ પરિસ્થિતિનો જાતે અભ્યાસ કરવા અને રાષ્ટ્રસંઘના લશ્કરી પગલાંઓને વેગ આપવા, હેમરશિલ્ડ પોતે કોંગો બાજુ ફરતાં અકસ્માત અથવા દગાના ભોગ બન્યા.

એમના અવસાનથી રાષ્ટ્રસંઘ માટે કટોકટી ઊભી થઈ છે. પાંચ મહાસત્તાઓ તેમના અનુગામીની નિમણૂંક માટે એકમત ન થાય તો રાષ્ટ્રસંઘનું અસ્તિત્વ જોખમાય, અને રશિયા સંમત થાય તેવું હાલ જણાતું નથી. છેલ્લી બેઠક વખતે કુશ્ચેવે એકને બદલે ત્રણ સેક્રેટરીઓ નીમી, (Troika) ત્રિમૂર્તિ રચવાની દરખાસ્ત રજૂ કરી હતી, તેને રશિયા વળગી રહે છે. સામ્યવાદી દેશો સિવાય ભારત સહિત બધા દેશોએ આ દરખાસ્તનો વિરોધ કર્યો છે. પણ પાંચે મહાસત્તાઓ એકમત ન થાય ત્યાં સુધી સેક્રેટરી જનરલની નિમણૂંક ન થાય અને તેમ ન થાય ત્યાં સુધી રાષ્ટ્રસંઘ સુકાની—વિહોણો રહે. કોંગોમાં રાષ્ટ્રસંઘને પીછેહઠ કરવી પડે તો પ્રતિષ્ઠાને મોટી હાનિ પહોંચે. તે ઉપરાંત, વિશ્વશાંતિ માટેનું એકમાત્ર બળ, ઓછું થાય. લીગ ઓફ નેશન્સ આવા જ કોઈ સંજોગોમાં તૂટી પડી. ત્રીજા વિશ્વયુદ્ધનો ભય જગતને માથે ઝઝૂમી રહ્યો છે, ત્યારે હેમરશિલ્ડનું અવસાન એક કરુણ અને ભારે કમનસીબ ઘટના છે. માનવી ઈતિહાસનો કોઈ બોધપાઠ નહિ જ શીખે અને પોતાનો વિનાશ પોતાના હાથે નોતરશે એવી જ કોઈ વિધિની વિચિત્રતા જણાય છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

ઉશ્કેરાટમાં કોઇ નિર્ણય ન લો

જ્યારે તમે રોષમાં હો, આવેશમાં હો ત્યારે, તે જ ક્ષણે, કોઈ પણ અગત્યના પ્રશ્ન ઉપર નિર્ણય લેવો એ ભાગ્યે જ સલાહભર્યું લેખાશે. એવા વખતે કોઈ એવો ઉતાવળિયો નિર્ણય લેવાવાનો ઘણો સંભવ રહે છે કે જેનો તરતમાં જ તમારે પશ્ચાતાપ કરવો પડે. આવા વખતે મગજને ઠંડું પડવા માટે થોડો સમય જવા દેવાથી ઘણો ફાયદો થવાની શકયતા રહે છે.

એક તો, એમ કરવાથી વિચારવા માટે અને ઘણી વાર પ્રમાણમાં બહુ અલ્પ મહત્ત્વની બાબત ઉપર આટલી બધી ધમાલ કરવાની કોઈ જરૂર નહોતી એવું ભાન થવા માટે જોઈતો અવકાશ મળી રહે છે. પછી કેટલીક વાર તમને એમ માલમ પડે છે કે તે વિષે આવું કશું વિચારવાની જરૂર જ નહોતી. ધારો કે સાંજના જ તમને વ્યગ્ર બનાવે એવી કોઈ ઘટના બની છે. તો કશું પણ કર્યા સિવાય રાત્રી પસાર થવા દો અને બીજી સવારે બધી વસ્તુઓ કોઈ જુદા જ આકારમાં પલટાયેલી તમને માલૂમ પડશે. લાંબો દિવસ પૂરો થયા બાદ કંટાળેલો અને થાકેલો માણસ પોતાની ચિન્તાઓ અને અગવડો તે હોય તે કરતાં વધારે મોટી આકારની કલ્પવાને સ્વાભાવિક રીતે પ્રેરાય છે. આરામ—સારો આરામ—લીધા બાદ માણસમાં શાણપણ અને વસ્તુસ્થિતિને પ્રમાણસર જોવાની જાણવાની સમજણ પેદા થાય છે.

બીજું, મગજને ઠંડું પડવા દીધાના ગાળા દરમિયાન કદિ કદિ આસપાસની પરિસ્થિતિ એટલી બધી બદલાઈ જાય છે કે તમે જાણે કે જુદી જ દુનિયામાં જન્મ લીધો હોય એમ તમને લાગવાનો સંભવ ઉભો થાય છે. ધારો કે તમારા દિકરાએ ગઈ કાલે રાત્રે તમારી સાથે ઝઘડો કર્યો છે. તેણે વીતેલી રાત્રી દરમિયાન ખૂબ

વિચારણા કરી હોય છે અને હવે તેને સમજ પડી હોય છે કે તમારી સાથે ઝઘડો કરવામાં તે પોતે જ ખોટો હતો. બીજે દિવસે સવારે તે તમારું અભિવાદન કરે છે અને નામશેષ બનેલા ઝઘડા વિષે કોઈએ કોઈને કશું જ કહેવાપણું કે સાંભળવાપણું રહેતું નથી અથવા તો કોઈ એક અણધારી અણકલ્પી ઘટનાએ આખા સંઘર્ષને અર્થશૂન્ય બનાવી દીધો હોય છે. અગત્યના કાગળિયા કે જે ગુમાઈ જવા માટે તમારી નીચેના કોઈ કમનશીબ માણસને તમે દોષપાત્ર લેખ્યો હોય છે તે કોઈ અણચિન્તવી જગ્યાએથી મળી આવે છે અને તમને માલૂમ પડે છે કે પેલા ગરીબ માણસને તે સાથે કશી લેવાદેવા નહોતી.

આ જ નિયમ જાહેર ખાતાઓને લાગુ પડે છે. અલબત્ત, એવા સંયોગો હોય છે કે જ્યારે તત્કાળ પગલાં ભરવાનું અનિવાર્ય બની જાય છે. 'wait and see'—જરા ધીરજ રાખો અને જુઓ, એ નિયમ હંમેશા અનુસરવા યોગ્ય છે એમ નથી. એવા પણ પ્રસંગો, કમનશીબે, કલ્પી શકાય છે કે જ્યારે આમ રાહ જોવાનું પરિણામ બહુ ઘાતક આવ્યું હોય છે. પણ એનો અર્થ એ નથી કે આ નિયમ હંમેશાને માટે અવ્યવહારુ હોવાનો. સતત બદલાતા હોય એવા સંયોગોમાં ઘણીવાર તત્કાળ નિષ્ક્રિય રહેવામાં જોખમ કે ભય જેવું કશું હોતું નથી. એમ પણ બનવા જોગ છે કે સંયોગોને એની મેળે કાર્ય કરવા દેતાં સ્વાભાવિક રીતે ઊભી થયેલી સમસ્યાનો ઉકેલ આવી જાય છે. આવા કિસ્સાઓમાં આવેશ કરતાં ધીરજ અને રાહ વધારે કલ્યાણકારી નીવડે છે.

મગજ ગુમાવવાની પ્રક્રિયા ઉપયોગી નીવડવા સંભવ છે, પણ તે બે શરતે: એક તો મગજ ગુમાવવાનું ક્વચિત જ બનવું જોઈએ. જે માણસ હાલતાં ચાલતાં ખીજાઈ જાય છે, ક્રોધે ભરાય છે, તે માણસના ગુસ્સા તરફ કોઈ ધ્યાન આપતું નથી, જ્યારે સાધારણ રીતે જે ઠંડા મગજનો હોય છે, અને જે બોલવા ચાલવામાં સાધારણ રીતે મધુર હોય છે તેવા માણસનો ક્રોધ ભારે મોટી અસર પેદા કરે છે. બીજું મગજ ગુમાવવાની પ્રસ્તુત પ્રક્રિયા ઈરાદાપૂર્વકની હોવી ઘટે. જે માણસ હાલતાં ચાલતાં મગજ ગુમાવે છે તે ભયજનક બનવાને બદલે વધારે હાસ્યાસ્પદ બને છે, તે વધારે પડતું કરી નાખે છે અને તેના મનમાં હોય તે કરતાં વધારે પડતું બોલી નાંખે છે. પણ જો તમે ઠંડા કલેજે ક્રોધાવિષ્ટ દેખાવાનો નિર્ણય કરો તો અને જો આ કળા તમને સુસાધ્ય હોય તો તમને દરેક જણ નમતું આપતું જોઈને ભારે આશ્ચર્ય થવાનું.

ખરાબ સ્વભાવ હોવો તે જોખમી છે, સારો સ્વભાવ હોવો અને એમ છતાં ખરાબ સ્વભાવવાળા તરીકેની ખ્યાતિ હોવી—આવો સુયોગ ભારે અચંબો પમાડનાર નીવડે છે.

[મૂળ અંગ્રેજી : આન્દ્રે મોરો. અનુવાદક: પરમાનંદ]

વિષયસૂચિ

		પૃષ્ઠ
સન્ત વિનોબાજીનું મંગળ પ્રવચન	વિનોબા	૧૦૩
કટ કટ્ (કાવ્ય)	ગીતા પરીખ	૧૦૪
કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ	પરમાનંદ	૧૦૪
શિખરસ્થ વ્યક્તિવિશેષ વિષે વિશેષ વિચારણા	પરમાનંદ	૧૦૭
આ વખતની પર્યુષણ વ્યાખ્યામાળા	પરમાનંદ	૧૦૯
ધર્મની સફળા કે નિષ્ફળતા?	સાધકજી	૧૧૧
સ્વ. ભૈરોદાનજી શેઠિયા ...	દલસુખ માલવણિયા	૧૧૨
દાગ હેમરશિલ્ડ	ચીમનલાલ ચકુભાઈ	૧૧૩
ઉશ્કેરાટમાં કોઈ નિર્ણય ન લ્યો!...	આન્દ્રે મોરો	૧૧૩
સંઘ સમાચાર		૧૧૪

સંઘ સમાચાર

કાશ્મીરના પ્રવાસ અંગે રજૂ કરવામાં આવેલા વાર્તાલાપો

તા. ૨૩—૯—૬૧ શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તાજેતરમાં કાશ્મીરના પ્રવાસથી પાછા ફરેલા શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી હીરાબહેન પાઠકના કાશ્મીરના પ્રવાસ અંગે વાર્તાલાપ ગોઠવવામાં આવ્યા હતા. શ્રી. પરમાનંદભાઈએ ભિન્ન ભિન્ન પ્રવાસસ્થળોની ટૂંક માહિતી આપી હતી અને કાશ્મીરમાં આવેલા અમરનાથની યાત્રાનું વિગતવાર વર્ણન કર્યું હતું. શ્રી હીરાબહેને પ્રસ્તુત પ્રવાસનાં છૂટાંછવાયાં સ્મરણો એક સાહિત્યકારની અદાથી રજૂ કરીને તેમજ અમરનાથ અંગે પ્રવાસ દરમિયાન તેમને સ્ફુરેલાં બે ત્રણ કાવ્યો વાંચી સંભળાવીને શ્રી પરમાનંદભાઈના વક્તવ્યમાં ઉપયોગી પુરવણી કરી હતી. આ વાર્તાલાપ લગભગ પોણાબે કલાક ચાલ્યો હતો અને શ્રોતાઓ માટે ખૂબ રસપ્રદ બન્યો હતો.

આભાર—નિવેદન

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને મુંબઈ તળમાંથી તેમ જ દૂર દૂરના સ્થળોએથી પધારેલા વ્યાખ્યાતાઓનો, નાજુક તબિયતનું જોખમ ખેડીને મુંબઈ આવી પર્યુષણ વ્યાખ્યાનમાળાની આઠે દિવસની વ્યાખ્યાનસભાઓના પ્રમુખસ્થાનને જેમણે શોભાવ્યું હતું એવા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો, ભારતીય વિદ્યાભવનમાં યોજાયલી બે વ્યાખ્યાનસભામાં વ્યવસ્થા અને શાન્તિ જાળવવામાં જેમણે સ્વયંસેવકો મોકલીને સહકાર આપ્યો હતો તે કોંગ્રેસ સેવાદળનો, વ્યાખ્યાનમાળામાં સંગીતની જરૂરી પુરવણી કરનાર શ્રી અજિત શેઠ, જ્યાબહેન, વસુબહેન તથા અન્ય ભાઈ બહેનોનો, સંઘના તેમજ વાચનાલય, પુસ્તકાલયના ફાળામાં નાની મોટી રકમો ભરીને સંઘની પ્રવૃત્તિઓ ગતિમાન રાખવામાં મદદરૂપ થનાર સંઘના સભ્યો, મિત્રો અને પ્રસંશકોનો શ્રી જૈન યુવક સંઘ તરફથી અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે અને દર વર્ષે તેમના તરફથી આવો ટેકો અને સહકાર મળતો રહેશે એવી આશા રાખવામાં આવે છે.

શ્રી પદ્મનાભ જૈનનું વિદાય—પ્રવચન

જાણીતા બૌદ્ધ દર્શન—વિશારદ શ્રી પદ્મનાથ જૈન બર્મા, સિયામ, ઈન્ડોનેશિયા, મલાયા, નેપાલ—આદિ પૌર્વાત્ય દેશોનો પ્રવાસ પૂરો કરીને ઓકટોબર માસની ચોથી તારીખે યુરોપ તરફ પાછા ફરી રહ્યા છે. તો તેમને શુભવિદાય ઈચ્છવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ઓકટોબર માસની ત્રીજી તારીખ અને મંગળવારે સાંજના ૬—૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં એક સન્માનસંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી પદ્મનાભ જૈન પોતાના પ્રવાસ—અનુભવો સંભળાવશે. આ સભા જાહેર જનતા માટે ખુલ્લી છે.

કાશ્મીરના પ્રવાસનું ચિત્રપટ

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ઓકટોબર માસની તા. ૭મી, શનિવારે સાંજે ૬—૩૦ વાગ્યે ન્યુ મરીન લાઈન્સ ઉપર નવી ઈન્કમ ટેક્સ ઑફિસની પાછળ આવેલા 'મનોહર'માં કાશ્મીરના પ્રવાસને લગતું ચિત્રપટ, છબીઓ, ફોટાગ્રાફો, વગેરે સાહિત્ય સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનોને દેખાડવા માટે એક સંમેલન યોજવામાં આવ્યું છે. સભ્યોને આ પ્રસંગનો લાભ લેવા વિનંતિ છે.

વીલ્સન ડેમ પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુંબઈથી લગભગ ૧૨૫ માઈલ દૂર આવેલ વીલ્સન ડેમનું ઓકટોબર માસની ૨૧ તથા ૨૨ તારીખ એમ બે દિવસનું સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે એક પર્યટન ગોઠવવામાં આવનાર છે. આને લગતી વિગતો નક્કી થઈ રહી છે. આમાં જોડાનાર વ્યક્તિએ વ્યક્તિદીઠ આશરે રૂપીયા ૨૦) આપવાના રહેશે. આ પર્યટનને લગતી વિગતવાર ખબર છાપીને હવે પછી સભ્યો ઉપર મોકલવામાં આવશે. આ દિવસો આશો સુદ ૧૩—૧૪ ની પૂરી ખીલેલી ચાંદનીના હશે. અને પ્રવાસીઓને મર્યાદિત સંખ્યામાં જ લઈ શકાશે. જે સભ્યોને આ પર્યટનમાં જોડાવા ઈચ્છા હોય તેમને સંઘના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતિ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ,, કોટ, મુંબઈ.

૨૭૭૨૮૨ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૨, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

ભારતની પ્રજાને એકતા માટે નહેરૂનું હૃદયસ્પર્શી આહ્વાહન

(ઓક્ટોબર માસના પહેલા અઠવાડિયા દરમિયાન મદુરા ખાતે અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક મળી હતી તે દરમિયાન પાંચમી તારીખના રોજ રાષ્ટ્રીય એકતાના ઠરાવ ઉપર આપણા મહાઅમાત્ય પંડિત નહેરુએ એક અત્યંત પ્રેરક અને ભાવાવેગભર્યું વ્યાખ્યાન આપ્યુ હતું. દૈનિક પત્રોમાં તે ત્રૂટક ત્રૂટક છપાયું છે તેને સંકલિત કરીને નીચે આપવામાં આવે છે. તંત્રી)

"દેશના ભાગલા થવાના ભયંકર પરિણામો નજરે નિહાળ્યા બાદ અને તેની માઠી અસરો હજુ પણ આપણે ભોગવી રહ્યા છીએ તે જોતાં હવે પછી ગમે તે બને તો પણ આવી કોઈ પણ અલગતાની વાતને આપણે સહન કરી શકીએ તેમ છે જ નહિ. આંતરિક યુદ્ધ થાય તો પણ આ બાબત હવે સહી ન જ શકાય. આ મુદ્દા ઉપર કોઈ બાંધછોડ થઈ ન જ શકે. દરેક જણ યાદ રાખે કે ભારતની એકતા અવિભાજ્ય છે, અવિનાશી છે. આપણે ત્યાં કેટલાક લોકો અલગ રાજ્ય અને એવી વાતો હળવા દિલે કરી રહ્યા છે. પણ આજના ભારતમાંથી કાપીને કોઈ પણ અલગ રાજ્ય ઊભા કરવામાં આવે તો તેનાં પરિણામો શું આવે તેનું તેમને ભાન નથી. ભારતમાંથી અમુક પ્રદેશ અલગ તારવીને પાકીસ્તાન ઊભું કરવામાં આવ્યું. આપણે તેનાં અનિષ્ટ પરિણામો ભોગવ્યાં છે અને હજુ પણ ભોગવી રહ્યા છીએ. આપણે તેમાંથી માંડ માંડ ઉગર્યા છીએ, ભૌતિક અર્થમાં નહિ—અલબત્ત એ અર્થમાં તો આપણે જરૂર ઉગર્યા છીએ જ—પણ આપણે સાંસ્કૃતિક, નૈતિક, તમે કહો તો તે અર્થમાં પણ આપણે માંડ માંડ ઊગર્યા છીએ, ઊંચે આવ્યા છીએ. ભારતના આથી વધારે ભાગલા થતાં જેમાંથી ભારત કદિ ઊંચું જ ન આવે એ રીતે ભારત ભાંગીને છિન્ન ભિન્ન થઈ જશે."

એકતાને મજબૂત કરવાની મીઠી મીઠી વાતો કરતા પણ સાથે સાથે નજીવી બાબતો ઉપર અંદર અંદર ઝઘડો કરતાં કોંગ્રેસીઓને ઉદ્દેશીને નહેરુએ કહ્યું કે "આ બાબતમાં તમને હું ફરી ફરીને ચેતવણી આપું છું. તમારા માથે ઘણી મોટી જવાબદારી રહેલી છે. તેથી ચૂંટણીમાં કોંગ્રેસનો ટેકો મેળવીને ઊભા રહેવા માટે ટિકિટો મેળવવાની બાબતમાં ઝઘડા કરવાનું તમને શોભે નહિ, પાલવે નહિ, પરવડે નહિ. ભારતની એકતાને હાનિ પહોંચાડતાં પહેલાં, હું ઈચ્છું કે, આવી હજારો ટિકિટો ફાડી નાખવામાં આવે અને કચરાની ટોપલીને હવાલે કરવામાં આવે.

"ભારતને ટકી રહેવા માટે—ભારતને ટકાવી રાખવા માટે—એકતાની સૌથી વધારે જરૂર છે. આ એકતાને જાળવવાની આપણી લડતમાં આપણે જીતવાના જ છીએ, સફળતા મેળવવાના જ છીએ. ભારતને એકત્ર રાખે એવો તેની પાસે એક મહાન વારસો છે. આ માત્ર કોંગ્રેસ સાથે જ સંબંધ ધરાવતી બાબત નથી. આ બાબત સાથે પ્રત્યેક ભારતવાસીને સીધું લાગે વળગે છે. પણ કોંગ્રેસ સાથે જોડાયેલા આપણને ભારતની એકતા માટે પ્રયત્ન કરતા રહેવાની પરંપરાનો વારસો મળ્યો છે અને તેથી તેની જવાબદારી આપણા શિરે અન્ય કરતાં ઘણી વધારે રહે છે અને તેને ટકાવી રાખવા માટે આપણે વધારે સખ્ત રીતે કામ કરવાનું રહે છે. આજે આપણા ભારતમાં આપણે દક્ષિણમાં રહેતા હોઈએ કે ઉત્તરમાં રહેતા હોઈએ, આપણે હિંદુ હોઈએ, મુસલમાન હોઈએ કે શીખ હોઈએ, આપણે ઊંચી જ્ઞાતિના હોઈએ કે હલકી જ્ઞાતિના હોઈએ, પણ આપણામાંનો કોઈ પણ એક માનવી ભારતના મિશ્ર વારસાની નિપજ નથી એમ કોણ કહી શકે તેમ છે? આપણે સૌ આ વારસાની જ પેદાશ છીએ.

"બહાદુર રજપૂતો, જેઓ પોતાને સૂર્યવંશી અથવા તો ચંદ્રવંશીના નામે ઓળખાવે છે તેઓ ખરી રીતે જે સ્કીથિનો અને હુણો બહારથી હિંદુસ્તાનમાં આવ્યા અને હિંદની પ્રભાવશાળી સંસ્કૃતિના પ્રવાહમાં સમાઈ ગયા તેના વારસો છે. તેઓ ભારતના વાણાતાણામાં વણાઈ ગયા અને પોતાને સૂર્ય કે ચંદ્રના વંશજો તરીકે ઓળખાવવા લાગ્યા. આપણે સૌ ઓછા કે વધતા અંશે એક મિશ્ર પ્રજા છીએ. હજારો વર્ષની પ્રક્રિયાના પરિણામે તે તદ્દન અનિવાર્ય હતું. ખરી રીતે આમ બનવાના પરિણામે જ આપણે ભૂતકાળમાં મહત્તાના મહાન શિખરો સર કરી શકયા છીએ. ભારતે આટલા મોટી મહત્તા પ્રાપ્ત કરી છે તે જ્ઞાતિની બહાર લગ્ન કરવાનો પ્રતિબંધ ફરમાવતી કોમ અને જ્ઞાતિઓના સાંકડા વર્તુળોમાં પૂરાઈ રહેવાથા બન્યું નથી. જે મંડળોએ પોતાનાં નાનાં વર્તુળોમાં લગ્નસંબંધોને મર્યાદિત કર્યા છે તે હંમેશાં નબળા બનતા ચાલ્યા છે. મને કોઈ શક નથી કે—આ બાબત વ્યવહારુ હોય કે ન હોય તે જુદા બાબત છે પણ—ભારતમાં આંતરજ્ઞાતિય લગ્નસંબંધો નિર્માણ થાય તે જ ભારતને એકત્ર કરવાનો ખરો માર્ગ છે. આજે પણ આવા સંબંધો અવારનવાર નિર્માણ થયા કરે છે, પણ તેનો વેગ બહુ ધીમો છે. આ બાબત વધારે વેગથી આગળ વધવી જોઈએ; પણ મને માલુમ પડે છે કે આજની પરિસ્થિતિ નીચે આવા લગ્નસંબંધો વધારે સંખ્યામાં થવાનો બહુ સંભવ નથી.

"જ્ઞાતિપ્રથાથી યુકત એવી ભારતની સામાજિક રચના દેશમાં અંતરગત એકતા કેળવાતી અટકાવવાના હેતુથી જ ઊભી કરવામાં આવી છે, પણ આવી પ્રતિકુળતા હોવા છતાં ભારતની વિશિષ્ટ પ્રજ્ઞાના કારણે એકતાની પ્રક્રિયા સતત ચાલુ રહી છે. જ્ઞાતિપ્રથાનાં અલગતાજનક બળોનું અસ્તિત્વ સાથે સાથે એકતાની પ્રક્રિયાને આગળ વધતી અટકાવવામાં સફળ નીવડેલ નથી. આમ બની રહ્યું છે તે સમન્વયશીલ બુદ્ધિનું અથવા તો એકતાની ભાવનાનું પરિણામ હોય, અથવા તો આખી પ્રજાનું ભાવી એ પ્રકારે ઘડાવાનું હોય તેનું પરિણામ હોય—આને તમારે જે નામ આપવું હોય તે આપો—આને લીધે જ આ એકતાસાધક પ્રક્રિયા આજ સુધી ચાલુ રહી છે.

"એકતા અને સમન્વયને જોર આપે એવો આગળ ધકેલતો આવેગ આપણા દેશમાં હંમેશાં વિદ્યમાન રહ્યો છે, પછી તે તાત્વિક

ભૂમિકા પર હોય કે ધાર્મિક ભૂમિકા પર હોય, પણ ભારતના આત્માનું આ મંથન હંમેશાં ચાલતું રહ્યું છે. સંપ્રદાય, જ્ઞાતિ કે બીજાં કારણોને લઈને લોકો લોકો વચ્ચે ભેદભાવની દિવાલો ઊભી કરતાં વલણોની સામે પરસ્પર સમન્વય સાધવો અને એકત્ર બનવું—આ પ્રકારની બળવાન પ્રેરણા આપણા દેશમાં સતત કામ કરતી રહી છે.

"આઝાદી અને લોકશાહીના આગમને, લોકોની અંદર દબાઈને પડેલી—પછી તે સારી હોય કે નરસી—અનેક પ્રસુપ્ત શક્તિઓને બહાર આણી છે. આ શક્તિઓ કેટલીક વાર આપણને વિભાજિત કરે એ રીતે અભિવ્યક્ત થઈ રહી છે. આથી ભડકવાને બદલે આપણે સતત જાગૃત રહેવું જોઈએ. આપણે અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરીએ તે પહેલાં આપણી યાત્રાનો આ અતિ મહત્વનો તબક્કો છે.

"આમ આપણા દેશમાં આપણને વિભાજિત કરે એવાં બળો કેમ અસ્તિત્વમાં આવ્યાં હશે? આવો પ્રશ્ન ચોતરફથી પૂછવામાં આવે છે, પણ આનો ખરો જવાબ તો એ છે કે લોકોના સામાજિક પછાતપણાને લીધે અથવા લોકોની સંકીર્ણતાને લીધે આ બળો આપણા માનસમાં સુતાં પડેલાં જ હતાં. આ વિભાજકવૃતિ આપણા સામાજિક પછાતપણાની જ નિશાની છે, પછી તે હિંદુમાં હોય, મુસલમાનમાં હોય કે શીખમાં હોય. લોકોએ આ સાંકડાપણામાંથી ઊંચે આવવું જ રહ્યું.

"એક બાજુએ આ દુનિયામાં અન્યત્ર માલુમ ન પડે એટલી ચિત્તની વિશાળતા, દિલની ઉદારતા અને બુદ્ધિની વ્યાપકતા આપણે ત્યાં જોવામાં આવે છે. બીજી બાજુએ સાંકડાપણું, ધર્માંધતા અને અલગતાબુદ્ધિનાં જ્યાં ત્યાં દર્શન થાય છે. ભારતનો આ એક અસાધારણ કોયડો છે અને આ કોયડાનો આપણે ઉકેલ કરવાનો છે. 'આ ન કરો' અને 'તેને ન અડો'; 'બહાર ન જાવ અને જ્ઞાતિબહાર પરણો નહિ', આવા અનેક નિષેધોએ ભૂતકાળમાં ભારતના જીવનને ડુંપાવી નાંખ્યું છે. બુદ્ધ ધર્મના ઉદયકાળના એ દિવસો ભારે મહાન હતા કે જ્યારે ભારતની પ્રજાએ ચીન, જાપાન, મંગોલિયા અને એશિયાના અગ્નિકોણમાં આવેલા ઘણા દેશોમાં વસતી પ્રજાના જીવન ઉપર, સભ્યતા ઉપર, સંસ્કૃતિ ઉપર, શિલ્પ ઉપર અને ભાષા ઉપર અવર્ણનીય પ્રભાવ પાડયો હતો. ભારતમાં જોવા મળે છે એ કરતાં પણ વધારે સુંદર ભારતીય શિલ્પના નમૂનાઓ આ મૌર્વાત્ય દેશોમાં જોવા મળે છે. ત્યાર પછી ભારતના ઈતિહાસમાં એવો યુગ આવ્યો કે જ્યારે સમાજનાં દ્વાર ચોતરફથી બંધ કરવામાં આવ્યાં અને દેશ બંધિયાર દશાનો ભોગ બન્યો. આ ગમે તે હોય, પણ આજે આપણે એમાંથી બહાર નીકળી રહ્યા છીએ અને એમાંથી બહાર નીકળવાના જ છીએ. આમાં કોઈ શક નથી."

ત્યાર બાદ નહેરુએ વિજ્ઞાનના મહત્ત્વ ઉપર ખૂબ ભાર મૂકયો અને જણાવ્યું કે "તેની સાથે લોકોએ જીવનની આધ્યાત્મિક બાજુની પણ ઉપેક્ષા કરવી ન જોઈએ" આચાર્ય વિનોબા ભાવેએ બરોબર જણાવ્યું છે કે "રાજકારણ અને ધર્મના દિવસો હવે ખલાસ થયા છે અને તેનું સ્થાન વિજ્ઞાને અને અધ્યાત્મે લેવાનું છે." સત્યની શોધ એ જ વિજ્ઞાનનો હેતુ છે અને વિજ્ઞાન અત્યારે માત્ર ભૌતિક વસ્તુઓનું જ નહિ પણ તેની સાથે વધારે ગૂઢ અને અપ્રત્યક્ષ એવી અનેક બાબતોનું સંશોધન કરી રહેલ છે. ભારતની પ્રજાએ ચોક્કસ પ્રકારની જીવનપદ્ધતિના કોશેટામાં જે સદીઓથી પૂરાઈને પડી છે તેમાંથી બહાર આવવાનું છે. આ સિવાય આપણા ઉદ્ધારનો બીજો કોઈ માર્ગ નથી. એકમેકને સદા સંલગ્ન કરતી, સમન્વિત કરતી અને કદિ વિભાજિત ન કરતી—એવી જે ભારાતની પ્રજ્ઞા છે, ભારતનો આત્મા છે, તેનું તેણે પુનઃ અવલંબન લેવું ઘટે છે. મને કોઈ શક નથી કે આજે આપણે રાષ્ટ્રીય એકતાનો ઠરાવ પસાર કરી રહ્યા છીએ એટલા માટે નહિ પણ, ઈતિહાસ અને ભૂગોળના સમગ્ર સંદર્ભના કારણે અને આજના યુગમાં જે કાંઈ બની રહ્યું છે તેના કારણે ભારતને એકત્ર કરતાં બળો, તેને વિભાજિત કરતાં બળો કરતાં ઘણા વધારે બળવાન છે. આપણને આજે જોઈએ છીએ તે ઉપરછલ્લી રાજકારણી એકતા નહિ, પણ ભારતની ખરી એકતા, સાચી એકતા જોઈએ છીએ અને તે આપણે જરૂર મેળવવાના છીએ—સિદ્ધ કરવાના છીએ. તે સિવાય આપણા ઉદ્ધાર અને ઉત્કર્ષ માટે બીજો કોઈ વિકલ્પ નથી.

જવાહરલાલ નહેરુ

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ

(ગતાંકથી ચાલુ)

અહિંસાની સમસ્યા એટલી બધી જટિલ અને અન્ય સમસ્યાઓ-ઓની અપેક્ષાએ એવી વિચિત્ર છે કે તેને લગતી વિચારસરણી પૂરેપૂરી સ્પષ્ટ ન હોય તો તેના ઉકેલમાં જ્યાં ત્યાં ગૂંચો ઊભી થવાનો સંભવ રહે છે. અહિંસાની સમસ્યા જટિલ એટલા માટે છે કે જીવનના કોઈ એક ભાગ યા અંશને નહિ પણ સમગ્ર જીવનને તે સ્પર્શે છે. આ સમસ્યા વિચિત્ર એટલા માટે છે કે અહિંસાને માનવીજીવનના અતિ મહત્ત્વના ધ્યેય તરીકે સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી અને એમ છતાં જીવનની પ્રત્યેક ક્રિયા પાછળ—પ્રવૃત્તિમાત્ર પાછળ—નાની યા મોટી કોઈ ને કોઈ હિંસા રહેલી જ હોય છે. માનવીજીવનની આ વાસ્તવિકતા ધ્યાનમાં લેતાં અહિંસક જીવનનો અર્થ હિંસાથી બને તેટલું મુકત એવું જીવન—આવો મર્યાદિત અર્થ જ વિચારી યા કલ્પી શકાય છે. જીવનવ્યવહારને ઉર્ધ્વગામી બનાવતાં બીજાં તત્ત્વો જેમ કે સત્ય, અસ્તેય કે બ્રહ્મચર્યના અને અહિંસાના સ્વરૂપમાં એક મોટો ફરક છે. માનવીજીવન સાધારણ રીતે સત્ય ઉપર આધારિત હોય છે અને જીવનમાં સત્યનું ઉલ્લંઘન—અસત્યનું આચરણ—અવારનવાર દેખાય છે તે કેવળ અપવાદરૂપ છે. કોઈની ચીજ આપણાથી ન લેવાય એ સર્વસ્વીકૃત જીવનવૃત્તિ છે અને ચોરીના દાખલાઓ જે બને છે તે ચાલુ માનવીજીવનમાં અપવાદરૂપ છે. બ્રહ્મચર્યની એટલે કે શીલની મર્યાદાનું પાલન માનવીજીવનમાં વ્યાપકપણે નજરે પડે છે અને તેનું ઉલ્લંઘન, તેને લગતું સ્ખલન—અપવાદરૂપ હોઈને જ આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. અહિંસા વિષે જુદી જ સ્થિતિ પ્રવર્તે છે. આપણાં જીવનની સર્વ પ્રક્રિયાઓ એક યા બીજા પ્રકારની નાની યા મોટી હિંસા ઉપર આધારિત છે. આપણા વ્યકિતગત જીવનમાંથી તેમજ સામુદાયિક જીવનમાંથી આ હિંસાની માત્રાને ઉત્તરોત્તર કેમ ઘટાડવી એ જ માત્ર અહિંસાની ખરી સમસ્યા છે. 'જીવો જીવસ્ય જીવનમ્' એ ન્યાયે હિંસા એ જીવનની વાસ્તવિકતા છે. અહિંસા માનવીજીવનમાં સંપૂર્ણપણે સાકાર ન થઈ શકે અને એમ છતાં માનવીજીવનના સુખ, સ્વાસ્થ્ય અને ઉત્કર્ષ માટે જરૂરી એવો આદર્શ છે. અહિંસા તરફ જવું એટલે બીનજરૂરી-નિવાર્ય હોય એવી—હિંસક પ્રક્રિયાનો સર્વથા ત્યાગ કરવો અને જીવન-નિર્વાહ અંગે તેમ જ સમાજનિર્વાહ અંગે જ્યાં હિંસા અનિવાર્ય હોય ત્યાં પણ ઊંચીનીચી કોટિના—વિકસિત અવિકસિત કોટિના—જીવો અંગે વિવેક કરીને ચાલવું.

આ વિવેક એટલે શું? જીવસૃષ્ટિમાં માનવી સૌથી વધારે વિકસિત જીવ છે. તેની નજીકની કોટિ પશુઓની છે, જે માનવી માફક પંચેંદ્રિય છે, એમ છતાં જેને વાચા નથી અને જેનાં મન, હૃદય તથા બુદ્ધિ અવિકસિત અથવા તો અતિ અલ્પ વિકસિત દશામાં હોય છે. તે પછી ઉત્તરોત્તર ઘટતી જતી ઈન્દ્રિયવાળા મચ્છી વગરે જીવો અને તેની પાછળ સજીવ એવો વનસ્પતિસમુદાય રહેલો છે. હવે જ્યારે ઉદરનિર્વાહ અર્થે તેમજ બીજી જરૂરિયાતો અંગે એક યા બીજા જીવની હિંસા અનિવાર્ય છે ત્યારે આપણી અત્યંત નજીકની કોટિના એવા પંચેન્દ્રિય જીવોને જીવવા દઈએ, તેથી નીચેની કોટિના જીવોની બને ત્યાં સુધી વિરાધના ન કરીએ અને આહારપ્રાપ્તિ માટે વનસ્પતિસમુદાયના ઉપયોગથી આપણે સંતોષ માનીએ—આવું ધોરણ જેનું લક્ષ્ય અહિંસા છે તેને સહજપણે પ્રાપ્ત થાય છે. ભક્ષ્યા-ભક્ષ્ય, વર્જ્યાવર્જ્ય, વધ્યાવધ્ય—આ બધી બાબતમાં અહિંસાધર્મના પ્રતિપાદકોએ અને વિચારકોએ આ પ્રકારનું ધોરણ લગભગ સ્વીકાર્યું છે.

આ વિચારણામાંથી બે ત્રણ બાબતો ફલિત થાય છે. આગળ ઉપર જોયું તે મુજબ માનવસમાજમાં માનવી માનવી વચ્ચે સંવાદિતા—સામંજસ્ય—કેમ પ્રાપ્ત થાય અને કેમ સતત પુષ્ટ થતું રહે

એ ચિન્તનમાંથી અહિંસાની વિચારણાનો જન્મ થયો છે. પરિણામે કોઈ પણ હિંસક પ્રક્રિયાથી બચવું એટલે કે કોઈની હિંસા ન કરવી એટલો નિષેધાત્મક ધર્મ માત્ર નહિ, પણ દયા કરવી એટલે કે અન્યને બચાવવું, તેને રક્ષણ આપવું—એવો વિધાયક ધર્મ પણ દરેક અહિંસા-લક્ષી માનવીને પ્રાપ્ત થાય છે. અને આ બચાવવાની—રક્ષણ આપવાની—પ્રક્રિયામાં જ્યાં નાની અને મોટી હિંસા વચ્ચે—નિમ્ન કોટિના જીવોની અને ઉપરની કોટિના જીવોની હિંસા વચ્ચે—પસંદગીના કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યાં નિમ્ન કોટિના જીવોના ભોગે ઉપરની કોટિના જીવોને બચાવવા અને આ ક્રમમાં સર્વથી વધારે વિકસિત એવા માનવીને મુખ્યતા આપવી—આવો વિલક્ષણ ધર્મ અહિંસાધર્મીને પ્રાપ્ત થાય છે.

દાખલા તરીકે માનવીના સુખ અને સ્વાસ્થ્ય ખાતર આરોગ્ય-બાધક યા તો ખેતીવિરોધક ઉપદ્રવી જીવજન્તુઓનો નાશ કરવો, તરસ્યાને પાણી પાવું, ભુખ્યાને અન્ન આપવું, માંદાને દવાદારૂ પૂરાં પાડવાં, આથી આગળ વધીને સર્પ કોઈ માનવીને કરડવા જતો હોય, કોઈ હિંસક પ્રાણી માનવી ઉપર આક્રમણ કરતું હોય અને એ સર્પ કે હિંસક પ્રાણીને અટકાવવાનો બીજો કોઈ ઉપાય ન હોય ત્યાં સર્પ કે હિંસક પ્રાણીને મારીને પણ માનવીને બચાવવો—આમ આણ-છૂટકે હિંસા કરવાનો ધર્મ અહિંસાની વિચારણામાંથી પ્રાપ્ત થાય છે.

અહિં પણ અહિંસાની સુક્ષ્મ વિચારણા પોતાની જાતને બચાવવી અને અન્યને બચાવવો એ બે વચ્ચે રહેલા મહત્ત્વના તફાવત તરફ આપણું ધ્યાન ખેંચે છે. ઉપર જણાવેલ સંયોગોમાં અન્ય માનવીને બચાવવા માટે નિમ્ન કોટિના જીવની હિંસા ધર્મરૂપે આપણને પ્રાપ્ત થાય છે, પણ પોતાની જાતને માટે કોઈની પણ હિંસા ન થાય એ પણ અહિંસાના સુક્ષ્મ ચિન્તનમાંથી ફલિત થાય છે. જ્યાં મારે મારો પોતાનો જ વિચાર કરવાનો હોય ત્યાં હું અને અન્ય સર્વ જીવો સરખા છીએ અને તેથી મારી જાતને બચાવવા અથવા તો મારા સુખ સગવડને સુરક્ષિત રાખવા હું કોઈ પણ જીવની હિંસા કરું એ સ્વાભાવિક ભલે હોય પણ એ ધર્મ કદિ હોઈ ન શકે. અહિંસાનો આદર્શ આટલેથી જ અટકતો નથી પણ એથી આગળ જઈને એમ કહે છે કે માત્ર માનવીને જ નહિ પણ પશુને બચાવવા ખાતર પણ અહિંસાના આદર્શ ઉપાસકે પોતાના જીવનું બલિદાન આપવા તૈયાર રહેવું જોઈએ. રઘુવંશમાં ગાયને મારવાને ઉદ્યુકત થયેલા સિહને પોતાનો દેહ અર્પણ કરીને ગાયને બચાવવા તત્પર થયેલા રઘુકુળદીપક રાજા દિલીપનું દ્રષ્ટાંત અને કપોતને બચાવવા માટે પોતાના પ્રાણનું અર્પણ કરનાર શીબી રાજાનું દ્રષ્ટાંત—(જૈન કથાશાસ્ત્રમાં આને મળતું મેઘરાજાનું દ્રષ્ટાંત છે.)—આ બંને દ્રષ્ટાંતો પૌરાણિક સાહિત્યમાંથી આપણને પ્રાપ્ત થાય છે; અને સાચી બનેલી ઐતિહાસિક ઘટના તરીકે આનો આપણે કદાચ સ્વીકાર ન કરીએ, તો પણ અહિંસાનું પાલન કઈ હદ સુધી તેના ઉપાસકે કરવાનું છે તેને લગતી અંતિમ સીમાનું સૂચન આ બે દ્રષ્ટાંતો દ્વારા રજૂ થાય છે. દુનિયાના અન્ય ધર્મસાહિત્યમાં અનુકંપાસૂચક આવી કલ્પના મળવી અશકય છે. અહિંસાધર્મના ઉપાસકે આત્મરક્ષણ અને અન્યના રક્ષણ અંગે કલ્પવામાં આવેલી આ ભિન્ન ભિન્ન ધર્મોની ઉપપત્તિ ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે.

अहिंसा प्रतिष्ठायां वैरत्यागः । જ્યાં અહિંસાની પ્રતિષ્ઠા થાય—જેના રોમે રોમે મૈત્રી, કરુણા અને મુદિતાની ભાવના સ્ફુરાયમાન હોય, જેનાં મન, વાણી અને કર્મ અહિંસાપ્રેરિત હોય—ત્યાં પરસ્પર વૈર અનુભવતા જીવો પોતાનાં વૈર ભુલી જાય છે—ભગવાન પતંજલિનું આ સૂત્ર ઉપર વર્ણવી તેવી ઉત્કટ કોટિની અહિંસાને લક્ષમાં રાખીને રચાયેલું છે. વૈરવિસ્મરણ સૂચવતાં અનેક દ્રષ્ટાંતો ગાંધીજીના ચરિત્રમાંથી આપણને જોવા જાણવા મળે છે.

ઉપરની વિચારણામાંથી બીજી એક બાબત ફલિત થાય છે. આપણામાં રૂઢ થયેલી અહિંસાવિષયક વિચારણા કોઈ પણ જીવતા પ્રાણીની હાનિને જેટલું મહત્ત્વ આપે છે તેટલું મહત્ત્વ તેને જીવતા-જીવત ઈજા પહોંચાડવાના અથવા પીડા આપવાની પ્રક્રિયાને આપતી નથી. પરિણામે પશુને કપાતું જોતાં જાણતાં આપણને કંપારી છૂટે છે; તેના ઉપર ત્રાસ વર્તતો જોતાં જાણતાં આપણે એવી ઘૃણા અનુભવતા નથી—ઉલટું એવો ત્રાસ આપવામાં આપણે જ ઘણી વાર નિમિત્ત થતા હોઈએ છીએ. આ પણ આપણી કેવળ અધુરી સમજણનું જ પરિણામ છે.

ત્રીજી બાબત એ છે કે માનવી સાથેના આપણા વ્યવહારમાં આપણે મોટા ભાગે એ ભુલી જઈએ છીએ કે માનવીને શરીર છે તેમ જ મન પણ છે. અને તેથી તેના શરીરનો ઘાત કરતાં કે તેને ઈજા પહોંચાડતાં આપણને ક્રમકમાં આવે છે, પણ તેની સાથેના વ્યવહારમાં કાળાંધોળાં કરીને તેની મિલ્કતને નુકસાન પહોંચાડતાં અને તેના મનને અસહ્ય આઘાતો આપતાં આપણને કશો આંચકો આવતો નથી. અહિંસાની દ્રષ્ટિએ માનવીના દેહનું જેટલું મહત્ત્વ છે તેટલું જ—અથવા તેથી પણ વધારે—મહત્ત્વ માનવીના મનનું છે. આ વાતની ઉપેક્ષા અહિંસાને જેણે જીવનમાં ઉતારવી છે તેનાથી થઈ ન જ શકે.

આ પાયાની વિચારણા રજૂ કર્યા બાદ હવે આપણે વત્સલા-બહેને તેમજ અન્ય વિવેચકોએ ઊભા કરેલા મુદ્દાઓની ચર્ચા વિચારણા કરીએ. શ્રી. વત્સલાબહેન પોતાના ચર્ચાપત્રના પ્રારંભમાં વેદો અને સંસ્કૃતિઓમાં માંસાહારના ઉલ્લેખો હોવાનું જણાવે છે. આવા ઉલ્લેખો તે સમયના અન્ય ધર્મશાસ્ત્રોમાં, પુરાણોમાં અને સંસ્કૃત નાટકોમાં પણ મળે છે. આ ઉપરથી એટલું ફલિત થાય છે કે તે તે કાળમાં માંસાહાર પ્રચલિત હતો. પણ આ બાબતનો કોણ વિરોધ કરે છે કે ઈનકાર કરે છે? ખાનપાનના ક્ષેત્રમાં અહિંસા-દ્રષ્ટિનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. આપણે ઉપર જોયું તે મુજબ એક કાળે અન્ય પ્રજાજનો માફક આપણી પ્રજા પણ કેવળ માંસભોજી હતી. તેમાંથી ધીમે ધીમે એક બાજુએ જેમ જેમ ખેતી વધતી ગઈ અને બીજી બાજુએ જેમ જેમ પશુદયાનો ખ્યાલ વ્યાપક બનતો ગયો તેમ તેમ માંસાહારથી નિવૃત્ત થવાની ભાવના વેગ પકડતી ગઈ. આ ભાવનાના પ્રચાર અને પ્રસારના પરિણામે દેશના જૈનો, વૈષ્ણવો, અમુક વિભાગના બ્રાહ્મણો, અમુક પ્રદેશમાં વસતા મોટા મોટા જનસમુદાયો આજે નિરામિષાહારપૂર્વક જીવન-નિર્વાહ કરી રહ્યા છે. બીજો કેટલોક એવો સમુદાય છે કે જે પ્રસંગ-વશાત્ માંસાહાર કરે છે, પણ તેમનું ચાલુ જીવન નિરામિષાહાર ઉપર જ નિર્ભર છે. વળી દેશમાં એવાં કેટલાય કુટુંબો છે કે જેમાં કેટલાય વૃદ્ધો, વિધવાઓ અને કદિ કદિ સધવાઓ પણ કેવળ ધાર્મિક દ્રષ્ટિએ માંસાહાર કરતા હોતા નથી, પણ અન્ય કુટુંબીજનો માંસાહાર કરતા હોય છે. અમુક લોકો અગિયારસ જેવા અમુક ધાર્મિક મહત્ત્વના દિવસે માંસાહારનો ત્યાગ કરે છે. આ દેશમાં જે હિન્દુઓ ચાલુ માંસાહાર કરે છે તેઓ પણ જાણે કે પોતે આ કંઈક ખોટું કરી રહ્યા છે એવી લાગણી હંમેશા અનુભવતા હોય છે અને તેના સર્વથા નહિ તો અંશતઃ ત્યાગને તેમનું મન મોટા ભાગે ઝંખતું હોય છે. આ ઉપરથી ચાર બાબત ફલિત થાય છે (૧) ભારતીય પ્રજાનો એક મહત્ત્વનો સમુદાય શુદ્ધ નિરામિષાહારી છે. (૨) પ્રજાનો ઘણો ભાગ પ્રસંગવશાત માંસાહારી છે, પણ ચાલું નિરામિષાહારી છે, (૩) ઘણા મોટા ભાગના મનનો ઝોક નિરામિષાહાર તરફ ઢળેલો છે, પણ નબળાઈને લીધે તે માંસાહાર છોડી શકતો નથી. (૪) માંસાહાર ઉપર જ નિર્ભર એવો પ્રજાસમુદાય પ્રમાણમાં અલ્પ છે. આથી વિપરીત વિધાન શ્રી વત્સલાબહેને અને તેના સમર્થનમાં કાકાસાહેબે એ મતલબનું કર્યું છે કે આ દેશનો પ્રજાનો ઘણો મોટો ભાગ માંસાહારી છે. આ વિધાન સાથે હું સહમત થઈ શકતો નથી. અલબત્ત, વસ્તી-પત્રકમાં આ બાબતની કોઈ અલગ નોંધ કરવામાં આવતી નથી

અને તેથી આ બાબતમાં કોણ સાચું અને કોણ ખોટું તેનો અંતિમ નિર્ણય થવો અશક્ય છે.

આ ગમે તે હોય, એમ છતાં પણ, આપણા દેશમાં માંસાહાર એટલો વ્યાપક અને ભિન્ન ભિન્ન જાતિઓને સ્પર્શેલો છે કે તેનો વિસ્તાર ધ્યાનમાં લેતાં દેશભરમાં ચાલી રહેલી પશુહિંસાને કાયદા-કાનૂનથી અટકાવી ન જ શકાય. આ માટે લોકમાનસમાં કરુણાવૃત્તિને પ્રબળપણે જાગૃત કરવી જોઈએ અને આજે છે તે કરતાં ઘણો વધારે બળવાન, વ્યાપક અને સરકાર ઉપેક્ષા કરી ન શકે એટલો ઉગ્ર લોકમત પેદા કરવો જોઈએ. આમ ન બને ત્યાં સુધી દેશની અદ્યતન પરિસ્થિતિ લક્ષમાં લેતાં આજને તબક્કે પશુવધ સામે કાનૂની પ્રતિબંધ મૂકવાનું કે મૂકાવવાનું શક્ય નથી તેમ જ ઈષ્ટ પણ નથી. આમ છતાં પણ ભારત સરકારે દેશની અંદર માંસાહારને ઉત્તેજન આપવાની જે નીતિ અંગીકાર કરી છે અને પરદેશી હૂંડિયામણ વધારે ને વધારે મેળવવાના હેતુથી મત્સ્ય તથા માંસની દેશમાંથી મોટા પ્રમાણમાં નિકાસ થઈ શકે એ પ્રકારનું આયોજન કરવાનો આગામી પંચવર્ષીય યોજનામાં વિચાર સૂચવાઈ રહ્યો છે તે સામે અહિંસાલક્ષી પ્રજાજનોએ પ્રચંડ વિરોધ ઉઠાવવો જોઈએ. કારણ કે પશુસૃષ્ટિ વિષે ભારતીય માનસનું આજ સુધી જે સમભાવનું અને કરુણાપરાયણ વલણ રહ્યું છે અને જે બુનિયાદી સંસ્કાર તેની સંસ્કૃતિના મૂળમાં રહેલ છે તેને ભારત સરકારની આ નવી નીતિ પડકારરૂપ છે. દ્રવ્ય કમાવાના અનેક માર્ગો છે, અને હુંડિયામણ મેળવવાના અનેક રસ્તાઓ છે, પણ અન્ય ચીજોની માફક પશુ-પક્ષીઓ પણ કેવળ આયાતનિકાસનું જડ સાધન બની ન જાય અને એ રીતે ભારતીય સંસ્કૃતિનું એક મૂળ તત્ત્વ કરુણા, દયા, સજીવ સૃષ્ટિને સમભાવથી જોવા વિચારવાની વૃત્તિ નાબુદ ન થાય એ જોવાની ભારત સરકારની ખાસ ફરજ છે. ભારત સરકાર અહિંસાને તેના સર્વ અર્થમાં વરેલી છે એમ માની લેવાને લેશમાત્ર કારણ નથી; માંસભોજી પ્રજાજનોને માટે જરૂરી માંસ પૂરું ન પાડે એવી પણ સરકાર પાસેથી કોઈ અપેક્ષા કરતું જ નથી; પણ પોતાના આર્થિક લાભની ખાતર પ્રજામાનસમાં માંસની લોલુપતાને જાગૃત કરવામાં આવે અને પશુઓની મોટા પાયા ઉપર કતલ કરીને તેની પરદેશ નિકાસ કરવામાં આવે તે અસહ્ય છે. પશુપ્રાણીને માનવ-સમાજ સાથે સહઅસ્તિત્વનો લેશમાત્ર અધિકાર નથી અને એ તો કેવળ માનવીના ઉપયોગ અને ઉપભોગનો વિષય છે—આ વિચાર ભારતીય સંસ્કૃતિ કે ભારતીય સભ્યતાને માન્ય નથી.

ભારત સરકારની પશુવધને અને માંસાહારને ઉત્તેજન આપતી નીતિની શ્રી દલસુખ માલવણિયાએ પોતાના લેખમાં ઘણી સખત ટીકા કરી છે અને સમ્રાટ અશોકની અહિંસાપરક ઉદ્‌ઘોષણાનો, રાજા કુમારપાળની અમારી ઘોષણાનો, અકબર જહાંગીરના હિંસા-નિષેધક શાહી ફરમાનોનો ઉલ્લેખ કરીને પશુવધ સંબંધમાં કાનૂની પ્રતિબંધની તરફેણ કરી છે અને આ તરતમાં શક્ય ન હોય તો ધીમે ધીમે ક્રમશ: પણ હિંસાની નાબૂદી સિદ્ધ કરવા માટે જરૂરી પગલાં ભરવા ભારત સરકારને અનુરોધ કર્યો છે, અને આપણા વિચારો ન સાંભળે, ધ્યાનમાં ન લે એવાં 'નકામાં માણસોને' ફરીથી ન ચૂંટવા આગ્રહ કર્યો છે. રાજા કુમારપાળ અને આજના સાથકોના માન-સમાં, જૈનોનો જે સમયે અને જે પ્રદેશ ઉપર ખૂબ પ્રભાવ હતો તે સમયના ગુજરાતમાં અને આજના ભારતમાં ઘણો ફરક છે. ગાંધીજીને યાદ કરીને ભારત સરકાર અહિંસાને વરેલી છે એમ કહેવું તે વધારે પડતું છે અને અહિંસાને વરેલી હોય તો પણ તે અહિંસાની ભાવના માનવીસમાજથી બહુ આગળ વધી નથી એ આપણે સમજી લેવું જોઈએ. આજની પ્રજાના માનસનો ઝોક પશુહિંસા તરફ વધારે ને વધારે ઢળતો જાય છે એ આજની વાસ્તવિકતા છે તે પણ આપણા ધ્યાનની બહાર હોવું ન ઘટે અને આ પ્રશ્નને કેન્દ્રમાં રાખીને કોઈ ચૂંટણી થઈ નથી કે થવાની નથી. તો પછી આજે ચૂંટાયલા અને હવે પછી ચૂંટાનારા ધારાસભ્યો આપણી આ વાત ધ્યાનમાં ન લે તો તેમને 'નકામા' ગણવા કે વર્ણવવા તે લોક-શાહીને અનુરૂપ નથી, દિલની અસહિષ્ણુતા દાખવવા બરોબર છે. પ્રતિકુળ વાતાવરણની અવગણના કરીને કોઈ કાનૂન કરવામાં આવે તો તેથી કદી સ્થાયી સિદ્ધિ પ્રાપ્ત થતી જ નથી. બળવાન લોકમતને મૂર્ત રૂપ આપવું એ જ માત્ર કાયદાનો આશય હોવો જોઈએ. કાય-દાઓ વાસ્તવિક પરિસ્થિતિનો પૂરતો ખ્યાલ રાખીને ઘડાવા જોઈએ. તેની ઉપેક્ષા કરીને જ્યારે કોઈ કાયદો કરવામાં આવે છે ત્યારે તે કાયદો ખરા અર્થમાં અમલી બની શકતો નથી. એવા કાયદાના હેતુ સામે જોરદાર પ્રત્યાઘાતો પેદા થાય છે અને કાયદાને અર્થશૂન્ય બનાવી દે છે. આજે સામાજિક ક્ષેત્રે લોકમતના પીઠબળ સિવાયના જે જે કાયદાઓ થયા છે તે મોટાભાગે કાયદાની નોંધપોથીમાં જ પૂરાયલા રહે છે એમ કહેવામાં કોઈ અત્યુક્તિ નથી. શ્રી વત્સલાબહેને દલ-સુખભાઈના આ વિચારોને પકડીને પોતાના જવાબમાં લાંબી ચર્ચા કરી છે જે પ્રસ્તુત વિષયની ચર્ચાના અનુસંધાનમાં કેવળ બીનજરૂરી છે અને અપ્રસ્તુત જેવી લાગે છે.

નિરામિષાહારની પ્રથા અંગે બીજા પણ થોડા મુદ્દાઓ અહીં વિચારી લેવા અનુચિત કે અસ્થાને નહિ લેખાય. અહિંસા એ વિક-સિત મન, બુદ્ધિ અને હૃદયથી મુકત એવા માનવીના સામાજિક ચિન્તનનું અને સારાસાર વિવેકનું સહજ પરિણામ છે. અહિંસા અને કરુણા એક જ વિચારણાની બે અવિભાજ્ય બાજુ છે. નિરા-મિષાહાર આ વિચારણામાંથી પેદા થતી એક સ્વાભાવિક ફલશ્રુતિ છે. આમ હોવાથી નિરામિષાહારને અહિંસાનું સર્વસ્વ માની લેવામાં આવે તેના જેવી ભૂલભરેલી બીજી કોઈ સમજણ હોઈ ન શકે. અહિંસાએ માનવીમાં સંપૂર્ણપણે સાકાર થવા માટે તેના જીવનના સર્વ અંગોને, એટલું જ નહિ પણ, તેનાં મન, વાણી અને કર્મને આરપાર સ્પર્શવાનું છે. જેટલું મહત્ત્વ માનવીના પશુ-સૃષ્ટિ સાથેના અહિંસક સંબંધનું છે તેટલું જ બલ્કે તેથી પણ વધારે મહત્ત્વ માનવીના માનવી સાથેના અહિંસાપરક વ્યવહારનું છે. જેટલું મહત્વ તેના બાહ્યાચારનું છે તેટલું જ—કદાચ તેથી પણ વધારે—મહત્ત્વ તેનાં અહિંસાપૂત મન અને વાણીનું છે. તો પછી જીવનના અન્ય અંગઉપાંગોમાં અહિંસાની ઉપેક્ષાપૂર્વકનું નિરામિષાહારનું પાલન—તે અહિંસાની અત્યંત અધુરી સમજણ અને અધુરું આચરણ સૂચવે છે.

મોટા ભાગે માણસની અહિંસાની ઉપાસના એકાંગી હોય છે. તેના વિકાસ અને સમજણ મુજબ તે અહિંસાને લગતી એક બાબત ઉપર ઘણો ભાર મૂકે છે અને તેવીજ બીજી બાબતની અજ્ઞાનવશાત અથવા લોભવશાત અથવા સ્વાર્થવશાત ઉપેક્ષા કરે છે. દા. ત. જૈનો જેમને અહિંસાની બાબતમાં જ્યાં ત્યાં આગળ ધરવામાં આવે છે તેઓ નિરામિષાહારી હોય છે, પણ તેમાંના કેટલાક શારીરિક સ્વાસ્થ્ય-પ્રાપ્તિ અર્થે અથવા તાકાત વધારવા માટે લીવર એકસ્ટ્રેકટનાં ઈન્જેકશનો કે કોડલીવર ઓઈલ લેતા હોય છે અથવા પ્રાણીજન્ય ઔષધોનું અનુપાન કરતા હોય છે. વળી તેઓ પહેરવેશમાં રેશમી કાપડનો ઉપયોગ કરતા હોય છે. આવી જ રીતે કેટલાક જૈનો હિંસા-જન્ય પદાર્થોનો જેમ કે મોતી અથવા રેશમનો વ્યાપાર (જે બાબતનો શ્રી વત્સલાબહેને પોતાના લખાણોમાં ફરી ફરીને ઉલ્લેખ કર્યો છે) અથવા તો મરેલા ઢોરના ચામડાના બનાવોલ ચંપલોનો તથા ચરબીનો તેમ જ પ્રાણીજન્ય ઔષધોનો તથા શક્તિવર્ધક સીરપોનો વ્યાપાર કરતા હોય છે.

આ સંબંધમાં સ્પષ્ટતા કરવાની જરૂર છે કે એક તો નિરામિષા-હારનો ત્યાગ જેટલો સહેલો છે તેટલો આ બધી ચીજોનો ઉપયોગ અથવા વ્યાપાર છોડવો સહેલો નથી. કારણ કે નિરામિષાહારની

બાબતમાં પશુવધ લગભગ પ્રત્યક્ષ જેવો છે અને તેથી જેનામાં કરુણાવૃત્તિ જાગૃત થઈ હોય છે તેને માંસાહારનો ત્યાગ કરવાનું કહેવું જ પડતું નથી. તેના માટે માંસાહાર અશક્ય જ હોય છે. પણ હિંસાપ્રાપ્ત ઔષધો, ઈન્જેકશનો, પ્રાણીજન્ય પદાર્થોમાંથી બનતી ઘરાશની અને વ્યાપારની અનેક ચીજોના ઉપયોગ અથવા વ્યવહારથી દૂર રહેવું અહિંસાભિમુખ એવા સામાન્ય માનવીઓ માટે ઘણું જ મુશ્કેલ છે, કારણ કે આ બધી ચીજોના ઉત્પાદન માટે હિંસા એક ઠેકાણે થાય છે, ચીજો બીજે ઠેકાણે તૈયાર થાય છે, અને એ ચીજોનું વેચાણ ત્રીજે જ ઠેકાણે થતું હોય છે. આમ આ ચીજો પેદા કરવા પાછળ થતી હિંસા પરોક્ષ હોઈને—દૂર દૂરની હોઈને—જે માનવી જાગૃત ન હોય તેના દિલને તે સહજપણે સ્પર્શતી નથી અને બીજી બાબત એ છે કે કોઈ પણ શારીરિક વ્યાધિમાંથી મુક્ત થવાની વૃત્તિ માનવીમાં સૌથી વધારે બળવાન હોય છે. જીવનમરણના ટાંકણે તે ગમે તે ઉપાયે બચવા મથે છે. તે વૃત્તિના વેગ આગળ બહુ ઓછા માણસોની બાબતમાં વિવેકબુદ્ધિ ટકી શકે છે. અને આમાં જેનો અપવાદરૂપ છે એમ માનવાને કોઈ કારણ નથી. બજારમાં વેચાવા આવતી આવી દોષિત ચીજોના દોષ વિષે એ ચીજોના વાપરનારને ભાગ્યે જ પૂરું ભાન હોય છે, અને વ્યાપાર લોભમૂલક હોઈને આજનો અર્થ-પરાયણ માનવી 'હું તો સીધી હિંસા નથી કરતો' એવા સમાધાનપૂર્વક આવી ચીજોના વ્યાપારને વળગી રહે છે.

આ બધું હોવા છતાં એમાં કોઈ શક નથી કે નિરામિષાહાર પાછળ જે અહિંસાપાલનની ભાવના રહી છે તે સાથે આ બધી ચીજોનો ઉપયોગ કે વ્યાપાર સંગત નથી અને જેમાં વિચાર સાથે આચારનો મેળ નથી એવી નબળાઈઓનું જ આ સહજ પરિણામ છે. આવી નબળાઈઓને લીધે તેનો નિરામિષાહાર પ્રભાવશૂન્ય બને છે. પણ આનો સાર એ નથી કે તેણે સ્વીકારેલ નિરામિષાહાર ભૂલભરેલો છે. એનો સાર એટલો જ છે કે તેના નિરામિષાહારને અર્થસભર બનાવવા માટે તેણે તે સાથે સંગત ન હોય એવી ખાનપાનને લગતી, વૈદ્યકીય સારવારને લગતી, ચાલુ વપરાશને લગતી, ને વ્યાપાર વ્યવસાયને લગતી ચીજોના ઉપયોગથી તેમ જ મનોરંજનને લગતી (દા. ત. બાંધેલા બકરા ઉપર આક્રમણ કરતા ગીર પ્રદેશમાં વસતા સિંહો જોવાની) પ્રવૃત્તિથી બને તેટલા દૂર રહેવું જોઈએ. અહિંસાનો જીવનના સર્વ અંગોમાં એકાએક ઉદય થતો નથી. જીવનના અંગઉપાંગોનું સંશોધન થતે થતે અહિંસા જીવનમાં ધીમે ધીમે પ્રસ્થાપિત થાય છે. અહિંસાલક્ષી વ્યક્તિએ અહિંસાવિચાર સાથે બંધબેસતી ન હોય એવા પોતાના આચાર કે પ્રવૃત્તિઓનો બચાવ કરવો ન ઘટે પણ તેના શક્ય તેટલા પરિહાર તરફ પોતાનો કર્મયોગ કેન્દ્રિત કરવો ઘટે છે.

નિરામિષાહારને વરેલી વ્યક્તિએ બે બાબત ખાસ લક્ષ્યમાં રાખવી ઘટે છે. એક તો માંસભોજી લોકો પ્રત્યે તેણે ન તો ઘૃણા કે ન તો અસહિષ્ણુતા દાખવવી જોઈએ. કારણ કે નિરામિષાહારીનું લક્ષ્ય અન્ય માંસાહારીઓને પોતા તરફ વાળવાનું હોવું જોઈએ. અને તેમના પ્રત્યે ઘૃણા દાખવવાથી એકમેક વચ્ચે એક પ્રકારની દીવાલ ઊભી થાય છે અને ઘૃણામાંથી સામા પક્ષે પણ ઘૃણા પેદા થાય છે. વળી આજે તો મોટા શહેરોમાં માંસભોજી અને નિરામિષભોજી લોકોને ફરજિયાત એકમેકની બહુ નજીક રહેવા—વસવાની આપત્તિ ઊભી થઈ છે, અને આવો સહવાસ દિનપ્રતિદિન અનિવાર્ય બનતો જાય છે. આ પરિસ્થિતિમાં માંસભોજી લોકો પ્રત્યે સુગ, અણગમો કે અસહિષ્ણુતા દાખવવી નિરામિષાહારીઓને પરવડે તેમ નથી; વ્યવહારદૃષ્ટિએ તે યોગ્ય કે ઈષ્ટ પણ નથી.

બીજી બાબત એ છે કે નિરામિષાહારીઓએ પોતાના નિરામિષાહાર અંગે અભિમાન ચિન્તવવું યોગ્ય નથી. કારણ કે નિરામિષાહાર એટલે પ્રાણીજન્ય પદાર્થોનો ચાલુ જીવનમાં સર્વથા ત્યાગ, એમ સ્વાભાવિક રીતે ફલિત થાય છે, પણ આપણે ઉપર જોયું તેમ આહાર ઉપરાંતની આપણી બીજી અનેક પ્રવૃત્તિઓમાં પ્રાણીજન્ય પદાર્થોનો સીધી કે આડકતરી રીતે ઉપયોગ થયા જ કરતો હોય છે. કતલ થતા પ્રાણીઓના માંસ ઉપરાંતની લગભગ બીજી બધી વસ્તુઓમાંથી ચાલુ વપરાશની ચીજો બનાવવામાં આવે છે દા. ત. ચામડામાંથી જોડા, વાળમાંથી બ્રશ, હાડકામાંથી ખાતર તથા રમકડા, આંતરડામાંથી તાંત, પ્રાણીજન્ય અમુક પદાર્થમાંથી સરેશ અને આ બધી ચીજોના ઉપયોગથી દૂર રહેવું આજે અશક્ય બન્યું છે. આ પરિસ્થિતિમાં આજનો નિરામિષાહારી પૂર્ણ અર્થમાં નિરામિષાહારી રહ્યો નથી એ તેણે કબુલ કરવું જ રહ્યું.

વળી આવું અભિમાન અસ્થાને હોવાનું બીજું કારણ એ છે કે નિરામિષાહાર અહિંસક જીવનનું માત્ર એક અંગ છે. આહારમાં આમિષનો સર્વથા ત્યાગ કરેલો હોય પણ અન્ય સામાજિક કે વ્યાપારવિષયક વ્યવહાર નિષ્ઠુરતા કે અપ્રમાણીકતાથી ભરેલો હોય. બીજી બાજુએ કુલપરંપરાથી અમુક માનવી માંસાહારી હોય પણ તેનો માનવીસમાજ સાથેનો વ્યવહાર દયા, કરુણા, સત્યનિષ્ઠાથી યુકત હોય. વળી અહિંસક કહેવાતા વ્યાપારીઓનાં જીવન કાળાબજાર અને ભેળસેળની પ્રવૃત્તિથી કલંકિત થયેલાં કયાં જોવામાં આવતા નથી ? કોઈ નિરામિષાહારી છે એનો અર્થ એટલો જ સમજવો કે તેના જીવનનું એ પાસું અહિંસાની દૃષ્ટિએ આવકારદાયક છે અને તેટલા પૂરતું તેનામાં કુણાપણું છે. કોઈ માંસાહારી છે એનો અર્થ એટલો જ કે તેના જીવનનું એ પાસુ અહિંસાની દૃષ્ટિએ અસુભગ છે અને તેટલા પૂરતો તે નિષ્ઠુર છે. આ ઉપરથી નિરામિષાહારીમાં બીજા અનેક સદ્‌ગુણોનું સહઅસ્તિત્ત્વ અને અન્યમાં બીજા અનેક અસદ્‌ગુણોનું હોવાપણું ગૃહિત કરીને ચાલવાની જરૂર નથી. પ્રત્યેક વિષેના આવા અનુકૂળ પ્રતિકૂળ ખ્યાલો પ્રત્યક્ષ પરિચયમાં આવતાં ઘણીયે વાર ખોટા પડતા માલુમ પડે છે.

વળી પરંપરાપ્રાપ્ત નિરામિષાહાર વિષે એ પણ સમજી લેવાની જરૂર છે કે આપણું નિરામિષાહારીપણું અને અન્યનું માંસાહારીપણું મોટા ભાગે જન્મપ્રાપ્ત અને કુલસંસ્કારનું પરિણામ છે. આપણે અન્યત્ર જન્મ થયો હોત તો આપણે નિરામિષાહારી હોત એમ માની લેવાને કશું જ કારણ નથી. વળી આ દુનિયામાં એવા પ્રદેશો છે કે જ્યાં વસતા લોકો સર્વથા નહિ તો ઘણા મોટા ભાગે માંસ મચ્છી ઉપર જ નભતા હોય છે. આવા લોકોને માંસભક્ષણ વિષે દોષ કેમ દઈ શકાય? આમ જે પ્રવૃતિ પાછળ સ્વતંત્ર પ્રતીતિ કે પુરુષાર્થનું બળ નથી અને જે પ્રવૃતિ જન્મપ્રાપ્ત યા કુલપ્રાપ્ત છે તે વિષે અભિમાન કે અવગણના ચિન્તવવી, એકને ચડિયાતા કે અન્યને ઉતરતા લેખવા—એ કેવળ અહંકાર અને અજ્ઞાનનું પરિણામ છે. કહેવાનો સાર એ છે કે નિરામિષાહાર સાથે અહંકાર કે અભિમાન નહિ પણ કરુણા, નમ્રતા, જીવનસંશોધન અને ઉદારતા જોડાયેલા હોવા ઘટે છે.

નિરામિષાહાર સાથે સંકળાયેલી અહિંસાની ભાવના આપણને એમ ચિન્તવવા અને ઈચ્છવા પ્રેરે છે કે આખી દુનિયા ખાનપાન અંગે આ માર્ગ ગ્રહણ કરે તો કેવું સારું? પણ માંસાહાર કે મત્સ્યાહાર જ્યાં અનિવાર્ય છે અને જ્યાં ખેતીની કોઈ શકયતા નથી એવા દુનિયાના કેટલાક પ્રદેશો, દુનિયાનું વધતું જતું વસ્તીપ્રમાણ, ધાન્યની પરિમિત પેદાશ, ખાનપાનની વધતી જતી લોલુપતા—આજની દુનિયાની વાસ્તકિતાનું આ પ્રકારનું દર્શન આવા કોઈ વિશ્વવ્યાપીસ્વપ્નને—મનોરથને—ટકવા દેતું નથી. આમ છતાં પણ એવા ઘણા પ્રદેશો અને એવો ઘણો વસ્તીસમુદાય છે કે જ્યાં આહાર માટે માંસ તેમ જ અનાજ બન્ને સુલભ છે અને જ્યાંના લોકોને નિરામિષાહાર તરફ વાળી શકાય તેમ છે. આપણે આખી દુનિયાને નિરામિષાહારી બનાવવાની વાતને છોડી દઈએ અને આપણી આસપાસ વસતા પ્રજાજનોના દિલમાં કરુણાવૃત્તિને જાગૃત કરીએ, અને ઉગતી પ્રજાને કરુણાને પ્રાધાન્ય આપે તે પ્રકારનું શિક્ષણ મળે તેવો પ્રબંધ કરીએ. સાથે સાથે અનાજના ઉત્પાદનને બને તેટલો વેગ આપીએ. આમ કરતાં જે કોઈ શુભ પરિણામ આવે તેથી સંતોષ માનીએ, અને એથી વિશેષ પરિણામ માટે પરમાત્માને પ્રાર્થના કરીએ!

આમ આપણે નિરામિષાહાર સાથે સંબંધ ધરાવતા કેટલાક મુદ્દાઓ વિચાર્યા. બીજી બાબતોનો વિચાર હવે પછી.

અપૂર્ણ

પરમાનંદ

અમારો કાશ્મીરનો પ્રવાસ

આગ્રા, દિલ્હી, ભાખરાનંગલ


(તા. ૧૬-૯-૬૧ ના અંકથી અનુસંધાન)

આ પ્રકારની પૂર્વભૂમિકા સાથે અમારા પ્રવાસનો પહેલી ઑગસ્ટ મંગળવારના રોજ રાત્રીના પ્રારંભ થયો હતો. અમે રાત્રીના ૧૦-૪૫ વાગ્યે ઉપડતી પઠાણકોટ એક્સપ્રેસમાં ઉપડવાના હતા. સ્વાભાવિક રીતે અનેક સ્નેહીજનો પ્રવાસીઓને આટલી મોડી રાત્રે પણ વળાવવા આવ્યા હતા. 'આવજો' 'આવજો' ની સ્ટેશન ગજવતી શુભ વિદાય સાથે અમારી ટ્રેન ઉપડી. થોડો સમય દરેક પોતપોતાની ગોઠવણ જોઈ વિચારી સમજી લેવામાં નિમગ્ન થઈ ગયું. પણ આ તો પ્રવાસનો પહેલો દિવસ હતો. સૌના દિલમાં અથાક ઉત્સાહ અને તરવરાટ હતો. ભલેને રાત્રીના ૧૧ વાગ્યા હોય, ઊંઘ કેમ આવે? ડબાના એક કમરામાં બધા એકઠાં થયાં. અમારામાંથી પરસ્પર અજાણ્યા એવા કેટલાકે એકમેકને ઓળખી લીધાં અને ગાનતાનમાં એક કલાક પસાર કર્યો અને પછી થાકયાં પાકયાં સૌ પોતપોતાની જગ્યાએ નિદ્રાવશ થયાં.

પછીનો આખો દિવસ ટ્રેનમાં જ પસાર કરવાનો હતો. ભરચક ચોમાસાના દિવસો હતા, એટલે ટ્રેન જાણે કે કોઈ ઉપવનમાંથી પસાર થતી હોય એમ લીલવણીથી છવાયલા એક પછી એક પ્રદેશમાંથી ટ્રેન પસાર થતી હતી. નદી નાળાં વહેતા પાણીથી છલકાઈ રહ્યાં હતાં. પહેલા સાતપૂડા પર્વત અને પછી વિંધ્યાચળ પાર કર્યા. સાતપૂડા પાસે તાપી વહેતી હતી. વિંધ્યાચળના પ્રારંભમાં નર્મદાનાં દર્શન થયાં હતાં. રાત્રે બે વાગ્યા લગભગ અમારી ટ્રેન આગ્રા પહોંચી અને અમારો ડબો છૂટી ગયો, પણ ભર ઉંઘમાં અમને તેની કશી ખબર ન પડી. સવારના નાહી ધોઈ ચાપાણી કરી સૌ સજ્જ થયા અને ફતેહપુર સીક્રીમાં આવેલા મોગલ રાજ્યના અવશેષો જોયા. પાછા ફરતાં અકબર બાદશાહની કબર જોઈ. સ્ટેશને ડબા ઉપર આવ્યા. ભોજન કર્યું. થોડો આરામ કર્યો. અને પછી આગ્રાનો ફૉર્ટ—કીલ્લો, તાજમહાલ તથા દયાલબાગ જોયાં. દયાલ બાગમાં રાધાસ્વામી સંપ્રદાયનું એક ભવ્ય મંદિર બાંધવામાં આવ્યું છે, પણ સાંજના છ વાગ્યા બાદ બહારના કોઈને એ મંદિર જોવા માટે પ્રવેશ કરવા ન દેવો એ નિયમના પાલનને કડક રીતે વળગી રહીને ત્યાંના વહીવટદારોએ એ મંદિર અમને જોવા ન દીધું. રાત્રીના ડબામાં આવીને ભોજન આદિ પતાવીને આરામ કરવા લાગ્યા અને અમારો ડબો દિલ્હી જતી કોઈ ગાડી સાથે જોડાઈને તે તરફ રવાના થયો.

તા. ૪ થી ઑગસ્ટની સવારે ન્યુ દિલ્હી સ્ટેશને પહોંચ્યા. દિલ્હી ખાતે અખિલ હિંદ સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી ઉભું કરવામાં આવેલ જૈન કોન્ફરન્સ ભવનના સંચાલક શ્રી. શાંતિલાલ વનમાળીદાસ આટલી વહેલી સવારે અમને સ્ટેશન મળવા આવ્યા અને અમારી પ્રવાસમંડળીના સ્વાગત સન્માન અર્થે સાંજના ભાગમાં કૉન્ફરન્સ ભવનમાં દિલ્હીના જૈન સમાજના આગેવાન શેઠ આનંદરાયજી સુરાણા અને અન્ય ગૃહસ્થો તરફથી એક સંમેલન ગોઠવેલું હોવાની અમને ખબર આપી. સવારના ભાગમાં નિત્ય કર્મ પતાવી પ્રવાસ સાથીઓ સજ્જ થયા અને નક્કી કરેલી બસમાં આરૂઢ થઈને હુમાયુનની કબર, કુતુબ મિનાર, દાદાવાડી, બીરલાજીનો બંગલો (જ્યાં ગાંધીજીનું ખૂન થયું હતું), બીરલા મંદિર વગેરે કેટલાંક સ્થળો નિહાળીને મોડી બપોરે પાછા ફર્યા અને સ્ટેશન પ્લેટફૉર્મ ઉપર સૌએ ભોજન કર્યું. એ જ વખતે ધોધમાર વર્ષાએ આમારું સ્વાગત કર્યું. ભોજન બાદ થોડો આરામ લઈને પ્રવાસીઓ દિલ્હીની બજારોમાં ફરવા નીકળી પડયા.

સાંજના સમયે અમે બધા કૉન્ફરન્સ ભવનમાં એકઠા થયાં. વિશ્વધર્મ-સંગમના સુપ્રસિદ્ધ પ્રચારક તરીકે એક દિલ્હી ખાતે અને બીજું કલકત્તા ખાતે એમ આજ સુધીમાં બે વિશ્વધર્મ સંમેલન યોજીને દુનિયાના ભિન્નભિન્ન ધર્મના પ્રવર્તકોને જેમણે એકઠા કર્યા હતા તેવા સ્થાનકવાસી મુનિશ્રી સુશીલકુમારજી ચાતુર્માસ




આગ્રા-ફતેહપુર સીક્રીના મુખ્ય દરવાજા સમીપ ઉભેલી પ્રવાસ મંડળી

નિમિત્તે કેટલાક સમયથી અહીં બિરાજતા હતા તેમના અધ્યક્ષસ્થાને અમારી પ્રવાસમંડળીનું સ્વાગત કરવામાં આવ્યું. આ સંમેલનમાં શ્રી. સુરાણાજી, જૈન સમાજના કેટલાક આગેવાનો, જાણીતા હિંદી સાહિત્યકાર શ્રી. જૈનેન્દ્રકુમાર, શ્રી. યશ:પાલ જૈન વગેરે અનેક સજ્જનો ઉપસ્થિત થયા હતા. ઉપર જણાવેલ શ્રી શાન્તિભાઈએ અમને આવકાર આપ્યો અને પ્રવાસમંડળીનાં મુખી તરીકે મારો પરિચય કરાવ્યો. જૈનેન્દ્રકુમારજી, યશ:પાલ જૈન વગેરે મિત્રોએ આવકાર-વચનમાં પોતાનો સુર પૂરાવ્યો અને સાથે સાથે અહિંસાની સમસ્યા ઉપર ટૂંકા ટૂંકા વિવેચનો કર્યાં. અમારામાંથી મેં તથા શ્રી હીરાબહેન પાઠકે જરૂરી પ્રત્યુત્તર આપ્યો અને આ આવકાર સંમેલન કે જેમાં મુનિ સુશીલકુમાર, સુરાણાજી અને સરસ્વતીના ઉપાસક મિત્રો ઉપસ્થિત હતા તેને, અમે અમરનાથની યાત્રાએ જવાના હેતુથી નીકળ્યા હતા તેને સફળતા ઈચ્છતા આશીર્વાદ સમાન છે એમ અમે જણાવ્યું.

અધ્યક્ષસ્થાને મુનિ સુશીલકુમારજીએ ઉપસંહાર કર્યો, અમને આવકાર્યા, આશીર્વાદ આપ્યા, અને અહિંસાના વિષયનું વિવરણ કરતાં એક ભારે સૂચક દૃષ્ટાંત આપ્યું, જે અહીં અવતરિત કરવાના લોભને હું રોકી શકતો નથી. આપણે નિરામિષાહારી—કોઈ પણ પશુ પ્રાણીની હિંસા ન કરીએ—એ કારણે આપણાથી અન્ય રીતે રહેનારા જીવનારા મનુષ્યોથી આપણી જાતને ચડિયાતી—વધારે ઊંચી—માનીએ છીએ, પણ અહિંસા સાથે જોડાયલા એક ક્ષેત્રમાં આપણે મોઢું ઊંચું રાખીને ફરીએ તેવું કાંઈક છે તો બીજા ક્ષેત્રમાં આપણું દીવાળું છે અને જેમને આપણે નિમ્ન કોટિના માનવીઓ લેખીએ છીએ તેમના જીવનમાં આપણને તેની ઉણપના કારણે શરમાવે એવું ઊંચું તત્ત્વ જોવા મળે છે, અને તેથી આ ઊંચા—નીચાનું ચડિયાતા—ઉતરતાનું અભિમાન અર્થ વિનાનું છે—એ વિચારને રજુ કરતાં તેમણે દૃષ્ટાંતરૂપે જણાવ્યું કે "આસામમાં 'નાગા' નામની એક જાતિ રહે છે. આ આપ સર્વ જરૂર જાણતા જ હશો. હવે આજના જૈનોના અને તેમના ભિન્નભિન્ન નૈતિક સ્તરનો આપણે વિચાર કરીએ. ધારો કે કોઈ એક જૈનને એક પશુને પ્રત્યક્ષ મારવા બદલ કોઈ એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરે, તો પણ હું નથી માનતો કે એવો એક પણ જૈન આવું હિંસક કૃત્ય કરવાને તૈયાર થાય. બીજી બાજુએ આ નાગા લોકોમાંથી કોઈ એકને એમ કહેવામાં આવે કે 'જો તું અમુક માનવીનું ગળું કાપીને તેનું માથું લઈ આવે તો તને સો રૂપિયા આપવામાં આવશે' તો આવું કરપીણ કૃત્ય કરવા માટે તૈયારી દાખવતા એક નહિ પણ અનેક નાગાઓ નીકળી આવશે. હવે આ બાબતનો અન્ય પરિસ્થિતિના સંદર્ભમાં વિચાર કરીએ. ધારો કે અદાલતમાં આપણામાંના કોઈનો મુકદ્દમો છે. તે જીતવા માટે ખોટી સહીવાળા ખતની અથવા તો ખોટી સાક્ષી આપવાની જરૂર છે. આમ કરવાથી પ્રતિવાદીને હરાવી—હંફાવી તેમ જ તેને ઘણું નુકસાન કરી શકાય તેમ છે. આ માટે બસો, પાંચસો કે હજારની રકમની લાલચ આપવામાં આવે તો જૈન સમાજ આજે જે નૈતિક સ્તર ઉપર ઊભો છે તે વિચારતાં, આવું કૃત્ય કરવા માટે, મને શક નથી કે, એક નહિ પણ અનેક જૈનો નીકળી આવશે, જ્યારે આપને જાણીને આશ્ચર્ય થશે કે નાગા લોકો સામે આવું પ્રલોભન ધરવામાં આવે તો એ સમાજમાંથી આવું કૃત્ય કરવા માટે એક પણ વ્યકિત આગળ નહિ આવે. પશુ—પ્રાણી કે માનવીની હિંસા તેને સ્વભાવગત છે. આવું અસત્યાચરણ—જેનું પરિણામ પણ એક પ્રકારની હિંસામાં જ આવે છે તે—તેના સ્વભાવમાંજ નથી. આવું ખોટું કરવાની તેને કોઈ સમજણ કે સુઝ નથી. જ્યાં બુદ્ધિશાળી લેખાતા માણસને એકને એક બે જેવી વાત લાગે છે ત્યાં આ નાગા લોકો બાઘા જેવા ભાસે છે. આમાં જંગલી કોણ અને સુધરેલું કોણ—હિંસક કોણ અને અહિંસક કોણ—એ નક્કી કરવાનું હું આપને સોંપું છું."

આમ તેમની વ્યાપક અને ઉદાર વિચારણાથી અમે સૌ ખૂબ પ્રભાવિત થયા અને અમારા સ્વાગત સાથે અલ્પાહારનો પણ પ્રબંધ કરવામાં આવ્યો હતો તેથી બહુ સુખદ, મધુર અને તૃપ્તિભર્યા વાતાવરણમાં અમે દિલ્હીની એ સાંજ પસાર કરી. રાત્રે અમે દિલ્હીથી વિદાય થયા અને અંબાલા થઈને સવારના આઠ વાગ્યે 'નંગલ' સ્ટેશન પહોંચ્યા. અહીંથી લગભગ આઠેક માઈલ દૂર આવેલો ભાખરાબંધ અમારે જોવા જવાનું હતું. ચોતરફ નજર ફેરવતાં અમને માલમ પડ્યું કે હવે તો અમે હિમાલયની તળેટીમાં જ આવી પડ્યા હતા. ચોતરફ આવેલી પર્વતની શિખરમાળાના



દિલ્હી ખાતે ફાટકવાડીમાં ઉભેલી પ્રવાસમંડળી

દર્શનથી અમારું ચિત્ત પ્રસન્નતા અનુભવતું હતું અને અમારો હિમાલય સાથેનો સંબંધ આજથી શરૂ થયો એ વિચારથી દિલમાં રોમાંચ પેદા થતો હતો. હિમાલયના આ વિભાગને 'શૈવાલિક હિલ્સ'ના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રદેશમાં નજીકમાં આવેલા સીમલા મસૂરીનો સમાવેશ થાય છે. તેની પૂર્વમાં ગઢવાલ પ્રદેશ અને પછી કુમાઉં હિલ્સ આવે છે. અમારા માટે બસ તૈયાર હતી. તેમાં બેસીને સર્પાકારે વહી જતા પહાડી માર્ગે આગળ ને આગળ જતાં ભાખરાબંધ સમીપ અમે આવી પહોંચ્યા.

આ ભાખરાબંધ ભારત સરકારની અદ્‌ભૂત કરામત છે. જ્યાં ચોતરફ દિવાલ સમા પર્વતો હોય અને વચ્ચે ખીણ જેવો વિશાળ પ્રદેશ હોય અને એ ખીણમાં એકઠું થતું પાણી કોઈ એક ઠેકાણે માર્ગ કરીને વહી જતું હોય ત્યાં જળપ્રવાહના માર્ગ આડે દીવાલ બાંધીને બંધ ઊભો કરીને ખીણમાંથી નીકળતા જળપ્રવાહને રોકવો, નિયંત્રિત કરવો અને પાણીની નહેરો બાંધીને દૂરદૂરના ખેતરો સુધી પાણી પહોંચતું કરવું અને બંધના ઉપરના ભાગમાંથી નિયંત્રિત રીતે વહેતા કરાયલા જળપ્રવાહની શક્તિનું વીજળીમાં રૂપાન્તર કરી ચોતરફના પ્રદેશને વીજળી પૂરી પાડવી—એવો આવા વિશાળ પાયા ઉપરના જળબંધોનો હેતુ હોય છે. આજ ખ્યાલને બીજી રીતે મૂકીએ તો "જ્યાં જ્યાં પૃથ્વી ઉપર માનવી વસી રહ્યા છે અને અનિયંત્રિત નદીઓના વિનાશસર્જક પૂરોથી પાર વિનાનો ત્રાસ ભોગવી રહ્યા છે, જ્યાં જમીન કશા પણ ઉત્પાદન વિનાની સૂકી નકામી પડી છે જ્યારે તેની નજીકમાં ઢગલાબંધ પાણી નિરર્થક વહી જાય છે, જ્યાં માનવીઓ પાણી અને અનાજ વિના સદીઓથી ટળવળે છે અને અલ્પપરિણામદાયી મહેનત મજૂરી પાછળ જીવન ઘસી નાખે છે જ્યારે પર્વતની ખીણોમાંથી સતત વહી જતા જળપ્રવાહોમાં રાક્ષસી શક્તિ અનાવીર્ભૂત—સૂતી—પડી છે—અહીં બંધ બાંધનારાઓનું મહાન જીવનકાર્ય પડેલું છે."

આ ભાખરાબંધની થોડીક વિગતો લોકોની જાણ માટે આપવી જરૂરી લાગે છે. ૧૯૦૮ જેટલા દૂરના ભૂતકાળમાં પંજાબના એ વખતના લેફ્‌ટેનન્ટ ગવર્નર સર લૂઈ ડેઈનને ભાખરા પાસે આવેલા સતલજ નદીના સાંકડા પ્રવાહને બંધ વડે નાથી શકાય તેમ છે એ પ્રકારનું દર્શન થયેલું અને કલ્પના આવેલી. આ ૩૦ વર્ષના ગાળામાં અનેક ઈજનેરોએ આ બાબતનો અભ્યાસ કરીને યોજનાઓ વિચારેલી અને ભલામણો કરેલી, પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહોતું. ૧૯૪૨ માં આને લગતી એક સળંગ યોજના તૈયાર કરવામાં આવી હતી. પણ તેમાં કશી ખાસ પ્રગતિ થઈ શકી નહોતી. આઝાદી મળ્યા બાદ ભાખરાબંધની યોજનાનો ગંભીરપણે વિચાર શરૂ થયો અને તેને લગતા કેટલાક પાયાના બાંધકામની શરૂઆત કરવામાં આવી. ૧૯૫૪ માં આને લગતી એક વિરાટ યોજના નક્કી કરવામાં આવી અને તેને 'ભાખરા નંગલ પ્રોજેક્ટ' એવું નામ આપવામાં આવ્યું. તેનો કુલ ખર્ચ ૧૭૦ કરોડ અંદાજવામાં આવ્યો છે અને તેમાં ભાખરા ડેમ, નંગલ ડેમ, નંગલ હાઈડલ ચેનલ, ગંગુવાલ અને કોટલા પાસે પાવર હાઉસ, ભાખરા બંધની ડાબી બાજુએ પાવર હાઉસ, ભાખરા નહેરોની વિસ્તૃત રચના, પંજાબ અને રાજસ્થાન સુધી વીજળી અને પાણી પહોંચાડવાની ગોઠવણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાખરા બંધની ડાબી બાજુએ બંધાનારા પાવર હાઉસ પાછળ ૧૬ કરોડનો વધારે ખર્ચ કરવાનો રહે છે. આજ સુધીમાં ભાખરા ડેમ અને તેની બન્ને બાજુના પાવર હાઉસ સિવાય ઉપર જણાવેલા બીજા બધાં કામો પૂરાં થયાં છે અને તે પાછળ ૧૫૦ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે.

ભાખરા ડેમનો ઉદ્દેશ હિમાલયની શૈવાલિક હીલ્સમાંથી નીકળતી સતલજ કે જેનું ઢગલાબંધ પાણી નિરર્થક વહી જતું હતું અને છેવટે દરિયામાં ઠલવાતું હતું તેને નાથવાનો છે. આના પરિણામે ૫૧ માઈલ પહોળું અને આશરે સવા માઈલ લાંબું એવું નાના સાગર જેવું એક વિશાળ સરોવર નિર્માણ થયું છે જેને યોગ્ય રીતે 'ગોવિન્દ સરોવર' નામ આપવામાં આવ્યું છે. આ સરોવરમાં સંચિત થયેલા વિપુલ જલરાશિને નિયંત્રિત કરીને વહેતું કરતાં એક કરોડ એકરની જળસીંચાઈ થવા સંભવ છે. આના પરિણામે દસ લાખ ટન અનાજ, પાંચ લાખ ટન શેરડી, આઠ લાખ ટન કપાસ અને એક લાખ ટન કઠોળ તેલીબિયાં વગેરેનું ઉત્પાદન થવા આશા રહે છે. આ કુલ ઉત્પાદનની કિંમત એક અબજ રૂપિયા અંદાજવામાં આવે છે.

ભાખરાબંધની બન્ને બાજુએ એક એક પાવર હાઉસ બંધાવાના છે. આમાંના એકમાંથી ૪૫૦૦૦૦ કીલોવૉટ અને બીજામાંથી ૬૦૦૦૦૦ કીલોવૉટ વીજળી પેદા થવાની ગણતરી છે. આ ઉપરાંત, ૧૯૫૪ ની સાલમાં ગંગુવાલ અને કોટલામાં ઊભા કરવામાં આવેલ પાવર હાઉસો ૭૭૦૦૦ કીલોવૉટ વીજળી આપી રહેલ છે.

આ દુનિયામાં સૌથી ઊંચો સ્વીટઝરલેન્ડમાં આવેલો 'મોવોઈ સીન ડેમ' ૭૭૮ ફીટ ઊંચો જળબંધ છે. આ ભાખરા ડેમ તેનાથી ઊંચાઈમાં ૩૮ ફીટ ઓછો એટલે કે ૭૪૦ ફીટ ઊંચો થવાનો છે. આ ઊંચાઈ કૂતુબમિનારથી ત્રણગણી છે. ૧૯૬૨ માં આ બંધનું બાંધકામ નક્કી કરેલી ઉંચાઈ સુધી પહોંચી જશે. આજે હજુ આશરે ૬૫૦ ફીટ સુધીની ઊંચાઈએ પહોંચ્યું છે. તેના બાંધકામ પાછળ કુલ ૭૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવા સંભવ છે.

આ બંધને લીધે જેનું નિર્માણ થયું છે એ 'ગોવિંદ સાગર' માં આજે ૬૩૩૦૦૦૦ એકર ફીટ જળસંચય રહે છે પણ તેની કુલ જળસંચય તાકાત ૮૦૦૦૦૦૦ એકર ફીટની હોવાનું જણાવવામાં આવે છે. આના પરિણામે ૩૦૦૦૦ ની જનસંખ્યાના વસવાટની હેરફેર કરવી પડી છે અને ૩૬૬ ગામડાં પાણીમાં ઢંકાઈ જતા બચાવવા માટે ખસેડવા પડ્યા છે.

ભાખરા ડેમની ભવ્યતા, વિસ્તાર અને તે દ્વારા થનારા પુષ્કળ લોકકલ્યાણનો ખ્યાલ આપવા માટે આટલી વિગતો પૂરતી છે. પણ તેનો ખરો ખ્યાલ તો એ સ્થળને નજરે જોયા સિવાય આવે તેમ છે જ નહિ. હિમાલયના ખોળામાં પથરાયલું વિશાળ 'ગોવિંદ સાગર' તેના આખાય જળરાશીને કેદ કરતો આ બંધ, બીજી બાજુએ ચાલી રહેલા અનેક નાના મોટાં બાંધકામો અને તેમાં કામ કરતાં મજૂરનાં અનેક ટોળાંઓ અને ચોતરફનું અસાધારણ ભવ્યતા દાખવતું પહાડી દ્રશ્ય અને રમ્ય વનશ્રી—આ બધું જોતાં ઊંડાં વિસ્મય તેમજ આનંદની લાગણીઓ અનુભવી. ત્યાં જતા પ્રવાસીઓને બંધની આખી યોજનાની સમજૂતી આપવા માટે સરકાર તરફથી ખાસ રોકવામાં આવેલા અધિકારી પાસેથી આ ટેકનિકલ વિષય અંગે સમજાય તેટલું સમજવા પ્રયત્ન કર્યો અને કાંઈક અદ્‌ભૂત જોવા જાણવા મળ્યું એવી તૃપ્તિ અનુભવી અને ત્રણ ચાર કલાકના પરિભ્રમણ અંગે ઠીક ઠીક થાકેલા અમે નંગલ સ્ટેશન કે જ્યાં અમારી રેલ્વે ટુરીંગ બોગી રાહ જોતી હતી ત્યાં આવી પહોંચ્યા અને અહીંથી અઢી ત્રણ વાગ્યે ઉપડેલી અમારી ટ્રેને હિમાચલના પ્રદેશને વટાવી જલંધર રસ્તે પંજાબમાં પ્રવેશ કર્યો. ઋતુ તો વર્ષાની હતી, પણ તે દિવસોમાં વર્ષાનો અભાવ હતો, તેથી આખે રસ્તે ગરમીનો ઠીક ઠીક ત્રાસ લાગ્યો. આગળ વધતાં સૂર્યાસ્ત થયો અને રાત્રી પડતાં કાંઈક રાહત અનુભવી અને સવારના પહોરમાં અમારી સવારી તા. ૬—૮—૬૧ ના રોજ પઠાણકોટ પહોંચી.

આશા તો હતી કે 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને પ્રવાસ વર્ણનના આ હફ્તામાં જ પહેલગામ સુધી લઈ જવા, પણ રસ્તામાં દિલ્હીના કૉન્ફરન્સ ભવનમાં ધાર્યા કરતાં થોડું વધારે ખોટી થવાયું અને આપણાં મહાઅમાત્ય પંડિત નેહરુએ જેને 'New place of pilgrimage' તરીકે વર્ણવેલ છે—અને અનેક લોકોના દારિદ્રયનું નિવારણ કરવાની આશા આપનાર અને ઉત્પન્ન થનાર અપાર વીજળીશક્તિ દ્વારા પ્રજાના ઘણા મોટા સમુદાયના ઔદ્યોગિક આર્થિક ઉત્થાનના મનોરથને મૂર્તિમંત કરનાર એક તારણહાર સમો ભાખરા ડેમ દેશનો એક મહાન તીર્થસ્થાન તરીકે લેખાવો જોઈએ, પૂજાવો જોઈએ એમાં કોઈ શક નથી—આવા પવિત્ર સ્થળની કાંઈક ઝાંખી કરાવવાના લોભમાં ધાર્યા કરતાં વધારે રોકાણ થઈ ગયું. એટલે પઠાણકોટથી આગળના પ્રવાસનું વર્ણન હવે આવતા અંક ઉપર મુલતવી રાખવા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી.

પરમાનંદ

બૌદ્ધધર્મી પૌર્વાત્ય દેશોમાં દાન તથા ધ્યાનનો મહિમા

ડૉ. પદ્મનાભ જૈનીનું સંઘે કરેલું વિદાય-બહુમાન

યુનિવર્સિટી ઑફ લંડનની "સ્કૂલ ઑફ ઑરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ" માં પાલી ભાષાના અને તદન્વયે બૌદ્ધ ધર્મના અધ્યાપક તરીકે છેલ્લાં સાડા પાંચ વર્ષથી કામ કરતા ડા. પદ્મનાભ જૈનીને તેમની યુનિવર્સિટીએ એક વર્ષની સ્ટડી લીવ આપીને પૌર્વાત્ય દેશોમાં ઉપલબ્ધ હોય એવા બૌદ્ધ ધર્મના પ્રાચીન સાહિત્યનું અને અવશેષોનું સંશોધન કરવા માટે આજથી બાર મહિના પહેલાં ભારત ખાતે મોકલેલા. એ માટે તેઓ ગયા ઓકટોબર માસની ૧૬ મી તારીખે મુંબઈ આવ્યા અને બીજા દિવસે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં તેમનું સ્વાગત—સન્માન કરવામાં આવેલું, જે પ્રસંગની માહિતી તા. ૧—૧૧—૬૦ ના પ્રબુદ્ધ જીવનમાં આપવામાં આવી હતી. ત્યાર બાદ તેઓ બર્મા, થાઈલેન્ડ, (સિયામ), કંબોડિયા, મલાયા, ઈન્ડોનેશિયા, સીલોન અને નેપાલ-એટલા દેશોમાં પ્રવાસ કરીને ચાલુ ઓકટોબર માસની ચોથી તારીખે લંડન તરફ સીધાવાના હેતુથી ગઈ પહેલી તારીખે મુંબઈ આવ્યા. એ પ્રસંગનો લાભ લઈને તા. ૩—૧૦—૬૧ મંગળવારના રોજ તેમને વિદાય આપવા માટે સંઘના કાર્યાલયમાં એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું. સંઘના સભ્યો આ પ્રસંગ ઉપર સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. પ્રારંભમાં સંઘના મંત્રી તરીકે મેં સંઘના આ કાર્યાલયમાં જ બાર મહિના પહેલાં પધારેલા આજના અતિથિવિશેષની યાદ તાજી કરાવી, તેમને સંઘ તરફથી હાર્દિક આવકાર આપ્યો અને તેઓ પછીના દિવસે અહીંથી વિદાય થતા હોઈને તેમને શુભ વિદાય ઈચ્છી અને સાથે સાથે છેલ્લા બાર મહિના દરમિયાન તેમણે કરેલા પ્રવાસનાં સ્મરણો—જે કાંઈ પરિમિત સમયમાં શકય હોય તે—સભ્યો સમક્ષ રજુ કરવા પદ્મનાભજીને મેં વિનંતિ કરી.

આ વિનંતિને માન આપીને તેમણે જે જુદા જુદા દેશોમાં પ્રવાસ કર્યો હતો તે તે દેશોમાં તેમણે જે કાંઈ જોયું, જાણ્યું અને અનુભવ્યું તેની અનેક બોધપ્રદ વિગતો સંક્ષિપ્તમાં ક્રમસર લગભગ એક કલાક સુધીના ગાળામાં સંભળાવીને શ્રોતાઓને આનંદ તેમજ વિસ્મયથી પ્રભાવિત કર્યા. આ બધી વિગતો અહીં આપવાનું શકય નથી. આ બૌદ્ધધર્મી દેશો અંગે તેમના મન ઉપર પડેલી મુખ્ય છાપને ટૂંકાણમાં રજુ કરી શકાય કે બૌદ્ધ ધર્મનો આપણા ભારતમાં જન્મ થયો છે. એમ છતાં આપણે ત્યાં તે લગભગ ભૂંસાઈ ગયો છે, પણ અહીંથી જે જે દેશોમાં તે ફેલાયો છે તે તે દેશો ઉપર પશ્ચિમના દેશોની સભ્યતા અને સત્તાનાં આકમણો વર્ષોથી ચાલી રહેલાં હોવા છતાં, તે દેશોમાં બૌધ ધર્મનું એક જીવતા જાગતા ધર્મ તરીકે આપણને અતિ સુભગ દર્શન થાય છે અને તે દેશના લોકોના જીવનના સર્વ અંગો ઉપર બૌદ્ધ ધર્મની અત્યન્ત ઘેરી અસર નજરે પડે છે. એ દેશોમાં સંખ્યાબંધ બૌદ્ધભિક્ષુઓ વસે છે અને અત્ર તત્ર વિચરે છે અને તેમને ભિક્ષા આપવી અને તેમની જરૂરિયાતો પુરી પાડવી એ દરેક બૌદ્ધધર્મી પોતાની ખાસ ફરજ—ધર્મ—સમજે છે. આજના પશ્ચિમી વાતાવરણ નીચે સાધુ સંસ્થાને જે અવગણના તિરસ્કારની દ્રષ્ટિ વડે અહીં જોવામાં આવે છે અને તેઓ સમાજને ભારરૂપ છે—એવા ઉદ્‌ગારો આપણે ત્યાં જ્યાં ત્યાં સાંભળવામાં આવે છે તેના બદલે ત્યાંના લોકોમાં સાધુસંસ્થા પ્રત્યે ખૂબ આદર અને ભકિતભાવ દ્રષ્ટિગોચર થાય છે. આ બૌદ્ધ દિક્ષા મોટા ભાગે જીવનપર્યન્ત નહિ પણ નિયત કાલીન હોય છે અને દરેક બૌદ્ધધર્મીએ પંદર દિવસ કે મહિનાની દીક્ષા પોતાના જીવનના પ્રારંભ કાળમાં ફરજિયાત લેવાની હોય જ છે. આ તેમની સદીઓજૂની પરંપરા છે. આ બૌદ્ધ ભિક્ષુઓ પણ પ્રજાના બાલશિક્ષણનું કાર્ય સામ્યવાદી બનેલા દેશોને બાદ કરતાં ઘણા મોટા ભાગે સંભાળે છે.

આ રીતે આ દેશોમાં બૌદ્ધ સાધુઓને દાન આપવાની એક અતિવ્યાપક પરંપરા પ્રવર્તે છે અને એટલું જ ધ્યાન ખેંચે તેવી ત્યાં ધ્યાનની પરંપરા પ્રવર્તે છે. જૈન ધર્મે તપને મહત્વ આપ્યું છે. જ્યારે બૌદ્ધ ધર્મે ધ્યાનને મહત્વ આપ્યું છે. આ ધ્યાનની પ્રક્રિયા પૌર્વાત્ય બૌદ્ધધર્મી દેશોના ખૂણે ખૂણે ચાલી રહેલી જોવા મળે છે. બર્મામાં સ્થળે સ્થળે ચાલતી આવી એક દશ દિવસની સામુદાયિક ધ્યાનપ્રક્રિયા કે જેમાં તેમણે ભાગ લીધો હતો તેનું તેમણે વિગતથી વર્ણન કર્યું હતું. આ માટે ઘર છોડીને ઉપાશ્રાય જેવા કોઈ એકાન્ત સ્થાને જઈને રહેવાનું હોય છે. દિવસમાં માત્ર એક વાર ખાવાનું; સવારના ચા મળે; સાંજે મોસંબીનો રસ મળે. ભોજન તદ્દન નિરામિષાહારી; ઓછામાં ઓછી વસ્તુઓ ઉપર નિર્વાહ કરવાનો; દિવસનો મોટો ભાગ ધ્યાનમાં વ્યતીત કરવાનો—આવી તે દસ દિવસની દિનચર્યા હોય છે.

અને આ ધ્યાનની ઉપાસના એટલે કોઈ ઈષ્ટ દેવતાનું ધ્યાન ધરવું, જાપ કરવો, માળા ગણવી એમ નહિ. ધ્યાનની આ ઉપાસના એટલે મનને વિચારના તરંગોથી મુકત કરવું. આ ધ્યાનયોગના પ્રરૂપકોનું એમ કહેવું છે અને માનવું છે કે બીનજરૂરી વિચારોથી મુકત બનવામાં—વિચારમુકત એવી આન્તરિક દશા પ્રાપ્ત કરવામાં—જ ખરૂં સુખ અને સાચા જ્ઞાનનો ઉદય રહેલો છે. વિચારની ચાલુ પ્રક્રિયા એ જ અસુખનું અને અજ્ઞાનનું કારણ છે. વિચારની પ્રક્રિયા માત્રથી ઉપર ઉઠવું—વિચારાતીત ચિત્તદશા પ્રાપ્ત કરવી—એ આ ધ્યાનયોગનું ધ્યેય છે. 'ઝેન બુદ્ધિઝમ' એ નામની બૌદ્ધ ધર્મની એક શાખા છે. આમાં 'ઝેન' શબ્દનો અર્થ ધ્યાન થાય છે. આ શાખા ઉપર વર્ણવ્યો તેવા ધ્યાનયોગને જ સૌથી વધારે મહત્ત્વ આપે છે. આ ઝેન બુદ્ધિઝમ તરફ આજના બૌદ્ધધર્મીઓ વધારે ને વધારે ઢળતા જાય છે.

શ્રી. પદ્મનાભજીના કહેવા મુજબ આ ધ્યાનની પરંપરાનો આપણે ત્યાં લોપ થયો છે. તેને પુનઃ સ્થાપિત કરવી જોઈએ અને જરૂરી ચિત્તશાન્તિ, સ્વસ્થતા અને પ્રસન્નતા મેળવવા માટે લોકોને આવા ધ્યાન તરફ વાળવા જોઈએ. જૈન ધર્મની વિચારસરણીમાં ધ્યાનના તત્ત્વને મહત્ત્વનું સ્થાન છે. તેના તીર્થંકરની મૂર્તિઓ ધ્યાનદશામાં જ અવસ્થિત હોય છે. એમ છતાં આજના જૈનોના જીવનમાં અને જૈન સાધુઓની દિનચર્યામાં ધ્યાનને કશું પણ સ્થાન મળેલું નજરે પડતું નથી. આ બાબતનો જૈન સમાજે ગંભીરપણે વિચાર કરવો જોઈએ અને મુંબઈ જૈન યુવક સંઘ જેવી સંસ્થાએ આ દિશામાં કાંઈક પહેલ કરવી જોઈએ.

સંમેલનમાં ઉપસ્થિત થયેલા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આવું પ્રેરક ઉદ્‌બોધક વ્યાખ્યાન આપવા માટે શ્રી પદ્મનાભ જૈનીનો સંઘ તરફથી આભાર માનતાં જણાવ્યું કે "શ્રી પદ્મનાભ જૈનીએ આપણને બૌદ્ધધર્મી પૌર્વાત્ય દેશોનો જે ખ્યાલ આપ્યો તે ઉપરથી જણાય છે કે એ દેશોએ પોતાને વારસામાં મળેલાં જીવનમૂલ્યો બરોબર જાળવી રાખ્યાં છે, જ્યારે આપણે વારસામાં મળેલાં જીવન મૂલ્યો લગભગ ગુમાવી બેઠા છીએ." તેમણે આગળ ચાલતાં જણાવ્યું કે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની વિચારસરણીમાં approach toward life માં—જીવન પ્રત્યેના અભિગમમાં ઘણું સામ્ય છે અને એમ છતાં બૌદ્ધ ધર્મ આ દુનિયાને આટલી બધી અપીલ કરે છે અને જૈન ધર્મની આવી વ્યાપક અપીલ કેમ નથી?—આ પ્રશ્ન મારા મન સામે અવારનવાર આવ્યા કરે છે પણ તેનો હજુ મને કોઈ સંતોષકારક ખુલાસો મળતો નથી. ભાઈ પદ્મનાભને આજે તો સમય નથી, પણ હવે પછી જ્યારે ફરીથી આવે ત્યારે મારા આ પ્રશ્નનો ઉકેલ શોધી આપે એવી મારી તેમને વિનંતિ છે." આમ જણાવીને શ્રી પદ્મનાભના લંડન જવાના ટાણે શ્રી ચીમનભાઈએ ત્યાંના અતિ મહત્વભર્યા કાર્ય વડે તેઓ ભારતના ગૌરવમાં વધારો કરે અને તેમને જન્મપ્રાપ્ત જૈન ધર્મની શોભામાં વૃદ્ધિ કરે એવી અન્તરની ઈચ્છા અને શુભભાવના પ્રગટ કરી.

અલ્પાહારપૂર્વક સંમેલનનું વિસર્જન કરવામાં આવ્યું.

સંપાદક: પરમાનંદ

રાષ્ટ્રીય એકતા સંબંધી આવકારદાયક અને આશાસ્પદ વિચારણા

દેશના આર્થિક વિકાસ માટે આપણે જંગી પ્રયાસો હાથ ધર્યા છે; બે પંચવર્ષીય યોજનાઓ પૂરી કરીને હવે ત્રીજી યોજના તરફ પગલાં માંડવાની તૈયારી થઈ રહી છે; એ માટે, આપણા જેવા ગરીબ દેશ માટે તો આપણી કલ્પનામાં પણ ન આવે એવી, અબજો રૂપિયાની જોગવાઈઓ, દેશ અને વિદેશમાંથી કરવામાં આવી રહી છે; મોટા મોટા બંધો, માઈલો લાંબી નહેરો; વીજળી—ઉત્પાદક જંગી મથકો; નાના—મોટા પાકા રસ્તાઓ; નવાં નવાં કારખાનાંઓ; નાના મોટા અનેક ઔદ્યોગિક સાહસો; જમીનમાંથી ખનીજતેલ (પેટ્રોલિયમ) શોધી કાઢવાની યોજનાઓ; રેલ્વેનો વિકાસ; વાહનવ્યવહારનો વિકાસ; સંદેશાવ્યવહારનો વિકાસ—એમ કંઈ કેટલી પ્રવૃત્તિઓ પ્રજા અને પ્રજાસત્તાક સરકારી તંત્રના સહકારથી આગળ વધી રહી છે. શિક્ષણના પ્રચારની દૃષ્ટિએ પણ ન કલ્પી શકાય એટલી ઝડપ આપણે દાખવી છે અને એ ઉપરાંત ખેતીસુધારણા વગેરે માટે પણ ભરચક પ્રયત્નો ચાલી રહ્યા છે. આમ જે તે દિશામાં આપણને અર્થ—વિકાસની પ્રવૃત્તિમાં જુવાળ આવેલો દેખાયા વગર નહીં રહે.

વળી, ચાલીસ કરોડની જનતા, કેવળ પક્કવવયના મતાધિકારના ધોરણે જ, બે બે સામાન્ય ચૂંટણીઓની કસોટીમાંથી, કોઈપણ જાતના વિખવાદ કે વાદો વગર પસાર થઈ શકે, અને ત્રીજી સામાન્ય ચૂંટણીઓની જંગી તૈયારીઓ થવા લાગે એ પણ, લોકશાહીની સફળતાના પક્ષે કંઈ જેવી તેવી સિદ્ધિ ન લેખાય.

આમ છતાં, દેશના બધાય હિતચિંતકો અને દૂરદર્શી રાજનીતિવિશારદો એમ તો સમજે જ છે કે ઊજળું એટલું બધું દૂધ કે પીળું એટલું બધું સોનું માની લેવાની જરૂર નથી. ઉપર જણાવી એવી અનેકવિધ આર્થિક કે ભૌતિક સિદ્ધિઓ આપણે હાંસલ કરી હોવા છતાં, એ સમગ્ર સિદ્ધિઓના પ્રાણરૂપ, લોકશાહીના પ્રાણરૂપ અને સર્વોદયલક્ષી પ્રવૃત્તિમાત્રના પ્રાણરૂપ રાષ્ટ્રીય એકતાની ભાવનાને જનતાના હૃદયમાં સર્વોચ્ચ સ્થાને પ્રતિષ્ઠિત કરવાને માટે હજી ઘણું ઘણું કરવાનું બાકી છે; કદાચ એમ પણ કહી શકાય કે એ દિશામાં હજી આપણે આપણો પ્રયાસ જ આદર્યો નથી અને કદાચ એથીય આગળ વધીને કહેવું હોય તો એમ કહી શકાય કે સ્વાતંત્ર્ય સંગ્રામના સમયમાં પ્રજામાં રાષ્ટ્રીયતાની જે ભાવનાનો પ્રાદુર્ભાવ થયો હતો, તે પણ સ્વરાજ્ય પ્રાપ્તિ પછી જાગેલી અંદર અંદરની સ્વાર્થપ્રેરિત તાણખેંચમાં અદૃશ્ય થવા લાગી છે અને જ્યાં સુધી દેશના પ્રત્યેક વતનીના હૃદયમાં રાષ્ટ્રદેવની પ્રતિષ્ઠા ન થાય, અને સૌથી ઊંચું કે પહેલું સ્થાન રાષ્ટ્રીયતાને—રાષ્ટ્રીય એકતાને—આપવામાં ન આવે, ત્યાં સુધી આવી બધી ભૌતિક કે આર્થિક સિદ્ધિઓ કેવળ છાર ઉપર લીંપણ કરવા જેવી જ નહીં પણ ઊલટું અંદર અંદર વધુ ને વધુ કલહને જન્માવનારી નીવડવાની. સાચી સમજણ, એકતાની મનોવૃત્તિ અને સમર્પણની ભાવના કેળવ્યા વગર સંપત્તિનો વધારો થાય એ સરવાળે લાભના બદલે હાનિ નોતરનારો થઈ પડે એ સમજી શકાય એવી વાત છે.

અને તેથી, સત્તા અને સંપત્તિને હસ્તગત કરવાની સાઠમારીઓ આપણે ત્યાં ઉત્તરોત્તર વધવા લાગી છે. એમાં જાણે એક પ્રકારની હરીફાઈ જામી ગઈ છે અને એ માટે નવા નવા તરીકાઓ શોધાવા લાગ્યા છે. ધર્મ કે પંથ ભયમાં હોવાનો હાઉ, જ્ઞાતિવાદ, વર્ણવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ અને એવા તો કંઈ કંઈ વાદો જોર પકડવા લાગ્યા છે, અને જેમ જેમ એ સ્વાર્થપ્રેરિત વાદો જોર પકડતા જાય છે તેમ તેમ પ્રજામાંથી રાષ્ટ્રીયતાની ભાવના ઓસરતી જાય છે, અને રાષ્ટ્રીય એકતાના પાયા ડગમગવા લાગે છે. પછી તો કોઈ પણ રાષ્ટ્રકાર્ય કે રાષ્ટ્રીય પ્રવૃત્તિને પ્રસંગે દરેકનું મન એક જ સવાલ પૂછવા ટેવાઈ જાય છે કે—આમાં મારું શું? મને આથી શો લાભ? મારી જ્ઞાતિને, મારી કોમને, મારા ધર્મ—પંથને, મારી ભાષા કે મારા ગામ જિલ્લા યા પ્રદેશને આથી શો લાભ? એ બધા લાભો સંતોષાય તે પછી રાષ્ટ્રની એકતાનો કે એની મજબૂતીનો સવાલ આવે!

અને આટલું અનિષ્ટ ઓછું હોય એમ સરકારીતંત્ર આખું લાગવગશાહી અને લાંચરૂશ્વતની બદીથી ખદબદી ઊઠ્યું છે. ત્યાં તંત્રવ્યવસ્થા પ્રમાણે સહજ રીતે કોઈ કામ પાર પડે તો આજે એ અપવાદ લેખાવા લાગ્યો છે અને આ સિક્કાની જ જાણે બીજી બાજુ હોય એમ પ્રજામાં—ખાસ કરીને જેમના હાથમાં અર્થતંત્રનાં સૂત્રો છે તે શ્રીમંતો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓમાં—કાળા બજારનો રંગ ખૂબ ઘેરો થઈ ગયો છે. સરકારી તંત્રમાંથી લાગવગ કે લાંચરૂશ્વતનો રોગ દૂર થાય તો પ્રજાના આ વર્ગમાંથી કાળા બજાર નાબૂદ થાય એવી—લગભગ અશક્ય અસાધ્ય કહી શકાય એવી—વિષમ અને ચિંતાજનક સ્થિતિ રચાઈ ગઈ છે.

આવી બધી તાણખેંચમાં બિચારી રાષ્ટ્રીય એકતા તો જન્મી જ કેવી રીતે શકે? અને કદાચ જન્મે તો ટકી કે વિકસી જ કેવી રીતે શકે? કાં તો સ્વાર્થસાધના થઈ શકે, કે સ્વાર્પણની સાધના થઈ શકે; સ્વાર્થ અને સ્વાર્પણની ભાવના એક સાથે કદી ચાલી શકે જ નહીં. અને રાષ્ટ્રીય એકતા તો સદા—સર્વદા સ્વાર્પણને જ માગી લે છે. પ્રજાની સ્વાર્પણની તાકાતમાંથી જ એ જન્મે છે, અને એમાંથી જ બળ મેળવીને એ વિકસિત થાય છે અને આવી સ્વાર્પણવૃત્તિ તો દિવસે દિવસે ઓસરતી જાય છે.

અને તેથી જ રાષ્ટ્રની એકતા, એકરૂપતા અને સંગઠનશક્તિ કેવી રીતે ટકી રહે અને સ્વતંત્ર અને પ્રજાસત્તાક ભારતની પ્રજા સાચા અર્થમાં પ્રજા બનીને પોતાના અંતરમાં રાષ્ટ્રદેવને સર્વોચ્ચ આસને કેવી રીતે પ્રતિષ્ઠિત કરે, એ સવાલ સર્વ દીર્ઘદૃષ્ટિસંપન્ન રાષ્ટ્રહિતચિંતકોને માટે ભારે ચિંતાનો વિષય બન્યો છે.

સ્વરાજ્ય પ્રાપ્ત થયાને ચૌદ વર્ષ જેટલો સારો એવો વખત પસાર થયો; અને એ સમય જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ રાષ્ટ્રીય એકતાનો અભાવ પણ આગળ વધતો ગયો, અને તેથી પ્રજાના—અને ખાસ કરીને રાષ્ટ્રીય કાર્યકરોના—એક વર્ગમાં તો નિરાશાનો અને હતાશાનો ધ્વનિ વહેતો થયો હતો, અને ઘણાને તો એવી દહેશત પણ લાગવા લાગી કે શું આપણે આપણા દુઃખદ ઇતિહાસનું પુનરાવર્તન નજીકના જ ભવિષ્યમાં જોવાનો વખત તો નહીં આવે ને? આમ એક પ્રકારનો અંધકાર પ્રસરતો જતો હતો.

આ નિરાશા કે આ અંધકારથી ઘેરાતા વાતાવરણ વચ્ચે તાજેતરમા જ (તા. ૨૮ સપ્ટેમ્બરથી ઓક્ટોબર સુધીના ૪ દિવસો સુધી) નવી દિલ્હીમાં, વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના અધ્યક્ષપદે મળેલી રાષ્ટ્રીય એકતા પરિષદ (નેશનલ ઈન્ટીગ્રેશન કૉન્ફરન્સ) એ બળબળતા રણમાં મીઠી વીરડી સમાન કે અંધારપટમાં તેજરેખા સમાન આશાપ્રેરક અને માર્ગદર્શક બની રહેશે એમ મને લાગે છે.

આ પરિષદે દેશની એકતા સ્થાપવા અને જાળવવા અંગે જે કંઈ ઉપાયો સૂચવ્યા કે જે કંઈ કામગીરી બજાવી એનો વિચાર બાજુએ રાખીએ તો પણ, દેશના જુદા જુદા રાજદ્વારી પક્ષોના આગેવાનો પોતપોતાના પક્ષીય લાભાલાભના વિચારોને અળગા રાખીને કેવળ રાષ્ટ્રહિત ચિંતાની દૃષ્ટિએ ભેગા મળે, અને સાથે સાથે વિચારશીલ, દીર્ઘદૃષ્ટિસંપન્ન અને શક્તિશાળી એવા તટસ્થ બીજા કાર્યકરોનો સાથ મેળવે—અને એ રીતે દેશના રાજ્યકર્તા પક્ષ સહિત સૌ એકત્ર મળીને મુક્તમને, વિવેક અને સંયમને સાચ-

વીને, આવી તંદુરસ્ત વિચારણા કરે— એ ઘટના પોતે જ સૌ કોઈની પ્રશંસા અને અભિનંદન માગી લે એવી છે.

રાજ્યદ્વારી દૃષ્ટિબિંદુથી જોઈએ તો જેઓ એવા જુદા જુદા છેડે બેઠા હોય કે એકબીજા વચ્ચે મેળ થવો સાવ મુશ્કેલ હોય એવા પક્ષો—સામ્યવાદી, સ્વતંત્ર, સમાજવાદી, પ્રજાસમાજવાદી જનસંઘ, કોંગ્રેસ—ના આગેવાનો ભેગા મળીને ચાર દિવસ સુધી એકધારી રાષ્ટ્રહિતની વિચારણા કરે એ બનાવ ઈતિહાસના પાને અમર બની રહે એવો છે. એમ કહી શકાય કે આવી પરિષદ નેહરુની ઉદારતા, મહાનુભાવતા, દીર્ઘદૃષ્ટિ, નિર્ભેળ રાષ્ટ્રભક્તિ, એમના અંતરમાં વહેતી માનવતા પ્રત્યેની અપાર પ્રીતિ અને સત્તા અને સંપત્તિના સ્પર્શથી પર થઈને કોઈ પણ પ્રશ્નનો વિચાર કરવાની અનાસક્ત વિચારસરણીને લીધે જ શક્ય બની છે. ગાંધીજીની અહિંસાને જાણે એમણે આ રીતે પ્રત્યક્ષ કરી બતાવી છે. આ પરિષદ એ નેહરુના જીવનની એક સિદ્ધિરૂપ બની રહેશે એમાં શંકા નથી. અલબત્ત, આમાં રાષ્ટ્રહિતનો વિચાર કરીને તે તે પક્ષોએ જે ઉદારતાભર્યો સહકાર આપ્યો છે એ પણ એટલો જ અભિનંદન અને પ્રશંસાને પાત્ર છે.

પણ આ પરિષદ એ કંઈ થોડા દિવસના પ્રયાસનું ફળ છે એમ કંઈ કોઈ માની લે. આમ તો રાષ્ટ્રીયતાની ભાવના કે ભાવાત્મક રાષ્ટ્રીય એકતાની વાતનાં મૂળ છેક સ્વરાજ્ય પ્રાપ્તિ જેટલાં કે એનાથીય વધુ જુનાં છે. છતાં એનાં ખરાં બીજ દુર્ગાપુરમાં મળેલ કોંગ્રેસે પસાર કરેલા ઠરાવમાં સમાયેલાં છે.

એ પછી કોંગ્રેસે શ્રીમતી ઈંદિરા ગાંધીના અધ્યક્ષપદે નીમેલી રાષ્ટ્રીય એકતા સમિતિએ પોતાની કામગીરી બજાવીને કેટલીક પૂર્વભૂમિકા તૈયાર કરી; અને ત્યાર બાદ પ્રાદેશિક સરકારોના મુખ્ય મુખ્ય પ્રધાનોએ ગત મે—જૂનમાં અને ઓગસ્ટ માસમાં એમ બે વાર મળીને એ ભૂમિકાને વધારે આગળ વધારી. અને છેવટે એ ભૂમિકાને આધારે આખા દેશના રાજદ્વારી પક્ષો અને વિશિષ્ટ વ્યક્તિઓની બનેલી આ એકતા પરિષદ મળી.

આ પરિષદે ચાર દિવસ મળીને જે થોડાક નિર્ણયો કર્યા તેમાં કેળવણીને—પાઠયપુસ્તકોને—લગતા તેમજ રાજદ્વારી પક્ષોના વર્તનને લગતા નિયમોનો સમાવેશ થાય છે. આ પરિષદમાં સૌએ એટલું તો કહ્યું કે દેશની એકતા સાધવી અનિવાર્ય છે અને એ માટે સૌએ પ્રયત્ન કરવો આવશ્યક છે.

આ પરિષદનું ઉદ્‌ઘાટન કરતા ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને એકતાનો નક્કર પાયો દર્શાવતાં સાચું જ કહ્યું હતું કે, "માનવજાત એક જ છે, અને બધા માનવીઓ ભાઈ ભાઈ છે. રાષ્ટ્રીય એકતા કંઈ ઈંટ અને ચૂનાથી બાંધી શકાતી નથી, પણ એણે તો માનવીઓના મગજ અને હૃદયમાં, ચૂપચાપ, પોતાનો વિકાસ સાધવો પડે છે."

આ પરિષદને અંતે એ પરિષદના કાયમી સ્વરૂપ રૂપે ૩૭ સભ્યોના એક રાષ્ટ્રીય એકતા સલાહકાર મંડળ (નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સીલ) ની રચના કરવામાં આવી છે. અને એ રીતે રાષ્ટ્રીય એકતાને આગળ વધારનાર અને એની સામેના બળોને પડકારનાર એક વિશિષ્ટ મંડળ અસ્તિત્વમાં આવ્યું છે તે બહુ જ સારૂ થયું છે. આ રીતે આ વર્ષના ગાંધી જયંતીના દિવસની ઉજવણી પહેલાં જ એક આનંદજનક અને ગૌરવ લેવા જેવું કાર્ય થયું, એમ જરૂર કહી શકાય.

આમ ખરે વખતે દેશની એકતા અને અખંડતાને જાળવવા માટે જે પુરુષાર્થ કરવામાં આવ્યો છે, તેનું હૃદયપૂર્વક સ્વાગત કરવું ઘટે છે અને આ માટે પ્રયત્ન કરનાર અને એમાં સહકાર આપનાર સહુને ધન્યવાદ અને અભિનંદન આપવા ઘટે છે.

આ જે આશાસ્પદ પગલું ભરવામાં આવ્યું છે, એની સફળતા માટે પ્રજાએ પણ પૂરેપૂરો સહકાર આપવો જરૂરી છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

આપણે ઈચ્છીએ, આશા રાખીએ અને પ્રાર્થીએ કે સમગ્ર પ્રજા અને પ્રજાસત્તાક રાજ્યશાસન તેમજ સમસ્ત રાજદ્વારી પક્ષોના સહકાર અને સંયુક્ત પ્રયાસથી દેશની એકતા ભયમુક્ત અને નક્કર બને; અને આપણે સ્વીકારેલ સર્વોદયની સ્થાપનાનો માર્ગ સાચા સર્વોદયની દેશમાં સ્થાપના કરીને જનતાના છેલ્લામાં છેલ્લા માનવીનો પણ અભ્યુદય સાધી બતાવે.

રતિલાલ દીપચંદ દેસાઈ

સંઘ તરફથી યોજવામાં આવેલ વિલ્સન-ડેમ પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેના કુટુંબીજનો માટે આગામી ૨૧ તથા ૨૨ મી તારીખ એમ બે દિવસનું મુંબઈથી લગભગ ૧૨૫ માઈલ દૂર આવેલ વિલ્સન-ડેમ જવા—આવવાનું પર્યટન ગોઠવવામાં આવેલ છે. આમાં જોડાનાર સભ્યે વ્યકિત દીઠ રૂ. ૨૦ તથા બાર વર્ષની નીચેનાં બાળકો માટે રૂ. ૧૨ આપવાના છે. પોતાની મોટરમાં આવવા માંગતા ભાઈ—બહેનોએ વ્યકિત દીઠ રૂા. ૧૦ આપવાના છે. આ પર્યટન માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બે બસો રોકવામાં આવી છે અને આ માટે જરૂરી નામો પૂરા નોંધાઈ ગયાં છે અને એ ઉપરાંત વધારે સભ્યોની માંગણી છે. ત્રીજી આખી બસ ભરાય એટલાં નામ નોંધાય અને ત્રીજી બસ મળે તો વધારાના સભ્યોને આ પર્યટનમાં સામેલ કરી શકાય.

પર્યટન માટે રોકાયલી બસો પાયધુની પોલીસ સ્ટેશન નજીકમાં તા. ૨૧ મી શનિવારે બપોરે સાડાબાર લગભગ આવીને ઊભી રહેશે અને તે બરોબર એક વાગે ઉપડશે, રાત્રીના સાત આઠ લગભગ વિલ્સન ડેમ પહોંચશે. બીજે દિવસે ત્યાંથી પર્યટન મંડળી પાછી ફરશે અને રાત્રીના આઠનવ લગભગ મુંબઈ પહોંચશે. જતાં આવતાં રસ્તામાં રૉયલ ઓપેરા હાઉસ પાસે કચ્છ કેસલની બાજુમાં, દાદર ખોરદાદ સર્કલના માટુંગા તરફ જતા નાકે તથા કીંગ સરકલ આગળ ઊભી રહેશે.

પ્રવાસમાં જોડાનાર ભાઈબહેનો માટે ખાવા પીવાની બધી વ્યવસ્થા કરવામાં આવશે. પોતાની સાથે જરૂરી બેડીંગ, ટોર્ચ તથા પાણી પીવા માટે ગ્લાસ તથા લોટો તેમણે લઈ લેવાના છે. બસમાં તેમનાં માટે નક્કી કરેલી જગ્યાએ બેસવાનું છે. જે સભ્યો જ્યાંથી જોડાવાના હોય તેમણે તે મુજબ સંઘના કાર્યાલયને ખબર આપવાની છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ.

ઇચ્છા

ખાબોચિયા શી દઈ જીંદગાની,
ઈચ્છા દીધી સાગર ખેલવાની!

ગીતા પરીખ

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભારતની પ્રજાને એકતા માટે નહેરુનુ હૃદયસ્પર્શી આહ્વાહન	જવાહરલાલ નહેરૂ	૧૧૫
કરુણાવિચાર વિરૂદ્ધ ઉપયુકતાતવાદ	પરમાનંદ	૧૧૬
અમારો કાશ્મીરનો પ્રવાસ	પરમાનંદ	૧૨૦
બૌદ્ધધર્મી પૌર્વાત્ય દેશોમાં દાન તથા ધ્યાનનો મહિમા ...	પદ્મનાભ જૈની	૧૨૩
રાષ્ટ્રીય એકતા સંબંધી આવકારદાયક અને આશાસ્પદ વિચારણા	રતિલાલ દીપચંદ દેસાઈ	૧૨૪
સનાતન ધર્મ અને યુગધર્મ	મનુભાઈ પંચોળી	૧૨૬

સનાતન અને યુગધર્મ

જીવે જેમ જૂના અને જીર્ણ શરીરનો ત્યાગ કરી નવો દેહ ધારણ કરવો પડે છે તેમજ ધર્મનું છે. જૂના દેહને વળગી રહે તેવો જીવ કામ ન કરી શકે. દેહ તેનું કર્મક્ષેત્ર નહીં પણ કારાગાર બને. તેમજ ધર્મનું કે હરેક પ્રાણવાન વિચારનું છે. ધર્મ સનાતન છે તેમ કહેતી વખતે આપણે ધર્મવિચાર સનાતન છે તેવું જ સૂચવીએ છીએ; ધર્મનો દેહ સનાતન છે તેવું નહિ. જીવને જેમ પોતાના પ્રગટીકરણ માટે શરીર જોઈએ છે તેમજ ધર્મવિચારને પોતાના ક્રિયાકાંડો, ઉત્સવો, જપ, તપ, કાર્યક્રમો, દેવદેવીઓ, ઉપાસના—પદ્ધતિઓ જોઈએ છે. પણ આ બધું કાળે કાળે બદલવું પડે છે. ધર્મ-વિચાર કહે છે કે દાન કરો, આત્માની ઉન્નતિ, સર્વાત્મ ઐક્યભાવ માટે દાન કરો. પણ દાનનો પ્રકાર દેશ, પાત્ર, કાળ જોઈને બદલવો પડે છે.

આ બદલાયેલી ક્રિયાને જ યુગધર્મ કહે છે. અને જે સનાતન ધર્મ યુગધર્મમાં અવતરવાની ના પાડે છે તે કોહવાઈ જાય છે, નિરર્થક દેહમાં રહેવાથી તેની દૃષ્ટિ (નિરર્થક) થઈ જાય છે. વસ્તુતઃ સનાતન ધર્મની કસોટી જ તે યુગધર્મરૂપે પલટાયો છે કે નહીં તેના પર છે. ન પલટાય તે ધર્મ જ નથી.

જીવ માત્ર પ્રત્યે સમભાવ એ ધર્મ છે. પણ દુષ્કાળ પડે ત્યારે આ અનુકંપા અન્ન મેળવવામાં, યોગ્ય રીતે વહેંચવામાં વિશેષ પ્રગટ થવી જોઈએ. દુષ્કાળ વખતે પણ કાંક બલિ આપીને પોતાનો ધર્મ બજાવવાવાળા લોકો યુગધર્મને તો ઠીક પણ સામાન્ય ધર્મને પણ સમજ્યા ન ગણાય.

આથી જ ગાંધીજીએ સંન્યાસીને પણ કાંતણને યજ્ઞ ગણવા હિમતભેર સલાહ આપી ને આથી જ વિનોબાજીએ ભૂમિદાન—યજ્ઞ કે સંપત્તિદાન યજ્ઞને વિશેષ ભાવે પ્રચલિત કરવા અશ્વમેધના ઘોડાની જેમ પરિભ્રમણ શરૂ કર્યું.

શિક્ષણ વિચારે પણ આજ ધર્મયુગને પિછાનવાનો ને અમલમાં મૂકવાનો છે.

શુદ્ધ કેળવણી એ નિર્ગુણ નિરાકાર વસ્તુ છે. વિદ્યાર્થીને સર્જન કરવા દેવું જોઈએ, વિદ્યાર્થી ખડતલ બને તેમ કરવું જોઈએ, તે જિજ્ઞાસુ ને સ્વતંત્ર વિચારશક્તિ ધરાવતો થાય તેમ જોવું જોઈએ. તેનામાં સમભાવ, સહાનુભૂતિ પ્રગટ થવાં જોઈએ, સહકારવૃત્તિ ખીલવી જોઈએ. આ બધાં ઉત્તમ પાયાનાં છતાં નિરાકાર મંતવ્યો થયાં. આ મંતવ્યોને સાકાર કેમ કરવાં? તેને વીતી જતા જીર્ણ દેહમાં સાકાર કરવા પ્રયત્ન થઈ શકે, ને નવા, સ્ફૂર્તિવાન દેહમાં પણ અવતારી શકાય.

જૈન ગૃહસ્થ જ્યારે પોતાનું ધન પાંજરાપોળમાં વાપરે છે ત્યારે એ જીર્ણ દેહ મારફત પોતાનો પ્રેમભાવ વ્યકત કરવા મથે છે. નવો યુગધર્મ તે સમજે તો તે ધન વૈજ્ઞાનિક ઢબે ચાલતી ગૌશાળામાં ખરચશે, કારણ કે ગાયો જ્યાં સુધી ખૂબ દૂધ આપતી, ઉપજાઉ ન બને ત્યાં સુધી પાંજરાપોળો વધતી જ જશે, ને ગાયોનો વંશ દુઃખી દુઃખી જ થવાનો.

આ જ ઢબે સનાતન શિક્ષણવિચારે પોતાનો ધર્મયુગ શું છે તેનું ગાઢ ચિંતન કરતા રહેવું જોઈએ.

આ કારણે જ એક દહાડો શુદ્ધ કેળવણીએ રાષ્ટ્રીય કેળવણીનું સ્વરૂપ લેવું પડ્યું. કારણ કે ખડતલ, સંવેદનશીલ, જિજ્ઞાસુ, પરોપકારી અને સ્વમાની વિદ્યાર્થી તૈયાર કરનાર શિક્ષણ રાજકીય દાસત્વનો વિરોધ કર્યા સિવાય ન જ રહી શકે. અને તેથી,

"રક્ષ દેવ તું મહારાજા
ધણું જીવજે પ્રૌઢ રાજા"

અથવા તો,— "જામ તે રામ છે.
રામ તે જામ છે
જામ મારા રામ છે"

એવું એ ન જ ભણાવી શકે.

શુદ્ધ વિચારની ભૂમિકાએ રાજ્યનિષ્ઠાનો ગુણ કોઈ કાળે કેળવવા જેવો જ નથી તેમ નહિ, પણ તે કાળની માગણી જુદી હતી. રાજ્યનિષ્ઠા તે ઝેર હતું. ને રાજ્યવિરોધ તે અમૃત હતું. આથી શુદ્ધ કેળવણીએ રાષ્ટ્રીય કેળવણીનું સ્વરૂપ લેવું પડ્યું. છતાં જેઓ એકદંડિયા મહેલમાં બેસી રહ્યા તેમને પણ છેવટે "જનગણ મન" ગાવાની વેળા આવી.

ગુંસાઈજી મહારાજ તુલસીદાસજીએ આ વાત અત્યંત લાક્ષણિક રીતે કહી છે. કહે છે કે તેઓ એક વાર વૃંદાવનમાં ગયા હતા. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણનું મનમોહક રૂપ જોયું. પણ તેનાથી ન હાથ જોડાયા કે ન માથું નમ્યું. પરમજ્ઞાની ગુંસાઈજી એ જાણતા જ હતા કે,

"કૃષ્ણ તે જ રામ છે
રામ તે જ કૃષ્ણ છે"

પણ તે છતાંયે તેમણે મર્મભરી ભાષામાં કહ્યું: "માથે મોરમુગુટ ધર્યો છે, હાથમાં બંસી રાખી છે, ખરો ઠાઠ કર્યો છે નાથ, પણ!

"મોરમુગટ નીચે ધરો
કિરીટમુગુટ ધરો શિષ
ધનુષ્ય બાણ કરમાં લીઓ
તબ તુલસી નમાયો શિષ."

કહે છે કે, પછી શ્રીકૃષ્ણે તુલસીદાસને રામના સ્વરૂપે દર્શન આપ્યાં.

કહાણીમાં બેવડો અર્થ છે.

ગુંસાઈજીને ઈશ્વરી તત્ત્વની ઝંખના છે. પણ પ્રજાને રંજાડી રહેલા, દેવળોને તોડી રહેલા મુસ્લિમ સંકટોથી ગભરાયેલ જનસમાજ માટે રામસ્વરૂપી ઈશ્વરની તેમની માંગ છે.

ગુંસાઈજીની આ બુલંદ માગે 'માનસ'નું સર્જન કર્યું ને એ 'માનસ'ના જોરે જ હિંદુ—સમાજ સ્વમાનભેર ઝગડી શકયો તે ઈતિહાસકથિત હકીકત છે.

વાતનું બીજું પણ સ્વરૂપ છે કે, શ્રીકૃષ્ણને રામસ્વરૂપે દર્શન દેવામાં કોઈ બાધ આવતો નથી.

એટલે કે સતાતન ધર્મને યુદ્ધધર્મરૂપે પ્રગટ થવામાં કોઈ સૈદ્ધાંતિક અડચણ હોતી નથી.

શિક્ષણને રાષ્ટ્રીય ભાવનાથી પરિપલ્લવિત કરવું તે એક દિવસ યુગધર્મ હતો. આજે તે વિશેષ ભાવનો તબક્કો પૂરો થયો છે. આજે યુગધર્મ માગે છે કે શિક્ષણ સામાજિક બને, રાજકીય સ્વાધીનતાનું ફૂલ સામાજિક ઐક્યના ફળરૂપે પ્રગટ થાય. આ ધ્યાનમાં ન રાખીએ તો રાજકીય સ્વાધીનતા સામાજિક અનૈક્યરૂપે પ્રગટી જશે. આસામ પંજાબના કોયડા તેનાં ઉદાહરણો છે.

વિદ્યાર્થી શિક્ષણના અનુભવ દ્વારા આ દિશા તરફ ચાલે તે જોવાનો નવા શિક્ષણનો યુગધર્મ છે. કોઈ ને કોઈ સમાજોપયોગી પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવાનો સિદ્ધાંત આ માટેની ચાવી છે તે સમજાશે?

મનુભાઈ પંચોળી

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૬૧, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

* રાષ્ટ્રીય એકતા *

રાષ્ટ્રીય એકતાના વિઘાતક બળો ભાષાવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ પ્રાંતવાદ, ધર્મવાદ વગેરે-જેમ જેમ જોર કરતાં ગયા છે તેમ, આગેવાનો મુંઝાયા છે અને પરિસ્થિતિ હવે ભયજનક સપાટીએ પહોંચી છે. આ બળો નવાં નથી, પણ દેશને સ્વતંત્રતા મળી પછી એકતાની દિશામાં પ્રગતિ થવાને બદલે ભિન્નતા અને જુદાઈ વધેલ છે.

સ્વતંત્રતા મળી ન હતી ત્યાં સુધી એક જ ધ્યેયને વરેલ દેશ અને પ્રજા એકતા અનુભવતી હતી અને તે ધ્યેયની સિદ્ધિ અર્થે સમર્પણની ભાવનામાં તલ્લીન રહેતી હતી, જે કાંઈ વિઘાતક બળો હતા તે સ્વાર્થી અને દેશદ્રોહી બળો હતાં—મુસ્લીમ લીગ કે કેટલાંક રાજવીઓ. મુસ્લીમ લીગે ધર્મના નામે છેવટ દેશના ભાગલા કરાવ્યા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા આપણે ભારે મોટી કિંમત આપવી પડી. દેશના ાગલા થતાં એક મહાન વિઘાતક શકિતમાંથી આપણે મુકત થયા છીએ એમ લાગ્યું. પણ બીજું એક મોટું વિઘાતક બળ આપણી વચ્ચે ઊભુ હતું—દેશી રાજ્યોનું. અંગ્રેજો હિંદુસ્તાન છોડી ગયા ત્યારે ઘણા લોકો એમ માનતા હતા કે હિન્દના હજી વિશેષ ટુકડા થશે. સાર્વભૌમ સત્તા ખેંચી લેવાઈ પછી દેશી રાજ્યો સ્વતંત્ર થયા અને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ પછીનાં બે વર્ષો દરમિયાન કાંઈક ખટપટ, રાજ રમત અને યોજનાઓ થઈ. સરદાર પટેલની દીર્ઘદષ્ટિ, કુનેહ અને દઢ નિશ્ચયબળ ન હોત તો દેશના વિશેષ ભાગલા થઈ જાત. પણ ૧૯૪૯ની આખર સુધીમાં આ ગંભીર કટોકટીનો અંત આવ્યો અને દેશના ભાગલા થયા છતાં પણ જે બાકી રહ્યું તે એક સબળ રાષ્ટ્ર થવાને લાયક બન્યું. હિન્દુસ્તાનના ઈતિહાસમાં કોઈ કાળે ન હતું તેવું એક અખંડ અને અવિભાજ્ય રાષ્ટ્ર—કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કલકત્તાથી કચ્છ સુધી—એક તંત્ર, એક બંધારણ નીચે સર્જાયું.

પણ રાષ્ટ્રીય એકતાને બાધક એવા બીજાં બળો પણ હતાં અને તેને પહોંચીવળવાના પ્રયત્નો ગતિમાન થયા હતા. બંધારણ સભા (Consitituent Assembly) માં છેક એપ્રિલ ૧૯૪૮ માં નીચે મુજબ પ્રસ્તાવ સર્વાનુમતે થયો હતો:—

"લોકશાહીને પૂરો અમલી આકાર આપવા માટે તેમ જ રાષ્ટ્રિય એકતા અને સંગઠ્ઠન સાધવા માટે ભારતમાંથી કોમવાદ નાબૂદ થાય એ જરૂરી છે એટલા માટે, આ બંધારણ-સભાનો એવો અભિપ્રાય છે કે પોતાના બંધારણના કારણે અથવા તો તેના કોઈ પણ અધિકારીને તેમજ તેની કોઈ શાખાપ્રશાખાને મળેલી વિશિષ્ટ સત્તાના કારણે ધર્મ, જાતિ અને જ્ઞાતિ અથવા તો એ ત્રણમાંના કોઈ એક કારણસર જે કોઈ કોમી સંસ્થા અમુક જ વ્યકિતઓને સભ્ય તરીકે સ્વીકારી શકતી હોય કે અમુક વ્યકિતઓને રદ કરી શકતી હોય તેવી કોઈ પણ કોમી સંસ્થાને તે કોમની ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક જરૂરિયાતો માટે જરૂરી હોય તે સિવાયની બીજી કોઈ પણ પ્રવૃતિ ચલાવવાની રજા આપવામાં ન આવે અને આવી પ્રવૃતિઓ અટકાવવા માટે આવશ્યક એવા કાનૂની કે વહીવટી પગલાં લેવામાં આવે."

આ પ્રસ્તાવ ઘણી રીતે આપણું ધ્યાન ખેંચે એવો છે. આ પ્રસ્તાવમાં રહેલ ભાવના વિચારીશું તો આપણે અત્યારે કેટલા દૂર ગયા છીએ અને પરિસ્થિતિ કેટલી પલટાઈ છે તેનું ભાન થશે.

(૧) આ પ્રસ્તાવ માત્ર (Communalism) કોમવાદનો ઉલ્લેખ કરે છે. અત્યારે આપણે ચાર—પાંચ બળોનો ઉલ્લેખ કરવો પડે છે. (Linguism) ભાષાવાદ, (Casteism) જ્ઞાતિવાદ, (Regionalism) પ્રાંત અથવા પ્રદેશવાદ, (Religion) ધર્મવાદ વગેરે. આ ઉપરથી આપણને સમજાશે કે સ્વતંત્રતા મળ્યા પછી એકતાવિરોધી કેવાં નવાં બળો ઊભાં થયાં છે.

(૨) આ પ્રસ્તાવમાં કોમી સંસ્થાઓને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં, અટકાવવી એવો નિર્ણય છે. પણ એવી સંસ્થાઓની પ્રમાણિકપણે જરૂરી એવી ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃતિઓનો કોઈ વિરોધ નથી, એટલું જ નહિ પણ, તેને જરૂરી માની છે. હવે બધી કોમી સંસ્થાઓ—જેમાં ધાર્મિક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે—ની બધી પ્રવૃતિઓ પ્રત્યે અણગમો-સુગ, અને તિરસ્કાર દર્શાવાય છે અને બધી કોમી સંસ્થાઓના અસ્તિત્વ ઉપર પ્રતિબંધ મૂકવાની વાતો થાય છે. જે કોમી સંસ્થા કોઈ રાજકીય પ્રવૃતિમાં ભાગ લેતી ન હોય અને માત્ર પોતાની કોમની જરૂરિયાત પૂરતી સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃતિ જ કરતી હોય એવી સંસ્થાઓ પણ અનિષ્ટ છે અને તેમાં ભાગ લેનારા અથવા કામ કરવાવાળા રાષ્ટ્રિય દષ્ટિવાળા નથી પણ કોમી માનસ ધરાવે છે એમ માનવામાં આવે છે અથવા એવો પ્રચાર થાય છે.

(૩) ઉપરના પ્રસ્તાવમાં કોમી સંસ્થાઓને રાજકીય પ્રવૃતિઓમાં ભાગ લેતી અટકાવવા માટે કાયદાથી અને વહીવટી રીતે (Legislative and Administrative) જે કાંઈ પગલાં જરૂરી લાગે તે લેવાનો ઉલ્લેખ છે. કાયદાથી આવા કોઈ પગલાં લેવાયાં નથી અને હિન્દુસ્તાનનું નવું બંધારણ થયું પછી આવા કોઈ પગલાં કાયદાથી લઈ શકાય તેમ નથી એમ સરકારના કાયદાના સલાહકારોએ સલાહ આપી છે. કારણ કે બંધારણમાં નાગરિકોને જે મૂળભૂત હકકો (Fundamental Rights) આપવામાં આવ્યા છે તેમાં Right of Association સંસ્થાઓ રચવાનો અધિકાર છે અને તે હક ઉપર કોઈ પ્રતિબંધ—મૂકી શકાય નહિ—સિવાય કે તે સંસ્થાની પ્રવૃતિ દેશના હિત કે સલામતી જોખમાય તેવી હોય તો તે પ્રવૃતિ પૂરતો પ્રતિબંધ મૂકી શકાય. તાજેતરમાં (Indian Penal Code S-153 A અને People's Representation Act S-125) માં થોડો ફેરફાર કર્યો છે જેથી કોમકોમ કે વર્ગવર્ગ વચ્ચે જે કોઈ વેરઝેર ફેલાવવાનો પ્રયત્ન કરે—ચૂંટણી દરમિયાન અથવા બીજી રીતે—તો તે ત્રણ વર્ષની જેલ અથવા દંડ અથવા બંને સજાને પાત્ર થાય છે, પણ આ ફેરફારથી

રાષ્ટ્રીય એકતા સબળ થાય અથવા તેનાં સ્ફોટક તત્ત્વો દબાય એમ માનવાને કોઈ કારણ નથી.

વહીવટી રીતે રાજ્યકર્તા વર્ગે કેટલાક પગલાં લીધા હોવાનું કહેવાય છે, પણ તે પગલાં કામયાબ નિવડ્યાં નથી, કારણકે રાજકર્તા પક્ષ અને તેના મોટા ભાગના આગેવાનોનું વર્તમાન માનસ જે છે તે જોતાં આવા પગલાંઓનો પ્રમાણિકપણે અમલ થવાની કોઈ આશા રાખી શકાય તેમ નથી.

૧૯૪૭થી ૧૯૬૧ સુધી આ પરિસ્થિતિ ઉત્તરોત્તર વણસતી કેમ રહી તેના થોડાં કારણો તપાસીએ તો તેના ઉકેલની કાંઈક સૂઝ પડે. ચૂંટણી નજીક આવે ત્યારે એકતાની વધારે બૂમો પડે અને કોમવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ વગેરેની સખત ઝાટકણી કાઢવામાં આવે. તાજેતરમાં કોંગ્રેસે શ્રીમતી ઈન્દીરા ગાંધીના પ્રમુખપદે એક રાષ્ટ્રિય એકતા સમિતિ નિયુકત કરી હતી. તેણે એક અહેવાલ રજૂ કર્યો છે, જે દુર્ગાપુર A. I. C. C. ની બેઠક વખતે કોંગ્રેસે મંજૂર કર્યો છે. આ વર્ષે જુદા જુદા રાજ્યોના વડા પ્રધાનો અને મધ્યસ્થ સરકારના પ્રધાનોની બે પરિષદો પણ આ જ વિષયનો વિચાર કરવા મળી અને તેમણે નિવેદનો બહાર પાડ્યાં. બીજી પરિષદ વખતે એમ નક્કી થયું કે આ વિષયની મહત્તા જોતાં, આ વિષયની વિચારણા રાષ્ટ્રિય ધોરણે કરવી અને તે માટે રાજ્યોના વડા પ્રધાનો અને મધ્યસ્થ સરકારના પ્રધાનો જ નહિ પણ સર્વ પક્ષોના આગેવાનો અને બીજી વિશિષ્ટ વ્યકિતઓ જેવા કે કેળવણીકારો, વૈજ્ઞાનિકો અને જુદા જુદા ક્ષેત્રના આગેવાનોની એક પરિષદ બોલાવવી. તે નિર્ણય મુજબ તાજેતરમાં શ્રી નેહરુના પ્રમુખપદે રાષ્ટ્રિય એકતા પરિષદની ચાર દિવસ બેઠક મળી, જેને અંતે એક નિવેદન બહાર પાડવામાં આવ્યું.

તે નિવેદન તપાસીએ તે પહેલાં વર્તમાન પરિસ્થિતિ કેમ ઉત્પન્ન થઈ તેનાં કારણો જોઈએ.

આશ્ચર્યજનક લાગશે છતાં હકીકત છે કે આઝાદી પ્રાપ્ત થયા પછી અને કેટલેક દરજ્જે તેને કારણે, રાષ્ટ્રિય એકતાનાં વિઘાત્મક બળોએ જોર કર્યું અને ભેદભાવ વધ્યા. આઝાદીની લડત દરમિયાન એક જ ધ્યેય હતું—સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું—જેને કારણે ત્યાગ અને બલિદાનની ભાવના પ્રબળ હતી. આઝાદી મળ્યા પછી સત્તા આવી અને આબાદીની શકયતા અને માર્ગ ખુલ્લાં થયાં. સત્તા અને આબાદીની વહેંચણી માટે ખેંચતાણ શરૂ થઈ. Fight for acquisition of Power and prosperity જે પક્ષના હાથમાં રાજકીય સત્તા આવી અને આટલાં વર્ષો રહી, તે પક્ષમાં ખેંચતાણ વિશેષ થઈ. બીજા પક્ષો, લઘુમતિ કોમો પછાત વર્ગો, વિગેરેને ઈર્ષ્યા થઈ અને વાતાવરણ વિશેષ તંગ થયું.

આવા સંજોગોમાં સત્તાધારી પક્ષ, તેના આગેવાનો અને બહુમતિ કોમમાં જે ઉદારતા અને ત્યાગની ભાવના જોઈએ તેનો અભાવ માલુમ પડ્યો, એટલું જ નહિ પણ, આ પરિસ્થિતિનો પોતાને માટે વધુમાં વધુ લાભ ઉઠાવવાની વૃત્તિ દેખાઈ. દરેક વર્ગ, કોમ, પ્રદેશ અને વ્યકિતને એમ થયું કે, સત્તા અને આબાદી, પોતાના માટે વધુમાં વધુ મેળવી શકાય, તેમ કરવું એ જ સ્વાભાવિક છે. પુખ્તવય મતાધિકારને કારણે અંતિમ સત્તા આમજનતાના હાથમાં આવી, એટલે તેનામાં ખૂબ જાગૃતિ આવી અને પોતાના હક્કોનું તીવ્ર ભાન થયું અને તે સાથે પોતા પાસે હથિયાર છે તેનું પણ ભાન થયું. પછાત વર્ગો, પછાત પ્રદેશો, લઘુમતિ કોમો, સ્ત્રીઓ, હરિજનો વિગેરેની ઉન્નતિ કરવાનું કોંગ્રેસનું ધ્યેય છે તે સાથે પોતાના પક્ષની સત્તા ટકાવી રાખવી છે. એટલે આ બધા તત્ત્વોને સાથે રાખવાનું તેને માટે અનિવાર્ય બન્યું.

ચૂંટણી સમયે દરેક કોમ કે વર્ગના સહકાર માટે વચનો આપવા પડે. ઉમેદવારોની પસંદગીમાં કોમ અને વર્ગનું લક્ષ રાખવું પડે. તેથી આ બધાં તત્ત્વોને જોર મળ્યું.

પણ આ પરિસ્થિતિ માત્ર આમજનતાની છે એમ નથી. આગેવાનોનું પણ એ જ માનસ છે. પોતાની કોમ કે પ્રદેશનું હિત પ્રથમ મૂકવામાં આવે, દરેક રાજ્યના વડા પ્રધાન પોતાના રાજ્યની આબાદી કેમ વધે તે જ જુએ. તેમાં પણ દરેક પ્રધાન વળી પોતાના પ્રદેશનું હિત જુએ. દરેક ધારાસભ્ય પોતાના મતદાર વિભાગનું હિત આગળ કરે—પછી તે ઔદ્યોગિક વિકાસ માટે હોય, નહેરના પાણી માટે હોય, સીમાઓ માટે હોય, સામાજિક અને શૈક્ષણિક લાભો માટે હોય. ગમે તે ક્ષેત્રે પોતાની કોમ અને પોતાના વિભાગ કે રાજ્યનું હિત જોરપૂર્વક આગળ કરવું એથી જ પોતાની સત્તા અથવા સ્થાન ટકી રહે. સમસ્ત દેશની આબાદીમાં પોતાની આબાદી છે, એ ભાવના ઉત્તરોત્તર ઘટતી જાય ત્યાં (Emotional integration) ભાવનાત્મક એકય—થાય કયાંથી? (Regionalism) પ્રાન્ત અથવા પ્રદેશવાદ જ વધે. ગુજરાતનું રાજ્ય થાય તેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છનાં હિતો જુદા જુદા ખેંચાય, મહારાષ્ટ્રમાં વિદર્ભ, મરાઠવાડા કે મહારાષ્ટ્રનાં હિતોની ખેંચતાણ થાય—એવું બધે. એકલાં સૌરાષ્ટ્રમાં જુઓ તો ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ વિગેરે પ્રદેશોની વચ્ચે ખેંચતાણ થાય. ગુજરાત—સૌરાષ્ટ્રનો માત્ર દાખલો જ આપું છું. બધે એવું છે. એથી પણ ખરાબ. આ પ્રમાણે કરે નહિ તો આગેવાનની આગેવાની ટકે નહિ.

સૌથી ભયાનક વસ્તુ બની છે ભાષાવાદની. આસામ અને પંજાબના તોફાનો તો હજી શરૂઆત છે. જેમ દેશના ભાગલા કરવાથી હિંદુ—મુસ્લીમ પ્રશ્ન પત્યો નહિ તેમ ભાષાકીય ધોરણે રાજ્યરચના કરવાથી કોઈ પ્રશ્ન પત્યો નથી, એટલું જ નહિ પણ વધારે ગૂંચ ઊભી થઈ છે. એકભાષી રાજ્યરચના થતા તેમાં વસતા અન્યભાષી લોકોનું શું? એકભાષી રાજ્ય રચનાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે તે ભાષા બોલતા લોકોની ઉન્નતિ અને પ્રગતિ કરવી. સ્વાભાવિક રીતે અન્ય ભાષા બોલતા લોકો લઘુમતિમાં હોય અને તેમનું સ્થાન ઊતરતું રહે. વહીવટીતંત્રમાં બહુમતિ ભાષાવાળાનું જ વર્ચસ્વ રહે, અનેક રીતે તે ભાષાભાષી લોકોનું જ પ્રાબલ્ય વધે તેવાં પગલાં લેવાય. પછી Bengal for Benglis, Bihar for Biharis—બંગાળા બંગાળીઓ માટે, બિહાર બિહારીઓ માટે—અને એવું જ બીજા રાજ્યોમાં થતાં વાર ન લાગે.

આજે એ થઈ રહ્યું છે. વળી બહુમતિની ભાષાને વહીવટી તંત્રની ભાષા બનાવતાં, અન્ય ભાષાભાષીને વહીવટમાં ઘણું ઓછું સ્થાન રહે. શિક્ષણની પણ એ જ ભાષા થાય એટલે રાજ્ય રાજ્ય વચ્ચેની દિવાલો વધતી જાય. મુંબઈનો જ દાખલો લ્યો. જૂના મુંબઈ રાજ્યનું વિભાજન થયું ત્યારે સર્વ ઉચ્ચ કક્ષાએ વચનો આપવામાં આવ્યા છે કે મુંબઈનું પચરંગી અને ભાતીગળ વ્યકિતત્વ જાળવી રાખવામાં આવશે. આ વ્યકિતત્વ એટલે તેનું બહુભાષાભાષી સ્વરૂપ કે હિન્દુસ્તાનના કોઈ પણ ભાગનો નાગરિક ત્યાં આત્મીયતા અનુભવે. હવે વહીવટી ભાષા, કોરપોરેશનની ભાષા, કોર્ટોની ભાષા, શિક્ષણનું માધ્યમ—બધું મરાઠી ફરજિયાત કરવામાં આવે તો શું થાય તે કલ્પવું અઘરું નથી. ભાષાવાદનાં પરિણામો ટૂંક સમયમાં જ જે દેખાયાં છે, તેથી તેની ગંભીરતા આપણે સમજી શકયા છીએ. રાજ્ય પુનરરચના પંચ પણ આ ભયસ્થાનોથી પરિચિત હતું અને તેને ટાળવા કેટલાય Safeguards—ઉપાયો—સૂચવ્યા છે જેવા કે દરેક રાજ્યની હાઈકોર્ટના ૧/૩ ન્યાયાધીશો પરપ્રાન્તના જોઈએ, અખિલહિંદ સનદી નોકરીઓ વધારવી અને અમલદારોની વખતોવખત ફેરબદલી કરવી, ૧૫ થી ૨૦ ટકા અન્યભાષાભાષી લોકોની માગણી હોય તો તે ભાષાને પણ વહીવટી ભાષા તરીકે સ્વીકારવી, શિક્ષણના માધ્યમમાં કેટલીક જોગવાઈ અન્ય ભાષાભાષી માટે કરવી, લઘુમતિ કોમોને વહીવટીતંત્રમાં પુરતું સ્થાન આપવું, લઘુમતિ કોમો અને પછાત વર્ગોને પોતાની પ્રગતિ માટે પૂરતો અવકાશ આપવો અને સમાન તક આપવી. સરકારી નોકરી અને અન્ય વહીવટીતંત્રોમાં લઘુમતિ અને અન્ય વર્ગોને પુરતું સ્થાન આપવું વિગેરે. આમાંથી કેટલો અમલ થાય છે? વરિષ્ટ અદાલતોના ન્યાયાધીશોની નિમણુંક કરવામાં પણ ગુણદોષ કરતાં, પ્રદેશ, કોમ, ભાષાને લક્ષમાં લેવામાં

આવે છે ત્યાં બીજા ક્ષેત્રોનું તો શું કહેવું? દા. ત. એક સૂચન એવું કરવામાં આવ્યું છે કે અમલદારોની અને ખાસ કરીને ઉચ્ચ કક્ષાના અમલદારોની નિમણુંક કરવામાં એવી વ્યકિતઓની નિમણંક કરવી કે જેનામાં સાચી રાષ્ટ્રિય દષ્ટિ હોય. પણ તેમના ઉપરી પ્રધાનોમાં જ રાષ્ટ્રિય દષ્ટિ ન હોય તો અમલદારોમાં ક્યાંથી આવે અથવા હોય અને હોય તો પણ કયાં સુધી ટકે? સુવિદિત છે કે કોમી અને પ્રાદેશિક માનસનું ઝેર ઉપરથી છેક નીચે સુધી ફેલાયેલું છે.

ઉચ્ચ શિક્ષણનું માધ્યમ પણ પ્રાદેશિક ભાષા કરીને હદ કરી છે. આથી થતું નુકસાન સ્પષ્ટ દેખાય છે, પણ તેને અટકાવવાની હિમત નથી. એટલે અંગ્રેજી ઉપર વધારે ભાર મૂકાતો જાય છે. અંગ્રેજીનું સ્થાન હિન્દીએ લેવું જોઈએ એ સ્પષ્ટ છે, છતાં અનેક કારણોને લીધે તે દિશામાં દષ્ટિ જતી નથી.

રાષ્ટ્રિય એકતા સર્જવી, ભાવનાત્મક ઐકય અનુભવવું તે સહેલું કાય નથી. હિન્દુસ્તાને આવી રાજકીય એકતા—Political unity—ભૂતકાળમાં કદિ અનુભવી નથી. સાંસ્કૃતિક અને ભૌગોલિક એકતા સદીઓથી છે અને રહી છે, પણ તેને પણ હવે આંચકા લાગે છે. આપણા લોહીમાં જ કાંઈક એવું છે કે એક જ્ઞાતિની બે અને બેની ચાર જ્ઞાતિ કરીએ, પણ બેની એક કરી શકતા નથી. તે સાથે એકતાના જે બળો હતાં—ધાર્મિક તથા સામાજિક—તેની અસર ઘટતી ગઈ છે.

સાચી રાજકીય એકતા સ્થાપવા માટે રાજકર્તા પક્ષ અને તેના આગેવાનોમાં તથા બીજા રાજકીય પક્ષોમાં ઉદારતા, દીર્ઘદષ્ટિ, પ્રમાણિકતા, ત્યાગ વિગેરે જોઈએ. મુખ્ય પ્રધાનોની પરિષદ અથવા રાષ્ટ્રિય એકતા પરિષદનાં નિવેદનોમાં જણાવેલ સિદ્ધાંતો અને સૂચનો મોટે ભાગે યોગ્ય છે, પણ તેનો અમલ થાય ત્યારે તે સાર્થક થાય. આજે એકતા છે અથવા કાંઈ ટકી છે તે કેટલેક દરજજે કોંગ્રેસ અને તેના High Commandને—આગેવાન સત્તાધીશોને—આભારી છે, પણ તેમાં પણ મોટી તડો પડી છે અને સત્તાની સાઠમારી જામી છે.

કોમી સંસ્થાઓ પ્રત્યેનું વલણ પણ ભૂલભરેલું જણાય છે. જે કોમી સંસ્થા માત્ર ધાર્મિક, સાંસ્કૃતિક કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ જ કરતી હોય અને રાજકારણમાં કોઈ ભાગ લેતી ન હોય તેવી સંસ્થાઓ પ્રત્યે પણ જે અણગમો અને તીરસ્કારની વૃતિ પેદા કરવામાં આવી છે તે ખેદજનક છે. Constituent Assembly ના —બંધારણસભાના—ઠરાવથી આ વલણ વિરોધી છે. એવી સંસ્થાઓ ઉપર સીધો પ્રતિબંધ મુકી શકાતો નથી એટલે તેને બીજી રીતે દાબી દેવાના પ્રયત્ન થઈ રહ્યા છે. કરવેરામાંથી તેને મુકિત અપાતી નથી. છેવટે તેની આવક ઉપર ઈન્કમટેકસ વિગેરે કરો નાખી તેને બંધ કરવી પડે એવા પ્રયત્નો થઈ રહ્યા છે તે યોગ્ય નથી. ધર્મને નામે મુસ્લીમ લીગ કે અકાલી દલ, જનસંઘ કે હિન્દુસભાએ રાજકીય ક્ષેત્રે જે ભારે અનર્થ કર્યો છે તેને કારણે ધર્મ પ્રત્યે સુગ અને અણગમો દર્શાવાય છે અને ધાર્મિક સંસ્થાઓ જેને રાજકારણ સાથે કોઈ સંબંધ નથી તે પણ દંડાય છે. રાજકીય પુરુષોએ રાજકારણ માટે જે ભૂતાવળો ઊભી કરી છે તેને હવે કાબુમાં લેવાને તેઓ અસમર્થ જણાય છે ત્યારે સુકા સાથે લીલાને પણ બાળવાની વૃત્તિ દેખાય છે.

મેં કોંગ્રેસ અને તેના આગેવાનો માટે સવિશેષ લખ્યું છે, એટલા માટે કે, કોંગ્રેસની આ બાબતમાં સવિશેષ જવાબદારી છે. રાજકીય એકતા કાયદાથી આવવાની નથી. રાજકર્તા પક્ષ અને તેના આગેવાનો તથા બીજા રાજકીય પક્ષોના વર્તનથી જ એકતાનું વાતાવરણ સર્જી શકાશે. એક વખત સત્તા જતી કરવી પડે તો પણ સાચા માર્ગે રહીશું તો પ્રજાને સાચું માર્ગદર્શન મળશે. અને ભૂલ થઈ હોય અથવા થતી હોય ત્યાં પ્રમાણિકપણે ભૂલ સ્વીકારી, પાછા પગલાં કરવાની હીંમત દાખવવી પડશે. હજી સમય છે. કોંગ્રેસ અને તેના વરિષ્ટ આગેવાનો પ્રત્યે માન અને આદર છે ત્યાં સુધી પ્રજાને સાચે માર્ગે દોરવાની તક છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

'ગુરૂ' શિખરારૂઢ વ્યક્તિ

('પ્રબુદ્ધ જીવન'ના તા. ૧—૧૦—૬૧ના અંકમાં) 'શિખરસ્થ વ્યકિતવિશેષ વિષે વિશેષ વિચારણા' એ શિર્ષક નીચે જે વિષય ચર્ચવામાં આવ્યો છે તે જ વિષય ઉપર જાણીતા શિક્ષણાચાર્ય અને મનોવિજ્ઞાનના અભ્યાસી મારા મિત્ર શ્રી હરભાઈ ત્રિવેદીએ નીચેના લેખમાં પોતાના વિચારો રજુ કર્યા છે. તંત્રી)

થોડા વખત પહેલાં તા. ૧-૯-૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં એક નોંધ મારા વાંચવામાં આવી. ખરી રીતે તો આ નોંધમાં શ્રી જૈનેન્દ્રકુમારના વિચારો પ્રગટ થયેલા છે. તંત્રીને તેમાં ઘણું તથ્ય ભાસ્યું તેટલું જ તે સંબંધમાં લખવામાં આવ્યું છે.

શ્રી જૈનેન્દ્રકુમારના વિચારો સાથે સંમત થવાય કે ન થવાય તો પણ તેમણે પ્રગટ કરેલાં વિચારો ઊંડું ચિંતન માગી લે તેવા છે. તેવા ચિંતન દ્વારા આવા અગત્યના મુદ્દાઓ સંબંધે કોઈ પણ વિચારકના મનમાં ઉગ્ર મથામણ ઊભી થયા વિના રહેવાની નથી. આ વિચારો સંત વિનોબાજી પાસે મૂકવામાં આવે કે ચિંતક શ્રી જે. કૃષ્ણમૂર્તિ પાસે મૂકવામાં આવે, અથવા તો કોઈ પણ ધર્માચાર્ય પાસે મૂકવામાં આવે ત્યારે તેવા મહાપુરુષોને પણ વિચારમાં જરૂર નાખી દે તેવા છે.

આપણે પહેલો મુદ્દો લઈએ. શિખર ઉપર બેઠેલી વ્યકિત અન્યને માર્ગદર્શન કરાવતી હોય છે. એટલે તેમના પોતાના પ્રશ્નોના ઉકેલમાં તેમને મદદ કરી શકે તેવું કોઈ હોય નહિ તેમ માનવું પડે. આ બાબતને આધ્યાત્મિક દ્રષ્ટિએ વિચારીએ તો એમ સ્વીકાર્યા વિના ચાલે નહિ કે અન્યના માર્ગદર્શક બનનાર વ્યકિતને ખૂદ પોતાના જ માર્ગદર્શક બનવાનું મુશ્કેલ બની શકે નહિ. સાચું માર્ગદર્શન તો તે ગણાય કે જે પ્રશ્નોનો ઉકેલ લાવવામાં પ્રશ્નકારને મદદ કરે જ છે, પણ સાથે સાથે એવો ઉકેલ સૂચવનાર વ્યકિત પોતા માટે પણ તેવા ઉકેલનું જ શરણ લેતી હોય છે તેમ આપણે માનવું જોઈએ. માર્ગદર્શક ગણાતી વ્યકિતઓને પોતાના પ્રશ્નો નથી હોતા એમ નહિ, પરંતુ એવા પ્રશ્નોનો પોતાપૂરતો નિકાલ પોતે જ શોધ્યો હોય છે અને ત્યારે જ અન્યની પાસે વિશ્વાસપૂર્વક એ ઉપાય રજૂ કરી શકે છે. ઘણીયે વખત એવું જોવામાં આવે છે કે કોઈ ઉચ્ચ વિકાસશીલ વ્યકિતના જીવનમાં જે ઉકેલ સફળ નિવડે તે ઉકેલ સામાન્ય માનવીના જીવનમાં સફળ ન પણ નિવડે. આ વસ્તુસ્થિતિનું પૂરેપૂરું ભાન હોવાથી જ માર્ગદર્શક વ્યકિત એકના એક ઉપાયને વિવિધ પ્રકારની મર્યાદાઓના સંદર્ભમાં ઉકેલ શોધનાર પાસે મુકતી હોય છે. કુશળ વૈદ્ય ચિકિત્સા કરતી વખતે પણ દર્દીની શારીરિક, માનસિક અને કોઈ વખત તો આધ્યાત્મિક તાસિરને પણ નજરમાં રાખતા હોય છે. એકની એક દવા અનુપાનભેદે જુદા જુદા દર્દીઓને આપીને જ આવા કુશળ વૈદ્ય કાર્ય સિદ્ધ કરી શકતા હોય છે. અન્ય માટે માર્ગદર્શક વ્યકિત પોતા માટે પણ માર્ગદર્શક હોય જ તેમ માની લેવામાં વાંધો નથી. જ્યાં જ્યાં આથી વિરુદ્ધ પરિસ્થિતિ હોય છે ત્યાં ત્યાં તેવું માર્ગદર્શન કોઈ પણ વખત કામયાબ નીવડયું હોય તેમ જાણ્યું નથી. જીવનની જે વિશિષ્ઠ દ્રષ્ટિ તેમને સાંપડી હોય છે તે દ્રષ્ટિ જ સ્વપરની સમસ્યાઓનો નિકાલ લાવવામાં ફલદાયી બને છે.

આ વિચાર કોઈ પણ વ્યકિતવિશેષને લાગુ પડે તેમ માનવાનું પણ કારણ નથી. ચોક્કસ પ્રકારના જ્ઞાનના પરિણામે અથવા તો ચોક્કસ પ્રકારના ક્રીયાકાંડના પરિણામે કોઈ પણ વ્યકિત એક પ્રકારનો વિશેષ અધિકાર પ્રાપ્ત કરી શકે ખરી, પરંતુ એવા અધિકારનું સાચું મૂલ્યાંકન તો પોતે પ્રાપ્ત કરેલાં જ્ઞાનને કે ક્રિયાને પોતાના ખુદના જીવનમાં મૂર્તિમંત કરવા ઉપર જ રહેતું હોય છે.

શ્રી. જૈનેન્દ્રકુમારનો બીજો વિચાર એ છે કે ચોતરફથી આદર અને માનસન્માન મેળવનાર વ્યકિતનું પોતાનું જીવન અમૂક રીતે

ભલે ભર્યું ભર્યું લાગતું હોય, છતાં પોતે અન્ય લોકોથી ઊંચે અને અલગ છે તે પ્રકારના ભાવને લીધે તે વ્યકિત એક પ્રકારનો અસંતોષ અનુભવતી હોય છે અને અલગતાનો ભાવ તેના દિલમાં સતત ખટકયા કરતો હોય છે.

આ વિચારમાં ઘણું તથ્ય રહેલું છે. ગુરુસ્થાને બેઠેલા ઘણા મોટા માણસોમાં અલગતાની આવી વૃત્તિ જોવા મળે છે. અલગતાનું એવું ભાન તેમને ખટકયા કરતું હશે કે કેમ તે વાત તો વિચારવા જેવી ખરી. હું પોતે એમ માનું છું કે સામાન્ય માનવીથી અલગ રહીને કેવળ માનસન્માન માટે ઝંખના સેવનાર વ્યકિત મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ છીછરું અને વિકૃત માનસ ધરાવતી હોય છે. આવી વ્યકિતઓનો અહં અનેક કારણોસર વિકૃત બની ગયો હોઈને તેને તેવી અલગતા ખટકતી નથી. ઊલટું પોતા માટે આવશ્યક દેખાતી હોય છે. મનોવિશ્લેષણકારે તટસ્થ રહીને જ વિચાર કરવો પડે છે. તેવો તટસ્થ વિચાર કરતા તો એમ લાગે છે કે અન્યનાં આદર, માન, સન્માન અને પૂજા એ બધું જ આવી વ્યકિતઓને ખૂબ ગમે છે. તેમના પોતાના કમનસીબે તેવી વ્યકિતઓ પોતાની જાતને પૂર્ણ માનવા લાગે છે. પૂર્ણતાનો આવો ભાવ જ તેમનું આધ્યાત્મિક દ્રષ્ટિએ પતન કરવા માટેનું એક મોટું નિમિત્ત બની જાય છે. આવી વ્યકિતઓ સમાજમાં આજે સારી એવી સંખ્યામાં જોવા મળે છે. હું પોતે તો એમ માનું છું કે, આવી ગુરુસ્થાન—આરૂઢ વિશિષ્ઠ વ્યકિતઓએ જ જગતના શ્રેષ્ઠ ધર્મો તરફ નિંદકોને આકર્ષ્યા છે અને ધર્મની નિંદા કરાવી છે. ધર્મ તરફ નફરત સેવનાર સમાજ માટે આવી વ્યકિતઓ જવાબદાર હોય છે તેમ પણ હું માનું છું. જગતમાં આજે નવા ધર્મનો વિચાર પ્રગટ થયો છે તે વિચાર આવી વ્યકિતઓ પાસે પહોંચે તો જ અલગતાનો ભાવ પોતા માટે કેટલો અહિતકર છે તેમ એમને જણાયા વિના ન રહે અને તો જ આવી અલગતા સામે દિલમાં સાચો ખટકો પેદા થાય.

શ્રી. જૈનેન્દ્રકુમારનો બીજો વિચાર એ છે કે સમાજમાં અનન્ય પ્રકારનું આદરણીય સ્થાન પ્રાપ્ત થતાંની સાથે જ અન્ય વ્યકિતઓ સાથેનો નિકટ સમાગમ લગભગ અસંભવિત બની જાય છે. આવી એકલવાયી પરિસ્થિતિમાંથી જ પોતાના જીવનની ભૂખ ભાંગવા માટે એવી વ્યકિતઓ અસ્વાભાવિક અને આડકતરા માર્ગોનું અવલંબન લેવા પ્રેરાતી હોય છે.

અહીં પણ આપણે સામાન્ય વિચારસરણીથી થોડાંએક ઊંચે જઈને વિચાર કરવો પડશે. સમાજમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરનાર સમાજથી વિખૂટો પડી જાય અને અસહ્ય એવી એકલવાયી પરિસ્થિતિમાં મૂકાઈ જાય તેવું આજે જોવા મળતું હોય તો પણ નિષ્ઠાપૂર્વકનું અને સત્યમય જીવન જીવનારાઓના અપવાદો આપણને અવશ્ય જોવા મળે જ. સમાજનો આદર મેળવનાર વ્યકિત સમાજથી દૂર નાસતી ફરે તો તેવો આદર ઘણાં થોડા વખતમાં નષ્ટ થઈ જવાનો જ છે તેમાં મને શંકા નથી. આદર પેદા થવામાં જેમ સમાજનો નિકટનો પરિચય કારણભૂત હોય છે તેમ જ તેને ટકાવી રાખવામાં પણ એ જ નિકટતા કારણભૂત બનતી હોય છે. એવો નિકટ સમાગમ તૂટે એટલે સમજવું કે આદરણીયતા એ કેવળ પોકળ બની ગઈ છે. ભાઈ જૈનેન્દ્રકુમારને આજના સમાજનું દર્શન થયું છે તેમ કહેવું જોઈએ. પરંતુ એવું યથાર્થ દર્શન આપણને એમ પણ સૂચવે છે કે આદરણીય સ્થાન પ્રાપ્ત કરવા માટે અને એવું સ્થાન ટકાવી રાખવા માટે નિકટનો સમાગમ એટલો જ અનિવાર્ય બને છે.

અસહ્ય બની ગયેલી એકલવાયી પરિસ્થિતિના કારણે કોઈ પણ શિખરસ્થ માનવીમાં જે ભૂખ પેદા થાય તે ભૂખની તૃપ્તિ માટે તેણે અસ્વાભાવિક માર્ગોનું અવલંબન કરવું પડે છે તેવું જૈનેન્દ્રકુમારનું અનુમાન તદ્દન વ્યાજબી છે. પરંતુ અહીં હું ઉપર પ્રગટ કરેલા મારા વિચાર તરફ આંગળી ચિંધ્યા વિના રહી શકતો નથી. અસ્વાભાવિક માર્ગોનું શરણ સ્વીકારનાર શિખરસ્થ વ્યકિતઓ આજે અનેક જોવા મળે છે. આવી વ્યકિતઓ જ સમાજની નીતિમત્તાને છિન્નભિન્ન બનાવી મૂકે છે. આજે આપણને ચોતરફ ધર્મની અવગણના થતી દેખાય છે તેમજ નીતિમત્તાનું દેવાળું દેખાય છે. તે પ્રકારની પરિસ્થિતિ માટે આજના સામાન્ય માનવીની અપેક્ષાએ ઊંચા આસને આરૂઢ માનવી જ વિશેષ પ્રમાણમાં જવાબદાર છે. ઊંચા આસને બેઠેલ વ્યકિત સમાજનું અંગ બનીને રહે અને સમાજ માટે સમાજમાં રહીને જ ઉચ્ચ જીવન વ્યતીત કરતી રહે તો જ સામાન્ય જનસમાજ માટે તે સાચો આદર્શ પૂરો પાડી શકે. તેમ ન થાય તો શિખરસ્થ વ્યકિત પોતે તો ઊંડા ગર્તમાં પડે જ, પરંતુ સાથે સાથે સમાજને પણ ખેંચે. મને લાગે છે કે આજે આવી પરિસ્થિતિ પ્રવર્તી રહેલી દેખાય છે. તે માટેના દાખલા દ્રષ્ટાંતો આપવાની જરૂર નથી, કારણ કે બે પગે ચાલનાર અદનામાં અદના માનવીનો પણ એ જાતનો જ અનુભવ છે તેમ આપણે સૌ જાણીએ છીએ. પોતાના જીવનની આવશ્યક ભૂખ સ્વાભાવિક માર્ગે તૃપ્ત ન થાય ત્યારે એવી વ્યકિત કેવા કેવા માર્ગોનું અવલંબન કરતી હોય છે તેના દ્રષ્ટાંતો રજુ કરીએ તો સમાજ ચોંકી ઊઠે અને આજના સમાજના પાયા હચમચી જાય તેવી પરિસ્થિતિ જન્મે.

શ્રી. જૈનેન્દ્રકુમારનો ચોથો વિચાર સમાજના વિચારકોને એક મોટો આઘાત આપનારો છે. મોટા સ્થાન ઉપર બેઠેલ માનવી જાતીય વૃત્તિથી મુકત હોતો નથી અને તે વૃત્તિને તૃપ્ત કરવાનો સીધો સરળ અવકાશ ન મળે ત્યારે આડકતરા માર્ગો દ્વારા તૃપ્તિ શોધવાનું તેને મન થતું હોય છે અને આ પરિસ્થિતિ વિશિષ્ઠ સ્થાને બેઠેલા માનવી માટે અણકલ્પી આપત્તિ સમાન છે. શ્રી. જૈનેન્દ્રકુમારનું આ વિધાન આપણને રુચે કે ન રુચે તો પણ સર્વાંશે સત્ય છે તેમ હું માનું છું. માનવી હૃદયના ઊંડાણમાં ઊતરવાનો અને ત્યાં રહેલી ઊર્મિઓની હિલચાલ નિહાળવાનો જે અધિકાર ઉત્તમ પંકિતના સાહિત્યકારને કુદરતે આપેલો છે તે અધિકારનો ઉપયોગ કરીને આજના સુવિખ્યાત સાહિત્યકાર શ્રી. જૈનેન્દ્રકુમારે પોતાને થયેલું દર્શન આપણા સૌની પાસે રજુ કર્યું છે.

જાતીયવૃત્તિ માનવી જીવન સાથે અતૂટ ગાંઠથી જોડાયેલી છે. તેને તોડવાના પ્રયત્નો કરનારા હંમેશાં નિષ્ફળ ગયા છે. એ વૃત્તિનું અસ્તિત્વ સ્વીકારીને તથા તેના અમાપ બળને સમજી લઈને જેમણે સ્વસંયમ દ્વારા એ વૃત્તિ ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો છે તેવાઓને જાતીય વૃત્તિના શમન માટે માનવીજીવન માટે દુષ્કર એવા ત્યાગ અને તપશ્ચર્યાભરપૂર અન્ય માર્ગોનું શરણ સ્વીકારવું પડ્યું છે. તેવા માર્ગો દ્વારા જાતીય વૃત્તિનું ઊર્ધ્વીકરણ શકય બની શકે છે. જાતીયવૃત્તિ પોતે પ્રેમતત્વનું સ્થૂળ સ્વરૂપ છે. આ સ્થૂળ સ્વરૂપને પારખી લઈને પ્રેમતત્વના સૂક્ષ્મ સ્વરૂપો તરફ પોતાના જીવનને દોરનાર વ્યકિત પોતાની જાતીયવૃત્તિને ઊર્ધ્વ માર્ગે વાળી શકે છે અને પછી જડ તથા સ્થૂળ માર્ગો દ્વારા આ વૃત્તિનું શમન કરવાનો પ્રશ્ન પણ તેવાઓને માટે રહેતો નથી. સ્થૂળવૃત્તિ શુદ્ધ, શુદ્ધતર, અને શુદ્ધતમ બનવા લાગે છે. દેહના આકર્ષણનો મહિમા ઘટતો ઘટતો ઘસાઈ જાય છે. આવા મહામાનવની આ જાતીયવૃત્તિ આખર જતાં સમસ્ત વિશ્વને આવરી લેનાર પ્રેમતત્વમાં પરિણામ પામે છે. અનેક મહાત્માઓના અને પેગંબરોના જીવનમાં આમ બનતું આપણે જોયું છે. આપણી નજર સમક્ષનું છેલ્લું દ્રષ્ટાંત તે મહાત્માજીનું જાહેર જીવન છે તેમ આપણે જાણીએ છીએ. પોતાનામાં રહેલી જાતીયવૃત્તિને સૂક્ષ્મતમ સ્વરૂપ આપીને વિશ્વપ્રેમમાં પલટાવી નાખનાર મહાત્મા પણ જાતીય આવેગના સ્થૂળ હુમલાઓથી મુકત રહી શકતા ન હતા તેવું તેમણે પોતે વિધાન કરેલું છે. આધ્યાત્મિકતાની આ સ્થિતિએ પહોંચનાર વ્યકિતઓ ભલે ગણીગાંઠી હોય, પરંતુ સૌ કોઈ માટે તે આદર્શ બની રહે છે અને માર્ગદર્શક પણ બની રહે છે. જાતીય આકર્ષણ સૌ કોઈ માટે અણકલ્પી આપત્તિ સમાન હોય જ છે. એવી આપત્તિની અગાઉથી કલ્પના કરી લેનાર સદ્‌ભાગી જીવો તેની તૃપ્તિ માટે કોઈ આડકતરા માર્ગનું શરણ નહિ લે, પરંતુ તે વૃત્તિને ઊર્ધ્વગામી બનાવીને પોતાના સમગ્ર જીવનને પ્રેમમય બનાવી દેશે અને તેવું પ્રેમમય જીવન જ માનવજાત માટે ઉદ્ધારક બની રહે છે.

હરભાઈ ત્રિવેદી

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

(ગતાંકથી ચાલુ)

અહિંસાની તાત્ત્વિક વિચારણા બીજો એક મુદ્દો આપણી સામે ઉપસ્થિત કરે છે. આપણે જોયું કે આપણે એવી વિચિત્ર જીવન-પરિસ્થિતિમાં ગોઠવાયા છીએ કે આપણી ભાવના અહિંસાને જીવનમાં મૂર્તરૂપ આપવાની છે, પણ જીવન કોઈ ને કોઈ હિંસક પ્રતિક્રિયા ઉપર આધારિત છે. આ ઉપરથી આપણને એમ વિચારવાની તેમજ સ્વીકારવાની ફરજ પડી કે અહિંસક જીવન એટલે જીવનનિર્વાહ માટે જરૂરી એવી અલ્પતમ હિંસા ઉપર આધારિત જીવન. પણ પ્રશ્ન એ થાય છે કે, આ જીવનનિર્વાહ માટે અલ્પતમ હિંસા કોને કહેવી? તેનું માપ કેવી રીતે કાઢવું? અલ્પતમ અને અનલ્પતમ હિંસા વચ્ચે કઈ રેખા દોરવી? આમાં વિચારકે વિચારકે મતભેદ પડવાનો. કોઈ એમ કહેશે કે માંસાહાર મત્સ્યાહારનો તો કોઈ પ્રશ્ન જ નથી, પણ વનસ્પતિમાં પણ અલ્પ જીવોવાળી અને અનલ્પ જીવોવાળી વનસ્પતિ વચ્ચે પણ જે ભેદ રહેલો છે તે ધ્યાનમાં લઈને એકનો સ્વીકાર કરવો અને અન્યનો ત્યાગ કરવો. આ રીતે જીવનનિર્વાહને અલ્પતમ હિંસા ઉપર આધારિત કરવું. અન્ય કહેશે કે જીવ તો વનસ્પતિમાંયે છે અને પશુઓમાં પણ છે, મારા માટે મત્સ્યાહાર તેમ જ માંસાહાર જરૂરી છે તો તેમાં માનવીસમાજ માટે જે પશુઓ ઉપયોગી હોય તેને છોડીને અન્ય પશુઓના માંસનો—અને મત્સ્યનો તો આહાર સિવાય બીજો કોઈ ઉપયોગ જ નથી. તેથી તેનો જરૂર જેટલો ઉપભોગ એ મારા માટે અલ્પતમ હિંસાનું માપ છે, ભક્ષ્યા-ભક્ષ્ય અંગેનું એક ધોરણ છે. આ બેમાં કોણ સાચું અને કોણ ખોટું?

આવી જ રીતે અહિંસાની વિચારણામાં આપણે એમ સ્વીકાર્યું કે માનવી સર્વોત્કૃષ્ટ પ્રાણી છે. તેના પ્રાણની રક્ષા અન્ય જીવોની રક્ષા કરતાં વધારે મહત્ત્વ ધરાવે છે. માનવીને બચાવવા ખાતર, તેની રક્ષા કરવા ખાતર, જ્યારે પરસ્પર બે હિંસક પ્રતિક્રિયાઓ આપણા સામે આવીને ઊભી રહે ત્યારે આપણા વર્તનનો ઝોક માનવીને બચાવવા રક્ષવા તરફ હોવો જોઈએ. આમ આપણે માનવીને મુખ્યતા આપી અને તે ખાતર નિમ્નકોટિના જીવની હિંસા કરવી પડે તો તેને વ્યાજબી ગણીને આપણે સ્વીકારી. હવે આજે જે વૈદ્યકીય અને વૈજ્ઞાનિક સંશોધનના નામે પશુ—પ્રાણીઓની પાર વિનાની હિંસા ચાલી રહી છે, શારીરિક તાકાત જાળવવા માટે ઈંડાં, મચ્છી અને માંસનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે છે તેમાં પણ માનવીના સુખ, સ્વાસ્થ્ય અને કલ્યાણનો જ વિચાર હોવાનો દાવો કરવામાં આવે છે. આમ અહિંસાને સિદ્ધાન્તમાં સ્વીકારવા છતાં વિચારકે વિચારકે મતભેદ પડવાનો. આનો નિકાલ શી રીતે કરવો?

વસ્તુસ્થિતિ એમ છે કે અહિંસા એ બુદ્ધિનો, તર્કનો કે દલીલબાજીનો વિષય નથી. એ વિષય છે અન્તઃસંવેદનનો, દિલના ઊંડાણમાં ઉગેલી કરુણાનો. જેના દિલમાં અન્ય જીવોના સુખદુઃખ વિષે સંવેદન ઊભું થયું છે, કરુણા જાગૃત થઈ છે તેને તેના ભિન્ન ભિન્ન સંયોગો અને સંસ્કારો મુજબ આવા પ્રશ્નોનો ઉકેલ સુઝી જ રહેવાનો છે અને તે ઉકેલ પાછળ તેના સંયોગો તથા સંસ્કાર અનુસાર અલ્પતમ હિંસાની અને માનવીકલ્યાણ અંગે જરૂરી વિવેકની ચોક્કસ સુઝ હોવાની જ છે. જેના દિલમાં કરુણાનો ઉદય નથી, જેની બુદ્ધિમાં 'જીવો અને જીવવા દો' એ પ્રકારનો વિવેક ઊભો થયો નથી તેના માટે આ હિંસા—અહિંસાની ચર્ચાનો કોઈ અર્થ નથી. તે ઉપયુક્તતાવાદ તરફ ઢળવાનો છે અને 'મારી જાત પહેલાં અને બીજું બધું પછી' એવા ધોરણને આખરે સ્વીકારીને ચાલવાનો છે. અને તે અહિંસાવાદી પોતાને કહેવરાવતો હશે તો પણ તેનો અહિંસાવાદ ઉપયુક્તતાને આધીન રહીને રચાવાનો છે.

હવે આપણે શ્રી વત્સલાબહેનના લખાણોમાંના બાકી રહેલા એક પછી એક મુદ્દાઓ ઉપર આવીએ. તા. ૧—૫—૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલા કાકાસાહેબ કાલેલકરના લેખમાંથી પોતાના વિચારોનું સમર્થન કરતા કેટલાક વાક્યો શ્રી વત્સલાબહેને ઉદ્‌ધૃત કર્યા છે. કાકાસાહેબ અહિંસાના જ નહિ પણ નિરામિષાહારના પ્રમુખ સમર્થક છે એ સર્વત્ર સુવિદિત છે. આમ છતાં એમના લેખના પ્રથમ વાંચને એ લેખનો ઝોક તેમના પૂર્વમન્તવ્યો વિશે સંદેહ પેદા કરતો અને કોઈક વિપરિત દિશા તરફ ઢળતો લાગેલો અને તેથી મેં એ લેખ વાંચીને ઠીકઠીક આશ્ચર્ય અનુભવેલું, અને તેથી શ્રી વત્સલાબહેને તેમના લેખનો આવો ઉપયોગ કર્યો તેથી મને કશી નવાઈ લાગેલી નહિ.

પણ વત્સલાબહેનનો જવાબ મળ્યા બાદ કાકાસાહેબનો લેખ પુનઃ વાંચી જતાં માલુમ પડ્યું છે કે મારા મન ઉપર પડેલી પહેલાંની છાપ બરોબર નથી, અને વત્સલાબહેને આગળ પાછળનો સંદર્ભ તોડીને પોતાના જવાબમાં કાકાસાહેબના જે વાક્યો અવતરિત કર્યા છે તે ઉપરથી કોઈ પણ વાંચનારના મનમાં એવી જ છાપ પડે કે કાકાસાહેબ નિરામિષાહાર કે જીવદયાના પક્ષકાર નથી—બલ્કે વિરોધી છે. આવી છાપ કાકાસાહેબને અન્યાય કરનારી છે. કાકાસાહેબ પોતાના લેખના છેવટના ભાગમાં સ્પષ્ટપણે જણાવે છે કે "ઉપયુક્તતાવાદનો આશ્રય લઈને વાંદરાઓ ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો કરીને અનેક રોગો ઉપર દવા શોધી કાઢવી એ વિચારનો અને પ્રવૃત્તિનો બચાવ હું ન જ કરું. કોઈ પણ પ્રાણીને મારવાનો આપણને અધિકાર નથી. પ્રાણીહત્યા ધર્મની દૃષ્ટિએ પાપ છે, કુદરતની દૃષ્ટિએ ગુન્હો છે એ વિષે મારા મનમાં લગીર શંકા નથી."

વળી આગળ ચાલતાં તેઓ જણાવે છે કે "સરકારને વગોવ્યા વગર અને કાનૂનનો આશ્રય લીધા વગર પ્રચાર દ્વારા અને શુદ્ધ આચરણદ્વારા અહિંસાનો જેટલો વિસ્તાર કરી શકાય એટલો આપણે જરૂર કરીએ, તેને માટે સંસ્થાઓ સ્થાપી આપણે અહિંસક અર્થશાસ્ત્ર, કૃષિવિજ્ઞાન, શુદ્ધ આહારશાસ્ત્ર વગેરે દિશામાં પ્રગતિ કરવી જોઈએ. જેમનું વચ્ચે માંસાહાર ત્યાગનો, પશુહત્યાનિષેધનો અને જીવદયાનો પ્રચાર કરવા માંગીએ છીએ તે લોકોનો તિરસ્કાર ન કરતાં એમનાં હૃદયો આપણે જીતવા રહ્યા.

"અને જો યુદ્ધરૂપી હિંસા અને શોષણરૂપી હિંસા અને વિલાસરૂપી સૂક્ષ્મ પણ ભયાનક હિંસામાંથી બચી જવું હોય તો આપણે સંયમ, સહયોગ અને કૌશલ્યવૃદ્ધિને જોરે નવા સમાજની સ્થાપના કરવી જોઈએ. આમાં સરકારની સીધી મદદ ન જ હોય. કામ વધ્યા પછી સરકાર પાસેથી અનુદાનો મેળવી શકાય, પણ એ આખો પુરુષાર્થ ધર્મસુધારકો અને સમાજસુધારકોએ પોતાની જવાબદારી પર ચલાવવો જોઈએ.

"આજની દુનિયામાં કારુણ્યનો પ્રચાર માણસ માણસના સંબંધો પૂરતો જ કરી શકીએ તો ઘણું થયું" (આ વાક્યને એકલું આપણી સામે આગળ ધરીને વત્સલાબહેને એમ સૂચવવા પ્રયત્ન કર્યો છે કે કાકાસાહેબ કરુણાપ્રચારને માત્ર માનવસમાજ પૂરતો સીમિત રાખવા ચાહે છે. પણ વસ્તુતઃ એમ નથી. કાકાસાહેબને વિચારણામાં જીવસૃષ્ટિ સાથેના અદ્વૈતવિચારને સ્થાન છે જ આ પ્રમાણે સૂચવતા પછીનાં વાક્યો નીચે પ્રમાણે છે.) "જીવસૃષ્ટિ-અદ્વૈત જ્યારે માણસજાતિને ગળે ઊતરશે ત્યારે આગળ વધી શકાશે. પોતાની ભાવના ઉત્તેજિત કરી જાણે પુણ્યપ્રકોપનું ભૂત પોતાના પર સવાર થયું હોય એવો ડોળ કરી અથવા મનને મનાવી મોઢેથી આકરાં, વેણ કાઢવા અને કોઈ ને કોઈની નિન્દા કરવી એ સાચો ઉપાય નથી. ધાર્મિક વિખવાદ તો ઊભો ન જ કરાય અને ગાંધીજીનું નામ પણ આગળ ન કરાય."

કાકાસાહેબના આ વિવેચનમાં અહિંસા કે કરુણાના વ્યાપક અને એમ છતાં સૂક્ષ્મ વિચાર સાથે વિરોધી હોય એવો એક

પણ ઉદ્‌ગાર નથી અને તેથી વત્સલાબહેનનો જવાબ જેમાં પ્રગટ થયો છે તે તા. ૧૬—૯—૬૧ ના પ્રબુદ્ધ જીવનનો અંક વાંચીને આશ્ચર્ય દાખવતા તરત જ લખાયેલા મારી ઉપરના તા. ૧૮—૯—૬૧ના પત્રમાં કાકાસાહેબ જણાવે છે કે, 'પ્રબુદ્ધ જીવનના તાજા અંકમાં વત્સલાબહેનનો જવાબ વાંચ્યો. એમને અન્યાય ન થાય એટલા માટે તમે તે સંપૂર્ણ છાપ્યો, પણ બીજાઓને પણ અન્યાય ન થાય એ જોવાનું તમારું કર્તવ્ય હતું. વત્સલાબહેને મારા લેખની ખૂબ કદર કરી છે ખરી, પણ મારાં બાર વચનો ભેગાં કરવાથી એવી છાપ પડે છે કે અહિંસા કે જીવદયા વિશે કશું કરવા જેવું નથી એવો મારો અભિપ્રાય છે. મારો મૂળ લેખ વાંચે તેને આવી ગેરસમજ થવા સંભવ નથી. જીવદયા અને પ્રાણીહત્યાના નિવારણમાં રૂઢિવાદી જૈનોની પ્રવૃત્તિ પાછળ વિચાર કે યોજના નથી; ચિન્તન જરાય નથી. તે એક રૂઢિ થઈ છે એમ મને લાગે જ છે. પણ એમને રચનાત્મક માર્ગ બતાવવો જોઈએ. સદિચ્છા કાર્યકારી સત્પ્રવૃત્તિમાં પરિણમવી જોઈએ. હમણાં જ હું પાર્લામેન્ટમાં બોલ્યો તેમાં કહ્યું કે ફાંસીની સજા અને ધર્મના નામે થતી પશુહત્યા એ બે આપણા જમાનામાં બંધ થવા જ જોઈએ. તમે તમારો સંપાદકીય લેખ લખીને પૂર્ણાહુતિ કરવાના છો તેમાં બધાને ન્યાય આપો અને વત્સલાબહેનને પૂછો કે અહિંસા અને પ્રાણીરક્ષા માટે શું અને કેટલું કરી શકાય તે સૂચવે." પ્રસ્તુત ચર્ચાની આ લેખ સાથે હવે પૂર્ણાહુતિ જ કરવા ઈચ્છું છું. એમ છતાં વત્સલાબહેનના પ્રથમ છપાયેલ ચર્ચાપત્રમાં અને અન્તિમ જવાબમાં જે વિગતો રજુ કરવામાં આવી તે સમગ્રપણે ધ્યાનમાં લેતાં, તેમને ઉદ્દેશીને કાકાસાહેબે કરેલા પ્રશ્નને થોડોક વિસ્તારીને હું આ રીતે પૂછવા માગું છું કે, "તેમની વિચારસરણીમાં અહિંસાને તેમ જ પ્રાણીરક્ષાને કોઈ સ્થાન છે ખરું? અને હોય તો તેનું સ્વરૂપ શું છે? અને તે દિશાએ શું અને કેટલું કરી શકાય તેમ છે?" ચર્ચાની પૂર્ણાહુતિ થવા છતાં આ બાબતમાં જો વત્સલાબહેન કંઈ લખી મોકલશે તો તેને ચર્ચા—પ્રતિચર્ચાનું રૂપ નહિ આપતાં તેમનું લખાણ જેવું આવશે તેવું પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે.

હવે આગળ ચાલીએ. શ્રી વત્સલાબહેન પોતાના જવાબમાં કલકત્તાની કાલી માતા સમક્ષ અને અન્યત્ર દેવીઓ સમક્ષ ધર્મના નામે નિર્દોષ પશુઓનાં બલિદાન આપવાની આપણા દેશમાં જે પ્રથા સદીઓથી આજ સુધી ચાલતી આવી છે તેનું હૃદયસ્પર્શી વિવરણ કરીને જણાવે છે કે "હું જૈન ભાઈઓને પૂછું છું કે આ અમાનુષી હત્યાનો કેમ વિરોધ કરતા નથી? માત્ર એના પર ધર્મનો સીક્કો લાગેલો છે એટલે જ ને?" આ પ્રશ્ન વાંચીને તેમના અજ્ઞાન વિષે જરાક આશ્ચર્ય થાય છે. તેમને એ તો ખબર હોવી જોઈએ કે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ધર્મના નામે યજ્ઞોમાં અપાતાં નિર્દોષ પશુઓનાં બલિદાન સામે ભગવાન મહાવીર અને બુદ્ધે પ્રચંડ વિરોધ ઊઠાવ્યો હતો અને એ સતત ધારાએ ચાલી રહેલા વિરોધના પરિણામે આ પ્રકારના યજ્ઞો આપણા દેશમાંથી લગભગ નાબુદ થયાં છે. આવી રીતે દેવીઓને અપાતા ભોગો સામે પણ અનેક દયાપ્રેમી સાધુસન્તો અને સજ્જનો વિરોધ ઊઠાવતા રહ્યા જ છે અને તેમાં જૈનો સ્વાભાવિક રીતે મોખરે રહ્યા છે. ઘણા દેશી રાજ્યોમાં મહાજનો કે જેમાં જૈનોનું અગ્રસ્થાન રહેતું હતું તેમણે દશેરાના દિવસે પાડા કે બકરાના અપાતા બલિદાન સામે પ્રચંડ વિરોધ કરીને આવી હિંસા અટકાવ્યાના અનેક દાખલાઓ આજ સુધીના ઈતિહાસમાં જ્યાં ત્યાં નોંધાયેલા નજરે પડે છે. આ જ કાર્ય આજે મોટા શહેરોમાં કેટલાંય વર્ષોથી ઊભી થયેલી જીવદયા મંડળીઓ કરી રહી છે અને આ મંડળીઓનું સંચાલન મોટા ભાગે જૈનોના હાથમાં હોય છે અને આવી અને અન્ય પ્રકારની હિંસાની અટકાયત માટે જૈનો મારફત મળતા હજારો રૂપિયા ખરચાય છે. એમાં કોઈ શક નથી કે આ બાબતમાં જૈનો સૌથી વધારે દર્દ અનુભવે છે. પણ એમ છતાં આ અમાનુષી હત્યા બંધ થઈ શકી નથી તેનું કારણ વિરોધનો અભાવ છે એમ નથી, પણ વિરોધ અને ઊંડો અણગમો હોવા છતાં અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી ભરેલા ધર્માનુયાયીઓના માનસમાં આ કુત્સિત પ્રથાની બહુ ઊંડી અને ઉખેડવી અત્યન્ત મુશ્કેલ એવી જડ પડી છે. આપણને ન ગમે એવું, આપણો તીવ્ર વિરોધ હોય એવું ઘણું અમાનુષી કાર્ય આ જગતમાં ચાલ્યા જ કરે છે. જ્યાં સુધી અજ્ઞાન અને અંધશ્રદ્ધાનો લોકોના માનસ ઉપર મજબુત પકડ છે, અને જ્યાં સુધી કરુણાવૃત્તિ લોકોનાં દિલને પૂરતા પ્રમાણમાં સ્પર્શી નથી ત્યાં સુધી આવા અનર્થો ધર્મના નામે ચાલ્યા જ કરવાના છે. આપણું કર્તવ્ય આ અજ્ઞાનનાં, અંધશ્રદ્ધાના અને નિષ્ઠુરતાના બળોને બને તેટલાં નાબુદ કરવામાં રહેલું છે.

જૈનોના રેશમના અને મોતીના વ્યાપારવ્યવસાય સામે શ્રી વત્સલાબહેને વારંવાર ટકોર કરી છે. તે સંબંધમાં તેમનું આટલું બધું તીવ્ર સંવેદન આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. જાણે કે આખી જૈન કોમનો આ મુખ્ય વ્યાપારવ્યવસાય હોય એવી રીતે તેમણે આ બાબતને વિસ્તારી વિસ્તારીને પોતાના મૂળ ચર્ચાપત્રમાં અને પછીના જવાબમાં રજુ કરી છે. મોતી અને રેશમના વ્યાપારમાં રોકાયેલા જૈનોની સંખ્યા બહુ નાની છે, બીજા અનેક નિરામિષાહારી લોકો પણ આ વ્યવસાય કરે છે. અલ્પ સંખ્યાના જૈનો અમુક ખોટું કામ કરતા હોય તો પણ તેનો બચાવ કરવો એવી પ્રબુદ્ધ જીવનની કોઈ નીતિ નથી. જેણે આહારના ક્ષેત્રે નિરામિષાહાર સ્વીકાર્યો તે પ્રાણીજન્ય પદાર્થોનો વ્યાપાર લોભવશાત છોડી ન શકે તે જુદી વાત છે, પણ નિરામિષાહાર પાછળ રહેલી વૃત્તિ સાથે આવી પ્રવૃત્તિ સંગત નથી અને મૂળ વૃત્તિને વફાદાર બનવાની ઈચ્છા ધરાવનારે આવી પ્રવૃત્તિ છોડવી જ જોઈએ એમાં કોઈ બેમત હોવા સંભવ નથી.

હવે બીજા મહત્ત્વના મુદ્દા ઉપર આવીએ તે પહેલાં, રેશમ સંબંધમાં સ્વામી સત્યભક્તે તા. ૧૬—૫—૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં જે જણાવ્યું છે તેનો વિચાર કરી લઈએ. તેઓ આ બાબતમાં જણાવે છે કે "મોતીને માટે જે હિંસા કરવામાં આવે છે તે ખરી રીતે બીનજરૂરી છે, પણ રેશમની બાબતમાં એમ કહી શકાય તેમ નથી; કેમકે દેશમાં કપાસની પણ તંગી છે તેથી રેશમ મારફત એની જેટલી પૂર્તિ થાય એટલાનું સ્વાગત કરવું ઘટે છે."

દેશમાં કપાસની ખરેખર તંગી છે એ વિધાન બરોબર નથી લાગતું, કારણ કે સુતરાઉ કાપડની તો પરદેશ નિકાસ થાય છે; પણ માની લઈએ કે કપાસની તંગી છે તો પણ આર્ટિફિશિયલ સીલ્ક, રેયોન, નાઈલોન વગેરે એટલી બધી કાપડની જાતો દેશમાં બનતી અને ચાલુ વપરાશમાં વહેતી થઈ છે કે રેશમનું ઉત્પાદન દેશમાંથી સદન્તર બંધ કરવામાં આવે તો પણ કાપડની કોઈ તંગી પડવા સંભવ નથી; આ કારણે સ્વામી સત્યભક્તનું રેશમની આવશ્યકતા વિશેનું ઉપરનું વિધાન મને બરોબર લાગતું નથી.

હવે આપણે ખેતીની રક્ષા અર્થે અને વૈજ્ઞાનિક તથા વૈદ્યકીય સંશોધન અર્થે ઉંદર, સસલાં, વાંદરાં, કૂતરા, હરણ, રોઝ વગેરેની અહીં તેમ જ પાશ્ચાત્ય દેશોમાં આજે ચાલી રહેલી હિંસા અને તેના અનુસંધાનમાં આપણાં દેશમાંથી કરવામાં આવતી વાંદરાની નિકાસની યોગ્યાયોગ્યતાના પ્રશ્નનો વિચાર કરીએ. આ પહેલાં આપણા દેશનું આજથી સોએક વર્ષ પહેલાંનું જીવન અને આજની જીવન પરિસ્થિતિ વચ્ચે કેવું મોટું અન્તર પડ્યું છે તેનો જો કાંઈક ખ્યાલ આપવામાં આવે તો આ અતિ જટિલ પ્રશ્નનો ઉકેલ કાંઈક સરળ બનવા સંભવ છે.

આજથી સોએક વર્ષ પહેલાં દેશમાં અલબત્ત પ્રજાનો અમુક સમુદાય માંસાહારી તો હતો જ. પણ જે નાની દુનિયામાં આપણે નિરામિષાહારીઓ વસતા હતા તે દુનિયાથી જાણે કે દૂર અગોચર એવા વિભાગમાં માંસાહારીઓનો વસવાટ હતો અને તે સમુદાયના અસ્તિત્વ વિષે આપણે ભાગ્યે જ સભાન હતા. દેશની જરૂરિયાત કરતાં સારા પ્રમાણમાં વધારે અનાજ પાકતું હતું અને ઉગેલા પાકને આસપાસનાં જાનવરો ગમે તેટલું નુકસાન કરે તો પણ તે કોઈને જણાતું નહોતું

અને તેને બચાવવા ખાતર એક પણ પ્રાણીની હિંસા કરવાનો કોઈના દિલમાં પ્રશ્ન જ ઊભો થતો નહોતો. પરદેશો સાથે આયાત નિકાસનો વેપાર કંઈ કાળથી ચાલ્યો આવતો હતો પણ તેનું પ્રમાણ બહુ નાનું હતું અને તેમાં પશુ પંખી કે મત્સ્યની નિકાસનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નહિ. દર્દોનાં નિદાન ચિકિત્સા મોટા ભાગે આયુર્વેદ ઉપર આધારિત હતાં અને ઔષધો અને ઉપચારોને કોઈ પ્રાણીજન્ય પદાર્થો સાથે સંબંધ નહોતો. દેશમાં વૈદ્યકીય કે વૈજ્ઞાનિક સંશોધનનું નામનિશાન નહોતું અને આજના વૈદ્યકીય શિક્ષણમાં જીવહિંસા અનિવાર્ય બની ગઈ છે તેવા કોઈ વૈદ્યકીય કે વૈજ્ઞાનિક શિક્ષણનો દેશમાં પ્રારંભ થયો નહોતો. આમ હોવાથી વૈજ્ઞાનિક કે વૈદ્યકીય સંશોધન કે શિક્ષણના કારણે આજે ચાલી રહેલી પાર વિનાની હિંસાની એ કાળે કોઈને કલ્પના સરખી નહોતી. પ્રમાણમાં બધું સોંઘું હતું. જીવનવ્યવસ્થા સરળ હતી. આજ જેવાં મોટાં શહેરો નહોતાં. વસ્તીની કોઈ ભીંસ નહોતી.

આજે આખું ચિત્ર બદલાઈ ગયું છે. વસતી એકદમ વધતી ચાલી છે. ચીજોની અછત નિત્ય જીવનનો વિષય થઈ પડયો છે. દેશની જરૂરિયાતના પ્રમાણમાં અનાજ બહુ ઓછું પાકે છે. પરદેશથી ઢગલાબંધ અનાજ લાવવું પડે છે. પરિણામે ધરતીના પાકને રાની પશુઓની રંજાડથી બચાવવાના પ્રશ્નને જુદું જ મહત્ત્વ ધારણ કર્યું છે. આયુર્વેદ અપ્રતિષ્ઠિત થયું છે. એલોપથી અને સર્જરીએ તેનું લગભગ સર્વત્ર સ્થાન લીધું છે. વિજ્ઞાન આપણા જીવનના સર્વ અંગોને સ્પર્શી રહ્યું છે. શિક્ષણના પ્રદેશમાં વૈજ્ઞાનિક અને વૈદ્યકીય શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. વળી આઝાદી મળ્યા બાદ વૈજ્ઞાનિક સંશોધનની પ્રવૃત્તિને આપણા દેશમાં અસાધારણ વેગ મળી રહ્યો છે. અણુસંશોધનના ક્ષેત્રમાં આપણા દેશે સારી પ્રગતિ સાધી છે. આ વૈજ્ઞાનિક શિક્ષણ અને સંશોધન જેની સાથે ઘણાં મોટા પ્રમાણમાં જીવહિંસા જોડાયેલી છે તેનો લાભ લેવા માટે આપણી પ્રજાને આપણે હોંશ અને આશાભેર વૈજ્ઞાનિક શિક્ષણ આપતી ભિન્ન ભિન્ન સંસ્થાઓમાં દાખલ કરીએ છીએ તથા તેને લગતા ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ મોકલી રહ્યા છીએ. અહીં કરતાં પણ યુરોપ અમેરિકામાં ઘણાં વધારે મોટા પાયા ઉપર વૈજ્ઞાનિક સંશોધનો ચાલી રહ્યાં છે અને સંખ્યાબંધ પ્રાણીઓ ઉપર કરવામાં આવતા પ્રયોગો દ્વારા અનેક આશ્ચર્યજનક ઔષધો અને ઈન્જેકશનો શોધાયાં છે, જેના પરિણામે અસાધ્ય લેખાતા દર્દો અને વ્યાધિઓ દા. ત. ક્ષય અને કેન્સર સુસાધ્ય બનતા જાય છે અને જેના પરિણામે શસ્ત્રક્રિયા સર્જરીના ક્ષેત્રે કલ્પનામાં ન આવે એવાં વિક્રમો સધાયા છે અને સધાતા જાય છે. અને તેથી જેના જીવવાની આશા છોડવામાં આવતી હતી તે હવે સાજે થાય છે. માનવીની આવરદાનું પ્રમાણ વધ્યું છે અને દુનિયાને શારીરિક સ્વાસ્થ્યના ક્ષેત્રે અવર્ણનીય લાભ થયો છે. આ હિંસા પ્રાય ઔષધો, ઈન્જેકશનો અને વૈદ્યકીય ઉપાયોનો હિંસાવાદી અહિંસાવાદી સૌ કોઈ, વિરલ અપવાદો બાદ કરતાં, મુકત મને લાભ લઈ રહ્યા છે. આજની આ પરિસ્થિતિ છે. તેના સંદર્ભમાં પ્રથમ પાકની રક્ષાનો પ્રશ્ન આપણે વિચારીએ. રાની પશુઓના રંજાડથી ખેતીનો જે નાશ થઈ રહ્યો છે તે આજની અનાજતંગીના દિવસોમાં લોકોને પરવડે તેમ નથી. આ રીતે નુકસાન કરતા વાંદરા વગેરે પ્રાણીઓને બીજી રીતે અટકાવાય એમ નથી. આ સંયોગોમાં શું કરવું? અથવા તો આ બાબતમાં જેની વિશેષ જવાબદારી છે એ સરકાર શું કરે? ખેતરને રંજાડતા પશુઓની હિંસા સિવાય મોટા ભાગે બીજો વિકલ્પ દેખાતો નથી. બીજી બાજુએ આ નિર્દોષ પશુઓનો બંદુક પીસ્તોલથી નાશ કરવામાં આવે એ કરુણાપ્રેરિત માનવી માટે અસહ્ય ઘટના છે. આવી હિંસા અનિવાર્ય બને તેનું તેને પારાવાર દુ:ખ છે. આ બાબતની ચર્ચા કરતાં મારા મિત્ર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પોતાના લેખમાં જણાવ્યું છે તે મુજબ "ખેતીવાડીનું રક્ષણ કરવા વાંદરાને મારવા પડે એ પણ અહિંસાનો કોયડો છે. વાંદરાને ન મારવા પડે એવા ઉપાયો યોજવા જોઈએ. અનિવાર્ય હોય તો ઓછામાં ઓછી હિંસા કરવી જોઈએ અને તેમાં પણ અન્તરમાં ખેદ હોય. એમાં રાચવું, એની અતિશયતા કરવી એ ખોટો માર્ગ છે." ખેતીવાડીના વ્યવસાયમાં પડેલો અહિંસાવાદી માનવી આમ જ વિચારે અને વર્તે.

(અપૂર્ણ)

પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

વક્રોકિતનો અદ્‌ભુત નમુનો

ઈ. સ. ૧૯૨૦ થી ૩૦ ના દશકા દરમિયાન જ્યારે આચાર્ય કૃપાલાણી ગુજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ હતા તે કાળનો એક પ્રસંગ તા. ૨૨—૧૦—૬૧ ના જન્મભૂમિ—પ્રવાસીમાં નોંધાયેલો વાંચવામાં આવ્યો. વક્રોકિતનો તે એક અદ્‌ભુત નમુનો હોઈને અહીં તે ઉદ્‌ધૃત કરવામાં આવે છે.

"ગાંધીજીની ફિલસુફી પર એક ચર્ચા સભા ગોઠવાઈ હતી. વિવિધ વકતાઓએ ગાંધીજીના વિવિધ પાસાઓનું અનન્ય ભાવે મૂલ્યાંકન કર્યું અને પછી કૃપાલાણીજી ઉભા થયા. એમણે ગાંધીજીની વિચારધારાના એક પછી એક મુદ્દાઓ લઈને જોરદાર અને કટાક્ષમય દલીલો કરી, અને અંતે તેમણે એવું પ્રતિપાદન કર્યું કે એ વિચારધારા ગાંધીજીના માનસમાં વ્યાપી રહેલા અંધકારના પ્રતિબિંબ સમી હતી. બધા શ્રોતાઓ અવાક થઈ ગયા. તેમને થયું કે કૃપાલાણીજી આ કહે છે શું?

"પરંતુ કૃપાલાણીજીએ પોતાનું પ્રવચન પુરું કર્યાં કર્યું હતું? તેઓ તો જરા અટકીને આગળ વધ્યા અને કહ્યું: "'But hisdarkness is brighter than my light–તેમનોઅંધકાર મારા પ્રકાશ કરતાં વધારે પ્રકાશિત છે." કૃપાલાણીજી આ વાકય બોલીને બેસી ગયા. અને એક અવિસ્મરણીય પ્રવચન સાંભળ્યાની લાગણી શ્રોતાઓના મન ઉપર સવાર કરી ગઈ."

ગોવાની મુકિતનો પ્રશ્ન અને ભારત સરકારની નીતિ

ગયા પખવાડિયા દરમિયાન દિલ્હી તેમજ મુંબઈ ખાતે એશિયા તેમજ આફ્રિકામાં આવેલી પોર્ચુગીઝ વસાહતો સંબંધમાં એક આન્તરરાષ્ટ્રીય પરિસંવાદ — સેમીનાર — ગોઠવાયો હતો. ભારતના નિમંત્રણને માન આપીને આ માટે ખાસ પધારેલા — પરદેશી વસાહતોમાં વસતી પ્રજાના — પ્રતિનિધિઓએ આ સેમીનારમાં બહુ રસપૂર્વક ભાગ લીધો હતો અને પરદેશી વસાહતોની મુકિતના પ્રશ્ન ઉપર ગંભીર, વિધાયક અને રચનાત્મક વિચારણા થઈ હતી. વળી મુંબઈમાં ચોપાટીના સમુદ્ર કિનારે તા. ૨૩—૧૦—૬૧ ના રોજ ગોવાની મુકિતને પ્રાધાન્ય આપતી એક વિરાટ સભા ભરવામાં આવી હતી. આની અંદર આફ્રિકા તેમજ અન્ય દેશોમાંથી આવેલા પ્રતિનિધિ મહેમાનોએ તીવ્ર લાગણીભર્યાં પ્રવચનો કર્યા હતાં. અને સૈન્યની મદદ વડે ગોવાને તત્કાળ મુકત કરવાનો તેમાંના ઘણાખરાએ ભારત સરકારને જોરદાર અનુરોધ કર્યો હતો. આ સભામાં ઉપસ્થિત થયેલા ભારતના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરુએ પણ પોર્ચુગીઝ તેમજ અન્ય વસાહતોના અને તેમાં પણ ગોવાના પ્રશ્નની સવિસ્તર આલોચના કરતું વ્યાખ્યાન આપ્યું હતું અને હવે કદાચ કાંઈક નવું પગલું ભરવું પડે એવું સૂચન કર્યું હતું.

૧૯૪૭ ના ઑગસ્ટ માસમાં આપણો દેશ સ્વતંત્ર થયો, પણ એ વખતે પોંડીચેરીમાં હકુમત ધરાવતી ફ્રેન્ચ સત્તા સામે અને દીવ, દમણ અને ગોવામાં હકુમત ધરાવતી પોર્ચુગીઝ સત્તા સામે આપણે કશાં પગલાં લીધાં નહોતાં—એમ સમજીને કે જ્યારે અંગ્રેજોએ આટલા મોટા દેશનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે ત્યારે આ બન્ને રાજ્યસત્તાઓ પણ સમય જતાં સમજી કરીને પોતાની હકૂમત નીચેના પ્રદેશોનો કબજો આપણને સોંપી દેશે. ફ્રેન્ચોની બાબતમાં આ આપણી ગણતરી સાચી પડી, અને આઝાદી મળ્યા બાદ એક બે વર્ષના ગાળામાં તેમણે પોંડીચેરીનો પ્રદેશ આપણને સુપ્રત કર્યો, પણ પોર્ચુગલ આ બાબતમાં આણનમ રહ્યું. જેવી રીતે હૈદ્રાબાદ સામે ભારત સરકારે 'પોલીસ એકશન' લઈને હૈદ્રાબાદને કબજે કર્યું હતું તેવી રીતે દીવ, દમણ અને ગોવા પણ આપણે લઈ શકતા હતા, પણ પોર્ચુગલ પરદેશી હકૂમત હોઈને પોલીસ એકશન લેવા

જતાં આંતરરાષ્ટ્રીય આઘાત પ્રત્યાઘાતો કંઈ કંઈ પ્રકારના ઉભા થાય એવું જેમાં જોખમ રહેલું છે એવા માર્ગે ન જવું અને શાન્તિના માર્ગને વળગી વાટાઘાટ અને સમજાવટથી આ બાબતનો નીકાલ લાવવો એવી નીતિ આપણે સ્વીકારી હતી. આને આજે લગભગ તેર વર્ષ થવા આવ્યાં. આપણે પોર્ચુગલને ઠેકાણે લાવવા માટે અનેક પ્રયત્નો કર્યા, તેની ઉપર આંતરરાષ્ટ્રીય દબાણ લાવવા માટે પણ શકય તેટલું કરી છૂટયા, પણ દીવ, દમણ અને ગોવાને પકડી રાખવાની પોર્ચુગલની મક્કમ નીતિ ઉપર આપણે કશી અસર પાડી ન શકયા. ઉલટું તેની હકુમત તળે રહેલી પ્રજા ઉપર દમનનો દોર વધતો ચાલ્યો. આપણી ધીરજની આજ સુધી આ રીતે ખૂબ કસોટી થતી રહી.

આ ધીરજનો હવે જાણે કે અંત આવી રહ્યો હોય એમ ભારતના વડા પ્રધાને આ વખતે ઉપર જણાવેલી સેમીનારમાં પહેલી વાર ઉચ્ચાર્યું કે બળનો ઉપયોગ હવે અમે બહિષ્કૃત લેખી શકીએ તેમ નથી. મુંબઈની જાહેર સભામાં પણ આ જ વિચારનું તેમણે પુનઃ ઉચ્ચારણ કર્યું. આ ઉપરથી ઉચ્ચ સપાટી ઉપર, ગોવા સંબંધમાં કાંઈક પોલીસ એકશન જેવું વિચારાઈ રહ્યું હોય એવું સહજ અનુમાન થાય છે.

આ જાણીને કોઈ પણ વ્યકિત એમ આક્ષેપ કરી શકે છે કે ભારત સરકારે ગાંધીવાદની અને અહિંસાની ખૂબ વાતો કરી, પણ હવે તે બધું નેવે મૂકવા તત્પર થઈ છે. હવે પછી શું થવાનું છે એ વિષે કશું ચોક્કસ કહેવાની આપણે સ્થિતિમાં નથી. પણ ધારો કે આપણે કલ્પીએ છીએ તેવું ભારત સરકાર પગલું લેવાનો નિરધાર કરે તો તે પગલું અને એક દેશ અન્ય દેશ ઉપર ચઢાઈ કરે તે પ્રકારના આક્રમણ–એ બે વચ્ચે રહેલા તફાવતને આપણે બરોબર સમજી લેવો જોઈએ. ધારો કે આપણી મિલ્કતના એક ખૂણાનો કોઈ એક બહારની વ્યકિતએ કબજો લીધો છે. તેને ત્યાંથી ચાલી જવા આપણે વારંવાર વિનવીએ છીએ તો પણ તે આદમી ત્યાંથી ખસવાની ધરાર ના પાડે છે. આપણે બને ત્યાં સુધી બળજોરી વાપરવા માંગતા નથી અને તેથી તે સમય જતાં સમજશે અને ખસી જશે એવી આશા ઉપર આપણે રાહ જોઈને બેસી રહીએ છીએ, પણ તે આદમી એકનો બે થતો નથી. આખરે નિરૂપાય બનીને આપણી તાકાતના જોરે અથવા પોલીસને બોલાવીને તેને ઉપાડીને આપણે બહાર ફેંકી દઈએ છીએ. આમ કરવામાં હિંસા તો થઈ, તેની ઉપર આક્રમણ પણ કરવું પડયું, પણ જો આ ઘર મારૂં છે એમ મેં માન્યું અને બહારના માણસે અહીંથી હટી જવું જ જોઈએ એમ પણ જો મેં માન્યું અને એમ છતાં તેને સમજાવવામાં મેં પ્રયત્નોની કોઈ કચાશ ન રાખી તો પછી ત્યાર બાદનું જે પગલું લેવામાં આવ્યું તે વ્યાજબી લેખાવું જોઈએ એમ આપણું મન કહે છે. આવી જ રીતે ગોવાની બાબતમાં ભારત સરકાર આજ સુધીની નીતિનો ત્યાગ કરીને જો અન્ય પ્રકારનું પગલું ભરે તો તે પગલાંને આપણે ગેરવ્યાજબી કહી નહિ શકીએ.

અલબત્ત અહિંસાની ઉચ્ચ કસોટીએ માપતાં આ પગલું હિંસક અને તેથી જરૂર અનુચિત લેખાવાનું; પણ આ પગલાંના મૂળમાં આ ઘર મારૂં અને આ દેશ મારો એવો એક પ્રકારનો આત્મીયતાનો મોહ રહેલો છે. આ મોહથી જે મુકત છે તે કોઈ પણ સંયોગમાં હિંસાસૂચક આક્રમક પગલું નહિ ભરે, પણ જ્યાં અમુક સ્થળ કે પ્રદેશ વિષે આત્મીયતાનો ભાવ છે, જ્યાં આ મારૂં છે અને આ અન્યનું છે એવો ભેદ ઉભય પક્ષે સ્વીકૃત છે ત્યાં પોતાના પરિગ્રહને રક્ષવા માટે મારું જેને લેખ્યું તેને બચાવવા માટે અહિંસા સાથે આપણે અમુક સંયોગમાં બાંધછોડ કરવી જ રહી. પ્રસ્તુત પ્રશ્નમાં ભારત સરકાર હવે હિંસાને–અશાન્તિના માર્ગને અપનાવે છે એમ વિચારવાને બદલે જ્યાં કોઈ પણ રાજ્યસત્તાએ કયારનું યે પોલીસ પગલું ભરીને પોર્ચુગીઝોને ગોવામાંથી કાઢી મૂકયા હોત ત્યાં આપણે અહિંસાના–શાન્તિના–સમજાવટના માર્ગને વળગી રહીને તેર તેર, ચૌદ ચૌદ વર્ષ સુધી ધીરજ ધારણ કરી, અમુક પ્રજામતના દબાણનો સામનો કરીને પણ ખામોશ પકડી. અને શસ્ત્ર ઉગામવાનો વિચાર ન કર્યો–આમ વિચારીને ભારત સરકારને અને તેના પ્રણેતા જવાહરલાલ નેહરુને અન્તરથી અભિનન્દવા ઘટે છે. અને હજુ પણ આ માર્ગનો સદન્તર ત્યાગ કરવામાં આવશે એમ એકાન્તપણે માની લેવાને કોઈ કારણ નથી.

સાધુતાનું આ તે કેવું ઘમંડ?

મુંબઈ ખાતે ગત ઓકટોબર માસની ૮મી તારીખે આત્મસાધક મદ્રાસનિવાસી શ્રી ઋષભદાસજી જૈન અને સાહિત્યોપાસક રાજકોટનિવાસી શ્રી મોહનલાલ ધામીનું બહુમાન કરવા માટે અને તેમને માનપત્ર અર્પણ કરવા માટે પાયધુની ઉપર આવેલા ગોડીજીના નવા ઉપાશ્રયની વ્યાખ્યાનશાળામાં એક ભવ્ય સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. શ્રી વિજયધર્મસૂરી અધ્યક્ષસ્થાને બીરાજ્યા હતા. માનનીય શ્રી મંગળદાસ પકવાસા અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. અનેક સાધુ–સાધ્વીઓ આ પ્રસંગ ઉપર ઉપસ્થિત થયાં હતાં. જૈન સમાજના આગેવાનોની પણ સારી હાજરી હતી અને બહોળો શ્રાવક–શ્રાવિક સમુદાય એકત્ર થયો હતો.

કેટલાંક ઔપચારિક વિવેચનો થયા બાદ ઉપસ્થિત સાધુઓમાંના શ્રી વિક્રમવિજયજીએ એ મતલબનું જણાવ્યું હતું કે "અહીં હાજર રહેલાં ભાઈ બહેનોમાંથી કોઈ એમ ન સમજે કે અમે સાધુઓ આ બે ગૃહસ્થોનું સન્માન કરવા માટે ઉપસ્થિત થયા છીએ. કોઈ જૈન સાધુ કોઈ ગૃહસ્થનું કદિ સન્માન કરી શકે જ નહિ. અમારી ઉપસ્થિતિનું કારણ એ છે કે સાધર્મી ભાઈ બહેનો આ બે સાધર્મી ભાઈઓને કેવી રીતે સન્માને છે તે નજરે નિહાળવું અને તે પ્રકિયાનું અનુમોદન કરવું, કોઈ જૈન સાધુ કોઈ જૈન ગૃહસ્થનું સન્માન કરી ન જ શકે." આ તે કેવું ઘમંડ! અને આમ બોલવું તે કેવી ધૃષ્ટતા! ઈતિહાસમાં તો એમ નોંધાયેલું છે કે ભગવાન મહાવીરે આનંદ શ્રાવકની અવારનવાર પ્રશંસા કરેલી અને આદર કરેલો અને આ સાધુ અને તે આજના જમાનામાં એમ બોલવાની, કહેવાની આવા શિષ્ટ સમાજને સંભળાવવાની હીંમત કરે છે કે જૈન સાધુ કોઈ જૈન ગૃહસ્થનું સન્માન કરી ન શકે. આવું અહંકાર અને અભિમાનનું પડળ ધરાવનાર સાધુ અન્યને શું પ્રકાશ આપી શકવાના છે અને અન્યને શું માર્ગદર્શન કરાવવાના છે? તેમને શું એટલી ખબર નથી કે માનવીની મહત્તા વેશને વરેલી નથી પણ અંદરના વ્યકિતત્વને વરેલી છે અને જ્યાં જ્યાં મહત્તા છે, ગુણવત્તા છે પછી તે ગૃહસ્થ હોય કે સાધુ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય–ત્યાં ત્યાં દરેક ગુણજ્ઞ માનવીનું માથું આદરથી નમવું જ જોઈએ. આવી નમ્રતા જેનામાં નથી તે વ્યકિત સાધુ વિશેષણને યોગ્ય નથી.

આવીજ વિચિત્રતા જૈન સાધુ અને સાધ્વી વચ્ચેના પરસ્પર આચારને લગતી છે. આ સંબંધમાં એવી પરંપરા પ્રવર્તે છે કે નવદીક્ષિત સાધુ બહુકાળ દીક્ષિત સાધ્વીને નમે નહિ. ઉલટું આવો સાધુ બહુકાળ દીક્ષિત સાધ્વીને વન્દનીય બને છે. કારણ? કારણ એ કે કોઈ પણ સંયોગમાં પુરુષ ચડિયાતો છે, સ્ત્રી ઉતરતી છે. આજે આ ઊંચા નીચા ધોરણ કેવળ હાસ્યાસ્પદ લાગે છે. કવિ ભવભૂતિએ યોગ્ય જ કહ્યું છે કે–**गुणाः पूजास्थानं, न च लिंगं न च वयः** । ગુણો જ પૂજાપાત્ર છે; જાતિમાં કે વયમાં કશી પૂજાપાત્રતા રહેલી નથી.

અહીં મુનિ સંતબાલજીને યાદ કરવા અસ્થાને નહિ ગણાય. તેમણે એક ગૃહસ્થને એટલે કે ગાંધીજીને હંમેશાં અત્યન્ત આદરણીય ગણ્યા છે અને માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા છે. અને બીજું તેમણે પોતાના સાંઘાડા સાથેનો અને પોતાના ગુરૂ મુનિશ્રી નાનચંદ્રજી સાથેનો સંબંધ જે મતભેદોના કારણે છોડયો છે તેમાં એક મતભેદ

સાધુ — સાધ્વીઓની વચ્ચે ઉપર જણાવેલ અસમાનતાના ધોરણ અંગે હતો. તેમની ન્યાયપ્રિય વૃત્તિને આ અસમાનતા ખટકી અને તે સામે પોતાનો વિરોધ તેમણે જાહેર કર્યો. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં આવી હીંમત દાખવવા બદલ તેમને જરૂર ધન્યવાદ ઘટે છે.

આ નોંધ લખતાં મને મારા નાનપણનું એક સ્મરણ યાદ આવે છે. ગાંધીજીને પણ જેમણે માર્ગદર્શન આપ્યું એવા શ્રીમદ્ રાજચંદ્રને કોણ નથી જાણતું? તેઓ આ યુગના એક મહાન વિભૂતિ હતા. મારા નાનપણના દિવસોમાં જૈન સાધુઓ પાસે—ખાસ કરીને શ્વે. મુનિ જૈન સાધુઓ, આચાર્યો, પાસે—જવાનું બહુ બનતું. તેમને શ્રીમદ રાજચંદ્રની ખૂબ ટીકા નિન્દા કરતા મેં સાંભળ્યા છે. એ ટીકાનો સામાન્ય એ સૂર હતો કે એક ગૃહસ્થ જૈન ધર્મમાં શું સમજે? એક બાજુ શ્રીમદ રાજચંદ્રજીની જૈન ધર્મના અવતારી પુરુષ તરીકે પૂજા થતી હતી. બીજી બાજુએ જૈન સાધુઓનું ઉપર જણાવ્યું તે મુજબનું તેમના વિષે કેવળ અવમાનના ભર્યું વલણ જોવામાં આવતું હતું. આ પાછળ પણ મને સાધુત્વનું ઘમંડ અને શ્રીમદ્ રાજચંદ્ર વિષેનો તેજોદ્વેષ દેખાયો હતો. ઉપર જણાવેલ સન્માન સમારોહના પ્રસંગમાં તેજોદ્વેષનો કોઈ પ્રશ્ન જ નહોતો પણ 'જૈન સાધુ ગૃહસ્થનું કદિ સન્માન કરી શકે જ નહિ' એ ઉકિત પાછળ ઘમંડ, અવિવેક અને અભિમાન તો હતાં જ. પરમાનંદ

કાશ્મીર-પ્રવાસ ચિત્રપટ-દર્શન

તા. ૭—૧૦—૬૧ ના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયલા કાશ્મીર પ્રવાસને લગતું ચિત્રપટ 'મનોહર'માં સંઘના સભ્યોને દેખાડવામાં આવ્યું હતું. આ ચિત્રપટ પ્રવાસ મંડળીમાંના એક શ્રી બાલુભાઈ નાનાલાલ શાહે પ્રવાસ દરમિયાન લીધેલી ફિલ્મ ઉપરથી તૈયાર કરવામાં આવ્યું હતું. આ ચિત્રપટ સાથે કાશ્મીર પ્રવાસને લગતી કેટલીક રંગીન સ્લાઈડ્ઝ, આબુ—દેલવાડાની એક રંગીન ફિલ્મ અને ફિલ્મ્સ ડિવિઝન તરફથી મેળવવામાં આવેલી હિમાલય પ્રદેશને લગતી કેટલીક ફિલ્મો પણ દેખાડવામાં આવી હતી. આ પ્રસંગે પ્રવાસીઓ પોતાના કુટુંબીજનો અને બાળબચ્ચાં સાથે અને અન્ય સભ્યો પણ પોતાના કુટુંબપરિવાર સાથે બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. પ્રવાસીઓ માટે આ એક મોટો કુટુંબમેળો હતો. 'મનોહર'નો વિશાળ હોલ ચીકાર ભરાઈ ગયો હતો. આ ચિત્રપટો દેખાડવાનો કાર્યક્રમ ૬—૩૦ વાગ્યે શરૂ કર્યો હતો અને રાત્રીના ૮—૪૫ વાગ્યે પૂરો થયો હતો. લગભગ ૨૫૦ જેટલા નાનાં મોટાં ભાઈ—બહેનોએ આ પ્રસંગનો લાભ લીધો હતો. આ રીતે લગભગ અઢી કલાક ચિરસ્મરણીય આનંદ કલ્લોલમાં અને મધુર સ્નેહમીલનમાં પસાર થયા હતા. કાશ્મીરના પ્રવાસને લગતું ચિત્રપટ અને મનોહર સ્લાઈડ્ઝ દેખાડવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી બાલુભાઈનો અને આવા આનંદસભર સંમેલન ભરવા માટે પોતાના નિવાસસ્થાનનો ઉપયોગ કરવા દેવા બદલ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીનો અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલ

મુનિ ચંદ્રપ્રભસાગરજીનું જાહેર વ્યાખ્યાન

તા. ૫—૧૧—૬૧ રવિવારના રોજ સવારના નવ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં પ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું 'જૈન દર્શન' ઉપર જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું છે. આ પ્રસંગનો લાભ લેવા ભાઈ બહેનોને વિનંતિ છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

આવતી ચૂંટણીમાં આટલું કરીએ: જવાબદારીની સભાનતા કેળવીએ

૨૮ મી સપ્ટેમ્બરથી ૧ ઓકટોબર સુધી દિલ્હી ખાતે મળેલી 'રાષ્ટ્રીય એકતા પરિષદ'નું એવું મંતવ્ય રહ્યું છે કે, રાષ્ટ્રીય એકતાને પોષવા અને વિકસાવવા સારું રાજકીય પક્ષો, અખબારો, વિદ્યાર્થીઓ અને જાહેર જનતા—એ સહુ માટે આચારસંહિતા હોવી જરૂરી છે. આવતી સામાન્ય ચૂંટણીને લક્ષમાં લઈને રાજકીય પક્ષો સારું એક ખાસ આચારસંહિતા ઘડી કાઢવી જોઈએ. આ બધી બાબતો અંગે લાગતાવળગતા હિતો સાથે ચર્ચાવિચારણા કર્યા વિના વ્યાપક નિયમો ઘડી કાઢવાનું શકય નથી. આમ છતાં પરિષદમાં હાજર રહેલ વિવિધ પક્ષોના પ્રતિનિધિઓ રાજકીય પક્ષો માટે નીચેના નિયમોનો તાત્કાલિક સ્વીકાર કરવા સંમત થયા હતા :—

(૧) જુદી જુદી જ્ઞાતિઓ અને ધાર્મિક કે ભાષાકીય કોમો વચ્ચે ધિક્કાર જન્માવે કે તંગદિલી વધારે એવી કશી પ્રવૃત્તિ કોઈ પક્ષે કરવી જોઈએ નહિ.

(૨) રાજકીય પક્ષોએ સમાધાન અને મધ્યસ્થીના બધા માર્ગો અપનાવી લીધા વિના કોમી, જ્ઞાતિય, પ્રાદેશિક કે ભાષાકીય પ્રશ્ન અંગેની ફરિયાદો અંગે દાદ મેળવવા એવી ચળવળોનો આશરો લેવો જોઈએ નહિ, કે જેથી શાંતિનો ભંગ થાય અને જનતાના જુદા જુદા વિભાગો વચ્ચે કડવાશ ઊભી થાય કે તંગદિલી વધે.

(૩) કોઈ પણ રાજકીય પક્ષ કોઈ પણ બાબત અંગે કોઈ ચળવળ ઉપાડે તો એણે એટલું તો અવશ્ય ધ્યાન રાખવું જોઈએ કે એની ચળવળ દરમિયાન હિંસાને ઉશ્કેરણી ન મળે તથા કોઈ પણ જાતના હિંસાત્મક કૃત્યોનો આશરો ન લેવાય. અને પક્ષના બધા જ પ્રયત્નો છતાંય જો હિંસા ફાટી નીકળે તો પક્ષે તેને તુરત જ વખોડી કાઢવી જોઈએ.

(૪) રાજકીય પક્ષોએ બીજા પક્ષો દ્વારા યોજાયેલ સભા સરઘસો વગેરેમાં અવરોધો ઊભા કરવાની અને એમને વખોડી પાડવાની પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ.

(૫) કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનાં પગલાં લેતી વખતે સરકારે એ વાતની કાળજી રાખવી જોઈએ કે નાગરિક સ્વાતંત્ર્ય પર બિનજરૂરી અંકુશો ન મુકાય અને રાજકીય પક્ષોની રાબેતા મુજબની પ્રવૃત્તિઓમાં કશી બાધા પહોંચે એવાં પગલાં ન ભરાય.

(૬) કોઈ પણ કક્ષાએ રાજકીય સત્તાનો ઉપયોગ અંગત કે પોતાના જ પક્ષના સભ્યોના વ્યકિતગત હિતોને પાર પાડવા કે અન્ય પક્ષોના સભ્યોના હિતોને નુકસાન પહોંચાડવા સારું ન કરવો જોઈએ.

જુદા જુદા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ પ્રાંતિય તેમ જ રાષ્ટ્ર સ્તરે શિષ્ટાચારના નિયમો ઘડી કાઢવાના તેમ જ પરસ્પર મંત્રણા અને સમાધાન માટેનું તંત્ર ઊભું કરવાના પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ.

('ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત)

વિષયસૂચિ

		પૃષ્ઠ
રાષ્ટ્રીય એકતા	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૨૭
ગુરુશિખરારૂઢ વ્યકિત	હરભાઈ ત્રિવેદી	૧૨૯
કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ	પરમાનંદ	૧૩૧
પ્રકીર્ણ નોંધ: વકોકિતનો અદ્‌ભુત નમૂનો, ગોવાની મુકિતનો પ્રશ્ન અને ભારત સરકારની નીતિ, સાધુતાનું આ તે કેવું ઘમંડ?	પરમાનંદ	૧૩૩
આવતી ચૂંટણીમાં આટલું કરીએ: જવાબદારીની સભાનતા કેળવીએ.		૧૩૫

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન

સંઘ તથા વાચનાલય–પુસ્તકાલયને થયેલો અર્થલાભ

૫૦૧	મે. કામાણી એન્જીનીઅરીંગ કોર્પોરેશન લિ.	૫૦	„ સુરજબહેન કોઠારી	૫	„ કેશવલાલ નગીનદાસ (માણસા)
૪૭૯.૨૧	થેલીમાં તથા પેટીઓમાં આવ્યા	૫૦	„ જસુમતીબહેન મનુભાઈ કાપડીયા	૫	„ જાદવજી સોમચંદ મહેતા
૨૫૧	શ્રી હીરાબહેન દીપચંદ સંઘવી	૫૦	„ મોંઘીબહેન હીરાલાલ શાહ	૫	„ એક સદ્‌ગૃહસ્થ
૨૫૦	„ મહેન્દ્રભાઈ દીપચંદ સંઘવી	૪૦	„ એક સદ્‌ગૃહસ્થ	૫	„ બાબુભાઈ કે. શાહ
૨૫૧	„ ખીમજી માડણ ભૂજપુરિયા	૩૬	„ શિવલાલ કે. મહેતા	૫	„ હેમચંદ વીરજી
૨૦૦	„ એક સદ્‌ગૃહસ્થ	૨૫.૨૫	„ સોજુભાઈ હીરાભાઈ	૫	„ વલ્લભદાસ નાનજી સચદે
૨૦૧	„ ચીમનલાલ પેપર કું.	૨૫.૨૫	„ કુંવરજી રતનસી	૨	„ એક સદ્‌ગૃહસ્થ
૨૦૧	„ રમણિકલાલ મણિલાલ શાહ	૨૫	„ લીલાવતીબહેન દેવીદાસ		
૨૦૧	„ ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૫	„ પરમાનંદ કુંવરજી કાપડિયા		
૨૦૦	„ રસિકલાલ મોહનલાલ ઝવેરી	૨૫	„ રતિલાલ ચીમનલાલ કોઠારી		
૨૦૦	„ એક સદ્‌ગૃહસ્થ	૨૫	„ પ્રવિણચંદ્ર મંગળદાસ શાહ		
૨૦૦	„ લીલાધર પાસુ શાહ	૨૫	„ ચંદુલાલ સાકળચંદ શાહ		
૨૦૧	„ પ્રમોદભાઈ વીરચંદ શાહ	૨૫	„ રમણલાલ લાલભાઈ લાકડાવાળા		
૨૦૦	„ નવલમલ કુંદનમલ ફીરોદિયા	૨૫	„ ભગવાનદાસ પોપટલાલ		
૨૦૦	„ રતિલાલ ઉજમસી શાહ	૨૫	„ કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા		
૧૦૧	„ કચ્છી વીશા ઓસવાળ પ્રિન્ટીંગ પ્રેસ	૨૫	„ કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી		
		૨૫	„ ખેતસી માલસી સાવલા		
૧૦૧	„ ફત્તેહચંદ લલ્લુભાઈ	૨૫	„ મેનાબહેન નરોત્તમદાસ		
૧૦૧	„ ધીરજલાલ મોરારજી અજમેરા	૨૫	„ મણિબહેન સવચંદ કાપડિયા		
૧૦૧	„ એક સદ્‌ગૃહસ્થ	૨૫	„ મણિબહેન શિવલાલ શાહ		
૧૦૦	„ તારાબહેન ચંદુલાલ ઝવેરી	૨૫	„ દેવજી ઉમરસી		
૧૦૦	„ ચંદુલાલ મોહનલાલ ઝવેરી	૨૫	„ વેણીબહેન કાપડિયા		
૧૦૧	„ કેશવલાલ તલકચંદ શેઠ	૨૫	„ સુંદરલાલ ડાહ્યાલાલ		
૧૦૧	„ એક બહેન તરફથી	૨૫	„ એક સદ્‌ગૃહસ્થ		
૧૦૧	„ નરેન્દ્ર શિવલાલ ગુપ્તા	૨૫	„ લવણપ્રસાદ શાહ		
૧૦૧	„ એક સદ્‌ગૃહસ્થ	૨૫	„ નંદલાલ છગનલાલ		
૧૦૧	„ ન્યાલચંદ મૂળચંદ શેઠ	૨૫	„ કાંતિલાલ નથુભાઈ પારેખ		
૧૦૦	„ રતિલાલ મોહનલાલ વાઢેલવાળા	૨૫	„ તારાબહેન શ્રોફ		
૧૦૧	„ રતિલાલ નરસીદાસ મહેતા	૨૫	„ વિજ્યાબહેન દુર્લભજી પરીખ		
૧૦૦	„ દુર્લભજી કેશવજી ખેતાણી	૨૫	„ રેખાબહેન કાપડિયા		
૧૦૦	„ નરસી કોરસીની કું.	૨૫	„ મોહનલાલ નગીનદાસ જરીવાળા		
૧૦૧	„ ઉમરસી ભીમસી વીરા	૨૫	„ રાયચંદ હીરાચંદ ઝવેરી		
૧૦૧	„ શાદીલાલજી જૈન	૨૫	„ સુનીતાબહેન શેઠ		
૧૦૧	„ નૌત્તમલાલ દીપચંદ શાહ	૨૫	„ ચંપાબહેન વેલજી		
૫૧	„ ચંચળબહેન ટી. જી. શાહ	૨૫	„ શાંતિલાલ બી. શાહ		
૫૧	„ મફતલાલ ભીખાચંદ શાહ	૨૫	„ મૂળચંદ નાનાલાલ		
૫૧	„ અંબાલાલ ચતુરભાઈ શાહ	૨૫	„ મોતીબહેન		
૫૧	„ જયંતિલાલ અંબાલાલ શાહ	૨૫	„ મણિલાલ બી. નાણાવટી		
૫૧	„ ડો. લાખાણી	૧૧	„ હિંમતલાલ કસ્તુરચંદ મણિયાર		
૫૧	„ પ્રવિણચંદ્ર હેમચંદ અમરચંદ	૧૧	„ નવનીતલાલ ચંદુલાલ		
૫૧	„ લીલાવતીબહેન ચુનીલાલ કામદાર	૧૧	„ જોરમલભાઈ		
૫૧	„ દલપતભાઈ કેશવલાલ પરીખ	૧૧	„ મંગળદાસ ગોપાળદાસ પારેખ		
૫૧	„ વિદ્યાબહેન મહાસુખલાલ શાહ	૧૧	„ રસિકલાલ ખારા		
૫૧	„ સેવંતીલાલ ખેમચંદ	૧૧	„ ચંપકલાલ મૂળચંદ લાખાણી		
૫૧	„ ચંદુલાલ કેશવલાલ શાહ	૧૧	„ ગુણવંતીબહેન		
		૧૧	„ હીરજી ખીમજી ગાલા		
		૧૧	„ નાનાલાલ હંસરાજ		
		૧૦	„ ચીનુભાઈ નાથાલાલ શાહ		
		૧૦	„ એક સદ્‌ગૃહસ્થ		
		૮.૫૦	„ એક બહેન		
		૭	„ મયાબહેન મોહનલાલ		

૭,૩૩૨.૨૧

વાચનાલય–પુસ્તકાલય

૧૦૧	મે. જીન સ્ટોર્સ કું.
૧૦૧	„ મિલ સ્ટોર્સ કું.
૧૦૧	„ કાંતિલાલ ભોગીલાલની કું.
૧૦૧	„ એમ. કાંતિલાલની કું.
૧૦૧	„ મોતીલાલ કલ્યાણદાસ એન્ડ કું.
૧૦૧	„ દીવાન બ્રધર્સ
૧૦૧	„ ઈન્ડસ્ટ્રીયલ એન્જીનિયરિંગ કું.
૧૦૧	„ કીર્તિલાલ એન્ડ કું.
૧૦૧	„ બોમ્બે મશીન ટુલ્સ સપ્લાઈ કું.
૧૦૧	„ હીરાલાલ ગોકળદાસ દલાલ એન્ડ કું.
૧૦૧	„ એ. એલ. પરીખ
૧૦૧	„ હરકીશનદાસ સોમનાથ એન્ડ કું.
૧૦૧	„ જે. ખુશાલદાસ એન્ડ કું.
૧૦૧	„ કમળાશંકર પી. જોશી
૧૦૧	„ ચીમનલાલ દેસાઈ એન્ડ કું.
૧૦૧	„ શાહ એન્જિનિયરિંગ કોર્પોરેશન
૧૦૧	„ મસરાણી મીલ જીન સ્ટોર્સ
૧૦૧	„ બોમ્બે બેલ્ટીંગ કું.
૧૦૧	„ શિશિર એન્ડ કું.
૧૦૧	„ સી. વાડીલાલ એન્ડ કું.
૨૫	„ મોહનલાલ નગીનદાસ જરીવાળા

૨,૦૪૫

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

પગલું

* ગાન *

પગલું મેં માંડ માંડ દીધું'તું માંડવા
ને તેં તો લંબાવી દીધી કેડી!
આંખોમાં અમથું મેં સ્મિત કીધું ત્યાં તો તેં
નજરૂંની બાંધી દીધી બેડી!
હૈયાનાં દ્વાર જરા ખુલ્યાં—અધ ખુલ્યાં ત્યાં
અણબોલી વાણી તેં જાણી,
અંધારા આભે આ બીજ સ્નેજ દેખી ત્યાં
પૂનમની ચાંદની માણી.
પળની એકાદ કુંળી લાગણીની પ્યાલીમાં
આયુષની અમીધાર રેડી,
પગલું મેં માંડ માંડ દીધું'તું માંડવા
ને તેં તો લંબાવી દીધી કેડી!

ગીતા પરીખ

'કુમાર'માંથી સાભાર ઉદ્‌ધૃત

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

રજીસ્ટર નં. B ૪૨
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬, ૧૯૬૧, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

માંગલ્ય પ્રગટો !

(આ લેખ 'વિશ્વવાત્સલ્ય'માંથી ઉદ્ધૃત કર્યો છે. શ્રી નવલભાઇ શાહ જેટલા વિશ્વવાત્સલ્યપ્રેમી છે તેટલા જ પ્રબુદ્ધજીવનપ્રેમી છે એમ સમજી સ્વીકારીને લેખની પહેલી પંકિતમાં 'વિશ્વવાત્સલ્ય'ના સ્થાને 'પ્રબુદ્ધ જીવન' શબ્દ મૂકયો છે. તંત્રી)

નવા વર્ષનાં મંગલ પ્રભાતે 'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને નવા વર્ષના અભિનંદન પાઠવતાં અંતર આનંદ અનુભવે છે.

એક રીતે જોઇએ તો બધા જ દિવસો સરખા છે. પરંતુ માણસ કેટલીક ભાવનાઓ ને વિચારો એ દિવસ સાથે જોડી એ દિવસોને મંગલમય બનાવી દે છે. કોઇ પણ નવું કાર્ય કરવું હોય ત્યારે તે શુભ ઘડી જુએ છે. જીવનના કે કાળના આમ તો ભાગલા નથી. એ સતત વહેતો અથવા સરી જતો પ્રવાહ છે. તે અનંત છે, તેની ગતિ એક ક્ષણ પણ થંભતી નથી પણ માણસે પોતાની સમજને માટે એને વર્ષો, મહિના, દિવસો કલાકો ને મિનિટ, સેકંડમાં વહેંચી નાખ્યો. પણ એ બધું જ માનવની સમજ માટે છે, એક વર્ષ પૂરુ થતાં વળી બધી જ ઋતુઓ ફરીથી શરૂ થાય છે. જીવનનો એક ક્રમ પૂરો થઇ નવો આરંભાય છે, નવું વર્ષ, નવી ખેતી અને નવું જીવન. આ શુભ પ્રસ્થાને પ્રત્યેક માનવના અંતરમાં ભાવિ વર્ષ વધારે સારું બને એવી શુભભાવના જન્મે એ સ્વાભાવિક છે.

પરંતુ, નવા વર્ષને મંગલમય કહેવા માત્રથી તે મંગલમય બની જતું નથી. માણસ એ પવિત્ર દિવસની સાથે જે ભાવનાઓ જોડી દે છે તેને અનુરૂપ એવા શુભ સંકલ્પો થાય તો જ એ શુભ શરૂઆત જીવનને મંગલમય કરી શકે.

આજે એક રીતે જોઇએ તો આપણે દુનિયામાં સુખ ને સંપત્તિ વધારી રહ્યા છીએ; જ્યારે બીજી બાજુથી મહાભયંકર વિનાશ પણ માથે તોળાઇ રહ્યો છે. જે દિવસે વિશ્વ યુનોદિન ઊજવે છે તે જ દિવસે ધ્રુવમાં ૫૦ મેગાટનનો અણુ ધડાકો થાય છે. એનો આંચકો સામાન્ય માણસ અનુભવી શકતો નથી કારણ કે એ પ્રત્યક્ષ નથી. પણ એમાંથી ઉત્પન્ન થતી રજ દુનિયાના કયા ભાગને કેટલું નુકસાન પહોંચાડશે તે કહી શકાય એમ નથી. જરૂર, તે ભયંકર છે અને આખીયે માનવજાતના અસ્તિત્વને પણ લાંબે ગાળે ભયમાં મૂકે એવી છે. એટલું જ નહિ આ પૃથ્વીના પેટાળમાં થતા ધડાકાની કોઇ મર્યાદા નથી. આજે પચાસ મેગાટનના થાય છે તો કાલે સો બસો કે પાંચસોના નહિ થાય એની શી ખાતરી ? અને આજે પેટાળમાં થતા ધડાકા કાલે બહાર નહિ જ કરવામાં આવે એમ કેમ કહી શકાય ?

વિશ્વનો મોટા ભાગનો લોકમત આ ધડાકાઓનો વિરોધી છે. એ માટે જોરશોરથી કહેવામાં આવે છે અને તે પણ મોટા રાષ્ટ્રોના પ્રતિનિધિ જેવા પુરુષોને મોઢેથી. છતાં એક માતેલા સાંઢની જેમ કશી જ વસ્તુની દરકાર કર્યા વગર ધડાકા થઇ રહ્યાં છે અને હજુ પણ થશે.

આપણી આશાઓ કેવા વિનાશની સાથે ટકરાઇ રહી છે તેનું આ ચિત્ર છે. એની સામે અંતરના બળથી લડયા વગર છૂટકો નથી. એ મોટા ધડાકાના જેવા જ નાના ધડાકાઓ આપણી ચારે બાજુએ ચાલી રહ્યા હોય છે. એની સામે કયાં તો આપણે આંખ મીંચીએ છીએ યા તો નભાવી લઇએ છીએ. એ ફાલે ફૂલે છે, વિશ્વમાં એ અણુ ધડાકા કરનાર અને નાના ગામડાના જીવનમાં મત્ત થઇ પોતાનું ધાર્યું જ કરનારના માનસમાં ઝાઝો ફેર નથી. અહીં મે માનસ શબ્દ વાપર્યો છે. એટલે જો વિશ્વમાંથી હિંસા નાબૂદ કરવાનો શુભ સંકલ્પ આ પવિત્ર દિવસે આપણા અંતરમાં થતો હોય તો એ માટે આપણાં આસપાસના જીવનમાં વ્યાપેલી નાની મોટી હિંસાને આપણે દૂર કરવી જોઇએ.

અહીં એકેએક માણસ માટેનું કાર્ય આરંભાય છે. આ ભયાનક હિંસાથી બચવા માટે બીજી ભયાનક શકિત તૈયાર કરવી એ એક રીતે કહીએ તો મૂર્ખતાભર્યું પગલું છે. કારણ કે એ સ્પર્ધાનો અંત જ નથી. એનો ઉપાય જીવનમાં પ્રવેશેલી હિંસાને દૂર કરવામાં છે.

પણ, એ કામ કેટલું અઘરું છે ? અણુને વિચ્છેદવા માટે જેવી શકિત કામે લગાડવી પડે છે એવી જ શકિત આપણે પણ આપણી આંતરચેતનાને સક્રિય કરવા લગાડવી રહી. અને જેમ જેમ ઊંડા ઊતરતા જઇશું તેમ તેમ આપણને વધારે ને વધારે અહિંસક જીવન સમજાતું જશે.

હિંસા એટલે માત્ર કોઇનો વધ નહિ. પણ મારા જીવનથી બીજા કોઇના વિકાસમાં અંતરાય ઊભો થાય તો તે પણ હિંસા છે. આ કસોટીએ આપણાં જીવનને કસીએ તો આપણને ચોમેર હિંસા જ દેખાશે.

એક ગામડામાં એક માણસ પાસે બસો એકર જમીન છે. બીજા પાસે વીઘું ય નથી. જમીન વગરના માણસને પરાણે કામે આવવું પડે છે. તેનું માંડ પેટ ભરાય છે. આ એક પ્રકારની હિંસા ઉપર આધારિત જીવન વ્યવસ્થા છે. એ જ રીતે એક માણસ ધણો બુદ્ધિશાળી છે, એની પાસે પૈસા છે યા વહીવટી કાર્યકુશળતા છે. તે બે પાંચ કલાક કામ કરી મહિને બે પાંચ હજાર મેળવે છે. બીજાને બાર આના ય મળતા નથી. આવું ઘણું બધું આપણા જીવનમાં સહેજ રીતે ચાલી રહ્યું છે. તે આપણને ખૂંચતું નથી. એને કારણે આપણે એવા રીઢા થઇ જઇએ છીએ કે જીવન સંપત્તિવાન થતું હોવા છતાં વિકસતું નથી. આપણા સમગ્ર જીવનથી વીશ્વમાં ચાલી રહેલી હિંસાને જે આંચકો લાગવો જોઇએ તે લાગતો નથી.

જો માનવજાતે જીવવું હોય તો અહિંસા વીજયી બનવી જોઇએ. આજની ઘડીએ એની અત્યંત જરૂર છે અને એટલા માટે જ આપણા નવા વર્ષમાં એ શુભ સંકલ્પ થવા જોઇએ. વિશ્વવ્યાપી હિંસાનાં પરિબળોને દૂર કરવા માટે હું મારા જીવનમાં છૂપાએલી નાની મોટી બધી હિંસાઓને દૂર કરીશ, એટલું જ નહી, મારી આસપાસ એવું જે કાંઇ ચાલતું હશે તેનો પ્રતિકાર કરીશ. એમાંથી જે શકિત જન્મશે તે જ વિશ્વને સાચી અહિંસાને ચિર શાંતિને માર્ગે લઇ જશે.

એવો શુભ સંકલ્પ આપણા સૌના દિલમાં જન્મો ને એ માટે આપણે સૌ કામે લાગીએ એ જ મંગલમય નવા વર્ષની મંગલ-કામના હો !

નવલભાઇ શાહ

કરુણાવિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદ

(ગતાંકથી અનુસંધાન)

વૈજ્ઞાનિક અને વૈદ્યકીય સંશોધન અંગે થતી હિંસાનો પણ કંઈક આવી રીતે વિચાર કરવો ઘટે છે. અહિંસા તરફ મોહું રાખવું અને ચોતરફ હિંસાથી વીંટળાયેલા રહેવું–આવી આપણી આજની કોઈ વિચિત્ર-પરસ્પરવિરોધી-પરિસ્થિતિ છે. માનવસમુદાય વચ્ચે આપણે બેઠા છીએ અને તેને અનુલક્ષીને તરેહતરેહની હિંસા આચરવામાં આવે છે. વ્યક્તિગત કારણે આપણે શક્ય હોય તો એક પણ જીવની પ્રાણહાનિ ન કરીએ, પણ સામુદાયિક જીવનમાં આ શક્ય નથી.

આ સમુદાયલક્ષી હિંસા નીચે જણાવ્યા મુજબ ત્રણ પ્રકારમાં વહેંચી શકાયઃ–

પહેલો પ્રકાર અનિવાર્ય હિંસાનોઃ જ્યાં જનસમુદાયના સુખ અને સ્વાસ્થ્ય તથા કલ્યાણ અર્થે અમુક હિંસા થતી હોય. દા. ત. ખેતીને નુકસાન કરતા જીવજન્તુ અને કીડાઓનો નાશ કર્યા સિવાય ચાલે જ નહિ. મેલેરિયાના ઉપદ્રવથી જે પ્રદેશમાં વસતા લોકો ખૂબ હેરાન થતા હોય તે પ્રદેશને આજના વૈજ્ઞાનિક સાધનો વડે મચ્છરોથી મુક્ત કરવો જ રહ્યો. ચિત્તો, વાઘ, સિંહ કે એના જેવા હિંસક પ્રાણીઓથી ત્રાસેલા ગામલોકોને એ પ્રાણીઓનો નાશ કરીને બચાવવા જ રહ્યા. આવી હિંસા થતી જોતાં અથવા અધિકારવશાત્ તેવી જવાબદારી પોતાના માથે આવતા અહિંસાનો ઉપાસક ઊંડું દુઃખ અનુભવે એ સ્વાભાવિક છે. એમ છતાં આવી હિંસા તેણે કર્તવ્યની દૃષ્ટિએ કરવી, કરાવવી યા અનુમત કરવી જ રહી.

(૨) **બીજો પ્રકાર સહેતુક હિંસાનોઃ** આપણે નિરામિષાહારી હોઈએ, એમ છતાં આપણી સાથે એક જ શહેરમાં વસતા બીજા કેટલાક લોકો માંસાહારી હોય તો, અને માંસાહાર માટે તેમનો આગ્રહ હોય તો, તેમના માટે પશુઓની કતલ અનિવાર્ય બને છે. આવી રીતે કતલ થતી જાણીને આપણું દિલ જરૂર તીવ્ર વ્યથા અનુભવે છે, આમ છતાં જ્યાં સુધી માંસાહારીઓના દિલનું પરિવર્તન ન થાય ત્યાં સુધી આ પશુહત્યાને આપણે નભાવવી જ રહી. આવી જ રીતે વૈજ્ઞાનિક સંશોધન પશુહિંસા સાથે અનિવાર્યપણે જોડાયલું છે. આને લગતું શિક્ષણ પણ આવી હિંસાની મદદ સિવાય અધૂરું લાગે છે. આની સાથે માનવજાતના સ્વાસ્થ્યનો પ્રશ્ન પણ સંકળાયેલો છે. વળી આના લાભો પણ કોઈ જતા કરવા માંગતું નથી. દુનિયામાં આ એક એવી પરિસ્થિતિ સરજાણી છે કે જે પેદા કરવામાં આપણા સર્વનો સીધો કે આડકતરો સાથ છે અને જેથી મુક્ત રહેવું આપણા માટે શક્ય નથી. આ પરિસ્થિતિમાં વૈજ્ઞાનિક સંશોધનો સાથે વાંદરા વગેરે પ્રાણીઓની હિંસાને પણ, અત્યન્ત દુખાતા દુભાતા મને, આપણે નભાવવી જ રહી. કાકાસાહેબના શબ્દોમાં 'દરગુજર કરવી' રહી. અને આ વિચારણા બરોબર હોય તો પરદેશી હૂંડિયામણના ઉપાર્જન અર્થે નહિ પણ કેવળ વૈજ્ઞાનિક સંશોધન માટે જરૂરી હોય એટલી જ અને સરકારી નિયંત્રણપૂર્વકની વાંદરાની નિકાસ કરવામાં આવે તો, તેનો વિરોધ આજની વાસ્તવિકતા સાથે સુસંગત નથી એટલું આપણે કબૂલ કરવું જ રહ્યું. કેવળ હૂંડિયામણના ઉપાર્જન અર્થે કરવામાં આવતી વાંદરા કે અન્ય પ્રાણીઓની નિકાસનો પ્રશ્ન આગળ ઉપર ચર્ચાઈ ગયો છે અને તેથી તેનું અહીં પુનરાવર્તન કરવાની જરૂર નથી.

આ સંબંધમાં કાકા સાહેબનું વકતવ્ય દિશાસૂચક છે. તેમણે પોતાના લેખમાં જણાવ્યું છે કેઃ–

"ઉપયુક્તતાવાદનો આશ્રય લઈને વાંદરાઓ ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો કરીને અનેક રોગો ઉપર દવા શોધી કાઢવી એ વિચારનો અને પ્રવૃત્તિનો બચાવ હું ન જ કરું. કોઈ પણ પ્રાણીને મારવાનો આપણને હક્ક નથી. પ્રાણીહત્યા ધર્મની દૃષ્ટિએ પાપ છે. કુદરતની દૃષ્ટિએ ગુન્હો છે એ વિષે મારા મનમાં લગીરે શંકા નથી. પણ મારો વિચાર હું બીજા ઉપર લાદી ન શકું, અને જ્યાં આહારને અર્થે પ્રાચીન કાળથી આજ સુધી બધે લક્ષાવધિ જાનવરોની હત્યા અને પક્ષીઓની હત્યા આપણે દરગુજર કરીએ છીએ ત્યાં, વિજ્ઞાનના વિકાસ માટે અને રોગોનો ઇલાજ શોધવા માટે વાંદરાઓને મારવાની પ્રથા સામે આપણે નિશ્ચિત મત શી રીતે આપી શકીએ?"

મારા મનનું વલણ અને મારા મનની મૂંઝવણ પણ આ પ્રકારની છે.

(૩) **ત્રીજો પ્રકાર બિનજરૂરી મનસ્વી હિંસાનોઃ** જ્યાં પ્રાણીઓ ઉપર, ઉપર જણાવેલ એક યા બીજા કારણસર નહિ પણ કેવળ મનસ્વીપણે અથવા તો મારવાના આનંદ ખાતર હિંસા થતી હોય અથવા પ્રાણીઓ ઉપર ઘાતકીપણું ગુજારવામાં આવતું હોય. દા. ત. શિકાર અર્થે અથવા તો મનોરંજન અર્થે થતી પશુહિંસા–આવી હિંસા અહીં સૂચિત છે. આને જૈન પરિભાષામાં 'અનર્થદંડ' શબ્દથી વર્ણવવામાં આવે છે. અનર્થદંડ એટલે કારણ વિના કોઈ પણ જીવને દંડ આપવો. ધર્મના નામે પશુઓનાં બલિદાન આપવામાં આવે છે તે એક રીતે સહેતુક હોઈને તેનો બીજા પ્રકારમાં સમાવેશ થઈ શકે, પણ તે કેળવ અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી પ્રેરિત હોઈને અને તે પાછળ માનવીના કોઈ ઉપયોગ કે ઉપભોગનો હેતુ ન હોવાથી આવી હિંસાનો આ ત્રીજા પ્રકારમાં સમાવેશ કરવો વધારે યોગ્ય લાગે છે. આવી સ્વચ્છંદ પ્રેરિત અથવા તો અજ્ઞાન કે અંધશ્રદ્ધા પ્રેરિત હિંસાનો સતત વિરોધ થવો ઘટે છે અને તેની સર્વત્ર અટકાયત થવી ઘટે છે.

આમ સમાજના સુખ,સ્વાસ્થ્ય ખાતર અનિવાર્ય એવી નિમ્ન કોટિના જીવોની હિંસા વિષે અનુકૂળભાવ અથવા અવિરોધભાવ, માંસાહાર તથા વૈજ્ઞાનિક સંશોધન અર્થે થતી હિંસા ભારે અનર્થપૂર્ણ હોવા છતાં જેની જડ વિશાળ માનવસમાજમાં ઘણી ઊંડી અને અતિ વ્યાપક છે અને જેનો લોકોની અમુક જરૂરિયાત અથવા તો સુખસ્વાયથ્ય સાથે સંબંધ કલ્પાયેલો છે એવી હિંસા વિષે, જ્યાં સુધી લોકમાનસમાં મોટો પલટો ન આવે ત્યાં સુધી, દરગુજર ભાવ અને જેની પાછળ કેવળ ક્રૂરતા અને નિષ્ઠુરતા રહેલી છે એવી હિંસા–પછી તે મનોરંજન અર્થે હોય કે ધર્મના નામે પ્રચલિત હોય–તે સામે પ્રતિકૂળ ભાવ–વિરોધભાવ–આ રીતે સમુદાયલક્ષી વ્યાપક હિંસા સંબંધે જનસમુદાય વચ્ચે રહેતા વિચારતા અહિંસાલક્ષી માનવીએ વિવેક ચિન્તવવો રહ્યો અને તદનુસાર પોતાનું વર્તન અને વ્યવહાર નક્કી કરવા રહ્યા.

વૈદ્યકીય સંશોધન અંગે આજે પશ્ચિમના દેશોમાં ચાલી રહેલી પશુહિંસા સંબંધમાં શ્રી દલસુખભાઈ માલવણિયા પોતાના લેખમાં જણાવે છે કે "આપણા દેશની વૈદ્યક પરંપરાનો ઇતિહાસ તપાસતાં એમ જણાય છે કે પ્રાચીન ગ્રંથોમાં માંસદ્વારા ચિકિત્સા અત્યંત પ્રચલિત્ત હતી. પણ કાળક્રમે ભારતીય જીવનમાં જેમ જેમ અહિંસાનો સૂક્ષ્મ–સૂક્ષ્મતર–સૂક્ષ્મતમ વિચાર

થતો ગયો અને જીવનમાં એ અહિંસાના વિચારને ઉતારનારા મહાપુરુષો પાકતા ગયા તેમ સમાજ અને વ્યકિતના જીવનમાંથી વિવિધ ક્ષેત્રે જે હિંસા પ્રવર્તમાન હતી તે ક્રમે કરી ઓછી થતી ગઇ છે અને પરિણામે માંસચિકિત્સાને બદલે કાષ્ઠૌષધિ જેવી નિરવદ્ય ચિકિત્સાનો પ્રયોગ શરૂ થયો હતો અને ખૂબજ વિકાસ થયો હતો અને થયો છે અને આજે તો દેશી વૈદ્યકમાં એ જ પ્રચલિત છે અને માંસનો પ્રયોગ કોઇ જાણતું કે કરતું જાણમાં નથી તે વૈદ્યકના ગ્રન્થો જોવાથી સ્પષ્ટ થાય છે."

પ્રાચીન કાળમાં માંસ દ્વારા થતી ચિકિત્સા કેવા પ્રકારની હતી તેની મને કશી ખબર નથી. આ સંબંધમાં તેમણે ઉપરના ફકરામાં રજૂ કરેલી વિચારસરણી આપણા ભારત પૂરતી બરોબર હોય એમ લાગે છે, પણ પશ્ચિમના દેશોમાં માંસ અને વનસ્પતિ વચ્ચે આવો કોઇ ભેદ કદિ વિચારાયો નથી. આપણા દેશમાં મુસલમાનોના આગમન પછી આયુર્વેદ સાથે પ્રચલિત બનેલી યુનાની પધ્ધતિમાં પણ આવો કોઇ ભેદ જળવાયો જ નથી. પશ્ચિમના દેશોમાં પશુઓની અને પ્રાણીઓની હિંસા દ્વારા જીવસૃષ્ટિને લગતું વિજ્ઞાન આપણી કલ્પનામાં ન આવે એટલું આગળ વધી ગયું છે અને તેમાંથી અતિ મહત્વનું એવું જન્તુશાસ્ત્ર પેદા થયું છે અને તે બન્ને દ્વારા માનવી-સ્વાસ્થ્યસાધક અનેક શોધો થઇ છે અને તે અંગે આપણી સુઝ અને સમજણમાં પણ ખૂબ વધારો થયો છે. અને આ પ્રકારનું સંશોધન અને શિક્ષણ આપણા દેશમાં ચોતરફ ફેલાઇ રહ્યું છે. માંસાહારી સામે નિરામિષાહારનો વિકલ્પ જેમ રજૂ કરી શકાય છે તેમ અદ્યતન વૈદ્યકીય સંશોધન માટે પશુ હિંસા સિવાય આજના વૈજ્ઞાનિકોને બીજો વિકલ્પ દેખાતો નથી. એ જાણીને આશ્ચર્ય થશે કે આયુર્વેદનાં ઔષધોનું સંશોધન પણ હવે પશુઓ ઉપરના પ્રયોગો દ્વારા કરવામાં આવે છે; એમ. એસ. સી. થયેલા જૈન વિદ્યાર્થીને હું જાણું છું. તે પી. એચ. ડી માટે એક મહાનિબંધ-થીસીસ તૈયાર કરી રહેલ છે. તે માટે તેણે અમુક આયુર્વેદિક ઔષધો (દા. ત. અરડુસી)ના સંશોધનનો વિષય પસંદ કર્યો છે. આ સંશોધન તેના જણાવવા મુજબ, જીવતા કૂતરાઓ ઉપરના પ્રયોગો દ્વારા તે કરી રહેલ છે, આવી સ્થિતિ પ્રવર્તે છે ત્યાં, વૈજ્ઞાનિક પ્રયોગો માટે જ્યાં સુધી અહિંસક વિકલ્પ ક્ષિતિજ ઉપર ન દેખાય ત્યાં સુધી અદ્યતન વૈજ્ઞાનિક તેમ જ વૈદ્યકીય સંશોધન આજે ચાલતી ઘોર હિંસાના પાતકથી મુકત થઇ શકવાનું નથી. આજની આ વાસ્તવિકતાને આપણે યથાસ્વરૂપે સમજી લેવાની જરૂર છે. આ અંગે આજે જે કાંઇ હિંસા ચાલી રહી છે તેને અહિંસાધર્મના નામે જોરશોરથી વખોડી નાખવાથી તે હિંસા અટકવાની નથી.

આમ આપણે આહાર તેમ જ વૈદ્યકીય સંશોધન, શિક્ષણ અને ઉપચાર અંગે થતી અનર્ગળ પશુહત્યાનો આજની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇને વિચાર કર્યો, ચર્ચા કરી, પણ તે ઉપરથી એમ કોઇ ન સમજે કે આ બધી હિંસા કુદરતના સ્વાભાવિક ક્રમમાં છે અને તેના આપણા જીવન ઉપર કોઇ પ્રતિકૂળ પ્રત્યાઘાત પડતા નથી. ઉલટું આ રીતે સ્વાસ્થ્ય ખરીદનાર માનવીસમાજ તેનું બહુ મોટું મૂલ્ય ચુકવી રહ્યો છે. હિંસા કરવાથી હિંસક વૃત્તિ કેળવાય છે અને તે વૃત્તિ માત્ર પશુસૃષ્ટિ પૂરતી સિમિત રહેતી નથી, પણ માનવ-સમાજ અંદર અંદર પણ તે વૃત્તિનો ભોગ થઇ પડે છે. જો એક બાજુએ આહાર, વિજ્ઞાન અને વૈદ્યકના નામે પશુ-પ્રાણીઓને ચીભડાં ભાફક ચીરવામાં આવે છે તો બીજી બાજુએ માનવસમાજમાં હિંસાનાં પહેલાં કદિ નહિ સાંભળેલાં એવાં તાંડવો સ્થળે સ્થળે નિર્માણ થતાં જોવા તેમ જ સાંભળવામાં આવે છે. આજનો માનવી પ્રાકૃતિક સમધારણ ગુમાવતો જાય છે, નિર્ઘૃણ, અસહિષ્ણુ, કેવળ સ્વલક્ષી, ઘાતકી બની રહ્યો છે, અને આજના યુદ્ધમાં પહેલાં કદી નહિ જાણેલી કે જોયેલી એવી મોટા પાયાની ખુવારી અને જંગલીપણું જોવામાં આવે છે. જોતજોતામાં એક યા બીજા કારણે, એક યા બીજા સ્થળે નાની નાની બાબતોમાં સંઘર્ષો પેદા થાય છે અને માનવસમુદાય એકાએક મગજ ગુમાવે છે, તોફાને ચઢે છે અને પરિણામે જાનમાલની પુષ્કળ ખુવારી થવા પામે છે. જો આજનો માનવસમાજ એક બાજુએ આહાર નિમિત્તે, સંશોધન નિમિત્તે, વૈદ્યકીય ઉપચાર નિમિત્તે બેલગામ બનીને પશુપ્રાણીની અનર્ગળ હિંસા કરી રહ્યો છે, તે પ્રત્યે દયા, કરુણા કે અનુકંપાની લાગણીને સાવ ખુઠ્ઠી બનાવીને બેઠો છે અને એમ કરીને પોતાના સુખમાં, સગવડમાં, સ્વાસ્થ્યમાં તેણે કેટલો બધો વધારો કર્યો છે એ વિચારે મનમાં મલકાઇ રહ્યો છે તો બીજી બાજુએ આખા માનવસમાજનું નિકંદન નીકળી જાય એવી શકયતા અણુબોંબના આકારમાં તેણે પોતે જ ઊભી કરી છે. આ જ વિચારને રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુએ તા. ૧-૮-૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ તેમના વ્યાખ્યાનમાં વનસ્પત્યાહારના સમર્થનને અનુલક્ષીને બહુ વેધક રીતે રજૂ કર્યો છે. તે વ્યાખ્યાન દરમિયાન તેઓ જણાવે છે કે :-

"માણસનો ખોરાક અને બીજી જરૂરિયાતોને પૂરી પાડવાના હેતુથી આજે હજારો અને લાખો જાનવરો કતલ કરવા માટે ઉછેરવામાં અને રૂષપુષ્ટ કરવામાં આવે છે. વૈદ્યકીય વિજ્ઞાન પણ જુદી જુદી રીતે પાર વિનાનાં પશુઓને કાપવા અને રીબાવવા માટે જવાબદાર છે, અને તેથી જેમ જેમ આ પણે સભ્યતામાં પ્રગતિ કરતા રહ્યા છીએ તેમ તેમ કોઇ પણ જીવની જીંદગી માટેનો આપણો આદર ઘટતો જ ગયો છે. એનો અર્થ એ થયો કે જો માણસ અન્ય પશુઓ કરતાં ચડિયાતો હોઇને પોતાના હેતુ માટે તેનું શોષણ કરી શકે છે અને તેનો જીવ પણ લઇ શકે છે તો તે પછીનું સ્વાભાવિક પગલું એ હોવાનું કે વધારે બળવાન માનવીને કે પ્રજાને વધારે નબળા માનવી, જાતિ કે પ્રજાનું શોષણ કરવામાં અથવા તો તેને નામુદ કરવામાં જરા પણ અનૌચિત્ય કે અઘટિતપણું નહિ લાગે. આજે આ જ વસ્તુસ્થિતિ નીપજી રહી છે અને એકના ભોગે બીજાનું જીવનધોરણ ઊંચે લાવવું જરૂરી છે એવા ખ્યાલ ઉપર એક દેશના લોકોની અન્ય દેશના લોકોના હાથે ચાલી રહેલી શોષણ-પ્રક્રિયાના મૂળમાં પણ આ જ મનોદશા કામ કરી રહી છે.

"હજુ થોડા સમય પહેલાં લડાઇ દરમિયાન અને બન્ને પક્ષના સૈનિકો વચ્ચે માનવજીવનનો કારણ વિના નાશ કરવા સામે પ્રતિબંધો હતા, પણ તે ખ્યાલ હવે જૂનવાણી બની ગયો છે અને આજે માણસના હાથમાં આવેલા સામુદાયિક સંહારનાં શસ્ત્રોના પરિણામે આખી માનવજાત વિનાશના આરે ઊભી છે. વનસ્પત્યાહારની વાતમાંથી અણુબોંબ કે હાઇડ્રોજનની વાત સુધી પહોંચવું એ કોઇને વધારે પડતું લાગશે. પણ આપ જો યથાર્થ રીતે વિચારશો તો જો આપણે હાઇડ્રોજન બોંબથી બચવું હશે તો આખરે વનસ્પત્યાહારને સ્વીકાર્યા વિના ચાલશે નહિ. જીવનનો સમગ્રપણે અને પરસ્પરના સંદર્ભમાં વિચાર કરીશું તો વ્યકિતનો ખોરાક અને અન્ય પ્રત્યેની તેની વર્તણુક વચ્ચે રહેલા સંબંધનું આપણને સાચું ભાન થયા વિના નહિ રહે અને એમ તર્કબધ્ધ રીતે વિચાર કરતાં-એને આમાં કશું તરંગીપણું છે જ નહિ-આપણને એવા નિર્ણય ઉપર આવ્યા સિવાય

છૂટકો જ નથી કે હાઇડ્રોજન બૉંબથી બચવું હોય તો તેનો એક જ ઉપાય છે કે જે માનસમાંથી હાઇડ્રોજન બૉંબ પેદા થયો છે તે માનસથી બચવું અને તેવા માનસથી બચવાનો એક માત્ર ઉપાય છે સર્વ જીવો માટે, સર્વ આકારમાં અને સર્વ સંયોગમાં પ્રગટ થતી જીવનચેતના પ્રત્યે આદર કેળવવો તે, આનું બીજું નામ છે વનસ્પત્યાહારનો સમાદર.''

આ વિચાર જેટલો માંસાહારને લાગુ પડે છે તેટલો જ વૈજ્ઞાનિક સંશોધનના નામે થતી પ્રાણીહિંસાને લાગુ પડે છે. આજનો માનવી અનેક જીવોના ભોગે અસાધ્ય રોગોમાંથી બચવા, આયુષ્યની સરેરાશ મુદત લંબાવવા, આરોગ્ય પ્રાપ્ત કરવા નીકળ્યો છે અને જરૂર તે અસાધ્ય રોગોથી બચી રહ્યો છે, તેના આયુષ્યની સરેરાશ મર્યાદા વધી રહી છે અને તેનું આરોગ્ય વૃદ્ધિંગત થતું રહ્યું છે, પણ સાથે સાથે તેનામાં રહેલો માનવ હણાતો જાય છે, કરુણા અને અનુકંપાની કોમળ લાગણીઓ છુંદાતી જાય છે, અલ્પ શક્તિવાળા માનવીમાંથી અસાધારણ શક્તિવાળો રાક્ષસ પેદા થઇ રહ્યો છે અને આજ સુધી તે અન્યને હણીને પોતે આગળ વધી રહ્યો હતો. આજે હવે પોતે પોતાની જાતનું નિકંદન કાઢવા ઉદ્યુક્ત થયો છે, તેને આરોગ્ય મળ્યું, મરતાં બચ્યો, આયુષ્ય વધ્યું, પણ તેના જીવનમાંથી શાન્તિ, સ્વસ્થતા, પ્રસન્નતાનો એટલું જ નહિ પણ પરસ્પર કરુણાપણાના ભાવનો લોપ થઇ રહ્યો છે.

આ દુઃસ્થિતિમાંથી તેણે ઉગરવું હોય તો, આ વિષમય ચક્રમાંથી તેને બહાર નીકળવું હોય તો, તેણે પોતાના વ્યક્તિગત તેમ જ સામુદાયિક જીવનમાંથી લુપ્ત થયેલી અહિંસાની પુનઃ પ્રતિષ્ઠા કરવી પડશે, સમગ્ર જીવન વિષે સમાદર કેળવવો પડશે, યેન કેન પ્રકારેણ શારીરિક સુખ અને સ્વાસ્થ્યના ઉપાયો અધિકાધિક પ્રાપ્ત કરવાની તૃષ્ણા ઉપર અંકુશ મૂકવો પડશે. 'આ રીતે પ્રાપ્ત થતું સુખ કે સ્વાસ્થ્ય અમને નથી ખપતું.' આવો વ્યક્તિગત તેમ જ સામુદાયિક નિરધાર કરવો પડશે અને તે નિર્ણયને અમલી બનાવવા માટે તત્કાળ દેખાતા લાભો જતા કરવા પડશે. આજની મનોદશામાં આ શક્ય ન હોય એ જુદી વાત છે. ટૂંકાણમાં કેવળ ઉપયુક્તતા ઉપર આધારિત જીવનને કરુણા વિચાર વડે પરિમાર્જિત, પ્રભાવિત કરવું પડશે, નિયંત્રિત કરવું પડશે.

આ રીતે વિચારતાં, જો કે આજની દુનિયાનો ઝોક ઉપયુક્તતા તરફ છે અને ભારત પણ પોતાની સંસ્કૃતિમાં રહેલા સર્વજીવસમભાવના બુનિયાદી અંગની સર્વથા ઉપેક્ષા કરીને ઉપયુક્તતા તરફ ઢળતું જાય છે, અને અન્ય જીવનમૂલ્યોની અવગણના કરીને કેવળ ભૌતિક ઉત્કર્ષની સાધના ઉપર પોતાનું લક્ષ અને તાકાત કેન્દ્રિત કરી રહેલ છે, એમ છતાં પણ, આજના વ્યાપક વિસંવાદથી શીર્ણવિશીર્ણ બનેલી દુનિયાની માગ અહિંસાની છે, કરુણાની છે, અનુકંપાની છે, તેનો તરણોપાય અહિંસા છે. કેવળ ઉપયુક્તતાનો રાહ માણસજાતને રાક્ષસ બનાવશે. ઉપયુક્તતાના આ ઘાતક પરિણામમાંથી બચવું હોય તો માણસ જાતે અહિંસાભિમુખ બનવું પડશે. ઉપયુક્તતાની વૃત્તિને કરુણાવિચારથી સંયમિત–નિયંત્રિત બનાવવી પડશે. આમ કરવા માટે, જ્યારે દુનિયા ઉપયુક્તતાવિચારથી પ્રેરિત બનીને દોડી રહી છે ત્યારે દૃષ્ટિસંપન્ન માનવીએ અહિંસાના વિચારને મન, વાણી અને કર્મની તાકાત દ્વારા જીવનની સર્વ પ્રક્રિયામાં શક્ય તેટલો મૂર્તિમન્ત કરવાનો રહેશે.

કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુક્તતાવાદના સંદર્ભમાં એક એવી વિચારણા રજુ કરવામાં આવે છે કે, કરુણાવિચારને માનવસૃષ્ટિ પૂરતો સીમિત કરવો અને તે નીચેની સૃષ્ટિ સાથે ઉપયુક્તતાના ધોરણે વ્યવહાર કરવો. બે સૃષ્ટિ વચ્ચે આવી ભેદરેખા સૂચવતી વિચારણા બરોબર નથી. વ્યવહારુ નથી. કારણ કે કરુણાવિચારને કે ઉપયુક્તતાપૂર્વકના વ્યવહારને આમ સીમિત કરવાનું શક્ય નથી, ઇષ્ટ પણ નથી. કરુણાનું ક્ષેત્ર સતત વિસ્તરતું રહે અને જીવસૃષ્ટિના અન્તિમ છેડાને સ્પર્શવાનો પ્રયત્ન કરે તો જ માનવી માનવી સાથેના વ્યવહારમાં સાચી, સંગીન અને સમગ્રવ્યાપી કરુણાનો ઉદય સંભવે છે. જે કરુણા માનવી અને પશુ વચ્ચે ભેદ કરીને એકને અપનાવવાનો અને અન્યને ધિક્કારવાનો પ્રયત્ન કરે તે કરુણા માનવી માનવી વચ્ચે પણ ભેદ કર્યા વિના રહે જ નહિ અને પરિણામે કરુણાના સ્થાને ઉપયુક્તતાની દૃષ્ટિ જ આવીને ઊભી રહે. બીજી બાજુએ જે ઉપયુક્તતાની વૃત્તિને માત્ર માનવીથી નિમ્ન કોટિના બધા જીવો સાથેના વ્યવહારમાં લાગુ પાડવાની વાત કરે તે આખરે અને કસોટીના સમયે માનવી સાથેના વ્યવહારમાં પણ ઉપયુક્તતાનું ધોરણ લાગુ પાડયા વિના રહેવાનો નહિ અને જે નિષ્ઠુરતાની પશુસૃષ્ટિ સાથેના વ્યવહારમાં હિમાયત કરે છે તે જ નિષ્ઠુરતા તે કટોકટીના વખતે માનવી પ્રત્યે પણ દાખવવાનો.

આપણે એ સમજી લેવું જોઇએ કે ઉપયુક્તતા-વિચાર પ્રાકૃતિક છે. કરુણા પ્રકૃતિથી ઊંચે ઉઠવાનો માનવીનો પ્રયત્ન છે. પશુમાત્ર ઉપયુક્તતાની દૃષ્ટિથી વર્તે છે; વિચરે છે. માનવીને સંવેદનશીલ હૃદય મળેલું હોઇને અન્યનો આત્મૌપમ્ય ભાવથી તે વિચાર કરી શકે છે અને પરિણામે તેના દિલમાં નિમ્ન કોટિના જીવો માટે કરુણાનો ઉદય થાય છે. ઉપયુક્તતાના વિચારથી માનવી કદિ મુક્ત થઇ શકતો નથી, કારણ કે તેનો ચાલુ વ્યવહાર એ ભૂમિકા ઉપર ધડાયેલો હોય છે. પણ 'ઉપયુક્તતાના ખ્યાલથી પ્રેરાઇને હું બને ત્યાં સુધી એવી રીતે ન વર્તું' કે જેથી અન્ય કોઇ જીવને દુઃખ થાય, પીડા ઉપજે કે તેની પ્રાણહાનિ થાય'–આમ વિવેક કરીને વર્તવું અને એમ વર્તવા જતાં અનિવાર્ય એવી જે હિંસા થાય તે વિષે અન્તસ્તાપ અનુભવવો અને સવિશેષ જાગૃત રહી પ્રયત્ન કરવો–આમાં જ માનવી જીવનની–તેને પ્રાપ્ત થયેલી સદ્‌અસદ્‌ વિચારણાની–ચરિતાર્થતા રહેલી છે.

ગયા માર્ચ માસની પહેલી તારીખના પ્રબુદ્ધ જીવનમાં 'બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપં' એ મથાળા નીચે પ્રગટ થયેલ મારો એક લેખ અને તે પછીના અંકમાં પ્રગટ થયેલું–તે લખને ધ્યાનમાં લઇને લખાયલું શ્રી વત્સલા બહેનનું ચર્ચાપત્ર–આ ભૂમિકા ઉપર મે માસની પહેલી તારીખથી સપ્ટેમ્બરની પહેલી તારીખ સુધીના પ્રબુદ્ધ જીવનના અંકોમાં પ્રગટ થયેલ ભિન્ન ભિન્ન વ્યક્તિઓના લેખો યા ચર્ચાપત્રો, પછીના અંકમાં પ્રસિદ્ધ થયેલો શ્રી વત્સલાબહેનનો જવાબ અને ઓકટોબર માસની પહેલી તારીખથી આજ સુધીના અંકોમાં પ્રગટ થઇ રહેલો આ ઉપસંહાર–આ રીતે આ લાંબી ચર્ચાનો આજે અન્ત આવે છે. આ લાંબો ઉપસંહાર કટકે કટકે લખાયેલો હોઇને, તેમાં કોઇ કોઇ ઠેકાણે પુનરુક્તિ થવા પામી છે તે માટે પ્રબુદ્ધ જીવનના વાંચકોની મારે ક્ષમા માગવી રહી. આ આખી ચર્ચા અને ઉપસંહાર માત્ર પશુસૃષ્ટિને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. માણસ માણસ સાથેના વ્યવહારની અહિંસાદૃષ્ટિપૂર્વકની આલોચનાને આ ચર્ચામાં સ્થાન આપવામાં આવ્યું નથી. પ્રસ્તુત ઉપસંહારમાં આગળના લેખો તથા ચર્ચાપત્રોમાં રજૂ કરવામાં આવેલાં મુખ્ય મુખ્ય મુદ્દાઓને આવરી લેવાનો અને તે અંગેનું મારું ચિન્તન રજૂ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. તે પાછળ કોઇ ખંડન–મંડનની દૃષ્ટિ રહી નથી. નિરુપણ બને તેટલું સ્પષ્ટ અને વિશદ બને–એવો મેં આગ્રહ સેવ્યો છે અને એમ છતાં ચર્ચાસ્પદ વિષય અત્યન્ત કઠિન હોઇને કોઇ કોઇ ઠેકાણે અસ્પષ્ટતા રહી જવાનો પૂરો સંભવ છે. આ અતિ જટિલ પ્રશ્ન અંગે ઊંડાણથી વિચારવાની શ્રી વત્સલાબહેનના ચર્ચાપત્રે મને તક આપી તે માટે તેમના વિષે હું આભારની લાગણી અનુભવું છું, અને આ અતિ ગંભીર અને જીવનને અનેક દિશાઓથી સ્પર્શતા વિષયની જોઇએ એટલી મર્મગ્રાહી છણાવટ હું કરી શકયો નથી એવા અસંતોષ સાથે આ ઉપસંહાર પૂરો કરું છું અને આ ચર્ચા સમાપ્ત કરું છું. પરમાનંદ

વિલ્સન ડેમ પર્યટન

મુંબઇથી નાસિકના રસ્તે ૮૮ માઇલના અન્તરે ધગતપુરી પસાર કર્યા બાદ ગોટી નામનું ગામ આવે છે ત્યાંથી જમણી બાજુએ ફંટાતા રસ્તે ૨૦ માઇલના અન્તરે એક વિશાળ સરોવર આવે છે. ચોતરફ આવેલા પહાડોની એક ખુલ્લી બાજુએ લગભગ બે ફર્લાંગ લાંબી અને આશરે ૧૭૨ ફીટ ઊંચી દીવાલ બાંધીને વિપુલ જલરાશિનો સંચય ધરાવતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ દીવાલ અથવા જળબંધને 'વિલ્સન ડેમ'ના નામથી ઓળખવામાં આવે છે અને આ સરોવર 'લેઇક આર્થર હીલ'ના નામથી ઓળખાય છે. આ સ્થળ 'ભંડારધારા'ના નામથી પણ જાણીતું છે. વીલ્સન ડેમની દીવાલમાંથી પાણીના નિકાલ માટે કોઇ ઠેકાણે ઉંચાણમાં તો કોઇ ઠેકાણે નીચાણમાં એમ છ ઠેકાણે તદ્દન બાંજુએ બાજુએ ત્રણ ત્રણ નળ મુકવામાં આવ્યા છે. અને જ્યાંથી જળનો અવરોધ કરતી આડશો ઉંચી લેવામાં આવતાં ત્યાંની નળ–ત્રિપુટીમાંથી જોસભેર પાણી વહેવા માંડે છે. આ રીતે ધોધના આકારમાં પડતો જળપ્રવાહ નીચેના ભુતળ ઉપર પછડાયા બાદ એક નદીના પ્રવાહનો આકાર ધારણ કરે છે અને દૂર દૂર વહ્યે જાય છે. આ સ્થળ અહમદનગર તાલુકામાં આવેલ છે અને તેના પાણીનો ઉપયોગ આખા તાલુકામાં સ્થળે સ્થળે આવેલા શેરડીના વાવેતરોને પાણી પુરૂં પાડવા માટે કરવામાં આવે છે. ઉપર જણાવેલો નદીપ્રવાહ આગળ જતાં એક ધોધના આકારમાં આશરે બસો અઢીસો ફીટ ઉંડી એવી ખીણમાં ઠલવાય છે. આ જળપ્રપાતને 'રંધા ફોલ્સ'ના નામથી ઓળખવામાં આવે છે. આ રમણીય સ્થળે મુંબઇના લોકો રજાના દિવસો ગાળવા માટે આવે છે.

વિલ્સન ડેમની એક બાજુએ બે સરકારી બંગલાઓ છે. બીજી બાજુએ ઊંચાણમાં 'હોલી ડે હોમ' એ નામ આપીને પ્રવાસીઓ માટે લાંબા ત્રણ બ્લોક બાંધ્યા છે. દરેક બ્લોકમાં વચ્ચે મોટો હોલ અને બન્ને બાજુએ એક નાની અને એક મોટી એમ ડબલ રૂમના ત્રણ ત્રણ 'સુટ'–આવી તેની રચના છે.

આ વિલ્સન ડેમનું એક પર્યટન ૧૯૫૭ના જાન્યુઆરી માસ દરમિયાન મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગોઠવવામાં આવ્યું હતું. એ વખતે માત્ર એક જ બસ રોકવામાં આવી હતી. આ વખતે એટલે કે ગત ઓકટોબર માસની ૨૧ તથા ૨૨મી તારીખે–શની રવિએ–મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગોઠવવામાં આવેલ વિલ્સન ડેમના પર્યટન માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બે બસો રોકવામાં આવી હતી. એ ઉપરાંત સંઘના બે સભ્યો કુટુંબીજનો સાથે પોતપોતાની મોટરમાં આવ્યા હતા. આ પર્યટનને લગતી ખાવાપીવાની વ્યવસ્થાની જવાબદારી સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ભગુભાઇએ સ્વીકારી હતી. આ માટે આગલી રાત્રે ચાર માણસોને મુંબઇથી રવાના કરવામાં આવ્યા હતા. સંઘના પર્યટનમાં ભાઇ બહેનો તથા બાળકો મળીને કુલ ૧૦૦ જણા જોડાયા હતા.

નક્કી કરેલી બે બસો ૨૧મી તારીખે બપોરે દોઢ વાગ્યા લગભગ પાયધુનીથી રવાના થઇ હતી. રસ્તામાં ઓપેરા હાઉસ, સાત રસ્તાનું નાકું, દાદર, માટુંગા, શીવ, ઘાટકોપર વગેરે સ્થળોએથી પ્રવાસીઓને લઇને ત્રણ વાગ્યા આસપાસ બધાં થાણા પહોંચ્યાં હતાં. થાણા ખાતે મે. રવિ ઇ-ડસ્ટ્રીઝ તરફથી ચા નાસ્તાની ગોઠવણ કરવામાં આવી હતી. તેને ન્યાય આપીને આગળ ચાલતાં ધગતપુરી પહોંચતાં સૂર્યાસ્ત થઇ ચુકયો હતો. ઘાટ પસાર કરતાં બેમાંની એક બસ ખોટકાણી. તેને રીપેર કરવામાં અડધા પોણા કલાકનો વિલંબ થયો. સાત–સાડાસાત વાગ્યે અમે કસારા પહોંચ્યા. આમ તો અશાડ શુદ ૧૩ ની અજવાળી રાત હતી, પણ આકાશમાં વાદળ ચઢી આવ્યાં, અને એક ખુણે વીજળી ચમકારા કરવા લાગી. બન્ને બસો વિલ્સન ડેમના રસ્તે આગળ વધવા લાગી, એ દરમિયાન લગભગ આખે રસ્તે આછો આછો વરસાદ પડવા લાગ્યો. રાત્રીના નવ સવા નવ વાગ્યે અમે વિલ્સન ડેમ પહોંચ્યા.

અમે આજથી પોણાપાંચ વર્ષ પહેલાં અહિં આવેલા ત્યારે અમને અહિં રાત્રી ગાળવા માટે બે બંગલા મળેલા અને એ મુજબ અમે અહમદનગર પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટને અરજી કરેલી અને અમને રહેવા માટે બે 'સુટ' મળશે એવો જવાબ આવેલો. એ ઉપરથી અમે એમ માની લીધેલું કે પહેલાં મળેલા બે બંગલાઓ જ અમને મળવાના છે, પણ અહિં પહોંચતાં માલુમ પડયું કે અમને તો ઉપર જણાવેલ હોલીડે હોમના ત્રણમાંના એક બ્લોકમાં ઉપર જણાવ્યા મુજબના ડબલરૂમના માત્ર બે 'સુટ'જ મળેલા છે. આમાં એક ડબલ રૂમ રસોઇને લગતી ગોઠવણમાં રોકાય તો બાકીના એક ડબલ રૂમમાં પાંચ સાત જણાં સમાય ત્યાં સો ભાઇ બહેનોનો સમાવેશ શી રીતે કરવો ? એક તો જ્યાં સાંજ લગભગમાં પહોંચવા ધારેલું ત્યાં રાત્રે નવ સવાનવે અમે પહોંચ્યા; માથે આકાશમાંથી પાણી ટપકયા કરે અને ત્યાં આ સમાચાર મળ્યા એટલે અમારી મુંઝવણનો પાર ન રહ્યો. સદ્‌ભાગ્યે આગળથી અમે જે ચાર માણસો મોકલેલા તેમના ધ્યાનમાં આ કઠંગી પરિસ્થિતિનો ખ્યાલ આવેલો અને તેથી ત્યાંના ઓફિસરને અમને મળેલા બે 'સુટ'ની બાજુનો મોટો હોલ અમારી મંડળી માટે અલગ રાખવા સમજાવેલ. તે હોલ અમુક મંડળી માટે રીઝર્વ રાખેલો તે ન આવે તો અમને આપવાને તે સંમત થયેલ. સદ્‌ભાગ્યે અમારા આવતા સુધી તે મંડળી આવી નહોતી અને હવે આટલા મોડા તે આવવા સંભવ નહોતો તેથી તે હોલનો અમને કબજો મળ્યો અને તે હોલ અને તેની આગળની મોટી ઓશરી અને બાજુના બે ઓરડામાં અમે સાંકડે મોકળે ગોઠવાઇ ગયાં. આમ અણધારી આફતનો અણધાર્યો કામચલાઉ ઉકેલ આવ્યો અને એમ છતાં જે અગવડ પડી તે સૌએ ઉદાર ભાવે નીભાવી લીધી.

અહિં પહોંચ્યા બાદ સૌથી પહેલું કાર્ય ભોજન પતાવવાનું હતું. રસોઇ કયારની તૈયાર હતી. ભોજન વિધિ પતાવ્યા બાદ સૌએ મોકળા મને આમતેમ ફરવા માંડયું.

આકાશ ટપકતું બંધ થયું હતું. વાદળાં વીખરાઇ રહ્યાં હતા. અમારું નિવાસ્થાન સરોવરની એક બાજુએ સારા એવા ઊંચાણના ભાગમાં આવેલું હતું. લગભગ પૂર્ણ એવો ચંદ્રમા પૂર્વાકાશમાં ઉંચે ને ઉંચે ચઢી રહ્યો હતો અને સમગ્ર પ્રદેશને શીતળ ધવળ પ્રકાશવડે અજવાળી રહ્યો હતો. સામે અગાધ જળરાશિથી ભરેલું સરોવર જાણે કે વધતી જતી રાત સાથે નિદ્રાધીન બનવા પામતું ન હોય એમ નીતાન્ત સ્તબ્ધભાવ ધારણ કરી રહ્યું હતું અને અમરનાથ જતા રસ્તામાં આવતા શેષનાગ સરોવરની યાદ આપતું હતું. ચોતરફ નાના મોટા ટેકરા ટેકરીઓ અને ઊંચા નીચા શિખરોવાળા પહાડો આખા દૃષ્યને અપૂર્વ ગૌરવપ્રદાન કરી રહ્યા હતા. પ્રવાસમંડળીમાંનાં ભાઇ બહેનો આ અદ્‌ભુત દૃશ્યનો આનંદ માણતાં પોતપોતાના વર્તુળોમાં વહેંચાઇને વાર્તા વિનોદ માણી રહ્યાં હતાં. થોડા સમય પહેલાં થયેલા વરસાદને લીધે ભીની ખુલ્લી જમીન ભીની–ચીકણી–થઈ ગયેલી

હોવાથી ખુલ્લા આકાશ નીચે ચાંદનીમાં એકઠા થઈને બેસવાનું શકય નહોતું. એટલે મોટા હૉલ આગળની ઓશરીમાં બધાં એકઠાં થયાં અને રાત્રીના એક દોઢ વાગ્યા સુધી ગીત, ગાયન, ભજન અને દુહાઓ ગાવા, સાંભળવાનો સૌએ આનંદ માણ્યો.

મોડી રાત્રે સુવાની તૈયારી કરી. આ વખતે સરોવરનું દ્રશ્ય અત્યન્ત મોહક અને પ્રસાદપૂર્ણ લાગતું હતું. ચાર પાંચ કલાક ઉંઘમાં પસાર થયા ન થયા અને આકાશમાં ઉષાનો ઉદય થયો. પૂર્વાકાશમાં પ્રકાશની રેખાઓ પથરાવા માંડી, શીતળ મંદ મંદ પવનની લહરિઓ કોઇ નવી તાજગી આપવા લાગી, ચંદ્ર થોડી વાર પહેલાં જ અસ્ત પામ્યો હતો. તેને લીધે રાત્રીનાં તિમિર ચોતરફ ફેલાયાં ન ફેલાયાં એવામાં તો અંધકારભર્યા આકાશમાં પ્રકાશની ટશરો ફૂટવા લાગી. આમ પ્રાતઃકાળના આગમન સાથે અમે બધાંય પોતપોતાનાં બીછાનાનો ત્યાગ કરીને બહાર ચોગાનમાં આવી ઉભા અને સ્ફટિકની પ્રતિભા દાખવતા સરોવર અને આસપાસના પ્રદેશને મુગ્ધ ભાવે નિહાળતાં આમતેમ ફરવા લાગ્યાં. આકાશમાં અરુણોદયની લાલી ફેલાઇ ગઇ. સૌ નિત્યકર્મ પતાવવામાં રોકાયા. સૂર્યનું લાલબિંબ પૂર્વ ક્ષિતિજ બાજુના પર્વત ભાગમાંથી ઉપર આવ્યું અને તેના પીતવર્ણી પ્રકાશે ચોતરફના પ્રદેશને સોનેરી રંગે રંગી દીધો. ચા નાસ્તો પતાવ્યા બાદ બધાં તૈયાર થયાં અને બસમાં બેસીને 'રંધા ફોલ્સ' તરફ જવા ઉપડ્યા.

ઉપર જણાવ્યું તે મુજબ જે સરોવરના જળને વિલ્સન ડેમથી નાંથવામાં આવ્યું છે તે સરોવરમાંથી ડેમના જળદ્વાર મારફત બીજી બાજુએ ઠલવાતા પાણીનો બનેલો પ્રવાહ વિલ્સન ડેમથી આશરે પાંચેક માઇલ દૂર આવેલ સ્થળ આગળ બસો અઢીસો ફીટ ઊંડી ખીણમાં વેગવાન જળપ્રપાતના આકારમાં ફરીથી ઠલવાય છે. આ સ્થળને 'રંધા ફોલ્સ' કહે છે. ધોડાવેગી જળધોધના કારણે અહિં અત્યન્ત સુન્દર દ્રષ્યનું નિર્માણ થાય છે. આ સ્થળે આમતેમ ફરવામાં અને જળપ્રપાત અને આસપાસના પ્રદેશની નિસર્ગલીલા નિહાળવામાં બે અઢી કલાક પસાર થઈ ગયા. પાછા ફરતાં વિલ્સન ડેમની બીજી બાજુએ બે છેડા ઉપર સરોવરમાંથી ઢગલાબંધ પાણી તેને લગતા નળો ખુલ્લાં કરીને વહેતું કરવામાં આવેલું ત્યાં અમે પહોંચ્યાં. આ ધોધને લીધે આખો પ્રદેશ ખૂબ ગાજી રહ્યો હતો. જ્યાં ધોધ પડે છે ત્યાં સુન્દર બગીચો બનાવવામાં આવ્યો છે અને 'પીકનીક' માટે જ્યાં ત્યાં ખૂબ સગવડો ઉભી કરવામાં આવી છે. આ પ્રદેશ ઝાડપાનથી ઘટ્ટ રીતે ભરેલો છે. કેટલાક પ્રવાસીઓ મુંબઇથી વહેલી સવારે નીકળી આ બગીચામાં જ એક યા બીજા સ્થળે દિવસનો મોટો ભાગ પસાર કરીને સાંજના ભાગમાં મુંબઇ તરફ વિદાય થાય છે. અહિં અમે પણ દોઢેક કલાક ગાળ્યો, ધોધની સમીપ ઉભા રહીને ચોતરફ ઉડતી જળછાંટથી પલળવાનો આનંદ માણ્યો, અમારામાંના કેટલાક ત્યાં વહેતા જળપ્રવાહમાં ધરાઇ ધરાઇને નાહ્યા પણ ખરા. રંધાફોલ્સ તેમ જ અહીંની પ્રપાતલીલા વડે સંતૃપ્ત અને છતાં જાણેકે ધરાયા ન હોઇએ. એવી અતૃપ્તિ અનુભવતા અમે અમારા નિવાસસ્થાને પાછા ફર્યા. તૈયાર કરવામાં આવેલા દુધપાક પૂરીનાં પૂર્ણ ભોજનને સૌએ પૂરો ન્યાય આપ્યો, પાછળ રહેલાં માણસો જમ્યાં, થોડો આરામ કર્યો, પાછા ફરવાની તૈયારી શરૂ થઇ અને જોતજોતામાં સાડા ચાર વાગી ગયાં. પાંચેક વાગ્યે ત્યાંથી રવાના થયા. સૂર્ય આથમણી દિશાએ ઉતરી રહ્યો હતો. બન્ને બસોમાં ગાનતાન ચાલ્યા જ કરતા હતા અને વખત કેમ જતો હતો તેની ખબર પડતી નહોતી. સાંજ પડી અને ગોટી આવ્યું. આથમતા સૂર્યનો પ્રકાશ ગિરિશિખરોને સોનેરી ઓપ આપી રહ્યો હતો. એ પ્રકાશ પણ ઓસરી ગયો અને અંધકારના તિમિર ચોતરફ ફેલાવા લાગ્યા કંસારા આવ્યું, પશ્ચિમ ઘાટ અંધકારમાં અથવા તો શુકલ ચતુર્દશીના પ્રકાશમાં વટાવ્યો. ચંદ્રની બહાર ગમે તેટલી રોશની હોય પણ વીજળીની રોશનીથી પ્રકાશિત એવા-બસની અંદરના ભાગમાં બેઠેલા પ્રવાસીઓ માટે આ બહારની પ્રલોભક ચાંદનીનો કોઇ અર્થ જ રહેતો નથી. ઘાટ વટાવીને પ્રમાણમાં સપાટ પ્રદેશ ઉપર બસો આગળને આગળ વધવા લાગી. ગઇ રાતનો ઉજાગરો, આખા દિવસનો થાક, એટલે ગાનતાનનો ઉત્સાહ લાંબો વખત ટકયો નહિ. રાત વધતી ચાલી, મન અને શરીર કંટાળાનો અનુભવ કરવા લાગ્યાં. બરોબર રાત્રીના બાર વાગ્યે અમે બધાં મુંબઇ પહોંચ્યાં. આમ આ અમારું દોઢ દિવસનું પર્યટન વિવિધ પ્રકારની આનંદ મોજના મીઠા અનુભવો વડે સફલ સભર બન્યું અને સૌના દિલમાં સહજમાં ન વિસરાય એવું મીઠું સ્મરણ મૂકી ગયું.

પરમાનંદ

ગાંધીજીની અહિંસા વિષેની શ્રદ્ધા

નીચેનો પ્રસંગ એ દિવસોને લગતો છે કે જ્યારે આઝાદી મળવા સાથે દેશના તાજેતરમાં ભાગલા થયા હતા અને દેશમાં ચોતરફ કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં અને ગાંધીજી નોઆખલી અને બિહારમાં ફરીને આ દાવાનળનું શકય તેટલું પ્રશમન કરીને દિલ્હી ખાતે પાછા ફર્યા હતા અને ભંગી કોલોનીમાં તેમનો નિવાસ હતો અને શ્રી કિશનસિંહ ચાવડા કંઇક ખાસ કામ માટે ગાંધીજીને મળવા ગયા હતા. આ કામને લગતી વાતચીતનો ઉલ્લેખ કરીને શ્રી કિશનસિંહે આગળ ચાલતાં જે જણાવ્યું છે તે નીચે મુજબ છે:-

અમારી મુખ્ય વાતચીત તો અડધાએક કલાકમાં પૂરી થઇ ગઇ. પછી મેં પૂછયું : "બાપુ, હિંસાએ માંડેલા આ ભયંકર ધમસાણમાં તમારી અહિંસાની આકરી કસોટી થઇ રહી છે. અહિંસામાં તમારી શ્રદ્ધા હજી એની ને એની અચળ છે?"

મારો આ સવાલ સાંભળીને બાપુની આંખોમાં ગંભીરતા આવી ગઇ. એમણે કહ્યું : "સાઠ વર્ષ પહેલાં હું અહિંસા વિષે જે શ્રધ્ધાથી બોલતો હતો તે શ્રધ્ધા આજે સાઠ વર્ષ પછી વધારે ઉજ્જવળ અને ઘેરી થઇ છે. કેટલાક મિત્રો આજે મને પૂછે છે કે તારી અહિંસાની Technique-ટેકનિક (વિશિષ્ટ પ્રક્રિયા) સાચી છે? ત્યારે કેટલાક એમ પણ કહેનારા છે કે અહિંસાનો તમે પ્રજાજીવનમાં જે રીતે અમલ માગો છો એ તમારી ટેકનિક અયોગ્ય પમાડે તેવી છે. વળી કેટલાક મિત્રો અહિંસાના શાશ્વત સ્વરૂપ વિષે શંકા ઊઠાવે છે, ત્યારે વળી કેટલાક ભાઇઓ અનુભવને પરિણામે જીવનના શાશ્વત બળ તરીકે એનો સ્વીકાર પણ કરે છે.

"હું તો સૌને એક જ ઉત્તર દઉ છું કે હું કાચો હોઇશ, હું અપૂર્ણ હોઇશ, પણ અહિંસા કાચી નથી, એ અપૂર્ણ નથી. અહિંસા જીવનનું શાશ્વત બળ છે. એ મારી શ્રધ્ધા છે અને આ શ્રધ્ધાની દૃઢતા અનંત મુશ્કેલીઓ અને મુકાબલા વચ્ચે પણ જેવી ને તેવી જ રહી છે."

ગાંધીજીની ધીર વાણી જરા થંભી, એટલે મેં પૂછયું : "બાપુ તમારી આ આત્મ-શ્રધ્ધા આભાસ ન હોઇ શકે?

"આભાસ બીજા માટે હોય, મારે માટે નહિ ભાઇ, મારી તો શ્રધ્ધા છે." બાપુની અમૃતવાણી આગળ ચાલી. "એ જો આભાસ હોત ને, તો તો કયારના એના ભાંગીને ભૂકેભૂક્કા

થઇ ગયા હોત. જગતના કેટલા બધા લોકો હિંસામાં માનતા થઇ ગયા છે! મારા કેટલાય સાથીઓને પણ અહિંસા વિષે અશ્રદ્ધા જન્મી છે. કોઇ આધ્યાત્મિક અને વિદ્વાન પુરુષો મારી અહિંસાનું ખંડન પણ કરે છે. પણ જેમ જેમ દિવસો જાય છે અને જેમ જેમ એની આકરી કસોટી થતી જાય છે અને જેમ જેમ એને ભયંકર હિંસક મુકાબલાઓનો સામનો કરવો પડે છે તેમ તેમ મારી અહિંસા વધારે દૃઢ થતી જાય છે. મારા આત્માની આંખને કોઇની વિદ્વત્તા શી રીતે બંધ કરી શકે? મારા અન્તઃકરણના અનુભવને જો એ જૂઠો કહે તો એ એના મનના માલિક; પણ મારે મન તો એ વિદ્વત્તાની કોડીની કીંમત નહિ.”

(ત્યાર બાદ કેટલીક વ્યવહારની વાત થયાનું જણાવી શ્રી કિશનસિંહ આગળ ચાલે છે.)

આ વ્યવહારની વાત પૂરી થઇ એટલે મારા મને પેલી અહિંસાની વાતનો તન્તુ પાછો પકડયો અને પૂછયુ:

“બાપુ, ભાગવતમાં જીવો જીવનસ્ય જીવનમ્ (એક જીવ ઉપર બીજો જીવ નભે છે.) અને જીવો જીવમજીવયમ્ (જીવે જીવને જીવાડયો) એમ હિંસા અને અહિંસા વિષે કહ્યું છે. આમાંથી કયો અનુભવ અને કઇ દૃષ્ટિ સાચી અને સનાતન?”

“તમે આ ભાગવતની વાત કયાંથી લાવ્યા?” બાપુએ પૂછયું.

મેં કહ્યું: “ઉમાશંકર જોશીના ‘સંસ્કૃતિ’માં ગયે મહિને એમણે આની ચર્ચા કરી છે એટલે આ વાત સ્મરણમાં તાજી છે.”

બાપુ બીજો હાથ જમીન ઉપર ટેકવીને પોતાની માનીતી બેઠક બનાવી અને બોલ્યા: “અહિંસાનો બીજો પર્યાય હોય તો તે પ્રેમ છે.” બાપુની આંખો જરા ઊંડી ઊતરી ગઇ, “માણસ મૂળગત સ્વભાવે તો પ્રેમી છે; એટલે અહિંસક છે. પરંતુ એનો સ્વાર્થ એની પશુતાના દ્રષ્ટાણથી આ મૂળ સ્વભાવને ઊંચે આવવા દેતો નથી. પણ એથી એના સ્વાભાવિક સત્યની કઇ ઓછી આપણાથી ના પડાય? મારી શ્રધ્ધા માણસના આ મૂળભૂત સ્વરૂપ ઉપર જ બંધાયેલી છે. એટલે હું માણસમાં પ્રગટેલા પશુએ રચેલી લીલા જોઇને દુઃખી થઇ જાઉં છું, નિરાશ નથી થતો. મારી શ્રધ્ધા એથી ડગતી નથી, ઉલટી અડગ થાય છે. અવિશ્વાસના અંધકારમાં પણ મારી એ શ્રધ્ધા પોતાના જ પ્રકાશથી સ્પષ્ટ રીતે સત્ય જોઇ શકે છે. સાઠ વર્ષની પ્રયોગશીલતાએ અને પુરુષાર્થે મારી શ્રધ્ધા વધારે ઊંડી અને દૃઢ બનાવી છે એવું જે મેં તમને કહ્યું તે આ જ અનુભવના આધારે કહ્યું છે.”

કયારેક તો

ચાલનારા ચાલ, રસ્તો સૂઝશે કયારેક તો!
દૂઝતાં છાલાં ચરણનાં રૂઝશે કયારેક તો!
ધોમ ધખતા તાપમાં અવિરામ બસ ચાલ્યા જ કર;
છાંયડો તારાં ચરણને ચૂમશે કયારેક તો!
હોય છે બેશક, મહારણને ય સીમા હોય છે;
આવશે ઝરણાં પિપાસા ધ્રૂજશે કયારેક તો!
આત્મશ્રદ્ધા કોઇને અધવચ્ચ નથી રઝળાવતી;
ધ્યેયની સીમા ય આવી પૂગશે કયારેક તો!

(‘કુમાર’માંથી સાભાર ઉદ્ધૃત) ‘વિશ્વરથ’

વિષયસૂચિ			પૃષ્ઠ
માંગલ્ય પ્રગટો	... ...	નવલભાઇ શાહ	૧૩૭
કરુણા વિચાર વિરહ ઉપયુક્તતાવાદ		પરમાનંદ	૧૩૮
વિલ્સનડેમ પર્યટન	... ...	પરમાનંદ	૧૪૧
ગાંધીજીની અહિંસા વિષેની શ્રદ્ધા:		કિશનસિંહ ચાવડા	૧૪૨
મેરી ભાવના	... ...		૧૪૩
મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું વ્યાખ્યાન:			
જૈન દર્શન	... ...		૧૪૪
માંસાહાર અને હિંદુધર્મ	...	મગનભાઇ દેસાઇ	૧૪૬

मेरी भावना

जिसने राग द्वेष कामादिक जीते सब जग जान लिया,
सब जीवों को मोक्ष मार्ग का निस्पृह हो उपदेश दिया।
बुद्ध, वीर, जिन, हरि, हर, ब्रह्मा, या उसको स्वाधीन कहो,
भक्ति भावसे प्रेरित हो यह चित्त उसी में लीन रहो ॥ १

विषयों की आशा नहिं जिनके साम्य-भाव धन रखते हैं,
निज-परके हित-साधनमें जो निश दिन तत्पर रहते हैं।
स्वार्थ त्याग की कठिन तपस्या बिना खेद जो करते हैं,
ऐसे ज्ञानी साधु जगत के दुःख समूह को हरते हैं ॥ २

रहे सदा सत्सङ्ग उन्हीं का ध्यान उन्हीं का नित्य रहे,
उन्हीं जैसी चर्य्या में यह चित्त सदा अनुरक्त रहे।
नहीं सताऊं किसी जीव को, झूठ कभी नहिं कहा करूं,
परधन-वनिता पर न लुभाऊं संतोषामृत पिया करूं ॥ ३

अहङ्कार का भाव न रक्खुं नहीं किसी पर क्रोध करूं,
देख दूसरों की बढती को कभी न ईर्ष्या भाव धरूं।
रहे भावना ऐसी मेरी सरल-सत्य व्यवहार करूं,
बने जहां तक इस जीवन में औरों का उपकार करूं ॥ ४

मैत्री भाव जगत में मेरा सब जीवों से नित्य रहे,
दीन दुखी जीवों पर मेरे उर से करुणा स्रोत बहे।
दुर्जन-क्रूर-कुमार्गरतों पर क्षोभ नहीं मुझको आवे,
साम्य भाव रक्खूं मैं उन पर ऐसी परिणति हो जावे ॥ ५

गुणी जनों को देख हृदय में मेरे प्रेम उमड़ आवे,
बने जहाँ तक उनकी सेवा करके यह मन सुख पावे।
होउँ नहीं कृतघ्न कभी मैं द्रोह न मेरे उर आवे,
गुण ग्रहण का भाव रहे नित दृष्टि न दोषों पर जावे ॥ ६

कोई बुरा कहो या अच्छा लक्ष्मी आवे या जावे,
लाखों वर्षों तक जीऊं या मृत्यु आज ही आ जावे।
अथवा कोई कैसा ही भय या लालच देने आवे,
तो भी न्याय मार्ग से मेरा कभी न पग डिगने पावे ॥ ७

होकर सुख में मग्न न फूले दुख में कभी न घबरावे,
पर्वत-नदी-स्मशान-भयानक अटवी से नहिं भय खावे।
रहे अडोल अकम्प निरन्तर यह मन दृढ़ तर बन जावे,
इष्टवियोग अनिष्टयोग में सहनशीलता दिखलावे ॥ ८

सुखी रहें सब जीव जगत के कोई कभी न घबरावे
वैर-पाप अभिमान छोड़ जग नित्य नये मंगल गावे।
घर घर चर्चा रहे धर्म की दुष्कृत दुष्कर हो जावें,
ज्ञान-चरित उन्नतकर अपना मनुज-जन्म फल सब पावें ॥ ९

ईति भीति व्यापे नहिं जगमें वृष्टि समय पर हुआ करे,
धर्म निष्ठ होकर राजा भी न्याय प्रजा का किया करे।
रोग मरी दुर्भिक्ष न फैले प्रजा शान्ति से जिया करे,
परम अहिंसा-धर्म जगत में फैल सर्वहित किया करे ॥ १०

फैले प्रेम परस्पर जग में मोह दूर पर रहा करें।
अप्रिय-कटुक-कठोर शब्द नहिं कोई मुख से कहा करे।
बन कर सब युग वीर हृदय से देशोन्नति रत रहा करें,
वस्तु स्वरूप विचार खुशी से सब दुख संकट सहा करें ॥ ११

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું વ્યાખ્યાન

‘જૈન દર્શન’

તા. ૫—૧૧—૬૧ રવિવારના રોજ સવારના ૯ વાગ્યે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં સુપ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું ‘જૈન દર્શન’ એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. વ્યાખ્યાન સમયે સભાગૃહ ભાઈઓ તથા બહેનોના શ્રોતાસમુદાયથી ચીકાર ભરાઈ ગયું હતું.

મુનિશ્રીનો પરિચય

પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીને આવકાર આપતાં જણાવ્યું હતું કે “જ્યારે મુંબઈ જૈન યુવક સંઘ કોઈ પણ જૈન સાધુને વ્યાખ્યાન આપવા નિમંત્રણ આપે છે ત્યારે તેની પાછળ ચોક્કસ દૃષ્ટિ હોય છે. અમુક વ્યકિત જૈન સાધુ છે માત્ર એટલા માટે નહિ, પણ તે જૈન સાધુ હોવા છતાં અથવા તો હોવા સાથે તેનામાં વિચારની વિશાળતા અને ઉદારતા છે, તે કેવળ જૂનવાણી વિચારોના કોશેટામાં પુરાયેલ નથી પણ તેના મનન ચિન્તન ઉપર નવા વિચારપ્રવાહોની છાપ છે, તેને જીવન અંગે વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, તે જૂના સાથે નવાનો સમન્વય કરી શકે છે—આવી જે સાધુ માટે સંઘના કાર્યવાહકોને પ્રતીતિ થાય તેવા સાધુને સંઘના ઉપક્રમે વ્યાખ્યાન આપવા માટે નિમંત્રવામાં આવે છે. આ ધોરણ મુજબ આજના વ્યાખ્યાતા એક સુયોગ્ય વ્યકિત છે એમ સમજીને તેમને વ્યાખ્યાન માટે અમારા સંઘ તરફથી નિમંત્રણ આપવામાં આવ્યું છે.

“મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીને હું વર્ષોથી ઓળખું છું. જે ધર્મના તેઓ સાધુ છે એ ધર્મના મન્તવ્યો વિષે તેમને સ્વાભાવિક રીતે આગ્રહ યા પક્ષપાત હોય પણ તેમના મનન ચિન્તનને વિશાળતા વરેલી છે, તેઓ અંગ્રેજી સાહિત્યનાં સારા અભ્યાસી છે, અને તેમનું નિરૂપણ મધુર, ઉદાત્ત, રોચક અને સાંપ્રદાયિક અભિનિવેશથી મુકત હોય છે. આ કારણે તેમના પ્રત્યે માત્ર જૈનો જ નહિ પણ અનેક જૈનેતર ભાઈબહેનો, પારસીઓ અને ખ્રીસ્તીઓ પણ આકર્ષાય છે. તેમની રીતભાતમાં—બોલીચાલીમાં એક પ્રકારની સૌરભ હોય છે અને તેથી તેમનો પરિચય પરિચિતોના દિલમાં હંમેશાં પ્રસન્નતા પેદા કરે છે. જૈન દૃષ્ટિનું તેમનું નિરૂપણ હંમેશાં ઉદાત્ત, ઉદાત્ત અને સર્વગ્રાહી હોય છે.

“મુનિશ્રી મુંબઈમાં અથવા મુંબઈ આસપાસ છેલ્લાં બે વર્ષથી વસે છે. સંઘ તરફથી યોજાતી ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમને મેં વ્યાખ્યાન માટે ખાસ આમંત્રણ આપેલું. તેઓ એ દિવસોમાં પર્યુષણનો ઉપાશ્રય સંબંધક ચાલુ કાર્યક્રમ છોડીને અમારે ત્યાં આવવાને તૈયાર નહોતા. આ વર્ષે પણ મેં આગ્રહ કરેલો પણ તેમને ઉપર જણાવેલા કારણે અમે પ્રાપ્ત કરી ન શકયા. ત્યાર બાદ આટલા લાંબા ગાળે પણ આજે તેમનું વ્યાખ્યાન અમારા સંઘ તરફથી ગોઠવી શકાયું છે તેનો અમને ખૂબ આનંદ છે.

“મુનિશ્રી ચંદ્રપ્રભાસગરજી અંગેનો મારો અભિપ્રાય એક બીજી રીતે હું રજૂ કરવા માંગું છું. પૂર્વ આફ્રિકામાં જ્યાં જૈન શ્વે. મુ. સમુદાયની સારી વસ્તી છે તેવા કોઈ એક સ્થળે જૈન મંદિર બંધાઈ રહ્યું છે. તેની બારેક મહિનાના ગાળે પ્રતિષ્ઠા થવાની છે. આ નિમિત્તનો લાભ લઈને ત્યાંના જૈન ભાઈઓ જૈન ધર્મના એક એવા ઉપદેશકને ત્યાં બોલાવવા ઈચ્છે છે કે જે ત્યાંના જૈન જૈનેતર ભાઈઓને જૈન ધર્મનો સાચો પરિચય કરાવી શકે અને જૈન ધર્મ કે જે વિષે ત્યાં ખૂબ અજ્ઞાન પ્રવર્તે છે તે શું છે તેનો કાંઈક ખ્યાલ આપી શકે. તેમાંના એક ગૃહસ્થ આ માટે મારી પાસે આવ્યા અને આવી કોઈ સુયોગ્ય વ્યકિતનું નામ સૂચવવા તેમણે મને કહ્યું. માગણી કરનાર જૈન શ્વે. મૂ. ભાઈઓ, પ્રસંગ જૈન શ્વે. મૂ. વર્ગના મંદિરની પ્રતિષ્ઠાનો—આ બધું વિચારતાં મને એકાએક મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું નામ સુઝ્યું અને ઉપર જણાવેલ કાર્ય માટે તેમને વિનંતિ કરવા મેં એ ભાઈને સૂચવ્યું. આ વાત કેટલી આગળ આવી છે તેની મને ખબર નથી. પણ હું માનું છું કે જો જૈન ધર્મનો પરિચય જગતને કરાવવો હોય તો આવા ત્યાગી મીશનરીઓને આપણે હવે હિન્દ બહાર મોકલવાની જરૂર છે. આ કામ કોઈ ભાડુતી ધર્મોપદેશકનું નથી. આ કામ કોઈ જૂનવાણી ગૃહસ્થ કે સાધુનું નથી. આ કામ માત્ર ત્યાગી અને તેજસ્વી એવા સાધુ-સન્તનું છે. જૈન ધર્મનો ફેલાવો એટલે કે તેને લગતી સમજણનો-જાણકારીનો—ફેલાવો ભારતની બહાર લગભગ નહિવત છે, જ્યારે બૌદ્ધ ધર્મને, ઈસ્લામને, ખ્રીસ્તી ધર્મને આખી દુનિયા જાણે છે તેનું કારણ એ જ છે કે, જૈન સમાજે કદિ પણ પોતાના ત્યાગી તેજસ્વી સાધુઓને જૈન ધર્મનું મિશન લઈને ભારત બહાર મોકલ્યા નથી, જ્યારે અન્ય ધર્મના સાધુઓએ દુનિયાના ઘણાખરા ભાગો પદાક્રાન્ત કર્યા છે. આવું સાહસ ખેડવામાં જૈન મુનિને તેમનો આચારધર્મ ઘણી રીતે આડો આવે એ હું સમજી શકું છું, પણ આજના જમાનાની આ માંગનો ખ્યાલ કરતાં જો જ્ઞાન, ચારિત્ર્ય અને પ્રતિભાની દૃષ્ટિએ અમુક સાધુ સુયોગ્ય હોય તો પ્રસ્તુત પરિસ્થિતિને અપવાદયોગ્ય લેખીને તેવા સાધુને આફ્રિકા તેમ જ અન્યત્ર મોકલવા માટે આપણે તૈયાર થવું જોઈએ. આ મારો અભિપ્રાય છે અને આ ધોરણે મુનિશ્રી ચંદ્રપ્રભસાગરનું ભાતીગળ વ્યકિતત્વ અને તેમના આગ્રહો તેમ જ અનાગ્રહો જોતાં તેઓ જૈન ધર્મના એક પરદેશ મોકલવાયોગ્ય સારા મિશનરી થઈ શકે એમ છે એમ મને ચોક્કસપણે લાગે છે. આટલા નિવેદન સાથે મુનિશ્રીને પોતાનું પ્રવચન શરૂ કરવા હું વિનંતિ કરું છું.”

મુનીશ્રી ચંદ્રપ્રભસાગરજીનું વ્યાખ્યાન

ત્યાર બાદ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ “જૈન દર્શન’ ઉપર જે મનીનય વ્યાખ્યાન આપ્યું તેનો ટૂંક સાર નીચે મુજબ છે:—

આપણે ત્યાં તત્વજ્ઞાનના ક્ષેત્રમાં બે વિચારધારા ચાલતી આવી છે. એક ઈશ્વરકર્તૃત્વના સ્વીકાર ઉપર આધારિત અને બીજી કર્મતત્ત્વના સ્વીકાર ઉપર આધારિત. આપણે પહેલાં ઈશ્વરકર્તૃત્વનો વિચાર કરીએ. આ વિચારસરણી પ્રમાણે ઈશ્વરને વિચાર આવ્યો કે ‘એકોઽહં બહુ સ્યામ્’—‘હું એક છું તે અનેક બનું’ આ વિચારમાંથી આ સૃષ્ટિ પેદા થઈ. હવે આ રીતે જે વિશ્વ નિર્માણ થયું તેમાં અનેક જીવો બહુ સુખી તો અનેક જીવો બહુ દુ:ખી દેખાય છે. ઈશ્વરને હંમેશાં કરુણામય કલ્પવામાં આવેલ છે. જો આમ હોય તો તેણે વિશ્વમાં સુખદુ:ખની આવી અસમાનતા કેમ પેદા કરી? પ્રસિદ્ધ લેખક સોમરસેટ મોમ તેના Razor's Edge' માં પ્રશ્ન કરે છે કે જેમ માબાપ હંમેશા પોતાનાં સંતાનોને સુખી બનાવવાનો જ પ્રયત્ન કરે છે તેમ આપણા સર્વના પરમ પિતારૂપ ઈશ્વરે તેના સમગ્ર સર્જનને કેવળ સુખી કેમ ન બનાવ્યું? ઈશ્વરકર્તૃત્વ સંબંધમાં ચર્ચા કરતાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પ્રશ્ન કરે છે કે ઈશ્વર ઈચ્છાયુકત છે કે ઈચ્છાવિહીન છે? ઈશ્વર ઈચ્છાયુકત હોય તો ઈશ્વરનું નિર્મમત્વ અસિદ્ધ બને છે; ઈશ્વર ઈચ્છાવિહીન હોય તો આવો મોટો પરિવાર તે કેમ ઊભો કરે?

આમ ચર્ચા સમાલોચના કરતાં ભારતીય દર્શન એવા નિર્ણય ઉપર આવે છે કે ઈશ્વરનું કાર્ય સૃષ્ટિકર્તૃત્વનું નથી; સૃષ્ટિ તો અનાદિ

કાળથી ચાલતી હતી એમ ચાલી આવે છે. ઈશ્વર જીવોનો તેમના કર્મ પ્રમાણે ન્યાય ચૂકવે છે અને તેમને સુખદુ:ખ આપે છે. ઈશ્વરનું કાર્ય આ રીતે કેવળ ન્યાયાધીશનું છે. અહીં જૈન વિચારસરણી જે ઈશ્વરકર્તૃત્વની માન્યતાને સ્વીકારતી નથી તે આગળ આવીને જણાવે છે કે આખરે જો કર્મ જ મુખ્ય બાબત છે અને તેના આધારે જીવોનાં સુખદુ:ખનું નિર્માણ થાય છે અને આ બાબતમાં ઈશ્વર ન્યાયાધીશના ગૌણસ્થાનને પામે છે તો કર્મને જ શા માટે મુખ્ય ન ગણવું? અને ઈશ્વર એટલે કોઈ બહાર બેઠેલી અન્ય વ્યકિત નહિ પણ દરેક જીવની અંદર રહેલો આત્મા એમ કેમ ન સમજવું?

આત્મા પોતાના રૂપમાં આરીસા જેવો નિર્મળ અને શુદ્ધ છે. તેના ઉપર કર્મના મેલના થરના થર લાગવાથી તે અશુદ્ધ દેખાય છે. આ મેલ દૂર થાય એટલે તે સ્વચ્છ અને નિર્મળ દેખાવાનો છે. આ રીતે વિચારતાં જૈન દર્શન મુજબ ત્રણ તત્વ આપણી સામે મુખ્યપણે આવે છે. (૧) ભવભ્રમણની પરંપરામાં જકડાયેલો આત્મા, (૨) આ પરંપરા ઊભી કરનાર તેનું કર્મ અને (૩) કર્મથી મુકત આત્મા એટલે કે પરમાત્મા. બીજી રીતે વિચારીએ તો આત્મા અને કર્મ એટલે કે પુરુષ અને પ્રકૃતિ સિવાય જાણવાયોગ્ય—સમજવા યોગ્ય બીજું કોઈ તત્વ નથી.

આમ કર્મવિચાર આપણી સામે આવતાં તેમાંથી મુકિતના પરિણામરૂપ મોક્ષનો વિચાર આવે છે અને તે મોક્ષપ્રાપ્તિ અર્થે જરૂરી એવા પુરુષાર્થ ઉપર જૈન દર્શન સૌથી વધારે ભાર મૂકે છે.

આપણે આપણા સુખદુ:ખના અને આપણને લાગતું-વળગતું જે કાંઈ છે તેના નિર્માતા છીએ અને આજની આપણી પરિસ્થિતિમાં પલટો લાવવો તે આપણા હાથની વાત છે. અદ્યતન વર્તમાન એ સમગ્ર ભૂતકાળના કર્મોનું પરિણામ છે; ભાવીનો આધાર અદ્યતન પરિસ્થિતિનો આપણે કેવો ઉપયોગ કરીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. કર્મકૌશલ્ય ધરાવતો જીવ અન્તિમ ધ્યેય મોક્ષની બહુ જલદીથી સમીપ જાય છે; તે વિનાનો જીવ આ સંસારમાં કંઈ કાળ સુધી જ્યાં ત્યાં અથડાતો પછડાતો રહે છે.

આ કર્મ આત્માને વળગ્યું ક્યાંથી? કર્મ જડ છે, આત્મા ચૈતન્ય છે. આના કારણ તરીકે ગીતામાં આસકિત સૂચવવામાં આવેલ છે. જૈન દર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ—આમ પાંચ કારણો દર્શાવવામાં આવ્યાં છે. માનવી માત્રનો પ્રયત્ન ઈષ્ટનો યોગ સાધવાનો છે, અને અનિષ્ટનો વિયોગ સાધવાનો છે. આ ઈષ્ટ અને અનિષ્ટ આત્માથી પર પદાર્થ છે અને એકની પ્રાપ્તિ અને અન્યથી મુકિતની ઘેલછામાં અનેક આધિ વ્યાધિ અને ઉપાધિને તે નોતરે છે. જેને તે ઈષ્ટ ગણે છે તે કદિ સ્થાયી બનતું નથી અને તેનો નાશ થયે તે દુ:ખ અનુભવે છે અને અનિષ્ટ તો સ્વત: દુ:ખકર છે. આમ જે સ્વરૂપથી ભિન્ન છે તે પાછળની દોટમાં કેવળ દુ:ખ, દુ:ખ અને દુ:ખ આવીને ઉભું રહે છે. આ ઈષ્ટ અનિષ્ટના દ્વંદ્વથી મુકત બનવામાં અને સચ્ચિદાનંદમય જે પોતાનું સ્વરૂપ છે તેને પ્રાપ્ત કરવામાં—તેમાં લીન થવામાં જ ખરું સુખ અને શ્રેય રહેલું છે.

વિશ્વ છ તત્વોનું બનેલું છે—જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલાસ્તિકાય. આમાં એક જીવ ચૈતનસ્વરૂપ છે, અન્ય જડ છે. આ જડચૈતનની મેળવણી એટલે સંસાર. ચેતનની આ જડતત્વોના પાશમાંથી મુકિત એટલે મોક્ષ. જૈન દર્શનનો આ સાર છે.

ગીતામાં 'સ્વધર્મે નિધનં શ્રેય; પરધર્મો ભયાવહ:' એવું એક સૂત્ર છે. આનો અર્થ સામાન્યત: એવો કરવામાં આવે છે કે પોતાના ધર્મ એટલે કે સંપ્રદાયને વળગી રહેવું એમાં જ શ્રેય છે; અન્ય ધર્મને વળગવામાં જોખમ છે. ધર્મ શબ્દનો આ અર્થ બરોબર નથી. તેનો ખરો અર્થ એ છે કે સત, ચિત્ અને આનંદ એ સ્વ કહેતાં આત્માનો ધર્મ છે, એટલે કે સ્વભાવ છે. આથી અન્ય તે સર્વ પર છે. ગીતાની ઉપરની પંકિતનો અર્થ એ છે કે સ્વધર્મમાં એટલે આત્માના સ્વભાવમાં નિમગ્ન રહેવું તેમાં જ ખરું શ્રેય રહેલું છે. જે આત્મ-સ્વભાવથી પર છે તેને વળગવું, તેની પાછળ દોડવું, તેનું રટણ કરવું તે ભયાવહ છે, અનિષ્ટોને પેદા કરનાર છે. આ રીતે ગીતાની પંકિત સાંપ્રદાયિક વાડાઓને—ચોકાઓને—સુદૃઢ કરવા માટે નથી પણ તેથી ઉપર જવા માટે અને પરનો ઈનકાર કરીને સ્વનો સ્વીકાર આદર કરવા માટે છે.

સ્વધર્મ ઉપરથી સ્વધર્મીનો વિચાર આવે છે. જે ચૈતન્યસ્વરૂપ પોતાનું છે એ જ ચૈતન્યસ્વરૂપ અન્યનું છે એમ સમજીને 'આત્મવત્સર્વભૂતેષુ' એવી દૃષ્ટિને કેળવવી અને તદનુસાર આચરણ કરવું—આવો ધર્મ આપણને પ્રાપ્ત થાય છે. આમ આત્મૌપમ્ય ભાવે અન્ય જીવો સાથે વ્યવહાર કરવો તે જ અહિંસા છે. આનું નામ જ વિશ્વવ્યાપી મૈત્રી છે. કરુણા પણ આ વિચારણામાંથી પ્રગટે છે. આવી મૈત્રીની ઉપાસના એ આત્મસાધક માટે પરમકર્તવ્યરૂપ બની જાય છે અને એ મૈત્રીની સાધનામાં અન્તરાયરૂપ બનતી કામ ક્રોધ, માન, માયા, લોભ, આદિ વૃત્તિઓનો વિરોધ કરવો એ, સાધક માટે અનિવાર્ય બને છે.

જૈન ધર્મને અન્યત્ર સંક્ષેપમાં આ રીતે વર્ણવામાં આવેલ છે. **धम्मो मंगलमुक्किट्ठं अहिंसासंयमोतवो।** અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા અને વિકારવૃત્તિનિરોધ એટલે કે સંયમનો આપણે વિચાર કર્યો. તેટલું જ મહત્વ તપનું છે. તપ એટલે આધ્યાત્મિક પુરુષાર્થ. મોક્ષપ્રાપ્તિ માટે આતુર બનેલા આત્માનો ઝડપી વિકાસ સાધવા માટેનો પ્રયત્ન અથવા તો આત્મ-શુદ્ધિનો ઉગ્ર છતાં પણ આવશ્યક ઉપાય. ભારતીય સંસ્કૃતિના સન્તોએ આત્મા ઉપર ચઢેલા મળને સાફ કરવા માટે હંમેશા તપ ઉપર ખૂબ ભાર મૂક્યો છે.

જૈન દર્શનમાં અહિંસા જેટલો જ મહત્ત્વનો વિચાર છે સ્યાદ્-વાદને લગતો, છે. અંગ્રેજીમાં તેને Relativity in thinking કહીને ઓળખાવી શકાય. એવી જ રીતે અહિંસાને આપણે Non-violence in action એ રીતે ઓળખાવી શકીએ. સ્યાદ્વાદ માટે બીજો શબ્દ છે અનેકાન્તવાદ. આ વિચારની વિસ્તારથી સમજૂતી આપવાનું સમયના અભાવે અહીં શકય નથી. કોઈ પણ વિધાન સંપૂર્ણ સત્યને વ્યકત કરી શકતું નથી. જેવો આપણને આપણા વિચારોને માટે આગ્રહ હોય તેવો જ અન્યના વિચારો માટે આપણને આદર હોવો જોઈએ, અને તે વિચારોમાં રહેલા સત્યાંશને તારવતા શીખવું જોઈએ. ભિન્ન ભિન્ન દર્શનો આખરે શું છે? સત્ય તત્ત્વને ભિન્ન ભિન્ન રીતે રજૂ કરતી ચોક્કસ વિચારશ્રેણીઓ છે. જ્યાં વિરોધ દેખાય ત્યાં સત્યાંશ તારવીને સમન્વય સાધવો—એ અનેકાન્તવાદનો સાર છે. આજનું જગત માંગી રહ્યું છે છોડતા શીખો અને સાંભળતા શિખો. સંયમ દ્વારા છોડો અને અનેકાન્ત દ્વારા સાંભળો, વિશ્વની આજની દિન પ્રતિદિન ઘેરા બનતી જતી અશાંતિમાં જૈન દર્શનની આ અપરિગ્રહ અને અનેકાન્ત-મૂલક દૃષ્ટિ સ્વીકારવામાં આવે અને અહિંસાવિચારને જનજીવનના આચરણ સાથે સંલગ્ન કરવામાં આવે તો વિશ્વમાં જરૂર પરમ શાન્તિની સ્થાપના થાય અને જૈન દર્શન સહેજે વિશ્વદર્શન બની જાય.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું પૂરક વક્તવ્ય

ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે "જૈન દર્શન જેવા ગહન વિષયનો એક કલાકના ટૂંક સમયમાં મુનિશ્રીએ રોચક અને પ્રેરક એવી ભાષામાં આવો સુન્દર પરિચય આપ્યો તે સાધારણ કાર્ય નથી" એમ જણાવીને તેમનુ અભિવાદન

કર્યું અને આગળ ચાલતાં જણાવ્યું કે "માણસને બુદ્ધિ મળી છે ત્યારથી જીવનનું રહસ્ય પામવા માટે-વિશ્વનું સત્ય સમજવા માટે તે સતત પ્રયત્ન કરતો રહ્યો છે. આ શોધનો હજુ સુધી છેડો આવ્યો નથી અને એક પ્રશ્નના જવાબમાંથી બીજો પ્રશ્ન ઉદ્ભવતો રહ્યો છે. શ્રીમદ્ રાજચન્દ્રે 'હું કોણ છું?' એ પ્રશ્નની ઘેરી ચર્ચા કરી છે. જૈનોએ ઈશ્વરકર્તૃત્વનો ઇનકાર કરી કર્મના નિયમને પ્રતિષ્ઠા આપી તો પ્રશ્ન થયો કે આત્મા અને કર્મનો સંયોગ શું કામ થયો? આત્માને શુદ્ધ, નિત્ય પવિત્ર ગણવામાં આવે તો તેને કર્મનો મેલ ક્યારથી ચોંટ્યો! ભગવાન બુદ્ધે કહ્યું કે આ બહુ ગહન વિષય છે, તેના ઊંડાણમાં-મૂળમાં-ઉતરવાની જરૂર નથી, દુઃખ છે એ હકીકત છે, તેનો ઉપાય છે તે હકીકત છે, તો તે ઉપાય કરીને દુઃખનો નાશ કરવો એ જ માત્ર આપણું અંતિમ લક્ષ્ય બનવું ઘટે. કવિવર ટાગોરે આ બધાં પ્રશ્નોની પોતાના 'સાધના' નામના પુસ્તકમાં ઊંડાણથી છણાવટ કરી છે અને જણાવ્યું છે કે જેને આપણે અનિષ્ટ ગણીએ છીએ તે જ આપણા વિકાસનું સાધન બને છે. જેમ કે નદીને એમ થાય કે આ બે કાંઠા પોતાને માટે બંધનરૂપ છે, તે ન હોય તો પોતાને ફાવે તેમ વહી શકે અને વિસ્તરી શકે. પણ તેને ખબર નથી કે કાંઠા ન હોય તો નદી નદી જ રહી ન શકે. નદીને નદી સ્વરૂપે વહેવામાં અને વધવામાં કાંઠા જ મદદરૂપ બને છે. એવી જ રીતે પતંગને એમ થાય કે પોતે દોરથી બંધાયેલો ન હોય તો યથેચ્છપણે આકાશમાં પોતે ઉડી શકે, વિહરી શકે, પણ પતંગને ખબર નથી કે પોતે દોરથી બંધાયેલો છે તેથી જ તે આકાશમાં ઉડી શકે છે. દોરનો સંબંધ તુટે એટલે તેણે ગુરુત્વાકર્ષણને વશ થઇને ભૂતળ ઉપર જ આવવાનું છે. આમ આપણા બંધનો જ આપણને વિકાસના માર્ગે આગળ જવામાં મદદરૂપ થાય છે. જેને આપણે અનિષ્ટ ગણીએ છીએ તેજ આપણા વિકાસનું સાધન બને છે. આ જાણવા છતાં આ વિકાસનો વિચાર અને આજના મેગાટોન બોંબ વચ્ચે કોઇ મેળ દેખાતો નથી. ધર્મ એ માર્ગરક્ષક ભોમિયો છે એ જાણવા છતાં આખી દુનિયા ધર્મનું અવલંબન છોડીને કોઇ વિપરીત માર્ગે દોડી રહી છે અને સામે દેખાતા વિનાશને કોઇ અટકાવી શકે તેમ નથી. ન સમજી શકાય, ન વારી શકાય એવું કોઇ કાળબળ આજે કામ કરી રહ્યું છે. આ જોઇને આપણી મતિ મૂંઝાઇ જાય છે અને ચિત્ત ઊંડી નિરાશા અનુભવે છે."

આભારનિવેદન

છેવટે સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરિયાએ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી પ્રત્યે સંઘ તરફથી ઊંડા આભારની લાગણી પ્રગટ કરી અને આવા વિદ્વાન શક્તિશાળી અને વક્તૃત્વ-કુશળ સન્ત સાધુઓને જૈન ધર્મનો વિશાળ દુનિયાને પરિચય આપવા માટે ભારત બહાર મોકલવાની જે આવશ્યકતા તરફ શ્રી પરમાનંદભાઇએ આપનું ધ્યાન ખેંચ્યું છે તેનું હું અનુમોદન કરું છું એમ જણાવ્યું. ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

માંસાહાર અને હિંદુધર્મ

એક કોલેજ વિદ્યાર્થી આણંદથી નીચેના પ્રશ્નો પૂછે છે-

"અમારા મિત્ર-મંડળમાં માંસાહાર વિષે ચર્ચા થતાં થોડો વિખવાદ ઊભો થયો છે. આશા છે કે, આપ તે દૂર કરવા નીચેના પ્રશ્નો પર થોડો પ્રકાશ ફેંકશો :-

(૧) માંસાહાર વિષે આપણાં હિંદુધર્મશાસ્ત્રો (નિષેધ કરે છે કે નહિ?)

(૨) માંસાહારથી મનુષ્યનું નૈતિક અધઃપતન. (કે અસર રહિત?)

(૩) આપણા દેશનો આર્થિક અને ખાસ કરીને અન્નનો પ્રશ્ન ઉકેલવા માંસાહાર મદદરૂપ બને કે કેમ?"

આ પ્રશ્નોનો નીચે પ્રમાણે ટૂંકમાં પ્રશ્નવાર જવાબ છે-

"૧. હિંદુધર્મ માંસાહારને વર્જ્ય ગણીને ચાલવાનો આદર્શ બતાવે છે. આ વસ્તુને ગાંધીજીએ તે ધર્મની એક નોંધપાત્ર વિશેષતા કહી છે. પરંતુ, એ પરથી હું એમ નથી કહેવા માગતો કે, હિંદુઓમાં માંસાહાર ચાલુ નથી કે પૂર્વે નહોતો. હા, ગોમાંસ દરેક હિંદુ માટે નિષિદ્ધ છે. બાકી, કેટલાય હિંદુઓ માંસ ખાય છે. કેવળ શાકાહાર (અલબત્ત, દૂધ સહિત) પશ્ચિમ હિંદ અને રાજસ્થાનમાં ઉપલા વર્ણોમાં વિશેષે કરીને જોવા મળે છે; જૈનોમાં સર્વત્ર.

અને પ્રાચીન કાળથી એ ચાલે છે. પરંતુ ક્રમે ક્રમે અને હિંદુ જીવનવિકાસના ઇતિહાસમાં, એક કાળે આપણા પૂર્વજોએ જરૂર એ જોયું ને કહ્યું કે, માંસાહાર છોડવા જેવી વસ્તુ છે. આથી દૂધનો મહિમા વધ્યો, કેમ કે તેમાં માંસાહાર કરતાં એટલી ઓછી હિંસા કે, પશુને પાળવું પડે એટલું જ. બાકી, પશુને માર્યા વગર આહાર તરીકે પ્રાણિજ પદાર્થની શરીરની જરૂર દૂધ વડે ભાંગી શકાય છે. એમ ગાય પૂજ્ય બની, તેનો પુત્ર બળદ (બલ-દ)-ખેતી, ભાર ખેંચવો ઇ૦ કામ કરવાને માટે પશુબળની શક્તિ દેનાર બન્યો. આ પ્રકારે અહિંસા-ધર્મના પાલનનો વિકાસ થવાથી, માંસાહારને હિંદુધર્મે એક વ્રત કે ધારણ કરવા જેવા આદર્શ તરીકે જરૂર બતાવ્યો છે.

૨. બીજા સવાલનો જવાબ પહેલા ઉપરથી કાંઇક કળી શકાય. પણ એથી એમ હરગિજ ન મનાય કે, કેવળ માંસા-હારથી નૈતિક પતન કે ખરાબ અસર થાય. માંસાહારી મહાત્મા પણ હોઇ શકે અને શાકાહારી દુરાત્મા.

પરંતુ, એટલું ખરું કે આહાર તરીકે માંસ તામસિક-રાજસિક હોઇને, પ્રકૃતિ પર તેવી અસર કરે. તેમાં જો માંસના વિષે વિજ્ઞાન યુક્તાહાર દ્રષ્ટિએ કહે છે તે જોડીએ, તો એ ખોરાક બહુ સારામાં નથી ગણાતો.

વળી તે ખોરાક જોડે બીજા બે પ્રકાર લાગેલા જોવા મળે છે, એ પણ જોવા જેવું છે-મદિરા અને માનિની. પરંતુ આ બાબતો વ્યક્તિલક્ષી ગણાય. એ કાંઇ માંસ જોડે ભૌતિક રીતે લાગેલી જ છે, એમ ન કહેવાય.

૩. અન્નસંકટના પ્રશ્ન અંગે માંસ વિષે વિજ્ઞાનશાસ્ત્રીઓ તો ઊલટું સામે કહે છે. તેઓ એમ જણાવે છે કે, ખોરાક માટે પૂરતા અનાજ સારૂ જેટલી જમીન જોઇએ, તેનાથી બે ચાર ગણી વધારે જમીન, માંસપશુ માટે ચરાણ રૂપે જોઇએ,-જો અનાજના અવેજમાં માંસ લેવાય તો. એટલે કે જમીનની તંગી પડે.

પરંતુ આવી આંકડિયા (સ્ટેટિસ્ટિકલ) દલીલો વ્યવહારમાં બહુ સાચી નથી. માણસ માંસ અને અનાજ તથા ફળફૂલ અને કંદમૂળ વગેરે,-જે ખાઇ શકાય તે બધું ખાતો આવ્યો છે અને ખાતો રહેશે. એટલે જેઓ આજે માંસ-મચ્છી ઇ. વડે પેટ ભરે છે, તેઓ જો તે છોડી અનાજ ઉપર આવે, તો જરૂર નવું સંકટ ઊભું થાય. પરંતુ, આ પણ ઉપર કહી એવી કેવળ ગણિતી આંકડિયા દલીલ જ થઇ. તેથી કરીને એવી દલીલનો ઉપયોગ જો માંસાહાર કરવામાં કે તેનો પ્રચાર કરવામાં થાય, તો તે દોષિત ઠરે અને ભ્રમજનક નીવડે.

આ બાબતમાં વિશેષ ચર્ચા કરવા ચાહો તો લખજો."-

ઉપરનો પત્રવ્યવહાર એક વસ્તુ બતાવે છે કે, કોલેજોમાં માંસાહાર વધે છે કે શું? જાણવા મળે છે તે સાચું હોય તો, લશ્કરી તાલીમ માટે નીકળેલી એન. સી. સી. થી તો ત્રણે 'મ'કારની સંસ્કૃતિના સંસ્કારો સંગદોષે કરીને ફેલાય છે.

આ જો ખરું હોય તો તે કેવળ પતન છે. તેમાં અન્નસંકટ કે કશા આર્થિક પ્રશ્નના ઉકેલનું કારણ નથી. તે એક અવિચારી ભ્રષ્ટાચાર કહેવો પડે, એવું ગણાય.

('સત્યાગ્રહ'માંથી સાભાર ઉદ્ધૃત) મગનભાઇ દેસાઇ

અમારો કાશ્મીરનો પ્રવાસ

તા. ૧-૧૦-૬૧ના પ્રબુદ્ધ જીવનથી અધુરી રહેલી આ લેખમાળાનો બાકીનો ભાગ આવતા અંકથી નિયમિત રીતે પ્રગટ કરવામાં આવશે.

તંત્રોઃ પ્રબુદ્ધ જીવન

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડિસેમ્બર ૧, ૧૯૬૧, શુકવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

લોકશાહીની તત્ત્વસ્પર્શી આલોચના

(ગયા જુલાઈ માસ દરમિયાન આગામી ચૂંટણીમાં ગુજરાતમાંથી કૉંગ્રેસ તરફથી ઉમેદવાર તરીકે કોણે ઊભા રહેવું એ સંબંધમાં ગુજરાતના શિખરસ્થ આગેવાનો વચ્ચે સંઘર્ષ ઊભો થયો હતો, જેણે આજે વધારે વિષમરૂપ ધારણ કર્યું છે. એ ઘર્ષણ સંબંધમાં 'ગુજરાત અને આગામી ચુંટણી'એ મથાળા નીચે તા. ૧૬-૭-૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં ગુજરાતને લગતી તત્કાલીન સમસ્યાની છણાવટ કરતો મારો એક લેખ પ્રગટ થયેલો. તે વાંચીને શ્રી શંકરરાવ દેવે મારી ઉપર હિંદી ભાષામાં એક લાંબો પત્ર લખી મોકલેલો, જે જુલાઈ માસની છેલ્લી તારીખે મને મળ્યો હતો. પણ પછીના દિવસે અમે કાશ્મીર બાજુના પ્રવાસ ઉપર નીકળ્યા અને એક મહીનો ફરી આવ્યા એ કારણે, તે દિવસો દરમિયાન તે પત્ર ઉપર વિશેષ ધ્યાન આપવાનું બન્યું નહિ, અને ત્યાર પછી પણ તેમાંનો અમુક વિભાગ બરોબર સમજાતો નહોતો તે અંગે શ્રી શંકરરાવ સાથે પત્રવ્યવહાર કરવામાં અને બીજાં રોકાણો અંગે આટલો સમય પસાર થઈ ગયો. ઉપર જણાવેલ શ્રી શંકરરાવ દેવના પત્રમાં આજની લોકશાહી અંગે કેટલુંક મહત્વનું ચિન્તન છે અને ગુજરાતની આજની વધારે વણસેલી પરિસ્થિતિમાં તે વધારે પ્રસ્તુત છે એમ સમજીને તે લાંબા પત્રનો નીચે અનુવાદ આપવામાં આવે છે. પરમાનંદ)

મુકામ પુસારોડ, બિહાર
તા. ૨૮-૭-૬૧.

પ્રિય પરમાનંદભાઈ

જુલાઈ માસની ૧૬ મી તારીખના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવેલ તમારો લેખ 'ગુજરાત અને આગામી ચૂંટણી' વાંચ્યો. તે લેખના આરંભમાં તમે જણાવો છો કે "આગામી પંચ-વર્ષીય ચૂંટણીને અંગે દેશભરમાં ખળભળાટ શરૂ થયો છે. સત્તા-સ્થાન પ્રાપ્ત કરવા માટે પડાપડી શરૂ થઈ ગઈ છે. કૉંગ્રેસમાં સેવાભાવ ઓછો થયો અને એકતાનું વાતાવરણ તૂટ્યું તે સાથે, જથશાહી વધી અને લગભગ દરેક રાજ્યમાં કૉંગ્રેસના વિરોધી જૂથો સત્તા મેળવવા પ્રયત્નો કરી રહ્યા છે. કૉંગ્રેસી ઉમેદવારોની પસંદગી પોતાના જૂથના માણસોની થાય તે માટે મંડળ સમિતિ-ઓમાં, ચૂંટણી સમિતિઓ વગેરે Key Positionsમાં પોતાના માણસોને મૂકવા દરેક જૂથ એક બીજાનો સામનો કરી રહ્યું છે."

દેશમાં ચૂંટણી અંગે રાજનૈતિક ક્ષેત્રોની જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેનું વાસ્તવિક ચિત્ર તમે રજુ કર્યું છે અને આ ચિત્ર જોઈને તમારા દિલને થતી વ્યથા તમારા તે લેખમાં સ્પષ્ટપણે જોવામાં આવે છે. તમારી આ વ્યથા સ્વાભાવિક છે, પણ આમાં કૉંગ્રેસની બગડેલી હાલતનો લાભ કૉંગ્રેસવિરોધી દળ ઉઠાવવાની જે કોશિષ કરી રહેલ છે તેમાં તમે તે પક્ષોનો દોષ દર્શાવ્યો છે તે કેમ તે મારી સમજમાં આવતું નથી. કારણ કે બધા પક્ષો કે જેમાં કૉંગ્રેસ પણ સામેલ છે તેનું સત્તાપ્રાપ્તિ જ એક સર્વસામાન્ય લક્ષ્ય છે. તે દરેક માટે સાધનશુદ્ધિની બાબત ગૌણ છે. તમારી આવી ધારણાનું એક કારણ એ હોઈ શકે છે કે તમારા દિલમાં હજુ સુધી પણ કૉંગ્રેસ પ્રત્યે પ્રેમ યા નિષ્ટા રહેલ છે. આ તમારા માટે ગૌરવની વાત હોઈ શકે છે. કારણ કે તમારા દિલમાં દેશનું હિત હંમેશા કૉંગ્રેસ સાથે સંકળાયેલું રહ્યું છે.

આ સંદર્ભમાં તમે આગળ ચાલતાં જણાવો છો કે "સદ્‌ભાગ્યે આજ સુધી ગુજરાતમાં આવી કોઈ જૂથશાહી દેખાતી નહોતી. ગુજરાતની કૉંગ્રેસની એકતા અને શિસ્ત એક નમૂનેદાર લેખાતા. પણ આ વખતે ગુજરાતમાં એક વિચિત્ર પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. .....આ ગુંચનો ઉકેલ લાવવા માટે દિલ્હીમાં ઉચ્ચ કક્ષાએ મંત્રણાઓ પણ થઈ ગઈ, પણ તે નિષ્ફળ નિવડી છે, એટલું જ નહિ પણ, કોકડું વિશેષ ગુંચવાયું હોય એમ જણાય છે. અનેક પ્રકારની અફવાઓ, આક્ષેપો અને નિવેદનો પ્રગટ થયાં છે. પ્રજા આથી વિમાસણમાં પડે તે સ્વાભાવિક છે. ગુજરાત માટે આવું કદિ બન્યું નથી."

આખા દેશની માફક તમે પણ ગુજરાત પાસેથી રાજનૈતિક ક્ષેત્રમાં એક સાત્વિક આચરણની અપેક્ષા રાખો એ સ્વાભાવિક છે. ખાસ કરીને આવા મોકા ઉપર સાત્વિક આચરણનો અભાવ અધિક ખટકે છે. આથી તમારા દિલને દુઃખ થયું છે. આ હું સમજી શકું છું અને માનું છું કે તમારા આ દુઃખમાં તમારા સ્નેહીજનો સહભાગી હશે.

તમારા નિવેદનના અન્ત ભાગમાં તમે જણાવો છો કે "આ બધું જોઈને પ્રજા ઉદાસીન થઈ ગઈ છે. પ્રજાને આવા નિર્ણયોમાં કયાંય અવાજ નથી. આગેવાનોના વ્યકિતત્વનું આ ઘર્ષણ છે એટલે કુતૂહલથી આમજનતા આ બધું જોઈ રહી છે."

આ વાંચીને મને સખેદ આશ્ચર્ય થયું. કારણકે તમારા જેવા પ્રબુદ્ધ અને ભાવનાશીલ તથા સાત્વિક પ્રકૃતિવાળા વિચારશીલોને પણ આવી પરિસ્થિતિમાં પ્રજાધર્મ આથી પણ કાંઈ જુદો છે અને હોવો જોઈએ એ વાત સૂઝતી નથી. આ પ્રકારનું વિધાન કરવાની હું ધૃષ્ટતા કરી રહ્યો છું તે બાબત તમે મને ક્ષમા કરશો. તમે પણ સમજો છો કે જ્યારે નેતાઓનું આ પ્રકારનું નાટક ચાલે છે ત્યારે જનતા તેની સાક્ષી બનવા સિવાય બીજું કશું કરી શકતી નથી. તમારા એ લેખથી એમ લાગે છે કે જનતાનું આ સાક્ષિપણું આ 'ઉદાસીનતા' માંથી નીકળ્યું છે જેનો તમે ઉલ્લેખ કર્યો છે. આમ છતાં પણ, મારે એ કહેવાની જરૂર નથી, અને તમે પણ આ વાત જાણો છો કે, પ્રજાની આ ઉદાસીનતા 'પુરુષ'ના અકર્તૃત્વ અને અભોકર્તૃત્વમાંથી નીકળી છે એમ નથી, પણ જનતાની પોતાની અસહાયતા અને લાચારીમાંથી નીકળી છે, અને એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે આ 'ઉદાસીનતા' થી 'પ્રજાપુરુષ' મુકત થવાનો નથી, ઊલટું વિશેષ બંધનમાં જકડાવાનો છે. પરિસ્થિતિ આ પ્રકારની હોવાથી જનતાની મુકિતનો રસ્તો શું છે તે દેખાડ-વાનો તમારી જેવા પ્રબુદ્ધ વિચારકોનો ધર્મ છે, અને તે મુજબ અમલ કરવો તે પ્રજાનો ધર્મ છે.

દરેક વસ્તુ યા પરિસ્થિતિ જેવી હોય છે તેવી હોવાનું કારણ તેમાં જ નિહિત રહેલું હોય છે. આમ હોવાથી જેઓ સાચા વૈજ્ઞાનિક ઢંગપૂર્વક વિચારવાવાળા હોય છે તેઓ તે કારણ ને તે વસ્તુ આ પરિસ્થિતિમાંથી શોધી કાઢે છે અને તે શોધ દ્વારા પ્રસ્તુત વસ્તુ યા પરિસ્થિતિમાં વાંછનીય પરવિર્તન સાધીને તેનો પોતાની મુકિત યા આઝાદી માટે ઉપયોગ કરે છે.

ગુજરાત ખાસ ગાંધીજીનો દેશ છે. એથી તમારા જેવા સજ્જન અને આખો દેશ ગુજરાત પાસેથી કાંઇક વિશેષ અપેક્ષા રાખે એ વ્યાજબી છે. આમ છતાં પણ ગુજરાત આજે એ અપેક્ષાની પૂર્તિ કરી શકતું નથી તેનું કારણ ગુજરાતના સાર્વજનિક કાર્યકર્તાઓના માનસ અને પરિસ્થિતિમાં નિહિત છે—આ આપણે સમજી લેવું જોઈએ. ગાંધીજીએ સત્યાગ્રહ વડે દેશને આઝાદ કર્યો. ખરી રીતે વિચારીએ તો તેમની સત્યાગ્રહી શકિત તેમના રચનાત્મક કાર્યક્રમમાં જ રહેલી હતી. આ બાબત અંગે દેશમાં કે ગુજરાતમાં બે મત નથી. પણ ઉપર જણાવેલ કારણને લીધે ભારતીય જનમાનસમાં રચનાત્મક કાર્યક્રમનો પરોક્ષ સંબંધ સત્તાની સાથે સંકલિત થયો છે અને સત્તાનો સંબંધ નવા સમાજના નિર્માણ સાથે થયો છે. આથી એવી ભાવના દઢ બની ગઈ છે કે લોકસેવા અને સમાજ સેવા સત્તા દ્વારા જ થઈ શકે છે. આને લીધે આજે એવું દુ:સહ દૃશ્ય જોવા મળે છે કે સદ્‌ભાવી સેવક પણ આજે સત્તાકાંક્ષી બની રહ્યો છે અને એ સત્તાની પ્રાપ્તિ માટે પોતાનાં સદ્‌ભાવનો પણ ભોગ આપવાને તે તૈયાર થઈ જાય છે. કરુણાજનક બીના તો એ છે કે ગુજરાત પણ આમાં અપવાદરૂપ નથી.

આ જ વિચારને જરા વિસ્તારથી સમજાવવા પ્રયત્ન કરું. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે તેમણે પોતાના શુદ્ધ સત્યાગ્રહના વિચાર 'હિન્દ સ્વરાજ્ય' પુસ્તકમાં વ્યકત કર્યા છે. એ વિચારણામાં એક મુખ્ય એ ચીજ છે કે મનુષ્યના હૃદયમાં અથવા તો સમાજમાં પરિવર્તન લાવવું હોય તો સત્યાગ્રહ જ એક ખરું સાધન છે. એ લક્ષ્યની સિદ્ધિ માટે સત્તાના ઉપયોગને ગાંધીજી કેવળ અવાંચ્છનીય જ નહિ પણ હાનિકારક પણ માનતા હતા. રચનાત્મક કાર્યક્રમની પૂર્તિ એ જ સ્વરાજ્ય છે. રચનાત્મક કાર્યકર્તાને સત્યાગ્રહની ખોજમાં જવું પડતું નથી. ઊલટું સત્યાગ્રહ જ તેની ખોજમાં સામે આવીને ઊભો રહે છે (ગાંધીજીનો ચંપારણ્યવાળો સત્યાગ્રહ આનું ઉત્તમ ઉદાહરણ છે.) વગેરે. ગાંધીજીની ઉકિતઓની પણ આ જ મતલબ છે. પણ ગાંધીજી જ્યારે હિન્દ તરફ પાછા વળ્યા ત્યારે ભારતની એક વિશિષ્ઠ પરિસ્થિતિ હતી. સ્વાતંત્ર્યપ્રાપ્તિ જ રાષ્ટ્રનું મુખ્ય લક્ષ્ય અને આકાંક્ષા હતી, અને કૉંગ્રેસ આ લક્ષ્યની સિદ્ધિ અથવા તો આ આકાંક્ષાની પૂર્તિનું સાધન બની ચૂકી હતી. આથી સત્તાને કબજે કરેવી એ કૉંગ્રેસનું મુખ્ય કાર્ય હતું. ભારત પાછા આવ્યા બાદ થોડા સમયમાં ગાંધીજી કૉંગ્રેસના નેતા બન્યા અને તેનું પરિણામ એ આવ્યું કે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની સત્યાગ્રહને લગતી જે શુદ્ધ ભૂમિકા હતી તે ટકી ન શકી. સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમ ઉપર એમની જે શ્રદ્ધા હતી તે તો અટળ હતી, પણ કૉંગ્રેસનું નેતૃત્વ ગાંધીજીના હાથમાં આવ્યું તેને લીધે સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમ—એ બન્ને સમાજપરિવર્તનનાં સાધન બનવાને બદલે સત્તાપ્રાપ્તિનાં સાધન બની બેઠાં. આમ થતાં રચનાત્મક કાર્યક્રમ વડે હૃદયપરિવર્તન કરવાની શુદ્ધ સત્યાગ્રહની પ્રક્રિયા મલીન બની. જે ગાંધીજી સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમના પ્રતીક હતા તે હવે સત્તાપ્રાપ્તિના પ્રતીક બની ગયા. આના પરિણામે ભારતીઓના માનસ ઉપર સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમને બદલે સત્તાનો સંસ્કાર દઢ બની ગયો.

ગાંધીજીના જીવનનું જે દર્શન ભારતીઓને પ્રારંભથી આખર સુધી રહ્યું તે દર્શનથી ગાંધીજી પણ અસ્પષ્ટ રહી ન શકયા. આ કારણને લીધે જ ગાંધીજીએ જે પોતાનું આખરી વસિયતનામું લખ્યું તેમાં પણ તત્કાલીન કૉંગ્રેસનું જે લોકસેવક સંઘમાં એમણે રૂપાન્તર કરવાનું સૂચવ્યું તેનો મુખ્ય ઉદ્દેશ સત્તાધારીઓ ઉપર નૈતિક પ્રભાવ ઊભો કરવાનો રહેશે, એમ તેમણે જણાવ્યું. અને ચરખા સંઘ, ગ્રામોદ્યોગ સંઘ વગેરે અખિલ ભારતીય સંસ્થાઓને પણ તેમણે આ લોકસેવક સંઘ સાથે જોડી દીધી. તેનું પરિણામ એ આવ્યું કે પરોક્ષ રૂપથી તે સંસ્થાઓનો સંબંધ પણ સત્તાની સાથે જ રહ્યો. રચનાત્મક સંસ્થાઓ સત્તાથી અલિપ્ત રહી ન શકી, અથવા તો અલગ રહીને સમાજનું પ્રત્યક્ષ નિર્માણ કરવાની પોતાની શકિતનું દર્શન કરાવવા માટે મુકત રહી ન શકી. જનમાનસમાં રચનાત્મક કાર્યક્રમ પ્રત્યે એ પ્રતિષ્ટા રહી નહિ, જે પ્રતિષ્ટા ગાંધીજીના અસલી વિચાર અનુસાર તેને સ્વાભાવિક હકકની રૂઈએ મળવી જોઈતી હતી.

ગુજરાતમાં ગાંધીજીના વિચારો અને કામ પ્રત્યે અધિક નિષ્ટા હોય તો તે અસ્વાભાવિક નથી. પણ કમનસીબીની વાત એ છે કે આ નિષ્ટાને ગુજરાતે ગાંધીજીની પેલી અસલી ભૂમિકા તરફ જેટલી અભિમુખ કરવી જોઈતી હતી એટલી તેણે અભિમુખ કરી નહિ. આના પરિણામે ગુજરાતના રચનાત્મક કાર્યકર્તાઓ પણ, ગાંધીજીનો જે શાસનમુકત અસલી સર્વોદય વિચાર હતો અને જેને પાછળનાં દશ વર્ષ દરમિયાન વિનોબાજીએ ભૂદાન આન્દોલન દ્વારા વ્યકત તેમ જ પ્રસારિત કર્યો હતો તે શાસનમુકત સર્વોદય વિચાર સાથે, પૂરા દિલથી સહમત થઈ ન શકયા. આનું એક પરિણામ એ આવ્યું છે કે સત્તાક્ષેત્રમાં જે સાત્ત્વિકતાની અપેક્ષા દેશ તેમ જ તમે ગુજરાત પાસેથી રાખો છો તે પૂરી થઈ ન શકી. આ કોઈ એક અમુક નેતાની કસૂરનું પરિણામ છે એમ નહિ કહેવાય. જો આને કોઈ નેતાની કસૂર માની લેવામાં આવે તો તે વૈજ્ઞાનિક વિચારનો ઢંગ નહિ લેખાય.

આ થઈ ખાસ ગુજરાતની કહાણી. પણ આમ જનતાની આ અંગેની ઉદાસીનતાનો તમે જે ઉલ્લેખ કર્યો છે તે આજની લોકશાહીમાં જ રહેલો છે. ભારતીય જનતાએ આજની જે પાશ્ચાત્ય લોકશાહીને પસંદ કરી છે અને જેના તત્ત્વ અનુસાર ભારતીય જનતાના જીવનનું નિર્માણ અને વ્યવસ્થા થઈ રહેલ છે એ લોકશાહીના બે પ્રશંસનીય સિદ્ધાન્ત છે: વ્યકિતસ્વાતંત્ર્ય અને જનતાનું સાર્વભૌમત્વ. પણ પશ્ચિમી રાષ્ટ્રોમાં લોકશાહીનો જે રીતે વિકાસ થયો છે અને પ્રતિનિધિક પ્રજાતંત્ર—પાર્લામેન્ટરી ડેમોક્રસી—નું જે રૂપ પ્રગટ થયું છે તેમાં પ્રત્યક્ષ વ્યવહારની દૃષ્ટિએ લોકશાહી આ બે સિદ્ધાન્તોથી દૂર ચાલી ગઈ છે.

આ લોકશાહીના સિદ્ધાન્ત અનુસાર જનતા સાર્વભૌમ છે અને પોતાના દેશનું રાજ્યશાસન ચલાવવાનો તેનો પૂરો અધિકાર છે. આ બાબતને અનુસરીને સમયે સમયે ચૂંટણી થતી રહે છે. આમાં દરેક વ્યકિત પોતાનો મત આપે છે. સાર્વભૌમ જનતા અમુક વ્યકિતઓને અથવા તો ચૂંટણીનું નિમિત બનેલ વ્યકિતઓના અમુક સમૂહને કે દળને પોતાનો મત આપે છે. આનો અર્થ એ થાય છે કે મતદાતા પોતાનું સાર્વભૌમત્વ અમુક વ્યકિતઓના હાથમાં અથવા તો વ્યકિતઓના સમૂહના હાથમાં સોંપે છે—ડેલીગેટ કરે છે, અને એ રીતે બે ચૂંટણીના ગાળા દરમિયાન જનતાનું આ સાર્વભૌમત્વ એ વ્યકિતઓના સમૂહો પાસે અથવા તો રાજનૈતિક દળોની પાસે પૂર્ણપણે ચાલી જાય છે. એનું પરિણામ એ આવે છે કે બે ચૂંટણીઓના ગાળા દરમિયાન સાર્વભૌમ જનતાને કશું સ્થાન રહેતું નથી. જેઓ જનતાના પ્રતિનિધિ બનીને દેશનો કારભાર ચલાવે છે તેમની ઉપર જનતાનું કોઈ નિયંત્રણ રહી શકતું નથી. જનતા સમયે સમયે પોતાના આ સાર્વભૌમત્વનું સમર્પણ કરી કરીને જ તેનો ઉપયોગ કરે છે. લોકશાહીનો સિદ્ધાન્ત અને તેના પ્રત્યક્ષ વ્યવહારમાં આ મૂળભૂત વિરોધ જોવામાં આવે છે.

આનું એક બીજું પરિણામ એ આવે છે કે સાર્વભૌમ જનતા જેને પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટે છે તે પ્રતિનિધિ જનતા પ્રતિ જવાબદાર રહેતો નથી, પણ પોતાના એ રાજકીય પક્ષ પ્રત્યે જવાબદાર બને છે, કે જેણે ચૂંટણી લડવા માટે તેને આર્થિક વગેરે મદદ આપી હોય છે. લાંબો સમય આ પરંપરા ચાલતાં આજની લોકશાહી અથવા તો પ્રતિનિધિક પ્રજાતંત્ર સત્તા કબજે કરવા માટે ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોને એક પ્રકારની કુસ્તી લડવાનો અખાડો બની ગયેલ છે. આ રાજકીય પક્ષોમાંથી એક યા અન્ય પક્ષ સત્તા ઉપર આવે છે અને પોતપોતામાં આ સત્તાની વહેંચણી કરી લે છે. "લોકોનું અને લોકોદ્વારા ચલાવવામાં આવતું" રાજ્ય બીલકુલ ભુલવાડી દેવામાં આવે છે અને એ બન્નેના સ્થાનમાં "લોકો માટે" રાજ્ય એ માત્ર બાકી રહે છે. સારાંશ એ છે કે આજની લોકશાહી ખરા અર્થમાં લોકશાહી રહી નથી.

વળી જો કોઈ સમજે કે આ દુર્ગતિ કેવળ અવિકસિત દેશોની જ થઈ છે, અથવા તો અમુક રાષ્ટ્ર અવિકસિત છે એને લીધે જ તેની આ દુર્ગતિ થઈ છે તો એ સમજણ કેવળ ભૂલભરેલી હોવાની. પશ્ચિમના જે દેશોમાં આ અર્વાચીન લોકશાહીનો જન્મ થયો છે અને કેટલાક સૈકાઓથી આનો જ્યાં વિકાસ થઈ રહ્યો છે એ દેશોમાં પણ લોકશાહીની આવી જ દુર્ગતિ પ્રવર્તે છે, કારણ કે આપણા ગુજરાતની સ્થિતિનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણન તે રાષ્ટ્રોને પણ એટલું જ લાગુ પડે છે.

આજની લોકશાહીની આજે દુર્ગતિ દેખાય તેનાં મુખ્ય બે કારણ છે. પહેલું કારણ જનતાનું સાર્વભૌમત્વ બીજાના હાથમાં સોંપી દેવામાં આવે છે તે છે. આનાથી લોકશાહી ઉપર 'મૂલે કુઠાર:' જેવો આઘાત પહોંચે છે. કારણકે સત્તા સોંપી દેવાની આ પદ્ધતિથી "લોકોનું લોકો દ્વારા ચલાવવામાં આવતું રાજ્ય" કદિ પણ સ્થાપિત થતું નથી. બીજું કારણ એ છે કે લોકશાહીનો જે મૂળભૂત સિદ્ધાન્ત છે—વ્યક્તિ સ્વાતંત્ર્ય—તેને આર્થિક ક્ષેત્રમાં પણ લાગુ પાડવામાં આવેલ છે. 'લેસેઝ ફેર' પ્રતિબંધમુકત વ્યાપાર વ્યવસાય—આર્થિક ક્ષેત્રમાં આ પ્રકારે વ્યવહૃત બનેલા વ્યકિત સ્વાતંત્ર્યે વ્યકિતને રાજકીય ક્ષેત્રમાં બીલકુલ લાચાર બનાવી દીધી છે; અને તેની સ્વતંત્રતા કેવળ રૂંધી નાંખી છે. આજની લોકશાહી એક અર્થમાં સાધનસંપન્ન સુસ્થિત વર્ગના હાથમાં સત્તાને ટકાવી રાખવાનું એક સાધન બની ગયેલ છે.

આ દુર્ગતિમાંથી લોકશાહીને મુકત કરવી હોય તો બે ઉપાય હાથ ધરવાના રહેશે. એક છે વિકેન્દ્રીકરણ એટલે કે લોકશાહીનું વિકેન્દ્રિત સ્વરૂપ વિકસિત કરવું પડશે અને બીજું સમગ્ર અર્થોત્પાદન સહકારિતા અને વિશ્વસ્ત વૃતિ—ટ્રસ્ટીશીપ—ના સિદ્ધાન્તો પર ઊભું કરવું પડશે. કારણકે મોટા મોટા દેશો કે જ્યાં કરોડોની લોકસંખ્યા છે ત્યાં લોકશાહીનું એક કેન્દ્રિત સ્વરૂપ સ્વીકારવામાં આવે તો મુઠ્ઠીભર લોકોના હાથમાં સત્તાનું કેન્દ્રિત થવું અનિવાર્ય બની જાય. એવી સ્થિતિમાં લોકશાહીનું "લોકો માટે, લોકો દ્વારા ચલાવવામાં આવતા લોકોના રાજ્ય"નું સ્વરૂપ પ્રાપ્ત થવું સંભવિત બનતું નથી. અને બીજું આજના પ્રતિસ્પર્ધાત્મક Compititive સિદ્ધાન્તોના આધાર ઉપર રચાયલા જીવનવ્યવહારમાં સંપત્તિ અને સત્તા સમાજના મુઠ્ઠીભર પૂંજીપતિ અથવા બુદ્ધિશાળી લોકોના હાથમાં સરી પડે છે. તેમનું નિયંત્રણ તેના ઉપર સ્થપાયા વિના રહેતું નથી. ફલસ્વરૂપ આમજનતાને રાજનૈતિક અને આર્થિક સ્વતંત્રતા ખરા અર્થમાં કદિ પણ પ્રાપ્ત થતી નથી. આ માટે આજની લોકશાહીના સિદ્ધાન્ત અને વ્યવહારનું સવિશેષ સંશોધન થવું ઘટે છે અને તે શોધના આધાર ઉપર આવશ્યક પરિવર્તન થવાની જરૂર છે. એ સૌભાગ્યની વાત છે કે ભારતના સત્તાધારીઓમાં જે વિચારશીલ લોકો છે તેમનું ધ્યાન આ તરફ ગયું છે. અને તેઓ લોકશાહીને ખરી દિશા તરફ વાળવાના પ્રયત્નમાં છે. પંચાયત રાજ્ય આ પ્રયત્નનું એક પરિણામ છે. ગયા દશ વર્ષથી વિનોબાજી અને સર્વ સેવા સંઘ સર્વોદયના સિદ્ધાન્ત તથા વ્યવહારના આધાર ઉપર આ દિશામાં શોધ કરી રહ્યા છે, અને વિકેન્દ્રિત લોકશાહીનું તથા સહકારિતા તેમ જ વિશ્વસ્ત વૃત્તિના સિદ્ધાન્તો ઉપર આધારિત અર્થવ્યવસ્થાનું એક પૂરું દર્શન તથા કાર્યક્રમ દેશની સામે રજુ કરતા રહ્યા છે.

એટલું જ નહિ, આની સાથે જ્યાં સુધી જનતા આ દર્શન અને કાર્યક્રમનો સ્વીકાર ન કરે ત્યાં સુધીના સંક્રમણકાળ દરમિયાન આજની જ લોકશાહી પદ્ધતિમાં જનતા અભિક્રમશીલ બને, પોતાની સ્વતંત્રતાના વિચાર તેમ જ કર્તુત્વ વડે આ લોકશાહીને પોતાનું સ્વશાસિત રાજ્ય બનાવી શકે તેનો પણ એક કાર્યક્રમ સર્વ સેવા સંઘે થોડા સમય પહેલાં આંધ્ર પ્રદેશમાં ભરાયેલા અખિલ ભારત સર્વોદય સંમેલનમાં રજુ કર્યો છે. "લોકતંત્રને સફળ તેમ જ સક્રિય બનાવવા માટે એ આવશ્યક છે કે ધારાસભાઓના ઉમેદવારોની પસંદગી લોકો પોતે કરે. મતદાર કેન્દ્રોના—બૂથ્સના—નાના નાના વિભાગમાં ઊભા કરવામાં આવેલા મતદાતાઓના મંડળો—વૉટર્સ કાઉન્સીલ્સ—દ્વારા આ કાર્ય થઈ શકે તેમ છે. ચૂંટણી બાદ મતદાતાઓ તથા પ્રતિનિધિઓ વચ્ચે જીવિત સંપર્ક પણ આ મતદાતા—મંડળો દ્વારા કાયમનો બનાવી શકાય છે. આગળ ઉપર આવનારી સામુદાયિક ચૂંટણીઓના અવસર ઉપર જગ્યાએ જગ્યાએ મતદાતા—મંડળ બનાવીને જનતા સ્વયં સક્રિય બને એ વિચારનો વ્યાપક પ્રકાર કરવો જોઈએ. વળી એવી પણ કોશિષ કરવી જોઈએ કે રાજનૈતિક પક્ષો સ્વયં આ વિચારને માન્ય કરે" વગેરે. આ આખો કાર્યક્રમ હું ધારું છું કે તમે જાણતા જ હશો. પણ તમારા પ્રબુદ્ધ જીવનમાં તેની નોંધ લેવામાં આવી હોય અને એ સંબંધમાં તમારો અભિપ્રાય દર્શાવવામાં આવ્યો હોય એમ મારા જોવામાં આવ્યું નથી. મોટા ભાગે હું પ્રબુદ્ધ જીવનની પ્રતીક્ષા કરતો રહું છું અને સ્વતંત્ર વિચાર તથા ભાષાની દ્રષ્ટિથી તે નિયમિતપણે જોતો રહું છું. એમ છતાં, સંભવ છે કે, તમે સર્વ સેવા સંઘના ઉપર્યુકત કાર્યક્રમ વિષે ચર્ચા કરી હોય અને મારૂં ધ્યાન તે તરફ ગયું ન હોય. આમ છતાં પણ આ પત્રમાં જે પ્રજાધર્મનો મેં ઉલ્લેખ કર્યો છે તેના સંદર્ભમાં તમે પ્રબુદ્ધ જીવનમાં સર્વ સેવા સંઘના આ કાર્યક્રમનો ઉલ્લેખ કરો અને જનતા સમક્ષ એક ચોકકસ માર્ગ પ્રસ્તુત કરો—આવી જો હું અપેક્ષા રાખું તો તમે તેને અસ્વાભાવિક નહિ લેખો. કારણકે જનતા પોતાના સાર્વભૌમત્વનો અનુભવ કરે અને તેનો અમલ પોતાના હિતમાં કરે એ માટે મને આ જ માત્ર એક માર્ગ દેખાય છે.

આ પત્રમાં મેં જે છૂટ લીધી છે તેનો, આપના મનમાં મારા તરફ જે સ્નેહ છે તે કારણે, તમે ખ્યાલ નહિ કરો એમ હું આશા રાખું છું.

તમારો
શંકરરાવ દેવ

તંત્રીનોંધ :— શ્રી શંકરરાવ દેવના આ પત્રમાં દર્શાવેલા કેટલાક વિચારો લોકશાહીની ફિલસુફીથી અનભિજ્ઞ વાચકોને ગ્રહણ કરવા મુશ્કેલ પડશે. વળી તેમનાં કેટલાંક વિધાનો સાથે સહમત થતાં તેઓ મુશ્કેલી અનુભવશે. એમ છતાં લોકશાહીના જટિલ પ્રશ્ન પરત્વે શ્રી શંકરરાવનું વર્ષોભરનું જે ઊંડું ચિંતન છે તેના નિષ્કર્ષરૂપ કાંઈક આ પત્રદ્વારા આપણને પ્રાપ્ત થાય છે અને એ રીતે આ પત્રનું મારે મન ઘણું મોટું મૂલ્ય છે.

તેમના પત્રની વિગતવાર ચર્ચા—આલોચના કરવાનું શકય નથી. એમ છતાં તેમના બે ત્રણ મુદ્દાઓ સંબંધમાં જવાબરૂપે યા તો ખુલાસા રૂપે થોડુંક કહેવાનું મને જરૂરી લાગે છે. તેમણે આ

પત્રના અંતભાગમાં આગામી ભારતવ્યાપી ચૂંટણીઓ અંગે સર્વ સેવા સંઘનો જે પ્રસ્તાવ અને તે દ્વારા સૂચિત યોજના તરફ મારું ધ્યાન ખેંચ્યું છે તે પ્રસ્તાવગત યોજનાની મને જાણ હોવા છતાં, આપણે લોકશાહીથી જે કાંઈ સમજીએ છીએ તેના સંદર્ભમાં, તે યોજના મને વ્યવહારુ લાગેલી નહિ, અને તેથી તે અંગે પ્રબુદ્ધ જીવનમાં કશી નોંધ લેવાની મનમાં ઈચ્છા સ્ફુરી નહોતી.

મને એ યોજના પાછળ નિષ્પક્ષ લોકશાહીની જે વિચારણા સર્વોદયવાદીઓ તરફથી રજૂ કરવામાં આવે છે તેની પ્રેરણા દેખાઈ છે. લોકશાહીની મારી જે સમજ છે તે મુજબ નિષ્પક્ષ લોકશાહી મને વદતો વ્યાઘાત સૂચવતી ઉક્તિ લાગે છે. મારા ખ્યાલ મુજબ લોકશાહીનો સમગ્ર વિચાર રાજકીય પક્ષોના અસ્તિત્વને સ્વીકારીને જ ચાલે છે, અને એકપક્ષીય સરમુખત્યારશાહી એ મારા અભિપ્રાય મુજબ તેનો બીજો વિકલ્પ છે. આ ઉપરાંત અન્ય એવો ત્રીજો વિકલ્પ જેને નિષ્પક્ષ લોકશાહી તરીકે વર્ણવવામાં આવે છે તેનું સ્વરૂપ અથવા વ્યવહારુ રૂપ મારી કલ્પનામાં હજુ ઉગતું નથી.

કોઈ પણ એક દેશનો રાજ્યવહીવટ કેમ ચલાવવો, તેનો ભાવિ વિકાસ કેવો હોવો જોઈએ, અને સતત પલટાતી ચોતરફની પરિસ્થિતિ સાથે તેનો કેવી રીતે અનુબંધ સાધવો—આ વિષે પ્રત્યેક દેશમાં ભિન્ન ભિન્ન વિચારસરણીઓ હોવાની જ અને આવી એક યા બીજી વિચારસરણીને આગળ કરીને સત્તા દ્વારા તેનો અમલ કરવાનો મનોરથ સેવનાર એક યા બીજો જનસમુદાય હોવાનો. આનું નામ રાજકીય પક્ષ. આવા પક્ષોમાંનો જે કોઈ પક્ષ પ્રજાજનોની બહુમતિ મેળવી શકે તે પક્ષ સત્તા પર આવે અને અન્ય પક્ષો તેના વિરોધમાં રહીને સત્તારૂઢ પક્ષની ચોકી કરે. આનું નામ લોકશાહી. આમ દરેક રાજકીય પક્ષ પાયામાંથી સત્તાકાંક્ષી હોઈને, સર્વ સેવા સંઘે સૂચવેલી યોજનાને મૂર્ત રૂપ મળવાનો મને કોઈ અવકાશ દેખાતો નથી.

વળી કોંગ્રેસ પક્ષ કે પ્રજાસમાજવાદી પક્ષ, સ્વતંત્ર પક્ષ કે સામ્યવાદી પક્ષ—આવા દેશવ્યાપી ભિન્નભિન્ન રાજકીય પક્ષો આખા દેશને સ્પર્શતી સમસ્યાઓનો જે વ્યાપક રીતે અને સમગ્રપણે વિચાર કરી શકવાની સ્થિતિમાં છે તેવી યોગ્યતા અથવા તો ક્ષમતા મતદાર વિભાગના નાનાં નાનાં મંડળો કદિ પણ દાખવી શકવાના નથી. તેમની દૃષ્ટિ સ્થાનિક અથવા તો પ્રાદેશિક પ્રશ્નોથી ભાગ્યે જ આગળ જઈ શકવાની. આ રીતે વિચારતાં પણ સર્વ સેવા સંઘની યોજના આકર્ષક લાગતી નથી.

આજે આપણા દેશમાં ૧૪—૧૫ વર્ષથી અમલી બનેલી લોકશાહી દ્વારા પક્ષીય રાજકારણનાં જે અનિષ્ટો આપણા જોવા જાણવામાં આવ્યાં છે તેથી હું પૂરો સભાન છું, પણ લોકશાહી સાથે તે અનિવાર્યપણે જોડાયેલાં છે એમ હું માનું છું. એકમેક સાથેના વ્યવહાર અંગે સભ્યતાનું ઊંચું ધોરણ પ્રસ્થાપિત કરીને તેમ જ જે જે વિષયને લગતાં વિચારોમાં એકમતી હોય તે તે વિષયો પુરતું પરસ્પર સાથે મળીને કામ કરવાની પ્રથા અખત્યાર કરીને પક્ષીય રાજકારણનાં અનિષ્ટોને હળવા કરી શકાય છે, પણ લોકશાહીના રાજકારણી માળખામાંથી પક્ષીય રાજકારણની સર્વથા નાબૂદી થવી મને સંભવિત લાગતી નથી.

વળી, લોકશાહી એટલે અમૂક મુદત માટે ચૂંટેલા પ્રતિનિધિઓ મારફત રાજ્યવહીવટનું સંચાલન. લોકશાહીની કોઈ પણ યોજનામાં આ તત્ત્વ અનિવાર્ય હોવાનું. પરિણામે જનતાએ પોતાનું સાર્વભૌમત્વ અમૂક સમય માટે પોતે ચૂંટેલા પ્રતિનિધિઓને delegate કરવું જ રહ્યું,—સોંપવું જ રહ્યું. આમ જનતા જો જાગૃત હોય, અને પોતે ચૂંટેલા પ્રતિનિધિને પોતે ધારે ત્યારે પાછો બોલાવવાની સત્તા ધરાવતી હોય તો પોતાના સાર્વભૌમત્વની આવી મુદતી સોંપણી લોકશાહીને ખરેખર બાધક બનતી હોય એમ મને લાગતું નથી.

શ્રી શંકરરાવનું એ કહેવું બરોબર છે કે લોકશાહીએ દરેક વ્યકિતને અર્પેલું વ્યકિતસ્વાતંત્ર્ય આર્થિક ક્ષેત્રે અમલી બનતાં, 'બળીયાના બે ભાગ' એ મુજબ વ્યકિત વ્યકિત વચ્ચે, માત્ર આર્થિક ક્ષેત્રે જ નહિ પણ રાજકીય ક્ષેત્રે પણ, એક પ્રકારની અસમાનતા પેદા થઈ છે, અને સાધનસંપન્ન, અર્થસંપન્ન વ્યકિતઓનું જ રાજકારણ ઉપર પ્રભુત્વ સ્થપાયું છે. આ અનિષ્ટ દૂર કરવા માટે આર્થિક ક્ષેત્રને લગતું વ્યકિતસ્વાતંત્ર્ય જે ઉપાયો વડે મર્યાદિત કરવું જરૂરી લાગે તે ઉપાયો જરૂર હાથ ધરવા ઘટે છે. તે ઉપાયોની વિગતવાર ચર્ચા અહીં જરૂરી નથી. **પરમાનંદ**

આપણા વ્યવહારમાં આટલી અસભ્યતા શાને?

(તા. ૯-૪-૬૧ ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાંથી સાભાર ઉધ્ધૃત)

યુરોપ અને અમેરિકાનો થોડા મહિનાનો પ્રવાસ પૂરો કરી ભારતમાં પાછા ફરનાર મારા જેવા કોઈને પણ ત્યાંના અને અહીંના માણસ—માણસ વચ્ચેના સંબંધોમાં દેખાતો તફાવત વિચાર કરતા કરી મૂકે છે.

શેરીઓ, બસ, આગગાડી, હોટેલો, વિશ્વવિદ્યાલયો વગેરે સર્વ જાહેર સ્થળોમાં વ્યકત થતા ત્યાંના જીવનમાં બે મુખ્ય વૃત્તિ નજરે ચઢે છે: બીજાને મુશ્કેલીમાં ન મૂકવા કે તેમને અગવડરૂપ ન થઈ પડવા માટેનો બનતો બધો પ્રયત્ન; તથા પોતાને થોડો ભોગ આપવો પડે તો તે આપીને કે થોડીઘણી મુશ્કેલી જાતે વેઠી લઈને પણ પારકાને મદદરૂપ થવાનો ઘટતો પ્રયત્ન.

અવલોકનશીલ કોઈ પણ વ્યકિતને પોતે ઘરની બહાર નીકળતાં જ ક્ષણે ક્ષણે આ વાત સ્પષ્ટ નજરે ચઢે છે. બસ માટે રાહ જોઈ ઊભેલા સમૂહમાં સામાન્ય રીતે સ્ત્રીઓને પહેલી ચઢવા દેવામાં આવે છે. ભૂલેચૂકે કદાચ કોઈકને ધક્કો લાગી જાય તો તરત જ 'માફ કરજો' 'દિલગીર છું' એવો શબ્દોચ્ચાર થવાનો જ. મોટરનાં હૉર્નનો અવાજ પણ જવલ્લે જ કાને પડે. એનું કારણ એ નથી કે કાયદા દ્વારા એની બંધી થઈ છે, પણ રસ્તાનો ઉપયોગ કરનારાઓમાંનો મોટો ભાગ બીજાઓને પોતે કોઈ રીતે બાધારૂપ ન બને એ માટે પોતાથી બનતું બધું કરી છૂટવા માગે છે. એમાં એમની પોતાની અને બીજાઓની જિન્દગી જોખમાય નહીં એ જ હેતુ છે.

ભરચક વસ્તીવાળા લત્તાઓમાં કે પછી ખરીદી માટેનાં સ્થાનોમાં પણ પગે ચાલીને જનારને રસ્તો ઓળંગવાનો હક ન હોય ત્યાં પણ મોટરવાળા સામાન્ય રીતે મોટરની ગતિ રોકી લઈને ચાલીને જનારને રસ્તો ઓળંગવા માટે હાથનો સંકેત કરે છે; ગાળાગાળી કરવા બેસી જતા નથી.

એક વખતે લાંબા અંતર સુધી જનારી એક ગ્રેહાઉન્ડ બસમાં રાતને સમયે મેં મુસાફરી કરી હતી. જ્યારે જ્યારે અમારી બસ એકાદ ટ્રકની બાજુમાંથી પસાર થઈ આગળ નીકળે કે અમારો ડ્રાઈવર આભારદર્શન માટે બસના દીવા ક્ષણભર તેજ કરે. આ અંગે તપાસ કરતાં મને માલૂમ પડ્યું કે આ તો અહીંનો સામાન્ય શિષ્ટાચાર છે. પોસ્ટ માસ્તરોથી માંડીને કસ્ટમ ખાતાંના અમલદારો અને ઠેઠ પોલીસો સુધી બધા જ અમલદારોમાં નમ્રતા અચૂક રીતે જોવા મળતી. પારકાની લાગણી દુભાય કે એ નારાજ થાય એવું ગુસ્સાભર્યું વર્તન કે અપશબ્દોથી દૂર રહેવાની દરેકની ઈચ્છાને કારણે માનવોનો પરસ્પર વ્યવહાર નિર્મળ અને જીવંત દેખાતો.

અલબત્ત મારે એવું કશું સૂચવવાનું નથી કે અમેરિકામાં બધું જ બધી રીતે આદર્શમય છે. એવું કશું નથી. ત્યાંય ડાધાડૂધી છે જ. ત્યાં ભયંકર ગુન્હા થાય છે; બેંકો ઉપર ધાડ પડે છે; દારૂડિયા ય

છે; છેતરપીંડી કરનારાઓનો પણ તોટો નથી. આવું આવું તો ઘણું ય છે, છતાં જાહેર જીવનમાં માણસ અને માણસ વચ્ચેના સંબંધો મોટે ભાગે તો નમ્રતાભર્યા અને આનન્દપ્રદ છે.

ભારતમાં આથી ઊલટી જ સ્થિતિ પ્રવર્તે છે. આ દેશમાં આપણે પારકાની અગવડો કે મુશ્કેલીઓનો લેશમાત્ર ખ્યાલ કર્યા વગર જે જે કર્યા જઈએ છીએ તે બધાની યાદી બનાવીએ તો તે કદાચ એકાદ માઈલ જેટલી લાંબી બને. જ્યારે કોઈ સાઈકલ સવાર કે મોટર હાંકનાર બાજુની એકાદ ગલીમાંથી મોટા રસ્તા ઉપર પૂરઝડપે વળાંક લેતો ધસી જઈને ઠેઠ રસ્તા વચ્ચે વાહનને લઈ જાય છે ત્યારે એને મોટા રસ્તાનો ઉપયોગ કરનાર બીજા માણસોની લાગણીની કશી પડી જ નથી હોતી. મોટા રસ્તા ઉપર પોતાનું વાહન જવા માટે પૂરતી જગા મળે એમ છે કે નહિ તે વિચારવાનું કે વાહનની ગતિ ધીમી પાડવાનું એને ખૂબ અકારું લાગે છે.

વહેલી સવારે જ્યારે આપણે મોટેથી અને ફાટેલે ઘાંટે ભજનો લલકારવા બેસી જઈએ છીએ ત્યારે બીજાઓને એ સમયે આરામ માટે કે અભ્યાસ માટે શાંતિની જરૂર છે એવો વિચાર જ આપણને નથી આવતો. આપણે આપણી પોતાની જ સગવડોનો વિચાર કરી આપણી જ વૃત્તિ કે લાગણીઓને સંતોષવાનો ઈરાદો સેવીએ છીએ.

જુવાનિયાઓનું એકાદ ટોળું પરસ્પર ઠઠ્ઠામશ્કરી કરતું રસ્તા ઉપર ઊભું જ રહે છે; અને કોઈને પોતે વાહનવ્યવહારનું રોકાણ કરી રહ્યા છે એ જોવાની ફુરસદ જ હોતી નથી. ઘણા માણસો તો એમ જ માનતા જણાય છે કે પોતે બીજા કરતાં ચઢિયાતા છે એ સાબિત કરવાનો એક માત્ર રસ્તો સર્વત્ર બાધારૂપ બનવું એ જ છે. પોતાની જાતમાં વિશ્વાસ ટકાવી રાખવા તેઓએ બીજાઓ માટે અગવડ ઊભી કરવી જ જોઈએ. કેટલાક માણસો મજૂરો જોડે, નોકરો જોડે કે પોતાની ઓફિસમાં પોતાના હાથ નીચેના માણસો જોડે જે રીતે બોલે ચાલે છે તે રીત તેમના વ્યક્તિત્વને ખુલ્લું કરી દે છે.

અજાણપણે વાંકગુન્હો થઈ જાય તો? તમે એમ માનો છો ખરા કે વાંકગુન્હો કરનાર માફી માગશે અને જેને ખમવું પડ્યું છે તે વ્યક્તિ એમ કહેશે કે 'કંઈ નહીં, ભાઈ; હોય એ તો, તમે ક્યાં જાણીબુજીને કર્યું છે?' મોટા ભાગે આવું થવાનો સંભવ જ નથી. જેને ખમવું પડ્યું છે તે ઘાંટા પાડી કહેશે "એઈ જોતો નથી? આંધળો છે? ધક્કા શાનો મારે છે?" અને ગુન્હો કરનાર સામો કહેશે "અલ્યા, જીભ સંભાળજે હોં! મેં શું જાણી જોઈને તને ધક્કો માર્યો છે?" આમાંથી પછી બોલાચાલી વધી પડે અને કેટલાક કિસ્સાઓમાં તો બન્ને પક્ષ મારામારી પર આવી જાય. તેમાં બન્ને પક્ષે મિત્રો દરમ્યાનગીરી કરવા આવે એટલે પછી જુઓ મજા! જાણે નાનકડું પાણિપત જ ખેલાયું.

આ અંગે વધુ વિસ્તારની જરૂર નથી. પારકાની સગવડો કે તેમનાં હિતો પ્રત્યે દાખવાતી ભયંકર બેદરકારી તો આપણો રોજનો અનુભવ છે. સહેજ પણ ઉશ્કેરણી માટે કારણ મળે કે તરત જ ઉશ્કેરાઈ મારામારી કરવાની વૃત્તિ ચોતરફ નજરે ચડે છે. ગાઢ મિત્રો કે ખાસ સંબંધીઓને બાદ રાખીએ તો આપણા સામાજિક વ્યવહારમાં મીઠાશ ભાગ્યે જ હોય છે અને તેને પરિણામે બીજાઓ પ્રત્યે સંપૂર્ણ બેદરકારી અને ક્યાંક દ્વેષબુદ્ધિ પણ દેખા દે છે.

પણ આ પરિસ્થિતિથી વાકેફ થવું એ તો પાશેરામાં પહેલી પૂણી છે. એ પછી તરત જ આ પરિસ્થિતિ પાછળ રહેલાં કારણોનું પૃથક્કરણ કરવું જોઈએ અને તે બાદ સુધારો કરવા માટેના ઉપાયો યોજવા જ જોઈએ. સુધારો કરવાનું કાર્ય અલબત્ત ઘણું અઘરું તો છે જ. સમાજશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોનું આ કાર્યક્ષેત્ર છે એ સાચું હોવા છતાં સામાન્ય માનવી પણ આ દિશામાં કેટલાક કામચલાઉ વહેવારુ સૂચનો કરી શકે છે.

આજે લોકો જબરી આર્થિક ભીંસમાંથી પસાર થઈ રહ્યા છે. એક બાજુથી વસ્તીનું પ્રમાણ કૂદકે ને ભુસ્કે વધતું જાય છે તો બીજી બાજુ જરૂરિયાતોનું ઉત્પાદન પૂરતું નથી. વળી પ્રત્યેક ક્ષેત્રે હરીફાઈ એટલી બધી વધી ગઈ છે કે જેને આગળ વધવું હોય તેણે બીજાઓને બાજુએ ધકેલતા રહીને જ માર્ગ કરવો રહ્યો. આજે તો જીવન ટકાવવા માટેની પ્રાથમિક જરૂરિયાતો મેળવવા માટે પણ ફાંફા મારવાં પડે છે ત્યારે દરેકને પોતાની સલામતી અને સગવડોનો જ વિચાર કરી વર્તવાનું મન થાય એ સાવ સ્વાભાવિક છે. જે સમાજમાં મોટા ભાગના મનુષ્યો પોતાની જીવાદોરી જેમ તેમ ટકાવી રાખતા હોય છે અને જ્યાં વ્યક્તિ—વ્યક્તિ વચ્ચે સતત હરીફાઈ જ હોય ત્યાં નમ્રતા કે સામાજિક વ્યવહારમાં ઔચિત્ય કે મીઠાશની અપેક્ષા કેટલી રાખી શકાય? આવા સમાજની વ્યક્તિઓ તો આખો વખત તંગ અને ઉગ્ર માનસિક સ્થિતિ ભોગવતી હોવાથી નાનામાં નાની વાત પણ તણખો બની ભડકો પેદા કરી દે છે.

પણ આ ઉપરથી એમ સાબિત થઈ જતું નથી કે હિંદીઓ મૂળથી જ ખરાબ રીતભાતવાળા છે અને પોતાના વ્યવહારમાં મીઠાશ અને સલુકાઈ દાખવવા અસમર્થ છે. આ જમાનો મોટાં શહેરો અને મોટા પાયા પરનાં ઉત્પાદનનો છે, એ જમાનો કે એની અપેક્ષાઓને સમજી આપણા જીવનમાં ઉચિત ફેરફારો કરવાનો આપણને સમય મળે તે પહેલાં જ આપણે એમાં ગબડી પડ્યા છીએ.

ગ્રામજીવનમાં જે કાંઈ બહુ ગંભીર, સમાજ વિરોધી કાર્ય ન ગણાય તે ઘણી મોટી નેં ગીચ વસ્તીવાળાં શહેરોમાં અત્યંત વાંધારૂપ બને છે. ગામડામાં તો એકાદ વારતહેવારે ગામના મંદિરમાં ભજન થાય તો તે વખતે ગામનાં લગભગ બધાં જ લોકો મંદિરે ભજન સાંભળવા જતા હોઈ એથી કોઈને અગવડ ઊભી થતી નથી. પણ ખીચોખીચ વસ્તીવાળા શહેરમાં જો જુદી જુદી ટોળીઓ રોજ ને રોજ ભજનો ગાવા ભેગી થાય અથવા તો શહેરના મંદિરમાં જો ચોવીસે કલાક મોટે મોટેથી ઈશ્વર પ્રાર્થના કે કથા વાર્તા થયા જ કરતી હોય તો તે જુદી જ વાત છે. એવાં જ સમાજવિરોધી કાર્યો છે બારીએથી કચરો બહાર નાખવાનું કે પોતાનો રેડિયો શક્ય તેટલો મોટેથી ચલાવવાનું કે બસ માટેની 'ક્યૂ' તોડવાનું કે નાની નાની બાબતોમાં મિજાજ ગુમાવવાનું.

વળી, સમાજે પોતાને માટે શું શું કરવું જોઈએ એ બાબતમાં લોકોની અપેક્ષાઓ વધી ગઈ છે. અગાઉની માફક શાંતિથી મુશ્કેલીઓ વેઠી લેવા લોકો તૈયાર નથી. આજે તો અનેક રીતે લોકો પોતાનો અસંતોષ અને કચવાટ વ્યક્ત કરે છે, અને આ જ કારણે તેઓ ઉશ્કેરાયલા હોઈ ઝઘડો કરવા તૈયાર જ હોય છે. અપૂરતો અને ખામીયુક્ત ખોરાક, ગંદાં ઘરો, કુટુંબને સારી રીતે પોષવાની કે પૂરતાં કપડાંલત્તાં વસાવવાની અશક્તિ, જીવનનિર્વાહ માટે કરવો પડતો એકધારો સતત શ્રમ—આ બધું આપણી આજુબાજુ દેખાતી પરિસ્થિતિ માટે ઓછે વત્તે અંશે જવાબદાર છે. અલબત્ત, આનો અર્થ એવો નથી કે આપણને જાહેર સ્વાસ્થ્ય જાળવવા માટેની કે વધુ સારી રીતે સામાજિક વ્યવહાર ચલાવવા માટેની કે બીજાઓની સગવડોનો વિચાર કરવા માટેની કેળવણીની જરૂર નથી. પણ મને લાગે છે કે આ બધું ગૌણ છે. મુખ્ય વાત તો એ છે કે આજે જે જીવન ટકાવવા માટે સતત ને સખત પરિશ્રમ કરવો પડે છે તે હળવો થઈ જવો જોઈએ.

તો આપણે પરિસ્થિતિમાં સુધારો કરવા શું શું કરી શકીએ? પહેલી જ વાત તો એ કે ઝડપથી વધતા જતા વસ્તીના પ્રમાણમાં

આપણે ઘટાડો કરવો જોઈએ. આ દિશામાં રાજ્ય તરફથી અને ખાનગી સંસ્થાઓ તરફથી થતાં સૌ પ્રયત્નોને વધાવી લેવા જોઈએ. પણ જે પરિસ્થિતિ આ ક્ષેત્રે પ્રવર્તે છે તે જોતાં તો આપણે અમુક અમુક સંજોગોમાં પુરુષની જનનશક્તિને રોકવી કે કાયદાએ છૂટ આપી હોય એવો ગર્ભપાત કરાવવા જેવા ઘણા વધારે જલદ ઉપાયો વિચારવાના રહે છે. લડાઈ પહેલાંનાં વર્ષોમાં જાપાને આવા ઉપાયો યોજી પોતાના દેશનું જન્મપ્રમાણ ઘટાડ્યું હતું. છતાં વૈદક શાસ્ત્રમાં નિષ્ણાત વ્યકિતઓ અને સમાજશાસ્ત્રીઓ બીજા ઉપાયો પણ દર્શાવી શકે.

વધતા વસ્તુ—ઉત્પાદનના પ્રમાણમાં જ વસ્તી પણ વધે એ રીતનું જન્મ પ્રમાણ રહે એ ધ્યેય હોવું ઘટે.

વળી, સુશિક્ષિત વ્યકિતઓ અને સાધનસંપન્ન માનવીઓએ પોતાનો જ દાખલો આપીને એ બતાવતા રહેવું જોઈએ કે સામા માણસની સગવડો જોઈ વર્તવાની ટેવથી માનવ માનવ વચ્ચેના સંબંધો સુધરતા જ રહે છે.

જો માણસ પાસે પોતાની પ્રાથમિક જરૂરિયાતોને પણ યોગ્ય રીતે પહોંચી વળવા જેટલી સામગ્રી હોય તો તેનું મગજ વધારે ઠંડું રહે અને એ જલદીથી ઉશ્કેરાઈ જાય નહીં. બીજા દેશોમાં જ્યાં પરિસ્થિતિ ઘણી સારી છે ત્યાં સામાજિક વ્યવહારમાં દેખાતી મીઠાશ કે સલુકાઈમાંથી મળતો બોધપાઠ આ જાતનો છે એમ મને લાગે છે. જેને પૂરતો ખોરાક મળે છે, પૂરતાં કપડાં પહેરવાનાં મળે છે, જેને રહેવા માટે નાનકડું પણ સ્વચ્છ ઘર છે તેવો માણસ સામાન્ય સંજોગોમાં સહેલાઈથી ઉશ્કેરાઈ જવાનો સંભવ ઓછો છે. આપણા સામાજિક જીવનમાં પરિવર્તન આણવા જે જોડિયા ઉપાયોની જરૂર છે તે આ બે—કૂદકે ભુસ્કે વધતા જતા વસ્તીના પ્રમાણનું નિયમન અને જરૂરિયાતની વસ્તુઓના ઉત્પાદનમાં વધારો.

કેટલીક વખતે આ પ્રશ્નની વિશાળતા જોતાં અને એ પ્રશ્નને હલ કરવા માટેના આપણા પ્રયત્નોની અસર આછી જ છે એ જાણતાં નિરાશા પેદા થાય છે અને વિચાર આવે છે કે 'છેલ્લાં તેર તેર વર્ષના ગાળામાં આપણે જે જે પ્રયત્નો કર્યા તે બધાની અસર થઈ છે ખરી? પરિસ્થિતિમાં શું સાચેસાચ સુધારો થયો છે? જૂના વહેમો છોડી દઈને બુદ્ધિપૂર્વક જીવનનો નવો અને સુખદ રાહ અપનાવવાની લોકોને જરૂર લાગી છે ખરી?' જવાબમાં તો ચોકકસ નકાર જ છે એમ લાગતાં પોતાને જેની સાથે સંબંધ છે તેટલી વાત પૂરતી તો ઉજ્જવળ ભાવિની માણસની આશા ઝંખવાઈ જાય છે.

મને તો ઘણી વાર આવી નિરાશા થઈ જાય છે પણ વધુ વિચાર કર્યા બાદ હું મારી જાતને પ્રશ્ન કરું છું કે "આટલા લાંબા સમય પછી પણ શું પરિસ્થિતિમાં, સહેજસાજ પણ, આવકારપાત્ર ફેરફાર નથી જ થયો? દરિદ્રતા દૂર કરવા માટેની આપણી લડત છોડી દેવા કરતાં એ ચાલુ જ રાખવી વધારે યોગ્ય નથી શું?"

મૂળ લેખક: ડી. ડી. કર્વે અનુવાદક: **ભૂપેન્દ્ર ત્રિવેદી**

તંત્રી નોંધ: ઉપરના લેખમાં પશ્ચિમી દેશોના જીવનમાં સુઘડતા, શિસ્તબદ્ધતા અને સામાજિક વિનય વિવેક જોવામાં આવે છે અને તેનાથી ઉલટું આપણે ત્યાં સામુદાયિક જીવનમાં એ જ ગુણોનો અભાવ નજરે પડે છે તેનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે આબેહુબ સાચું છે. યુરોપ અમેરિકાના પ્રવાસે જઈ આવનારના મન ઉપર અહિં અને તહીંની પરિસ્થિતિ વચ્ચે રહેલો આ વિરોધ એકદમ તરી આવે છે અને યુરોપ અમેરિકા લાંબો વખત રહીને અહિં આવનાર હિંદી કેટલાય સમય સુધી આ કારણે એક પ્રકારની બેચેની અનુભવે છે. જેને ocial educatio સામાજિક શિક્ષણ—કહે છે તેનો આપણા શિક્ષણમાં મોટા ભાગે અભાવ એ જ આનું કારણ છે. બીજાને મુશ્કેલીમાં ન મૂકવા કે તેમને અગવડરૂપ ન બનવું અને જાતે ઘસાઈને કે થોડી ઘણી મુશ્કેલી વેઠીને અન્યને મદદરૂપ થવું—આ વૃત્તિનો—આવા માનસિક વલણનો—આપણે ત્યાં વિકાસ થવાની ખૂબ જરૂર છે. પડોશીની અગવડ સગવડની ઉપેક્ષા કરીને જ આપણે હંમેશાં વર્તતા હોઈએ છીએ. આ social sense સામાજિક વૃત્તિની ખામી આપણે કબૂલ કરવી જોઈએ અને તે વિષે પૂરા સભાન અને જાગૃત બનીને તેને દૂર કરવી જોઈએ.

પણ આપણા સામાજિક જીવનની પ્રસ્તુત અવ્યવસ્થાને—અનવસ્થાને—લેખક પ્રાથમિક જરૂરિયાતોના અપૂરતા અનુત્પાદન અને અનિયત સન્તતિ ઉત્પાદન સાથે જોડે છે તે સમુચિત લાગતું નથી. જરૂરી ચીજોની તંગી અને મોંઘવારી ટળવી જોઈએ તથા આજના કટોકટીભર્યા આર્થિક સંયોગોમાં સમજુ માબાપે સંતતિનિયમનનો વિચાર કરવો જ જોઈએ—એ વિષે બે મત નથી. પણ આ બન્નેનો આપણી સામાજિક રહેણીકરણી સાથે કોઈ સીધો સંબંધ મને દેખાતો નથી. આ રહેણીકરણી સુધારવા માટે આપણી ઉગતી પ્રજાને મળતી તાલીમમાં સુઘડતા, શિસ્ત, વિનય, વિવેક, નિયમન વગેરે બાબતો ઉપર ખૂબ ભાર મુકાવો જોઈએ અને તે અંગે જનસમુદાયમાં ઘણા મોટા પાયા ઉપર પ્રચાર થવો જોઈએ. ઉત્પાદનવૃદ્ધિ અને સંતતિનિયમનની આવશ્યતાને સામાજિક શિસ્ત સાથે સાંકળવામાં લેખકે તર્કક્ષતિ દાખવી છે એમ અચૂકપણે ભાસે છે.

પરમાનંદ

આજની દુનિયાને ટાગોરનો શું સંદેશો હતો?

ન્યુ દિલ્હી ખાતે તા. ૧૧-૧૧-૬૧થી ૧૬-૧૧-૬૧ સુધી ટાગોર સપ્તાહ અને આન્તરરાષ્ટ્રીય સાહિત્યક પરિસંવાદ યોજવામાં આવેલ હતા. આ સમારંભમાં ભિન્નભિન્ન દેશોના ૨૫ પ્રતિનિધિઓએ અને ભારતની ૧૬ મુખ્ય ભાષા સાથે સંબંધ ધરાવતા ૫૦ ભારતીય સાહિત્યકારોએ ભાગ લીધો હતો. આ સમારંભનું ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને ઉદ્‌ઘાટન કરતાં કરેલા મનનીય પ્રવચનનો ઉપયોગી ભાગ નીચે મુજબ હતો:—

"કવિવર ટાગોરને માનવજાતની એકતા અને બંધુભાવનામાં અપાર શ્રદ્ધા હતી. ટાગોરનું સમગ્ર જીવન અને કાર્ય એ અન્તિમ આશાને મૂર્ત કરતાં હતાં કે અનેક ભૂલો અને સ્ખલનો કરવા છતાં માનવજાતિનું અસ્તિત્વ હંમેશા સહેતુક અને અર્થસભર રહ્યું છે અને રહેશે. કેળવણીકાર, વિચારક, સમાજસુધારક, ચિત્રકાર, સંગીત નિર્માતા, રાષ્ટ્રવાદી અને આન્તરરાષ્ટ્રવાદી—આમ જુદી જુદી રીતે વ્યકત થતી ટાગોરની ભવ્ય જીવનપ્રતિભામાં એક જ પ્રેરક તત્વ માલુમ પડે છે અને તે એ છે કે આ મહાન ભારતીય પુરુષ પોતાના દેશની બુનિયાદી ભાવનાથી આરપાર રંગાયેલો હતો અને સાથે સાથે વિશ્વવ્યાપી ભાવનાથી પણ એ પૂરો ઓતપ્રોત હતો. ભારત તેને મન કોઈ એક ભૌગોલિક ઘટક નહોતું, પણ એક આધ્યાત્મિક અભિવ્યકિત હતું કે જેણે દુનિયાના દરેક ભાગને દિવ્ય આત્મા વડે—પરમ તત્વ વડે—વ્યાપ્ત હોવાનું માન્યું હતું.

આજે ચોતરફ બની રહેલી ઘટનાઓએ એક પ્રકારની નિરાશા ઊભી કરી છે અને આપણા દિલમાં એવી લાગણી પેદા કરી છે કે આપણા માથે ઝઝૂમી રહેલી કટોકટીને ટાળવા માટે આપણે બીલકુલ અસમર્થ છીએ પણ ટાગોરનો એ સચોટ અભિપ્રાય હતો કે કુદરતનાં દબાણથી અને ઈતિહાસની ફુલ—શ્રુતિથી દબાઈ ન જતાં માનવી આ બન્ને અનિવાર્ય જેવાં લાગતાં બળોથી ઉપર ઉઠી શકે છે. ટાગોરની એ શ્રદ્ધા હતી કે પોતાની જાતને પલટવાની અને ઈતિહાસને ઘડવાની માણસમાં અપાર તાકાત રહેલી છે અને માણસે પોતાની જાતને પલટવાની આ તાકાતને જ્યારે જ્યારે સક્રિય બનાવી છે ત્યારે ત્યારે તે સાચા સર્જક તરીકે બહાર આવ્યો છે.

આપણામાં રહેલી ત્રુટિઓ તરફ ટાગોરે અનેક વાર આપણું ધ્યાન ખેંચ્યું હતું. પોતાની વિશાળ અને મહાન ભાવનાઓની અને આદર્શોની જાહેરાત કરવામાં ભારત જેટલો બીજો કોઈ દેશ લાચાર હોવાનું માલુમ પડ્યું નથી અને સાથે સાથે પોતાની ભાવનાઓ અને આદર્શો પ્રત્યેની નિષ્ઠા અંગે ભારત જેટલો બીજો કોઈ દેશ બીનવફાદાર હોવાનું માલુમ પડ્યું નથી. જો ભારતના માથે દુઃખ અને આપત્તિ આવેલ હોય અને તેની અવમાનના થતી રહી હોય તો તે કોઈ બહારનાં કારણોને લીધે નહિ, પણ જે ભાવનાઓ ને આદર્શોનો તે દાવો કરતું રહ્યું છે તે પ્રત્યેની બીનવફાદારીને લીધે જ એમ બનવા પામ્યું છે.

ટાગોરનો આજની દુનિયાને એ સંદેશો હતો કે ક્રોધ, તિરસ્કાર કે હિંસા નહિ પણ કરુણા, ઉદારતા, નમ્રતા અને સહનશીલતા—આ ગુણો વડે જ માનવજાત એકમેકમાં સુગ્રથિત બનતી રહી છે. જો આપણે શાણપણનો અભાવ દાખવીશું તો યુદ્ધ વિનાની દુનિયાના ધ્યેયને પહોંચવા પહેલાં અનેક યાતનાઓમાંથી આપણે પસાર થવાનું રહેશે. અનુવાદક: પરમાનંદ

મૂળ અંગ્રેજી: ડૉ. રાધાકૃષ્ણન

ગુજરાતના કૉંગ્રેસી રાજકારણમાં ખેલાયેલું વિસંવાદનું તાંડવ

ભાવનગર કૉંગ્રેસ અધિવેશન ઉપર કૉંગ્રેસી પ્રમુખ શ્રી સંજીવ રેડ્ડીએ પોતાના પ્રમુખસ્થાનીય ભાષણમાં એવું સૂચન કરેલું કે આપણી ધારાસભાઓ અને પ્રધાનમંડળોમાં નવું લોહી આમેજ થાય તે માટે પંડિત જવાહરલાલ નહેરુ જેવી વ્યક્તિનો અસાધારણ અપવાદ બાદ કરતાં જેઓ અધિકારસ્થાન ઉપર દશ વર્ષથી વધારે મુદત સુધી ચાલુ રહ્યા હોય તેઓ પોતાની જગ્યા નવા લોહીવાળા ઉમેદવારો માટે ખાલી કરી આપે એ ઇચ્છવા યોગ્ય છે. આ માત્ર સૂચના જ હતી. તે સબંધમાં કોઇ કૉંગ્રેસી ઠરાવ કરવામાં આવ્યો નહોતો. આ અધિવેશનને થોડો સમય પસાર થયા બાદ ગુજરાતના કૉંગ્રેસી કાર્યકર્તાઓનું રાજકોટ ખાતે એક સંમેલન મળેલું તે પ્રસંગે ઉપસ્થિત થયેલા કૉંગ્રેસી આગેવાનો માનનીય શ્રી મોરારજી દેસાઇ, ગુ. પ્ર. કૉં. સમિતિના પ્રમુખ શ્રી હાકોરભાઇ દેસાઇ, શ્રી ખંડુભાઇ દેસાઇ, શ્રી બળવન્તરાય મહેતા અને શ્રી ઢેબરભાઇએ તેમની અનૌપચારિક ચર્ચા દરમિયાન કૉંગ્રેસ પ્રમુખે સૂચવેલી દશ વર્ષની મર્યાદાના સૂચનને આગામી ચૂંટણીમાં ગુજરાત કૉંગ્રેસ તરફથી કોને ટીકીટ આપવી તેનો નિર્ણય કરવામાં, અલબત્ત અમુક અપવાદોના ખ્યાલપૂર્વક, અમલી બનાવવાનો વિચાર કર્યો, એ મુજબ લગભગ નક્કી કર્યું. તદનુસાર આ નિયમ જેમને લાગુ પડતો હતો તેવા ધારાસભ્યોને તેમ જ ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા તથા તેમના સાથી પ્રધાનો શ્રી રસિકલાલ પરીખ તથા શ્રી રતુભાઇ અદાણીને આગામી ચૂંટણીમાં ઊભા રહેવા માટે અરજી નહીં કરવાનું સૂચવવામાં આવ્યું, તેને લગતું દબાણ શરૂ કરવામાં આવ્યું. આ દરમિયાન શ્રી હાકોરભાઇ દેસાઇએ 'પ્રભાત' પત્રના તંત્રી શ્રી કકલભાઇ કોઠારીને એવી મતલબનું કહ્યાનું બહાર આવ્યું કે આ દશ વર્ષની મર્યાદાના નિયમ પાછળ ઉપર જણાવેલ સૌરાષ્ટ્રના ત્રણ પ્રધાનોને સત્તાસ્થાન ઉપરથી દૂર કરવાનો આશય રહેલો છે. આથી વાતાવરણ વધારે દૂષિત બન્યું. ઉપર જણાવેલ દસ વર્ષની મર્યાદાનો કોઇ ઠરાવ ગુજરાત કૉંગ્રેસ સમિતિએ પસાર કર્યો નહોતો અને એમ છતાં તેમના ઉપર આવું દબાણ લાવવામાં આવે એ અસહ્ય લાગવાથી આ ત્રણ પ્રધાનોએ પ્રસ્તુત દશવર્ષીય નિયમનો સખ્ત વિરોધ કર્યો અને કૉંગ્રેસ ટીકીટ માટે અરજી કરવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો. તેમના આ ઉગ્ર વિરોધ સામે નમતું આપીને આ ત્રણે પ્રધાનોને કૉંગ્રેસ ટીકીટ આપવાની ભલામણ કરવાનું પ્રાદેશિક ચૂંટણી સમિતિએ નક્કી કર્યું, અને એ રીતે આ ઊભા થયેલા વમળનો છેડો આવ્યો છે એમ તત્કાળ માની લેવામાં આવ્યું. પણ ઉપર જણાવેલ દશ વર્ષની મર્યાદાના નિયમને સ્વીકારીને કેટલાકે કૉંગ્રેસ ટીકીટ માટે અરજી કરવાનું માંડી વાળેલું અને કેટલાકે કરેલી અરજી પાછી ખેંચી લીધેલી. જ્યારે ડૉ. જીવરાજ વગેરેની બાબતમાં દશ વર્ષની મર્યાદાનો નિયમ હળવો કરવામાં આવ્યો ત્યારે ઉપર જણાવેલ બન્ને પ્રકારના ઉમેદવારોમાંના કેટલાકે કૉંગ્રેસની સેન્ટ્રલ ઇલેકશન કમિટીને તેમની ઉમેદવારી અંગે ફરીથી વિચાર કરવાની અપીલ કરી અને ડૉ. જીવરાજ મહેતાએ આવા ૨૬ ઉમેદવારો અંગે ફરીથી વિચાર કરવો ઘટે એ મતલબનું એક લાંબુ નિવેદન આ સેન્ટ્રલ ઇલેકશન કમિટી ઉપર લખી મોકલ્યું. અહિં સુધી બહારથી બધું શાન્ત હતું અને કોઇએ કોઇ સામે જાહેરમાં એક નાનો સરખો પણ ઉદ્ગાર કાઢ્યો હોય એવું જાણવામાં આવ્યું નહોતું. પણ એવામાં નવેમ્બરની ૧૪ મી તારીખે શ્રી ભગનભાઇ દેસાઇએ એક ખોંખારો જેવું નિવેદન બહાર પાડ્યું અને ગુજરાત કૉંગ્રેસમાં ઊભી થયેલી અથડામણની બધી જવાબદારી ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાના શિરે ઢોળી. એટલે ડૉ. જીવરાજને તા: ૧૬-૧૧-૬૧ ના રોજ પોતાના બચાવમાં એક લાંબુ નિવેદન બહાર પાડવાની ફરજ પડી. એવામાં વળી ગુજરાતના કોઇ કૉંગ્રેસી મોવડીના નામે અમદાવાદના છાપાંઓમાં પ્રગટ થયેલા અનેક આક્ષેપોથી ભરેલા એક નિવેદનમાં ડૉ. જીવરાજ, રસિકલાલ પરીખ, રતુભાઇ અદાણી વગેરે બળવાખોર કૉંગ્રેસીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાવા જોઇએ એવું સૂચન કરવામાં આવ્યું. એટલે શ્રી રસિકલાલ પરીખને પોતાની અને પોતાના સાથીઓની સ્થિતિ સ્પષ્ટ કરતું નિવેદન બહાર પાડવાની ફરજ પડી. આમ પરિસ્થિતિ વણસતી ચાલી. આ બધો વરઘોડો ગાજતે વાજતે દિલ્હી ખાતે મળેલી સેન્ટ્રલ ઇલેકશન કમિટી સમક્ષ આવ્યો.

આ કમિટીએ કૉંગ્રેસની ટિકિટો આપવા સબંધમાં દશ વર્ષની મર્યાદાનો કોઇ નિયમ ધ્યાનમાં લેવાની જરૂર નથી એમ જાહેર કર્યું અને દશ વર્ષનો નિયમ સ્વીકારીને જેમણે કૉંગ્રેસ ટિકિટ માટે અરજી કરી નહોતી અથવા કરેલી અરજી પાછી ખેંચી લીધી હતી તેવા ૨૬ ઉમેદવારો સંબંધમાં ગુણવત્તાના ધોરણે વિચાર કરીને ચાર ઉમેદવારોને કૉંગ્રેસની ટિકિટ આપવાની ભલામણ કરી. આ ઉપરાંત લોકસભાની એક બેઠક અંગે શ્રી જયાબેન શાહ અને શ્રી હંસાબહેન મહેતાના સબંધમાં આ કમિટીએ નિર્ણય કરવાનો હતો. શ્રી જયાબહેન શાહ લોકસભાના ચાલુ સભ્ય હતા. શ્રી હંસાબહેન નવા ઉમેદવાર હતા. પ્રાદેશિક ચૂંટણી સમિતિએ શ્રી જયાબહેન શાહ માટે ભલામણ કરી હતી. સેન્ટ્રલ ઇલેકશન કમિટીએ પ્રાદેશિક ચૂંટણીની ભલામણ માન્ય રાખી હતી.

આમ ગુજરાત કૉંગ્રેસે કોને ટિકિટ આપવી તેને લગતા અત્યન્ત કટુતાભર્યા ઝગડાનો સેન્ટ્રલ ઇલેકશન કમિટીના નિર્ણયોથી બાહ્ય પરિણામ પૂરતો અન્ત આવે છે. આ નિર્ણયો દરેક પક્ષે સમભાવપૂર્વક સ્વીકારી લેવા ઘટે છે. આ નિર્ણયોથી કોનું કેટલું સ્વીકારાયું અને કોને કેટલું જતું કરવું પડ્યું એનું પૃથક્કરણ કરવું ઇષ્ટ નથી, કારણ કે એમ કરવાથી આપણા આગેવાનો વચ્ચે ઊભા થયેલા વૈમનસ્યમાં કટુતાની વૃદ્ધિ થવા સંભવ છે, જ્યારે હવે તો, આ દુ:ખદ વ્યથાજનક વૈમનસ્યનું કેમ જલ્દિથી પ્રશમન થાય એમ આપણે અન્તરથી ઇચ્છવું રહ્યું. આ બધી સત્તાલક્ષી રાજકારણની લીલા છે. પ્રસ્તુત પ્રકરણ, સત્તાલક્ષી રાજકારણ કેટલાં અનર્થો અને અનિષ્ટો પેદા કરી શકે છે તેનું-અણસમજુની પણ આંખ ઊઘાડે તેવું સૂચક અને દ્યોતક છે. એક ભૂલમાંથી અનેક ભૂલોની અને એક ઉદ્દામ નિવેદનમાંથી અનેક વિવાદાસ્પદ નિવેદનોની કમનસીબ હારમાળા જેવું આ પ્રકરણ બની ગયું છે. છેવટનો નિર્ણય જરૂર બન્ને પક્ષને-અને તેમાં પણ ડૉ. જીવરાજ મહેતાને વિશેષત: થોડા કડવા ઘુંટડા ગળવાની ફરજ પાડે તેવો છે. આ આખા પ્રકરણના નજીક-દૂરના ભવિષ્ય ઉપર પડનારા અનેક આઘાત-પ્રત્યાઘાતો કલ્પી શકાય છે અને જે તીવ્ર માનસિક આવેગો આ પ્રકરણે પેદા કર્યા છે તેમાંથી પરસ્પર સમભાવ અને સદ્‌ભાવની ભૂમિકા ઉપર પાછા ફરવું-પુનઃ પ્રતિષ્ઠિત થવું એ બહુ જ મુશ્કેલ છે. એમ છતાં પણ આપણે ગાંધીજી અને સરદાર વલ્લભભાઇના વારસો છીએ, ઉભયની રાષ્ટ્રનિષ્ઠા અને કાર્યદક્ષતા આપણને વારસામાં મળી છે. તેમણે વારસામાં આપેલ સુગ્રથિત ઉજળા ગુજરાતને આપણે વધારે સંગઠિત, સમૃદ્ધ, શકિતશાળી અને તેજસ્વી બનાવવાનું છે. આપણા માટે આ અનિવાર્ય ધર્મ બને છે. આ ધર્મનો અમલ રાજકારણી આગેવાનોની એકતા સિવાય સંભવિત નથી. બનેલું ભુલાય તેટલું ભૂલવા દરેક પ્રયત્ન કરે અને આ પરિસ્થિતિ પેદા કરવામાં દરેકનો સીધો કે આડકતરો ફાળો છે એમ સમજીને દરેક આગેવાન અન્તર્મુખ બને અને અન્ય પ્રત્યે ઉદાત્ત ભાવ દાખવે અને એ રીતે દિલનાં ડંખો હળવા કરે, નિર્મૂળ કરે, અને ચૂંટણી બાદ જેમના હાથમાં સત્તાનાં સૂત્રો આવે તેઓ અન્ય સર્વનો હાર્દિક સહકાર મેળવીને ગુજરાતના નવસર્જનકાર્યમાં લાગી જાય-આવી આપણ સર્વની ઊંડા અંતરની પ્રાર્થના હો!

પરમાનંદ.

"આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક વર્ષ પરસ્પર સહકારિતાનું મનાવીએ!"

નહેરુની યુનોને હાકલ

(તા. ૧૦-૧૧-૬૧ ના સંયુક્ત રાષ્ટ્રસસ્થાને સંબોધતા ભારતના મહાઅમાત્ય શ્રી નહેરુએ એક મહત્ત્વનું પ્રવચન કર્યું હતું તેનો સંકલિત સાર નીચે મુજબ છે. તંત્રી)

આધુનિક સંયોગોમાં યુદ્ધના વિચારને સદન્તર તિલાંજલિ અપાવી ઘટે છે. એમ નહિ બને તો હજારો વર્ષ દરમિયાન માનવજાતે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેના સર્વતોમુખી નાશને તેણે આધીન બનવાનું રહેશે. અન્ય પક્ષ ખોટો છે એમ એકમેક સામે આક્ષેપ કરવાને બદલે આપણી સામે ઊભેલી સમસ્યાનો વિના વિલંબે સામનો કરવો અને તેનો કોઇ પણ રીતે ઉકેલ લાવવાનો નિશ્ચય કરવો એજ માત્ર આપણા સર્વ માટે અતિ અગત્યની અને તાકીદની બાબત છે.

દુનિયાના મહાન સત્તાજૂથોએ સર્વસામાન્ય અને સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ કરવાનો વિચાર જાહેર કર્યો છે, એટલું જ નહિ, સ્વીકાર્યો પણ છે. મુખ્ય મુખ્ય મુદ્દાઓ અંગે અમેરિકન અને સોવિયટની દરખાસ્તોમાં ઘણું સામ્ય રહેલું છે. આમ છે તો પછી આ બાબતનો છેવટનો નિકાલ લાવવા માટે આ મહાન જૂથોએ આ માટે કટિબધ્ધ થવું જ જોઇએ. અને દુનિયાની પ્રગતિ થાય એ તરફ લોકોની મહાન શક્તિઓને તેમણે શા માટે વાળવી ન જોઇએ?

હવેના વિશ્વયુદ્ધમાં આજે કોઇ પણ એક યા અન્ય દેશ વિજેતા બની શકવાનો છે જ નહિ, પણ બધા દેશોને હાર મળવાની છે અને સર્વનું નિકંદન નીકળી જવાનું છે. આ આજની વાસ્તવિકતા જાણે કે ધ્યાનમાં આવતી ન હોય એમ વિચાર કરવાની પુરાણી રીતરસમમાંથી તેઓ ઊંચે ઉઠી શકતા જ નથી. જો આજનું વિશ્વયુદ્ધ વિશ્વનાશમાં જ પરિણમવાનું છે તો નિઃશસ્ત્રીકરણને લગતો આજનો મુખ્ય અને તાકીદનો પ્રશ્ન બને તેટલી જલ્દીથી હાથ ધરવો ઘટે છે. જ્યાં સુધી આ બાબતમાં એકમત ઉપર ન અવાય ત્યાં સુધી છૂટા પડવું જ નથી—આવા નિશ્ચયપૂર્વક મહાન સત્તાજૂથો એકઠા થાય અને આ પ્રશ્ન ઉપર પોતાના ચિત્તને કેન્દ્રિત કરે એમ હું અન્તઃકરણથી ઇચ્છી રહ્યો છું. આ પ્રશ્નને હલ કરવા માટે શરૂઆતમાં આઠની મોટી મંડળી વિચારણા કરે તેના બદલે અમુક થોડાંક મહત્ત્વનાં રાષ્ટ્રો આ પ્રશ્ન હાથ ધરે એ વધારે ઇચ્છવાયોગ્ય છે.

ભવિષ્યમાં થનારા વિશ્વયુદ્ધનું રણક્ષેત્ર ભારત હોવાનો સંભવ નથી. એમ છતાં પણ હજારો વર્ષોથી માણસે જે સાધવા પ્રયત્ન કર્યો છે તે સર્વ કાંઇ આજે જોખમમાં છે. પરદેશી વસાહતો સંબંધમાં મને ઘણું લાગે છે, એમ છતાં પણ, આજનો સૌથી વધારે મહત્ત્વનો પ્રશ્ન શાન્તિ અને યુદ્ધને લગતો અને નિઃશસ્ત્રીકરણને લગતો છે. જો નિઃશસ્ત્રીકરણ અમલી બની શકે તો જરૂર આખી દુનિયાનું વાતાવરણ બદલાઇ જાય.

આપણાંના પ્રત્યેકમાં છે તે કરતાં વધારે ડહાપણ કે સમજણનો મારો કોઇ દાવો છે જ નહિ. એટલું જ કે કોઇ અમુક બાબતો અંગે તેને લગતી સમસ્યાઓ પરત્વે અમુક એક વ્યકિત અન્ય કરતાં વધારે તીવ્ર સંવેદન ધરાવતી હોય. પણ આજે આપણને એવી સમજુતીની જરૂર છે કે જે અંગે દરેક સહમત હોય.

યુદ્ધનો ભય સૌ કોઇ અનુભવે છે. જે ભય માણસ જાતને રૂંધી રહેલ છે, જકડી રહેલ છે, તે વિષે કોઇ બેમત છે જ નહિ. જો આ પાયાનો પ્રશ્ન આપણી પકડમાં ન આવતો હોય તો બીજા ગૌણ પ્રશ્નોનો આપણે શી રીતે વિચાર કરી શકવાના હતા?

આજે અણુબોંબના અખતરાઓ ચાલી રહ્યા છે. આનો સુલેહ-સંધિદ્વારા જેમ બને તેમ જલ્દીથી છેડો નહિ લાવવાના પરિણામે દુનિયાને ભારે નુકસાન થઇ રહ્યું છે. એમ તો કોઇ માનતું જ નહોતું કે એક કે બીજી બાજુની ઐચ્છિક કામચલાઉ અટકાયતથી આ પ્રશ્નનો નિકાલ આવવાનો છે. આવા અખતરાઓ ઉપર આન્તરરાષ્ટ્રીય કરારનામા દ્વારા અને બીજી રીતે કડક જે નિયંત્રણો મુકાવા ઇએ. આ કાર્ય જલ્દીથી હાથ ધરાવું જોઇએ, પણ એમ ન બને ત્યાં સુધી પણ પ્રાયોગિક અખતરાઓ કરવાનો માર્ગ હવે ખુલ્લો રહેવો ન જોઇએ. આ અખતરાઓ અંગે હું ભારે ઊંડી વ્યથા અનુભવું છું. હું માનું છું કે આ પાયાનું અનિષ્ટ છે અને આ અનિષ્ટનો જેટલો જલ્દીથી છેડો આવે તેટલું ઇચ્છવાયોગ્ય છે.

આજની દુનિયાની સમસ્યાઓ હાથ ધરવા માટે મારી પાસે કોઇ ઝડપી કે જાદુઇ ઉપાયો નથી. પણ મને લાગે છે કે જે આપણી પકડમાં સહેલાઇથી ન આવે એવી જટિલ બાબતનો યા પરિસ્થિતિનો દૃઢતાપૂર્વક સામનો કરવો અને માનવી જીવનમાં જેની ઊંડી જડ જામેલી છે એવા રાગદ્વેષ અને ભયના પ્રભાવને નામૂદ કરવો એ સૌથી વધારે મુશ્કેલ છે. આજે સૌથી વધારે જરૂર સહકારની છે. આ વિષે આજે સૌથી ઓછું કહેવા વિચારવામાં આવે છે, અને પરસ્પર ધર્ષણ પેદા કરતાં મુદ્દાઓની ખૂબ ચર્ચા કરવામાં આવે છે. પરિણામે દુનિયામાં જ્યાં ત્યાં અને જે તે બાબત ઉપર ધર્ષણ સિવાય બીજું કશું જ દેખાતું નથી અને વિનાશની કટોકટી તદ્દન સામે આવીને ઊભી રહી હોય એમ લોકો ભયગ્રસ્ત બનીને જોઇ રહ્યા છે. કેટલાક લોકોએ એ મતલબની દરખાસ્ત કરી છે કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખાસ કરીને શાંતિની દિશાએ વધારે ઉપયોગી થાય એવાં સહકારી પગલાંઓ હાથ ધરવા તરફ દુનિયાના રાષ્ટ્રોએ વધારે ધ્યાન આપવું જોઇએ, જેના પરિણામે આ વિષય ઉપર વધારે વિધાયક વિચારણા થવા પામે અને આજે જે પરસ્પર સહકાર પ્રવર્તે છે તેને વધારે વિસ્તૃત બનાવવા તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત થાય.

આ મુદ્દાને ધ્યાનમાં રાખીને આપ સર્વ સમક્ષ હું એક એવો ખ્યાલ રજુ કરૂં છું કે આ સંયુકત રાષ્ટ્રસસ્થાએ એક વર્ષ એવું નક્કી કરવું જોઇએ કે જે દરમિયાન રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક—આમ સર્વ ક્ષેત્રોમાં સહકારી પ્રવૃત્તિઓને બને તેટલો વેગ આપવા માટે દુનિયાના સર્વદેશોને આ સંસ્થા તરફથી આવ્હાહન કરવામાં આવે અને એ રીતે આજની સમસ્યા સહેલાઇથી ઉકલી શકે એવું વાતાવરણ પેદા કરવા પાછળ પોતાની શક્તિ અને ચિંતનનો ઉપયોગ કરવામાં આવે. આ ખ્યાલની વિગતો હું રજુ કરવા માગતો નથી. આ ખ્યાલ જો આપને સ્વીકાર્ય હોય તો તેની વિગતો વિચારવા માટે અને શું શકય છે તે અંગે ભલામણો કરવા માટે આ સંયુકત રાષ્ટ્રસસ્થા એક સમિતિની નિમણુંક કરી શકે છે.

હિંસા અને મત્સર દરેકને માટે નુકસાનકર્તા-અહિતકર્તા છે એ સત્ય હકીકત છે. આ દુનિયાએ એ પુરુષોને મહાન લેખ્યા છે કે જેમણે હિંસા અને મત્સરનો, વૈર અને તિરસ્કારનો સામનો કર્યો છે અને નહિ કે એ પુરુષોને કે જેમણે, કહેવાતા સારા કામ માટે પણ, આ વૃત્તિઓને ઉત્તેજના આપી છે. આજે દુનિયાને નવી રીતે વિચાર કરતા થવાની જરૂર છે, નવા વિકાસના રાહ ઉપર ગતિશીલ બનવાની જરૂર છે. આ કે તે પ્રજાના લાભ યા હાનિની દૃષ્ટિએ નહિ પણ વિશાળતર દૃષ્ટિકોણથી આજની સમસ્યાનો વિચાર કરવા માટે આ મહાસભાને હું અનુરોધ કરૂં છું. આજે નહિ કે નુકસાન, લાભ કે હાનિ વચ્ચે પસંદગી કરવાની નથી, પણ જીવવા યા મરવા વચ્ચે પસંદગી કરવાની છે અને સૌ કોઇ કેમ ટકી રહે એજ માત્ર આજનો મહાપ્રશ્ન છે.

અનુવાદક: પરમાનંદ મૂળ અંગ્રેજી: જવાહરલાલ નહેરુ

અમારો કાશ્મીરનો પ્રવાસ

શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ

(આ લેખમાળાનો પહેલો હપ્તો તા. ૧૬-૯-૬૧ ના પ્રબુદ્ધજીવનમાં અને બીજો હપ્તો તા. ૧૬-૧૦-૬૧ના પ્રબુદ્ધજીવનમાં પ્રગટ થઈ ચુકેલ છે. આ અંકમાં નીચે ત્રીજો હપ્તો આપવામાં આવે છે અને હવે પછી આ લેખમાળા પૂરી થતાં સુધી ક્રમસર પ્રગટ કરવામાં આવશે. તંત્રી.)

ભારતના ભાગલા પડ્યા તે પહેલાં કાશ્મીરમાં જવાના આજના પાકીસ્તાનમાં થઈને બે માર્ગો હતા. આજે એ પ્રદેશ પશ્ચિમ પાકીસ્તાનની સરહદમાં આવી ગયેલો હોઈને પઠાણકોટ જ કાશ્મીરનું તેમ જ પશ્ચિમ પાકીસ્તાનનું પ્રવેશદ્વાર બની ગયું છે. પાકીસ્તાનથી શ્રીનગરનો રસ્તો ૨૭૩ માઈલનો છે. કાશ્મીર જતી બસો અને મોટરો શરૂઆતમાં કેટલાક માઈલ સુધી સપાટ પ્રદેશમાં થઈને પસાર થાય છે અને ૬૦ માઈલના અન્તરે આવેલ જમ્મુ પહોંચવા પહેલાં આશરે દશેક માઈલથી પહાડી પ્રદેશ શરૂ થાય છે. અમે તા. ૬-૮-૬૧ ના રોજ સવારના આઠ વાગ્યા લગભગ પઠાણકોટ પહોંચ્યા. નિયત કરેલી ૨૪-૨૪ પ્રવાસીઓને સમાવતી બે બસો આવતાં, તેમાં સામાન ગોઠવાતાં અને શ્રીનગર તરફ રવાના થતાં દોઢ બે કલાક લાગ્યા અને સાડાનવ દશ વાગ્યા લગભગ અમારું કાશ્મીર તરફનું પ્રયાણ શરૂ થયું. બાર—સાડા બાર વાગ્યે જમ્મુ, જે પહેલાં કાશ્મીર રાજ્યની રાજ્યધાની હતી ત્યાં અમે પહોંચ્યા. પ્રવાસીઓ માટે ઊભું કરવામાં આવેલ ટુરીસ્ટ ગેસ્ટ હાઉસમાં થોડો સમય રોકાયા, ભોજન કર્યું અને અમારી સવારી આગળ ઉપડી. હવે તો બધો રસ્તો પહાડોમાં થઈને જ આગળ જતો હતો. આ પહાડ હિમાલયનો જ એક ભાગ ગણાય. એટલે અમે હિમાલયના અન્તર્ભાગમાં આગળ ને આગળ વધતા ચાલ્યા અને હિમાલયની રમણીયતા અને ભવ્યતાનો અનુભવ કરવા લાગ્યા. રસ્તામાં વૃક્ષોથી ઘટ્ટપણે છવાયેલા પહાડો આવે અને સાવ સુકકા પહાડો વચ્ચે થઈને પણ પસાર થવાનું બને. સાંજને સમયે સમુદ્રસપાટીથી આશરે છ હજાર ફીટની ઉંચાઈએ આવેલા કુદ નામના સ્થળે અમે પહોંચ્યા. આ સ્થળ પઠાણકોટ અને શ્રીનગરની લગભગ મધ્યમાં આવેલું છે. અહિં સરકારે પ્રવાસીઓની સગવડ માટે બાંધેલું એક મોટું મકાન છે. તેને 'યુથ હોસ્ટેલ'ના નામથી ઓળખવામાં આવે છે. આ સ્થળ સારી એવી ઊંચાઈએ આવેલું હોવાથી આસપાસ દૂર દૂર સુધીના પહાડો, ટેકરા—ટેકરીઓ નજરે પડતાં હતાં, સાંજનો સમય હોવાથી આસપાસનું દશ્ય ભારે મનોહર લાગતું હતું અને આજ સુધીના પ્રવાસ દરમિયાન ગરમીથી ઠીક ઠીક કંટાળેલા એવા અમને અહીં મીઠી ઠંડકનો અનુભવ થતો હતો. રાત્રે ભોજન કર્યું અને મધુર નિદ્રામાં રાત્રીનો અવશેષ ભાગ પસાર કર્યો.

સવારના પાછી અમારી કૂચ શરૂ થઈ. બેએક કલાકમાં પૂર મસ્તીમાં વહેતી અને પ્રવાહનિનાદ વડે આખા પ્રદેશને ગજવતી રાવી નદી આવી. અહીં હિમાલયની લાક્ષણિક ભવ્યતાનું અમને રોમાંચક દર્શન થયું. આગળ ચાલ્યા. મધ્યાહ્ન લગભગ બનિહાલના ઘાટ આગળ આવી પહોંચ્યા. આ ઘાટની ઊંચાઈ લગભગ ૧૨,૦૦૦ થી ૧૩,૦૦૦ ફીટની છે. આ પહાડને પીરપંજાબના ઘાટીની નામથી પણ ઓળખવામાં આવે છે. આગળના વખતમાં આમથી તેમ વળાંક લેતી અને ઊંચે ને ઊંચે ચઢતી જતી બસો અને મોટરો આ ઉત્તુંગ પહાડની ટોચ ઉપર થઈને પહાડની બીજી બાજુએ નીચે ઉતરતી હતી અને કાશ્મીરની ભૂમિમાં પ્રવેશ કરતી હતી. ઘોડાંક વર્ષથી ભારત સરકારે હજારો રૂપિયા ખર્ચીને આશરે બે માઈલ લાંબી—જવાની એક અને પાછા ફરવાની બીજી એમ—બે સમાન્તર ટનલો બાંધી છે. આને 'જવાહર ટનલ'ના નામથી ઓળખવામાં આવે છે. આ ટનલને લીધે પઠાણકોટથી શ્રીનગર સુધીના અન્તરમાં ૨૦ થી ૨૨ માઈલનો ફરક પડ્યો છે. આ ટનલ ઓળંગીને અમે બહાર નીકળ્યા અને કાશ્મીર-વેલીનાં—કાશ્મીરના ખીણપ્રદેશનાં અમને દર્શન થયાં.

બનિહાલ ઘાટ પૂરો થવા આવે એ પહેલાં શ્રીનગર જવાની સીધી સડક છોડીને અમારી બસો જમણી બાજુએ ફંટાતાં માર્ગ ઉપર વળી અને ત્રણ ચાર માઈલના અન્તરે આવેલ 'વેરીનાગ' નામના સ્થળે અટકી. આ સ્થળને જેલમ નદીના મૂળ તરીકે ઓળખવામાં આવે છે. અહીં ઘટ્ટ ઝાડીવાળા એક મોટા પહાડને અડીને બાંધેલું એક જળાશય છે. પહાડ સાથે જોડાયલા ભૂગર્ભમાંથી આ જળાશયમાં અગોચર રીતે ઉપર આવતો ધસમસતો જળપ્રવાહ બાંધેલી નીક વાટે આગળ જાય છે અને નદીનું રૂપ ધારણ કરે છે. પૂરજોસમાં ખળખળ વહેતા પાણીના અવાજ વડે આખો પ્રદેશ ગાજતો લાગે છે. આ સ્થળે રંગબેરંગી ફલોથી અને વિશાળકાય વૃક્ષોથી શોભતો બગીચો છે. જે કાશ્મીરને ચિત્રોમાં જોઈને આપણે મુગ્ધ બનીએ છીએ તે કાશ્મીરનું અહિં અમને અતિ મનોહર અને ચિત્તને પ્રસન્ન બનાવતું સૌથી પ્રથમ દર્શન થયું અને જાણે કે કોઈ જુદી ભૂમિ ઉપર અમે હવે વિચરી રહ્યા છીએ એવો અનુભવ થવા લાગ્યો. આ ભવ્ય ઉપવનમાં મધુર ભોજન માણીને અમે બસારૂઢ થયા અને સાંજના ત્રણ ચાર વાગ્યે શ્રીનગરમાં પ્રવેશ કર્યો અને શ્રીનગરની એક બાજુએ આવેલ ડાલ લેઈક—દાલ સરોવર-ના કિનારે પહોંચ્યા. અમારી રાહ જોતા શિકારા (એટલે કે પાંચ દશ જણ બેસી શકે એવી શણગારેલી હોડી)માં બેસીને અમારા નિવાસ માટે નક્કી કરેલી બે મોટી બોટોમાં અમે વહેંચાઈ ગયાં. આ બોટ મધ્યમ કદના વહાણ જેવી હોય છે અને તેમાં સગવડપૂર્વક રહી શકાય એવા કોઈમાં ચાર, કોઈમાં પાંચ, કોઈમાં છ—એમ ઓછા વધતા ઓરડાઓ હોય છે. અમારા માટે નકકી કરેલી આગબોટમાં છ અને બીજી બોટમાં ચાર ઓરડા હતા. આ બન્ને બોટ સાથે એક નાના ત્રાપા જેવું પણ ઉપરથી ઢાંકેલું વહાણ જોડાયલું હતું, જેમાં રસોડાની બધી વ્યવસ્થા અને સગવડ હતી. શ્રીનગરમાં રહેવા ઉતરવા માટે અનેક હોટેલો છે, પણ આમ વિશાળ સરોવરમાં ગોઠવાયલી બોટમાં રહેવાનો અનુભવ કોઈ જુદો જ છે. આ કારણે પ્રવાસીઓ આવી બોટોમાં રહેવાનું વધારે પસંદ કરે છે.

અમારી બોટમાંથી નજરે પડતું દ્રશ્ય અત્યન્ત મનોહર હતું. સરોવરના વિશાળ પટ ઉપર નાના મોટા શિકારાઓ આમતેમ આવજા કરી રહ્યા હતા અને સામે જેના શિખર ઉપર શંકરાચાર્યનું પ્રાચીન મંદિર છે એવો ઐરાવત હાથીની કલ્પનાને મૂર્તિમન્ત કરતો પહાડ અને ચારે બાજુએ દૂર દર આવેલા નાના મોટા કદના પર્વતો આખા પ્રદેશને અલૌકિકતાનો ભાવ અર્પણ કરતા હતા.

આ નવા નિવાસસ્થાનમાં અમે ગોઠવાયા, વ્યવસ્થિત થયા, પછીનો દિવસ આરામ કરવામાં અને શહેરમાં ફરવા હરવામાં ગાળ્યો. પછીના દિવસે એટલે કે તા. ૮-૮-૬૧ ના રોજ બસમાં અમે ગુલમર્ગ જવા ઉપડ્યા. શ્રીનગરથી વીશેક માઈલ દૂર ટેનમર્ગ નામનું એક ગામ છે. અહિંસુધીનો રસ્તો અવારનવાર 'પોપ્લર' નામના લાંબા પાતળા ઊંચા ઝાડના બન્ને બાજુએ લાંબી લાંબી કતાર જે કાશ્મીરની ખાસ વિશેષતા છે તેને લીધે ભારે રમણીય લાગે છે. ટેનમર્ગ સુધી અમે બસમાં પહોંચ્યા. પછી પહાડના માર્ગે આગળ વધવાનું હતું. આ માટે અમે ઘોડા ટટ્ટુ ભાડે કર્યા અને નાનાં મોટાં—બહેનો ભાઈઓ સૌ કોઈ—અશ્વારૂઢ થઈને આગળ ચાલ્યા અને અમારું પર્વતારોહણ શરૂ થયું. અમારી આસપાસની સૃષ્ટિ ક્ષણે ક્ષણે નવું રૂપ ધારણ કરતા હતા. અમે અપૂર્વ એવી નિસર્ગ લીલા નિહાળતા અનુભવતા અમે અગિયાર વાગ્યા લગભગ ગુલમર્ગ પહોંચ્યા. ટેનમર્ગથી ગુલમર્ગ ચાર માઈલના અન્તરે આવેલું છે.

અમારા માટે સામે દેખાતી જરાક દૂર એવી ટુરીસ્ટ હોટેલમાં રહેવાનો પ્રબંધ નકકી કરીને અમારા પ્રવાસના સંચાલક શ્રી ભગુ-

ભાઈ અમને બોલાવવા આવ્યા અને તેમની પાછળ જવાની સૂચના કરીને તેઓ મારતે ઘોડે આગળ ચાલ્યા. પણ ટુરીસ્ટ હોટેલના કમ્પાઉન્ડ આગળ તેમના ઘોડાએ કોઈ પથ્થર સાથે ઠોકર ખાધી અને ભગુભાઈ ઘોડા ઉપરથી એકાએક ઉછળીને નીચે પડયા. આ જોતાં અમે સૌ બે ક્ષણ સ્તબ્ધ બની ગયા અને તેમને કેવો માર પડયો હશે તેની ચિન્તાઓ અમારા ચિત્તને ઘેરી લીધું. પણ ભગુભાઈ like a brave soldier—એક બહાદુર સૈનિક માફક—પડયા એવા જ ઊભા થયા અને પોતાને કયાં વાગ્યું, કેટલું વાગ્યું તેની કશી પણ પરવા કર્યા સિવાય કોણે કયાં રહેવું તે નકકી કરવા માટે આમ તેમ ઘુમવા લાગ્યા અને બધા માટેની ગોઠવણ નકકી કરીને પછી તેઓ ખાટલે સુતા. તેમને માર સખત વાગેલો, જમીન સાથે પટકાવાને લીધે અને ઘસાવાને લીધે તેઓ જ્યાં ત્યાં ઘાયલ થયેલા. આ ઉપરાંત હાડકાને કોઈ ગંભીર ઈજા તો થઈ નહિ હોયને—એ અમારી ચિન્તાનો સૌથી મોટો વિષય બન્યો. આખા શરીરે બ્રાંડી ઘસ્યું, ઘા ઉપર મર્કયુરી ક્રોમ લગાડયું, ડાકટરને બોલાવ્યા. ડાકટરે બધું તપાસીને જણાવ્યું કે માર સખત વાગ્યો છે, પણ હાડકાને કોઈ ગંભીર ઈજા થઈ નથી. આ જાણીને અમારો જીવ હેઠો બેઠો. ડાકટરની સૂચના મુજબ જરૂરી બધા ઉપચાર કર્યા અને ચોવીશ કલાકમાં તેઓ લગભગ ફરતાહરતા થઈ ગયા. આમ અણુધારી આફતનો અણુધારી ઝડપથી સુખદ અન્ત આવ્યો.

ગુલમર્ગની ઊંચાઈ સાડા આઠ હજાર ફૂટ હોઈને અહીં અમને સારી ટાઢનો અનુભવ થયો. શ્રીનગરમાં ઉનાળા જેવી જ ગરમી હતી. અહિં પોષ માસની કડકડતી ટાઢનો અનુભવ થતો હતો. આ ઠંડી શરીરને કંપાવતી છતાં અન્તરને મીઠી લાગતી હતી. અહિં અમે સઘન શિયાળા જેવી રાત પસાર કરી. સવારે નિત્યકર્મ અને નાસ્તાથી પરવારીને અહર્થિી સાડાત્રણ માઈલ દૂર ચાલુ ચઢાણના માર્ગે આવેલા ખીલનમર્ગ જવા અમે તૈયાર થયા. દરેક પોતપોતાના ટટ્ટુ ઉપર સવાર થયા અને અમારો રસાલો આગળ ચાલ્યો.

આગલી રાત્રે સારા પ્રમાણમાં વરસાદ આવેલો એટલે રસ્તે જ્યાં ત્યાં કીચડની જમાવટ થઈ હતી. આમ છતાં પહાડી ટટ્ટુ ઓ મકકમ પગલે અમને ઊંચે ને ઊંચે લઈ જઈ રહ્યા હતા. દશેક વાગ્યે ખીલનમર્ગ પ્હોંચ્યા. આ સ્થળની ઊંચાઈ સાડાનવથી દશ હજાર ફીટ છે. અહીં નાનું સરખું એરોડ્રોમ થઈ શકે એવું વિશાળ મેદાન છે. એક વખત જોયા પછી ન ભૂલાય એવું અહિંનું દ્રષ્ય છે. અહિંથી આગળ ગ્લેશિયર તરફ જવાય છે, પણ અમારે આટલાથી જ સંતોષ માનવાનો હતો. અહીં કલાક દોઢ કલાક આનંદવિનોદમાં અને ચાપાણી નાસ્તામાં પસાર કરી અમે ગુલમર્ગ પાછા ફર્યા. ત્યાં ભોજન કરીને નીકળ્યા, સાંજના સમયે ટેનમર્ગ આવ્યા અને અંધારું થાય તે પહેલાં શ્રીનગર ડાલ લેક—આવી પહોંચ્યા.

પછીનો દિવસ અમે શ્રીનગરમાં ફરવામાં અને ખરીદી કરવા પાછળ ગાળ્યો. પછીના દિવસે બસમાં ગોઠવાઈને અમે બારામુલ્લા પહોંચ્યા. અહિં નરકેસરી શેરવાણીની સ્મરણશિલા છે. આ શેરવાણી આ બાજુના જાણીતા કોંગ્રેસી કાર્યકર્તા હતા. દેશને આઝાદી મળ્યા ાદ અને દેશના ભાગલા થયા બાદ પાકિસ્તાને આ બાજુ એથી ાશ્મીર ઉપર ચઢાઈ કરી હતી. પાકિસ્તાની લશ્કર અહિં સુધી ાવી પહોંચ્યું હતું અને શ્રીનગર ઉપર ધસારો કરવા માંગતું હતું. ા શેરવાણીએ તેમને ખોટો માર્ગ દેખાડીને શ્રીનગર પહોંચતા ાટકાવ્યા હતા અને પછી તો ભારતના સૈન્યે પાકિસ્તાનીઓને અહીંથી હાંકી કાઢયા હતા. અહિં બારામુલ્લામાં પાકિસ્તાનીઓએ પારવિનાનો જુલમ કર્યો હતો અને શ્રીનગર પહોંચવાની મુરાદ બર ન આવતાં આ શેરવાણીને પથ્થર સાથે બાંધીને બાર ગોળીઓ વડે વીંધી નાખવામાં આવ્યા હતા. તેમની શહીદીને ચિરસ્મરણીય બનાવવાના હેતુથી તેમના માનમાં ઉપર જણાવી તે સ્મરણશિલા ઊભી કરવામાં આવી હતી. અમો બધાં અહિં આવીને ઊભા અને આ શહીદને મસ્તક નમાવીને દિલની અંજલિ અર્પણ કરી.

અહિંથી અમે મોટા સાગર જેવા વુલર લેઈક તરફ ગયા અને તેની સો માઈલની પરિક્મ્મા શરૂ કરી. અમારી બસની આ પરિક્મ્મા દરમિયાન અમને કાશ્મીરનાં કેટલાંક ગામડાં જોવા મળ્યા અને અનેક ખુણેથી વુલર લેઈકના જુદા જુદા વિભાગનાં દર્શન કર્યાં. આગળ વધતાં વુલર લેઈક છોડીને અમે માનસબલ સરોવર ઉપર આવ્યા અને જ્યાંથી સરોવરમાં ઉગેલાં કમળનાં રમણીય વન દેખાતાં હતાં એવા એક વૃક્ષાચ્છાદિત રમ્ય સ્થળે પહોંચ્યા. અહીં અમે ચા નાસ્તો કર્યો. પછી કાશ્મીરી પ્રજાને મન જે એક તીર્થ સમાન છે તે ક્ષીરભવાનીના મંદિર સમીપ આવ્યાં અને આ મંદિરમાં ભવાની માતાનાં દર્શન કરીને સંધ્યાટાણે અમે અમારા નિવાસસ્થાને આવી પહોંચ્યા. પછીના દિવસે ચશ્મેશાહી, હરબન સરોવર (જ્યાંથી શ્રીનગરને પાણી પૂરું પાડવામાં આવે છે), શાલીમાર તથા નિશાત નિહાળ્યાં. આ બધાંનું વર્ણન કરવાને અવકાશ નથી. આ બગીચાઓ દ્વારા મોગલ બાદશાહોના ભોગવિલાસ અને જહોજલાલીની આપણને ઝાંખી થાય છે. આ બગીચાઓ એકથી એક ચડિયાતા અને છતાં અમુક રીતે એકમેકને બહુ મળતા હોઈને સ્મરણમાં આજે એકને અન્યથી જુદો પાડવાનું શકય નથી અને આ અહિં હતું કે ત્યાં એમ મન ભૂલભૂલામણીમાં પડે છે. વસ્તુત: કાશ્મીર આખું જ એક વિરાટ બગીચો છે અને એ બગીચામાં જ્યાં ત્યાં સરોવરો ભર્યા પડયાં છે. માનવી મન સ્વર્ગની આથી વધારે ચડિયાતી કલ્પના કરી શકે તેમ છે જ નહિ.

તા. ૧૪-૮-૬૧ ના રોજ અમે શ્રીનગરથી પહેલગામ જવા નીકળ્યા. રસ્તામાં અવન્તીપુરના પ્રાચીન મંદિરના આશરે એક હજાર વર્ષ જૂના અવશેષો જોયાં, કેસરના ખેતર નજરે નિહાળ્યા, માર્તંડ મંદિર (જેને મટનતીર્થ તરીકે કાશ્મીરના લોકો ઓળખે છે) માં ભગવાન સૂર્યનારાયણની મૂર્તિનાં દર્શન કર્યા અને લીડર નદીના કિનારે આવેલ પહેલગામ બપોરના બાર વાગ્યા લગભગ પહોંચ્યા. અને આગળથી નકકી કર્યા મુજબ 'પાઈન વ્યુ' હોટલમાં ઉતર્યા. આ હોટેલની સામે ગગનચુંબી પર્વતશિખરો ડોકિયાં કરી રહ્યાં હતાં અને આસપાસ વહેતાં ઝરણાઓનો મધુર નિનાદ કર્ણને અપ્રતિમ આલ્હાદ આપતો હતો અને ચોતરફની વૃક્ષરાજિનાં દર્શન કરીને ચિત્ત ઊંડી પ્રસન્નતા અનુભવતું હતું. વાતાવરણમાં ખૂબ શીતળતા અને અદ્‌ભૂત શાન્તિ હતી.

પછીનો દિવસ ઓગસ્ટની ૧૫ મીનો હતો. આ દિવસ સ્વાતંત્ર્યદિન હોઈને એક પર્વ તરીકે તેને ગામના લોકો ઊજવી રહ્યા હતા. અમે પણ આ ઉજવણીમાં સામેલ થયા હતા. સવારે સરઘસમાં અને પછી રાષ્ટ્રધ્વજ વન્દનમાં અમારામાંના ઘણા ખરા સામેલ થયા હતા. બપોરના અમારા પ્રવાસના સંચાલક શ્રી ભગુભાઈએ ગામના આગેવાન લોકોને તેમ જ સરકારી અધિકારીઓને ભોજન માટે નિમંત્રણ આપ્યું હતું અને દુધપાક પુરીના મધુર ભોજનથી તેમને તેમ જ અમને સૌને તૃપ્ત કર્યા હતા. રાત્રે મનોરંજન કાર્યક્રમમાં પણ અમારામાંના કેટલાકે ભાગ લીધો હતો અને પ્રવાસમાં જોડાયેલી બહેનોએ ત્યાંના નકકી કરાયેલા કાર્યક્રમમાં ગીત ગરબાની પૂરવણી કરી હતી. આ રીતે આ દિવસ પૂરા આનંદ ઉલ્લાસમાં પસાર થયો હતો.

પછીના દિવસે સવારે અમરનાથની યાત્રાએ ઉપડવાનું હતું જેની વિગતો હવે પછીના હપ્તામાં આપવામાં આવશે.

અપૂર્ણ

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડિસેમ્બર ૧૬, ૧૯૬૧, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આગાહીઓની પોકળતા, અવિશ્વસનીયતા

જ્યોતિષીઓની ખોટી પડતી આગાહીઓ તરફ ધ્યાન ખેંચતા પત્રદ્વારા એક મિત્ર જણાવે છે કે "ઈટાલીના પેલા ભારે જગવિખ્યાત એવા જ્યોતિષીઓએ વિશ્વના ચોકમાં જોરશોરથી જાહેરાત કરી હતી કે અમુક દિવસે આ દુનિયાનો એટલે કે આપણી પૃથ્વીનો ચોક્કસ પ્રલય થવાનો છે અને એ થનાર પ્રલયથી પોતે બચી જશે એમ ધારીને અમુક ભાઈઓ એક પર્વતની ટોચ ઉપર જઈને બેઠા હતા. ભારતમાં તેમજ અન્યત્ર વસતા કેટલાય લોકો આ આગાહીથી ભારે ચિન્તામાં પડયા હતા અને અનેક સ્થળે દેવદેવીઓના પૂજાપાઠ અને યજ્ઞયાગાદિ તેમ જ સામુદાયિક પ્રાર્થનાઓ યોજવામાં આવી હતી. વળી ભારત બહારની એક વ્યકિતએ એ પ્રલયનું દૃશ્ય પોતે જોઈ નહિ શકે એમ સમજીને એ દિવસ પહેલાં જ પોતાના જીવનનો અન્ત આણ્યો હતો." અલબત્ત એ દિવસ તો આવ્યો અને ગયો, પણ આવા કોઈ પ્રલયના ભોપણે ભોગ બન્યા નથી એ જણાવવાની જરૂર છે જ નહિ.

તેઓ આગળ ચાલતાં જણાવે છે કે "જાણીતા શિખ નેતા માસ્તર તારાસિંગે ઑગસ્ટ માસની ૧૫ મી તારીખે પંજાબી સુબો ન મળે ત્યાં સુધી મરણાન્તની કલ્પનાપૂર્વક અનિયત મુદતના ઉપવાસ શરૂ કર્યા હતા. આ ઉપવાસ સંબંધમાં ભારત સરકાર શું કરશે અને આ ઉપવાસનો કયારે અન્ત આવશે એ વિષે પ્રજાજનોમાં જાતજાતની અટકળો ચાલતી હતી. આ દરમિયાન તા. ૨૪-૮-૬૧ ના 'મુંબઈ સમાચાર'માં શ્રી રમણલાલ સી. સરૈયાનો નીચે મુજબનો એક પત્ર પ્રગટ થયો હતો:—

'આજકાલ અખબારોમાં અને પુસ્તકોમાં પંડિતો, જ્યોતિષીઓ, અને ગણીતશાસ્ત્રીઓ દેશ અને પરદેશની પરિસ્થિતિ વિષે આગાહીઓ કરે છે. આમાંની કેટલીક આગાહીઓ ભડકાવનારી હોય છે અને લગભગ બધી જ ખોટી ઠરે છે.

'માસ્તર તારાસિંગના ઉપવાસ અને પંજાબી સુબાની રચના વિષે કોઈ જ્યોતિષી સાચી આગાહી કરીને પુરવાર કરી આપે કે તેમનું આ શાસ્ત્ર સાચું છે. આ બાબત તુરતમાં જ સાબીત થઈ શકે તેમ છે. જો આ પ્રશ્ન અંગે કોઈ પંડિત સાચી આગાહી ન કરી શકે તો પછી આ શાસ્ત્ર વિષે શું સમજવું એ સૌ કોઈ સમજી શકશે.'

"આ પછી મુંબઈ સમાચારમાં તેમજ અન્ય દૈનિક પત્રોમાં માસ્તર તારાસિંગના ઉપવાસ અંગે આગાહીઓ પ્રગટ થવા માંડી હતી. કોઈએ સપ્ટેંબર માસની પહેલી તારીખ, કોઈએ ચોથી તારીખ, કોઈએ આઠમી અને કોઈએ નવમી યા અગિયારમી સુધીમાં આ ઉપવાસો બંધ થવાની આગાહી કરી હતી. એ તો બધી ખોટી પડી. પછી વળી બીજા કોઈ એક ભાઈ આગળ આવ્યા અને જાતજાતની ગણતરી કરીને સપ્ટેંબરની ૨૪ તારીખ અથવા તે પહેલાં આ ઉપવાસનો ચોક્કસ અન્ત આવવો જ જોઈએ એમ મક્કમપણે જાહેરાત કરી, પણ આ જાહેરાત પણ ખોટી પડી અને પછી જે દિવસની કોઈએ આગાહી નહિ કરેલી તે ઓકટોબર માસની પહેલી તારીખે આ ઉપવાસનો એકાએક અન્ત આવ્યો. આમ બન્યું એટલે એક વાકચતુર જોષીએ એમ બહાર પાડયું કે માસ્તર તારાસિંગની જન્મકુંડળી અમને મળી હોત તો અમે સાચી આગાહી કરી શકયા હોત. આમ છેવટે કુંડળીનું બહાનું કાઢીને અથવા તો કુંડળી મળી હોત તો તે જોઈએ એટલી સાચી નહોતી એમ કહીને જોષીઓ છટકી જાય છે અને લોકો એની પાછળ ભવિષ્ય જાણવાની ઘેલછામાં ભટકતા રહે છે."

ત્યારબાદ આ મિત્ર કેટલાક કિસ્સાઓ ટાંકે છે જેમાં જોષીઓની આગાહી ઉપર આધાર રાખીને ચાલવા જતા અમુક વ્યકિતએ જીંદગીમાં ભારે પછાડ ખાધી છે અથવા તો અન્ય કોઈ વ્યકિત સંબંધમાં ઈષ્ટ યોગ ઊભો થતો અટકી ગયો છે. દા. ત. એક મિત્રને સામાજિક ક્ષેત્રે સારી સફળતા મળ્યા બાદ રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવવાનું તેને મન થયું. કોઈ એક જોષીની તેણે સલાહ લીધી અને તેમાં તેને સફળતા મળવાની તે જોષીએ પૂરી ખાત્રી આપી. એટલે ધારાસભામાં ચુંટાવા માટે તેણે ઉમેદવારી કરી. તેમાં તો તે નિષ્ફળ ગયા, એટલું જ નહિ પણ, સામાજિક ક્ષેત્રે પણ ખૂબ પાછા પડી ગયા. પાડોશી કુટુંબની એક કન્યાને બહું જ સારું ઠેકાણું મળતું હતું. જોષીએ ૨૭ મે વર્ષે એ કન્યાને ઘાત છે તે વય વટાવ્યા બાદ વિવાહ સંબંધ કરવાની સલાહ આપી. ૨૭ વર્ષ થવાની રાહમાં આ કન્યા રખડી પડી.

એક પરિચિત વ્યકિતની પત્ની બીમાર પડી. વ્યાધિ વધતો ચાલ્યો. જોષીએ જોષ જોઈને તે લાંબું નહિ જીવે એમ ભવિષ્ય ભાખ્યું. જીવનથી હારી બેઠેલી પત્નીએ પોતાના પતિનું શું થશે એ ચિન્તામાં તેના જીવતાં જીવત અન્ય કોઈ કુંવારી કન્યા સાથે લગ્ન કરવા પોતાના પતિને આગ્રહ કર્યો. નબળા મનના પતિએ લગ્ન કર્યું. માંદી પત્ની સાજી થઈ અને બે બૈરીવાળા ઘરસંસારનો ભોગ થઈ પડી.

એક મિત્રના માથે અનેક આર્થિક આફતો ઝઝમી રહી હતી. અમુક સમયે આ બધી મુંઝવણોમાંથી તેનો છૂટકારો થશે એવી અમુક જોષીએ તેમને ખાત્રી આપેલી. એ સમય આવતાં તેની આર્થિક પરિસ્થિતિ તો એવી ને એવી ચાલુ રહી, પણ મોટર સાથે અથડામણમાં આવતાં તેના ઐહિક જીવનનો એકાએક અન્ત આવ્યો.

એક મિત્ર જ્યોતિષના મોટા અભ્યાસી. તેઓ અંગત બાબતો વિષે અવારનવાર જ્યોતિષશાસ્ત્રમાં જોયા કરે. તેઓ લાંબી માંદગીમાં સપડાયા. આવી માંદગીમાં જ્યોતિષના આધારે પોતાની આવરદા ઘણી લાંબી છે એમ તેઓ માન્યા કરે. ગમે તેવી પ્રતિકૂળ તબિયતમાં પણ તેમને પોતાનું મૃત્યુ નજીકના ભવિષ્યમાં દેખાય નહિ. એમ છતાં એક દિવસે સવારના આંખના પલકારામાં તેમણે છેવટની વિદાય લઈ લીધી.

એક સજ્જનને પુત્રપ્રાપ્તિની ઘણી ઝંખના. જોષીઓએ કહેલું કે વર્તમાન પત્નીના નસીબમાં સંતાનનો કોઈ યોગ નથી. પુત્ર-

પ્રાપ્તિ ખાતર એકની હયાતીમાં તેમણે બીજું લગ્ન કર્યું. ત્યારબાદ પહેલી પત્નીએ પુત્રને જન્મ આપ્યો. નવી સ્ત્રી વન્ધ્યા જ રહી. બે બૈરી સાથેના સંસારનો ક્લેશકંકાસ જોષીના ભવિષ્યકથન મુજબ ચાલવાના પરિણામ રૂપ તેણે નફો તારવ્યો.

જોષીઓના ભવિષ્યકથનની અવિશ્વસનીયતા દાખવતા જાત અનુભવના કેટલાક દાખલા ટાંકીને તેઓ આગળ ચાલતાં જણાવે છે કે "વળી ૫૦૦ થી ૬૦૦ જેટલા ભારતના ભૂતપૂર્વ રાજવીઓ એક વખત પોતાની રાજ્યસત્તા ચિરકાળ પર્યન્ત ટકી રહેવાની છે એમ માનતા હતા. જોષીઓના આ રાજવીઓ સૌથી મોટા ગ્રાહક હતા. કેટલાક જોષીઓ તો રાજ્યદરબારમાં પડ્યા પાથર્યા રહેતા હતા. ૧૯૪૭ ના ઑગસ્ટ માસની ૧૫ મી તારીખ પહેલાં આ જોષીઓમાંથી કોઈએ પણ રાજવીઓની રાજ્યસત્તાનો પછીનાં વર્ષ દરમિયાન એકાએક અન્ત આવવાનો છે એવી આગાહી કર્યાનું સાંભળવામાં આવ્યું નહોતું. એમ છતાં પછીના એક વર્ષના ગાળામાં એ બધાં રાજ્યો વિશાળ ભારતમાં એવી રીતે વિલીન થઈ ગયાં કે એ પુરાણાં રાજ્યોની મૂળ સરહદ આજે કોઈ નકકી કરવા માગે તો પણ તે કાર્ય હવે અશકયવત્ બની ગયું છે. આ બધા દાખલાઓ જોષીઓ અને તેમનું શાસ્ત્ર જરાપણ આધાર રાખવા લાયક નથી એમ સચોટપણે પુરવાર કરે છે."

તેઓ પોતાના એ જ પત્રમાં આખી ચર્ચાનો સાર તારવતાં જણાવે છે કે "આ બધી આગાહીઓ રાશિઓમાં ગ્રહોની અમુક સમયે અમુક સ્થિતિ ઉપરથી કરવામાં આવે છે એમ જોષીઓ જણાવતા હોય છે. ગ્રહો પોતાના નિયમ પ્રમાણે આકાશમાં ફર્યા કરે છે, પણ તેમના હલનચલનની આપણી પૃથ્વી ઉપર વસતા માનવીઓના સુખદુ:ખ, આરોગ્ય—અનારોગ્ય, ઐશ્વર્ય—અનૈશ્વર્ય ઉપર કશી પણ અસર થતી હોય એમ માનવાને કોઈ પણ કારણ નથી. આ બધું જોષીઓએ જોતિષશાસ્ત્રના નામે લોકોને ભરમાવવા માટે ઉભું કરેલું એક મોટું તુત—ભ્રમજાળ છે અને તે પાછળ વહેમ અને અજ્ઞાનથી ભરમાઈને લોકો પોતાની જાતને ઘણું નુકસાન કરે છે." આમ જણાવીને આ સંબંધમાં મારા વિચારો અને મારા મનનું વલણ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા આ મિત્ર મને અનુરોધ કરે છે.

જોષીઓની આગાહીઓ અને લોકોની તે પાછળની ઘેલછા સંબંધમાં મારા મિત્રના ઉપર જણાવેલા વલણ સાથે હું મોટા ભાગે મળતો થતો હોઈને તે અંગે મને કાંઈ વિશેષ કહેવાનું પ્રાપ્ત થતું નથી. એમ છતાં સ્પષ્ટતા ખાતર થોડા વિચારો અહીં રજુ કરું તો તે અસ્થાને નહિ ગણાય.

જ્યોતિષશાસ્ત્રના બે વિભાગ છે. એક ખગોળ—Astronomy, બીજું ફલાદેશ બતાવતું શાસ્ત્ર—Astrology. જેમાં તારા, ગ્રહ, નક્ષત્ર, રાશિ, નિહારિકા વગેરે આકાશી પદાર્થોની રચના, સ્થિતિ, ગતિ વગેરેની સમજુતી અને ગણિત આપવામાં આવ્યું હોય તે ખગોળશાસ્ત્ર. ખગોળ એટલે વિશ્વની ભૂગોળ. સમગ્ર વિશ્વની રચના અને તેને લગતા નિયમોનું વૈજ્ઞાનિક સંશોધન એ ખગોળશાસ્ત્રનો વિષય છે.

હવે જે આકાશ આપણે જોઈએ છીએ તે બાર ભાગમાં વહેંચવામાં આવે છે જેને બાર રાશિના નામથી ઓળખવામાં આવે છે. આ ઉપરાંત આકાશની રચનાનું નક્ષત્રની દૃષ્ટિએ પણ વિભાજન કરવામાં આવે છે અને તે એ રીતે કે આકાશના મધ્ય ભાગની પટ્ટી આસપાસ એક પછી એક એમ અઠ્ઠાવીશ તારામંડળો ગોઠવાયલા છે, તેને નક્ષત્રમંડળ કહેવામાં આવે છે. આ રાશિઓ અથવા નક્ષત્રોનો ક્રમ એકની પાછળ અન્ય એમ એકસરખો સ્થિર છે અને રાત્રીને વખતે ફરતા દેખાતા આકાશના ધુમ્મટમાં આ રાશિઓ અથવા નક્ષત્રોને નિયત ક્રમમાં આપણે નરી આંખે તારવી શકીએ છીએ. કહેવાતા નવ ગ્રહો સતત ગતિમાન હોય છે અને આ રાશિઓ અથવા નક્ષત્રો વચ્ચે થઈને તેઓ વિચરે છે અને સમયે સમયે તેમનું સ્થાન બદલાતું રહે છે. આ ગ્રહોની માનવજાતના જીવન ઉપર ગંભીર અસર પડે છે અને તેથી અમુક ગ્રહોની અમુક સમયે અમુક સ્થિતિ ઉપરથી આપણી પૃથ્વી ઉપર બનનારી ઘટનાઓની આગાહી થઈ શકે છે. આ ઉપરાંત આ ગતિમાન ગ્રહો કોઈ પણ અમુક માનવીના જન્મ સમયે ઉપર જણાવેલ બાર રાશિઓમાં અથવા તો અઠ્ઠાવીશ નક્ષત્રોમાં જે સ્થાન ઉપર હોય છે તે ઉપરથી તેના જીવન દરમિયાન નીપજનારી સારી માઠી ઘટનાઓની આગાહી થઈ શકે છે. આ માન્યતા ઉપર ફલજ્યોતિષનો વિભાગ રચાયલો છે. જ્યોતિષશાસ્ત્રના બે વિભાગ—ખગોળ અને ફલજ્યોતિષ—સંબંધે મારી આવી કાંઈક સમજુતી છે.

આ જ્યોતિષશાસ્ત્રનો મને કોઈ અભ્યાસ નથી. તેથી તેના તથ્યાતથ્ય વિષે કશું પણ ચોક્કસપણે કહેવાની સ્થિતિમાં હું નથી. પણ આ શાસ્ત્રમાં રસ ધરાવતી કેટલીક વ્યકિતઓને હું ઠીક ઠીક જાણું છું. તેમની સાથેની વાતો ઉપરથી તેમજ પોતાનું ભવિષ્ય જાણવાની ઘેલછા ધરાવતા લોકોની જે પ્રકારની મેં મનોદશા જોઈ છે તે ઉપરથી મારા મનમાં નીચે મુજબ કેટલાક ખ્યાલો બંધાયા છે:

જોષીઓનાં ભવિષ્યકથનો અનેકવાર ખોટાં પડતાં મેં અનુભવ્યાં છે. આના ખુલાસામાં જ્યોતિષશાસ્ત્રના સમર્થકો એમ જણાવતા હોય છે કે, જ્યોતિષશાસ્ત્ર તો બે ને બે ચાર જેટલું સાચું અને વૈજ્ઞાનિક છે, પણ આજના જોષીઓનું જ્ઞાન અધૂરું હોય છે, અથવા કુંડલી ખોટી હોય છે, અથવા તો જન્મસમય પળવિપળની ચોક્કસાઈ વિનાનો એટલે કે જોઈએ તેટલો સાચો નોંધાયો હોતો નથી. જ્યોતિષશાસ્ત્રના આધારે કરવામાં આવેલાં ભવિષ્યકથનો આમાંના કોઈ પણ એક કારણે સાચાં પડતાં નથી. આ જે હો તે હો. પણ આજ સુધીના અનુભવ ઉપરથી માલુમ પડ્યું છે કે આ જોષીઓની આગાહીઓ ઘણા મોટા ભાગે વિશ્વસનીય હોતી નથી અને તેના આધારે ચાલવા જતાં પાયા વિનાની આશા નિરાશાઓ પેદા થવાનો અને સરવાળે વધારે દુ:ખી થવાનો સંભવ છે. આટલી વાત નિર્વિવાદ છે.

ગ્રહોની માનવી જીવન ઉપર કોઈ પણ પ્રકારની અસર થતી નથી એમ હું એકાન્તપણે નહિ કહું, કારણકે એ બાબત મારા પરિમિત જ્ઞાનની બહારનો વિષય છે. પણ જેઓ આવી અસરમાં શ્રદ્ધાપૂર્વક માને છે તેમને મારું નમ્ર નિવેદન છે કે ગ્રહોનું હલનચલન અને માનવ જીવનનાં સુખ દુ:ખ—એ બે વચ્ચે કાર્યકારણનો સંબંધ શી રીતે અને શા માટે હોય—તે મારી કલ્પનામાં આવતું નથી.

ભવિષ્ય જાણવાની ઘેલછા વાસ્તવિકતાને યથાસ્વરૂપે સમજવા અંગે માણસમાં ઉદાસીનતા પ્રેરે છે, વર્તમાન વિષે તેને બીનજવાબદાર બનાવે છે, અને પુરુષાર્થની વૃત્તિને હણે છે. વિના આયાસે કોઈ કર્મકાંડથી, જંતરમન્તરથી, દોરાધાગાથી પોતાનું કેમ સારું થાય, પોતાને કેમ મોટો લાભ થાય એ વૃત્તિ માણસના ચિત્ત ઉપર સવાર થઈ બેસે છે. એના પરિણામે એક બાજુ અંધશ્રદ્ધા, અને વહેમ અને ભાગ્યલક્ષિતાને ઉત્તેજન મળે છે; બીજી બાજુએ ઢોંગી, દંભી અને ધૂર્ત લોકો માનવીમાં રહેલી આ નબળાઈનો પૂરો લાભ ઉઠાવે છે.

આ કારણે જ્યોતિષ અને જોષીઓમાં કોઈ સત્યાંશ હોય તે પણ તે તરફ મને કદિ કશું આકર્ષણ થયું નથી. એ વિષયમાં આગળ વધેલાઓને મેં વધારે ને વધારે વહેમી બનતા જતા અને આશાને કોઈ કારણ ન હોય એવી પરિસ્થિતિમાં આશા ધારણ કરીને સદા છેતરાતા જોયા છે, અને નિરાશાની પછાડો ખાવા છતાં ફલજ્યોતિષની પાછળ સદા ભ્રમિત થતા રહેતા મેં જાણ્યા છે. આવા અવલોકન અને અનુભવના પરિણામે, જ્ઞાનની એ દિશાનું બારણું ઉઘાડવાનો મેં કદિ વિચાર કર્યો નથી, એવી ઈચ્છા મેં અનુભવી નથી. મારું ભવિષ્ય હું નથી જાણતો એ અંગે મેં કદિ અસંતોષ અનુભવ્યો નથી. ઉલટું મેં તે અજ્ઞાનને આશીર્વાદ સમાન લેખેલ છે, કારણકે તે અજ્ઞાનના કારણે અવિશ્વસનીય આગાહીઓની પકડમાંથી હું બચી જાઉં છું અને વર્તમાન ઉપર મારા ચિત્તને હું પૂરેપૂરું કેન્દ્રિત કરી શકું છું અને તે દ્વારા ભવિષ્યની જે ઝાંખ થાય તો સ્વીકારવા, તેને સુધારવા અને તેમાં રહેલી પ્રતિકૂળતાને પહોંચી વળવા માટે મારા મનને હું પૂરેપૂરું તૈયાર કરી શકું છું.

મારા મનનું વલણ આ પ્રકારનું હોઈને જ્યારે આપણા સમાજના મોટા લેખાતા માણસોને—બીજી રીતે અત્યન્ત બુદ્ધિશાળી અને કાર્યકુશળ માણસોને—જોષીઓ પાસેથી પોતાનું ભવિષ્ય જાણવા માટે કલાકના કલાક ગાળતા હું દેખું છું અને તેના ભવિષ્યકથન ઉપર

આંશાના અનેક મીનારાઓ ચણતા હું નિહાળું છું ત્યારે મારા આશ્ચર્યનો પાર રહેતો નથી. જે પુરુષાર્થની સીડી ઉપર ચઢીને તેઓ આ સ્થાન સુધી પહોંચ્યા છે તે પુરુષાર્થ વિષે શું હવે તેમણે શ્રદ્ધા ગુમાવી દીધી છે અને કોઈ અણધાર્યો મોટો લાભ મળી જાય અને અસાધ્ય લેખાતું સ્થાન એકાએક હાથમાં આવી પડે એવા કોઈ ચમત્કારને શું તેઓ ઝંખી રહ્યા છે? આવો તેમના વિષે મનમાં પ્રશ્ન થાય છે.

ભવિષ્ય જાણવાની ઘેલછા આપણે ત્યાં એક દેશવ્યાપી રોગ છે. આપણી પ્રજા પ્રારબ્ધવાદી છે. તેને જે કાંઈ મળ્યું છે એ પ્રારબ્ધના અકસ્માતથી મળ્યું છે એમ તે માને છે અને ભવિષ્યમાં પણ એવા આકસ્મિક સુયોગો પ્રાપ્ત થવાની આશા તેઓ સેવી રહ્યા હોય છે. આ આશાને જોષીઓ ઉજળા ભવિષ્યકથન વડે પોષે છે અને વર્તમાન પ્રતિકૂળતાનું નક્કર પુરુષાર્થ વડે નિવારણ કરવા તરફ આપણા લોકો ભાગ્યે જ અભિમુખ બને છે. કોઈ પણ કામ શરૂ કરવામાં, ગ્રામાન્તર કે સ્થળાન્તર કરવામાં, નવો સંબંધ બાંધવામાં, નવા ઘરમાં દાખલ થવામાં—દરેક બાબતમાં લોકો જોષ જોવડાવે છે. પ્રવાસ ક્યારે કરવો અને ક્યારે ન કરવો એ સંબંધમાં શુભ અશુભ દિવસો, તિથિ, વાર અને મહિનાને લગતું એક શાસ્ત્ર ચાલતું હોય છે અને એ જ રીતે સારા ખરાબ શુકનને લગતા અનેક માન્યતાઓ લોકજીવનમાં ફેલાયલી માલુમ પડે છે. પણ સદ્‌ભાગ્યે આજે સમય, વાર, તિથિ, કે મહિનાની ઉપેક્ષા કરીને ઢગલાબંધ ટ્રેનો અને સ્ટીમરો ચાલી રહેલ છે અને હવાઈ જહાજો આકાશમાં ઉડી રહેલ છે અને સંખ્યાબંધ માણસો દુનિયાના એક છેડેથી બીજે છેડે પ્રવાસ કરી રહ્યા છે અને એ રીતે શુભ અશુભ દિવસો અને સારા ખરાબ શુકનોને લગતી માન્યતાઓ કેવળ પાયા વિનાની પુરવાર થઈ રહી છે.

ઉપર જણાવેલ જ્યોતિષને લગતો રોગ આપણે ત્યાં દક્ષિણ હિન્દુસ્તાનમાં સૌથી વધારે ફેલાયેલો છે. ત્યાં તો દિવસના અમુક કલાકને 'રાહુકાળ' તરીકે ગણવામાં આવે છે અને એટલો સમય વ્યાપારીઓ વ્યાપાર બંધ રાખે છે અને લોકો કશો નવો વ્યવસાય હાથ ધરતા નથી. ત્યાં એવો માણસ ભાગ્યે જ મળશે કે જે પોતાની જન્મકુંડળી ધરાવતો ન હોય અને જેણે પોતાની જન્મકુંડળી પાંચ સાત જોષીઓને દેખાડી ન હોય. આ રોગે પ્રારબ્ધવાદને અને પરિણામે અનુદ્યોગને ઉત્તેજન આપ્યું છે, આત્મવિશ્વાસને અપ્રતિષ્ઠિત બનાવ્યો છે.


આજના જમાનાની માગ છે પ્રખર કર્મયોગની. આ કર્મયોગની દેશમાં જમાવટ કરવી હોય તો ભવિષ્યકથન અને આગાહીઓ પાછળની પ્રજામાનસમાં ઘર કરી રહેલી ઘેલછા નાબુદ થવી જોઈએ, દોરા ધાગા, મંતરજંતર, શુકન અપશુકન, ગ્રહોનો સુયોગ દુર્યોગ આવી બાબતોને લગતી આસ્થાઓ અને વહેમો સામે શિક્ષિત સ્વતંત્ર વિચારક માણસોએ જેહાદ ચલાવવી જોઈએ અને અદૃષ્ટ પાછળ દોડવાને બદલે પ્રખર પુરુષાર્થ વડે વાસ્તવિકતાનો મુકાબલો કરવા તરફ પ્રજામાનસને મક્કમપણે વાળવું જોઈએ. તાજેતરમાં આપણા વડા પ્રધાન નહેરુએ દહેરાદુન ખાતે તા. ૨૫ નવેંબરના રોજ મળેલી વિરાટ સભા સમક્ષ યથોચિત કહ્યું છે કે "ભવિષ્ય જાણવા માટે જોષીઓ પાસે જવું અનર્થજનક છે. તમારે તમારું ભવિષ્ય સખત પરિશ્રમ દ્વારા નિર્માણ કરવાનું છે. ભવિષ્યકથન કરનારાઓના આશીર્વાદથી કોઈ દેશે પ્રગતિ કરી હોય તેવો ઈતિહાસમાં એક પણ દાખલો નોંધાયલો મારા જોવામાં આવ્યો નથી".

પરમાનંદ

પૂરક નોંધ: તાજેતરમાં ફેબ્રુઆરી માસમાં આઠ ગ્રહોનો એક સાથે યોગ થવાનો છે અને તેના પરિણામે આખી દુનિયા પર ભયંકર ન કલ્પી શકાય એવી—આફત ઉતરવાની છે—આ પ્રકારની આગાહી જોષીઓ તરફથી થઈ રહી છે. દુનિયા કેટલાએક સમયથી અતિ ભયંકર કટોકટી તરફ અત્યન્ત સ્ફોટક પરિસ્થિતિ તરફ ગતિ કરી રહ્યા છે. બે સત્તાજૂથો એકમેકના વિનાશ માટે આણુબોંબના ગંજના ગંજ ખડકી રહ્યા છે. આજે યુદ્ધ નથી, છતાં યુદ્ધસદૃશ અશાન્તિ સર્વત્ર વ્યાપી રહી છે અને ગમે ત્યાં અને ગમે ત્યારે વિપુલ માનવ સમુદાયો વચ્ચે ધર્ષણ અને ખુનરેજીનાં પ્રકરણો નિર્માણ થયાં જ કરે છે. ભારત સામે પણ અનેક ભયો તોળાઈ રહ્યાં છે. કાલે શું થવાનું છે તેની ખબર પડતી નથી. આ બધું જોતાં ફેબ્રુઆરી માસ સુધીમાં આ દુનિયા ઉપર અને વિશેષ કરીને ભારત ઉપર આણકલ્પ્યા સંકટો ઉતરી આવે તો તેમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. પણ આવા ભયંકર ભાવીની અટકળ કરવા માટે અષ્ટગ્રહયોગને વચ્ચે લાવવાની કશી જરૂર નથી. આપણા સાદી સમજ આટલું સમજવા, વિચારવા, કલ્પવા માટે પૂરતા સમર્થ છે. આવા સમયે અષ્ટગ્રહયોગનું નિર્માણ થવું એ કેવળ આકસ્મિક ઘટના છે એમ સમજવાનું છે. જે અષ્ટગ્રહયોગ અને દુનિયાની અસાધારણ આફતો વચ્ચે સીધો સંબંધ હોય તો પહેલા અને બીજા વિશ્વયુદ્ધના આરંભ પ્રસંગે આવો જ કોઈ વિચિત્ર ગ્રહયોગ થવો જોઈતો હતો. પણ એ દિવસોમાં આવો કોઈ અનિષ્ટ ગ્રહયોગ નિર્માણ થયાનું જાણવા કે સાંભળવામાં આવ્યું નથી. સાધારણ માણસો આવા કોઈ દુર્યોગને માનવજાત ઉપર ઉતરેલી આફત સાથે જોડવાને પ્રેરાય છે, પણ જેમ કોઈ કાગડો તાડ ઉપર બેસે અને તાડ પડે એ ઉપરથી કાગડાના બેસવાને તાડના પડવા સાથે કોઈ કારણ—કાર્ય સંબંધ નથી, તેવું જ અષ્ટગ્રહયોગ અને દુનિયા પર ઝઝુમી રહેલા કોઈ મહાન આતંક વિષે સુજ્ઞજનોએ વિચારવું ઘટે છે. આવા આકસ્મિક સંયોગ ઉપરથી કોઈ નિયમ તારવવો એ બીલકુલ તર્કસંગત નથી.

પરમાનંદ

અમરનાથનો યાત્રાપથ



પ્રકીર્ણ નોંધ

દીવ, દમણ અને ગોવા મુક્તિના માર્ગે

'ગોવાની મુક્તિનો પ્રશ્ન અને ભારત સરકારની નીતિ' એ મથાળા નીચે તા. ૧-૧૧-૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલી નોંધમાં ગોવા સંબંધમાં હવે ભારત સરકાર ત્વરિત પગલાં લે એવી સંભાવના સૂચિત કરવામાં આવી હતી. ત્યાર બાદ છેલ્લા પખવાડિયા દરમ્યાન ભારતના પશ્ચિમ કિનારે આવેલાં ત્રણ પોર્ટુગીઝ સંસ્થાનો—દીવ, દમણ અને ગોવા—અને એમાં પણ વિશેષ કરીને ગોવા આસપાસ ભારતનું સૈન્ય જે વિપુલ પ્રમાણમાં એકઠું કરવામાં આવ્યું છે અને આ સંબંધમાં ભારતના મહાઅમાત્ય નેહરુ દિનપ્રતિદિન જે ઉગ્ર જાહેરાતો કરી રહેલ છે તે જોતાં ભારત સરકાર બહુ ટૂંક સમયમાં લશ્કરી પગલાં ભરવાની હોય એમ અનુમાન થાય છે અને એના આઘાત પ્રત્યાઘાતો કેવાં થશે અને તેનાં આનુષંગિક પરિણામો કેવાં હશે, આ બાજુના લશ્કરી પગલાં સાથે બીજી સરહદો ઉપર કોઈ હીલચાલ થશે કે નહિ—આ સંબંધમાં તરેહ તરેહની અટકળો અને તર્કવિતર્કો ચાલી રહ્યા છે. એ તો ચાલુ અનુભવ છે કે કોઈ પણ હિંસક પ્રક્રિયા કોઈ ને કોઈ પ્રતિક્રિયા જન્માવ્યા વિના રહેતી નથી. અને આ ક્રિયા—પ્રતિક્રિયા શરૂ થયા બાદ મોટા ભાગે મર્યાદિત પરિણામ સાથે શમી જાય છે, પણ કદિ કદિ તે મર્યાદિત પરિણામને વટાવીને આગળ પણ ચાલે છે અને અણધાર્યા અનર્થો પેદા કરે છે. આમ જે બને તે માટે, અમુક પ્રદેશને મુક્ત બનાવવાનો જેણે નિર્ણય કર્યો છે, નિરધાર કર્યો છે તે સરકાર તથા શાસિત પ્રજાએ તૈયાર રહેવું ઘટે છે. આપણે એટલું જ ઇચ્છીએ કે હવે કોઈ પણ પ્રજાને. અથવા પ્રજાના કોઈ એક નાના વર્ગને કોઈ પરદેશી સત્તા પોતાની હકુમત નીચે લાંબો વખત રાખી શકે તેમ છે જ નહિ—એ આજની આબોહવા અને દુન્યવી પરિસ્થિતિ ધ્યાનમાં લઈને તેમ જ ભારતની તાકાત આગળ પોર્ટુગલની સત્તાને નમતું આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ છે જ નહિ એ આજની વાસ્તવિકતા ધ્યાનમાં લઈને, જાનમાલની નિરર્થક ખુવારી ન કરતાં, જેમ ફ્રેંચ સત્તાએ સમયને ઓળખીને પોન્ડીચેરી ભારત સરકારને સુપ્રત કર્યું તે રીતે, જે જેનું છે તે તેને હવાલે કરવાનું પોર્ચુગલની સરકાર ડહાપણ—શાણપણ દાખવશે, અથવા તો આન્તરરાષ્ટ્રીય દબાણ તેમ કરવાની પોર્ચુગલની સરકારને ફરજ પાડશે. આપણે આશા રાખીએ કે આગામી સ્વાતંત્ર્ય દિન જાન્યુઆરી માસની ૨૬મી તારીખે દીવ, દમણ, અને ગોવા ઉપર ભારત સરકારનો ત્રિરંગી વાવટો ફરકતો હશે.

ભારતની સરહદ ઉપર ચાલી રહેલું ચીની આક્રમણ અને ભારત સરકારની નીતિ

ચીને લડાખ વિસ્તારમાં ૨૦૦૦ ચોરસ માઈલ વધારે જમીન કબજે કરી છે એવા સમાચાર છાપાઓમાં પ્રગટ થતાં લોકમાનસ ક્ષુબ્ધ થાય એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે ભારત સરકારની ચીન અંગેની નિષ્ક્રિયતાની સખત ટીકાઓ કરવામાં આવે છે અને આમ ને આમ ચીન આગળ વધ્યે જાય છે અને આપણે વિરોધ ઉપર વિરોધ નોંધાવવા સિવાય બીજું કશું જ કરતા નથી એવા આક્ષેપો આપણી ચીન સાથેની નીતિ અંગે કરવામાં આવે છે.

આપણા પ્રદેશ ઉપર ચાલી રહેલા ચીની આક્રમણ અંગેની વાસ્તવિકતા અંગે આપણને સ્પષ્ટ ખ્યાલ હોવાની જરૂર છે. ભારતવિરોધી આજની ચીન સરકારની નીતિ સંબંધે આપણે અનેકવાર વિરોધ નોંધાવ્યો, તેને સીધી તેમ જ આડકતરી રીતે સમજાવવા આપણે ખૂબ પ્રયત્ન કર્યો, પણ ચીનનું વલણ આ બાબતમાં એકસરખું અણનમ રહ્યું છે. ભારતની વાત બાજુએ રાખીએ, પણ તે તો આખી દુનિયામાં મુડીવાદની નાબૂદી અને સામ્યવાદની સ્થાપનાને ઝંખે છે અને તે માટે ત્રીજા વિશ્વયુધ્ધને અનિવાર્ય માને છે. આપણને આ નીતિ સમજાતી નથી અને ત્રીજું વિશ્વયુધ્ધ કદાપિ નિર્માણ થાય તો તે કેવળ આણ્વયુધ્ધ હોવાનું અને તેમાંથી કોઈ બચવાનું નથી—સામ્યવાદી અસામ્યવાદી બધા દેશોનો સંહાર થઈ બેસવાનો છે—એમ આપણી બુધ્ધિ કહે છે. આમ છતાં ચીની માનસ ત્રીજા વિશ્વયુધ્ધને જાણે કે નોતરી રહ્યું હોય એમ લાગે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કાં તો ચીન ઉપર આન્તરરાષ્ટ્રીય કોઈ ભીંસ આવે જેના પરિણામે આપણી સામે તેને સમાધાન કરવાની ફરજ પડે ત્યાં સુધી આપણે રાહ જોવી, અથવા તો આપણો પ્રદેશ પાછો મેળવવા માટે ચીન સામે યુધ્ધ જાહેર કરવા તૈયાર થવું. યુધ્ધ જાહેર કરવું હોય તો તે માટે આપણે પૂરા તૈયાર રહેવું જોઈએ અને એનાં તત્કાળ ભારત ઉપર શું પરિણામો આવે તેનો પૂરો વિચાર કરવો જોઈએ. યુધ્ધ જાહેર કરવાની પૂરી તૈયારી વિના પોકળ દમદાટી કે ધાકધમકીનો કોઈ અર્થ નથી. આ તૈયારી સંબંધમાં શ્રી. નહેરુ જણાવે છે કે "સરહદના પ્રશ્ન અંગે ભારત હાથ જોડીને બેસી રહેલ નથી. પરન્તુ જ્યારે દેશ સંપૂર્ણપણે તૈયાર હોય ત્યારે જ કોઈ મોટું પગલું લેવાનું સલાહભર્યું થઈ પડે. ચીનાઓને બળ વાપરીને પાછા ધકેલી દેવા જોઈએ એમ ચોતરફથી કહેવામાં આવે છે. પણ આપણે ઉતાવળમાં કોઈ પગલું લઈ શકીએ નહિ. આપણે જે કાંઈ કરીએ તે ધમકીઓ આપ્યા વિના પુરી તાકાતથી કરવું જોઈએ. ભારતીય પ્રદેશના રક્ષણ માટે જરૂરી તૈયારી કરવામાં આવી છે. ઉત્તરની સરહદ પરથી ખૂબ જ મુશ્કેલ ડુંગરાળ પ્રદેશમાં આપણાં સંરક્ષક દળો સહેલાઈથી અને સરળતાથી અવરજવર કરી શકે તે માટે આવતા એકાદ બે વર્ષમાં સંદેશ અને વાહનવ્યવહારનો વિકાસ કરવા માટે ગોઠવણો પૂરી કરવામાં આવશે." આ ઉદ્‌ગારો બતાવે છે કે ચીની આક્રમણનો યુધ્ધ દ્વારા આપણે સામનો કરવા ઈચ્છીએ તો પણ તે માટે હજુ આપણે પૂરા તૈયાર નથી. આમ છે ત્યાં સુધી ચીન અંગે ખામોશની નીતિ ચાલુ રાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો કે વિરોધ પક્ષો જેના માથે કોઈ જવાબદારી નથી, તે ચીન અંગેની ભારતની આવી કઠંગી સ્થિતિનો આગામી ચૂંટણી અંગેના પ્રચારકાર્યમાં ખૂબ લાભ ઉઠાવે છે. પણ જેના માથે આખા ભારતના રક્ષણની જવાબદારી છે તો તેવી કોંગ્રેસી સરકાર આવી ગંભીર બાબતમાં કોઈ ઉતાવળીયું પગલું ભરી નજ શકે, અને આપણે પણ આજની વાસ્તવિકતાના ખ્યાલ સાથે ચીની આક્રમણ અંગે કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરવો જોઈએ.

'કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ'

માર્ચ માસથી માંડીને ઓકટોબર માસ સુધીનાં 'પ્રબુદ્ધ જીવન'માં "કરુણા વિચાર વિરુદ્ધ ઉપયુકતતા વાદ" શિર્ષક હેઠળ જે લેખમાળા પ્રગટ કરવામાં આવી તેણે અનેકનું ધ્યાન ખેંચ્યું છે અને તે પુસ્તકાકારે પ્રગટ થાય તો સારું એવી સૂચના અનેક મિત્રો તરફથી મળતી રહી છે. આ સંબંધમાં જણાવતાં આનંદ થાય છે કે અમદાવાદનો હિંસા-વિરોધક સંઘ અમારી અનુમતિપૂર્વક એ આખી લેખમાળા ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં પુસ્તકાકારે થોડા સમયમાં પ્રગટ કરનાર છે. સામાન્ય લોકો તેનો લાભ લઈ શકે તે હેતુથી તેની કિંમત બને તેટલી ઓછી રાખવા તેઓ ધારે છે. આ સંબંધમાં વિશેષ માહિતી આગળ ઉપર આપવામાં આવશે.

'લાચાર' નહિ પણ 'વાચાળ' વાંચો

પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં " આજની દુનિયાને ટાગોરનો શું સંદેશ હતો ?" એ મથાળાના લેખમાં ચોથા પારીગ્રાફની ચોથી લીટીમાં "લાચાર" શબ્દ છે તેની જગ્યાએ "વાચાળ" શબ્દ વાંચવો. એટલે સુધારેલું વાકય આ મુજબ બનશે. " પોતાની વિશાળ અને મહાન ભાવનાઓની અને આદર્શોની જાહેરાત કરવામાં ભારત જેટલો બીજો કોઈ દેશ વાચાળ હોવાનું માલુમ પડયું નથી." પ્રબુદ્ધ જીવનમાં મુદ્રણની અશુદ્ધિઓ અવાર નવાર જોવામાં આવે છે, જેની દર વખતે સુધારણા કરવાનું શકય રહેતું નથી. પણ જ્યારે કોઈ અશુદ્ધિના કારણે કથિત અર્થથી વિપરીત ભાવ પેદા થતો લાગે ત્યારે તેની સુધારણા પ્રગટ કરવી જરૂરી બની જાય છે. પરમાનંદ

પરમાણુ અને તેની રચના

(આ લેખના લેખક ડા. નૃસિંહ મૂળજી શાહ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના વાઈસ–પ્રીન્સીપાલ છે અને વિજ્ઞાનની અનેક શાખાઓના ઊંડા અભ્યાસી છે. વિજ્ઞાનના અનેક વિષયોને ચાલુ લખાણો દ્વારા તેમણે ગુજરાતી ભાષામાં ઉતાર્યા છે. પરમાણુની રચના વિષે છેલ્લાં પચ્ચીસ વર્ષમાં જે મહાન સંશોધન થયું છે અને જેમાંથી અસાધારણ સંહાર કરવાની શકયતા ધરાવતા આણુબોંબનું નર્માણ થયું છે તે ઉપર પ્રબુદ્ધ જીવનના વાંચકો સમજી શકે એવું કાંઈક લખી આપવા મારું તેમને કેટલાક વખતથી નિમંત્રણ હતું. નિમંત્રણનો આદર કરીને તેમણે લખી મોકલેલા લેખને નીચે પ્રગટ કરતાં મને આનંદ થાય છે. આ લેખ પૂરો સમજવા માટે વાચકોમાં વૈજ્ઞાનિક સમજણની અમુક ભૂમિકા હોવી જરૂરી છે એમ મને લાગ્યું છે. પરમાનંદ)

પુરાતન કાળથી માનવી પોતાની આસપાસના પદાર્થોની રચના વિષે અનેક તર્કવિતર્ક કરતો આવ્યો છે. પદાર્થ–રચનામાં અંતિમ શું છે એ શોધી કાઢવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. સંસ્કૃતિના ઉષઃકાળથી આ બાબતમાં આપણા દેશના વિચારક દાર્શનિકોએ જમીન, જળ, અગ્નિ, આકાશ અને પવન—આ પાંચ મૂળ તત્ત્વોમાંથી પદાર્થની રચના થયેલ છે એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો. ઈ. સ. પૂર્વે પાંચસો વર્ષો પહેલાં ગ્રીસના વિદ્વાનોએ એવું પ્રતિપાદન કર્યું કે પદાર્થ માત્રના મૂળમાં અગ્નિ, જળ, જમીન અને વાયુ આવેલા છે. આ પંચતત્ત્વોનો સિદ્ધાંત એ જમાનામાં સારી રીતે પ્રચલિત હતો. દ્રવ્યનું બંધારણ આ સિદ્ધાંત અનુસાર સમજાવવામાં આવતું. એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે એ સમયના અભ્યાસીઓ જળ, જમીન, અગ્નિ, આકાશ અને પવનને મૂળ તત્ત્વો તરીકે લેખતા. આ સિદ્ધાંત એટલો પ્રચલિત હતો કે રાસાયણિક પ્રક્રિયાઓ પણ તેના વડે સમજાવવામાં આવતી. દાખલા તરીકે, લાકડાને બાળવાથી ગરમી પેદા થાય છે; એટલે લાકડાની રચના પૃથ્વી અને અગ્નિ—બે તત્ત્વોમાંથી થયેલ છે. ઈજીપ્ત, ભારત, ચીન, ગ્રીસ અને બેબીલોનિયા વગેરે દેશોના વિજ્ઞાનના પ્રાચીન ઈતિહાસમાંથી આવી જાતની વિધવિધ માનવ-મગજ-ઉદ્‌ભૂત કલ્પનાઓના અનેક દૃષ્ટાંતો મળી આવે છે. મધ્ય યુગમાં 'ફ્લોજીસ્ટન' સિદ્ધાંતના આધારે બાળવાની ક્રિયાની સમજુતી આપવામાં આવતી. ફ્લોજીસ્ટન શું છે એ અંગે અનેક કલ્પનાઓ કરવામાં આવતી. પરંતુ આપણે અત્યારે એની લાંબી ચર્ચામાં નહી ઉતરીએ. એટલું સમજી લેવું પર્યાપ્ત થશે કે આપણી પૃથ્વી પરની સમસ્ત વસ્તુઓ જ નહીં પણ સારા બ્રહ્માંડની રચના મૂળતત્ત્વોમાંથી થયેલ છે.

આધુનિક રસાયણવિજ્ઞાનના અભ્યાસ વડે એ સ્પષ્ટ થયું છે કે પ્રાચીન દર્શનની પંચતત્ત્વો અંગેની માન્યતાઓ ત્રૂટીઓથી ભરેલી હતી. પંચ મહાતત્વનો સિદ્ધાંત બરાબર ન હતો એમ પુરવાર થયું છે. જો આપણે જમીન, જળ અને પવનને પદાર્થની ત્રણ—ઘન, પ્રવાહી અને વાયુ-સ્થિતિ—માની લઈએ; આકાશને દિશા; અને અગ્નિને શકિતના પર્યાય રૂપ માની લઈએ તો, પદાર્થ યા બ્રહ્માંડરચનાનું રહસ્ય કદાચ આપણે સમજી શકીએ: પરંતુ આધુનિક રસાયણવિજ્ઞાનના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે એ 'પંચ તત્ત્વો' મૂળતત્ત્વો નથી. આધુનિક વિજ્ઞાનમાં મૂળતત્ત્વોની વ્યાખ્યા જુદી છે. હવા એ જુદા જુદા વાયુઓનું મિશ્રણ છે. પાણી હાઈડ્રોજન અને ઓકસિજનના રાસાયણિક સંયોજનથી બનેલો પદાર્થ છે. અગ્નિ એ શકિતનું રૂપાંતર છે. મૂળતત્ત્વ એને કહેવાય છે, જેમાં ફકત એક જ પ્રકારના દ્રવ્યનાં રજકણો હોય. તેનું વિભાજન કરતાં બીજો કોઈ પદાર્થ તેમાંથી ન નીકળે. આ એક પ્રકારના રજકણોને પરમાણુઓ (એટમ) કહેવામાં આવે છે. એટલે પદાર્થની રચનામાં પરમાણુઓ આવેલા છે. દાખલા તરીકે, સોનાનો એક ટુકડો લો. તેને કાપીને તેના ત્રણ ત્રીણા બારીક ટુકડા કરો. તેને છોલીને તેનો અતિ સૂક્ષ્મ બારીક ભુકો બનાવો: અગ્નિમાં તેને તપાવી પાણી માફક પ્રવાહી કરી શકાય અને એથી પણ વિશેષ ગરમી આપી તેને બાષ્પરૂપ બનાવી શકાય એટલે તેને વાયુરૂપ કરી શકાય. પરંતુ તેના પ્રત્યેક સૂક્ષ્મમાં સૂક્ષ્મ રજકણમાં, તેના પ્રવાહીના પ્રત્યેક ટીપામાં, તેની બાષ્પના પ્રત્યેક પરપોટામાં સોનાના પરમાણુઓ સિવાય બીજું કાંઈ હોતું નથી અને સૂક્ષ્મ તપાસ વડે પણ બીજું કાંઈ માલૂમ પડતું નથી. આ પરમાણુઓ ગમે તે મૂળ તત્ત્વના હોય પણ તેની અંતરગત રચના એકસરખી રહે છે.

પવનને આ રીતે તપાસતાં માલૂમ પડે છે કે એ ચાલતી હવા છે અને હવા ઓકિસજન અને નાઈટ્રોજન અને કાર્બન ડાયોકસાઈડનું મિશ્રણ છે. પાણીનું વિદ્યુતવિભાજન કરતાં બે વાયુઓ-હાઈડ્રોજન અને ઓકિસજન છૂટા પડે છે અને તેમનું સંયોજન કરતાં પાણી બને છે.

કોઈપણ મૂળતત્ત્વના પરમાણુઓ અરસપરસ સંયોજાય તો તેનું આણુ (મોલેકયુલ) બને છે. જેમ કે, બે ઓકિસજનના પરમાણુઓ સંયોજાતાં ઓકિસજન આણુ બને છે. જુદા જુદા મૂળ તત્ત્વોના પરમાણુઓનું જોડાણ થાય તો સંયોજન (કમ્પાઉન્ડ) બને છે, જેમકે પાણી, કાર્બન ડાયોકસાઈડ. રાસાયણિક ક્રિયાના પરિણામે બનતા આ સંયોજનની ખૂબી એ છે કે તેમાં ભાગ લેતું પરમાણુ પોતાનું વ્યકિતત્વ ગૂમાવી બેસે છે. દાખલા તરીકે, ઝેરી ક્લોરીન વાયુ અને એટલા જ ઝેરી સોડિયમ ધાતુના પરમાણુના સંયોજનથી આપણા આહારમાં સર્વપ્રિય વસ્તુ મીઠું (સોડિયમ ક્લોરાઈડ) બને છે. કેટલું મનોરંજક! મીઠું યા સોડિયમ ક્લોરાઈડના એક આણુમાં એક સોડિયમ પરમાણુ અને એક ક્લોરીન પરમાણુ હોય છે. સોડિયમની રાસાયણિક સંજ્ઞા Na અને ક્લોરીનની રાસાયણિક સંજ્ઞા Cl એટલે રાસાયણિકસંજ્ઞામાં મીઠા માટે Nacl લખવામાં આવે છે. રસાયણવિજ્ઞાનમાં દરેક મૂળતત્ત્વને તેની સંજ્ઞા આપવામાં આવી છે. સંયોજનમાં અસ્તિત્વ ધરાવતાં મૂળતત્ત્વોની સંજ્ઞાઓ અને તેમાં આવેલ પરમાણુઓની સંખ્યા લખવાથી એનું રાસાયણિક સૂત્ર બને છે. આપણા રોજિંદા જીવનમાં વપરાતી ખાંડનું રાસાયણિક સૂત્ર $C_{12} H_{22} O_{11}$ છે, એટલે ૧૨ પરમાણુઓ કાર્બનના, ૨૨ હાઈડ્રોજનના અને ૧૧ ઓકિસજનના પરમાણુઓના સંયોજનથી ખાંડનું આણુ બનેલું છે. ચૂનાપથ્થરનું સૂત્ર $Ca Co_3$ લખાય છે: એમાં એક કેલ્શીયમ (Ca) એક કાર્બન (c) અને ત્રણ ઓકિસજનના (O) પરમાણુઓ આવેલાં છે. તેને ગરમ કરવાથી તેમાંથી કાર્બન ડાયોકસાઈડ વાયુ છૂટો પડે છે, જેનું સૂત્ર Co_2 છે, અને અવશેષ તરીકે કેલ્શીઅમ ઓકસાઈડ (ચૂનો) રહે છે, જેનું સૂત્ર Ca 0છે. આ રાસાયણિક ક્રિયા સમીકરણ વડે નીચે પ્રમાણે ટૂંકામાં દર્શાવાય છે:

$$Ca Co_3 \text{ ગરમી } Ca O + Co_2$$

આથી સ્પષ્ટ થાય છે કે રાસાયણિક ફેરફારનું એકમ પરમાણુ છે. ખરેખર, પરમાણુઓનું અસ્તિત્વ, તેઓની આન્તર રચનાનો અભ્યાસ પદાર્થની અંતિમ રચનાના અભ્યાસના પ્રતીક સમ છે. જેટલા પ્રકારનાં મૂળતત્ત્વો છે તેટલા પ્રકારનાં પરમાણુઓ હોય છે. એટલે પદાર્થ માત્રની રચનાનું રહસ્ય મૂળતત્ત્વોની શોધમાં અને તે શેનાં બનેલાં છે એ સમજવામાં સમાઈ જાય છે.

પદાર્થ માત્રનું નિર્માણ મૂળતત્ત્વો નામની ઈંટો વડે થયેલું છે. આવી મૂળતત્ત્વોરૂપી ઈંટો અત્યાર સુધી ૧૦૨ છે, જેમાંથી ૮૮ કુદરતમાં સ્થાયી રૂપમાં મળી આવે છે. મૂળતત્ત્વ તેના પરમાણુઓ વડે ઓળખાય છે. પ્રત્યેક મૂળતત્ત્વના પરમાણુને પોતાનું પરમાણુ વજન હોય છે. રાસાયણિક ક્રિયામાં એકથી ઓછો પરમાણુ ભાગ લેતો નથી. પરમાણુવજનના માપદંડથી હાઈડ્રોજન પ્રથમ આવે છે—પ્રથમ મૂળતત્ત્વ છે. તેનું પરમાણુ વજન એક છે. એ સૌથી હલકું મૂળતત્ત્વ છે. ૯૨ મું મૂળતત્ત્વ યુરેનિયમ સૌથી ભારે છે. તેનું પરમાણુવજન ૨૩૮ છે. યુરેનિયમ પછી વધારે વજનવાળાં મૂળતત્ત્વો શોધાયાં છે, જેવાં કે ટેકિનશિયમ, પ્રોમિથિયમ, ફ્રાન્સિયમ વગેરે. પરંતુ આ અસ્થાયી છે, એટલે તેઓનું પૃથ્વીના પડ ઉપર અસ્તિત્વ હોતું નથી. લગભગ પાંચ અબજ વર્ષો પૂર્વે જ્યારે આપણી પૃથ્વી સર્જાઈ હશે ત્યારે આ મૂળતત્ત્વો કદાચ પ્રાપ્ય હશે. પરંતુ તેઓ રેડિયો-એકટીવ હોવાથી ત્યારથી–અત્યાર સુધીના ગાળામાં તેમનો ક્ષય થઈ ગયો હશે. આ ઉપરાંત કેટલાંક મૂળતત્ત્વો એવાં છે કે તેઓ એકદમ અસ્થિર છે, એટલે

કુદરતમાંથી તેઓ મળી આવતા નથી. આવાં મૂળતત્ત્વો પ્રયોગો વડે વિજ્ઞાનીઓ બનાવે છે એટલે તેઓ માનવ—નિર્મિત છે. અત્યાર સુધીમાં આવાં દશ મૂળતત્ત્વો બનાવી શકાયાં છે. મુશ્કેલી એ છે કે તેઓ પ્રબળ રેડિયો-એક્ટીવ હોવાથી તેમના પરમાણુનું પરિવર્તન જલદીથી થઈ જાય છે. વસ્તુત: સીસું અને બિસ્મથથી વધારે ભારે મૂળતત્ત્વો—પોલોનિયમ, રેડોન, રેડિયમ, થોરિયમ, યુરેનિયમ રેડિયો-એક્ટીવ છે. તેઓનું વિઘટન ચાલુ છે એટલે ભવિષ્યમાં આ મૂળતત્ત્વો આપણી ધરતી પરથી લુપ્ત થઈ જશે.

જાણીતાં બધાં મૂળતત્ત્વોને તેઓના પરમાણુવજનના ચડતા વજનના અનુક્રમે ગોઠવવામાં આવે તો સમાન ગુણધર્મોવાળા મૂળતત્ત્વો એક હારમાં આવે છે. તો પ્રશ્ન એ થાય છે કે એક મૂળતત્ત્વ બીજા મૂળતત્ત્વથી ભિન્ન કેમ છે? આનો જવાબ આધુનિક રસાયણવિજ્ઞાને આપ્યો છે. પ્રત્યેક મૂળતત્ત્વ એક પ્રકારના મૂળભૂત (Fundamental) રજકણોનું (Particles) બનેલું છે. એ રજકણોની સંખ્યા અને વ્યવસ્થા જુદા જુદા મૂળતત્ત્વોમાં નિરનિહાળી હોય છે. આ ઉપરથી નક્કી થાય છે કે દ્રવ્યમાત્રની રચનામાં આવેલ મૂળતત્ત્વોનાં પરમાણુઓ એકસરખા પ્રકારના રજકણોનાં બનેલાં છે.

ઓગણીસમી સદીના ત્રીજા ચરણમાં પ્લુકર, હિટોર્ફ, સર વિલ્યમ ક્રુકસ આદિ વૈજ્ઞાનિકોએ પ્રાયોગિક રીતે બતાવી આપ્યું કે જો કોઈ વાયુમાં ઓછા દબાણે વિજળીનો પ્રવાહ પસાર કરવામાં આવે તો કેથોડ (નેગેટીવ ઈલેકટ્રોડ)માંથી એક પ્રકારનાં કિરણો નીકળતાં દેખાય છે. એ કિરણો કેથોડમાંથી પોઝિટવ ઈલેકટ્રોડ (એનોડ) તરફ જાય છે એટલે તેઓને કેથોડકિરણો તરીકે ઓળખવામાં આવે છે. વસ્તુત: આ કિરણો પર નેગેટીવ વિજળીનો ચાર્જ હોય છે. એ ઉપરથી તેઓને ઈલેકટ્રોન કહેવામાં આવ્યા. સર જે. જે. થોમ્સને પુરવાર કર્યું કે ગમે તે વાયુ લો અને કોઈ પણ મૂળતત્ત્વમાંથી કેથોડ યા એનોડ બનાવો તો પણ ઈલેકટ્રોન નીકળે છે. આ ઉપરથી એવો નિર્ણય લેવામાં આવ્યો કે ઈલેકટ્રોન બધાં પરમાણુઓનું આવશ્યક અંગ છે. કોઈપણ મૂળતત્ત્વ લઈએ: તેને અડકવાથી કાંઈ અસર થતી નથી એટલે પરમાણુઓ ઈલેકટ્રોન્યૂટ્રલ હોવા electroneutral હોવા જોઈએ. એટલે કે તેમાં પોઝિટીવ અને નેગેટીવ વીજળીના ચાર્જ સરખા હોવા જોઈએ. આથી ફલિત થાય છે કે ઈલેકટ્રોનથી ઉલટા ચાર્જવાળા કોઈ રજકણો પરમાણુમાં અસ્તિત્વ ધરાવતા હોવા જોઈએ. આ દિશામાં પ્રયોગો વડે જાણી શકાયું કે દરેક મૂળતત્ત્વના પરમાણુઓની રચનામાં મુખ્યત: ત્રણ પ્રકારનાં મૂળભૂત રજકણો આવેલાં છે:

(૧) ઈલેકટ્રોન—એક નેગેટીવ ચાર્જ ધરાવે છે. તેનું વજન હાઈડ્રોજનના વજન કરતાં ૧/૧૮૪૦ ગણું ઓછું છે એટલે કે તદન નજીવું છે.

(૨) પ્રોટોન—પોઝિટીવ ચાર્જ ધરાવે છે. ચાર્જની માત્રા ઈલેકટ્રોનના ચાર્જની બરાબર હોય છે. તેનું વજન હાઈડ્રોજનના વજન બરાબર છે.

(૨) ન્યૂટ્રોન—કોઈ પણ જાતના ચાર્જરહિત છે. એટલે તેનું નામ ન્યુટ્રોન પાડવામાં આવ્યું (Neutral=તટસ્થ). આનું વજન બરાબર છે.

રેડિયો-એકટીવ મૂળતત્ત્વોનાં પરમાણુઓમાંથી પણ અમુક પ્રકારનાં કિરણો નીકળે છે. એ સ્પષ્ટ છે કે આ કિરણોનો સંબંધ એ પદાર્થોની આંતરરચનાની સાથે છે. મેડમ કયુરી અને બીજા વૈજ્ઞાનિકોએ સંશોધન દ્વારા પુરવાર કરી બતાવ્યું કે રેડિયોએકટીવ મૂળતત્ત્વોનાં પરમાણુઓમાંથી ત્રણ પ્રકારનાં કિરણો વછૂટે છે:

(૧) આલ્ફા કિરણો—હાઈડ્રોજનના કરતાં ચાર ગણાં ભારે એટલે તેનું વજન ચાર અને તેના પર વિદ્યુતચાર્જ પ્રોટોન કરતાં બેવડો અને તેના પર ચાર્જની સંખ્યા પોઝિટવ બે.

(૨) બિટા કિરણો—ચાર્જસંખ્યા અને વજનમાં ઈલેકટ્રોનને મળતાં.

(૩) ગામા કિરણો—ક્ષ-કિરણોને મળતાં.

ઈ. સ. ૧૯૧૧ માં લોર્ડ રૂથરફોર્ડે પ્રયોગ કરી જોયું કે સોનાના એક અત્યંત પાતળા વરખ પર જો આલ્ફાકિરણો અથડાય તો કેટલાક કિરણો તેમાંથી આરપાર નીકળી જાય છે અને કેટલાક પાછાં ફરે છે. આ ઉપરથી અનુમાન કર્યું કે પરમાણુની અંદરના ભાગમાં પોઝિટીવ વિદ્યુતચાર્જવાળા કણો (જેને પ્રોટોન કહેવામાં આવે છે) છે, જેની સાથે અથડાઈ પ્રત્યાકર્ષણને લીધે આલ્ફા કિરણ પાછું ફરે છે. જે કિરણો પરમાણુના અંદરના ભાગથી જરા દૂર હોય તેઓ અંદરના પોઝિટીવ ચાર્જની અસરવડે અપ્રભાવિત રહેવાથી સીધા નીકળી જાય છે. પરમાણુનો અંદરનો ભાગ એટલે ન્યુક્લીઅસ. પરમાણુનું એ ભાગ એટલે કેન્દ્ર ભારે અને બાકીનો ભાગ પોલો. પરિણામે કોઈ પણ પરમાણુનું ચિત્ર આ પ્રમાણે કરી શકાય. ન્યુક્લીઅસ જેમાં પ્રોટોન અને ન્યૂટ્રોન આવેલા છે તેને પરમાણુનું વજન આભારી છે. તેની ફરતાં ઈલેકટ્રોનનાં વર્તુળો આવેલાં છે. ઈલેકટ્રોનનું બાહ્ય વર્તુળ રાસાયણિક ક્રિયામાં ભાગ લે છે. ન્યુક્લીઅસ એમાં જરાય ભાગ લેતું નથી; પણ પરમાણુનું વજન તેને આભારી છે. જો ન્યુક્લીઅસમાં ફેરફાર કરવામાં આવે એટલે પ્રોટોનની સંખ્યા વધતી ઓછી કરી શકાય તો નવું પરમાણુ પેદા થાય છે.

૧૯૧૩માં નીલ્સ બ્હોરે પરમાણુ રચનાનો વિદ્યુતીય સિદ્ધાંત જાહેર કર્યો. સહેલાઈથી એ સમજાય એવું છે કે પ્રત્યેક પરમાણુની મધ્યમાં એક ન્યુક્લીઅસ છે, જેના પર પોઝિટીવ ચાર્જ છે અને એ કેન્દ્રની આજુબાજુ ઈલેકટ્રોનો ગોળ ફરે છે (જેમ સૂર્યની આસપાસ ગૃહો ફરે છે.) આ રીતે હાઈડ્રોજન પરમાણુમાં (પરમાણુ સંખ્યા ૧) એક પ્રોટોન કેન્દ્રમાં અને તેની આસપાસ એક ઈલેકટ્રોન આવેલો છે. હેલિયમ પરમાણુમાં બે પ્રોટોન કેન્દ્રમાં અને તેની આસપાસ બે ઈલેકટ્રોનો છે. પણ હેલિયમ પરમાણુનું વજન ચાર છે. તેના બે પ્રોટોનનું વજન બે થાય. તેનું વજન ચાર બરાબર તો જ થાય જો તેના કેન્દ્રના બીજા બે ભારે રજકણો હોય. એટલે હેલિયમ ન્યૂક્લીઅસમાં બીજા બે ભારે રજકણો હોય: તેનો વિદ્યુતચાર્જ શૂન્ય જોઈએ, એટલે સંભવિત છે કે ચાર્જવિનાના ન્યૂટ્રોન હોવા જોઈયે. બહારના ઈલેકટ્રોનની વ્યવસ્થાની ખૂબી એ છે કે ઈલેકટ્રોન અમુક વર્તુલમાં એક ચોક્કસ સંખ્યામાં હોય છે: પ્રથમમાં બે, દ્વિતીયમાં આઠ, તૃતીયમાં ૧૮ અને ચોથામાં ૩૨.

લિથિયમ પરમાણુમાં (પરમાણુ સંખ્યા ૩) ત્રણ પ્રોટોન કેન્દ્રમાં છે: એટલે તેની આસપાસ પ્રથમ વર્તુલમાં બે અને બીજામાં એક એમ ત્રણ ઈલેકટ્રોનો આવેલા છે. લિથિયમનું પરમાણુવજન ૭ છે એટલે ન્યુક્લીઅસમાં ૪ (ચાર) ન્યૂટ્રોન હોવા જોઈએ.

સોડિયમ પરમાણુ (પરમાણુ સંખ્યા ૧૧)માં ૧૧ પ્રોટોન ન્યુક્લીઅસમાં એટલે ૧૧ ઈલેકટ્રોન તેના ફરતાં (૨,૮,૧ એમ ત્રણ વર્તુલોમાં) આવેલા છે. પણ સોડિયમનું વજન ૨૩ છે એટલે ન્યુક્લીઅસમાં ૧૨ ન્યુટ્રોન હોવા જોઈએ. લિથિયમ અને સોડિયમ પરમાણુની ઈલેકટ્રોન વ્યવસ્થા સમરૂપ છે. તેના બાહ્ય વર્તુલમાં એક ઈલેકટ્રોન છે અને અંદરના વર્તુલોમાં પણ ઈલેકટ્રોનોની સંખ્યા સરખી છે. એટલે બંને પરમાણુઓમાં સમાનતા છે. આથી આવર્તક કોષ્ટકમાં સોડિયમ લિથિયમની નીચે આવે છે.

ફ્લોરીન (પરમાણુ સંખ્યા ૯) માં ૯ પ્રોટોન ન્યુક્લીઅસમાં અને ૯ ઈલેકટ્રોન તેના ફરતા—પ્રથમ વર્તુલમાં બે અને બીજામાં સાત.

પ્રત્યેક પરમાણુ પોતપોતાના ઈલેકટ્રોન વર્તુલોમાં ઈલેકટ્રોનની સંખ્યામાં બરાબર ભરપુર રહે એવી રીતે વર્તે છે. આને આઠ ઈલેકટ્રોનનો સમૂહ— ઓકટેટ કહેવાય છે. સોડિયમ પરમાણુ પોતાના બાહ્ય વર્તુલનો એક ઈલેકટ્રોન ગુમાવી શકે છે અને ફ્લોરીન પરમાણુ પોતાના બીજા વર્તુલમાં એક ઈલેકટ્રોન ઉમેરી પોતાના બાહ્ય વર્તુલની ઈલેકટ્રોન સંખ્યા ૮ પુરી કરે છે. આમ સોડિયમ અને ફ્લોરીનના સંયોજનથી સોડિયમ ફ્લોરાઈડ નામનું સંયોજન બને છે. આ ક્રિયામાં સોડિયમનો એક ઈલેકટ્રોન ઓછો થવાથી તેના પર પોઝિટીવ વિદ્યુતચાર્જ અને ફ્લોરીનને એક ઈલેકટ્રોન મળવાથી તેના પર નેગેટીવ ચાર્જ પેદા થાય છે. આ આકર્ષણ—પ્રત્યાકર્ષણથી રાસાયણિક સંયોજન માટે બળ મળે છે. આ રીતે બનેલ એક ઈલેકટ્રોનવિહીન સોડિયમ પરમાણુ અને એક ઈલેકટ્રોન પ્રાપ્ત કરીને બનેલો

ફ્લોરીન પરમાણુ આયન તરીકે ઓળખાય છે, કારણકે પાણીમાં તેના દ્રાવણમાં આ આયનો અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્રમાં આવેલ પ્રોટોનને અથવા ન્યૂટ્રોનને રાસાયણિક સંયોજન સાથે કોઈ પણ સંબંધ નથી. રાસાયણિ સંયોજનને ઈલેકટ્રોનની સાથે સંબંધ છે.

એક બાબતનો ખાસ ઉલ્લેખ કરવો ઉચિત લાગે છે કે જો પરમાણુના કેન્દ્રમાં એક પ્રોટોન વધારીએ તો બાહ્ય ઈલેકટ્રોનના વર્તુલમાં પણ એક ઈલેકટ્રોન જરૂર વધારવો પડે. પ્રોટોન અને ઈલેકટ્રોનની સંખ્યા પરમાણુમાં સરખી રહેવી જોઈએ, કારણકે પોતાની સ્વતંત્ર અવસ્થામાં પરમાણુ ઈલેકટ્રોન્યૂટ્રલ છે. આ સંખ્યા પરમાણુ સંખ્યા કહેવાય છે. આવર્ત કોષ્ટકમાં મૂળતત્ત્વોને તેમની પરમાણુ-સંખ્યા પ્રમાણે ગોઠવવામાં આવે છે. કેન્દ્રમાં આવેલ ન્યૂટ્રોન ફકત પરમાણુ વજન પૂરું કરવા માટે જ હોય છે.

જો આપણે હાઈડ્રોજન પરમાણુમાં એક ન્યૂટ્રોન વધારી દઈએ તો ન્યૂ કલીઅસનું વજન બે થશે, પરંતુ પરમાણુસંખ્યામાં ફેર નહીં પડે. આવો હાઈડ્રોજન બનાવાયો છે. તેને ડયુટેરિયમ કહેવાય છે. તેની પરમાણુ સંખ્યા હાઈડ્રોજનના જેટલી છે, તેનું સ્થાન આવર્ત કોષ્ટકમાં હાઈડ્રોજન સાથે જ છે; એટલે તેને હાઈ-ડ્રોજનનો આઈસોટોપ (સમસ્થાનિક) કહેવાય છે. કુદરતમાંથી મળતાં યુરેનિયમ પરમાણુ (પરમાણુ સંખ્યા ૯૨)નું વજન ૨૩૮ છે. તેના કેન્દ્રમાં (ન્યૂકલીઅસમાં) ૯૨ પ્રોટોન અને ૧૪૬ ન્યૂટ્રોન છે. આને યુરેનિયમ ૨૩૮ કહેવાય છે. તેમાં કેટલાક પરમાણુ એવા હોય છે, જેને યુરેનિયમ—૨૩૫ કહેવાય છે. આ યુરેનિયમ—૨૩૫માં પ્રોટોન ૯૨ જ હોય છે પરંતુ ન્યૂટ્રોનની સંખ્યા ૧૪૩ હોય છે. આ યુરેનિયમ—૨૩૫ને યુરેનિયમનો આઈસોટોપ કહેવાય છે. આ આઈસોટોપ અદ્વિતીય મહત્ત્વનો છે. તેનો ઉપયોગ કરીને સૌ પ્રથમ પરમાણુબોમ્બ બનાવાયો હતો. તેને તોડતાં સળંગ ક્રિયા ચાલે છે અને પુષ્કળ શકિત વછૂટે છે. વસ્તુતઃ પ્રત્યેક પરમાણુના એકથી વધારે આઈસોટોપ હોય છે. કેટલાક કૃત્રિમ રીતે તૈયાર પણ કરવામાં આવે છે.

આથી સ્પષ્ટ થાય છે કે પરમાણુ દ્રવ્યરચનામાં એકમ છે. તેની આંતરરચનામાં કેટલાક મૂળભૂત રજકણો આવેલાં છે. આ રજકણોના સંગ્રહથી મૂળતત્ત્વ બને છે. અત્યાર સુધી જાણીતા મૂળતત્ત્વોના પરમાણુઓમાંથી બ્રહ્માંડની રચના થઈ છે. સાદી ભાષામાં કહીએ તો મૂળતત્ત્વો એટલે બ્રહ્માંડની રચનામાં વપરાયેલી ઈંટો. આ ઈંટો એટલી સૂક્ષ્મ છે કે પ્રબળ સૂક્ષ્મદર્શકથી પણ એ જોઈ શકાતી નથી. એનો પ્રભાવ જોઈને એના અસ્તિત્વનું અનુ-માન કરવાનું બને છે. ઈલેકટ્રોન માઈક્રોસ્કોપની મદદ વડે પરમાણુ-ઓના પથ જોઈ શકાય છે—જેમ છિદ્રોવાટે આવતાં તડકામાં સૂક્ષ્મ રજકણોનો પથ જોઈ શકાય છે તેમ. ૧૯૫૭ માં ડૉ. ઈરવિન મુલરે પોતાના ફિલ્ડઆયન માઈક્રોસ્કોપ વડે ટંગસ્ટન મૂળતત્ત્વના પર-માણુઓનું વૈયકિતક દિગ્દર્શન કરાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી.

નૃસિંહ મૂ. શાહ

વાસ્તવિકતાનો કદિ ઇનકાર ન કરો!

ફ્રાન્સના પહેલાના મુખ્ય પ્રધાન પૉલ રીનોડે તાજેતરમાં પોતાનાં સંસ્મરણો પ્રગટ કર્યાં છે. તે અંગે ખાસ ધ્યાન ખેંચે એવો મુદ્દો એ છે કે મહત્વના પ્રશ્નો ઉપર, ઘણીવાર, તે સાચો હતો અને આખી પ્રજા તેની વિરુદ્ધ હતી, અને તેથી તેના અભિપ્રાયને સ્વી-કારતાં ઘણાં વર્ષો વીતી જતાં અને તેને ભારે મકકમ વિરોધનો અને ઘણીવાર કટુતાભર્યા તિરસ્કારનો સામનો કરવો પડતો.

આમાંની ઘણીખરી બાબતો અંગે આપણને માલુમ પડે છે કે તેનો અભિપ્રાય અથવા તો વલણમાં રહેલી સચ્ચાઈનું એ જ વખતે સર્વ કોઈને પૂરું ભાન થવું જોઈતું હતું. દાખલા તરીકે ૧૯૩૪ની સાલમાં તેણે જણાવેલું કે આગળ ઉપર અનિચ્છાએ કરવું પડે તેના બદલે ફ્રાન્સે અત્યારે ને અત્યારે પોતાના ફ્રાન્કને 'ડીવેલ્યુ' કરવો જોઈએ, એટલે કે તેની ચાલુ કિંમતમાં એકદમ ઘટાડો કરવો જોઈએ. પણ એ વખતે સૌ કોઈ તેની સામે થયું. શરાફો, બેંકો, રાજકારણી પુરુષો, છાપાઓ અને લોકો પણ. શા માટે? કારણકે એ વખતે એમ કહેવું વધારે બહાદુરીભર્યું લાગતું હતું કે "અમે અમારા ચલણી નાણાંની કિંમતને કોઈ પણ હિસાબે ટકાવી રાખીશું." પણ ડીવેલ્યુએશન—ચલણની કિંમતમાં ઘટાડો કરવાનું—ત્યારબાદ દિવસે દિવસે અનિવાર્ય બનતું ગયું અને આખરે ખરાબમાં ખરાબ ઘડિએ અને ખરાબમાં ખરાબ સંયોગોમાં ફ્રાન્સની સરાકારને એ પગલું ભરવું પડયું. જો પૉલ રીનૉડની વાતને એ જ વખતે ધ્યાનમાં લેવામ આવી હોત તો ચલણનું ઘણી વધારે સારી રીતે રક્ષણ થઈ શકયું હોત.

બીજો દાખલો ટેંક કોરને લગતો છે. પૉલ રીનોડને આ અંગે ચાર્લ્સ ડીગૉલે ચેતવણી આપી હતી અને જરૂરી માહિતી પુરી પાડી હતી અને તે ઉપરથી ફ્રેન્ચ લશ્કરમાં આર્મર્ડ--કારોની શસ્ત્રસજજ ટેંકોની--એક મહત્વની ટુકડી--કોર--રીનૉડ ઉભી કરવા માંગતો હતો. પણ આગળ માફક બધા ટેકનીશિયનોએ જણાવ્યું કે રીનૉડનો આ વિચાર ભૂલભરેલો છે; નાણાંખાતાએ જણાવ્યું કે આનો અમલ કરતાં પારવિનાનો ખર્ચ થવાનો; લશ્કરી માણસોએ જણાવ્યું કે આ આર્મર્ડ ટેંકોની કામગીરી શકપડતી હોવાની અને ચાલુ શસ્ત્રો જ વધારે કામયાબ બનવાના. લશ્કરી માણસોએ વિચાર્યું કે જેની તેમને તાલીમ મળી હતી તે 'સર્વિસીઝ'નો બચાવ કરવાને તેઓ બંધા-યેલા હતા. આનું પરિણામ ૧૯૪૦ માં કરૂણ ફેજમાં આવ્યું.

તો પ્રશ્ન થાય છે કે નકકર વાસ્તવિકતાઓની તદ્દન વિરુદ્ધ જતા એવા અભિપ્રાયોને લોકો વળગી શા માટે રહેતા હશે? આનું અંશત: કારણ એ છે કે તેમનું અભિમાન તેઓ જ ધારે છે તે ખોટું છે એમ તેમને કબુલ કરવા દેતું નથી; તેનું અંશત: એ પણ કારણ છે કે તેમનામાં ભૂતકાળ પ્રત્યે એક પ્રકારની લાગણીભરી આસકિત હોય છે. તેઓ સ્વાભાવિક રીતે એમ માનવાને ટેવાયલા હોય છે કે જે હંમેશા કરવામાં આવતું હોય છે તેને ચાલુ રહેવાનો—કોઈથી અમાન્ય ન કરી શકાય એવો—એક અધિકાર મળે છે. ઈંગ્લાંડના મુખ્ય પ્રધાન લોર્ડ બાલ્ફરે કહેલું કે "કોઈ પણ બુદ્ધિપૂર્વકનું કામ જે કદિ કરવામાં ન આવ્યું હોય તે કરવું તેના કરતાં જે હંમેશાં કરાતું આવ્યું હોય તેવું બેવકૂફીભરેલું કામ કરવું તે વધારે હિતાવહ છે."

આ એક મોટો કોયડો છે. પણ દુ:ખની વાત એ છે કે આજની આપણી સતત બદલાતી દુનિયામાં, લોર્ડ બાલ્ફરની શિખામણ પ્રમાણે ચાલવું આપણને પરવડે તેમ નથી. જ્યારે આપણી આસપાસની બધી બાબતોમાં ઝડપથી ફેરફારો થઈ રહ્યા હોય ત્યારે આપણે આપણા ખ્યાલો અને આપણી રીતરસમ બદલવી જ જોઈએ. અલબત્ત આજની દુનિયાને "એમ બદલવાનું નહિ બની શકે" એમ તમે કહી શકો છો, પણ આજની દુનિયા પણ તમને કહેશે કે "તમારે બદલ્યા વિના નહિ ચાલે." હકીકતો એ એક નકકર વસ્તુ છે, એક અફર ચીજ છે. તમે તેના અસ્તિત્વનો ઈન્કાર કરશો તો તે તમને વહેલી યા મોડી ભાંગી નાખશે, નષ્ટભ્રષ્ટ કરી નાંખશે. શાણા માણસો હકીકતોને—વાસ્તવિકતાને—તેના નગ્ન સ્વરૂપમાં નિહાળવાનો સમજવાનો પ્રયત્ન કરે છે અને જરૂર જણાયે પોતાનાં પૂર્વગ્રહોને અભિનિવેશોને મૂળ-માંથી ઉખેડી ને ફેંકી દે છે, તેથી મુકત બને છે.

આ જેટલું રાષ્ટ્રીય જીવનમાં સાચું છે તેટલું જ માણસના ખાનગી જીવનમાં પણ સાચું છે. એવા માબાપો હોય છે કે જેઓ એમ સ્વીકારવાનો ઈનકાર કરે છે કે તેમનાં બાળકો તેમનાથી જુદાં હોઈ શકે છે, તેમની જરૂરિયાતો, તેમના ખ્યાલો પોતાથી ભિન્ન હોઈ શકે છે. આ માબાપો કૌટુંબિક જીવનની એક વિચાર તથા આચા-રની પરંપરાને વળગી રહેતા હોય છે જેનો આજની વાસ્તવિકતા સાથે કોઈ મેળ રહ્યો હોતો નથી. પણ વાસ્તવિકતા કોઈથી ઈન-કારી ન શકાય એવી એક વસ્તુ છે. તેના ઉપર સ્વામિત્વ મેળ-વવાનો એક જ રસ્તો છે: તેને બરોબર જાણવી અને તેનો પૂરો ખ્યાલ કરવો. જ્યારે માણસ હકીકતોને—તે જેવી હોય તે આકારે—સ્વીકારે છે, નમતું આપે છે, ત્યારે અને ત્યારે જ માણસ તે હકી-કતોને—વાસ્તવિકતાને—બદલવાને શકિતમાન બને છે.

મૂળ અંગ્રેજી: આન્દ્રે મોરો

અનુવાદક: પરમાનંદ

અમારો કાશ્મીરનો પ્રવાસ

અમરનાથ

પ્રવેશ નોંધ : ઉસ્તાદી ઢબથી ગાનાર ગવૈયો સાધારણ રીતે પોતાના ગાયનની વિલંબિત તાલમાં શરૂઆત કરે છે અને દ્રુત તાલમાં તેની પુર્ણાહુતિ કરે છે. આ પ્રવાસવર્ણનમાં આથી જરા જુદી પદ્ધતિ અખત્યાર કરી છે. અહિં સુધીનું વર્ણન દ્રુત તાલની ઢબમાં રજુ કરવામાં આવ્યું છે અને વિગતોની ઉપેક્ષા કરવામાં આવી છે. અમરનાથનું વાચકોને એક પુર્ણદર્શન થાય એ હેતુથી તેનું વર્ણન વિસ્તારથી અને મુકત મનથી આપવાનું વિચાર્યું છે જેનો આ પહેલો હપ્તો છે. ત્યાર પછીના પ્રવાસ વિભાગનું વર્ણન દ્રુત તાલની ઢબમાં રજુ કરીને આ લેખમાળા પુરી કરવાની ધારણા છે. આમ શરૂઆતમાં અને છેડે દ્રુત તાલમાં અને મધ્યમાં વિલંબિત તાલ ઉપર વાંચકોને પ્રવાસ કરાવવાની આકાંક્ષા છે.

હિંદી સાહિત્યના પ્રસિદ્ધ લેખક શ્રી યશ:પાલ જૈને "જય અમરનાથ' એ શિર્ષક નીચે હિંદી ભાષામાં એક પુસ્તક લખ્યું છે, જે દિલ્હીના સસ્તા સાહિત્ય મંડળે પ્રગટ કરેલ છે. આ પુસ્તકમાં તેમણે ૧૯૫૪ના સપ્ટેમ્બર માસમાં કરેલી અમરનાથની યાત્રાનું બહુ સુંદર, ભાવપૂર્ણ અને પ્રેરક વર્ણન લખીને પ્રસિદ્ધ કરેલ છે અને જરૂરી માહિતીઓ તે પુસ્તકમાં અન્તર્ગત કરવામાં આવી છે. અમરનાથના મારા આ વર્ણનને અર્થસભર અને રસસભર બનાવવાના હેતુથી તેમના ઉપર જણાવેલ પુસ્તકમાંની વિગતો અને વર્ણનોને, મારા આ લખાણમાં જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં, મેં સંકલિત કરેલ છે. આ માટે તેમનો હું ઋણી છું. પરમાનંદ

આ લેખમાળાના પ્રારંભમાં જણાવ્યું છે તે મુજબ સાધારણ રીતે કાશ્મીરના પ્રવાસે લોકો મે માસમાં જાય છે. કારણકે નાના મોટા વિદ્યાર્થીઓને નિશાળમાં રજા હોય એટલે કુટુંબ સાથે કાશ્મીરનો પ્રવાસ કરવા માટે સ્વાભાવિક રીતે મે માસ વધારે અનુકૂળ પડે છે, આમ છતાં અમે આ પ્રવાસ માટે ઓગસ્ટ માસ પસંદ કર્યો તેનું કારણ એ હતું કે અમારી ઇચ્છા કાશ્મીર જોવા સાથે કાશ્મીરમાં પૂર્ણ બાજુએ આવેલા અમરનાથ તીર્થની યાત્રા કરવાની હતી. મે માસ દરમિયાન આ તીર્થ અને ત્યાં પહોંચવાના માર્ગ ઉપર પુષ્કળ બરફ જામેલો હોઇને અને હવામાનની પણ સવિશેષ પ્રતિકૂળતા હોઇને એ બાજુનો પ્રવાસ સાધારણ રીતે શકય હોતો નથી. જૂન માસથી એ બાજુનો બરફ ઓગળવા માંડે છે, હવામાનની પ્રતિકૂળતા ઘટે છે, અને તેથી જુલાઇ ઓગસ્ટ એ બે મહિના એ યાત્રા માટે પ્રમાણમાં વધારે અનુકુળ રહે છે. શ્રાવણી પુર્ણિમા જે મોટા ભાગે ઓગસ્ટની આખરમાં આવે છે તે દિવસે અમરનાથની યાત્રાનું ખૂબ માહાત્મ્ય લેખવામાં આવે છે અને પાંચ, સાત કે દશ હજાર યાત્રાળુઓ—મોટા ભાગે સાધુ સંન્યાસીઓ—એ દિવસોમાં એકઠા થાય છે. રાજ્ય પણ પહેલગામથી અમરનાથ સુધીનો ૨૮ માઇલનો રસ્તો સરખો કરાવે છે, વૈદ્યકીય મદદનો પ્રબંધ કરે છે, ચાનાસ્તાની કામચલાઉ દુકાનો રસ્તાના મુખ્ય મુખ્ય મથકો ઉપર ખોલવામાં આવે છે. આ દિવસોમાં જેમ રાજ્ય તરફથી કેટલીક સગવડો કરવામાં આવે છે તેમ યાત્રાળુઓની ખુબ ભીડને લીધે ટટ્ટુ ડોળી વગેરે બધું ખૂબ મોંઘું થઇ જાય છે અને ઘણીવાર મેળવવા મુશ્કેલ થઇ પડે છે, રહેવા ઉતરવાની મુશ્કેલી પણ વધી જાય છે અને જ્યાં યાત્રાળુઓ ભેગા થાય ત્યાં ગંદકી પણ ખૂબ થાય એ સ્વાભાવિક છે. આ કારણે પ્રસ્તુત વર્ષમાં શ્રાવણી પૂર્ણિમા ઓગસ્ટ માસની ૨૬મી તારીખે આવતી હોવાથી, અમે એ મહિનાની ૧૬મી તારીખથી ૧૮મી તારીખ સુધીમાં અમરનાથની યાત્રા પતાવવાનું નકકી કર્યું હતું.

અમરનાથ વિષે, જ્યારે હું કોલેજમાં ભણતો હતો ત્યારે, એટલે કે ૧૯૧૧-૧૨ આસપાસ, સ્વામી આનંદ પાસેથી મેં સૌથી પહેલીવાર સાંભળેલું. અમારા પરિચયનાં એ પ્રારંભના વર્ષો હતાં. તેઓ એ દિવસોમાં કેટલોક સમય હિમાલયમાં-મોટા ભાગે-આલ્મોરામાં રહેલા અને ત્યાં તેમણે ગાયત્રી પુરશ્ચરણ વ્રત કરેલું. પછી હિમાલયનાં જાણીતાં તીર્થો—જમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ—ની અને ત્યાર બાદ ટિબેટમાં આવેલ કૈલાસની તેમણે યાત્રા કરેલી અને ત્યાર બાદ એક સંન્યાસી માફક ઉઘાડા પગે અને મધુકરી ઉપર તેમણે અમરનાથની યાત્રા કરી હતી. આ બધાં તીર્થોનું વર્ણન તેમની પાસે કલાકોના કલાકો સુધી બેસીને વિસ્તારથી મેં સાંભળેલું અને ત્યારથી આ બધાં તીર્થોનાં કાલ્પનિક ચિત્રો ચિત્તમાં સુદ્રઢપણે જડાયેલા અને હિમાલય વિષે દિલમાં કોઇ અવનવું આકર્ષણ જન્મેલું.

એ જ અરસામાં સીસ્ટર નિવેદિતાનું લખેલું 'Master as I saw him' એ નામનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું. એ પુસ્તકમાં નિવેદિતાએ પોતાના ગુરુ સ્વામી વિવેકાનંદને લગતાં સંસ્મરણોની નોંધ કરી છે. તેમાં ૧૯૦૨-૩ આસપાસ સ્વામીજી સાથે તેમણે કરેલી અમરનાથની યાત્રાનો ઉલ્લેખ આવે છે. ફરતા ફરતા તેઓ કાશ્મીર આવ્યા અને અમરનાથની યાત્રાર્થે તેઓ પહેલગામ આવ્યા. વિકટ માર્ગ પસાર કરીને તેઓ અમરનાથ પહોંચ્યા. અમરનાથના ભવ્ય ગુફાદ્વારમાં તેમણે પ્રવેશ કર્યો અને હિમના-બરફના-બનેલા ઉતુંગ શિવલિંગનાં દર્શન કરતાં સ્વામીજીએ trance માં—એક પ્રકારની સમાધિમાં-ચિત્ત ઉપરની કોઇ ઉર્ધ્વ સ્થિતિમાં--પ્રવેશ કર્યો અને શંકરનો—મહાદેવનો સાક્ષાત્કાર થયો હોય એવી તેમને ઊંડી આધ્યાત્મિક—અનુભૂતિ—પ્રતીતી થઇ. આ પ્રકારનું તે પુસ્તકમાં પ્રેરણાદાયી વર્ણન આવે છે. આ વાંચ્યું ત્યારથી અમરનાથની યાત્રાનું સ્વપ્ન મનમાં રમતું થયું હતું. હિમાલય જોવાની ઈચ્છા તો એક યા બીજા નિમિત્તે આજ સુધીમાં અનેક વાર તૃપ્ત થતી રહી છે. સીમલા બે વખત વીશ વીશ દિવસ રહેવાનું બન્યું છે. મસૂરી પણ બે વાર જોયું છે.

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન દાર્જીલિંગ, નૈનીતાલ તથા આલ્મોરા પણ જોવાનું બન્યું છે અને અઢી વર્ષ પહેલાં કેદારનાથ, તુંગનાથ તથા બદ્રીનાથની યાત્રા કરવાનો સુયોગ પણ પ્રાપ્ત થયો છે. આ તીર્થોની યાત્રા દ્વારા હિમાલયનો વધારે ગાઢ અને તે કારણે વધારે પ્રભાવક પરિચય થયો છે. એ યાત્રાનાં મધુર સ્મરણો ચિત્તમાં અવારનવાર ઉપસી આવે છે અને આનંદરોમાંચ પેદા કરે છે, અને બાકી રહેલાં તીર્થોની યાત્રા કરવાની ઝંખનાને વધારે ઉત્કટ બનાવે છે. ગંગોત્રી—જમ્નોત્રી જવાનો ગયા ઉનાળામાં વિચાર કરેલો, પણ તે પ્રતિકૂળ સંયોગોને લીધે અમલી બની ન શકયો. કૈલાસ જવાનું સ્વપ્નું નજીક લાગતું હતું તે ચીની આક્રમણના કારણે દૂર ગયું. અમરનાથની ઝંખના મનમાં ચાલુ જ હતી. એવામાં મુંબઇ જૈન યુવક સંઘદ્વારા યોજાયલા કાશ્મીરના પ્રવાસના આયોજન મારફત એ ઝંખનાને મૂર્તરૂપ મળવાની શકયતા એકાએક ઊભી થઇ અને આખરે એ ચિરઅપેક્ષિત મંગળ દિવસ સામે આવીને ઊભો રહ્યો.

ઓગસ્ટની ૧૫મી તારીખે સ્વાતંત્ર્યદિન ઉજવીને પ્રસન્નતા અનુભવતાં, બીજા દિવસે સવારના સાત વાગ્યે અમરનાથની યાત્રાએ ઉપડવાની તૈયારી સાથે, રાત્રી અમે આનંદસ્વપ્નમાં વીતાવી. પણ મધ્યરાત્રીએ ગાજવીજ સાથે વરસાદ શરૂ થયેલો તે સવાર સુધી ચાલુ રહ્યો. એટલે હવામાનની પ્રતિકૂળતા લક્ષમાં લઇને સવારના સાત વાગ્યે ઉપડવાનો વિચાર મુલતવી રાખવો પડયો. પણ કલાક બે કલાકમાં આકાશ એકાએક ચોખ્ખું થઈ ગયું અને અમારા પ્રવાસસંચાલકે જાહેર કર્યું કે અગિયાર વાગ્યે ભોજન કરીને તરત જ આપણે ઉપડવાનું છે. અગિયાર વાગ્યા. ભોજન કર્યું. અમરનાથ જવા સૌ તૈયાર થયા. અમારી પ્રવાસમંડળીમાં કુલ ૪૧ ભાઇ બહેનો હતાં. તેમાંથી ૨૧ ભાઈઓ અને ૯ બહેનો એમ કુલ ૩૦ ભાઇબહેનો અમરનાથની યાત્રામાં જોડાયાં હતાં. અમરનાથની ઊંચાઈએ જવામાં તબિયતની અનુકૂળતા પ્રતિકૂળતાનો વિચાર કરવાનો રહે છે. આ કારણને લઈને દશ અગિયાર ભાઈ બહેનોને પહેલગામમાં રોકાઈ જવું પડેલું.

અમારામાંના બધાંએ ટટ્ટુ ઉપર જવાનું નકકી કર્યું હતું. સામાન પણ ટટ્ટુ ઉપર જ લઈ જવાનો હતો. ઉપડવાનો સમય થયો એટલે બન્ને પ્રકારનાં ટટ્ટુ ઓનાં ટોળા અમારી હોટેલ સામે હાજર થઈ ગયાં. પહેલાં સામાન ગોઠવીને એ ટટ્ટુ ઓને રવાના કર્યાં. પછી અમે બધાં ટટ્ટુ ઉપર ગોઠવાવા લાગ્યાં. ઘોડેસ્વારીનો અમારામાંથી બે ત્રણ જણ સિવાય ભાગ્યેજ કોઈને અનુભવ હતો. ગુલમર્ગ અને ખીલન-

માર્ગ ઉપર બે ત્રણ ડોળીઓ સિવાય અમે બધાં જ ઘોડા ઉપર ગયેલાં. આ બાબતમાં આટલી અમારી પૂર્વ તાલીમ હતી. અમે બધાં નાના મોટા ઘોડા ઉપર ગોઠવાઈ ગયાં અને ૩૦ અમે અને ૨ નોકરો એમ અમારો ૩૨ ઘોડેસ્વારોનો કાફલો ગતિમાન થયો અને પહેલગામની બજાર વીંધીને આગળ ચાલવા લાગ્યો. ઘોડા ઉપર બેસવાની જેમને ઘડ બેઠી હતી તેઓ આગળ ચાલ્યા. મારી જેવા કેટલાક પાછળ રહ્યા.

પહેલગામ ખીણમાં વસેલી એક અત્યંત મનોહર નગરી છે. અહિં ચોતરફ ગગનચુંબી શિખરો ધરાવતા અનેક પહાડો છે. કોઈ કોઈ પહાડ ઉપર કપાળમાં ચંદનનો આલેખ કર્યો હોય તેમ શિખર વિભાગમાં સફેદ બરફની આછી આછી લકીરો પથરાયલી નજરે પડે છે. પહેલગામની ઊંચાઈ સમુદ્રસપાટીથી ૭૨૦૦ ફીટ છે. આ ઊંચાઈના કારણે પહેલગામ આવતાં ખરી ઠંડીનો અનુભવ શરૂ થાય છે. પહેલગામથી અમરનાથનો રસ્તો ૨૮ માઈલનો છે, જેની વચ્ચે યાત્રાળુઓના પડાવના ત્રણ જાણીતાં મથકો છે. સૌથી પ્રથમ આઠ માઈલના અંતરે ચંદનવાડી નામનું સ્થળ આવે છે જેની ઊંચાઈ ૯૫૦૦ ફીટ છે. ત્યાંથી આઠ માઈલ આગળ ચાલતાં શેષનાગ નામનું સ્થળ આવે છે, જેની ઊંચાઈ આશરે ૧૨૫૦૦ ફીટ છે. ત્યાંથી આઠ માઈલ દૂર આવેલ પંચતરફણીની ઊંચાઈ ૧૨૦૦૦ફીટ છે અને ત્યાંથી ચાર માઈલના અન્તરે અમરનાથની પવિત્ર ગુફા આવેલી છે જેની ઊંચાઈ ૧૨૭૨૯ ફીટ છે.

પહેલગામથી ચંદનવાડી સુધી હવે પાકી સડક તૈયાર થઈ ગઈ છે અને ત્યાં જીપ, મોટર વગેરે વાહનો જઈ આવી શકે છે. આ સડક ઉપર અમારી વણઝાર આગળ ચાલી રહી હતી. ડાબી બાજુએ લીદર નદી ખળખળ વહી રહી હતી. થોડી વારમાં જાનું પુરાણું પહેલગામ આવ્યું. બે કે ત્રણ માઈલ પસાર કર્યા બાદ એક લાકડાના પુલ દ્વારા લીદરને ઓળંગીને અમે આગળ ચાલ્યા. હવે લીદર અમારી જમણી બાજુએ આવી અને સામે ચઢાણનો માર્ગ શરૂ થયો. જેમ જેમ અમે આગળ વધતા ગયા તેમ તેમ લીદરનું રૂપ બદલાતું ગયું. તે દૂર દૂરના પહાડોમાંથી નાના મોટા પથ્થરોમાં પોતાનો માર્ગ કરતી અને કોઈ મોટો ખડક આડે આવતાં બે પ્રવાહમાં વહેંચાઈ જતી અને આગળ જતાં પાછી એકરૂપ બની જતી, ગાજતી અને આસપાસના પ્રદેશને ગજવતી, પ્રબળ વેગથી વહી જતી અને અમારી જમણી બાજુએ થઈને પહેલગામ તરફ દોડી જતી હતી. અમારી એક બાજુએ લગભગ સુકા ટેકરી ટેકરા હતા. બીજી બાજુએ દેવદાર, ચીડ, બદલૂ, અખરોટ, જાંબુ કાજુ વગેરે લીલાંછમ વૃક્ષોની વનરાજિઓ લીદર નદીના બન્ને કિનારે શોભી રહી હતી. સપાટ રસ્તા સુધી સફેદાનાં ઝાડ નજરે પડતાં હતાં, પણ હવે ઊંચે ને ઊંચે આગળ વધતાં વૃક્ષોની ભાત એકદમ બદલાવા લાગી હતી. પ્રગાઢ સૌન્દર્યનું નવા નવા રૂપે દર્શન કરાવતું ચોતરફનું દ્રશ્ય આંખોને મુગ્ધ બનાવી રહ્યું હતું. એક બાજુએ ઝાડ-પાન વિનાનાં પહાડો આંખ સાથે અથડાઈ રહ્યા હતા. બીજી બાજુએ ઘનઘેરી વૃક્ષઘટાઓથી ઘટ્ટપણે આચ્છાદિત દૂર દૂર સુધી પથરાયલી પહાડોની હારમાળા કલ્પનાને પુલકિત કરી રહી હતી. વચ્ચે વચ્ચે જાણે કે કોઈ વીરાટકાય પહાડી પુરુષને ચડવા ઉતરવા માટે સીડીઓ બનાવી ન હોય એવા એક ઉપર એક એમ મંડાયલાં મકકાઈનાં ખેતરો પવન લહરિઓ સાથે તાલ મેળવતાં આમથી તેમ ડોલી રહ્યાં હતાં. આ ખેતરોના રક્ષણ માટે જ્યાં ત્યાં છુટીછવાઈ ઝુંપડીઓ જોવામાં આવતી હતી. આશ્ચર્ય થતું હતું કે આવા નિર્જન સ્થાનમાં ચાર છ વ્યકિતઓ કઈ પ્રેરણાથી પોતાના જીવનનાં લાંબા વર્ષો વ્યતીત કરતી હશે ! તેનાં નાનાં નાનાં ગલગોટા જેવાં બાળકો અમને જોતાં દોડી આવતાં અને હાથ લાંબો કરીને કહેતાં કે " શેઠ સાબ, પૈસા દો." તેમની મધુર મુખાકૃતિ અને સ્વસ્થ શરીર જોતાં જ્યારે હર્ષ થતો હતો ત્યારે તેમની માંગવાની આ ટેવ જોઈને મનમાં બહુ દુઃખ થતું હતું.

રસ્તાનો વળાંક બદલાતાં લીદર નદી વચમાં થોડા વખત માટે અમારાથી છૂટી પડી ગઈ હતી, પણ પાછી તે સાથે થઈ ગઈ અને ચંદનવાડી સુધી પોતાનો મધુર નિનાદ અમને સંભળાવતી એક સરખી અમારી સાથેજ રહી. અમે બપોરના બે વાગ્યા લગભગ ચંદનવાડી પહોંચ્યા. ટટ્ટુ ઉપર બેસી બેસીને શરીર જકડાઈ ગયું હતું. અને ગોઠણના સાંધાં ઠીક ઠીક દુખતા હતા. અહિં બધાંએ એકઠા થવું અને એકાદ કલાક ચાનાસ્તા માટે રોકાવું એમ આગળથી નકકી કર્યું હતું. આ મુજબ ચંદનવાડી પહોંચતાં અમે સૌ ઘોડા ઉપરથી ઉતરીને શારીરિક રાહત અનુભવી અને ચા નાસ્તા વડે થાક ઉતાર્યો.

આ ગામને ચંદનવાડી કેમ કહેવામાં આવે છે તેનો અમને કોઈ પત્તો ન લાગ્યો. નામ ઉપરથી અહિં ચંદનનાં વૃક્ષો ઉગતાં હશે એવી આપણને કલ્પના આવે. સંભવ છે કે પહેલાં એ વૃક્ષોનું અહિં અસ્તિત્વ હોય, પણ આજે તો અહિં એક પણ ચંદનનું ઝાડ જોવામાં આવતું નથી. અન્ય પ્રકારના ઊંચા ઊંચા વૃક્ષો, ખળખળ વહેતાં ઝરણાંઓ અને અહિં તહીં થોડી થોડી સમથલ ભૂમિ-એવી રચનાવાળા આ સ્થળમાં અમરનાથ જતા યાત્રાળુઓ મોટા ભાગે રાત્રીના રોકાઈ જાય છે. અહિં વસ્તી બહુ થોડી છે. લાકડાં અને ટીનનાં કેટલાંક ઘરો છે, જ્યાં યાત્રિકો રાતવાસો કરે છે. કેટલીક દુકાનો છે. અહિં એક પંજાબીએ તંબુ નાંખીને હોટેલ પણ ઉભી કરી છે. જ્યાં સુધી ઠંડી અને બરફના કારણે અહિં આવવા જવાનું અશકય નથી બનતું, ત્યાં સુધી અનેક પ્રવાસીઓ પીકનીક માટે--મોજમજા માટે--અહિં આવે છે અને પ્રકૃતિનો આનંદ મનભર માણીને સાંજ પડતાં પહેલગામ તરફ પાછા વળે છે.

પણ અમને અહિં વધારે સમય રોકાવું પાલવે તેમ નહોતું. હજુ હવે પછીનો-પડાવ-શેષનાગ પહોંચવા માટે આઠ માઈલનો પંથ કાપવાનો હતો. એટલે ચા નાસ્તા વડે તાજાથઈને આગળજવા માટે અમે તૈયાર થયા. અહિં સુધી લગભગ પાકી સડક ઉપર ચાલવાનું હતું. હવે કેડીનો સાંકડો રસ્તો અને તે પણ ખડબચડો પથરાળ રસ્તો શરૂ થતો હતો. ત્રણ વાગ્યા લગભગ અમારૂં પ્રયાણ શરૂ થયું. થોડે સુધી રસ્તો સીધો હતો. પછી ચઢાણ શરૂ થયું. આગળ વધતાં એકદમ આકરૂં ચઢાણઆવ્યું. આને 'પીસ્સૂઘાટી' કહેવામાં આવે છે. આ બાજુના ટટ્ટુઓ સાધારણ ચઢાણ પથ્થર ઉપર પથ્થર વટાવીને, ઉપર બેસનારને જરા પણ તકલીફ પહોંચાડયા સિવાય, બહુ સહેલાઈથી ચઢી જાય છે. પણ આ ઘાટી સવારીને ઉપાડીને પસાર કરવી ટટ્ટુઓ માટે બહું જ મુશ્કેલ થઈ પડે છે અને તેથી ટટ્ટુ ૮પરથી ઉતરવાની યાત્રાળુઓને ફરજ પડે છે. આ લગભગ ૧૦૦૦-૧૨૦૦ ફીટનું સીધું ચઢાણ પગે ચાલીને પૂરું કરવું પડે છે. પીસ્સૂઘાટી અમે હાંફતાં હાંફતા પસાર કરી. કેટલાકને આ ચઢાણ બહુ આકરું લાગ્યું. વળી પાછા ટટ્ટુઓ ઉપર અસવાર થઈને અમે આગળ ચાલવા લાગ્યા.

ચંદનવાડીથી અમે પીસ્સૂઘાટી બાજુ આવતાં લીદર નદી સાથેનો અમારો સંબંધ છૂટી ગયો હતો. એ ઘાટી પસાર કરીને આગળ ચાલતાં થોડી વારે 'શેષનાગ' નદીનાં અમને દર્શન થયાં. આ નદી જે શેષનાગ સરોવર તરફ અમે જઈ રહ્યાં હતાં તેમાંથી નીકળતી હતી. આ નદી ઉપર જ્યાં ત્યાં ખૂબ બરફ જામેલો હતો અને નદીનો પ્રવાહ આ બરફના જામેલા થર નીચે થઈને વહેતો હતો. ઉપર માટી છવાઈ ગયેલી હોઈને આ બરફનો રંગ ભૂખરો લાગતો હતો, પણ તેની કોર ચાંદીની માફક ચમકતી હતી. બરફનું આવું દર્શન અમારામાંના ઘણાખરા માટે પ્રથમવારનું હતું.

અમે જેમ જેમ ઊંચે ચઢતા ગયા તેમ તેમ નદીનો પ્રવાહ નીચે જતો લાગતો હતો અને જળપટ્ટી પાતળી રૂપેરી સેર જેવી ચળકતી હતી. પીસ્સુઘાટી પાર કર્યા બાદ ઝાડપાન આછા થવા લાગ્યાં અને દ્રષ્યના રૂપમાં પરિવર્તન થવા લાગ્યું. ઘટ્ટ વનરાજીથી ભરેલાં પહાડો દ્રષ્ટિપથમાંથી દૂર દૂર સરવા લાગ્યા અને તેનું સ્થાન સુક્કા પહાડો લેવા લાગ્યા.

સાપની માફક વળ ખાતી નદી અને તેની હરીફાઈ કરતી અમારી કેડીનાં નાના મોટાં વળાંકો પસાર કરતાં કરતાં અમે ચાર માઈલનો રસ્તો કાપ્યો અને સાંજના વખતે જોજપાલ પહોંચ્યા. જોજપાલ ચારે બાજુના પહાડોથી ઘેરાયેલું શેષનાગ નદીના કિનારે આવેલું એક નાનુ સરખું મેદાન છે. મેદાન પસાર કર્યું અને કુદ્રા ઘાટીનું ચઢાણ શરૂ કર્યું અને દ્રષ્ય

પણ બદલાતું ચાલ્યું. હવે એક પણ પર્વત ઉપર ઝાડ જોવા મળતાં નહોતાં. પહાડો માત્ર સાવ સુક્કા, કશી પણ વનસ્પતિના આચ્છાદન વિનાના, દિગંબર સાધુસમા દેખાતા હતાં. એમને જોઈને જાણે કે એમ લાગતું હતું કે, હૃદયની વિશાળતા સાથે આ પહાડો અપરિગ્રહનો પાઠ પણ આપણને ભણાવી રહ્યા છે. આમ અદ્‌ભૂતતાની લાગણી અનુભવતાં અમે આગળ વધી રહ્યા હતા.

સૂર્ય અસ્તાચળ બાજુ નમી રહ્યો હતો અને તેનો તડકો સૌમ્યતર બનતો જતો હતો. આકાશ પણ તેનું રૂપ બદલી રહ્યું હતું. સ્વચ્છ આકાશમાં ઘેરી ધુમ્મસના ગોટેગોટા ઉપસી રહ્યા હતા. અને તેને લીધે આસપાસના પહાડો, ઘડી દેખાય, ઘડી ન દેખાય એ પ્રકારે, અમારી સાથે સંતાકુકડી રમી રહ્યા હતા અને આખું દશ્ય અગમ્ય ગૂઢતાની અનુભૂતિ કરાવી રહ્યું હતું. આથમતા જતા પ્રકાશને આવરી લેતા ધુમ્મસને લીધે અવાર નવાર અંધકાર વ્યાપી જતો હતો અને રખેને તેની પાછળ વર્ષાનાં વાદળો ચઢી નહિ આવે એવી મનમાં ભીતિ પેદા થતી હતી. પાણીનાં નાનાં મોટાં ઝરણાઓ જ્યાં ત્યાં વહેતાં નજરે પડતાં હતાં અને તેનો મધુર અવાજ ચિત્તમાં પ્રસન્નતા પેદા કરતો હતો. કુટ્ટા ઘાટીના શિખર ઉપર પહોંચીએ તે પહેલાં એક બાજુએ વિપુલ જળરાશીને જોસભેર ઠાલવી રહેલો એક પ્રચંડ ધોધ નજરે પડતાં અમે વિસ્મય અને આનંદની મિશ્રા લાગણીઓ અનુભવી રહ્યા. રસ્તામાં બે પહાડને સાંધતા એક પુલ ઉપરથી અમે પસાર થતા હતા અને ડાબી બાજુએ ઉપરથી પડતો પેલો ધોધ ત્રણસો ચારસો ફીટ ઊંડે ધરતીને સ્પર્શીને આગળ ઉપર જમણી બાજુએ વહેતી શેષનાગ નદીમાં વીલીન થતો હતો. આ દૃશ્યે અમને અત્યંત મુગ્ધ બનાવી દીધા.

સૂર્ય પોતાની રોશની સંકેલીને પશ્ચિમ દિશાના કોઈ પર્વત પાછળ અદૃશ્ય થયો હતો. એમ છતાં રંગબેરંગી સંધ્યાના આછા અજવાળામાં નિયત કેડી ઉપર અમારા ટટ્ટુઓ મક્કમ પગલે આગળ વધી રહ્યા હતા.

દરેક ટટ્ટુ સાથે તેને દોરનાર તથા સંભાળનાર એક રખેવાળ હોય છે. ઘણી વખત બે ટટ્ટુ વચ્ચે એક રખેવાળ હોય છે. આપણે પણ તેની સૂચનાઓને આધીન રહીને ઘોડા ચલાવવાના હોય છે. દા. ત. ટટ્ટુ નીચાણમાં જતો હોય ત્યારે લગામ ઢીલી મૂકો અને નીચાણમાંથી ટટ્ટુ ઊંચે ચઢતો હોય ત્યારે લગામ ખેંચી રાખો અને ટટાર બેસો. આ રખેવાળો જ્યાં ખાડાખડીયા કે કીચડ આવે અથવા ઉતરાણ હોય ત્યાં 'ઓશ ખબરદાર!' એમ કહીને ખતરાથી બચવાની અને સાવધાનપણે ચાલવાની ટટ્ટુઓને અવારનવાર સૂચના આપતા રહે છે. આ ટટ્ટુઓની સવારી આપણા માટે એક વિલક્ષણ અનુભવ બની રહે છે. ફાવે ન ફાવે, કેડ, ગોંઠણ, શરીર દુખે, ન દુખે, તે આ યાત્રાના ત્રણ ચાર દિવસ માટે આપણા જીવનસાથી બની જાય છે. થોડી વારમાં આપણા ટટ્ટુ વિષે દિલમાં મમતા પેદા થવા લાગે છે.

કુટ્ટા ઘાટીની ટોચ પસાર કરીને બીજી બાજુએ નીચે ઉતરવા લાગ્યા અને કેટલુંક આગળ ચાલ્યા એટલામાં થોડે દૂર નીચાણના ભાગમાં અમને એક વિશાળ સરોવરનાં—જાણે કે એકાએક આવકાશમાંથી સરી પડયું ન હોય એમ—રોમાંચપ્રેરક દર્શન થયાં અને એ સરોવરના એક ખુણેથી નીકળીને અમારી તરફ વહી આવતી એક નદી અમારા જોવામાં આવી. આ એ જ શેષનાગ નદી હતી કે જે છેલ્લા બે અઢી કલાકથી અમને સાથ આપી રહી હતી, અને આ એ જ શેષનાગ સરોવર હતું કે જેના દર્શનને અમે કયારના ઝંખી રહ્યાં હતાં. જાણે કે કોઈ અગમનિગમના જાણકાર ઋષિ ધ્યાન લગાવીને સમાધિમાં બેઠા ન હોય એવું આ સરોવરનું અદભૂત રોમાંચક દૃશ્ય હતું. આજે શ્રાવણ માસની શુકલ પક્ષની પંચમી હતી. તેથી આથમતી સંધ્યાના તેજ વડે આછા પ્રકાશિત એવા પશ્ચિમ આકાશના કપાળમાં પંચમીનું ચંદ્રબિંબ રત્ન આભૂષણ માફક ચળકી રહ્યું હતું અને તિમિરાવૃત પહાડી પ્રદેશ ઉપર સૌમ્ય રોશની વેરી રહ્યું હતું. રાત્રીનું અન્ય સર્વત્ર સામ્રાજ્ય જામી ચુકયું હતું. નિરભ્ર નિર્મળ આકાશમાં ગ્રહ નક્ષત્રો ટમટમી રહ્યા હતા. શેષનાગનાં જળ નિસ્તરંગ, સ્થિર હતાં. સર્વ કાંઈ શાન્ત, સ્તબ્ધ, નિરવ હતું. ચોતરફ હિમાચ્છાદિત પહાડોના ખોળામાં સુતેલું આ સરોવર કોઈ અન્ય સૃષ્ટિમાં આપણે વિચરી રહ્યા હોઈએ એવો આભાસ પેદા કરતું હતું. હવે તો ઠંડીની માત્રા પણ વધી રહી હતી. અમારી કેડી શેષનાગની એક બાજુની ઊંચાણમાં આવેલી ધાર ઉપર થઈને આગળ ચાલી જતી હતી. એ ઊંડી ભેખડની ધારે ધારે અમે આ સરોવરને વટાવીને આગળ ચાલ્યા અને થોડો માર્ગ કાપ્યો, એવામાં થોડે દૂર દીવા દેખાયા અને લોકોની અવરજવર માલુમ પડી. એટલે રાત્રીના અમારા વિરામસ્થાન સમીપ આવી પહોંચ્યાનો અમને આનંદ થયો. અમારી મંડળીમાંના કેટલાક ભાઈબહેનો અમારી આગળ એકાદ કલાક પહેલાં આવી પહોંચ્યાં હતાં. ઉત્સાહભેર અમે આગળ ચાલવા લાગ્યા. શરૂઆતમાં એક તંબુ નાંખીને ઊભી કરેલી કોઈ પંજાબીની હોટલ આવી. આગળ ચાલતાં બન્ને બાજુએ લાંબી લાંબી કોટડીઓની હાર નજરે પડી. અમારા સાથીઓનો ભેટો થયો. આ કોટડીઓ જાનવરને બાંધવાના કૉઢ જેવી હતી. તેમાં અંદર કશી સગવડ નહોતી કે કોઈ સંભાળનાર નહોતું. અમારા સામાનના ટટ્ટુઓ પાછળ હતા. તે આવે ત્યાં સુધી તત્કાળ અમે ઠંડીથી ધ્રૂજતા, જેને જેમ ફાવ્યું તેમ એક યા બીજી કોટડીમાં ભરાઈ બેઠા. આ કોટડીઓમાં પાકી છો જેવું કશું જ નહોતું. કેવળ માટીની જમીન અને તે પણ આગલી રાતના વરસાદને લીધે ચીકણી ભીની થયેલી હતી. થોડી વારે સામાન આવ્યો. તેમાં ઘાસની જાડી સાદડીઓ અમે કોરી જમીન ઉપર પાથરવા માટે સાથે લીધાં હતાં અને ત્રણ કે ચાર તંબૂઓ પણ ભાડે લીધાં હતાં. અહિં પાકું મકાન મળતાં આ તંબુઓનો ઉપયોગ કરવાની જરૂર ન પડી. ખાલી પડેલી ઓરડીઓમાં અમે વહેંચાઈ ગયા અને ઘાસની જાડી સાદડીઓ બીછાવીને તે ઉપર બેડીંગ પાથરીને અમે લાંબા થયાં. માથે છાપરું તો હતું, પણ તે કાણું હતું, અને તેમાંથી જ્યાં ત્યાં આકાશ દેખાતું હતું અને એ જોઈને આ કડકડતી ઠંડીમાં જો વરસાદ આવે કે બરફ પડે તો અમારા શા હાલ થાય—એવા વિચારથી અમે એક પ્રકારની ભયગ્રસ્તતા અનુભવવા લાગ્યા.

આમ બધાં એક યા બીજા પ્રકારે સ્વસ્થ થયા એટલે અમારા પ્રવાસસંચાલકે આગળથી તૈયાર કરેલા પુરી શાકને ગરમ કર્યા, ચા પણ તૈયાર કરી અને તેને પૂરતો ન્યાય આપવાનું અમને કહેવામાં આવ્યું. પણ ઘોડા ઉપર લગભગ આખો દિવસ બેસીને જકડાઈ ગયેલા, વળી અણધારી કડકડતી ટાઢથી કાંઈક ત્રાસેલા—એવા અમે અમારા બેડીંગ ઉપર પોતપોતાના શરીરને ઢાંકી ઢુબીને પડેલા-એમાંથી ઉઠવાના અને ખાવાપીવાના કોઈનામાં હોશ નહોતા. વળી ખાઈએ પીએ તો રાત્રિના ખાસ કરીને ઠંડીના કારણે બે ત્રણ વાર ઉઠીને બહાર જવું પડે તે માટે પણ અમારી કોઈની તૈયારી નહોતી. બીજા કોઈએ ખાધું ન ખાધું તેની ખબર નથી. પણ અમે તો પડયા તે પડયા જ રહ્યા. ઉઠવાની વાત કેવી?

શેષનાગ વિષે—તેની અદ્‌ભુતતા વિષે—આ બાજુ આવી ગયેલા અનેક મિત્રો પાસેથી સાંભળેલું એટલે અહિં આવવા ચંદનવાડીથી ઉપડયા ત્યારે મનમાં ઘણીયે કલ્પના હતી. કે રાત્રીના સ્થિર થયા બાદ બહાર નીકળીશું, સરોવરના કિનારે ફરીશું, પંચમીની ચંદ્રિકાની સૌમ્ય લીલા માણીશું, આકાશ અને પહાડો સાથે વાતો કરીશું. પણ અહિં આવી પહોંચતાં અનુભવેલી ઠંડીએ આ વિચારોને એમને એમ મનમાં શમાવી દેવાની ફરજ પાડી. અલબત્ત એ કાઢ જેવી ઓરડીમાં પરાળની સાદડીઓ ઉપર બીછાવેલા બેડીંગમાં પડયા પડયા નિદ્રાવંશ ન થયા ત્યાં સુધી કંઈ કંઈ કલ્પનાઓનાં અમે ઉડ્યનો કર્યા. વળી અવાર નવાર જોસથી વહેતા પવનનો અવાજ સાંભળવા સાથે મન અનેકવાર સરોવરની સ્થિર સ્તબ્ધ જળસપાટી ઉપર અને આકાશલક્ષી પહાડોનાં શિખરો ઉપર પરિભ્રમણ કરી આવ્યું. પણ આખા દિવસના પરિશ્રમે આ કલ્પના—વિહારને લાંબો સમય ટકવા દીધો નહિ અને જોતજોતામાં અમારી આંખો બીડાઈ ગઈ, અને ભટકતું મન નિદ્રાની સમાધિમાં વિલીન થઈ ગયું.

અપૂર્ણ

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.